गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૮૬૬૫ वर्गांक

पुस्तकनुं नाम બાલબોધક રામાયણ-૨

विषय ૨૩૪:૪

वृहत्ग्रन्थमाला

ग्रन्थ १५ मो.

श्री वाल्मीकि महामुनि प्रणित

रामायण-भाग २ जो.

કિષ્કિંધા, સુંદર, યુદ્ધ અને ઉત્તરકાંડ

ગુજરાતી ભાષાન્તર.

ભાષાન્તર કર્તાઃ-કૈ. શાસ્ત્રી નરહરિ મગનલાલ શર્માં.
ઠે. નાની હમામ-અમદાવાદ.

પ્રસિદ્ધ કર્તાઃ-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી
ભિક્ષુ-અખંડાનંદ. ઠે. કાલબાદેવી-મુંબાઇ.

આવૃત્તિ પહેલી-પ્રત ૨૩૦૦. સંવત્ ૧૯૭૮-ઇ. સ. ૧૯૨૧.

મૂલ્ય-બંને ભાગનું મળીને-છ રૂપિયા, માર્ગ વ્યય જુદું.
બહાર ગામમાં વેચનાર ખર્ચ જોગું વધુ લેશે.

"આ ભાષાન્તરના સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે."

આ પુસ્તકનો શરૂનો એક ફોર્મ અમદાવાદમાં "ધી ડાયમંડ જ્યુબિલિ" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો; અને તે પછીના ફોર્મ ૭૫ થી ૮૭ સુધીના અમદાવાદ-ઢાલગરવાડમાં "વિજય પ્રવર્તક" પ્રીન્ટીંગ પ્રેસમાં મોહનલાલ મગનલાલે છાપ્યા અને તે પછીનો બધો ભાગ અમદાવાદમાં "ભાગ્યોદય" પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યો.

અનુક્રમણિકા.

किष्किन्धा काण्ड

सुन्दरकाण्ड

युद्धकाण्ड

उत्तरकाण्ड

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	કોલમ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૧	૨	૨	મ્હોરા	મ્હારા
૨૫	૧	નીચેથી ૩	થહા	કથા
૩૭	૧	૬	દથ	દશરથ
૫૬	૨	નીચેથી ૨	વજ્રસરખી	વજ્જસરખી
૧૨૩	૨	૮	પૂજાસાહત્ય	પૂજાસાહિત્ય
૧૩૬	૧	૧૩	બ્રહ્મણુ	બ્રાહ્મણુ
૧૪૪	૧	૫	કાસ	કાંશ
૧૫૯	૨	નીચેથી ૧૦	કૌશલ્યનો	કૌશલ્યાનો
૧૬૫	૧	નીચેથી ૧૧	રજ્ય	રાજ્ય
૧૮૦	૧	૧૭	કયો	કર્યો
૧૮૮	૧		પવત	પર્વત
૨૪૦	૧	૩	ઇક્ષ્વાકુળના	ઇક્ષ્વાકુકુળના
૨૮૧	૨	ભાવાર્થની ૨	કલ્યાણુઅર્થં	કલ્યાણાર્થે
૩૩૫		નીચેથી ૧૭	કરીશ	કરીશ
૩૫૦	૧	૧૩	રામ–	રામચં–
૩૫૮	૧	૧૮મા શ્લોકમાં	नयनांजुप्रभं	नयनांजनप्रभं
૪૩૨	૧	૮	યવની	વયની
૪૭૪	૨	નીચેથી ૯	सामित्रिरेव	[illegible]
૪૮૦	૨	નીચેથી ૧૩	નેવાળા	નેત્રવાળા
૪૮૬	૧	૧	ભગંકર	ભયંકર
૪૯૪	૨	નીચેથી ૧૩	માનનારો	મારનારો
૪૯૫	૨	નીચેથી ૩	गदाचपणि	गदापाणि
૫૦૯	૧	૮	કરી	કરી
૫૧૮	૨	નીચેથી ૭	સંબંધે	બંધે
૫૨૪	૧	નીચેથી ૧૫	અર્થશાસ્ત્રીને	અર્થશાસ્ત્રને
૫૨૪	૨	૬	વિચ–	વિચર–
૫૨૮	૨		લક્ષ્મણુ	ક્ષ્મણુ
૫૩૫	૨	છેલ્લી	માર	મારી
૫૭૪	૧	નીચેથી ૫	દુઃખ	દુઃખદ
૫૭૭	૨	નીચેથી ૭	કર	ક્રૂર
૫૮૦	૨	છેલ્લી	૧/૩	૧૩
૬૩૭	૧	૮	હોની	હોયની
૭૧૯	૨	૬	मर्हसि ॥ १ ॥	॥ १९ ॥
૭૨૨	૧	૯	અશ્વિન	આશ્વિન
૭૨૨	૧	૧૪	વિશ્રાસપાત્ર	વિશ્વાસપાત્ર
૭૪૨	૧	૪	પવત	પર્વત
૭૫૧	૧	૫	પર	વર
૭૬૦	૧	નીચેથી ૧૮	મહાવતા	મહાવતો
૭૬૯	૧	૪	हनुमानन्वदर्शी	हनुमान्ददर्शी
૭૮૪	૨	છેલ્લી	તાપસીને	તાપસીની
૮૦૩	૨	૧૧	તનને	તને

પૃષ્ઠ.	કોલમ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૮૧૭	૧	નીચેથી ૧૬	ફાળ	ફળ
૮૭૩	૨	નીચેથી ૮	હવે તું	હવે
૮૮૮	૨	૯	बहुमानने	बहुमानेन
૯૦૩	૨	૧૯	થાય છે	થાય છે કે
૯૦૩	૨	૨૧	કરશે	કરશો
૯૦૫	૧	૯	ગને	વેગને
૯૦૭	૧	૨૦	साधु सेना	सा सेना
૯૨૩	૨	નીચેથી ૪	गुरोरण्य	ગુરોરણ્યવાર્કસત્વ
૯૩૦	૧	૧૫	पतत्रिराजने	पतत्रिराजेन
૯૩૧	૧	૧૯	અકિલષ્ટકર્માના	અકલિષ્ટકર્મા
૯૭૦	૧	૧૧	શ્છત્ર	છત્ર
૯૭૫	૨	૨૩	વાનરો	રાક્ષસો
૯૮૮	૨	૧૮	ટળવતાં	ટળવળતાં
૯૮૯	૨	નીચેથી ૫	વાનરોની	વાનરોની સેના
૧૦૦૬	૨	નીચેથી ૫	नल नीलो	नीलो
૧૦૦૮	૨	નીચેથી ૯	કષ્ટને	દુષ્ટને
૧૦૪૧	૧	૧૪	શસ્ત્રશસ્ત્રોથી	અસ્ત્રશસ્ત્રોથી
૧૦૬૫	૨	૨૧	કુંભરાક્ષને	કુંભરાક્ષસને
૧૦૬૭	૧	૧૩	કુંભના	નિકુંભના
૧૦૭૩		મથાળે	૭૬ મો	૮૨ મો
૧૦૮૦	૨	૧૯	જો હું	જો
૧૧૦૭	૨	૧૭	કપિશ્રેષ્ઠ	રાક્ષસશ્રેષ્ઠ
૧૧૨૩	૧	૨૨	कृतघ्नाय	कृतघ्नघ्नाय
૧૧૨૮	૨	૨	મૂકે	મૂકો.
૧૧૩૩	૧	નીચેથી ૭	તમારે	તમારો
૧૧૪૨	૨	નીચેથી ૧૧	कथयथथा	कथयथथा
૧૧૪૩	૧	૪	તથા તથા	તથા
૧૧૫૬	૧	૪	વાનરાજ	વાનરરાજ
૧૨૦૬	૨	૧૪	વ્રજપા–	વજ્રપા–
૧૨૧૩	૧	૧૮	કરત !	કરતાં
૧૨૨૧	૧	૧૧	વ્રજ	વજ્ર
૧૨૨૩	૨	૧૭	मेवृशग्रीव	मेतवृशग्रीव
૧૨૫૪	૧	૧૫	અદશ્ય	અવશ્ય
૧૨૫૭	૨	૩૪	વૃત–	કૃત–
૧૨૭૫	૧	૨૩	માનની	માનતી
૧૨૭૬	૨	૧૯	છે.	છો.
૧૨૮૧	૨	૬	નીકાલ	નીકાલ
૧૨૮૩	૨	૧૧	પોતના	પોતાના
૧૨૮૯	૧	૧૩	स्त्वरिस्तवा	स्त्वारेतस्त
૧૨૯૧	૨	૧૩	૯હસ્પતિ	બૃહસ્પતિ
૧૨૯૪	૨	૩૪	मैहीस	मर्हीस

रामायण

४-किष्किन्धाकाण्ड.

आदिकवि श्रीवाल्मीकि निर्माणीत

रामायण

४-किष्किन्धा काण्ड.

सर्ग १ लो

પંપાસરોવર–સીતાવિરહી રામચંદ્ર.

सतां पुष्करिणीं गत्वा पद्मोत्पलझषाकुलाम् ।
रामः सौमित्रिसहितो विललापाकुलेन्द्रियः ॥ १ ॥

સુમિત્રાનંદન લક્ષ્મણસહિત શ્રીમાન્ રામચંદ્ર રાતાં, કાળાં તથા ધોળાં વગેરે વિવિધ પ્રકારનાં રંગ–બેરંગી કમળોથી અને મત્સ્યાદિ જળચરોથી વ્યાપ્ત એવા પંપાસરોવરપર જઈને, તેના તટે એક સુંદર શિલાપર બેસીને વિલાપ કરવા લાગ્યા. એ સરોવરની રમણીયતા જોઈને અત્યંત હર્ષને લીધે તેમની ઇંદ્રિયો વિકાર પામી આકુળ–વ્યાકુળ થઈ, અને સીતાના વિરહને લીધે કામવશ થઈને તે લક્ષ્મણ પ્રત્યે કહેવા લાગ્યા કે,[1,2] "અહા ! ! હે સૌમિત્રિ ! ખીલેલાં રંગ–બેરંગી કમળોવાળું આ પંપાસરોવર કેવું શોભી રહ્યું છે ? અહા ! તેનું વૈડૂર્ય-મણિસમાન ચળકતું જળ કેવું પ્રકાશિત લાગે છે ? વળી તેની ચારે બાજુ વિવિધ પ્રકારનાં વૃક્ષો કેવાં શોભી રહ્યાં છે ?[3] હે સૌમિત્રિ ! આ પંપાના તીરપર આવેલાં રમ્યવનોને તો તું જો, કે જેમાં ઉગેલાં મોટાં વૃક્ષો ઉંચી શાખાવાળાં હોવાને લીધે જાણે શિખરવાળા પર્વતો જ હોયની, એવાં શોભી રહ્યાં છે ! તે વૃક્ષો જોનારને અવશ્ય આનંદમગ્ન કરી નાખે તેવાં છે,[4] પરંતુ હે તાત ! શોક-

વડે તપી રહેલા મને તો આ પંપાની શોભા જોઈને ઉલટો વધારે સંતાપ ઉત્પન્ન થાય છે; કેમકે ભરતનું વલ્કલ અને જટા વગેરે ધારણ કરી નંદિગ્રામ સમીપે વસવું તથા સીતાનું હરણ એ વગેરે દુઃખોનું મને અત્યારે સ્મરણ થઈ આવે છે![૫] હે સૌમિત્રિ ! જો કે મારૂં ચિત્ત શોકવ્યાપ્ત છે, તોપણ વિચિત્ર ઉપવનવાળું આ રમણીય પંપાસરોવર કે જેના નિર્મળ અને શીતળ જળ ઉપર વૃક્ષોપરથી ખરી પડેલાં જાતજાતનાં પુષ્પો તથા કમળો છવાઈ રહેલાં છે અને જેના તટપર અનેક સર્પો, શ્વાપદો તથા મૃગાદિ પ્રાણીઓ વિચરે છે, તે મને શોકાર્તને પણ હર્ષિત કરવા ઇચ્છતું હોય એવું જણાય છે![૬-૭] આ સરોવરના કીનારાઓપરની ભૂમિ લીલી પીળી હરિયાળી તથા વૃક્ષોનાં ખરી પડેલાં પુષ્પોથી છવાયેલી હોવાને લીધે જાણે હાથીની પીઠપર નાખવાની ઝૂલોથીજ છવાયેલી હોયની, એવી દેખાય છે![૮] હે લક્ષ્મણ ! આ સરોવરની આજુબાજુનાં સઘળાં વૃક્ષો પુષ્પયુક્ત લતાઓવડે ચોમેર ઢંકાઈ ગયેલાં જણાય છે અને તેની મોટી મોટી શાખાઓ પુષ્પો તથા ફળોના ભારથી લચી રહી છે ![૯] હે સૌમિત્રિ ! જો, જો, આ સ્થળે વાયુ કેવો સુખરૂપ અને મંદમંદ વાય છે ? હું ધારૂં છું કે હવે કામને ઉત્તેજિત કરનારી વસંતઋતુ બેઠી છે વૃક્ષો પુષ્પો અને ફળોના ભારથી લચી રહેલાં હોવાને લીધે તું નિશ્ચય જાણ કે હવે ચૈત્રમાસ બેઠો છે.[૧૦] હે સૌમિત્રિ ! આ વનમાં પુષ્પોના ભારથી લચી રહેલાં સુંદર વૃક્ષોને તો તું જો. અહા ! મેઘ જેમ જળ વરસાવે છે તેમ વૃક્ષો સુગંધયુક્ત પુષ્પોને વરસાવી રહ્યાં છે![૧૧] અહો ! હે લક્ષ્મણ ! જો તો ખરો વાયુના ઝપાટાવડે કંપાયમાન થતાં આ વનનાં વૃક્ષો પૃથ્વીપર તથા શિલાઓપર કેવી રીતે પુષ્પો વેરી રહ્યાં છે![૧૨] હે સૌમિત્ર ! જોની, આ વનનો વાયુ વૃક્ષોપરથી પડેલા, પડતાં અને વૃક્ષોપર રહેલાં પુષ્પોની સાથે કેવી ક્રીડા કરી રહ્યો છે![૧૩] એ વાયુ જ્યારે જ્યારે પુષ્પોથી ભરેલી વૃક્ષોની શાખાઓને કંપાવે છે ત્યારે ત્યારે પુષ્પોપરથી ઉડેલા ભ્રમરો વાયુના સુસવાટાની સાથે ગુંજારવ કરી મૂકે છે![૧૪] હે લક્ષ્મણ ! પર્વતોની કંદરામાંથી સુસવાટભેર નીકળતો વાયુ મદોન્મત્ત કોકિલાના ટૌકાથી જાણે વૃક્ષોને નચાવતો હોય અને પોતે ગાયન કરતો હોય એવો જણાય છે![૧૫] વાયુના ઝપાટાથી અત્યંત હાલતાં વૃક્ષોની શાખાઓ પરસ્પર અથડાઇને એકમેક થઈ જવાને લીધે જાણે તે વૃક્ષો એક બીજાની સાથે ગુંથાયેલાં હોયની, એવાં જણાય છે![૧૬] અહો ! ચંદન સરખો શીતળ હોવાથી સુખકારક સ્પર્શવાળો આ વાયુ વનમાંથી પવિત્ર સુગંધની સાથે ચાલ્યો આવે છે અને સર્વ શ્રમને દૂર કરે છે![૧૭] મધુર સુગંધથી ભરેલા આ વનને વિષે વાયુએ કંપાયમાન કરેલાં વૃક્ષો જાણે ગુંજારવ કરતા ભ્રમરોની સાથે શબ્દ કરતાં હોયની, એવાં દેખાય છે![૧૮] હે સૌમિત્રિ ! પર્વતોનાં શિખરો ઉપર પુષ્પયુક્ત મનોહર મોટાં મોટાં વૃક્ષો ઉગેલાં હોવાને લીધે, જાણે તે પર્વતોએ પોતાનાં મસ્તકપર મુકુટ ધારણ કર્યો હોયની, એમ જણાય છે![૧૯] અહા ! જેનાં શિખરોપર પુષ્પો છવાઇ રહેલાં છે એવાં આ વનમાંનાં વૃક્ષો વાયુના સપાટાથી કંપાયમાન થવાને લીધે તથા ભ્રમરોના ગુંજારવને લીધે જાણે એકી સાથે નૃત્ય કરવા લાગ્યાં હોયની, એવાં જણાય છે!" [૨૦]

"હે ભાઈ ! ચોતરફ ઉગેલાં પીળાં પુષ્પવાળાં આ કણેરનાં વૃક્ષોને તો તું જો ! અહો ! તે સુવર્ણનાં અલંકારોથી શણગારેલા પીતાંબર ધારી પુરૂષોના જેવાંજ શોભે છે.[૨૧] હે સૌમિત્રિ ! નાના પ્રકારના કોકિલા આદિ પક્ષીઓના મધુરા નાદવાળો આ વસંતઋતુનો સમય સીતાથી વિયોગ પામેલો, જે હું તેના શોકમાં ખરેખર વૃદ્ધિજ કરે છે.[૨૨] અહા ! શોકવ્યાપ્ત થયેલા મને કામદેવ અતિશય સંતાપે છે; અને મારી આવી દીન દશા

જોઇને આનંદમાં ગરક થયેલો આ કોકિલ-પક્ષી જાણે મારી સ્પર્ધા કરતો હોય તેમ ઉલટો વધારે ટૌકા કરી રહ્યો છે.[૨૩] હે લક્ષ્મણ ! આ રમ્ય જળ પ્રવાહને વિષે ફરનારો જળકૂકડો મને કામપીડિત જોઇને અતિશય હર્ષ પામે છે અને વારંવાર શબ્દ કરીને ઉલટો મને વધારે શોક ઉપજાવે છે.[૨૪] પૂર્વે આપણા આશ્રમને વિષે રહેલી સીતા જ્યારે જળકૂકડાનો શબ્દ સાંભળતી ત્યારે ઘણાજ હર્ષથી તેને જોવા સારૂ મને બોલાવી અત્યંત આનંદ પામતી હતી.[૨૫] હે તાત ! નાના પ્રકારના શબ્દ કરનારાં બીજા પણ અનેક પક્ષીઓ ચોતરફથી ઉડી આવીને વૃક્ષો, ગુલ્મો તથા લતાઓ ઉપર બેસે છે, અને ઇચ્છામાં આવે ત્યારે પાછાં ઉડી જાય છે, તે તું જો.[૨૬] હે સૌમિત્રિ ! જોની, પોતપોતાના યૂથમાં રહેવાને લીધે આનંદિત બનેલાં તથા ભ્રમરોનો ગુંજારવ સાંભળી હર્ષિત થયેલાં મધુર સ્વરવાળાં પક્ષીઓનાં નર–માદા આ પંપાતટપર કેવી ક્રીડા કરી રહ્યાં છે ?[૨૭] અહો ! આ સરોવરના તટ ઉપર જાત જાતનાં પક્ષીઓનાં ટોળે ટોળે એકઠાં થયેલાં છે ! અહા ! આ વૃક્ષોપર રહેલાં કોકિલા વગેરે પક્ષીઓ પોતાના મધુર સ્વરવડે મારી કામપીડાને વધારે ઉત્તેજિત કરે છે. ખરેખર, આ અશોક વૃક્ષના ગુચ્છારૂપી અંગારાવાળો, ભ્રમરોના ગુંજારવરૂપી ભડભડાટ શબ્દવાળો તથા નવાંકુરરૂપી જ્વાળાઓવાળો વસંતઋતુરૂપી અગ્નિ મને બાળી નાખશે ! હે સૌમિત્રિ ! ઝીણી ઝીણી પાંપણોથી શોભીતાં નેત્રવાળી, મધુર ભાષણ કરનારી અને સુંદર કેશવાળી મારી પ્રિયા જાનકીને જોયાવિના હવે મારે જીવીને શું કરવું છે. હે નિર્દોષ લક્ષ્મણ ! વનને શોભાવનારા આ વસંતઋતુના દિવસો કે જેને વિષે કોકિલાઓ પોતાના મધુર શબ્દોવડે આખા વનને ગજાવી મૂકે છે તે મારી પ્રિયાને અત્યંત પ્રિય છે ! અરેરે, આ વખતે હું મારી પ્રાણપ્રિયાને જોઇ શકતો નથી, તેથી કામ પીડાને લીધે ઉત્પન્ન થયેલો અને વસંતઋતુની રમણીયતા આદિ ગુણોને જોવાથી વૃદ્ધિ પામેલો શોકરૂપી અગ્નિ થોડા સમયમાંજ મને બાળી ભસ્મ કરશે ! અરેરે, હાય ! હું મારી પ્રાણપ્રિયા વૈદેહીને જોઇ શકતો નથી; પરંતુ માત્ર રમણીય વૃક્ષોને જ જોઉં છું, તેથી મારા મનમાં પ્રકટેલા કામ તથા શોક પ્રતિપળે વૃદ્ધિ પામતો જાય છે ![૨૮-૩૪] અરે, વારંવાર પરસેવો આણી શરીરને મલિન કરનારો આ વસંતઋતુ, હરિણનાં બચ્ચાંના નેત્રસરખાં નેત્રવાળી સીતા અને ક્રૂર એવા ચૈત્રમાસનો વનનો વાયુ એ ત્રણે, ચિંતા તથા શોકમાં રહેલા મને અત્યંત સંતાપે છે ! અહો ! આ મદમત્ત મયૂરો કે પોતાનાં પીંછડાં પવનવડે ઉડતાં હોવાને લીધે જાણે સ્ફટિકના ઝરૂખામાંજ રહ્યાં હોય એવા જણાય છે, તે પોતાની મયૂરીઓની સાથે અહીં તહીં નૃત્ય કરતા કેવા શોભી રહ્યા છે ? પણ રે, તેઓ કામપીડિત એવા મને તો વિશેષ પીડા કરનારાજ છે ! હે લક્ષ્મણ ! પેલા પર્વતના શિખર ઉપર નૃત્ય કરતા મયૂરની પાસે તેની સ્ત્રી મયૂરી પણ કામાતુર થવાને લીધે કેવી નૃત્ય કરી રહી છે ? અરે, જ્યારે એ મયૂરી નૃત્ય કરતી કરતી દૂર ખસી જાય છે, ત્યારે તેને વિષેજ આસક્ત મનવાળો તેનો ભર્તા મયૂર પોતાની પંચરંગી પાંખો ફફડાવીને તથા મધુરા ટૌકા કરીને જાણે મારો ઉપહાસજ કરતો હોયની એમ તે મયૂરીની પાછળ દોડી જાય છે ! અહો ! એથી હું ધારૂં છું કે ખરેખર, આ વખતમાં એ મયૂર ભાગ્યશાળી છે, કેમકે તેની પ્રિયાનું કોઈ રાક્ષસે હરણ કર્યું નથી; અને તે પોતાની સ્ત્રીની સાથે આ રમ્ય વનમાં આનંદપૂર્વક નૃત્ય કરી રહ્યો છે ! ખરેખર, આ વસંતઋતુના ચૈત્ર માસને વિષે સીતાનો વિયોગ મને ઘણોજ દુઃસહ થઇ પડયો છે.[૩૫-૪૧] હે લક્ષ્મણ ! જોની, તિર્યક્ (પશુ–પક્ષી) યોનિને વિષે પણ સ્ત્રી પુરૂષોની પરસ્પર કેવી પ્રીતિ હોય છે ? અહા ! પેલી મયૂરી અતિ-

શય પ્રીતિને લીધે નિરંતર પોતાના ભર્તા મયૂરની પાસેજ રહે છે.૪૨ તેજ પ્રમાણે જો વિશાળ નેત્રવાળી મારી પ્રિયા સીતાનું હરણ ન થયું હોત તો તે પણ અતિશય પ્રીતિને લીધે મારી પાસેજ રહેત ! "૪૩

"હે લક્ષ્મણ ! જો, આ વસંતઋતુને વિષે પુષ્પોના ભારને લીધે લચી રહેલાં વૃક્ષો-પરથી પૃથ્વીપર ઉપરાઉપરી ખરી પડતાં પુષ્પો પણ સીતાનો વિયોગ થયેલ હોવાથી મારે તો નકામાં જ છે.૪૪ અરે, આ વૃક્ષોનાં રંગ- બેરંગી સુંદર પુષ્પો ભ્રમરો-સહિત પૃથ્વીપર પડીને નકામાં જાય છે. ૪૫ અહો ! વસંતઋતુને લીધે હર્ષિત થયેલાં આ પક્ષીઓ ટોળે મળીને જાણે એક-બીજાને બોલાવતાંજ હોયની, એમ શબ્દ કરી રહ્યાં છે ! અરે, તે પણ મારા મનમાં તો કામની વૃદ્ધિજ કરે છે !૪૬ અરેરે, સાંપ્રતમાં મારી પ્રિયા જાનકી કયાં હશે ? તે જ્યાં વસતી હશે, ત્યાં પણ જો વસંતઋતુ હશે તો ખરેખર તે પણ પરવશ થઇ મારી પેઠેજ શોચ કરતી હશે !૪૭ પણ ના ના, એ મારી નીલ કમળ-તુલ્ય નેત્રવાળી સીતા જ્યાં વસતી હશે, ત્યાં આ સમયે વસંતઋતુ નહિજ હોય; કેમકે જો વસંત હોય તો તે મારાવિના એકલી કેવી રીતે રહી શકે ?૪૮ કદાચ સીતા રહે છે ત્યાં વસંતઋતુ હોય તોપણ શત્રુઓના કબજામાં રહેલી એ સુશ્રોણી સીતા શું કરી શકે એમ હતી ?૪૯ અરેરે, હાય ! હાય ! ! એ કમળપત્રસરખાં નેત્રવાળી અને મધુર ભાષણ કરનારી મારી પ્રિયા શ્યામા સીતા વસંતઋતુના દિવસોમાં મારા વિરહને લીધે અવશ્ય પોતાના જીવિતને ત્યજી દેશે !૫૦ હાય, મારા મનમાં દૃઢ નિશ્ચય છે કે મારા વિયોગ પામેલી સાધ્વી સીતા એકલી રહી કદી પણ જીવી શકે એમ નથી.૫૧ કેમકે જેવો મારો દૃઢ ભાવ તેને વિષે છે તેવો જ તેનો મારાપર છે.૫૨ હે તાત ! આ પુષ્પોના સુગંધને વહન કરનારો અને સુખકારક સ્પર્શવાળો હીમ જેવો શીતલ વાયુ નિરંતર પ્રિયાનું જ ચિંતવન કરતા એવા મને અગ્નિ-સરખો ઉષ્ણ-દુઃખ આપનારો થઇ પડ્યો છે !૫૩ અહો ! પૂર્વે જ્યારે હું સીતાસહિત હતો, ત્યારે જેને હું સુખરૂપ માનતો તેજ વાયુ આજે સીતાથી વિયોગ પામેલા એવા મને શોક ઉપજાવે છે !૫૪ અરે, જ્યારે હું સીતાસહિત હતો ત્યારે આ કાકપક્ષી, જાણે અમારો ભાવિ પતિ-પત્નીનો વિયોગ જ સૂચવતો હોયની ? એમ આકાશમાં ચોતરફ ઉડી ભયંકર શબ્દ કરતો હતો, અને હવે પાછો તેજ પક્ષી વૃક્ષપર બેસી હર્ષપૂર્વક શબ્દ ઉચ્ચારે છે; તેથી અમારો-પતિ-પત્નીનો સંયોગ થવાનો હોય એમ જણાય છે !૫૫ અરે, હું તો માનું છે કે મારી પ્રાણપ્રિયાનું હરણ કરાવનાર આ કાકપક્ષીજ છે; અને હવે વૈદેહીના સમાગમ અર્થે મને અહીંથી પ્રયાણ કરવાનું સૂચવનાર પણ તેજ છે.૫૬ હે લક્ષ્મણ ! આ પુષ્પના ભારથી લચી રહેલાં વૃક્ષોપર બેસી શબ્દ કરતાં નાના પ્રકારનાં પક્ષીઓના મદની વૃદ્ધિ કરનારા કલ્લોલને તું સાંભળ.૫૭ હે ભાઈ ! જો તો ખરો, જેમ મદમત્ત બનેલી પોતાની પ્રિયા પ્રત્યે કામીપુરૂષ દોડી જાય છે, તેમ વાયુએ કંપાવેલી તિલક વૃક્ષની મંજરી પ્રત્યે આ ભ્રમર સપાટાબંધ ચાલ્યો આવે છે !૫૮ અરે, આ અશોકવૃક્ષ તો ઉલટું કામી-પુરૂષોને વધારે શોક ઉપજાવનારૂં છે ! જોની, પવનથી કંપેલા પોતાના ગુચ્છોવડે તે જાણે મારો તિરસ્કાર કરતું હોયની, એવું દેખાય છે !૫૯ હે લક્ષ્મણ ! ચોમેર મોર આવવાને લીધે સુશોભિત થયેલાં આ આંબાનાં વૃક્ષો અંગરાગને ધારણ કરનારા તથા જેઓનાં ચિત્ત રતિક્રીડામાં આસક્ત છે એવા કામી પુરૂષોના જેવા દેખાય છે !૬૦ હે લક્ષ્મણ ! આ પંપાસરોવરની રળીયામણી વન પંક્તિ-ઓને વિષે પોતાની સ્ત્રીઓ કિન્નરીઓસહિત કિન્નરો આમતેમ વિચરી રહ્યા છે. તેઓને તું જો.૬૧ હે નરશ્રેષ્ઠ ! જોતો ખરો આ પંપાના

જળને વિષે ચોમેર બાળ સૂર્યની પેઠે ખીલી રહેલાં ઉત્તમ સુગંધવાળાં રક્ત કમળો કેવાં શોભી રહ્યાં છે ?[62] અહો ! શ્વેત તથા રક્ત આદિ રંગ બેરંગી કમળો વાળું, નિર્મળ જળથી ભરેલું હંસ તથા કારંડવપક્ષીઓએ સેવેલું આ પંપાસરોવર કેવું શોભી રહ્યું છે ?[63] અહો ! ભ્રમરોએ જેના પરાગને ઉરાડયો છે એવાં બાળસૂર્ય સમાન પ્રકાશી રહેલાં કમળોવડે ચોમેર વ્યાપ્ત થયેલું આ પંપાસરોવર કેવું રળીયામણું દીસે છે ![64] આ સરોવર મધુર સ્વરવાળી કોકિલાઓથી, ચિત્રવિચિત્ર વનોથી, તેમજ જળપાન કરવાને આવતાં હાથી તથા મૃગનાં ટોળાંથી અત્યંત શોભી રહ્યું છે ![65] હે લક્ષ્મણ ! આ સરોવરના નિર્મળ જળ ઉપર જ્યારે પવનના સપાટા આવે છે ત્યારે તેમાં ઉત્પન્ન થતી મોટી મોટી લહરીઓના અથડાવાથી કંપાયમાન થયેલાં કમળો કોઇ ઓરતરેહનીજ શોભા આપે છે !"[66]

"અહો ! કમળની પાંખડીસરખા વિશાળ નેત્રોવાળી મારી પ્રિયા સીતા કે જેને નિરંતર કમળો ઘણાંજ પ્રિય છે તેને જોયાવિના મને જીવવું રૂચતું નથી.[67] અહો ! કામદેવ ઘણોજ કુટિલ સ્વભાવનો છે, કે જે અત્યંત પ્રિય ભાષણ કરનારી અને રાક્ષસથી હરાઈ જવાને લીધે પુનઃ પ્રાપ્ત થવી દુર્લભ એવી મારી પ્રિયાનું મને વારંવાર સ્મરણ કરાવે છે ![68] અરે, વનમાંનાં વૃક્ષોને પુષ્પોની સમૃદ્ધિથી સુશોભિત કરનારી આ વસંતઋતુ જો મને અધિક દુઃખ આપતી ન હત તો એકાએક આવી પડેલા એકલા કામવેગને તો હું સહન કરી શકત ![69] અહો ! સીતાની સાથે વસતા મને પૂર્વે જે જે વસ્તુઓ રમણીય લાગતી હતી તે સઘળી આજે સીતાનો વિયોગ થવાથી અરમણીય (ન ગમે એવી) થઇ પડી છે ! [70] હે લક્ષ્મણ ! આ કમળની પાંખડીઓ કામને ઉત્તેજિત કરનારી છે, તોપણ સીતાનાં નેત્ર સરખી હોવાને લીધે તેને જોવા માટે મારી દૃષ્ટિ વારંવાર લોભાય છે ![71] અહો ! કમળોના પરાગથી મિશ્રિત થવાને લીધે શીતળ તથા સુગંધયુક્ત થયેલો અને વૃક્ષોમાં અથડાઇ નીકળવાને લીધે મંદ મંદ વાતો આ મનોહર વાયુ ખરેખર મારી પ્રાણપ્રિયા સીતાના નિઃશ્વાસ સરખોજ લાગે છે ![72] હે સૌમિત્રિ ! આ પંપાસરોવરના સામા કીનારાપર આવેલા પર્વતના શિખર ઉપર પુષ્પોના ભારથી લચી રહેલી પેલી કર્ણિકાર વૃક્ષોની શાખાઓ કેવી શોભી રહી છે ?[73] અહો ! નાના પ્રકારની ગેરૂ આદિ ધાતુઓથી શોભતો આ મોટો પર્વત વાયુના સપાટાવડે હણાયેલી પંચરંગી રજને ઉત્પન્ન કરે છે ![74] હે સૌમિત્રિ ! આ સામે દેખાતા પર્વતનાં શિખરો પોતાના ઉપર ઉગેલાં પાંદડાં વગરનાં અને ચોતરફ પુષ્પોથી ઢંકાયેલાં ખાખરાનાં વૃક્ષોને લીધે જાણે અગ્નિવડે ચોમેરથી સળગી ઉઠયાં હોયની, એવાં જણાય છે ![75] વળી હે લક્ષ્મણ ! જોની, આ પંપાસરોવરનુંજ જળ પીને મોટાં થયેલાં તેના તીરપરનાં મીઠા સુગંધવાળાં માલતી (જુઇ) મલ્લિકા, પદ્મ, કરવીર, કેતકી, નગોડ, પીળાં પુષ્પવાળી લતા, માતુલિંગ (બિજોરૂં), લીંબુડી, બટમોગરો, ચિરબિલ્વ, મહુડા, તગર, બકુળ, ચંપો, તિલક, નાગકેસર, પદ્મપર્ણી, અને નીલાશોક વગેરે વૃક્ષો પુષ્પિત થવાને લીધે કેવાં શોભી રહ્યાં છે ? તથા પર્વતોની તલેટીને વિષે ઉગેલાં સિંહની કેશવાળી સરખાં પીળા વર્ણનાં લોધ્ર, અંકોળ, કુરંટ, લીંબડા, આંબા, પાટલ તથા કોવિદાર આદિ વૃક્ષો ફૂલી–ફૂલીને કેવાં રળીયામણાં લાગે છે ? તેમજ પર્વતનાં શિખરોપર ઉગેલાં નારંગી, અર્જુન, પીળા વર્ણનાં પુષ્પવાળી કેતકી, શ્લેમાતક, કાંટેસળી, શિંશપા, ધાવડો, શીમળો, ખાખરો, રક્ત કુરબક, તિનિશ, જ્યોતિષ્મતી, ચંદન, સ્યંદન, હિંતાલ, બીજીજાતિનાં તિલકવૃક્ષ, તથા નાગવૃક્ષ વગેરે જાતજાતનાં વૃક્ષો પુષ્પના ગુચ્છોથી કેવાં શોભી રહ્યાં છે ? અહો, હે લક્ષ્મણ ! આ પંપાસરોવરપરનાં સઘળાં પુષ્પિત વૃક્ષોને પુષ્પભારથી

લચેલી લતાઓ વીંટાઇ વળી છે, તેને તો તું જો! અહો! જેમ કોઈ મદમત્ત થયેલી સુંદરી પોતાના પતિના શરીરને લપટાઈ જાય તેમ આ લતાઓ વાયુથી કંપતી શાખાઓ-વાળાં પાસેનાં વૃક્ષોને લપટાઈ જાય છે! અહો, અનેક જાતના રસોના સ્વાદથી જાણે હર્ષિત થયેલો હોય એવો આ વાયુ, એક વૃક્ષથી બીજા વૃક્ષ પ્રત્યે, એક પર્વતમાંથી બીજા પર્વતમાં અને એક વનમાંથી બીજા વનમાં, એમ સર્વત્ર વાય છે. હે લક્ષ્મણ! આ વનને વિષે મધુર ગંધવાળાં કેટલાંક વૃક્ષો પુષ્પભારથી લચી રહેલાં છે,૭૬-૮૬ અને કેટલાંક માત્ર સુશોભિત કળીઓથી વ્યાપ્ત હોવાને લીધે શ્યામવર્ણાં દેખાય છે. 'આ મધુર છે, આ સ્વાદુ છે તથા આ પ્રફુલ્લિત છે.' એ પ્રમાણે રાગાસક્ત થયેલો ભ્રમર મધુના સુગંધમાં લુબ્ધ થવાથી આ સરોવરના વૃક્ષોનાપુષ્પ ગુચ્છો-પર બેસે છે, અને વળી ગુંજારવ કરતો ઉડીને બીજા પુષ્પગુચ્છો પ્રત્યે જાય છે,૮૭,૮૮ પોતાની મેળે ખરી પડેલાં પુષ્પોથી છવાયેલી આ ભૂમિ કામી પુરૂષોને શયન કરવા અર્થે બિછાવેલી શય્યાના જેવી દેખાય છે!૮૯ હે સૌમિત્રિ! આ પર્વતની તલેટીને વિષે તો પીળાં, રાતાં તથા શ્યામ આદિ અનેક વર્ણનાં રંગ-બેરંગી પુષ્પોના ઢગલા પડેલા હોવાને લીધે, જાણે નાના પ્રકારની શય્યાઓજ બની રહી હોયની એમ જણાય છે!૯૦ હે સૌમિત્રિ! આ વસંતઋતુને વિષે વૃક્ષોપર ખીલી રહેલાં પુષ્પોની સમૃદ્ધિને તો તું જો! અહો! આ ચૈત્રમાસમાં તો પુષ્પગુચ્છોથી ખીચોખીચ ભરેલી શાખાઓવાળાં વૃક્ષો જાણે પરસ્પર સ્પર્ધાજ કરતાં હોયની, એમ ખીલી રહ્યાં છે. વળી હે લક્ષ્મણ! તે વૃક્ષો પોતાનાપર ભમતા ભ્રમરોના ગુંજારવને લીધે જાણે એક બીજાને બોલાવતાં જ હોયની એવાં જણાય, છે!૯૧,૯૨ અરે, આ કારંડવ પક્ષી તો મારા કામને ઉત્તેજિત કરવાને અર્થેજ નિર્મળ જળમાં પ્રવેશ કરીને પોતાની સ્ત્રીની સાથે રમણ કરે છે!૯૩ હે લક્ષ્મણ! આ પંપા* મંદાકિનીનદીના જેવાજ ઉત્તમ તથા જગવિખ્યાત ગુણોવાળી છે, અને તેનું મનોહર સ્વરૂપ યોગ્યજ છે.૯૪ હે રઘુશ્રેષ્ઠ લક્ષ્મણ! જો મને મારી પ્રિયપત્ની સીતાનાં આ સ્થળે દર્શન થાય અને જો હું તે સાધ્વીસહિત અહીંજ નિવાસ કરૂં, તો પછી ઇંદ્રની અમરાવતીને કિંવા આપણી અયોધ્યાનગરીને પણ ઇચ્છું નહિ!૯૫ અહો! આવી રમ્ય હરિયાળી પૃથ્વીને વિષે જો હું સીતાની સાથે રમણ કરૂં તો મને કંઇ પણ ચિંતા અથવા અન્ય સુખની ઇચ્છા થાય નહિ!૯૬ અહો! આ વનમાંનાં વિવિધ પ્રકારનાં પત્ર તથા પુષ્પોવાળાં વૃક્ષો કાન્તાવિનાના મને ચિંતા કરાવે છે.૯૭ હે સૌમિત્રિ! જોતો ખરો, શીતળ જળવાળું આ પંપાસરોવર નાના પ્રકારનાં કમળોથી અને ચક્રવાક, કારંડવ, મંડૂક, ક્રૌંચ વગેરે પક્ષીઓ તથા મૃગાદિ પશુઓથી અધિક શોભી રહ્યું છે!૯૮,૯૯ અહા! આ હર્ષિત થયેલાં જાતજાતનાં પક્ષીઓ કમળ સરખાં નેત્રવાળી અને ચંદ્ર સમાન મુખવાળી મારી પ્રિયા સીતાનું સ્મરણ કરા-વીને મારા મનમાં કામનું ઉદ્દીપન કરે છે! જો, જો, પેલા વિચિત્ર પર્વતશિખરોને વિષે પોતાની સ્ત્રીઓ હરિણીઓની સાથે ક્રીડા કરતા હરિણો મારી મૃગસમાન નેત્રવાળી પ્રિયા જાનકીથી વિયોગ પામેલા મારા ચિત્તને વધારે ખેદ પમાડે છે!૧૦૦,૧૦૧ અરે, મદ-મત્ત પક્ષીઓથી વ્યાપ્ત અને અત્યંત રમ-ણીય એવા આ પર્વતશિખરને વિષે જો હું મારી પ્રિયાને જોવા પામું તોજ ભાગ્યવાન કહેવાઉં! ૧૦૨ હે સૌમિત્રિ! સુમધ્યમા સીતા જો મારી સાથે રહી, આ પંપાના શીતળ પવનને સેવે તોજ મારૂં જીવિત સફળ ગ-ણાય!૧૦૩ હે લક્ષ્મણ! જે પુરૂષ પોતાની સુંદરીસહિત કમળની સુગંધને વહન કરનારા અને શોકને શમાવનારા આ પંપાના પવિત્ર પવનનું સેવન કરે છે તેનેજ ધન્ય છે"!૧૦૪

* એ નામની પંપાસરોવરમાંથી નીકળતી નદી.

"અરેરે ! ! શત્રુને વશ પડેલી અને કમળસમાન નેત્રવાળી મારી પ્રિયા શ્યામા-સીતા મારો વિયોગ પામીને પોતાના જીવિતને કેમ કરી ધારણ કરતી હશે ?[૧૦૫] અરે, વનમાંથી ઘેર ગયા પછી, ધર્મજ્ઞ તથા સત્યવાદી જનકરાજા મને સીતાનું કુશળ પૂછશે ત્યારે મનુષ્યોની સભા વચ્ચે હું તેમને શો પ્રત્યુત્તર આપીશ ?[૧૦૬] અહો ! ધર્મ પ્રમાણે વર્તનારી સીતા, કે જે પિતાએ વનમાં કાઢેલા મારા સરખા મંદ ભાગ્યવાળા પતિની સાથે વનમાં આવી હતી, તે મારી પ્રિયા સીતા સાંપ્રતમાં ક્યાં હશે ?[૧૦૭] હે લક્ષ્મણ ! રાજ્યભ્રષ્ટ થવાને લીધે વિકલ થઈ ગયેલા મારી સાથે જે વનમાં આવી હતી તે સીતાવિનાનો થયેલો હું હવે કૃપણની પેઠે કેમ કરી જીવી શકું ?[૧૦૮] હાય ! તેનું સુંદર કમળસમાન નેત્રવાળું, ઉત્તમ સુગંધવાળું અને વ્રણરહિત નિર્મળ મુખ જોયા વિના હવે મારી મતિ મુંઝાય છે.[૧૦૯] અરેરે; ઓ લક્ષ્મણ ! મંદમંદ હાસ્યયુક્ત, ગુણવાળાં, મધુર અને હિતરૂપ એવાં સીતાનાં વાક્યો હવે હું ક્યારે સાંભળીશ ?[૧૧૦] અહા ! મારી પ્રિયા સાધ્વી સીતા વનને વિષે મહાન દુઃખ પામવા છતાં પણ કામપીડિત એવા મારી સંમુખ જોઇને તો જાણે દુઃખવગરની તથા હર્ષિતજ હોય એવી રીતે મધુરાં વચનો બોલતી હતી ![૧૧૧] હે લક્ષ્મણ ! આપણે જ્યારે અયોધ્યા જઇશું ત્યારે શુદ્ધ મનવાળાં મારી માતુશ્રી કોસલ્યા, સીતાને નહિ જોઇને પૂછશે કે 'હે રામ ! મારી વહુવારૂ સીતા ક્યાં ?' ત્યારે હે ભાઇ ! હું તેમને શો પ્રત્યુત્તર આપીશ ?[૧૧૨] માટે હે લક્ષ્મણ ! હવે તો તું એકલોજ અયોધ્યા પ્રત્યે પાછો જા, અને મારાઓપર પ્રીતિવાળા ભરતને મળ. જનકાત્મજા સીતા વિના હું તો કોઈ પણ પ્રકારે જીવી શકું એમ નથી."[૧૧૩]

એ પ્રમાણે અનાથની પેઠે વિલાપ કરતા મહાત્મા રામચંદ્ર અતિશય શોકાવેશને લીધે મૂર્છિતસરખા થઈ ગયા. રામચંદ્રની એવી દશા જોઇને તેના નાના ભાઇ લક્ષ્મણે તેમનું સાંત્વન કરવા અર્થે યોગ્ય અને યથાર્થ વચનો કહેવા માંડયાં.[૧૧૪]

લક્ષ્મણ કહે છે:—"હે પુરૂષોત્તમ રામ ! તમારૂં કલ્યાણ થાઓ. તમે શોકનો ત્યાગ કરી ધૈર્યને ધારણ કરો; કેમકે તમારા સરખા શુદ્ધ અંતઃકરણવાળા પુરૂષોની મતિ આવી રીતે શોકને લીધે કદી પણ મંદ થતી ઘટતી નથી.[૧૧૫] હે ભાઇ !

'स्मृत्वा वियोगजं दुःखं त्यज स्नेहं प्रिये जने।
अतिस्नेहपरिष्वङ्गाद्वर्तिरार्द्राऽपि दह्यते ॥'

તમે વિયોગથી થતાં દુઃખોનું સ્મરણ કરી, પ્રિયજનોપરના સ્નેહનો ત્યાગ કરો. ઘણા સમય સુધી સ્નેહ (તેલ-ઘી વગેરે રસ) નું અવલંબન કરવાથી તો જળમાં ભીંજાયેલી રૂની દીવેટ પણ બળે છે.[૧૧૬] હે રાઘવ ! સીતાનું હરણ કરનાર રાવણ કદાચ પાતાળમાં જશે કિંવા એથી પણ અધિક ગુપ્ત સ્થળે જશે; તોપણ તે હવે કોઇ પણ પ્રકારે જીવતો રહેશે નહિ.[૧૧૭] પણ હે આર્ય ! પ્રથમતો આપણે તે (રાવણ)નો પૂરેપૂરો પત્તો મેળવવો જોઇએ. એ દુરાત્મા રાવણરાક્ષસનું નિવાસસ્થાન આપણા જાણવામાં આવ્યું એટલે તો તેને મુવેલોજ જાણો ! કાંતો એ દુષ્ટ આપણા ભયથી સીતાને છોડી દેશે; કિંવા આપણા હાથથી સંગ્રામમાં મરણને શરણ થશે ![૧૧૮] હે આર્યભ્રાત ! કદાચ તે રાવણ સીતાને આપણે સ્વાધીન ન કરતાં તેને લઇને દિતિ (પૃથ્વી)ના ગર્ભમાં ભરાઈ જશે, તો ત્યાં જઈને પણ હું તેનો વધ કરીશ.[૧૧૯] હે કલ્યાણરૂપ વડિલ બંધુ ! તમે આવી કૃપણ સરખી મતિનો ત્યાગ કરી સ્વસ્થ થાઓ. તમે જાણોજ છો કે જેઓનો અર્થ નષ્ટ થયો છે એવા પુરૂષો ઉદ્યોગ કર્યા સિવાય પુનઃ તે અર્થને મેળવી શકતા નથી[૧૨૦] હે આર્ય !

'उत्साहो बलवानार्य नास्त्युत्साहात्परं बलम्।
सोत्साहस्य हि लोकेषु न किञ्चिदपि दुर्लभम् ॥

સર્વપ્રકારનાં કાર્યો ઉત્સાહથીજ સિદ્ધ થઈ શકે છે; સર્વ કાર્ય સિદ્ધ કરવામાં એકલો ઉત્સાહજ બળવાન્ છે, આ જગતમાં ઉત્સાહના કરતાં બીજું અધિક બળ કંઈજ નથી. ઉત્સાહી પુરૂષને ત્રૈલોક્યને વિષે કંઈ પણ દુર્લભ નથી.[૧૨૧] હે જ્યેષ્ઠ બંધુ ! ઉત્સાહવાળા પુરૂષો ગમે તેવાં દુર્ઘટ કાર્યોમાં પણ મુંઝાતા નથી; માટે આપણે પણ ઉત્સાહનો આશ્રય કરી ઉદ્યોગ કરીશું, તો સીતાને નિશ્ચય મેળવીશું.[૧૨૨] હે આર્ય ! તમે તમારી કામવૃત્તિનો ત્યાગ કરો અને શોકને પછવાડે મૂકો. શું તમે મહાત્મા અને કૃતાત્મા એવા તમારા આત્માને નથી જાણતા ?"[૧૨૩]

મહાત્મા લક્ષ્મણનાં વચન સાંભળી શોકને લીધે અચેતન સરખા થયેલા શ્રીમાન રામચંદ્રે તુરતજ શોક તથા મોહનો ત્યાગ કરી ધૈર્યનું અવલંબન કર્યું.[૧૨૪] પછી અચિંત્ય પરાક્રમી રામચંદ્રે લક્ષ્મણસહિત અવ્યગ્રચિત્તે વાયુથી કંપતાં વૃક્ષોવાળા રમણીય પંપાસરોવરનું અતિક્રમણ કરી ઋષ્યમૂકપર્વત ભણી ચાલવા માંડયું.[૧૨૫] લક્ષ્મણનાં યથાર્થ વચનોને વિચારી શાંત થયેલા, પરંતુ અતિશય દુઃખ વેગને લીધે ઉદ્વેગ પામેલા મહાત્મા રામચંદ્ર પોતાના કનિષ્ઠબંધુ લક્ષ્મણની સાથે અનેક ઝરણાં તથા કંદરાઓવાળા અદ્દભુત વનનું અવલોકન કરતા, ઋષ્યમૂક પ્રત્યે ચાલ્યા.[૧૨૬] આ સમયે મદોન્મત્ત હસ્તીના સરખી ગતિવાળા મહાત્મા લક્ષ્મણ, કે જે નિરંતર અવ્યગ્રચિત્તે પોતાના વડિલ બંધુ રામચંદ્રને અનુકૂળ પડે તેવીજ ચેષ્ટા કરતા હતા તે, ધર્મ તથા બળવડે રામચંદ્રનું રક્ષણ કરવા અર્થે તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા.[૧૨૭]

ચાલતાં ચાલતાં એ બન્ને વીરો કેટલીકવારે ઋષ્યમૂકપર્વતની સમીપ આવી પહોંચ્યા. ત્યારે તેઓ વાનરોના અધિપતિ સુગ્રીવની દૃષ્ટિએ પડયા. તેઓનું અદ્દભુત સ્વરૂપ જોતાંજ મહા બળવાન્ સુગ્રીવ "અરે, મારો વિનાશ કરવા સારૂ વાલીએજ એઓને મોકલ્યા હશે !" એમ ધારી અત્યંત ત્રાસ પામ્યો; અને ભયને લીધે તેણે ખાન-પાન વગેરે સર્વ ચેષ્ટાઓ મૂકી દીધી.[૧૨૮] ઋષ્યમૂકપર્વતની નજીકમાં વિચરતા બન્ને ભાઈઓને જોઇને, ચિંતાતુર થયેલો સુગ્રીવ અત્યંત ખેદગ્રસ્ત થયો, અને ભયને લીધે તેનો સઘળો ઉત્સાહ ભાંગી ગયો.[૧૨૯] વળી ત્યાં વસતા બીજા વાનરો પણ મહા તેજસ્વી રામ-લક્ષ્મણને જોઈ, "એઓને વાલીએ મોકલ્યા હશે !" એવા ભયથી ત્રાસ પામ્યા; અને નાસ-ભાગ કરી વાનરોના આશ્રયસ્થાનરૂપ મતંગઋષિના પવિત્ર આશ્રમમાં સંતાવા લાગ્યા[૧૩૦]

तमाश्रमं पुण्यसुखं शरण्यं सदैव शाखामृगसेवितान्तम् । त्रस्ताश्च दृष्ट्वा हरयो विजग्मुर्महौजसौ राघवलक्ष्मणौ तौ ॥१३०॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં પહેલો સર્ગ સંપૂર્ણ. ૧

सर्ग २ जो.

રામ-લક્ષ્મણને જોઇને સુગ્રીવની શંકા-હનુમાનને પ્રબોધન.

तौ तु दृष्ट्वा महात्मानौ भ्रातरौ रामलक्ष्मणौ। वरायुधधरौ वीरौ सुग्रीवः शङ्कितोऽभवत्॥१॥

ધનુષ્ય-બાણ વગેરે ઉત્તમ આયુધોને ધારણ કરનારા મહાત્મા રામ-લક્ષ્મણ બન્ને ભાઈઓને ઋષ્યમૂકપર્વત ભણી આવતા જોઇને તેમને "વાલીએ મોકલ્યા હશે." એવી શંકાથી વિહ્વળ થયેલો સુગ્રીવ પોતાના મનમાં બહુ ઉદ્વેગ પામ્યો; અને ભયને લીધે "હવે શું કરવું ?" એમ વિચારતો ચોમેર દૃષ્ટિ કરવા લાગ્યો, પરંતુ તેને કાંઈ સુઝ પડી નહિ.[૧,૨] ઋષ્યમૂક પર્વતપરથી એ સુગ્રીવ પોતાની તરફ આવતા બન્ને રાજપુત્રો તરફ વારંવાર જોવા લાગ્યો, અને જેમ જેમ તેઓ પર્વતની નજીકમાં આવતા ગયા, તેમ તેમ અતિશય ભયને લીધે તેનું ચિત્ત ઘણુંજ વ્યગ્ર

થવા લાગ્યું, તથા કોઇ પણ પ્રકારે તેને ત્યાં રહેવું ઠીક લાગ્યું નહિ.[૩] રામ–લક્ષ્મણને જોઇને અતિ ઉદ્વેગ પામેલા ધર્માત્મા સુગ્રીવે પોતાનું રહેઠાણ બદલવું કે નહિ,+ એ બાબતનો પોતાના સચિવોની સાથે વિચાર કર્યા પછી, તેઓને તથા બીજા સર્વ વાનરોને કહ્યું કે,[૪,૫] "હે કપિવરો! તપસ્વી સરખા વેષવાળા પેલા કોઇ બે વીરપુરૂષો આપણા પર્વત ભણી ચાલ્યા આવે છે, તેને તમે જુઓ. હું ધારૂં છું કે આપણો વિનાશ કરવા સારૂ આપણા શત્રુરૂપ વાલીએજ તેઓને આવા દુર્ગમ અરણ્યને વિષે મોકલ્યા છે, એમાં કાંઇ પણ શક નથી. વળી તેઓ આપણને વિશ્વાસ ઉપજાવવા અર્થે વલ્કલવસ્ત્ર આદિ સજી ઋષિસરખા વેષથી વનમાં વિચરતા આ તરફ આવે છે."[૬]

સુગ્રીવનું વચન સાંભળીને તથા શ્રેષ્ઠ ધનુષ્યધારી રામ–લક્ષ્મણને જોઇને અતિશય ભયભીત થયેલા સુગ્રીવના સચિવો તથા સઘળા યૂથપતિઓ તુરતજ સુગ્રીવની સાથે એ શિખરપરથી ઉઠીને બીજા નિર્ભય શિખર ઉપર ગયા, અને ત્યાં વાનરશ્રેષ્ઠ સુગ્રીવને ચોમેરથી વીંટીને બેઠા.[૭,૮] સર્વ સચિવો તથા યૂથપતિઓસહિત સુગ્રીવ બીજા શિખર પ્રત્યે ગયો ત્યારે એ ઋષ્યમૂકપર્વતના શિખરપર વસતા બીજા સર્વ વાનરો પણ એક શિખરપરથી બીજા શિખરપર કુદતા, પોતાના વેગથી પર્વતશિખરોને કંપાવતા, માર્ગમાં આડે આવતાં મોટાં મોટાં પુષ્પિત વૃક્ષોને ભાંગતા તથા વનનાં મૃગ, માર્જાર અને સિંહાદિ પ્રાણીઓને ત્રાસ ઉપજાવતા પૂર્વોક્તનિર્ભય શિખર પ્રત્યે જવા લાગ્યા.[૯-૧૧] સઘળા વાનરો જ્યારે નિર્ભય શિખર ઉપર એકત્ર થયા ત્યારે સુગ્રીવના સર્વ સચિવો સ્થિર ચિત્તે હાથ જોડીને પોતાના અધિપતિની પાસે બેઠા.[૧૨]

+ રામ–લક્ષ્મણનાભયને લીધે પોતાના નિવાસસ્થાનમાંથી નીકળી, બીજા કોઇ ગુપ્તસ્થળમાં જઇ છુપાવું કે નહિ?

પછી વાલીના ક્રૂર કર્મથી શંકાશીલ અને ભયભીત થયેલા સુગ્રીવને શાંત કરવા અર્થે વાક્યચતુર હનુમાન કહેવા લાગ્યો કે,[૧૩] "હે કપિશ્રેષ્ઠ! સર્વ કપિઓસહિત તું વાલીના નિમિત્તે થયેલા ભયનો ત્યાગ કર, કેમકે સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ એવા આ ઋષ્યમૂકપર્વતમાં વસવાથી આપણને વાલીનો જરા ભય પણ નથી÷[૧૪] વળી હે હરિપુંગવ! તું જેના ભયથી આટલો બધો ઉદ્વેગ પામી અહીં નાસી આવ્યો છે, તે ક્રૂર સ્વભાવવાળો અને પાપી દૃષ્ટિવાળો વાલી તો અહિંયાં ક્યાંય પણ મારા જોવામાં આવતો નથી.[૧૫] હે સૌમ્ય! અતિપાપી અને દુષ્ટાત્મા તારો મોટો ભાઇ વાલી કે જેનાથી તને ભય ઉપજ્યો છે તે અહીં નથી, તોપછી તારે આમ ભય પામવાનું કંઈ કારણ નથી[૧૬] અહો! હે કપિવર્ય! આ ઉપરથી તો તારો મર્કટસ્વભાવ સ્પષ્ટ જણાઈ રહે છે; કેમકે તું પોતાના ચિત્તની ચપલતાને લીધે પોતાની બુદ્ધિને સ્થિર રાખી શકતો નથી.[૧૭] હે સુગ્રીવ! તું બુદ્ધિ અને વિજ્ઞાનથી સંપન્ન છે, માટે પોતાની બુદ્ધિવડે સામાની ચેષ્ટાઓનો યથાર્થ વિચાર કરીને, જેમ યોગ્ય લાગે તેમ કર. બુદ્ધિભ્રષ્ટ થયેલો રાજા પોતાની પ્રજાનું પાલન કરી શકતો નથી."[૧૮]

હનુમાનનાં યોગ્ય વચનો સાંભળી, તેના પ્રત્યુત્તરમાં તેવાંજ યોગ્ય વચનો કપિરાજ સુગ્રીવ કહેવા લાગ્યો કે,[૧૯] "હે હનુમન્! લાંબી ભુજાઓવાળા, ધનુષ્ય, બાણ તથા ખડ્ગને ધારણ કરનારા, વિશાળ નેત્રવાળા અને સાક્ષાત્ દેવપુત્રસરખી કાંતિવાળા આ બન્ને પુરૂષોને જોઇને કોને ભય ન થાય?[૨૦] આપણી તરફ આવતા એ બન્ને વીરપુરૂષોને વાલીએજ મોકલ્યા હશે, એવી હું શંકા ધરાવું છું, કારણકે રાજાઓને આવા સહાય્યક મિત્રો ઘણા હોય છે; માટે આપણે એઓનો વિશ્વાસ

÷ અર્થાત્ "ઋષ્યમૂ પર્વત ઉપર વાલી આવે તો તેનું મૃત્યુ થાય." એવો ઋષિનો શાપ થયેલ હોવાથી વાલી અહીં આવી શકે એમ નથી.

કરવો યોગ્ય નથી.[21] મનુષ્યોએ ગુપ્ત વેશે ફરનારા શત્રુઓને હંમેશાં ઓળખવા જોઇએ, કારણકે તેઓ પોતે કોઈના ઉપર વિશ્વાસ ન રાખતાં પોતાપર વિશ્વાસુ બનેલા શત્રુને લાગ ફાવ્યે પ્રહાર કરે છે.[22] હે કપિવર! વાલી પણ કપટયુક્ત રાજનીતિનાં કાર્યોમાં ઘણોજ બુદ્ધિમાન્ છે. વળી સાધારણ રીતે એવું તો છે જ કે રાજાઓ પોતાના શત્રુને છળવાના અનેકવિધના ઉપાયોને જાણતા હોય છે, અને તેઓ, પ્રાય: તેવા ઉપાયો-વડે જ શત્રુઓને હણે છે. માટે રાજાના શત્રુએ પ્રાકૃત-વેષધારી સેવકોદ્વારા તેનો આંતરભાવ જાણવો જોઇએ.[23] હે હનુમન્! પ્રથમ તું પ્રાકૃત-ઉદાસીન સરખો વેષ ધારણ કરીને વનમાં ફરતો-ફરતો તે બન્ને વીરોની પાસે જા, અને તેઓની ઓળખાણ કર, તેમજ નીતિશાસ્ત્રમાં કહેલી હસ્ત, ચરણ તથા નેત્ર આદિની ચેષ્ટાઓથી, શાંત વા ભયંકર રૂપથી અને પ્રસંગોપાત્ત ભાષણ કરવાથી તેઓના અંતરના ભાવને જાણી લે. જો તેઓ હર્ષિત થઇને તને ઉત્તર આપે તો તું યોગ્ય ચેષ્ટાથી તથા વારંવાર પ્રશંસાનાં વાક્યોથી તેઓને વિશ્વાસ ઉપજાવજે. હે હરિવર! 'તે ધનુષ્યધારી પુરૂષો શુદ્ધ અંત:કરણવાળા છે' એવું જો તારા જાણવામાં આવે તો તું મારા સામી દૃષ્ટિ રાખી તેઓને આ વનમાં આવવાનું પ્રયોજન પૂછજે. હે હનુમાન્! હવે તું સત્વર એ નરવીરોની પાસે જા, અને તેઓની સાથે પ્રસંગોપાત્ત ભાષણ કરવાથી, તેઓના શાંત વા ભયંકરરૂપ ઉપરથી તથા તેઓની અનેક પ્રકારની ચેષ્ટાઓથી આપણા વિષે તેઓને દુષ્ટબુદ્ધિ છે કિંવા સદ્બુદ્ધિ છે, તે વાત સારી રીતે જાણી આવ."[24-27]

કપિરાજ સુગ્રીવની આજ્ઞા થવાથી પવનસુત હનુમાને રામ-લક્ષ્મણની પાસે જવાનો નિશ્ચય કર્યો.[28] અતિશય ભયભીત થયેલા મહાબળવાન્ સુગ્રીવનાં વચનોને માન્ય કરી મહાન્ પ્રતાપી હનુમાન અસહ્ય બળવાળા રામ-લક્ષ્મણની પાસે જવાને તત્પર થયો.[29]

तथेति सम्पूज्य वचस्तु तस्य कपिः सुभीतस्य दुरासदस्य । महानुभावो हनुमान्ययौ तदास यत्र रामोऽतिबली स लक्ष्मणः ॥२९॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાણ્ડમાં બીજો સર્ગ સંપૂર્ણ. ૨

सर्ग ३ जो.

રામ-લક્ષ્મણ અને હનુમાનનો સમાગમ.

वचो विज्ञाय हनुमान्सुग्रीवस्य महात्मनः । पर्वतादृष्यमूकात्तु पुप्लुवे यत्र राघवौ ॥ १ ॥

મહાત્મા સુગ્રીવનાં વચનોનું તાત્પર્ય સમજીને મારૂતસુત હનુમાન રામ-લક્ષ્મણની પાસે જવાને માટે ઋષ્યમૂક પર્વતપરથી કૂદીને નીચે ઉતર્યો; અને તેઓપરના અવિશ્વાસને-લીધે તેણે પોતાના વાનરરૂપનો પરિત્યાગ કરી એક સાધારણ ભિક્ષુક (તાપસ) નું રૂપ ધારણ કર્યું.[1,2] પછી અતિ નમ્રપણે રામ-લક્ષ્મણની સમીપ જઇ તેઓને પ્રણામ કરી વાનરશ્રેષ્ઠ હનુમાને તેઓનું યથાવિધિ પૂજન કર્યું; અને મનોહર તથા મધુરી વાણીથી તેમની પ્રશંસા કરી સુગ્રીવનું હિત કરવા અર્થે એ સત્ય પરાક્રમી નરવીરો પ્રત્યે કોમળ વાક્યો કહેવા માંડયાં કે "હે પવિત્ર વ્રતવાળા તપસ્વી પુરૂષો! રાજર્ષિ અને દેવર્ષિ સરખા અપ્રતિમ સ્વરૂપવાળા તમે બન્ને વનમાં વસનારાં મૃગાદિ પ્રાણીઓ તથા બીજાં અનેક વનવાસી રાક્ષસો વગેરેને ત્રાસ ઉપજાવતા આ પ્રદેશમાં શા માટે આવ્યા છો?[4-6] તમે બન્ને કે જે અત્યંત બળવાન્ દીસો છો અને પંપાસરોવરના કીનારાપરનાં વૃક્ષોનું અવલોકન કરતા આવ્યા આવો છો, તેથી એ પવિત્ર જળવાળું સરોવર ઘણું જ શોભે છે.[7] હે સત્પુરૂષો! તમે સુવર્ણ સરખી કાંતિવાળા, અડગ ધૈર્યવાળા અને મોટી ભુજાઓવાળા છો છતાં, આવાં વલ્કલ વસ્ત્ર કેમ પહેર્યાં છે? તમે પોતાના તેજે કરી વનમાંનાં અધમાં ...

પ્રાણીઓને ત્રાસ ઉપજાવો એવા છો છતાં, વારંવાર નિસાસા કેમ મૂકો છો ?[૮] હે વીરપુરૂષો ! તમે સિંહ સરખી તીક્ષ્ણ દૃષ્ટિવાળા છો, મહાન્ બળ તથા પરાક્રમને ધારણ કરો છો અને હાથમાં ઈંદ્રધનુષ્ય સરખાં ધનુષ્યો ગ્રહણ કરેલાં હોવાથી શત્રુઓનો વિનાશ કરનારા સમર્થ યોદ્ધાઓ જેવા લાગો છો.[૯] તમે બન્ને પુરૂષર્ષભો અતિશય કાંતિવાળા, હાથીની સુંઢ સરખી ભુજાઓવાળા, શ્રેષ્ઠ વૃષભસમાન પરાક્રમવાળા, રૂપસંપન્ન અને શ્રીમાન્ છો.[૧૦] તમારી કાંતિથી આ સામેનો ઋષ્યમૂકપર્વત ઝળહળી ઉઠયો છે ! અહો ! કમળસરખાં નેત્રવાળા અને રાજ્યાસને બેસવા યોગ્ય દેવસરખા તમે બન્ને, ચીર વસ્ત્ર તથા જટા ધારણ કરીને શા કારણથી આ નિર્જન પ્રદેશમાં આવ્યા છો ? હે વીરો ! તમે બન્ને પરસ્પર તુલ્યરૂપવાળા હોવાને લીધે સ્વર્ગમાંથી ઉતરી આવેલા સાક્ષાત્ દેવ સરખા લાગો છો અથવા તો યદચ્છાએ અંતરિક્ષમાંથી ભૂતલપર આવેલા ચંદ્ર-સૂર્ય જેવા જણાઓ છો ! હે વિશાળ વક્ષ:સ્થળવાળા વીર પુરૂષો ! તમારા સ્વરૂપ ઉપરથી તો તમે કોઈ દેવાંશી મનુષ્ય છો, એમ ભાસે છે.[૧૧,૧૩] હે મોટા ઉત્સાહવાળા યુવાનો ! તમે સિંહ સરખા સ્કંધવાળા હોવાને લીધે, મદોન્મત્ત વૃષભસમાન જણાઓ છો ! તમારા પરિઘ સરખા લાંબા અને ગોળ બાહુ કે જે સર્વ પ્રકારનાં આભૂષણોને ધારણ કરવા યોગ્ય છે, તેને તમે શા માટે શણગાર્યા નથી ? હે વીરજનો ! હું ધારૂં છું કે તમે બન્ને વિંધ્યાચળ અને મેરૂપર્વતથી શોભીતી તથા મોટા મોટા સમુદ્રો અને વનોથી વિંટાયેલી આખી પૃથ્વીનું રક્ષણ કરવાને યોગ્ય છો; કેમકે તમારા હાથને વિષે સુવર્ણથી શણગારેલાં વિચિત્ર રજ્જુનાં બંધનવાળાં તથા ઈંદ્રના વજ્ર સરખાં દૃઢ એવાં બે સુંદર ધનુષ્યો પ્રકાશી રહ્યાં છે; તેમજ તમારાં રમ્ય ભાથાંઓ પણ હળાહળ ઝેરવાળા સર્પસરખાં અને શત્રુઓના જીવિતનો અંત આણનારાં તીક્ષ્ણ બાણોથી ભરેલાં જણાય છે ! તમારા કટિપ્રદેશને વિષે બાંધેલાં અતિ મોટાં પહોળાં અને સુવર્ણની મૂઠવાળાં આ બે ખડગો કાંચળી વિનાનાં સર્પ સરખાં શોભી રહ્યાં છે." હનુમાને આટલું કહ્યું છતાં રામ-લક્ષ્મણ કાંઇ પણ બોલ્યા નહિ, ત્યારે હનુમાને પુનઃ કહ્યું કે "અરે, હું આવી રીતે નિષ્કપટતાથી પૂછું છું છતાં તમે મારી સાથે કેમ બોલતા નથી ?"[૧૪-૧૯]

ઘણી ઘણી રીતે પૂછવા છતાં રામ-લક્ષ્મણે કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ, પરંતુ તેઓ એક-બીજાની સામું જોવા લાગ્યા, ત્યારે હનુમાને વિચાર્યું કે, "આ વીરપુરૂષો નિર્જન અરણ્યમાં આવેલા હોવાથી મને એકાએક પોતાનું વૃત્તાંત નહિ જણાવે, માટે લાવ, પ્રથમ હુંજ તેઓને મારૂં વૃત્તાંત કહી સંભળાવું, જેથી વિશ્વાસ પામી તેઓ પોતાનું વૃત્તાંત જણાવશે.÷ એમ વિચારી મહા બળવાન્ હનુમાન રામ-લક્ષ્મણ પ્રત્યે કહેવા લાગ્યો કે, "હે વીર પુરૂષો ! ધર્માત્મા, શૂરવીર અને સર્વ વાનરજાતિમાં શ્રેષ્ઠ એવો 'સુગ્રીવ' નામનો વાનર કે જે પોતાના મોટાભાઇ વાલીએ નગરમાંથી કાઢી મૂકવાને લીધે અતિ દુ:ખિત થઇને જગતમાં ભ્રમણ કરે છે,[૨૦] તે મહાત્મા સુગ્રીવની પ્રેરણાથી હું તમારી પાસે આવ્યો છું, અને મારૂં 'હનુમાન્' એવું નામ છે. મહાસમર્થ એ સુગ્રીવ સર્વ વાનરોનો રાજા છે; અને તે તમારી સાથે સખ્ય-મિત્રતા કરવા ઇચ્છે છે, માટેજ તમને દૂરથી જોઇને, સુગ્રીવનું પ્રિય કરવા સારૂ હું ભિક્ષુરૂપ ધરી ગુપ્તવેષે ઋષ્યમૂકપર્વતપરથી અહીં આવ્યો છું. સ્વેચ્છાચારી અને ઇચ્છિત ગતિ કરનારો હું વાયુનો પુત્ર છું."[૨૧-૨૪]

÷ મહા ચતુર હનુમાન રામ-લક્ષ્મણના શરીરપરનાં કેટલાંક ચિહ્નોપરથી "તેઓ સુગ્રીવના શત્રુ નથી કે વાલીએ પ્રેરેલા પણ નથી." એવું જાણી ગયો હતો; તેથીજ તેણે પ્રથમ પોતાનું વૃત્તાંત કહેવા માંડયું.

વાક્યોનાં રહસ્યને જાણનાર અને વાક્ય બોલવામાં ચતુર એવો હનુમાન શૂરવીર રામ-લક્ષ્મણ પ્રત્યે ઉપર્યુક્ત વચનો કહીને વિરામ પામ્યો.[૨૪] ત્યારે અત્યંત હર્ષિત થયેલા શ્રીમાન્ રામચંદ્રે પાસે ઉભેલા લક્ષ્મણની સામું જોઇને કહ્યું કે:–[૨૫] "હે લક્ષ્મણ! વાનરોના રાજા મહાત્મા સુગ્રીવનો આ 'હનુમાન' નામનો સચિવ મારી પાસે આવ્યો છે. હું એ સુગ્રીવને મળવા ઇચ્છું છુ,[૨૬] માટે હે સૌમિત્રિ! તું આ સુગ્રીવના સચિવ હનુમાનની સાથે સ્નેહયુક્ત મધુર ભાષણ કર, કારણ કે આ હનુમાન્ વાક્યોના રહસ્યને જાણવામાં ચતુર અને મહા બળવાન હોવાથી શત્રુઓનું દમન કરવાને સમર્થ છે."[૨૭]

"આ હનુમાનના ઉત્તમ સંભાષણ ઉપરથી જણાય છે કે, એણે વેદોનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે, કેમકે ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદને નહિ જાણનારો કોઈ પણ પુરૂષ આવું ઉત્તમ અને સ્પષ્ટ સંભાષણ કરી શકે નહિ.[૨૮] વળી એણે ઘણું કરીને વ્યાકરણશાસ્ત્રનો પણ સંપૂર્ણ અભ્યાસ કરેલો જણાય છે; કારણ કે તેના આટલા બધા સંભાષણમાં કોઇ પણ સ્થળે એકાદ પણ અપશબ્દ–અશુદ્ધ શબ્દ આપણા સાંભળવામાં આવ્યો નથી;[૨૯] તેમજ ભાષણ કરતી વેળાએ તેનાં મુખ, નેત્ર લલાટ, ભ્રુકુટી, તથા બીજાં પણ અંગોને વિષે કાંઈ પણ દોષ–વિકાર+ આપણા જોવામાં આવ્યો નથી.[૩૦] વળી એનાં મધ્યમારૂપે હૃદયદેશમાં રહેલાં તથા વૈખરીરૂપે કંઠ પ્રદેશમાંથી બહાર આવતાં મધ્યમ સ્વરવાળાં વાક્યો વિસ્તાર વગરનાં, નિર્વિલંબે ઉચ્ચારાતાં, સંદેહ વિનાનાં અને સાંભળનારના કર્ણને વ્યથા ન કરે એવાં છે.[૩૧] આ હનુમાન સ્પષ્ટ પદો તથા સ્પષ્ટ અક્ષરોવાળી અને સાંભળનારના મનને હર્ષ ઉપજાવે એવી કલ્યાણરૂપ વાણીને, બહુ ઉતાવળે નહિ તેમજ બહુ ધીમે પણ નહિ એ રીતે ઉચ્ચારે છે.[૩૨] અહો! હૃદય, કંઠ તથા મુખ એ ત્રણે સ્થળોને વિષે સ્પષ્ટપણે રહેલી આ હનુમાનની વાણીથી કયા પુરૂષનું ચિત્ત પ્રસન્ન ન થાય? ખરેખર, તલવાર ઉગામી ઉભા રહેલા શત્રુનું ચિત્ત પણ આવી વાણી સાંભળીને તો પ્રસન્નજ થાય![૩૩] હે નિષ્પાપ લક્ષ્મણ! જે રાજાને હનુમાન્ જેવો દૂત ન હોય, તે રાજાનાં કાર્યો કેમ કરી સિદ્ધ થાય?[૩૪] હે ભાઈ! જે રાજાને આ હનુમાનના જેવા ગુણવાળા કાર્યવાહક દૂતો હોય તે રાજાના સર્વ અર્થો સિદ્ધ થાય છે."[૩૫]

રામચંદ્રનાં વચન સાંભળી વાક્ચતુર લક્ષ્મણ વાક્યના રહસ્યને જાણનારા પવનસુત હનુમાન પ્રત્યે કહેવા લાગ્યા કે;–[૩૬] "હે બુદ્ધિશાળી વાનર! અમોએ વાનરાધિપતિ મહાત્મા સુગ્રીવના ઉત્તમ ગુણોને જાણ્યા છે; અને અમે તેનીજ શોધમાં ફરીએ છીએ; અમારે તેની સાથે સખ્યભાવથી મળવાની ઈચ્છા છે,[૩૭] માટે હે હનુમાન! સુગ્રીવના કહેવાથી તું અમારા પ્રત્યે જે પ્રમાણે કહે છે તેજ પ્રમાણે અમે તારા કહ્યાથી કરીશું; અર્થાત અમે સુગ્રીવની સાથે મિત્રતા બાંધીશું."[૩૮]

મહાત્મા લક્ષ્મણનાં ઉપર્યુક્ત નિર્દોષ વચન સાંભળીને, પવનસુત હનુમાન અત્યંત હર્ષિત થયો; અને સુગ્રીવના જય માટે તેનું મન નિઃસંદેહ થયું; અર્થાત્ 'હવે સુગ્રીવને કાંઈ પણ ભય નથી, અવશ્ય તેનો જય થશેજ' એવો હનુમાનને નિશ્ચય થયો. પછી મહાત્મા હનુમાને રામ–લક્ષ્મણ બન્ને ભાઇઓની સાથે સુગ્રીવની મૈત્રી કરાવવાની ઈચ્છા કરી.[૩૯]

तत्तस्य वाक्यं निपुणं निशम्य प्रहृष्टरूपः पवनात्मजः कपिः । मनः समाधाय जयोपपत्तौ सख्यं तदा कर्तुमियेष ताभ्याम् ॥३९॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૩

+ કાંઇ પણ બોલતી વેળા કિંવા ભણતી વેળા મસ્તક ધુણાવવું, હાથ–ચરણ હલાવવા વગેરે અંગોના ચાળા.

સર્ગ ૪ થો.

મૈત્રીનો પ્રસ્તાવ-રામ-લક્ષ્મણ-હનુમાનની પરસ્પર વાતચિત.

ततः प्रहृष्टो हनुमान्कृत्यवानिति तद्वचः ।
श्रुत्वा मधुरभावं च सुग्रीवं मनसा गतः ॥१॥

મહાત્મા લક્ષ્મણનાં વચન સાંભળી "સુગ્રીવના ઉપર રામચંદ્રનો સૌમ્ય ભાવ છે, તથા તેઓ પણ કાંઇ કાર્યને અર્થે સુગ્રીવને મળવા ચ્હાય છે," એવું જાણી પવનનંદન હનુમાનને અત્યંત હર્ષ થયો; તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે-[૧] "આ રામચંદ્ર કોઇ કાર્ય સિદ્ધ કરવા માટેજ સુગ્રીવની સહાય્ય લેવા ઇચ્છે છે, અને મહાત્મા સુગ્રીવને પણ કોઇ બળવાન્ પુરૂષની સહાય્યની અપેક્ષા છે* આમ બન્ને કાર્યાર્થી પુરૂષો એકત્ર થવાથી અવશ્ય બેઉનાં કાર્ય સિદ્ધ થશે. મહાત્મા સુગ્રીવને અવશ્ય રાજ્ય પ્રાપ્ત થશે, અને આ મહાપુરૂષનું કાર્ય પણ સિદ્ધ થશે."[૨] એમ વિચારી, અતિ હર્ષિત થયેલા વાનરશ્રેષ્ઠ હનુમાને વાક્યાર્થને જાણનારા શ્રીમાન્ રામચંદ્ર પ્રત્યે કહ્યું કે;[૩] "હે વીર ! નાના ભાઇ લક્ષ્મણસહિત તમે નાનાં પ્રકારનાં મૃગો તથા સર્પોથી વ્યાપ્ત અને પંપાસરોવરપરના રમ્ય વનોથી સુશોભિત જણાતા આ ગહન વનમાં શામાટે આવ્યા છો ?"[૪]

હનુમાનનાં વચન સાંભળી રામચંદ્રની પ્રેરણાથી મહાત્મા લક્ષ્મણ તેમની ઓળખાણ કરાવતાં કહેવા લાગ્યા કે;[૫] "હે કપિશ્રેષ્ઠ ! અયોધ્યાનગરીને વિષે મહાકાંતિમાન અને ધર્મમાં પ્રીતિવાળા 'દશરથ' નામના રાજા હતા, તે નિરંતર પોતાના ધર્મે કરી ચારે વર્ણની પ્રજાનું પાલન કરતા હતા.[૬] તેનાપર દ્વેષભાવ રાખનાર તેનો કોઇ પણ શત્રુ હતો નહિ, તેમજ તે પોતે કોઇના ઉપર દ્વેષભાવ ધરાવતા નહિ. સર્વ ભૂત-પ્રાણીઓને વિષે તે સાક્ષાત્ બીજા બ્રહ્મદેવ સરખા હતા.[૭] હે હનુમન્ ! તે મહારાજા દશરથના આ જ્યેષ્ઠ પુત્ર રામચંદ્ર છે, કે જે સર્વ લોકોમાં વિખ્યાતિ પામેલા છે.[૮] હે કપિવર હનુમાન્ ! આ રામચંદ્ર સર્વ ભૂત-પ્રાણીઓના શરણરૂપ છે; મહારાજા દશરથના સર્વ પુત્રોમાં જન્મના ક્રમથી તથા ઉત્તમ ગુણોથી જ્યેષ્ઠ છે, અને સઘળાં રાજચિહ્નોથી યુક્ત છે. અનેક ઉત્તમ ગુણોથી યુક્ત હોવાનેલીધે તેમને રાજ્યસંપત્તિ પ્રાપ્ત થવાની હતી એ વેળા કોઈ એક નિમિત્તને લીધે રાજ્યથી ભ્રષ્ટ થઇ તેમણે પોતાના પિતાની આજ્ઞા પાળવાનો દૃઢ નિશ્ચય કર્યો છે; અને તે નિશ્ચયને પૂર્ણ કરવા અર્થે, જેમ સૂર્ય આથમતી વેળા પોતાની કાંતિસહિત અસ્તાચળ પ્રત્યે જાય છે, તેમ પોતાની પત્ની સીતા તથા મારા સહિત તે વનમાં આવ્યા છે.[૯-૧૧] કરેલા ઉપકારને જાણનારા અને સર્વજ્ઞ એવા આ રામચંદ્રના ઉત્તમ ગુણોથી આકર્ષાઇને હું તેમનું દાસ્ય કરૂં છું. હું તેમનો કનિષ્ઠ બંધુ છું.[૧૨] હે વીર હનુમાન્ ! આ મારા આર્ય ભ્રાતા રઘુવીર કે જે નિરંતર સુખ ભોગવવા યોગ્ય, અમૂલ્ય વસ્ત્રાભૂષણોને ધારણ કરવા યોગ્ય તથા સર્વભૂત-પ્રાણીઓનું હિત કરવામાં દૃઢ ચિત્તવાળા છે તે આજે રાજ્યૈશ્વર્યથી ભ્રષ્ટ થઇ મહાદુઃખરૂપ વનવાસ ભોગવે છે.[૧૩] તેમાં વળી અમારા વિના સૂના પડેલા આશ્રમમાંથી તેમનાં પત્ની સીતાનું કોઇ ઇચ્છિતરૂપ ધરનારા રાક્ષસે હરણ કર્યું છે. તે રાક્ષસની અમોએ ઘણી શોધ કરી પણ હજી તે સીતાને હરનાર રાક્ષસનો પત્તો લાગતો નથી.[૧૪] તેની શોધમાંને શોધમાં ફરતાં માર્ગમાં અમને એક 'દનુ'નામના દિતિપુત્રનો સમાગમ થયો હતો કે જે શાપને લીધે કબંધરાક્ષસપણાને પામ્યો હતો. તેણે અમને કહ્યું કે; "ઋષ્યમૂક પર્વતપર વસતો વાનરાધિપતિ સુગ્રીવ મહાસમર્થ અને મહાપરાક્રમી છે. તે અવશ્ય તમારી સ્ત્રીનું હરણ કરી જનાર રાક્ષસની

* વાલીનો પરાજય કરવા માટે સુગ્રીવ કોઇ બળવાનની સહાય્ય ખોળે છે.

ભાળ મેળવી શકશો. તમે તે સુગ્રીવની પાસે જાઓ; અને તેની સાથે મૈત્રી કરો." એટલું કહીને એ કબંધ દિવ્યદેહ થઈ સ્વર્ગ પ્રત્યે સીધાવી ગયો. પછી અમે સુગ્રીવને મળવાની ઇચ્છાથી આ તરફ આવ્યા છીએ.[૧૫,૧૬] હે હનુમન્ ! તેં મને જે કાંઇ પૂછ્યું તે સઘળું મેં યથાર્થ કહી સંભળાવ્યું. અમે બન્ને ભાઇ સુગ્રીવને શરણે આવ્યા છીએ."[૧૭]

"અહા ! કાળનું બળ કેવું છે ? પૂર્વે જેણે બ્રાહ્મણાદિને અનેક પ્રકારનાં ધન દાન આપીને ઉત્તમોત્તમ યશ પ્રાપ્ત કર્યો છે, અને જે સૌ કોઈના નાથ છે તે રામચંદ્ર આજે સુગ્રીવને શરણ જઇ, તેને પોતાનો નાથ બનાવવા ઇચ્છે છે ?[૧૮] અહા ! સર્વ લોકોના આશ્રયરૂપ મહારાજા દશરથ કે જેની પતિવ્રતા શિરોમણિ જનકનંદિની સીતા તો સ્નુષા (વહુવારૂ) છે તે પ્રતાપી મહારાજના મહા સમર્થ પુત્ર શ્રીમાન રામચંદ્ર આજે સુગ્રીવને શરણ જાય છે ?[૧૯] અહો ! સર્વલોકના તથા મારા શરણરૂપ તેમજ ગુરૂરૂપ શ્રીમાન રામચંદ્ર આજે સુગ્રીવને શરણે જાય છે. ?[૨૦] અહો ! જેની કૃપારૂપ પ્રસાદી મેળવીને સર્વ પ્રજા આનંદ પામે એમ છે તે રામચંદ્ર આજે એક વનચર જાતિના રાજા સુગ્રીવની કૃપારૂપ પ્રસાદીને ઇચ્છે છે ?[૨૧] અહો ! પૂર્વે જેણે પૃથ્વીપરના સર્વગુણસંપન્ન સઘળા રાજાઓનું સન્માન કર્યું હતું તે મહારાજા દશરથના ત્રૈલોકયવિખ્યાત જયેષ્ઠ પુત્ર રામચંદ્ર આજે વાનરાધિપતિ સુગ્રીવનું શરણ ઇચ્છે છે ?[૨૨,૨૩] અરે, આવી રીતે શોકથી પીડિત થઇ શરણે આવેલા રામચંદ્ર ઉપર સુગ્રીવે પણ પોતાના સઘળા વાનરયૂથપતિઓસહિત અવશ્ય કૃપા કરવી ઘટે છે."[૨૪]

એ પ્રમાણે કરૂણસ્વરે કહ્યા પછી શોકને લીધે મહાત્મા લક્ષ્મણનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. ત્યારે વાક્ચતુર હનુમાને કહ્યું કે:-[૨૫] "હે લક્ષ્મણ ! તમે ખેદ ન કરો, અહો ! તમારા સરખા બુદ્ધિમાન્ તથા ક્રોધ અને ઇંદ્રિયોને જીતેલા પુરૂષોનું તો વાનરાધિપતિ સુગ્રીવે અવશ્ય દર્શન કરવુંજ જોઇએ; તો પછી ધન્ય ભાગ્ય છે સુગ્રીવનું કે તમે પોતેજ તેને દર્શન દેવાને અહીં પધાર્યા છો ![૨૬] સૂર્યનો પુત્ર એ સુગ્રીવ પણ રાજ્યથી ભ્રષ્ટ થયેલો છે. તેના મોટાભાઇ વાલીએ તેની સ્ત્રીનું હરણ કરી તેને નગરમાંથી વનમાં કાઢી મૂકયો છે; તેથી તે વાલીની સાથે સહાનું વૈર બાંધીને, તેનાથી ત્રાસ પામે છે; માટે તેને પણ તમારી પેઠે કોઇ બળવાન્ પુરૂષની સહાય્યની જરૂર છે. અમો સર્વ વાનરોસહિત એ સુગ્રીવ સીતાની શોધ કરવારૂપ તમારા કાર્યમાં અવશ્ય સહાય્ય કરશે. માટે હે રાઘવ ! ચાલો, આપણે સત્વર સુગ્રીવની પાસે જઇએ."

એ પ્રમાણે સ્પષ્ટ અને મધુરી વાણીથી કહી હનુમાન જ્યારે વિરામ પામ્યો, ત્યારે તેનાં વાક્યોને યથાયોગ્ય રીતે માન્ય કરી ધર્માત્મા લક્ષ્મણે પોતાના વડિલબંધુ રામચંદ્ર પ્રત્યે કહ્યું કે:-[૨૭-૩૦] "હે આર્ય ! આ પવનપુત્ર હનુમાન અત્યંત હર્ષભેર જે કંઈ કહે છે તે પ્રમાણે જોતાં તો સુગ્રીવ પણ આપણા જેવો જ કાર્યાર્થી છે; અને જો એમ હોયતો આપણે કૃતકૃત્યજ થયા છીએ, અર્થાત્ જેવી આપણને ગરજ છે તેવી સુગ્રીવને પણ છે; એટલે બન્નેનાં કાર્ય સુધરશે.[૩૧] વળી આ વાયુનંદન હનુમાન્ પ્રસન્ન મુખમુદ્રાથી હર્ષભેર સ્પષ્ટપણે બોલે છે, તે ઉપરથી જણાય છે કે તેનું બોલવું અસત્ય નથી."[૩૨]

મહાત્મા લક્ષ્મણનાં વચન સાંભળી, અત્યંત વિશ્વાસ પામેલા મહાબુદ્ધિશાળી મારૂતસુત હનુમાને એ બન્ને ભાઇઓને સુગ્રીવની પાસે તેડી જવાનો નિશ્ચય કર્યો.[૩૩] પછી રામ-લક્ષ્મણની આજ્ઞા લઇને કપિશ્રેષ્ઠ હનુમાને તુરત જ પ્રાકૃત-ભિક્ષુરૂપનો ત્યાગ કરી, પોતાનું મૂળ વાનરસ્વરૂપ ધારણ કર્યું અને મહાશૂરવીર એવા બન્ને ભાઇઓને પોતાની પીઠપર બેસાડી ઋષ્યમૂકપર્વત તરફ ચાલવા માંડયું.[૩૪] રામ-લક્ષ્મણનાં દર્શન થવાથી જાણે

કૃતકૃત્ય થયો હોયની, એમ અત્યંત હરખાતો, મોટા પરાક્રમવાળો, નિર્મળ બુદ્ધિવાળો અને મહાયશસ્વી એવો પવનસુત હનુમાન રામ–લક્ષ્મણ બન્ને બાંધવોસહિત ઋષ્યમૂકપર્વતપર ચઢવા લાગ્યો.[૩૫]

स तु विपुलयशाः कपिप्रवीरः पवनसुतः कृतकृत्यवत्प्रहृष्टः । गिरिवरमुरुविक्रमः प्रयातः स शुभमतिः सह रामलक्ष्मणाभ्याम् ॥३५॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ચોથો સર્ગ સંપૂર્ણ. ૪.

સર્ગ ૫ મો.

રામ–સુગ્રીવની મૈત્રી–પરસ્પર સમાગમ.

ऋष्यमूकात्तु हनुमान्गत्वा तं मलयं गिरिम् । आचचक्षे तदा वीरौ कपिराजाय राघवौ॥१॥

મહા સમર્થ હનુમાન્ બન્ને રાઘવોને ઋષ્યમૂકપર્વત ઉપરથી સુગ્રીવને વસવાના મલયશિખરમાં લઈ ગયો; અને ત્યાં તેમને એક સુંદર સ્થળે બેસાડી સુગ્રીવની પાસે જઇ તેણે રામ–લક્ષ્મણના સમાચાર જણાવતાં કહ્યું કે,[૧] "હે મહા પરાક્રમી સુગ્રીવ! તેં દૂરથી જે બે વીર પુરૂષોને જોયા હતા તેઓ વાલીએ પ્રેરેલા આપણા શત્રુ નહિ, પરંતુ 'રામ' તથા 'લક્ષ્મણ' નામના સત્યપરાક્રમી બે બાંધવો છે, અને તેઓ આપણી પાસે આવેલા છે.[૨] તેઓ બન્ને ઇક્ષ્વાકુકુળમાં જન્મેલા મહારાજા દશરથના પુત્ર છે. તેઓને તેઓના પિતાએ પોતાના સત્યવાક્યરૂપ ધર્મનું પ્રતિપાલન કરવા અર્થે વનમાં મોકલ્યા છે; અને તેઓ પણ પોતાના પિતાની આજ્ઞાનું નિરંતર પાલન કર્યાં કરવું એને જ પોતાનું ખરૂં કર્ત્તવ્ય માને છે.[૩] હે વાનરાધિપતિ! અયોધ્યાનગરીનો રાજા દશરથ કે જેણે રાજસૂય તથા અશ્વમેધાદિ અનેક યજ્ઞો કરીને અગ્નિને તૃપ્ત કર્યો છે, જેણે બ્રાહ્મણોને નાના પ્રકારની દક્ષિણા તથા સેંકડો–હજારો ગાયો આપી છે અને જેણે સ્વધર્મથી તથા સત્યથી પૃથ્વીનું પાલન કર્યું છે, તે દશરથની સ્ત્રી કૈકેયીને પ્રસન્ન કરવા અર્થે તેના પુત્ર શ્રીમાન રામચંદ્ર વનમાં આવેલા છે.[૪,૫] હે સુગ્રીવ! અરણ્યમાં આવ્યા પછી એ મહાત્મા રામચંદ્રની સ્ત્રીનું રાવણે હરણ કર્યું છે. એ કાર્યમાં તારી સહાય્ય માગવા માટે તેઓ તારે શરણે આવ્યા છે,[૬] અને તારી સાથે મૈત્રી કરવા ઇચ્છે છે. હે વાનરેંદ્ર! અત્યંત પૂજ્ય એવા એ બન્ને ભાઇઓને તું પોતાના નિવાસસ્થાનમાં તેડી લાવીને તેઓનો રૂડી રીતે સત્કાર કર."

હનુમાનનાં વાક્ય સાંભળીને વાનરાધિપતિ સુગ્રીવ અતિ હર્ષિત થયો. પછી તેણે અત્યંત દર્શનીય સ્વરૂપ ધારણ કરી મહાત્મા હનુમાન્ તથા સર્વ વાનરોની સાથે રામ–લક્ષ્મણની પાસે આવી પ્રણામ કરીને કહ્યું કે,[૮] "હે મહાસમર્થ રામચંદ્ર! તમે ધર્મને વિષે કુશળ, ઉત્તમ આચરણવાળા અને સર્વ ભૂત–પ્રાણીઓપર પ્રીતિ રાખનારા છો, મેં તમારા સર્વ ઉત્તમ ગુણો વાયુપુત્ર હનુમાનના મુખથી સાંભળ્યા છે.[૯] હે પ્રભુ! હું કે જે વાનરજાતિ છું તેની સાથે તમે સ્નેહ કરવા ઈચ્છો છો તેનેજ હું મોટો લાભ તથા સત્કાર માનું છું."[૧૦] એટલું કહી સુગ્રીવે પોતાનો જમણો હાથ લંબાવી પુનઃ કહ્યું કેઃ–"હે રામચંદ્ર! જો કાર્યને અર્થે તમને મારી સાથે મૈત્રી કરવી રૂચતી હોય તો તમે આ મારો હાથ ગ્રહણ કરી, પરસ્પર કાર્ય કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરો!"[૧૧] સુગ્રીવનું સુંદર વચન સાંભળીને અત્યંત હર્ષિત થયેલા શ્રીમાન્ રામચંદ્રે તુરતજ સુગ્રીવનો હાથ પોતાના હાથમાં લીધો અને સુહૃદ્‌ભાવ સ્થિર કરવા માટે તેને પોતાના હૃદયસાથે ચાંપ્યો. આ વેળા શત્રુઓનું દમન કરનાર મહાત્મા હનુમાન્ કે જેણે રામચંદ્રના પાસેથી સુગ્રીવની આગળ જતાં પુનઃ પ્રાકૃત–ભિક્ષુનું રૂપ ધારણ કર્યું હતું, તેણે તે રૂપનો ત્યાગ કરી રામચંદ્રની આજ્ઞાથી વનમાંથી અરણીનાં સૂકાં કાષ્ઠો લાવી મંથન વિધિવડે અગ્નિ ઉત્પન્ન કરી તેને સારી રીતે

પ્રદીપ્ત કર્યો, અને પુષ્પાદિ ઉપચારોવડે તે અગ્નિનું રૂડી રીતે પૂજન કર્યું.[૧૨,૧૪] પછી વિધિપૂર્વક તૈયાર કરેલો એ અગ્નિ સ્થિર ચિત્તવાળા હનુમાને રામચંદ્ર અને સુગ્રીવની વચ્ચે લાવી મૂક્યો. ત્યારે પરસ્પર મિત્રતાને પામેલા વાનરાધિપતિ સુગ્રીવ અને નરાધિપતિ રામચંદ્ર એ દેદીપ્યમાન અગ્નિની પ્રદક્ષિણા કરી, અતિ પ્રસન્ન ચિત્તે એકબીજાની સામું જોતાં તૃપ્ત થયા નહિ.

વાનરાધિપતિ સુગ્રીવે ઘાટાં પાંદડા વાળી અને કોમળ પુષ્પોવાળી એક સાલવૃક્ષની ડાળી ભાંગીને પૃથ્વીપર બીછાવી, તેપર શ્રીમાન્ રામચંદ્રને બેસાડયા, અને પોતે પણ બેઠો. પછી અતિ હર્ષપૂર્વક કહેવા લાગ્યો કે,—"હે મહાપરાક્રમી વીર! આપણ બન્ને સરખા સુખ-દુઃખવાળા છીએ, તેમાં તમે મારા પરમપ્રિય મિત્ર થયા છો, એ ઘણું રૂડું થયું છે" એમ કહી, બન્ને મિત્રો પરસ્પર આનંદ પામ્યા. આ વેળા અતિ હર્ષિત થયેલા મારૂતસુત હનુમાને એક સુગંધયુક્ત પુષ્પોવાળી ચંદનવૃક્ષની ડાળ પૃથ્વીપર બિછાવીને તેપર લક્ષ્મણને બેસાડયા. પછી કપીશ્વર સુગ્રીવ કે જેનાં નેત્ર હર્ષને લીધે વ્યાકુળ થઇ રહ્યાં હતાં તેણે આનંદપૂર્વક મધુર વાણીથી કહ્યું કે "હે રામ! મારા ભાઇ વાલીએ મને કિષ્કિંધાનગરીમાંથી કાઢી મૂક્યો છે, તેણે મારી સ્ત્રીનું હરણ કર્યું છે અને તેના ભયને લીધે પીડાતો હું નિરંતર આ પર્વતરૂપી દુર્ગનો આશ્રય કરી રહું છું. હે રાઘવ! મને વાલીએ કાઢી મૂકેલો હોવાથી તથા તેની સાથે મારે મોટું વેર બંધાયેલું હોવાથી હું તેના ત્રાસને લીધે બલહીન થઇ, ઉદ્વિગ્નચિત્ત આ વનમાં ઘણા સમયથી વસું છું. માટે હે મહાભાગ! હું જે વાલીના ભયથી પીડાયાં કરૂં છું તેના ભયને તમે નિર્ભય કરો.[૧૫-૨૩] હે કાકુત્સ્થ! હું તમોને વિનવીને કહું છું કે મને વાલીથી પુનઃ કદી પણ ભય થવાનું કારણ રહે નહિ તેમ કરો."

સુગ્રીવનાં વચન સાંભળી ધર્મને વિષે પ્રીતિવાળા અને અત્યંત તેજવાળા ધર્માત્મા રામચંદ્રે તેને હસતામુખે કહ્યું કે:—"હે કપિવર! હું જાણું છું કે મિત્રોથી ઉપકારરૂપી ફળ પ્રાપ્ત થાય છે માટે હું અવશ્ય તારો ઉપકાર કરીશ.[૨૪,૨૫] તારી સ્ત્રીનું હરણ કરનારા વાલીનો હું વધ કરીશ. હે સુગ્રીવ! હવે થોડા સમયમાંજ સૂર્યસરખાં તેજસ્વી, તીક્ષ્ણ અગ્રવાળાં, સીધાં પર્વવાળાં, કંકપત્રવડે આચ્છાદિત કરેલાં, ક્રોધ પામેલા ઝેરી સર્પસરખાં અને ઇંદ્રના વજ્ર જેવાં મારાં અમોઘ બાણો ઉપરાઉપરી એ દુરાચરણી વાલીના ઉપર પડશે અને તેથી તે તુરતજ છિન્નભિન્ન થયેલા મોટા પર્વતની પેઠે નાશ પામીને પૃથ્વીપર શયન કરશે."

પોતાનું હિત કરનારાં રામચંદ્રનાં વચન સાંભળી અતિ પ્રસન્ન થયેલા સુગ્રીવે વળી પણ કહ્યું કે; "હે મનુષ્યોમાં સિંહસરખા શૂરવીર! હે રામચંદ્ર! તમારી કૃપાએ કરી હું અવશ્ય રાજ્ય તથા સ્ત્રીને પામીશ, પરંતુ હે નરદેવ! જેમ કરવાથી મારો મોટો ભાઈ તથા મારા શત્રુરૂપ એ વાલી મને પુનઃ હણી શકે નહિ તે પ્રમાણે તમે કરો."

રામચંદ્ર તથા સુગ્રીવનું પ્રેમબંધન (મૈત્રી) થયું, તે સમયે લંકાની અશોકવાટિકામાં રહેલાં સીતા, કિષ્કિન્ધામાં રહેલો વાલી તથા લંકાધિપતિ રાવણ એ ત્રણેનાં અનુક્રમે કમળ, સુવર્ણ અને અગ્નિસરખાં ડાબાં નેત્રો એકી વખતે ફરકવા લાગ્યાં.+[૩૧]

+ કમળ સરખું નેત્ર સીતાનું, સુવર્ણ સરખું પીળું વાલીનું અને અગ્નિસમાન લાલવર્ણું રાવણનું એમ સમજવું. સીતાના વામ નેત્રે ફરકીને, તેમને 'થોડા સમયમાં રામચંદ્રનો સમાગમ થશે' એમ સૂચવ્યું, અને વાલી તથા રાવણનાં વામ નેત્રોએ થોડા સમયમાં આવી પહોંચેલો તેઓનો કાળ સૂચવ્યો હતો, કેમકે પુરુષનું જમણું અંગ ફરકે તો શુભ અને સ્ત્રીનું ડાબું અંગ ફરકે તો શુભ તેથી ઉલટું અશુભ છે. એવું શકુનશાસ્ત્રમાં કહેલું છે.

सीताकपीन्द्रक्षणदाचराणां राजीवहेमज्वलनोपमानि । सुग्रीवरामप्रणयप्रसङ्गे वामानि नेत्राणि समं स्फुरन्ति ॥ ३१ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં પાંચમો સર્ગ સંપૂર્ણ. ૫

सर्ग ६ ट्ठो.

સુગ્રીવની પ્રતિજ્ઞા-સીતાનાં વસ્ત્રાભરણો જોઇ રામચંદ્રને થયેલો શોક.

पुनरेवाब्रवीत्प्रीतो राघवं रघुनन्दनम् ।
अयमाख्याति मे राम सेवको मंत्रिसत्तमः॥१॥

અતિ પ્રસન્ન થયેલો વાનરાધિપતિ સુગ્રીવ પુનઃ પણ રઘુકુલવર્ધન રામચંદ્ર પ્રત્યે કહેવા લાગ્યો કે:-"હે રામચંદ્ર! તમે તમારા કનિષ્ઠ બંધુ લક્ષ્મણસહિત જે નિમિત્તે આ નિર્જળ વનમાં આવ્યા છો, અને વનમાં વસતાં તમારી પ્રિય પત્ની જનકનંદિની સીતાને તમારાથી તથા બુદ્ધિમાન્ લક્ષ્મણથી વિખુટી પાડી-છળીને દુષ્ટ રાક્ષસે તેનું હરણ કર્યું છે, તથા હે રામ! રાક્ષસે ગૃધ્રરાજ જટાયુને હણીને તમને સ્ત્રીવિયોગરૂપી દુઃખસાગરમાં ડુબાવ્યા છે, એ સઘળું વૃત્તાંત આ તમારા સેવક અને મારા મંત્રીવર હનુમાને મને કહ્યું છે.[૧-૪] હે રાઘવ! હવે તમે થોડા સમયમાંજ પત્નીવિયોગના દુઃખમાંથી મુક્ત થશો; કારણ કે પૂર્વે હરણ થયેલી વેદશ્રુતિઓને જેમ હયગ્રીવ ભગવાને પાછી આણી હતી, તેમ હું તમારાં પત્ની સીતાને અવશ્ય ગમે ત્યાંથી પણ તમને પાછાં આણી આપીશ.[૫] હે શત્રુદમન! ભલે, તમારાં પ્રિય પત્ની સીતા રસાતલમાં કિંવા નભસ્તલમાં હશે, તોપણ હું તેમને શોધી લાવી તમારે સ્વાધીન કરીશ.[૬] હે રાઘવ! તમે મારાં વચનોને યથાર્થ-સત્ય જાણો. હે મહાબાહુ! જેમ વિષયુક્ત અન્નને કોઈ પણ પ્રાણી જીરવી શકતું નથી, તેમ તમારાં પત્ની સીતાને ઇંદ્રાદિ દેવતાઓ તથા અસુરોપણ જીરવવાને શક્તિમાન્ નથી. હે મહાબાહુ! હવે તમે શોકનો ત્યાગ કરો. હું નિશ્ચય તમારી પત્ની સીતાને લાવી આપીશ.[૭-૮] હે રાઘવ! તમારી પત્નીને કોઈ રાક્ષસ હરી ગયો છે એમ તમે કહો છો તે ઉપરથી મને સાંભરી આવે છે કે થોડાક દિવસ ઉપર એક રૌદ્ર કર્મવાળો 'રાવણ' નામનો રાક્ષસ કોઇએક સુંદરીને ઉંચકીને આકાશમાર્ગે અહીં થઇને ચાલ્યો જતો હતો, તેને અમો સૌએ આ પર્વતશિખરપર બેઠાં બેઠાં જોયો હતો. એ રાવણ રાક્ષસની કહેડમાં રહેલી એક સુંદરી અતિકરૂણસ્વરે "હા રામ! હા રામ!! હા લક્ષ્મણ!!!" એવા આર્ત્તનાદ કરતી હતી. તે ઉપરથી હું ધારૂં છું કે નિશ્ચય એ સુંદરી તમારી પ્રિયા જાનકીજ હશે. એ દુષ્ટ રાક્ષસ તે સ્ત્રીને બળાત્કારે હરણ કરી લઇ જતો હોય એમ જ લાગતું હતું, કેમકે તે સુંદરી તે દુષ્ટના ખોળામાં પાશવડે બંધાયેલી નાગણની પેઠે તરફડીયાં મારતી હતી,[૯-૧૦] વળી એ બાબતમાં પૂરેપૂરો નિશ્ચય કરવાનું બીજું સાધન પણ મને સાંભરી આવ્યું છે, અને તે એ કે આકાશમાર્ગે રાક્ષસથી હરાતી એ સુંદરીએ અમો પાંચ વાનરોને એક શિલાપર બેઠેલા જોઇને પોતાનાં ઉત્તમ આભૂષણો તથા એક ઉત્તરીય વસ્ત્ર અમારાપર ફેંક્યાં હતાં, કે જે અમોએ હજી સુધી સાચવી રાખ્યાં છે. હે રાઘવ! હું તે સઘળાં વસ્ત્રાભૂષણો લઈ આવી તમને દેખાડું છું, કે જેને તમે સારી રીતે ઓળખી શકશો."[૧૧-૧૨]

સુગ્રીવનાં ઉપર્યુક્ત પ્રિય વચનો સાંભળીને, અતિ અધીરાઇથી રામચંદ્રે તેને કહ્યું કે-"હે મિત્ર! જો એમ છે તો પછી તું વિલંબ શા માટે કરે છે! તે વસ્ત્રાભરણો સત્વર મારી આગળ લઈ આવ."[૧૩] રામચંદ્રનું વચન સાંભળી વાનરેંદ્ર સુગ્રીવ તેમનું પ્રિય કરવા અર્થે તુરતજ ત્યાંથી ઉઠ્યા, અને ઋષ્યમૂકપર્વત વિષેની પોતાની ગહન ગુફામાં ગયો. ત્યાંથી તેણે સુંદર ઉત્તરીય વસ્ત્ર તથા આભૂષણો લઇ રામચંદ્રની પાસે આવીને કહ્યું

કે, "હે પ્રિય! જુઓ, આ તે સુંદરીએ ફેંકેલાં વસ્ત્રાભરણો." એમ કહી સુગ્રીવે એ વસ્ત્રાભરણો રામચંદ્રની આગળ મૂક્યાં.[૧૪,૧૫] એ ઉત્તરીય વસ્ત્ર તથા આભરણો સીતાનાંજ હતાં. તેને જોતાંજ શ્રીમાન્ રામચંદ્ર ગદ્ગદ કંઠ થઇ ગયા; અને જેમ ઝાકળથી ચંદ્ર નિસ્તેજ થાય તેમ સીતાનો સ્નેહ સાંભરી આવતાં પ્રવૃત્ત થયેલા અશ્રુજળથી તેમનું મુખ નિસ્તેજ થઈ ગયું. તે વસ્ત્રાભૂષણોને પોતાના હાથમાં ગ્રહણ કરી એકાએક "હા પ્રિયા! હા મૈથિલિ!" એ પ્રમાણે ધાડા સ્વરથી રોદન કરતા શ્રીમાન રામચંદ્ર ધૈર્ય-રહિત થઈ પૃથ્વીપર ઢળી પડયા,[૧૬,૧૭] અને વારંવાર વસ્ત્રાભૂષણોને પોતાના હૃદયની સાથે ચાંપીને કોઇએ કોપાવેલા રાફડામાં રહેલા સર્પની પેઠે અત્યંત ફૂંફાડા મારવા લાગ્યા,[૧૮] તેમજ તેમનાં નેત્રોમાંથી અખંડિત અશ્રુધારા વહેવા લાગી. એ વેળા અતિદીન બની ગયેલા રામચંદ્ર પોતાની પાસે બેઠેલા લક્ષ્મણની સામું જોઇને ખેદ ધરતાં કહેવા લાગ્યા કે,[૧૯] "હે લક્ષ્મણ! રાવણ અંતરિક્ષ-માર્ગે હરણ કરી જતો હશે એ વેળાએ તારી ભાભી સીતાએ પોતાના શરીરપરથી ઉતારી ફેંકી દીધેલાં આ વસ્ત્રાભરણોને તું જો![૨૦] અહો! આ વસ્ત્રાભરણો બગડી કિંવા ભાંગી જાય નહિ એટલા માટે તેણે એ લીલાં તૃણ-વાળી ભૂમિપર નાખ્યાં હોય એમ લાગે છે; કેમકે આ વસ્ત્રાભરણો પ્રથમના જેવાંજ અખં-ડિત અને નિર્મળ રહેલાં છે."[૨૧]

રામચંદ્રનાં વચન સાંભળી, મહાત્મા લક્ષ્મણે કહ્યું કે,—"હે જ્યેષ્ઠબંધુ! હું મારી ભાભી સીતાનાં કેયૂર તથા કુંડલ આદિ આભૂષણોને ઓળખી શકતો નથી, પરંતુ હું નિત્યપ્રતિ તેમનાં ચરણનું વંદન કરતો તેથી માત્ર તેમના નુપૂરનેજ× ઓળખી શકું છું.*"

× પગમાં પહેરવાનું ઘરેણું—ઝાંઝર.

* આ શ્લોક આપણા દેશના પ્રાચીન ગૌરવનું ભાન કરાવે છે. પૂર્વકાળમાં આપણામાં દિયર—ભોજાઈ વચ્ચે કેવો આદર્શભાવ હતો, તે આ ઉપરથી જણાઈ આવે છે.

એટલું બોલી, મહાત્મા લક્ષ્મણ જ્યારે ગદગદકંઠ થવાને લીધે આગળ બોલી શક્યા નહિ, ત્યારે શ્રીમાન્ રામચંદ્રે સુગ્રીવને પૂછયું કે,[૨૨,૨૩] "હે સુગ્રીવ! તે ભયંકર રૂપ-વાળો રાક્ષસ મારી પ્રાણપ્રિયા સીતાને કઇ તરફ લઇ જતો તારા જોવામાં આવ્યો હતો?[૨૪] વળી મને મોટું દુઃખ આપનારો એ રાક્ષસ કયે સ્થળે વસે છે? ખરેખર, એકના દોષને લીધે હવે હું સઘળા રાક્ષસોનો સંહાર કરીશ.[૨૫] હે વાનરેંદ્ર! જેણે સીતાનું હરણ કરીને મને ક્રોધ પમાડયો છે; તેના મૃત્યુનું દ્વાર ખરેખર આપોઆપજ ઉઘડી ગયું છે! હે વાનરાધિપતિ સુગ્રીવ! જે દુષ્ટ રાક્ષસે બળાત્કારથી મારી અત્યંત પ્રિય પત્ની સીતાનું હરણ કર્યું છે, તે મારા શત્રુની ભાળ, તું મને શીઘ્ર જણાવ; એટલે હું તેને તુરતજ યમ-લોકમાં પહોંચતો કરૂં"[૨૭]

मम दयिततमा हृता वनाद्रजनिचरेण विमथ्य येन सा । कथय मम रिपुं तमद्य वै प्लवग पते यमसन्निधिं नयामि ॥ २७ ॥

ઈતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૬

सर्ग ७ मो.

સુગ્રીવે કરેલું રામચંદ્રનું આશ્વાસન.

एवमुक्तस्तु सुग्रीवो रामेणार्तेन वानरः ।
अब्रवीत्प्रांजलिर्वाक्यं सबाष्पं बाष्पगद्गदः ॥१॥

અત્યંત શોકપીડિત થયેલા રામચંદ્રનાં દીનતાયુક્ત વચન સાંભળી સુગ્રીવની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં; તેથી ગદ્ગદ કંઠ થયેલા તેણે હાથ જોડીને નમ્રતાથી કહ્યું કે,[૧] "હે રામચંદ્ર! હું, એ દુષ્ટકુલમાં ઉત્પન્ન થયેલા પાપકર્મી રાવણ રાક્ષસના નિવાસસ્થાનને સર્વથા જાણતો નથી, તેમજ તેના સામર્થ્યને,

તેના પરાક્રમને તથા તેના કુળને પણ જાણતો નથી;[૨] તોપણ હે શત્રુદમન ! હું સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે જેવી રીતે તમે સીતાને પામશો, તેવી રીતનો હું પ્રયાસ કરીશ. તમે શોકનો ત્યાગ કરો.[૩] હે પ્રભુ ! હું મારા પૌરૂષબળનો આશ્રય કરી, થોડા સમયમાંજ પરિવારસહિત રાવણનો નાશ કરી, તમને સીતા લાવી આપીશ, જેથી તમે પ્રસન્ન થશો.[૪] હે રામ ! તમે પોતાના સ્વાભાવિક ધૈર્યનું અવલંબન કરી આવી અયોગ્ય વિકલવતાનો ત્યાગ કરો. તમારા સરખા મહાન્ પુરૂષને આવું બુદ્ધિલાઘવ (બુદ્ધિનું ટૂંકાપણું) યોગ્ય નથી.[૫] હે રામ ! તમારી પેઠેજ મને પણ પત્નીવિયોગનું મોટું દુઃખ પ્રાપ્ત થયું છે, છતાં હું કાંઇ તમારી પેઠે ધૈર્યના ત્યાગ કરીને શોચ કરતો નથી.[૬] હે મહાત્મન્ ! હું પ્રાકૃતબુદ્ધિવાળો વાનર છું તોપણ મારા મોટાભાઈ વાલીએ હરણ કરેલી મારી ભાર્યાનો શોચ કરતો નથી, તો પછી તમે તો પવિત્ર અંતઃકરણવાળા, નમ્ર સ્વભાવવાળા અને ઉત્તમ ધૈર્યવાળા મહા પુરૂષ છો છતાં આમ શોક કરો એ શું યોગ્ય કહેવાય ?[૭] હે રઘુવીર ! તમે ધૈર્ય ધારણ કરી, તમારાં નેત્રમાંથી ખરતાં આંસુને રોકો, અને ઉત્તમ સત્વશીલ પુરૂષોની મર્યાદાનો ત્યાગ ન કરો;[૮] કેમકે ઉત્તમ બુદ્ધિવડે વિચાર કરનારો ધૈર્યવાન્ પુરૂષ પ્રિયજનોના વિયોગ સમયે, દ્રવ્યાદિના વિનાશથી થતા કષ્ટના સમયે, ચોર વગેરેના ભયમાં, તેમજ જીવિતનો અંત આણે એવા બીજા હરકોઇ સંકટના સમયે પણ સીદાતો નથી.[૯] જે મૂર્ખ પુરૂષ નિરંતર શોક અને ચિંતા કર્યા કરે છે તે અતિશય ભાર ભરેલા નાવની પેઠે, શોકરૂપી સમુદ્રમાં ડુબે છે.[૧૦] માટે હે પરમ સખા ! હું હાથ જોડી અત્યંત પ્રેમપૂર્વક તમને વિનવું છું કે તમે પૌરૂષબળનો આશ્રય કરો અને તમારા અંતઃકરણમાં શોકને અવકાશ ન આપો.![૧૧] જેઓ નિરંતર શોકમાં રહે છે તેઓને કદી પણ સુખ હોતુંજ નથી, અને તેઓનું તેજ પણ ક્ષીણ થાય છે, માટે હે રાઘવ ! તમે શોક કરવાને યોગ્ય નથી.[૧૨] હે રઘુનંદન ! નિરંતર શોકગ્રસ્ત રહેનારા પુરૂષના જીવિતમાં પણ સંશયજ રહે છે. માટે હે રાજેંદ્ર ! તમે શોકનો ત્યાગ કરી કેવળ ધૈર્યનોજ આશ્રય કરો.[૧૩] હે કૌસલ્યાનંદવર્ધન ! હું તમને કાંઇ ઉપદેશ કરતો નથી; પરંતુ મિત્રભાવથી હિતવચનોજ કહું છું; માટે મારા મિત્રપણાનું માન જાળવવા સારૂ પણ હવે તમારે શોક કરવો યોગ્ય નથી."[૧૪]

મહાત્મા સુગ્રીવે અનેક પ્રકારનાં મધુર વચનોથી રામચંદ્રનું સાંત્વન કર્યું ત્યારે લક્ષ્મણના મોટા ભાઇ રઘુવીર તુરતજ વસ્ત્રના છેડાવતી પોતાનાં નેત્રમાંનાં આંસુ લૂછી નાખીને સ્વસ્થ થયા. પછી વાનરેંદ્ર સુગ્રીવને ભેટીને કહેવા લાગ્યા કે,[૧૬] "હે સુગ્રીવ ! સ્નેહી તથા હિતેચ્છુ મિત્રે પોતાના મિત્રની દુઃખી અવસ્થામાં જે કાંઇ કરવું ઘટે, તે પ્રમાણે તેં મારો શોક શમાવવા અર્થે યોગ્ય પ્રયત્ન કર્યો છે. હે વયસ્ય ![x] તારાં વચનો સાંભળી મારો સઘળો શોક શાંત થયો છે; અને હવે હું સ્વસ્થ થયો છું. હે મિત્ર ! વિશેષે કરી આવી વેળાએ તારા સરખો મિત્ર મળવો ઘણોજ દુર્લભ હોય છે.[૧૭,૧૮] હે સુગ્રીવ ! હવે સીતાની શોધ કરવા માટે તથા દુરાત્મા અને ક્રૂર એવા રાવણરાક્ષસનો સંહાર કરવા માટે તારે પ્રયત્નશીલ થવાની જરૂર છે;[૧૯] તેમજ તારૂં જે કંઈ કાર્ય મારે કરવાનું હોય તે તું વિશ્વાસપાત્ર થયેલા મને નિર્ભયપણે જણાવ. હે કપિરાજ ! જેમ વર્ષાઋતુમાં સારા ક્ષેત્રને વિષે વાવેલું બીજ સફળ થાય છે તેમ મને સોંપેલું તારૂં સઘળું કાર્ય સફળ થશે."[૨૦]

"હે હરિશાર્દૂલ ![*] હું વાલીનો વધ કરીશ" એમ જે મેં અભિમાનપૂર્વક કહ્યું

---

x મિત્ર. * કપિઓમાં શ્રેષ્ઠ.

છે તે તારે યથાર્થ-સત્યજ સમજવું.[૨૧] હું પૂર્વે કદીપણ અસત્ય બોલ્યો નથી, અને ભવિષ્યમાં કદાપિ બોલીશ પણ નહિ. આ હું સત્યના શપથ લઇને પ્રતિજ્ઞાપૂર્વકજ કહું છું."[૨૨]

એવી રીતે શ્રીમાન્ રામચંદ્રનાં દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક વચન સાંભળીને, હનુમાનાદિ સર્વ વાનરસમાજસહિત સુગ્રીવ અત્યંત હર્ષિત થયો.[૨૩] પછી એકાંતમાં ÷ મિત્રભાવને પામેલા રામચંદ્ર અને સુગ્રીવ બન્ને મિત્રો પોતાના સમાન સુખ-દુઃખની વાતો કરવા લાગ્યા.[૨૪] બુદ્ધિસંપન્ન કપિશ્રેષ્ઠ સુગ્રીવે મોટા મોટા રાજાઓના પણ અધિપતિ મહાનુભાવ રામચંદ્રનાં પૂર્વોક્ત પ્રતિજ્ઞાવચન સાંભળીને પોતાના હૃદયને વિષે પોતાનું કાર્ય સિદ્ધ થયેલુંજ માન્યું.[૨૫]

महानुभावस्य वचो निशम्य हरिर्नृपाणामधिपस्य तस्य । कृतं स मेने हरिवीरमुख्यस्तदा च कार्यं हृदयेन विद्वान् ॥ २५ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં સાતમો સર્ગ સંપૂર્ણ. ૭

सर्ग ८ मो.

બન્ને મિત્રોની પરસ્પર વાતચીત.

परितुष्टस्तु सुग्रीवस्तेन वाक्येन हर्षितः । लक्ष्मणस्याग्रजं शूरमिदं वचनमब्रवीत् ॥१॥

લક્ષ્મણના મોટા ભાઈ શૂરવીર રઘુવીરનાં વચન સાંભળીને સંતુષ્ટ થયેલા કપિવર સુગ્રીવે તેમને કહ્યું કે;[૧] "હે રઘુવીર ! તમારા સરખો ગુણવાન્ મિત્ર પ્રાપ્ત થવાથી આજે હું સર્વથા દેવતાઓને પણ અનુગ્રહ કરવા યોગ્ય થયો છું.[૨] હે નિષ્પાપ રામચંદ્ર ! તમારી સહાયથી હું, દેવતાઓના રાજ્યને પણ મેળવી શકું એમ છું; તોપછી મારૂં પોતાનું રાજ્ય મેળવી શકું એમાં તો શુંજ આશ્ચર્ય?[૩] વળી રઘુવંશમાં જન્મ પામેલા તમારી સાથે આજે મારી અગ્નિદેવની સમક્ષ સુદૃઢ મૈત્રી બંધાઈ તેથી હું મારા બંધુવર્ગમાં તથા સુહૃદવર્ગમાં પણ માનીતો થયો છું.[૪] હે રાઘવ ! હું તમારી આગળ મારા મુખથીજ મારા ગુણો કહું એ યોગ્ય નથી; છતાં હું તમને યોગ્ય મિત્ર પ્રાપ્ત થયો છું, એમ તમે ધીમે ધીમે-પરીચયથી જાણશો,[૫] હે સંયમી પુરૂષોમાં શ્રેષ્ઠ ! તમારા સરખા જિતેંદ્રિય અને મહાત્મા પુરૂષોની પ્રીતિ તથા ધીરજ નિશ્ચલજ હોય છે.[૬] હે રઘુવીર ! જેઓ સન્મિત્ર હોય છે તેઓ પોતાના કે મિત્રના સુવર્ણ, રૂપુ તથા આભરણાદિ પદાર્થોમાં કંઇ પણ જુદાઇ જાણતા નથી. પોતાનો મિત્ર ધનવાન હોય વા દરિદ્રી હોય, દુઃખી હોય કિંવા સુખી હોય, તેમજ નિર્દોષ હોય અથવા સદોષ હોય, તોપણ સન્મિત્ર તો તેનેજ પોતાની પરમગતિરૂપ માને છે.[૭,૮] હે અનઘ ! મિત્રનો ઉત્તમોત્તમ સ્નેહ જોઇને તેના અર્થે પુરૂષો પોતાનાં ધન, સુખ તથા દેશનો પણ ત્યાગ કરે છે."[૯]

પરમમિત્ર સુગ્રીવનાં વચન સાંભળી, ઇંદ્રસરખી શોભાવાળા બુદ્ધિમાન્ લક્ષ્મણના સાંભળતાં, શ્રીમાન્ રામચંદ્રે સુગ્રીવપ્રત્યે કહ્યું કે, "હે કપિરાજ ! તેં કહ્યું તે યોગ્યજ છે; ખરેખર મૈત્રી તેવીજ હોવી જોઇએ."[૧૦]

બીજે દિવસે પ્રાતઃકાળમાં પોતાનાં નિત્યકર્મથી પરવારી, શ્રીમાન્ રામચંદ્ર તથા લક્ષ્મણ બન્ને ભાઈ કાંઈપણ બિછાવ્યાવિનાની પૃથ્વીપર બેઠા હતા. તેમને જોઇને કપિવર સુગ્રીવ વનમાં પોતાની ચપળ દૃષ્ટિ ફેરવવા લાગ્યો. એવામાં થોડેક દૂર એક સાલવૃક્ષ તેની નજરે પડયું. એ વૃક્ષ થોડા પાંદડાંવાળું પરંતુ ઘણાં પુષ્પોવાળું હતું અને તેનાપર અનેક ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા.[૧૨] એ સાલવૃક્ષની ઝાઝાં પાંદડાંવાળી એક રમણીય શાખા ભાંગી લાવીને,

÷ ગુપ્તસ્થળે-અન્ય રાજ્યના દૂતો કિંવા રાવણના દૂતો ન જાણી શકે એવા ગુપ્ત સ્થળે.

પૃથ્વીપર બિછાવી તેના ઉપર મહાત્મા રામચંદ્રસહિત સુગ્રીવ બેઠો.[૧૩] એ જોઇ નમ્રસ્વભાવવાળા મહાત્મા હનુમાને પણ એક સાલવૃક્ષની શાખા ભાંગી લાવી પૃથ્વીપર બિછાવી તેપર લક્ષ્મણને બેસાડયા.[૧૪] સાલવૃક્ષનાં પુષ્પોથી આચ્છાદિત થયેલા એ પર્વતશ્રેષ્ઠ ઋષ્યમૂકગિરિના રમ્ય શિખરપર શ્રીમાન રામચંદ્ર શાંત થયેલા સમુદ્રની પેઠે સુખપૂર્વક વિરાજ્યા, ત્યારે અતિશય હર્ષિત થયેલા સુગ્રીવે પ્રેમ તથા હર્ષને લીધે ગદ્‌ગદકંઠે પવિત્ર અને મધુર વાણીથી તેમને કહ્યું કે, [૧૫,૧૬] "હે રાઘવ ! વાલીએ મને કાઢી મૂકવાથી તથા મારી સ્ત્રીનું હરણ કરવાથી અત્યંત દુઃખી થયેલો હુ તે વાલીથી ભય પામીને આ પર્વતશ્રેષ્ઠ ઋષ્યમૂકમાં નિવાસ કરૂં છું.[૧૭] હે રાઘવ ! વાલીએ મને રાજ્યમાંથી કાઢી મૂકેલો હોવાથી મારે તેની સાથે દઢ વૈર બંધાયું છે, હું તેનાથી ઘણોજ ત્રાસ પામું છું, અને આ પર્વતમાં રહેવા છતાં મારા ચિત્તમાંથી તેના તરફનો ભય ટળતો નથી.[૧૮] માટે હે સર્વલોકોને અભય આપનાર રામ ! હું કે જે નિરંતર વાલીના ભયથી પીડાયાં કરૂં છું અને અનાથસરખો થઇ ગયો છું તેના ઉપર તમે કૃપા કરવા યોગ્ય છો."[૧૯]

સુગ્રીવનું વચન સાંભળી ધર્મમાં પ્રીતવાળા, ધર્મને જાણનારા અને અત્યંત તેજવાળા કાકુત્સ્થ રામચંદ્રે હસતાં-હસતાં કહ્યું કે,-[૨૦] "હે સુગ્રીવ! ઉપકાર કરવો એ સન્મિત્રનું લક્ષણ છે અને અપકાર કરવો એ શત્રુનું લક્ષણ છે. હું તારી ભાર્યાનું હરણ કરનારા દુષ્ટ વાલીનો આજેજ વધ કરીશ.[૨૧] હે મહાભાગ ! આ મારાં ઈંદ્રના વજ્ર સરખાં તેજદાર બાણો કે જે સરખટથી બનેલાં છે, કંકપત્રવડે ઢંકાયેલાં છે, સુવર્ણથી સુશોભિત કરેલાં છે, અને ક્રોધ પામેલા ઝેરી સર્પના સરખાં તીક્ષ્ણ છે, તેના પ્રહારથી આજે 'વાલી' નામનો તારો અપરાધી શત્રુ હણાશે અને છિન્ન-ભિન્ન થયેલા પર્વતની પેઠે પ્રાણરહિત થઈ પૃથ્વીપર પડશે, તેને તું જોઇશ."[૨૨-૨૪]

રઘુકુલદીપક રામચંદ્રનાં વચન સાંભળી, વાનરોનો રાજા સુગ્રીવ અત્યંત હર્ષ પામ્યો અને "બહુ સારૂં, બહુ સારૂં" એમ કહેવા લાગ્યો.[૨૫] પછી થોડીવારે મહાત્મા સુગ્રીવે કહ્યું કે, "હે રામ ! હું શોકથી ઘેરાયેલો છું; અને તમે શોકગ્રસ્ત પુરૂષોના પરમ આશ્રયરૂપ છો, તેમજ મારા પરમ સખા છો, માટે હું તમારી આગળ મારૂં સઘળું દુઃખ નિવેદન કરૂં છું.[૨૬] હે પ્રિય રામ ! હું સત્યના શપથ લઇને કહું છું કે મેં અગ્નિની સાક્ષીએ મારો હાથ તમારા હાથમાં આપીને, તમને મારા પ્રાણથી પણ અધિક પ્રિય મિત્ર બનાવ્યા છે.[૨૭] 'તમે મારા વિશ્વાસપાત્ર મિત્ર છો' એમ માનીને હું તમને કહું છું કે હે રામ ! મારાં અંતરનાં દુઃખો નિત્યપ્રતિ મારા મનને ક્ષીણ કર્યા કરે છે."[૨૮] એટલું કહેતાં કહેતાં સુગ્રીવનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં અને તેનો કંઠ રૂંધાઇ ગયો, જેથી તે સ્પષ્ટપણે બોલી શકયો નહિ.[૨૯] થોડીવારે મહાત્મા સુગ્રીવે એકાએક નદીના પૂરની પેઠે આવેલા અશ્રુપ્રવાહને ધૈર્યવડે રોકીને તથા વસ્ત્રના છેડાવતી નેત્રો લૂંછી નાખીને નિઃશ્વાસ મૂકતાં શ્રીમાન રામચંદ્ર પ્રત્યે કહેવા માંડયું કે,[૩૦,૩૧] "હે રામ ! મહાબળવાન વાલીએ, પોતાના રાજ્યમાંથી મારો અધિકાર છીનવી લઇને તથા કઠોરવચનો કહીને મને કાઢી મૂકયો છે, એટલુંજ નહિ પરંતુ તેણે મારી પ્રાણાધિક પ્રિય પત્ની રૂમાનું પણ હરણ કર્યું છે, અને મારા સઘળા સ્નેહી-મિત્રોને કારાગૃહમાં નાખ્યા છે.[૩૨,૩૩] હે રાઘવ ! એ વાલીના ભયથી ત્રાસીને હું આ ઋષ્યમૂકપર્વતપર આવી રહ્યો છું, તોપણ એ દુષ્ટાત્મા વારંવાર મારો વિનાશ કરવાને અર્થે યત્ન કર્યાજ કરે છે ! તેણે મારો વધ કરવા માટે કેટલીએવાર બળવાન વાનરોને અહીં મોકલ્યા પણ હજી સુધી તો મેં તેઓ સર્વનો વિનાશજ કર્યો છે.[૩૪] હે રાઘવ!

વાલીના ભયને લીધેજ પ્રથમ તમને આ તરફ આવતા જોઇને મારા મનમાં શંકા ઉપજી હતી, કે "રખેને, મારો વધ કરવા અર્થે આ કોઇ બે બળવાન પુરૂષોને વાલીએ મોકલ્યા હોય?" એ શંકાને લીધેજ હું તમારી પાસે પ્રથમ આવી શકયો નહિ, કારણકે ભયના પ્રસંગમાં તો સૌ કોઈ ભય પામે છેજ.[૩૫] હે દશરથનંદન! એવી રીતે મહાન પ્રાણસંકટ આવી પડવા છતાં પણ કેવળ આ હનુમાનાદિ મારા સહાયકો હોવાને લીધેજ હું મારા પ્રાણોને ધારણ કરી રહ્યો છું.[૩૬] આ મારા સ્નેહી હનુમાનાદિ વાનરો નિરંતર ચોમેરથી મારી રક્ષા કરે છે. તેઓ હું ચાલું છું, ત્યારે ચાલે છે અને ઉભો રહું છું ત્યારે ઉભા રહે છે.[૩૭] હે રામ! હું મારાં અનેક દુઃખોનું વિસ્તારથી કેટલુંક વર્ણન કરૂં? માત્ર સંક્ષેપમાંજ કહું છું કે વિખ્યાત પરાક્રમવાળો મારો જ્યેષ્ઠબંધુ વાલી કે જે મારો શત્રુ થઇ ચુકયો છે તેનો વિનાશ થાય ત્યારેજ મારાં સઘળાં દુઃખ શાંત થાય એમ છે. મારાં જીવિત તથા સુખ એ બન્ને એ વાલીનાં વિનાશને અવલંબીનેજ રહ્યાં છે, અર્થાત્ વાલીનો વધ થાય તોજ હું જીવતો રહી સુખ ભોગવી શકું એમ છું,[૩૮,૩૯] હે રામ! દુઃખી કિંવા સુખી અવસ્થામાં પુરૂષને પરમ સહાય્ય કરનાર તેનો સખાજ હોય છે, માટે શોકથી પીડાયેલા મેં તમને આ મારા શોકનો અંત આણવાનો ઉપાય કહી સંભળાવ્યો."[૪૦]

સુગ્રીવનાં વચન સાંભળીને શ્રીમાન રામચંદ્રે તેને પૂછયું કે, "હે સુગ્રીવ! તારે વાલીની સાથે શા નિમિત્તે વૈર થયું? એ હું યથાર્થ રીતે સાંભળવા ઇચ્છું છું.[૪૧] હે વાનરરાજ! તમારા બન્નેના વૈરનું કારણ તથા તમારા બન્નેનાં બળાબળ જાણ્યા પછી હુ તને સુખ થાય એમ કરીશ.[૪૨] હે મિત્ર! વાલીએ વિના અપરાધે તારૂં અપમાન કર્યું એ સાંભળીને તો હૃદયને કંપાવનારો મારો બળવાન્ ક્રોધ વર્ષાઋતુમાંના જળપ્રવાહની પેઠે વૃદ્ધિ પામે છે.[૪૩] હવે હું મારા ધનુષ્યને સજ્જ કરૂં એટલા સમયમાં તું મારા પ્રશ્નનો પ્રત્યુત્તર આપ. તારે નિશ્ચય માનવું કે મારાં બાણોથી તારા શત્રુ—વાલીનો વધ થયોજ છે."[૪૪]

મહાત્મા રઘુવીરનાં વચન સાંભળીને હનુમાનાદિ ચારે વાનરોસહિત કપીશ્વર સુગ્રીવ અત્યંત હર્ષ પામ્યો, અને વાલીની સાથે પોતાને વૈર થવાનું કારણ લક્ષ્મણના મોટા ભાઇ રઘુવીરને પ્રસન્નવદને કહેવા લાગ્યો.[૪૫,૪૬]

ततः प्रहृष्टवदनः सुग्रीवो लक्ष्मणाग्रजे ।
वैरस्य कारणं तत्त्वमाख्यातुमुपचक्रमे ॥४६॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં આઠમો સર્ગ સંપૂર્ણ. ૮

સર્ગ ૯ મો.

વાલી–સુગ્રીવનો પૂર્વવૃત્તાંત–વૈરનું કારણ

"वाली नाम मम भ्राता ज्येष्ठः शत्रुनिवर्हणः ।
पितुर्बहुमतो नित्यं मम चापि तथा पुरा ॥१॥

સુગ્રીવ કહે છેઃ—"હે રામચંદ્ર! શત્રુઓનો નાશ કરવામાં સમર્થ એવો મારો જ્યેષ્ઠબંધુ વાલી પૂર્વે અમારા પિતાને તથા મને અત્યંત પ્રિય હતો.[૧] જ્યારે અમારા પિતા નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યા ત્યારે સઘળા મંત્રીઓએ "વાલી જ્યેષ્ઠ પુત્ર હોવાથી રાજ્યનો અધિકારી છે." એમ વિચારી, તેને રાજ્યાસનપર બેસાડી સર્વ વાનરોનો રાજા કર્યો;[૨] અને પિતૃ–પિતામહની પરંપરાથી ચાલતા આવેલા મહાન રાજ્યનું પાલન કરી રહેલા એ વાલીની પાસે હું સર્વ કાળ સેવકજનની પેઠે અતિશય નમ્રપણે રહેવા લાગ્યો.[૩]

એ સમયે મયાસુરનો જ્યેષ્ઠ પુત્ર અને દુંદુભિનો મોટો ભાઈ 'માયાવી' નામનો એક રાક્ષસ હતો. તેની સાથે વાલીને સ્ત્રીનિમિત્તે મોટું વૈર બંધાયેલું હતું.[૪] એક દિવસે અર્ધ રાત્રિના સમયે જ્યારે સઘળા લોકો નિદ્રાવશ

થઈ સૂતેલા હતા ત્યારે અત્યંત ક્રોધે ભરાયેલા એ માયાવી અસુરે કિષ્કિંધાનગરીના દરવાજા આગળ આવીને મોટી ગર્જના કરી અને વાલીને યુદ્ધ કરવા માટે બોલાવ્યો.[૫] તેની ભયંકર ગર્જના સાંભળતાંજ મારો ભાઈ વાલી નિદ્રામાંથી એકદમ જાગી ઉઠયો અને તેની એ ગર્જનાને સહન નહિ કરતાં વેગથી એ રાક્ષસની સામે જવા લાગ્યો.[૬] ક્રોધવશ થવાને લીધે કાંઇ પણ વિચાર નહિ કરતાં રાત્રિના સમયે વાલી જ્યારે રાક્ષસને હણવા માટે ચાલ્યો ત્યારે અંતઃપુરમાંની સઘળી સ્ત્રીઓએ તેમજ અત્યંત નમ્ર સ્વભાવવાળા મેં તેને બહુ બહુ પ્રકારે વાર્યો, છતાં કાંઇ પણ નહિ ગણકારતાં તે તો ઘરમાંથી બહાર નીકળ્યો.[૭] પાછા વળવા માટે વિનવતી અને પાછળ આવતી સ્ત્રીઓને તરછોડીને એ મહા બળવાન્ વાલી કિષ્કિન્ધાનગરમાંથી બહાર નીકળ્યો. ત્યારે ભ્રાતૃસ્નેહથી ખેંચાઈને હું તેની સાથે ચાલ્યો.[૮] નગરની બહાર નીકળી અમે બન્ને ભાઇઓ યુદ્ધ કરવા માટે સજ્જ થઈ ઉભા ત્યારે અમોને દૂરથીજ જોઇને અત્યંત ત્રાસ પામેલો એ માયાવી અસુર એકાએક ત્યાંથી નાસવા લાગ્યો.[૯] જ્યારે અમારાથી ભય પામીને એ અસુર નાઠો ત્યારે અમે બન્ને ભાઈઓ પણ તેની પાછળ દોડયા. એ વેળા માર્ગને પ્રકાશિત કરતો ચંદ્ર આકાશમાં ઉદય પામવા લાગ્યો હતો, તેથી અમે વગર અડચણે સત્વર એ રાક્ષસની નજીક પહોંચી ગયા.[૧૦] છતાં એ માયાવીરાક્ષસ એકાએક માર્ગમાં આવેલા ઘણાં ઘાસથી ઢંકાયેલા એક મોટા ભૂવિવરમાં÷ પેસી ગયો. આ પ્રકાર જોઈ અમે પણ સત્વર એ ભૂવિવર આગળ જઈ ઉભા રહ્યા.[૧૧] પોતાના શત્રુને ભૂવિવરમાં પ્રવેશેલો જોઇને વાલી મહાન્ ક્રોધને વશ થયો; અને તેની સઘળી ઇંદ્રિયો ક્ષોભ પામી; પછી તેણે મને કહ્યું કે,[૧૨] "હે ભાઇ સુગ્રીવ! હું આ ભૂવિવરમાં પ્રવેશ કરી જ્યાંસુધી અંદર ગયેલા અસુરનો વધ કરી પાછો આવું, ત્યાં સુધી તું સાવધાન થઇ આ ભૂવિવરના દ્વાર આગળ ઉભો રહે જે."[૧૩]

"હે રઘુનંદન! એવું સાંભળી મેં તેની સાથે અંદર પ્રવેશ કરવા સારૂ તેની ઘણી ઘણી વિનતિ કરી છતાં તે નમાનતાં, બહાર ઉભા રહેવા માટે મને પોતાના ચરણના શપથ આપીને તેણે એ ભૂવિવરમાં પ્રવેશ કર્યો.[૧૪] વાલીની વાટ જોતાં, ભૂવિવર આગળ ઉભા રહેલા મને આજકાલ એમ કરતાં એક વર્ષથી પણ અધિક સમય વહી ગયો; પણ વાલી બહાર આવ્યો નહિ.[૧૫] ત્યારે ભ્રાતૃસ્નેહને લીધે મારા મનમાં મોટો સંભ્રમ ઉપજ્યો અને લાંબા કાળપર્યંત મારા ભાઇને નહિ દેખવાથી 'વાલી નિશ્ચય મરણ પામ્યો હશે' એવી અનિષ્ટ શંકા મને થવા લાગી.[૧૬] છતાં કેટલાક સમય સુધી વાલીની રાહ જોતો હું ત્યાં ઉભો રહ્યો, એવામાં એક સમયે એ ભૂવિવરમાંથી એકાએક ફીણસહિત રૂધિર નીકળતું મારા જોવામાં આવ્યું, એટલે મારી પ્રથમની શંકા દૃઢ થવાથી હું અત્યંત વિહ્વલ થયો.[૧૭] એ વેળા એ વિવરમાંથી અસુરોની મોટી મોટી ગર્જનાઓ મારા કર્ણપથમાં આવવા લાગી, પણ સંગ્રામમાં જોડાયેલા મારા વડિલ બંધુ વાલીનો એક પણ શબ્દ મારા સાંભળવામાં આવ્યો નહિ.[૧૮] એ સઘળા ચિહ્નોપરથી 'અવશ્ય મારો ભાઇ મરણ પામ્યો હશે' એવો મને નિશ્ચય થયો. 'હવે અંદર ગયેલો રાક્ષસ પુનઃ બહાર આવી કિષ્કિંધાના લોકોને દુઃખી કરે નહિ' એમ વિચારી મેં એક પર્વતજેવડી મોટી શિલાવડે એ ભૂવિવરના દ્વારને ઢાંકી દીધું.[૧૯] હે પરમમિત્ર રામ! ત્યારપછી શોકપીડિત થયેલો હું કોઇએક તીર્થ–જળાશયપર જઈ, વાલીની ઉદકક્રિયા કરી કિષ્કિંધામાં આવ્યો, અને વાલીના મરણનું વૃત્તાંત ગુપ્ત રાખવા માટે ઘણા ઘણા યત્ન કરવા લાગ્યો.* તોપણ વાલીના વિચ-

÷ ભૂમિમાં આવેલી મોટી ગુફા–ભોંયરૂં.

* રાજાનું મરણ પ્રસિદ્ધ થવાથી દેશમાં દંગો-

ક્ષણ મંત્રીઓ એ વૃત્તાંતને જાણી ગયા,[૨૦] એટલે 'રાજ્ય સૂનું રહે નહિ.' એવો વિચાર કરી તે સર્વ મંત્રીઓએ મળી મને અભિષેક કરી રાજ્યાસનપર બેસાડયો. હે રાઘવ ! મેં વાલીની ઉત્તર ક્રિયા મારા હાથેજ કરી પરંતુ મેં કાંઇ તેને મરણ પામેલો નજરે જોયો નહતો, તેથી મને શંકા રહેતી કે કદાચ વાલી જીવતો પણ હોય. માટે 'આ રાજ્ય વાલીનુંજ છે.' એમ માની હું નિર્મળ બુદ્ધિથી ન્યાયયુક્ત રાજ્ય કરવા લાગ્યો."[૨૧]

"હે રઘુવીર! મને રાજ્યાસનપર બેઠાંને થોડોક સમય થયો એટલામાં તો મારો ભાઈ વાલી માયાવી રાક્ષસને હણીને નગરમાં આવ્યો અને મને રાજ્યાસનપર બેઠેલો જોતાંજ તેના રોમે–રોમ ક્રોધાગ્નિ સળગી ઉઠયો, તથા તેનાં નેત્રો લાલચોળ થઇ ગયાં.[૨૨] તુરતજ તેણે મારા મંત્રીઓને બાંધી કેદ કરી અનેક કઠોર વચનો કહી તિરસ્કાર કર્યો. હે રાઘવ! એ વેળા તે પાપી વાલીનો નિગ્રહ કરવાને હું સમર્થ હતો, તોપણ ભ્રાતૃસ્નેહથી બંધાયેલો હોવાને લીધે હું તેને હણવાના કાર્યમાં પ્રવૃત્ત થઈ શકયો નહિ. ઉલટું શત્રુને હણી નગરમાં પાછા આવેલા એ મારા વડિલબંધુ–વાલીને જોઇ, હું તેનું સન્માન કરવા અર્થે ઉભો થયો, અને મેં તે મહાત્માના ચરણમાં પ્રણામ કર્યા છતાં તેણે પ્રસન્ન અંતઃકરણે મને શુભ આશીર્વચનો પણ કહ્યાં નહિ.[૨૩-૨૫] હે પ્રભુ! મેં તેને પ્રસન્ન કરવા સારૂ તેના ચરણને મારા મુકુટવડે સ્પર્શ કર્યો, તથાપિ અત્યંત ક્રોધવશ થયેલા વાલીએ મારાપર કૃપા કરી નહિ."[૨૬]

नत्वा पादावहं तस्य मुकुटेनास्पृशं प्रभो ।
अपि वाली मम क्रोधान्न प्रसादं चकार सः ॥२६॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના
કિષ્કિંધાકાંડમાં નવમો સર્ગ સંપૂર્ણ. ૯

તોફાન થવાનો તેમજ બીજા રાજ્યની ચઢાઇ થવાનો ભય રહે છે, એ કારણથીજ સુગ્રીવે વાલીના મરણ-વૃત્તાંતને છુપાવવા યત્ન કર્યો.

सर्ग १० मो.

વાલી–સુગ્રીવનું વેર.

ततः क्रोधसमाविष्टं संरब्धं तमुपागतम् ।
अहं प्रसादयाञ्चक्रे भ्रातरं हितकाम्यया ॥१॥

સુગ્રીવ કહે છેઃ–"હે રામચંદ્ર ! અતિ ક્રોધાયમાન થયેલા અને ક્ષુભિત અંતઃકરણ-વાળા મારા ભાઇ વાલીને હું મારા હિતની ઇચ્છાથી પ્રસન્ન કરવા માટે કહેવા લાગ્યો કે–[૧] "હે જ્યેષ્ઠ બંધુ ! તું શત્રુને હણીને કુશળ–ક્ષેમ પાછો આવ્યો એ બહુ સારૂં થયું. હે અનાથના શરણરૂપ બંધુ ! હું, કે જે અનાથ છું તેનો નાથ એક તુંજ છે.[૨] હે ભાઈ ! મેં ધારણ કરેલા, ઘણી સળીઓવાળા અને ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્રસમાન ઝળકતા આ શ્રેષ્ઠ છત્રને તથા ચામરને તું પાછો અંગીકાર કર.[૩] હે નૃપ ! તું વિવરમાં ગયા પછી અત્યંત પીડિત થયેલો હું એક વર્ષ-પર્યંત એ વિવરના દ્વાર ઉપર ઉભો રહ્યો, પરંતુ છેવટે તેમાંથી નીકળેલા રૂધિરપ્રવાહને જોઈ મારૂં હૃદય ઘણુંજ શોકાગ્રસ્ત થઇ ગયું, અને મારી સઘળી ઇંદ્રિયો વ્યાકુળ થઈ ગઈ, પછી 'રાક્ષસ બહાર નીકળી શકે નહિ !' એટલા માટે એક મોટી શિલાવડે એ વિવરના દ્વારને બંધ કરી, હું ત્યાંથી કિષ્કિંધામાં આવ્યો, અને મને રાજ્યાસનપર બેસવાની ઇચ્છા નહિ હોવાથી તારા મરણસંબંધી મારી શંકાને ગુપ્ત રાખવા લાગ્યો. છતાં મને એકલો આવેલો જોઇને તથા મારી મુખમુદ્રાપર ખેદનાં ચિહ્નો જોઇને તારા મંત્રીઓએ મારી ઇચ્છા ન હોવા છતાં બળાત્કારથી મને રાજ્યાસનપર બેસાડયો. હું કે જે તારા રાજ્યને થાપણરૂપે સ્વીકારી તેનું પાલન કરતો આજદિન પર્યંત સિંહાસનપર બેઠો છું, તેના અપરાધને તું ક્ષમા કરવા યોગ્ય છે. હે નૃપ ! માન્ય કરવા યોગ્ય રાજા તો તુંજ છે. હું તો પ્રથમ હતો તેવોજ તારો સેવક છું.[૪-૭] હે શત્રુઓનો વિનાશ

કરવામાં સમર્થ વાલી ! તારો વિયોગ થવાને લીધે-તારા પ્રતિનિધિરૂપેજ મંત્રીઓએ મને રાજ્યાસનપર બેસાડયો છે, અને અમાત્યો અને પ્રજાજનોસહિત આ તારૂં આખું શત્રુ-નગરનું રાજ્ય મારી પાસે થાપણરૂપેજ રહ્યું છે, તે હવે હું તને પાછું આપું છું. હે સૌમ્ય ! હવે તું રાજ્યને અંગીકાર કરી, મારાપરના ક્રોધનો ત્યાગ કર.[૯] હે રાજન્! હું બે હાથ જોડી મસ્તકવડે પ્રણામ કરી તારી યાચના કરૂં છું કે રાજા વિનાના શૂન્ય દેશને જોઈ બીજા રાજાઓ તેને જીતી લેવાને ચઢી આવે નહિ; એટલા માટે સઘળા મંત્રીઓએ તથા નગરવાસીઓએ મળી, મને બળાત્કારથી રાજ્યાસનપર બેસાડયો છે, માટે ક્રોધનો ત્યાગ કરી તું મારાપર પ્રસન્ન થા."

એવી રીતે મેં તેને ઘણાંક સ્નેહયુકત વચનો કહ્યાં; તોપણ વાનરોનો રાજા વાલી તો ન ઘટે એવાં કેટલાંએ તિરસ્કારભર્યા વચનો કહીને મને ધિક્કારવા લાગ્યો, એટલુંજ નહિ પણ પ્રજામાંના કેટલાએક સભ્ય ગૃહસ્થોને તથા પોતાના વ્હાલા મંત્રીઓને બોલાવીને તેઓની મધ્યે મને અત્યંત નિંદિત વાકયો કહેવા લાગ્યો કે,-"હે મારા પ્રિયજનો ! થોડા સમય પૂર્વે ક્રોધ પામેલો એક 'માયાવી' નામનો મોટો રાક્ષસ મારી સાથે યુદ્ધ કરવા સારૂ અર્ધરાત્રિના વખતે આપણી કિષ્કિન્ધાનગરીના દરવાજા આગળ આવ્યો હતો; અને તેણે મોટી ગર્જના કરી મને યુદ્ધ માટે બોલાવ્યો હતો. એ બાબત તમો સૌના જાણવામાં હશેજ. હે મંત્રીઓ ! એ અસુરનો શબ્દ સાંભળી, હું તેની સાથે યુદ્ધ કરવા સારૂ રાજમહેલમાંથી નીકળ્યો,[૧૦-૧૪] તે વેળા ગુપ્તપણે દારૂણ સ્વભાવવાળો આ મારો ભાઈ સુગ્રીવ મારી સાથે આવ્યો. જો કે એ રાક્ષસ મહા બળવાન્ હતો; તોપણ રાત્રિના સમયે અમો બન્નેને ક્રોધમર્યા આવેલા જોઇને તે ભયભીત થઈ નાસવા લાગ્યો. ત્યારે અમો બંને પણ તેની પાછળ દોડયા. પણ એટલામાં તો વેગથી આગળ દોડતો એ માયાવી રાક્ષસ માર્ગમાંના તૃણથી ઢંકાયેલા એક ભૂવિવરમાં ઉતરી પડયો. એ જોઇ, મેં મારા ક્રૂર સ્વભાવવાળા ભાઈ આ સુગ્રીવને કહ્યું કે,[૧૫-૧૭] "હે સુગ્રીવ ! વિવરમાં ઉતરી ગયેલા રાક્ષસને હણીને હું પાછો આવું ત્યાંસુધી તું મારી વાટ જોતો અહીંયાં ઉભો રહે. તેને હણ્યા સિવાય નગરમાં પાછું જવું એ મને યોગ્ય લાગતું નથી."[૧૮] એવું કહી 'સુગ્રીવભાઇ ઉભાજ છે' એમ માનીને હું એ ભયંકર વિવરમાં પેઠો. વિશાળ અને ભયંકર વિવરમાં સંતાઈ ગયેલા માયાવી અસુરને શોધતાં, મને એક વર્ષ વીતી ગયું; પરંતુ કયાંય તે જોવામાં આવ્યો નહિ.[૧૯] એક વર્ષ સુધી પ્રયત્ન કર્યા છતાં એ અસુર જડયો નહિ તોપણ જરાએ કંટાળ્યા સિવાય હું તેની શોધ કરવા લાગ્યો. છેવટે તે વિવરના એક અતિ ગુપ્ત ભાગમાં બીજા કેટલાએક રાક્ષસોસહિત માયાવી અસુર મારા જોવામાં આવ્યો. મને જોતાંજ તેઓએ મારી સાથે યુદ્ધ આરંભ્યું. તેઓમાંના એક પછી એક એમ સર્વ રાક્ષસોને હણતાં, મને કેટલોક સમય લાગ્યો. છેવટે મેં ઉપરાઉપરી મુષ્ટિપ્રહારોથી તે માયાવી અસુરનો પણ નાશ કર્યો. એ વેળા તેના મુખમાંથી નીકળતા રૂધિરવડે આખું વિવર ભરાઇ ગયું અને તે રૂધિરપ્રવાહ બહાર નીકળ્યો; તે આ ભાઇ (સુગ્રીવ)ના જોવામાં આવ્યો હશે. હે સભ્યજનો ! ભૂવિવરમાં અત્યંત ગર્જના કરતા મહા જોરાવર માયાવી અસુરને હણીને હું સુખપૂર્વક તેમાંથી બહાર નીકળવા લાગ્યો; પણ શિલાવડે તેનું દ્વાર બંધ કરેલું હોવાને લીધે મને બહાર આવવાનો માર્ગ જડયો નહિ.[૨૦-૨૨] ત્યારે મેં 'હે સુગ્રીવ ! હે સુગ્રીવ !' એમ વારંવાર મોટેથી સાદ કર્યો પરંતુ તેનો કાંઇ પણ પ્રત્યુત્તર મારા સાંભળવામાં આવ્યો નહિ, તેથી હું અત્યંત વિહ્વલ થયો.[૨૩] પછી આમ તેમ ફાંફાં

મારતાં જણાયું કે વિવરનું દ્વાર શિલાથી બંધ થયેલું છે. ત્યારે અતિશય ક્રોધથી મેં ચરણપ્રહાર (લાતો)થી શિલાને ખસેડી નાંખી દ્વાર ખુલ્લું કર્યું; અને પછી તેમાંથી નીકળી, હું દીડચે રસ્તે અહીંયાં આવ્યો છું.[૨૪] અરે! ખરેખર, પોતાને રાજ્ય પ્રાપ્ત થાય એવું ઈચ્છતા આ ક્રૂર સુગ્રીવે ભ્રાતૃસ્નેહને ભૂલી જઇને મને એ વિવરમાં રૂંધી મૂકયો હતો (માટે હવે હું તેનો ત્યાગ કરૂં છું)"[૨૫]

"હે કાકુત્સ્થ! એ પ્રમાણે કહી સત્યાસત્યના વિચારરહિત એ વાલીએ મને તેજ સમયે એક વસ્ત્રભેર કિષ્કંધાનગરીમાંથી કાઢી મૂકયો.[૨૬] વળી હે રાઘવ! તેણે મારી પત્નીનું બળાત્કારે હરણ કર્યું, અર્થાત્ તેને મારી સાથે આવવા દીધી નહિ. એવી રીતે વાલીથી તિરસ્કાર પામેલો હું તેના ભયને લીધે અનેક વનો તથા સમુદ્રોવાળી સઘળી પૃથ્વીપર ફરી વળ્યો, પરંતુ વાલીના ભયવિનાનું કોઈ પણ સ્થળ મારા જોવામાં આવ્યું નહિ.[૨૭] છેવટે આ પર્વતશ્રેષ્ઠ ઋષ્યમૂકગિરિ કે જેમાં કોઇ કારણને લીધે વાલીથી પ્રવેશ થઇ શકે એમ નથી તેમાં આવી મેં નિવાસ કર્યો છે.[૨૮] હે પરમમિત્ર! મારે વાલીની સાથે વૈર થયાનું સઘળું કારણ મેં તમને કહ્યું. તે ઉપરથી હે રાઘવ! તમે જાણ્યું જ હશે કે વિના અપરાધે મારાપર મોટું દુઃખ આવી પડયું છે.[૨૯] હે સર્વ લોકના ભયને નિવૃત્ત કરનાર! હે શૂરવીર રામ! તમે, એ ક્રૂર વાલીનો નિગ્રહ કરી મને તેના ભયમાંથી મુક્ત કરવાની કૃપા કરો."[૩૦]

સુગ્રીવનાં ઉપર્યુક્ત વચનો સાંભળી અત્યંત તેજસ્વી અને ધર્મને જાણનારા શ્રીમાન રામચંદ્રે હસતા મુખે તેના પ્રત્યે ધર્મયુક્ત વાકયો કહેવા માંડયાં કે,–[૩૧] "હે સુગ્રીવ! તું કાંઇ પણ ચિંતા કરીશ નહિ. મારાં સૂર્યસમાન તેજસ્વી અને ક્રોધથી ભરેલાં અમોઘ બાણો દુરાચરણી વાલીના ઉપર પડશે અને તેનો અવશ્ય ઘાત કરશે.[૩૨] હે મિત્ર! લોક તથા શાસ્ત્રની મર્યાદાને દૂષિત કરનાર પાપાત્મા વાલી કે જેણે તારી સ્ત્રીનું હરણ કર્યું છે તે, જ્યાં સુધી મારી દૃષ્ટિએ પડયો નથી ત્યાં સુધીજ જીવતો છે, એમ તારે નિશ્ચય જાણવું.[૩૩] હે પરમ પ્રિય મિત્ર! હું મારા પોતાના અનુભવથીજ જાણું છું કે તું હાલમાં મહાન્ શોકરૂપી સમુદ્રમાં ડુબેલો છે. પરન્તુ તેમાંથી હું તને અવશ્ય તારીશ, અને તું થોડા સમયમાંજ તારી પત્નીને તથા આખા કિષ્કિંધારાજ્યને પ્રાપ્ત થઇશ."[૩૪]

હર્ષ તથા પૌરૂષબળની વૃદ્ધિ કરે એવાં રામચંદ્રનાં વચન સાંભળી, અત્યંત પ્રસન્ન થયેલો સુગ્રીવ વારંવાર તેમની પ્રશંસા કરવા લાગ્યો.[૩૫]

तस्य तद्वचनं श्रुत्वा हर्षपौरुष वर्द्धनम् ।
सुग्रीवः परमप्रीतः सुमहद्वाक्यमब्रवीत् ॥३५॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં દશમો સર્ગ સંપૂર્ણ. ૧૦

सर्ग ११ मो.

વાલીના પરાક્રમનું વર્ણન અને રામચંદ્રના બળની પરીક્ષા.

रामस्य वचनं श्रुत्वा हर्षपौरुषवर्धनम् ।
सुग्रीवः पूजयाञ्चक्रे राघवं प्रशशंस च ॥ १ ॥

હર્ષ તથા પુરૂષાર્થની વૃદ્ધિ કરનારાં રામચંદ્રનાં વચનો સાંભળીને મહાત્મા સુગ્રીવ તેમને વારંવાર પ્રણામ કરવા લાગ્યો અને પ્રશંસા કરતાં કહેવા લાગ્યો કે,[૧] "હે રામચંદ્ર! પ્રલયકાળના સૂર્યસમાન જ્યારે તમે ક્રોધ પામો, ત્યારે તમારાં પ્રજ્વલિત અગ્નિ સરખાં તીક્ષ્ણ અને મર્મભેદી બાણોવડે સર્વ લોકોને બાળી ભસ્મ કરો, એમાં કાંઇ સંદેહ નથી.[૨] છતાં વાલીનું બળ કેટલું છે? શત્રુઓનો સંહાર કરવાની તેની કેવી અદ્ભુત શક્તિ છે? તથા રણસંગ્રામને વિષે તેનું કેવું અસંગ ધૈર્ય છે? એ સઘળું પ્રથમ તમે એકચિત્તે મારા મુખથી સાંભળો, અને પછી યોગ્ય

લાગે તેમ કરો.[3] હે રઘુવીર ! મહાબળવાન્ વાલી આખી રાત્રિ સુખે નિદ્રા લઇ, બ્રાહ્મમુહૂર્તમાં ઉઠે છે; અને સૂર્યોદય થયા પૂર્વે પશ્ચિમ સમુદ્રથી પૂર્વ સમુદ્ર સુધી તેમજ દક્ષિણ સમુદ્રથી ઉત્તર સમુદ્ર સુધી આખુ પૃથ્વીમાં ફરી વળે છે; છતાં તેને જરા પણ થાક લાગતો નથી.[4] વળી તે પર્વતોપર ચઢી, તેના મોટાં મોટાં શિખરોને, દડાની પેઠે ઉંચે ઉછાળી પુનઃ હાથમાં ઝીલી લે છે.[5] તેણે વધી ગયેલા બળના ગર્વને લીધે પોતાના પરાક્રમને પ્રસિદ્ધ કરવાસારૂ વનમાંનાં લીલાં લીલાં અનેક મોટાં વૃક્ષોને ભાંગી નાખ્યાં છે.[6] હે દાશરથિ ! વાલીનું કેટલું બળ છે ? એ જાણવા માટે તેના સંબંધે બનેલો એક ઇતિહાસ હું તમને કહું છું, તે સાંભળો. ”

કૈલાસપર્વતના શિખરસરખા દેહવાળો એક મહાપરાક્રમી ‘ દુંદુભિ ’ નામનો રાક્ષસ હતો. તે નિરંતર મહિષનું રૂપ ધરીને ફરતો હતો, અને પોતાના શરીરમાં એક હજાર હસ્તીઓ જેટલું બળ ધરાવતો હતો.[7] એ દુષ્ટાત્મા રાક્ષસ કોઇ દેવના વરદાનને લીધે મોહિત થયેલો હતો અને વધી ગયેલા પોતાના બળના ગર્વને લીધે કોઇને પણ ગણકારતો નહતો. એક સમયે તે મહિષરૂપ ધારી દુંદુભિરાક્ષસ રત્નોના ભંડારરૂપ અને મોટી લહરીઓવાળા નદીઓના પતિ સમુદ્રપ્રત્યે ગયો, અને તેને અપમાન આપતો કહેવા લાગ્યો કે, “અલ્યા ઓ મૂર્ખ સમુદ્ર ! તું મને યુદ્ધ આપ, અર્થાત્ મારી સાથે તું યુદ્ધ કર.”[૮,૯] હે રામ ! એવું સાંભળી, ધર્માત્મા સમુદ્રે, પ્રત્યક્ષરૂપ ધરી, જેનો કાળ સમીપ આવી પહોંચ્યો હતો એવા એ દુંદુભિને કહ્યું કે,[૧૦] “હે યુદ્ધ કરવાની રીતિને જાણનાર દુંદુભિ ! હું તારી સાથે યુદ્ધ કરવા સમર્થ નથી, પણ તારી સાથે યુદ્ધ કરવાને જે સમર્થ છે તેનું નામ-ઠામ હું તને કહું છું.[૧૧] ઉત્તરદિશામાં મહારણ્યને વિષે રહેલો શૈલરાજ હિમાલયપર્વત કે જે શંકરનો શ્વસુર છે, જેની અંદર તપસ્વીજનો નિવાસ કરે છે અને જે મોટા મોટા જળપ્રવાહો, ગુફાઓ તથા નાનાં નાનાં ઝરણાંઓથી રમણીય લાગે છે, તે હિમાલય તારૂં યુદ્ધવડે આતિથ્ય કરી, તને પ્રસન્ન કરશે, માટે તું તેની પાસે જા. ”[૧૨,૧૩] એવું સાંભળી ‘સમુદ્ર મારાથી ભય પામ્યો છે’ એમ સમજીને તે મહિષરૂપધારી દુંદુભિરાક્ષસ તુરતજ ધનુષ્યમાંથી છૂટેલા તીરની પેઠે હિમાલયપર્વતપ્રત્યે ગયો. ત્યાં જઇ દુંદુભિરાક્ષસે હિમાલયની ઐરાવત હાથીજેવી અનેક શ્વેત શિલાઓને ઉખેડી ઉખેડી પૃથ્વીપર ફેંકવા માંડી, અને મોટી ગર્જનાઓ કરવા માંડી.[૧૪,૧૫] એથી અતિ ખિન્ન થયેલા હિમાલયપર્વતે સામાને પ્રીતિ ઉપજાવે એવું શ્વેત મેઘસરખું સુંદર સ્વરૂપ ધારણ કર્યું, અને પોતાના શિખરપર રહીનેજ તે રાક્ષસને કહ્યું કે,[૧૬] “ હે ધર્મમાં પ્રીતિવાળા દુંદુભિ ! તારે મને દુ:ખી કરવો યોગ્ય નથી, કેમકે માત્ર તપસ્વીઓના નિવાસસ્થાનરૂપ હું યુદ્ધકાર્યમાં કુશળ નથી. ”[૧૭] બુદ્ધિમાન્ ગિરિરાજ હિમાલયનું વચન સાંભળી, ક્રોધને લીધે જેનાં નેત્ર લાલચોળ થઇ ગયાં હતાં એવાં મહિષદેહધારી દુંદુભિએ કહ્યું કે,[૧૮] “ હે પર્વત ! જો તું યુદ્ધ કરવા અસમર્થ હોય અથવા મારાથી ભય પામતો હોય તો હું, કે જે યુદ્ધનો ઉત્સાહ ધરાવું છું તેની સાથે યુદ્ધ કરી શકે એવો સમર્થ પુરૂષ મને બતાવ. ”[૧૯] એવું સાંભળી બોલવામાં ચતુર ધર્માત્મા હિમાલયપર્વતે તેને પૂર્વે કોઇએ પણ નહિ દર્શાવેલા યોદ્ધાનું નામ બતાવતાં ક્રોધથી કહ્યું કે,[૨૦] “ હે મહાબુદ્ધિમાન્ રાક્ષસ ! જો તું યુદ્ધ કરવાનેજ ઇચ્છતો હોય તો શીઘ્ર અત્યંત કાંતિવાળી કિષ્કિંધાનગરી પ્રત્યે જા. ત્યાં મહાપ્રતાપી, યુદ્ધકુશળ અને શુરવીર એવો ઇંદ્રનો પુત્ર ‘વાલી’ નામનો વાનર વસે છે. તે વાલી રણકુશળ હોવાને લીધે, જેમ નમુચિરાક્ષસને યુદ્ધ આપવાને

ઇંદ્ર સમર્થ છે તેમ તને દ્વંદ્વયુદ્ધ આપવાને સમર્થ છે." ૨૧-૨૩

હિમાલયનાં વચન સાંભળી, અતિશય ક્રોધાવિષ્ટ થયેલો અને તીક્ષ્ણ શિંગડાંવાળું મહિષનું રૂપ ધરવાને લીધે ભયંકર દેખાતો એ દુંદુભિરાક્ષસ જેમ વર્ષાઋતુમાં જળથી ભરેલો મેઘ આકાશ ઉપર ચઢે તેમ વાલીની કિષ્કિંધાનગરી ઉપર ચઢી આવ્યો.૨૪,૨૫ એ વેળા રાત્રિનો સમય હોવાથી નગરીનાં દ્વાર બંધ હતાં, તેથી એ મહાબળવાન્ દુંદુભિરાક્ષસ બહાર ઉભો રહીને દુંદુભિસરખા અવાજથી ગર્જના કરી ખરીઓના પ્રહારથી પૃથ્વીને ખોદવા તથા કંપાયમાન કરવા લાગ્યો. મદોન્મત્ત હાથીની પેઠે આસપાસનાં સઘળાં વૃક્ષોને ભાંગી નાખીને તે રાક્ષસ પોતાનાં શિંગડાંવતી નગરના દરવાજા ઉપર પણ પ્રહાર કરવા લાગ્યો તથા મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યો ૨૬,૨૭ તેની એ ગર્જનાઓને અંતઃપુરમાં રહેલો મહાક્રોધી વાલી સહન કરી શકયો નહિ. તે તુરતજ તારાઓથી વીંટાયેલા ચંદ્રની પેઠે, પોતાની સર્વ સ્ત્રીઓસહિત અંતઃપુરમાંથી નીકળી નગરની બહાર આવ્યો, અને તેણે યોગ્ય તથા સ્પષ્ટ વાણીથી દુંદુભિપ્રત્યે કહ્યું કે, "હે રાક્ષસ! હું આ વનમાં ફરનારા સર્વ વાનરોનો 'વાલી' નામનો રાજા છું; હું તને સારી રીતે ઓળખું છું. હે મહાબળવાન! તું આ મહિષનું રૂપ ધરી મારા નગરના દ્વારને રોકી શા માટે બરાડે છે? અરે, જો તારે જીવવાની ઇચ્છા હોય તો અહીંથી સીધે સીધો પલાયન કરી જા."૨૮-૩૦ બુદ્ધિમાન્ વાનરરાજ વાલીનું વચન સાંભળી, અત્યંત ક્રોધથી રક્તનેત્ર થયેલા મહિષરૂપધારી દુંદુભિરાક્ષસે કહ્યું કે,૩૧ "હે વાલી! તું તારી સ્ત્રીઓના સાંભળતાં, તારા મુખથીજ આવાં અભિમાનનાં વચન બોલવા યોગ્ય નથી. તું મારી સાથે યુદ્ધ કર, એટલે તારૂં બળ કેટલું છે, એ મારા જાણવામાં આવશે;૩૨ અથવા તો હે વાનર! તું આ સ્ત્રીઓની સાથે આવેલો છે, માટે તારી તથા સ્ત્રીઓની દયા લાવીને હું આજની રાત્રિ મારા ક્રોધને વશ રાખીશ કે જેથી સૂર્યોદય થતાં સુધી તું તારી સ્ત્રીઓની સાથે યથેચ્છ વિહાર કરીને તારી કામવાસનાને તૃપ્ત કરી શકે.૩૩ વળી તું સર્વ વાનરોનો રાજા છે, માટે એટલા સમયમાં તારા સુહૃદ્વર્ગને તથા સઘળા વાનરોને મળી, તેઓની સાથે પ્રીતિવાર્તા કરી લે;૩૪ તેમજ રાજ્યની રક્ષા થવા સારૂ તું તારા પુત્રાદિ કોઇ ઉત્તરાધિકારીને રાજ્યાભિષેક પણ કરી લે. હે વાલી! હું સવારે અવશ્ય તારો ગર્વ ઉતારીશ, અર્થાત્ હું તને મારી નાખીશ, માટે સૂર્યોદય થતા સુધીમાં તું તારી કિષ્કિંધાનગરીને સારી રીતે જોઈ લે અને સ્ત્રીઓની સાથે ક્રીડાપણ કરી લે.૩૫ હે વાનર! સૂર્યોદય થતાં સુધી હું તારે અર્થે મારા ક્રોધને દબાવી રાખીશ, કેમકે તારા સરખા મત્ત,* ઉન્મત્ત,× નાસી જનાર, શસ્ત્રાદિરહિત, દુર્બળ અથવા કામમોહિત પુરૂષને હણનાર આ લોકને વિષે ભ્રૂણહત્યારો§ કહેવાય છે." ૩૬

સુગ્રીવ કહે છેઃ–"હે રામચંદ્ર! મહિષરૂપધારી દુંદુભિરાક્ષસનાં ગર્વયુક્ત વચન સાંભળી ખડખડાટ હસી પડેલા મહાત્મા વાલીએ તુરતજ પોતાની તારા વગેરે સર્વ સ્ત્રીઓને ગૃહપ્રત્યે જવાની આજ્ઞા આપી, અને પછી અતિશય ક્રોધપૂર્વક એ મંદબુદ્ધિવાળા રાક્ષસને કહ્યું કે,૩૭ "હે દુર્બુદ્ધિવાળા રાક્ષસ! જો તું મારાથી બીતો નહોય તો મારી સાથે યુદ્ધ કરવાને ઉભો રહે. શું તું મને મદ્યપાનથી મત્ત થયેલો જાણે છે? પણ રે, સ્ત્રીઓના સમાગમથી થયેલા મારા કામમદને તું આ રણસંગ્રામને વિષે વીરપાનરૂપ÷ સમજી લે. "૩૮

* મદિરા વગેરેથી મત્ત થયેલો.

× ભૂતાદિના આવેશથી ઉન્મત્ત-ગાંડો.

§ બાળહત્યા કરનારો અથવા ગર્ભહત્યા કરનારો

÷ યુદ્ધમાં શૂર ચઢવાને અથવા ચઢેલા શૂરને ટકાવી રાખવાને વીર પુરૂષો જે માદક પદાર્થનું પાન કરે છે તે વીરપાન.

હે રાઘવ! એટલું કહી ક્રોધ પામેલો મહાસમર્થ વાલી તુરતજ પોતાના પિતા ઈંદ્રે આપેલી સુવર્ણની જયમાળા+ ગળામાં નાખી યુદ્ધ કરવા માટે સ્થિર થઈ ઉભો રહ્યો.[૩૯] પછી મોટી ગર્જના કરતા કપિશ્રેષ્ઠ વાલીએ પર્વત-સમાન દેહવાળા મહિષરૂપધારી એ દુંદુભિ રાક્ષસનાં બન્ને શિંગડાં પકડીને, તેને ચોતરફ ભમાવી પૃથ્વીપર પાડયો; અને તેના શરીર-પર લાતો મારવા માંડી. આથી એ રાક્ષસના કર્ણમાંથી ઘણુંજ રુધિર વહેવા માંડયું. પછી અત્યંત ક્રોધ પામી તે રાક્ષસ વેગથી ઉભો થયો અને વાલીની સાથે યુદ્ધ કરવા લાગ્યો.[૪૦,૪૧] એ વેળા અતિશય ક્રોધે ભરાયેલા અને એક બીજાને જીતવાની ઇચ્છાવાળા દુંદુભિરાક્ષસ અને વાલીવાનરનું તુમુલ યુદ્ધ થવા માંડયું.[૪૨] ઈંદ્રના સરખો પરાક્રમી વાલી મુષ્ટિઓ, ઢીંચણો, લાતો, શિલાઓ તથા વૃક્ષોવડે દુંદુ-ભિરાક્ષસને પ્રહાર કરવા લાગ્યો, અને દુંદુભિ પણ પોતાનાં શિંગડા તથા ખરીઓના પ્રહાર-વડે વાલીને પીડિત કરવા લાગ્યો.[૪૩] પરસ્પર પ્રહાર કરતા એ બન્ને–રાક્ષસ અને વાનરનું ઘણીવાર સુધી ઘોર યુદ્ધ થયું; અને ઈંદ્ર-પુત્ર વાલીના પરાક્રમથી દુંદુભિરાક્ષસનું બળ નરમ પડયું. પછી અતિ ઉત્સાહ પામેલા વાલીએ તે દુંદુભિને ઉપાડીને, વારંવાર મોટી શિલાઓ તથા વૃક્ષો ઉપર પછાડી–પછાડીને તેના શરીરને ઘણુંજ પીસી નાખ્યું.[૪૪,૪૫] એ વેળા દુંદુભિરાક્ષસનાં નાક, કાન, નેત્ર તથા મુખ વગેરે દ્વારોમાંથી ખળખળાટ રૂધિર વહેવા માંડયું; અને મોટી કાયાવાળો એ દુંદુભિ-રાક્ષસ અતિ વ્યાકુળ થઈ એકદમ પૃથ્વીપર પડયો; અર્થાત્ મરણ પામ્યો."[૪૬]

"હે રામચંદ્ર! પછી મહાબળવાન વાલીએ એ મરણ પામેલા રાક્ષસના પર્વતસરખા દેહને પોતાના બન્ને હાથથી ઉપાડી મસ્તક-પર ફેરવી, પૂર જોસથી લગભગ એક યોજન જેટલે દૂર ફેંકયો.[૪૭] પૂરજોસથી ફેંકેલા એ અસુરના દેહમાંથી ગળતા રૂધિરનાં બિંદુઓ વાયુથી ઉડીને છેક મતંગઋષિના આશ્રમમાં પડયાં.[૪૮] હે મહાભાગ રઘુવીર! મહામુનિ મતંગઋષિ પોતાના પવિત્ર આશ્રમમાં એકા-એક રૂધિર બિંદુઓ પડેલાં જોતાં અત્યંત ક્રોધ પામ્યા અને વિચારવા લાગ્યા કે "અરે, આમ મારા આશ્રમમાં રૂધિર વર્ષાવનાર કોણ છે?[૪૯] અરે, એવો કયો દુરાત્મા, દુર્બુદ્ધિ, અપવિત્ર અંતઃકરણવાળો અને મૂર્ખ છે કે જેણે મારા અંગપર અપવિત્ર રૂધિરનો આજે સ્પર્શ કરાવ્યો!"[૫૦] એમ વિચાર કરી, મુનિશ્રેષ્ઠ મતંગઋષિ પોતાના આસનપરથી ઉઠીને પર્ણશાળાની બહાર આવ્યા, ત્યારે તો પર્વતસરખા દેહવાળા મહિષરૂપધારી રાક્ષ-સને તેમણે પૃથ્વીપર પડેલો જોયો.[૫૧] મહર્ષિ મતંગે પોતાના તપોબળથી જાણી લીધું કે આ દુષ્કર્મ વાલીએ જ કર્યું છે. અત્યંત કોપાય-માન થઇ તેમણે એ રાક્ષસના શબને ફેંકનાર-વાલીને ઉદ્દેશી શાપ આપ્યો કે,[૫૨] "અરે, દુષ્ટ વાલીએ રૂધિરના છાંટા ઉરાડીને મારા આશ્રમને અપવિત્ર કર્યો, માટે તેણે હવેથી કદીપણ મારા આશ્રમમાં પ્રવેશ કરવો નહિ. જો તે પ્રવેશ કરશે તો તેનું મરણ થશે.[૫૩] વળી દુર્બુદ્ધિવાળા વાલીએ રાક્ષસનો પ્રચંડ દેહ ફેંકીને તેવડે મારા આશ્રમમાંના કેટલાંએ વૃક્ષો ભાંગી નાખ્યાં છે, માટે ચારે તરફ એકેક યોજનની હદમાં આવેલા મારા આશ્ર-મને વિષે વાલી જો પ્રવેશ કરશે તો તે અવશ્ય જીવતો રહેશે નહિ; તેમજ દુષ્ટ વાલીના સલાહકાર સચિવો અથવા મિત્રો, જે કોઈ મારા વનમાં રહેતા હોય, તે સૌએ પણ મારાં આ વચન સાંભળીને મારા આશ્રમમાંથી નીકળી પોતાની ઇચ્છા પ્રમાણે બીજે સ્થળે ચાલ્યા જવું. જો કદાચ તેઓ અહીં રહેશે તો હું તેઓને પણ અવશ્ય શાપ આપી-શ;[૫૪-૫૬] કેમકે તેઓ પુત્રની પેઠે રક્ષણ કરેલા આ મારા વનમાં રહીને, વનમાંના

+ જેને ધારણ કરવાથી સંગ્રામમાં અવસ્ય પોતાનો જય થાય એવી માળા.

નવાંકુર, પત્ર, ફૂળ, પુષ્પ તથા મૂળ વગેરેનો નાશ કરે છે.[૫૭] તેઓપર દયા લાવીને, હું આજનો દિવસ મારા શાપની મર્યાદા ઠરાવું છું; અર્થાત્ આજનો દિવસ શાપ નહિ આપું પણ જો કાલે વાલીનો સ્નેહી કોઇપણ વાનર આ વનમાં મારા જોવામાં આવશે તો તે મારા શાપથી હજારો વર્ષ સુધી પર્વત (જડ) થઇને રહેશે."[૫૮]

"હે રામચંદ્ર! મતંગઋષિનો શાપ સાંભળી આ વનમાં રહેલા વાલીના પક્ષના સર્વ વાનરો તુરતજ અહીંયાંથી ચાલી નીકળ્યા અને વાલીની પાસે ગયા. તેઓને વાલીએ પૂછયું કે:-[૫૯] "અરે, તમે સૌ મતંગવનમાં રહેનારા છો છતાં એકી વખતે મારી પાસે કેમ આવ્યા? તમો સર્વ વનવાસીઓ કુશળ તો છોની?"[૬૦] એવું સાંભળી સર્વ વાનરોએ મતંગઋષિના શાપસંબંધી સઘળી હકીકત સુવર્ણની માળા પહેરનારા વાલીને કહી સંભળાવી.[૬૧] વાનરોના મુખથી પોતાને તથા પોતાના મિત્ર-સચિવોને અતિ ભયંકર શાપ મળેલો જાણી વાનરાધિપતિ વાલી અત્યંત ઉદ્વેગ પામ્યો અને તેણે મતંગઋષિની પાસે જઇ હાથ જોડી, શાપનિવૃત્ત કરવા માટે ઘણી ઘણી પ્રાર્થના કરી; પરંતુ મહર્ષિ મતંગમુનિ તેનો અનાદર કરી પોતાની પર્ણશાળામાં ચાલ્યા ગયા. એ પ્રમાણે શાપ સ્થિર રહેવાથી વાલી વિહ્વલ થયો."[૬૨,૬૩] હે નરાધિપતિ રામ! મતંગઋષિનો શાપ થયા પછી ભયભીત થયેલો વાલી આ મહાગિરિ ઋષ્યમૂકપર્વતમાં આવી પણ શકતો નથી, તેમ તે તરફ દૃષ્ટિ પણ કરી શકતો નથી.[૬૪] હે રામ! વાલી અહીં આવી શકે એમ નથી, એમ ધારીનેજ હું મારા હનુમાનાદિ સચિવોની સાથે ખેદરહિત થઈ આ વનમાં વિચરૂં છું. હે રઘુવીર! બળના ગર્વથી છકી ગયેલા વાલીએ ફેંકેલું પર્વતશિખરસરખું મોટું દુંદુભિરાક્ષસના શરીરનું હાડપિંજર હજી સુધી આ વનમાં પડેલું છે."[૬૬]

"હે રામ! વાલીનાં અદ્‌ભુત પરાક્રમોનું હું તમારી આગળ કેટલુંક વર્ણન કરૂં? જુઓ, આ સામે જણાતાં હારોહાર ઉગેલાં સાત સાલવૃક્ષો કે જેના મૂળ ઘણાંજ ઉંડાં ઉતરેલાં તથા થડ ઘણાં મજબુત છે; અને જેની મોટી મોટી શાખાઓ અત્યંત વિસ્તાર પામેલી છે. તેમાંનાં પ્રત્યેકને મહાસમર્થ વાલી પૂર્વે* પોતાની બાથમાં ઘાલી કંપાવતો અને ક્ષણમાત્રમાં પત્રરહિત કરી દેતો હતો.[૬૭] હે રામ! એવી રીતે મેં તમને વાલીનું અપ્રતિમ પરાક્રમ કહી સંભળાવ્યું. હવે તમે વિચારી જુઓ કે એવા મહાબળવાન વાલીનો યુદ્ધમાં કેવી રીતે નાશ કરી શકશો?"[૬૮]

સુગ્રીવનાં વચન સાંભળી મહાત્મા લક્ષ્મણે હસીને કહ્યું કે, "હે વાનરરાજ સુગ્રીવ! તું મારા આર્યબંધુ રામચંદ્રનાં પરાક્રમને જાણતો નથી, તેથીજ વાલીના પરાક્રમની પ્રશંસા કરે છે; પણ રે, રામચંદ્રના અતુલ પરાક્રમની આગળ વાલીનું પરાક્રમ તો સૂર્યના તેજની આગળ આગિયાના તેજ સરખું ક્ષુદ્ર છે! એ તને પાછળથી સમજાશે. પણ હે સુગ્રીવ! "મારા આર્યબંધુ રઘુવીર વાલીનો વધ કરશેજ." એવો દૃઢ વિશ્વાસ, તને તેના કયા પરાક્રમથી ઉપજે? તે તું મને કહે"[૬૯]

એવું સાંભળી સુગ્રીવે તુરતજ કહ્યું કે,- "હે લક્ષ્મણ! આ સામે જણાતાં સાલવૃક્ષોમાંનાં પ્રત્યેકને પૂર્વે વાલીએ, બાથમાં ઘાલી અનેકવાર કંપાવેલાં છે.[૭૦] જો રામચંદ્ર તેઓમાંના એકને પણ એક બાણવડે છેદે, તથા હે લક્ષ્મણ! મરણ પામેલા દુંદુભિરાક્ષસના હાડપિંજરને પોતાના ચરણપર ચઢાવીને, બસો ધનુષ્ય જેટલું દૂર ફેંકે, તો તેમના (રામચંદ્રના) પરાક્રમથી વાલી હણાયેજ છે, એમ હું માનું."[૭૧,૭૨] એટલું લક્ષ્મણને કહી, એક મુહૂર્ત પર્યંત વિચાર

* મતંગઋષિનો શાપ થયા પૂર્વે.

કરી પછી વાનરેશ્વર સુગ્રીવ કમળસમાન નેત્રવાળા રામચંદ્ર પ્રત્યે કહેવા લાગ્યો કે,[૭૩] “ હે રઘુવીર ! વાલી પોતાને શૂરવીર માને છે અને તે ખરેખરો શૂરવીર પણ છે, તેનાં બળ-વીર્ય પ્રખ્યાત છે, સંગ્રામને વિષે તેનો કદીપણ પરાજય થયેલો નથી,[૭૪] અને દેવતાઓથી પણ ન થઇ શકે એવાં તેનાં પરાક્રમ છે. તેનો વિચાર કરીને જ ભયભીત થયેલો હું આ ઋષ્યમૂકપર્વતમાં આવી રહ્યો છું.[૭૫] હે રાઘવ ! અજય્ય, અધૃષ્ય,* અને મહા ક્રોધવાળા એ વાલીને સંભારીને ભયભીત થતો હું આ ઋષ્યમૂકપર્વત છોડીને બીજે ક્યાંય પણ જતો નથી.[૭૬] નિરંતર વાલીના ભયથી ઉદ્વિગ્ન તથા શંકિત રહેતો હું મારાપર પ્રીતિવાળા આ હનુમાનાદિ ઉત્તમ સચિવોસહિત આ મતંગવનમાંજ ફર્યા કરૂં છું,[૭૭] અને એટલા માટેજ હે મિત્ર વત્સલ ! તમે, કે જે પ્રશંસા કરવા યોગ્ય સન્મિત્ર છો, અણચિંતવ્યા પ્રાપ્ત થયા છો અને હિમાલયની પેઠે શરણે આવેલાને આશ્રય આપનાર છો તેનો મેં આશ્રય કર્યો છે.[૭૮] છતાં હે રાઘવ ! હજીસુધી મેં તમારા સમરવીર્યને પ્રત્યક્ષ જોયેલું નથી અને એ મારા દુષ્ટ ભ્રાતા વાલીનું પરાક્રમતો પ્રત્યક્ષ જોયેલું છે, તેથી મને તેનો ભય રહે છે.[૭૯] હે રામ ! આમ કહીને કાંઈ હું તમે વાલીના સરખા બળવાન છો કે નહિ ? એવી તમારી તુલના કિંવા તમારૂં અપમાન કરવા ધારતો નથી, તેમજ વાલીથી તમને ડરાવવા પણ ઈચ્છતો નથી, પરંતુ વાલીનાં ભયંકર પરાક્રમોને મેં પ્રત્યક્ષ જોયેલાં હોવાને લીધે મારા મનમાં કાતરપણું÷ ઉપજેલું છે, જેથી બળાત્કારે પણ તેના પરાક્રમનું વર્ણન મારાથી થઈ જાય છે.”[૮૦]

“હે રાઘવ ! વાલીનો વધ કરવા સંબંધે તો તમારી વાણીજ ઉત્તમ પ્રમાણરૂપ છે, અને તમારાં ધૈર્ય તથા આકૃતિ એ બન્ને, ભસ્મવડે ઢંકાયેલા અગ્નિની પેઠે તમારા પરમ તેજને સૂચવે છે, ”[૮૧]

મહાત્મા સુગ્રીવનાં વચન સાંભળી શ્રીમાન્ રઘુવીરે હાસ્યપૂર્વક તેને કહ્યું કે,[૮૨] “ હે વાનરેંદ્ર ! જો કે અમારા પરાક્રમ સંબંધે તને વિશ્વાસ આવતો નથી, તોપણ સંગ્રામને વિષે હું તને પ્રશંસનીય વિશ્વાસ બેસાડીશ. ”[૮૩] એટલું કહી સુગ્રીવના મનનું સમાધાન કરી, લક્ષ્મણના મોટા ભાઈ રઘુવીરે, તુરતજ સર્વ સમાજની સાથે ઉભા થઇ સુગ્રીવની આગળ પેલું દુંદુભિરાક્ષસનું હાડપિંજર જોવાની ઈચ્છા જણાવી. ત્યારે મહાત્મા સુગ્રીવ તુરતજ તેમને એ હાડપિંજર પડયું હતું ત્યાં તેડી ગયો. દુંદુભિના સૂકા હાડપિંજરને જોઇને મહાબાહુ શ્રીમાન્ રામચંદ્રે સૌના દેખતાં લીલાપૂર્વક તેને પોતાના ચરણના અંગુઠાપર ચઢાવ્યું, અને ધીમેથી હલાવી તેને એવી રીતે ફેંકયું કે તે હાડપિંજર લગભગ દશયોજન જેટલે દૂર જઈ પડયું ! સૂર્યસમાન પ્રકાશતા મહાવીર્યવાન્ રામચંદ્રે ચરણના અંગુઠાથીજ અસુરના સૂકા શરીરને ઘણું દૂર ફેંકેલું જોઇને સર્વ વાનરો આશ્ચર્યચકિત થઇ ગયા; તોપણ સંપૂર્ણ વિશ્વાસ નહિ પામેલા સુગ્રીવે પુનઃ પણ લક્ષ્મણના સાંભળતાં રામચંદ્ર પ્રત્યે કહ્યું કેઃ[૮૪-૮૬] “ હે મિત્રવર્ય ! મારા ભાઈ વાલીએ જ્યારે આ દુંદુભિના શરીરને ફેંકયું હતું ત્યારે તો એ તુરતનુંજ હોવાથી લીલું અને રૂધિર તથા માંસથી ભરેલું હોવાને લીધે અતિશય ભારે હતું. વળી તે સમયે કામાસકત થયેલો વાલી મદ્યપાન કરી મત્ત થયેલો તથા દુંદુભિની સાથે યુદ્ધ કરી થાકી ગયેલો હતો, છતાં પણ તેણે તેને આટલે દૂર ફેંકયું હતું.[૮૭] હે રાઘવ ! તે દુંદુભિનું શરીર કે જે ઘણો કાળ વહી જવાને લીધે માંસ તથા રૂધિર વિનાનું સૂકું થઈ જવાથી તૃણસમાન હલકું થયેલું છે, તેને તમોએ હર્ષથી આટલે

* ક્રોધથી ધર્ષણ ન કરી શકાય એવો.

÷ બીકણપણું.

દૂર ફેંક્યું, તેમાં શું આશ્ચર્ય ?૮૮ એથી કંઇ તમારૂં બળ અધિક છે કે, વાલીનું બળ અધિક છે, એનો નિર્ણય થઇ શકે નહિ. હે રાઘવ ! લીલામાં અને સૂકામાં તો ઘણોજ મોટો ફરક પડે છે.૮૯ હે તાત ! વાલીનું બળ અધિક હશે કે તમારૂં ? એવો પૂર્વોકત સંદેહ હજી પણ ટળતો નથી, માટે જો આ સાત સાલવૃક્ષોમાંના એકને પણ એક બાણવડે તમે છેદો તો તમારા તથા વાલીના બળાબળનું નિરાકરણ થાય.૯૦ હે રામચંદ્ર ! તમે, તમારા હાથીની સુંઢ સરખા ધનુષ્યને સજ્જ કરી તેને કર્ણપર્યંત ખેંચી એક અમોઘ શર મૂકો કે જેથી સાલવૃક્ષનું વિદારણ થાય અને અમો સર્વને તમારા બળસંબંધે વિશ્વાસ આવે."૯૧

"હે રઘુવીર ! તમોએ છોડેલો શર આ સામે રહેલા સાલવૃક્ષનું અવશ્ય વિદારણ કરશે-એમાં જરા પણ સંશય નથી. હવે તમારે કાંઇ પણ વિચાર કરવાની આવશ્યક્તા નથી. હે રાજપુત્ર ! હું તમને મારા પોતાના શપથ આપીને કહું છું કે તમે મારા સંશયને દૂર કરી મારૂં પ્રિય કરો.૯૨ હે દશરથનંદન ! જેમ તેજસ્વીઓમાં સૂર્ય શ્રેષ્ઠ છે, પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે; અને ચાર પગવાળાં પ્રાણીઓમાં કેસરી સિંહ શ્રેષ્ઠ છે, તેમ તમે પુરૂષ માત્રમાં શ્રેષ્ઠ પરાક્રમવાળા છો."૯૩

यथा हि तेजःसु वरः सदा रविर्यथा हि शैलो हिमवान्महाद्रिषु । यथा चतुष्पात्सु च केसरी वरस्तथा नराणामसि विक्रमे वरः ॥९३॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં અગીયારમો સર્ગ સંપૂર્ણ. ૧૧

सर्ग १२ मो.

રામચંદ્રનું અદ્ભુત બળ-સપ્તસાલચ્છેદન-વાલિ-સુગ્રીવના યુદ્ધનો પ્રારંભ.

एतच्च वचनं श्रुत्वा सुग्रीवस्य सुभाषितम् । प्रत्ययार्थं महातेजा रामो जग्राह कार्मुकम् ॥१॥

સુગ્રીવનાં સુંદર વચનો સાંભળી, તેને વિશ્વાસ બેસાડવા સારૂ મહાતેજસ્વી રામચંદ્રે તુરતજ પોતાનું ધનુષ્ય ગ્રહણ કર્યું; અને તેમાં એક મહા ભયંકર બાણ ચઢાવ્યું. પછી ધનુષ્યની પ્રત્યંચાને કર્ણપર્યંત ખેંચીને તથા પોતાની સામે હારો હાર આવેલા સાત સાલવૃક્ષોમાંના પોતાની તરફના છેલ્લા સાલવૃક્ષનું લક્ષ્ય બાંધીને, મહા બળવાન અને સર્વને માન આપનારા રામચંદ્રે ધનુષ્યના ટંકારવવડે સર્વ દિશાઓને ગજવી મૂકતાં અમોઘ બાણ છોડયું. રામચંદ્રના ધનુષ્યમાંથી છૂટેલું સુવર્ણભૂષિત બાણ મહાવેગથી સુસવાટ કરતું ચાલ્યું. તે બાણ દૂર-દૂર પરંતુ હારબંધ આવેલાં સાતે, સાલવૃક્ષોને છેદી-છેદીને પૃથ્વીપર પાડતું, સામે આવેલા પર્વતનું વિદારણ કરીને તથા ભૂમિને ભેદીને છેક રસાતળમાં પેઠું.૧-૩ એ રીતે સાત સાલવૃક્ષ, પર્વત, ભૂમિ તથા સાતપાતાળ, એ સઘળાંને ભેદવાનું કાર્ય, માત્ર એક મુહૂર્ત જેટલા સમયમાંજ કરીને, એ અમોઘ રામ-બાણ પૃથ્વીમાંથી પાછું નીકળી પુનઃ રામચંદ્રના ભાથામાં આવી પેઠું.૪ રામચંદ્રના બાણના વેગવડે થોડી વારમાંજ સાતે સાલવૃક્ષોને પૃથ્વીપર પડેલાં જોઇ, વાનરશ્રેષ્ઠ સુગ્રીવ અત્યંત વિસ્મિત થયો;૫ અને તેણે દંડની પેઠે પૃથ્વીપર પડીને રામચંદ્રના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ વેળા તેના કંઠમાંનાં આભૂષણો પણ લંબાયમાન થઇને પૃથ્વીપર રગદોળાવા લાગ્યાં.૬ પછી પૃથ્વીપર ઉભાં થઇ, મહાત્મા સુગ્રીવ પ્રસન્નવદને ધર્મજ્ઞ રામચંદ્રની આગળ ઉભો રહ્યો અને અતિ નમ્રપણે કહેવા લાગ્યો કે,૭ "હે સર્વ પ્રકારની અસ્ત્રવિદ્યાને જાણનારાઓમાં શ્રેષ્ઠ ! હે શૂરવીર ! હે પુરૂષર્ષભ !

તમે પોતાનાં અમોઘ બાણોવડે ઇંદ્રાદિ દેવતાઓનો પણ નાશ કરવા સમર્થ છો, તો પછી વાલીની તે શી ગણના ?[૮] હે કાકુત્સ્થ! માત્ર એકજ બાણે કરી દઢ મૂળવાળાં સાત સાલવૃક્ષોને, પર્વતને તથા ભૂમિને વિદારણ કરનારા મહા સમર્થ એવા તમારી સામે સંગ્રામને વિષે ઉભો રહેવાને પણ કોણ સમર્થ હોય ?[૯] અહો! મહેંદ્ર અને વરૂણની ઉપમાને યોગ્ય તમારા સરખા મિત્રને પ્રાપ્ત થવાથી આજે હું કૃતકૃત્ય થયો છું; અને મારો સઘળો શોક દૂર થઇ, મારૂં અંતઃકરણ હર્ષથી પરિપૂર્ણ બન્યું છે.[૧૦] હે કાકુત્સ્થ! હું હાથ જોડી પ્રાર્થના કરી કહું છું કે તમે મારૂં પ્રિય કરવા અર્થે હવે મારા બંધુરૂપ શત્રુ-વાલીનો સત્વર સંહાર કરો."[૧૧]

સુગ્રીવનાં વચન સાંભળી, મહા બુદ્ધિશાળી રામચંદ્રે લક્ષ્મણના સરખાજ સ્નેહથી તેને કહ્યું કે:-[૧૨] "હે સુગ્રીવ! તું અમારાસર્વથી પહેલો કિષ્કિંધાનગરી પ્રત્યે જા અને ભાઇનું મિથ્યા નામ ધારણ કરનાર દુષ્ટ વાલીને યુદ્ધ કરવા માટે બોલાવ. અમે સર્વ પણ તારી પછવાડેજ ત્યાં આવીએ છીએ."[૧૩] રામચંદ્રનાં વચન સાંભળી, સુગ્રીવની આજ્ઞાથી હનુમાનાદિ સર્વ વાનરો તુરતજ કિષ્કિંધાનગરી પ્રત્યે ગયા; અને નગરીની બહાર આસપાસનાં વૃક્ષોની ઓથમાં સંતાયા. રામ-લક્ષ્મણે પણ તેમજ કર્યું.[૧૪] સુગ્રીવ પણ વસ્ત્રવડે કમ્મર કસીને પોતે એકલો કિષ્કિંધાનગરીના મુખ્ય દરવાજા આગળ ગયો; અને વાલીને બોલાવવા સારૂ આકાશને ભેદી નાખે એવી ભયંકર ગર્જના કરવા લાગ્યો.[૧૫] શબ્દ ઉપરથીજ "આ ગર્જના મારા ભાઇ સુગ્રીવની છે." એમ ધારી અત્યંત ક્રોધ પામેલો મહા બળવાન વાલી સૂર્ય જેમ અસ્તાચળ (ઉદયાચળ)-માંથી* નીકળે, તેમ કિષ્કિંધામાંથી નીકળી સુગ્રીવની સામે આવી ઉભો રહ્યો.[૧૬] પછી જેમ આકાશને વિષે બુધ અને મંગળ એ બન્ને ગ્રહોનું ઘોર યુદ્ધ થાય તેમ વાલી અને સુગ્રીવ બન્ને ભાઇઓનું તુમુલ યુદ્ધ થવા લાગ્યું.[૧૭] એ વેળા બન્ને ભાઇઓ પરસ્પર ઇંદ્રના વજ્રસરખી લાતો તથા મુષ્ટિઓના પ્રહાર કરવા લાગ્યા; જેનો અશનિસમાન+ ઘોર ધ્વનિ થવા લાગ્યો.[૧૮] આ વેળા સુગ્રીવને સહાય્ય કરવા અર્થે ગુપ્ત સ્થળે ઉભેલા શ્રીમાન રામચંદ્રે વાલીને મારવા સારૂ પોતાનું ધનુષ્ય સજ્જ કર્યું, પરંતુ પરસ્પર સમાન આકૃતિવાળા હોવાને લીધે અશ્વિનીકુમાર-સરખા જણાતા એ બન્ને શૂરવીર ભાઇઓમાં 'સુગ્રીવ કયો? અથવા વાલી કયો?' એમ તેઓ ઓળખી શકયા નહિ, તેથી દશરથનંદન રઘુવીરે એ સમયે વાલીનો અંત આણનારૂં બાણ મૂકવાનો વિચાર બંધ રાખ્યો.[૧૯-૨૦] એટલામાં વાલીના તીવ્ર મુષ્ટિપ્રહારોથી જર્જરિત* થયેલો સુગ્રીવ વાલીનો હારી જઇ તેના હાથમાંથી છટકી ગયો, અને પોતાનું રક્ષણ કરનારા રામચંદ્રને એટલામાં કયાંય પણ દીઠા નહિ. તેથી ગભરાઈને ઋષ્યમૂક-પર્વત પ્રત્યે નાઠો. રૂધિરવડે ખરડાયેલા સુગ્રીવને યુદ્ધથી કંટાળી નાસતો જોઇને બળવાન વાલી પણ તેને પકડવાને તેની પાછળ દોડયો, પરન્તુ નાસતાં નાસતાં સુગ્રીવે મતંગવનમાં

*શંકા:-અત્રે 'અસ્તાચળમાંથી જેમ સૂર્ય નીકળે' એવું કહ્યું, પણ તે યોગ્ય નથી, કેમકે સૂર્યનું અસ્તાચળમાંથી નીકળવું કદી પણ સંભવતું નથી. ત્યાં તો અસ્તજ સંભવે. સમાધાન:-અસ્તાચળમાં જઇ સૂર્ય, જેમ ગુપ્ત ગતે પુનઃ નીકળી આવે છે, તેમ કિષ્કિંધામાંથી ગુપ્ત રીતે વાલી નીકળી આવ્યો. અથવા ઉદયાચળને બદલે અસ્તાચળ કહીને મહર્ષિ વાલ્મીકિએ 'હવે વાલીનું મરણ સમીપ આવ્યું છે.' એવું સૂચન કર્યું જણાય છે. (ત્રિ ટી.) અથવા આપણા દેશના ઉદયાચળ પણ બીજા દેશોની અપેક્ષાએ અસ્તાચળજ છે; એમ સમજીને આદિ કવિએ 'અસ્તાચળમાંથી જેમ સૂર્ય નીકળે' એવી ઉપમા અત્રે લખી હશે.

+મેઘ ચડે છે ત્યારે કોઇ વખતે મોટા કડાકો થાય છે તેના સમાન.

* ભાંગી ગયેલા દેહવાળો.

પ્રવેશ કર્યો,[૨૧,૨૨] એટલે મતંગઋષિએ આપેલા શાપના ભયને લીધે તેની પાછળ ન જતાં મહા બળવાન વાલીએ "જા, જા, આજે હું તને જતો કરૂં છું." એમ કહી પુનઃ પોતાની કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કર્યો.[૨૩]

આ પ્રકાર જોઇને હનુમાનાદિ સર્વ વાનરો તથા લક્ષ્મણસહિત રઘુવીર પણ પાછા ઋષ્યમૂકપર્વતપર સુગ્રીવની પાસે ગયા.[૨૪] લક્ષ્મણસહિત રામચંદ્રને આવેલા જોઈ અતિ લજ્જાને લીધે સુગ્રીવ નીચું જોઇ ગયો અને દીન વાણીથી કહેવા લાગ્યો કે;[૨૫] "હે રામ! તમોએ મારી આગળ પોતાનું પરાક્રમ બતાવ્યું અને વળી 'તું વાલીને યુદ્ધ માટે બોલાવ' એમ કહી મને યુદ્ધ કરવા પ્રેર્યો, છતાં મને મારા શત્રુના હાથેજ માર ખવરાવી, અંતે આ શું કર્યું?[૨૬] હે રાઘવ! જો તમારે આવુંજ કરવું હતું તો 'હું વાલીને મારીશ નહિ' એમ પહેલેથી જ સ્પષ્ટ કહેવું હતું કે જેથી હું તેની સાથે યુદ્ધ કરવા માટે અહીંથી જાતજ નહિ!"[૨૭]

મહાત્મા સુગ્રીવનાં કરૂણાજનક દીન વચન સાંભળી, શ્રીમાન્ રામચંદ્રે કહ્યું કે.[૨૮] "હે તાત સુગ્રીવ! તું ક્રોધનો ત્યાગ કર!! અને મેં એ વેળા જે કારણથી બાણ મૂક્યું નહિ તે પ્રથમ સાંભળ.[૨૯] હે સખા! તું અને વાલી બન્ને, રૂપ, અલંકાર, પ્રમાણ,+ ગમન, સ્વર, તેજ, દ્રષ્ટિ, પરાક્રમ તથા વચન એ સર્વથી પરસ્પર એક સરખાજ દેખાઓ છો, તેથી યુદ્ધસમયે હું તને કે વાલીને સ્પષ્ટપણે ઓળખી શક્યો નહિ.[૩૦,૩૧] હે વાનરશ્રેષ્ઠ! રૂપસાદશ્યથી* ભ્રમણામાં પડવાને લીધે મેં મારૂં મહાન અમોઘ બાણ છોડ્યું નહિ; કેમકે તમે બન્ને સરખા રૂપવાળા હોવાને લીધે શંકિતમને મેં છોડેલું શત્રુનો વિનાશ કરનારૂં જીવલેણ બાણ જો કદાચ તને વાગે તો સઘળુંજ ઉલટું થઈ જાય અને આપણ બન્નેનું કાર્ય નષ્ટ થાય.[૩૨,૩૩] હે વીર! આમ ભુલાવામાં પડવા છતાં પણ જો મેં ઉછાંછળાપણાને વશ થઇ બાણ માર્યું હોત અને તેથી જો કદાચ તારોજ નાશ થયો હોત તો હે કપીશ્વર! આ જગતને વિષે અવશ્ય હું મૂર્ખ અને બાળક ગણાત,[૩૪] અને વળી એ ઉપરાંત અભય આપી શરણે રાખેલાનો વધ કરવાનું મને મોટું પાતક લાગત. માટે હે સખા! જે કાંઈ થયું તે ઠીકજ થયું છે. એથી તું કાંઇ અન્યથા*સમજતો ના. હે વાનરેશ્વર! હું તથા સુંદરી સીતા અને મહાત્મા લક્ષ્મણ એ ત્રણે જણાં તારે અધીનજ છીએ અને આ વનમાં તો અમારે તારોજ આશ્રય છે; માટે હે સુગ્રીવ! તું મારાપર કંઈ પણ શંકા ન લાવતાં હવે વાલી સાથે પુનઃ યુદ્ધ કર.[૩૫,૩૬] હું યુદ્ધને વિષે એકજ બાણવડે વાલીને હણીશ અને તું એક મુહૂર્તમાંજ તેને પૃથ્વીપર તરફડીયાં મારતો જોઇશ.[૩૭] પરંતુ હે વાનરાધિપતિ! આ વખતે તું પોતાની ઓળખાણ માટે કંઇક ચિહ્ન ધારણ કર કે જેથી વાલીની સાથેના દ્વંદ્વ યુદ્ધ વખતે તને હું ઓળખી શકું"[૩૮] એટલું સુગ્રીવ પ્રત્યે કહીને રામચંદ્રે લક્ષ્મણને કહ્યું કે: "હે ભાઈ લક્ષ્મણ! તું આ સામે જણાતી, ખીલેલાં પુષ્પોવાળી અને સર્વ શોકને નિવૃત્ત કરનારી 'ગજપુષ્પી+' નામની લતાને ઉખેડી લાવી, મહાત્મા સુગ્રીવના કંઠમાં માલારૂપે પહેરાવ.!!"[૩૯]

રામચંદ્રનું વાક્ય સાંભળી મહાત્મા લક્ષ્મણે તુરતજ સામેના પર્વતની તળેટીમાંથી પુષ્પોથી ભરેલી ગજપુષ્પી લતા ઉખેડી લાવીને સુગ્રીવના કંઠમાં બાંધી.[૪૦] એ વેળા કંઠમાં રહેલી એ લતાનાં શ્વેત પુષ્પોથી શ્રીમાન્ સુગ્રીવ બગલાંઓની પંક્તિયુક્ત સંધ્યા સમયના

+ શરીરની પુષ્ટતા તથા ઉચ્ચતા વગેરે.

* સ્વરૂપની સરખાઇથી.

* "આ રામ શત્રુ (વાલી)ના પક્ષમાં હશે." એવું.

+ગજપુષ્પી અથવા નાગપુષ્પી, શ્વેતપુષ્પોવાળી.

મેઘની પેઠે શોભવા લાગ્યો.[૪૧] પછી સુશોભિત દેહવાળો સુગ્રીવ રામચંદ્રનાં વચનોથી પોતાના ચિત્તને સ્થિર કરી, એ બન્ને રાજપુત્રોને સાથે લઇ પુનઃ વાલીની કિષ્કિંધાનગરી પ્રત્યે જવાને તૈયાર થયો.[૪૨]

विभ्राजमानो वपुषा रामवाक्यसमाहितः ।
जगाम सह रामेण किष्किन्धां वालिपालिताम् ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં બારમો સર્ગ સંપૂર્ણ. ૧૨

सर्ग १३ मो.

યુદ્ધ માટે પ્રસ્થાન-'સસેજન' મુનિઓનું વર્ણન.

ऋष्यमूकात्स धर्मात्मा किष्किन्धां लक्ष्मणाग्रजः ।
जगाम सह सुग्रीवो वालिविक्रमपालिताम् ॥१॥

ત્યાર પછી લક્ષ્મણના વડિલ બંધુ રઘુવીર સુવર્ણથી શણગારેલું મોટું ધનુષ્ય તથા સંગ્રામમાં સિદ્ધિ આપનારાં સૂર્યસમાન તેજસ્વી બાણોને ગ્રહણ કરી સુગ્રીવ આદિ સર્વ સમાજસહિત, વાલીએ પાલન કરેલી કિષ્કિંધાનગરી પ્રત્યે ચાલતા થયા.[૧-૨] એ વેળા મહાત્મા રામચંદ્ર તથા લક્ષ્મણની આગળ દૃઢ ગ્રીવાવાળો મહાબળવાન્ સુગ્રીવ ચાલતો હતો,[૩] અને પાછળ શૂરવીર હનુમાન, પરાક્રમી નલ તથા નીલ અને વાનરોના યૂથપતિઓનો પણ અધ્યક્ષ એવો મહા તેજસ્વી તાર એ ચાર વાનરો ચાલતા હતા.[૪] તેઓ સર્વ રમણીય વનશોભાનું અવલોકન કરતા ચાલ્યા જતા હતા. વસંતઋતુ હોવાને લીધે ચોતરફનાં વૃક્ષો પુષ્પભારથી લચી રહ્યાં હતાં, સમુદ્રને મળનારી નદીઓ નિર્મળ જળ વહન કરી રહી હતી, તથા પર્વતોની કરાડો, ઋષિમુનિઓએ વસવા યોગ્ય સુંદર ગુફાઓ, સિંહાદિકોના વસવાટવાળી ભયંકર ખીણો અને મોટા પર્વતોના મુખ્ય મુખ્ય શિખરોમાંથી વહેતાં નિર્મળ ઝરણાંઓ વનની શોભાને વધારી રહ્યાં હતાં. માર્ગમાં ઠારોઠાર વૈડૂર્ય મણિસરખાં નિર્મળ જળથી ભરેલાં સરોવરો શોભી રહ્યાં હતાં, અને તેનાપર ખીલેલાં તથા વગર ખીલેલાં અસંખ્ય કમળો છવાઇ રહ્યાં હતાં, તેમજ પ્રત્યેક સરોવરના કીનારાપર હંસ, કારંડવ, સારસ, વંજુલ, જળકૂકડા, ચક્રવાક, તથા બીજાં પણ અનેક જાતનાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. કોમળ તૃણાંકુરોનો આહાર કરનારાં વનનાં હરિણો નિર્ભયપણે ચોતરફ ફરતાં હતાં. તેમજ મોટા શ્વેત દંતૂશળોવડે સરોવરનાં તટોને ઉખેડી નાખવાને લીધે સરોવરના શત્રુરૂપ ભયંકર હાથીઓ જ્યાં ત્યાં એકલાજ વિચરતા હતા. જાણે હાલતા-ચાલતા પર્વતોજ હોયની એવા જણાતા મદોન્મત્ત વાનરો કે જેનાં શરીર પૃથ્વીપરની રજથી વ્યાપ્ત થયાં હતાં તેઓ પર્વતની તળેટીમાંનાં મોટાં મોટાં વૃક્ષોપર કૂદીને હૂકાહૂક કરતા હતા. તેમજ વનમાંનાં બીજાં પણ અનેક પશુઓ તથા પક્ષીઓ સ્થળે સ્થળે નાના પ્રકારની ક્રીડા કરી રહ્યાં હતાં.

વનશોભાને નિરખતા સર્વ વાનરસમાજસહિત રામ-લક્ષ્મણ ઉતાવળે કિષ્કિંધા પ્રત્યે ચાલ્યા જતા હતા, તેવામાં માર્ગની બાજુપર ઘાટાં વૃક્ષોવાળું એક વન આવ્યું. તે જોઇ, શ્રીમાન્ રામચંદ્રે સુગ્રીવને પૂછ્યું કે,[૫-૧૩] "હે સુગ્રીવ! આકાશમાં ચઢેલા મેઘસમૂહસરખું ઘાટાં વૃક્ષોવાળું આ વન કે જે અત્યંત વિસ્તારવાળું અને ચારે તરફ કદલીવૃક્ષોથી વીંટાયેલું છે તે શું છે? શું તેની અંદર કોઈ ઋષિનો આશ્રમ છે? હે સખા! એ જાણવાનું મને મોટું કુતૂહલ છે માટે તું મને કહે"[૧૪-૧૫]

મહાત્મા રઘુવીરનું વચન સાંભળી, માર્ગમાં ચાલતાં-ચાલતાંજ સુગ્રીવે એ મોટા વન સંબંધી સઘળું વૃત્તાંત કહેવા માંડયું કે,[૧૬] "હે રાઘવ! આ અતિ વિસ્તાર પામેલું રમ્ય વન કે જે એક સુંદર બગીચા જેવું હોવાથી શ્રમને નિવૃત્ત કરનારૂં તથા સુગંધયુક્ત પુષ્પો, સ્વાદિષ્ટ ફળો, કંદમૂળ અને મિષ્ટ જળથી પરિપૂર્ણ છે, તેમાં પૂર્વે 'સસજન' એવા નામથી

પ્રસિદ્ધિ પામેલા નિર્મળ વ્રતવાળા સાત ઋષિઓ વસતા હતા. તે સાતે ઋષિઓ પૃથ્વીપર ઉંધે મસ્તકે ઊભા રહી ઉગ્ર તપશ્ચરણ કરતા હતા, રાત્રિના સમયે તથા શીતકાળમાં તેઓ જળને વિષે શયન કરતા હતા.[૧૭,૧૮] અને છ દિવસ સુધી નિરાહાર રહી સાતમે દિવસે કેવળ વાયુનોજ આહાર કરતા હતા. એવી રીતે સાતસેં વર્ષ પર્યંત તીવ્ર તપશ્ચર્યા કરીને તેઓ સદેહે સ્વર્ગે ગયા છે. તેઓનો આ શૂન્ય પડેલો આશ્રમ છે.[૧૯] એ મહર્ષિઓના દિવ્ય પ્રભાવને લીધે વૃક્ષોરૂપી કિલ્લાથી વીંટાયેલા આ આશ્રમસ્થાનનું, ઇંદ્રાદિ દેવતાઓ તથા અસુરોથી પણ આક્રમણ થવું અશકય છે.[૨૦] પક્ષી આદિ બીજાં વનચર પ્રાણીઓ પણ આ આશ્રમસ્થાનનો દૂરથીજ ત્યાગ કરે છે, કેમકે જો કોઇ પણ પ્રાણી અજાણતાં પણ તેમાં પ્રવેશ કરે છે તો તે પાછું બહાર આવી શકતું નથી.[૨૧] હે રાઘવ ! આ આશ્રમની અંદરથી વારંવાર અપ્સરાઓનું મધુરૂં ગાન તથા તેઓનાં આભૂષણોનો અવાજ સાંભળવામાં આવે છે, વાજીંત્રોના સુસ્વર સંભળાય છે; તેમજ તેઓના શરીરપરનો દિવ્ય ગંધ આ વનમાં ફેલાઇ રહે છે.[૨૨] આ આશ્રમસ્થાનને વિષે સપ્તજન મહર્ષિઓને નિત્ય હોમ કરવાનો ત્રેતાગ્નિ-અગ્નિ હોત્રનો અગ્નિ-પણ હજી સુધી પ્રકાશી રહ્યો છે; જેનો કપોતના વર્ણસરખો ધુંસરો ઘાટો ધૂમાડો આશ્રમનાં વૃક્ષોની ટોચોમાં છવાઈ રહ્યો છે,[૨૩] અને તેને લીધે એ વૃક્ષો જાણે મેઘસમૂહથી છવાયેલા વૈડૂર્યમણિના પર્વતોજ હોયની, એવાં શોભી રહ્યાં છે ![૨૪] હે ધર્માત્મન્ ! તમે તમારા નાના ભાઈ લક્ષ્મણસહિત, હાથ જોડીને અતિ નમ્રભાવથી એ સપ્તજન મહર્ષિઓને ઉદ્દેશી, આ આશ્રમને પ્રણામ કરો.[૨૫] જે પુરૂષો શુદ્ધ અંતઃકરણવાળા એ મહર્ષિઓને ઉદ્દેશી અત્રે પ્રણામ કરે છે તેઓના દેહમાં કશું અશુભ-પાપ રહેતું નથી. "[૨૬]

સુગ્રીવનું વચન સાંભળી લક્ષ્મણસહિત રઘુવીરે બન્ને હાથ જોડી સપ્તજન ઋષિઓને ઉદ્દેશી પ્રણામ કર્યા.[૨૭] ત્યાર પછી લક્ષ્મણસહિત ધર્માત્મા રામચંદ્રે અતિહર્ષિત ચિત્ત થયેલા સુગ્રીવાદિ સર્વ વાનરસમાજની સાથે ઉતાવળે કિષ્કિંધા પ્રત્યે ચાલવા માંડયું.[૨૮] સપ્તજન ઋષિઓના આશ્રમથી તેઓ કેટલેક દૂર ગયા ત્યારે કોઇથી પણ એકાએક પ્રવેશ ન થઈ શકે એવી વાલીએ પાલન કરેલી કિષ્કિંધાનગરી, તેઓના જોવામાં આવી.[૨૯] ઉદય પામેલા ઉગ્ર તેજવાળા મહાત્મા રામચંદ્ર, લક્ષ્મણ તથા સર્વ વાનરો પોતપોતાનાં શસ્ત્રો ગ્રહણ કરીને, શત્રુરૂપ વાલીનો વધ કરવાને અર્થે પુનઃ પણ વાલીના પરાક્રમવડે રક્ષાયેલી કિષ્કિંધાનગરી પાસે આવી પહોંચ્યા.[૩૦]

ततस्तु रामानुजरामवानराः प्रगृह्य शस्त्राण्युदितोग्रतेजसः । पुरीं सुरेशात्मजवीर्यपालितां वधाय शत्रोः पुनरागताश्चिवह ॥ ३० ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૩

सर्ग १४ मो.

વાલિ-સુગ્રીવનું યુદ્ધ-વાલીને આહ્વાન.

सर्वे ते त्वरितं गत्वा किष्किन्धां वालिनः पुरीम् । वृक्षैरात्मानमावृत्य व्यतिष्ठन्गहने वने ॥१॥

સુગ્રીવાદિ સર્વ વાનરસમાજની સાથે રામ-લક્ષ્મણ ઉતાવળે કિષ્કિંધાનગરી આગળ જઇ પહોંચ્યા; અને માત્ર એક સુગ્રીવ સિવાય બીજા સૌ કોઇ પોત-પોતાનાં શરીરોને ઘાટાં વૃક્ષોની ઓથમાં સંતાડીને છુપાઇ બેઠા.[૧] પછી મોટી ગ્રીવાવાળા સુગ્રીવે વનની અંદર ચોમેર દૃષ્ટિ કરી તીવ્ર ક્રોધ ધારણ કર્યો;[૨] અને રઘુવીરના પરાક્રમથી ઉત્સાહ પામેલો એ સુગ્રીવ વાયુના પ્રચંડ વેગને લીધે અત્યંત ગર્જતા મેઘની પેઠે આકાશને ભેદી નાખે એવી ગર્જના કરવા લાગ્યો; તથા વાલીને યુદ્ધ માટે બોલાવવા લાગ્યો. એ સમયે ઉગતા સૂર્યસરખી કાંતિવાળો અને ગર્વ ભરેલા સિંહસરખી ગતિ-

વાળો સુગ્રીવ ઉદ્યોગમાં સાવધ રહેલા રામચંદ્રને કહેવા લાગ્યો કે,–“ હે દશરથનંદન ! વાનરોરૂપી જળથી વ્યાપ્ત, સુવર્ણના કાંગરાવાળી અને મોટા મોટા ધ્વજો તથા યંત્રોથી શોભી રહેલી વાલીની કિષ્કિંધાનગરી પ્રત્યે આપણે આવી પહોંચ્યા છીએ. હે વીર ! પ્રથમ મારી આગળ તમોએ વાલીનો વધ કરવાની જે પ્રતિજ્ઞા કરી છે તેને, કાળ જેમ લતાઓને સફળ કરે છે, તેમ તમે શીઘ્ર સફળ કરો. ”

સુગ્રીવનું વચન સાંભળી ધર્માત્મા રામચંદ્રે કહ્યું કે,–“ હે પરમ પ્રિય મિત્ર ! આજે તો મહાત્મા લક્ષ્મણે તને ઓળખવા માટે તારા કંઠમાં ગજપુષ્પી લતાનું ચિહ્ન બાંધેલું હોવાને લીધે તું જાણે આકાશને વિષે નક્ષત્રમાળાથી વીંટાયેલો સૂર્યજ હોયની* એવો શોભે છે ! હે વાનરેશ્વર સુગ્રીવ ! હવે તું ફિકર કર નહિ; આજે હું સંગ્રામમાં એકજ બાણ મૂકીને તારા વાલી સંબંધી ભયનો તથા વૈરનો અંત આણીશ. પ્રથમ તું તારા શત્રુરૂપ ભાઇ વાલીનું મને દર્શન કરાવ એટલે તે વાલી મારા બાણથી હણાઇને તુરતજ પૃથ્વીપર પડી, ધૂળમાં તરફડીયાં મારશે. હે સુગ્રીવ ! મારી દૃષ્ટિએ પડી ઓળખવામાં આવ્યા પછી જો વાલી જીવતો ઘેર જાય તો તું મને દોષયુક્ત ગણી. મારી નિંદા કરજે. મેં તારી નજરે એકજ બાણવડે સાત સાલવૃક્ષોનું વિદારણ કર્યું છે, એ બળ ઉપરથીજ તારે વાલીને હણાયેલો સમજવો જોઇએ. માત્ર ધર્મનીજ કામનાવાળા મેં પૂર્વે ગમે તેવા કષ્ટમાં પણ અસત્ય ભાષણ કર્યું નથી; અને હવે પછી કદાપિ તેમ કરીશ નહિ. હે મિત્ર ! તું સંભ્રમનો ત્યાગ કર. ઇંદ્ર જેમ વરસાદ વર્ષાવીને ઉત્તમ શાળનાં ક્ષેત્રોને સફળ કરે છે, તેમ હું આજે મારી પ્રતિજ્ઞાને સફળ કરીશ. હે સુગ્રીવ ! હવે તું સુવર્ણમાળાને ધારણ કરનારા વાલીને અહીં બોલાવવા માટે મોટી ગર્જના કર, જેથી પૂર્વે કોઇથી પણ પરાભવ નહિ પામેલો નિર્ભય વાલી પોતાનો જય થવાની ઇચ્છાથી નગરમાંથી શીઘ્ર બહાર નીકળે.[૩-૧૭] હે સુગ્રીવ ! તારી ગર્જના સાંભળીને સંગ્રામને વિષે પ્રીતિવાળો વાલી અવશ્ય પોતાની સ્ત્રીઓને ત્યજીને બહાર આવશે, કેમકે તેજસ્વી પુરૂષો સંગ્રામમાં શત્રુઓએ કરેલા અપમાનને સહન કરી શકતા નથી.[૧૮] તેમાંએ વળી પોતાના પરાક્રમના ગર્વવાળા વીર પુરૂષોતો ઘણું કરીને એવા અપમાનને, અને તે વળી સ્ત્રીઓની સમક્ષ કરેલા અપમાનને સહન કરી શકતા નથી જ. ”

રામચંદ્રનાં વચન સાંભળી, સુવર્ણસમાન વર્ણવાળો સુગ્રીવ વાલીનું આહ્વાન કરવા માટે આકાશને ભેદી નાખે એવી મોટી ગર્જના કરવા લાગ્યો. સુગ્રીવની ભયંકર ગર્જનાથી ભયને લીધે બ્હેબાકળી થયેલી ગાયો, રાજાના સંરક્ષણની ખામીને લીધે પરપુરૂષોથી પીડાતી કુલીન સ્ત્રીઓની પેઠે, આકુળવ્યાકુળ થઇ નાસ–ભાગ કરવા લાગી, અને વનમાંનાં હરિણ વગેરે પશુઓ પણ સંગ્રામમાં ત્રાસ પામેલા અશ્વોની પેઠે આમ–તેમ નાસી છુપાવા લાગ્યાં; તેમજ પુણ્ય ક્ષીણ થવાને લીધે આકાશમાંથી પડતાં નક્ષત્રોની પેઠે, પક્ષીઓ અંતરિક્ષમાંથી ધબોધબ પૃથ્વીપર પડવા લાગ્યાં.[૧૯-૨૧] ગર્જના કરવામાં પૂરેપૂરો બળવાન્ સૂર્યપુત્ર સુગ્રીવ કે જેનું તેજ રામચંદ્રના પરાક્રમની સહાય્યને લીધે વૃદ્ધિ પામ્યું હતું; અને જેનો નાદ મેઘ સરખો ઘાટો હતો, તેણે વાયુના વેગથી પરસ્પર લહરિઓ ઉઠવાને લીધે ગર્જના કરતા નદીઓના પતિ સમુદ્રની પેઠે, વાલીના આહ્વાન માટેની ગર્જનાઓ ચાલુજ રાખી.[૨૨]

* આ ઉપમા અભૂતોપમા છે, કેમકે સૂર્યના તેજથી અસ્ત થયેલાં નક્ષત્રો દિવસે જણાતાંજ નથી, પરંતુ અત્રે જો કદાચ સૂર્ય નક્ષત્રમાળાથી વીંટાયેલો દેખાય, તો તે તરૂણ સૂર્ય સમાન કાંતિવાળા અને શ્વેત પુષ્પવાળી ગજપુષ્પી લતાને ધારણ કરનારા સુગ્રીવની ઉપમારૂપ થાય પડે. એવી કવિએ કલ્પેલી અતિશયોક્ત સમજવી. તિ. ટી.

ततः स जीमूतकृतप्रणादो नादं ह्यमुञ्चत्त्वरया प्रतीतः। सूर्यात्मजः शौर्यविवृद्धतेजाः सरित्पतिर्वानिलचञ्चलोर्मिः ॥ २२ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૪

सर्ग १५ मो.

વાલી-સુગ્રીવનું યુદ્ધ-તારાનો હિતોપદેશ.

अथ तस्य निनादं तं सुग्रीवस्य महात्मनः। शुश्रावान्तःपुरगतो वाली भ्रातुरमर्षणः ॥ १ ॥

મહાત્મા સુગ્રીવની ભયંકર ગર્જનાઓથી આખું કિષ્કિંધાનગર ખળભળી ઉઠ્યું. એ વેળા અંતઃપુરમાં રહેલો મહાક્રોધી વાલી પણ સર્વભૂત-પ્રાણીઓને કંપાવે એવી મોટી ગર્જનાઓ સાંભળીને આશ્ચર્ય પામ્યો અને એકાએક મદ* ઉતરી જવાથી તે મહાન્ ક્રોધને વશ થયો.[૧-૨] વાલીના રોમેરોમ ક્રોધાગ્નિ વ્યાપ્ત થવાને લીધે તે પોતે સુવર્ણસરખી કાંતિવાળો છતાં, રાહુએ ગ્રસેલા સૂર્યસમાન કાંતિરહિત થઇ ગયો.[૩] અતિશય ક્રોધાવેશને લીધે તેનાં નેત્રો લાલચોળ થઇ ગયાં; અને દાંત પીસવાને લીધે તેની વિકાળ દાઢો બહાર જણાવા લાગી, તેથી તે (વાલી), પદ્મનાલસહિત ખીલેલાં રક્તકમળવાળા સરોવર જેવો દેખાવા લાગ્યો.[૪] પછી લેશપણ ભય નહિ પામતાં મહાસમર્થ વાલી સુગ્રીવની ગર્જના સાંભળી તુરત જ ઉભો થયો, અને પૃથ્વીને પણ ફાડી નાખે એવાં ધમકારાબંધ પગલાં ભરતો, ઉતાવળે પોતાના અંતઃપુરમાંથી બહાર નીકળ્યો.[૫] એ વેળા તેની પ્રિયપત્ની તારા કે જે સુગ્રીવની ભયંકર ગર્જનાથી અતિ ક્ષોભ પામી શંકાશીલ થઈ હતી તેણે અતિસ્નેહથી પોતાના પતિ વાલીને બન્ને ભુજાઓવડે હૃદયસરસો દાબીને પોતાનો આંતરિક સદ્ભાવ દર્શાવતાં પરિણામે હિતરૂપ વચનો કહેવા માંડયાં કે,[૬] "હે વીરવર ! આમ એકાએક શત્રુની ગર્જના સાંભળીને ક્રોધ કરવો યોગ્ય નથી. હે સ્વામિનાથ ! મારી આ નમ્રયાચના લક્ષ્યમાં લઇને જેમ પ્રાતઃકાળે નિદ્રામાંથી જાગેલો પુરૂષ રાત્રે સેવેલી વાસી પુષ્પમાળાનો ત્યાગ કરે છે, તેમ આ એકાએક નદીના વેગની પેઠે ચઢી આવેલા ક્રોધનો તમે ત્યાગ કરો.[૭] હે પ્રિય ! જો કે તમારો શત્રુ સુગ્રીવ તમારાથી અધિક બળવાન્ કિંવા તમે તેનાથી ઓછા બળવાન્ નથી, તોપણ આ વેળાએ (રાત્રિના સમયે) રણક્ષેત્રમાં ન જતાં કાલે સવારે તમે તેની સાથે યુદ્ધ કરવાને જજો.[૮] કાંઈ પણ વિચાર કર્યા વિના એકાએક તમે યુદ્ધે જાઓ એ મને જરાએ રૂચતું નથી. વળી જે નિમિત્તે હું તમને યુદ્ધે ચઢતાં વારૂં છું તે તમને કહું છું, સાંભળો.[૯] હે વાનરેશ્વર ! એ સુગ્રીવે હમણાં થોડાજ વખત પહેલાં અહીંયાં આવીને તમને યુદ્ધ માટે બોલાવવા સારૂ આવી રીતેજ ગર્જના કરી હતી; અને તમોએ પણ નગરમાંથી બહાર નીકળી તેને અત્યંત માર મારી નસાડી મૂક્યો હતો. એમ છતાં પણ હે સ્વામિનાથ ! તે તુરતાતુરતજ પાછો આવીને તમને પુનઃ યુદ્ધાર્થે બોલાવે છે, એથી મને મોટી શંકા ઉપજે છે.[૧૦-૧૧] વળી આ વખતે તેનો ગર્વ, યુદ્ધનો ઉદ્યોગ અને ગર્જનાઓનો વેગ કોઇ જૂદાજ પ્રકારનો છે; માટે એમાં તમારે નાનુંસુનું કારણ સમજવું નહિ.[૧૨] હે શૂરવીર ! હું નથી માનતી કે એ સુગ્રીવ આ વખતે સહાયવિના આવ્યો હોય ? અવશ્ય તે કોઇની મોટી સહાય લઇનેજ આવેલો જણાય છે, અને તેના આશ્રયથીજ તે આવી મોટી ગર્જનાઓ કરે છે ![૧૩] ખરેખર, સુગ્રીવે કોઈ સમર્થ પુરૂષની સાથે મૈત્રી બાંધી હશે અને તે વળી પરીક્ષા કરીનેજ બાંધી હશે. તે સુગ્રીવ કદીપણ પરીક્ષા કર્યા સિવાય મૈત્રી કરે એવો નથી, કેમકે તે વાનર, સ્વભાવે ઘણો ચતુર અને બુદ્ધિમાન છે.[૧૪] હે શૂરવીર !

* અંતઃપુરનેવિષે સ્ત્રીઓની સાથે રહી પીધેલા માદકદ્રવ્યનો નશો.

થોડા સમય ઉપર આપણો કુમાર અંગદ વનમાં ફરવા ગયો હતો, ત્યાંથી ગુપ્ત દૂતોદ્વારા જાણેલું સુગ્રીવસંબંધી વૃત્તાંત તેણે મને જણાવ્યું છે, જે તમારૂં હિતરૂપ છે, તે હું તમને કહી સંભળાવું છું.[૧૫,૧૬] અયોધ્યા-નગરીના અધિપતિ મહારાજા દશરથના મહા-શૂરવીર પુત્ર રામચંદ્ર અને લક્ષ્મણ કે જેઓ ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા છે અને રણને વિષે દુર્જય છે, તેઓ પિતાનું વચન પાળ-વા માટે વનમાં નીકળેલા છે.[૧૭] સંગ્રામને વિષે દુરાસદ+ એવા એ બન્ને ભાઇઓ વનમાં ફરતાં ફરતાં ઋષ્યમૂકપર્વતપર આવી, તમારા ભાઇ સુગ્રીવને મળ્યા છે, અને સુગ્રીવનું પ્રિય કરવા અર્થે તેઓએ તેની સાથે મૈત્રી બાંધી છે. હે સ્વામિનાથ! એ બન્ને ભાઇઓમાં પણ પોતાના ઉત્તમ ગુણોએ કરી વિખ્યાત એવા રામચંદ્ર, કે જે સંગ્રામને વિષે તમારા ભાઈ સુગ્રીવને સહાય્ય કરનાર છે તે તો ગુણોનો ભંડારજ છે.[૧૮] હે વાનરેશ્વર! એ રામચંદ્ર શત્રુઓની સેનાનું મર્દન કરવામાં સમર્થ છે, સંગ્રામ સમયે પ્રલયકાળના અગ્નિની પેઠે ક્રોધ કરનાર છે, સજ્જનોને આશ્રય આપનાર છે, શરણે આવેલાની પરમ ગતિરૂપ છે,[૧૯] શત્રુઓથી પીડાયેલા પુરૂષોને પોતાના શત્રુઓનો વિનાશ કરવા અર્થે આશ્રય કરવા યોગ્ય છે, પવિત્ર યશને પાત્ર છે, જ્ઞાન અને વિજ્ઞાનથી યુક્ત છે તથા પો-તાના પિતાની આજ્ઞા પાલવામાં તત્પર રહે-નારા છે.[૨૦] વધારે શું કહું ? જેમ હિમાલય-પર્વત સર્વ ધાતુઓનો ભંડાર છે, તેમ એ રામચંદ્ર સર્વ ગુણોના ભંડાર છે. હે વાનર-રાજ! તમારે એ મહાત્મા રામચંદ્રની સાથે વિરોધ કરવો યોગ્ય નથી, કેમકે તે અતુલિત બળવાન્ હોવાથી રણકર્મને વિષે દુર્જય છે. હે સ્વામિનાથ! આ વેળા હું તમને જે કંઈ કહું છું તે તમારા દોષોને બતાવવા માટે નહિ પણ તમારા હિતને માટેજ કહું છું, તે તમે ધ્યાનમાં લો અને તે પ્રમાણે કરો. હે શૂરવીર! હે રાજન્! તમે તમારા કનિષ્ઠ બંધુ સુગ્રીવની સાથેના વૈરનો ત્યાગ કરી યુદ્ધનો વિચાર માંડીવાળો અને તેની સાથે પ્રીતિ કરી તેને સત્વર યુવરાજપદે અભિષેક કરો. એમ કરવાથી રામચંદ્રની સાથે પણ તમારે સ્નેહ બંધાશે, એ પણ ઘણું યોગ્ય થશે.[૨૧-૨૪] હે સ્વામિનાથ! અત્યંત પ્રીતિને લીધે હું તમને બીજીવાર પણ કહું છું કે તમે સુગ્રીવ સાથેના વૈરનો ત્યાગ કરી તેની સાથે પ્રીતિ કરો. એ સુગ્રીવ ગમે તેવો હોય તોપણ તમારો કનિષ્ઠ બંધુ હોવાથી તમારે તો તેનાપર સ્નેહ ધરવોજ યોગ્ય છે.[૨૫] ગમે તો તે તમારી પાસે રહેતો હોય વા દૂર રહેતો હોય, તોપણ છેવટે તો તમારો ભાઈજ છે. આખા જગતને વિષે એની હેડીનો તમારે બીજો કોઇ ભાઇ-સંબંધી હોય એમ હું જોતી નથી.[૨૬] માટે મારૂં કહેવું માન્ય રાખીને તમે તેનાપરના વૈરને દૂર કરી તેનો દાન-માનાદિથી સત્કાર કરો અને તેને પોતાના સ્વાધીનમાં લઇ પડખે રાખો.[૨૭] મોટી ગ્રીવાવાળો સુગ્રીવ તમારો સગો ભાઇ છે, એટલે આખરે પણ તેની સાથે ભ્રાતૃસ્નેહ બાંધ્યા સિવાય તમારો છુટકો નથી.[૨૮] હે સ્વા-મિનાથ! જો તમારે મારૂં પ્રિય કરવું હોય અને જો તમે મને તમારૂં હિત ઇચ્છનારી માનતા હો તો આટલી મારી સ્નેહયુક્ત યાચનાને માન્ય કરો."[૨૯]

"છેવટે હાથ જોડીને કહું છું કે હે પ્રિય! તમે પ્રસન્ન થાઓ અને આમ એકાએક ક્રોધને વશ ન થતાં મારાં હિતવચનો માન્ય રાખો. ઇંદ્ર સરખા તેજસ્વી અને કોશલ-દેશના અધિપતિ મહારાજા દશરથરાયના પુત્ર રામચંદ્રની સાથે વૈર કરવું એ તમને જરાએ યોગ્ય નથી."[૩૦]

એ પ્રમાણે સતી તારાએ પોતાના પતિ વાલીને પરમહિતરૂપ અને પથ્યરૂપ વચનો કહ્યાં, પરંતુ જેનો વિનાશ-કાળ પાસે આવેલો

+ દુઃખે કરીને પણ જેની પાસે ન જઇ શકાય એવા.

હતો એવા વાલીને તે વચનો રૂચ્યાં નહિ. ખરૂંજ છે કે વિનાશકાળ પ્રાપ્ત થતાં, મનુષ્યની બુદ્ધિ વિપરીત થઈ જાય છે."૩૧

तदा हि तारा हितमेव वाक्यं तं वालिनं पथ्यमिदं बभाषे। न रोचते तद्वचनं हि तस्य कालाभिपन्नस्य विनाशकाले ॥३१॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૫

सर्ग १६ मो.

વાલિ-સુગ્રીવનું યુદ્ધ-ભયંકર રણસંગ્રામ.

तामेवं ब्रुवतीं तारां ताराधिपनिभाननाम् ।
वाली निर्भर्त्सयामास वचनं चेदमब्रवीत् ॥१॥

ચંદ્રમુખી તારાએ હિતરૂપ વચનો કહ્યાં, પણ તેને ન ગણકારતાં મદમત્ત વાલીએ ઉલટું તેનો તિરસ્કાર કરીને કહ્યું કે,–[1] હે સુરૂખિ! સુગ્રીવ જો કે મારો ભાઈ છે, છતાં તે સાંપ્રતમાં શત્રુરૂપે ક્રોધ ચઢાવીને મને ઉદ્દેશી ગર્જના કરે છે, તેને હું કોઈપણ પ્રકારે સાંખી શકું એમ નથી.[2] હે ભીરૂ! તું જાણે જ છે કે સંગ્રામને વિષે પરાભવ પામીને કદીપણ પાછા નહિ વળનારા શૂરવીર પુરૂષોને શત્રુએ કરેલા ધર્ષણનું× સહન કરવું એ મરણકરતાં પણ અધિક છે.[3] હે પ્રિયા! ટુંકી ગરદનવાળા એ સુગ્રીવે યુદ્ધની ઇચ્છાથી કરવા માંડેલી મોટી ગર્જનાને હું હવે સહન કરવા સમર્થ નથી.[4] હે ચંદ્રમુખિ! મને રામચંદ્રથી ભય થશે એમ ધારી તું મારે માટે જરાપણ ખેદ કરીશ નહિ, કેમકે ધર્મજ્ઞ અને કૃતજ્ઞ એવા રામચંદ્ર મને નિરપરાધે હણવાનું પાપ કેમજ કરશે?[5] હવે તું મારી પાછળ શા માટે આવે છે? તું તારી સાથેના આ સર્વે સ્ત્રીસમાજની સાથે હવે પાછી વળ. તારી મારાપરની ભક્તિ તથા સ્નેહ જોઈને હું અત્યંત પ્રસન્ન થયો છું.[6] હે દેવિ! તું સંભ્રમનો ત્યાગ કર. હું સુગ્રીવની આગળ જઈ તેની સાથે યુદ્ધ કરી માત્ર તેનો ગર્વ ઉતારીશ; પરંતુ તેને પ્રાણરહિત કરીશ નહિ.[7] હે તારા! હું સંગ્રામ કરવાના ઉત્સાહવાળા એ સુગ્રીવનો માત્ર ગર્વજ ઉતારીશ; અને તારૂં પ્રિય કરીશ અર્થાત્ તારા કહેવા પ્રમાણે હું તેને હણીશ, નહિ. કેમકે મારી મુષ્ટિ તથા વૃક્ષોના પ્રહારોથી પીડિત થયેલો તે સુગ્રીવ યુદ્ધમાંથી પલાયન કરી જશે એટલે મરશે તો નહિજ.[8] ઘણું કરીને તો એ દુરાત્મા સુગ્રીવ મારા તીવ્ર ક્રોધને નહિ સહન કરવાને લીધે મને જોતાં જ રણક્ષેત્રમાંથી નાસી જશે, એટલે આખરે તારી ઇચ્છા સફળ થશે. એ સંબંધે તારે કશી ચિંતા ધરવી નહિ. હે તારા! તેં તારી બુદ્ધિ પ્રમાણે મને હિત વચન કહીને મારાપરનો સ્નેહ પ્રકટ કર્યો છે, અને મને સહાય કીધી છે.[9] હવે હું તને મારા પ્રાણના શપથ આપીને કહું છું કે તું સર્વ સ્ત્રીસમાજસહિત પાછી વળ. હું યુદ્ધમાં સુગ્રીવનો પરાજય કરીને પાછો આવીશ."[10]

મહા સમર્થ વાલીએ પોતાનો આગ્રહ દર્શાવ્યો ત્યારે પ્રિયવાદિની અને ચતુર એવી તારાએ મંદ સ્વરે રોદન કરતાં, પોતાના પતિની પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યો.[11] ત્યાર પછી વેદમંત્રોને જાણનારી એ તારાએ પોતાના પતિનો વિજય થવા અર્થે વિધિપૂર્વક સ્વસ્તિવાચન કરી સર્વ સ્ત્રીસમાજસહિત શોકાતુર હૃદયે અંતઃપુરમાં પ્રવેશ કર્યો.[12]

સર્વ સ્ત્રીઓસહિત તારા અંતઃપુરમાં ગઈ ત્યાર પછી અત્યંત ક્રોધ પામવાને લીધે મોટા સર્પની પેઠે ફુંફાડા મારતો વાલી ઉતાવળે નગરમાંથી બહાર નીકળ્યો અને સુગ્રીવને જોવા સારૂ ચોમેર દૃષ્ટિ ફેરવવા લાગ્યો.[13,14] એટલામાં યુદ્ધ કરવાની ઇચ્છાથી કમ્મર કસી મેદાનમાં ઉભો રહેલો સુગ્રીવ તેના જોવામાં આવ્યો. આ સમયે સુવર્ણ સમાન પીળા વર્ણવાળા શ્રીમાન સુગ્રીવની કાંતિ પ્રજ્વલિત અગ્નિસમાન લાગતી હતી.[15] સુગ્રીવને જોતાંજ અત્યંત કોપાયમાન થયેલા

× પરાભવ

મહાબાહુ વાલીએ મજબૂત રીતે કમ્મર કસી લીધી, અને જોરથી એક મુષ્ટિ ઉગામીને તુરતજ સુગ્રીવની સામે દોડયો.[૧૬,૧૭] દૃઢ મુષ્ટિ ઉગામીને ક્રોધપૂર્વક પોતાની સામે ધસી આવતા હેમમાલી* વાલીને જોઈને, ક્રોધને લીધે જેનાં નેત્ર લાલચોળ થઈ ગયાં હતાં એવા રણનિપુણ સુગ્રીવે પણ તેવીજ રીતે દૃઢ મુષ્ટિ બાંધીને તેના સામે વેગથી દોટ મૂકી.

સુગ્રીવને પોતાની સામે દોડયો આવતો જોઈ, વાલીએ કહ્યું કે-[૧૮,૧૯] "અરે, સુગ્રીવ! સાવધાન થા, યોગ્ય રીતે ગોઠવેલી આંગળીઓવાળી આ મારી દૃઢ મુષ્ટિનો પ્રહાર તારાપર વેગથી પડતાં, આજે તારા પ્રાણોનો અવશ્ય વિનાશ થશે."[૨૦]

વાલીનું વચન સાંભળી ક્રોધ પામેલા સુગ્રીવે તેવોજ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે, "અરે, તારા પ્રાણોને હરણ કરનારી આ મારી દૃઢ મુષ્ટિ તારા મસ્તકપર પડે છે!"[૨૧] સુગ્રીવ એમ કહેતો હતો એટલામાં તો અતિ ક્રોધ પામેલા વાલીએ તુરતજ સુગ્રીવ ઉપર જોરથી મુષ્ટિપ્રહાર કર્યો જેથી ઝરણાંવાળા પર્વતની પેઠે, તેના શરીરમાંથી રૂધિર વહેવા માંડયું.[૨૨] પરન્તુ એથી જરાએ ન ગભરાતાં મહા સમર્થ સુગ્રીવે તુરતજ પૃથ્વીપરથી એક મોટું સાલવૃક્ષ ઉખેડી કહાડી ઇંદ્ર જેમ વજ્ર વડે પર્વતપર પ્રહાર કરે તેમ એ વૃક્ષ વડે વાલીના શરીરપર પ્રહાર કરી તેનાં સર્વે અંગોને શિથિલ કરી નાંખ્યાં; જેથી મહાસમર્થ વાલી સમુદ્રની વચ્ચે ખુબ ભારથી ભરેલા જીર્ણ+ નાવમાં બેઠેલા યાત્રાળુઓની પેઠે વિહ્વળ બની ગયો.[૨૩,૨૪] એક બીજાના છિદ્રોને શોધનારા દીર્ઘ દેહવાળા એ બન્ને વીર વાનરો કે જેઓ ગરૂડ સરખા વેગવાળા, ભયંકર બળ પરાક્રમવાળા, અને શત્રુઓનું મર્દન કરવામાં સમર્થ હતા તેઓ, જાણે આકાશને વિષે ચંદ્ર તથા સૂર્ય યુદ્ધ કરતા હોયની? તેમ અતિ દારૂણ યુદ્ધ કરવા લાગ્યા. કેટલીવાર સુધી તો તેઓએ એક-બીજાનો પરાભવ કરવા માટે એક સરખી રીતે યુદ્ધ કર્યું, પરન્તુ અન્તે અતિશય બળ-પરાક્રમવાળા વાલીના પ્રહારોથી મહાબળવાન સૂર્યપુત્ર સુગ્રીવ નરમ પડવા લાગ્યો; અને વાલીનું પરાક્રમ જોઈ તેનો ગર્વ ઉતરી જવાને લીધે તેનું યુદ્ધ કૌશલ્ય મંદ પડવા લાગ્યું. એ સમયે તે સુગ્રીવ ગુપ્તપણે રામચંદ્ર ઉભા હતા તે તરફ વારંવાર દૃષ્ટિ કરી તેમને પોતાની અશક્તિ દર્શાવવા લાગ્યો. રામચંદ્ર પણ થોડીકવાર સુધી તો તે બન્ને ભાઈઓની તુલના કરતા જોઈજ રહ્યા; એટલામાં તો મોટી શાખાવાળાં વૃક્ષો, પર્વતશિખરો, વજ્ર સરખા નખો, મુષ્ટિઓ, ગુંટણો, લાતો તથા કૂણીઓના પ્રહારોથી વાલી-સુગ્રીવનું મહાતુમુલ યુદ્ધ ઇંદ્ર અને વૃત્રાસુરના દારૂણ યુદ્ધ સરખું મચી રહ્યું.[૨૫-૨૯] ઘણીવાર સુધી યુદ્ધ કરતાં, એ બન્ને ભાઈઓનાં શરીર રૂધિરવડે રંગાઈ ગયાં, તોપણ મહામેઘની પેઠે, ભયંકર ગર્જનાઓથી પરસ્પર ત્રાસ ઉપજાવતા તેઓ યુદ્ધ કરતા વિરામ પામ્યા નહિ.[૩૦]

વાલીના વજ્રસરખા પ્રહારોથી તથા યુદ્ધના પરિશ્રમથી વાનરેશ્વર સુગ્રીવ નિસ્તેજ થવા લાગ્યો, અને સહાય માટે વારંવાર દિશાઓ તરફ જોવા લાગ્યો. ત્યારે 'હવે મારો મિત્ર સુગ્રીવ થાકયો છે' એમ ધારી મહાતેજસ્વી રામચંદ્રે વાલીનો વધ કરવા અર્થે પોતાના ભાથાં તથા ધનુષ્યને સંભાળ્યાં,[૩૧-૩૨] અને વૃક્ષની ઓથે રહીને જ તેમણે પોતાનું કાળ-ચક્ર સરખું ધનુષ્ય સજ્જ કરી તેપર એક ઝેરી સર્પજેવું તીવ્ર બાણ ચઢાવ્યું.[૩૩] એ વેળા રામચંદ્રના ધનુષ્યની પ્રત્યંચાના ટંકા-

* સુવર્ણની માળાવાળા.

+ જીર્ણ-જૂના નાવમાં હદ ઉપરાંત ભાર ભરવાથી સમુદ્ર વચ્ચે ડુબવાનો ભય રહે છે અને તેથી તેમાં બેસી મુસાફરી કરનારાં મનુષ્યો વિહ્વળ થાય છે.

રવથી ત્રાસ પામેલાં વનવાસી પશુ-પક્ષીઓ પ્રલયકાળ આવ્યો એમ સમજીને ચોતરફ નાસવા લાગ્યાં.[૩૪] પછી શ્રીમાન્ રામચંદ્રે દેદીપ્યમાન અશનિ સરખું તેજસ્વી એવું અમોઘ બાણ વાલીપર લક્ષ્ય બાંધીને છોડ્યું, કે તુરતજ વજ્રની પેઠે સુસવાટ કરતું તે બાણ વેગથી જઇને વાલીના વક્ષ:સ્થળપર પડ્યું. રામચંદ્રના અમોઘ બાણનો મર્મસ્થળમાં પ્રહાર થતાં જ અતિપરાક્રમી અને મહાતેજસ્વી વાલી જેમ ઉંચે ફરકતો ઇંદ્રધ્વજ આશ્વિનમાસની પૂર્ણિમાના દિવસે પૃથ્વીપર તૂટી પડે છે, તેમ બળ તથા પરાક્રમરહિત થઈ પૃથ્વીપર તૂટી પડયો, અને અતિ દુ:ખને લીધે ગદ્ગદ કંઠ થઇ જવાને લીધે તે " હાય આ શું થયું ? " એમ ધીમેથી આર્તનાદ કરવા લાગ્યો.[૩૫ ૩૭]

કાળસમાન ક્રોધ પામેલા પુરૂષોત્તમ રામચંદ્રે, શંકર જેમ પોતાના ત્રીજા નેત્રમાંથી સર્વનો નાશ કરે એવા અગ્નિને છુટો મૂકે તેમ પોતાનું કાળ સરખું, શત્રુઓને મર્દન કરનારૂં અને સુવર્ણથી શણગારેલું અમોઘ બાણ વાલી ઉપર છુટું મૂક્યું;[૩૮] જેનો પ્રહાર થવાથી રૂધિરવડે રંગાયેલો હોવાને લીધે પુષ્પોથી ખીલેલા પર્વતપરના અશોકવૃક્ષસરખો જણાતો ઇંદ્રપુત્ર વાલી ઉત્સવના અંતે કોઇએ ભાંગી પાડેલા ઇંદ્રધ્વજની પેઠે નિશ્ચેષ્ટ થઈ પૃથ્વીપર પડયો.[૩૯]

अथोक्षितः शोणिततोयविस्रवैः सपुष्पिताशोक इवाचलोद्गतः । विचेतनो वासवसूनुराहवे प्रभ्रंशितेन्द्रध्वजवत क्षितिं गतः ॥ ३९ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં સોળમા સર્ગ સંપૂર્ણ. ૧૬

સર્ગ ૧૭ મો.

શરપીડિત વાલી-રામચંદ્રને ઠપકો.

ततः शरेणाभिहतो रामेण रणकर्कशः । पपात सहसा वाली निकृत्त इव पादपः ॥१॥

રામચંદ્રના બાણવડે હણાયેલો, ઉત્તમ સુવર્ણનાં આભૂષણવાળો અને વાનરો તથા રીંછોનો રાજા રણકર્કશ+ વાલી કપાયેલા વૃક્ષની પેઠે કિંવા છેદાયેલા મોટા ધ્વજની પેઠે એકાએક પૃથ્વીપર પડયો, અને તેનાં સર્વ આભૂષણો ધૂળમાં રગદોળાવા લાગ્યાં. વાલી પરાક્રમહીન થઇ હેઠો પડવાને લીધે પૃથ્વી ચંદ્રવિનાના આકાશની પેરે શોભારહિત થઈ ગઈ.[૧-૩] વાલી નિશ્ચેષ્ટ થઈ પૃથ્વીપર પડયો હતો તોપણ તેનું સ્વાભાવિક સૌન્દર્ય, પ્રાણ, તેજ અને પરાક્રમ એઓએ તેના દેહનો ત્યાગ કર્યો નહતો,[૪] તેનું કારણ માત્ર તેને ઈંદ્રે આપેલી રત્નજડિત સુવર્ણમાળાજ હતી. એ સુવર્ણમાળા કે જેનું 'વિજયમાળા' એવું શ્રેષ્ઠ નામ હતું તેને કંઠમાં ધારણ કરી વાલી જ્યારે જ્યારે યુદ્ધે ચઢતો, ત્યારે ત્યારે તેનો વિજય જ થતો હતો. આ વેળાએ પણ તેના કંઠમાં રહેલી એ વિજયમાળાએજ તેના પ્રાણ, તેજ તથા પરાક્રમને ટકાવી રાખ્યાં હતાં.[૫]

પૃથ્વીપર પડેલો વાનરેશ્વર વાલી પોતાના કંઠમાં સુવર્ણમાળા વીંટાયેલી હોવાને લીધે સંધ્યાસમયની રતાશથી વીંટાયેલા મેઘના સરખો શોભતો હતો.[૬] જો કે વાલી પૃથ્વીપર પડયો હતો, તોપણ તે વિજયમાળા તેનો સુંદર દેહ અને રઘુવીરનું મર્મઘાતી દેદીપ્યમાન બાણ એ ત્રણેની શોભાથી અધિક શોભતો હતો.[૭] રામચંદ્રના ધનુષ્યમાંથી છુટેલું બાણ કે જે સ્વર્ગમાર્ગ પ્રત્યે લઇ જવાને સમર્થ હતું, તે બાણ શૂરવીર વાલીને પણ ઉત્તમ ગતિએ પહોંચાડનારૂં થઇ પડ્યું.[૮] સમરભૂમિને વિષે શિખા વિનાના અગ્નિની પેઠે નિશ્ચેષ્ટ થઇ પડેલો, સુવર્ણની વિજયમાળાને

+સંગ્રામમાં કઠોર સ્વભાવવાળો.

ધારણ કરનારો, વિશાળ વક્ષઃસ્થળવાળો, પ્રકાશિત મુખવાળો અને પીળાં નેત્રવાળો વાનરોનો રાજા ઇંદ્રપુત્ર વાલી, કે જે મહેંદ્રના સરખો દુર્ધર્ષ* તથા ઉપેંદ્રના+ સરખો દુઃસહ× હતો તે જાણે પુણ્ય ક્ષીણ થવાથી પૃથ્વીપર પડેલો યયાતિજ હોયની? કિંવા યુગાંત-સમયે કાલે કરીને ભૂમિપર પડેલો સૂર્યજ હોયની? એવો દેખાતો હતો.૯-૧૧

જવાળા વિનાના અગ્નિની પેઠે, શાંત થઇ પૃથ્વીપર પડેલા ઇંદ્રપુત્ર વાલીને જોઇ તેની પ્રશંસા કરતા મહાપરાક્રમી શ્રીમાન્ રામચંદ્ર પોતાના કનિષ્ઠ બંધુ લક્ષ્મણસહિત ધીમે ધીમે તેની પાસે જવા લાગ્યા, અને થોડીકવારમાં એ બન્ને ભાઇઓ વાલીની પાસે જઇને ઉભા રહ્યા.૧૨-૧૩ મહાબળવાન્ અને સંગ્રામમાં ગર્વવાળા રામ-લક્ષ્મણને પોતાની પાસે આવી ઉભેલા જોઇને છેલ્લી અવસ્થામાં આવી પડેલો વાલી, પૃથ્વીપર પડયે પડયે તેઓ પ્રત્યે નમ્રતા તથા ધર્મયુક્ત છતાં કઠોર વચનો, અર્થયુક્ત વાણીથી કહેવા લાગ્યો.૧૪-૧૫

વાલી કહે છેઃ-"હે રામ! મને નિરપરાધીને હણનાર તું જ છે કે? અહો! હું કે જે તારી સામે યુદ્ધ કરવા નહિ આવેલો હોવાથી પરાંગમુખ હતો તેનો વધ કરવાથી તને શું ફળ પ્રાપ્ત થયું? અરે, હું બીજાની સાથે યુદ્ધ કરતો હતો તેમાં વચ્ચે આવી તેં મારો વધ શામાટે કર્યો? હે દાશરથિ! આ પૃથ્વીને વિષે સર્વ ભૂત-પ્રાણીઓનાં મુખથી મેં તારો એવો પવિત્ર યશ સાંભળેલો છે કે દશરથરાજાનો પુત્ર રામ કુલીન, ઉત્તમ સત્વયુક્ત, વૈદિકધર્મનું આચરણ કરનાર, બીજાના કરૂણપણાને જાણનાર, પ્રજાઓના હિતમાં પ્રીતિમાન, દયાવાળો, મોટા ઉત્સાહવાળો, સમયને જાણનાર, તથા દૃઢ પ્રતિજ્ઞાવાળો છે, છતાં હું આજે તારેજ હાથે વિના યુદ્ધે અન્યાયથી હણાયો, તેથી હું તારા પૂર્વોક્ત યશને કલંકિત માનું છું.૧૬-૧૮ હે રામ! શમ, દમ, ક્ષમા, ધર્મ, ધૈર્ય, સત્વ, પરાક્રમ અને દંડ એ સઘળા ગુણો પૃથ્વીનું પાલન કરનાર, રાજાઓને વિષે વસે છે,૧૯ અને તું પણ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલો હોવાથી તારે વિષે પણ એ સર્વગુણો હશે, એમ ધારીનેજ હું મારી સ્ત્રી તારાએ વારવા છતાં સુગ્રીવની સાથે યુદ્ધ કરવાને આવ્યો; પણ રે, આખરે મારી તે ધારણા ખોટીજ પડી.૨૦ હે રામ! મેં તને જોયો નહતો ત્યાં સુધી તો 'સુગ્રીવની સાથે યુદ્ધ કરતાં મને તું આમ એકાએક બાણવડે વીંધશે' એવો મારા મનમાં વિચાર પણ ઉદ્ભવ્યો નહતો. અરે, આમ મને-નિરપરાધીને હણવારૂપ નિંદ્ય કર્મ કરવાથી તો તું ખરેખર નીચાત્મા, અધર્મી, પાપયુક્ત આચરણવાળો અને તૃણથી ઢંકાયેલા કુવાની પેઠે, ઉપરથીજ ધર્મધ્વજપણું દાખવનારો છે, એમ મને સ્પષ્ટ માલૂમ પડી ગયું!૨૧-૨૨ અરે, ભસ્મવડે ઢંકાયેલા ગુપ્ત અગ્નિની પેઠે, અંતરમાંનાં પાપને છુપાવવા અર્થે માત્ર ઉપરથીજ સજ્જનો જેવા વેષને ધારણ કરનારો તું આમ કેવળ ધર્મનો ઢોંગ ધાલુંજ હોઇશ એવું હું પહેલેથી જાણતો નહતો!૨૩ હે રામ! મેં તારા દેશમાં કિંવા નગરમાં કાંઇપણ અપરાધ કર્યો નથી, તેમજ કદી પણ તારૂં અપમાન કર્યું નથી, તોપછી મને-નિરપરાધીને તેં શા માટે હણ્યો?૨૪ હું નિરંતર ફળ-મૂળાદિ વન્ય* પદાર્થોનો આહાર કરી સર્વ કાળ વનમાંજ વાસ કરનાર વાનર છું, તેમજ આ સ્થળે હું કાંઇ તારી સાથે યુદ્ધ કરવાને આવ્યો નહતો, માત્ર સુગ્રીવની સાથે યુદ્ધ કરતો હતો, એવા અપરાધ વગરના મને હણવાનું તારે શું પ્રયોજન હતું?૨૫ અહો! તું રાજાનો પુત્ર હોવાથી તથા ઉત્તમ સ્વરૂપ-

* જેનો પરાભવ ન થઈ શકે એવો.
+ બળિરાજાને છળનાર વામનરૂપધારી વિષ્ણુ.
× જેનું તેજ ક્રોધથી સહન ન થઈ શકે એવો.

* વનમાં ઉપજતા.

વાન્ હોવાથી વિશ્વાસપાત્ર દેખાય છે, પરંતુ માત્ર ધર્મનો ડ્હોળ બતાવનારૂં આ તારૂં જટા-વલ્કલ આદિ ચિહ્ન તો ખરેખર મને હણવામાં સાધનરૂપ થઈ પડ્યું હોય એમ જણાય છે![26] અરે, સર્વ શાસ્ત્રોનું શ્રવણ કરવાથી જેના સઘળા સંશયો ટળી ગયા હોય એવો ક્ષત્રિયકુલોત્પન્ન કયો પુરુષ આવાં જટા-વલ્કલ આદિ ધર્મનાં ચિહ્નો ધારણ કરીને પછી આવું ક્રૂર કર્મ કરે?[27] હે રામ! તું રઘુકુળમાં જન્મેલો હોવાથી અત્યંત ધર્મિષ્ઠ છે એમ સર્વત્ર વિખ્યાત થયેલું છે; પરંતુ અંદરખાનેથી તો તું અધર્મીજ માલૂમ પડે છે! અરે, એમ છતાં પણ તું આવો ધર્મિષ્ઠ પુરુષના સરખો વેષ ધારણ કરીને શામાટે ફરે છે?[28] રાજાઓને વિષે તો શમ, દમ, દાન, ક્ષમા, ધર્મ, સત્ય, ધૈર્ય, પરાક્રમ અને અપરાધીઓનેજ દંડ દેવો, એ સર્વ ઉત્તમ ગુણો રહેલા છે; પણ તેં મને-નિરપરાધીને હણ્યો, એથી હું તારે વિષે રાજાનો ગુણ જોતો નથી.[29] હે રામ! અમે કે જે માત્ર ફળ-મૂળનુંજ ભક્ષણ કરનારા વનવાસી વાનર છીએ તેઓની બુદ્ધિ પશુતુલ્ય હોય એમાં આશ્ચર્ય નથી; પરંતુ તમો મનુષ્યોના પણ રાજા છતાં આવો અધર્મ કરો એ શું યોગ્ય ગણાય?[30] પૃથ્વી, સુવર્ણ અને સ્વરૂપવતી સ્ત્રી, એ ત્રણ વસ્તુઓ કજીયાનાં કારણરૂપ છે, પરંતુ હે રામ! વનફળનો આહાર કરનારા અમારી પાસેથી તેમાંની કયી વસ્તુ તારે જીતી લેવી હતી કે જેને માટે તેં મારો વધ કર્યો? અરે, તને મારાં વનફળોમાં તો લોભ નથી ને?[31] હે રાજપુત્ર! નીતિ, નમ્રતા, નિગ્રહ અને અનુગ્રહ એ ચાર રાજધર્મો પણ સમયાનુસાર-યોગ્યાયોગ્યનો વિચાર કરીનેજ પ્રવૃત્ત થાય છે, કેમકે રાજાઓ યથેચ્છ આચરણ કરનારા હોતા નથી, અર્થાત્ રાજાઓ શાસ્ત્રાનુસારે યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરીનેજ નીતિ વગેરે રાજધર્મોનું આચરણ કરે છે.[32] પરંતુ તું તો કેવળ સ્વેચ્છાચારી, અતિક્રોધી, ચંચલ ચિત્તવાળો, રાજધર્મથી સર્વ પ્રકારે ઉલટો તથા પોતાની ઇચ્છામાં આવે ત્યાં અમોઘ બાણોને ફેંકનારો છે.[33] વળી હે મનુજેશ્વર§! તારી ધર્મને વિષે નિષ્ઠા નથી, તેમજ શાસ્ત્રોક્ત અર્થને વિષે તારી બુદ્ધિ સ્થિર નથી, પણ માત્ર યથેચ્છાચરણ કરનારો તું પોતાની દુષ્ટ ઇંદ્રિયોના વેગમાં ખેંચાયા કરે છે.[34] હે કાકુત્સ્થ! હું કે જે કેવળ નિરપરાધી છું તેને હણવારૂપ આવું નિંદ્ય કર્મ કરીને હવે તું સત્પુરૂષોની વચ્ચે શું બોલી શકીશ?[35] અરે, રાજાની હત્યા કરનારો, બ્રહ્મહત્યારો, ગોહત્યારો, ચોરી કરનારો, નિરપરાધી પ્રાણીઓનો વધ કરનારો, નાસ્તિક અને પરિવેત્તા* એ સઘળા પાપીઓ નરકમાં પડે છે;[36] તેમજ પિશુન (ચાડીયો), કદર્ય,÷ મિત્રને હણનારો તથા ગુરૂપત્નીનું ગમન કરનારો; એ સર્વ પણ મરણ પામ્યા પછી અવશ્ય પાપી જીવોના લોક પ્રત્યે જાય છે."[37]

"હે રામ! કદાચ તું કહીશ કે "મેં તને મૃગયાનિમિત્તે હણ્યો છે." તો તારૂં તે કથન પણ અયોગ્યજ થશે, કેમકે અમારાં ચર્મ-ચામડીને સત્પુરૂષો કદી પણ ધારણ કરતા નથી, તેમજ અમારાં રૂંવાટાં તથા હાડકાંને પણ સ્પર્શ કરતા નથી, તેથી અમારૂં માંસ તમસરખા ધર્મિષ્ઠ પુરૂષોને અભક્ષ્ય છે.[38] વળી હે રાઘવ! બ્રાહ્મણ તથા ક્ષત્રિયને તો માત્ર ગેંડા, શાહુડી, ઘો, સસલું

§ મનુષ્યોનો રાજા.

* પોતાનો મોટો ભાઇ કુંવારો છતાં તેનાં પહેલાં પરણનાર નાનોભાઈ તથા મોટા ભાઇને મૂકી પોતેજ રાજ્યાસને બેસનાર નાનો ભાઇ.

÷ કદર્યનું લક્ષણ—

" आत्मानं धर्मकृत्यं च पुत्रदारांश्च पीडयेत् ।
देवतातिथिभृत्यांश्च स कदर्य इति स्मृतः ॥

જે પુરૂષ પોતાની પાસે વૈભવ છતાં, દેવ તથા અતિથિ વગેરેનો સત્કાર ઈત્યાદિ ધર્મ કૃત્ય કરે નહિ; તેમજ પોતાનાં સ્ત્રી, પુત્ર અને નોકર-ચાકરોને પણ સુખી રાખે નહિ તથા પોતે-જાતે પણ સુખ ભોગવે નહિ, તે પુરૂષ 'કદર્ય-કંજૂસ' કહેવાય છે."

અને કાચબો, એ પાંચ નખવાળાં પાંચજ પ્રાણીઓ ભક્ષ્ય છે.૩૯ હે રામ ! અમે વાનરો જો કે પાંચ નખવાળા છીએ તોપણ અમારૂં માંસ તો સર્વથા અભક્ષ્યજ છે, કેમકે બુદ્ધિમાન પુરૂષો અમારાં ચર્મ તથા અસ્થિ-હાડકાંને સ્પર્શ પણ કરતા નથી; માટે હે રાઘવ ! તેં મને વ્યર્થજ હણ્યો છે.૪૦ અરે, સર્વજ્ઞ એવી મારી સ્ત્રી તારાએ પ્રથમથીજ સત્ય અને હિતરૂપ વચનો કહીને મને વાર્યો હતો, છતાં મોહને લીધે તેનાં વચનોનું ઉલ્લંઘન કરીને હું કાળને વશ થઈ અહીં આવ્યો, કે જેથી મરણને શરણ થયો છું !૪૧ હે કાકુત્સ્થ ! જેમ અધર્મી પતિના પાલે પડેલી શીયલવતી સ્ત્રી નિરંતર અનાથ સરખીજ રહે છે, તેમ તારા સરખા પતિ (રાજા)થી પાલન કરાતી પૃથ્વી પણ સદા અનાથ સરખીજ ગણાય છે; અર્થાત હે રામ ! તું રાજ્ય કરવાને યોગ્ય નથી.૪૨ અરે, અયોધ્યાનગરીના અધિપતિ મહારાજા દશરથ તો અત્યંત પવિત્ર અંતઃકરણવાળા મહાપુરૂષ હતા, તેનાથી તારા સરખો ગુપ્તરીતે બીજાનું ભુંડું કરનાર, ક્ષુદ્ર બુદ્ધિવાળો, અપવિત્ર અંતઃકરણવાળો અને મિથ્યા ધર્મનો ઢોંગ દેખાડનારો શઠ પુત્ર કેમ જન્મ પામ્યો ?૪૩ અરે, હાય ! ! સત્પુરૂષોની ઉત્તમ ચારિત્રરૂપી મર્યાદાને તોડનારા, સદ્ધર્મ માર્ગનું ઉલ્લંઘન કરનારા અને ધર્મરૂપી અંકુશ વગરના રામરૂપી મહોન્મત્ત હાથીવડે આજે હું હણાયો ! ! ૪૪ હે રામ ! મને હણવારૂપી મહા અશુભ, અયોગ્ય અને સજ્જનોએ નિંદેલું કર્મ કરીને, તું હવે સત્પુરૂષોના સમાજમાં શું બોલી શકીશ ? ૪૫ હે રામ ! હું કે જેણે તારો કાંઈ પણ ઉપકાર કિંવા અપકાર કર્યો નથી તેનાપર જે આવડું મોટું પરાક્રમ ચલાવ્યું તેવું પરાક્રમ તું તારા શત્રુપર ચલાવી શકે એમ હું માનતો નથી. ૪૬ હે રાજપુત્ર ! સંગ્રામને વિષે તેં મારી સામે ઉભા રહી મારી સાથે યુદ્ધ કર્યું હોત તો હું આજે તને અવશ્ય યમલોકમાં પહોંચાડી સૂર્યપુત્ર યમરાજાનું દર્શન કરાવત !૪૭ હે રાઘવ ! સંગ્રામમાં જેની સામે ઉભો રહેવાને કોઈપણ સમર્થ નથી એવા મને, સૂતેલા પુરૂષને ડંસી ખાનારા સર્પની પેઠે, તેં આજે અદૃશ્ય રહીને હણ્યો છે; માટે તું મોટા પાપથી બંધાઈ ચૂક્યો છે.૪૮ હે રામ! રાવણને હણી સીતાને લાવવા માટે તેં મારો વધ કરી આજે સુગ્રીવનું પ્રિય કર્યું છે, પરંતુ જો પ્રથમથી જ મારો મેળાપ કરીને મને સીતા લાવવાની આજ્ઞા કરી હોતતો માત્ર એક જ દિવસમાં હું સીતાને લાવીને તારે સ્વાધીન કરત;૪૯ તેમજ તારી સ્ત્રીનું હરણ કરનારા એ દુરાત્મા રાવણરાક્ષસનો સંગ્રામમાં પરાભવ કરીને તથા તેને પશુની પેઠે દોરડાવતી કંઠમાં બાંધીને જીવતોજ ખેંચી લાવી તને અર્પણ કરત.૫૦ અરે, એ પાપી રાવણે તારી સ્ત્રી સીતાને સમુદ્રમાં આવેલા કોઈપણ ગુપ્તદ્વીપમાં કિંવા પાતાલ સરખા અગમ્ય સ્થળમાં રાખી હોત તો ત્યાંથી હું પૂર્વે હયગ્રીવે આણેલી શ્વેતાશ્વતરી શ્રુતિની પેઠે,* તેને અહીં લાવત.૫૧ હે દાશરથિ ! મારા સ્વર્ગે જવા પછી મારો કનિષ્ઠ બંધુ સુગ્રીવ કિષ્કિંધાનગરીનું રાજ્ય પામશે એતો જાણે યોગ્ય જ છે, પરંતુ તેં સંગ્રામને વિષે અધર્મથી મારો વધ કર્યો એ ઘણું જ અયુક્ત કર્યું છે.૫૨ હે રામ ! કાળને વશ થવું અર્થાત્ મરણ પામવું એ તો પ્રાણીમાત્રનો સ્વાભાવિક ધર્મ છે, એટલે તે સંબંધે મને જરાએ ખેદ થતો નથી, પરંતુ કાંઇ પણ લાભ સિવાય તેં મને અધર્મથી વ્યર્થ હણ્યો તેનું શું કારણ છે ? એ હું તારા મુખથી સાંભળવા ઇચ્છું છું; માટે તું સારી રીતે વિચાર કરી લે અને પછી મને યોગ્ય ઉત્તર આપ. ”૫૩

રામચંદ્રના તીક્ષ્ણ બાણના ઘાથી પીડાતો

* પૂર્વે મધુ-કૈટભ દૈત્યોએ હરેલી શ્રુતિ-વેદને લાવવા માટે ભગવાને હયગ્રીવ અવતાર ધારણ કર્યો હતો અને પાતાળમાં જઈ, તે બન્ને દૈત્યોને હણી શ્રુતિને લાવ્યા હતા.

વાનરાધિપતિ મહાત્મા વાલી એટલું બોલતાં બોલતાં કંઠ સૂકાવાને લીધે વિરામ પામ્યો, અને સૂર્યસરખા તેજસ્વી શ્રીમાન રામચંદ્રની વ.ણી એકી ટસે જોતો શાંત થઇ પડયો.[૫૪]

इत्येवमुक्त्वा परिशुष्कवक्त्रः शराभिघाताद्व्यथितो महात्मा । समीक्ष्य रामं रविसंनिकाशं तूष्णीं बभौ वानरराजसूनुः ॥ ५४ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૭

सर्ग १८ मो.

રામચંદ્રનાં ન્યાય વચનો-વાલીનાં વાકયોનું નિરસન.

इत्युक्तः प्रश्रितं वाक्यं धर्मार्थसहितं हितम् ।
परुषं वालिना रामो निहतेन विचेतसा ॥१॥

રામચંદ્રના બાણથી હણાવાને લીધે આકુળ થયેલો વાનરશ્રેષ્ઠ વાલી કે જે કાંતિવિનાના સૂર્ય સરખો નિસ્તેજ, વર્ષી ગયેલા મેઘ સરખો નિઃશબ્દ તથા શાંત થયેલા અગ્નિસમાન પ્રકાશરહિત જણાતો હતો તેણે, પૂર્વોક્ત રીતે વિનય, ધર્મ, અર્થ અને હિતના આભાસવાળાં કઠોર વચનો રામચંદ્ર પ્રતિ કહ્યાં. તે સાંભળી જરાપણ ખેદ નહિ પામેલા શ્રીમાન રામચંદ્ર પ્રત્યુત્તરરૂપે ધર્મ અને અર્થયુકત વચનો કહેવા લાગ્યા.[૧-૩]

રામચંદ્ર કહે છેઃ-"હે સૌમ્ય! તું ધર્મ, અર્થ, કામ તથા લૌકિક આચારને જાણ્યા સિવાય બાળકબુદ્ધિને વશ થઇ મારી નિંદા કેમ કરે છે?[૪] હે વાનર! ઉત્તમ શિષ્ટાચારનું શિક્ષણ આપનારા અને બુદ્ધિસંપન્ન એવા કોઈ વૃધ્ધ પુરૂષોને પૂછ્યા વિના તું પોતાનેજ પંડિત માનીને વાનરપણાંની ચપળતાને વશ થઇ મને આવાં અયોગ્ય કઠોર વાકયો કેમ કહે છે?[૫] હે વ.લી! ઇક્ષ્વાકુવંશના મૂળ પુરૂષ મનુ રાજાએ પર્વતો, વનો તથા ઉદ્યાનોવાળી આ સઘળી પૃથ્વી પોતાના વંશજોને આપેલી છે, અને તે સાથે મૃગપક્ષી તથા મનુષ્યાદિ પ્રાણીઓને દંડ આપવાનો, તેમજ તેઓપર અનુગ્રહ કરવાનો અધિકાર પણ આપેલો છે.[૬] તદનુસાર વંશપરંપરાથી પોતાને પ્રાપ્ત થયેલી આ પૃથ્વીનું, હાલમાં ધર્માત્મા ભરત પાલન કરે છે. એ મહાત્મા ભરત સત્યવાદી, સરળ સ્વભાવવાળો, ધર્મ, અર્થ તથા કામનાં તત્ત્વને જાણનારો અને નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં તત્પર છે;[૭] તેમજ નીતિ, નમ્રતા અને સત્ય એ ગુણોએ તો તેનામાં સદૈવ નિવાસ કર્યો છે, અને વળી તે દેશકાળને જાણનાર તથા પ્રત્યક્ષ પરાક્રમી છે. હે વાલી! સાંપ્રતમાં તે ભરત આ પૃથ્વીનો રાજા છે.[૮] હે વાનર! ધર્મની રક્ષા કરવા અર્થે ભરતે કરેલી આજ્ઞાને વશ થયેલા અમે તેમજ બીજા રાજાઓ ધર્મની વૃધ્ધિ કરવાની ઇચ્છાથી આ સઘળા ભૂમંડળને વિષે વિચરીએ છીએ.[૯] રાજાઓમાં શ્રેષ્ઠ એ ભરત, કે જે ધર્મમાં પ્રીતિવાળો છે તેના રાજ્યમાં અધર્મમાર્ગે ચાલવાને કોણ સમર્થ છે?[૧૦] ઉત્તમ ધર્મમાર્ગે ચાલનારા અમે સર્વ રાજાઓ ભરતની આજ્ઞાને અનુસરી, ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા પ્રાણીઓને યથાયોગ્ય વિચારપૂર્વક દંડ આપીએ છીએ.[૧૧] હે વાલી! તું પોતાના નિંદિત ચારિત્ર્યને લીધે ધર્મને પીડા કરનારો અને કામનેજ પ્રધાન માનનારો હોવાને લીધે તથા રાજધર્મથી ઉલટો ચાલવાને લીધે મહા પાપી છે.[૧૨] શાસ્ત્રમાં કહ્યું છે કે.

ज्येष्ठो भ्राता पिता वाऽपि यश्च विद्यां प्रयच्छति।
त्रयस्ते पितरो ज्ञेया धर्मे च पथि वर्तिनः ॥

ધર્મને અનુસરનારા પુરૂષે પોતાના જયેષ્ઠ બંધુને, પોતાના પિતાને તથા વિદ્યા ભણાવનાર ગુરૂને પિતારૂપ જાણવા.[૧૩] તેમજઃ-

यवीयानात्मनः पुत्रः शिष्यश्चापि गुणोदितः ।
पुत्रवत्ते त्रयश्चिन्त्या धर्मश्चेवात्र कारणम् ॥

જયેષ્ઠ બંધુએ પોતાના કનિષ્ઠ બંધુને,

પિતાએ પોતાના પુત્રને અને ગુરૂએ પોતાના સદ્‌ગુણસંપન્ન શિષ્યને પુત્રરૂપે માનવો જોઇએ. આ બાબતમાં ધર્મજ મુખ્ય કારણ છે.[૧૪] હે વાનર! સત્પુરૂષોના એ અતિસૂક્ષ્મ ધર્મને તીક્ષ્ણ બુદ્ધિશાળી વિદ્વાન્ પુરૂષોજ જાણી શકે છે, અને શુભ શું છે તથા અશુભ શું છે? તેને તો સર્વ પ્રાણીઓના હૃદયમાં વસનારો એક આત્મા-ઈશ્વરજ જાણે છે.[૧૫] અત્યંત ચપળ સ્વભાવવાળો તું તારા જેવાજ ચપળ સ્વભાવવાળા અને અકૃતાત્મા વાનરોની સાથે વસે છે, તેથી જેમ જન્માંધની સાથે વસનારો કોઇ બીજો જન્માંધ પુરૂષ કશી વસ્તુને ઓળખી શકતો નથી, તેમ તું ગમે તેટલા વિચાર કરવા છતાં પણ ધર્મના સ્વરૂપને ઓળખી શકે તેમ નથી.[૧૬] હે વાલી! આ મારાં વચનોનો અર્થ હું તને સ્પષ્ટ રીતે કહું છું, તે તું લક્ષ્યમાં રાખ; માત્ર ક્રોધને વશ થઇને તું મને નિંદવા યોગ્ય નથી.[૧૭] મેં તને જે અર્થે હણ્યો છે, તેનું કારણ તું પ્રથમ સાંભળ. હે પાપકર્મ કરનાર વાનર! તું સનાતન ધર્મનો ત્યાગ કરી તારો કનિષ્ઠ બંધુ મહાત્મા સુગ્રીવ કે જે જીવતો છે તેની સ્ત્રી રૂમાને રાખી બેઠો છે અને એ રૂમા કે જે ધર્મની રીતિ પ્રમાણે તારી સ્નુષા* છે, તેની સાથે તું કામભાવથી રમણ કરે છે, તેથી ધર્મભ્રષ્ટ થયેલા અને કેવળ કામાંધ બની ગયેલા તને, પોતાના જીવતા કનિષ્ઠ બંધુની સ્ત્રીની સાથે દુષ્ટ વ્યવહાર કરવાના અપરાધ માટે મેં આ દંડ આપ્યો છે![૧૮-૨૦] હે વાનરોના યૂથનું પાલન કરનાર વાલી! લોકોના આચારથી ભ્રષ્ટ થયેલા અને લોકવિરૂદ્ધ બનેલા તારા સરખા પુરૂષને આના કરતાં બીજો દંડ આપવો યોગ્ય નથી, એમ હું માનું છું; અર્થાત્ તારા સરખા પાપીને તો આવો પ્રાણાંત દંડજ યોગ્ય છે.[૨૧] હે વાનર! હું ઉત્તમ ક્ષત્રિયકુળમાં જન્મેલો હોવાથી તારા એવા અધર્મને સહન કરી શકું તેમ નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે:—

औरसीं भगिनीं वापि भार्यां वाप्यनुजस्य यः ।
प्रचरेत नरः [illegible] दण्डो वधः स्मृतः ॥

જે પુરૂષ પોતાની પુત્રી, ભગિની અથવા કનિષ્ઠબંધુની સ્ત્રીની સાથે કામવશ થઇ વ્યભિચાર કરે, તેનો વધ કરવો જ યોગ્ય છે. સાંપ્રતમાં મહાત્મા ભરત આ પૃથ્વીનું પાલન કરે છે, અને અમે સર્વે રાજાઓ તેની આજ્ઞા પ્રમાણે વર્તનારા છીએ,[૨૨,૨૩] માટે અમે ધર્મમાર્ગનું ઉલ્લંઘન કરનાર એવા તારી ઉપેક્ષા કેમ કરી શકીએ? પરમશ્રેષ્ઠ સનાતન ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરનારા દુષ્ટ પ્રાણીઓનો વધ કરનારો શ્રીમાન્ ભરત હાલમાં ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરે છે, અને તારા સરખા કામાસક્ત થઇ અધર્મ કરનારાઓને દંડ આપે છે. હે વાનર! અમે પણ તેની આજ્ઞાને માન્ય કરી તારા સરખા મર્યાદારહિત પુરૂષોને દંડ આપવાના કાર્યમાં તત્પર રહીએ છીએ.[૨૪,૨૫] વળી હે વાલી! સુગ્રીવની સાથે મારે મૈત્રી બંધાયેલી હોવાથી તે મને મારા કનિષ્ઠબંધુ લક્ષ્મણ સરખો પ્રિય છે, અને તેણે પોતાને સ્ત્રી તથા રાજ્ય પ્રાપ્ત થવાને અર્થે મારૂં કાર્ય કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી છે;[૨૬] તેમજ સઘળા વાનરોની સમક્ષમાં મેં પણ સુગ્રીવનું પ્રિય કરવા અર્થે જે પ્રતિજ્ઞા લીધી છે તેની, મારા સરખો ધર્મજ્ઞ પુરૂષ કેમ ઉપેક્ષા કરી શકે?[૨૭] હે વાનર! એ સઘળાં ધર્મયુક્ત કારણોને લીધે જ મેં તને કરેલું વધરૂપ શાસન યોગ્ય છે, માટે તું તેને માન્ય કર.[૨૮] હે વાનર! મેં તને જે વધરૂપ દંડ આપ્યો છે તે સર્વથા ધર્મરૂપજ છે. ધર્મના યથાર્થ સ્વરૂપને જાણનારા પુરૂષે પોતાના મિત્રનો ઉપકાર કરવોજ જોઇએ; કેમકે એ તેનો આવશ્યક ધર્મ છે.[૨૯] હે વાલી! મેં મારી મેળેજ તારૂં પાપ જાણીને તને દંડ આપ્યો, તે તો સારૂંજ થયું છે; નહિ તો તારા પોતાના પાપને અર્થે તારે પોતાને પણ ધર્મ

* પુત્રવધૂ સરખી.

શાસ્ત્રને અનુસરી પ્રાયશ્ચિત્ત કરવું પડત. આ સંબંધમાં ધર્મશાસ્ત્રોના આચાર્ય મહારાજા મનુએ પોતાની સ્મૃતિમાં બે ઉત્તમ શ્લોકો કહેલા છે, કે જે શ્લોકો ધર્મજ્ઞ પુરૂષોએ માન્ય કરેલા હોવાથી અદ્યાપિ પર્યંત લોકમાં પ્રસિદ્ધ છે, તે સાંભળ. મેં પણ તે પ્રમાણેજ કર્યું છે.૩૦ મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ–

" राज भिर्धृतदण्डास्तु कृत्वा पापानि मानवाः। निर्मलाः स्वर्गमायान्ति सन्तः सुकृतिनो यथा॥

પાપ કર્મ કર્યા પછી, રાજાઓથી શિક્ષા પામેલા પાપી મનુષ્યો નિર્મળ–પાપરહિત થઈને પુણ્યવાનની પેઠે વિમાનમાં બેસીને સ્વર્ગ પ્રત્યે જાય છે.૩૧

शासनाद्वापि मोक्षाद्वा स्तेनः पापात्प्रमुच्यते। राजा त्वशासन्पापस्य तदवाप्नोति किल्बिषम्॥

પાપકર્મ કરનાર મનુષ્ય જો કદાચ રાજાની આગળ જઈને પોતાનું પાપ પ્રકાશ કરે, અર્થાત્ રાજાની સમક્ષ પોતાનું પાપ કહી સંભળાવે, તો પછી ચાહે તો રાજા તેને દંડ આપે કિંવા છોડી દે, તોપણ તે પાપી મનુષ્ય પોતાના પાપથી મુક્ત થાય છે, પરંતુ રાજા કદાચ કાંઈ દ્રવ્યાદિના લોભથી પાપીને તેના પાપની યોગ્ય શિક્ષા ન આપે તો તે અવશ્ય એ પાપીના પાપથી વ્યાપ્ત થાય છે, અર્થાત્ રાજા જો ગુન્હેગારને યોગ્ય શિક્ષા ન કરે તો તે ગુન્હેગારનું પાપ રાજાને વળગે છે."૩૨

"હે વાલી! એ પ્રમાણેનો શિષ્ટાચાર પ્રાચીન કાળથી ચાલતો આવેલો છે. પૂર્વે કોઈ એક શ્રમણે* તારા જેવુંજ પાપકર્મ કર્યું હતું તેને અમારા પૂર્વજ માંધાતા રાજાએ પોતાની ઈચ્છાનુસાર ઘોર શિક્ષા આપી હતી;૩૩ તેમજ બીજા પણ જે જે દુષ્ટોએ પાપકર્મ કર્યાં છે, તે તે સર્વને પૃથ્વીનું પાલન કરનારા ધર્મજ્ઞ રાજાઓએ યથાયોગ્ય દંડ આપ્યો છે, કે જેથી તે તે પાપીઓ પાપમુક્ત થયા છે.૩૪ હે વાનરશાર્દૂલ! હવે તું પોતાના વધમાટે મિથ્યા શોચ કરીશ નહિ, કેમકે અમે ક્ષત્રિયો પોતાને અધીન નહિ, પણ ધર્મને જ અધીન છીએ, એટલે ધર્મને અનુસરી મેં કરેલો તારો વધપણ ધર્મયુક્ત જ છે.૩૫ હે વાનરપુંગવ! તારો વધ કરવામાં એક બીજું મોટું કારણ પણ છે, તે સાંભળ, કે જેથી તું મારાપર મિથ્યા ક્રોધ કરીશ નહિ.૩૬ હે કપિશ્રેષ્ઠ! મેં કાંઈ ક્રોધને વશ થઈને તારો વધ કર્યો નથી; તેમજ મેં ગુપ્તપણે રહીને સુગ્રીવની સાથે યુદ્ધમાં લાગેલા તારો વધ કર્યો તેથી કાંઈ મારા મનમાં પશ્ચાત્તાપ થતો નથી, કારણ કે માંસાહારી પુરૂષો ગુપ્ત રહીને કિંવા પ્રત્યક્ષ રહીને, જાળ, પાશ તથા કૂટ÷ વગેરેની કપટયુક્ત ક્રિયાવડે વનમાંનાં અનેક મૃગોને હણે છે. પછી તે મૃગો ભલે ત્રાસ પામી નાસતાં, વિશ્વાસથી બેઠેલાં, ઉભેલાં, સાવધ કિંવા અસાવધ હોય; તોપણ તેઓને હણવાથી મૃગયા કરનારાઓને દોષ લાગતો નથી.૩૭-૩૯ ધર્મપ્રવીણ મોટા રાજર્ષિઓ પણ મૃગયા કરવાને જાય છે અને ગમે તેવી સ્થિતિમાં રહેલાં મૃગોને હણે છે, છતાં તેઓને તે સંબંધે કશો દોષ લાગતો નથી. હે વાનર! મેં પણ યુદ્ધમાં મૃગયારૂપે બાણવડે તને વીંધ્યો છે, કેમકે તું શાખામૃગ છે. પછી ભલે, તું મારી સામે યુદ્ધ કરવા આવ્યો નહોતો અને બીજાની સાથે યુદ્ધ કરતો હતો તેથી શું?૪૦ હે વાનરશ્રેષ્ઠ! આ લોકને વિષે રાજાઓ અતિ દુર્લભ એવો ધર્મ, જીવિત તથા સર્વ પ્રકારનાં સુખ આપનાર છે, માટે કોઈએ પણ તેઓની હિંસા, નિંદા કિંવા તિરસ્કાર કરવાં નહિ, તેમજ તેઓનું કશું પણ અપ્રિય કરવું નહિ. મનુષ્યદેહધારી રાજાઓ તો સાક્ષાત્ દેવતાઓરૂપે જ આ ભૂતળને વિષે વિચરે છે.૪૧,૪૨ હે વાનર! સના-

* જૈન મતનો સાધુ.

÷ હાથી વગેરેને પકડવા માટે પૃથ્વીમાં મોટા ખાડા બનાવી, તેને તૃણ વગેરેથી આચ્છાદિત કરવામાં આવે છે તે.

તન ધર્મની રીતિને જાણ્યા સિવાય તું માત્ર ક્રોધને વશ થઇને પિતા તથા પિતામહોની વંશપરંપરાથી ચાલતા આવેલા ક્ષત્રિય ધર્મમાં રહેલા મને નિંદિત વચનો કહીને વ્યર્થ દૂષિત કરે છે."૪૩

રામચંદ્રના વચનો સાંભળીને જેનો નિશ્ચય ધર્મનેવિષે અત્યંત દૃઢ થયો હતો એવો અને બાણના પ્રહારથી ઘણોજ પીડાતો વાનરેશ્વર વાલી પોતાના મનસાથે વિચાર કરતાં રામચંદ્રને વિષે કશો પણ દોષ જોઇ શક્યો નહિ. પછી પોતે અજ્ઞાનથી કહેલાં પરૂષ-કઠોર વચનો માટે ક્ષમા યાચતો તે (વાલી) હાથ જોડીને કહેવા લાગ્યો કે, "હે નરશ્રેષ્ઠ! તમે કહો છો તે સઘળું યથાર્થ અને સત્ય જ છે, એમાં કાંઇ પણ સંશય નથી.૪૪,૪૫ હે રાઘવ! ઉત્તમ જ્ઞાન અને ઐશ્વર્યથી શ્રેષ્ઠ ગણાતા તમારા સરખા મહાન્ પુરૂષની સામે મારા સરખો એક અધમ પુરૂષ પ્રત્યુત્તર આપવાને યોગ્યજ નથી. પ્રમાદને લીધે મેં પ્રથમ તમને જે કઠોર અને અણુક્તાં વચનો કહ્યાં તે માટે તમે મને ક્ષમા કરશો, અને મારાપર દોષ દૃષ્ટિ ન કરશો; કારણ કે હું અત્યંત અજ્ઞાની છું અને તમે પ્રત્યક્ષ અનુભવથી ધર્માદિ ચારે પુરૂષાર્થોને જાણનારા તથા પ્રજાનું હિત કરવામાં આસક્ત છો. પાપીજનોનાં પાપકર્મનો તથા તેઓને આપવાયોગ્ય દંડનો નિશ્ચય કરવામાં તમારી બુદ્ધિ ઘણી જ તીક્ષ્ણ અને નિર્મળ છે.૪૬,૪૭ હે ધર્મજ્ઞ! હું કે જે સઘળા ધર્મભ્રષ્ટોમાં અગ્રેસર ગણાઇ ચૂક્યો છું. તેનું તમે ધર્મયુક્ત વાણીવડે પાલન કરો; અર્થાત્ તમે મારા સર્વ દોષોમાટે મને ક્ષમા આપો."૪૮

એટલું બોલતાં બોલતાં વાલીનો કંઠ અશ્રુને લીધે રૂંધાવા લાગ્યો, તોપણ કાદવમાં ખુંચી ગયેલા હાથીની પેઠે પીડા પામતો તે વાલી રામચંદ્રની સામે જોઇ ગદગદ કંઠે ધીમેથી કહેવા લાગ્યો કે,૪૯ "હે રઘુવીર! આ સમયે મને મારા આત્મા (શરીર)નો, મારી સ્ત્રી તારાનો કિંવા બાંધવોનો જરાપણ શોચ થતો નથી, પરંતુ સુવર્ણના બાજુબંધને ધારણ કરનારો મારો ગુણવાન પુત્ર અંગદ મને સાંભરી આવે છે, તેથી હું મોટા શોકસાગરમાં ડુબી જાઉં છું.૫૦ અરે, મેં તેનું બાળપણથી જ લાલન-પાલન કરેલું હોવાથી તે મારા વિયોગને લીધે દીન બની જશે, અને ગ્રીષ્મઋતુમાં સૂર્યનાં પ્રખર કિરણોવડે સૂકાઈ ગયેલાં જળવાળા સરોવરની પેઠે સૂકાઇ જશે!૫૧ હે રામ! એ અંગદ મારો એકનોએક જ પુત્ર હોવાથી મને અત્યંત પ્રિય છે, અને વળી તે બાળક હોવાથી હજી કાચી બુદ્ધિનો છે, માટે હે રામ! તમારે એની સારીરીતે રક્ષા કરવી.૫૨ હે રઘુવીર! તમે શાસ્ત્રોક્ત માર્ગે ચાલનારનું રક્ષણ કરનારા તથા વિરૂદ્ધ માર્ગે વર્તનારાને શિક્ષા આપનારા છો, માટે તમારે સુગ્રીવ અને અંગદ ઉપર એકસરખી પ્રીતિ રાખવી.૫૩ હે રાજકુમાર! તમે તમારા ભાઇ ભરત તથા લક્ષ્મણ ઉપર જેવી વૃત્તિ રાખો છો તેવીજ વૃત્તિ, આ સુગ્રીવ અને અંગદ ઉપર રાખવા યોગ્ય છો.૫૪ વળી અતિવિચારવતી મારી સ્ત્રી તારા કે જે મારે લીધે સુગ્રીવનો અપરાધ કરનારી ગણાય છે તેનું કદીપણ સુગ્રીવ અપમાન કરે નહિ એમ કરવાને તમે યોગ્ય છો.૫૫ હે રામ! તમારે અધીન રહી તમારી ઇચ્છા પ્રમાણે વર્તનારો સુગ્રીવ હવે તમારા અનુગ્રહને લીધે આ રાજ્યનું પાલન કરવાને સમર્થ છે.૫૬ એટલુંજ નહિ પણ તમારી કૃપાને લીધે આખા ભૂમંડળનું તેમજ સ્વર્ગનું રાજ્ય કરવાને પણ તે સમર્થ થયો છે. હે રઘુવીર! મારી સ્ત્રી તારાએ મને યુદ્ધે આવતાં વાર્યો તોપણ હું સુગ્રીવની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા આવ્યો તે તમારાં દર્શન કરીને તથા તમારાં વચન સાંભળીને હું નિષ્પાપ અને અજ્ઞાનરહિત થયો છું, અને હવે તમારી કૃપાથી હું ઉત્તમ લોક પ્રત્યે જવા ઈચ્છું છું." એટલું બોલી વાનરોનો રાજા વાલી વિરામ પામ્યો.૫૭,૫૮

વાલીના અંતઃકરણમાં જ્ઞાનબોધ પ્રકટેલો જોઇને શ્રીમાન્ રામચંદ્ર સજ્જનોને સંમત એવી અને ધર્મના તત્ત્વવાળી વાણી વડે તેનું આશ્વાસન કરતા કહેવા લાગ્યા કે,[૫૯] "હે વાનરસત્તમ! હવે તું તારા મનમાંની સઘળી વ્યથાને મૂકી દે, મેં તને ગુપ્ત રહીને હણ્યો તે સંબંધી તથા તેં તારી કનિષ્ઠ બંધુની સ્ત્રીનું હરણ કર્યું તે સંબંધી પાપનો તું તારા મનમાં લેશપણ વિચાર કરીશ નહિ, તું એ પાપથી મુક્ત થયો છે. વળી આવી ધર્મની બાબતમાં અમે તારા કરતાં વધારે પાકો નિશ્ચય કરેલો છે, એટલે તે સંબંધે પણ તારે ચિંતાનું કારણ નથી.[૬૦] દંડ દેવા યોગ્યને દંડનાર રાજા અને દંડ ભોગવનાર અપરાધી એ બન્ને જણ કૃતકૃત્ય થાય છે; જેથી તેઓને જરાપણ કલેશ થતો નથી.[૬૧] એજ પ્રમાણે હે વાલી! તું પણ મેં આપેલા વધરૂપ શિક્ષાથી નિષ્પાપ થઇ; દંડનીતિશાસ્ત્રમાં કહેલી રીતિપ્રમાણે હવે ધર્મયુક્ત શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત થયો છે.[૬૨] હવે હે કપિવર! તું તારા હૃદયમાંના શોક, મોહ તથા ભયનો ત્યાગ કર, કેમકે પૂર્વકર્મોનું ઉલ્લંઘન કરવાને તું કોઇ પણ પ્રકારે સમર્થ નથી.[૬૩] હે વાલી! તું તારા પ્રિયપુત્ર અંગદની જરાએ ચિંતા કરીશ નહિ, તે અંગદ જેવી રીતે તારી સાથે વર્તે છે તેવી જ રીતે સુગ્રીવની તથા મારી સાથે વર્તશે, એમાં સંશય નથી."[૬૪]

સંગ્રામને વિષે શત્રુઓનું મર્દન કરનારા મહાત્મા રામચંદ્રનાં મધુર, શાંત અને ધર્મમાર્ગને અનુસરતાં વચનો સાંભળીને વાનરોનો રાજા વાલી પુનઃ પણ યોગ્ય વાક્યોથી તેમની ક્ષમા યાચવા લાગ્યો કે,[૬૫] "હે ઇંદ્રસરખા ભયંકર પરાક્રમવાળા! હે અમો વાનરોના પણ સ્વામિનાથ! બાણની પીડાથી હતચિત્ત÷ થવાને લીધે મેં અજાણથી તમારા પ્રત્યે જે કઠોર વચનો કહ્યાં તે સંબંધે તમે મારાપર પ્રસન્ન થઈ મને ક્ષમા આપો!!"[૬૬]

शराभितप्तेन विचेतसा मया प्रभाषितस्त्वं यदजानता विभो। इदं महेंद्रोपमभीमविक्रम प्रसादितस्त्वं क्षम मे हरीश्वर ॥६६॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં અઢારમો સર્ગ સંપૂર્ણ. ૧૮

सर्ग १९ मो.

સતી તારાનું રણભૂમિમાં આગમન.

स वानरमहाराजः शयानः शरपीडितः। प्रत्युक्तो हेतुमद्वाक्यैर्नोत्तरं प्रतिपद्यत ॥ १ ॥

બાણની પીડાથી આકુળ વ્યાકુળ થઇ પૃથ્વીપર સૂતેલો વાનરોનો મહારાજા વાલી રામચંદ્રનાં પૂર્વોક્ત યુક્તિયુક્ત વચનોનો કાંઇપણ પ્રત્યુત્તર આપી શક્યો નહિ.[૧] સુગ્રીવ સાથેના યુદ્ધમાં શિલાઓ તથા વૃક્ષોના પ્રહારથી તેનું આખું શરીર કચ્ચરઘાણ થવાને લીધે તથા રામચંદ્રના તીવ્ર શર પ્રહારની વેદનાને લીધે તે હવે સંજ્ઞારહિત થવા લાગ્યો હતો.[૨] આટલા સમયમાં આખી કિષ્કિંધાનગરીને વિષે વાલિવધના સમાચાર ફેલાતાં અંતઃપુરમાં રહેલી સતીશિરોમણિ તારાને પણ જાણ થઇ કે સુગ્રીવની સાથે યુદ્ધ કરતો વાનરોનો રાજા વાલી રામના બાણથી હણાયો છે![૩] પોતાના પતિના વધરૂપ અત્યંત દારૂણ અને અપ્રિય સમાચાર સાંભળી સતીતારા અત્યંત ઉદ્વેગ પામી અને પોતાના પુત્ર અંગદને સાથે લઇને વાલીની પાસે જવા સારૂ કિષ્કિંધાનગરીમાંથી બહાર નીકળી.[૪] રણભૂમિ આગળ આવતાંજ રાજપુત્ર અંગદની સાથે જે મહાબળવાન્ વાનરો અંગરક્ષકતરીકે ચાલતા હતા, તેઓ ધનુષ્ય ગ્રહણ કરી ઉભેલા રામચંદ્રને જોતાંજ, જેમ પોતાના યૂથપતિરહિત થયેલાં મૃગો સિંહને જોઈ ત્રાસ પામી નાસાનાસ કરે તેમ રામચંદ્રના ભયથી નાસાનાસ કરવા લાગ્યા.[૫-૬] જાણે બાણથી વિંધાયાજ હોયની? એમ રામચંદ્રના ત્રાસને લીધે નાસભાગ

÷ હણાયેલા ચિત્તવાળો—બેભાન થયેલો.

કરતા વાનરોને જોઈ, અતિ દુઃખી થયેલી સતી તારા તેઓને કહેવા લાગી કે,[૭] "હે વાનરો! જો કે મારા સ્વામીને તેના ક્રૂર બંધુ સુગ્રીવે રાજ્યના લોભથી રામના હાથે ગુપ્તપણે-કપટપૂર્વક-દૂર જનારા બાણવડે હણાવ્યો છે, તોપણ હે મહાબળવાન્ વાનરો! તમે કે જેઓ સિંહસરખા પરાક્રમી મારા સ્વામીના અગ્રેસર÷ સેવકો છો તેઓ આ વેળાએ આમ ભય પામી પોતાના રાજાનો ત્યાગ કરી, કેમ નાસો છો?"[૮,૯]

તારાનાં વચન સાંભળી, ઇચ્છિત રૂપ ધરનારા એ સર્વ વાનરો એકમત થઈ સમયોચિત* વચન કહેવા લાગ્યા કે,[૧૦] "હે પુત્રવતી તારા! હવે તમે રામની આગળ શામાટે જાઓ છો? ત્યાં જવાની કશી આવશ્યક્તા નથી. હવે તો તમે અહીંથીજ નિવૃત્ત થઇને નગરમાં જાઓ અને રાજપુત્ર અંગદની રક્ષા કરો. અરેરે, રામરૂપ કાળ આપણા રાજા વાલીને હણીને લઈ જાય છે![૧૧] અરે, જુઓની, સંગ્રામ વખતે મહારાજા વાલીએ ફેંકેલાં મોટાં મોટાં વૃક્ષો તથા મોટી મોટી શિલાઓને પણ છેદી નાખીને ઇંદ્ર જેમ વજ્રવડે પર્વતને પાડે છે તેમ રામચંદ્રે પોતાના વજ્ર સરખાં બાણવડે આપણા રાજા વાલીને પાડયા છે![૧૨] વળી ઇંદ્રસરખા પરાક્રમી એ કપિસિંહ વાલીને હણાયેલા જોઇને આ સઘળું વાનરસૈન્ય જાણે પરાભવ પામ્યું હોયની, એમ નાસી જાય છે![૧૩] હે સતિ! હવે તમે બીજું સઘળું કાર્ય રહેવા દઇને, શૂરવીર વાનરોદ્વારા કિષ્કિંધાનગરીનું સારી રીતે રક્ષણ કરાવો અને રાજપુત્ર અંગદને રાજ્યાસનપર અભિષિક્ત કરો. અંગદને પોતાનો રાજા થયેલો જોઇને સર્વ વાનરો નિર્ભયપણે તેની આજ્ઞામાં વર્તશે.[૧૪] હે સુમુખિ! અમારો આ વિચાર જો તમને ગમતો ન હોય અને તમને અહીંયાંજ રહેવું રૂચતું હોય તો આ સર્વ વાનરો કે જેઓમાં કેટલાક સ્ત્રીરહિત અને કેટલાક સ્ત્રીસહિત છે તેઓ આજેજ પર્વતોની ખીણોમાં ઉતાવળે નાસી જશે-સંતાઇ જશે, કારણકે જેઓનો અમોએ પૂર્વે છળ કરેલો છે એવા રાજ્યલોભી સુગ્રીવાદિ વાનરોનો અમને મોટો ભય રહે છે; અર્થાત્ જો અમે અહીંયાંજ રહીએ તો પૂર્વનું વેર સંભારીને, સુગ્રીવ રામની સહાય્યથી અમારો અવશ્ય નાશ કરે એવો અમને મોટો ભય લાગે છે."[૧૫-૧૬]

નાસતાં નાસતાં થોડેક દૂર ચાલી નીકળેલા એ વાનરોનાં એવાં વચન સાંભળીને, નિર્મળ હાસ્યવાળી તારા તેઓના પ્રત્યે પોતાના સતીત્વને શોભાવે એવાં ઉત્તમ વાકયો કહેવા લાગી કે,[૧૭] "અરે!! વાનરમાત્રમાં સિંહસરખા મહાભાગ્યવાળા મારા પતિનો નાશ થયા પછી મારે મારા પુત્રનું, રાજ્યનું કે આ દેહનું પણ શું પ્રયોજન છે?[૧૮] અરેરે, મહાસમર્થ મારા પતિ તો રામચંદ્રના બાણથી હણાઇને પૃથ્વીપર પડયા છે! હું અવશ્ય તેના ચરણકમળ પ્રત્યેજ જઇશ."[૧૯]

એટલું કહી, અત્યંત શોકને લીધે રોદન કરતી તથા બન્ને હાથવતી મસ્તક અને છાતી કૂટતી સતીશિરોમણિ તારા પોતાના પતિપ્રત્યે દોડી.[૨૦]

શ્વાસભેર દોડતી તારા છેક રણભૂમિમાં જઈ પહોંચી ત્યારે ત્યાં સંગ્રામમાંથી કદીપણ પાછા ન વળે એવા મહાબળવાન્ દૈત્યોને હણનારા પોતાના પતિ વાલીને તેણે પૃથ્વીપર પડેલો દીઠો.[૨૧] ભયંકર દેહવાળો વાલી ઇંદ્ર જેમ વજ્રને ફેંકે તેમ યુદ્ધ વેળાએ મોટા મોટા પર્વતોને ફેંકનારો, મહાવાયુથી ભરેલા મેઘની પેઠે ગર્જના કરનારો તથા ઈંદ્રના જેવો પરાક્રમી હતો. તે આજે શૂરવીર રામચંદ્રે હણવાથી વર્ષી રહેલા મેઘની પેઠે શાંત થઇ પડયો હતો. જેવી રીતે કેસરી સિંહ માંસને અર્થે હૃષ્ટપુષ્ટ મૃગને હણે છે, અને જેવી રીતે સર્વ લોકોએ પૂજેલા તથા પતાકા અને વેદીથી સુશોભિત એવા વૃક્ષને તેની

÷આગળ ચાલનાર.
* સમયને અનુસરતાં.

અંદર રહેલા સર્પને પકડવા અર્થે ગરૂડ તોડી પાડે છે, તેવી રીતે રામચંદ્રે બાણવડે હણીને વાલીને પૃથ્વીપર પાડયો હતો ![૨૨-૨૪] સતી તારાએ ત્યાં આગળ અતિશ્રેષ્ઠ ધનુષ્યને ગ્રહણ કરી ઉભેલા રામચંદ્રને, લક્ષ્મણને તથા પોતાના પતિના કનિષ્ઠ બંધુ સુગ્રીવને પણ જોયો.[૨૫] પરંતુ તેઓ પ્રત્યે દૃષ્ટિ કર્યા વગર જ સતી તારા પૃથ્વીપર હણાઈ પડેલા પોતાના પતિપાસે દોડી ગઇ, અને પોતાના પતિને અસ્તવ્યસ્ત થઇ પડેલો જોઇ અત્યંત દુઃખને લીધે પૃથ્વીપર ઢળી પડી.[૨૬] થોડીકવારે ઉઠીને એ સતી તારા કાળપાશથી બંધાયેલા પોતાના પતિભણી દૃષ્ટિ કરી " હા, આર્યપુત્ર ! હા, સ્વામિન્ ! " એમ બોલી રોદન કરવા લાગી.[૨૭]

એ સમયે કુરરી પક્ષિણીની પેઠે, તારાને આક્રોશ કરતી જોઈને તથા તેના પડખામાં રોદન કરતા ઉભેલા રાજપુત્ર અંગદને જોઇને સુગ્રીવના મનમાં પણ મહાન્ ખેદ ઉત્પન્ન થયો.[૨૮]

तामवेक्ष्य तु सुग्रीवः क्रोशन्तीं कुररीमिव ।
विषाद मगमत्कष्टं दृष्ट्वा चाङ्गदमागतम् ॥ २८ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૯.

सर्ग २० मो.

સતી તારાનો વિલાપ.

रामचापविसृष्टेन शरेणान्तकरेण तम् ।
दृष्ट्वा विनिहतं भूमौ तारा ताराधिपानना ॥ १ ॥

રામચંદ્રના ધનુષ્યમાંથી છૂટેલા અંત આણે એવા બાણવડે હણાઇ, પૃથ્વીપર પડેલા પોતાના પતિ વાલીને જોઈને, ચંદ્રમુખી તારા એકાએક તેની પાસે દોડી ગઇ, અને તેને વારંવાર આલિંગન કરવા લાગી. મોટા હાથી કિંવા મોટા પર્વતસરખા દેહવાળા વાનરોના રાજા વાલીને ઉખડી પડેલા વૃક્ષની પેઠે રામચંદ્રના બાણથી હણાઈ પડેલો જોઇને અત્યંત દુઃખ તથા શોકયુક્ત થયેલી તારા વિલાપ કરવા લાગી કે,[૧-૩]

" હે સંગ્રામને વિષે દારૂણ પરાક્રમ દર્શાવનારા ! હે શૂરવીર ! હે વાનરોત્તમ ! શું આજે કંઇ તમારો અપરાધ કર્યો છે કે જેથી હું તમારી આગળ ઉભી છું છતાં તમે મારી સાથે બોલતા નથી ?[૪] હે વાનરસત્તમ ! ઉઠો, ઉઠો; બેઠા થાઓ અને ઉત્તમ શય્યાપર શયન કરો. તમારા સરખા શ્રેષ્ઠ રાજાઓ આવીરીતે પૃથ્વીપર કદી પણ સૂઈ રહેતા નથી ![૫] હે પૃથ્વીનાથ ! હું ધારૂં છું કે મારા કરતાં પણ આ તમારી પૃથ્વીરૂપ સ્ત્રી તમને વધારે પ્રિય છે; કારણ કે આવા દેહત્યાગ કરવાના કઠિન સમયમાં પણ તમોએ મારો ત્યાગ કરીને તેનુંજ આલિંગન કર્યું છે ![૬] હે વીર ! ધર્મથી યુદ્ધ કરનારા તમોએ આજે અવશ્ય તમારે વસવા માટે સ્વર્ગમાર્ગને વિષે કિષ્કિંધાનગરી જેવીજ બીજી નગરી નિર્માણ કરી છે, કે જેથી તમે આજે કિષ્કિંધાનો ત્યાગ કરી જવાને તૈયાર થયા છો ![૭] હે સ્વામિનાથ ! સુંદર સુગંધી વનોને વિષે મેં તમારી સાથે જે જે વિહારો કર્યા છે તે સર્વની આજે તમોએ પૂર્ણાહુતિ–સમાપ્તિ કરી છે ![૮] હે પ્રાણપ્રિય ! હે મોટા વાનરયૂથોના અધિપતિઓનું શાસન કરનારા સ્વામિનાથ ! આજે તમને અંતિમ દશામાં પૃથ્વીપર પડેલા જોઈને આનંદરહિત તથા નિરાશ થયેલી હું અપાર શોક સમુદ્રમાં ડૂબી ગઇ છું.[૯] અરેરે, હાય, મારૂં હૃદય કેવું કઠોર છે કે આજે તમને આમ પૃથ્વીપર પડેલા જોઈને પણ શોકરૂપી તાપને લીધે તે વિદીર્ણ થઇ જતું નથી ?[૧૦] હે વાનરરાજ ! તમોએ સુગ્રીવની સ્ત્રીનું હરણ કરીને તેને કાઢી મૂકવારૂપ જે અયોગ્ય કર્મ કર્યું તેના પરિપાકરૂપેજ આ પ્રાણાંત કષ્ટ તમને પ્રાપ્ત થયું છે ![૧૧] હે વાનરેંદ્ર ! તમારૂં શ્રેય કરવામાં તત્પર અને તમારૂંજ હિત ઈચ્છનારી એવી મેં તમને ઘણાંય હિતવચનો કહ્યાં, પરંતુ તમોએ મોહને લીધે તે

સ્વીકાર્યોજ નહિ ![12] અહા ! હે માન આપનાર સ્વામિનાથ ! તમો હવે સ્વર્ગે સીધાવ્યા છો, તેથી તમારૂં સુંદર સ્વરૂપ જોઇને ત્યાંની રૂપ અને યૌવનના ગર્વવાળી ચતુર અપ્સરાઓનાં ચિત્ત, મોહને લીધે અવશ્ય પીડિત થશે.[13] હે વાનરરાજ ! સર્વત્ર સ્વતંત્રપણે વિચરનારો કાળ જ તમારા જીવિતનો અંત આણનાર છે, કે જેથી મહા સમર્થ એવા તમે બળાત્કારે સુગ્રીવને વશ થઈ પડયા છો ![14] અરે, આ કકુત્સ્થ કુળમાં ઉત્પન્ન થયેલા રામચંદ્ર સુગ્રીવની સાથે યુદ્ધમાં લાગેલા તમને હણવારૂપ નિંદિતકર્મ કરીને પણ સંતાપ પામતા નથી એ કેટલું બધું અયોગ્ય છે ?[15] અરેરે, અત્યારે શોક તથા સંતાપવડે વ્યાપ્ત થયેલી અને અત્યંત દીન બની ગયેલી હું કે જે પૂર્વે સુખ ભોગવીનેજ ઉછરેલી છું તે હવે વિધવાપણું પામીને અનાથની પેઠે કેવી રીતે રહી શકીશ ?[16] નિરંતર લાડ લડાવેલો, શૂરવીર અને સુકુમાર એવો મારો પુત્ર અંગદ કે જે સદાય સુખ ભોગવવાનેજ યોગ્ય છે તે હવે તેના અત્યંત ક્રોધી સ્વભાવવાળા કાકા સુગ્રીવની પાસે કેવી રીતે રહી શકશે ?[17]× હે વત્સ અંગદ ! તું તારા ધર્મનિષ્ઠ પિતાનાં સારી રીતે દર્શન કરી લે, કેમકે હવે પછી તેમનું દર્શન તને દુર્લભ થશે.[18] *હે નાથ ! તમોએ લાંબા પ્રવાસે પ્રયાણ કર્યું છે, માટે તમે આ તમારા પુત્ર અંગદનું મસ્તક સૂંઘીને આશ્વાસન કરો, અને તેના માટે મને કાંઇક ભલામણ કરો.[19] હે સ્વામિનાથ ! તમને હણીને રામચંદ્રે તો મોટું કાર્ય કર્યું છે, કેમકે એમ કરવાથી તે સુગ્રીવને માટે કરેલી પોતાની પ્રતિજ્ઞામાંથી મુકત થયા છે.[20]÷ હે સુગ્રીવ ! રામચંદ્રે તારા શત્રુરૂપ જયેષ્ઠ બંધુ વાલીને હણ્યો છે, તેથી હવે કૃતાર્થ થયેલો તું ઉદ્વેગરહિત થઇને રાજ્ય ભોગવ અને તારી સ્રી રૂમાને પ્રાપ્ત થા"[21] (એવું કહીને તારા વળી વિલાપ કરવા લાગી કે:–) "હે વાનરેશ્વર ! હું આટલો–આટલો વિલાપ કરૂં છું, છતાં તમે મારી સાથે કેમ બોલતા નથી ? આ તમારી બીજી સઘળી શ્રેષ્ઠ સ્રીઓ પણ શોચ કરતી તમારી આગળ ઉભી છે; તેઓને જુઓ !"[22]

તારાને વિલાપ કરતી જોઇને, અતિદીન તથા દુ:ખી થયેલી બીજી સર્વ વાનરીઓ પણ અંગદને ગ્રહણ કરીને તથા તેની ચોમેર વિંટાઇ વળીને કરૂણસ્વરે આક્રોશ કરવા લાગી.[23]

સતીશિરોમણિ તારા પુન: પણ વિલાપ કરતી બોલી કે, "હે વીર પુરૂષોને હણે એવા બાહુબળવાળા ! હે બાજુબંધને ધારણ કરનારા વાલી ! તમે સુંદર વેષવાળા પ્રિયપુત્ર અંગદને ત્યજીને આજે ઘણા કાળના લાંબા પ્રવાસે કેમ નીકળી પડયા છો ? અરે, પોતાના સરખાજ ગુણવાળા આવા સરળ સ્વભાવના પુત્રને ત્યજીને આમ એકાએક ચાલ્યા જવું એ તમને જરાએ યોગ્ય નથી.[24] હે લાંબી ભુજાઓવાળા ! હે વીર ! હે વાનરનાથ ! મેં વગર વિચાર્યે તમારૂં કાંઈ અપ્રિય કર્યું હોય તો તે તમે ક્ષમા કરો. હે સ્વામિનાથ ! છેવટે હું મારા મસ્તકવડે તમારા ચરણનો સ્પર્શ કરૂં છું."[25] એવી રીતે સર્વ વાનરીઓસહિત કરૂણ સ્વરે વિલાપ કરતી આનંદિત સ્વરૂપવાળી તારાએ અન્ન–જળનો ત્યાગ કરી પોતાના પતિ વાલીની પાસે મરણપર્યંત બેસવાનો નિશ્ચય કર્યો.[26]

तथा तु तारा करुणं रुदन्ती भर्तुः समीपे सह वानरीभिः । व्यवस्यत प्रायमनिंद्यवर्णा उपोपवेष्टुं भुवि यत्र वाली ॥ २६ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૦

× તારા પોતાના પ્રિય પુત્ર અંગદ પ્રત્યે જોઇને કહે છે.

* હવે તારા વાલી પ્રત્યે કહે છે.

÷ તારા પોતાના દિયર સુગ્રીવને સંબોધી કહે છે.

सर्ग २१ मो.

હનુમાને કરેલું તારાનું આશ્વાસન.

ततो निपतितां तारां च्युतां तारामिवाम्बरात् ।
शनैराश्वासयामास हनूमान् हरियूथपः ॥१॥

અનેકવિધના વિલાપ કરીને છેવટે મહાસતી તારા પોતાના પતિ વાલીની પાસે પૃથ્વીપર ઢળી પડી. એ વેળા તે આકાશમાંથી ખરી પડેલી તારાસરખી જણાતી હતી. વાલીની સ્ત્રી તારાને અત્યંત દુઃખ પામતી જોઇને, વાનરોના યૂથનું પાલન કરનારો હનુમાન્ તેની આગળ આવી શનૈ:શનૈ: તેનું આશ્વાસન કરવા લાગ્યો.[1]

હનુમાન કહે છે:-"હે તારા ! આ લોકને વિષે *ગુણ-દોષથી બનેલાં તથા સ્વર્ગ અને નરકાદિ ફળને પ્રાપ્ત કરાવનારાં પુરૂષનાં જે જે શુભ કિંવા અશુભ કાર્યો હોય છે તે સઘળાં મરણ પામ્યા પછી પરલોકને વિષે આપોઆપ આવી મળે છે.[2] હે સતિ ! આ જગતને વિષે સર્વ પ્રાણીઓ પોત-પોતાનાં કર્મોને અધીન હોવાને લીધે કોણ કોનો શોચ કરવા યોગ્ય છે ? હે તારા ! તું કે જે પોતાનાં કર્મોને વશ હોવાથી શોચ કરવા યોગ્ય છે તે તારા સરખાજ શોચનીય બીજા-પતિ વગેરેનો શોચ શા માટે કરે છે ? વળી તું કે જે પોતાનાં કર્મ ફળોને ભોગવતી હોવાથી દીન બનેલી છે તે તારા સરખાજ દીન બનેલા બીજા-પુત્ર વગેરે ઉપર દયા કેવી રીતે કરી શકીશ ? અરે, આ પાણીના પરપોટા જેવા નાશવંત દેહનો વિનાશ થયા પછી કોણ કોનો શોચ કરવા યોગ્ય છે ? અર્થાત્ સઘળું નાશવંત જાણીને બુદ્ધિમાન પુરૂષો કદીપણ શોચ કરતા નથી.[3] હે પુત્રવતી તારા ! હવે તું શોકનો ત્યાગ કરી રાજપુત્ર અંગદ ઉપર દૃષ્ટિ રાખ, અને પોતાના પતિ વાલીના મરણ પછી જે કાંઇ ઉત્તમ કાર્યો કરવાનાં હોય તેનો વિચાર કર.[4] હે શ્રેષ્ઠ બુદ્ધિવાળી સતિ ! આ લોકને વિષે ભૂત-પ્રાણીમાત્રનાં ગમનાગમન (જન્મ-મરણ) કેવાં અવ્યવસ્થિત છે તેને તું સારી રીતે જાણે છે, માટે રૂદન વગેરે લૌકિક કર્મોનો ત્યાગ કરીને હવે તું તારા પતિ વાલીને મરણ પછી પરલોકમાં શુભ ગતિ પ્રાપ્ત થાય તેવું કર્મ કરવાને તત્પર થા.[5] અહા ! જેના આશ્રય નીચે રહીને અસંખ્યાત વાનરો પોતાનાં જીવિતને ધારણ કરે છે તે વાનરોનો રાજા વાલી આજે મરણધર્મને પ્રાપ્ત થયો છે ![6] હે તારા ! આ તારો પતિ ન્યાય દૃષ્ટિથી જોનારો તથા સામ, દાન અને ક્ષમાને વિષે પરાયણ છે, તેથી ધર્મિષ્ઠ પુરૂષો મરણ પામ્યા પછી જે સ્થાન પ્રત્યે જાય છે તે સ્થાનનેજ તે પ્રાપ્ત થશે, માટે તેનો શોચ કરવો યોગ્ય નથી.[7] હે કલ્યાણિ ! આ તારો પુત્ર અંગદ, સર્વ વાનરો અને આખું વાનરરાજ્ય, એ સઘળું તારાથીજ સનાથ છે,[8] માટે હે ભામિનિ ! તું શોચનો ત્યાગ કરી શોકતપ્ત થયેલા સુગ્રીવ તથા અંગદને વાલીની ઉત્તરક્રિયા કરવાને આજ્ઞા આપ, અને તારા હાથે રાજપુત્ર અંગદને રાજ્યાસને સ્થાપિત કર.[9] શાસ્ત્રોને વિષે જેને અર્થે સંતતિ હોવાની આવશ્યકતા જણાવી છે, અને મરણ સમયે તથા મરણ પછી જે જે કૃત્ય કરવાનાં છે, તે સર્વનો સમય આવી પહોંચ્યો છે, માટે હે સતિ ! હવે શોચનો ત્યાગ કરીને તું સત્વર વાલીની ઉત્તરક્રિયા કરાવ તથા અંગદનો પટ્ટાભિષેક કરાવ. રાજપુત્ર અંગદને રાજ્યાસને વિરાજેલો જોઇને તારા દુઃખની શાંતિ થશે."[10,11]

પોતાની સંમુખ ઉભેલા વાયુસુત હનુમાનનાં વચન સાંભળીને પતિના દુઃખથી પીડાતી સતી તારાએ, તેને પ્રત્યુત્તર આપતાં કહ્યું કે,[12] "હે હનુમાન્ ! અંગદસરખા સો પુત્રોનું સુખ પ્રાપ્ત થાય તે કરતાં પણ આ હણાઇ પડેલા મારા પતિના દેહને આલિંગન કરવાનું સુખ મને અધિક લાગે છે ![13] વળી હું સ્ત્રી હોવાને લીધે વાનરરાજ્યનું પાલન

*શમ-દમ-શાંતિ-દયા વગેરે ગુણો અને રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ દોષો.

કરવાને કિંવા અંગદનો પટ્ટાભિષેક કરવાને સમર્થ નથી. તેનો કાકો સુગ્રીવ એ સર્વ કાર્યોને વિષે સમર્થ છે.[૧૪] હે હનુમાન્! 'હું અંગદને રાજ્યાભિષેક કરીશ' એવું તો તારે કદી પણ સમજવું નહિ, કેમકે પુત્રને તેનો પિતા જ સુખ આપનાર છે માતા નહિ, માટે અંગદ પોતાના પિતાના સ્થાને રહેલા કાકા સુગ્રીવની આજ્ઞા પ્રમાણે વર્તશે.[૧૫] હે મારુતાત્મજ! મારે તો હવે આ લોક તથા પરલોકને વિષે વાનરોના રાજા અને મારા પતિ આ વાલીનો આશ્રય કરવા સિવાય બીજું કંઇ પણ બિલકુલ યોગ્ય નથી, માટે શત્રુના સંમુખ હણાયેલા તે શૂરવીરે સેવેલા આ રણાંગણનું* સેવન કરવાથીજ મારૂં કલ્યાણ થાય એમ છે."[૧૬]

नहि मम हरिराजसंश्रयात्क्षमतरमस्ति परत्र चेह वा। अभिमुखहतवीरसेवितं शयनमिदं मम सेवितुं क्षमम् ॥ १६ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૧

सर्ग २२ मो.

વાલિપ્રાણત્યાગ-વાનરોનો ખેદ.

वीक्षमाणस्तु मन्दासुः सर्वतो मन्दमुच्छ्वसन्। आदावेव तु सुग्रीवं ददर्शानुजमग्रतः ॥१॥

રામચંદ્રના બાણથી હણાઇ પૃથ્વીપર પડેલા વાલીના પ્રાણ હવે છેક મંદ થવા લાગ્યા હતા; અને તેનો શ્વાસોચ્છ્વાસ પણ ઘણોજ ધીમો પડી ગયો હતો, તોપણ તેણે ધૈર્ય રાખી પોતાની આંખ ઉઘાડી તો પોતાની આગળ ઉભેલો સુગ્રીવ તેની દૃષ્ટિએ પડયો.[૧] પછી જયશાલી થયેલા પોતાના કનિષ્ઠ બંધુ સુગ્રીવને અતિ મધુરી વાણીથી પાસે બોલાવીને વાનરોના રાજા વાલીએ અતિ સ્નેહપૂર્વક કહ્યું કે,[૨] "હે સુગ્રીવ! પૂર્વજન્મના પાપને લીધે ઉત્પન્ન થયેલા બુદ્ધિમોહવડે બળાત્કારે ખેંચાયેલા મારા ઉપર તારે દોષદૃષ્ટિ કરવી યોગ્ય નથી; અર્થાત્ મેં તારી સાથે જે શત્રુતા કરી હતી તે પૂર્વના પાપથી મલિન થયેલી બુદ્ધિને લીધેજ હતી.[૩] વળી હે તાત! એકી વખતે પરસ્પર મળીને આ ઉત્તમ રાજ્યસુખ ભોગવવાનું આપણા ભાગ્યમાં વિધાતાએ નહિજ લખ્યું હોય, કે જેથી બાંધવોને ઉચિત એવો સ્નેહ ઉલટોજ થઇ ગયો![૪] અસ્તુ, થયું તે ખરૂં, હવે એ સંબંધે શોચ કરવો યોગ્ય નથી. હવે તું આ વાનનરોના રાજ્યને શીઘ્ર પોતાના હસ્તગત કર. હું હવે આજેજ યમલોક પ્રત્યે જાઉં છું.[૫] હે સુગ્રીવ! હવે હું મારાં જીવિત, રાજ્ય, વિપુલ લક્ષ્મી તથા પવિત્ર યશ વગેરેનો શીઘ્ર ત્યાગ કરૂં છું.[૬] હે વીર! આવી અવસ્થાને વિષે રહેલો હું તને જે કંઇ કહું તે પ્રમાણે તારે કરવું. જો કે કઠિણ હશે, તોપણ તારે કરવું જ જોઇશે,[૭] અને તે એ કે સુખ ભોગવવાને યોગ્ય તથા સુખમાં જ ઉછરેલો આ મારો પુત્ર અંગદ કે જે બાળક હોવા છતાં અત્યંત બુદ્ધિમાન્ છે, અને જે ચોધાર આંસુએ રડતો પૃથ્વીપર પડયો છે, તેને તું જો.[૮] મારા પ્રાણકરતાં પણ અધિક પ્રિય એવો એ મારો પુત્ર અંગદ હવે મારા વિનાનો થશે, માટે હે સુગ્રીવ! તું તેને પોતાના ઔરસ પુત્રતુલ્ય માનીને, તેને જરા પણ ઓછું ન આવે એવી રીતે સર્વ પ્રકારે તેનું પાલન કરજે.[૯] હે પ્લવગેશ્વર! મારી પેઠે તું પણ તેનો સર્વપ્રકારે દાતા, રક્ષક તથા ભયને વિષે અભય આપનાર પિતાજ છે.[૧૦] હે ભાઈ! તારા સરખોજ પરાક્રમી આ તારાનો પુત્ર અંગદ ભવિષ્યમાં તેં ઇચ્છેલા રાવણાદિ રાક્ષસોના વધસમયે તને સહાય કરનાર થશે,[૧૧] તેમજ અત્યંત તેજ અને બળવાળો એ અંગદ યુવાન હોવાને લીધે સંગ્રામને વિષે મારાં જેવાંજ પરાક્રમ કરશે."[૧૨]

"હે સુગ્રીવ! સુષેણવાનરની પુત્રી તારા અર્થશાસ્ત્રસંબંધી સૂક્ષ્મ વિચાર કરવામાં

* સંગ્રામરૂપી આંગણાનું.

તથા નાના પ્રકારના ઉત્પાતો થાય એ વેળા જે જે કાર્યો કરવાં જોઈએ તેનો નિશ્ચય કરવામાં ઘણીજ પ્રવીણ છે;[૧૩] માટે આ સતી તારા જે કાર્ય કરવું યોગ્ય જણાવે, તેને તું નિઃસંશયપણે કરજે, કેમકે તેનું વચન કદી પણ અન્યથા થતું નથી.[૧૪] વળી હે ભાઇ! તેં પ્રતિજ્ઞા કરેલું આ રઘુવીરનું કાર્ય પણ તારે નિઃશંક થઇને કરવું. જો તું તેમનું કાર્ય નહિ કરે તો તને મોટો અધર્મ પ્રાપ્ત થશે, એટલુંજ નહિ પણ પોતાનું અપમાન થવાથી રામચંદ્ર તારો વિનાશ કરશે.[૧૫] હે સુગ્રીવ! તું મારા કંઠમાં રહેલી આ સુવર્ણની દિવ્ય જયમાળાને મારા જીવતાંજ ધારણ કર, કેમકે મારૂં મૃત્યુ થયા પછી મારા શબનો સ્પર્શ થવાથી એમાં રહેલી મોટી જયશ્રી* એનો ત્યાગ કરશે."[૧૬]

ભ્રાતૃસ્નેહથી ભરેલાં વાલીનાં વચનો સાંભળી હર્ષરહિત થયેલો સુગ્રીવ અતિદીન બની ગયો, અને રાહુએ ગ્રસેલા ચંદ્રની પેઠે નિસ્તેજ થઇ ગયો.[૧૭] પછી વાલીનાં સ્નેહાળ વચનોથી શાંત થયેલા સુગ્રીવે આળસ્યરહિત થઇ ભાઈના સ્નેહને યોગ્ય આચરણ કરી, તેની આજ્ઞાથી સુવર્ણની જયમાળાને ગ્રહણ કરી.[૧૮] સુગ્રીવને જયમાળા આપીને પરલોક પ્રત્યે જવાને તત્પર થયેલા મહાત્મા વાલીએ પોતાના પ્રિયપુત્ર અંગદભણી દૃષ્ટિ કરી અતિસ્નેહપૂર્વક કહ્યું કે,[૧૯] "હે તાત અંગદ! હવે તારે સુખ-દુઃખ સહન કરવાનો સમય આવ્યો છે, માટે પ્રિય કિંવા અપ્રિય પ્રાપ્ત થાય એ વેળાએ તું સહનશીલ થઇ દેશ-કાળને અનુસરજે અને તારા કાકા સુગ્રીવની આજ્ઞામાં રહેજે.[૨૦] હે મોટી ભુજાવાળા પુત્ર! મેં તને નિરંતર જેવાં લાડ લડાવ્યાં છે, તેવી રીતે તું સુગ્રીવ પ્રત્યે વર્તીશ તો તે તને બહુ માન્ય કરશે નહિ; અર્થાત્ કોઈ કોઇ સમયે તું લાડનેલીધે જેવું મારી આગળ અયોગ્ય આચરણ કરતો હતો તેવું જો સુગ્રીવની આગળ કરીશ તો તે તારાપર રાજી રહેશે નહિ, માટે તું સદૈવ તેની આજ્ઞા પ્રમાણેજ વર્તજે.[૨૧] વળી હે શત્રુદમન! તું તારા કાકા સુગ્રીવના અમિત્રો* તથા શત્રુઓની સાથે મૈત્રી ન કરતાં નિરંતર તેનોજ અર્થ સિદ્ધ કરવામાં તત્પર રહેજે, અને જિતેંદ્રિય રહી તેનીજ સેવા કરજે.[૨૨] હે અંગદ! તું તારા કાકા સુગ્રીવની સાથે અતિશય સ્નેહ અથવા તો દ્વેષ કરીશ નહિ, કેમકે એ બન્ને મહાન્ દોષરૂપ છે+, માટે એ બન્નેના મધ્યભાગમાં રહેલી સાધારણ દૃષ્ટિથી તું તેની સાથે વર્તજે"[૨૩]

એટલું કહેતાં કહેતામાં તો બાણના પ્રહારથી અતિશય પીડાયેલા વાલીનો મરણસમય આવી પહોંચ્યો. તુરતજ તેનાં નેત્ર ખુલ્લાં થઇ ગયાં, તેના ભયંકર દાંત હોઠની બહાર દેખાઈ રહ્યા અને જોત-જોતામાં તેનો અંતરાત્મા સ્થૂલ દેહમાંથી ચાલી નીકળ્યો.[૨૪]

વાલીને મરણ પામેલો જોઇને રાજા વિનાના થયેલા સર્વ વાનરો અતિશય ખેદગ્રસ્ત થઈ આક્રોશ કરવા લાગ્યા.[૨૫] "અરે, હાય! વાનરોનો રાજા વાલી સ્વર્ગ પ્રત્યે ગયો તેથી આજે આખી કિષ્કિંધાનગરી શૂન્ય થઈ પડી છે, તેમજ સઘળાં ઉદ્યાનો, પર્વતો અને અરણ્યો પણ શૂન્ય થઈ પડયાં છે![૨૬] અરેરે, હાય! વાનરોમાં સિંહસરખા વાલીનું મરણ થવાથી અમો સર્વ નિસ્તેજ થયા છીએ! અહો! એના અમિત બળનું વર્ણન કરવાને

* સંગ્રામમાં શત્રુનો પરાજય કરાવી, પોતાના પક્ષનો જય કરાવનારી શ્રી.

* ઉપકાર કિંવા અપકાર નહિ કરનારા ઉદાસીન પુરુષો.

+ શાસ્ત્રમાં કહ્યું છે, કેઃ—

"अत्यासत्तिर्विनाशाय त्वतिदूरं तु निष्फलम् ।
सेवा मध्यमभावेन राजवन्हिगुरुस्त्रियाम् ॥

રાજા, અગ્નિ, ગુરૂ અને સ્ત્રી, એઓનું મધ્યમભાવ-સાધારણ સ્નેહથી સેવન કરવુંજ શ્રેયસ્કર છે, કેમકે તેઓના સાથે અતિસ્નેહભાવથી વર્તવું વિનાશકારક છે અને તેઓથી અતિ દૂર રહેવું એ નિષ્ફળ છે."

કોણ સમર્થ છે? પૂર્વે એક સમયે મહાત્મા વાલીએ મહા સમર્થ 'ગોલભ' નામના ગંધર્વને યુદ્ધ આપ્યું હતું, ત્યારે એ બન્ને યોધાઓનું મોટું યુદ્ધ પંદર વર્ષ પર્યંત–રાત્રિ કે દિવસ વિરામ લીધા સિવાય ચાલ્યું હતું.[૨૭,૨૮] છેવટે આ વિકાળ દાઢોવાળા આપણા રાજા વાલીએ સોળમા વર્ષમાં એ દુરાચરણી ગોલભને હણ્યો હતો, અને આપણ સર્વને નિર્ભય કર્યા હતા. હાય! એવો મહાબળવાન્ આપણો રાજા વાલી આજે કેમ હણાઈ પડયો?"[૨૯]

વાલીનું મરણ જોઇને વિલાપ કરતા સર્વ વનચરો જેમ સિંહવાળા મોટા વનમાં પોતાનું રક્ષણ કરનાર ગોવાળનો નાશ થવાથી ગાયો દુ:ખી થાય તેમ દુ:ખી થવા લાગ્યા.[૩૦] આ સમયે મરણ પામેલા પોતાના પતિનું મુખ જોઇને દુ:ખસમુદ્રમાં ડુબેલી મહાસતી તારા પણ વાલીને આલિંગન કરીને કપાએલા વૃક્ષને વીંટાયેલી લતાની પેઠે પૃથ્વીપર ઢળી પડી![૩૧]

ततस्तु तारा व्यसनार्णवप्लुता मृतस्य भर्तुर्वदनं समाश्रिता। जगाम भूमिं परिरभ्य वालिनं महाद्रुमं छिन्नमिवाश्रिता लता॥३१॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૨

सर्ग २३ मो.

સતી તારાએ કરેલો વિલાપ.

ततः समुपजिघ्रन्ती कपिराजस्य तन्मुखम्।
पतिं लोकश्रुता तारा मृतं वचनमब्रवीत्॥१॥

મૃત્યુ પામેલા પોતાના પતિ વાલીના મુખનું ચુંબન કરતી જગત્પ્રસિદ્ધ મહા સતી તારા પોતાના પતિને સંબોધી વિલાપ કરવા લાગી કે, "હે વીર! તમે મારાં વચનને અમાન્ય કરીને શિલાઓથી વ્યાપ્ત હોવાને લીધે અત્યંત વિષમ અને દુ:ખયુક્ત એવા આ સ્થળ ઉપર પૃથ્વીને આલિંગન કરીને સૂતા છો, અને મારી સાથે બોલતા પણ નથી; એથી હે વાનરેશ્વર! મને લાગે છે, કે પૃથ્વીરૂપી સ્ત્રી તમને મારા કરતાં પણ અધિક પ્રિય થઈ પડી છે![૨,૩] હે સાહસિકપ્રિય! આ રામરૂપી દૈવ સુગ્રીવનેજ વશ થયો એ મોટા આશ્ચર્યની વાત છે!* હે વીર! હવે તમારો નાનો ભાઈ સુગ્રીવજ આ રાજ્યને વિષે મહા પરાક્રમી ગણાશે.[૪] હે સ્વામિનાથ! ઋક્ષ-(રીંછ) જાતિના તથા વાનરજાતિના જે વીર પુરૂષો તમારી સેવા કરતા હતા તેઓ આ વેળા વિલાપ કરી રહ્યા છે; તેઓના તથા શોચ કરતા આ અંગદના કષ્ટરૂપ વિલાપોને તેમજ મારી આ દીન વાણીને સાંભળી તમે કેમ જાગ્રત થતા નથી? હે શુદ્ધ પરાક્રમી વંશમાં ઉત્પન્ન થયેલા! હે યુદ્ધમાં પ્રીતિવાળા પ્રિય સ્વામિન્! પૂર્વે તમોએ જે રણભૂમિને વિષે તમારા શત્રુઓને સૂવાડયા હતા તે રણભૂમિને વિષે આજે તમે પોતેજ મરણને વશ થઇ શયન કર્યું છે! હાય! આ કેટલું શોચનીય છે[૫-૭] હે માનદ! તમે, મને એકલીને અનાથ બનાવીને ચાલ્યા ગયા છો, તેથી મને વિચાર થાય છે કે, બુદ્ધિમાન્ પુરૂષે શૂરવીરને કદીપણ પોતાની કન્યા આપવી નહિ.[૮] જુઓની, હું કે જે તમો–શૂરવીરની સ્ત્રી છું તે સાંપ્રતમાં વિધવા થવાને લીધે હણાઈ ગઇ છું! અરેરે, હાય!! મારૂં સઘળું માન ખંડિત થયું છે, મારૂં સદાનું સુખ નષ્ટ થયું છે અને હું અગાધ શોકસાગરમાં ડુબી છું. હાય! મારૂં હૃદય અવશ્ય પાષાણસરખું કઠિણ છે કે જે મારા સ્વામીને હણાયેલા જોવા છતાં પણ વિદીર્ણ થઈ જતું નથી! અરે, મારૂં હિત ઇચ્છનાર, અને સ્વભાવથીજ પ્રિય એવા મારા શૂરવીર પતિ સંગ્રામને વિષે શત્રુથી પરાભવ પામીને નાશ પામ્યા તોપણ હું જીવું છું. એ કેવું આશ્ચર્ય? અરેરે! હવે મારૂં જીવન નિરર્થક છે."

---

* તારાના આ વાકયનો ભાવ એવો છે, કે:– સુગ્રીવનો આશ્રય ન કરતાં, રામે જો વાલીનો આશ્રય કર્યો હોત, તો તે કયારનાએ પોતાની સ્ત્રી સીતાને પામ્યા હોત. ति. टी.

"पतिहीना तु या नारी कामं भवतु पुत्रिणी ।
धनधान्यसमृद्धाऽपि विधवेत्युच्यते बुधैः ॥

પતિ વિનાની સ્ત્રી ભલેને પુત્રવતી હોય અથવા ધન–ધાન્યાદિ સમૃદ્ધિવાળી હોય, તોપણ બુદ્ધિમાન્ પુરૂષો તેને વિધવાજ કહે છે."

"હે વીર ! સાંપ્રતમાં તમે પોતાના શરીરમાંથી નીકળેલા રૂધિરવડે રંગાયેલી પૃથ્વીપર સૂતેલા હોવાને લીધે, જાણે રાતારંગના ઓછાડવાળા પોતાના બિછાનામાંજ સૂતા હોની ? એમ જણાય છે ! અરેરે, ચોમેર ધૂળ તથા રૂધિરવડે ખરડાયેલા તમારા શરીરને હું મારી બન્ને ભુજાઓવતી આલિંગન કરવાને પણ સમર્થ નથી ! હે વાનરેંદ્ર ! ખરેખર, આ મોટા વૈરને વિષે તમારો નાનો ભાઇ સુગ્રીવ કૃતકૃત્ય થયો છે, કેમકે મહાસમર્થ રામે એકજ બાણવડે તમને હણીને એના ભયને નિવૃત્ત કર્યો છે ! હે સ્વામિનાથ ! જો કે તમે મરણ પામી પડયા છો, તોપણ તમારા હૃદયને વિષે ચોંટેલું તીક્ષ્ણ બાણ મને તમારા અંગનો સ્પર્શ કરતાં વારે છે; અર્થાત્ તમારા હૃદયમાં બાણ ચોંટેલું હોવાથી હું તમારા દેહને આલિંગન કરી શકતી નથી."

મહાસતી તારાનો વિલાપ સાંભળી સુગ્રીવના સચિવ નીલવાનરે, જેમ કોઇ પર્વતની ગુફાને વિષે સંતાઈ ગયેલા સર્પને ખેંચી કાઢે, તેમ વાલીના શરીરને વિષે ખુંચી ગયેલું રામચંદ્રનું તીક્ષ્ણ બાણ ખેંચી કાઢ્યું. એ વેળા એ બાણની કાંતિ અસ્તાચળપર પડતા સૂર્યનાં કિરણોજેવી દેખાવા લાગી. બાણ ખેંચી કાઢયા પછી વાલીના દેહમાં થયેલા વ્રણમાંથી રૂધિરની ધારાઓ નીકળવા લાગી. તે ધારા જાણે કોઈ પર્વતમાંથી તામ્રાદિ ધાતુઓ તથા ગેરૂ વગેરેથી મિશ્રિત જળપ્રવાહોજ નીકળતા હોયની, એવી દેખાતી હતી! પછી સંગ્રામભૂમિની રજથી વ્યાપ્ત અને અસ્ત્રથી હણાઇ પડેલા પોતાના પતિ વાલીના દેહને લૂંછતી મહાસતી તારા પોતાનાં નેત્રમાંથી નીકળતા અશ્રુપ્રવાહવડે તેનું સિંચન કરવા લાગી. પોતાના પતિની એવી અવસ્થા જોઇ અતિ દુઃખી થયેલી તારા પ્રિય પુત્ર અંગદ પ્રત્યે કહેવા લાગી કે, "હે પુત્ર ! તું તારા પિતાની આ અતિદારૂણ અંતિમ અવસ્થાને જો !૯-૨૨ હાય ! પૂર્વનાં પાપકર્મને લીધે બંધાયેલા વૈરનો આજે અંત આવ્યો છે ! હે તાત ! ઉદય પામતા સૂર્યસરખી કાંતિવાળા અને સર્વને માન આપનારા તારા પિતા વાલી કે જે પરલોકપ્રત્યે ચાલ્યા ગયા છે, તેમના દેહનું તું અભિવંદન કર."

પોતાની માતુશ્રી તારાનાં વચન સાંભળી રાજપુત્ર અંગદ તુરતજ ઉભો થયો, અને પોતાની સ્થૂલ÷ તથા વર્તુલાકાર* બન્ને ભુજાઓવડે પિતાના ચરણને ગ્રહણ કરી બોલ્યો કે, "હે પિતા ! હું 'અંગદ' નામનો તમારો પુત્ર છું, અને તમારા ચરણોનું અભિવંદન કરૂં છું."

રાજપુત્ર અંગદનાં નમ્રતાયુક્ત તથા હૃદયભેદક વચન સાંભળીને તારાનું હૃદય ઉલટું વધારે ભરાઈ આવ્યું; અને તે વિલાપ કરતી પુનઃ કહેવા લાગી કે,–"હે સ્વામિનાથ! આ તમારો પુત્ર અંગદ તમારૂં અભિવંદન કરે છે, તેને તમે પ્રથમની પેઠે "હે પુત્ર ! તું દીર્ઘાયુ થા." એવો આશીર્વાદ કેમ આપતા નથી ? અરે, જેમ વનને વિષે સિંહે નાશ કરેલા વૃષભની સમીપ, પોતાના વાછરડાસહિત ગાય ઉભી રહે છે, તેમ આ રણભૂમિને વિષે નાશ પામેલા તમારી સમીપ, હું રાજપુત્ર અંગદસહિત ઉભી રહી છું છતાં તમે મારાપર દયા કેમ કરતા નથી ?૨૩-૨૬ હે પ્રિય ! હું કે જે તમારી ધર્મપત્ની છું તેના વિનાજ સંગ્રામરૂપી યજ્ઞ કરીને રામનાં બાણરૂપી જળમાં તમોએ અવભૃથસ્નાન= કેમ

÷જાડા. * ગોળાકાર.

= યજ્ઞના અંતે વિધિયુક્ત થતું સ્નાન.

કર્યું ?*૨૭ હે સ્વામિનાથ ! યુદ્ધને વિષે પ્રસન્ન થયેલા દેવરાજ ઇંદ્રે આપેલી તમારી પ્રિય સુવર્ણમાળા આજે તમારા કંઠમાં કેમ દેખાતી નથી ?૨૮ હે માનદ ! જેવી રીતે મેરૂપર્વતની ચારેકોર પરિભ્રમણ કરતા સૂર્યની કાંતિ મેરૂપર્વતનો ત્યાગ કરતી નથી તેવી રીતે આ રાજ્યશ્રી પ્રાણરહિત થઇ પડેલા તમારો ત્યાગ કરતી નથી.૨૯ અરેરે, તમોએ મારાં હિતવચનોને માન્યાં નહિ, તેમજ હું પણ તમને વારી શકી નહિ, તેથી આ સંગ્રામને વિષે તમારો નાશ થયો અને તેની સાથે રાજપુત્ર અંગદસહિત મારો પણ નાશ થયો છે, તેમજ આ રાજ્યશ્રી હવે મારો પણ ત્યાગ કરે છે. "૩૦

न मे वचः पथ्यमिदं त्वया कृतं न चास्मि शक्ता हि निवारणे तव । हता सपुत्रास्मि हतेन संयुगे सह त्वया श्रीर्विजहाति मामपि ॥३०॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાણ્ડમાં ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૩

सर्ग २४ मो.

શોકાતુર સુગ્રીવ-તારાનું આશ્વાસન.

तामाशु वेगेन दुरासदेत्वभिप्लुतां शोकमहार्णवेन । पश्यंस्तदा वाल्यनुजस्तरस्वी भ्रातुर्वधेनामतिमेन तेपे ॥ १ ॥

સતી તારાને, એકાએક આવી પડેલા દુઃસહ શોકરૂપી મહાસાગરમાં ડુબેલી જોઇને વાલીનો નાનો ભાઇ સુગ્રીવ પોતાના જ્યેષ્ઠ ભ્રાતાનો અયોગ્ય રીતે વધ થયેલો હોવાને લીધે અત્યંત પરિતાપ પામ્યો.૧ મહાસતી તારાને ચોધાર આંસુએ રોદન કરતી જોઇને પોતાના મનમાં અત્યંત ખેદ પામેલો તથા પશ્ચાત્તાપ કરતો મહાસમર્થ સુગ્રીવ પોતાના અનુચરોસહિત શનૈઃ શનૈઃ રામચંદ્રની પાસે જવા લાગ્યો.૨ ઝેરી સર્પ સરખાં બાણોથી ભરેલાં ભાથાં તથા ધનુષ્યને ધારણ કરનારા, ધીર અને ઉદાર સ્વભાવવાળા તથા સામુદ્રિક લક્ષણોથી યુક્ત* મહાયશસ્વી રામચંદ્રની પાસે જઇને, મહાત્મા સુગ્રીવ તેમના પ્રત્યે કહેવા લાગ્યો કે,૩

"હે રાજપુત્ર ! તમોએ જેવી પ્રતિજ્ઞા કરી હતી તે પ્રમાણેજ મારૂં કાર્ય કર્યું અને તેનું ફળ પણ મારા જોવામાં આવ્યું; પરંતુ લોકોને વિષે મારૂં જીવિત નિંદ્ય થવાને લીધે હવે ભોગોપરથી મારૂં ચિત્ત ઉઠી ગયું છે.૪ હે રાજકુમાર ! વાલીનો નાશ થવાને લીધે તેની રાણી તારા ઘણુંજ રોદન કરે છે અને તેની આગળ ઉભેલાં સર્વ નગરવાસી સ્ત્રી-પુરૂષો પણ રોદન કરી રહ્યાં છે. સાંપ્રતમાં પિતાના વિયોગદુઃખથી પીડાતો અંગદ પણ જીવશે કે કેમ ? એવો સંશય રહે છે, તો હે રામ ! આવા મહાન્ શોકના સમયમાં મારૂં મન રાજ્યની અભિલાષા કેમ કરે ?૫ હે ઇક્ષ્વાકુવર !÷ પ્રથમ, વાલીએ મારો મોટો પરાભવ કર્યો હતો તેથી ઉપજેલા ક્રોધને નહિ સહન કરવાને લીધે હું તેને વધ કરવા યોગ્ય ધારતો હતો, પરંતુ હવે આ વાનરરાજનો વધ થવાથી હું અતિશય પરિતાપ પામું છું.૬ માટે હે રામ ! હવે હું મારી આજીવિકાઅર્થે બીજી ગમે તે કોઈ વૃત્તિનો આશ્રય કરી ઘણા કાળ પર્યંત ઋષ્યમૂક પર્વતને વિષેજ વાસ કરવો એ શ્રેયસ્કર માનું છું. જ્યેષ્ઠ બંધુનો વધ કરીને મેળવેલા સ્વર્ગના રાજ્યને પણ હું હવે શ્રેયસ્કર માનતો નથી.૭ વળી મહાબુદ્ધિમાન્ અને મહાત્મા એવા મારા વડિલ બંધુ વાલીએ મને પ્રથમજ કહ્યું હતું કે, "હે સુગ્રીવ ! હું તારો વધ કરવા ઈચ્છતો નથી, માટે ભલે, તું તારી ઈચ્છામાં આવે ત્યાં ચાલ્યો જા." હે રામ ! એવું તેનું વચન

* સ્ત્રીસહિત પુરૂષનેજ ધર્મક્રિયા કરવાનો અધિકાર છે, માટે સંગ્રામને યજ્ઞનું રૂપક આપી તારાએ પતિ પતિને ઠપકો આપ્યો.

*સામુદ્રિક શાસ્ત્ર-શરીરનાં શુભાશુભ લક્ષણોના વર્ણનથી ભરેલો ગ્રંથ. તેમાં કહેલાં શુભ લક્ષણોવાળા.

÷ઇક્ષ્વાકુવંશમાં શ્રેષ્ઠ.

અને તે પ્રમાદીનું મારા પ્રત્યેનું તેનું વર્તન તેને યોગ્યજ હતું. પરંતુ હાય ! પોતાનાજ બંધુનો વધ કરાવવારૂપ આ અઘટિત કર્મ અને તેનું એ સત્ય વચન મને-દુષ્ટને તો અયોગ્યજ થઇ પડયાં !૯ હે રામ ! ભ્રાતા જો કે સ્વાર્થપરાયણ હોય, તોપણ રાજ્ય-સુખ અને ભ્રાતૃવધનું દુ:ખ એ બન્નેના તારતમ્યનો વિચાર કરી તે પોતાના ગુણ-વાન્ ભ્રાતાના વધને કેમ પ્રિય ગણે ?૯ હે રઘુવર ! " હું મારા બંધુ સુગ્રીવનો વધ કરીશ, તો જગતમાં મારી અપકીર્તિ થશે." એવા વિચારથી વાલીએ મારો વધ કર્યો નહિ, પરંતુ મેં મારી દુર્બુદ્ધિના યોગે આજે મારા ભાઇનો વધ કરવારૂપ મોટો અન્યાય કર્યો છે.૧૦ હે દાશરથિ ! હું જ્યારે વાલીએ કરેલા વૃક્ષશાખાના પ્રહારથી પરાજય પામી એક મુહૂર્ત્તસુધી તમારી સહાય્ય ઇચ્છતો ઉભો રહ્યો હતો, ત્યારે તેણે મારાપર એક પણ પ્રહાર ન કરતાં, મને સાન્ત્વનાયુક્ત એટલુંજ વચન કહ્યું હતું કે, " જા, હવે હું તને હણીશ નહિ. તું પુન: મારી સાથે આવી દુષ્ટતા કરીશ નહિ."૧૧ અહો ! મહાત્મા વાલીએ, પોતાના ભ્રાતૃભાવ, આર્યભાવ તથા ધર્મની રક્ષા કરી, પરંતુ મેં તો તેનાપર આવું દુષ્ટ કર્મ કરીને, મારા ક્રોધ, કામ, તથા વાનરપણાનેજ પ્રકટ કરી દેખાડયાં !૧૨ હે મિત્ર ! પૂર્વે જેમ વિશ્વરૂપનો વધ કરવાથી દેવોનો રાજા ઈંદ્ર મહાન પાપકર્મને પ્રાપ્ત થયો હતો, તેમ મારા આર્યબંધુને હણવાથી હું પણ સર્વેએ ત્યાગ કરવા યોગ્ય અને ચિંતવન કરવાને, ઈચ્છવાને તથા જોવાને પણ અયોગ્ય એવા મોટા પાપકર્મને પ્રાપ્ત થયો છું.૧૩ અરે ! પણ, ઇંદ્રના પાપકર્મને તો પૃથ્વી, જળ, વૃક્ષો તથા સ્ત્રીઓ એ ચારે જણાંએ સ્વેચ્છાથી સ્વીકાર્યું હતું; પરંતુ હું કે જે વનચર છું તેના પાપકર્મને સ્વીકારવાની કોણ ઇચ્છા કરે ? અથવા સહન પણ કોણ કરે ?૧૪ હે રાઘવ ! કુળનો નાશ કરનારૂં આવું અધર્મયુક્ત કર્મ કરીને હું પ્રજાના સન્માનને તેમજ યુવરાજપદને પણ અયોગ્ય થયો, તોપછી રાજ્ય કરવાને યોગ્ય તો કયાંથીજ થાઉં ?૧૫ હે રઘુનંદન ! હું આ લોકને વિષે નિંદિત, ક્ષુદ્ર તથા પરલોકના સુખનો વિનાશ કરનારૂં પાપકર્મ કરનારો થયો છું, તેથી જેમ વરસાદનું પાણી નીચા-ણમાં વહન કરે છે, તેમ મારા મનમાંનો મોટો શોક ઉંડો ઉતરતો જાય છે; અર્થાત્ મારો શોક પ્રતિક્ષણે દઢ થતો જાય છે.૧૬ જેમ મદોન્મત્ત હસ્તી નદીના તટને હણે છે તેમ મારા ભાઇ વાલીના ઘાતરૂપી પુચ્છવાળો અને અનેકવિધના સંતાપરૂપી સુંઢ, નેત્ર, મસ્તક તથા દંતુશળવાળો વૃદ્ધિ પામેલો પાપરૂપી હસ્તી મને હણે છે; અર્થાત્ વાલીના વધનું પાપ મારા હૃદયમાં ઘણુંજ સાલે છે.૧૭ હે નરોત્તમ ! હે રાઘવ ! જેમ મલિન સુવર્ણને અગ્નિમાં તપાવવાને લીધે, તેનો મેલ દૂર થાય છે, તેમ ભ્રાતૃવધરૂપ અસહ્ય પાપને લીધે મારા અંત:કરણમાંની પૂર્વજન્માર્જિત÷ અનેક પુણ્યવાસનાઓ દૂર થાય છે; અર્થાત્ ભ્રાતૃવધના પાપને લીધે મારાં પૂર્વનાં સઘળાં પુણ્ય નષ્ટ થયાં છે.૧૮ અરેરે, હે રાઘવ ! હું ધારૂં છું, કે મારા દુષ્કર્મને લીધે તથા રાજપુત્ર અંગદના શોક-સંતાપનેલીધેજ આ મહાબળવાન વાનરોનું કુળ અર્ધમુઆ સરખું થઇ ગયું છે !૧૯ અરેરે, પુત્ર મળવો સુલભ છે, અને સજ્જનને વશ કરવાનું કાર્ય પણ સુલભ છે, પરંતુ અંગદના સરખો ગુણીયલ પુત્ર મળવો તો ઘણોજ દુર્લભ છે. હે વીર ! હવે મારે માટે એવો કોઇ પણ દેશ નથી કે જ્યાં જવાથી મને મારા સહો-દર ભ્રાતાનો સમાગમ થાય !૨૦ અરેરે, શૂર-વીર પુરૂષોમાં શ્રેષ્ઠ અંગદ હવે જીવે એમ નથી, કદાચ તે જીવે તો તેની માતા તારા તેનું પાલન કરવાની આશાથી જીવે ખરી, પરંતુ તેના વિના તો તે અત્યંત પરિતાપને

÷ પૂર્વજન્મને વિષે સંપાદન કરેલાં.

લીધે હીનતાયુક્ત થઇને નિશ્ચય પોતાના જીવિતનો ત્યાગ કરશે,[૨૧] માટે હે રઘુનંદન ! હવે હું મારા જીવિતને ધારણ કરવા ઇચ્છતો નથી. મારા મરણ પામેલા બાંધવ તથા પુત્રના સખ્યને ઇચ્છતો હું હવે અતિપ્રદીપ્ત અગ્નિમાં પ્રવેશ કરીશ, અને તમારી આજ્ઞામાં રહેલા આ હનુમાન્ વગેરે શ્રેષ્ઠ વાનરો સીતાની શોધ કરવારૂપ તમારૂં કાર્ય કરશે.[૨૨] હે રાજપુત્ર ! મારૂં મૃત્યુ થવા છતાં પણ તમારૂં સઘળું કાર્ય સિદ્ધ થશે, માટે હે રાઘવ! હું કે જે પોતાનાજ કુળનો ઘાત કરનાર હોવાથી મહાન્ પાપી ગણાયો છું, અને હવે આ લોકમાં જીવવાને યોગ્ય નથી, તેને તમે અગ્નિમાં પ્રવેશ કરવા માટે આજ્ઞા આપો. "[૨૩]

વાલીના મરણથી પીડાતા સુગ્રીવનાં અત્યંત ખેદયુક્ત વચનો સાંભળીને રામચંદ્રનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવ્યા; અને મનમાં અત્યંત ખેદ થવાને લીધે તેઓ એક મુહૂર્ત્ત પર્યંત કંઇ પણ બોલી શકયા નહિ.[૨૪] એ વેળા પૃથ્વીના સરખા ક્ષમા ગુણવાળા અને પૃથ્વીનું પાલન કરનારા શ્રીમાન રામચંદ્રે ચોતરફ દૃષ્ટિ કરી તો મહાન દુઃખમાં ડુબેલા અને રોદન કરતી સતી તારાને જોઇ, ત્યારે તેનો શોક નિવૃત્ત કરવાની તેમણે ઇચ્છા કરી.[૨૫] આ વેળા વાલીના મુખ્ય મંત્રીઓ સુંદર નેત્રવાળી વાનરરાજ વાલીની સ્ત્રી તારા કે જે પોતાના પતિના દેહને આલિંગન કરી ભૂમિપર આળોટતી હતી તેને ઉઠાડીને રામચંદ્ર આગળ લઇ જવા લાગ્યા. મંત્રીઓની સહાય્યથી ચાલતી અને થર થર ધ્રુજતી તારાએ ધનુષ્ય તથા બાણને ધારણ કરનારા અને પોતાના તેજવડે સૂર્યસમાન પ્રકાશતા શ્રીમાન રામચંદ્રને જોયા.[૨૬,૨૭] અદ્યાપિ પર્યંત કદી પણ નહિ જોયેલા અને સંપૂર્ણ રાજચિહ્નોવાળા યુક્ત પુરૂષશ્રેષ્ઠ રામચંદ્રને જોઇને હરિણના બચ્ચાનાં નેત્રજેવાં નેત્રવાળી મહાસતી તારાએ જાણ્યું કે:-" આ મારા પતિને હણનાર કકુત્સ્થકુળોત્પન્ન રામ તે આજ છે. "[૨૮] ઇંદ્રસમાન પરાક્રમી અને મહાનુભાવ રામચંદ્રને ઓળખ્યા ત્યારે તો અત્યંત કષ્ટને લીધે પીડાતી સતી તારા ધ્રૂજતી-ધ્રુજતી ઉતાવળે મહા સમર્થ રામચંદ્રની પાસે જવા લાગી.[૨૯] અતિશય શોકને લીધે જેને પોતાના દેહનું પણ ભાન રહ્યું ન હતું એવી મહા સતી તારાએ શુદ્ધ અંતઃકરણવાળા સંગ્રામચતુર રામચંદ્રની સમીપ જઇને કહ્યું કેઃ-[૩૦]

*" હે દશરથનંદન ! તમે અમિત પ્રભાવવાળા, જિતેંદ્રિય, શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરનારા, અખંડિત કીર્તિવાળા, વિચક્ષણ, પૃથ્વી, સરખા ક્ષમાગુણવાળા, પોતાના હાથમાં ધનુષ્ય-બાણને ધારણ કરનારા, દૃઢ અંગવાળા, દુરાસદ, કમળસમાન રક્ત નેત્રવાળા અને મહા બળવાન્ છો. હે રઘુવીર ! તમોએ મનુષ્યદેહના ઉત્તમોત્તમ સુખનો ત્યાગ કરીને મંગળમય દિવ્ય દેહનેઅંગીકાર કર્યો છે.[૩૧-૩૨] હે વીર ! તમોએ જે બાણવડે મારા પ્રિય પતિ વાલીનો વધ કર્યો છે, તેજ બાણવડે મારો પણ વધ કરો, એટલે હું સત્વર તેની સમીપ જાઉં, કેમકે મારો પતિ વાલી મારા વિના સ્વર્ગમાં પણ હર્ષિત થશે નહિ.[૩૩] હે કમળપત્રસમાન નેત્રવાળા રામ ! મારો સ્વામી વાલી સ્વર્ગમાં જઇને પણ મને ન જોવાથી, વિચિત્ર વેષવાળી તથા ચિત્ર-વિચિત્ર પુષ્પોનાં મસ્તકાભરણવાળી અપ્સરાઓનું સેવન કરશે નહિ.[૩૪] હે વીર ! તમે જેમ વિદેહપુત્રી સીતાના વિયોગને લીધે પર્વતની રમણીય તળેટીને વિષે પણ શોક તથા વિવર્ણતાને પામો છો, તેમ મારો સ્વામી વાલી મારા વિયોગને લીધે સ્વર્ગને વિષે પણ શોક તથા વિવર્ણતાને પામશે.[૩૫] હે દાશરથિ ! યુવાન્ પુરૂષને સ્ત્રીના વિયોગથી જે દુઃખ થાય છે તેને તમે સારી

* તારા, રામના પ્રભાવને પ્રથમથીજ જાણતી હતી અને વળી પ્રત્યક્ષ દર્શન કરવાથી તેને વિશેષ ખાત્રી થઇ, તેથી પોતાના પતિને હણનારા રામ ઉપર જરા પણ દુર્ભાવ લાવ્યા સિવાય તારા હવે તેમની સ્તુતિ કરે છે.

પેઠે જાણોજ છો, માટે તેનો યથાર્થ વિચાર કરીને તમે સત્વર મારો વધ કરો, કે જેથી મારા સ્વામી વાલીને મારા વિયોગનું દુઃખ સહન કરવું પડે નહિ.[૩૬] હે મહાત્મન્! "મને હણવાથી તમને સ્ત્રીહત્યાનો દોષ લાગશે." એવું જો તમે માનતા હો તો તે પણ ઠીક નથી. કેમકે "તારા પણ વાલીનુંજ અંગ છે." એમ ધારીને તમે મારો વધ કરશો તો હે રાજપુત્ર! તમને કશો દોષ લાગનાર નથી.[૩૭] "अर्धं भार्या मनुष्यस्य। સ્ત્રી, પુરૂષનું અર્ધું અંગ છે." ઈત્યાદિ સ્મૃતિવચનોથી તથા "अर्धो वाएष आत्मनो यत्पत्नी। સ્ત્રી એ પુરૂષનો અર્ધો વિભાગ છે." ઈત્યાદિ શ્રુતિ વાકયોથી સિદ્ધ થાય છે કે સ્ત્રી પુરૂષથી જૂદા સ્વરૂપવાળાં દેખાવા છતાં તે પુરૂષનુંજ અંગ છે, અર્થાત્ સ્ત્રી પુરૂષથી કદી પણ જૂદી ગણાતી નથી. વિચારવાન પુરૂષોએ કહ્યું છે કે "આ લોકને વિષે સ્ત્રીદાન કરતાં, અધિક શ્રેષ્ઠ બીજું કોઈ પણ દાન નથી; અર્થાત્ વિવાહને યોગ્ય થએલી કન્યાનું યોગ્ય વરને દાન કરવું કિંવા વિયોગી થએલા પુરૂષને તેની સ્ત્રીની પ્રાપ્તિ કરાવી આપવી, એ ઉપરાંત બીજું શ્રેષ્ઠ દાન નથી.[૩૮] માટે હે વીર! તમે પણ એ ધર્મનો વિચાર કરી, મને હણી, સ્વર્ગને વિષે મારા પતિનો સમાગમ કરાવવારૂપે મારૂં દાન આપશો, તો મારો વધ કરવા સંબંધી કોઈ પણ પ્રકારનો દોષ તમને લાગશે નહિ.[૩૯] હે રઘુવીર! અત્યંત પીડાતી તથા અનાથ બનેલી હું કે જેને ક્ષણે ક્ષણે પતિથી છેટું પડતું જાય છે તેને હણવા માટે તમારે વિલંબ કરવો યોગ્ય નથી. હે નરેંદ્રપુત્ર! હસ્તી સરખી ગતિવાળા, અમૂલ્ય અને ઉત્તમ સુવર્ણમાલાને ધારણ કરનારા તથા વાનરોમાં શ્રેષ્ઠ અને બુદ્ધિમાન એવા વાલી વિના હું, હવે ઘણો સમય જીવી શકું એમ નથી."

મહાસતી તારાનાં ઉપર્યુક્ત કરૂણામય વચનો સાંભળી, મહાસમર્થ મહાત્મા રામચંદ્ર તેનું આશ્વાસન કરી, હિત વચન કહેવા લાગ્યા. કે,[૪૦,૪૧] "હે વીર પુરૂષની સ્ત્રી! તું એવી કુબુદ્ધિ× કરીશ નહિ. આ સર્વ લોકોને વિધાતાએ નિર્માણ કર્યા છે, અને તેનીજ આજ્ઞાથી પ્રાણીઓને સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે, એવું વેદોમાં કહ્યું છે.[૪૨] ભૂરાદિ* ત્રણેલોકોને વિષે વસનારાં પ્રાણીઓ વિધાતાએ નિર્માણ કરેલાં સુખ-દુઃખાદિના વિધાનનું અતિક્રમણ કરી શકતાં નથી, કેમકે એ સર્વ તેનેજ અધીન છે. હે સતિ! તું કાંઇ પણ ચિંતા કરીશ નહિ. તારો પતિ વાલી ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થશે તથા તારો પુત્ર અંગદ યુવરાજપદને પામશે અને તું પ્રથમના જેવીજ ઉત્કૃષ્ટ પ્રીતિને પામીશ.[૪૩] હે તારા! "વિધાતાએ જે નિર્મ્યું હોય તે પ્રમાણેજ થાય છે." એમ જાણીને શૂરવીર પુરૂષોની સ્ત્રીઓ કદી પણ શોચ કરતી નથી; માટે તું પણ શોચનો ત્યાગ કર."

એવી રીતે શત્રુઓને સંતાપ આપનારા અને મહા પ્રભાવશાળી મહાત્મા રામચંદ્રે સુંદર વેષ તથા રૂપવાળી વીરપત્ની તારાનું આશ્વાસન કર્યું, ત્યારે તે મહાસતી વિલાપ કરતી અટકી.[૪૪]

धात्रा विधानं विहितं तथैव न शूरपत्न्यः परिदेवयन्ति। आश्वासिता तेन महात्मना तु प्रभावयुक्तेन परन्तपेन॥ सा वीरपत्नी ध्वनता मुखेन सुवेषरूपा विरराम तारा॥४४॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૪

સર્ગ ૨૫ મો.

સુગ્રીવાદિનું સાંત્વન-વાલીનો અગ્નિસંસ્કાર.

स सुग्रीवं च तारां च साङ्गदां सहलक्ष्मणः। समानशोकः काकुत्स्थः सान्त्वयन्निदमब्रवीत्॥१॥

× દુઃખથી ડરીને મરણ પામવાનો વિચાર.

* ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક.

પછી લક્ષ્મણસહિત રામચંદ્ર સુગ્રીવની સાથે મૈત્રી હોવાથી સમાન શોકવાળા થઇને સુગ્રીવ, અંગદ તથા તારાનું સાંત્વન કરતાં કહેવા લાગ્યા કે,[૧] "અરે, મરણ પામેલાની પાછળ શોક અને પરિતાપ કરવાથી કાંઇ તેનું શ્રેય થતું નથી, હવે તો મરનારનું જેથી શ્રેય થાય એવું શાસ્ત્રોક્ત કાર્ય કરવાનીજ આવશ્યક્તા છે.[૨] વળી લોકાચાર પ્રમાણે કરવા યોગ્ય અશ્રુપાત વગેરે પણ તમે કરી ચૂકયાં છો, માટે હવે તો મૃત્યુ પામેલા વાલીનું શ્રેય થાય એવું કાર્ય કરો. જે સમયે જે કાર્ય કરવું ઉચિત હોય તે સમયે તેજ કાર્ય કરવું જોઇએ, અન્ય કાર્ય કરવાથી અથવા સમય વ્યર્થ જવા દેવાથી કાંઈજ શ્રેય થતું નથી.[૩] કેમકે:—

नियतिः कारणं लोके नियतिः कर्म साधनम् ।
नियतिः सर्वभूतानां नियोगेष्विह कारणम् ॥

આ લોકને વિષે સર્વનું નિયમન કરનાર કાળ એજ ઈશ્વર છે, જગત્‌ની ઉત્પત્તિ વગેરેનું મૂળ કારણ કાળ જ છે, તેમ વ્યાવહારિક અને પારમાર્થિક કર્મોનું સાધન તથા સર્વ ભૂત-પ્રાણીમાત્રને પોત-પોતાના કર્મને વિષે પ્રેરનાર પણ કાળ જ છે.[૪] આ જગતને વિષે કૃષિ* આદિ કોઇપણ કર્મનો કોઈ પણ પ્રાણી સ્વતંત્રપણે કર્ત્તા નથી; તેમજ કોઈને પ્રેરણા કરવાને કોઈ પણ પ્રાણી સમર્થ નથી; કેમકે ભૂત-પ્રાણી માત્રના સઘળા વ્યવહાર પૂર્વજન્માર્જિત÷ કર્મને અનુસરીને જ પ્રવર્તે છે, અને તે કર્મના સહાયક કાળ છે.+[૫] કાળરૂપ ઈશ્વર જીવોની જન્મ મરણાદિ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ જ પોતે કોઇ પણ પ્રકારે હીન થતો નથી, અર્થાત્ કાળની હાનિ કરનાર કોઇ નથી. પ્રત્યેક પ્રાણી પોતાના દૈવરૂપી સ્વભાવને પ્રાપ્ત થઇ તે પ્રમાણે જ અનુસરે છે.[૬] કાળને કોઇની સાથે બંધુત્વ નથી, એને ટાળવામાં મંત્ર-તંત્રાદિ કશી ક્રિયા ખપ લાગતી નથી, એની આગળ પરાક્રમીઓનું પરાક્રમ ચાલતું નથી, તેમજ મિત્ર, જ્ઞાતિ તથા સંબંધી વગેરે કોઇ પણ એને નિવૃત્ત કરવાને સમર્થ નથી. એ કાળ સર્વ વાતે સ્વતંત્ર છે.[૭] પ્રાણીઓને સુખ-દુઃખાદિ પ્રાપ્ત થવાં, એ સઘળું કાળનું જ પરિણામ છે, તેમજ ધર્મ, અર્થ અને કામ પણ કાળક્રમે કરીને જ પ્રાપ્ત થાય છે, એમ વિચારવાન્ પુરૂષે સમજવું, અને કદી કોઈનો પણ શોચ કરવો નહિ.[૮] આ લોકને વિષે સામ, દાન, અને અર્થના સંયોગવડે પવિત્ર થયેલા પ્રારબ્ધના ભોગોને ભોગવી વાનરેશ્વર વાલી પોતાની મૂળ પ્રકૃતિને પ્રાપ્ત થયો છે.[૯] મહાત્મા વાલી સંગ્રામને વિષે દેહત્યાગ કરીને સ્વધર્મવડે સંપાદન કરેલા સ્વર્ગ લોકને પ્રાપ્ત થયો છે.[૧૦] સંગ્રામને વિષે હણાવાથી વાનરરાજ વાલીને શ્રેષ્ઠ ગતિ પ્રાપ્ત થઈ છે; માટે હવે શોક તથા પરિતાપનો ત્યાગ કરી જે કર્ત્તવ્ય હોય તેજ કરો."[૧૧]

એટલું કહી મહાત્મા રામચંદ્ર વિરામ પામ્યા, ત્યારે શત્રુઓને હણનાર મહાસમર્થ લક્ષ્મણ શોકને લીધે બેભાન સરખા થઈ ગયેલ

---

* ખેતી.

÷ પૂર્વ જન્મોમાં સંપાદન કરેલા.

\+ આ વિષયને, સૂતસંહિતામાં શિવના વાકયથી સ્પષ્ટ વર્ણવ્યો છે. શિવજી ઋષિઓને કહે છે [illegible] કે:-" હે દ્વિજોત્તમો ! આ સમગ્ર જગત્ એકલા સ્વભાવથીજ ઉત્પન્ન થયું છે, એવું જે કેટલાકનું મત છે તે સત્ય નથી; કેમકે જગત્ ઉત્પન્ન થવામાં સ્વભાવની સાથે દેશ-કાળાદિની અપેક્ષા પણ રહે છે; માટે હે વિપ્રેંદ્રો ! કાળરૂપી મારા સહાય્યથી પોત-પોતાનાં કર્માનુસારે જીવોનાં જન્મ-મરણાદિ થાય છે. એનું નામ જ સ્વભાવ છે. આમ વેદોમાં નિર્ણય કરેલો છે. હે ઋષિઓ ! એકલા મારા (કાળના) થી કે એકલા કર્મથી કાંઇ જગતનાં ઉત્પત્તિ વગેરે થતાં નથી; પરંતુ હે મુનિસત્તમો ! જ્યારે જીવોનાં કર્મોનો પરિપાક થાય છે, ત્યારે જ મારો (કાળનાં) સહાય્યથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે."

સુગ્રીવ પ્રત્યે નમ્ર વચન કહેવા લાગ્યા કેઃ-[12] "હે સુગ્રીવ! હવે પરિતાપનો ત્યાગ કરી, રાજપુત્ર અંગદ તથા તારાસહિત તું વાલીને અગ્નિસંસ્કાર કરવા સંબંધી જે કાંઇ પ્રેત-કાર્ય કરવાનું છે તે કર.[13] વાલીને અગ્નિ-સંસ્કાર કરવા માટે ઉત્તમ ચંદનવૃક્ષનાં સૂકાં કાષ્ઠો તથા બીજાં પણ ઘણાંએક સુગંધ કાષ્ઠો એકઠાં કરવાની વાનરોને તું આજ્ઞા આપ.[14] વાલીના વિયોગથી અતિ દીન થઇ ગયેલા રાજપુત્ર અંગદનું તું આશ્વાસન કર. હવે તું બાળકબુદ્ધિ રાખીશ નહિ, કેમકે હવે આ આખી કિષ્કિંધાનગરી તારેજ આશ્રયે છે.[15] હે સુગ્રીવ! તું અંગદને પણ આજ્ઞા કર કે જેથી તે પુષ્પો, નાના પ્રકારનાં વસ્ત્રો, ઘૃત, તેલ તથા સુગંધી પદાર્થો વગેરે જે કાંઈ જોઇએ તે સર્વ લઇ આવે."[16]

એ પ્રમાણે સુગ્રીવને કહીને પછી મહાત્મા લક્ષ્મણે સુગ્રીવના 'તાર' નામના સચિવને આજ્ઞા કરી કે, "હે તાર! તું ઉતાવળે કિષ્કિં-ધામાં જઈ, વાલીને માટે એક શિબિકા* લઇ, સત્વર પાછો આવ, કેમકે, આવે સમયે ઝડપ રાખવી એ શ્રેયસ્કર છે.[17] એ શિબિકાને ઉંચકવામાં સમર્થ હોય એવા બળવાન વાન-રોને પણ તું તૈયાર કર કે જેઓ વાલીના શબને સ્મશાન ભૂમિ પ્રત્યે લઇ જાય."[18] એટલું કહીને શત્રુઓને હણનારા સુમિત્રાનંદન લક્ષ્મણ પોતાના જ્યેષ્ઠ બંધુ રામચંદ્રની સ-મીપ ઉભા રહ્યા.[19] લક્ષ્મણનું વચન સાંભ-ળીને ઉદ્વેગયુક્ત ચિત્તવાળો તાર વાનર શિબિકા આણવા માટે સત્વર કિષ્કિંધામાં ગયો અને ત્યાંથી એક ઉત્તમ શિબિકાને શૂરવીર વાનરો પાસે ઉંચકાવીને થોડીક વારમાંજ પાછો આવ્યો.[20,21] દિવ્ય રથ સરખી એ શિબિકા અત્યંત શોભાયમાન હતી, તેના મધ્યભાગમાં રાજાને બેસવા યોગ્ય ઉત્તમ ભદ્રાસન રચેલું હતું, તેની ચારે બાજુ અનેક પ્રકારનાં પક્ષીઓ, વૃક્ષો તથા પદાતિઓનાં ચિત્રો ચિતરેલાં હતાં, તેની અંદર પ્રવેશ કરવાનાં દ્વાર ઘણાંજ સુખ-રૂપ જણાતાં હતાં, અને વાયુ આવવા માટે તેમાં સુંદર જાળીયાં કરેલાં હોવાથી એ શિબિકા દેવતાઓના વિમાન સરખી દેખાતી હતી.[22,23] ઉત્તમ શિલ્પિઓએ બનાવેલી એ સુંદર શિ-બિકા વિશાળ અને દૃઢ હતી. તેમાં ક્રીડા કરવા અર્થે કાષ્ઠના પર્વતો રચેલા હતા, તેમજ તેને વિષે બીજી પણ નાના પ્રકારની કારી-ગરી કરેલી હતી.[24] એ શિબિકા ઉત્તમ સુવર્ણ હારો, ચિત્રવિચિત્ર પુષ્પો તથા રક્ત ચંદનવડે અલંકૃત કરેલી હતી, અને તેના ઉપલા ભાગપર મોટી ગુફા જેવો ગહન ઘુમટ આવી રહ્યો હતો. એ શિબિકામાં અનેક તરેહનાં સુગંધી પુષ્પો વેરાયેલાં હતાં, તથા ઉદય પામતા સૂર્ય સરખી કાંતિવાળી કમળની માળાઓવડે સુશોભિત હતી.[25,26] એવી રમ્ય શિબિકાને જોઇ રામચંદ્રે લક્ષ્મણને કહ્યું કે,-"હે લક્ષ્મણ! હવે વાલીના શબને સત્વર સ્મશાન ભૂમિ પ્રત્યે મોકલાવી તેનું સઘળું પ્રેતકાર્ય કરાવ."[27]

ત્યાર પછી અત્યંત આક્રોશ કરતા સુગ્રીવ તથા રાજપુત્ર અંગદે મરણ પામેલા વાલીના દેહને વિવિધપ્રકારનાં પુષ્પો, વસ્ત્રો તથા અલં-કારોવડે વિભૂષિત કરી, પોતાના હાથવતી ઉપાડી શિબિકામાં મૂકયો.[28,29] પછી એ શિબિકાને સમર્થ વાનરો પાસે ઉંચકાવીને સુગ્રીવાદિ સર્વ કપિઓ સ્મશાનભૂમિ પ્રત્યે જવા લાગ્યા. આ વેળા વાનરોના રાજા સુગ્રીવે સર્વ વાનરોને આજ્ઞા આપતાં કહ્યું કે, "હે વાનરોત્તમો! તમે સર્વ મળીને મારા આર્ય બંધુ વાલીની શાસ્ત્રોક્ત સઘળી ક્રિયા કરો.[30] નાનાપ્રકારનાં પુષ્કળ રત્નોની વૃષ્ટિ કરતા મુખ્ય મુખ્ય વાનરો શિબિકાની આગળ ચાલો,[31] અને આ લોકને વિષે જેમ કરવાથી રાજાઓની સમૃદ્ધિ-શોભા વિશેષ દેખાય તેવી રીતે તમે તમારા

* વાલીના શબને ઉપાડી સ્મશાનભૂમિ પ્રત્યે લઇ જવાને યોગ્ય શિબિકા-પાલખી.

સ્વામી અને મારા વરિષ્ઠ બંધુ વાલીની ઉત્તમ ક્રિયા કરો."૩૬

સુગ્રીવની આજ્ઞા સાંભળી તાર વગેરે સચિવો રાજપુત્ર અંગદને સાથે રાખી શિબિકાની આગળ ચાલવા લાગ્યા, તેમજ જેઓનો રાજા હણાઈ ગયો છે એવા બીજા સર્વ વાનરો મહાન્ આક્રોશ કરતા શિબિકાની પાછળ જવા લાગ્યા. આ વેળા એકત્રિત થયેલી વાલીની તારા વગેરે સર્વ સ્ત્રીઓ પતિમરણના દુઃખને લીધે છાતી અને મસ્તક કૂટતી રોદન કરવા લાગી, અને "હા નાથ, હા શૂરવીર ! !" એમ મોટેથી બોલી કરૂણા ઉપજે એવી રીતે વારંવાર આક્રોશ કરતી શિબિકાની પાછળ પાછળ ચાલવા લાગી. એ સર્વ વાનરસ્ત્રીઓના એકી વખતના આક્રોશ-રોદનના કોલાહલથી આખું વન ભરાઈ ગયું, અને પર્વતોમાં પ્રતિધ્વનિ થવા લાગ્યા. પછી સુગ્રીવાદિ સર્વ વાનરોએ એ વનમાંના એકાંત સ્થળે જઇ પર્વતમાંથી નીકળતી એક નદીના તટ ઉપર સૂકાં કાષ્ઠોની ચિતા ખડકી. આ સમયે શોકગ્રસ્ત થયેલા વાલીને ઉંચકનારા વાનરો પોતાની કાંધ ઉપરથી શિબિકા ઉતારી પૃથ્વીપર મૂકી એકાંત સ્થળે બેઠા. આ વખતે પોતાના પતિને શિબિકામાં સૂતેલો જોઈને અતિશય દુઃખ પામેલી સતી તારા એકાએક શિબિકામાં પેસી ગઇ, અને તેનું મસ્તક પોતાના ખોળામાં લઈને વિલાપ કરવા લાગી કે, "હા વાનરરાજ ! ! હા મહારાજ ! હા નાથ ! હા પ્રિય ! ! ૩૭-૪૦ હા ઉત્તમ ભોગ ભોગવનાર ! હા મહાબાહુ ! હા સ્વામિન ! જરા મારી સામું તો જુઓ !! અરે, શોકથી પીડાતા આ તમારા સંબંધીઓને પણ તમે કેમ જોતા નથી ?૪૧ હે માનદ ! તમે જીવતા હતા ત્યારે તમારૂં અસ્ત પામતા સૂર્ય સરખું મુખ જેવું દેખાતું હતું તેવું જ અત્યારે તમે પ્રાણરહિત થઇ પડ્યા છો તોપણ હસતું હોય તેવું દેખાય છે.૪૨ હાય ! એકાએક આવી ચડેલો રામરૂપી કાળ તમને ખેંચી જાય છે કે જેણે સંગ્રામને વિષે તમને એકજ બાણ મારીને, અમો સર્વ રાજપત્નીઓને વિધવા કરી મૂકી છે.૪૩ હે રાજેંદ્ર ! કદી પણ ઉતાવળી ચાલથી નહિ ચાલનારી આ તમારી સઘળી રાણીઓ તમારે માટે પગે ચાલીને ઘણેક દૂર અરણ્યમાં આવી છે, તેનાપર તમે દયા કેમ કરતા નથી ?૪૪ હે વાનરેશ્વર ! આ સર્વ ચંદ્રમુખો સ્ત્રીઓ તમને અતિશય પ્રિય હોવા છતાં સાંપ્રતમાં તમે તેમની તથા સુગ્રીવની સામું પણ કેમ જોતા નથી ?૪૫ હે રાજન ! આ તમારા તાર આદિ પ્રધાનો તથા નગરવાસી પ્રજાજનો તમને ઘેરીને બેઠા છે, અને ઘણોજ ખેદ કરી રહ્યા છે, તેઓ સર્વને પોત-પોતાને ઘેર જવાની આજ્ઞા આપો ! ! એટલે હે શત્રુ દમન ! અમો સર્વ સ્ત્રીઓ કે જેઓ કામપીડિત છીએ તેઓ તમારી સાથે આ રમ્ય વનને વિષે પૂર્વની પેઠે વિહાર કરીએ."૪૬-૪૭

પતિમરણના શોકવડે વ્યાપ્ત થયેલી તારા અનેકવિધના વિલાપ કરતી પૃથ્વીપર પડી; ત્યારે સમાન શોકવાળી તેની સહચરીઓ, તેને ઉઠાડીને અનેક પ્રકારે આશ્વાસન કરવા લાગી.૪૮ પછી પોતાના કાકા સુગ્રીવસહિત રાજપુત્ર અંગદે શોકને લીધે ચોધાર આંસુએ રોદન કરતાં પોતાના પિતા-વાલીના દેહને ચિતાપર મૂક્યો.૪૯ દીર્ઘ માર્ગ પ્રત્યે ચાલી નીકળેલા પોતાના પિતાનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરીને શોકને લીધે વ્યાકુળ ઈંદ્રિયોવાળા અંગદે તેની અપસવ્ય પ્રદક્ષિણા કરી.૫૦ એ પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વાલીને અગ્નિ સંસ્કાર કરીને તેને જળપ્રદાન કરવા સારૂ અંગદ તથા સુગ્રીવાદિ સર્વ વાનરો પવિત્ર જળવાળી નદીના તટપર આવ્યા,૫૧ અને ત્યાં સુગ્રીવ તથા તારાસહિત સર્વ વાનરોએ રાજપુત્ર અંગદને મુખ્ય રાખીને વાલીને જળદાન કર્યું.૫૨

વાલીના મરણથી દીન થયેલા સુગ્રીવને જોઇ મિત્રભાવને લીધે પોતે પણ દીન બનેલા અને શોક વ્યાપ્ત થયેલા મહા બળવાન રામચંદ્રે અંગદ તથા સુગ્રીવાદિ વાનરોની પાસે વાલીનાં સઘળાં પ્રેતકાર્ય કરાવ્યાં.[૫૩]

રામચંદ્રના એકજ બાણવડે હણાયેલા અને શ્રેષ્ઠ પરાક્રમવાળા જગતપ્રસિદ્ધ વાલીનો અગ્નિદાહ કર્યા પછી સુગ્રીવાદિ સર્વ વાનરો પ્રજ્વલિત અગ્નિસમાન કાંતિવાળા લક્ષ્મણસહિત રામચંદ્રની આગળ આવ્યા.[૫૪]

ततोऽथ तं वालिनमग्र्यपौरुषं प्रकाशमिक्ष्वाकुवरेषुणा हतम् । प्रदीप्य दीप्ताग्निसमौजसं तदा सलक्ष्मणं राममुपेयिवान्हरिः ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં પચીશમો સર્ગ સંપૂર્ણ. ૨૫

સર્ગ ૨૬ મો.

સુગ્રીવને રાજ્યાભિષેક.

ततः शोकाभिसंतप्तं सुग्रीवं क्लिन्नवाससम् । शाखामृगमहामात्राः परिवार्योपतस्थिरे ॥ १ ॥

ત્યારપછી વાનરસમાજમાંના સઘળા મુખ્ય મુખ્ય વાનરો ભીંજાયેલાં વસ્ત્રવાળા તથા શોકવડે સંતપ્ત થયેલા સુગ્રીવને વીંટાઇ વળ્યા;[૧] અને જેમ ઋષિઓ બ્રહ્મદેવની આગળ જઇ હાથ જોડી ઉભા રહે તેમ પવિત્ર કર્મવાળા મહાબાહુ રામચંદ્રની આગળ જઈ હાથ જોડી ઉભા રહ્યા.[૨] એ વેળા તરૂણ સૂર્યસમાન મુખવાળા અને સુવર્ણના પર્વત સરખા પ્રકાશિત દેહવાળા વાયુસુત હનુમાને હાથ જોડીને રામચંદ્ર પ્રત્યે કહ્યું કે,[૩] "હે કાકુત્સ્થ! અત્યંત બળવાળા અને તીક્ષ્ણ કોપવાળા વાનરોનું પોતાના બાપ-દાદાથી ચાલતું આવેલું આ મોટું દુષ્પ્રાપ રાજ્ય આપની કૃપાએ કરી આ સુગ્રીવના હાથમાં આવ્યું છે. હવે આપ તેને આજ્ઞા આપો એટલે તે પોતાના સુહૃદ-સંબંધી વર્ગસહિત પવિત્ર એવી કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કરીને સઘળાં રાજકાર્ય કરે. હે પ્રભુ! આ સુગ્રીવે નાના પ્રકારના સુગંધ પદાર્થો તથા ઔષધીઓવડે યથાવિધિ સ્નાન કર્યું છે; અને તે હવે અનેક પ્રકારનાં પુષ્પો તથા રત્નાદિ ઉપચારોવડે તમારૂં પૂજન કરવા ઇચ્છે છે, માટે આપ હવે રમણીય એવી કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કરો અને સુગ્રીવનો રાજ્યાભિષેક કરી સર્વ વાનરોની સાથે તેનો સ્વામિત્વસંબંધ સ્થિર કરીને સર્વને હર્ષ પમાડો."

વાયુપુત્ર હનુમાનનાં વચન સાંભળીને, શત્રુની સેનામાંના વીર પુરૂષોને હણનારા, વાક્ચતુર તથા બુદ્ધિમાન એવા રઘુનંદને કહ્યું કે, "હે હનુમાન! મારા પિતાની આજ્ઞાનું યથાર્થ રીતે પરિપાલન કરનાર હું ચૌદ વર્ષ પૂરાં થાય ત્યાં સુધી નગર અથવા ગામમાં કદી પણ પ્રવેશ કરનાર નથી; માટે હે સૌમ્ય! મારી આજ્ઞાથી વાનરશ્રેષ્ઠ સુગ્રીવ સમૃદ્ધિથી ભરેલી દિવ્ય કિષ્કિંધાનગરીમાં સુખેથી પ્રવેશ કરો અને તમે સર્વ મળી તેનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કરો." હનુમાન પ્રત્યે એટલું કહીને પછી મહાત્મા રામચંદ્રે સુગ્રીવને કહ્યું કે[૪-૧૧] હે સુગ્રીવ! શાસ્ત્રના અને લોકના વ્યવહારોને જાણનારો તું કિષ્કિંધાનગરમાં જઇને સદાચરણયુક્ત અને અધિક બળ તથા પરાક્રમવાળા આ તારા ભત્રીજા અંગદને યુવરાજપદપર સ્થાપિત કર.[૧૨] ઉદાર ચિત્તવાળો આ અંગદ તારા જ્યેષ્ઠબંધુનો પુત્ર હોવાથી તથા બળ-પરાક્રમમાં પણ પોતાના પિતાસમાન હોવાથી યુવરાજપદને યોગ્ય છે.[૧૩] હે સૌમ્ય! હાલમાં વર્ષાઋતુનો આરંભ થયો છે, અને તેમાં વળી જળ વર્ષાવનારા શ્રાવણ માસના દિવસો ચાલે છે;[૧૪] એથી સાંપ્રતમાં સીતાની શોધ અર્થે ઉદ્યોગ કરવાનો સમય નથી, માટે હે સુગ્રીવ! તું સુખેથી કિષ્કિંધામાં પ્રવેશ કર! હે સૌમ્ય! લક્ષ્મણસહિત હું આ ઋષ્યમૂક પર્વતપર નિવાસ કરીશ.[૧૫] આ પર્વતની ગુફા રમણીય, વિશાળ, શીતળ પવનવાળી અને નિર્મળ જળ તથા કમળોથી

સુશોભિત છે, માટે હે સૌમ્ય ! એમાં નિવાસ કરવાથી અમને આનંદ રહેશે.[૧૬] હે વાનરસત્તમ ! ચાતુર્માસ પૂરા થયા પછી જ્યારે કાર્તિક માસ આવે ત્યારે તું રાવણના વધ માટે પ્રયત્ન કરજે. મારા અને તારા વચ્ચે એટલું સમયનું બંધાણ છે. હમણાં તું સુખેથી પોતાના ગૃહમાં પ્રવેશ કર;[૧૭] અને પોતાના આત્માને રાજ્યાભિષિક્ત કરી સુહૃદવર્ગને હર્ષિત કર. ”

શ્રીમાન્ રામચંદ્રની આજ્ઞા થઈ, એટલે વાનરશ્રેષ્ઠ સુગ્રીવે તેમને પ્રણામ કરી વાલીની કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કર્યો. એ વેળા સુગ્રીવની સાથે હજારો વાનરોએ પણ નગરમાં પ્રવેશ કર્યો. વાનરસમૂહોના અધિપતિ સુગ્રીવે નગર પ્રવેશ કર્યો ત્યારે આનંદયુક્ત થયેલા સર્વ પ્રકૃતિ વર્ગે* પૃથ્વીપર પડી મસ્તકવડે તેને પ્રણામ કર્યા. એ સમયે પ્રત્યેક અધિકારીનાં નામ લઈ તેમને પૃથ્વીપરથી ઉઠાડી મહા પરાક્રમી સુગ્રીવે પોતાના ભાઇ વાલીના રમ્ય અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પછી જેમ દેવતાઓ ઇંદ્રને અભિષેક કરે તેમ તેના સર્વ સુહૃજ્જનો તેને રાજ્યાભિષેક કરવાની તૈયારી કરવા લાગ્યા.

સુગ્રીવને રાજ્યાભિષેક કરવાના સાહિત્યોમાં પ્રથમ સુવર્ણાલંકૃત શ્વેત છત્ર, સુવર્ણ દંડવાળા ઉત્તમ બે ચામર, સર્વ પ્રકારનાં રત્ન, સર્વપ્રકારનાં બીજ તથા ઔષધી, દૂધવાળાં વૃક્ષોની વડવાઇઓ, સુગંધી પુષ્પો, શ્વેત વસ્ત્રો, શ્વેત ચંદન, સુગંધયુક્ત કમળો, દિવ્યચંદન, નાના પ્રકારનાં સુગંધી પદાર્થો, અક્ષત, સુવર્ણ, ઘઉંલા, મધ, ઘૃત, દહીં, વ્યાઘ્રચર્મ, અને બે અમૂલ્ય ઉપાનહ÷ એટલી વસ્તુઓ વાનરોએ ઉતાવળે લાવી તૈયાર કરી.[૧૮-૨૭] વળી રાજાના શરીરે લેપન કરવાયોગ્ય ઉત્તમ ગોરોચન તથા મનઃશિલા વગેરે સુગંધ દ્રવ્યો લઈને હર્ષયુક્ત થયેલી સ્વરૂપવતી સોળ કુમારિકાઓ ત્યાં આવી.[૨૮] વાનરશ્રેષ્ઠ સુગ્રીવને યથાવિધિ અભિષેક કરવા સારૂ ઉત્તમ બ્રાહ્મણોને ભોજન કરાવી તેઓને રત્ન તથા વસ્ત્રાદિનાં દાનવડે સંતુષ્ટ કર્યા. પછી મંત્રોને જાણનારા ઋત્વિજોએ દર્ભવડે પરિસ્તીર્ણ કરેલા કુંડને વિષે અગ્નિનું સ્થાપન કરી તથા તેને સારી રીતે પ્રજ્વાલિત કરી મંત્રોવડે પવિત્ર થયેલા હુતદ્રવ્યનો હોમ કર્યો.[૩૦] ત્યાર પછી ચિત્રવિચિત્ર પુષ્પાદિનાં તોરણોથી અલંકૃત કરેલું રમણીય સભાસ્થાન કે જે એક ઉંચા પ્રાસાદના શિખરપર આવેલું હતું ત્યાં ઉત્તમ આસ્તરણયુક્ત ગાદી–તકીયાવાળા સુવર્ણના સિંહાસનપર વાનરોના રાજા સુગ્રીવને બેસાડયો. પછી અનેક નદી, નદ, ચારેબાજુનાં તીર્થ તથા ચારે સમુદ્રોમાંથી નિર્મળ જળ સુવર્ણકળશોમાં ભરાવી મંગાવ્યું અને મહર્ષિઓએ કહેલા શાસ્ત્રવિધિ પ્રમાણે સુગ્રીવને અભિષેક કરવા અર્થે અનેક સુવર્ણ પાત્રો તથા વૃષભનાં શૃંગો તૈયાર કર્યા.[૩૧-૩૪] પછી દેવતાઓ જેમ સુગંધ જળવડે ઈંદ્ર ઉપર અભિષેક કરે, તેમ બ્રાહ્મણોની આજ્ઞાથી ગજ, ગવાક્ષ, ગવય, શરભ, ગંધમાદન, મૈંદ, દ્વિવિદ, હનુમાન્ અને જાંબવાન, એ મુખ્ય કપિઓ નિર્મળ તથા સુગંધયુક્ત જળવડે સુગ્રીવપર અભિષેક કરવા લાગ્યા,[૩૫-૩૬] અને સુગ્રીવનો રાજ્યાભિષેક જોઇને હર્ષિત થયેલા હજારો વાનરો અનેક પ્રકારના મંગલશબ્દો ઉચ્ચારવા લાગ્યા.[૩૭] પછી રામચંદ્રની આજ્ઞા પ્રમાણે વર્તનારા મહાત્મા સુગ્રીવે અંગદને પોતાના હૃદય સાથે ચાંપીને એજ વેળાએ તેનો યુવરાજપદે અભિષેક કર્યો.[૩૮] એ જોઇ, અંગદપર પ્રીતિવાળા વાનરો અત્યંત હર્ષિત થયા, અને સુગ્રીવને વારંવાર ધન્યવાદ આપી તેની પ્રશંસા કરવા લાગ્યા.[૩૯] આખી કિષ્કિંધાનગરીમાં અભિષેક મહોત્સવનો આનંદ વર્તાઇ રહેલો જોઇ પ્રસન્ન થયેલા સર્વ કપિવરો રામ અને લક્ષ્મણની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા.[૪૦] એ વેળા પર્વતની ગુફામાં આવેલી

* અધિકારી વર્ગે. ÷ પગરખાં.

કિષ્કિંધાનગરી, હૃષ્ટ પુષ્ટ જનોથી વ્યાપ્ત તથા પતાકા અને ધ્વજાઓવડે અલંકૃત થયેલી હોવાને લીધે અત્યંત રળીયામણી જણાતી હતી.[૪૧]

પોતાને થયેલા રાજ્યાભિષેકનું સઘળું વૃત્તાંત મહાત્મા રામચંદ્રને નિવેદન કરીને વાનરસૈન્યનો અધિપતિ મહાબળવાન સુગ્રીવ પોતાની પ્રિયા રૂમાને તથા રાજ્યને પ્રાપ્ત થઇ ઇંદ્રની પેઠે હર્ષ પામવા લાગ્યો.[૪૨]

निवेद्य रामाय तदा महात्मने महाभिषेकं कपिवाहिनीपतिः । रुमां च भार्यामुपलभ्य वीर्यवानवाप राज्यं त्रिदशाधिपो यथा ॥४२॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં છવ્વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૬

सर्ग २७ मो.

રામ-લક્ષ્મણનો પ્રસ્રવણ ગિરિપર નિવાસ.

अभिषिक्ते तु सुग्रीवे प्रविष्टे वानरे गुहाम् ।
आजगाम सह भ्रात्रा रामः प्रस्रवणं गिरिम् ॥

સર્વ વાનરસમાજે કિષ્કિંધાનગરમાં પ્રવેશ કર્યો અને ત્યાં સુગ્રીવને રાજ્યાભિષેક થયો એ સમાચાર જાણ્યા પછી લક્ષ્મણ સહિત શ્રીમાન્ રઘુવીર પ્રસ્રવણ ગિરિપર આવ્યા.[૧] એ પર્વત ભયંકર શબ્દવાળા સિંહો, શાર્દૂલો તથા મૃગાદિ પ્રાણીઓની ગર્જનાઓથી વ્યાપ્ત, અનેક ગુલ્મો તથા લતાઓથી ઢંકાયેલો, નાના પ્રકારનાં વૃક્ષોથી ઘાટો, રીંછ, વાનર, ગોપુચ્છ અને માર્જાર વગેરેથી સેવાયેલો, મેઘ સરખા વર્ણવાળો તથા ત્યાં વસનારને પવિત્ર કરનાર અને સુખરૂપ હતો.[૨-૩] એ પર્વતના રમ્ય શિખરને વિષે એક મોટી અને વિસ્તીર્ણ ગુફા આવેલી હતી. તે ગુફા સર્વ પ્રકારે સુખરૂપ હોવાને લીધે લક્ષ્મણસહિત રામચંદ્રે તેમાં વસવાનો નિશ્ચય કર્યો.[૪] નિષ્પાપ રઘુવીરે સુગ્રીવની સાથે સીતાન્વેષણ કરવા માટે÷ કાર્તિક માસનો સમય ઠરાવ્યો હતો. તેથી હવે તે પોતાના શુભ ગુણસંપન્ન અને નમ્ર સ્વભાવવાળા કનિષ્ઠભ્રાતા લક્ષ્મણ પ્રત્યે કહેવા લાગ્યા કે,

"હે શત્રુદમન ! આ પર્વતની ગુફા અતિ વિશાળ, પવનની છૂટવાળી અને રમણીય છે; માટે વર્ષાકાળ પૂર્ણ થશે ત્યાં સુધી આપણે આમાંજ નિવાસ કરીશું. વળી હે સૌમિત્રિ ! આ પર્વતનું શિખર પણ શ્વેત, કૃષ્ણ તથા રક્ત વર્ણની શિલાઓથી સુશોભિત, નાના પ્રકારની ધાતુઓથી વ્યાપ્ત, નદીનાં દેડકાના શબ્દવાળું, અનેક વૃક્ષખંડ તથા ચિત્રવિચિત્ર લતાઓથી ઘાટું, નાના પ્રકારનાં પક્ષીઓના ગુંજારવવાળું, મયૂરોના કેકારવથી ગાજતું અને પુષ્પયુક્ત માલતી, ડોલરના ગુચ્છો, કાંટેસળી, નગોડ, કદંબ, અર્જુન તથા રાળનાં વૃક્ષોથી વ્યાપ્ત હોવાને લીધે ઘણુંજ રમ્ય લાગે છે.[૫-૧૦] હે નૃપાત્મજ ! આ થોડેક દૂર આવેલી ખીલેલાં કમળોવાળી રમણીય તલાવડી જ્યારે વર્ષાદના જળથી ખૂબ ભરાશે ત્યારે આપણી નજીકમાંજ આવી રહેશે.[૧૧] હે સૌમ્ય ! આ ગુફા ઇશાન કોણ તરફ નીચાણમાં આવેલી હોવાથી તથા પશ્ચિમ દિશા ભણી ઉંચી હોવાથી તેમાં પવનના સપાટા આવી શકશે નહિ અને તેને લીધે આપણને વસવામાં સુખરૂપ થઇ પડશે.[૧૨] હે સૌમિત્રિ ! આ ગુફાના દ્વાર આગળ ભેદાઇ ગયેલા કાજળના પર્વતસરખી શ્યામવર્ણની વિશાળ અને સપાટ શિલા પડેલી છે તેને તું જો.[૧૩] વળી હે તાત ! આ ગુફાની ઉત્તરદિશા તરફ જાણે શ્યામ મેઘ ચઢયો હોય એવું ભેદાઇ ગયેલા કાજળના પર્વતસરખું શ્યામ ગિરિશિખર કેવું શોભી રહ્યું છે ?[૧૪] વળી એની દક્ષિણ દિશામાં જાણે વર્ષી રહ્યા પછી શ્વેતપણાને પામેલો મેઘ હોય એવું કૈલાસ પર્વતના શિખર સરખું શ્વેત તથા નાના પ્રકારની ધાતુ-

÷ સીતાની શોધ કરવા માટે.

એથી વિચિત્ર જણાતું શિખર કેવી શોભા આપી રહ્યું છે ?[૧૫] હે લક્ષ્મણ ! આ ગુફાની પૂર્વ તરફ ચિત્રકૂટને વિષે વહેતી મંદાકિની નદી સરખી કાદવ વિનાની એક પ્રાચીન વાહિની+ નદી વહન કરે છે, તેને પણ તું જો.[૧૬] અહો ! જેની, એ નદીના બન્ને તટો ચંદન, તિલક, સાલ, તમાલ, અતિમુક્ત, પદ્મક, દેવદારૂ અને અશોક વગેરે વૃક્ષોથી કેવા શોભી રહ્યા છે ?[૧૭] એ નદી પોતાના કીનારાપર ઉગેલાં વાનીર; ધાવડો, બકુલ, કેતકી, હિંતાળ, તગર, કદંબ, વેતસ તથા ગરમાળો એ વગેરે વિવિધ જાતિનાં વૃક્ષોવડે સુશોભિત હોવાને લીધે, જાણે વસ્રો તથા અલંકારોવડે શણગારેલી કોઇ ઉત્તમ સ્રીજ હોય એવી જણાય છે ![૧૮-૧૯] વળી હે તાત! સેંકડો પક્ષીસમૂહોના જૂદા જૂદા નાદવાળી, પરસ્પર પ્રીતીવાળાં ચક્રવાકોથી અલંકૃત, નાના પ્રકારનાં રત્નોવાળી, હંસો તથા સારસોએ સેવેલી અને અત્યંત રમણીય રેતીવાળી એ નદી કોઇ સ્થળે નીલ કમળોથી, કોઇસ્થળે રક્ત કમળોથી, કોઇક સ્થળે દિવ્ય શ્વેત કમળોથી તો કોઈક સ્થળે વગર ખીલેલી કળીઓથી આચ્છાદિત હોવાને લીધે જાણે હાસ્ય કરતી હોય એવી જણાય છે ![૨૦-૨૨] વળી તેની અંદરના ભાગમાં ફરતાં અનેક જળપક્ષીઓ તથા કીનારાપર વિચરતાં મયૂરો અને ક્રૌંચપક્ષીઓનાં મધુર કલરવથી એ નદી અત્યંત રમણીય અને સુખરૂપ લાગે છે, તેમજ અનેક ઋષિગણોનું નિરંતર સેવન કરે છે.[૨૩] હે લક્ષ્મણ ! તું જો તો ખરો, પેલી, જાણે મનના સંકલ્પ માત્રથી એકી વખતેજ ઉગી નીકળી હોય એવી ચંદનવૃક્ષ તથા અર્જુનવૃક્ષની પંક્તિ કેવી શોભી રહી છે ?[૨૪] હે શત્રુમર્દન ! આ પ્રદેશ સર્વ પ્રકારે અત્યંત રમણીય જણાય છે, માટે હે સૌમિત્રિ ! આપણે અહીંયાં નિવાસ કરવાથી અત્યંત આનંદ પામીશું.[૨૫] વળી હે રાજપુત્ર ! વિચિત્ર ઉપવનોવાળી સુગ્રીવની કિષ્કિંધા પણ અહીંથી બહુ દૂર નથી.[૨૬] જેની, કિષ્કિંધાનગરીને વિષે મૃદંગ વગેરે વાજીંત્રોના નાદસહિત ગાન કરતા વાનરોના સુંદર શબ્દો અહીંયાં સંભળાય છે ![૨૭] હે લક્ષ્મણ ! વાનરશ્રેષ્ઠ સુગ્રીવ હાલમાં પોતાના સુહૃદ્વર્ગસહિત પોતાની સ્ત્રી રૂમાને તથા રાજ્યને પામીને નિશ્ચય આનંદ ભોગવતો હશે. તે સુગ્રીવ આપણા કાર્ય માટે તૈયાર થાય ત્યાં સુધી આપણે આ પર્વતપર નિવાસ કરીશું."[૨૮]

એટલું કહી લક્ષ્મણ સહિત રામચંદ્રે અનેક દૃશ્યોથી ભરેલી ગુફાઓ તથા કુંજોવાળા એ પ્રસ્રવણ પર્વતમાં નિવાસ કર્યો.[૨૯] જો કે એ પર્વત અનેક પ્રકારની સમૃદ્ધિવાળો હોવાને લીધે વસનારને સુખ આપનાર હતો તોપણ રાક્ષસોથી હરાયેલી પોતાની પ્રાણપ્રિયા સીતાનું સ્મરણ થવાથી મહાત્મા રામચંદ્રને તો તે જરાએ સુખ આપનાર થયો નહિ.[૩૦] રાત્રિને વિષે પણ રઘુવીરને શયનમાં સૂવા છતાં નિદ્રા આવતી નહિ, કેમકે પૂર્વ દિશામાં ઉદય પામતા શીતળ ચંદ્રને જોઇને ઉલટો તેમના હૃદયમાં દાહ થતો અને સીતાનુ મુખકમળ સાંભરી આવવાથી શોકને લીધે તેમનું હૃદય વારંવાર ભરાઈ આવતું હતું.[૩૧-૩૨] પોતાના જ્યેષ્ઠબંધુ રામચંદ્રને નિરંતર શોકમગ્ન થઇ પીડાતા જોઇને, તેમના સરખાજ દુઃખીઆ મહાત્મા લક્ષ્મણ અત્યંત નમ્રતાથી કહેવા લાગ્યા કે.[૩૩] "હે વીર ! આમ અતિશય દુઃખ પામી શોચ કર્યા કરવો એ તમને યોગ્ય નથી. તમે જાણોજ છો કે નિરંતર શોક કર્યા કરનાર મનુષ્યના સર્વ અર્થો નષ્ટ થાય છે, અર્થાત્ ઉદ્યમ નહિ કરનાર મનુષ્યનાં કાર્યો સિદ્ધ થતાં નથી.[૩૪] હે રાઘવ ! આ લોકને વિષે તમે પોતાના સંધ્યાદિ નિત્યકર્મોમાં તથા દેવપૂજનમાં તત્પર રહેનારા છો, તેમજ આસ્તીક, ધર્મનિષ્ઠ અને ઉદ્યમી છો. છતાં જો શોકને લીધે ઉદ્યમહીન થશો તો પરાક્રમના સ્થાનરૂપ સંગ્રામને વિષે

+ પૂર્વ તરફ વહન કરનારી.

ક્રૂર કર્મવાળા તમારા શત્રુઓને હણવાને તમે સમર્થ થઈ શકશો નહિ.[૩૫-૩૬] તમે પોતાના મનમાંના શોકનો ત્યાગ કરી શત્રુને હણવાના ઉદ્યોગમાં પ્રવૃત્ત થાઓ, જેથી પરિવારસહિત એ રાક્ષસરૂપ શત્રુને તમે હણી શકો.[૩૭] હે કાકુત્સ્થ! સમુદ્રો, વનો તથા પર્વતોવાળી આખી પૃથ્વીને પણ ઉંધીવાળવાને તમે શક્તિમાન છો, તો એક રાવણ રાક્ષસને હણવાને શકિતમાન હો તેમાં તો શું આશ્ચર્ય?[૩૮] પરંતુ હાલમાં વર્ષાઋતુ ચાલે છે માટે તે ઉતર્યા પછી શરદૃઋતુ આવે ત્યાં સુધી તમે ધૈર્ય ધારણ કરો. જ્યારે તમે ક્રોધ પામશો ત્યારે રાજ્ય તથા બંધુવર્ગસહિત રાવણનો વિનાશ કરશો, એમાં કશો સંદેહ નથી.[૩૯] હે આર્યબંધુ! જેમ હોમ કરવા સમયે ભસ્મથી ઢંકાયેલા અગ્નિને આહુતિઓવડે જાગ્રત કરવામાં આવે છે, તેમ હું શોકને લીધે ઢંકાઈ ગયેલા તમારા પરાક્રમને આવાં ઉત્તેજક વાક્યો કહી જાગ્રત કરૂં છું; અર્થાત્ હું તમારા પરાક્રમનું તમને સ્મરણ માત્ર આપું છું, કાંઈ ઉપદેશ કરતો નથી."[૪૦]

અત્યંત સ્નેહભાવવાળા મહાત્મા લક્ષ્મણનાં પવિત્ર અને હિત વચનોને માન્ય કરીને, શ્રીમાન્ રઘુવીરે કહ્યું કે,[૪૧] "હે લક્ષ્મણ! અત્યંત પ્રીતિ તથા સ્નેહવાળા સત્યપરાક્રમી હિતેચ્છુ પુરૂષે આવા સંકટ સમયે પોતાના બંધુને જે પ્રમાણે કહેવું ઘટે તે પ્રમાણેજ કહીને, તેં પોતાનો બંધુભાવ દર્શાવ્યો છે.[૪૨] હે ભાઇ! હવે હું સર્વ કાર્યોનો વિનાશ કરનારા શોકનો ત્યાગ કરૂં છું, અને સંગ્રામને વિષે અખંડિત રહેનારા મારા તીવ્ર તેજનું સ્મરણ કરૂં છું.[૪૩] હે લક્ષ્મણ! તારા કહેવા પ્રમાણે હું સુગ્રીવની પ્રસન્નતા અને નદીઓનાં જળને નિર્મળ કરનારી શરદૃઋતુની વાટ જોઈશ.[૪૪] કૃતજ્ઞ એવા વીર પુરૂષ બીજાએ કરેલા ઉપકારનો પ્રત્યુપકાર કરવાનું કદી પણ ચૂકતો નથી. બીજાએ કરેલા ઉપકારને ભૂલી જઇ પ્રત્યુપકાર નહિ કરનારો પુરૂષ શાસ્ત્રોની આજ્ઞાને ઉલ્લંઘન કરવાના પાપથી બંધાય છે."[૪૫]

પવિત્ર દર્શનવાળા રામચંદ્રનાં ઉપર્યુક્ત વચનોને અતિ યોગ્ય સમજી તેને માન્ય કરીને મહાત્મા લક્ષ્મણે પોતાનું ઉત્તમ જ્ઞાન દર્શાવતાં હાથ જોડી કહ્યું કે,[૪૬] "હે રાજપુત્ર! તમોએ મહાત્મા સુગ્રીવની આગળ પોતાની જે ઇચ્છા પ્રકટ કરી છે, તે પ્રમાણેજ તે વાનરશ્રેષ્ઠ થોડા સમયમાં કરશે. તમે શરદૃઋતુ આવતાં સુધી ધૈર્ય ધારણ કરો, કેમકે તમોએ શત્રુનો નિગ્રહ કરવામાં સુગ્રીવની આગળ વર્ષાઋતુ પછીના સમયનો સંકેત બાંધ્યો છે.[૪૭] તમે ક્રોધનું નિયમન કરી, શરદૃઋતુની વાટ જુઓ, અને વર્ષાઋતુના ચારમાસ પર્યંત જે કાંઇ કષ્ટ થાય તે સહન કરો. હે આર્યબંધુ! સમય આવ્યે તમે શત્રુનો વધ કરવાને સમર્થ થશો, માટે સાંપ્રતમાં ધૈર્ય ધરી મારી સાથે આ મૃગરાજે સેવેલા પર્વતને વિષે નિવાસ કરો."[૪૮]

नियम्य कोपं परिपाल्यतां शरत्क्षमस्व मासांश्चतुरो मया सह । वसाचलेऽस्मिन्मृगराजसेविते संवर्तयञ्शत्रुवधे समर्थः ॥ ४८ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં સત્તાવીશમા સર્ગ સંપૂર્ણ. ૨૭

सर्ग २८ मो.

વર્ષાઋતુનું વર્ણન.

स तदा वालिनं हत्वा सुग्रीवमभिषिच्य च । वसन्माल्यवतः पृष्ठे रामो लक्ष्मणमब्रवीत् ॥१॥

વાલીને હણીને તથા સુગ્રીવનો રાજ્યાભિષેક કરાવીને શ્રીમાન્ રામચંદ્રે વર્ષાઋતુ ગાળવા માટે માલ્યવાન પર્વતને વિષે નિવાસ કર્યો. ત્યાં એક દિવસે સુંદર શિલાતલપર વિરાજેલા રઘુવીરે લક્ષ્મણ પ્રત્યે કહ્યું કે,[૧] "હે લક્ષ્મણ! વિયોગી જનોને ખેદ ઉપજાવનારો આ વર્ષાકાળ આવી પહોંચ્યો છે, તેથી પર્વતસરખા મેઘોએ આખા આકાશને ઘેરી લીધું છે.[૨]

હે સૌમ્ય! આ આકાશરૂપી સ્ત્રી સૂર્યનાં કિરણોવડે સમુદ્રોનાં જળનું પાન કરી નવમાસ સુધી તેના ગર્ભને ધારણ કરે છે, અને આ સમયે જળરૂપ ગર્ભને પ્રસવે છે![3] આ ઋતુમાં ઉપરા ઉપરી છવાયેલાં વાદળાંઓની પંક્તિઓરૂપી પગથીયાંવડે આકાશમાં ચઢીને, પુષ્પમાળાઓથી સૂર્ય ભગવાનને અલંકૃત કરવાનું કાર્ય ઘણુંજ સુલભ ભાસે છે.[4] સંધ્યાસમયના રંગથી લાલ બનેલાં અને છેવટના ભાગમાં શ્વેત જણાતાં જળયુક્ત વાદળાંરૂપી વસ્ત્રખંડોથી, આકાશે જાણે પોતાને થયેલા ત્રણ ઉપર પાટો બંધાવ્યો હોય એવું જણાય છે![5] અહો! આ આકાશ ધીમે ધીમે ચાલતા પવનરૂપી મંદ નિઃશ્વાસવાળું, સંધ્યાકાળના રંગરૂપી ચંદનવડે લેપાયેલું તથા છેવટના ભાગમાં પીળા વર્ણના વાદળવાળું હોવાનેલીધે જાણે કામાતુર હોય એવું જણાય છે.![6] જેમ મારા વિયોગને લીધે શોકતપ્ત થયેલી મારી પ્રિયા સીતા પોતાનાં નેત્રમાંથી અશ્રુજળ મૂકે તેમ સૂર્યના તાપથી તપી રહેલી આ પૃથ્વી નવીન વર્ષાજળનો સંયોગ થવાથી પોતામાંથી ઉષ્ણતા-બાફ મૂકે છે.![7] અહા! વાદળમાંથી છૂટેલો અને કર્પૂરદળ સરખો શીતળ આ ઉત્તમ વાયુ કે જે કેતકી પુષ્પના સુગંધનું વહન કરતો ચાલ્યો આવે છે તે ખરેખર જળની પેઠે અંજલિમાં ભરીને પી શકાય તેવો જણાય છે![8] હે વીર! જેનાપર કેતકી વૃક્ષના પુષ્પોનો સુવાસ મ્હેંકી રહ્યો છે, તથા જેનાપર અનેક અર્જુન વૃક્ષો ખીલી રહ્યાં છે એવો આ પર્વત વર્ષાજળની ધારાઓવડે સીંચાવાને લીધે સુગ્રીવની પેઠે, શત્રુરહિત થઇ સુખી થયો છે. અર્થાત્ વાલીરૂપ શત્રુનો નાશ થવાથી જેમ સુગ્રીવ સુખી થયો છે તેમ વર્ષાજળથી પોતાનો તાપ શાંત થવાથી આ પર્વતપણ સુખી (ગરમી વિનાનો) થયો છે.[9] આ ઋતુનેવિષે સઘળા પર્વતો જાણે વેદાધ્યયન કરનારા બ્રહ્મચારીઓજ હોયની? એવા દેખાય છે; કેમકે તેઓએ મેઘરૂપ કૃષ્ણાજીન ધારણ કર્યાં છે, વર્ષાજળની ધારારૂપી યજ્ઞોપવીત પહેર્યાં છે અને જ્યાં ત્યાં ગુફાઓમાં જતા-આવતા વાયુના શબ્દોરૂપી વેદઘોષ તેઓ કરી રહ્યા છે![10] વળી સુવર્ણસરખી વિજળીઓરૂપી ચાબૂકોના પ્રહારોથી તાડિત થયેલું અને પોતાની અંદર થતા ભારે ગડગડાટરૂપી ઘોષવાળું આકાશ જાણે વેદના થવાને લીધે બરાડા પાડતું હોય એવું જણાય છે![11] આ શ્યામ મેઘને વિષે ચમકતી વિજળી રાવણના અંકને વિષે તરફડતી તપસ્વિની સીતાસરખી દેખાય છે![12] ચોમેર વાદળ છવાઇ જવાનેલીધે જેમાંના ચંદ્રાદિ ગ્રહો જોવામાં આવતા નથી તથા 'આ પૂર્વ કે પશ્ચિમ' એવીરીતે જે બિલકુલ ઓળખવામાં પણ આવતી નથી, એવી દિશાઓ સાંપ્રતમાં કામીજનોને સુખ આપનારી થઇ પડી છે.[13] હે લક્ષ્મણ! કોઇ કોઇ સ્થળે બાષ્પથી* વ્યાપ્ત અને વર્ષાઋતુ આવવાથી પ્રફુલ્લિત થયેલાં પુષ્પવાળાં કુટજવૃક્ષો કે જે હાલમાં શોકાવિષ્ટ થયેલા મને કામપીડા ઉપજાવી રહ્યાં છે, તેને તું જો.[14] હે સૌમ્ય! આ ઋતુમાં ઉડતી રજ શાંત થઈ ગઈ છે, વાયુ શીતળ થયો છે, ગ્રીષ્મઋતુના તાપ વગેરે સર્વદોષો શાંત થઇ ગયા છે, રાજાઓની યાત્રાઓ બંધ પડી છે; અને પ્રવાસે નીકળેલા વિરહી પુરૂષો વિરહદુઃખ સહન ન થઈ શકવાથી પોતાના ગૃહપ્રત્યે પાછા વળે છે."[15]

"હે તાત! માનસ સરોવરના તટપર વાસ કરવાની ઇચ્છાવાળા આ ચક્રવાક પક્ષીઓ પોત-પોતાની સ્ત્રીઓસહિત ત્યાં જવા લાગ્યા છે, અને ઉપરાઉપરી વર્ષતા વર્ષાજળવડે વનના માર્ગો નષ્ટ થવાને લીધે રથ વગેરે વાહનો ચાલી શકતાં નથી.[16] આ ઋતુને વિષે કોઇ સમયે છૂટા-છવાયાં વાદળને ધારણ કરનારૂં આકાશ ક્યાંક પ્રકાશયુક્ત તો ક્યાંક

* તાપથી તપેલી પૃથ્વીપર પહેલ વહેલો વર્ષાદ પડે અને તેમાંથી જે બાફ નીકળે તે.

પ્રકાશરહિત દેખાવાને લીધે, કોઇ કોઈ સ્થળે પર્વતોથી રૂંધાયેલા તરંગ વગરના સમુદ્ર જેવું શોભી રહે છે ![17] સર્જ અને કદંબ વગેરે વૃક્ષોનાં પુષ્પોથી મિશ્રિત થયેલું, પર્વતની ગૈરિકાદિ ધાતુઓના સંસર્ગથી લાલ બનેલું તથા મયૂરોના ટૌકાવડે શબ્દાયમાન થઇ રહેલું આ પહાડી નદીઓનું નવીન જળ ઉતાવળે વહન થઇ રહ્યું છે![18] હે ભાઇ! ભ્રમરસરખાં શ્યામવર્ણનાં અને રસથી ભરેલાં આ જાંબૂનાં ફળો તથા પાકી ગયેલાં અનેક તરેહનાં આમ્રફળો વાયુના સપાટાનેલીધે પૃથ્વીપર તૂટી પડે છે, અને મનુષ્યાદિ પ્રાણીઓ સુખેથી તેનું ભક્ષણ કરે છે.[19] હે સૌમ્ય! આકાશનેવિષે ચઢેલા વિજળીઓરૂપી પતાકાવાળા, બગલાની પંક્તિઓરૂપી માળાવાળા, પર્વતના શિખરસરખી પ્રૌઢ આકૃતિવાળા અને મોટો ગડગડાટ કરનારા આ મેઘો સંગ્રામભૂમિને વિષે રહેલા મદોન્મત હસ્તીઓની પેઠે ગર્જી રહ્યા છે.[20] હે તાત! વર્ષાદનું જળ પડવાને લીધે વૃદ્ધિ પામેલી હરિયાળીવાળાં, નૃત્ય કરતાં મયુરોની શોભાવાળાં અને સંપૂર્ણરીતે વર્ષી રહેલાં વાદળવાળાં આ વનો અપરાહ્ણસમયે અધિક શોભી રહ્યાં છે, તેને તું જો.[21] હે સૌમ્ય! જોની, જળના મોટા ભારને ધારણ કરનારા આ મેઘો વારંવાર ગર્જના કરી રહ્યા છે અને પર્વતોનાં મોટાં શિખરોપર વિશ્રાંતિ કરી-કરીને ચાલ્યા જાય છે !"[22]

"હે લક્ષ્મણ ! ગર્ભધારણ કરવાની કામનાથી મેઘપ્રત્યે જતી અને હર્ષપામેલી આ બગલાઓની પંકિત, જાણે વાયુએ કંપાવવાને લીધે લંબાયમાન થયેલી આકાશનાં કમળોની સુંદર માળાજ હોય એવી શોભે છે![23] અહો! 'ઇંદ્રગોપ' નામના લાલ જંતુઓથી વચ્ચે-વચ્ચે આચ્છાદિત થયેલી આ પૃથ્વી, જાણે લાલરંગના બુટ્ટાઓવાળી પોપટીયા રંગની સાડીને ધારણ કરનારી કોઇ સ્ત્રીજ હોયની ? એવી શોભી રહી છે.[24] હે લક્ષ્મણ ! આ ઋતુને વિષે નિદ્રાદેવી વિષ્ણુભગવાન પ્રત્યે જાય છે, અર્થાત્ ચાતુર્માસમાં વિષ્ણુ ભગવાન શેષ શય્યાપર શયન કરે છે, નદીઓ સમુદ્ર પ્રત્યે જાય છે, હર્ષિત થયેલી બકપંક્તિ મેઘપ્રત્યે જાય છે, અને હર્ષ પામેલી સ્ત્રી ગર્ભધારણ કરવાની કામનાથી પોતાના પતિપ્રત્યે જાય છે.[25] હે સૌમ્ય! આ વર્ષાઋતુને વિષે સઘળાં વનો મયૂરોનાં નૃત્યથી શોભી રહ્યાં છે, કદંબ વૃક્ષો પોતાની પુષ્પયુક્ત શાખાઓવડે અલંકૃત થયાં છે, વૃષભો ગાયોને વિષે આસક્ત થયા છે, અને પૃથ્વી અનાજના છોડ તથા હરીયાળીવડે મનને આનંદ આપનારી થઈ છે.[26] હે લક્ષ્મણ! આ ઋતુને વિષે નદીઓ ઉતાવળે વહન કરે છે, મેઘ જળ વર્ષાવે છે, મદમત્ત હસ્તીઓ નાદ કરે છે, વનપ્રદેશો શોભી રહ્યા છે, સ્ત્રીવિયોગી પુરૂષો સ્ત્રીનું ધ્યાન ધરે છે, મયૂરો નૃત્ય કરે છે અને સુગ્રીવને રાજ્ય પ્રાપ્ત થવાથી વાનરો આનંદ પામે છે."[27]

"વળી આ વન વિષેના જળના ઝરાઓમાં ક્રીડા કરવાથી તથા કેતકી પુષ્પોનો સુગંધ લેવાથી હર્ષિત થયેલા અને ઊંચેથી પડતા જળના ધોધની ગર્જનાઓથી આકુળ થયેલા મદમત્ત હસ્તીઓ વનમાંના મયૂરોની સાથે નાદ કરે છે.[28] હે લક્ષ્મણ! કદંબ વૃક્ષની શાખાઓમાં આસકત થયેલા આ ભ્રમરો વૃષ્ટિની ધારાઓથી હણાવાને લીધે, પોતે આનંદથી મેળવેલા પુષ્પરસોના મદનો ધીમે ધીમે ત્યાગ કરે છે. તે તું જો.[29] આ જાંબુના વૃક્ષની શાખાઓ અંગારચૂર્ણના+ ઢગલા સરખાં અને રસથી ભરેલાં મોટાં મોટાં ફળોથી× વ્યાપ્ત હોવાને લીધે જાણે ભ્રમરસમૂહોએ સેવેલી હોય એવી ભાસે છે![30] હે સૌમ્ય! વિજળીઓરૂપી પતાકાવડે અલંકૃત થયેલાં અને મહાન

+ કોલસાના. × જાંબુનાં ફળોથી.

ગંભીરનાદ કરનારાં આ મેઘમંડળો સંગ્રામમાં તૈયાર થયેલા હસ્તીઓ સરખાં દેખાય છે ![૩૧] હે ભાઇ ! આ તરફતો જો, પેલો વનમાં અને પર્વતમાં વિચરનારો મદમત્ત હાથી કે જે યુદ્ધ કરવાની ઈચ્છાથી પોતાના સરખાજ કોઇ બળવાન હાથીને શોધતો માર્ગમાં ચાલ્યો જાય છે; પરંતુ પાછળથી મેઘગર્જના સાંભળી તેને કોઇ બળવાન હાથીની ગર્જના ધારી તે પાછો વળી યુદ્ધ કરવા સારૂ દોડી રહ્યો છે ![૩૨] અહો ! આ વનપ્રદેશો કોઇક સ્થળે ભ્રમરોના ગુંજારવવડે ગાજી રહેલા હોવાથી, કોઇક સ્થળે નૃત્ય કરતા મયૂરોનાં ટોળાંથી ભરેલાં હોવાથી તથા કોઇક સ્થળે મદમત્ત ગજેંદ્રોવડે વ્યાપ્ત હોવાથી અનેક પ્રકારની શોભાને ધારણ કરી રહ્યા છે ![૩૩] કદંબ, સર્જ, અર્જુન અને પૃથ્વીપરના કાદવમાં ઉગેલાં કમળોથી વ્યાપ્ત થયેલી આ વનપ્રદેશની ભૂમિ સ્થળે સ્થળે મદ્ય સરખા વર્ણવાળાં જળથી ભરેલી હોવાને લીધે તથા મદમત્ત મયૂરોનાં અનેકવિધનાં નૃત્ય અને શબ્દો થવાનેલીધે આપાનભૂમિ સરખી* જણાય છે.[૩૪] હે સૌમિત્રિ ! વર્ષાજળથી ભીંજાવાને લીધે વિવર્ણ થયેલી પાંખોવાળાં તરસ્યાં ચાતક પક્ષીઓ દેવોના રાજા ઇંદ્રે વરસાવેલા અને વૃક્ષોનાં પાંદડાંમાં ભરાઈ રહેલા મોતી સરખા નિર્મળ જળનું હર્ષભેર પાન કરે છે.[૩૫] હે લક્ષ્મણ ! સાંભળતો ખરો, આ વનને વિષે ભ્રમરોના ગુંજારવરૂપી વીણાનું મધુરૂં ગાન ચાલી રહ્યું છે, અને તેની વચ્ચે વચ્ચે બોલતાં દેડકાંઓ સૂત્રધારની પેઠે તાલ આપી રહ્યાં છે, તથા મેઘની ગર્જનારૂપી મૃદંગનો ધ્વનિ થઇ રહ્યો છે ! આ સઘળા ઉપરથી જાણે વનને વિષે ઉત્તમ સંગીતજ પ્રવૃત્ત થયું હોય એવું જણાય છે ![૩૬] આ વનને વિષે કોઈક સ્થળે નૃત્ય કરતા, કોઇક સ્થળે મધુર નાદ કરતા, તથા કોઇક સ્થળે વૃક્ષોની ટોચોપર બેઠેલા અને સુંદર ચંદ્રિકાવાળાં લાંબાં પિચ્છાંથી અલંકૃત થયેલા મયૂરોએ તો ખરેખર આગવુંજ સંગીત મચાવી મૂક્યું હોય એમ જણાય છે ![૩૭] હે લક્ષ્મણ ! અનેક પ્રકારની આકૃતિ, સ્વરૂપ તથા વર્ણવાળાં અને નાના પ્રકારનાં નાદ કરનારાં આ દેડકાં કે જેઓ લાંબા સમયથી સૂકાયેલી ભૂમિમાં નિદ્રા કરતાં હતાં તે આ ઋતુને વિષે મેઘની ગર્જના સાંભળી જાગ્રત થયાં છે, અને નવીન વર્ષાજળની ધારાઓવડે હણાવાને લીધે અનેક પ્રકારના નાદ કરી રહ્યાં છે ![૩૮] હે ભાઈ ! નવીન વર્ષાજળનું પૂર આવવાને લીધે ગર્વિત થયેલી અને પોતાના તટપરનાં ચક્રવાક પક્ષીઓને ખસેડતી નદીઓ જીર્ણ થયેલા તટોને ભેદીને નવીન ભોગ માટે સ્વીકારેલા પોતાના પતિ સમુદ્ર પ્રત્યે વહન કરે છે.[૩૯] હે તાત ! જોતો ખરો, આ આકાશને વિષે શ્યામવર્ણો મેઘની સાથે નવાં જળથી પરિપૂર્ણ થયેલા મેઘો ભેળાઈ જવાને લીધે જાણે દાવાગ્નિથી બળી ગયેલા પર્વતોની સાથે બીજા તેવાજ પર્વતો ભેળાઇ ગયા હોય એવો દેખાવ થઈ રહ્યો છે ![૪૦] અહો ! મદમત્ત મયૂરોના ટોકાવાળા, ઇંદ્રગોપ નામના જંતુઓથી વ્યાપ્ત હરિયાળીવાળાં અને કદંબ તથા અર્જુન વૃક્ષોની સુગંધથી સુવાસિત થયેલા આ રમણીય વનપ્રદેશોને વિષે હસ્તીઓ પોતાની ઇચ્છા પ્રમાણે વિચરી રહ્યા છે.[૪૧] હર્ષિત થયેલા આ ભ્રમરો નવીન વર્ષાજળની ધારાઓથી ધોવાયેલાં પરાગવાળાં કમળોનો ત્યાગ કરી, નવાં પરાગયુક્ત કદંબવૃક્ષનાં પુષ્પોપર બેસી તેના સુગંધનું પાન કરે છે.[૪૨] આ ઋતુને વિષે હસ્તીઓ અતિશય મદમત્ત, વૃષભો હર્ષિત, સિંહો અત્યંત પરાક્રમયુક્ત, પર્વતો રમણીય દેખાવવાળા અને રાજાઓ ઉદ્યોગરહિત* થયા છે તથા દેવોનો રાજા ઇંદ્ર મેઘોની સાથે ક્રીડા કરે છે."[૪૩]

"હે સૌમ્ય ! સમુદ્રની ગર્જનાઓને પણ

* આપાનભૂમિ-મદ્યપાન કરવાની જગ્યા.

* વર્ષાઋતુમાં કેટલીક અગવડો પડવાને લીધે રાજાઓ પરમુલક જીતવાને પ્રયાણ કરી શકતા નથી, તેથી અત્રે રાજાઓને ઉદ્યોગરહિત કહ્યા છે.

લજાવે એવી ગર્જના કરનારા આકાશમાં ચઢેલા આ મેઘો મોટા જળસમૂહવડે નદીઓ, સરોવરો, નાની તલાવડીઓ, વાવો તથા આખી પૃથ્વીને પ્રવાહવાળી કરી દે છે.[૪૪] આ ઋતુને વિષે વર્ષાજળની ધારાઓ વેગથી પડે છે, વાયુ અત્યંત જોર-સોરથી વાય છે, અને તૂટી પડેલા તટોવાળી નદીઓ મનુષ્યોને ચાલવાના માર્ગોને રોકતી આડે માર્ગે શીઘ્ર ગતિથી વહન કરે છે.[૪૫] હે લક્ષ્મણ ! જેવી રીતે રાજાઓ પોતાના પુરોહિત તથા અમાત્યોની સહાય્યથી અભિષિકત થઇ પોતાનાં રૂપ તથા શોભાને દર્શાવે છે, તેવી રીતે આ ઋતુને વિષે પર્વતો ઇંદ્રે મોકલેલા તથા વાયુએ આણેલા વાદળરૂપી જળકુંભોથી સિંચાઇને પોતાના રૂપ તથા શોભાને પ્રકટ કરે છે.[૪૬] આકાશ વાદળવડે છવાઈ જવાનેલીધે રાત્રે તારાઓ તથા દિવસે સૂર્ય જોવામાં આવતા નથી. હે ભાઇ! પૃથ્વી નવીન જળથી તૃપ્ત થઇ છે, તથા દિશાઓ અંધકારથી વ્યાપ્ત થવાને લીધે પ્રકાશતી નથી.[૪૭] વર્ષાજળની ધારાઓથી ધોવાયેલાં પર્વતોનાં મોટાં શિખરો લાંબી મુકતામાળાસરખાં પોતાપર વહેતાં મોટાં ઝરણાંઓથી અધિક શોભી રહ્યાં છે.[૪૮] હે સૌમ્ય ! માર્ગમાં પડેલી શિલાઓમાં અથડાવાને લીધે જેનો વેગ સ્ખલિત થયો છે એવા પર્વતોના મોટા અને નિર્મળ ઝરાઓ, મયૂરોના નાદવાળી ગુફાઓને વિષે તુટી પડેલા મોતીના હાર સરખા દેખાય છે.[૪૯] વળી જેઓએ મોટાં મોટાં પર્વતશિખરોને ધોઇને સ્વચ્છ કર્યાં છે એવા અને મોતીની સેરો સરખા દેખાતા શીઘ્રવેગી વિપુલ ઝરાઓ પર્વતપરથી નીચે પડતાં, મોટી ગુફાઓને વિષે રોકાઈ રહે છે.[૫૦] હે ભાઈ! આ ઋતુને વિષે આકાશમાંથી ચોમેર પડતી જળધારાઓ રતિક્રીડા સમયે થતા પરસ્પરના મર્દનથી તૂટેલી સ્વર્ગની રમણીઓની મુક્તામાળા સરખી દેખાય છે.[૫૧] હે લક્ષ્મણ ! આ ઋતુને વિષે આકાશ મેઘની ઘનઘોર ઘટાથી છવાયેલું હોવાને લીધે સૂર્યાસ્ત થયો હશે કે નહિ ? એ બરાબર જાણી શકાતું નથી, પરંતુ પક્ષીઓ પોતપોતાનાં નિવાસસ્થાનોમાં જવા લાગે છે, કમળો બીડાવા લાગે છે, અને માલતીનાં પુષ્પો ખીલવા માંડે છે, એ ઉપરથી સૂર્યાસ્ત થયાનું અનુમાન થઇ શકે છે.[૫૨] વર્ષાઋતુને લીધે રાજાઓની યાત્રા પાછી ફરે છે, તથા સેનાઓ માર્ગમાંજ અટકી પડી છે. એ પ્રમાણે વર્ષાજળે રાજાઓનાં પરસ્પરનાં વૈર તથા જવા આવવાના માર્ગોને રોકી દીધા છે."[૫૩]

"હે સૌમિત્રિ ! વેદપાઠ કરવા ઇચ્છતા સામવેદી બ્રાહ્મણોને ભાદ્રપદ માસને વિષે ઉપાકર્મ કરવાનો સમય પ્રાપ્ત થયો છે.[૫૪] વળી સઘળાં ગૃહ કૃત્યોથી પરવારીને તથા વર્ષાઋતુમાં ઉપયોગી સર્વ સાહિત્યોનો સંચય કરીને કોશળદેશાધિપતિ મહાત્મા ભરતે આષાઢી પૂર્ણિમાથી આરંભી અવશ્ય કાંઈક વિશેષ વ્રતોનો આરંભ કર્યો હશે.[૫૫] મને ઘેર ગયેલો જોઇને જેમ અયોધ્યાવાસી જનોનો હર્ષ વૃદ્ધિ પામે તેમ આ વર્ષાઋતુના દિવસોમાં જળથી પૂર્ણ થયેલી સરયૂ નદીનો વેગ નિશ્ચય વૃદ્ધિ પામ્યો હશે.[૫૬] હે લક્ષ્મણ ! અત્યંત રળીયામણી વર્ષાઋતુના સમયમાં ઉત્તમ રાજ્યાસનપર વિરાજેલો સુગ્રીવ, કે જેણે પોતાના શત્રુ વાલીને જીત્યો છે તથા પત્ની રૂમાને પ્રાપ્ત કરી છે તે શ્રેષ્ઠ સુખ ભોગવે છે. પરંતુ હું તો મહાન્ રાજ્યથી ભ્રષ્ટ થયેલો તથા સ્ત્રીવિયોગને પ્રાપ્ત થયેલો હોવાથી ભીના થયેલા નદીના કિનારાની પેઠે,* ખેદ પામું છું.[૫૭-૫૮] અરે, આ વર્ષાઋતુના દિવસો અત્યંત દુર્ગમ હોવાથી દિવસે દિવસે મારો શોક વધતો જાય છે; તથા મોટો શત્રુ રાવણ જીતી ન શકાય એવો મને ભાસે છે.[૫૯] આ વર્ષાઋતુને વિષે યાત્રા કરવી અયોગ્ય સમજીને તથા માર્ગોને અતિ દુર્ગમ થયેલા જોઇને અતિ નમ્રતાવાળા સુગ્રીવને સીતાની શોધ કરવા સારૂ

* નદીના તટની ભેખડો ભીની થઇને પડે છે, તેથી આમ ઉત્પ્રેક્ષા કરી છે.

મેં કંઇ પણ કહ્યું નથી,[૬૦] અને વળી મારૂં કાર્ય અલ્પ સમયે તથા અલ્પ યત્ને થઈ શકે એવું નથી, એટલે હું હમણાં તે સંબંધે સુગ્રીવને કશું પણ કહેવા ઇચ્છતો નથી; કેમકે ઘણા કાળ સુધી સ્ત્રીવિયોગનું કષ્ટ ભોગવીને તે હમણાંજ સ્ત્રીસમાગમના સુખને પ્રાપ્ત થયો છે.[૬૧] મહાત્મા સુગ્રીવ સારી રીતે વિશ્રાંતિ લઇને મારૂં કાર્ય કરવાનો સમય આવી પહોંચતાં અવશ્ય મારા ઉપકારનું સ્મરણ કરશેજ.[૬૨] હે ઉત્તમ લક્ષણવાન્ સૌમિત્રિ! એ સુગ્રીવની તથા નદીઓની પ્રસન્નતાને ઇચ્છતો હું તેણે કહેલા સમયની વાટ જોઇશ.[૬૩] જે શૂરવીર હોય છે તે કોઇએ કરેલા ઉપકારનો પ્રત્યુપકાર કર્યા વિના રહેતો નથી. જે અકૃતજ્ઞ હોય છે તે ઉપકારનો પ્રત્યુપકાર ન કરવાથી પરાક્રમી પુરૂષોના મનને હણે છે, અર્થાત્ પ્રત્યુપકાર નહિ કરવાથી ઉપકાર કરનારની પ્રીતિ તેનાપરથી ઓછી થાય છે."[૬૪]

પવિત્ર દર્શનવાળા રામચંદ્રનાં ઉપર્યુક્ત વચનોને અતિયોગ્ય સમજીને તથા તેને માન્ય કરીને, મહાત્મા લક્ષ્મણે પોતાના ઉત્તમ જ્ઞાનને દર્શાવતાં હાથ જોડીને કહ્યું કે,[૬૫] "હે નરેંદ્રપુત્ર! તમોએ મહાત્મા સુગ્રીવની આગળ પોતાની જે ઇચ્છા પ્રકટ કરી છે તે પ્રમાણેજ તે વાનરશ્રેષ્ઠ અલ્પકાળમાં કરશે. તમે શરદ્ઋતુ આવતાં સુધી ધૈર્ય ધારણ કરો, કારણ કે તમોએ, શત્રુનો નિગ્રહ કરવામાં સુગ્રીવની આગળ વર્ષાઋતુ વીત્યા પછીના સમયનો સંકેત કર્યો છે."[૬૬]

यदुक्तमेतत्तव सर्वमीप्सितं नरेन्द्र कर्तान चिराद्धरीश्वरः । शरत्प्रतीक्षः क्षमतामिदं भवाञ्जलप्रपातं रिपुनिग्रहे धृतः ॥ ६६ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં અઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૮.

સર્ગ ૨૯ મો.

રામચંદ્રના કાર્ય માટે સુગ્રીવનું વિસ્મરણ અને હનુમાને આપેલી ચેતવણી.

समीक्ष्य विमलं व्योम गतविद्युद्बलाहकम् ।
सारसाकुलसंघुष्टं रम्यज्योत्स्नानुलेपनम् ॥१॥

દિવસો વીતતાં વર્ષાઋતુ સમાપ્ત થઈ અને શરદ્ઋતુ પ્રાપ્ત થઈ. વાદળાંઓ અને વિજળીઓના ચાલ્યા જવાથી આકાશ નિર્મલ થયું. જ્યાં ત્યાં સારસપક્ષીઓ શબ્દ કરવા લાગ્યાં અને રાત્રિમાં રમણીય ચાંદનીરૂપી ચંદનવડે આકાશ લેપાઇ ગયું.[૧] વર્ષાઋતુ વીતી ગઈ અને શરદ્ઋતુના દિવસો શરૂ થયા, તોપણ કિષ્કિંધાની રાજ્યસમૃદ્ધિને પ્રાપ્ત થયેલો સુગ્રીવ તો ધર્મ તથા અર્થ એ બન્ને પુરૂષાર્થો પ્રાપ્ત કરવામાં મંદ થઈને માત્ર અસત્પુરૂષોએ સેવેલા કામનુંજ સેવન કરી રહ્યો હતો; તેનું ચિત્ત કામભોગને યોગ્ય એકાંત સ્થળમાંજ આસક્ત થયું હતું.[૨] પોતાના શત્રુ વાલીનો વધ થવારૂપ પોતાનું કાર્ય સિદ્ધ થવાથી, અને પોતાને કિષ્કિંધાનું આખું રાજ્ય પ્રાપ્ત થવાથી તે સુગ્રીવ નિરંતર સ્ત્રીઓને વિષેજ આસક્ત રહેતો હતો. પોતાની પ્રિય સ્ત્રી રૂમાને તથા અત્યંત ઇષ્ટ એવી તારાને પ્રાપ્ત થવાથી તે પોતાના સર્વ ઇચ્છિત મનોરથોને સિદ્ધ થયા માનતો હતો; અને નિશ્ચિંત થઈ, ઇંદ્ર જેમ ગંધર્વીઓ અને અપ્સરાઓની સાથે ક્રીડા કરે તેમ રાત્રિ-દિવસ તેઓની સાથે વિહાર કરતો હતો. તેણે સંપૂર્ણ રાજ્યકાર્યભાર મંત્રીઓને સોંપી દીધો હતો અને તેઓ શું કરે છે? તે વિષે તે કદીપણ દૃષ્ટિ કરતો નહતો.[૩-૫] મંત્રીઓ શ્રેષ્ઠ હોવાથી રાજ્યપાલન કરવા સંબંધે સુગ્રીવનો સંદેહ ગળી ગયો હતો. વાનરાધિપતિ સુગ્રીવને યથેચ્છાચરણી તથા કામાસક્ત બની રહેલો જોઇને અર્થ શાસ્ત્રના તત્ત્વને જાણનારો તથા વિશેષે કરી કાળધર્મને અને વાક્યોના મર્મને સમજનારો મારૂતસુત હનુમાન, કે જેણે કર્ત્તવ્યા-

કર્ત્તવ્યનો નિશ્ચય સારી રીતે જાણ્યો હતો તેણે સુગ્રીવની પાસે આવી મનને આનંદ આપે એવાં તથા સત્ય હેતુવાળાં અનેક પ્રકારનાં વાક્યોવડે તેને પ્રસન્ન કરી સત્ય, સામ, ધર્મ, અર્થ તથા નીતિયુક્ત, હિતરૂપ, રૂચિકર, પ્રીતિપૂર્ણ, વિશ્વાસ કરવા યોગ્ય અને દૃઢ નિશ્ચયયુક્ત વચનો કહેવા માંડયાં કે,–

"હે વાનરેંદ્ર! તને ઇચ્છિત રાજ્ય તથા યશ પ્રાપ્ત થયાં છે, અને પોતાના કુળની સમૃદ્ધિ પણ વૃદ્ધિ પામી છે; હવે માત્ર મિત્રોનાં કાર્યો કરી તારે મિત્રસંગ્રહ કરવોજ બાકી રહેલો છે, અર્થાત્ ઉપકાર કરનાર મિત્રનો પ્રત્યુપકાર કરી તારે તેની સાથેની મૈત્રીને સાચવવી એટલુંજ કાર્ય કરવું બાકી છે, માટે તું હવે મિત્રોનાં બાકી રહેલાં કાર્ય કરવાને તત્પર થા. પ્રત્યુપકાર કરવાના સમયને જાણનાર પુરૂષ જો નિરંતર પોતાના મિત્રોનું હિત કરવામાં લાગ્યો રહે છે, તો તેનાં રાજ્ય, કીર્તિ અને પ્રતાપની પ્રતિદિન વૃદ્ધિ થયાં કરે છે. હે રાજન! કોશ,* દંડ§ મિત્ર અને આત્મા÷ એ ચારે વસ્તુઓ જે રાજાને સ્વાધીન હોય છે તે રાજા મહાન્ રાજ્યવૈભવ ભોગવે છે.[૬-૧૧] સદાચરણસંપન્ન તથા સન્માર્ગે ચાલનારા તારે પોતાના મિત્રને માટે કરેલી પ્રતિજ્ઞાને યથાર્થરીતે પાળવી જોઈએ;[૧૨] જે પુરૂષ પોતાના કાર્યોને મૂકીને અત્યંત ઉત્સાહભેર ઉતાવળે મિત્રના કાર્યમાં પ્રવૃત્ત થતો નથી તેને મોટો અનર્થ પ્રાપ્ત થાય છે;[૧૩] તેમજ જે પુરૂષ, સમય વીતી જવા પછી મિત્રનું કાર્ય કરવામાં પ્રવૃત્ત થાય છે તે, જો કે પાછળથી મોટો અર્થ સિદ્ધ કરે, તોપણ મિત્રત્વ ધર્મને યોગ્ય રહેતો નથી.[૧૪] હે શત્રુદમન! હવે આપણા મિત્ર રામચંદ્રની સ્ત્રી સીતાની શોધ કરવાનો સમય આવી પહોંચ્યો છે, તે વહી જાય નહિ તે પહેલાં આપણે તે કાર્ય કરવામાં પ્રવૃત્ત થવું જોઈએ.[૧૫] હે રાજન્! એ મહા બુદ્ધિમાન રામચંદ્ર જોકે પોતાના કાર્યમાટે ઉતાવળા છે તો પણ પોતે સમયને જાણનાર હોવાથી સીતાની શોધ કરવાનો સમય વહી જશે તો પણ તને કશું કહેશે નહિ; કેમકે સાંપ્રતમાં તેઓ તારે અધીન હોવાથી તારા અભિપ્રાયને અનુસરી શાંત રહ્યા છે.[૧૬] અમિત પ્રભાવવાળા તથા અપ્રતિમ ગુણવાળા એ રામચંદ્ર તારા કુળની વૃદ્ધિ કરનારા છે, અને લાંબા સમયના બંધુભાવને પ્રાપ્ત થયા છે, તેમનો કનિષ્ઠ બંધુ લક્ષ્મણ પણ તેવોજ ગુણવાન છે.[૧૭] હે હરીશ્વર! એ રામચંદ્રે પ્રથમ તારૂં કાર્ય કર્યું છે, માટે હવે તેનું કાર્ય કરવામાં તું વિલંબ કરીશ નહિ. હે રાજન! ઉતાવળે તારે આધીન રહેલા બળવાન વાનરોને સીતાની શોધ કરવા માટે આજ્ઞા આપ.[૧૮] હે સુગ્રીવ! રામચંદ્ર પોતાનું કાર્ય કરવા માટે તને કહે તે પહેલાં જો તું તેમના કાર્યમાં પ્રવૃત્ત થઇશ તો પછી તેમાં કદાચ વધુ કાળ વ્યતીત થશે છતાં પણ તને કશો દોષ રહેશે નહિ; પરન્તુ તેમના કહ્યા પછી કાર્ય કરવાથી તો તું અવશ્ય કાલાતિક્રમના દોષને પાત્ર થઇશ.[૧૯] હે વાનરેંદ્ર! જેણે તારૂં કાર્ય ન કર્યું હોય એવા મનુષ્યનું કાર્ય કરવાને પણ તું પ્રવર્તે છે, તો પછી તારો ઉપકાર કરનારા રઘુવીરનો પ્રત્યુપકાર કરવામાં તું પોતાના રાજ્ય તથા પ્રાણને ગુમાવીને પણ પ્રવર્તે એમાં શું આશ્ચર્ય?[૨૦] હે વાનર અને રીંછોના અધિપતિ! અત્યંત પરાક્રમી એવો તું રામચંદ્રનું કાર્ય પાર પાડવાને શક્તિમાન છે, છતાં એમની આજ્ઞાની વાટ જોઇ એમનું કાર્ય શા માટે અટકાવે છે?[૧] હે સુગ્રીવ! જો કે એ દશરથનંદન રામચંદ્ર પોતાનાં બાણોવડે સમગ્ર દેવતાઓ, અસુરો અને નાગલોક વગેરેને વશ કરવા સમર્થ છે, તોપણ તેં કરેલી પ્રતિજ્ઞા સત્ય છે કે અસત્ય છે, તેની પરીક્ષા કરવા સારૂજ તે તારી સહાય્યની વાટ જોઇ રહ્યા છે.[૨૨] હે કપિવર! નિરપરાધી વાલીને

* ભંડાર § સેના ÷ પોતાનું મન અથવા દેહ.

હણુવાનું કાર્ય ઘણુંજ અયોગ્ય હતું, તોપણ મહાત્મા રાઘવે તેની તથા પોતાના પ્રાણોની કશી પણ શંકા રાખ્યા વિના તારૂં મોટું પ્રિય કર્યું છે, માટે આપણે તેમની પ્રિયા વૈદેહીની શોધ આખી પૃથ્વી તથા આકાશને વિષે પણ કરવી જોઈએ.[23] હે સુગ્રીવ! યુદ્ધને વિષે મરૂદ્‌ગણોસહિત દેવતાઓ, દાનવો, ગંધર્વો, યક્ષો તથા અસુરો પણ એ મહાસમર્થ રઘુવીરને ભય પમાડવા સમર્થ નથી, તો પછી રાક્ષસો તેમને શું કરી શકે એમ છે?[24] હે પિંગેશ! એવા શક્તિમાન્ તથા તારાપર પ્રથમથીજ ઉપકાર કરનારા રઘુવીરનું તારે સર્વ પ્રકારે પ્રિય કરવું યોગ્ય છે[25] હે કપીશ્વર! તારી આજ્ઞા થવાથી પાતાળ, પૃથ્વી, જળ તથા આકાશ વગેરે અગમ્ય સ્થળમાં જવાને પણ અમારામાંના કોઇ પણ વાનરની ગતિ અટકે એમ નથી.[26] હે નિષ્પાપ! તારા અધીનમાં કોઇથી પણ પરાભવ ન પામે એવા કરોડો વાનરો છે, તેઓમાંનો કોણ કયું કાર્ય કરે એ માટે તુ સત્વર આજ્ઞા આપ "[27]

સમયને અનુસરી બોલાયેલાં મહાત્મા હનુમાનનાં વચન સાંભળીને, અત્યંત પરાક્રમી અને બુદ્ધિમાન્ સુગ્રીવે એ પ્રમાણે કરવાને તેજ સમયે દૃઢ નિશ્ચય કર્યો, અને નિરંતર પ્રયત્નશીલ રહેનારા પોતાના સચિવ નીલ વાનરને પોતાની પાસે બોલાવી, સર્વ દિશાઓમાંનાં વાનરસૈન્યને એકત્ર કરવાની આજ્ઞા આપતાં કહ્યું કે,--[28-29]

"હે નીલ! મારી સર્વ સેના પોતપોતાના યૂથપાલો તથા સેનાધીશોસહિત નિર્વિઘ્ને અહીંયાં એકત્રિત થાય તેમ તું કર.[30] વળી જે વાનરો દૂર દિશાઓ પ્રત્યે અતિ ઉતાવળી ગતિથી જઈ પહોંચે એવા તથા અતિ ઉદ્યોગશીલ હોય તેવાઓને, તું મારી આજ્ઞાથી સત્વર તેડાવ. સઘળી સેના એકઠી થયા પછી તારે તેની ગણત્રી વગેરે જે કાંઈ કાર્ય કરવાનું હોય તે કરજે.[31] હે નીલ! આજથી આરંભી પંદર રાત્રિની અંદર જે વાનર અત્રે આવી નહિ પહોંચે તેને નિઃસંદેહ પ્રાણાંત દંડ દેવામાં આવશે.[32] આ મારી નિશ્ચયયુક્ત દૃઢ આજ્ઞાને માન્ય કરી તું અંગદને સાથે લઇને જા અને જાંબૂવાન સરખા વૃદ્ધોને પણ અતિસન્માનપૂર્વક તેડી લાવ." એ પ્રમાણે વ્યવસ્થા કરીને, ઉગ્ર પરાક્રમી વાનરોના રાજા સુગ્રીવે પોતાના અંતઃપુરમાં પ્રવેશ કર્યો.[33]

हरींश्च वृद्धानुपयातु साङ्गदो भवान्ममाज्ञामधिकृत्य निश्चिताम् । इति व्यवस्थां हरिपुङ्गवेश्वरो विधाय वेश्म प्रविवेश वीर्यवान् ॥३६

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં ઓગણત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૨૯

સર્ગ ૩૦ મો.

માલ્યવાન પર્વતપર રામચંદ્ર અને લક્ષ્મણ-સીતાવિરહ-શરદૃઋતુનું વર્ણન.

गृहं प्रविष्टे सुग्रीवे विमुक्ते गगने घनैः ।
वर्षरात्रे स्थितो रामः कामशोकाभिपीडितः॥१॥

મહાસમર્થ હનુમાનના ઉપદેશવડે સાવધ થઇ કપીશ્વર સુગ્રીવે વાનરોની સેના એકઠી કરાવવા માંડી. એ વેળા શરદૃઋતુ પ્રવૃત્ત થવાને લીધે આકાશ મેઘરહિત અને સ્વચ્છ થયું અને નિર્મળ ચંદ્રમંડળની રમણીય જ્યોત્સ્નારૂપી ચંદનવડે લિપ્ત બન્યું. આ સમયે માલ્યવાન પર્વતપર રહેલા કામ તથા શોકથી પીડાતા શ્રીમાન્ રામચંદ્ર સમય વ્યતીત થઇ જવા છતાં પણ સુગ્રીવને કામાસક્ત થયેલો જોઇને તથા નાશ પામ્યા સરખી વૈદેહીનો વિચાર કરીને અત્યંત કષ્ટને લીધે મૂર્ચ્છિત સરખા થઇ ગયા.[1-3] પુનઃ એક મુહૂર્તમાંજ સચેત થઇ મહાબુદ્ધિમાન રામચંદ્ર "અરેરે, સીતા જીવતી હશે કે નહિ? અરે, તે જીવતી હશે તો પણ હું તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકીશ?" એ પ્રમાણે પોતાના મનમાં વારંવાર ચિંતા કરવા લાગ્યા.[4] એક દિવસે

દશરથનંદન રઘુવીર, માલ્યવાન પર્વતની સુવર્ણ સરખી ધાતુવડે સુશોભિત જણાતી એક રમ્ય શિલાપર બેઠા હતા. તેવામાં મેઘવિનાના નિર્મળ આકાશને વિષે ઉડતાં સારસ પક્ષીઓના શબ્દો સાંભળીને તથા બીજાં પણ કેટલાંકએક શરદઋતુનાં ચિહ્નો જોઈ ને તેમને પોતાની પ્રાણપ્રિયા જનકનંદિની સાંભરી આવ્યાં; એથી અત્યંત પીડિત થઇને દીનવાણીવડે તેઓ વિલાપ કરવા લાગ્યા કેઃ-[૫-૬]

" અરેરે, સારસપક્ષીના શબ્દસરખા સ્વરવાળી જે વૈદેહી પૂર્વે આશ્રમનેવિષે સારસપક્ષીઓએ એક-બીજાને બોલાવવા માટે કરેલા શબ્દો સાંભળીને જેવી હર્ષિત થતી હતી તેવી શું તે આજે પણ હર્ષિત થતી હશે ?[૭] અરેરે, એ બાળા જનકનંદિની સુવર્ણસરખા વર્ણવાળાં અને પ્રફુલ્લિત પુષ્પોવાળાં આસનવૃક્ષોનું સૌંદર્ય જોઇને મારો વિયોગ કેમ સહન કરી શકશે ?[૮] અરે ! એ સર્વાંગ સુંદર સીતા પૂર્વે કલહંસોના મધુરા નાદ સાંભળી જાગ્રત થતી હતી તે આજે મારાવિના શું કરતી હશે ?[૯] અરેરે, આ સજોડે ફરનારાં ચક્રવાક પક્ષીઓના મધુર શબ્દ સાંભળવાથી એ કમળસમાન વિશાળ નેત્રવાળી મારી પ્રિયાની કેવી દશા થતી હશે ?[૧૦] અરેરે, હરિણના બાળકનાં નેત્રસરખાં નેત્રવાળી એ જાનકીવિનાનો હું હાલમાં અનેક સરોવરો, નદીઓ, વાવો, વનો તથા ઉપવનોમાં વિચરૂં છું; પરંતુ ક્યાંય સુખ પામતો નથી.[૧૧] મારો વિયોગ થવાને લીધે તથા પોતાની અતિ સુકુમારતાને લીધે મારી પ્રિયા સીતાને પણ શરદઋતુના ગુણોથી પ્રવૃત્ત થયેલો કામ અત્યંત પીડા કરી રહ્યો હશે ! "[૧૨]

જેમ ચાતકપક્ષી વર્ષાદના જળ માટે વિલાપ કરે તેમ દશરથનંદન રઘુવીર એ પ્રમાણે સીતાને અર્થે વિલાપ કરી રહ્યા હતા,[૧૩] એવામાં વનફળ લાવવા માટે રમ્ય પર્વતશિખરોમાં વિચરી વનફળ લઇ પાછા વળેલા લક્ષ્મીવાન્ લક્ષ્મણે પોતાના મોટા ભાઇ રઘુવીરને ચિંતાગ્રસ્ત દીઠા.[૧૪] એકાંતસ્થળને વિષે દુઃસહ ચિંતાવશ થયેલા તથા સંજ્ઞા વિનાના થયેલા પોતાના જ્યેષ્ઠ બંધુને જોતાંજ અતિશય ખેદ થવાને લીધે દીન બની ગયેલા મહાત્મા લક્ષ્મણ એકાએક તેમની પાસે દોડી આવ્યા, અને દીનવાણીથી કહેવા લાગ્યા કે,[૧૫] " હે આર્ય ! આવી રીતે તમે તમારા પોતાના પૌરૂષબળનો પરાભવ કરનારા કામને વશ થઇને કયું પ્રયોજન સિદ્ધ કરી શકશો ? અરે, આમ શોકને વશ થવાથી તો ઉલટી તમારા ચિત્તની સ્થિરતા નષ્ટ થાય છે ! હે આર્યબંધુ ! શું કર્મયોગના આશ્રયથી તમારાં સર્વ દુઃખ તથા શોક નિવૃત્ત થાય તેમ નથી ?[૧૬] હે ભ્રાત ! હવે તમે શૌચ-સ્નાનાદિ ક્રિયાયોગનું અનુષ્ઠાન કરી તમારા પોતાના મનને પ્રસન્ન રાખો, અને નિરંતર સમાધિયોગમાં આસક્ત રહો, તેમજ આળસ્યરહિત થઇને પોતાનાં સહાય-સામર્થ્યાદિ પૌરૂષબળની વૃદ્ધિ થાય એવાં કાર્યોમાં પ્રવૃત્ત થાઓ.[૧૭] હે માનવવંશનાથ ! તમે એ તો નિશ્ચય માનજો કે તમારા સરખા પતિની સ્ત્રી વૈદેહી બીજાથી કદી પણ જીરવી શકાય એમ નથી. હે શૂરવીર રાઘવ ! આ જગતને વિષે એવો કયો પુરૂષ છે કે જે પ્રજ્વલિત અગ્નિશિખાને ગ્રહણ કરીને દગ્ધ ન થાય ? "[૧૮]

દૃઢ નિશ્ચયવાળાં અને સત્ય અર્થવાળા શુભલક્ષણસંપન્ન લક્ષ્મણનાં વચન સાંભળીને શ્રીમાન્ રામચંદ્ર તેને સામ, ધર્મ, અર્થ તથા નીતિયુક્ત તેમજ રૂચિકર અને હિતરૂપ વચનો કહેવા લાગ્યાઃ-[૧૯] " હે તાત ! તારૂં કહેવું યથાર્થ છે. બુદ્ધિમાન પુરૂષે તારા કહેવા પ્રમાણે જ્ઞાનયોગ તથા કર્મયોગનું અનુષ્ઠાન કરવું જોઇએ. પણ એની ઉપેક્ષા કરીને માત્ર પોતાના અત્યંત વૃદ્ધિ પામેલા પૌરૂષબળના ફળનુંજ ચિન્તવન કરવું એ યોગ્ય નથી. "[૨૦]

એટલું કહી થોડીકવાર શાંત રહી કમળપત્રસમાન નેત્રવાળાં જાનકીનું પુનઃ સ્મરણ

થઈ આવતાં મહાત્મા રામચંદ્ર સૂકાતામુખે લક્ષ્મણ પ્રત્યે કહેવા લાગ્યા:-[૨૧] "હે લક્ષ્મણ! પૃથ્વી દેવીને જળવડે તૃપ્ત કરીને તથા નાનાં પ્રકારનાં તૃણ-ધાન્યાદિ ઉત્પન્ન કરીને ઈંદ્ર હવે પોતાનું કામ પરવારી રહ્યો છે.[૨૨] હે રાજપુત્ર! લંબાયમાન અને ગંભીર શબ્દવાળા તથા પર્વતો અને વૃક્ષોની પાસે ગતિ કરનારા મેઘો જળ વર્ષીને હવે શાંત થયા છે.[૨૩] શ્યામ કમળદળસમાન કાંતિવાળા એ મેઘો દશે દિશાઓને શ્યામવર્ણી કરી મદરહિત થયેલા હસ્તીઓની પેઠે, શાંત થયા છે, પરંતુ હજી મારી કામપીડા શાંત થઇ નથી![૨૪] હે સૌમ્ય! જો તો ખરો, જળબિંદુયુક્ત અને કુટજ તથા અર્જુનવૃક્ષનાં પુષ્પોની સુગંધવાળા વૃષ્ટિસંબંધી મહાવેગવાન વાયુઓ ચોતરફ ફરી વળીને હવે શાંત થઇ ગયા છે.[૨૫] હે નિષ્પાપ લક્ષ્મણ! મેઘોની ગર્જના, હાથીઓના ચીતકાર, મયૂરોના ટૌકા તથા ઝરણાઓનો ખળખળાટ એ સઘળું હવે એકાએક શાંત થઇ ગયું છે.[૨૬] મેઘ વર્ષવાને લીધે નિર્મળ થયેલા અને વિચિત્ર શિખરોવાળા પર્વતો જાણે ચંદ્રનાં કિરણોથી લેપાયા હોય, એવાં શોભી રહ્યા છે![૨૭] હે સૌમિત્રે! સપ્તપર્ણ વૃક્ષોની શાખાઓ, નક્ષત્રોસહિત સૂર્ય-ચંદ્રની પ્રભા અને મદમત્ત હસ્તીઓની લીલા એ ત્રણેને વિષે પોતાની શોભા વહેંચી નાંખીને શરદૃઋતુ પ્રવૃત્ત થઇ છે![૨૮] હે લક્ષ્મણ! એનો સાંપ્રતમાં અનેક પદાર્થોમાં રહેલી વિચિત્ર શોભાવાળી આ શરદૃઋતુની લક્ષ્મી સૂર્યોદયથી વિકસિત થયેલાં કમળોના સમૂહમાં અધિક શોભે છે![૨૯] વળી પવનને અનુસરનારો આ શરત્કાળ કે જે સપ્તપર્ણ વૃક્ષોનાં પુષ્પોની સુગંધિથી તથા ભ્રમરસમૂહોના ગુંજારવથી ભરપૂર છે તે મદમત્ત હસ્તીઓના ગર્વને દૂર કરતો સર્વત્ર ફેલાઇ રહ્યો છે.[૩૦] હે ભાઈ! તું જો તો ખરો, સુંદર અને વિશાળ પાંખોવાળાં, કમળપરાગથી વ્યાપ્ત દેહવાળા, નિરંતર કામાસક્ત રહેનારા અને માનસ સરોવરથી નીકળી મહા નદીઓના રમણીય તટપર આવી ચઢેલા હંસો, આ ચક્રવાકપક્ષીઓની સાથે કેવી ક્રીડા કરી રહ્યા છે![૩૧]* હે સૌમિત્ર! મદથી પ્રૌઢ બનેલા હસ્તીઓ, ગર્વિષ્ટ વૃષભોના ટોળાંઓ અને નિર્મળ જળવાળી નદીઓ, એ વગેરેમાં તો શરદૃઋતુની શોભા અનેકપ્રકારે વહેંચાયેલી જણાય છે.[૩૨] આકાશને મેઘમંડળથી મુક્ત થયેલું જોઇને આનંદરહિત થવાને લીધે પોતાની પ્રિયામાં આસક્તિરહિત થયેલા તથા જેઓએ પોતાનાં ચંદ્રિકાયુક્ત પિચ્છોરૂપી આભૂષણોનો ત્યાગ કર્યો છે એવા શોભાવિનાના મોરલાઓ, વનોને વિષે હવે ધ્યાનમગ્ન થવા લાગ્યા છે.[૩૩] આ ઋતુનેવિષે મન તથા નેત્રને આનંદ ઉપજાવે એવાં અને સુવર્ણસરખા ગૌરવર્ણા અસંખ્યાત પ્રિયકવૃક્ષો કે જેની મોટી મોટી શાખાઓ પુષ્પોના ભારથી લચી રહી છે તેને લીધે સઘળાં વનો દેદીપ્યમાન થઇ રહ્યાં છે.[૩૪] કમળયુક્ત સરોવરો તથા વનોને વિષે પ્રીતિવાળા અને પોતાની હસ્તિનીઓની સાથે કામભોગ સંબંધી ઉત્કટ ઈચ્છાવાળા મદોન્મત્ત શ્રેષ્ઠ હસ્તીઓની ગતિ પણ આજે મંદ પડેલી જણાય છે.[૩૫] હે સૌમ્ય! આ શરદૃઋતુને વિષે આકાશ ચળકતી તલવાર જેવું નિર્મળ બની ગયું છે, નદીઓના જળનો પ્રવાહ કૃશ થઇ ગયો છે, વાયુ કલ્હારપુષ્પોના સુગંધયુક્ત શીતળ વાય છે, અને અંધકારથી મુક્ત થયેલી દિશાઓ પ્રકાશયુક્ત થઈ છે.[૩૬] હે લક્ષ્મણ! સૂર્યના તાપનેલીધે પૃથ્વીપરનો સઘળો કાદવ સૂકાઇ ગયો છે, જ્યાં ત્યાં ધાટી રજ ઉડવા લાગી છે, અને પરસ્પર વૈરવાળા રાજાઓને ઉદ્યોગ કરવાનો સમય આવી પહોંચ્યો છે.[૩૭] શરદૃઋતુને લીધે જેનાં રૂપ અને શોભામાં વધારો થયો છે એવા, રજોટાયેલાં શરીરવાળા અને પરસ્પર યુદ્ધ કરવાના લોભવાળા મદમત્ત વૃષભો

* જો કે હંસ અને ચક્રવાક પરસ્પર વૈરી છે, તો પણ શરદૃઋતુના પ્રભાવને લીધે પોતાનું વૈર ભૂલીને, સાથે મળી ક્રીડા કરે છે. રામાનુજીય.

ગાયોના સમૂહોની વચ્ચે બરાડી રહ્યા છે.[૩૮] આ શરદ્ઋતુને વિષે કામી થયેલી અને પોતાના પતિપર તીવ્ર પ્રીતિવાળી કુલીન હસ્તિણી વનમાં વિચરતા પોતાના મદોન્મત્ત સ્વામીની પુંઠે પુંઠે મંદગતિથી ફર્યા કરે છે.[૩૯] હે લક્ષ્મણ! પોતાના દેહને શોભાવનારાં ચંદ્રિકાયુક્ત પિચ્છોનો ત્યાગ કરી મયૂરો નદીના કિનારાપર જાય છે, પરંતુ ત્યાં આગળ પણ મેઘગર્જના સાંભળવામાં નહિ આવવાથી ઉદ્વિગ્નચિત્ત થઈ તેઓ જાણે સારસપક્ષીઓથી તિરસ્કાર પામ્યા હોય એમ દીનપણે પાછા વળે છે।[૪૦] મદ ઝરવાથી ઉન્મત્ત બનેલા મોટા હસ્તીઓ પોતાના ભયંકર શબ્દોવડે વનમાંનાં કારંડવ તથા ચક્રવાકાદિ પ્રાણીઓને ત્રાસ ઉપજાવે છે, અને પ્રફુલ્લિત કમળોની શોભાવાળાં સરોવરોમાંનાં જળને વારંવાર ડહોળી નાખીને તેનું પાન કરે છે.[૪૧] હે સૌમિત્રિ! જેના રેતાળ કીનારાપર ગાયોનાં ધણો ઉભાં રહ્યાં છે, તથા સારસપક્ષીઓ નાદ કરી રહ્યાં છે, એવી કાદવવિનાની નદીઓનાં નિર્મળ જળને વિષે હર્ષિત થયેલા હંસો જળક્રીડા કરવા અર્થે આવીને પડે છે.[૪૨] હે સૌમ્ય! વર્ષાઋતુ વ્યતીત થઇ જવાને લીધે સાંપ્રતમાં નદીઓના, ઝરણાંઓના, મેઘોના, વૃદ્ધિ પામેલા મહાવાયુના, મયૂરોના અને દેડકાંઓના શબ્દો બંધ પડી ગયા છે.[૪૩] વર્ષાઋતુમાં પહેલવહેલા મેઘમંડળનો ઉદય થતાંજ છૂપાઇ ગયેલા, પોતાના દેહનો નિર્વાહ નહિ કરી શકવાથી મરણતુલ્ય થયેલા અને ઘણા સમય સુધી રાફડાઓમાં જ રહેવાથી ક્ષુધાવડે પીડાતા રંગ બેરંગી મહાઝેરી સર્પો હવે પોતપોતાના રાફડાઓમાંથી બહાર નીકળે છે.[૪૪] અહો! જેમ પ્રીતિવાળી કોઈ કામી સ્ત્રી પોતાના ઇચ્છિત પતિના હસ્તસ્પર્શના સુખથી પોતાનાં નેત્રોને અર્ધાં ઉઘાડી અનુરાગને લીધે સ્વયમેવ વસ્ત્રનો ત્યાગ કરે છે, તેમ આ રક્તવર્ણી સંધ્યા શોભાયમાન ચંદ્રકિરણોના સ્પર્શથી હર્ષિત થઇ, તારાઓને અપ્રકાશિત કરી સ્વયમેવ આકાશનો ત્યાગ કરે છે.÷[૪૫] હે લક્ષ્મણ! ઉદય પામેલા ચંદ્રરૂપી સુંદર મુખવાળી, તારાઓરૂપી પ્રફુલ્લિત નેત્રવાળી અને ચાંદનીરૂપી સાડીને ઓઢનારી આ શરદ્ઋતુની રાત્રિ શ્વેત વસ્ત્રને ધારણ કરનારી સ્ત્રીના સરખી દેખાય છે.[૪૬] અહા! પાકેલી સાળના કણસલાંનું ભક્ષણ કરીને અત્યંત હર્ષિત થયેલી તથા વાયુએ કંપાવેલી માળાસરખી દેખાતી સારસ પક્ષીઓની લાંબી હાર શીઘ્ર વેગથી આકાશમાં ઉડી રહી છે।[૪૭] હે ભાઇ! આ સામે જણાતા મોટા હૃદમાંનું નિર્મળ જળ કે જેમાં એક હંસ નિશ્ચિંતપણે તરતો સૂતો છે તથા જેના ઉપર કુમુદપુષ્પો છવાઈ રહ્યાં છે તે જળ રાત્રિને વિષે તારાગણોથી છવાયેલા અને પૂર્ણચંદ્રથી પ્રકાશી રહેલા વાદળ વિનાના નિર્મળ આકાશ સરખું શોભે છે।[૪૮] આ ઋતુને વિષે પોતાના કીનારાપર છૂટક છૂટક બેઠેલા હંસોરૂપી મેખલાવાળી અને પ્રફુલ્લિત રંગબેરંગી કમળોની માળાને ધારણ કરનારી મોટી વાપિકાઓ સોળે શણગાર સજેલી શ્રેષ્ઠ સ્ત્રીઓસમાન શોભી રહી છે.[૪૯] હે લક્ષ્મણ! પ્રાતઃકાળના સમયમાં વાયુના વેગનેલીધે પોલા વાંસડાઓનાં છિદ્રોમાંથી નીકળતા શબ્દોરૂપી શરણાઇઓના સૂરથી મિશ્રિત થયેલો પર્વતોની ગુફાઓનો તથા વનના વૃષભોનો નાદ પરસ્પર મળીને જાણે એકબીજાને વૃદ્ધિ પમાડતો હોયની? એમ લાગે છે.[૫૦] આ શરદ્ઋતુને વિષે નવે નવાં ઉગેલાં, મંદ મંદ વાતા વાયુએ કંપાવેલાં, પ્રફુલ્લિત શ્વેત પુષ્પોવાળાં અને ધોવાઇ જવાનેલીધે નિર્મળ થયેલા રેશમી વસ્ત્ર સરખાં જણાતાં કાસડાનાં વૃક્ષોથી નદીના તટો અત્યંત શોભી રહ્યા છે.[૫૧] અહો! વનને વિષે વિચરનારા અને પુષ્પરસનું પાન કરવામાં ચતુર એવા આ મદમત્ત ભ્રમરો કે જેઓ કમળ તથા પ્રિયકવૃક્ષનાં પુષ્પોના પરાગથી ગૌરવર્ણ બનેલા છે, તેઓ પોતાની સ્ત્રીઓસહિત અત્યંત

÷ કામુકી સ્ત્રીના વૃત્તાંતનું સંધ્યામાં આરોપણ કરવાથી અત્રે સમાસોક્તિ અલંકાર થાય છે.

હર્ષિત થઇ સુગંધના લોભથી પવનની પાછળ પાછળ દોડયા કરે છે![૫૨] હે સૌમ્ય! પ્રફુલ્લિત પુષ્પોવાળું સરોવરોમાંનું નિર્મળ જળ, ક્રૌંચપક્ષીઓના શબ્દોથી ભરેલાં અને પાકી ગયેલાં શાળક્ષેત્ર,+ મંદ મંદ વાયુ તથા નિર્મળ ચંદ્ર, એ સર્વ, વર્ષાકાળ વહીગયો એવું બતાવે છે.[૫૩] હે સૌમિત્રિ! જેમ રાત્રિને વિષે પતિસાથે સંભોગ કરવાથી શિથિલ થયેલાં અંગવાળી સ્ત્રીઓની ગતિ પ્રાતઃકાળે મંદ પડી જાય છે, તેમ મત્સ્યરૂપી મેખલાવાળી નદીઓરૂપી વહુઓની ગતિ પણ આ ઋતુને વિષે મંદ પડી ગઈ છે.[૫૪] હે ભાઇ! ચક્રવાક પક્ષીઓરૂપી પત્રરેખાવાળા, શેવાળરૂપી ગોરોચનાવાળાં અને ખીલેલા કાસડારૂપી શ્વેત વસ્ત્રોથી આચ્છાદિત થયેલાં નદીઓનાં મુખ વહુવારૂઓનાં મુખ સરખાં જણાય છે.[૫૫] હે સૌમ્ય! પ્રફુલ્લિત 'બાણ' અને 'પ્રિયક' નામનાં વૃક્ષોથી વિચિત્ર જણાતાં તથા મદમત્ત ભ્રમરોએ શબ્દાયમાન કરેલાં વનોને વિષે આજકાલ પ્રચંડ ધનુષ્યવાળો કામદેવ પોતાનું ધનુષ્ય સજ્જ કરી, વિરહી જનોને દંડ-પીડા આપવામાં ક્રૂર થઈ રહ્યો છે![૫૬] હે સૌમિત્રિ! જળને ધારણ કરનારા મેઘ, ઉત્તમ વૃષ્ટિવડે લોકોને સંતુષ્ટ કરીને, જળાશયોને જળથી પરિપૂર્ણ બનાવીને તથા પૃથ્વીને ધનધાન્યાદિ સંપન્ન કરીને આકાશમાં ચાલ્યા ગયા છે.[૫૭] જેમ પતિના નવીન સમાગમ વખતે કુલીન સ્ત્રી લજ્જાનેલીધે ધીમેધીમે પોતાના જઘન સ્થળને દેખાડે છે, તેમ આ શરદ્દઋતુની નદીઓ પણ શનૈઃ શનૈઃ પોતાના તટોને ખુલ્લા કરી દર્શાવે છે![૫૮] હે સૌમ્ય! 'કુરર' નામનાં પક્ષીઓનાં નાદથી ભરેલાં તથા ચક્રવાક પક્ષીઓનાં ટોળાથી વ્યાપ્ત નિર્મળ જળવાળાં સરોવરો આ ઋતુને વિષે અત્યંત શોભે છે.[૫૯] હે દશરથનંદન! પરસ્પર વૈર ધરાવનારા અને એક-બીજાને જીતવાની ઇચ્છાવાળા પૃથ્વીપતિ રાજાઓને હવે યુદ્ધ સંબંધી ઉદ્યોગ કરવાનો કાળ આવી પહોંચ્યો છે.[૬૦] હે સૌમ્ય! આ શરદ્દઋતુ રાજાઓને શત્રુપર ચઢાઇ કરવાનો મુખ્ય કાળ છે, પરંતુ હજીસુધી સુગ્રીવ મારી પાસે આવ્યો નથી, તેમજ તેણે તે સંબંધે કાંઇ પણ ઉદ્યોગ આરંભ્યો હોય એમ મને લાગતું નથી.[૬૧] હે ભાઈ! જોની, આ પર્વતની તળેટીમાં પ્રિયક, સપ્તપર્ણ, કાંચનાર, બપોરીઆ, અને શ્યામ વગેરે વૃક્ષો પ્રફુલ્લિત—પુષ્પયુક્ત થયાં છે, તથા નદીઓના તટો હંસ, સારસ, ચક્રવાક અને કુરર વગેરે પક્ષીઓથી વ્યાપ્ત થયા છે, અર્થાત્ સર્વ પ્રકારે શરદઋતુનું સામ્રાજ્ય જામી રહ્યું છે, તોપણ હે લક્ષ્મણ! મારા શોકનો અંત જણાતો નથી.[૬૨-૬૩] અરેરે! સીતાના વિયોગસંબંધી તાપથી બળી રહેલા મારા આ વર્ષાઋતુના ચાર માસ તો સો વર્ષ સરખા ગયા છે![૬૪] જેમ ચક્રવાકી પોતાના પતિ ચક્રવાકની પાછળ જાય તેમ જે મારી પ્રિયા વૈદેહી વિષમ દંડકારણ્યને પણ ઉદ્યાન સરખું માનીને મારી સાથે ચાલી આવી હતી તેના વિયોગનો શોક મને કેમ પીડે નહિ?[૬૫] હે લક્ષ્મણ! હું કે જે સ્ત્રીરહિત થવાને લીધે દુઃખપીડિત થયેલો તથા રાજ્યભ્રષ્ટ થઇને વનવાસમાં આવેલો છું. તેનાપર વાનરોનો રાજા સુગ્રીવ હજી પણ કૃપા કરતો નથી![૬૬] હે ભાઈ! મને લાગે છે કે એ દુરાત્મા સુગ્રીવ મને અનાથ, રાજ્યભ્રષ્ટ, રાવણે પરાભવ પમાડેલો, દીન, સ્ત્રીવિયોગી, કામાસક્ત તથા પોતાને શરણે આવેલો માનતો હશે અને એ કારણોને લીધેજ તે મારી અવગણના કરતો હશે![૬૭-૬૮] અરે, એ દુર્મતિ સુગ્રીવ સીતાની શોધ કરવા અર્થે પ્રથમ મારી આગળ સમયનો નિશ્ચય કરીને, હવે પોતે કૃતાર્થ થવાથી પ્રાપ્ત થયેલા સમયને જાણતો નથી,[૬૯] માટે હે લક્ષ્મણ! તું મારી આજ્ઞાથી કિષ્કિંધાનગરીમાં જા અને વિષયસુખમાં આસક્ત બનેલા એ વાનરાધિપતિ મૂર્ખ સુગ્રીવને કહે કે,[૭૦]

+ ડાંગરનાં ખેતર.

"હે સુગ્રીવ ! બળ અને વીર્યાદિથી સંપન્ન અર્થી પુરૂષ, કે જેણે પોતાનો પ્રથમ ઉપકાર કર્યો હોય, તેની આગળ તેનું ઇચ્છિત કાર્ય કરી આપવાની પ્રતિજ્ઞા લીધા પછી સમય આવ્યે જે પુરૂષ તે પ્રમાણે વર્તતો નથી તે આ લોકને વિષે મહા અધમ ગણાય છે.[૭૧] પોતાના મુખથી બોલાયેલા સારા કિંવા નરસા વચનનું જે પુરૂષ યથાર્થ રીતે પાલન કરે છે તે પુરૂષ શૂરવીર તથા ઉત્તમ ગણાય છે.[૭૨] વળી જે પુરૂષ મિત્ર પાસેથી પોતાનું કાર્ય સાધી લઇને પછી સમય આવ્યે મિત્રનું કાર્ય કરવામાં તત્પર રહેતો નથી તેને વિદ્વાનપુરૂષો 'કૃતઘ્ન' કહે છે, અને એવા કૃતઘ્ન પુરૂષનું મરણ થયા પછી તેના માંસને, કૂતરાં વગેરે માંસાહારી પ્રાણીઓ પણ ખાતાં નથી."[૭૩] "હે લક્ષ્મણ ! વળી તું તેને કહેજે કે "હે સુગ્રીવ ! શું તું રામચંદ્રે ખેંચેલા સુવર્ણભૂષિત ધનુષ્યના વિજળીઓ સરખા ભયંકર રૂપને સંગ્રામને વિષે જોવા ઈચ્છે છે ?[૭૪] અથવા તો સંગ્રામને વિષે ક્રોધયુક્ત થઇને તેણે કરેલા ધનુષ્યની પ્રત્યંચાના વજ્રસરખા નાદને સાંભળવા ઈચ્છે છે ?"[૭૫] (હવે લક્ષ્મણનેજ કહે છે.) "હે વીર લક્ષ્મણ ! આટલો સમય વહી જવા છતાં અને તારી સહાયયુક્ત મારા મોટા પરાક્રમને જાણ્યા છતાં પણ એ સુગ્રીવને મારા કાર્ય માટે કાંઈ પણ કાળજી થતી નથી એ કેવું આશ્ચર્ય છે ?[૭૬] હે પરપુરંજય !* આપણે સીતાની શોધ કરવા માટે વાનરાધિપતિ સુગ્રીવની સાથે મૈત્રી કરી છે પરંતુ તે પોતે કૃતાર્થ થયો છે એટલે આપણું કાર્ય કરવાનો સમય આવ્યા છતાં પણ એ તે તરફ લક્ષ્ય આપતો નથી.[૭૭] અરે ! વર્ષાઋતુ વીત્યા પછી સીતાની શોધ કરવા માટે મારી આગળ પ્રતિજ્ઞા કરીને, હવે વર્ષાઋતુના ચાર માસ વીતી ગયા તોપણ વિહાર સુખમાં લુબ્ધ થયેલો સુગ્રીવ પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરતો નથી ![૭૮] અરે, અમાત્યો તથા સભાસદોસહિત એ સુગ્રીવ નિરંતર મદ્યપાન કર્યા કરે છે, એ કારણથીજ શોકનેલીધે દીન થઇ ગયેલા આપણા ઉપર તે દયા લાવતો નથી ![૭૯] માટે હે વીર ! તું સત્વર કિષ્કિંધામાં જા અને સુગ્રીવને મારા ક્રોધનું યથાર્થ સ્વરૂપ જણાવી, આ પ્રમાણે કહે કે,[૮૦] "હે સુગ્રીવ ! તારો જ્યેષ્ઠ બંધુ વાલી મરણ પામીને જે માર્ગે ગયો છે તે માર્ગ હવે કાંઈ સાંકડો થઈ ગયો નથી ! હે સુગ્રીવ ! તું તારી પ્રતિજ્ઞાનું પાલન કર અને નકામો તારા જ્યેષ્ઠબંધુના માર્ગે જા નહિ.[૮૧] હે સુગ્રીવ ! યુદ્ધને વિષે વાલીની ઉપર એક બાણ મૂકીને તો મેં તેને એકલાનેજ હણ્યો છે, પરંતુ જો તું પોતાના સત્યથી ચલાયમાન થઇશ, અર્થાત્ પોતાની પ્રતિજ્ઞાને પાળીશ નહિ, તો હું સઘળા બંધુવર્ગસહિત તારો નાશ કરીશ."[૮૨]

"હે પુરૂષર્ષભ ! હવે તું વધુ વિલંબ નહિ કરતાં, સત્વર સુગ્રીવની પાસે જા અને હે નરશ્રેષ્ઠ ! આપણા કાર્યમાં જેવી રીતે લાભ થાય તથા તેનું હિત થાય તેવી રીતે તેને સમજાવ."[૮૩]

"હે સૌમિત્રિ ! તું સુગ્રીવને પુનઃપણ આટલું કહેજે કે, હે વાનરેશ્વર ! તેં સીતાની શોધ કરવા માટે રામની આગળ જે પ્રતિજ્ઞા લીધેલી છે, તેને શાશ્વત ધર્મ જાણીને તું સત્ય કર અથાત્ સીતાની શોધ કરાવી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર. તું મારા બાણવડે હણાઇને યમલોકને વિષે વાલીનાં દર્શન કરવા જવાનું સાહસ કર ના."[૮૪] એ પ્રમાણે પોતાના જ્યેષ્ઠબંધુ રામચંદ્રને વૃદ્ધિ પામેલા તીવ્ર કોપને લીધે દીન બની વિલાપ કરતા જોઇને માનવવંશવર્ધન અને ઉગ્ર તેજસ્વી લક્ષ્મણે વાનરોના રાજા સુગ્રીવ ઉપર ક્રોધ ધારણ કર્યો.[૮૫]

स पूर्वजं तीव्रविवृद्धकोपं लालप्यमानं प्रसमीक्ष्य दीनम् । चकार तीव्रां मतिमुग्रतेजा हरीश्वरे मानववंशवर्धनः ॥ ८५ ॥

*શત્રુઓનાં નગરોને જીતનાર.

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૦

सर्ग ३१ मो.

સુગ્રીવપર લક્ષ્મણનો ક્રોધ-તેમનું કિષ્કિંધા-પ્રત્ય જવું.

स कामिनं दीनमदीनसत्त्वं शोकाभिपन्नं समुदीर्णकामम् । नरेन्द्रसूनुर्नरदेवपुत्रं रामानुजः पूर्वजमित्युवाच ॥ १ ॥

અયોધ્યાધિપતિ મહારાજા દશરથના પુત્ર રામાનુજ લક્ષ્મણે શોક તથા કામવડે વ્યાપ્ત થવાને લીધે દીન સરખા બની ગયેલા પોતાના મોટાભાઇ રઘુવીરને કહ્યું કે,[1] "હે આર્ય-બંધુ! હું ધારૂં છું કે એ વાનર સુગ્રીવ આપણી સાથના સ્નેહસંબંધને સ્થિર રાખી શકશે નહિ. હે પ્રભુ! કર્મયોગથી પ્રાપ્ત થયેલા રાજ્યવૈભવોને ભોગવતો સુગ્રીવ આપણી મૈત્રીને ભૂલી ગયો છે, તેને લીધે હવે તે લાંબા વખત સુધી રાજ્યસુખ ભોગવી શકશે નહિ. તેની બુદ્ધિ સન્માર્ગથી વિરૂદ્ધ થઇ છે.[2] હે દાશરથિ! જો કે એ સુગ્રીવને તમારી કૃપાથી રાજ્ય પ્રાપ્ત થયું છે, તોપણ બુદ્ધિ ભ્રષ્ટ થવાનેલીધે તથા ગ્રામ્ય સુખને વિષે આસકત થવાનેલીધે તે તમારો પ્રત્યુપકાર કરવા ઇચ્છા કરતો નથી, માટે તે હણાઇને પોતાના વડિલ બંધુ વાલીની ગતિને ભલે પામે. અરે, એવા દુર્જનને રાજ્ય આપવું યોગ્ય નથી![3] હે જ્યેષ્ઠભ્રાતા! હું હવે મારા ક્રોધના પ્રચંડ વેગને રોકી શકતો નથી, માટે એ અસત્યવાદી સુગ્રીવને હું આજેજ હણીશ. પછી કેટલાએક શ્રેષ્ઠ વાનરોસહિત વાલીનો પુત્ર અંગદ સીતાની શોધ કરશે"[4]

પોતાનો વિચાર જણાવીને સંગ્રામને વિષે પ્રચંડકોપ કરનારા મહાત્મા લક્ષ્મણ ધનુષ્ય-બાણ ગ્રહણ કરી એકાએક પોતાના આસનપરથી ઉભા થયા. ત્યારે શત્રુપક્ષના વીર યોદ્ધાઓને હણનાર શ્રીમાન રામચંદ્રે તેને શાંત કરવા માટે સમયોચિત વાકયો કહ્યાં કે,[5] "હે ભાઇ! તારા સરખો ધર્મજ્ઞ પુરૂષ કદીપણ આવું મિત્રવધરૂપ પાપ કરવાને તત્પર થાય નહિ. આ લોકને વિષે જે પુરૂષ ચઢેલા ક્રોધને વિવેકબળવડે દાબી દે છે તે પુરૂષજ શૂરવીર અને ઉત્તમ ગણાય છે.[6] હે લક્ષ્મણ! સદાચરણસંપન્ન એવા તારે મિત્રને હણવાનો વિચાર પણ કરવો યોગ્ય નથી; પરંતુ પ્રથમના વૃત્તાંતનું તથા તેની સાથેની મૈત્રીનું સ્મરણ કરી તેની સાથેની પ્રીતિ કાયમ રાખવી એજ યોગ્ય છે.[7] હે સૌમિત્રિ! તું તેની પાસે જા અને કઠોર વાણીનો ત્યાગ કરી શાંતિભરેલી વાણીથી તેને પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવ"[8]

એ પ્રમાણે વડિલબંધુ રામચંદ્રે શિખામણ આપી ત્યાર પછી શત્રુપક્ષના વીરોને હણવામાં સમર્થ, પવિત્ર બુદ્ધિવાળા, પોતાના મોટાભાઇનું હિત કરવામાં પ્રીતિવાળા અને સુગ્રીવપર ક્રુદ્ધ થયેલા બુદ્ધિમાન્ લક્ષ્મણે કિષ્કંધા પ્રત્યે જવાની તૈયારી કરી.[9-10] રામચંદ્રની આજ્ઞા પ્રમાણે વર્તનારા અને બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળા મહાત્મા લક્ષ્મણે સુગ્રીવપ્રત્યે બોલવાના ઉત્તર-પ્રત્યુત્તરરૂપ સઘળાં વાકયોનો વિચાર કરી લીધો, અને પછી ઇંદ્રધનુષ્ય સરખું સુશોભિત તથા કાળ અને અંતકની પેઠે મહાભય ઉપજાવનારૂં પર્વતશિખર સમાન મોટું ધનુષ્ય ગ્રહણ કરીને કિષ્કિંધા-નગરી પ્રત્યે ચાલવા માંડ્યું. એ વેળા જાણે પ્રયાણ કરતો મોટા શિખરવાળો મંદરાચળ હોયની? એવા જણાતા મહાત્મા લક્ષ્મણ પોતાના જ્યેષ્ઠબંધુનો મનોરથ સુગ્રીવે પૂર્ણ કર્યો નહિ, એવા વિચારથી અત્યંત ક્રોધપૂર્ણ થઇ વાયુવેગે સુગ્રીવના ભવન પ્રત્યે જવા લાગ્યા.[11-13] અત્યંત ઉતાવળે ચાલતા લક્ષ્મણના હસ્તીસરખા વેગનેલીધે માર્ગમાંનાં સાળ, તાલ, તથા અશ્વકર્ણ વગેરે અનેક વૃક્ષો પડી જવા લાગ્યાં, પર્વતશિખરો ખસી પડવા લાગ્યાં અને ચરણપ્રહારોથી

શિલાઓ ચૂર્ણ થવા લાગી. કાર્યની ઉતાવળને લીધે લાંબે પગલે ચાલતા મહાત્મા લક્ષ્મણ થોડીકવારમાં કિષ્કિંધાનગરી પાસે જઇ પહોંચ્યા.[૧૪-૧૫] વાનરસૈન્યોએ રક્ષણ કરેલી સુગ્રીવની રાજધાની કિષ્કિંધાનગરી, કે જે પર્વતોની ખીણમાં આવેલી હોવાને લીધે અતિ દુર્ગમ હતી તેને તથા તેની બહાર વિચરતા ભયંકર વાનરોને જોઇને મહાત્મા લક્ષ્મણના હોઠ સુગ્રીવ પ્રત્યેના ક્રોધને લીધે અત્યંત ફરકવા લાગ્યા.[૧૬-૧૭] પુરૂષશ્રેષ્ઠ લક્ષ્મણને ક્રોધયુક્ત આવતા જોઇને હસ્તીસરખા દેહવાળા સર્વ વાનરો પ્રચંડ શિલાઓ તથા મોટાં મોટાં વૃક્ષોને ગ્રહણ કરી પર્વતશિખરપર ચઢી ગયા.*[૧૮] શિલાઓ તથા વૃક્ષો ઉગામી તૈયાર થઇ બેઠેલા વાનરોને જોઇને તો ઝાઝાં કાષ્ઠવાળા અગ્નિની પેઠે, મહાત્મા લક્ષ્મણ દ્વિગુણિત કોપાયમાન થયા. એ વેળા તેમનું સ્વરૂપ, કાળ અથવા મૃત્યુના સરખું ભયંકર બની ગયું; એ જોતાંજ અત્યંત ભયભીત થયેલા સેંકડો વાનરો દશે દિશાએ નાસી જવા લાગ્યા.[૧૯-૨૦] કેટલાએક શ્રેષ્ઠ વાનરોએ સુગ્રીવના અંતઃપુરમાં જઇને તેની આગળ લક્ષ્મણનું આગમન અને એનો અતિશય ક્રોધ, એ સઘળી હકીકત નિવેદન કરી.[૨૧] પરંતુ તારાની સાથે ક્રીડામાં અત્યંત આસક્ત થયેલા કામાસક્ત સુગ્રીવે તેઓના બોલવા ઉપર કંઇ પણ ધ્યાન આપ્યું નહિ.[૨૨] એ વેળા હનુમાનાદિ સુગ્રીવના સચિવોએ સઘળા વાનરોને આજ્ઞા કરી કે,-

"જ્યાં સુધી અમે આપણા રાજા સુગ્રીવને લક્ષ્મણના આગમન સંબંધે સાવધ કરીએ નહિ ત્યાં સુધી તમે કોઇપણ ઉપાયે લક્ષ્મણને નગરીમાં આવતા રોકો." એવું સાંભળી પર્વત, હસ્તી તથા મેઘસમાન પ્રૌઢ દેહવાળા, નખ તથા દાઢોરૂપી આયુધવાળા અને ભયંકર સ્વરૂપવાળા શૂરવીર વાનરો એક પછી એક એમ કિષ્કિંધામાંથી બહાર નીકળવા લાગ્યા.[૨૩-૨૪] તેઓમાં કેટલાક દશ હાથીસમાન બળવાળા, કેટલાક સો હાથીસમાન બળવાળા અને કેટલાક હજાર હસ્તીસરખા બળવાળા હતા.[૨૫] થોડીકવારમાંજ ઉગ્ર પરાક્રમી સર્વ વાનરો કિલ્લાની બહાર નીકળી, ખાઇને પણ ઉલ્લંઘી, પ્રકટપણે ઉભા રહ્યા.[૨૬] વૃક્ષાદિ આયુધોને ગ્રહણ કરનારા મહાબળવાન વાનરોએ કિષ્કિંધાનગરીને ઘેરેલી જોઇને, ક્રોધ પામેલા મહાત્મા લક્ષ્મણના મનમાં પોતાના વડિલ બંધુનું કાર્ય સાંભરી આવ્યું, અને સુગ્રીવને માટે વિશેષ શક ભરાયો, એથી તે પુનઃ પણ અત્યંત ક્રોધવશ થયા.[૨૭,૨૮] એ સમયે નરશ્રેષ્ઠ લક્ષ્મણનાં બન્ને નેત્રો, ક્રોધનેલીધે લાલચોળ થઈ ગયાં તે દીર્ઘ, ઉષ્ણ અને લાંબા નિઃશ્વાસ મૂકવા લાગ્યા, તથા તેમની કાન્તિ ધૂમાડાવાળા અગ્નિ જેવી થઇ ગઇ.[૨૯] એ વેળા મહાત્મા લક્ષ્મણ ચળકતાં બાણોરૂપી લળકતી જીહ્વાવાળા, ધનુષ્યરૂપી દેહવાળા અને પોતાના તેજરૂપી વિષથી ભરેલાં હોવાનેલીધે સાક્ષાત પાંચ ફણાવાળા નાગસમાન દેખાવા લાગ્યા.[૩૦]

મહાત્મા લક્ષ્મણને, નાગેંદ્રની પેઠે એકાએક ક્રોધ પામેલા તથા પ્રલયકાળના અગ્નિજેવા ઉદ્વિગ્ન થયેલા જોઇને યુવરાજ અંગદ અત્યંત ત્રાસ પામ્યો, અને "મારા કાકા સુગ્રીવે હજી સુધી રામચંદ્રનું કંઇપણ કાર્ય કર્યું નથી." એવા વિચારથી ખેદગ્રસ્ત થયો. પછી વાલીપુત્ર અંગદ એકાએક લક્ષ્મણની પાસે દોડી આવ્યો; અને અનેક પ્રકારનાં નમ્ર વચનોથી તેને શાંત કરવા લાગ્યો.[૩૧] ત્યારે મહાયશસ્વી લક્ષ્મણે ક્રોધભરી દૃષ્ટિથી અંગદની સામું જોઇને, તેને આજ્ઞા આપતાં કહ્યું કે, "હે વત્સ! તું તારા કાકા સુગ્રીવને ઉતાવળે જઇને ખબર આપ કે પોતાના વડિલ બંધુ રામચંદ્રના દુઃખથી સંતપ્ત થયેલા લક્ષ્મણ તને મળવા માટે કિષ્કિંધાનગરીના

* જો લક્ષ્મણ આપણને હણશે, તો અમે પણ તેનાપર પ્રહાર કરીશું. એવા વિચારથી વાનરો પર્વતપર જઇ બેઠા.

દ્વાર આગળ આવી ઉભો છે.[૩૨,૩૩] જો તું તેના ઉપર પ્રીતિ ધરાવતો હોય તો તેના કહેવા પ્રમાણે વર્તી પોતાની પ્રતિજ્ઞાને સત્ય કર. હે અંગદ! સુગ્રીવને એટલું કહીને તું સત્વર પાછો આવ."[૩૪]

સુમિત્રાપુત્ર લક્ષ્મણનાં તીવ્ર ક્રોધયુક્ત વચન સાંભળી ભયભીત, દીનતાયુક્ત તથા શોકાવિષ્ટ થયેલા અંગદે સત્વર ત્યાંથી નીકળીને કિષ્કિંધામાં આવી, પોતાના કાકા સુગ્રીવના અંતઃપુરમાં પ્રવેશ કર્યો, અને પ્રથમ પોતાના પિતાતુલ્ય કાકા સુગ્રીવના તથા તેની સ્ત્રી રૂમાના અને છેવટે પોતાની માતા તારાના ચરણોનું વંદન કરી લક્ષ્મણના આગમન સંબંધી સઘળું વૃત્તાંત નિવેદન કર્યું. એ સમયે પણ મદરૂપી નિદ્રાથી ઘેરાયેલા અને કામવશ થઈ પડેલા સુગ્રીવે અંગદનાં વચનો ઉપર લક્ષ્ય આપ્યું નહિ.[૩૫-૩૮] નગરની બહાર લક્ષ્મણને રોકવા સારૂ ઉભેલા અને લક્ષ્મણનો ક્રોધ જોઈ, ભયભીત થયેલા સર્વ વાનરો તેમને પ્રસન્ન કરવા અર્થે કીલકારીઓ કરવા લાગ્યા અને સુગ્રીવને જાણ કરવા સારૂ મહામેઘ, વજ્રપાત કિંવા સિંહનાદ સરખી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા[૩૯,૪૦] એઓની એકી સામટી ગર્જનાઓનો મોટો શબ્દ સાંભળી, પુષ્પમાલાને ધારણ કરનારો સુગ્રીવ એકાએક જાગી ઉઠયો, અર્થાત્ સાવધ થયો. આ સમયે પણ મદને લીધે તેનાં નેત્ર લાલચોળ જણાતાં હતાં અને તે આકુળ-વ્યાકુળ બની રહ્યો હતો.[૪૧]

આ વેળા વાનરાધિપતિ સુગ્રીવના 'પ્લક્ષ' અને 'પ્રભાવ' નામના બે મંત્રીઓ કે જેઓ અંગદની સાથેજ આવ્યા હતા, ઉત્તમ સ્વરૂપ વાળા હતા, ધર્મ અને અર્થના કાર્યોમાં સુગ્રીવને નાની-મોટી સર્વ પ્રકારની સલાહ આપનારા હતા તેઓએ અંગદનું વચન સાંભળીને દેવાધિપતિ ઇંદ્રની પેઠે બેઠેલા સુગ્રીવને ઉત્તમ અર્થવાળાં વાકયોથી પ્રસન્ન કર્યો અને પછી તેની પાસે બેસીને લક્ષ્મણનું આગમન નિવેદન કરતાં કહ્યું કે,[૪૨-૪૪] "હે મહારાજ સુગ્રીવ! મહાસત્યવક્તા, રાજ્ય ભોગવવાને યોગ્ય તથા મહાભાગ્યવંત એવા રામ-લક્ષ્મણ બન્ને ભાઈઓ કે જેઓએ તારી સાથે મૈત્રી બાંધીને તને રાજ્ય અપાવ્યું છે.[૪૫] તેઓમાંના એક મહાત્મા લક્ષ્મણ ઉગ્ર ધનુષ્ય ગ્રહણ કરી આપણી કિષ્કિંધાનગરીના દ્વાર આગળ આવી ઉભા રહ્યા છે;[૪૬] જેના ભયથી કંપી ઉઠેલા વાનરો આ મોટા નાદ કરી રહેલા છે. હે વાનરેન્દ્ર! મહાસમર્થ રામચંદ્રનાં વચનરૂપી સારથિએ ચલાવેલા પોતાના કર્ત્તવ્ય અર્થના નિશ્ચયરૂપી રથમાં બેસીને, એ લક્ષ્મણ કે જે રામચંદ્રના કનિષ્ઠ ભ્રાતા થાય છે તે, તેનીજ આજ્ઞાથી અત્રે આવેલ છે.[૪૭] હે નિષ્પાપ રાજન! તારાના પ્રિયપુત્ર અંગદને એ લક્ષ્મણેજ તારી પાસે મોકલ્યો છે.[૪૮] હે વાનરાધિપતિ! મહા પરાક્રમી અને ક્રોધનેલીધે રક્ત નેત્રવાળા એ લક્ષ્મણ હાલમાં જાણે પોતાની દૃષ્ટિથી વાનરોને બાળી મૂકતા હોય એમ આપણા નગરના દરવાજા આગળ ઉભા છે![૪૯] હે મહારાજ! તું તારા પુત્ર અને બાંધવગણસહિત ઉતાવળે તેની પાસે જા અને તેના ચરણમાં મસ્તક મૂકી પ્રણામ કર કે જેથી તેનો ક્રોધ આજેજ શાંત થઇ જાય.[૫૦] હે રાજન્! તું કરેલા સંકેત પ્રમાણે સાવધ થઈ પોતાની પ્રતિજ્ઞાને સત્ય કર. જેમ કરવાથી ધર્માત્મા રામચંદ્ર શાંત થાય તે પ્રમાણે તું કર, અને કરેલા સંકેત પ્રમાણે વર્તી, સત્યપ્રતિજ્ઞાવાળો થા[૫૧]

यथा हि रामो धर्मात्मा तत्कुरुष्व समाहितः।
राजंस्तिष्ठ स्वसमये भव सत्यप्रतिश्रवः॥५१॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ-આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં એકત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૧

सर्ग ३२ मो.

હનુમાનનો સુગ્રીવને સદ્બોધ.

अङ्गदस्य वचः श्रुत्वा सुग्रीवः सचिवैः सह।
लक्ष्मणं कुपितं श्रुत्वा मुमोचासनमात्मवान्॥१

યુવરાજ અંગદનાં તથા મંત્રીઓનાં વચનો સાંભળીને તેમજ રામચંદ્રના લઘુભ્રાતા લક્ષ્મણને ક્રોધ પામેલા જાણીને, દૃઢચિત્તવાળો અને વિચાર કરવામાં કુશળ એવો સુગ્રીવ એકાએક પોતાના આસનપરથી ઉભો થયો, અને પોતાના મંત્રીઓની સાથે કાર્યના ગુરૂ-લાઘવનો વિચાર કરી કહેવા લાગ્યો કે,-[1,2] "હે સચિવો! મેં રામચંદ્ર પ્રત્યે કંઇ પણ દુર્વચન કહ્યાં નથી; તેમ તેમનું કશું અપ્રિય પણ કર્યું નથી, છતાં તેમના કનિષ્ઠ ભ્રાતા લક્ષ્મણ મારાપર શા માટે ક્રોધ પામ્યા હશે? એ સંબંધે મને ચિંતા થાય છે.[3] અરે, હું ધારૂં છું કે નિરંતર મારૂં અહિત ઇચ્છનારા અને મારાં છિદ્ર શોધનારા મારા શત્રુઓએજ મહાત્મા લક્ષ્મણને મારા મિથ્યા દોષો કહી સંભળાવીને એકાએક ક્રોધાયમાન કર્યા હશે![4] અસ્તુ, ગમે તેમ હો, પરંતુ તમો સર્વેએ પ્રથમ ધીમે ધીમે યુક્તિથી તેના ક્રોધનું ખરૂં કારણ જાણવું જોઇએ.[5] હે મંત્રીઓ! રામચંદ્ર તથા લક્ષ્મણ એ બન્ને મારા મિત્ર હોવાથી મને જો કે તેમનો ભય નથી, તોપણ વિના કારણે મિત્ર કોપાયમાન થાય એ વાત હરકોઇ મનુષ્યને ભય ઉપજાવનારી થઇ પડે છે.[6] મૈત્રી બાંધવી એ સહેલી છે, પરંતુ તેનું પ્રતિપાલન કરવું ઘણુંજ દુષ્કર છે, કારણ કે ચિત્તવૃત્તિઓ સ્થિર નહિ હોવાને લીધે અલ્પકારણથી પણ મૈત્રી ભેદ પામે છે, તૂટી જાય છે.[7] હે મંત્રીઓ! હું સાંપ્રતમાં એટલા માટેજ ભયભીત થયો છું કે રખેને, કોઇપણ કારણથી રામચંદ્ર સાથેની મૈત્રી ભેદ પામે? અહો! મહાસમર્થ રામચંદ્રે મારો જે ઉપકાર કર્યો છે તેનો પ્રત્યુપકાર કરવાને-બદલો વાળવાને હું કદી પણ સમર્થ થાઉં એમ નથી."[8]

વાનરમંત્રીઓના સાંભળતાં, મહાત્મા સુગ્રીવે ઉપર પ્રમાણે કહ્યું ત્યારે વાનરશ્રેષ્ઠ હનુમાને પોતાના તર્કથી કહ્યું કે,[9] "હે વાનરસમૂહોના રાજા! શૂરવીર રામચંદ્રે નિર્વિશંકપણે કરેલા ઉપકારને તું ન ભૂલે એમાં કશું પણ આશ્ચર્ય નથી; કેમકે રામચંદ્રે ઇંદ્રસરખા પરાક્રમી વાલીનો જરાપણ ભય ન ધરતાં, માત્ર તારૂં પ્રિય કરવા અર્થેજ તેને હણ્યો છે.[10,11] હે સુગ્રીવ! સાંપ્રતમાં શ્રીમાન રામચંદ્ર તારી મિત્રતા માટે શક આવવાથીજ ક્રોધે ભરાયા છે, અને તે કારણથીજ તેમણે લક્ષ્મીવર્ધન પોતાના બંધુ લક્ષ્મણને અહીં મોકલ્યા છે.[12] હે કાલવિદાંવર! તેં સીતાની શોધ કરવા માટે રામચંદ્રની આગળ જે સમયની પ્રતિજ્ઞા કરી હતી. તે શરદૃઋતુનો પવિત્ર સમય આવી પહોંચ્યો છે, છતાં રાજ્યમદથી મત્ત થયેલો તું તેને ગણકારતો નથી. હે રાજન્! આ શરદૃઋતુ પ્રફુલ્લિત સપ્તપર્ણનાં વૃક્ષોથી સુશોભિત બની રહી છે, વાદળરહિત થયેલા નિર્મળ આકાશમાં ગ્રહો અને નક્ષત્રો સ્પષ્ટ જણાય છે, દિશાઓ પ્રકાશમાન થઈ રહી છે, અને સરોવરો તથા નદીઓનાં જળ સ્વચ્છ બની ગયાં છે[13,14] હે વાનરશ્રેષ્ઠ! આ પ્રમાણે સીતાની શોધ કરવાનો સમય આવી પહોંચ્યા છતાં તું તેને જાણતો નથી, માટે ખરેખર, તું રાજ્યમદથી મત્ત બની ગયો છે, એમ જાણીનેજ મહાત્મા લક્ષ્મણ અત્રે આવેલા છે.[15] હે સુગ્રીવ! સ્ત્રીનું હરણ થવાથી પીડિત થયેલા મહાત્મા રામચંદ્ર તરફથી તે કદાચ તને કઠોર વચનો કહે તોપણ તારે તેને સહન કરવાં અને બન્ને હાથ જોડીને મહાત્મા લક્ષ્મણને પ્રસન્ન કરવા; કારણ કે તું રામ-લક્ષ્મણનો અપરાધી થયેલો હોવાથી લક્ષ્મણને પ્રસન્ન કરવા વિના તારૂં હિત થાય એવો બીજો કોઇપણ ઉપાય મારા જોવામાં આવતો નથી.[16-17] હે રાજન્! રાજાએ પોતાનું હિત થાય એવો માર્ગ દર્શાવવાને યોજેલા મંત્રીઓએ તો શબ્દનું હિત

થાય એવાંજ વચનો અવશ્ય કહેવાં જોઇએ. નીતિશાસ્ત્રમાં એમ કહેલું છે માટેજ હું ભયરહિત થઇને તને આવાં દૃઢ નિશ્ચયયુક્ત વાક્યો કહું છું.[૧૮] હે વાનરરાજ ! એ દશરથનંદન રઘુવીર જો ક્રોધ પામે તો પોતાનાં ધનુષ્ય-બાણવડે દેવ, અસુર અને ગંધર્વાદિસહિત આખા જગતને પણ વશ રાખવા સમર્થ છે.[૧૯] હે રાજન્ ! જેને કોપાવીને પાછળથી પ્રસન્ન કરવો પડે તેવા પુરૂષને કોપાવવોજ નહિ એ બુદ્ધિમાનનું કર્તવ્ય છે. તેમાં વળી તું કે જે કૃતજ્ઞ છે તેણે તો રામચંદ્રના પ્રથમ કરેલા ઉપકારને સંભારી, તેમને જરાપણ કોપાવવા જોઈએ નહિ.[૨૦] હે રાજન્ ! જેમ સ્ત્રી પોતાના પતિને વશ થઇ વર્તે તેમ તું તારા મિત્ર-પુત્રાદિ સર્વ કુટુંબસહિત તે (રામચંદ્ર)ના ચરણમાં મસ્તકવડે પ્રણામ કરીને તેમને વશ થઇ રહે અને પોતાની પ્રતિજ્ઞાને સત્ય કર."[૨૧] "હે વાનરોના રાજા ! તું રામચંદ્ર તથા લક્ષ્મણની આજ્ઞાનું મનથી પણ ઉલ્લંઘન કરવાને યોગ્ય નથી, કેમકે ઇંદ્ર સરખા તેજસ્વી એ બન્ને ભાઇઓના ઉત્તમોત્તમ માનુષી બળને તારૂં મન જાણે છે.[૨૨]

न रामरामानुजशासनं त्वया कपीन्द्र युक्तं मनसाऽप्यपोहितुम् । मनो हि ते ज्ञास्यति मानुषं बलं सराघवस्यास्य सुरेन्द्रवर्चसः ॥२२

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં બત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૨

સર્ગ ૩૩ મો.

લક્ષ્મણનો કિષ્કિંધાપ્રવેશ-તારાએ કરેલું સ્વાગત.

अथ प्रतिसमादिष्टो लक्ष्मणः परवीरहा ।
प्रविवेश गुहां रम्यां किष्किन्धां रामशासनात् ॥

વાયુસુત હનુમાનનાં વચનો સાંભળી વાનરરાજ સુગ્રીવે લક્ષ્મણને નગરમાં પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી, એટલે તુરતજ યુવરાજ અંગદે નગરની બહાર લક્ષ્મણની પાસે આવી તેમને નગરમાં પ્રવેશ કરવા વિનંતિ કરી. શત્રુમર્દન લક્ષ્મણે પોતાના વડિલબંધુ રામચંદ્રની આજ્ઞાને માન્ય કરી, રમ્ય કિષ્કિંધાનગરીમાં પ્રવેશ કર્યો.[૧] આ સમયે નગરના દરવાજા આગળ ઉભેલા, મોટી કાયાવાળા અને મહાબળવાળા વાનરો કે જેઓ અત્યંત ક્રોધને લીધે વારંવાર સર્પની પેઠે ફુંફાટા મારી રહેલા લક્ષ્મણને જોઈ ત્રાસ પામ્યા હતા તેઓ માત્ર હાથ જોડીને દૂરજ ઉભા રહ્યા, અને લક્ષ્મણની સાથે રાજમંદિર પ્રત્યે જઇ શક્યા નહિ.[૨-૩] હવે શ્રીમાન લક્ષ્મણ અંગદની સાથે રમ્ય કિષ્કિંધાની શોભાનું અવલોકન કરતા અંદર જવા લાગ્યા; અનેક રત્નોથી વ્યાપ્ત એ દિવ્ય નગરીને વિષે સ્થળે સ્થળે પુષ્પિત વૃક્ષો શોભી રહ્યાં હતાં, ઉપરા ઉપરી મેડીઓ અને અગાશીઓવાળાં રત્નજડિત મોટાં મોટાં ગૃહોથી એ નગરી ખીચોખીચ જણાતી હતી, તેમજ સર્વ કાળ ઈચ્છિત ફળો તથા પુષ્પો આપનારાં વૃક્ષો પ્રત્યેક ગૃહના ઉદ્યાનને શોભાવી રહ્યાં હતાં.[૪-૫] દિવ્ય પુષ્પો તથા દિવ્ય વસ્ત્રોને ધારણ કરનારા અને ઇચ્છિતરૂપે વિચરનારા સુંદર દેહવાળા વાનરો કે જેઓમાંના કોઇ દેવોના તો કોઈ ગંધર્વોના પુત્રો હતા તેઓથી એ નગરી શોભી રહી હતી.[૬] ચંદન, અગુરૂ તથા કમળોનો સુગંધ સર્વત્ર ફેલાઇ રહ્યો હતો, તેમજ રાજમાર્ગોપર મૈરેયમધુનો* છંટકાવ કરવાને લીધે તેનો ગંધ સર્વત્ર ફેલાઇ રહ્યો હતો.[૭] વિંધ્યાચળ અને મેરૂ પર્વત સરખા ઉંચા અને ઘણી મેડીઓવાળા મોટા મોટા પ્રાસાદોથી એ નગરી અત્યંત શોભી રહી હતી. વળી એ નગરી પર્વતોની મધ્યમાં આવેલી હોવાને લીધે પર્વતમાંથી નીકળતી અનેક નદીઓ તેમાં વહેતી જોવામાં આવતી હતી.[૮]

અનેક પ્રકારની શોભા નિરખતાં મહાત્મા લક્ષ્મણ કિષ્કિંધાના રાજમાર્ગપર જવા લાગ્યા.

* ધાવડીનાં પુષ્પ, ગોળ, ધાણા અને ખજુરના મિશ્રણથી બનાવવામાં આવતો આસવ.

આગળ જતાં એક પછી એક એમ રાજપુત્ર અંગદ, મૈંદ, દ્વિવિદ, ગવય, ગવાક્ષ, ગજ, શરભ, વિદ્યુન્માલી, સંપાતિ, સૂર્યાક્ષ, હનુમાન, વીરબાહુ, સુબાહુ, મહાત્મા નળ, કુમુદ, સુષેણ, તાર, જાંબુવાન, દધિવક્ત્ર, નીલ, સુપાલ તથા સુનેત્ર વગેરે શ્રેષ્ઠ બુદ્ધિવાળા મુખ્ય મુખ્ય કપિઓનાં રમ્ય અને દઢબાંધણીવાળાં મંદિરો લક્ષ્મણના જોવામાં આવ્યાં.[૯-૧૨] એ સર્વ મંદિરો શ્વેત વાદળસમાન ચળકતાં, સુગંધયુક્ત પદાર્થો તથા પુષ્પમાળાઓવડે અલંકૃત કરેલાં, ધન-ધાન્યાદની સમૃદ્ધિથી આબાદ અને સ્ત્રીરત્નોથી શોભી રહ્યાં હતાં.[૧૩] ત્યાંથી આગળ ચાલતાં, કપિરાજ સુગ્રીવને વસવાનું ઇંદ્રભુવન સરખું રમણીય રાજભુવન લક્ષ્મણની દૃષ્ટિએ પડ્યું. કોઇથી પણ પ્રવેશ કરી શકાય નહિ એવું એ રાજભુવન શ્વેત સ્ફટિકમણિની શિલાઓવડે રચાયલું હતું,[૧૪] અને તેના ઉપર કૈલાસપર્વતના શિખરસરખાં શ્વેત શિખરો શોભી રહ્યાં હતાં, વળી દેવોના રાજા ઇંદ્રે આપેલાં, મેઘસમાન શ્યામવર્ણવાળાં, દિવ્યપુષ્પો તથા ફળોવાળાં, શીતળ છાયાવાળાં, અને મનને આનંદ આપે એવાં ઇચ્છિત ફળ આપનારાં વૃક્ષોથી તેની શોભામાં વધારો થતો હતો.[૧૫,૧૬] અત્યંત બળવાળા વાનરો હથિયાર ગ્રહણ કરી તેના દ્વારઆગળ ઉભા હતા અને દિવ્ય પુષ્પો તથા ઉત્તમ સુવર્ણનાં તોરણોથી તેને અલંકૃત કરવામાં આવ્યું હતું.[૧૭] સુગ્રીવના એ રમણીય રાજભુવનમાં સૂર્ય જેમ મોટા વાદળમાં પ્રવેશ કરે, તેમ મહાબળવાન્ લક્ષ્મણે વગર અટકાવે પ્રવેશ કર્યો.[૧૮] અંદર પ્રવેશ કરી એક પછી એક એમ સાત દોઢીયો વટાવી ધર્માત્મા લક્ષ્મણ સુગ્રીવના અંતઃપુરપ્રત્યે જવા લાગ્યા. ત્યાં સ્થલે સ્થલે અનેક પ્રકારના રથો તથા વિમાનો વગેરે વાહનો અને તેમાં બિછાવવા યોગ્ય આસનોનો સંગ્રહ તેના જોવામાં આવ્યો. પછી મહાત્મા લક્ષ્મણ છેક સુગ્રીવના અંતઃપુરમાં જઇ પહોંચ્યા. ત્યાં આગળ અમૂલ્ય આસ્તરણો બિછાવેલા સોના તથા ચાંદીના ઘણાક પલંગો તેમની દૃષ્ટિએ પડ્યા.[૧૯,૨૦] વળી એ અંતઃપુરમાં પ્રવેશ કરતાં જ વીણાઆદિ તંતુવાદ્યોના ગીતસહિત તથા સમાન તાલ, પદ અને અક્ષરવાળો મૃદંગ વગેરેનો મધુરધ્વનિ તેમના સાંભળવામાં આવ્યો.[૨૧] મહાબળવાન્ લક્ષ્મણે સુગ્રીવનાં અંતઃપુરનેવિષે સુંદર આકૃતિવાળી અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી ઘણીક સ્ત્રીઓ પણ દીઠી. પોતાના સૌંદર્ય તથા યુવાવસ્થાના ગર્વવાળી, પુષ્પમાળાઓને ધારણ કરનારી અને ઉત્તમ આભૂષણોવડે અલંકૃત થયેલી એ સ્ત્રીઓ સુગંધિત પુષ્પહાર ગુંથવાના કાર્યમાં રોકાઇ રહી હતી.[૨૨,૨૩] આગળ ચાલતાં વળી સુગ્રીવના અસંખ્ય અનુચરો લક્ષ્મણની દૃષ્ટિએ પડ્યા. તેઓ પણ અત્યંત તૃપ્ત, ઉત્તમ આભૂષણોથી ભૂષિત અને અનેક પ્રકારનાં કાર્યોમાં ગુંથાયેલા જોવામાં આવતા હતા.[૨૪] એ સુગ્રીવના અંતઃપુરને વિષે એકાંતમાં સ્ત્રીઓનાં નૂપુરોના તથા કટિમેખલાના ઝણઝણાટયુક્ત મધુરસ્વર સાંભળીને શ્રીમાન્ સુમિત્રાપુત્ર લક્ષ્મણ લજ્જિત થઇ ગયા,[૨૫] "અને સ્ત્રીઓથી ભરેલા અંતઃપુરમાં મારે કેમ કરી જવું, તથા હજી સુધી સુગ્રીવ કે તેનો કોઇ અનુચર મારી સામે કેમ આવતો નથી, આ શું ?" એવા વિચારથી તે અત્યંત ક્રોધે ભરાયા, અને માત્ર સ્ત્રીઓનાં આભૂષણોનોજ શબ્દ સાંભળીને "જ્યાં સ્ત્રીઓની સાથેજ વાર્તાલાપ થતો હોય ત્યાં મારાથી એકાએક કેમ જવાય ?" એવા શિષ્ટાચારનો વિચાર કરીને, વધુ આગળ જતાં અટકી ગયા.[૨૬] પછી રામચંદ્રના કાર્યમાં વિલંબ થતો જોઈ ક્રોધાવિષ્ટપણે એકાંત સ્થળે ઉભા રહી, મહાત્મા લક્ષ્મણે સુગ્રીવને જાણ કરવા સારૂ પોતાના ધનુષ્યની પ્રત્યંચાનો ટંકારવ કર્યો, એથી આખું અંતઃપુર ગાજી ઉઠ્યું.[૨૭]

આ તરફ અનેક સ્ત્રીઓની સાથે ઉત્તમ આસન ઉપર બેઠેલો વાનરાધિપતિ સુગ્રીવ

લક્ષ્મણના ધનુષ્યનો ટંકારવ સાંભળી એકાએક પોતાના આસનપરથી ઉભો થયો; અને લક્ષ્મણને આવ્યા જાણી અત્યંત ત્રાસ પામ્યો.૨૮ વાનરરાજ સુગ્રીવ વિચાર કરવા લાગ્યો કે, "અહો ! ! પ્રિય પુત્ર અંગદે મને પ્રથમજ જણાવ્યું હતું કે મહાત્મા લક્ષ્મણ આવ્યા છે. અહો, તે પ્રમાણેજ પોતાના વડિલ બંધુને વિષે પ્રીતિ ધરાવનારા મહાત્મા લક્ષ્મણ અત્રે આવી પહોંચ્યા છે.૨૯ અરે, હું કેવો મૂર્ખ કે પ્રથમ અંગદે મને જણાવ્યું તે છતાં સાવધ થયો નહિ, અને છેવટે મહાત્મા લક્ષ્મણનો ક્રોધયુક્ત ધનુષ્યટંકારવ સાંભળીનેજ સાવધ થયો છું !" આમ વિચાર કરતો વાનરેંદ્ર સુગ્રીવ લક્ષ્મણના ભયથી થરથર ધ્રુજવા લાગ્યો અને સૂકાતા મુખે પ્રિયદર્શના તારાપ્રત્યે કહેવા લાગ્યો કે,૩૦,૩૧ "હે સુભ્રુ ! રામચંદ્રના લઘુ ભ્રાતા લક્ષ્મણ કે જે સ્વભાવથીજ મૃદુપ્રકૃતિવાળા છે તે આજે ક્રોધયુક્ત થઈ અહીંયાં આવ્યા છે, તેનું શું કારણ હશે ?૩૨ હે પ્રશંસનીય ગુણવાળી ! શું એ રાજકુમાર લક્ષ્મણને ક્રોધ ઉત્પન્ન કરે એવો મારો કોઇ અપરાધ તારા જોવામાં આવે છે ? વિના કારણ તો એ નરશ્રેષ્ઠ કદી પણ ક્રોધ કરે તેમ નથી.૩૩ માટે હે તારા ! જો કદાચ અમારાથી તેમનું કાંઈ અપ્રિય થયું હોય અને તે તારા જાણવામાં હોય તો તું તારી બુદ્ધિથી નિશ્ચય કરી અમને સત્વર જણાવી દે.૩૪ અથવા તો હે ભામિનિ ! તું પોતેજ એ મહાત્મા લક્ષ્મણને મળ અને સાંત્વનાયુક્ત વચનોથી તેમને પ્રસન્ન કર.૩૫ શુદ્ધ અંતઃકરણવાળા એ લક્ષ્મણ તને જોતાંજ ક્રોધરહિત-શાંત થઇ જશે, કેમકે મહાત્મા પુરૂષો સ્ત્રીઓ પ્રત્યે કદી પણ ક્રોધ કરતા નથી.૩૬ હે અનિંદિતા ! કમળપત્ર સમાન નેત્રવાળા શત્રુદમન લક્ષ્મણ જ્યારે તારાં સાંત્વનાયુક્ત વચનો સાંભળી પોતાની ઇંદ્રિયો તથા મનને શાંત કરશે ત્યારેજ હું મારી દૃષ્ટિવડે તેમનાં દર્શન કરી શકીશ."૩૭

મદને લીધે* વિહ્વળ નેત્રવાળી અને ઉત્તમ લક્ષણવાળી તારા કે જેના કટિમેખળા તથા સુવર્ણસૂત્રાદિ અલંકારો શિથિલ થઈ ગયા હતા અને સ્તનના ભારને લીધે જેનું શરીર ઝોંક લેતું હતું તે સુગ્રીવનાં ઉપર્યુક્ત વચનો સાંભળી, ત્યાંથી તુરતજ ઉભી થઇ; અને મદથી થતા પ્રમાદને લીધે ડગલે ડગલે ઠેસો ખાતી, મહાત્મા લક્ષ્મણની સમીપ જઈ પહોંચી.૩૮ વાનરરાજની સ્ત્રી તારાને પોતાના સમીપમાં આવેલી જોતાંજ દશરથપુત્ર મહાત્મા લક્ષ્મણનો ક્રોધ શાંત થઇ ગયો; અને તે ઉદાસીનની પેઠે પોતાનું મુખ ફેરવી, નીચું જોઇ ઉભા રહ્યા.૩૯ પછી પોતે કરેલા મદ્યપાનના યોગથી તેમજ રાજપુત્ર લક્ષ્મણની દૃષ્ટિની પ્રસન્નતાથી નિર્લજ્જ થયેલી તારા સુગ્રીવની મૈત્રીને દૃઢ કરાવવા સારૂ તથા તેનાપરના લક્ષ્મણના ક્રોધને શાંત કરવા સારૂ અતિપ્રિય વચનો કહેવા લાગી કે,૪૦ "હે રાજપુત્ર ! તમોએ આટલો બધો ક્રોધ શા માટે ધારણ કર્યો છે ? હે સૌમિત્રિ ! તમારી આજ્ઞા પ્રમાણે કોણ વર્તતું નથી ? અરે, સુકાં વૃક્ષોથી ભરેલા વનને બાળી રહેલા દાવાગ્નિમાં પ્રવેશ કરવાને કોણ તત્પર થયું છે કે જેણે તમને ક્રોધયુક્ત કર્યા છે ?૪૧

તારાનાં સાંત્વનાયુક્ત વચનો સાંભળીને શંકારહિત થયેલા મહાત્મા લક્ષ્મણે તેના પ્રત્યે ઉત્તમ અર્થયુક્ત અને સ્નેહભરી વાણીથી કહ્યું કે,૪૨ "પતિના હિતમાં તત્પર રહેનારી હે તારા ! તારો પતિ સુગ્રીવ સાંપ્રતમાં અત્યંત કામાસકત થયેલો છે; અને તેના ધર્મ તથા અર્થ એ બન્ને પુરૂષાર્થો લુપ્ત-નષ્ટ સરખા થઇ રહ્યા છે, એ શું તારા જાણવામાં નથી ?૪૩ માત્ર રાજ્યપાલનનું કાર્ય નિભાવવા માટે એક સામાન્ય સભા નીમીને તારો પતિ સુગ્રીવ રાત્રિ-દિવસ કામનુંજ સેવન કરે છે; અને શોકગ્રસ્ત થઇ ગયેલા અમારી પણ સંભાળ લેતો નથી.૪૪ તે વાનરેશ્વરે સીતાની

* મદ્યાદિ માદક પદાર્થોના સેવનને લીધે.

શોધ કરવા સારૂ ચાતુર્માસનો અવધિ કર્યો હતો; તે કયારનોએ વ્યતીત થઇ ગયો તો પણ મદ્યપાન કરી નિરંતર સ્ત્રીઓની સાથે વિહાર કરતો એ મદોન્મત્ત સાવધ થતો નથી, અર્થાત્ અમારા કાર્યને સંભારતો નથી.[૪૫] હે વાનરરાજપત્નિ ! ધર્મ અને અર્થની સિદ્ધિને ઇચ્છનારા પુરૂષે કદી પણ મદ્યપાન કરવું યોગ્ય નથી; કારણ કે તેથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થોનો નાશ થાય છે.[૪૬] વળી પોતાના મિત્રે કરેલા ઉપકારનો પ્રત્યુપકાર કરવામાં ન આવે, તો મહાન્ ધર્મલોપ થાય છે; અને ગુણવાન મિત્રનો નાશ થવાથી અર્થાત્ ગુણવાળા પુરૂષની સાથેની મૈત્રી તૂટવાથી મહાન્ અર્થલોપ થાય છે.[૪૭] આ લોકને વિષે જે પુરૂષ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવારૂપ સત્યધર્મમાં પરાયણ હોય, તેમજ સમય આવ્યે મિત્રનું કાર્ય બજાવવારૂપ શ્રેષ્ઠ ગુણને ધરાવતો હોય, તે પુરૂષ 'મિત્ર' કહેવાય છે; પરંતુ હે તારા ! તારા પતિએ તો એ બન્નેનો ત્યાગ કર્યો છે. અરે તે મિત્રધર્મમાં પણ રહ્યો નથી ![૪૮] માટે હે કાર્યના તત્વોને જાણનારી તારા ! આ પ્રસ્તુત કાર્યમાટે અમારે હવે પછી શું કરવું યોગ્ય છે ? તે તું જ કહે. "[૪૯]

લક્ષ્મણનાં ધર્માર્થના નિશ્ચયયુક્ત મધુર વચન સાંભળીને તારા રામચંદ્રના નહિ સિદ્ધ થયેલા કાર્ય માટે વિશ્વાસ ઉપજાવે એવાં વાકયો કહેવા લાગી કે,[૫૦] "હે રાજપુત્ર ! કોપ કરવાનો આ સમય નથી, અને વળી પોતાના સ્વજનની ઉપર કોપ કરવો એ પણ યોગ્ય નથી, હે વીર ! મારો ભર્તા સુગ્રીવ પોતાના અંતઃકરણપૂર્વક તમારૂં કાર્ય કરવા ઇચ્છે છે; તે તમારો સ્વજન-મિત્ર છે, માટે પ્રમાદને લીધે તમારૂં કાર્ય નહિ કરવામાં થોડોક સમય વ્યતીત થવારૂપ તમારો જે અપરાધ તેનાથી થઇ ગયો છે તે તમારે ક્ષંતવ્ય છે.[૫૧] હે રાજકુમાર ! ઉત્કૃષ્ટ ગુણવાન પુરૂષ નિર્બળ પુરૂષ ઉપર ક્રોધ કેમજ કરે ? હે વીર ! તમારા સરખો સત્વગુણી અને કર્ત્તવ્યાકર્ત્તવ્યના વિચારવાળો કયો પુરૂષ આમ એકાએક ક્રોધને વશ થાય ?[૫૨] હે સૌમિત્રિ ! વાનરોના રાજા સુગ્રીવના સખા રામચંદ્રને ક્રોધ થવાનું કારણ હું જાણું છું, તેમજ તેમના કાર્યમાં વિલંબ થવાનું કારણપણ હું જાણું છું. વળી તમોએ મારા પતિ ઉપર જે ઉપકાર કર્યો છે તે પણ મારા જાણવામાં છે, અને હવે પછી તમારે જે કાંઇ કરવાનું છે તે પણ મારા જાણવામાં છે.[૫૩] હે નરશ્રેષ્ઠ ! શરીરમાંજ ઉત્પન્ન થતા કામનું જે અસહ્ય બળ છે તે તથા તેને લીધે સાંપ્રતમાં સ્ત્રીજનોને વિષેજ આસક્ત થયેલો સુગ્રીવ બીજું કાંઇ પણ કાર્ય કરવામાં ધ્યાન આપતો નથી તે પણ મારા જાણવામાં છે.[૫૪] હે લક્ષ્મણ ! તમે ઘણા કાળથી સ્ત્રીસંગરહિત હોવાને લીધે, કામી પુરૂષોના સ્વભાવને જાણી શકતા નથી, એ કારણથીજ આમ એકાએક કોપાયમાન થયા છો. હે સૌમિત્રિ ! કામાસકત થયેલો મનુષ્ય દેશ-કાલને તથા તેને અનુસરી પ્રાપ્ત કરાતા ધર્મ કે અર્થ એકેને જાણી શકતો નથી.[૫૫] માટે હે શત્રુપક્ષના વીર યોદ્ધાઓને હણવામાં સમર્થ લક્ષ્મણ ! વિષયાસક્તિને લીધે લજ્જારહિત અને ઉચ્છૃંખલ સ્વભાવવાળો તથા તમારો બંધુરૂપ સુગ્રીવ, કે જે વાનરવંશનો રાજા છે તે સાંપ્રતમાં તમારે ક્ષમા કરવા યોગ્ય છે.[૫૬] હે દાશરથિ ! ધર્મરૂપ તપશ્ચર્યામાંજ આનંદ માનનારા મહર્ષિઓ પણ કામભોગની અભિલાષાને વશ થઇ સ્ત્રીઓની સાથે મોહપાશથી બંધાય છે, ત્યારે અમારો પતિ સુગ્રીવ કે જે સ્વભાવે કરીને ચપળ અને વનચર છે, તેમજ વિશેષે કરી રાજા છે, તે વિષયસુખમાં આસકત કેમ ન થાય ? "[૫૭]

અમાપ બળવાળા મહાત્મા લક્ષ્મણપ્રત્યે મોટા અર્થથી ભરેલાં વાકયો કહીને, મદને લીધે વિહ્વળ નેત્ર વાળી તારા, પોતાના ભર્તાના હિતાર્થે પુનઃ પણ ખેદયુક્ત વાણીથી

કહેવા લાગી કે,[૫૮] "હે નરોત્તમ! મારો ભર્તા સુગ્રીવ જો કે કામવશ છે, તોપણ તેણે તમારૂં કાર્ય કરવા માટે તમારા આવવા પહેલાં ક્યારનોએ ઉદ્યોગ આરંભ્યો છે; અને સીતાની શોધ કરવા સારૂ અનેકાનેક વાનરોને આજ્ઞા કરી છે, કે જે આજ્ઞા સાંભળીને અનેક પ્રકારના પર્વતોમાં રહેનારા, ઈચ્છિત રૂપ ધારણ કરનારા, તથા મહાબળવાળા સેંકડો, હજારો અને કરોડો વાનરો અત્રે આવી પહોંચ્યા છે.[૫૯-૬૦] હવે તમે શાંત થઇ અંતઃપુરમાં આવો અને અમારા સ્વામી સુગ્રીવને મળો. હે લક્ષ્મણ! એકાએક સ્ત્રીઓવાળા અંતઃપુરમાં નહિ પ્રવેશ કરવાથી તમોએ શિષ્ટપુરૂષોના ચારિત્ર્યનું પરિપાલન કર્યું છે, પરંતુ હવે અંદર આવવામાં હરકત નથી, કેમકે સત્પુરૂષોને વિકારરહિત મિત્રભાવથી પરસ્ત્રીનું અવલોકન કરવામાં કાંઈ પણ દોષ લાગતો નથી."[૬૧]

વાનરરાજપત્ની તારાનાં વચન સાંભળીને મહાબાહુ લક્ષ્મણ, કે જેને રામચંદ્રે ઉતાવળ કરવાનું કહ્યું હતું તેમણે સત્વર સુગ્રીવના અંતઃપુરમાં પ્રવેશ કર્યો.[૬૨] ત્યાં અમૂલ્ય આસ્તરણથી બિછાવેલા ઉત્તમોત્તમ સુવર્ણના આસનપર બેઠેલો સુગ્રીવ તેમના જોવામાં આવ્યો. આ વેળા સૂર્યસમાન કાંતિવાળા યશસ્વી સુગ્રીવે દિવ્ય આભૂષણો, દિવ્ય વસ્ત્રો તથા દિવ્ય પુષ્પોની માળાઓ ધારણ કરી હતી અને તે સાક્ષાત્ ઇંદ્રના સરખો દુર્જય અને દિવ્યસ્વરૂપવાળો દેખાતો હતો.[૬૩,૬૪] વળી તેણે પોતાની સ્ત્રી રૂમાને દૃઢ આલિંગન કર્યું હતું, અને બીજી પણ કેટલીક સ્ત્રીઓ તેને વીંટાઇ વળી હતી. આમ સુગ્રીવને નિર્લજ્જપણે બેઠેલો જોઇ ક્રોધ ચડવાને લીધે જેનાં નેત્ર લાલચોળ થઇ ગયાં હતાં એવા મહાત્મા લક્ષ્મણે કાળસમાન ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું અને ઉતાવળે તેની સામે જવા લાગ્યા. સુવર્ણ સરખા વર્ણવાળો અને વિશાળ નેત્રવાળો સુગ્રીવ વિશાલાક્ષ લક્ષ્મણને ક્રોધભર્યા પોતાની સામે આવતા જોઇને એકાએક ચમકી ઉઠ્યો.[૬૫,૬૬]

रुमां तु वीरः परिरभ्य गाढं वरासनस्थो वरहेमवर्णः। ददर्श सौमित्रिमदीनसत्त्वं विशालनेत्रः स विशालनेत्रम् ॥६६॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં તેત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૩.

सर्ग ३४ मो.

વચન પાળવાની સુગ્રીવને યાદ-લક્ષ્મણનો ક્રોધ.

तमप्रतिहतं क्रुद्धं प्रविष्टं पुरुषर्षभम् ।
सुग्रीवो लक्ष्मणं दृष्ट्वा बभूव व्यथितेंद्रियः ॥१॥

અંતર્ગૃહમાં પ્રવેશ કરતાં જેને કોઇએ પણ અટકાવ્યા ન હતા એવા પુરૂષશ્રેષ્ઠ લક્ષ્મણને ક્રોધાવિષ્ટપણે પોતાની સામે આવતા જોઇને વાનરરાજ સુગ્રીવ ગભરાવા લાગ્યો.[૧] પછી પોતાના તેજે કરી દેદીપ્યમાન કાંતિવાળા, ક્રોધને લીધે વારંવાર નિઃશ્વાસ મૂકતા તથા વડિલબંધુના દુઃખથી સંતપ્ત થયેલા દશરથનંદન લક્ષ્મણને માન આપવા અર્થે તે સુગ્રીવે શણગારેલા મહાન્ ઇંદ્રધ્વજની પેઠે પોતાના સુવર્ણમય આસનનો ત્યાગ કરી ઉભો થયો.[૨-૩] સુગ્રીવને ઉભો થયેલો જોઈ જેમ આકાશમાં ચંદ્રની પાછળ નક્ષત્રગણો ઉદય પામે તેમ તેની રૂમા વગેરે સર્વ સ્ત્રીઓ પણ ઉભી થઇ.[૪] પછી રાતાં નેત્રવાળો શ્રીમાન્ સુગ્રીવ હાથ જોડીને મહાત્મા લક્ષ્મણની આગળ ગયો અને મોટા કલ્પવૃક્ષની પેઠે તેની પાસે ઉભો રહ્યો.[૫] આ વેળા રૂમા આદિ સ્ત્રીઓની મધ્યે ઉભેલો સુગ્રીવ કે જે તારાગણોની મધ્યે ઉદય પામેલા ચંદ્ર સરખો શોભતો હતો તેને મહાત્મા લક્ષ્મણે ક્રોધપૂર્વક કહ્યું કે,—[૬] "હે સુગ્રીવ!

सत्वाभिजनसंपन्नः सानुक्रोशो जितेन्द्रियः ।
कृतज्ञः सत्यवादी च राजा लोके महीयते ॥

જે રાજા ઉત્તમ બળ તથા કુલવાન્ હોય, દયાયુક્ત હોય, જિતેંદ્રિય હોય, કૃતજ્ઞ હોય

તથા સત્યવક્તા હોય તે રાજાજ આ લોકને વિષે પ્રજામાં માન પામી પૂજાય છે.[૭]

અધર્મ માર્ગે ચાલનારો જે રાજા પોતાના ઉપકારી મિત્રોની આગળ મિથ્યા પ્રતિજ્ઞા કરે છે, અર્થાત્ કાર્ય કરવાની પ્રતિજ્ઞા લઇને પછી તે પ્રમાણે કરતો નથી તેના કરતાં મહા ક્રૂર—મહાપાપી બીજો કોણ હોય?[૮] હે પ્લવંગેશ્વર!* અસત્ય ભાષણથી થતા દોષોનું વર્ણન શાસ્ત્રોમાં આ પ્રમાણે કર્યું છે કે,

शतमश्वानृते हन्ति सहस्रं तु गवानृते।
आत्मानं स्वजनं हन्ति पुरुषः पुरुषानृते॥

જે પુરૂષ એક અશ્વને માટે= પ્રતિજ્ઞા કરીને પછી તે મિથ્યા કરે છે તે પુરૂષ સો અશ્વને હણવાના પાપથી બંધાય છે, તથા જે પુરૂષ એક ગાયને માટે § પ્રતિજ્ઞા કરીને પછી તે મિથ્યા કરે છે તે પુરૂષ હજાર ગાયોના વધના દોષને પ્રાપ્ત થાય છે, પરંતુ જે પુરૂષ પુરૂષસંબંધી× પ્રતિજ્ઞા કરીને પછી તે પાળતો નથી તે તો આત્મહત્યાના તેમજ સ્વજનોની હત્યાના દોષનો ભાગી થાય છે.[૯]

पूर्वं कृतार्थो मित्राणां न तत्प्रतिकरोति यः।
कृतघ्नः सर्वभूतानां स वध्यः प्लवगेश्वर॥

પ્રથમ મિત્રોની પાસેથી પોતાનું કાર્ય સાધી લઇ પછી જે પુરૂષ તેનો બદલો વાળતો નથી તે પુરૂષ આ લોકને વિષે કૃતઘ્ની હોઈ સર્વ પ્રાણીઓથી બહિષ્કાર પામવાને યોગ્ય થાય છે.[૧૦]

વળી હે પ્લવંગમ! કોઇએ કરેલા ઉપકારના સામે પ્રત્યુપકાર નહિ કરનારા કૃતઘ્ન પુરૂષને જોઈ અત્યંત ક્રોધ પામેલા મહાત્મા મનુભગવાને સર્વ લોકોને માન્ય એવો નીચેનો શ્લોક કહેલો છે, તે તું સાંભળ[૧૧]

गोघ्ने चैव सुरापे च चौरे भग्नव्रते तथा।
निष्कृतिर्विहिता सद्भिः कृतघ्ने नास्तिनिष्कृतिः॥

ગોવધ, મદ્યપાન, ચોરી તથા વ્રતભંગ આદિ પાપોનું પ્રાયશ્ચિત્ત સત્પુરૂષોએ કહેલું છે, પરંતુ કૃતઘ્નપુરૂષના પાપનું પ્રાયશ્ચિત્ત ક્યાંયપણ કહેલું નથી.[૧૨]

હે વાનર! તું અનાર્ય, મિથ્યાવાદી અને કૃતઘ્ની થઈ ચૂક્યો છે; કારણ કે મારા વડિલબંધુ રામચંદ્રે તારો પ્રથમ ઉપકાર કર્યો છે છતાં તું હવે તેનો પ્રત્યુપકાર કરવાને તત્પર થતો નથી.[૧૩] અલ્યા વનચર! કૃતાર્થ થયેલા તારે રામચંદ્રનો પ્રત્યુપકાર કરવાની ઇચ્છાથી સીતાની શોધ કરવાના કાર્યમાં અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.[૧૪] તું ગ્રામ્ય વિષયભોગમાં આસક્ત થઈ, કહેલો સમય નહિ સાચવવાને લીધે મિથ્યાપ્રતિજ્ઞ થયો છે, તેથી ખરેખર તું દેડકાની પેઠે શબ્દ કરતા સર્પના સરખો વંચક* નિવડયો છે! અહો? મારા આર્યભ્રાતા રામચંદ્રે તારી આવી વંચકતાને જાણી નહિ.[૧૫] હે દુરાત્મન! કરૂણામય સ્વભાવવાળા અને મહાભાગ્યવાળા મહાત્મા રામચંદ્રે તને પાપીને વાનરરાજ્ય અપાવ્યું તો પણ તું એ મહાત્મા રઘુવીરના ઉપકારને કેમ જાણતો નથી? મને તો લાગે છે કે હવે તું થોડા સમયમાંજ રામચંદ્રનાં તીક્ષ્ણ બાણોવડે હણાઇને તારા ભાઇ વાલીનાં દર્શન કરીશ.[૧૬,૧૭] તારો ભાઇ વાલી મરણ પામીને જે માર્ગે ગયો છે તે માર્ગ હવે કાંઇ સાંકડો થઇ ગયો નથી અથવા તો બંધ થઈ ગયો નથી, માટે હે સુગ્રીવ! તું આમ મિથ્યાપ્રતિજ્ઞ ન થતાં પોતાના મુખથી કહેલા સમ-

* વાનરોનો ઇશ્વર—રાજા.

= અશ્વનું કોઇને દાન કરવું; એ વગેરે અશ્વ સંબંધી કાર્યો માટે.

§ ગાયનું દાન કરવું અથવા તેને ઘાસ—ચારો આપવો. એ વગેરે ગાય સંબંધી કાર્યો માટે.

× "હું તારૂં આટલું કાર્ય કરીશ." એવી પ્રતિજ્ઞાથી કોઇ પુરૂષને વિશ્વાસ આપવો. એ વગેરે પુરૂષ સંબંધી કાર્યો.

* છેતરનાર. દેડકાને પકડવા માટે સાપ કોઈ કોઇ વખત દેડકાના જેવા શબ્દ કરે છે, જેથી દેડકાઓ 'અહીં કોઇ આપણાં સ્વજાતીય છે.' એવો વિશ્વાસ પામી તેની પાસે આવે છે, એટલે સર્પ તેને તુરતજ પકડી લે છે, એ 'વંચકતા' કહેવાય છે.

ચનું પાલન કર અને વ્યર્થ હણાઈને વાલીના માર્ગે જવાનું સાહસ કર નહિ." ૧૮

"અરે સુગ્રીવ! મને તો લાગે છે કે ઈક્ષ્વાકુવંશમાં શ્રેષ્ઠ એવા શ્રીમાન્ રામચંદ્રના ધનુષ્યમાંથી નીકળતાં વજ્ર સરખાં તીક્ષ્ણ-બાણોને તેં કદી જોયાંજ નથી, અને તેથીજ તું સુખીની પેઠે, ગ્રામ્યવિષયોને વિષે આસક્ત થઇ પડયો છે, અને રામચંદ્રના કાર્યનો વિચાર પણ કરતો નથી!" ૧૯

न नूनमिक्ष्वाकुवरस्य कार्मुकाच्छरांश्च तान्पश्यसि वज्रसंनिभान्। ततः सुखं नाम निषेवसे सुखी न रामकार्यं मनसाऽप्यवेक्षसे॥१९

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાણ્ડમાં ચોત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૪

सर्ग ३५ मो.

લક્ષ્મણનું સાંત્વન-તારાનાં વચનો.

तथा ब्रुवाणं सौमित्रिं प्रदीप्तमिव तेजसा। अब्रवील्लक्ष्मणं तारा ताराधिपनिभानना॥१॥

સ્વતેજે કરી પ્રકાશી રહેલા સુમિત્રા-પુત્ર લક્ષ્મણનાં વચનો સાંભળીને ચંદ્રમુખી તારા તેમને કહેવા લાગી કે,[૧] "હે લક્ષ્મણ! તમારે અમારા સ્વામી પ્રત્યે આવાં કઠોર વાકયો કહેવાં ઘટતાં નથી, તેમજ આ વાનરાધિપતિ સુગ્રીવ પણ તમારા સરખા સ્નેહીઓના મુખથી આવાં કઠોર વાકયો સાંભળવાને યોગ્ય નથી.[૨] હે વીર! અમારો ભર્તા સુગ્રીવ અકૃતજ્ઞ, શઠ કિંવા દારૂણપ્રકૃતિવાળો નથી, તેમજ તે અસત્યવાદી અથવા ક્રૂર સ્વભાવવાળો પણ નથી.[૩] હે વીર લક્ષ્મણ! તમારા મોટાભાઇ શ્રીમાન્ રામચંદ્રે બીજા કોઈથી ન થઇ શકે એવો સંગ્રામને વિષે જે મહાન્ ઉપકાર કર્યો છે તેને કાંઇ આ વીર સુગ્રીવ ભૂલી ગયો નથી.[૪] હે પરંતપ! રામચંદ્રની કૃપાથીજ સુગ્રીવને પવિત્ર કીર્તિ, નિષ્કંટક વાનરરાજ્ય તથા રૂમા અને હું વગેરે સ્ત્રીઓની પ્રાપ્તિ થઈ છે.[૫] હે સૌમિત્રિ! અમારો ભર્તા સુગ્રીવ પૂર્વે અત્યંત દુ:ખમાં રહીને હમણાંજ ઉત્તમોત્તમ સુખ પામેલો હોવાથી મહામુનિ વિશ્વામિત્રની પેઠે, પ્રાપ્ત થયેલા સમયને જાણતો નથી.[૬] હે લક્ષ્મણ! પૂર્વે 'ઘૃતાચી' નામની અપ્સરાને વિષે આસક્ત થયેલા ધર્માત્મા મહામુનિ વિશ્વામિત્રે એની સાથે ક્રીડા કરતાં વહી ગયેલા દશ વર્ષના કાળને એક દિવસ જેટલોજ માન્યો હતો.[૭] અહો! કાળજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા મહાતેજસ્વી વિશ્વામિત્ર પણ સ્ત્રીમાં આસક્ત થવાને લીધે પ્રાપ્ત થયેલા સમયને જાણી શકયા નહિ, તો પછી અન્ય-સાધારણ પ્રાણીની તો વાતજ શી?[૮] હે લક્ષ્મણ! આહાર, નિદ્રા તથા મૈથુન આદિ દેહના ધર્મોનું સેવન કરનારા અને દુ:ખ ભોગવી અત્યંત થાકી ગયેલા તથા કામભોગથી તૃપ્તિ નહિ પામેલા આ અમારા ભર્તા સુગ્રીવ ઉપર રઘુવીરે ક્ષમા કરવી ઘટે છે.[૯] હે તાત લક્ષ્મણ! તમારે નિશ્ચિત કરેલા અર્થના તત્ત્વને જાણ્યા સિવાય એકાએક ક્રોધવશ થવું યોગ્ય નથી.[૧૦] હે પુરૂષર્ષભ! તમારા સરખા બળવાન્ પુરૂષો વિચાર કર્યા વિના એકદમ ક્રોધવશ થતા નથી.[૧૧] હે ધર્મને જાણનારા લક્ષ્મણ! હું મારા પતિ સુગ્રીવને અર્થે અત્યંત નમ્ર થઇને, તમને પ્રસન્ન કરી વિનવું છું કે તમે મહાન્ રોષથી ઉપજેલા તમારા મનના મોટા ક્ષોભનો ત્યાગ કરી શાન્ત થાઓ.[૧૨] હે સૌમિત્રિ! અમારો ભર્તા સુગ્રીવ શ્રીમાન્, રામચંદ્રના માટે પોતાની સ્ત્રી રૂમાને, મને, પ્રિય પુત્ર અંગદને, રાજ્યને, તેમજ ધન, ધાન્ય અને અશ્વાદિ સમૃદ્ધિને પણ તજી દે એવો છે, એમ હું માનું છું.[૧૩] અમારો પતિ સુગ્રીવ રાક્ષસોમાં અધમ એવા રાવણને હણીને, ચંદ્ર અને રોહિણી સરખાં રામચંદ્ર તથા સીતાનો મેળાપ કરાવશે.[૧૪] હે સૌમ્ય! સાંપ્રતમાં લંકાને વિષે ઇચ્છિતરૂપ ધરનારા અને પરાભવ કરવાને અશકય એવા દશ ખર્વ,

ચાર લાખ અને સાઠ હજાર રાક્ષસો છે, તેઓને હણ્યા સિવાય સીતાનું હરણ કરનારા રાવણનો વધ કરવો અશક્ય છે.[૧૫,૧૬] હે લક્ષ્મણ ! અસંખ્યાત વાનરો તથા રઘુવીરની સહાય્ય વિના એકલા સુગ્રીવથી તે સઘળા રાક્ષસોનો વધ થવો અશક્ય છે; તેમજ તેઓનો રાજા ક્રૂરકર્મી રાવણ પણ એકલા સુગ્રીવના હાથે મરે તેમ નથી.[૧૭] હે સૌમિત્રિ! 'રાવણને એટલા બધા બળની પ્રાપ્તિ કેવી રીતે થઈ એ સંબંધે હું કાંઈ પણ જાણતી નથી; પરંતુ સર્વ દેશોના વૃત્તાંતને જાણનારા મારા સ્વામી વાલીએ મને પ્રસંગોપાત્ત રાવણનું જે બળ કહી સંભળાવ્યું હતું તેજ મેં તમને કહ્યું છે.[૧૮] હે સૌમિત્રિ ! અમારા ભર્તા સુગ્રીવે યુદ્ધને વિષે તમને સહાય્ય કરવા અર્થે બળવાન્ વાનરોને તેડી લાવવા સારૂ પોતાની આજ્ઞા ઉઠાવનારા ઉત્તમ સેવકોને મોકલ્યા છે,[૧૯] અને એ મહાપરાક્રમી તથા બળવાન્ વાનરોના આગમનની તે વાટ જુએ છે. એ પ્રમાણે રામચંદ્રનું કાર્ય સિદ્ધ કરવાને અર્થેજ સુગ્રીવ બહાર નીકળતો નથી.[૨૦] હે સૌમિત્રિ! વાનરાધિપતિ સુગ્રીવે સર્વ વાનરોને અત્રે આવી પહોંચવાનો જે દિવસ નક્કી કર્યો છે તે આજનોજ છે, માટે મહાબળવાન્ સર્વ વાનરો આજેજ અહીંયાં આવશે. હવે તમે શાન્ત થાઓ.[૨૧] હે અરિન્દમ ! તમે ક્રોધનો ત્યાગ કરો, આજે તમારા દેખતાંજ હજારો અને કરોડો રીંછો, અસંખ્યાત ગોલાંગૂલો તથા અનેક કરોડ તેજસ્વી વાનરો અત્રે આવશે.[૨૨] હે લક્ષ્મણ ! ક્રોધને લીધે રૂધિરસમાન લાલ થયેલાં તમારાં બન્ને નેત્રોને તથા સિંહ સરખા વિકરાળ બનેલા મુખને જોતી અમે સૌ વાનરરાજ સુગ્રીવની સ્ત્રીઓ પ્રથમના ભય સાંભરી આવવાથી* શાંતિ પામતી નથી."[૨૩]

* વાલીના વધના ભય સાંભરી આવવાથી 'શું સુગ્રીવનો પણ લક્ષ્મણ વધ કરશે કે?' એવી શંકાથી.

तव हि मुखमिदं निरीक्ष्य कोपात्क्षतजसमे नयने निरीक्षमाणाः । हरिवरवनिता न यान्ति शान्तिं प्रथम भयस्य हि शङ्किताः स्म सर्वाः ॥ २३ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં પાંત્રીશમા સર્ગ સંપૂર્ણ. ૩૫

सर्ग ३६ मो.

સુગ્રીવ અને લક્ષ્મણ-પરસ્પર વાતચિત.

इत्युक्तस्तारया वाक्यं प्रश्रितं धर्मसंहितम् । मृदुस्वभावः सौमित्रिः प्रतिजग्राह तद्वचः ॥१॥

રાજપત્ની તારાનાં નમ્ર અને ધર્મયુક્ત વચનોને માન્ય કરી, કોમળ સ્વભાવવાળા સુમિત્રાનંદન લક્ષ્મણ શાંત થયા. એ જોઇ વાનરોના રાજા સુગ્રીવે લક્ષ્મણથી પોતાને થયેલા મહાન્ ત્રાસનો ભીના વસ્ત્રની પેઠે ત્યાગ કર્યો.[૧-૨] પછી પોતાના કંઠમાં રહેલી અને કામવાસનાને જાગ્રત કરનારી અનેક પ્રકારની પુષ્પમાળાઓને તોડી નાખીને વાનરાધિપતિ સુગ્રીવ મદરહિત થયો.[૩] ત્યારપછી સર્વ વાનરોમાં શ્રેષ્ઠ એવા કપિરાજ સુગ્રીવ ભયંકર બળવાળા લક્ષ્મણને હર્ષ ઉપજાવતાં નમ્ર વાક્યો કહેવા લાગ્યો કે,[૪] "હે સૌમિત્રિ ! હું રામચંદ્રની કૃપાથીજ મારી નાશ પામેલી લક્ષ્મી તથા કીર્તિ અને નિષ્કંટક વાનરરાજ્ય પ્રાપ્ત કરી શક્યો છું.[૫] હે રાજકુમાર ! પોતાનાં પરાક્રમોથી પ્રસિદ્ધ થયેલા અને નિરંતર પ્રકાશમાન કાંતિવાળા શ્રીમાન્ રઘુનંદને કરેલા ઉપકારનો એક અંશ માત્ર પણ બદલો વાળવાને આ જગતને વિષે કોણ સમર્થ છે?[૬] હે લક્ષ્મણ ! રઘુવીરને મારી સહાયતા માત્ર નામનીજ છે, કેમકે એ ધર્માત્મા પોતેજ પોતાના પ્રભાવવડે રાવણનો વધ કરી સીતાને પ્રાપ્ત કરશે.[૭] અહો ? જે રઘુવીરે માત્ર એક બાણવડે સાત સાલવૃક્ષોને, પર્વતને તથા પૃથ્વીને એકી વખતેજ ભેદી નાખ્યાં તેને મારા સરખા

વનચરો તરફના સહાય્યનું શું પ્રયોજન છે ?[૮] હે લક્ષ્મણ ! જે રઘુનંદનના ધનુષ્યના ટંકારવથી પર્વતોસહિત આખી પૃથ્વી કંપાયમાન થાય છે તેને અન્યના સહાય્યનું શું પ્રયોજન છે ?[૯] તોપણ હે પુરૂષર્ષભ ! પોતાના શત્રુરૂપ રાવણનો તેના અગ્રેસરોસહિત વધ કરવા જતા દશરથનંદન રામચંદ્રની સાથે હું સૈન્યસહિત જઇશ; અને બનતી સર્વ મદદ કરીશ.[૧૦] હે સૌમિત્રિ ! 'દશરથના પુત્ર મારા પરમ મિત્ર છે' એવા વિશ્વાસને લીધે કિંવા અતિશય સ્નેહને લીધે મારાથી જો તમારો કાંઇ અપરાધ થયો હોય તો મને પોતાનો સેવક જાણી ક્ષમા આપશો, કેમકે આ જગતને વિષે એવો કોઇપણ સેવક નથી કે જે પોતાના સ્વામીના અપરાધમાં કદી પણ આવ્યો ન હોય.[૧૧]

મહાત્મા સુગ્રીવનાં ઉપર્યુક્ત વચન સાંભળી, પ્રસન્ન થયેલા શ્રીમાન્ લક્ષ્મણે તેને પ્રીતિપૂર્વક કહ્યું કે,[૧૨] "હે વાનરોના રાજા સુગ્રીવ ! તારા સરખા વિનયસંપન્ન મિત્રને લીધે મારા વડિલ બંધુ રઘુવીર ખરેખર સનાથજ છે.[૧૩] હે સુગ્રીવ ! તું આવો પ્રભાવસંપન્ન અને ઉત્તમ પવિત્રતા યુક્ત હોવાથી ખરેખર સમગ્ર વાનરરાજ્યની સમૃદ્ધિને ભોગવવા યોગ્ય છે.[૧૪] હે વાનરેશ્વર ! તારી સહાય્યને લીધે મહાપ્રતાપી રામચંદ્ર હવે અલ્પ સમયમાંજ સંગ્રામને વિષે પોતાના શત્રુઓનો નાશ કરશે એમાં જરાએ સંદેહ નથી.[૧૫] હે સુગ્રીવ ! તું કે જે ધર્મને જાણનારો, કૃતજ્ઞ તથા સંગ્રામમાંથી પાછો નહિ હઠનારો છે તેણે આમ યુક્તિયુક્ત બોલવું જ યોગ્ય છે.[૧૬] હે વાનરશ્રેષ્ઠ ! આ લોકને વિષે મારા વડિલ બંધુ રઘુવીરના અને તારા વિના બીજો કયો વિદ્વાન પુરૂષ પોતામાં સામર્થ્ય હોવા છતાં પણ આમ નમ્ર વચનો બોલી શકે ?[૧૭] હે હરિપુંગવ ! પરાક્રમે તથા બળે કરીને તું રામચંદ્રના સમાનજ છે. અહો ! દેવતાઓએજ ઘણા કાળમાટેનો તારા સરખો સહાયક મિત્ર અમને મેળવી આપ્યો છે.[૧૮] હે વીર ! હવે તું મારી સાથેજ અહીંથી નીકળી ઉતાવળે તારા મિત્ર રઘુવીરને મળ; અને તેમના મનમાંના સ્ત્રીવિયોગના શોકને શાંત કર.[૧૯] હે પરમ મિત્ર ! શોકાવેગને લીધે દુઃખી થયેલા રામચંદ્રનું કરૂણાલ ભાષણ-વિલાપ સાંભળી, તારા પર ક્રોધ ચડવાને લીધે મેં અહીં આવીને જે કઠોર વાકયો તને કહ્યાં છે તેની હું તારી પાસે ક્ષમા યાચું છું."[૨૦]

यच्च शोकाभिभूतस्य दृष्ट्वा रामस्य भाषितम् । मया त्वं परुषाण्युक्तस्तत्क्षमस्व सखे मम ॥ २० ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં છત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૬

સર્ગ ૩૭ મો.

સૈન્ય એકત્રિત કરવાની આજ્ઞા.

एवमुक्तस्तु सुग्रीवो लक्ष्मणेन महात्मना ।
हनुमन्तं स्थितं पार्श्वे वचनं चेदमब्रवीत् ॥ १ ॥

મહાત્મા લક્ષ્મણનાં વચન સાંભળી વાનરાધિપતિ સુગ્રીવે પોતાની પાસે ઉભેલા હનુમાનને આજ્ઞા આપતાં કહ્યું કે,[૧] "હે હનુમાન ! પૃથ્વીપરના સર્વ વાનરોને ઉતાવળે અહીંયાં આવી પહોંચે એવો દૂતોદ્વારા તું પ્રબંધ કર. શ્વેત શિખરવાળા મહેંદ્ર, હિમાલય, વિંધ્ય, કૈલાસ અને મંદર એ પાંચ પર્વતોમાં જે જે વાનરો નિવાસ કરે છે, તથા સમુદ્ર મધ્યે પશ્ચિમ દિશામાં આવેલા અને મધ્યાહ્નના સૂર્યસરખાં પ્રકાશિત શિખરોવાળા પર્વતોને વિષે જે જે કપિઓ રહે છે, તે સર્વને તું શીઘ્ર અહીંયાં બોલાવ. સંધ્યાકાળનાં વાદળસરખા વર્ણવાળા ઉદયાચળ તથા અસ્તાચળને વિષે તેમજ પદ્માચલના વનને વિષે ભયંકર દેહવાળા જે જે વાનરો વસે છે, તે સર્વને તું સત્વર તેડાવ ! ! હે વાયુસુત ! કાજળ તથા મેઘસમાન વર્ણવાળા અને મોટા

હાથીસરખા બળવાન જે વાનરો અંજન-પર્વતમાં રહે છે; તેમજ સુવર્ણસમાન કાંતિવાળા જે વાનરો મેરૂપર્વતની મોટી મોટી ગુફાઓમાં તથા ધૂમ્રાચળપર વસે છે તે સર્વને તું ઉતાવળે તેડાવ. વળી "મૈરેય" નામના મદ્યનું પાન કરનારા, ભયંકર વેગવાળા અને બાળસૂર્યસરખી કાંતિવાળા જે વાનરો 'મહારૂણ' નામક પર્વતને વિષે રહે છે, તેમજ જે વાનરો સુગંધવાળા તથા તપસ્વીઓના આશ્રમને લીધે અત્યંત રમ્ય જણાતાં મોટાં વનોને વિષે નિવાસ કરે છે, તે સઘળા વાનરોને બોલાવી લાવવા સારૂ અહીંથી આપણા મહા બળવાન વાનરોને મોકલી સામ, દાનાદિ હરેક ઉપાયથી સંતુષ્ટ કરી તેઓને શીઘ્ર તેડાવ.[૯] હે હનુમાન્! જોકે એ સર્વ વાનરોને બોલાવવા-અર્થે મેં પ્રથમજ મહાવેગવાન્ વાનરોને આજ્ઞા કરી છે, તોપણ તેઓને વધુ ઉતાવળ કરાવવા માટે તું પુનઃ પણ બીજા વાનર-દૂતોને મોકલ. [૧૦] વળી હે પવનસુત! જે જે કપિશ્રેષ્ઠ કામાસક્ત બનેલા તથા વિલંબ કરનારા હોય તેઓ સર્વને મારી આજ્ઞાથી તું સત્વર અહીંયાં બોલાવી મંગાવ[૧૧] રાજાની આજ્ઞાને દૂષિત કરનારા જે દુષ્ટ વાનરો મારી આજ્ઞા પ્રમાણે દશ દિવસની અંદર અહીંયાં ન આવે તેઓનો તારે અવશ્ય નાશ કરવો.[૧૨] હે હનુમાન્! મેઘ અને પર્વતસરખાં શરીરવાળા, ભયંકર રૂપવાળા, અને સર્વપ્રકારના માર્ગોના ભોમીયા એવા જે કોટયવધિ વાનરો મારા અધીનમાં રહેનારા છે તેઓ મારી આજ્ઞાથી જાણે આખા નભોમંડળને આચ્છાદિત કરતા હોય એવી ગતિથી સઘળી પૃથ્વીપર ફરીવળો અને સર્વ વાનરોને બોલાવી લાવો."[૧૩-૧૫]

વાનરોના રાજા સુગ્રીવનાં વચન સાંભળી વાયુસુત હનુમાને તુરતજ સર્વ વાનરોને બોલાવી લાવવા સારૂ મહાપરાક્રમી વાનર-દૂતોને આજ્ઞા આપી દશે દિશાઓ પ્રત્યે મોકલ્યા.[૧૬] પક્ષીઓ અને નક્ષત્રોના માર્ગે ગતિ કરનારા એ વાનરદૂતો ક્ષણમાત્રમાં આકાશમાર્ગે ચાલતા થયા.[૧૭] રામચંદ્રનું કાર્ય સિદ્ધ કરવા અર્થે તેઓએ સમુદ્રના બેટોમાં વસનારા, પર્વતોપર વસનારા, વનોમાં વસનારા તેમજ નદીઓ તથા સરોવરોના તટપર વસનારા સર્વ વાનરોને સુગ્રીવની આજ્ઞા કહી સંભળાવી.[૧૮] સાક્ષાત્ મૃત્યુ અને કાળસરખા ઉગ્રદંડવાળા વાનરોના રાજાધિરાજ સુગ્રીવની તીક્ષ્ણ આજ્ઞા સાંભળીને, તેના ભયથી શંકિત થયેલા સર્વ વાનરો પોત-પોતાનાં સૈન્યસહિત તુરતજ કિષ્કિંધાપ્રત્યે આવવાને નીકળી પડયા.[૧૯] એ વેળા અંજન-પર્વતપર વસનારા અને અંજન (કાજળ) સરખા વર્ણવાળા મહાબળવાન્ ત્રણ કરોડ વાનરો રામચંદ્રના કાર્યાર્થે કિષ્કિંધાપ્રત્યે આવવા નીકળ્યા.[૨૦] વળી તપાવેલા સુવર્ણ-સમાન કાંતિવાળા અને અસ્તાચળપર રહેનારા દશ કરોડ વાનરો કિષ્કિંધાપ્રત્યે આવવાને ચાલી નીકળ્યા.[૨૧] સિંહની કેશવાળી-સમાન વર્ણવાળા દશ અબ્જ વાનરો કૈલાસ-પર્વતનાં શિખરોમાંથી નીકળી કિષ્કિંધાપ્રત્યે આવવા લાગ્યા.[૨૨] હિમાલયમાં રહેનારા અને ફળ-મૂળના આહારથી જીવનારા એક ખર્વ વાનરો કિષ્કિંધાપ્રત્યે ચાલી નીકળ્યા.[૨૩] વિંધ્યાચળમાંથી ભયંકર રૂપવાળા, ભયંકર કર્મ કરનારા અને અંગારા સરખાં પ્રકાશિત શરીરવાળા દશ અબ્જ વાનરો અતિ ઉતાવળે કિષ્કિંધાપ્રત્યે આવવા લાગ્યા;[૨૪] તેમજ ક્ષીરસાગરના તટપર રહેનારા તથા તમાલ-વનમાં વસી માત્ર નાળીયેરનુંજ ભક્ષણ કર-નારા અસંખ્યાત વાનરો કિષ્કિંધાપ્રત્યે આવવા લાગ્યા.[૨૫] એ પ્રમાણે અનેક વનો, ગુફાઓ તથા નદીઓના તટોમાંથી ચાલી નીકળી મહાબળવાન્ વાનરોની મોટી સેના જાણે સૂર્યનું પાન કરતી હોય, એમ અતિ શીઘ્ર ગતિથી આકાશમાર્ગે થઈ કિષ્કિંધા પ્રત્યે આવવા લાગી.[૨૬]

મહાબળવાન્ હનુમાનની આજ્ઞાથી જે શૂરવીર વાનર દૂતો સર્વ વાનરોને ઉતાવળે તેડી લાવવાને ગયા હતા તેઓએ સર્વ વાનરોને કિષ્કિંધા પ્રત્યે વિદાય કરી પાછા વળતાં હિમાલય પર્વતપર શ્રીશંકરના આશ્રમ તરીકે પ્રસિદ્ધ થયેલું એક મોટું વૃક્ષ જોયું.[૨૭] પૂર્વે એ પવિત્ર હિમાલયને વિષે શ્રીશંકરનો અત્યંત મનોહર યજ્ઞ થયો હતો, અને તેમાં સર્વ દેવોનાં મન સંતુષ્ટ થયાં હતાં.[૨૮] યજ્ઞ થતી વેળા કુંડને વિષે હોમાતાં હુતદ્રવ્યોમાંથી જે જે ફૂપો તથા અન્નો વગેરે વેરાઇ પડયાં હતાં તે સર્વમાંથી ત્યાં આગળ અનેક પ્રકારનાં કંદમૂળ તથા વૃક્ષો ઉત્પન્ન થયાં હતાં; તેનાં અમૃતસમાન સ્વાદિષ્ટ ફળો આ વાનરોના જોવામાં આવ્યાં.[૨૯] એ કંદમૂળ તથા ફળોનો એવો તો દિવ્ય પ્રભાવ હતો કે તેનું એકવાર ભક્ષણ કરનારા મનુષ્યને એક માસપર્યંત તૃપ્તિ રહેતી.[૩૦] એ કારણથી ફળ-ફુલોનું ભક્ષણ કરનારા તે વાનરદૂતોએ એ દિવ્ય ફળો, કંદમૂળો તથા ત્યાં ઉત્પન્ન થતી દિવ્ય ઓષધીઓ, તેમજ તે યજ્ઞસ્થાનમાંના સુગંધયુક્ત પુષ્પો વગેરે સુગ્રીવને પ્રસન્ન કરવા માટે ગ્રહણ કર્યાં.[૩૧,૩૨] પછી ઉતાવળે ગતિ કરનારા એ સર્વ વાનરદૂતો સુગ્રીવની આજ્ઞા પ્રમાણે પૃથ્વીમાંના સર્વ વાનરોને કિષ્કિંધા પ્રત્યે રવાના કરીને પાછા વળ્યા; અને પોતાની શીઘ્ર ગતિના પ્રભાવથી તેઓ, સર્વની પહેલાં સુગ્રીવની પાસે આવી પહોંચ્યા.[૩૩,૩૪] પોતે આણેલાં ફળ-પુષ્પાદિ સર્વ પદાર્થો પોતાના રાજા સુગ્રીવને ભેટ તરીકે અર્પણ કરી, એ વાનરદૂતો કહેવા લાગ્યા કે,[૩૫] "હે રાજન્! અમોએ તમારી આજ્ઞા પ્રમાણે પર્વતો, નદીઓ અને વનો આદિ સર્વ સ્થળે ફરીને સર્વ વાનરોને તમારી આજ્ઞા જણાવી છે, જેથી સર્વ વાનરો હવે થોડા સમયમાંજ અહીંયાં આવી પહોંચશે."[૩૬]

પોતાના દૂતોનું વચન સાંભળી વાનરાધિપતિ સુગ્રીવ અત્યંત પ્રસન્ન થયો, અને તેઓએ અર્પણ કરેલી ભેટ પ્રીતિપૂર્વક સ્વીકાર કરી.[૩૭]

एवं श्रुत्वा ततो हृष्टः सुग्रीवः प्लवगाधिपः ।
प्रतिजग्राह च प्रीतस्तेषां सर्वमुपायनम् ॥ ३७॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં સાડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૭

सर्ग ३८ मो.

સુગ્રીવનું રામચંદ્ર પાસે જવું-વાનરસેના આદિનું નિવેદન.

प्रतिगृह्य च तत्सर्वमुपायनमुपाहृतम् ।
वानरान्सान्त्वयित्वा च सर्वानेव व्यसर्जयत् ॥१॥

દૂતોએ આણેલી ભેટ ગ્રહણ કરીને તથા તેઓનું યથાયોગ્ય સાંત્વન કરીને, વાનરાધિપતિ સુગ્રીવે કાર્ય કરી ચૂકેલા સર્વ વાનરોને વિદાય કર્યા. અને પછી તે પોતાના મનમાં પોતાને તથા રામચંદ્રને કૃતાર્થ માનવા લાગ્યો.[૧,૨] આ વેળા અત્યંત બળવાળા મહાત્મા લક્ષ્મણ કે જે હજુ સુધી કિષ્કિંધામાં સુગ્રીવની પાસેજ રહ્યા હતા તેમણે વાનરાધિપતિ સુગ્રીવને હર્ષ ઉપજાવતાં નમ્ર વાકય કહ્યું કે,[૩] "હે સૌમ્ય! હવે જો તારી ઇચ્છા હોય તો તું કિષ્કિંધામાંથી નીકળી રઘુવીરને મળ."

લક્ષ્મણનું સુભાષિત સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા સુગ્રીવે કહ્યું કે, "ભલે, ચાલો, આપણે સાથેજ જઇએ. મારે તમારી આજ્ઞા પ્રમાણે વર્તવુંજ જોઇએ."[૪,૫]

એ પ્રમાણે શુભલક્ષણસંપન્ન લક્ષ્મણને કહીને, સુગ્રીવે પોતાની પાસે બેઠેલી રૂમા તથા તારા વગેરે સ્ત્રીઓને વિદાય કરી,[૬] અને ઉંચા સ્વરથી કહ્યું કે, 'કોણ છે રે.... આટલામાં આમ આવો." એવો શબ્દ સાંભળતાંજ અંતઃપુરની બહાર ઉભેલા દૂતો કે જેઓ છેક અંતઃપુરમાં સ્ત્રીઓની પાસે જઇ શકતા હતા તેઓ હાથ જોડી ઉતાવળે સુગ્રીવની આગળ હાજર થયા. ત્યારે સૂર્યસમાન તેજસ્વી વાનરરાજ સુગ્રીવે તેઓને કહ્યું

ક્રે૭,૮ "હે વાનરો! તમે મારી શિબિકા સત્વર અહીંયાં લાવો." સુગ્રીવની આજ્ઞા સાંભળતાંજ દૂતોએ અતિ ઉતાવળે સુંદર દેખાવવાળી શિબિકા લાવી હાજર કરી. ત્યારે સૂર્યસમાન કાંતિવાળી પોતાની સ્વર્ણ શિબિકાને જોઇને વાનરાધિપતિ સુગ્રીવે "હવે સત્વર આ શિબિકાપર આરોહણ કરો" એમ લક્ષ્મણને કહી તેમના સહિત પોતે એ સ્વર્ણશિબિકામાં બેઠો. પછી તુરતજ મહાબળવાન્ વાનરસેવકો એ શિબિકાને ઉપાડી ચાલતા થયા. એ વેળા સુગ્રીવના મસ્તકપર શ્વેતછત્ર ધરવામાં આવ્યું હતું, તેની બન્ને બાજૂ શ્વેત ચામરો ઢળી રહ્યા હતા, તેની આગળ શંખ તથા ભેરી વગેરેના નાદ થતા હતા; અને બંદીજનો સ્તુતિવડે તેને પ્રસન્ન કરતા હતા.૯-૧૩ એ પ્રમાણે ઉત્તમોત્તમ રાજ્યશ્રીને પ્રાપ્ત થયેલો વાનરાધિપતિ સુગ્રીવ તીક્ષ્ણ શસ્ત્રોને ધારણ કરનારા સેંકડો વાનરોથી વીંટાઇને, જ્યાં રઘુવીરે નિવાસ કર્યો હતો એવા પ્રસવણ પર્વતપ્રત્યે જવા લાગ્યો. કેટલીકવારે રામચંદ્રના નિવાસસ્થાનરૂપ પ્રસ્રવણગિરિ આવી પહોંચ્યો, અર્થાત્ સુગ્રીવાદિ વાનરો પ્રસ્રવણ પર્વત આગળ જઈ પહોંચ્યા ત્યાં જઇ મહાત્મા લક્ષ્મણસહિત સુગ્રીવ શિબિકામાંથી ઉતરી પડયો, અને પગે ચાલી, શ્રીમાન્ રઘુવીરની પાસે જઇ તેણે પોતાના બન્ને હાથજોડી તેમના ચરણમાં સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. એ જોઈ તેની સાથે આવેલા બીજા સર્વ વાનરો પણ રઘુવીરના ચરણમાં પ્રણામ કરી હાથ જોડી ઉભા રહ્યા.

બીડાયેલાં કમળવાળા સરોવરની પેઠે એ વાનરસૈન્યને પોતાની આગળ નિશ્ચળપણે ઉભેલું જોઇને શ્રીમાન્ રામચંદ્ર સુગ્રીવ ઉપર અત્યંત પ્રસન્ન થયા, અને પોતાના ચરણ આગળ પડેલા વાનરેશ્વર સુગ્રીવને અતિમાનપૂર્વક ઉઠાડીને પ્રીતિથી પોતાના હૃદય સાથે ચાંપ્યો. ત્યાર પછી તેને પોતાની પાસે પડેલા આસનપર બેસાડીને ધર્માત્મા રામચંદ્રે કહ્યું કે,-"હે વાનરશ્રેષ્ઠ! ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થોનું સેવન કરવાના સમયના જૂદા જૂદા વિભાગ પાડીને જે રાજા તે તે સમયેજ તે તે પુરૂષાર્થનું સેવન કરે છે, તેને જ ખરો રાજા સમજવો. જે રાજા ધર્મ અને અર્થનો ત્યાગ કરીને કેવળ કામનુંજ સેવન કરે છે તે વૃક્ષની ટોચે સૂતેલા પુરૂષની પેઠે પડે છે અને ત્યારેજ તેને પોતાનું કર્તવ્ય શું છે, એ સમજવામાં આવે છે. હે વીર! જે રાજા શત્રુઓનો વધ કરવામાં તત્પર રહે છે, સન્મિત્રોની સાથે મૈત્રી જોડવામાં કુશળ હોય છે, અને ધર્મ, અર્થ તથા કામ એ ત્રણે પુરૂષાર્થોનું યથાકાળે સેવન કરી તેઓના ફળને ભોગવે છે, તે રાજાનેજ શાશ્વત ધર્મની પ્રાપ્તિ થાય છે. હે શત્રુઓનું મર્દન કરનાર સુગ્રીવ! સાંપ્રતમાં સીતાની શોધ કરવાનો સમય પ્રાપ્ત થયો છે, તેથી તું તારા મંત્રીઓની સાથે મળીને તે વાતનો સારી રીતે વિચાર કર."૧૪-૨૩

રઘુવીરનાં વચન સાંભળી, વાનરાધિપતિ સુગ્રીવે તેમના પ્રત્યે હાથ જોડી કહ્યું કે, "હે મહાબાહુ! નાશ પામેલી સમૃદ્ધિ, કીર્તિ તથા વાનરોના નિષ્કંટક રાજ્યને હું તમારી તેમજ તમારા ભાઇ લક્ષ્મણની કૃપાથીજ પુન: પામ્યો છું. હે જીતનારાઓમાં શ્રેષ્ઠ! જે પુરૂષ કોઇએ કરેલા ઉપકારનો સારી રીતે પ્રત્યુપકાર વાળતો નથી, તે ધર્મનો નાશ કરનાર કહેવાય છે.૨૫,૨૬ હે શત્રુદમન! અતિ બળવાન આ સેંકડો વાનરો પૃથ્વીમાંના સર્વ કપિવરોને અહીંયાં આવવાની તાકીદ આપીને હમણાંજ પાછા આવ્યા છે, અને ભયંકર સ્વરૂપવાળા તથા દુર્ગમ વનમાર્ગોના ભોમીયા એવા અસંખ્યાત રીંછો, વાનરો તેમજ શૂરવીર ગોલાંગૂલો આદિ કપિવરો પોત-પોતાનાં સૈન્યોસહિત, આ તરફ આવવાને પોત-પોતાનાં રહેઠાણમાંથી નીકળી ચૂકયા છે, તે હવે માર્ગમાંજ છે. તેઓ સર્વ વાનરાદિકો દેવો અને

ગંધર્વાદિના પુત્રો છે, તથા ઇચ્છિતરૂપ ધરી સર્વત્ર વિચરવાની શક્તિ ધરાવે છે.[૨૭-૨૯] વળી હે પરંતપ ! એ વાનરોમાંના કેટલાએક મોટા મોટા વાનરોની સાથે તો સેંકડો, હજારો, લાખો; કરોડો, અર્બુદો, ખર્વો, શંકુઓ, સમુદ્રો, અંત્યો, મધ્યો અને પરાર્ધોની સંખ્યામાં વાનરોની સેનાઓ છે.*[૩૦,૩૧] હે રાજપુત્ર ! મેરૂ અને વિંધ્યાદ્રિ વગેરે પર્વતોમાં નિવાસ કરનારા, મેઘ તથા પર્વત સમાન પ્રૌઢ શરીરવાળા અને ઇંદ્ર સરખા પરાક્રમવાળા એ સર્વ વાનરો હવે અલ્પ સમયમાંજ અહીંયાં આવી પહોંચશે,[૩૨] અને રાક્ષસોની સાથે યુદ્ધ કરવા માટે તમારી સાથે આવશે. તેઓ યુદ્ધને વિષે અવશ્ય રાવણને હણીને જનકનંદિની સીતાને લાવશે. "[૩૩]

વાનરાધિપતિ સુગ્રીવનાં વચન સાંભળીને તથા " તેણે મારી આજ્ઞા પ્રમાણે સીતાની શોધ કરવા માટે ઉદ્યોગ આરંભ્યો છે " એવું જાણીને દશરથપુત્ર શ્રીમાન્ રામચંદ્રનું સ્વરૂપ હર્ષને લીધે પ્રફુલ્લિત નીલકમળ સરખું દેખાવા લાગ્યું; અર્થાત્ સુગ્રીવની પોતાના કાર્યમાટે તત્પરતા જોઇ રામચંદ્ર આનંદિત થયા.[૩૪]

ततः समुद्योगमवेक्ष्य वीर्यवान् हरिप्रवीरस्य [illegible] तिनः । बभूवहर्षाद्वसुधाधिपात्मजः प्रबुद्धनीलोत्पलतुल्यदर्शनः ॥ ३४ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં આડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૮

सर्ग ३९ मो.

વાનરસેનાનું એકત્ર થવું.

इति ब्रुवाणं सुग्रीवं रामो धर्मभृतां वरः।
बाहुभ्यां सम्परिष्वज्य प्रत्युवाच कृतांजलिम्॥१

ત્યારપછી ધર્મધારીઓમાં શ્રેષ્ઠ રામચંદ્રે પ્રિયવાક્ય બોલનારા અને વિનયયુક્ત સુગ્રીવને અત્યંત પ્રીતિથી બન્ને ભુજાઓવડે ભેટીને કહ્યું કે,[૧] " હે સૌમ્ય ! દેવરાજ ઇંદ્ર વર્ષાદ વર્ષાવે, હજારો કિરણવાળો સૂર્ય આકાશના અંધકારનો નાશ કરે, તથા ચંદ્ર પોતાની કાંતિવડે રાત્રિને ઉજ્વળ બનાવે, તેજ પ્રમાણે હે પરંતપ ! તારા સરખો પુરૂષ પોતાના મિત્રોનું પ્રિય કરે, એમાં શું આશ્ચર્ય?[૨,૩] હે સૌમ્ય ! તેં સીતાની શોધ કરવાનો જે ઉદ્યોગ આરંભ્યો છે તે તારા જેવા ઉત્તમ મિત્રો સંબંધે આશ્ચર્ય ઉપજાવનાર નથી. હે સુગ્રીવ ! તેં જે કાર્ય આરંભ્યું છે તે ઘણુંજ રૂડું છે, હે મિત્ર ! તું કે જે પ્રિય વચન બોલવાના સ્વભાવવાળો છે તેને હું જાણું છું.[૪] હે પરમસખા ! યુદ્ધને વિષે તારી સહાય્યથીજ હું સઘળા શત્રુઓને જીતીશ. હે સુગ્રીવ ! તું મારો ખરો સુહૃદ અને મિત્ર છે, માટે તારે મને સહાય્ય કરવી યોગ્યજ છે.[૫] હે વાનરેશ્વર ! પૂર્વે જેમ પુલોમાને છેતરીને તેની પુત્રી શચીનું, અનુહ્રાદે હરણ કર્યું હતું,* તેમ રાક્ષસાધમ રાવણે

---

* આ શ્લોકમાં આવેલા સંખ્યા વાચક નામોનાં લક્ષણ જ્યોતિઃશાસ્ત્રમાં નીચે પ્રમાણે કહેવામાં આવ્યાં છે:—

"एकं दश शतमस्मात् सहस्रमयुतं ततः परं लक्षम्।
प्रयुतं कोटिमथार्बुदवृन्दे खर्वं निखर्वं च ॥
तस्मान्महासरोजं शङ्कुं सरितां पतिं त्वन्त्यम्।
मध्यं परार्द्धमाहुर्यथोत्तरं दशगुणं तथा ज्ञेयम् ॥

એક, દશ, સો, હજાર, અયુત (દશહજાર), લાખ, પ્રયુત (દશ લાખ), કરોડ, અર્બુદ (દશ કરોડ) વૃંદ, ખર્વ, (દશવૃંદ) નિખર્વ, મહાપદ્મ (દશ નિખર્વ) શંકુ, સમુદ્ર (દશશંકુ), અંત્ય, મધ્ય (દશઅંત્ય),અને પરાર્ધ. આ અઢાર સંખ્યા વાચક શબ્દોમાંના પ્રત્યેકને પ્રથમથી ઉત્તરોત્તર (એક પછી એક એમ) દશગુણિત સમજવા. " ગો. ટી.

* અનુહ્રાદે શચીના પિતા પુલોમાને પોતાના વાગ્જાળથી ઠગીને શચીનું હરણ કર્યું, ત્યારે એ વાતથી અજાણ્યા ઇંદ્રે અનુહ્રાદ અને શચીના પિતા પુલોમા એ બન્નેનો વધ કરી શચીને પોતાની અમરાવતીમાં આણી એવી પુરાણોમાં કથા છે રા. ટી.

મને છેતરીને પોતાનાજ વિનાશમાટે સીતાનું હરણ કર્યું છે;[૬] તેથી જેમ શચીના અહંકારી પિતા પુલોમાનો, તેમજ શચીનું હરણ કરનાર અનુહ્‌લાદનો ઇંદ્રે વધ કર્યો હતો તેમ હું હવે થોડાસમયમાંજ તીક્ષ્ણ બાણોવડે ગર્વિષ્ઠ રાવણનો વધ કરીશ."[૭]

રામચંદ્ર સુગ્રીવને એ પ્રમાણે કહેતા હતા એટલામાં દૂરથી ચારે તરફ ધૂળના ગોટેગોટ ઉડતા જણાવા લાગ્યા, અને થોડીકવારમાં તો આકાશને વિષે વિચરતા સૂર્યની ઉષ્ણ પ્રભા ઢંકાઇ જઇ સઘળી દિશાઓમાં અંધકાર છવાઈ રહ્યો, અને પર્વતો, વનો તથા ઉપવનોસહિત આખી પૃથ્વી કંપાયમાન થતી હોય એમ જણાવા લાગ્યું.[૮-૯] ત્યારપછી થોડીકવારમાંજ રાજાઓ સરખા દેખાવવાળા, તીક્ષ્ણ દાઢોવાળા, અને મહાન્ બળવાળા અસંખ્યાત વાનરોનાં ટોળાંથી આખી વનભૂમિ આચ્છાદિત થઈ ગઇ.[૧૦] જોત જોતાંમાંજ અનેક નદીઓ, પર્વતો તથા સમુદ્રોનાં તટોમાં જન્મેલા, મેઘસરખી ગર્જના કરનારા, હિમાલય વગેરે પર્વતો તથા વનોમાં નિવાસ કરનારા અને સેંકડો તથા કરોડો વાનરોથી વીંટાયેલા અસંખ્ય વાનરયૂથપાલકો+ કે જેઓમાંનાં કેટલાએક ઉદય થતા સૂર્યસરખા લાલવર્ણવાળા, કેટલાએક ચંદ્રસમાન શ્વેતવર્ણવાળા, કેટલાએક કમળના પરાગજેવા રંગવાળા હતા તેઓથી આખું વન ભરાઇ ગયું.[૧૧-૧૩]

તેઓમાં શૂરવીર અને શ્રીમાન્ એવો 'શતબલિ' નામનો વાનર દશ ખર્વ વાનરસૈન્યથી વીંટાયેલો જણાતો હતો,[૧૪] સુવર્ણના પર્વતસરખી કાંતિવાળો મહાબળવાન તારાનો પિતા 'સુષેણ' નામનો વાનર અસંખ્યાત વાનરોસહિત જોવામાં આવ્યો.[૧૫] સુગ્રીવનો સસરો અને રૂમાનો પિતા 'તાર' નામનો વાનર એક ખર્વ વાનરોને સાથે લઇ આવ્યો હતો.[૧૬] કમળના પરાગસમાન કાંતિવાળો, ઉદય થતા સૂર્યસરખા મુખવાળો, શ્રેષ્ઠ બુદ્ધિવાળો અને સર્વવાનરોમાં શ્રેષ્ઠ એવો 'કેસરી' નામનો વાનર કે જે હનુમાનનો પિતા થતો હતો તે અનેક હજારો વાનરસૈન્યસહિત આવી પહોંચ્યો.[૧૭-૧૮] ભયંકર પરાક્રમવાળો ગોલાંગુલ વાનરોનો રાજા 'ગવાક્ષ' નામનો વાનર એક ખર્વ વાનરસેનાસહિત આવેલો જણાતો હતો.[૧૯] શત્રુઓનો નાશ કરનારો ધુમ્ર ભયંકર વેગવાળા બે ખર્વ રીંછોસહિત ત્યાં આવ્યો.[૨૦] મોટા દેહવાળો યૂથપતિ 'પનસ' નામનો વાનર મોટા પર્વત સરખા પ્રૌઢ શરીરવાળા ત્રણ કરોડ વાનરોને સાથે લઇને આવી પહોંચ્યો.[૨૧] મોટી કાયાવાળો યૂથપતિ 'નીલ' નામનો વાનર, કે જે કાજળના પર્વત સરખો શ્યામવર્ણ દેખાતો હતો તે દશકરોડ વાનરોથી વીંટાઇને આવ્યો હતો.[૨૨] મહાપરાક્રમી અને સુવર્ણના પર્વત સરખા દેહવાળો યૂથપતિ 'ગવય' નામે વાનર પાંચ કરોડ વાનરોસહિત આવી પહોંચ્યો.[૨૩] મહાબળવાન યૂથપતિ 'દરીમુખ' નામનો વાનર એક ખર્વ વાનરસૈન્ય સહિત સુગ્રીવની આગળ આવી પહોંચ્યો. [૨૪]અશ્વિનીકુમારના પુત્રો મહાબળવાન મૈંદ અને દ્વિવિદ એ બન્ને જણા એક એક ખર્વ વાનરસેનાસહિત ત્યાં જોવામાં આવ્યા.[૨૫] મહાતેજસ્વી 'ગજ' નામે વાનર ત્રણ કરોડ વાનરોને લઇને સુગ્રીવની પાસે આવી પહોંચ્યો.[૨૬] નિરંતર સુગ્રીવને વશ વર્તનાર રીંછોનો રાજા મહાતેજસ્વી જાંબવાન દશ કરોડ રીંછોને સાથે લઇ આવ્યો. બળવાન વાનરોથી વીંટાયેલો તેજસ્વી 'રૂપણ' નામે વાનર એક વૃંદસેના લઇને ઉતાવળે આવી પહોંચ્યો. તેની પાછળને પાછળ જ એક શંકુ અને એક સો વાનરોસહિત 'ગંધમાદન' નામનો વાનર આવી પહોંચ્યો. વાલીના સરખો પરાક્રમી યુવરાજ અંગદ બે અંત્ય સંખ્યા જેટલા વાનરોસહિત ત્યાં આવ્યો. નક્ષત્ર સમાન તેજસ્વી 'તાર' નામનો વાનર* ભયંકર પરાક્રમવાળા પાંચ કરોડ વાનરોસહિતદૂરથી

+મોટા મોટા વાનરોના યૂથોના અધિપતિઓ.

*રૂમાનો પિતા નહિ, બીજો.

આવતો જોવામાં આવ્યો. શૂરવીર યૂથપતિ 'ઇંદ્રજાનુ' નામનો વાનર અગીઆર કરોડ વાનરસૈન્યસહિત જણાતો હતો. મધ્યાહ્નના સૂર્ય સરખી કાંતિવાળો 'રંભ' નામનો કપિ અગીઆર હજાર અને એક સો વાનરોથી વીંટાઇને આવ્યો હતો. શૂરવીર અને બળવાન યથપતિ 'દુર્મુખ' નામે વાનર બે કરોડ વાનરોને સાથે લઇ આવી પહોચ્યો. કૈલાસપર્વતના શિખર સમાન પ્રૌઢદેહવાળા અને ભયંકર પરાક્રમવાળા એક ખર્વ વાનરોથી વીંટાયેલો વાયુસુત હનુમાન અને વૃક્ષોમાં નિવાસ કરનારા એક વૃંદ, એક હજાર અને એક સો વાનરોથી વીંટાયેલો નળ વાનર એ બન્ને ત્યાં હાજર થયા અને દશ કરોડ વાનરોથી વીંટાયેલો શ્રીમાન 'હરીમુખ' નામનો વાનર+ મોટી ગર્જના કરતો મહાત્મા સુગ્રીવની સમીપ આવી પહોંચ્યો. વળી ઇચ્છિતરૂપ ધરનારા શરભ, કુમુદ, વહ્નિ અને રંહ વગેરે બીજા પણ અસંખ્યાત યૂથપતિ વાનરો પૃથ્વી, પર્વતો તથા વનોને આચ્છાદિત કરતા સુગ્રીવની પાસે આવી પહોંચ્યા, અને તેની આગળ પૃથ્વીપર બેઠા.[૨૭-૩૯] તેમાંના કેટલાએક વાનરો તો કૂદતા, દોડતા અને ગર્જના કરતા, જેમ વાદળાં સૂર્યપ્રત્યે આવે તેમ સુગ્રીવ ભણી આવતા હતા.[૪૦]

અનેક પ્રકારના શબ્દ કરનારા, મહાપરાક્રમી અને બાહુબળવાળા એ સર્વ વાનરો એક પછી એક એમ સુગ્રીવની આગળ આવી તેને પ્રણામ કરી પોતાનું આગમન જણાવવા લાગ્યા.[૪૧] કેટલાએક યૂથપતિ વાનરો સુગ્રીવની પાસે આવી–મળીને જવા લાગ્યા, તેમજ હનુમાનાદિ મુખ્ય વાનરો સુગ્રીવની પાસે આવી હાથ જોડી ઉભા રહ્યા.[૪૨] પછી રાજધર્મને જાણનારા સુગ્રીવે હાથ જોડી શ્રીમાન રઘુવીરને આવી પહોંચેલી સઘળી વાનરસેના નિવેદન કરી; અર્થાત્ "આ સર્વ સૈન્ય તમારૂંજ છે." એમ કહ્યું. પછી નિવાસસ્થળ માટે ઉતાવળા થતા સર્વ યૂથપાલોને સુગ્રીવે કહ્યું કે:–[૪૩] "હે વાનરેન્દ્રો! તમે પોત પોતાનાં સૈન્યોને સુખ થાય તેવી રીતે નાના પ્રકારનાં વનો તથા પર્વતોનાં ઝરણાંઓમાં યુક્તિપૂર્વક ગોઠવણીથી ઉતારા આપો કે જેથી સેનાને જાણનારો સેનાધ્યક્ષ કોણ આવ્યું છે અને કોણ નથી આવ્યું; એ બાબતને સારી રીતે જાણી શકે."[૪૪]

यथासुखं पर्वतनिर्झरेषु वनेषु सर्वेषु च वानरेन्द्राः । निवेशयित्वा विधिवद्बलानि बलं बलज्ञः प्रतिपत्तुमीष्टे ॥ ४४ ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિન્ધાકાંડમાં ઓગણચાલીશમો સર્ગ સંપૂર્ણ. ૩૯

સર્ગ ૪૦ મો.

પૂર્વ દિશામાં સીતાની શોધ કરવા માટે વિનત વગેરે વાનરોને આજ્ઞા–પૂર્વ દિશાનું વર્ણન.

अथ राजा समृद्धार्थः सुग्रीवः प्लवगेश्वरः । उवाच नरशार्दूलं रामं परबलार्दनम् ॥१॥

આખી પૃથ્વીમાંના સર્વ વાનરો એકત્ર થયા અને તેઓએ જુદે જુદે સ્થળે પોતપોતાનો ઉતારો લીધો, ત્યાર પછી વૃદ્ધિ પામેલી સમૃદ્ધિવાળો વાનરાધિપતિ સુગ્રીવ શત્રુઓની સેનાનું મર્દન કરનારા નરવીર રામચંદ્ર પ્રત્યે હાથ જોડીને કહેવા લાગ્યો કે:–[૧]

"હે રઘુવીર! મારા રાજ્યમાં વસનારા, ઇચ્છિત ગતિ કરનારા, ઇંદ્રસરખી શોભાવાળા અને અત્યંત બળવાળા સર્વ વાનરો અત્રે આવી ચુકયા છે; અને તેઓએ પોતપોતાની સેનાઓને ઉતારા પણ આપ્યા છે.[૨] દૈત્યો અને દાનવો સરખા પરાક્રમી અને ભયંકર સ્વરૂપવાળા એ યૂથપતિ વાનરો, અત્યંત બળવાળા તથા ઘણાં સ્થળે પરાક્રમ દર્શાવી ચુકેલાં અસંખ્યાત વાનરસૈન્યોને સાથે લઇ આવેલા છે.[૩] હે રામ! તે સર્વ વાનરો યુદ્ધને વિષે

+ બીજો

પ્રસિદ્ધ શૌર્યવાળા, બળવાન, આલસ્યરહિત, પરાક્રમથી વિખ્યાત થયેલા અને ઉદ્યોગ કરવામાં ઉત્સાહી છે.[૪] હે રઘુવીર ! પર્વત વગેરે સ્થળોમાં વસનારા તેઓ આખી પૃથ્વીમાં તથા જળમાં પણ ગતિ કરવાની શક્તિ ધરાવે છે. તેઓ કોટયવધિ સંખ્યામાં તમારી આગળ કિંકર રૂપે હાજર થયેલા છે.[૫] હે શત્રુદમન ! તે સર્વ વાનરો પોતાના સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તનારા તથા તેના હિતમાં તત્પર રહેનારા છે. તેઓ તમારી ઇચ્છા પ્રમાણે સઘળું કાર્ય કરી શકશે.[૬] (દૈત્યો અને દાનવો સરખા આ સર્વ યૂથપાલક વાનરો અત્યંત પરાક્રમવાળા હજારો અને કરોડોની સંખ્યામાં વાનરસૈન્યોને લઈ અહીંયાં આવેલા છે.)*[૭] માટે હે નરવ્યાઘ્ર ! હવે તમે તમારી ઇચ્છા પ્રમાણે તેઓને સમયોચિત આજ્ઞા આપો. એકત્ર થયેલું સર્વ સૈન્ય તમારૂંજ છે, અને તમારેજ વશ વર્તનારૂં છે, માટે તમારેજ તેને આજ્ઞા આપવી યોગ્ય છે.[૮] હે રઘુવીર ! જો કે સીતાની શોધ કરવાના તમારા કાર્યને હું સારી રીતે જાણું છું, તોપણ અમો સર્વના પ્રભુ હોવાથી તમેજ સર્વને આજ્ઞા કરવા યોગ્ય છો.[૯]

સુગ્રીવનાં વચન સાંભળી દશરથનંદન રઘુવીરે પોતાની બન્ને ભુજાઓ પસારી તેને હૃદય સરસો ચાંપીને કહ્યું કે,[૧૦] "હે સૌમ્ય ! હે મહાબુદ્ધિમાન વાનરેશ્વર ! પ્રથમતો જનકનંદિની સીતા જીવતી છે કે નહિ તેનો તથા રાવણ કયા સ્થળે વસે છે તેનો તું ભાળ મેળવ.[૧૧] સીતા સંબંધી સમાચાર તથા રાવણના નિવાસસ્થળનો માહિતી મળ્યા પછી હું તારી સહાયથી સમયને અનુસરી જે કાર્ય કરવું યોગ્ય લાગશે તે કરીશ.[૧૨] હે વાનરેન્દ્ર ! આ કાર્ય કરવામાં હેતુ (કારણ) રૂપ તથા પ્રભુ (સમર્થ) તુંજ છે; હું અથવા લક્ષ્મણ તેમાં કોઈ પણ વાતે સમર્થ નથી.[૧૩] હે વાનરેશ્વર ! મારા કાર્યનો નિશ્ચય કરીને તું વાનરસેનાને કાર્ય કરવાની આજ્ઞા આપ. હે વીર ! મારા કાર્ય સંબંધે તારાથી કાંઈ પણ અજાણ્યું નથી.[૧૪] હે સુગ્રીવ ! અત્યંત પરાક્રમી, બુદ્ધિશાળી, દેશકાળને જાણનારો, મારા હિતમાં તત્પર રહેનારો, સ્નેહવાળો, હિતોપદેશ કરનારો અને સત્યાસત્યનો નિર્ણય કરનારાઓમાં શ્રેષ્ઠ એવો તું આ વનને વિષે મને ખરેખર લક્ષ્મણ સરખોજ બીજો બંધુ મળી આવ્યો છે."[૧૫]

શ્રીમાન રામચંદ્રનાં સ્નેહભર્યાં વચન સાંભળીને હર્ષિત થયેલા વાનરાધિપતિ સુગ્રીવે રઘુવીર તથા લક્ષ્મણના સાંનિધ્યમાંજ સીતાની શોધ કરવા માટે જુદી જુદી દિશાઓમાં જવા સારૂ જુદા જુદા વાનરયૂથોની યોજના કરવા માંડી. પ્રથમ તેણે પર્વત સમાન દેહવાળા અને મેઘ સરખી ગર્જના કરનારા વાનરોના અધિપતિ 'વિનત' નામના યૂથપતિને બોલાવી કહ્યું કે, "હે વાનરોત્તમ ! તું કાર્યનો નિશ્ચય કરવામાં ઘણો ચતુર છે, માટે સૂર્ય-ચંદ્ર સરખા તેજસ્વી અને દેશ, કાળ તથા નીતિને જાણનારા એક લક્ષ વાનરોને સાથે લઇને અનેક પર્વતો, વનો તથા ઉપવનોવાળી પૂર્વ દિશા તરફ જા અને ત્યાં આવેલા પર્વતોના દુર્ગમ સ્થળો, વનો તથા નદીઓને વિષે વિદેહ પુત્રી સીતાની તેમજ રાવણના નિવાસ સ્થાનની શોધ કર.* હે વિનત ! પૂર્વ દિશામાં આવેલી રમણીય ભાગીરથી, સરયૂ, કૌશિકી, કલિંદ પર્વતમાંથી નીકળનારી કાલિંદી અથવા યમુના, મણિ સમાન નિર્મળ જળવાળો સિંધુ તથા શોણનદ, સરસ્વતી અને પર્વતો તથા વનોથી શોભી રહેલી મહી અને કાળમહી વગેરે નદીઓના પ્રદેશોને વિષે, તેમજ બ્રહ્મમાળ, વિદેહ,

*આ સર્ગના ત્રીજા શ્લોકના જેવોજ ભાવાર્થ આ શ્લોકમાં પણ છે. જેથી પુનરૂક્ત સમાન જણાવાથી અત્રે કાંસમાં લીધો છે.

* શંકા:—સુગ્રીવ આખા ભૂમંડળને જાણતો હતો ત્યારે સીતાની તથા રાવણના નિવાસસ્થળની શોધ માટે જુદા જુદા કપિઓને ચારે દિશામાં શા માટે મોકલ્યા ? માત્ર સીતાની હયાતી જાણવા માટે દક્ષિણ દિશામાં આવેલી લંકા તરફજ મોકલવાની જરૂર હતી.

માળવ, કાશીકોશળ, મ્હોટાં આશ્રમો વાળો મગધ, પુંડ્ર, અંગ, કોશકારોની ભૂમિ* તથા સોના રૂપાની ખાણોવાળા દેશોમાં જઈને તમે સર્વેએ અતિ પ્રયત્નથી રામચંદ્રની પ્રિય પત્ની સીતાની સારી રીતે શોધ કરવી. ૧૬-૨૪ વળી સમુદ્ર મધ્યે આવેલા પર્વતો અને દ્વીપોને વિશે તથા તેઓપર વસેલાં શહેરોને વિશે, તેમજ મંદરાચળની તળેટીમાં આવેલાં ગામોમાં પણ તમારે સીતાની ઘણે પ્રકારે શોધ કરવી. ૨૫ કિરાત દેશોમાં વસતા કિરાતો કે જેઓમાંના કેટલાએક વસ્ત્ર સરખા લાંબા-લબડતા કાનવાળા, કેટલાએક ઓષ્ઠ પર્યંત લંબાયમાન કર્ણવાળા, કેટલાએક લોઢાના સરખા કાળા અને ભયંકર મુખવાળા તથા કેટલાએક એક ચરણવાળા હોઈ અત્યંત વેગથી ચાલનારા હોય છે તેઓનાં નિવાસસ્થાનોને વિશે, તથા અક્ષય સંતતિવાળા અને પુરૂષોનું ભક્ષણ કરનારા મહા બળવાન રાક્ષસો સરખા કિરાતોના દેશોને વિશે, તેમજ સુવર્ણ સરખી કાંતિવાળા, સુંદર દેખાવવાળા, સોયના સરખા તીક્ષ્ણ કેશવાળા અને કાચાં મત્સ્યોનું ભક્ષણ કરનારા દ્વીપવાસી કિરાતો કે જેઓ પ્રાયઃ જળને વિશેજ ફરનારા હોય છે તથા 'નરવ્યાઘ્ર' એવા નામથી ઓળખાય છે, તેઓના દેશોને વિશે પણ અતિ પ્રયત્નથી સીતાની શોધ કરવી. વળી વનવાસી જનોનાં નિવાસસ્થળો પણ શોધવાં, તેમજ પર્વતોનું ઉલ્લંઘન કરીને, ઉડીને કિંવા કૂદીને પણ જે જે દેશો પ્રત્યે જઈ શકાય એમ હોય તે તે દેશો પ્રત્યે જઇને સીતાની શોધ કરવી. ૨૬-૨૯ હે વાનરોત્તમો! તમે સાત રાજ્યોથી શોભતા યવદ્વીપ* પ્રત્યે જજો કે જ્યાં સોના તથા રૂપાની ખાણો આવેલી છે અને જ્યાં સુવર્ણની શોધ કરનારા મ્હોટા મ્હોટા કારીગરો વસે છે; ત્યાં પણ તમે રામપત્ની સીતાની ખોળ કરજો. ૩૦ યવદ્વીપનું ઉલ્લંઘન કરી આગળ જશો એટલે દેવો અને દાનવોએ સેવેલો એક 'શિશિર' નામનો મ્હોટો પર્વત આવશે, કે જેનાં શિખરો આકાશને અડક્યાં હોય એમ જણાય છે. ૩૧ હે કપિવરો! એ દ્વીપોને વિશે આવેલા પર્વતોની મ્હોટી મ્હોટી ગુફાઓ, જળના ઝરાઓ અને વનોને વિશે તમે સૌ મળીને રામચંદ્રનાં પ્રિય પત્ની સીતાની ખોળ કરો. ૩૨ ત્યાર પછી સમુદ્ર આવશે, તેને ઉલ્લંઘી તમે તેની સામે પાર જઈ થોડેક ચાલશો એટલે સિદ્ધ તથા ચારણાદિકોએ સેવેલા અને ઉતાવળે વહન કરનારા રાતા જળવાળા શોહાનદપર પહોંચશો; ૩૩ તેનાં રમ્ય તીર્થોમાં તથા વિચિત્ર વનોમાં ચારે બાજુએ સીતા સહિત રાવણની શોધ કરજો. ૩૪ એ પ્રદેશમાં આવેલા પર્વતોમાંથી વહેતી નદીઓ કે જેના બન્ને તટોપર અનેક ઘોર જંગલો આવેલાં છે તેને વિશે, તેમજ મ્હોટી મ્હોટી ગુફાઓવાળા પર્વતો અને વનોને વિશે પણ તમારે સીતાસહિત રાવણની ખોળ કરવી. ૩૫ હે વાનરયુથ પાલક! ત્યાંથી આગળ ચાલતાં અત્યંત ભયંકર સમુદ્રોના મ્હોટા દ્વીપો તમારા જોવામાં આવશે; તથા ઘણી લહરીઓવાળો અને વાયુના સપાટાથી ભારે ગર્જના કરનારો ઇક્ષુ સમુદ્ર+ પણ તમારી દૃષ્ટિએ પડશે; ૩૬ એ સમુદ્રને વિશે

સમાધાનઃ—**चतुर्दिक्षु रावण वासस्थानमनेन सूचितम्।** "રાવણનાં નિવાસસ્થળો ભરતખંડની ચારેબાજૂએ હતાં એવું આ ઉપરથી જણાય છે:" પરંતુ મુખ્ય રાજધાનીનું શહેર તો લંકાજ હોવું જોઇએ. રાવણે ચારે દિશાઓમાંનાં નિવાસસ્થળો પૈકી કયા નિવાસ સ્થળે સીતાને રાખ્યાં હશે એ જાણવામાટે સુગ્રીવે ચારે દિશામાં જુદા જુદા વાનરોને મોકલ્યા હોય એમ જણાય છે. પ્રસંગવશાત્ તે તે દિશામાં આવેલાં સ્થળોનું વિશેષ વર્ણન કવિએ કર્યું હોય એમ જણાય છે.-તિલક ટીકાના આધારે.

* રેશમના કીડાની ભૂમિ અર્થાત્ ચીનદેશ.

* હાલમાં જેને 'જાવાબેટ' અથવા 'જાવાનો ટાપુ' કહે છે તે.

+ શેરડીના રસ જેવા જળથી ભરેલો મહાસાગર.

મ્હોટી કાયાવાળા અને ઘણાકાળના બુભુક્ષિત* એવા અસુરો બ્રહ્મદેવની આજ્ઞાથી નિરંતર પ્રાણીઓની છાયાને ગ્રહણ કરે છે, અર્થાત્ પ્રાણીઓની છાયાને જોતાંજ તે પ્રાણીઓને પકડી લે છે અને ભક્ષણ કરી જાય છે. ૩૭ એ સમુદ્રનું જળ શ્યામ હોવાને લીધે પ્રલયકાળના મેઘ સરખું લાગે છે, અને તેમાં મ્હોટા મ્હોટા સર્પો નિવાસ કરે છે. તેમાં ઉતરવાના માર્ગથી અથવા બીજા હરકોઈ ઉપાયથી× તમે તેની પાર જશો, ત્યારે રાતા જળવાળો 'લોહિત' નામનો મહાસાગર તમારા જોવામાં આવશે. તેને પાર કરી આગળ વધશો એટલે એક મ્હોટા શાલ્મલી વૃક્ષને જોશો. ૩૮-૩૯ ત્યાં આગળ દેવોના શિલ્પી વિશ્વકર્માએ બનાવેલું ગરૂડનું દિવ્ય ગૃહ કે જે નાના પ્રકારનાં રત્નોથી શણગારેલું તથા કૈલાસ પર્વત સરખું સુશોભિત છે તે પણ તમારા જોવામાં આવશે. ૪૦ એ દ્વીપને વિશે અનેક પ્રકારનાં ભયંકર રૂપવાળા અને પર્વતપ્રાય દેહવાળા 'મંદેહ' નામના રાક્ષસો પર્વતોના શિખરોપર ઉંધે મસ્તકે લટકયા કરે છે, ૪૧ અને નિત્ય પ્રતિ સૂર્યોદય સમયે સૂર્યની સામે યુદ્ધ કરવાને જાય છે, ત્યારે સૂર્યનાં પ્રખર કિરણોથી તપીને તથા બ્રાહ્મણોના ગાયત્રીમંત્રજપના પ્રભાવથી હણાઈને તે મંદેહ રાક્ષસો જળમાં પડે છે અને પુનઃ પુનઃ શિખરોપર જઈને લટકાય છે.+ હે મહા સમર્થ વાનરો ! ત્યાંથી આગળ જતાં શ્વેત મેઘ સરખો તથા ઉપરાઉપરી ઉઠતી લહરીઓને લીધે મોતીના હાર સમાન જણાતો ક્ષીરસમુદ્ર* તમારી દૃષ્ટિએ પડશે. એ સમુદ્રની વચ્ચે, દિવ્ય સુગંધવાળાં પુષ્પોથી ખીલેલાં વૃક્ષો વડે ઢંકાયેલો શ્વેતવર્ણનો 'ઋષભ' નામનો મ્હોટો પર્વત આવેલો છે; તેમજ સુવર્ણ સરખી રજવાળાં પ્રકાશમાન શ્વેત કમળોથી તથા રાજહંસોથી શોભતું 'સુદર્શન' નામનું રમ્ય સરોવર આવેલું છે; જેને વિશે દેવો, ચારણો, યક્ષો, કિન્નરો તથા અપ્સરાઓના સમૂહો ક્રીડા કરવા અર્થે અતિ હર્ષપૂર્વક જાય છે. હે વાનરો ! એ ક્ષીરસાગરનું ઉલ્લંઘન કર્યા પછી સર્વ ભૂત-પ્રાણીઓના ભયને નિવૃત્ત કરનારો શુદ્ધોદક× સાગર તમારા જોવામાં આવશે. હે કપિશ્રેષ્ઠો ! એ સમુદ્રને વિશે 'ઔર્વ' નામના બ્રહ્મર્ષિના ક્રોધથી ઉત્પન્ન થયેલા વડવાગ્નિનું÷ મહાન હયમુખ§ પ્રકાશી રહ્યું છે. ૪૨-૪૮ મહા વેગવાળું આ સંપૂર્ણ ચરાચર જગત પ્રલયકાળ વખતે એ વડવાગ્નિના ભક્ષ્યરૂપ થાય છે. એ અગ્નિનું ભયંકર હયમુખ જોઈને સમુદ્રમાં તેમજ સમુદ્રના કિનારાપર વસનારાં સમર્થ અને અસમર્થ એવાં સર્વ પ્રાણીઓ નિરંતર મ્હોટા આક્રોશ કર્યા કરે છે, તે તમારા સાંભળવામાં આવશે. ૪૯ એ શુદ્ધોદક સમુદ્રથી ઉત્તર દિશા તરફ તેર યોજન ઉપર સુવર્ણ સમાન કાંતિવાળો 'જાતરૂપ શિલ+' નામનો એક મ્હોટો પર્વત આવેલો છે. ૫૦ હે વાનરો ! તમે ત્યાં જશો ત્યારે આખી પૃથ્વીને ધારણ કરનારા અને

* ભૂખ્યા.

× સમુદ્રમાં વસતા છાયાગ્રાહી અસુરો તથા સર્પોથી હરકત થાય નહિ તેવા ઉપાયથી.

+ દ્વિજોના આહ્નિકસંગ્રહ ગ્રંથમાં લખ્યું છે કે:—**गायत्रीं शिरसा हीनां महाव्याहृति पूर्वकाम् । प्रणवाद्य जपस्तिष्ठन् क्षिपेद्वा अंजलित्रयम् ॥ तेन वज्रोदकेनाशु मन्देहा नाम राक्षसाः । सूर्यान्वयः [illegible]यन्ते शैला वज्रहता इव ॥** 'आपो ज्योतीरसोऽ' ઇત્યાદિ શિરોભાગ રહિત ત્રણ મહા વ્યાહૃતિ અને ઉપકારયુક્ત ગાયત્રી મંત્રનો ઉભા થઈ જપ કરતાં દ્વિજે ત્રણવાર સૂર્યને અર્ઘ્યપ્રદાન કરવું. એમ કરવાથી એ વજ્રરૂપ જળવડે સૂર્યના શત્રુ 'મંદેહ' નામક રાક્ષસોનો, વજ્રથી હણાતા પર્વતોની પેઠે નાશ થાય છે.

* દૂધના જેવા જળથી ભરેલો સમુદ્ર.

× મીઠા જળનો સમુદ્ર.

÷ સમુદ્રના જળનું શોષણ કરનારા અગ્નિનું 'વડવાગ્નિ' નામ પ્રસિદ્ધ છે.

§ અશ્વ સરખું મુખ.

+ સુવર્ણની શિલાઓવાળો પર્વત.

ચંદ્ર સરખી કાંતિવાળા અનંત (નાગ) દેવને જોશો. સર્વ દેવો જેને નમન કરે છે એવા અને પર્વતના અગ્ર ભાગને વિશે બેઠેલા એ અનંત દેવ કમળપત્ર સમાન વિશાળ નેત્રવાળા, હજાર મસ્તકવાળા તથા નીલ વસ્ત્રને ધારણ કરનારા છે. ૫૧-૫૨ એ પર્વતના શિખરને વિશે ઉત્તમ વેદી બનાવી તેના ઉપર સર્વ દેવોએ મહાત્મા અનંત દેવની ધ્વજારૂપે ત્રણ શાખાવાળા સુવર્ણમય તામવૃક્ષનું સ્થાપન કર્યું છે, કે જે ઉપરથી પૂર્વ દિશાની વ્યવસ્થાનું નિર્માણ થાય છે. ત્યાંથી આગળ જતાં સુવર્ણમય શ્રીમાન ઉદયાચલ આવે છે. ૫૩-૫૪ જેનો સો યોજન વિસ્તારવાળો અને વેદિયુક્ત સુવર્ણમય દિવ્ય અગ્ર ભાગ આકાશને સ્પર્શ કરી શોભી રહ્યો છે. ૫૫ એ ઉદયાચળ પ્રફુલ્લિત પુષ્પોવાળાં અને સૂર્ય સરખાં પ્રકાશમાન સાળ, તાળ, તમાલ તથા કર્ણિકાર વગેરેનાં સુવર્ણમય દિવ્ય વૃક્ષોથી શોભી રહ્યો છે. ૫૬ એ ઉદયાચળના અગ્રભાગ ઉપર એક યોજન વિસ્તારવાળું અને દશ યોજન ઊંચું 'સૌમનસ' નામનું સુવર્ણનું એક દૃઢ શિખર છે. ૫૭ એ શિખર ઉપર પૂર્વે ત્રણ ડગલાં ભરવા સમયે પુરૂષોત્તમ શ્રી વામનસ્વરૂપે પ્રથમ પગલું મૂકીને, બીજું પગલું મેરૂ પર્વતના શિખરપર મૂક્યું હતું. ૫૮ અસ્ત પામ્યા પછી ઉત્તર દિશાના માર્ગથી જંબુદ્વીપની પરિક્રમા કરીને સૂર્યનારાયણ પુનઃ એ શિખર ઉપર આવી જંબુદ્વીપવાસીઓને દર્શન આપે છે, અર્થાત્ ઉદય પામે છે. ૫૯ એ શિખરને વિશે સૂર્ય સરખા વર્ણવાળા તપસ્વી અને વૈખાનસવૃત્તિને ધારણ કરનારા વાલખિલ્ય મહર્ષિઓ પ્રકટપણે દર્શન દે છે. ૬૦ એ સૌમનસ શિખર કે જેની સમીપમાંજ સુદર્શન દ્વીપ પ્રકાશી રહ્યો છે તેનાપર સૂર્યોદય થતાં સર્વ પ્રાણીઓનાં ચક્ષુ તથા તેજ પ્રકાશિત થાય છે. ૬૧ હે વાનરો! એ ઉદયાચળના પાછલા ભાગમાં, તેની ગુફાઓમાં, તેમજ તેની આસપાસનાં વનોમાં, એમ સર્વત્ર તમે સીતા સહિત રાવણની ખોળ કરજો. ૬૨ એ સુવર્ણમય ઉદય પર્વત તથા મહાત્મા સૂર્યનાં કિરણોના તેજ વડે વ્યાપ્ત થવાને લીધે પૂર્વ દિશા સંધ્યા સમયે રક્તવર્ણી પ્રકાશે છે. ૬૩ સ્વયંભૂ બ્રહ્મદેવે સમસ્ત ભુવનોને પ્રકાશિત કરવા સારૂ સૂર્યની આવશ્યકતા જાણીને પ્રથમથીજ એ ઉદયાચળને આખી પૃથ્વીના દ્વારરૂપે નિર્માણ કર્યો છે, તેથી તે દિશાને પૂર્વ દિશા કહે છે. ૬૪ હે વાનરશ્રેષ્ઠો! હું તમને પુનઃ પણ કહું છું કે એ ઉદયાચળના પાછલા ભાગમાં, તેની ગુફાઓમાં તથા તેના ઝરાઓમાં તમારે સીતા સહિત રાવણની ચોતરફ ખોળ કરવી. ૬૫ હે વાનરો! એ ઉદયાચળથી આગળની પૂર્વ દિશા સૂર્ય અને ચંદ્રાદિના પ્રકાશથી રહિત હોવાને લીધે અંધકારમય છે અને અદ્રશ્ય છે; તેમજ ત્યાં માત્ર દેવતાઓનીજ ગતિ હોવાને લીધે તમારાથી જઈ શકાશે નહિ. ૬૬ મેં વર્ણવેલા સર્વ પર્વતો, ગુફાઓ, નદીઓ તથા દેશોમાં તેમજ જેનું વર્ણન મેં ન કર્યું હોય એવાં વચ્ચમાં આવતાં સ્થળોમાં પણ તમારે જવું અને સર્વત્ર સીતાની શોધ કરવી. ૬૭ હે વાનરોત્તમો! આપણે-વાનરો એ ઉદયાચળ પર્વત જઈ શકીએ એમ છે. તે પછીનો ભાગ સૂર્યના પ્રકાશ વિનાનો તથા મર્યાદારહિત હોવાને લીધે આપણે તેને જાણી શકીએ તેમ નથી; ૬૮ માટે તમે ઉદયાચળ પર્વત ખોળ કરી સીતાની, તેમજ રાવણના નિવાસસ્થાનની ભાળ મેળવી, એક માસની અંદર પાછા આવજો. ૬૯ કોઇએ પણ એક માસની ઉપરાંત રોકાવું નહિ. જે વાનર આ અવધિનું ઉલ્લંઘન કરશે તે દેહાંત શિક્ષાને પ્રાપ્ત થશે. હે વાનરો! તમે સુખેથી જાઓ અને સીતા શોધનું કાર્ય કરી સત્વર પાછા આવો. ૭૦ હે વાનરો! અનેક પ્રકારનાં વનોથી શોભતી ઈંદ્રની સ્ત્રી રૂપ* પૂર્વ દિશાને

* પૂર્વ દિશાનો સ્વામી ઈંદ્ર હોવાથી તેને ઈંદ્રની સ્ત્રી કહી છે.

विशे चतुराईथी फरी वळीने तथा रघुवंशोत्पन्न श्रीरामचंद्रनी प्रिय पत्नी सीताने प्राप्त करीने तमे सत्वर पाछा वळशो अने सुखी थशो." ७१

महेन्द्रकान्तां वनषण्डमण्डितां दिशं चरित्वा निपुणेन वानराः। अवाप्य सीतां रघुवंशजप्रियां ततो निवृत्ताः सुखिनो भविष्यथ ॥७१॥

इतिश्री वाल्मीकीय रामायण आदि काव्यना किष्किंधाकांडमां चालीशमो सर्ग संपूर्ण. ४०.

सर्ग ४१ मो.

दक्षिण दिशानुं वर्णन अने ते तरफ जवानी हनुमान वगेरेने आज्ञा.

ततः प्रस्थाप्य सुग्रीवस्तन्महद्वानरं बलम्। दक्षिणां प्रेषयामास वानरानभि लक्षितान् ॥१॥

म्होटा कपि सैन्य सहित विनत वानरने पूर्व दिशा तरफ प्रस्थान करवानुं कहीने, कपिराज सुग्रीव सीता शोधना कार्यमां समर्थ धारी राखेला बीजा वानरोने दक्षिण दिशामां मोकलवा लाग्यो.[1] तेमां अग्निनो पुत्र नील, वायुपुत्र हनुमान, पितामहनो पुत्र महाबळवान जांबवान, [2]सुहोत्र, शरारि, शरगुल्म, गज, गवाक्ष, गवय, सुषेण, ऋषभ, [3]मैंद, द्विविद, विजय, गंधमादन अने हुताशनना पुत्रो उल्कामुख तथा अनंग वगेरे अत्यंत वेगवाळा अने पराक्रमवाळा शूरवीर वानरोने नियुक्त कर्या अने ते सर्वना अग्रेसर तरीके युवराज अंगदने नियुक्त कर्यो. शूरवीर अंगदने कपिसेनानो नायक बनावी देश–कालने जाणनारा कपीश्वर सुग्रीवे तेने दक्षिण दिशा प्रत्ये जवानी आज्ञा आपतां ते दिशामां जे जे दुर्गम प्रदेशो हता तेनुं वर्णन करवा माडयुं. ४–७

सुग्रीव कहे छे:–"हे कपिवरो! दक्षिण दिशामां प्रथम तमे हजारो शिखरोवाळा अने नाना प्रकारनां वृक्षो तथा लताओथी शोभी रहेला विंध्याचळ उपर जजो अने त्यां सती सीतानी सारी रीते शोध करजो. त्यांथी म्होटा सर्पोए सेवेली रम्य नमर्दा नदी, ते पछी महानदी गोदावरी अने कृष्णवेणी प्रत्ये जई सीतानी शोध करजो. ते पछी मेखळ, उत्कळ अने दशार्ण वगेरे नगरो तथा आब्रवंती अने अवंती आदि नगरीओने विशे जई शोध करजो. त्यांथी विदर्भ, ऋष्टिक, रमणीय माहिष्मत, मत्स्य, कलिंग अने कौशिक वगेरे देशोने विशे चोतरफ फरीने तमे सीतानी शोध करजो. अनेक पर्वतो, नदीओ तथा गुफाओवाळा सघळा दंडकारण्यमां तेमज गोदावरी नदीना मूळ आगळ, एम सर्वत्र शोधी वळी, आंध्र, पुंड्र, चोल, पांडय अने केरळ वगेरे देशो प्रत्ये जजो. ८–१२ त्यांथी तमारे अयोमुख पर्वत प्रत्ये जवुं. ए महान पर्वत विचित्र शिखरोवाळो, अनेक प्रकारनी धातुओथी शोभतो, चित्रविचित्र पुष्पोवाळां वृक्षोथी छवायेलो तथा सुगंधीदार चंदन वृक्षोनां वनोथी सुशोभित छे. तेने विशे तमारे सीतानी सारी रीते खोळ करवी. त्यांथी आगळ चालतां निर्मळ जळवाळी दिव्य कावेरी नदी तमारा जोवामां आवशे. ए नदीना किनारापर अप्सराना समूहो निरंतर क्रीडा करे छे. त्यांथी आगळ जतां मलय पर्वत आवशे. ए महागिरिने विशे आवेला रमणीय आश्रममां बेठेला ऋषिश्रेष्ठ अगस्त्यनां तमने दर्शन थशे.* ए महर्षिने प्रसन्न करी तेमनी आज्ञा मेळवी तमे आगळ जजो; १३–१६ एटले मगरोथी भरेली ताम्रपर्णी नदी आवशे. ए महा नदीनां निर्मळ जळ तथा वचमां वचमां आवेला बेटो सुगंधित चंदन वृक्षोथी ढंकायेला छे, अने जेम कोई युवान स्त्री पोताना पति प्रत्ये जाय तेम ते नदी समुद्र प्रत्ये गमन करे छे. हे वनचरो!

* आ अगस्त्य बीजा समजवा, अथवा प्रथम जणावेला अगस्त्यनोज अत्रे बीजो आश्रम हशे.

તામ્રપર્ણી નદી ઉતરીને તમે આગળ જશો; એટલે પાંડય રાજાઓનો મણિ અને મુક્તાથી ભરેલો તથા કિલ્લાથી શોભી રહેલો સુવર્ણમય દિવ્ય દેશ તમારા જોવામાં આવશે. તે પછી તમે દક્ષિણ સમુદ્રના કિનારાપર જજો. ત્યાં જઈ તમારે તેને સામે પાર જવાનો નિશ્ચય કરવો. ૧૭-૧૯ એ સમુદ્રના કાંઠા આગળ પૂર્વે મ્હોટી ખાઈ હતી, તેથી વહાણ વગેરે સાધનોથી સમુદ્રમાં જતા પ્રાણીઓને ઘણીજ અગવડ પડતી હતી, એટલા માટે મહા મુનિ અગસ્ત્યે ત્યાં વિચિત્ર શિખરવાળા મહેંદ્ર પર્વતનું સ્થાપન કરી તે ખાઈને પૂરી નાખી છે. એ પર્વત શ્રેષ્ઠનો ઘણો ભાગ હજી પણ સમુદ્રમાંજ છે. વળી એ મહેંદ્ર પર્વત તદ્દન સોનાનો છે, તથા નાના પ્રકારનાં પ્રફુલ્લિત વૃક્ષોથી અને લતાઓથી શોભી રહ્યો છે. ૨૦-૨૧ એ પર્વતના મનોરમ સ્થળોને વિશે દેવો, ઋષિઓ, યક્ષો, અપ્સરાઓ, સિદ્ધો તથા ચારણો વગેરે નિરંતર વિહાર કરે છે; ૨૨ અને મહાત્મા ઈંદ્ર ત્યાં પ્રત્યેક પર્વણીને દિવસે આવે છે. હે વાનરોત્તમો! દક્ષિણ સમુદ્રને સામે પાર સો યોજનના વિસ્તારવાળો એક પ્રકાશમાન દ્વીપ આવે છે, જો કે ત્યાં મનુષ્યો જઈ શકતા નથી, તોપણ તમારે તેને ગમે તે ઉપાયે શોધી કાઢવો અને ત્યાં જઈ વિશેષે કરી સીતાની શોધ કરવી; ૨૩-૨૪ કેમકે તે દેશ ઈંદ્ર સરખી કાંતિવાળા, દુષ્ટ અંતઃકરણવાળા અને વધ કરવા યોગ્ય રાક્ષસોના રાજા રાવણનું નિવાસ સ્થાન છે. ૨૫ હે વાનરો! એ દક્ષિણ સમુદ્રમાં ઘણુંજ સાવધ રહેવા જેવું છે. રાવણની આજ્ઞા ઉઠાવનારી એક 'અંગારકા' નામની રાક્ષસી એ સમુદ્રમાં નિવાસ કરે છે. તે રાક્ષસી આકાશમાં ઉડતાં પ્રાણીઓની છાયાને ગ્રહણ કરી તેઓને નીચે પાડે છે અને પછી તેઓનું ભક્ષણ કરે છે. એ સિવાય બીજાં પણ અનેક વિઘ્નો એ સમુદ્રમાં રહેલાં છે. ૨૬ હે વાનરો! મેં વર્ણવેલાં સ્થળો તથા દેશોમાં, તેમજ બીજાં પણ શક પડતાં સ્થળોમાં જઈ અત્યંત તેજસ્વી રામચંદ્રની સ્ત્રી સતી સીતાની તમે શોધ કરજો અને જ્યાં જ્યાં સીતાનો પત્તો લાગે નહિ ત્યાં ત્યાંથી આગળ વધજો. ૨૭ હે હનુમાનાદિ શૂરવીર વાનરો! સમુદ્રની મધ્યે આવેલા એ લંકા દ્વીપને ઉલ્લંઘીને પણ તમે જ્યારે આગળ જશો ત્યારે સિદ્ધો અને ચારણોએ સેવેલો શ્રીમાન 'પુષ્પિતક' નામનો પર્વત આવશે. ૨૮ સમુદ્ર જળનો આશ્રય કરી રહેલો એ મહાન પર્વત ચંદ્ર—સૂર્ય સરખા પ્રકાશવાળો તથા ઉંચા શિખરોને લીધે જાણે આકાશને અડકતો હોય એવો દેખાય છે! ૨૯ એ પર્વતના સુવર્ણમય શિખરનું સૂર્યનારાયણ નિત્ય સેવન કરે છે. કૃતઘ્ની, ક્રૂર તથા નાસ્તિક પુરૂષો તેને દૃષ્ટિથી જોઈ શકતા નથી. ૩૦ હે વાનરો! એ પર્વત પ્રત્યે જઈ તેને મસ્તક વડે પ્રણામ કરી ત્યાં સીતાને સારી રીતે શોધજો. ત્યાર પછી તેનું અતિક્રમણ કરી દુર્ગમ માર્ગે પ્રયાણ કરતાં ચૌદ યોજન જશો એટલે 'સૂર્યવાન્' નામનો પર્વત આવશે. ત્યાં શોધ કરી આગળ જશો એટલે સર્વ ઋતુમાં ઇચ્છિત ફળ આપનારાં મનોહર વૃક્ષોથી શોભી રહેલો 'વૈદ્યુત' નામનો રમણીય પર્વત આવશે. એ પર્વતપર બેસી, તેનાં ઉત્તમ સ્વાદવાળાં ફળ—મૂળોનો આહાર કરી તથા પાન કરવા યોગ્ય શ્રેષ્ઠ મધુ (પુષ્પરસ)નું પાન કરી તમે જશો એટલે નેત્ર તથા મનને આનંદ આપનારો 'કુંજર' નામનો પર્વત તમારી દૃષ્ટિએ પડશે. ૩૧-૩૪ એ પર્વત ઉપર દેવોના શિલ્પી વિશ્વકર્માએ અગસ્ત્ય ઋષિને રહેવા લાયક ઉત્તમ સુવર્ણમંદિર બનાવ્યું છે. એ મંદિર નાના પ્રકારનાં રત્નોથી શણગારેલું, એક યોજન વિસ્તારવાળું અને દશ યોજન ઉંચું છે. એ કુંજર પર્વતને વિષે સર્પોને વસવાની 'ભોગવતી' નામની નગરી છે. ૩૫-૩૬ એ નગરીના રાજમાર્ગ ઘણાજ વિશાળ છે; અને તીક્ષ્ણ દાઢવાળા મહા ઝેરી સર્પો તેનું ચોમેરથી રક્ષણ કરતા હોવાને લીધે તેમાં

પ્રવેશ કરવો અત્યંત કઠિન છે. ૩૭ સર્પોનો રાજા વાસુકિ તેમાં નિવાસ કરે છે. હે વાનરો! તમે ગમે તે ઉપાયે તે નગરીમાં પ્રવેશ કરી, અતિ સાવધપણે તેમાં જે જે ગુપ્ત સ્થળો હોય ત્યાં પણ સીતાની શોધ કરજો. હે કપિવરો! ત્યાંથી આગળ જશો એટલે વૃષભ સરખી આકૃતિવાળો 'ઋષભ' નામનો મહાન્ પર્વત આવશે. અનેક પ્રકારનાં રત્નોથી ભરેલા એ ઋષભ પર્વતને વિશે અગ્નિ સરખાં ચકચકિત ગોશીર્ષક, પદ્મક અને હરિશ્યામ નામનાં દિવ્ય ચંદન વૃક્ષો ઉત્પન્ન થાય છે. હે વાનરો! તમે તે વૃક્ષોનો કદાપિ સ્પર્શ કરશો નહિ, ૩૮-૪૧ કેમકે રોહિત જાતિના ગંધર્વો એ વનનું રક્ષણ કરે છે. ત્યાં સૂર્ય સરખી કાંતિવાળા શૈલૂષ, ગ્રામણી, શિક્ષ, શુક તથા બભ્રૂ એ નામના પાંચ ગંધર્વપતિઓ નિવાસ કરે છે. હે વાનરો! ત્યાંથી આગળ જતાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ સરખા પ્રકાશિત દેહવાળા પુણ્યજનોને વસવાનો પ્રદેશ આવે છે, ત્યાં આગળ દક્ષિણ દિશાની ભૂમિનો અંત આવી રહે છે. તે પ્રદેશમાં જઈ શકાય એમ નથી અને તમારે ત્યાં જવાની જરૂર પણ નથી; કેમકે ત્યાં તો જેઓએ પુણ્ય કર્મોથી સ્વર્ગ જીત્યું હોય છે એવા સત્પુરૂષોજ વસે છે. તે પછી અત્યંત દારૂણ અને અંધકારથી વ્યાપ્ત એવો પિતૃ લોક આવે છે; ત્યાં પણ તમારે જવું નહિ, કેમકે તે યમરાજાની રાજધાની છે."

"હે વાનરોત્તમો! મેં કહેલા પ્રદેશો સુધીજ તમારાથી જઈ શકાય કિંવા શોધી શકાય તેમ છે; તેથી આગળ મ્હોટા ગતિમાનોની ગતિ પણ ચાલતી નથી. ૪૨-૪૫ હે વાનરો! મેં વર્ણન કરી બતાવ્યાં તે તથા અન્ય પણ જે જે સ્થળો તમારા જોવામાં આવે ત્યાં ત્યાં સર્વત્ર જઈ સીતાની શોધ કરજો અને કાર્ય બજાવીને પાછા વળજો. ૪૬ હે કપિવરો! એક માસની અંદર જે વાનર પહેલો આવીને મને સીતાની ભાળ બતાવશે તે મ્હારા સમાન વૈભવવાળો થઈ અનેક પ્રકારના ભોગો ભોગવતાં સુખપૂર્વક વિહાર કરશે, ૪૭ અને તે વાનર મને મ્હારા પ્રાણ કરતાં પણ અધિક પ્રિય થઇ પડશે. કદાચ તેણે પૂર્વે મ્હારા અપરાધ કર્યા હશે તોપણ હું તેને ક્ષમા કરી મ્હારા બંધુ તુલ્ય ગણીશ. ૪૮ માટે હે કપિવરો! તમે સર્વ કે જે અમાપ બળ તથા પરાક્રમસંપન્ન છો અને અધિક ગુણવાન કુળને વિશે જન્મેલા છો તેઓ જનકતનયા સીતાની સત્વર પ્રાપ્તિ થાય તેવા ઉત્તમ પુરૂષાર્થનો તુરત આરંભ કરો."૪૯

अमितबलपराक्रमा भवन्तो विपुल गुणेषु कुलेषु च प्रसूताः । मनुजपतिसुतां यथा लभध्वं तदधिगुणं पुरुषार्थमारभध्वम् ॥४९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં એકતાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૧

सर्ग ४२ मो.

પશ્ચિમ દિશાનું વર્ણન અને તે તરફ જવાની સુષેણ વગેરેને આજ્ઞા.

अथ प्रस्थाप्य स हरीन्सुग्रीवो दक्षिणां दिशम् । अब्रवीन्मेघसंकाशं सुषेणं नाम वानरम् ॥१॥

અંગદાદિક વાનરોને દક્ષિણ દિશામાં મોકલ્યા પછી વાનરાધિપતિ સુગ્રીવે પશ્ચિમ દિશામાં તારાના પિતા સુષેણ વાનરને મોકલવાની ઇચ્છા કરી. ભયંકર પરાક્રમવાળો અને મેઘસરખા પ્રૌઢ શરીરવાળો એ સુષેણ વાનર પોતાનો સસરો થતો હોવાથી કપીશ્વર સુગ્રીવે સસરાને ઘટતા માનથી તેની સામે જઇને તથા હાથ જોડીને નમ્રતાપૂર્વક તેને એ વાત કહી.૧-૨ વળી સાથે સાથેજ મહર્ષિ મરીચિનો પુત્ર 'અર્ચિષ્માન' નામનો વાનર કે જે ઇંદ્ર તથા ગરૂડ સરખી કાંતિવાળો, શૂરવીર કપિઓથી વીંટાયેલો અને બુદ્ધિ તથા પરાક્રમ સંપન્ન હતો તેને; તથા એજ મહર્ષિના 'અર્ચિમાલ્ય' નામના મહાબળવાન

બીજા પુત્રોને પણ પશ્ચિમ દિશામાં જવાની આજ્ઞા આપતાં મહાત્મા સુગ્રીવે કહ્યું કે:—

"હે અર્ચિષ્માન વગેરે વાનરો! આ સુષેણ વાનરને મુખ્ય કરી તમે બે લક્ષ વાનરોને સાથે લઈ પશ્ચિમ દિશા તરફ સીતાની શોધ કરવા અર્થે જાઓ. એ દિશામાં જતાં પ્રથમ બાહ્લિક દેશસહિત સૌરાષ્ટ્ર; ચંદ્રચિત્ર, સોપારી, બોલસરી અને ઉદ્દાલક વગેરે વૃક્ષોથી ગાઢો કુક્ષિદેશ અને બીજા પણ સમૃદ્ધિવાળા દેશો તથા મ્હોટાં મ્હોટાં શહેરો આવશે ત્યાં ત્યાં જઈ તમે સારી રીતે સીતાની શોધ કરજો. ૩-૭ તે પછી હે વાનર પુંગવો! માર્ગમાં આવતાં કેતકીનાં વનોને વિશે સીતાની ખોળ કરજો; તેમજ પશ્ચિમ તરફ વહન કરનારી અને શીતળ જળવાળી કલ્યાણરૂપ નદીઓ, તપસ્વીઓના આશ્રમો તથા વનના દુર્ગમ પર્વતોને વિશે પણ સીતાને શોધજો. વળી ઘણે ભાગે જળવિનાની ત્યાંની ભૂમિને વિશે તેમજ અત્યંત ઉંચી અને શીતળ શિલાઓને વિશે પણ તમે સીતાની શોધ કરજો. ૮-૯ એ પ્રમાણે અનેક પર્વતો તથા વનોથી વ્યાપ્ત હોવાને લીધે દુર્ગમ એવી પશ્ચિમ દિશામાં ખોળ કરતાં કરતાં તમે આગળ જશો એટલે મ્હોટાં મ્હોટાં મત્સ્યો તથા ઝૂડોથી ભરેલો પશ્ચિમ દિશાનો સમુદ્ર તમારા જોવામાં આવશે. તે પછી કેતકી, તમાલ તથા નારિકેળનાં વનો આવશે. એ વનોને વિશે ક્રીડા કરતા તમે સર્વ કપિવરો સીતાની તથા રાવણના નિવાસસ્થાનની ખોળ કરજો.૧૦-૧૨ સમુદ્રના કિનારાપર આવેલા પર્વતો, વનો, મુરચી પટ્ટણ તથા જટાપુર વગેરે નગરો, અવંતી અને અંગલેપા આદિ નગરીઓ, 'આલક્ષિત' નામનું વન તેમજ બીજા પણ વિશાળ દેશો અને મ્હોટાં મ્હોટાં શહેરોની અંદર જઈ તમે ચોમેર સીતાની શોધ કરજો.૧૩-૧૪ હે વાનરો! ત્યાંથી થોડેક દૂર–જ્યાં સિંધુ નદી અને સમુદ્રનો સંગમ થાય છે ત્યાં આગળ–સો શિખરવાળો મ્હોટો સોમગિરિ પર્વત આવેલો છે; તે પર્વતની તળેટીને વિશે અત્યંત મ્હોટાં મ્હોટાં અસંખ્ય વૃક્ષો ઉગેલાં છે.૧૫ એ પર્વતનાં રમ્ય શિખરોને વિશે 'સિંહ' નામનાં મ્હોટાં પક્ષીઓ નિવાસ કરે છે, કે જેઓ મ્હોટાં મ્હોટાં તિમિંગળ* તથા હસ્તીઓને પણ પોતાના માળામાં ઘસડી જાય છે;૧૬ છતાં એ અતિશય મદોન્મત્ત અને ત્યાંનાં તૃપ્ત થઈ રહેલા તિમિંગળો તથા હસ્તીઓ એ સિંહ પક્ષીઓનાં નિવાસસ્થળો આગળ ફર્યા કરે છે અને મેઘ સમાન ભયંકર ગર્જનાઓ કરે છે. હે ઇચ્છિત રૂપ ધરનારા કપિવરો! એ સોમગિરિનું એક સુવર્ણમય શિખર કે જે વિચિત્ર વૃક્ષોથી શોભતું તથા આકાશપર્યંત પહોંચેલું છે, ત્યાં જઇને તમે સીતાની સારી રીતે શોધ કરજો. એ પછી સમુદ્રના મધ્યભાગમાં 'પારિયાત્ર' નામનો એક પર્વત છે, ત્યાં જઇને હે વાનરો! તમે એ પર્વતના સો યોજન વિસ્તારવાળા સુવર્ણમય અગ્રભાગને જોશો. એને વિશે ચોમેરથી એકત્ર થયેલા, અગ્નિસમાન તેજસ્વી અને તપસ્વી હોવા છતાં પાપકર્મ કરનારા ચોવીશ કરોડ ભયંકર ગંધર્વો વસે છે.૧૭-૨૧ હે ઘોર પરાક્રમવાળા વાનરો! તમારે તેઓની પાસે જવું નહિ, તેમ એ પ્રદેશમાંનાં ફળ–મૂળાદિને અડકવું પણ નહિ;૨૨ કેમકે એ મહાબળવાળા તથા શૌર્યવાળા ગંધર્વો કે જેઓ ભયંકર પરાક્રમવાળા અને કોઈથી પણ પરાભવ ન પામે એવા છે તેઓ એ વનમાંનાં ફળ–મૂળાદિની રક્ષા કરે છે.૨૩ ત્યાં માત્ર જનકતનયા સીતાની શોધ કરીનેજ તમારે ચાલી નીકળવું. ત્યાં વનચરપણે વર્તવાથી તમને તેઓના તરફનો કશો પણ ભય રહેશે નહિ.૨૪ હે વનચરો! એ પારિયાત્ર પર્વત વટાવીને તમે થોડેક આગળ જશો એટલે એ સમુદ્રને વિશેજ નાના પ્રકારનાં વૃક્ષો તથા લતાઓથી વ્યાપ્ત, વજ્ર સરખો કઠિન અને વૈડૂર્ય મણિ સરખી કાંતિવાળો એક 'વજ્ર' નામનો મહાન પર્વત તમારા જોવામાં

* સમુદ્રમાં વસતાં મત્સ્યોની એક જાતિ.

આવશે. ૨૫ અત્યંત સુશોભિત એવા એ પર્વતનો વિસ્તાર તથા ઉંચાઈ સો યોજન છે. હે વાનરો ! એ પર્વતની મ્હોટી મ્હોટી ગુફાઓને વિશે તમારે અતિ પ્રયત્નપૂર્વક સીતાની શોધ કરવી. ૨૬ હે વાનરો ! ત્યાંથી આગળ જતાં સમુદ્ર જ્યારે ચોથા ભાગનો બાકી રહેશે ત્યારે 'ચક્રવાન' નામનો પર્વત આવશે. એ પર્વત ઉપર દેવોના શિલ્પી વિશ્વકર્માએ હજાર ધારોવાળું ચક્ર બનાવી રાખ્યું હતું. ૨૭ પૂર્વે પુરૂષોત્તમ ભગવાન શ્રી વિષ્ણુએ એ પર્વતપર વસનારા 'હયગ્રીવ' તથા 'પંચજન' નામના અસુરોને હણીને પૂર્વોક્ત ચક્ર અને 'પાંચજન્ય' નામનો શંખ ગ્રહણ કર્યો હતો. ૨૮ એ પર્વતનાં રમ્ય શિખરોમાં તથા વિશાળ ગુફાઓમાં તમારે સીતા સહિત રાવણની ચોમેર શોધ કરવી. ૨૯ ત્યાંથી ચોસઠ યોજન ઉપર અગાધ સમુદ્ર જળને વિશે સુવર્ણનાં શિખરોવાળો 'વરાહ' નામનો પર્વત છે. ૩૦ એ પર્વતપર વસેલા 'પ્રાગ્જ્યોતિષ' નામના સુવર્ણમય નગરને વિશે દુષ્ટાત્મા નરકાસુર વસે છે. ૩૧ એ વરાહ પર્વતનાં રમ્ય શિખરોમાં તથા વિશાળ ગુફાઓમાં તમે સીતા સહિત રાવણની ચોમેર ખોળ કરજો. ૩૨ એ વરાહ પર્વતથી પણ તમે આગળ જશો ત્યારે સુવર્ણની ગુફાઓવાળો સુવર્ણનો એક પર્વત આવશે. એ પર્વતમાં ઝરણાંઓનાં જળ ખળખળાટ વહ્યાં કરે છે. ૩૩ હે વાનરોત્તમો ! એ પર્વતને વિશે વસતા હાથીઓ, વરાહો, સિંહો અને વ્યાઘ્રો પોતાના શબ્દોના પ્રતિધ્વનિ સાંભળી અતિ મત્ત થઈ, નિરંતર અધિક ગર્જના કરે છે. ૩૪ એ પર્વતનું નામ 'મેઘ પર્વત' છે. એના ઉપર પૂર્વે સર્વ દેવોએ મળી પાક દૈત્યને હણનારા શ્રીમાન ઈંદ્રનો અભિષેક કર્યો હતો. ૩૫ હે વાનરો ! ઈંદ્રે પાલન કરેલા એ મેઘગિરિને વટાવીને આગળ ચાલતાં તમે સુવર્ણના સાઠ હજાર પર્વતો આગળ જઈ પહોંચશો. ૩૬ ચોમેરથી સુંદર શોભાવાળા એ પર્વતો મધ્યાહ્નના સૂર્ય સરખા કાંતિવાળા અને પ્રફુલ્લિત સુવર્ણમય વૃક્ષોથી સુશોભિત છે. ૩૭ એ સર્વની મધ્યમાં પર્વતોનો રાજા ઉત્તમ મેરૂ પર્વત આવેલો છે. પૂર્વે પ્રસન્ન થયેલા ઇંદ્રે એ મેરૂ પર્વતને વરદાન આપેલું છે કે 'હે શૈલેન્દ્ર ! તારો આશ્રય કરી રહેલા સઘળા પર્વતો મ્હારી કૃપાથી રાત્રિ–દિવસ સુવર્ણનાજ રહેશે. ૩૮–૩૯ વળી દેવતાઓ, ગંધર્વો અને દાનવાદિકો તારા વિશે ભક્તિપૂર્વક નિવાસ કરશે તેઓ મ્હારી કૃપાથી સુવર્ણ સરખી કાંતિવાળા થશે. '૪૦ એ પ્રમાણે ઇંદ્રથી વરદાન પામેલા એ પર્વતપર સાયંકાળને સમયે, વિશ્વદેવો, વસુઓ વાયુદેવો અને બીજા પણ દેવતાઓ આવે છે અને સાયંસંધ્યોપાસન કરી સૂર્યનું પૂજન કરે છે. તેઓની પૂજાને અંગીકાર કરી ભગવાન સૂર્યનારાયણ સર્વ ભૂત–પ્રાણીઓને અદૃશ્ય થઈ અસ્તાચળ પ્રત્યે જાય છે. ૪૧–૪૨ ભગવાન સૂર્યનારાયણ મેરૂ પર્વતથી દશ હજાર યોજનપર આવેલા અસ્તાચળ પ્રત્યે એક ઘડીમાં પહોંચી જાય છે. ૪૩ અસ્તાચળના શિખર ઉપર દેવોના શિલ્પી વિશ્વકર્માએ પાશને ધારણ કરનારા મહાત્મા વરૂણદેવને વસવા સારૂ એક દિવ્ય ભુવન બનાવ્યું છે. સૂર્ય સરખું પ્રકાશમાન એ ભુવન અત્યંત વિશાળ, અનેક પ્રકારનાં વૃક્ષોથી સુશોભિત અને નાના પ્રકારનાં પક્ષીઓથી વ્યાપ્ત છે. ૪૪–૪૫ હે કપિવરો ! એ અસ્તાચળ અને પ્રથમ કહેલો મેરૂ પર્વત, એ બન્નેની વચ્ચેના માર્ગને વિશે એક અત્યંત મ્હોટું સુવર્ણનું તાલવૃક્ષ શોભી રહ્યું છે. એ વૃક્ષ ઘણુંજ સુશોભિત, સુંદર વેદિકાવાળું અને મ્હોટાં દશ ડાળાંવાળું છે." ૪૬

"હે કપિવરો ! મેં કહેલાં દુર્ગમ સ્થળોને વિશે, સરોવરોને વિશે તથા નદીઓને વિશે તમારે સીતા સહિત રાવણની ચારે તરફ શોધ કરવી. ૪૭ વળી હે વાનરો ! મેરૂ પર્વતને વિશે પોતાના તપોબળથી શુદ્ધ અંતઃકરણવાળા ધર્મને જાણનારા અને સાક્ષાત્ બ્રહ્મદેવ સરખા

'મેરૂસાવર્ણિ' નામના મહર્ષિ રહે છે. ૪૮ હે કપિઓ! તમે સૂર્ય સરખી કાંતિવાળા એ મહર્ષિની પાસે જઈ, તેમના ચરણમાં પ્રણામ કરી, સીતા સંબંધી સમાચાર પૂછજો. ૪૯ હે કપિશ્રેષ્ઠો! જ્યારે રાત્રિ પૂરી થાય છે ત્યારે ભગવાન્ સૂર્યનારાયણ ઉદયાચળથી માંડીને મેરૂ પર્વત સુધીનાં સર્વ જીવલોકનાં સ્થાનોને અંધકારરહિત કરે છે, અને વળી પાછા અસ્તાચળ પ્રત્યે જઈ અદૃશ્ય થાય છે. ૫૦ હે વાનરપુંગવો! આપણે વાનર લોકો અસ્તાચળ સુધીજ જઈ શકીએ એમ છીએ. તે પછીનો પ્રદેશ સૂર્યના પ્રકાશ વિનાનો અને મર્યાદારહિત હોવાને લીધે ત્યાં શું છે તે જાણવાને આપણે સમર્થ નથી; ૫૧ માટે હે વાનરો! તમે સૌ અસ્તાચળ સુધી જઈ, જનકતનયા સીતાની તથા રાવણના નિવાસસ્થાનની ભાળ મેળવી, એક માસ પૂર્ણ થતામાં પાછા વળો. ૫૨ એક માસ ઉપરાંત કોઈએ પણ રોકાવું નહિ. જે કોઈ રોકાશે તે દેહાંતદંડને પ્રાપ્ત થશે. હે શૂરવીર કપિવરો! આ મારા સસરા સુષેણ વાનર તમારી સાથે આવે છે. ૫૩ આજ્ઞા પ્રમાણે વર્તનારા તમો સર્વેએ તેનાં વચનોને માન્ય કરવાં, કેમકે મહા બળવાન આ સુષેણ મારા સસરા હોવાથી ગુરુરૂપ છે. ૫૪ હે વાનરો! જો કે તમે સર્વ અત્યંત પરાક્રમી અને કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચય કરી શકો એવા છો, તોપણ આ વૃદ્ધ સુષેણ વાનરને મુખ્ય કરી, તમારે પશ્ચિમ દિશામાં ખોળ કરવા જવું એ યોગ્ય છે. ૫૫ હે કપિવરો! આ રામચંદ્રે આપણા ઉપર જે મ્હોટો ઉપકાર કર્યો છે તેનો પ્રત્યુપકાર કરીશું ત્યારેજ આપણે કૃતકૃત્ય થઈશું; માટે હે વાનરો! સીતાની શોધના કાર્યમાં મેં કહ્યું એથી બીજું પણ જે કાંઈ હિતાવહ જણાય તે સર્વ દેશ-કાળને અનુસરી તમારે નિશ્ચયપૂર્વક કરવું."૫૬

વાનરાધિપતિ સુગ્રીવ એટલું કહી વિરામ પામ્યા ત્યારે તેનાં ઉત્તમ વચનોને માન્ય કરીને તથા તેની આજ્ઞા લઈને સુષેણ વગેરે વાનરો આનંદપૂર્વક પશ્ચિમ દિશા તરફ જવાને તૈયાર થયા. ૫૭

ततः सुषेणप्रमुखाः प्लवङ्गमाः सुग्रीववाक्यं निपुणं निशम्य । आमन्त्र्य सर्वे प्लवगाधिपास्ते जग्मुर्दिशं तां वरुणाभिगुप्ताम् ॥५७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં બેતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૨

सर्ग ४३ मो.

ઉત્તર દિશાનું વર્ણન અને તે તરફ જવાને શતબળ આદિ વાનરોને આજ્ઞા.

ततः संदिश्य सुग्रीवः श्वशुरं पश्चिमां दिशम् । वीरं शतबलं नाम वानरं वानरेश्वरः ॥१॥

પોતાના સસરા સુષેણ વાનરને બળવાન કપિઓ સહિત પશ્ચિમ દિશા પ્રત્યે જવાનું કહ્યા પછી સર્વ દેશોને જાણનારા વાનરાધિપતિ સુગ્રીવે ઉત્તર દિશામાં મોકલવા માટે શૂરવીર 'શતબળ' નામના વાનરયૂથપાળને પોતાની પાસે બોલાવ્યો અને તેને પોતાના તથા રામચંદ્રના હિતની આજ્ઞા કરતાં કહ્યું કે, ૧-૨ "હે મહાવીર શતબળ! તારા સરખા એક લાખ વાનરોને તથા તારા પોતાના મંત્રીઓ કે જેઓ યમરાજાના અંશથી જન્મેલા છે તેઓ સર્વને સાથે લઈને તું હિમાલય પર્વતથી શોભી રહેલી ઉત્તર દિશા પ્રત્યે જા અને ત્યાં ચોતરફ પવિત્ર યશવાળાં રામચંદ્રનાં પત્ની વૈદેહીની શોધ કર. ૩-૪ હે અર્થજ્ઞોમાં શ્રેષ્ઠ! આપણે સીતાની શોધ કરવારૂપ કાર્ય બજાવીને જ્યારે રામચંદ્રનું પ્રિય કરીશું ત્યારેજ તેમના ઋણમાંથી મુક્ત થઈ કૃતાર્થ થઈશું. ૫ મહાત્મા રઘુવીરે પ્રથમથીજ આપણું પ્રિય કર્યું છે, માટે હવે જો આપણે તેનો બદલો વાળીએ તોજ આપણું જીવિત સફળ થાય. ૬ સામા ધણીએ કાંઈપણ ઉપકાર ન કર્યો હોય, છતાંપણ જે પુરુષ તેનું ઇચ્છિત કાર્ય કરી ઉપકાર કરે છે તે પુરુષજ પોતાના જીવિતને

સફળ કરે છે; ત્યારે આપણે તો પ્રથમ ઉપકાર કરનારા રઘુવીરનો પ્રત્યુપકાર કરીએ તેમાં શીજ નવાઇ છે ? ૭ હે શતબળ વગેરે વાનરો! તમે કે જે મ્હારૂં પ્રિય તથા હિત ઇચ્છનારા છો તેઓએ ઉપર્યુક્ત વિચાર ધ્યાનમાં રાખીને જેવી રીતે સીતાની ભાળ સત્વર મળે તેવી રીતે પ્રયત્ન કરવો ઘટે છે. ૮ હે કપિવરો! શત્રુઓનાં નગરોને જીતનારા રઘુવીર કે જે સર્વ ભૂત—પ્રાણીઓને વિશે માન પામેલા તથા મ્હારા મિત્ર છે, અને આપણુ સર્વની ઉપર અત્યંત સ્નેહ ધરાવે છે, તેમનું કાર્ય એ મ્હારૂંજ કાર્ય છે એમ સમજીને તમે સતી સીતાની શોધ કરો. ૯ હે વાનરો! ઉત્તર દિશાને વિશે નદીઓ તથા પર્વતો વગેરે જે જે અનેક દુર્ગમ સ્થળો છે તે સર્વ વિષે હું તમને કહી સંભળાવું છું. ત્યાં ત્યાં જઇને તમે પોતાનાં બુદ્ધિબળ તથા પરાક્રમબળે કરી સતી સીતાની શોધ કરો. ૧૦ એ દિશાને વિશે મ્લેચ્છ, પુલિન્દ, શૂરસેન, પ્રસ્થળ, ભરત, કુરુ, મદ્રક, કાંબોજ, વરદ અને યવન વગેરે દેશોમાં તથા શક લોકોનાં નગરોમાં સીતાની શોધ કરીને તમે હિમાલય પર્વત પ્રત્યે જજો. ૧૧-૧૨ એ પર્વતપર આવેલાં લોધ્ર, પદ્મક તથા દેવદારનાં મોટાં વનોને વિશે સર્વત્ર સીતા સહિત રાવણની ખોળ કરજો. ૧૩ ત્યાંથી દેવો અને ગંધર્વોએ સેવેલા સોમાશ્રમ પ્રત્યે જજો અને ત્યાંથી મોટા શિખરવાળા 'કાળ' નામના પર્વત પ્રત્યે જજો. ૧૪ એ પર્વતનાં મોટાં શિખરોને વિશે તથા ગુફાઓને વિશે મહા ભાગ્યવાળાં અને પ્રશંસનીય આચરણવાળાં રામપત્ની સીતાની તમે ખોળ કરજો. ૧૫ 'કાળ' પર્વતનું ઉલ્લંઘન કરી તમે થોડેક આગળ જશો એટલે સોનાની ખાણોવાળો 'સુદર્શન' નામનો મહા ગિરિ તમારા જોવામાં આવશે. ૧૬ તે પછી જાતજાતનાં પક્ષીઓથી ભરેલો અને વિવિધ પ્રકારનાં વૃક્ષોથી શોભી રહેલો 'દેવસખા' નામનો પર્વત તમારી દૃષ્ટિએ પડશે. ૧૭ એ પર્વતપરનાં વનોને વિશે, ઝરણાંઓને વિશે તથા ગુફાઓને વિશે ફરીને તમે સીતા સહિત રાવણની સારી રીતે ખોળ કરજો. ૧૮ 'દેવસખા' પર્વતને મૂકીને આગળ ચાલતાં ચારે બાજુએ સો યોજનના વિસ્તારવાળો અને પર્વત, નદી, વૃક્ષ તથા સર્વ જાતિનાં પ્રાણીઓ વગરનો શૂન્ય પ્રદેશ આવશે. ૧૯ રૂંવાટાં ખડાં કરે એવા એ દુઃખરૂપ પ્રદેશને તમે સત્વર ઓળંગી જશો એટલે શ્વેતવર્ણવાળો કૈલાસ પર્વત તમારી દૃષ્ટિએ પડશે. તે ગિરિને જોઇ તમે હર્ષિત થશો. ૨૦ એ કૈલાસ પર્વત ઉપર દેવોના શિલ્પી વિશ્વકર્માએ બનાવેલું કુબેરનું રમ્ય ભુવન છે. એ ભુવન શ્વેત મેઘ સરખું ઉજ્જવળ અને સુવર્ણથી સુશોભિત કરેલું છે. ૨૧ ત્યાં આગળ અનેક કમળોથી છવાયેલી, હંસો તથા કારંડવોથી વ્યાપ્ત અને અપ્સરાઓના સમૂહોએ સેવેલી એક વિશાળ નલિની* છે. ૨૨ ત્યાં આગળ સર્વ લોકોને વિષે પૂજ્ય એવો યક્ષોનો રાજા અને ધનના ભંડારવાળો શ્રીમાન કુબેર પોતાના યક્ષો સહિત ક્રીડા કરે છે. ૨૩ એ કૈલાસ પર્વતના અંતર્ગત—પેટા—પર્વતોને વિશે તથા તેની ગુફાઓને વિશે ચોમેર તમારે સીતાસહિત રાવણની શોધ કરવી. ૨૪ એ પર્વતનું ઉલ્લંઘન કરી આગળ જતાં તમે 'ક્રૌંચ' પર્વતપર પહોંચશો. એ પર્વતમાં એક મોટી ગુફા છે કે જેને વિશે પ્રવેશ કરવો ઘણોજ કઠિન છે, અને તે કારણથીજ એનું 'દુષ્પ્રવેશા' એવું નામ પડેલું છે. હે વાનરો! તમે અત્યંત સાવધાનીથી તે ગુફાની અંદર પ્રવેશ કરજો. ૨૫ હે વાનરો ! એ ગુફાની અંદર દેવતાઓએ સ્તુતિ કરેલા, દેવતાઓના જેવાજ રૂપવાળા અને સૂર્ય સરખી કાંતિવાળા મહાત્મા મહર્ષિઓ વસે છે. ત્યાં જઈ તેઓને પ્રણામ કરજો અને સીતાની ખોળ કરજો. ૨૬ વળી એ ક્રૌંચ પર્વતની બીજી ગુફાઓમાં તથા તેનાં નાનાં મોટાં શિખરો,

* કમળોવાળી તળાવડી.

ખીણો અને મધ્ય ભાગ વગેરે સ્થળોમાં તમારે સારી રીતે સતી સીતાની ખોળ કરવી.[27] ત્યારપછી તેના પડખામાંજ આવેલો વૃક્ષ-રહિત 'કામશૈલ' તથા પક્ષીઓની આવજાવ વિનાનો 'માનસ' પર્વત તમારા જોવામાં આવશે. એ બન્ને પર્વતો અત્યંત શૂન્ય હોવાને લીધે તેના ઉપર સર્વ ભૂત–પ્રાણીઓ, દેવતાઓ તેમજ રાક્ષસો વગેરે કોઇપણ જતું નથી; પરંતુ તમારે તો ત્યાં જઇને પણ સતી સીતાની શોધ કરવી.[28] એ ક્રૌંચપર્વતનાં નાનાં મોટાં શિખરો, ગુફાઓ અને ઉપ-પર્વતો વગેરે સર્વ સ્થળો શોધી જોવાં. ત્યાંથી આગળ જતાં 'મૈનાક' નામનો પર્વત આવશે.[29] એ પર્વતને વિશે મયદાનવે પોતેજ પોતાને માટે નિર્માણ કરેલું એક રમ્ય ભુવન છે, અને ત્યાં ઠેકઠેકાણે અશ્વ સરખાં મુખવાળી સ્ત્રીઓનાં નિવાસસ્થળો દૃષ્ટિગોચર થાય છે. હે વાનરો! એ મૈનાક પર્વતનાં નાનાં મોટાં સર્વ શિખરો અને ગુફાઓ વગેરે સઘળાં સ્થળોએ તમારે રાવણ સહિત સીતાની ખોળ કરવી. ત્યાંથી આગળ ચાલ્યા પછી, સિદ્ધ પુરુષોએ સેવેલો એક પવિત્ર આશ્રમ આવશે, જેને વિશે તપશ્ચર્યાના પ્રભાવથી નિષ્પાપ થયેલા સિદ્ધો, વૈખાનસો અને વાલખિલ્ય આદિ તપસ્વીઓ નિવાસ કરે છે. હે કપિવરો! એ સિદ્ધ–તપસ્વીઓની આગળ જઈ, તેઓના ચરણનું વંદન કરી, તમારે તેમને અત્યંત નમ્રતાપૂર્વક સીતાની ભાળ પૂછવી. એ આશ્રમની પાસેજ સુવર્ણવર્ણાં કમળોથી ઢંકાયેલું અને સૂર્ય સરખા કાંતિમાન હંસોના વસવાટવાળું 'વૈખાનસ' નામનું એક સરોવર છે, કે જેના કિનારાઓ ઉપર શ્રીમાન કુબેરને બેસવાનો 'સાર્વભૌમ' નામનો હાથી પોતાની હાથણીઓની સાથે ક્રીડા કરે છે. એ આશ્રમ તથા સરોવરને વટાવીને તમે આગળ જશો એટલે સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રાદિના પ્રકાશ વિનાનો અને મેઘ વગેરેની ગર્જનાથી રહિત એવો એક પ્રદેશ આવશે. [30-35] તે પ્રદેશ સુખપૂર્વક બેઠેલા, તપશ્ચર્યાથી સિદ્ધ થયેલા અને દેવ સરખી કાંતિવાળા સ્વયંપ્રકાશ સિદ્ધ પુરુષોના સૂર્યકિરણો સરખો તેજ વડે પ્રકા-શમાન થઈ રહ્યો છે. [36] એ પ્રદેશને ઉલ્લંઘી તમે આગળ જશો એટલે 'શૈલોદા' નામની નદી આવશે. તેના બન્ને કિનારા ઉપર 'કીચક' નામના વાંસ ઉગેલા છે. [37] તે સિદ્ધ પુરુષોને આ પારથી સામે પાર અને સામે પારથી આ પાર ઉતારે છે. એ નદીને સામે કિનારે ઉત્તર કુરુદેશ આવેલો છે. તેમાં સુવર્ણવર્ણાં કમળોવાળી નલિનીઓના જળથી સ્નાનાદિ ક્રિયા કરનારા પુણ્યાત્મા લોકો નિવાસ કરે છે. [38] ત્યાં સુવર્ણમય રક્ત કમળોનાં વનોથી શોભતી અને નીલવર્ણનાં વૈદૂર્યમણિ સરખાં પત્રોથી છવાયેલી હજારો નદીઓ વહન કરે છે, [39] અને મધ્યાહ્નના સૂર્ય સરખાં ઝગઝગતાં મોટાં મોટાં જળા-શયો શોભી રહ્યાં છે. અમૂલ્ય મણિ, રત્ન, મુક્તાફળ, કિંમતી હીરા અને સુવર્ણ સરખા પરાગવાળાં નીલવર્ણાં કમળવનો એ સર્વથી, એ ઉત્તર કુરુદેશ અત્યંત શોભી રહ્યો છે. [40-41] એ દેશમાં વહેતી નદીઓ સુવર્ણની રેતીવાળી તેમજ રત્નોથી તથા સુવર્ણથી ભરેલા અને અગ્નિ સરખા પ્રકાશિત ઉત્તમ પર્વતોથી વ્યાપ્ત છે. ત્યાંનાં હજારો વૃક્ષો અનેક પક્ષીઓથી વ્યાપ્ત, સર્વ કાળ પુષ્પ અને ફળયુક્ત રહેનારાં, જેઓનાં ગંધ, રસ તથા સ્પર્શ દિવ્ય છે એવાં, અને સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનારાં છે. તેમાંનાં કેટલાંએક તો નાનાપ્રકારનાં વસ્ત્રો ફળે છે, અર્થાત્ તેમના રેસા વગેરેથી વસ્ત્રો ઉત્પન્ન થાય છે;[42-44] કેટલાં-એક મોતી અને વૈદૂર્યમણિથી જડેલાં સ્ત્રી પુરુષોને પહેરવા યોગ્ય ઉત્તમ આભૂષણો ફળે છે; [45] કેટલાંએક સર્વ ઋતુઓમાં ઉપયોગી થઈ શકે એવાં ફળો આપે છે; કેટલાં-એક અમૂલ્ય મણિઓ તથા ચિત્રવિચિત્ર

રત્નો આપે છે; કેટલાંકએક ઉત્તમ બિછાનાંવાળાં શયનો આપે છે; કેટલાંએક મનને હર્ષ ઉપજાવે એવા પુષ્પહાર આપે છે; અને કટલાંએક પાન કરવાના અમૂલ્ય પદાર્થો તથા વિવિધ પ્રકારના ભક્ષ્ય પદાર્થો ઉત્પન્ન કરે છે. એ દેશને વિશે સર્વ સ્ત્રીઓ રૂપ તથા યૌવનથી શોભતી અને શ્રેષ્ટ ગુણોવાળી હોય છે. ૪૫-૪૮ દેદિપ્યમાન કાંતિવાળા ગંધર્વો, કિન્નરો, સિદ્ધો, પન્નગો અને વિદ્યાધરો, પોતપોતાની સ્ત્રીઓ સહિત ત્યાં આવી નિરંતર રમણ કરે છે. ૪૯ એ ઉત્તર કુરુ દેશને વિશે પુરૂષો પણ પવિત્ર કર્મોવાળા તથા કામ અને અર્થનું સેવન કરનારા છે, તથા પોતપોતાની સ્ત્રીઓની સાથે ક્રીડા કરતા આનંદે વસે છે.૫૦ એ દેશને વિશે સર્વ ભૂત–પ્રાણીઓના મનમે હર્ષિત કરે એવો અને ઉત્તમ હાસ્યયુક્ત સ્વરોથી મિશ્રિત થયેલો, ગીત તથા વાજીંત્રોનો મધુર ઘોષ નિરંતર સાંભળવામાં આવે છે.૫૧ ત્યાં આગળ કોઇપણ પ્રાણી હર્ષરહિત તેમજ અસત્ પદાર્થમાં પ્રીતિવાળો જોવામાં આવતો નથી. ત્યાં મનને આનંદ આપનારા ઉત્તમ ગુણો દિનપ્રતિદિન વૃદ્ધિ પામે છે. ૫૨ હે વાનરો! એ ઉત્તર કુરુદેશ વટાવી આગળ જતાં ઉત્તર દિશાનો સમુદ્ર આવે છે. તે મહા સમુદ્રની મધ્યે 'સોમગિરિ' નામનો સુવર્ણનો મોટો પર્વત આવેલો છે.૫૩ એ પર્વતનો પ્રદેશ સૂર્ય વિનાનો છે, અર્થાત્ ત્યાં સૂર્યોદય થતો નથી. છતાં એ પર્વત પોતાના તેજથીજ સૂર્યની પેઠે પોતાના પ્રદેશને પ્રકાશિત કરે છે.૫૪ એ સોમગિરિને વિશે ભગવાન વિષ્ણુ, બ્રહ્મર્ષિઓ સહિત બ્રહ્મદેવ તથા એકાદશરૂદ્રરૂપ શ્રી શંકર વાસ કરી રહ્યા છે.૫૫ હે વાનરો! ઉત્તર કુરુદેશથી ઉત્તર દિશામાં આવેલા એ પ્રદેશમાં તમારે જવું નહિ, કેમકે કોઈ પણ ભૂત–પ્રાણીઓથી ત્યાં જઈ શકાતું નથી.૫૬ એ સોમગિરિપર દેવતાઓ પણ જઈ શકતા નથી, માટે હે કપિવરો! ઉત્તર કુરુદેશમાં શોધ કરીનેજ તમે સત્વર પાછા વળજો.૫૭ હે વાનરપુંગવો! મેં જણાવ્યું ત્યાં સુધીજ તમો વાનરોથી જઈ શકાય તેમ છે. તે પછીનો પ્રદેશ સૂર્યના પ્રકાશ વિનાનો અને મર્યાદારહિત હોવાથી આપણે તેને જાણી શકવા સમર્થ નથી. ૫૮ હે શતબળ આદિ કપિવરો! મેં તમને જે જે સ્થળોનું વર્ણન કહી સંભળાવ્યું તે તે સર્વ સ્થળોમાં, તેમજ મેં જેનું વર્ણન ન કર્યું હોય એવાં સ્થળોમાં પણ તમારે સીતા સહિત રાવણની શોધ કરવી.૫૯ હે વાયુ સરખા વેગવાળા! હે અગ્નિ સમાન તેજસ્વી વાનરો! તમે મારી આજ્ઞા પ્રમાણે સર્વત્ર શોધ કરી જનકનંદિની સીતાની ભાળ મેળવશો, એટલે તમે દશરથનંદન રઘુવીરનું તથા મારૂં મોટું પ્રિય કર્યું ગણાશે.૬૦ તે પછી હે વાનરો! મનને આનંદ પમાડે એવા ઉત્તમ પદાર્થો વડે મારાથી સત્કાર પામેલા તમે મારા તરફથી આજીવિકાને પ્રાપ્ત કરી, કૃતાર્થ થઈ, પોતાના બાંધવો તથા સ્ત્રીઓ સહિત નિષ્કંટપણે પૃથ્વીપર વિચરશો.૬૧

ततः कृतार्थाः सहिताः सबान्धवा मयार्चिताः सर्वगुणैर्मनोरमैः। चरिष्यथोर्वीं प्रतिशान्त शत्रवा सहप्रिया भूतधराः प्लवंगमाः ॥६१॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કંધાકાંડમાં તેંતાળીશમો સર્ગ સંપૂર્ણ.૪૩

સર્ગ ૪૪ મો.

રામચંદ્રે હનુમાનને મુદ્રિકા આપી.

विशेषेण तु सुग्रीवो हनूमत्यर्थमुक्तवान्। स हि तस्मिन्हरिश्रेष्ठे निश्चितार्थोऽर्थसाधने ॥

સીતાની શોધ માટે જૂદા જૂદા વીરોને ચારે દિશામાં જવાની આજ્ઞા કરીને પછી કપિરાજ સુગ્રીવ દક્ષિણ દિશા પ્રત્યે જનારા

વાનરો પૈકી મહા બળવાન હનુમાનને વિશેષ ભલામણ કરવા લાગ્યો;+ કેમકે સર્વ કપિઓમાં શ્રેષ્ઠ શ્રીમાન હનુમાન અત્યંત બળવાન છે, અને સર્વત્ર ગતિ કરી શકે એવા છે, માટે સીતાની શોધ કરવાનું કાર્ય તે અવશ્ય પાર પાડશે એવો સુગ્રીવના મનમાં નિશ્ચય હતો.[1] સર્વ વાનરોના અધિપતિ સુગ્રીવે અત્યંત પ્રસન્ન થઇને, મહા પરાક્રમી વાયુપુત્ર હનુમાનને કહ્યું કે,[2] "હે કપિશ્રેષ્ઠ હનુમાન! સમગ્ર પૃથ્વી, અંતરિક્ષ, દેવોના સ્વર્ગાદિ લોકો તથા જળ, એ વગેરે કોઈ પણ સ્થળે તારી ગતિનો અટકાવ થાય એમ હું જોતો નથી. [3] વળી અસુરો, ગંધર્વો, નાગ લોકો, મનુષ્યો, દેવતાઓ, સમુદ્રો અને પર્વતો સહિત સર્વ લોકો તારા જાણવામાં છે. [4] હે મહા કપિ! હે વીર! ગતિ, વેગ અને કાર્યલાઘવ* એ સઘળામાં ખરેખર, તું તારા મહા તેજસ્વી પિતા વાયુના સરખોજ છે. [5] આખી પૃથ્વીમાં તારા સરખું તેજસ્વી કોઈ પણ પ્રાણી નથી, માટે સીતા પ્રાપ્ત થાય એવા ઉપાયનું તું સત્વર ચિંતવન કર. [6] હે નીતિશાસ્ત્રમાં પ્રવીણ બુદ્ધિવાળા હનુમાન! બળ, બુદ્ધિ, પરાક્રમ, દેશ–કાળને અનુસરવું તથા ન્યાય એ સઘળા ગુણોએ તારામાંજ વાસ કર્યો છે." [7]

એ પ્રમાણે વાનરાધિપતિ સુગ્રીવે હનુમાન પ્રત્યે ભલામણ કરી. એ જોઈ 'સીતાની શોધ કરવારૂપ કાર્યનો સંબંધ વિશેષે કરી હનુમાન સાથે રહેલો છે' એવું જાણીને તથા તેનું મોટું સામર્થ્ય જોઇને રઘુવીર વિચાર કરવા લાગ્યા કે, [8] "અહો! વાનરોનો રાજા સુગ્રીવ પવનસુત હનુમાનનેજ મહાબળવાન અને સીતાની ભાળ મેળવવામાં સમર્થ માને છે; હું પણ 'સીતાની શોધના કાર્યમાં હનુમાનજ સમર્થ છે' એમ ધારૂં છું; [9] વળી એ દક્ષિણ દિશામાં જનારો હોવાથી સીતાની શોધનું કાર્ય એની સાથેજ વિશેષ સંબંધ ધરાવે છે. તેના સ્વામી સુગ્રીવે પૂર્વે અનેક વાર તેનાં પરાક્રમોની પરીક્ષા કરી છે, એથી અવશ્ય આ હનુમાનના ઉદ્યોગનું ફળ સત્વર ઉદય પામશે. જો કદાચ એને સીતાનાં દર્શન થાય તો 'એ મારા સ્વામીનો દૂત છે' એવું સીતાના જાણવામાં આવે અને હનુમાન પણ સીતાને જલદી ઓળખી શકે, એટલા માટે મારે હનુમાનને કંઈક નિશાની આપવી જોઇએ." [10] એવો વિચાર કરી હનુમાનના સામું જોઈ, શ્રીમાન રામચંદ્ર જાણે કૃતકૃત્યજ થયા હોય એમ અત્યંત હર્ષિત થયા. આ વેળા તેમની સર્વ ઈન્દ્રિયો તથા અંતઃકરણ આનંદિત થઈ રહ્યાં. [11] પછી શત્રુઓને તપાવનારા રઘુવીરે પોતાના હાથની આંગળીપર રહેલી એક સુવર્ણ મુદ્રિકા× કે જે પોતાના નામના ચિન્હથી શોભી રહેલી હતી, તે ઉતારીને સીતાને અભિજ્ઞાન* આપવા સારૂ મહા બળવાન હનુમાનને આપતાં કહ્યું કે, [12] "હે હરિશ્રેષ્ઠ! આ મારા નામના ચિન્હવાળી મુદ્રિકા તું તારી પાસે રાખ જ્યારે તને જનકતનયાનાં દર્શન થાય ત્યારે તું એને આ મુદ્રિકા આપજે, એટલે તરતજ એ ઉદ્વેગરહિત

+ જો કે સીતાને રાવણ હરી ગયો છે અને રાવણનું નિવાસસ્થાન લંકાપુરીજ છે, એવું સુગ્રીવ પ્રથમથીજ જાણતો હતો, તોપણ સીતાના તથા રાવણના નિવાસસ્થાનની શોધ કરવા સારૂ તેણે વાનરોને ચારે દિશામાં મોકલ્યા; તેનું કારણ એટલુંજ હતું કે રાવણે સમસ્ત ભૂમંડળમાં પોતાનાં સ્થાનો રાખ્યાં હતાં, જેથી કદાચ રામના ભયને લીધે તેણે કોઈ ગુપ્ત સ્થળે સીતાને રાખ્યાં હોય, કિંવા પોતે પણ ત્યાં જઇને રહ્યો હોય; છતાં ઘણે ભાગે રાવણનું નિવાસસ્થાન લંકા હોવાથી તેમજ જે વેળા તે સીતાને હરી જતો હતો તે વેળા સુગ્રીવે તેને દક્ષિણ દિશાભણી જતો જોયેલો હોવાથી સીતા દક્ષિણ દિશામાંજ હોવાં જોઈએ એવી ધારણા બાંધીને સુગ્રીવે દક્ષિણ દિશામાં જનારા વાનરોને અને તેમાં વળી વિશેષ કરી પવનસુત હનુમાનને ખાસ ભલામણ કરી.

* સત્વર કાર્ય કરવાપણું.

× સોનાની વીંટી. * ઓળખાણ–નિશાની.

થશે અને તને મારી પાસેથી આવેલો માનશે.[૧૩] હે વીર ! તારો ઉદ્યોગ અને શૌર્યયુક્ત પરાક્રમ તથા સુગ્રીવે તને આપેલો સંદેશો એ ત્રણે વાનાં મારા કાર્યની સિદ્ધિ સૂચવતાં હોય એમ જણાય છે."[૧૪]

રઘુવીરનાં વચન સાંભળીને તથા તેમની પાસેથી મુદ્રિકા ગ્રહણ કરીને વાયુસુત હનુમાને બન્ને હાથ જોડી તેમના ચરણોમાં પ્રણામ કર્યા, અને પછી તેમની તથા સુગ્રીવની આજ્ઞા લઈ દક્ષિણ દિશા પ્રત્યે જવાની તૈયારી કરી.[૧૫]

એ વેળા અસંખ્ય વાનરોના મોટા સૈન્યનું આકર્ષણ કરી તે વડે વિંટાયેલો પવનસુત હનુમાન, જેમ વાદળ વિનાના નિર્મળ આકાશને વિશે નક્ષત્રગણોવડે વિંટાયેલો નિર્મળ તેજવાળો ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યો.[૧૬] એ જોઈ રામચંદ્ર તથા સુગ્રીવે પુનઃ પણ કહ્યું કે, "અત્યંત બળવાળા પવનસુત ! અમોએ તારા બળનોજ આશ્રય કર્યો છે, માટે હે શ્રેષ્ઠ સિંહ સમાન પરાક્રમવાળા હનુમાન ! તું તારામાં રહેલા મોટામાં મોટા પરાક્રમોને પ્રકટ કરીને તે વડે જનકતનયા સીતા આપણને જેમ સત્વર પ્રાપ્ત થાય તેમ કર."[૧૭]

अतिबल बलमाश्रितस्तवाहं हरिवर विक्रम विक्रमैरनल्पैः । पवनसुत यथाधिगम्यते सा जनकसुता हनुमंस्तथा कुरुष्व ॥१७॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ચુંમાળીશમો સર્ગ સંપૂર્ણ.૪૪

सर्ग ४५ मो.

સીતાશોધ માટે વાનરયૂથોનું પ્રયાણ.

सर्वांश्चाहूय सुग्रीवः प्लवगान्प्लवगर्षभः ।
समस्तांश्चाब्रवीद्राजा रामकार्यार्थसिद्धये ॥१॥

ત્યારપછી વાનરશ્રેષ્ઠ સુગ્રીવે રામચંદ્રનું કાર્ય સિદ્ધ કરવા માટે ચારે દિશામાં જવા તત્પર થયેલા સર્વ વાનરગણોને છેવટની આજ્ઞા આપતાં કહ્યું કે,[૧] "હે શ્રેષ્ઠ વાનરો ! મેં કહ્યું તે પ્રમાણે તમે પોતપોતાની દિશામાં પ્રયાણ કરો અને મારી આજ્ઞાને અનુસરી સીતાની શોધ કરો." પોતાના રાજા સુગ્રીવની ઉગ્ર આજ્ઞા સાંભળતાં જ સર્વ વાનરોએ તીડોનાં દળની પેઠે સર્વ પૃથ્વીને આચ્છાદિત કરતાં જૂદી જૂદી દિશા પ્રત્યે પ્રયાણ કર્યું. પછી એક માસની અંદર પાછા વળવા માટે વાનરો સાથે કરેલા સુગ્રીવના વાયદા પ્રમાણે સીતાની ભાળ મળવાની વાટ જોતા શ્રીમાન રામચંદ્રે મહાત્મા લક્ષ્મણની સાથે પ્રસવણ પર્વત ઉપરજ રહેવાનો નિશ્ચય કર્યો.

શૂરવીર શતબળે પોતાના વાનરો સહિત પર્વતરાજ હિમાલયથી વ્યાપેલી ઉત્તર દિશા પ્રત્યે પ્રયાણ કર્યું; વાનરયૂથપતિ વિનત પોતાના કપિઓ સહિત પૂર્વ દિશા તરફ ચાલતો થયો;[૨–૫] તાર અને અંગદઆદિ વાનરો સહિત વાયુસુત હનુમાન મહામુનિ અગસ્ત્યે સેવેલી દક્ષિણ દિશા તરફ ચાલતો થયો;[૬] અને પોતાના વાનરગણો સહિત વાનરશ્રેષ્ઠ સુષેણે વરુણે પાલન કરેલી પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કર્યું.[૭] એવી રીતે ચારે દિશાઓના વાનરોને મોકલીને અત્યંત સુખી થયેલો વાનરોનો રાજા સુગ્રીવ આનંદ પામવા લાગ્યો.[૮] સુગ્રીવની આજ્ઞા પામેલા સર્વ વાનરયૂથપાલકો પણ પોતપોતાના વાનરગણો સહિત ચારે દિશાઓ પ્રત્યે ઉતાવળે જવા લાગ્યા.[૯] તેમાં કેટલાક વાનર મંદ મંદ શબ્દ કરતા, કેટલાક ઉચ્ચ સ્વરે નાદ કરતા, કેટલાક મોટી ગર્જનાઓ કરતા, કેટલાક સિંહનાદ કરતા, કેટલાક દોડતા તો કેટલાક વિવિધ પ્રકારના નાદ કરતા પોતપોતાની દિશાઓમાં જવા લાગ્યા;[૧૦] અને પ્રસવણ ગિરિપર રહેલા રામચંદ્ર તથા સુગ્રીવ સાંભળે તેમ ઉંચે સ્વરે પરસ્પર કહેવા લાગ્યા કે "અરે, આપણે રાવણને હણીશું અને ઉતાવળે સીતાને લાવીશું."[૧૧] વળી કોઈ કોઈ વાનર કહેતા હતા કે "અરે, હું એકલોજ સંગ્રામમાં આવેલા રાવણનો

નાશ કરીશ અને પછી બીજા રાક્ષસોને પણ હણીને જનકનંદિની સીતાને લાવીશ."[૧૨] એટલામાં વળી બીજા એક કપિએ કહ્યું કે, "અરે, તમે સર્વ અહિંયાજ રહો; હું એકલોજ જઈશ અને દુષ્ટ રાવણના ભયથી કંપી રહેલાં વિદેહપુત્રી સીતાને પાતાલમાંથી પણ લઈ આવીશ.[૧૩] હું વૃક્ષોને તોડી પાડીશ, પર્વતોને તથા પૃથ્વીને ફાડી નાખીશ અને સમુદ્રોને ક્ષોભ પમાડીશ."[૧૪] એટલામાં વળી કોઈ વાનર બોલી ઉઠયો કે, "અરે, હું એક યોજન પૃથ્વી કૂદી જાઉં એવો છું." ત્યારે બીજાએ કહ્યું કે, "અરે, હું તો સો યોજન કૂદું એવો છું." એટલે વળી ત્રીજાએ કહ્યું કે, "હું તો સો યોજન કરતાં પણ વધારે કૂદી શકું એવો છું."[૧૫] વળી કોઈ વાનર બોલ્યો કે, "સમગ્ર પૃથ્વી, સમુદ્ર, પર્વત તથા વનાદિને વિશે કિંવા પાતાળને વિશે પણ મારી ગતિ અટકે તેમ નથી, અર્થાત્ હું સર્વત્ર જઈ શકું એવો છું."[૧૬] એ પ્રમાણે પોતપોતાના બળથી ગર્વિષ્ઠ થયેલો એકે એક વાનર સુગ્રીવ તથા રામચંદ્ર સાંભળે તેવી રીતે ઉંચે સ્વરે બોલતો હતો.[૧૭]

इत्येकैकस्तदा तत्र वानरा बलदर्पिताः।
ऊचुश्च वचनं तस्य हरिराजस्य संनिधौ ॥१७॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં પિસ્તાળીશમો સર્ગ સંપૂર્ણ.૪૫

સર્ગ ૪૬ મો.

સુગ્રીવે પોતાને સમગ્ર ભૂમંડળનું જ્ઞાન થવાનું કારણ દર્શાવ્યું.

गतेषु वानरेन्द्रेषु रामः सुग्रीवमब्रवीत्।
कथं भवान्विजानीते सर्वं वै मण्डलं भुवः॥१॥

વાનરગણો ચારે દિશાઓ પ્રત્યે ચાલ્યા ગયા ત્યારપછી પ્રસ્રવણ પર્વત ઉપર બેઠેલા રામચંદ્ર અને સુગ્રીવ પરસ્પર અનેક પ્રકારનો વાર્તાલાપ કરવા લાગ્યા. એ વેળા શ્રીમાન રઘુવીરે સુગ્રીવને પૂછયું કે, "હે સુગ્રીવ! તેં સર્વ વાનરોની આગળ જે આખા ભૂમંડળનું વર્ણન કરી બતાવ્યું તે જ્ઞાન તને કેવી રીતે મળ્યું?"[૧]

ત્યારે વાનરાધિપતિ સુગ્રીવે અત્યંત નમ્રતાપૂર્વક કર જોડીને કહ્યું કે, "હે રઘુવીર! તમે પૂછો છો માટે તે સર્વ વૃત્તાંત હું વિસ્તારથી કહું છું; તે તમે સાંભળો.[૨] મેં તમને પૂર્વે કહી સંભળાવ્યું છે તે પ્રમાણે જ્યારે મારા જ્યેષ્ઠ બંધુ વાલીએ મહિષ રૂપ ધરીને આવેલા 'દુંદુભિ' નામના દાનવને મલયાચળ તરફ નસાડયો ત્યારે એ દુંદુભિએ મલયાચળની મોટી ગુફામાં પ્રવેશ કર્યો. એ જોઈ તે દુંદુભિને હણવાની ઈચ્છાથી વાલીએ મને ગુફાના દ્વાર આગળ ઉભો રાખી એની અંદર પ્રવેશ કર્યો.[૩-૪] હું પણ ત્યાં આગળ વિનીતની પેઠે ગુફાદ્વારની ચોકસાઈ કરતો ઉભો રહ્યો. આજકાલ કરતાં એક વર્ષ પૂરૂં થયું તોપણ દુંદુભિને મારીને વાલી બહાર આવ્યો નહિ;[૫] પરંતુ ઉભરાયેલું રૂધિર ગુફાના દ્વારની બહાર નીકળ્યું. એ જોઈ મને અત્યંત વિસ્મય થયું અને 'મારો ભાઈ વાલી મરણ પામ્યો' એમ માનીને હું અત્યંત શોકગ્રસ્ત થઇ ગયો. પછી મને મારી બુદ્ધિમાં સૂઝી આવ્યું તે પ્રમાણે મેં એક પર્વત જેવડી મોટી શિલાથી એ ગુફાનું દ્વાર બંધ કર્યું; તે એવા વિચારથી કે-અંદર રહેલો માયાવી દાનવ બહાર નીકળી શકશે નહિ, પરંતુ અંદર ને અંદર મરણ પામશે. ત્યારપછી વાલીના જીવનની આશા છોડીને હું કિષ્કિંધામાં આવ્યો, અને તારા તથા રુમા સહિત મોટા વાનરરાજ્યને પામી વાલીના મંત્રીઓની સલાહથી નિશ્ચિંતપણે રાજ્ય કરવા લાગ્યો.[૬-૯] એટલામાં તો દુષ્ટ દાનવનો નાશ કરી વાનરશ્રેષ્ઠ વાલી નગરમાં આવ્યો ત્યારે તેના ભયને લીધે તથા ગુરૂત્વને લીધે મેં નમ્રતાપૂર્વક તેને સઘળું રાજ્ય

અર્પણ કરવા માંડયું;[૧૦] પરંતુ ક્રોધને લીધે આકુળવ્યાકુળ થયેલા દુષ્ટાત્મા વાલીએ મારૂં એકે વચન નહિ માનતાં મને હણવાનોજ નિશ્ચય કર્યો. ત્યારે હું મારા સચિવો સહિત ત્યાંથી નાસી છુટયા પછી વાલી મારી પૂંઠે પડયો."[૧૧]

"હે દાશરથિ! હું આગળ અને વાલી પાછળ, એ પ્રમાણે રાત દિવસ દોડતાં, અનેક નદીઓ, પર્વતો, જાતજાતનાં વનો તથા નગરોને જોતો હું અરીસા સરખી અથવા અગ્નિથી બળતા ઉંબાડિયા સરખી આખી પૃથ્વીને ગાયના પગલાંની પેઠે જોઈ વળ્યો.[૧૨-૧૩] પ્રથમ હું પૂર્વદિશામાં ગયો; ત્યાં નાના પ્રકારનાં વૃક્ષો, ગુફાઓવાળા રમણીય પર્વતો, વિવિધ પ્રકારનાં સરોવરો, અનેક ધાતુઓથી શોભતો ઉદયાચળ અને અપ્સરાઓને નિરંતર વસવાના સ્થાનરૂપ ક્ષીરસમુદ્ર વગેરે મારા જોવામાં આવ્યાં.[૧૪-૧૫] પરન્તુ ત્યાંપણ વાલીને મારી પાછળ આવતો જોઇ તેનાથી ત્રાસેલો હું ત્યાંથી પાછો વળી દક્ષિણ દિશામાં નાઠો. એ દિશામાં વિંધ્યાચળ વગેરે પર્વતો અને ચંદન વગેરેનાં વૃક્ષો શોભી રહ્યાં છે.[૧૬-૧૭] ત્યાં પણ પર્વતો તથા વૃક્ષોનાં અંતરમાં વાલીને મારી પછવાડે જ દોડતો જોઈને હું ત્યાંથી પાછો પશ્ચિમ દિશા તરફ દોડયો. એ દિશામાં આવેલા અનેક પર્વતો તથા દેશોને જોતો હું છેક અસ્તાચળ સુધી ગયો; પરન્તુ ત્યાંપણ વાલીને પાછળ આવતો જોઈને હું તેના ભયથી ત્રાસીને ઉત્તર દિશા ભણી નાઠો.[૧૮-૧૯] ત્યાં પણ વાલીએ મારી પૂંઠ છોડી નહિ. નાસતાં નાસતાં હિમાલય અને મેરૂ વગેરે પર્વતો તથા ઉત્તર દિશાનો સમુદ્ર વગેરે સર્વ સ્થળોને હું જોઈ વળ્યો; પરંતુ કોઇએ મને શરણે રાખ્યો નહિ. ત્યારે હું અત્યંત ગભરાઈ ગયો.[૨૦] પછી મારા બુદ્ધિમાન સચિવ હનુમાને મને કહ્યું કે, 'હે રાજન્! મને હમણાંજ સાંભરી આવ્યું છે; તે એ કે પૂર્વે મતંગ ઋષિએ વાલીને શાપ આપેલો છે કે જો વાલી તેમના આશ્રમમાં પ્રવેશ કરશે તો વાલીના મસ્તકના સો કટકા થઈ જશે.[૨૧-૨૨] હે હરીશ્વર! એ મતંગ ઋષિના આશ્રમને વિશે આપણે ઉદ્વેગરહિત અને સુખપૂર્વક વસીશું; તેથી ચાલો આપણે ત્યાંજ જઈએ.' હે રઘુવીર! હનુમાનનું વચન સાંભળતાંજ હું મતંગ ઋષિના આશ્રમમાં આવેલા ઋષ્યમૂક પર્વતપર આવીને રહ્યો, અને ત્યારથી મતંગઋષિએ આપેલા શાપના ભયથી વાલી મારી પાસે આવ્યો નહિ. હે રાજપુત્ર! એવી રીતે વાલીના ભયથી હું જ્યારે આખા ભૂમંડળમાં ભમ્યો, ત્યારે ચારે દિશાની પૃથ્વીને મેં પ્રત્યક્ષ જોઈ હતી, અને તે પછી હું ઋષ્યમૂક પર્વતની ગુફામાં આવીને વસ્યો હતો."[૨૩-૨૪].

न विवेश तदा वाली मतङ्गस्य भयात्तदा। एवं मयातदा राजन्प्रत्यक्षमुपलक्षितम्। पृथिवीमण्डलं सर्वं गुहामस्म्यागतस्ततः ॥२४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં છેંતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૬

सर्ग ४७ मो.

વાનરયૂથોનું પાછું વળવું; ત્રણ દિશાના સમાચાર.

दर्शनार्थं तु वैदेह्याः सर्वतः कपिकुञ्जराः। व्यादिष्टा कपिराजेन यथोक्तं जग्मुरञ्जसा ॥१॥

કપિરાજ સુગ્રીવની આજ્ઞાથી સીતાની શોધ કરવા માટે પૂર્વાદિ ચારે દિશામાં ગયેલા સર્વ વાનરો આનંદપૂર્વક દેશોદેશ વિચરવા લાગ્યા.[૧] તેઓ પોતપોતાની દિશામાંના સરોવરો, નદીઓના સંગમો, વૃક્ષ અને પર્વત વિનાના તથા નદીઓના પ્રવાહને લીધે જવાને અશક્ય એવા પ્રદેશો, નગરો અને પર્વતો, વન તથા ઉપવનથી શોભી રહેલા અનેક દેશોમાં જ્યાં ત્યાં ચોતરફ સીતાની શોધ કરવા લાગ્યા. સુગ્રીવની

આજ્ઞા પ્રમાણે સીતાશોધના કાર્યમાં જોડાયેલા એ સર્વ વાનરો દિવસે જળસ્થળાદિ જૂદા જૂદા માર્ગે ફરી વૈદેહીની શોધ કરતા હતા, અને રાત્રિ થતાં પ્રથમથી નિશ્ચિત કરી રાખેલા સ્થળે એકઠા થતા હતા.[૨-૪] સીતાશોધ માટે નીકળેલા એ વાનરો સર્વ ઋતુમાં ઈચ્છિત ફળ આપનારાં વૃક્ષો પાસે જઈ દિવસ છતાં વૃક્ષોનાં ફળ ગ્રહણ કરતા અને રાત્રિએ નિશ્ચિત કરેલા સ્થળે જઈ ભોજન કરી સૂઈ રહેતા હતા. તેઓ જે દિવસે નીકળ્યા હતા તે દિવસથી આરંભી સીતાની શોધ કરતાં એક માસ પૂરો થવા આવ્યો છતાં પણ જ્યારે સીતાની કાંઈ પણ ભાળ મળી નહિ ત્યારે નિરાશ થઈને પાછા વળ્યા, અને પ્રસ્રવણ ગિરિપર આવી સુગ્રીવને મળ્યા.[૫-૬]

પોતાના સચિવો સહિત મહા બળવાન વિનત વાનર આખી પૂર્વ દિશામાં શોધ કરતાં પણ સીતાની ભાળ નહિ મળવાથી નિરાશ થઈ પાછો આવ્યો;[૭] સુગ્રીવથી ભય પામેલો કપિશ્રેષ્ઠ શતબળ સઘળી ઉત્તર દિશામાં શોધી વળી, નિરાશ થઈ પોતાની સેના સહિત પાછો આવ્યો;[૮] અને માસ પૂર્ણ થતાં આખી પશ્ચિમ દિશામાં શોધી વળી સુષેણ વાનર પણ પોતાના સૈન્ય સહિત પાછો આવ્યો.[૯]

સર્વ વાનરોએ પ્રસ્રવણ ગિરિપર રામચંદ્રની પાસે બેઠેલા સુગ્રીવની આગળ આવી તેને પ્રણામ કરી નિવેદન કર્યું કે;[૧૦] "હે વાનરાધિપતિ! અમોએ સર્વ પર્વતો, વૃક્ષોથી ઘાડાં બનેલાં વનો, નદીઓ, સમુદ્રમાંના દ્વીપો, તમોએ કહેલી સર્વ ગુફાઓ અને લતાઓથી ગુંથાયેલા મોટા મોટા ગુલ્મો વગેરે સ્થળે ઘણી જ શોધ કરી;[૧૧-૧૨] તેમજ દુઃખે કરી જઈ શકાય એવા ગહન અને વિષમ દેશાંતરોને વિશે જઇને મોટાં શરીરવાળાં પ્રાણીઓમાં પણ ખોળ કરી અને તેઓનો નાશ પણ કર્યો; છતાં જનકનંદિની સીતાની ભાળ મળી નહિ. વળી જે પ્રદેશો ઘણાજ ગહન હતા તેમાં પણ વારંવાર સીતાની શોધ કરી, છતાં ક્યાંયથી પણ તેના સમાચાર મળ્યા નહિ.[૧૩] "હે વાનરેન્દ્ર! અત્યંત પરાક્રમવાળો અને ઉત્તમ કુળમાં જન્મેલો વાયુપુત્ર હનુમાન અવશ્ય સીતાની ભાળ લાવશે, કેમકે દુષ્ટ રાવણ સીતાને જે દિશા તરફ હરી ગયો છે તેજ દિશામાં તેણે પ્રયાણ કર્યું છે."[૧૪]

उदारसत्त्वाभिजनो हनूमान्स मैथिलीं ज्ञास्यति वानरेन्द्र। दिशं तु यामेव गता तु सीता तामास्थितो वायुसुतो हनूमान् ॥१४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં સુડતાળીશમો સર્ગ સંપૂર્ણ.૪૭

सर्ग ४८ मो.

દક્ષિણ દિશામાં સીતાની શોધ—તે બાજુ ગયેલા કપિઓએ કરેલો એક રાક્ષસનો નાશ.

सह ताराङ्गदाभ्यां तु सहसा हनुमान्कपिः। सुग्रीवेण यथोद्दिष्टं गन्तुं देशं प्रचक्रमे ॥१॥

વાનરાધિપતિ સુગ્રીવની આજ્ઞા પ્રમાણે તાર અને અંગદ આદિ વાનરો સહિત વાયુપુત્ર હનુમાને દક્ષિણ દિશાભણી પ્રયાણ કર્યું.[૧] પોતાની સાથેના ઉત્તમ કપિઓસહ તેમણે કેટલેક દૂર ગયા પછી વિંધ્યાચળની ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં શોધખોળ કર્યા પછી એ પર્વતની આસપાસ આવેલાં ઘાડાં જંગલો, પર્વતનાં શિખરો, નદીઓ, કિલ્લાઓ, સરોવરો, મોટાં વૃક્ષો, વૃક્ષખંડો*-અને નાના મોટા પર્વતો વિશે ચોતરફ શોધ કરી; પરંતુ જનકતનયા સીતાનાં ક્યાંય પણ દર્શન થયાં નહિ.[૨-૪] પછી અનેક પ્રકારનાં ફળ–મૂળોનું ભક્ષણ કરનારા તે વાનરો ત્યાંથી નીકળી જળ તથા મનુષ્યો વગરના મહાભયંકર અને શૂન્ય એવા એક ગહન વન તરફ ગયા.[૫] ત્યાં શોધ કરી પરંતુ સીતાની ભાળ મળી નહિ. એવી રીતે બીજાં પણ કેટલાંયે અરણ્યોને વિશે શોધી

* જ્યાં ઘણાં વૃક્ષો ઉગેલાં હોય એવો પ્રદેશ.

વળ્યા. એ પ્રદેશ ગુફાઓને લીધે ગહન હોવાથી તથા દુઃખવડે શોધી શકાય એવો હોવાથી અત્યંત શ્રમિત અને પીડિત થયેલા એ સર્વ કપિઓ ત્યાંથી નીકળી નિર્ભયપણે બીજા પ્રદેશમાં ગયા. ૬-૭ એ પ્રદેશમાંનાં વૃક્ષો ફળ, પુષ્પ તથા પાંદડાં વિનાનાં હતાં અને નદીઓ જળ વિનાની હતી. કંદમૂળાદિ ભક્ષ્ય પદાર્થ તો ત્યાં અત્યંતજ દુર્લભ હતા.૮ ત્યાં મહિષ, મૃગ, હાથી અને શાર્દૂલ વગેરે વનનાં પશુઓ અથવા કોઈ જાતનાં પક્ષીઓ પણ રહેતાં ન હતાં. ૯ વળી એ પ્રદેશને વિશે વૃક્ષો, ઔષધિઓ, લતાઓ, વેલાઓ તથા લીલાં પાંદડાં અને પ્રફુલ્લિત કમળોવાળી તળાવડીઓ તો જોવામાં પણ આવતી ન હતી; તો પછી ભ્રમરોના મધુર ગુંજારવયુક્ત કમળોનો સુવાસ તો ક્યાંથીજ હોય ? એ વનમાં મહા ભાગ્યવાળા અને તપશ્ચર્યારૂપી ધનવાળા 'કંડુ' નામના એક મહર્ષિ રહેતા હતા. એ મહર્ષિ સત્યવાદી, કોઇએ કરેલા અપરાધને નહિ સહન કરનારા, નિયમોનું પાલન કરનારા અને કોઈથી પણ પરાભવ પામે નહિ એવા હતા. એ વનને વિશે પૂર્વે એ મહર્ષિનો દશ વર્ષનો પુત્ર મૃત્યુ પામતાં અત્યંત ક્રોધ પામેલા તે ધર્માત્મા મહર્ષિ કંડુએ આખા વનને શાપ આપ્યો હતો કે; ૧૧-૧૩ "આ વન ઘટા તથા પક્ષી આદિ પ્રાણીઓ વિનાનું, દુઃખે કરી પ્રવેશી શકાય એવું અને કોઈને પણ રહેવાને અયોગ્ય થાઓ." કંડુ ઋષિના એવા શાપને લીધે એ વન ઉજ્જડ–વેરાન બની ગયું હતું. એવા ભયંકર વનમાં પણ સ્થિર અંતઃકરણવાળા અને સુગ્રીવનું પ્રિય કરનારા મહાત્મા વાનરોએ પ્રવેશ કરી, વનના ગહન ભાગો, પર્વતોની કંદરાઓ તથા નદીઓનાં ઉત્પત્તિસ્થળોને વિશે વારંવાર શોધ કરી; છતાં તેઓને જનકનંદિની સીતાનો તથા તેનું હરણ કરનાર રાવણનો ક્યાંય પણ પત્તો મળ્યો નહિ.

ત્યાર પછી તેઓએ લતાઓના ગુચ્છાથી વ્યાપ્ત એવા એક ભયંકર વનમાં પ્રવેશ કર્યો. ત્યાં ભયંકર કર્મ કરનારો એક રાક્ષસ તેઓના જોવામાં આવ્યો. એ રાક્ષસ દેવતાઓથી પણ ડરે તેવો ન હતો. પર્વત સરખા દેહવાળા એ અસુરને જોતાંજ હનુમાન આદિ સર્વ કપિઓ પોતપોતાનાં વસ્ત્ર સંભાળી, કમર કસી, યુદ્ધ માટે તૈયાર થયા. ત્યારે એ બળવાન રાક્ષસે પણ તેઓને ગર્વથી કહ્યું કે; "અરે વાનરો! તમે તો હવે મરણને શરણ થયાજ છો!" ૧૪-૧૮ એટલું કહી દઢ મુષ્ટિ ઉગામી એ અસુર ક્રોધભેર વાનરોની સામે દોડ્યો. રાક્ષસને પોતાની સામે આવતો જોઈ "આજ રાવણ હશે," એમ જાણી તારાના પુત્ર અંગદે એકાએક ઉછળી તેના મુખ ઉપર જોસભેર એક લપડાક ખેંચી કાઢી. રાજપુત્ર અંગદની એકજ લપડાકથી હણાયેલો એ રાક્ષસ મ્હોમાંથી રૂધિર ઓકતો, તુરતજ ભેદાયેલા પર્વતની પેઠે ચક્કર ખાઈ પૃથ્વીપર પડ્યો, અને થોડીક વારમાં તેના પ્રાણ નીકળી જવાથી તેનો શ્વાસોચ્છ્વાસ બંધ પડયો. એ જોઈ જય પામેલા વાનરોએ એ પ્રદેશનો બાકી રહેલો કેટલોક ભાગ શોધીને ત્યાંની એક ગહન ગુફાને વિશે શોધ કરવા માંડી. ત્યાંથી પણ કશો પત્તો નહિ લાગવાથી નિરાશ થઈ સર્વ વનચરો બીજી એક ઘોર ગુફામાં ગયા અને ત્યાં પણ ઘણીવાર સુધી ખોળ કરી. અંતે નિરાશ થઇ તેઓ ખેદ કરતા એ ગુફામાંથી પાછા નીકળ્યા અને દીન મનવાળા થઈ એકાંત સ્થળે વૃક્ષોની છાયા નીચે આવી એકઠા મળી બેઠા. ૧૯-૨૩

अन्यदेवापरं घोरं विविशुर्गिरिगह्वरम् ।
ते विचित्य पुनः खिन्ना विनिष्पत्य समागताः ॥
एकान्ते वृक्षमूले तु निषेदुर्दीनमानसाः ॥२३॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં અડતાળીશમો સર્ગ સંપૂર્ણ.૪૮

सर्ग ४९ मो.

અંગદે કરેલું કપિઓનું આશ્વાસન—સીતાશોધ માટે પુનઃ ઉદ્યોગ.

अथाङ्गदस्तदा सर्वान्वानरानिदमब्रवीत् ।
परिश्रान्तो महाप्राज्ञः समाश्वास्य शनैर्वचः॥१॥

ઘણી ઘણી શોધ કરવા છતાં પણ સીતાની ભાળ નહિ મળવાથી ખેદ પામેલા સર્વ વાનરોનું આશ્વાસન કરી, શ્રમિત થયેલો અને મહાબુદ્ધિશાળી રાજપુત્ર અંગદ તેઓને ધીમે ધીમે કહેવા લાગ્યો કે;[૧] "હે વાનરોત્તમો! આપણ સર્વેએ સઘળાં વનો, પર્વતો, નદીઓ, ગહન અને દુર્ગમ સ્થળો, મોટાં મોટાં કોતરો તથા ગુફાઓને વિશે પ્રવેશ કરી, તે સર્વને સારીરીતે શોધ્યાં તોપણ જનકનંદિની જાનકી કિંવા તેને હરી જનારો દુષ્કર્મી રાવણ ક્યાંય પણ આપણા જોવામાં આવ્યો નહિ.[૨-૩] સીતાની શોધ કરતાં કરતાં આપણને સમય પણ ઘણો લાગી ગયો છે, અને આપણા રાજા સુગ્રીવની આજ્ઞા ઘણી ઉગ્ર છે, માટે આપણ સર્વેએ પુનઃ સીતાની ખોળ કરવાના કાર્યમાં જોડાવું જોઈએ.[૪] હે વાનરો! આ વેળાએ આમ નિરાશ તથા દીન થઈ બેસી રહેવું જોઇતું નથી. ઉઠો; આલસ્ય, શોક તથા નિદ્રાનો ત્યાગ કરો અને સીતાનાં દર્શન થાય તેવી રીતે ખંતથી શોધ કરો.[૫] હે કપિશ્રેષ્ઠો! અનિર્વેદ*, ઉત્સાહ અને આરંભેલા કાર્યમાંથી પાછું ન હઠવું તે, એ ત્રણે ગુણો કાર્યની સિદ્ધિ કરનારા છે, એવું વિદ્વાનો કહે છે; માટેજ હું તમને કહું છું કે, હે વનવાસી કપિઓ! તમે ખેદનો ત્યાગ કરી હવે પછી આવનારાં સઘળાં ગહન વનોમાં શોધ કરો. હે વાનરો! આપણ સર્વેએ શોધેલાં સ્થળોને પુનઃ પણ ઉત્સાહ ધરી શોધવાં જોઈએ.[૬-૭] સતત ઉદ્યોગ કરનાર પુરુષને તે કાર્યનું ફળ અવશ્ય મળે છે, પરંતુ કંટાળી જઈ ઉત્સાહરહિત થનાર પુરુષ ફળને મેળવી શકતો નથી.[૮] હે વાનરો! આપણો રાજા સુગ્રીવ ઘણોજ ક્રોધી અને ઉગ્ર દંડ દેનારો છે, માટે આપણે તેનાથી તથા મહાત્મા રામચંદ્રથી ડરવું જોઈએ.[૯] હે કપિવરો! આ હું તમારા સર્વના હિતને માટે કહું છું, માટે જો રૂચે તો તેમ કરો; અથવા હે વાનરો! આ સમયે આપણ સર્વને બીજું જે કંઈ કરવાયોગ્ય હોય તે જણાવો."[૧૦]

રાજપુત્ર અંગદનું ભાષણ સાંભળીને ગંધમાદન વાનરે તરશ અને શ્રમથી થતી પીડાને લીધે લથડતી વાણીથી કહ્યું કે;[૧૧] "હે વાનરોત્તમો! રાજપુત્ર અંગદે જે વચનો કહ્યાં તે આપણને અનુકૂળ, યોગ્ય તથા હિતરૂપ છે; આપણે તે પ્રમાણેજ કરવું જોઈએ.[૧૨] હે કપિઓ! તમે ખેદનો ત્યાગ કરી ઉભા થાઓ અને ચાલો. મહાત્મા સુગ્રીવના કહ્યા પ્રમાણે આપણે સઘળા પર્વતો, ગુફાઓ, શિલાઓ, ઉજ્જડ વનો તથા પર્વતોના ઝરાઓમાં પુનઃ શોધ કરીએ. ઉતાવળ કરો; ચાલો આપણ સર્વ મળી હમણાંજ આ પર્વતોમાં આવેલાં દુર્ગમ સ્થળોને વિશે શોધી વળીશું."[૧૩-૧૪]

અંગદનાં વાક્યોને પુષ્ટિ આપનારાં ગંધમાદન વાનરનાં હિંમતભર્યાં વચન સાંભળીને, મહા બળવાન સર્વ કપિઓ પુનઃ ઉત્સાહયુક્ત થઈ ઉભા થયા અને વિંધ્યાચળ તથા અનેક પ્રકારનાં વનોથી ઘેરાયેલી દક્ષિણ દિશામાં ફરવા લાગ્યા.[૧૫] સર્વત્ર શોધ કરતા તેઓ શરદ્ ઋતુના વાદળ સરખા શ્વેત વર્ણવાળા અને ગુફાઓ તથા શિખરોવાળા રજતગિરિપર ચઢ્યા. સીતાનાં દર્શનની આકાંક્ષાવાળા તે વાનરો એ પર્વતપર આવેલાં લોધ્રવનો તથા રમ્ય સપ્તપર્ણનાં વનોને વિશે સારી રીતે ખોળ કરતા છેક પર્વતની ટોચ ઉપર જઈ પહોંચ્યા; અને ત્યાં જઈને ઘણી ખોળ કરી છતાં રામપત્ની સીતાનાં દર્શન થયાં નહિ.[૧૬-૧૮] એ

* કાર્ય કરતાં નિષ્ફળ થવાય તોપણ ખેદ ધર્યા સિવાય તેજ કાર્યમાં મંડ્યા રહેવું તે.

પ્રમાણે મોટી ગુફાઓવાળા એ રજતગિરિપર શોધ કરી નિરાશ થયેલા અને ચોતરફ દૃષ્ટિ કરતા એ વાનરો તે પર્વતપરથી નીચે ઉતર્યા, અને એક વૃક્ષની છાયા નીચે આવી, કોઈ ભ્રમિત પુરુષની પેઠે ઉદ્વિગ્ન ચિત્તે બે ઘડીભર બેઠા.[૧૯-૨૦] બે ઘડી પછી કાંઈક સ્વસ્થ તથા શ્રમરહિત થઈ, તેઓ આખી દક્ષિણ દિશામાં શોધ કરવાને પુનઃ પણ ઉદ્યુક્ત થયા.[૨૧] પછી એ સર્વ વાનરો કપિવર હનુમાનને મુખ્ય કરીવિંધ્યાચળથી આરંભી દક્ષિણ દિશાને વિશે શોધ કરતા સર્વત્ર વિચરવા લાગ્યા.[૨૨]

हनुमत्प्रमुखास्तावत्प्रास्थिताप्लवगर्षभाः ।
विंध्यमेवादितः कृत्वा विचेरुश्च समन्ततः ॥२२॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં ઓગણપચાસમો સર્ગ સંપૂર્ણ.૪૯

सर्ग ५० मो.

ઋક્ષબિલ પ્રતિ ગમન અને તપસ્વિની દર્શન.

सह ताराङ्गदाभ्यां तु संगम्य हनुमान्कपिः ।
विचिनोति च विन्ध्यस्य गुहाश्च गहनानि च ॥१॥

તાર અને અંગદ આદિ વાનરો સહિત વાયુસુત હનુમાને દક્ષિણ દિશામાં આવેલા વિંધ્ય પર્વતની ગુફાઓ અને ગહન વનોને વિશે સીતાની શોધ કરવા માંડી.[૧] સિંહો અને વ્યાઘ્રાદિ વનચર પશુઓએ સેવેલી એ પર્વતની ગુફાઓ, વિષમ સ્થળો તથા મોટા મોટા ઝરાઓ વિશે ચોતરફ શોધ કરતા તે હનુમાનાદિ કપિઓ છેક વિંધ્યાચળના નૈઋત્ય શિખરપર જઈ પહોંચ્યા. ત્યાં જતાં સુધીમાં તેઓને સુગ્રીવે આપેલી એક માસની અવધિ પૂરી થઈ.[૨-૩] એ પ્રદેશ અનેક ગુફાઓ તથા ગહન વનોથી ભરપૂર હોવાને લીધે મહા દુઃખે પણ શોધી શકાય એવો ન હતો; તોપણ કાર્યથી પાછા ન હઠતાં વાયુસુત હનુમાન ચોતરફ શોધ કરવા લાગ્યો.[૪] એ જોઈ બીજા સર્વ વાનરો પણ એક બીજાથી છૂટા પડી થોડે થોડે દૂર રહી ખંતથી શોધ કરવા મંડી પડયા. સૈન્યમાંના મુખ્ય મુખ્ય નાયકો જેવા કે ગજ, ગવાક્ષ, ગવય, શરભ, ગંધમાદન, મૈંદ, દ્વિવિદ, હનુમાન, જાંબવાન, યુવરાજ અંગદ અને તાર વગેરે વાનરો પર્વતસમૂહોથી વ્યાપ્ત દક્ષિણ દિશામાં શોધ કરતા ચાલ્યા જતા હતા; એટલામાં એક ઉઘાડા દ્વારવાળું બિલ (કોતર) તેઓના જોવામાં આવ્યું.[૫-૭] એ બિલમાં પ્રવેશ કરવો ઘણોજ કઠિન હતો, કેમકે તેનું મયદાનવે રક્ષણ કરેલું હતું. તેનું 'ઋક્ષબિલ' એવું નામ હતું. એ ઋક્ષબિલના દ્વારમાંથી ક્રૌંચો, હંસો, સારસો તથા કમળની રજથી રક્તવર્ણ બનેલા અને જળથી પલળેલી પાંખોવાળાં ચક્રવાકાદિ પક્ષીઓ આવજાવ કરતાં હતાં. વળી સુગંધયુકત શીતળ પવન તેમાંથી ધીમે ધીમે નીકળતો હતો. આ ઉપરથી 'અત્રે જળ હશે,' એવું અનુમાન બાંધી એ સર્વ કપિઓ કે જેઓ ક્ષુધા-તૃષાથી પીડિત થવાને લીધે જળની શોધ કરતા હતા તથા અત્યંત શ્રમિત થયા હતા, તેઓ સર્વ તે બિલમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી ત્યાં આગળ ઉભા રહ્યા; એટલામાં બીજા સર્વ વાનરો કે જેઓ સીતાની શોધ માટે દૂર દૂર ફરતા હતા તેઓ પણ ત્યાં આવી પહોંચ્યા અને લતાઓ તથા વૃક્ષોથી વ્યાપ્ત, નાનાપ્રકારનાં પ્રાણીઓથી ભરેલા, પાતાલ સરખા ગંભીર અને દુઃખે કરી પ્રવેશી શકાય એવા ઋક્ષબિલને જોઈ વિસ્મિત થયા. 'આમાં જળ હશે,' એમ ધારી, એ મહા બળવાન તેજસ્વી વાનરો તુરતજ તે ભયંકર બિલમાં પ્રવેશવાને તૈયાર થયા. ત્યારે પર્વતશિખર સમાન દૃઢ દેહવાળો પવનસુત હનુમાન કે જે દુર્ગમ વનમાર્ગોને શોધવામાં સમર્થ હતો, તેણે સર્વ વાનરોને સંબોધી કહ્યું કે; "હે વાનરો! આપણે સૌ દક્ષિણ દિશામાંના પર્વતોથી ભરેલા સઘળા પ્રદેશોને શોધીશોધી થાકી ગયા તોપણ સીતાની ભાળ મળી નહિ, માટે આ

બિલમાં પ્રવેશ કરી આપણે શોધ કરવી જોઇએ. જોકે આ બિલ ઘણું જ ભયંકર અને દુષ્પ્રવેશ્ય જણાય છે, તોપણ તેમાંથી હંસો, ક્રૌંચો, સારસો તથા જળથી ભીંજાયેલી પાંખોવાળા ચક્રવાકાદિ પક્ષીઓ નીકળે છે, અને એના દ્વાર આગળ ઉગેલાં વૃક્ષો પણ લીલાંછમ જણાય છે, એ ઉપરથી અનુમાન થાય છે કે એમાં અવશ્ય કોઈ જળવાળો કુવો કિંવા હ્રદ હશે. ”

હનુમાનનાં વચનો સાંભળી જળની આકાંક્ષાવાળા સર્વ વાનરોએ તુરતજ અંધકારથી વ્યાપી રહેલા એ બિલમાં પ્રવેશ કર્યો. ૮-૧૭ ચંદ્ર અને સૂર્યાદિના પ્રકાશરહિત હોવાને લીધે રૂંવાટાં ઉભાં કરે એવા એ બિલને વિશે પ્રવેશ કરતાંજ તે વાનરોએ ત્યાં રહેનારાં સિંહ અને મૃગ આદિ પશુઓ તથા પક્ષીઓને ન્હાસા ન્હાસ કરતાં જોતાં,૧૮ તેથી ન ડરતાં તે કપિઓ અંધકારમાં આગળ ને આગળ વધ્યા. તેઓ જેમ જેમ આગળ ગયા તેમ તેમ એવું તો ગાઢ અંધારૂં આવ્યું કે જ્યાં આગળ તેઓની દૃષ્ટિ બંધ થઈ ગઈ; અર્થાત્ તેઓ અંધકારને લીધે એકબીજાને જોઇ શકયા નહિ. તેઓનાં પરાક્રમ અને પ્રભાવ પણ મંદ થઈ ગયાં.૧૯ અંધકારને લીધે દૃષ્ટિ છવાઈ જવાથી તેઓ એકબીજાના હાથ ઝાલીને વાયુ સરખી ગતિથી ચાલવા લાગ્યા. મોટા વેગથી માર્ગ કાપતા એ કપિવરો નાનાપ્રકારનાં વૃક્ષોથી વ્યાપ્ત એવા એ ભયંકર બિલમાં ને બિલમાં એક યોજન સુધી ચાલ્યા ગયા; તોપણ અંધકારનો અંત જણાયો નહિ. હવે તેઓ સંજ્ઞારહિત થઈ ગયા અને તૃષાને લીધે “ જળ જળ ” એમ ઝંખવા લાગ્યા.૨૦-૨૨ અત્યંત થાકને લીધે દીન મુખવાળા તથા કૃશ બનેલા એ વાનરોએ અંધકારમાં ને અંધકારમાં જ ઘણી વાર સુધી ચાલ્યાં કર્યું, ત્યારે છેવટે થોડેક દૂર પ્રકાશ જોવામાં આવ્યો. જ્યાં એ પ્રકાશ દેખાતો હતો એ અંધકાર વિનાનો રમણીય વનપ્રદેશ હતો. તેને જોતાં અત્યંત હર્ષિત થઇ, તે સર્વ કપિઓ ઉતાવળી ગતિથી તે પ્રદેશમાં આવી પહોંચ્યા. ત્યાં અંધકારનું તો નામ નિશાન પણ ન હતું.૨૩-૨૪ એ વનપ્રદેશને વિશે ઉગેલાં સાગ, તાલ, તમાલ, સોપારી, તગર, ધાવડો, ચંપક, નાગકેસર અને કણેર વગેરે વૃક્ષો, જાણે સુવર્ણમયજ હોયની એવાં દેખાતાં હતાં અને ઝળહળતા અગ્નિ સરખો તેમનો પ્રકાશ પડતો હતો. એ વૃક્ષોપરનાં રાતાં નવાંકુરો તથા પુષ્પગુચ્છો વનની શોભામાં વધારો કરી રહ્યાં હતાં.૨૫-૨૬ સૂર્ય સમાન પ્રકાશવાળાં દેદિપ્યમાન રૂપેરી વર્ણનાં વૃક્ષો કે જે ટોચ સુધી છવાયેલી લતાઓરૂપી સુવર્ણાભૂષણોથી ભૂષિત હતાં અને જેના થડની આસપાસ ચારે બાજુ વૈદૂર્યમણિની વેદિકા રચેલી હતી, તેને જોઇ સર્વ કપિઓ હર્ષિત થયા. વળી ત્યાં આગળ જાત જાતનાં પક્ષીઓથી વ્યાપ્ત અને નીલ વૈદૂર્યમણિ સરખા વર્ણવાળી કમલિનીઓ જોવામાં આવતી હતી.૨૭-૨૮ તેમજ ઉગતા સૂર્ય સરખાં પ્રકાશમાન સુવર્ણનાં વૃક્ષોથી વિંટાયેલી તથા રૂપેરી અને સોનેરી રંગનાં મત્સ્યો તથા કમળોથી વ્યાપ્ત એવી નિર્મળ જળવાળી તલાવડીઓ દૃષ્ટિએ પડતી હતી. ત્યાં આગળ સોનું, ચાંદી તથા વૈદૂર્યમણિ વગેરે કિંમતી વસ્તુઓથી નિર્માણ કરેલાં સાત માળવાળાં સેંકડો ગૃહો શોભી રહ્યાં હતાં. પ્રત્યેક ગૃહમાં સુવર્ણના ગોખ મૂકેલા હતા અને તેમાં મોતીની સેરો લટકતી હતી. એ ગૃહોની આસપાસ આવેલા બગીચાઓનાં પ્રવાલ અને મણિ સરખાં પુષ્પ તથા ફળના ભારથી લચી રહેલાં વૃક્ષો શોભી રહ્યાં હતાં અને એ વૃક્ષોમાંથી નિરંતર ઝરતા મધુરસનું સેવન કરવા અર્થે આવેલા ભ્રમરો ત્યાં ગુંજારવ કરી રહ્યા હતા. આ સર્વ શોભાને નિરખી એ સર્વ કપિઓએ ત્યાંના એક મુખ્ય ગૃહમાં પ્રવેશ કર્યો, ત્યારે ત્યાં મણિજડિત

સુવર્ણના વિવિધ પ્રકારના પલંગો તથા વિશાળ આસનો ઠારેઠાર પડેલાં જોવામાં આવ્યાં. વળી એ ગૃહમાં કોઈ સ્થળે સોના, રૂપા તથા કાંસાનાં પાત્રોના મોટા ઢગ ગોઠવી રાખ્યા હતા; કોઈ સ્થળે અગર વગેરે દિવ્ય ચંદનોનો સંગ્રહ કરી રાખ્યો હતો; કોઈ સ્થળે આહાર કરવા યોગ્ય પવિત્ર કંદ-મૂળ તથા ફળ વગેરે તમજ મધુરસનો સંચય કરી રાખેલો હતો; કોઈ સ્થળે વિમાન, રથ, પાલખી વગેરે ઉત્તમ વાહનો પડેલાં હતાં; કોઈ સ્થળે દિવ્ય અને અમૂલ્ય વસ્ત્રોના ભંડાર ભરેલા હતા; તો કોઈ સ્થળે ચિત્રવિચિત્ર ઊનનાં વસ્ત્રો તથા મૃગચર્મોના ઢગલા કરી મૂકયા હતા.

ઋક્ષબિલને વિશે ઉપર્યુકત સર્વ શોભાને નિરખતા અને સર્વત્ર સીતાને શોધતા હનુમાન વગેરે સર્વ કપિવરો ચોતરફ ફરતા હતા, એવામાં પોતાના તેજે કરી અગ્નિ સમાન પ્રકાશતી કોઈ એક સ્ત્રી તેઓની દૃષ્ટિએ પડી. એ સ્ત્રી નિયમિત આહાર કરનારી એક વૃદ્ધ તપસ્વિની હતી. તેણે પોતાના શરીરપર કૃષ્ણ મૃગચર્મ તથા વલ્કલ વસ્ત્ર ધારણ કર્યું હતું. આવા ગુપ્ત અને નિર્જન સ્થળમાં એકલી એક વૃદ્ધા સ્ત્રીને જોઈ સર્વ કપિઓ વિસ્મિત થઈ ગયા; અને જાણે ભય પામ્યા હોય તેની પેઠે કાંઈ પણ બોલ્યા-ચાલ્યા વિના ઉભા રહ્યા.૨૯-૩૯ પછી પર્વત-સમાન દેહવાળો મહા સમર્થ હનુમાન તુરતજ નિર્ભયપણે તેની આગળ ગયો, અને તે વૃદ્ધ તપસ્વિની હોવાથી તેને પ્રણામ કરી હાથ જોડીને પૂછયું કે; “હે દેવિ ! તું કોણ છે ? અને આ બિલભુવન તથા રત્નો વગેરે કોનાં છે ?”૪૯

ततो हनुमान्गिरिसंनिकाशः कृताञ्जलिस्तामभिवाद्य वृद्धाम्। पप्रच्छ का त्वं भवनं बिलं च रत्नानि चेमानि वदस्व कस्य ॥४०॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં પચાશમો સર્ગ સંપૂર્ણ. ૫૦

સર્ગ ૫૧ મો.

હેમા અપ્સરાની સખી સ્વયંપ્રભાની ભેટ.

इत्युक्त्वा हनुमांस्तत्र चीरकृष्णाजिनाम्बराम्। अब्रवीत्तां महाभागां तापसीं धर्मचारिणीम् ॥१॥

ઋક્ષબિલમાં રહેનારી એ વૃદ્ધ તાપસી કે જેણે વલ્કલ વસ્ત્ર તથા કૃષ્ણ મૃગચર્મ ધારણ કર્યાં હતાં અને જે ધર્મનું આચરણ કરનારી હતી તેને વાયુસુત હનુમાને પૂછયું કે;૧ “હે મહાભાગા ! ક્ષુધા-તૃષાથી શ્રમિત થયેલા અને અત્યંત ખેદ પામેલા અમોએ, “અત્રે જળ મળશે” એમ ધારી, એકાએક અંધકારથી વ્યાપેલા આ બિલમાં પ્રવેશ કર્યો છે. હે તપસ્વિની ! અમે સૌ તૃષાથી પીડિત હોવાને લીધે જળની આશાથી આ મ્હોટા ભૂવિવરમાં આવ્યા છીએ. તેમાં વળી આ અનેક પ્રકારની અદ્ભુત ઉપમા અપાય એવા ઉત્તમોત્તમ પદાર્થો જોઇને તો ઉલટા અમે વધારે પીડિત અને ભ્રમિત થયા છીએ અને અમારૂં ચિત્ત વ્યાકુળ બની ગયું છે; માટે હે દેવી ! અમારો ભય નિવૃત્ત કરવા અર્થે અમે તને પૂછીએ છીએ કે, તરુણ સૂર્ય સરખા પ્રકાશયુક્ત આ સુવર્ણનાં વૃક્ષો અને આહાર કરવા યોગ્ય આ પવિત્ર કંદ-મૂળ તથા ફળો કોનાં છે ? વળી આ સાત ભૂમિકાવાળાં સુવર્ણમય તથા રૌપ્યમય દિવ્ય ગૃહો, કે જેની ભીંતોમાં સુવર્ણના ગોખ મૂકેલા છે તથા જેના દ્વારોપર મણિ-મુક્તાનાં તોરણો બાંધેલાં છે, તે કોનાં છે ? આ પુષ્પ તથા ફળવાળાં અને સુંદર સુગંધવાળાં પવિત્ર વૃક્ષો તથા સરોવર વિશેનાં કમળો કોના પ્રભાવથી સુવર્ણમય બનેલાં છે ?૩-૭ વળી આ જળમાંના કાચબા તથા મત્સ્યો પણ સુવર્ણનાં કેમ દેખાય છે ? આ સઘળી શોભા તારા પ્રભાવથી થઈ છે કે કોઈ બીજાની તપશ્ચર્યાના પ્રભાવથી થઇ છે ? એ સઘળું અમો અજાણ્યાને યથાસ્થિત કહી સંભળાવ.”

મહાત્મા હનુમાનનાં વચન સાંભળીને ધર્મા-

નુષ્ઠાનમાં તત્પર રહેનારી તથા સર્વ ભૂત પ્રાણીઓનું હિત ઇચ્છનારી એ વૃદ્ધ તાપસીએ કહ્યું કે; "હે વાનરર્ષભ! મહા તેજસ્વી અને માયાવી મયદાનવે પોતાની માયાના બળવડે આ સઘળું સુવર્ણમય વન નિર્માણ કર્યું છે. આ સુવર્ણમય ઉત્તમ ભવન પણ તેણે જ બનાવેલું છે. એ મયદાનવ પૂર્વે દાનવોનો વિશ્વકર્મા હતો. હે વાનરપુંગવ! એ મયદાનવે પૂર્વે કોઇ વનને વિષે હજારો વર્ષપર્યંત ઉગ્ર તપશ્ચર્યા કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા અને તેમની પાસેથી વિચિત્ર સૃષ્ટિ રચવાનું સામર્થ્ય તથા શુક્રાચાર્ય પ્રણીત શિલ્પશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારપછી સર્વ કામભોગોનો ભોક્તા એ મહા બળવાન મયદાનવ આ ભૂવિવરમાં દિવ્ય વન તથા ભવન રચી, તેમાં સુખપૂર્વક રહેતો હતો. આ દિવ્ય ભવનમાં રહેતાં કેટલોક કાળ વીત્યા પછી એ દાનવશ્રેષ્ઠ મય ઇંદ્રની 'હેમા' નામની અપ્સરાપર આસક્ત થયો. એ જાણી ક્રોધે ભરાયેલા ઇંદ્રે તેની સાથે યુદ્ધ આરંભ્યું. એ યુદ્ધમાં ઇંદ્રના વજ્રના પ્રહારથી તેનો નાશ થયો. ત્યારપછી બ્રહ્મદેવે આ ઉત્તમ વન, દુર્લભ કામભોગ તથા આ સુવર્ણગૃહ વગેરે મયાસુરની મોટી સમૃદ્ધિ, હેમા અપ્સરાને સોંપી દીધી છે. હે કપિવર! આ ભવન વગેરે સર્વ દિવ્ય સમૃદ્ધિ એ હેમાની છે. હે વાનરો! હું તો મહામુનિ મેરૂસાવર્ણિની પુત્રી છું. મારૂં નામ 'સ્વયંપ્રભા' છે. હે વાનરોત્તમ! નૃત્ય તથા ગીતવિદ્યામાં કુશળ એવી તે હેમા અપ્સરા મારી પ્રિય સખી હોવાથી તથા તેણે પોતાના ભવનની રક્ષા કરવા સારૂ પૂર્વે મારી પ્રાર્થના કરેલી હોવાથી હું મારી એ પ્રિય સખીના આ ભવનની રક્ષા કરૂં છું. હે વાનરો! તમે આ ભયંકર વનમાં શા કારણથી આવ્યા છો અથવા શું કાર્ય નિમિત્ત આવ્યા છો [૮-૧૮] અરે, આ અત્યંત દુર્ગમ વનને વિષે તમે કેવી રીતે આવી શક્યા? એ સઘળું તમે મને કહી સંભળાવો. હે વાનરો! તમે સર્વ ક્ષુધા-તૃષાથી પીડિત છો, માટે પ્રથમ ભક્ષણ કરવાયોગ્ય આ ફળો તથા કંદમૂળોનું ભોજન કરી નિર્મળ જળનું પાન કરો અને પછી તમારૂં સર્વ વૃત્તાંત મને કહો."[૧૯]

કથમ્ચેદં વનન્દુર્ગં યુષ્માભિરુપલક્ષિતમ્। શુચીનભ્યવહારાણિ મૂલાનિ च फलानि च। भुक्त्वा पीत्वा च पानीयं सर्वं मे वक्तुमर्हसि मर्हसि ॥१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં એકાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૧

સર્ગ ૫૨ મો.

તાપસી સ્વયંપ્રભા.

अथ तानब्रवीत्सर्वान्विश्रान्तान्हरियूथपान्। इदं वचनमेकाग्रा तापसी धर्मचारिणी ॥१॥

વૃદ્ધ તાપસી સ્વયંપ્રભાની આજ્ઞાથી સર્વ વાનરોએ યથેચ્છ ભોજન-પાન કરી, થોડીકવાર વિશ્રાંતિ લીધી. ત્યારપછી એકાગ્ર ચિત્તવાળી અને ધર્મપ્રમાણે વર્તનારી સ્વયંપ્રભાએ તેઓને કહ્યું કે; "હે વાનરો! ફળોનો આહાર તથા શીતળ જળપાન કરવાથી જો તમારો શ્રમ નિવૃત્ત થયો હોય, તથા તમારૂં વૃત્તાંત મારે સાંભળવાયોગ્ય હોય તો હવે તે સઘળું મને કહો."[૨] સ્વયંપ્રભાનું વચન સાંભળી પવનસુત હનુમાન, અત્યંત નમ્રતાપૂર્વક તેને સઘળું વૃત્તાંત કહેવા લાગ્યો.[૩]

હનુમાન કહે છે:—"હે દેવી! સર્વ લોકના રાજા અને ઇંદ્ર તથા વરુણની ઉપમા અપાય એવા દશરથનંદન રામચંદ્રે પોતાના લઘુ ભ્રાતા લક્ષ્મણ તથા પોતાની પત્ની મહા દેવી સીતાસહિત દંડકારણ્યમાં પ્રવેશ કર્યો હતો અને ફરતાં ફરતાં જનસ્થાનમાં આવીને વાસ કર્યો હતો. એ વેળા તેમની નજર ચુકવીને તેમની પત્ની સીતાનું રાવણ રાક્ષસે હરણ કર્યું છે.[૪-૫] એ સીતાની શોધ કરતા રામચંદ્રે કિષ્કિંધા પ્રત્યે આવી અમારા રાજા સુગ્રીવની સાથે મૈત્રી બાંધી છે અને સુગ્રીવે સીતાની શોધ કરવા માટે અમોને અંગદના અધ્યક્ષપણા નીચે અગસ્ત્યે સેવેલી અને યમરાજાએ રક્ષિત કરેલી

આ દક્ષિણ દિશામાં મોકલ્યા છે. મહાત્મા સુગ્રીવે અમને આજ્ઞા કરી છે કે; 'હે વાનરો! તમે સૌ ઇચ્છિતરૂપ ધરનારા રાવણના નિવાસસ્થળની તથા જનકતનયા સીતાની શોધ કરો.'૬-૮ સુગ્રીવની આજ્ઞાને અનુસરી અમે સર્વે કપિઓ અત્યાર સુધી સઘળી દક્ષિણ દિશા શોધી શોધીને કંટાળી ગયા અને છેવટે દક્ષિણ સમુદ્રને વિશે શોધ કરવાની ઈચ્છાથી તે તરફ જતા હતા; પરન્તુ અત્યંત શ્રમને લીધે તથા ક્ષુધા અને તૃષાને લીધે અમારાં મુખ વિવર્ણ થઈ ગયાં. અમે સર્વ કપિઓ એક વૃક્ષની છાયા નીચે બેસીને સુગ્રીવની આજ્ઞાનો વિચાર કરતા ચિંતારૂપ મહાસાગરમાં ડૂબી ગયા. સુગ્રીવે આપેલો એક માસનો અવધિ પૂરો થવા આવ્યો છતાં અમે હજીસુધી તના કાર્યના પારને પામ્યા નથી.૯-૧૦ પછી જળની આશાથી અમે ચોમેર દૃષ્ટિ ફેરવતા હતા, એવામાં આ મોટું બિલ અમારા જોવામાં આવ્યું. તુરતજ અમે સર્વ ઉઠી તેના દ્વાર આગળ આવ્યા અને જોયું તો તે અંધકારથી વ્યાપ્ત હતું; છતાં તેમાં લીલીછમ લતાઓ તથા વૃક્ષો જણાતાં હતાં અને તેના દ્વારમાંથી પલળેલી પાંખોવાળા હંસો, ક્રૌંચો તથા સારસ આદિ પક્ષીઓ નીકળતાં હતાં. એ જોઈ 'અત્રે જળ હશે' એવી મને ખાત્રી થઈ, ત્યારે મેં સર્વ કપિઓને અંદર પ્રવેશ કરવાનું કહ્યું. મારૂં વચન સાંભળી સર્વે કપિઓએ પણ ધાર્યું કે; 'આ બિલમાં અવશ્ય કોઇ જળાશય હશેજ.'૧૧-૧૩ નિશ્ચય થતાંજ સીતાની શોધના કાર્ય માટે ઉતાવળા એવા અમોએ એકાએક આ અંધકારવાળા બિલમાં પ્રવેશ કર્યો. જેમ જેમ અંદર આવતા ગયા તેમ તેમ અંધકાર વધતો ગયો. દૃષ્ટિ અશક્ત થઈ જવાથી અમો સર્વ કપિઓ એક બીજાના હાથ ઝાલીને આગળ વધ્યા અને અંતે આ પ્રદેશમાં આવી પહોંચ્યા. હે દેવી! આ અમારૂં વૃત્તાંત છે અને સીતાની શોધ કરવાનું અમારૂં મુખ્ય કાર્ય છે. માર્ગમાં ક્ષુધા તથા તૃષાથી પીડિત થવાને લીધે અમો સર્વ એકાએક આ બિલમાં આવી ચઢયા છીએ.૧૪-૧૫ હે દેવી! અમે સર્વ કે જેઓ ક્ષુધાને લીધે ક્ષીણ થયેલા હતા તેઓને તેં આતિથ્યધર્મને અનુસરી જે ફળ-મૂળાદિ આપ્યાં તેનું ભક્ષણ કરીને અમે ક્ષુધાના દુઃખમાંથી મુક્ત થયા છીએ. હે તપસ્વિની! ક્ષુધાને લીધે ખરેખર અમો સર્વ મરણની દશામાં આવી પડયા હતા, પરંતુ તેં અમારૂં રક્ષણ કર્યું છે; માટે તેં કરેલા ઉપકારનો બદલો વાળવાને અમે તારૂં શું પ્રિય કરીએ તે તું કહે."

વાયુસુત હનુમાનસહિત સર્વ કપિઓનાં વચન સાંભળીને સર્વજ્ઞ સ્વયંપ્રભાએ તેઓને કહ્યું કે; "હે વાનરો! તમો સર્વ બળવાન વાનરોનાં પ્રત્યુપકાર કરવાની ઇચ્છા જણાવનારાં વચનો સાંભળીનેજ હું સંતુષ્ટ થઈ છું.૧૬-૧૮ હે કપિવરો! હું, કે જે નિરંતર ધર્માનુષ્ઠાનમાંજ તત્પર રહેનારી છું તેને કોઇ પણ પ્રિય પદાર્થની આવશ્યકતા નથી."

તપસ્વિની સ્વયંપ્રભાનું ધર્મયુક્ત વચન સાંભળીને વાયુસુત હનુમાન તેને કહેવા લાગ્યો કે; "હે દેવી! તમે, કે જે ધર્મ પ્રમાણે વર્તનારાં છો તેના શરણે અમે સર્વ કપિઓ આજે આવી પડયા છીએ.૧૯-૨૧ મહાત્મા સુગ્રીવે અમને સીતાની શોધ કરી પાછા વળવાનો જે અવધિ આપ્યો હતો તે તો અહીંયાંજ પૂરો થયો છે. હવે અમારૂં આયુષ્ય ખુટી ચુકયું છે, કેમકે 'એક માસની અંદર પાછા વળવું' એવી સુગ્રીવની આજ્ઞાનું અમોએ ઉલ્લંઘન કર્યું છે અને એક માસમાં પાછા નહિ વળનારને દેહાંત દંડ થવાનો છે; માટે હે ધર્મચારિણી! અમો સર્વને તું આ બીલમાંથી બહાર કાઢ અને સુગ્રીવના ભયથી અમારૂં રક્ષણ કર. હે દેવી! સીતાશોધરૂપ મોટું કાર્ય હજી અમારે કરવાનું છે અને તે કાંઇ અહીંયાં રહેવાથી થાય તેમ નથી."

હનુમાનનાં વચન સાંભળી વૃદ્ધ તાપસી સ્વયંપ્રભાએ કહ્યું કે;૨૨-૨૫ "હે વીર હનુમાન! આ બિલમાં પ્રવેશ કર્યાપછી કોઈપણ

પ્રાણીએ જીવતાં બહાર નીકળવું ઘણુંજ દુષ્કર છે, તોપણ કઠિન નિયમોનું પાલન કરીને મેળવેલા તપના પ્રભાવથી હું તમો સર્વ વાનરોને આ ભયંકર બિલમાંથી બહાર કાઢીશ." એટલું હનુમાન પ્રત્યે કહીને પછી તેણે સર્વ વાનરોને સંબોધી કહ્યું કે; "હે વાનરપુંગવો ! જો તમારે આ બિલમાંથી બહાર નીકળવું હોય તો તમે સૌ પોતપોતાનાં નેત્ર મીંચો; તેમ કર્યા સિવાય અહીંથી બહાર નીકળી શકાશે નહિ."

તપસ્વિની સ્વયંપ્રભાનાં વચન સાંભળતાંજ બહાર નીકળવાની ઇચ્છાથી હર્ષિત થયેલા સર્વ કપિઓએ નેત્ર મીંચ્યાં; અને ઉપરથી કોમળ આંગળીઓવાળા કરકમળોવડે પોતાનાં નેત્ર તથા મુખ પણ આચ્છાદિત કર્યાં.૨૬-૨૯ એટલે સ્વયંપ્રભાએ એક નિમેષ જેટલા સમયમાંજ તે સર્વ કપિઓને બિલમાંથી બહાર લાવીને કહ્યું કે; "હે વાનરો ! હવે તમે તમારાં નેત્ર ઉઘાડો." સ્વયંપ્રભાનું વચન સાંભળતાંજ સર્વ વાનરોએ નેત્ર ઉઘાડયાં અને જોયું તો પોતે પૂર્વે હતા ત્યાં-બિલના દ્વાર આગળ આવી બેઠા હતા !૩૦ તપના અદ્‌ભુત પ્રભાવથી પોતાને એકાએક બિલથી બહાર નીકળેલા જોઇને વિસ્મિત થયેલા સર્વ કપિઓનું આશ્વાસન કરી સ્વયંપ્રભા કહેવા લાગી કે; "હે કપિકુંજરો ! જુઓ, આ અનેક જાતની લત્તાઓ તથા વૃક્ષોવાળો વિંધ્યાચળ, પેલો દૂર જણાય તે પ્રસ્રવણ પર્વત* અને આ પાસેજ અગાધ જળવાળો દક્ષિણ સમુદ્ર છે. હે વાનરર્ષભો ! તમારૂં કલ્યાણ થાઓ. હવે હું મારા ભવનપ્રત્યે જઈશ." એટલું કહીને, તપસ્વિની સ્વયંપ્રભાએ પોતાની પ્રકાશમાન ગુફામાં પ્રવેશ કર્યો. ૩૧-૩૨

* આ પ્રસ્રવણ પર્વત કિષ્કિંધા પાસે આવેલા પ્રસ્રવણથી જુદો, એમ કેટલાક કહે છે અને કેટલાક કહે છે કે પ્રસ્રવણ પર્વત ઘણોજ ઉંચો હોવાથી દૂરથી પણ જોઈ શકાતો હતો. તિલક ટીકા.

एष प्रस्रवणः शैलः सागरोऽयं महोदधिः ।
स्वस्ति वोऽस्तु गमिष्यामि भवनं वानरर्षभाः॥
इत्युक्त्वा तद्बिलं श्रीमत्प्रविवेश स्वयंप्रभा॥१२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં બાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૨

सर्ग ५३ मो.

વાનરોનો ખેદ.

ततस्ते ददृशुर्घोरं सागरं वरुणालयम् ।
अपारमभिगर्जन्तं घोरैरूर्मिभिराकुलम् ॥१॥

તપસ્વિની સ્વયંપ્રભાના તપના પ્રભાવ વડે જ્યારે સર્વ વાનરો ઋક્ષબિલથી બહાર નીકળ્યા, ત્યારે તેઓએ જળના સ્થાનરૂપ અને ઉપરાઉપરી ઉઠતા તરંગોથી અત્યંત ગર્જતા અપાર મહાસાગરને જોયો.૧ મયદાનવની માયાથી નિર્માણ થયેલા ઋક્ષબિલને વિશે શોધ કરતાં ભૂલા પડવાથી સુગ્રીવે આપેલી એક માસની અવધિ કયારનીયે વ્યતીત થઇ ગઈ હતી;૨ તેથી તે સર્વ મહાત્મા વાનરો પ્રફુલ્લિત વૃક્ષોવાળા વિંધ્યાચળના દક્ષિણ તરફના છેક છેલ્લા છેડાપર બેસીને ચિંતા કરવા લાગ્યા.૩ વસન્તઋતુમાં ફળનારાં આંબા વગેરે વૃક્ષોને પુષ્પના ભારથી લચેલા તથા સેંકડો લતાઓથી વીંટાયેલા જોઇને એ સર્વ વાનરો સમય વ્યતીત થવાનું માની સુગ્રીવ તરફનો ભય ધરવા લાગ્યા.૪ "અરે, એક માસ તો કયારનોયે પૂરો થઈ ગયો, આ શરદ્ઋતુ બેઠી અને વસંતઋતુના દિવસો પણ આવી પહોંચ્યા ! અરે, સુગ્રીવે આપેલી અવધિ વ્યતીત થઇ જવા છતાં હજી સુધી આપણે સીતાશોધનું કાંઇ પણ કાર્ય કર્યું નથી ! હવે આપણો અંત પાસે આવ્યો !" એમ પરસ્પર કહેતા તે કપિઓ અત્યંત શ્રમ તથા દુઃખને લીધે પૃથ્વીપર પડ્યા.૫

ત્યારે મહાબુદ્ધિમાન્ યુવરાજ અંગદ કે જેની કાંધ સિંહ કિંવા વૃષભ સરખી હતી

તથા હસ્ત લાંબા અને સ્થૂળ હતા, તેણે શિષ્ટ તથા વૃદ્ધ કપિઓને મધુર વાણીથી સંબોધીને અને માન આપીને કહ્યું કે;[૬-૭] "હે કપિવરો ! આપણ સૌ મહારાજા સુગ્રીવની આજ્ઞાથી એક માસની અવધિ કરીને નીકળ્યા છીએ; પરંતુ તે અવધિનો એક માસ તો આપણુને ઋક્ષબિલમાંજ પૂરો થઈ ગયો, એ શું તમારા જાણુવામાં નથી ?[૮] આપણે લગભગ અશ્વિન માસ પૂરો થવા આવ્યો ત્યારે નીકળ્યા હતા. તેને આજદિન સુધીમાં તો એક માસ ઉપરાંત ઘણો સમય વીતી ગયો છે; માટે હવે આપણે શું કરવું ?[૯] હે વાનરો ! તમે સર્વ કે જેઓ નીતિમાર્ગને વિશે કુશળ, સ્વામીના વિશ્વાસપાત્ર, સ્વામીના હિતમાં તત્પર, સર્વ કાર્યોમાં કુશળ, અપ્રતિમ કર્મ કરનારા અને સર્વ દિશાઓમાં પ્રસિદ્ધ પરાક્રમવાળા છો તેઓ પીળાં નેત્રવાળા મહારાજા સુગ્રીવની આજ્ઞાથી મને મુખ્ય કરીને નીકળ્યા છો;[૧૦-૧૧] પરન્તુ હજી સુધી આપણો અર્થ સિદ્ધ થયો નથી; માટે હવે આપણુ સર્વેએ અવશ્ય મરણુને શરણુ થવું જોઇશે. મહારાજા સુગ્રીવની આજ્ઞા પ્રમાણે નહિ વર્તનાર કયો પુરૂષ સુખી રહી શકે એમ છે ?[૧૨] સુગ્રીવે કહેલો એક માસનો સમય વ્યતીત થઈ ચુકયો છે. હવે આપણે સર્વ વાનરોએ પાછા નહિ જતાં અત્રેજ મરણુપર્યંત એક આસને બેસવું યોગ્ય છે.[૧૩] આપણો રાજા સુગ્રીવ સ્વભાવે તીક્ષ્ણુ હોવાથી, આપણે તેની પાસે જઇશું તો તે કદી પણુ આપણા અપરાધને સહન કરશે નહિ.[૧૪] એક માસનો અવધિ વીત્યા છતાં, આપણે સીતાની ભાળ મેળવ્યા વિનાજ તેની પાસે જઇશું તો તે અવશ્ય આપણા સંબંધે પાપાચરણુજ કરશે; અર્થાત્ આપણો વધજ કરશે; માટે તેની પાસે પાછા ન જતાં, પુત્ર, સ્ત્રી, ધન તથા ગૃહાદિનો ત્યાગ કરીને આપણે મરણુપર્યંત અહીંયાંજ બેસવું યોગ્ય છે. કાર્ય કર્યા સિવાય પાછા ગયેલા આપણુને તે સુગ્રીવ નિશ્ચય મારી નાખશે; માટે હે કપિઓ ! રાજાના અપરાધી થઇને મરવું એ કરતાં તો મરણુપર્યંત અત્રેજ બેસી રહેવું ઉત્તમ છે. વળી હે વાનરો ! મારી સાથે સુગ્રીવને પૂર્વનું વૈર છે અને વળી તેણે પોતાની મરજીથી યુવરાજ પદપર મારો અભિષેક કર્યો નથી; પરંતુ અકિલષ્ટ કર્મા રામચંદ્રે બળાત્કારે મારો અભિષેક કરાવ્યો છે; એ કારણુથી પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા મને જોઇને તો તે નિશ્ચયપૂર્વક વધરૂપ તીક્ષ્ણુ દંડ આપશે. જો કે કિષ્કિંધામાં કેટલાએક મારા સુહૃદજનો છે; પરંતુ રાજા સુગ્રીવની આજ્ઞાથી થતા મારા અકસ્માત્ વિનાશને જોનારા તેઓનું શું ચાલવાનું છે ? માટે હું તો મરણુ થતાં સુધી આ પવિત્ર સમુદ્ર તટ ઉપરજ બેસી રહીશ. "[૧૫-૧૯]

યુવરાજ અંગદનાં વચનો સાંભળી, સર્વ કપિઓ કરૂણુ સ્વરે બોલ્યા કે;[૨૦] "અરે, ખરેખર સુગ્રીવ તીક્ષ્ણુ પ્રકૃતિવાળો અને રામચંદ્ર સ્ત્રીને વિશે આસકત છે, તેથી શોધ કરવાનો અવધિ વીતી ગયા પછી પણુ સીતાની ભાળ મેળવ્યા વિનાજ પાછા ગયેલા આપણુને જોઇને, રામચંદ્રને રાજી કરવા સારૂ તે વાનરેશ્વર (સુગ્રીવ) અવશ્ય આપણો ઘાત કરશે.[૨૧-૨૨] અપરાધ કરનારાઓએ પોતાના સ્વામી પાસે જવું એ ઠીક નથી અને તેમાં પણુ વળી આપણે તો સુગ્રીવના મુખ્ય સેવક હોવાથી, તેણે આપણુને વિશ્વાસ પૂર્વક અત્રે મોકલેલા છે;[૨૩] એટલે સીતાનાં દર્શન કર્યા સિવાય કિંવા સીતાની ભાળ મેળવ્યા સિવાય આપણે તેની પાસે જવું યોગ્ય નથી. માટે જ્યારે સીતાની ભાળ મેળવીશું ત્યારે જ આપણે સુગ્રીવની પાસે જઈશું; નહિ તો અહીંયાં બેસી રહીને જ મરણુને શરણુ થઇશું. "[૨૪]

ભયભીત થયેલા સર્વ વાનરોનાં ઉપર્યુક્ત વાકયો સાંભળીને બુદ્ધિમાન્ તાર વાનરે કહ્યું કે; "હે કપિવરો ! હવે આવો ખેદ કરવાથી શું વળવાનું છે ? માટે બસ કરો, જો કાંઈ

કર્યા શિવાય તમને સુગ્રીવની પાસે જવું ન રૂચતું હોય તો ચાલો, આપણે પાછા મય-દાનવના ઋક્ષબિલમાં જઈને વસીએ.[૨૫] એ બિલમાં પુષ્પ, જળ અને ફળ–મૂળાદિ પદાર્થો પુષ્કળ છે; એટલે નિર્વાહ માટે ચિંતા જેવું નથી અને એ બિલ મયાસુરની માયાથી રચાયેલું તથા અત્યંત દુર્ગમ હોવાને લીધે, તેમાં રહેવાથી આપણને દેવોના રાજા ઈંદ્ર કે મનુષ્યોના રાજા રાઘવ કિંવા કપિઓના રાજા સુગ્રીવથી પણ ભય થાય એમ નથી."[૨૬]

તાર વાનરનાં વાક્યો કે જે અંગદનાં વચનોને અનુકૂળ હતાં તે સાંભળીને પ્રસન્ન થયેલા સર્વ કપિઓએ કહ્યું કે; " અરે, જે ઉપાય કરવાથી આપણે નાશ પામીએ નહિ, તે ઉપાય હવે સત્વર આજેજ કરો."[૨૭]

श्रुत्वाङ्गदस्यापि वचोऽनुकूलमूचुश्च सर्वे हरयः प्रतीताः। यथा न हन्येम तथा विधानमसक्तमद्यैव विधीयतां नः॥ २७ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં ત્રેપનમો સર્ગ સંપૂર્ણ. ૫૩

સર્ગ ૫૪ મો.

હનુમાનનાં વચનો—વાનરોના ખેદનું નિવારણ.

तथा ब्रुवति तारे तु ताराधिपतिवर्चसि ।
अथ मेने हृतं राज्यं हनूमानङ्गदेन तत् ॥१॥

ચંદ્ર સરખા તેજસ્વી તાર વાનરે યુવરાજ અંગદનાં વચનોને મળતો જ અભિપ્રાય આપ્યો અને સર્વ વાનર સમાજે પણ તે પ્રમાણે કરવાની પોતાની સંમતિ જણાવી; ત્યારે મૌન ધરી બેસી રહેલા પવનસુત હનુમાને વિચાર્યું કે; "ખરેખર, હવે યુવરાજ અંગદ આખા વાનરરાજ્યને ગ્રહણ કરશે.[૧] એ વાલિનો પુત્ર અંગદ આઠ અંગવાળી બુદ્ધિ,* ચાર પ્રકારનું બળ* તથા ચૌદ પ્રકારના ગુણોથી÷ યુક્ત છે[૨] અને વળી તેજ, બળ તથા પરાક્રમવડે નિરંતર વૃદ્ધિ પામતો એ અંગદ શુક્લ-પક્ષના ચંદ્રની પેઠે દિનપ્રતિદિન લક્ષ્મી, કાંતિ–શોભામાં વધતો જ જાય છે.[૩] બુદ્ધિમાં બૃહસ્પતિ સરખો અને પરાક્રમમાં પોતાના પિતા સરખો, આ અંગદ સાંપ્રતમાં દેવરાજ ઈંદ્ર જેમ પોતાના ગુરૂ બૃહસ્પતિનાં વચન સાંભળે, તેમ તાર વાનરનાં વચનોને સાંભળી રહ્યો છે; માટે જો તે અંગદ પોતાના વિચારને દૃઢ કરી, સર્વ કપિઓ સહિત પાછો ઋક્ષબિલમાં પ્રવેશ કરશે તો સુગ્રીવનું કાર્ય અટકી પડશે; પણ તેમ થાય એ ઠીક નહિ,[૪] એવો વિચાર કરી, સર્વ શાસ્ત્રોના તત્ત્વને જાણનારા વાયુપુત્ર હનુમાને સુગ્રીવના કાર્યથી વિમુખ થયેલા યુવરાજ અંગદને, બીજા તાર વગેરે વાનરોથી ભેદ પમાડવાની ઇચ્છા કરી, અર્થાત્ યુવરાજ અંગદ સર્વ વાનરોની સાથે મસલત ચલાવી પોતાના વિચારને દૃઢ ન કરી શકે, એટલા માટે સામાદિ ચાર ઉપાયો-માંના ત્રીજા ભેદ ઉપાયવડે અંગદ અને વાન-રોની વચ્ચે વૈમનસ્ય ઉપજાવવાની ઇચ્છા કરી.[૫] પછી સામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાયોમાંના ત્રીજા ભેદ ઉપાયનું વર્ણન કરતાં વાયુસુત હનુમાને પોતાના વાક્ચાતુ-ર્યવડે સર્વ વાનરોને ભેદ પમાડી વિવિધ પ્રકારનાં ભયાનક અને ક્રોધદર્શક વચનોથી અંગદને ભય પમાડતાં કહ્યું કે;[૬-૭] "હે તારાના પુત્ર ! તું યુદ્ધને વિશે તારા પિતાના

* શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહાપોહ અર્થ, વિજ્ઞાન અને તત્વજ્ઞાન; એ બુદ્ધિનાં આઠ અંગો છે.

* સામ, દામ, ભેદ અને દંડ, એ ચાર ઉપા-યોને 'બળ' કહે છે.

÷ દેશ–કાળને જાણવાપણું, દૃઢપણું, સર્વ પ્રકારના ક્લેશોને સહન કરવાની શક્તિ, સર્વ પ્રકારના વિજ્ઞાનોની પ્રાપ્તિ, દક્ષતા, તેજસ્વીપણું, મંત્રને ગુપ્ત રાખવાની યુક્તિ, પ્રતિજ્ઞાનું પરિપાલન કરવાપણું, શૌર્ય, ભક્તિના સ્વરૂપને જાણવાની શક્તિ, કૃતજ્ઞ-પણું, શરણે આવેલાનું પ્રીતિથી સંરક્ષણ કરવું, અમર્ષિત્વ અને અચંચળતા, એ ચૌદ ગુણો છે.રા.ટી.

કરતાં પણ અત્યંત સમર્થ છે અને વાનરરાજ્યનું પાલન કરવામાં પણ તું તારા પિતાના સરખો જ છે;[૮] તો પણ હે હરિપુંગવ ! તારે આ કપિઓની સાથે અત્રે વસવું યોગ્ય નથી; કારણકે તેઓ નિરંતર ચંચળ સ્વભાવવાળા હોવાથી તથા પોતાનાં સ્ત્રી-પુત્રાદિથી વિખૂટા પડેલા હોવાથી તારી આજ્ઞાને સાંખી શકશે નહિ, તેમજ તારને હર્ષિત પણ કરશે નહિ. હે અંગદ ! આ હું તને સર્વના સાંભળતાં જ કહું છું કે, જેમ આ જાંબવાન, નીલ, સુહોત્ર અને હું વગેરે કપિઓને, સામદામાદિ કોઇ ઉપાય વડે પણ સુગ્રીવથી ભેદ પમાડી, તું તારા-પોતાના પક્ષમાં ખેંચી લેવાને સમર્થ નથી, તેમજ આ બીજા સર્વ કપિઓને દંડથી પણ તું તારા પક્ષમાં ખેંચવાને સમર્થ નથી.[૯-૧૧] વળી દુર્બળની સાથે વૈર બાંધવાથી બળવાન તો સુખપૂર્વક રહી શકે છે; પરંતુ પોતાના આત્માની રક્ષા કરવા ઇચ્છિતા દુર્બળે બળવાનની સાથે કદી પણ વૈર બાંધવું નહિ, એમ વિદ્વાન પુરૂષો કહે છે.[૧૨] હે યુવરાજ ! તું આ ગુફા (ઋક્ષબિલ) ને રક્ષા કરનારી માને છે* અને 'આ ગુફા નિર્ભય છે,' એવું તેં તાર વાનરના મુખથી સાંભળ્યું પણ છે; પરંતુ ખરેખરૂં એમ નથી. આ ગુફાને વિદારણ કરવાનું કાર્ય તો, મહાત્મા લક્ષ્મણનાં બાણોને ઘણુંજ સહેલું છે; અર્થાત મહાત્મા લક્ષ્મણ પોતાનાં બાણોવડે આ બિલને વગર પ્રયાસે તોડી શકે એમ છે.[૧૩] પૂર્વે આ બિલ ઉપર વજ્ર ફેંકીને, દેવરાજ ઇંદ્રે માત્ર મયદાનવનો જ નાશ કર્યો હતો; પરંતુ મહાત્મા લક્ષ્મણ તો પોતાનાં તીક્ષ્ણ બાણોવડે પત્રપુટની પેઠે ÷ આખા બિલનો નાશ કરવા સમર્થ છે.[૧૪] લક્ષ્મણની પાસે એવાં ઘણાં બાણ છે કે જે વજ્ર અને વિજળી સરખો પ્રહાર કરે અને પર્વતોને પણ ભેદી નાખે;[૧૫] એમ છતાંએ શત્રુઓને તપાવનાર અંગદ ! જો કદાચ તું આ બિલમાં નિવાસ કરીશ, તો પણ આ સર્વ કપિઓ આખરે તો તારો ત્યાગજ કરશે.[૧૬] હે યુવરાજ ! જો કે અત્યારે તેઓએ તારી સાથે રહેવાનો નિશ્ચય કર્યો છે, તો પણ જ્યારે તેઓને પોતાનાં સ્ત્રી-પુત્રાદિક સાંભરી આવશે; અન્ન-પાનાદિ નહિ મળવાથી ક્ષુધા પીડિત કરશે; રામચંદ્ર, લક્ષ્મણ અને સુગ્રીવની તરફનો ભય નિરંતર થયાં કરશે; તથા તારી સાથે દુઃખયુક્ત સ્થિતિમાં રહેવાથી દુઃખનો અનુભવ થશે; ત્યારે તેઓ તુરતજ તારો ત્યાગ કરશે.[૧૭] એવી રીતે તું જ્યારે પોતાનું હિત ઇચ્છિનારા સુહૃજ્જનો તથા સ્નેહી-સંબંધીઓ વિનાનો થઈ પડીશ ત્યારે વાયુથી કંપતા એક તણખલાંથી પણ તું ભય પામીશ.[૧૮] હે અંગદ ! એ અવસ્થામાં જો કદાચ તું તેની સાથે યુદ્ધ કરવાને ઉદ્યત થઇશ, તો પણ જરાએ ફાવનાર નથી; કેમકે અત્યંત ઉગ્ર વેગવાળાં, ઘોર, તીક્ષ્ણ અને દુરાસદ એવાં લક્ષ્મણનાં બાણ તારો વિનાશ કરશે.[૧૯] માટે હે તારાપુત્ર ! તું અમારી સાથે નમ્રભાવથી સુગ્રીવની આગળ ચાલ. તે તારાપર દયા કરશે અને જ્યેષ્ઠ પુત્રના અનુક્રમથી સમય આવ્યે તને રાજ્યાસનપર બેસાડશે.[૨૦] હે અંગદ ! તારો કાકો સુગ્રીવ ધર્મથી રાજ્ય ચલાવનાર, પ્રીતિને ચહાનાર, દૃઢ વ્રતવાન્, પવિત્ર, તથા સત્યવાદી છે, તે તારો કદી નાશ કરશે નહિ.[૨૧] વળી એ સુગ્રીવ નિરંતર તારી માતાનું પ્રિય થતું હોય તેમાં રાજી રહે છે; એટલુંજ નહિ પણ તેનું આખું જીવિત તારી માતા-તારાનું પ્રિય કરવા અર્થેજ છે. વળી હે યુવરાજ ! તારા સિવાય તેને બીજો પુત્ર પણ નથી એટલે સઘળો આધાર માત્ર તારા ઉપરજ છે,

* અર્થાત્ ઋક્ષબિલમાં રહેવાથી આપણને સુગ્રીવાદિનો ભય નહિ થાય એમ તું માને છે.

÷ પાંદડાના પડીયાના સંપુટને જેમ કોઈ ભાંગે તેમ.

માટે હે અંગદ! એહનો ત્યાગ કરીને તું અમારી સાથે કિષ્કિંધા પ્રત્યે પાછો ચાલ."૨૨

प्रियकामश्च ते मातुस्तदर्थं चास्य जीवितम्।
तस्यापत्यञ्च नास्त्यन्यत्तस्मादङ्गद गम्यताम्॥२२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં ચોપનમો સર્ગ સંપૂર્ણ. ૫૪

સર્ગ ૫૫ મો.

અંગદનો શોક–મરણાન્ત નિશ્ચય.

श्रुत्वा हनुमतो वाक्यं प्रश्रितं धर्मसंहितम्।
स्वामिसत्कारसंयुक्तमङ्गदो वाक्यमब्रवीत्॥१॥

વાયુસુત હનુમાને કહેલાં વાનરોના સ્વામી સુગ્રીવના લાભયુક્ત તેમજ ધર્મયુક્ત નમ્ર વાક્યો સાંભળીને યુવરાજ અંગદ કહેવા લાગ્યો.[1]

"હે વીર હનુમાન્! તમે કહો છો તે બુદ્ધિની સ્થિરતા, આત્મા તથા મનની પવિત્રતા, અક્રૂરપણું, સરલતા, પરાક્રમ અને ધૈર્ય ઈત્યાદિ ગુણો સુગ્રીવમાં નથી.[2] નિંદિત કર્મ કરનારો જે પુરૂષ પોતાના જ્યેષ્ઠ બંધુની સ્ત્રી કે જે માતારૂપજ ગણાય તેને પોતાના જ્યેષ્ઠબંધુના જીવતાં છતાં સ્વીકારે તે ધર્મજ્ઞ કેમજ કહેવાય? મહિષરૂપધારી દુંદુભિરાક્ષસની સાથે યુદ્ધ કરવા માટે મારા પિતા બિલમાં–ગુફામાં હતા તે સમયે સુગ્રીવે પોતાની માતા સરખી તારાનો સ્વીકાર કરી નિંદિત કર્મ કર્યું છે. અરે, તે સુગ્રીવ ધર્મ પ્રમાણે વર્તનારો કેમજ ગણાય?[3] મારા પિતા વાલીએ દુંદુભિરાક્ષસની સાથે યુદ્ધ કરવા માટે ગુફામાં પ્રવેશ કરતી વેળા ગુફાના દ્વારનું રક્ષણ કરવાની આજ્ઞા આપવા છતાં જે દુરાત્માએ તે ગુફાના દ્વારનેજ મોટી શિલાથી ઢાંકી દીધું, તે સુગ્રીવ ધર્મના તત્ત્વને જાણનારો કેમજ કહેવાય?[4] વળી અગ્નિની સાક્ષીથી મિત્ર કરેલા અને પોતાપર મોટો ઉપકાર કરનારા મહા યશસ્વી રામચંદ્રને પણ જેણે વિસારી મૂક્યા હતા તે સુગ્રીવ કોના ઉપકારને સંભારે એમ છે?[5] હે પવનસુત! વાનરોના રાજા એ સુગ્રીવે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ થવારૂપી અધર્મના ભયથી ડરીને નહિ; પરંતુ લક્ષ્મણના ભયથી ડરીનેજ આપણુ–સર્વને સીતાની શોધ કરવા માટે આજ્ઞા આપી છે. કહો, હવે તેનામાં ધર્મ ક્યાં રહ્યો?[6] એ સુગ્રીવ, કે જે પાપી, કૃતઘ્ની, ધર્મશાસ્ત્રના મતથી ઉલટો અને ચંચળ અંતઃકરણવાળો છે, તેનો કયો આર્ય પુરૂષ વિશ્વાસ કરે? ખરેખર, તેના કુળમાં જન્મેલો પુરૂષ તો તેનો કદી પણ વિશ્વાસ કરે નહિ.[7] હે પવનાત્મજ! સુગ્રીવ સદ્ગુણી હો કિંવા દુર્ગુણી હો, તેનો વિચાર કરવાની મારે આવશ્યક્તા નથી. હું કે જે તેના શત્રુ વાલીનો પુત્ર છું તેને કદાચ તે રાજ્યપર સ્થાપિત કરશે તો પણ અંતે તો જીવતો રહેવા નહિજ દે.[8] વળી આ ઋક્ષબિલમાં નિવાસ કરવાનો મેં કરેલો મંત્ર પણ હવે કોઇના મુખથી તેના જાણવામાં આવશે અને તેથી તે મને અપરાધીજ ગણશે. એવી રીતે ભેદાયલા મંત્રવાળો અને અપરાધી બનેલો તથા સહાય વિનાનો હું હવે કિષ્કિંધામાં પાછો જઇને પણ અનાથની પેઠે દુર્બલ અવસ્થામાં કેવી રીતે જીવી શકીશ?[9] હે હનુમાન્! શઠ, ક્રૂર અને નિર્લજ્જ એવો સુગ્રીવ મને પોતાના ભાઈનો પુત્ર જાણીને કદાચ પ્રાણાન્ત દંડ નહિ કરે, તોપણ રાજ્યના કારણથી સાધારણ દંડરૂપે બંધનમાં તો રાખશેજ.[10] અરે, એવું દુઃખ ભોગવવા કરતાં તો મારે મરણપર્યંત અહીંયાંજ બેસવું એ શ્રેયસ્કર છે. હે વાનરો! મને તેમ કરવાની આજ્ઞા આપીને હવે તમે સર્વ સુખેથી પોતપોતાનાં ગૃહપ્રત્યે ચાલ્યા જાઓ.[11] હે કપિવરો! હું તમારી આગળ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, હવે હું કિષ્કિંધા પ્રત્યે ન જતાં અહીંજ રહીશ; કેમકે હવે તો મારૂં મરણ થાય એજ મને શ્રેયરૂપ છે.[12]

તમો સર્વેએ અહીંથી પાછા જઈ રાજા સુગ્રીવને તથા બળવાનોમાં શ્રેષ્ઠ રામ—લક્ષ્મણને અભિવંદનપૂર્વક મારું કુશળ કહેવું.[૧૩] વળી વાનરાધિપતિ સુગ્રીવ; કે જે મારા પિતાનો લઘુ ભ્રાતા અને મારો કાકો થાય છે તેને તથા મારી માતા રૂમાને મારા કુશળ સમાચાર અવશ્ય કહેવા.[૧૪] હે કપિવરો ! તમે મારી જનની તારાનું સારી રીતે આશ્વાસન કરજો. અરે, શોચ કરવા યોગ્ય સ્થિતિમાં આવી પડેલી એ મારી માતા—તારા સ્વભાવે કરીનેજ મારા ઉપર પ્રીતિવાળી અને અત્યંત માયાળુ છે.[૧૫] અરે, તે મારૂં મરણ જાણશે કે તુરતજ પોતાના પ્રાણનો ત્યાગ કરશે." એટલું કહીને તથા જાંબવાન આદિ વૃદ્ધ વનચરોને પ્રણામ કરીને, યુવરાજ અંગદ દીનની પેઠે રોદન કરતો, દર્ભ પાથરેલી ભૂમિપર બેઠો.

આવો પ્રકાર જોઇ અત્યંત દુઃખી થયેલા સર્વ વાનરો પણ પોતાનાં નેત્રોમાંથી ઉષ્ણ અશ્રુધારા ખેરવવા લાગ્યા અને સુગ્રીવની નિંદા તથા વાલીની પ્રશંસા કરવા લાગ્યા.[૧૬-૧૮] અંગદનું છેવટનું પ્રતિજ્ઞાયુક્ત વચન સાંભળીને, સર્વ કપિવરોએ પણ તેની આસપાસ વીંટાઈ વળી મરણપર્યંત બેસવાનો નિશ્ચય કર્યો.[૧૯] પછી એ દક્ષિણ સમુદ્રના ઉત્તર કિનારાની ભૂમિપર દક્ષિણ દિશા તરફ અગ્ર રહે તેવી રીતે દર્ભ પાથરીને તથા જળવડે આચમન કરીને સર્વ વાનરો "અંગદની સાથે આપણે પણ મરણપર્યંત અહીંજ બેસવું યોગ્ય છે," એમ માની પૂર્વાભિમુખે બેઠા. મરણનો નિશ્ચય કરીને બેઠેલા તે સર્વ વાનરો અયોધ્યામાંથી શ્રીરામચંદ્રનું વનમાં નીકળવું, દશરથ રાજાનું મરણ, જનસ્થાનમાં રામચંદ્રે કરેલો ચૌદ હજાર રાક્ષસોનો વધ, રાવણે કરેલું સીતાનું હરણ, જટાયુનો વધ, વાલીનો વધ અને રામચંદ્રનો સુગ્રીવપર થયેલો કોપ ઈત્યાદિ વિષયોની પરસ્પર ચર્ચા કરવા લાગ્યા.[૨૦-૨૧]

એવામાં તેઓપર અકસ્માત એક મહાન ભય આવી પડયો; જેને લીધે તેઓ એકાએક કંપી ઉઠયા.[૨૨] એ સમયે મોટાં પર્વતશિખર સરખા દેહવાળા અસંખ્યાત વાનરો ભયને લીધે ન્હાસા ન્હાસ કરતા ઉપરાઉપરી ચીસો પાડવા લાગ્યા અને જેમ મેઘની ગર્જનાથી આકાશ ગાજી ઉઠે તેમ અનેક વૃક્ષો તથા ઝરણાંવાળો વિંધ્યાચળનો આખો પ્રદેશ ગાજી ઉઠયો.[૨૩]

स संविशद्भिर्बहुभिर्महीधरो महाद्रिकूटप्रतिमैः प्लवङ्गमैः । बभूव सन्नादितनिर्झरान्तरो भृशं नदद्भिर्जलदैरिवाम्बरम् ॥ २४ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં પંચાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૫

सर्ग ५६ मो.

ભયભીત વાનરો—સંપાતિનો મેળાપ.

उपविष्टास्तु ते सर्वे यस्मिन्प्रायं गिरिस्थले । हरयो गृध्रराजश्च तं देशमुपचक्रमे ॥ १ ॥

અંગદ વગેરે સર્વ વાનરો જે પર્વતની તળેટીમાં પ્રાયોપ્રવેશન* કરી બેઠા હતા તેજ પર્વતની કંદરામાંથી નીકળી મોટા દેહવાળો એક ગૃધ્રપક્ષી તેઓની પાસે આવવા લાગ્યો.[૧] એ ચિરંજીવી ગૃધ્રરાજનું 'સંપાતિ' એવું નામ હતું. તેનાં બળ અને પરાક્રમ વિખ્યાત હતાં અને તે જટાયુનો સહોદર હતો.[૨] તેને આવતો જોઈ કેટલાએક કપિઓ મોટેથી ચીસો પાડવા લાગ્યા; અને અંગદને તેનું આગમન નિવેદન કરવા લાગ્યા. એટલામાં તો વિંધ્યાચળની ભયંકર કંદરામાંથી બહાર નીકળેલો એ ગૃધ્રરાજ સંપાતિ કપિઓના સમૂહની પાસે આવી પહોંચ્યો અને તેઓને બેઠેલા જોઈ અત્યંત હર્ષ પામી કહેવા લાગ્યો કે;[૩] "અહો ! ! આ લોકને વિશે મનુષ્યને ક્રિયાનું ફળ પૂર્વજન્મમાં સંપાદન કરેલા કર્મના

* મરણપર્યંત એક આસને બેસવું તે.

અનુસારેજ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે મારાં પૂર્વકર્મના અનુસારે નિર્માણ થયેલો આ માંસરૂપ ભક્ષ્ય મને આજે ઘણે કાળે પ્રાપ્ત થયો છે.[૪] હારબંધ બેઠેલા આ વાનરોમાંથી જે જે મરણ પામતા જશે તેનો તેનો હું ભક્ષ્ય કરતો જઇશ."[૫]

ભક્ષ્યના લોભી ગૃધ્રરાજ સંપાતિનાં વચન સાંભળીને સર્વ વાનરો ભયભીત થયા. એ જોઈ અત્યંત ખેદ પામેલો અંગદ વાયુપુત્ર હનુમાનપ્રત્યે કહેવા લાગ્યો કે;[૬] "હે કપિવર! જુઓને, આપણા સર્વ વાનરોને વિપત્તિ પમાડવા અર્થે સાક્ષાત્ આ યમરાજાજ ગૃધ્રપક્ષીનું રૂપ ધરીને અહીંયાં આવી પહોંચ્યો છે![૭] અરે, હજી આપણે રામચંદ્રનું કાર્ય તો કર્યું નથી, તેમ રાજા સુગ્રીવની આજ્ઞા પણ પાળી નથી; એટલામાં આ અણધારેલી આપત્તિ આપણ-સર્વ વાનરોપર એકાએક આવી પડી છે![૮] અહો! જનસ્થાનને વિષે વિદેહપુત્રી સીતાનું પ્રિય કરવાની ઇચ્છાથી ગૃધ્રરાજ જટાયુએ જે મહત્કર્મ કર્યું હતું, તે તો તમારા સાંભળવામાં આવ્યું છે જ.[૯] તે પ્રમાણે તિર્યક યોનિમાં જન્મેલાં બીજાં સર્વ ભૂતપ્રાણીઓ પણ આપણી પેઠે, પોતાના પ્રાણોનો ત્યાગ કરીને પણ શ્રીમાન્ રામચંદ્રનું પ્રિય કરવામાં તત્પર રહે છે.[૧૦] અરે, સ્નેહ અને કરૂણાના બંધનથી જોડાયલાં સર્વ ભૂતપ્રાણીઓ પરસ્પર ઉપકાર કરે છે. અરે, મહાત્મા રઘુવીરનો ઉપકાર કરવા અર્થે ધર્મજ્ઞ જટાયુએ પોતાના જીવિતનો ત્યાગ કરીને તેઓનું અત્યંત પ્રિય કર્યું છે! આપણે પણ રાઘવના કાર્યની સિદ્ધિ માટે ગહન વનોમાં શોધ કરી કરીને થાકી ગયા; તો પણ સીતાનાં દર્શન ન પામતાં છેવટે મરણનો નિશ્ચય કરી અત્રે બેઠા છીએ, એથી મહાત્મા રઘુવીર આપણને પોતાનું પ્રિય કરનારા માનશે; પરંતુ ગૃધ્રરાજ જટાયુ તો યુદ્ધને વિશે રાવણના હાથથી હણાઇને ખરેખરો સુખી થઈ ગયો; કેમકે જુઓ, આપણે અહીંયાં પ્રાયોપવેશન કરીને બેઠા છીએ, તો પણ સીતાની ભાળ નહિ મેળવી શકવાને લીધે સુગ્રીવના ભયથી કેટલા બધા ડરીએ છીએ? પરંતુ જટાયુ તો સુગ્રીવના ભયમાંથી મુક્ત થઈ પરમગતિને પ્રાપ્ત થયો છે.[૧૧-૧૩] અરે, ગૃધ્રરાજ જટાયુનો તથા મહારાજા દશરથનો વિનાશ થવાથી અને સતી સીતાનું હરણ થવાથીજ આપણ સર્વ વાનરો જીવિતના સંશયમાં આવી પડ્યા છીએ; અર્થાત્ યુદ્ધને વિશે જટાયુ જો કાંઇક વધુ વખત રાવણને રોકી શકયો હોત તો રાવણ સીતાને લઇ આગળ જઇ શકત નહિ; તેમજ મહારાજા દશરથ પણ જો પંદરેક દિવસ વધારે જીવ્યા હોત તો ગમે તે ઉપાયે કરી રાચચંદ્રને વનમાંથી પાછા લઈ જાત. અને જો એમ બન્યુંજ હોત તો આપણ સર્વ વાનરોની આવી પ્રાણાંત દશા પણ આવત નહિ.[૧૪] હે વાનરો! સીતા સહિત રામ-લક્ષ્મણનો વનવાસ, રામચંદ્રના ક્રોધથી અનેક રાક્ષસોનો વધ અને તેમના એકજ બાણથી વાલીનો વિનાશ તથા આપણને પ્રાપ્ત થયેલું આ પ્રાણાંત કષ્ટ, એ સઘળું કૈકેયીના વરદાનથીજ થયું છે. અર્થાત્ જો કૈકેયીએ દશરથ રાજાની પાસેથી વરદાન ન માંગ્યું હોત તો ઉપર્યુક્ત વિકારો થાત નહિ."[૧૫-૧૬]

યુવરાજ અંગદનાં દુઃખ ઉપજાવે એવાં વચન સાંભળીને તથા ભયને લીધે વાનરોને પૃથ્વીપર પડી ગયેલા જોઇને અત્યંત આશ્ચર્યચકિત થયેલો, ઉદાર બુદ્ધિવાળો અને ઝીણી ચાંચવાળો ગૃધ્રરાજ સંપાતિ મોટા સ્વરે દીન વાણીથી બોલ્યો કે;[૧૭-૧૮] "અરેરે, આ સમયે મારા મનને કંપાવતો કયો પુરૂષ મારા પ્રાણથી પણ અધિક એવા મારા પ્રિય બંધુ જટાયુના વધ સંબંધે વાણી ઉચ્ચારે છે?[૧૯] અરે જનસ્થાનને વિશે રાવણ રાક્ષસ અને જટાયુનું યુદ્ધ શામાટે થયું તે મારે જાણવું જોઇએ. અહો! મારા બાંધવ જટા-

ચુનું નામ મેં આજે ઘણે કાળે સાંભળ્યું.[20] હે વાનરો ! હવે હું તમારૂં ભક્ષણ કરવા ઇચ્છતો નથી; તમોએ મારા ગુણજ્ઞ નાના ભાઈના નામનું મારા સાંભળતાં ઘણેકાળે કીર્તન કર્યું છે, તેથી હું તમારાપર પ્રસન્ન થયો છું. હે કપિઓ ! હવે તમે આ પર્વતના દુર્ગમ કાંગરા ઉપરથી મને નીચે ઉતારો. હે વાનરર્ષભો ! જનસ્થાનમાં વસનારા મારા બંધુ જટાયુનો વિનાશ કેમ થયો ? તથા ગુરૂજનોને પ્રિય એવા શ્રીમાન્ રામચંદ્ર જેના પ્રિય પુત્ર છે એવા મહારાજા દશરથની સાથે એ મારા બંધુનું સખ્ય કેમ કરી થયું ? એ હું તમારા મુખથી સાંભળવા ઈચ્છું છું. કૃપા કરીને તમે મને નીચે ઉતારો, કારણ કે સૂર્યનાં કિરણોથી મારી પાંખો બળી ગયેલી હોવાને લીધે હું ઉડી શકતો નથી અને તેથી હે અરિંદમો ! હું તમારી સહાયતા વડે આ પર્વતના કાંગરા ઉપરથી નીચે ઉતરવા ઈચ્છું છું.”[21-24]

यस्य रामः प्रियः पुत्रो ज्येष्ठो गुरुजनप्रियः ।
सूर्यांशुदग्धपक्षत्वान्न शक्नोमि विसर्पितुम् ॥
इच्छेयं पर्वतादस्मादवतर्तुमरिन्दमाः॥२४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્ય કિષ્કિંધાકાંડમાં છપ્પનમો સર્ગ સંપૂર્ણ. ૫૬

સર્ગ ૫૭ મો.

વાનરો અને સંપાતિ-વૃતાંત નિવેદન.

शोकाद्भ्रष्टस्वरमपि श्रुत्वा वानरयूथपाः।
श्रद्दधुर्नैव तद्वाक्यं कर्मणा तस्य शङ्किताः ॥१॥

ગૃધ્રરાજ સંપાતિએ શોકને લીધે ગદ્ગદ્ સ્વરથી દીન વચનો કહ્યાં, તો પણ તેણે પ્રથમ કહેલાં વચનોથી ભયભીત થયેલા વાનરોને વિશ્વાસ આવ્યો નહિ.[1] છતાં મરણ પામવાનો નિશ્ચય કરી એક આસને બેઠેલા તે કપિઓએ વિચાર કર્યો કે, આ ગૃધ્ર અવશ્ય આપણો ભક્ષ્ય તો કરશેજ; પણ રે, તેથી આપણે ડરવું શા માટે જોઈએ ? આપણ સર્વ મરવાને તો બેઠેલા જ છીએ. જો આ ગૃધ્ર આપણ સર્વનો ભક્ષ્ય કરશે તો આપણે ઇચ્છિત મરણને સત્વર પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઇશું; માટે ચાલો, તેને નીચે ઉતારીએ.[2-3] પછી સર્વ યૂથપાળક વાનરોએ પર્વતના શિખરપર ચઢી ગૃધ્રરાજ સંપતિને નીચે ઉતાર્યો. નીચે આવ્યા પછી તેનામાં કશો ક્રૂર ભાવ જોવામાં આવ્યો નહિ; ત્યારે યુવરાજ અંગદ તેને પોતાનું વૃતાંત કહેવા લાગ્યો.[4]

અંગદ કહે છે:—“હે પક્ષીરાજ ! કિષ્કિંધા નગરીને વિશે પૂર્વે મહા પ્રતાપી ‘ઋક્ષરાજ’ નામના એક વાનરોના રાજા થઈ ગયા છે, તે મારો પિતામહ થાય. તે ઋક્ષરાજના અત્યંત બળવાળા અને ધાર્મિક એવા ‘સુગ્રીવ’ અને ‘વાલી’ નામના બે પુત્રો થયા, તેમાંનો મહા સમર્થ વાલી કે જેનાં પરાક્રમ લોકોને વિશે વિખ્યાત છે તે મારો પિતા થાય છે.”[5-6]

“ઈક્ષ્વાકુકુળને વિશે મહારથી અને સંપૂર્ણ પૃથ્વીના અધિપતિ એવા મહારાજા દશરથના પુત્ર શ્રીમાન્ રામચંદ્ર, કે જે ધર્મના માર્ગનેજ અનુસરનારા છે, તેમણે પિતાની આજ્ઞા પાળવા સારૂ પોતાના નાનાભાઈ લક્ષ્મણ તથા ધર્મપત્ની સીતા સહિત દંડકારણ્યમાં પ્રવેશ કર્યો હતો.[7-8] દંડકારણ્યમાં આવેલા જનસ્થાનને વિશે વસતા એ રામચંદ્રની સ્ત્રી સતી સીતાનું દુષ્ટાત્મા રાવણે બળાત્કારથી હરણ કર્યું અને તે આકાશમાર્ગે થઈ જવા લાગ્યો. જનકનંદિની સીતાને આકાશમાર્ગે હરાતાં જોઇને, રામચંદ્રના પિતાના મિત્ર ગૃધ્રરાજ જટાયુએ રાવણને રોકયો અને તેને રથરહિત રોકી સતી સીતાને પૃથ્વીપર આણ્યાં; પરંતુ વૃદ્ધાવસ્થાને લીધે આખરે થાકી ગયેલા એ ગૃધ્રરાજ જટાયુને રાવણે મારી નાખ્યો અને સતી સીતાને લઈને આકાશમાર્ગે તે ચાલ્યો ગયો.[9-10] હે પક્ષીરાજ ! એવી રીતે મહા બળવાન રાવણે તારા ભાઈ જટાયુને હણ્યો. ત્યાર પછી સીતાને શોધતા શ્રીમાન્ રામચંદ્ર

કેટલીકવારે આવીને જટાયુને મળ્યા અને તેમણે પોતાના હાથથી તેનો સંસ્કાર કર્યો; જેથી તે ઉત્તમ ગતિને પ્રાપ્ત થયો.[૧૧] ત્યારપછી મહાત્મા રઘુવીરે મારા કાકા સુગ્રીવની સાથે મૈત્રી કરીને મારા પિતા-વાલીનો વધ કર્યો.[૧૨] મારા પિતાએ સુગ્રીવને તેના સચિવો સહિત રાજ્યમાંથી કાઢી મૂકયો હતો, તેથી રામચંદ્રે મારા પિતાનો નાશ કરી સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો.[૧૩] રામચંદ્રની સહાયથી સમગ્ર વાનરોના રાજ્યને પ્રાપ્ત થયેલા મારા કાકા સુગ્રીવે રામપત્ની સીતાની શોધ કરવા અર્થે અમો સર્વ વાનરોને આ દક્ષિણ દિશામાં મોકલ્યા છે.[૧૪] હે સંપાતિ! શ્રીમાન્ રામચંદ્ર તથા સુગ્રીવે સીતાની શોધ કરવા પ્રેરેલા અમો સર્વ વાનરો આવી દક્ષિણ દિશામાં ઘણા દિવસોથી શોધીએ છીએ; પરંતુ રાત્રિને વિશે જેમ સૂર્યની પ્રભા જોવામાં આવતી નથી, તેમ સતી શિરોમણિ સીતા કયાંય પણ અમારા જોવામાં આવતાં નથી.[૧૫] હે ગૃધ્રરાજ! અમો સર્વ કપિઓએ સ્થિર ચિત્ત થઈ દંડકારણ્યને વિશે ચોતરફ શોધ કરતાં કરતાં અજ્ઞાનપણાને લીધે મયદાનવે રચેલા ઋક્ષબિલમાં પ્રવેશ કર્યો. ત્યાં આગળ શોધ કરતાં અમારા રાજા સુગ્રીવે આપેલી એક માસની મુદત પુરી થઈ ગઈ, પરંતુ અમોને સીતાની ભાળ સરખી પણ મળી નહિ;[૧૬-૧૭] તેથી સુગ્રીવની આજ્ઞા પ્રમાણે વર્તનારા અમો સર્વ કપિઓએ નિર્માણ કરેલી મુદત પૂરી થઇ જવાને લીધે સુગ્રીવના ભયથી ડરીને પ્રાયોપવેશન કર્યું છે;[૧૮] કેમકે રામ, લક્ષ્મણ અને સુગ્રીવની આજ્ઞાનો ભંગ કરીને કદાચ અમે સર્વે ત્યાં પાછા જઇએ, તો ત્રણેના ક્રોધ આગળ અમારામાંનો કોઈ પણ જીવી શકે એમ નથી."[૧૯]

क्रुद्धे तस्मिंस्तु काकुत्स्थे सुग्रीवे च सलक्ष्मणे ।
गतानामपि सर्वेषां तत्र नो नास्ति जीवितम् ॥१९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં સત્તાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૭

સર્ગ ૫૮ મો.

વાનરો અને સંપાતિ-સીતાની ભાળ.

इत्युक्तः करुणं वाक्यं वानरैस्त्यक्तजीवितैः ।
सबाष्पो वानरान्गृध्रः प्रत्युवाच महास्वनः ॥१॥

જીવિતનો ત્યાગ કરવા માટે પ્રાયોપવેશન કરી બેઠેલા વાનરોનાં કરૂણાળ વચનો સાંભળીને મોટા નાદવાળા ગૃધ્રરાજ સંપાતિની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. પછી ખેદયુક્ત વાણીથી સંપાતિ કહેવા લાગ્યો કે;[૧] "હે વાનરો! મહા બળવાન્ રાવણ રાક્ષસે યુદ્ધને વિશે જેનો વિનાશ કર્યાનું તમે જણાવો છો તે ગૃધ્રરાજ જટાયુ મારો નાનો ભાઇ થાય છે.[૨] અરે, ભાઈના મરણરૂપ અપ્રિય સમાચાર આજે હું સાંભળું છું અને તે સહન કરી રહ્યો છું!! અરે, હવે હું વૃદ્ધ થયો છું અને વળી પાંખો વિનાનો થઈ ગયો છું, તેથી મારા ભાઇનું વૈર લેવાની મારામાં શક્તિ પણ રહી નથી!![૩] હે કપિવરો! પૂર્વે દેવોના રાજા ઇંદ્રે વૃત્રાસુરનો નાશ કર્યો, એ અરસામાં હું અને મારો ન્હાનો ભાઈ જટાયુ બન્ને-જણા પરસ્પર જય મેળવવાની ઈચ્છાથી* પ્રાત:કાળમાંજ આકાશ તરફ ઉડયા અને અંતરિક્ષમાં વેગથી ઘુમતાં ઘુમતાં, છેક કિરણોથી પ્રકાશી રહેલા સૂર્યમંડળ પાસે જઈ પહોંચ્યા. એ વેળા મધ્યાહ્નકાળ થવા આવેલો હોવાને લીધે સૂર્યમંડળ બરાબર આકાશના મધ્યમાં પ્રાપ્ત થયું હતું, તેથી મારો ભાઈ જટાયુ સૂર્યના તેજથી ખેદ પામવા લાગ્યો.[૪-૫] મારા ન્હાના ભાઈને સૂર્યનાં કિરણોથી પીડિત અને અત્યંત વિહ્વલ થયેલો જોઈને સ્નેહને

* "આપણા બન્નેમાંથી સૂર્યમંડળની પાસે વહેલો કોણ પહોંચી જાય છે અને જે વહેલો પહોંચે તે બળવાન્ ગણાશે." એવી શરતથી.

લીધે મેં તેને મારી પાંખોવડે આચ્છાદિત કર્યો. એથી જટાયુ તો બચી ગયો, પરંતુ સૂર્યના તેજથી મારી પાંખો બળી જવાને લીધે હું તુરતજ આ વિંધ્ય પર્વતપર પડયો. હે વાનરર્ષભો ! એ દિવસથી પાંખો વિનાનો થયેલો હું કોઈ સ્થળે જઈ શકતો ન હોવાથી અત્રેજ નિવાસ કરી રહ્યો છું અને મારા બંધુ જટાયુ સંબંધી કશીપણ હકીકત જાણવા પામ્યો નથી. "૬-૭

જટાયુના જ્યેષ્ઠ ભ્રાતા ગૃધ્રરાજ સંપાતિનાં વચનો સાંભળીને મહાબુદ્ધિમાન્ યુવરાજ અંગદે કહ્યું કે;૮ "હે પક્ષીરાજ ! જો તું રામચંદ્રના ભક્ત જટાયુનો ભાઈ હોય અને મેં કહેલું રામચંદ્રનું સઘળું વૃત્તાંત તેં સાંભળ્યું હોય તો સીતાને હરનારા રાવણ રાક્ષસનું નિવાસસ્થળ અમોને બતાવ.૯ હે ગૃધ્રરાજ ! દીર્ઘ વિચાર નહિ કરનારા અને રાક્ષસોમાં અધમ એવા એ રાવણના સ્થાનને તું જાણતો હોય તો તે સ્થાન ભલે દૂર હોય તોપણ અમને સત્વર જણાવ. "૧૦

અંગદનું વચન સાંભળી જટાયુના જ્યેષ્ઠ બંધુ સંપાતિએ સર્વ વાનરોને હર્ષ ઉપજાવતાં પોતાને શોભતું વચન કહ્યું કે;૧૧ "હે વાનરો ! મારી પાંખો બળી ગઈ છે અને વળી હું વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયો છું, તેથી હું માત્ર વાણીવડેજ રઘુવીરને સહાય કરીશ.૧૨ હે કપિઓ ! હું વરૂણના લોકોને, ત્રિવિક્રમાવતાર ધરી વિષ્ણુભગવાને આક્રમણ કરેલા ભૂરાદિ ત્રણે લોકોને, દેવો તથા અસુરોના થયેલા સંગ્રામોને તથા અમૃતમંથનાદિ કાર્યોને સારી રીતે જાણું છું.૧૩ હે કપિવરો ! જો કે રઘુવીરનું આ કાર્ય મારે પોતાને જ કરવું જોઇએ; પરંતુ શું કરૂં ? પાંખો કપાવાને લીધે તથા વૃદ્ધાવસ્થાને લીધે મારૂં સઘળું બળ હરાઈ ગયું છે અને મારા પ્રાણ પણ શિથિલ થઈ ગયા છે. એથી નિરૂપાય છું.૧૪ અસ્તુ. હે કપિઓ ! થોડા સમય ઉપર સર્વ આભૂષણોથી અલંકૃત અને રૂપસંપન્ન એવી એક તરૂણી દુરાત્મા રાવણથી હરાતી મારા જોવામાં આવી હતી.૧૫ એ તરૂણી-સ્ત્રી "હા રામ ! ! હા લક્ષ્મણ ! ! હા રામ ! !" એવો મોટો આક્રોશ કરતી હતી અને પોતાનાં ગાત્રો કંપાવીને તથા તે પર રહેલાં આભૂષણોને ઉતારી ઉતારીને ફેંકી દેતી હતી.૧૬ પર્વતશિખર પડેલી સૂર્યપ્રભા સરખું તેના શરીરપર રહેલું વસ્ત્ર શ્યામવર્ણા રાવણ રાક્ષસના દેહને વિશે લટકતું હોવાથી, આકાશમાં ઝબકતી વિજળી જેવું શોભતું હતું.૧૭ હે કપિઓ ! એ સ્ત્રી વારંવાર 'રામ' નામનુંજ કીર્તન કરતી હતી, તેથી એ "સીતાજ હતી" એમ હું માનું છું. હે કપિવરો ! હું તમને રાવણનું સ્થાન જણાવું છું તે સાંભળો.૧૮ હે વાનરો ! વિશ્રવાનો પુત્ર અને કુબેરનો ભ્રાતા રાવણ રાક્ષસ લંકા નગરીને વિશે રહે છે.૧૯ હે કપિઓ ! એ રમ્ય લંકાનગરી કે જેને દેવોના શિલ્પી વિશ્વકર્માએ નિર્માણ કરી છે, તે આ દક્ષિણ સમુદ્રને વિશે અહીંથી પૂરેપૂરા સો યોજનપર આવેલા દ્વીપમાં વસેલી છે.૨૦ એ નગરીમાં આવેલાં સર્વ મંદિરોનાં દ્વાર સુવર્ણમય છે અને ઓટલા પણ સુવર્ણના છે. વળી સોનેરી વર્ણની સરખી બાંધણીવાળી મોટી મોટી હવેલીઓ હોવાને લીધે એ લંકાનગરી એક સરખીજ શોભે છે.૨૧ એ નગરીની ચારેતરફ સૂર્યસમાન પ્રકાશતો કિલ્લો આવેલો છે. હે કપિવરો ! એ નગરીને વિશે કૌશેયવસ્ત્રને ધારણ કરનારી અને દીનતાને પ્રાપ્ત થયેલી જનકનંદિની સીતા રાવણના અંતઃપુરમાં રાક્ષસીઓના રક્ષણ તળે વસે છે; તેને તમે ત્યાં જવાથી જોઈ શકશો.૨૨-૨૩ હે વાનરો ! હું મારા દિવ્યજ્ઞાને કરી જોઈ શકું છું કે તમે અવશ્ય સીતાને જોઈ પાછા વળશો. મને એવું દિવ્ય જ્ઞાન હોવાનું કારણ એ છે કે, હું પક્ષીજાતિમાં છતાં દિવ્યયોનિમાં જન્મેલો છું. જુદી જુદી જાતિનાં પક્ષીઓ જુદી જુદી ગતિથી વિચરી

શકે છે; તેમાં ધાન્યનો આહાર કરી જીવનારાં પારાવત (હોલા–કબૂતર) આદિ પક્ષીઓ પહેલા માર્ગે વિચરી શકે છે.[૨૪] કાગડાઓ તથા ફળોનું ભક્ષણ કરનારા પોપટ વગેરે પક્ષીઓ બીજા માર્ગમાં ઉડી શકે છે; ક્રૌંચ, કુરર અને ચાસ પક્ષીઓ ત્રીજા માર્ગે ગતિ કરી શકે છે.[૨૫] શ્યેન (બાજ) પક્ષી ચોથા માર્ગમાં અને ગૃધ્રપક્ષી પાંચમા માર્ગમાં વિચરી શકે છે. વળી બળ અને પરાક્રમથી યુક્ત તથા રૂપ અને યુવાવસ્થાથી શોભતા હંસો છઠ્ઠા માર્ગે ગતિ કરી શકે છે* અને વિનતાના પુત્ર ગરૂડની ગતિ તો એ સર્વ પક્ષીઓ કરતાં પણ ઉંચી છે. હે વાનરર્ષભો! અમો સર્વ પક્ષીઓની ઉત્પત્તિ વિનતાના પુત્ર અરૂણથી થયેલી છે, તેથી અમને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયેલું છે.[૨૬–૨૭] હે વાનરો! પરસ્રીનું હરણ કરવા રૂપ નિંદ્ય કર્મ કરનારા માંસભક્ષી રાવણ રાક્ષસની સાથે મારે મારા ભાઈ જટાયુ સંબંધે જે વૈર બંધાયું છે તેનો બદલો તમને આમ લંકા પ્રત્યે મોકલવાથી વળી રહેશે.[૨૮] હે કપિઓ! હું અહીંયાં બેઠે બેઠે જ લંકાનગરીમાં રહેલા દુષ્ટાત્મા રાવણને તથા જાનકીને જોઉં છું, કેમકે અમારી દૃષ્ટિ ગરૂડના સરખી દિવ્ય અને અત્યંત દૂર પહોંચે છે.[૨૯] એ કારણથી અને માંસયુક્ત પદાર્થોનો આહાર કરવાના બળથી તથા સ્વજાતિ સિદ્ધ સ્વભાવથી અમે એક સ્થળે રહીને સો યોજન કરતાં પણ વધારે દૂર જોઇ શકીએ છીએ.[૩૦] હે વાનરો! વિધાતાએ દૂર પડેલા ભક્ષ્ય પદાર્થોને જોવાનું બળ અમારામાં મૂકીને અમારી વૃત્તિ નિર્માણ કરી છે; અને કુકડા વગેરે પક્ષીઓની ટુંકી દૃષ્ટિ કરીને, તેઓનું જીવન વૃક્ષના મૂળમાંજ (તેઓ રહેતા હોય ત્યાંજ) નિર્માણ કર્યું છે.[૩૧] હે વાનરો! હવે તમે આ ક્ષારસમુદ્રનું ઉલ્લંઘન કરવાનો કાંઇક યત્ન કરો. તમે અવશ્ય સીતાને મળી કાર્ય સિદ્ધ કરીને પાછા વળશો."[૩૨]

"હે કપિવરો! તમે પ્રથમ મારૂં આટલું કાર્ય કરો. હું સમુદ્ર કીનારે જઇને મારા સ્વર્ગસ્થ ભ્રાતા જટાયુને ઉદકદાન કરવા ઈચ્છું છું, માટે તમે મને સમુદ્ર કિનારે લઈ જાઓ."[૩૩] સંપાતિનું વાક્ય સાંભળતાંજ મહાબળવાન વાનરો બળી ગયેલી પાંખોવાળા એ સંપાતિને ઉંચકીને સમુદ્ર કીનારે લઈ ગયા. ત્યાં સંપાતિએ જટાયુને ઉદ્દેશી સ્નાન–તર્પણાદિ ક્રિયા કરી.[૩૪] પછી મહાત્મા વાનરો તેને તેના મૂળ સ્થાન પ્રત્યે પાછો લઈ આવ્યા અને સીતાની ખરેખરી ભાળ મળવાને લીધે હર્ષિત થયા.[૩૫]

तं पुनः प्रापयित्वा च तं देशं पतगेश्वरम् ।
बभूवुर्वानरा हृष्टाः प्रवृत्तिमुपलभ्य ते ॥३५॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં અઠ્ઠાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૮

सर्ग ५९ मो.*

સીતાની ભાળ સંબંધે વધુ માહિતી–સંપાતિના પુત્ર સુપાર્શ્વે જોયેલું સીતાહરણ.

ततस्तदमृतास्वादं गृध्रराजेन भाषितम् ।
निशम्य वदतो हृष्टास्ते वचः प्लवगर्षभाः ॥१॥

ગૃધ્રરાજ સંપાતિનાં અમૃત સરખાં મીઠાં વચનો સાંભળીને સર્વ, કપિવરો હર્ષિત થયા અને "સીતાની ભાળ મળી એ બહુ સારૂં થયું" એમ પરસ્પર કહેવા લાગ્યા.[૧] પછી વાનરશ્રેષ્ઠ જાંબવાને સર્વ કપિઓની સંમતિથી ઉભા થઇને ગૃધ્રરાજ સંપાતિને પૂછયું કે;[૨] "હે ગૃધ્રરાજ! હાલમાં જનકનંદિની સીતા

* અર્થાત્ તે તે ગતિએ સુધી આકાશમાં ઉંચે ઉડી શકે છે.

* આ સર્ગથી આરંભી પાંચ સર્ગ પ્રક્ષિપ્ત જણાય છે, કારણ કે સર્વ કોશમાં તે જોવામાં આવતા નથી. વળી તે પાંચ સર્ગ ન હોય તો કથાપ્રસંગ તૂટતો નથી, તેમજ આ પાંચે સર્ગોમાં પ્રથમ વર્ણવેલા વિષયોથી વિરૂદ્ધ અર્થ જોવામાં આવે છે.

ગો. ગી.

ક્યાં છે ? તે કોના જોવામાં આવ્યાં હતાં ? અને તેનું કોણે હરણ કર્યું છે ?÷ એ સઘળું જણાવીને તું અમો સર્વ વનચરોનું રક્ષણ કર.[૩] અરે, સીતાનું હરણ કરનાર એવો તે કયો પુરૂષ છે, કે જે વજ્ર સમાન પ્રહાર કરનારાં રામ–લક્ષ્મણના ધનુષ્યમાંથી છુટતાં બાણોના પરાક્રમને પણ ગણકારતો નથી !"[૪]

પ્રાયોપવેશનનો નિયમ તજીને સીતાના સમાચાર જાણવાને ઉત્સુક થઈ રહેલા સર્વ વાનરોનું આશ્વાસન કરતો ગૃધ્રરાજ સંપાતિ અત્યંત પ્રસન્ન થઈ પુનઃ પણ કહેવા લાગ્યો કે;[૫] "હે કપિઓ ! વિશાળ નેત્રવાળાં સતી સીતાનું હરણ મેં જેવી રીતે સાંભળ્યું છે અને જેણે મને કહી સંભળાવ્યું છે એ સર્વ હું તમને કહું છું; તેમજ જનકનંદિની હાલમાં ક્યાં છે ?+ એ પણ કહું છું તે સાંભળો."[૬] "હે કપિવરો ! વૃદ્ધાવસ્થાને લીધે જેનાં પ્રાણ અને પરાક્રમ ક્ષીણ થયેલાં છે એવો હું ઘણા-યોજનના વિસ્તારવાળા આ દુર્ગમ વિંધ્યાચળને વિશે લાંબા સમયથી પડેલો છું[૭] અને હું પાંખોવિનાનો—અશક્ત હોવાથી પક્ષીઓમાં શ્રેષ્ઠ મારો પુત્ર સુપાર્શ્વ યથાસમયે આહાર લાવીને મારૂં પોષણ કરે છે.[૮] હે વાનરો ! હું ક્ષુધા સહન કરી શકતો નથી; કેમકે જેમ ગાંધર્વોને કામનું બળ તીક્ષ્ણ હોય છે, સર્પોને ક્રોધ તીક્ષ્ણ હોય છે અને મૃગોને ભય તીક્ષ્ણ હોય છે; તેમ અમો પક્ષીજાતિને ક્ષુધા તીક્ષ્ણ હોય છે.[૯] એક દિવસે એવું બન્યું કે, સૂર્યોદય થતાંજ મને ક્ષુધા લાગેલી જોઇ મારો પુત્ર સુપાર્શ્વ મારે માટે આહાર લેવા સારૂ ગયો; પરંતુ કોઇ સ્થળેથી માંસ નહિ મળવાથી તે સાંજ પડતાં ખાલી ખાલીજ મારી પાસે આવ્યો.[૧૦] એ જોઈ આહાર નહિ મળવાથી ક્રોધે ભરાયેલા મેં ઘણાં કઠોર વચનોથી તેનો તિરસ્કાર કર્યો; છતાં તેણે મારી આગળ હાથ જોડી ક્ષમા યાચીને કહ્યું કે;[૧૧] હે તાત ! હું તમારે અર્થે માંસ લેવા સારૂ નિત્યના નિયમ પ્રમાણે અહીંથી આકાશમાં ઉડ્યો હતો; પરંતુ ઘણી શોધ કરતાં જ્યારે કશું મળી આવ્યું નહિ ત્યારે હું છેક મહેંદ્ર પર્વતના દ્વાર× આગળ જઈ ઉભો રહ્યો.[૧૨] ત્યાં જઇ સમુદ્રમાં તેમજ સમુદ્ર ઉપર વિચરનારાં અસંખ્યાત પ્રાણીઓની ગતિ રોકવાને અર્થે હું નીચું મુખ કરીને ઉભો રહ્યો; અર્થાત્ મહેંદ્ર પર્વત ઉપર રહીને સમુદ્ર તરફ જોવા લાગ્યો.[૧૩] એટલામાં ઉગતા સૂર્ય સરખી પ્રભાવાળી કોઇ સ્ત્રીને ઉંચકીને ત્યાંથી જતો કાજળના પર્વત સરખા પ્રૌઢ અને શ્યામવર્ણા શરીરવાળો એક પુરૂષ મારા જોવામાં આવ્યો.[૧૪] ત્યારે અત્યંત હર્ષ પામી મેં વિચાર્યું કે; ઠીક થયું. આજે આ બન્ને સ્ત્રી પુરૂષને પકડી મારા પિતાના આહાર માટે લઈ જઇશ," એવો વિચાર કરી હું તેના તરફ દોટ મૂકવા જતો હતો, એટલામાંજ તે શ્યામવર્ણા પુરૂષે પોતાને જવા દેવા સારૂ અત્યંત નમ્રતાપૂર્વક મને પ્રાર્થના કરી, તેથી મેં તેને જવા દીધો.[૧૫] હે પિતાજી ! આ જગતને વિશે નીચ પુરૂષ પણ નમ્રતાપૂર્વક પોતાની ક્ષમા યાચનારને હણતા નથી, તો મારા જેવો તો કેમજ હણે ?[૧૬] હે તાત ! મેં તેને જવા દીધો ત્યારે તે પુરૂષ સ્ત્રીસહિત અત્યંત વેગથી આકાશમાર્ગે ચાલી નીકળ્યો. એ સમયે આકાશમાં વિચરનારા સિદ્ધો તથા મહર્ષિઓએ મારી પાસે આવીને તથા મને માન આપીને કહ્યું કે;[૧૭] "હે પક્ષિન્ ! તારૂં કલ્યાણ થાઓ ! તારા સપાટામાં આવેલી જનકનંદિની સીતા જીવતી રહી એ બહુ સારૂં થયું અને સીતા-

÷ પૂર્વે સંપાતિએ આ બાબત કહેલી હોવાથી અત્રે આવો પ્રશ્ન ઘટતો નથી.

+ પૂર્વે સંપાતિએ કહ્યું છે કે; "મેં સીતાને હરાતી જોઇ છે" અને હવે પોતે બીજાના મુખથી એ વાત સાંભળી છે, એવું કહેવું એ પૂર્વ વાક્યનો વિરોધ દર્શાવે છે.

× પર્વતનું દ્વાર એટલે પર્વતમાંથી નીકળી બહાર જવાનો માર્ગ; જેને 'ઘાટ' કહે છે.

સહિત રાવણને તેં જતો કર્યો એ પણ સારૂં થયું.* ”૧૮ વળી હે પિતાજી ! એ સિદ્ધો તથા મહર્ષિઓએ મને સાથે સાથે એ પણ જણાવી દીધું કે; “ તેં જેઓને જતાં કર્યા તેમાં જે સ્ત્રી છે તે જનકનંદિની રામભાર્યા સીતા છે અને પુરૂષ છે તે લંકાધિપતિ રાક્ષસરાજ રાવણ છે. ”૧૯ એટલું કહી એ સિદ્ધો તથા મહર્ષિઓ ચાલ્યા ગયા. ત્યારપછી મેં આકાશમાર્ગે ચાલ્યા જતા રાવણ તરફ દૃષ્ટિ કરી તો તેના અંકને વિશે દશરથનંદન રામચંદ્રની પત્ની-સીતા મારા જોવામાં આવી. એ વેળા સીતાના મસ્તકના કેશ છુટી ગયા હતા, તેનાં આભૂષણો તથા રેશમી વસ્ત્ર શિથિલ થઈ ગયાં હતાં અને અત્યંત શોકને લીધે તે “ હા રામ ! હા રામ ! હા લક્ષ્મણ !” એવા મોટા આક્રોશ કરતી હતી. હે તાત ! હું એ બનાવ જોવા સારૂ ઘણીવાર સુધી ત્યાં ઉભો રહ્યો, તેથી મને ઘેર આવતાં વિલંબ થયો છે. ”

“ હે કપિકુંજરો ! વાક્ચતુર મારા પુત્ર સુપાર્શ્વે એ પ્રમાણે મને સઘળું વૃત્તાંત નિવેદન કર્યું; તે સાંભળીને પણ મારી બુદ્ધિ પરાક્રમ કરવાને ઉશ્કેરાઈ નહિ.૨૦-૨૨ હાય, પાંખવિનાનો પક્ષી કોઈ પણ કર્મનો આરંભ કેમ કરી શકે ? અસ્તુ. પણ હજીએ હું મારી વાણી તથા બુદ્ધિના આશ્રયથી તમને બનતી સહાય કરીશ. હે વાનરો ! આ કાર્ય તમારા પુરૂષાર્થ બળથી થઇ શકે એમ છે. હે કપિઓ ! રામચંદ્રનું કાર્ય એ મારૂંજ કાર્ય છે એમાં કાંઈ સંશય જેવું નથી, માટે હું મારી વાણી તથા બુદ્ધિના બળવડે તમારૂં પ્રિય કરીશ. હે કપિવરો ! તમે સૌ શ્રેષ્ઠ બુદ્ધિવાળા છો, બળવાન્ છો, નિયમિત અંતઃકરણવાળા છો, દેવતાઓથી પણ પરાજય ન પામો એવા છો અને મહાબળવાન્ સુગ્રીવના સેવકો છો; તેમજ રામ-લક્ષ્મણનાં કંકપત્રવાળાં તીક્ષ્ણ બાણો પણ ત્રણે લોકની રક્ષા તથા નિગ્રહ કરવામાં સમર્થ છે; તો પછી કોનો ભય ધરવા જેવું છે ? જો કે રાક્ષસોનો રાજા રાવણ અત્યંત તેજસ્વી અને બળવાન્ છે, તોપણ સમર્થ એવા તમોને કાંઈ પણ દુષ્કર નથી.૨૩-૨૭ હે વાનરો ! હવે સમય ન ગુમાવતાં તમે તમારી બુદ્ધિને કાર્ય કરવામાં યોજો. હે કપિઓ ! તમારા સરખા ધીમાનો કાર્યને વિશે કદી પણ ઢીલ કરતા નથી. ”૨૮

तदलं कालसङ्गेन क्रियतां बुद्धिनिश्चयः ।
नहि कर्मसु सज्जन्ते बुद्धिमन्तो भवद्विधाः॥२८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં ઓગણસાઠમો સર્ગ સંપૂર્ણ.૫૯

સર્ગ ૬૦ મો.

સંપાતિનો પૂર્વવૃત્તાંત-નિશાકર મુનિનાં દર્શન.

ततः कृतोदकं स्नातं तं गृध्रं हरियूथपाः ।
उपविष्टा गिरौ रम्ये परिवार्य समन्ततः ॥१॥

પોતાના બંધુ જટાયુને ઉદ્દેશીને ઉદકદાન તથા સ્નાનાદિ ક્રિયા કરી બેઠેલા ગૃધ્રરાજ સંપાતિને, સઘળા યૂથપાળક વાનરો વીંટાઈ બેઠા હતા.૧ યુવરાજ અંગદ પણ પોતાના કેટલાએક પરિચારકો-સેવકો સહિત તેની પાસે બેઠો હતો. એ વેળા અંગદાદિ કપિઓને વિશ્વાસ લાવવા સારૂ સંપાતિ કહેવા લાગ્યો કે;૨ “હે વાનરો ! ‘હું સીતાને જાણું છું ’ એવું જે મેં કહ્યું તે સર્વથા સત્યજ છે, એવો તમને વિશ્વાસ આવે તે માટે હું મારૂં વૃત્તાંત કહું છું. તમે સર્વ એકચિત્ત થઈ શાંતપણે સાંભળો.૩ હે નિષ્પાપ કપિઓ ! પૂર્વે સૂર્યનાં પ્રખર કિરણોથી દગ્ધ થઇ, હું આ વિંધ્યાચળના શિખરપર પડયો હતો.૪ ઘણે ઉંચેથી પડવાને લીધે મારાં સર્વ અંગો ભાંગી ગયાં અને તેથી હું સંજ્ઞારહિત થઈ ગયો. આખરે છ રાત્રિ વીત્યા પછી મને કાંઈક ભાન આવ્યું. એ સમયે પીડાને લીધે મારી સ્મૃતિ નષ્ટ થયેલી

* કેમકે તેઓ જીવતાં હોય તોજ રામચંદ્ર લંકામાં જાય અને સર્વ રાક્ષસોનો વિનાશ કરે.

હતી, તેથી હું વિહ્વલની પેઠે ચારે દિશાઓમાં જોવા લાગ્યો, પણ "હું કઈ દિશામાં આવી પડયો છું અને કયા સ્થળમાં છું" એ વગેરે કાંઈ પણ જાણી શકયો નહિ.[૫] ઘણીકવાર સુધી મનમાં ગડમથલ કરતાં જ્યારે કાંઇક બુદ્ધિ સ્થિર થઈ; ત્યારે આ પર્વત શિખરપર રહીને દેખાતા સમુદ્ર, પર્વત, સઘળી નદીઓ, સરોવરો, વનો અને બીજા પણ કેટલાએક પ્રદેશોને જોઇને હું તેઓને ઓળખવા લાગ્યો.[૬] એમ ધીમે ધીમે હું શુદ્ધિમાં આવ્યો અને મને સમજાયું કે; વ્યાપ્ત અને હર્ષ પામેલાં પક્ષીઓથી મોટી ગુફાઓ તથા અનેક શિખરોવાળો, આ દક્ષિણ સમુદ્રના કીનારાપર આવેલો વિંધ્યાચળ છે અને હું જે શિખરપર પડ્યો છું તે શિખર પણ તેનુંજ છે."[૭]

"હે અંગદાદિ કપિવરો ! પૂર્વે આ સ્થળે એક અતિ પવિત્ર આશ્રમ હતો; જેનું દેવતાઓ પણ પૂજન કરતા હતા. તે આશ્રમને વિશે ઉગ્ર તપશ્ચર્યા કરનારા 'નિશાકર' નામના ઋષિ રહેતા હતા.[૮] ધર્મને જાણનારા એ નિશાકર ઋષિ સ્વર્ગે ગયા ત્યારથી માંડીને અહીં વસતાં મને આજે આઠ હજાર વર્ષ વીતી ગયાં છે.[૯] હે કપિઓ ! આકાશમાંથી પડવા પછી હું જ્યારે સાવધ થયો ત્યારે અત્યંત વિષમ એવા આ વિંધ્યાચળના શિખરપરથી શનૈઃ શનૈઃ ઉતરીને અતિકષ્ટથી તીક્ષ્ણ દર્ભવાળી પૃથ્વીપર આવ્યો.[૧૦] હે વાનરો ! નિશાકર ઋષિનાં દર્શન કરવાની ઈચ્છાથી હું અતિ પરિશ્રમ વેઠીને પણ એવી રીતે નીચે ઉતરી આવ્યો અને નજીકમાંજ આવેલા તેમના આશ્રમ આગળ ગયો. હે વાનરો! પૂર્વે મેં તથા જટાયુએ એ ઋષિની ઘણીવાર સેવા કરી હતી.[૧૧] નિશાકર ઋષિના આશ્રમની સમીપ સુગંધયુક્ત વાયુ વાતા હતા અને તેમાંનું કોઈ પણ વૃક્ષ, પુષ્પ કિંવા ફળ વિનાનું જણાતું ન હતું.[૧૨] હું ત્યાં જઈ એક વૃક્ષના મૂળ આગળ બેઠો અને વિચાર કરવા લાગ્યો કે; "મને નિશાકર ઋષિનાં દર્શન થશે એટલે હું તેમને પ્રણામ કરી મારૂં દુઃખ નિવેદન કરીશ, જેથી તેમની કૃપાવડે મારૂં દુઃખ ઓછું થશે." ત્યાર પછી હું ઋષિના આગમનની વાટ જોવા લાગ્યો.[૧૩] થોડીવારે દેદીપ્યમાન તેજવાળા અને કોઈથી પણ પરાભવ ન પામે એવા નિશાકર ઋષિ, કે જે સમુદ્રસ્નાન કરીને દક્ષિણ દિશા તરફથી આવતા હતા તેમને મેં દૂરથી જોયા.[૧૪] યાચક પુરૂષો જેમ દાતાને વીંટાઇને ચાલે છે તેમ અનેક રીંછ, મૃગ, વ્યાઘ્ર, સિંહ તથા નાના પ્રકારના સર્પો એ નિશાકર ઋષિને વીંટાઈને સાથે સાથે ચાલતા હતા.[૧૫] જ્યારે ઋષિએ પોતાના આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે જેમ રાજાએ પોતાના અંતઃપુરમાં પ્રવેશ કર્યા પછી તેના અમાત્ય વગેરે સર્વ અધિકારીઓ પોતપોતાનાં સ્થાને ચાલ્યા જાય છે, તેમ તેની સાથેનાં રીંછ વગેરે પ્રાણીઓ પણ પોત-પોતાનાં સ્થાન પ્રત્યે ચાલ્યાં ગયાં.[૧૬]

હે કપિકુંજરો ! એ ઋષિવરે આશ્રમમાં પ્રવેશ કરતી વેળાએ મને જોયો હતો; તેથી એક મુહૂર્ત માત્રમાંજ બહાર આવીને અતિ પ્રસન્ન વદને મને આવવાનું પ્રયોજન પૂછતાં કહ્યું કે;[૧૭] "હે સૌમ્ય ! તારાં રૂંવાટાંનું આવું વૈકલ્ય જોઇને હું તને ઓળખી શકતો નથી. તારી બન્ને પાંખો બળી ગયેલી છે તેમજ તારા શરીરપરની ચામડી પણ તેવીજ થઈ ગયેલી છે.[૧૮] પૂર્વે મેં બે ગૃધ્ર પક્ષીઓને જોયા હતા. તેઓ વાયુસરખા વેગવાળા તથા ઇચ્છિત રૂપ ધરનારા હતા અને તેઓ સહોદર થતા હતા.[૧૯] મને કાંઈક ઓળખાણ પડે છે કે એ બે ગૃધ્રોમાંનો જ્યેષ્ઠ સંપાતિ તે તું છે અને જટાયુ તારો નાનો ભાઈ થાય છે. હે સંપાતિ ! પૂર્વે મનુષ્યરૂપ ધરીને તમો બન્ને ભાઇઓએ મારી સેવા કરી હતી;[૨૦] તેથી હું તમને પૂછું છું કે; હે ભાઈ! તને શો વ્યાધિ થયો છે? તારી પાંખો શા કારણથી નાશ પામી છે? અરે, તને આવો ઉગ્ર દંડ કોણે આપ્યો છે?[૨૧]

किं ते व्याधिसमुत्थानं पक्षयोः पतनं कथम्। दण्डो वार्यं धृतः केन सर्वमाख्याहि पृच्छतः ॥ २१ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં સાઠમો સર્ગ સંપૂર્ણ. ૬૦

सर्ग ६१ मो.

સંપાતિનો પૂર્વવૃત્તાંત-સ્વદુ:ખ વર્ણન.

ततस्तद्दारुणं कर्म दुष्करं सहसा कृतम्। आचचक्षे मुनेः सर्वं सूर्यानुगमनं तथा ॥१॥

ગૃધ્રરાજ સંપાતિ અંગદાદિ કપિઓને વળી પણ કહેવા લાગ્યો કે; "હે કપિઓ! મને નિશાકર ઋષિએ એ પ્રમાણે પૂછ્યું ત્યારે મેં દારૂણ અને બીજાથી ન થઈ શકે એવું સૂર્ય સામે જવાનું સાહસિક કાર્ય તેમને નિવેદન કરતાં કહ્યું કે;[1] "હે ભગવન્! મેં મારા બળના ગર્વને લીધે એવું નિષ્ફળ કર્મ કર્યું છે, જેથી મારી પાંખો તથા શરીરપરની ચામડી બળી જવા સિવાય બીજું કશું પણ મને પ્રાપ્ત થયું નથી. વ્યાકુળ ઇંદ્રિયોવાળો તથા ખેદ પામેલો હું લજ્જાને લીધે મારૂં તે વૃત્તાંત કહેતાં પણ શરમાઉં છું; છતાં હે ઋષિવર્ય! તમે પૂછો છો તેથી મારે કાંઇક કહેવું જોઇશે.[2] હે ભગવન્! એક વખતે ગર્વવડે મોહિત થયેલા હું અને જટાયુ એક બીજાના પરાક્રમને જાણવાની ઇચ્છાથી સ્પર્ધા કરતા આકાશમાં ઉડ્યા.[3] તેમાં પ્રથમ કૈલાસ પર્વતના શિખર ઉપર ઋષિઓની સમક્ષ અમો બન્નેએ પ્રતિજ્ઞા લીધી કે; "ભગવાન્ સૂર્યનારાયણ જ્યાંસુધીમાં અસ્તાચળપર જાય ત્યાંસુધીમાં અમારે તેને સ્પર્શ કરવો."[4] આ પ્રમાણે નિશ્ચય કરી અમે બન્ને ભાઇઓ એકાએક આકાશ તરફ ઉડયા અને મહાવેગથી સૂર્ય ભણી જવા લાગ્યા. ઘણેક ઉંચે ગયા પછી અમોએ નીચે દૃષ્ટિ કરી તો પૃથ્વીપરનાં જૂદાં જૂદાં નગરો અમને રથના ચક્રસરખાં દેખાવા લાગ્યાં.[5] એ સમયે આકાશને વિશે અમોને કોઈકોઈ સ્થળે વાજીંત્રોના, તો કોઈ કોઈ સ્થળે આભૂષણોના ધ્વનિ સંભળાવા લાગ્યા; તેમજ કોઈ કોઈ સ્થળે રક્તવસ્ત્રને ધારણ કરી મધુર ગાન કરી રહેલી ઘણી અપ્સરાઓ અમારા જોવામાં આવી.[6] આકાશને વિશે અત્યંત વેગથી ઉડતા અમે જ્યારે છેક સૂર્યના માર્ગની સમીપ પહોંચી ગયા ત્યારે મોટાં મોટાં વૃક્ષોથી છવાયેલી આખી પૃથ્વી કોમળ હરિયાળીવાળા એકાદા વન સરખી દેખાવા લાગી.[7] પૃથ્વીપરના પર્વતો નાના નાના પત્થર સરખા જણાવા લાગ્યા; અનેક મોટી નદીઓથી વીંટાયેલી આ પૃથ્વી જાણે ઝીણા ઝીણા સુતરના તાંતણાઓથી વીંટાયેલી હોય એવી દેખાવા લાગી;[8] તેમજ ભૂમિપરના હિમાલય, વિંધ્ય તથા મેરૂ વગેરે મોટા મોટા પર્વતો જાણે એકાદા મોટા જળાશયમાં હસ્તીઓ ઉભા હોય એવા દીસવા લાગ્યા![9] હે ભગવન્! અમે એટલે ઉંચે ગયા ત્યાં તો સૂર્યના ખરેખરા તાપથી અમે બળવા લાગ્યા. એકાએક અમારા શરીરે ભારે પરસેવો છુટયો અને ખેદ, ભય તથા મોહથી અમે આકુળ-વ્યાકુળ થઈ ગયા. પછી અમોને તુરતજ દારૂણ મૂર્છા આવવા લાગી[10] અને બેભાન થવાથી દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર કે અગ્નિ દિશા કઇ, એ પણ અમને સૂઝ પડી નહિ. સૂર્યના પ્રખર કિરણોને લીધે અમારાં શરીર બળવા માંડ્યાં, તેથી અમોએ વિચાર્યું કે; અરે, યુગાંત સમયે બાળનારો અગ્નિ આજેજ સર્વલોકને બાળવા પ્રવૃત્ત થયો છે કે શું?[11] અમે જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ અમારી દૃષ્ટિ સૂર્યના તેજને લીધે નષ્ટ થતી ગઈ અને અમારૂં મનોબળ પણ શિથિલ પડતું ગયું; અર્થાત્ સૂર્યમંડળને સ્પર્શ કરવાનો અમારો આગ્રહ ઓછો થતો ગયો. એમ છતાં પણ અતિ પ્રયત્નથી અમોએ અમારાં નેત્ર તથા મનનું અનુસંધાન કર્યું અને સૂર્ય સામું જોયું. એ વેળા અમોને તે પૃથ્વી જેવડો દેખાયો.[12-13] એ સમયે

મારો નાનો ભાઈ જટાયુ તો ભયને લીધે આકુળ થઈને મને પૂછ્યા વિનાજ પૃથ્વી તરફ ઉતરવા લાગ્યો. એ જોઈ મેં પણ મારા શરીરને તુરતજ આકાશમાંથી ઉતરવા દીધું.[૧૪] એ વેળા જટાયુનું રક્ષણ કરવાની ઈચ્છાથી મેં તેના શરીરને મારી પાંખોવતી ઢાંકયું, એથી જટાયુ બળ્યો નહિ; પરંતુ પ્રમાદને લીધે મારી પાંખો બળી ગઈ, જેથી અચેતન થયેલો અને વાયુમાર્ગે લથડતો હું આ વિંધ્યાચળના છેક દક્ષિણ ભણીના છેડાપર આવી પછડાયો. હે ઋષિશ્રેષ્ઠ! હું ધારૂં છું કે મારો ભાઇ જટાયુ જનસ્થાનને વિશે પડયો હશે.[૧૫-૧૬] હે મુનિશ્રેષ્ઠ! એવી રીતે હું રાજ્ય, ભ્રાતા, પાંખો તથા પરાક્રમ વિનાનો થયેલો હોવાથી હવે મરવાંને જ ઇચ્છું છું. હવે હું આ સામે જણાતા પર્વતશિખરપર જઇને પડતું મૂકીશ."[૧૭]

राज्याच्च हीनो भ्राता च पक्षाभ्यां विक्रमेण च।
सर्वथा मर्तुमेवेच्छन्पतिष्ये शिखराद्गिरेः ॥१७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિ કાવ્યના કિષ્કિંધાકાંડમાં એકસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૧

इति श्री किष्किन्धाकांड समाप्त

સર્ગ ૬૨ મો.*

નિશાકર મુનિએ સંપાતિને આપેલું આશ્વાસન.

एवमुक्त्वा मुनिश्रेष्ठमरुदं भृशदुःखितः ।
अथ ध्यात्वा मुहूर्तं च भगवानिदमब्रवीत् ॥१॥

મુનિશ્રેષ્ઠ નિશાકરને મારૂં વૃત્તાંત નિવેદન કરીને અતિશય દુઃખવાળો હું રૂદન કરવા લાગ્યો. ત્યારે એક મુહૂર્તપર્યંત ભગવાન નિશાકર મુનિએ વિચાર કરીને મને કહ્યું કે,[1] “ તને ફરીથી બીજી પાંખો અને પીંછાંઓ આવશે, તેમજ આંખોનું તેજ, પ્રાણ, પરાક્રમ અને બળ પણ તને પ્રાપ્ત થશે.[2] મેં પુરાણોમાં સાંભળ્યું છે, તેમજ તપોબળથી જાણ્યું છે, તેથી મને જણાયું છે કે ભવિષ્યમાં એક અતિ મહાન ઘટના બનશે.[3] તે એ કે ઇક્ષ્વાકુ કુળની વૃદ્ધિ કરનાર દશરથ નામે એક રાજા થશે તેને રામ નામે મહા તેજસ્વી પુત્ર થશે.[4] એ સત્ય પરાક્રમી રામચંદ્ર પોતાના પિતાની આજ્ઞા પાળવા માટે પોતાના નાના ભાઇ લક્ષ્મણ સાથે વનમાં આવશે.[5] ત્યારે ગોદાવરી તીરે આવેલા જનસ્થાન પ્રદેશમાંથી દેવ અને દાનવથી અવધ્ય રાવણ નામનો રાક્ષસેન્દ્ર તેની પત્ની સીતાને લંકામાં હરી જશે.[6] તે સમયે રાવણ ભક્ષ્ય, ભોજ્ય ને એવીજ બીજી લલચાવે તેવી વસ્તુઓથી સીતાજીને લોભાવવા પ્રયત્ન કરશે, પરંતુ દુઃખમાં ડૂબેલી, યશસ્વીની, અને મહાભાગ્યશાળી સતી સીતા તે સ્વીકારશે નહિ.[7] એ સમયે દેવરાજ ઇન્દ્ર સીતાની આ સ્થિતિ જાણીને દેવને પણ દુર્લભ, અમૃતના જેવું, પરમ અન્ન (પાયસ) તેમને મોકલાવશે,[8] અને ઇંદ્ર પાસેથી આ અન્ન આવ્યું છે, એમ જાણીને સીતા તેનો સ્વીકાર કરશે. પછી તેનો ઉપલો ભાગ “ મારા સ્વામી રામચંદ્ર અને દીયર લક્ષ્મણ જીવતા હોય અથવા તો દેવત્વ પામ્યા હોય તોપણ તેમને આ અન્ન પ્રાપ્ત થાઓ.” એવા સંકલ્પપૂર્વક ભૂમિ ઉપર મૂકશે.[9-10] (અને શેષ રહેલું પ્રાશન કરશે.)

હે સંપાતિ ! રામની આજ્ઞાથી સીતાજીની શોધ કરવાને નીકળેલા વાનરો અત્રે આવશે. તેમને મળીને તું રામપત્ની સીતાજીના સમાચાર આપજે. હાલ તારે અહિંથી બીજે ક્યાંઇ જવું નહિ. આવી સ્થિતિમાં તું ક્યાં જઇશ ? માટે દેશ અને કાળની રાહ જોતો તું અહિં રહે, અંતે તને પાંખો આવશેજ.[11-12] જો કે હું તને અત્યારેજ પાંખો આપી શકું તેમ છું, પરંતુ અત્રે આ અવસ્થામાં રહેવાથી તું લોકનું વધારે ભલું કરી શકીશ.[13] અર્થાત્ આથી તું એ બંને રાજપુત્રોનું, બ્રાહ્મણોનું, ગુરુઓનું, મુનિઓનું અને ઇંદ્રનું હિત સાધી શકીશ.[14] હું પણ રામ અને લક્ષ્મણ એ બંને ભાઇઓનું પુણ્યદર્શન ઇચ્છું છું, પરંતુ ઘણો કાળ વીતવાથી દેહ બહુજ જીર્ણ થઇ ગયો છે, તેથી હવે હું તેનો ત્યાગજ કરીશ. ” હે અંગદ ! તત્ત્વદર્શી નિશાકર મહર્ષિએ પૂર્વે આ પ્રમાણે મને કહ્યું હતું.[15]

इच्छाम्यहमपि द्रष्टुं भ्रातरौ रामलक्ष्मणौ ।
नेच्छे चिरं धारयितुं प्राणांस्त्यक्ष्ये कलेवरम् ।
महर्षिस्त्वब्रवीदेवं दृष्टतत्त्वार्थदर्शनः ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં બાસઠમો સર્ગ સંપૂર્ણ ૬૨.

સર્ગ ૬૩ મો.

સંપાતિના દુઃખની નિવૃત્તિ-સીતા શોધ માટે વાનરોને તેણે આપેલો ઉત્સાહ.

एतैरन्यैश्च बहुभिर्वाक्यैर्वाक्यविशारदः ।
मां प्रशस्याभ्यनुज्ञाप्य प्रविष्टः स स्वमालयम् ॥

વાક્ય વિશારદ નિશાકર મુનિએ એવાં બીજાં અનેક વાક્યોથી મારી પ્રસંશા કરી, તેમજ મને ઉપર પ્રમાણે આજ્ઞા આપી. પછી તેઓ પોતાના આશ્રમમાં ગયા.[1] પછી ધીમે ધીમે હું તે પર્વતની ખીણમાંથી સરકીને બહાર નીકળ્યો અને આ વિંધ્ય પર્વત ઉપર આવીને તમારી રાહ જોવા લાગ્યો.[2] એ સમયને સેંકડો વર્ષ વીતી ગયાં છે, છતાં હું મુનિનાં વચનો હૃદયમાં રાખીને દેશ તથા કાળની રાહ જોતો હતો.[3] મહાપ્રસ્થાન કરીને નિશાકર મુનિ સ્વર્ગમાં ગયા

---

* આની અગાઉના સર્ગને અંતે કિષ્કિંધાકાંડ સંપૂર્ણ એવું છપાયું છે તે ભૂલ છે માટે રદ સમજવું.

ત્યારથી અનેક તર્ક વિતર્ક કરનારો હું સંતાપવડે બળતો હતો.[૪] મારા પ્રાણનું રક્ષણ કરવાને માટે તેમણે મને કહ્યું હતું છતાં પણ ઘણીવાર હું કંટાળી જતો અને મરવા તૈયાર થતો; પરંતુ વળી એ મુનિનાં વચનોનું સ્મરણ કરી તેમ કરતાં હું અટકતો હતો.[૫] સળગતા અગ્નિની જ્યોતિ જેમ અંધારાને દૂર કરે છે તેમ આ બુદ્ધિ મારા દુઃખોને દૂર કરતી હતી. હું મારા પુત્રના બળથી દુરાત્મા રાવણનું બલ ઓછું જાણતો હતો તેથી મેં તેનો અનેક વચનોથી ફિટકાર કર્યો, અને પૂછયું કે તેં સીતાજીનું રક્ષણ કેમ ન કર્યું ? સીતાજીને વિલાપ કરતાં સાંભળ્યાં તેમજ રામ અને લક્ષ્મણ એ બંને સીતાજીથી વિયોગ પામ્યા છે એ જાણ્યા છતાં તેં સીતાનો ઉદ્ધાર શા માટે ન કર્યો ? ત્યારે એણે ઉત્તર આપ્યો કે, " મેં એમને જાનકી જાણ્યાં ન હતાં, પણ તે ગયા પછી સિદ્ધલોકોના મુખથી સાંભળ્યું કે એ તો સીતાજી હતાં."[૬,૭] આમ બનવાથી હું મારા મિત્ર દશરથ રાજાના પુત્રનું પ્રિય કરી શકયો નથી, તેમ મારો પુત્ર પણ આ હિત કાર્ય કરી શકયો નથી."[૮]

ત્યાં એકઠા થએલા વાનરોને સંપાત આ પ્રમાણે કહી રહ્યો હતો એટલામાં એ સર્વે વાનરોની સમક્ષ તેને બે નવી પાંખો ફુટી નીકળી. પોતાના શરીર ઉપર આ પ્રમાણે અરુણુરંગનાં પીંછાંઓ અને પાંખો આવેલી જોઇને સંપાતિને અતિશય હર્ષ થયો અને તે વાનરોને કહેવા લાગ્યો કે અમાપ તેજસ્વી રાજર્ષિ નિશાકરના પ્રસાદથી સૂર્યનાં કિરણોથી બળી ગએલી પાંખો મને આજે ફરી પ્રાપ્ત થઈ; પૂર્વે યૌવન કાળે મારામાં જે પરાક્રમ, બળ અને પૌરુષ હતું તે અત્યારે મને ફરી પ્રાપ્ત થયું છે. માટે હવે સીતાજીને શોધવાનો પુરો પ્રયત્ન કરો; તે તમને અવશ્ય મળશે.[૯,૧૨] મને પાંખો પ્રાપ્ત થઇ તે બનાવ તમોને સીતાનો ભાળ માટે વિશ્વાસ ઉત્પન્ન કરનારો છે. " પક્ષી માત્રમાં ઉત્તમ સંપાતિ સર્વ વાનરોને એમ કહીને આકાશમાં ગતિ કરવાની પોતાની શક્તિની પરીક્ષા કરવાની જીજ્ઞાસાથી એકાએક આકાશ ભણી ઉડયો. ત્યારે સંપાતિનાં વચનો સાંભળીને હર્ષિત ચિત્ત થએલા સર્વે વાનર સિંહો સીતાજીની શોધ કરવા માટે પોત પોતાનું પરાક્રમ દેખાડવા તૈયાર થઈ ગયા.[૧૩-૧૪] પવન સમાન પરાક્રમ કરનારા અને અતિ બળવાન વાનરશ્રેષ્ઠો જનકસુતાની શોધ માટે અતિ ઉત્સાહભેર અભિજિત નક્ષત્રની સન્મુખ રહેલી દક્ષિણ દિશા તરફ જવા લાગ્યા.[૧૫]

अथ पवनसमानविक्रमाः प्लवगवराः प्रतिलब्धपौरुषाः । अभिजिदभिमुखां दिशं ययुर्जनकसुतापरिमार्गणोन्मुखाः ॥१५॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના ઉત્તરકાંડમાં ત્રેસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૩

सर्ग ६४ मो.

સાગર ઓળંગવાનું આવ્હાન-કપિઓને અંગદે આપેલો ઉત્સાહ.

आख्याता गृध्रराजेन समुत्प्लुत्य प्लवंगमाः । संगता प्रीतिसंयुक्ता विनेदुः सिंहविक्रमाः॥१

ગૃધ્રરાજ સંપાતિએ કહેલો સીતા વૃત્તાંત સાંભળીને આનંદ પામેલા અને સિંહ જેવાં પરાક્રમ કરનારા વાનરો કુદીને હુકાહુક કરવા લાગ્યા.[૧] સંપાતિનાં વચનો સાંભળીને રાવણના નિવાસ સ્થાનની ખબર પડવાથી આનંદ પામેલા અને સીતાજીનાં દર્શનને ઇચ્છનારા વાનરો સાગરને કિનારે આવી પહોંચ્યા.[૨] ભયંકર પરાક્રમ કરનારા વાનરોએ સમુદ્ર કિનારે આવીને જોયું તો સમગ્ર મહાન લોકનું પ્રતિબિંબ તેમાં પડેલું જણાયું.[૩] પછી દક્ષિણ સમુદ્રના ઉત્તર કિનારે આવીને તે મહા બળવાન હરિવરોએ પડાવ નાખ્યો.[૪] કોઇ સ્થળે આ સમુદ્ર તમને નિદ્રાવસ્થામાં જણાતો હતો; ત્યારે બીજે સ્થળે બાળકની માફક સામાન્ય તરંગોથી ક્રીડા કરતો જણાતો હતો; અને કોઈક સ્થળે તો

પર્વત જેવડા મોજાંથી ઉછળી ગર્જના કરતો હતો.[૫] પાતાળમાં વસનારા દાનવેંદ્રોથી ઘેરાઈ ગએલો અને રૂંવાડાં ઉભાં કરે એવો સાગર જોઇને કપિવીરો વિષાદ કરવા લાગ્યા.[૬] આકાશની માફક જેનો પાર પામી ન શકાય એવા સાગરને જોઇને એકઠા થએલા સર્વે વાનરો વિષાદગ્રસ્ત થઈ ગયા અને કહેવા લાગ્યા કે "હવે આપણે કેમ કરવું?"[૭]

સાગરનું નિરીક્ષણ કરવાથી ખેદ પામેલા અને ભયથી પીડાતા વાનરોને જોઇને કપિશ્રેષ્ઠ અંગદે કહ્યું કે,[૮] "તમારે મનમાં ખેદ ન કરવો જોઇએ, કારણ કે વિષાદ કરવો એ મહા દોષ છે. જેમ છંછેડાએલો સર્પ તેને રમાડનાર બાળકનો નાશ કરે છે તેમજ વિષાદ પણ પુરુષનો સંહાર કરે છે.[૯] પરાક્રમ કરવા તૈયાર થએલો પુરૂષ જો વિષાદ કરે તો તે તેજહીન થઇ જાય અને તેથી તેના પુરુષાર્થની સિદ્ધિ થાય નહિ.[૧૦]

અંગદે વાનરોની સાથે તે રાત્રિ ત્યાંજ વિતાવી. પછી વૃદ્ધ વાનરોની સાથે મળીને ફરીથી સમુદ્રનું ઉલ્લંઘન કરવા સંબંધે વિચાર કરવા માંડયો.[૧૧] એ સમયે ઇંદ્રને વિંટીને બેઠેલી દેવસેનાની પેઠે અંગદને વિંટીને બેઠેલી વાનર સેના શોભતી હતી.[૧૨] અહો! વાલિપુત્ર અંગદ કે મારુતસુત હનુમાન સિવાય બીજું કોણ એ વાનર સેનાને સ્થિર કરવાને શક્તિમાન થાય એમ હતું?[૧૩] પછી વૃદ્ધ વાનરો તેમજ અન્ય કપિઓનો સત્કાર કરીને શત્રુઓનો નાશ કરનાર અંગદે અર્થયુક્ત વચનો કહેવા માંડયાં કે,[૧૪] "હવે કયો મહા તેજસ્વી વાનર આ સાગરને ઓળંગી જશે અને અરિંદમ સુગ્રીવને સત્ય પ્રતિજ્ઞાવાળો કરશે?[૧૫] કયો મહા શુરવીર વાનર સો યોજન પહોળા સમુદ્રને ઓળંગી જશે અને આ સર્વ યુથપાલકોને મોટા ભયમાંથી મુક્ત કરશે?[૧૬] કોના પ્રસાદથી આપણે કાર્યની સિદ્ધિ કરીને ઘેર જઇશું અને સુખવાળા થઇ આપણાં સ્રી પુત્રાદિકને મળીશું?[૧૭] વળી કોના પ્રસાદથી હર્ષ પામેલા આપણે સર્વે મહા બળવાન રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને વનવાસી વાનરોની પાસે જઇ શકશું?[૧૮] તમારામાંથી જો કોઇ વાનર આ સમુદ્ર ઉલ્લંઘવા સમર્થ હોય તો તે ઉતાવળથી સર્વ કપિઓને અભય કરવારૂપ પવિત્ર દક્ષિણા આપો."[૧૯]

અંગદનાં આ વાકયો સાંભળીને કોઇ વાનર કાંઇ પણ બોલ્યો નહિ. આખું વાનરદળ સ્તબ્ધ થઇ ગયું હોય તેમ મૌન રહ્યું.[૨૦] ત્યારે કપિશ્રેષ્ઠ અંગદે ફરીથી કહ્યું કે, "તમે સર્વે દૃઢ પરાક્રમ કરનાર છો, બલવાનોમાં શ્રેષ્ઠ છો અને કલંક રહિત વંશમાં ઉત્પન્ન થએલા છો, તેથી સર્વદા લોકમાં પૂજાઓ છો.[૨૧] સમુદ્ર ઉલંઘન કરવામાં તમને કયારેય કોઈનો પણ પ્રતિબંધ થઈ શકે તેમ નથી, માટે હે વાનરશ્રેષ્ઠો! કૂદવામાં જેનો જેટલી શક્તિ હોય તે મને જણાવો.[૨૨]

नहि वो गमने संगः कदाचित्कस्यचिन्न्नवेत् ।
ब्रुवध्वं यस्य या शक्तिः प्लवने प्लवगर्षभाः १२

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના ઉત્તરકાંડમાં ચોસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૪

सर्ग ६५ मो.

કપિઓએ કરેલું સ્વબળ વર્ણન.

अथाङ्गदवचः श्रुत्वा ते सर्वे वानरर्षभाः ।
स्वं स्वं गतौ समुत्साहमूचुस्तत्र यथाक्रमम् ॥१॥

ગજ, ગવાક્ષ, ગવય, શરભ, ગંધમાદન, મૈન્દ, દ્વિવિદ, અને જાંબવાન આદિ સર્વ કાપશ્રેષ્ઠો અંગદનાં વચનો સાંભળીને ઉત્સાહ સહિત પોતપોતાની ગતિનો શક્તિનું એક પછી એક વર્ણન કરવા લાગ્યા.[૧,૨] ગજે કહ્યું કે, "હું એક ફલંગે દશ યોજન કૂદી શકું તેમ છું." ગવાક્ષે કહ્યું કે "હું એક ફલંગે વીશ યોજન કૂદી શકું તેમ છું."[૩] શરભે કહ્યું કે "હું એક ફલંગે ત્રીશ યોજન કૂદી શકું તેમ છું."ઋષભે કહ્યું કે "હું એક ફલંગે ચાલીશ યોજન કૂદી શકીશ, એમાં સંશય નથી."[૪,૫] મહા તેજસ્વી ગંધમાદને

કહ્યું કે " હું એક ફલંગે પચાશ યોજન કૂદી શકીશ, એમાં સંશય નથી."૬ મૈન્દે કહ્યું કે, હું એક ફલંગે સાઠ યોજન કૂદી જવા શક્તિમાન છું."૭ મહાતેજસ્વી દ્વિવિદે કહ્યું કે " હું એક ફલંગે સીત્તેર યોજન જઈ શકીશ, એમાં જરાય સંદેહ નથી"૮ મહા બળવાન અને તેજસ્વી કપિવર સુષેણે કહ્યું કે " મારામાં એક ફલંગે એંશી યોજન કૂદવાનું પરાક્રમ છે, એમ હું જાણું છું."૯ અંતે પૂર્વે કહી ગએલા સર્વે વાનરોનું સન્માન કરીને વૃદ્ધ જાંબવાને કહ્યું કે, અમારામાં પણ કાંઇક ગતિ કરવાનું પરાક્રમ હતું, પણ હમણાં તો અમે છેક વૃદ્ધ થઇ ગયા છીએ.૧૧ છતાં પણ સીતાજીની શોધ કરવાના હેતુને માટે કપિરાજ સુગ્રીવે તેમજ શ્રીરામચંદ્રજીએ નિશ્ચય કરેલો છે, તો એ કાર્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.૧૨ હવે હું વૃદ્ધ થયેલો છું, છતાં પણ એક ફલંગે નેવું યોજન દૂર સુધી હું જઈ શકીશ, એમાં સંશય નથી.૧૩ વળી હે કપિ-શ્રેષ્ઠો ! મારૂં ગતિનું પરાક્રમ પૂર્વે આટલુંજ હતું એમ નથી, પૂર્વે મેં બલિયજ્ઞ સમયે ત્રણ ડગલાં જમીન ભરવા માટે ત્રિવિક્રમરૂપે ઉત્પન્ન થએલા સર્વવ્યાપી સનાતન વિષ્ણુ ભગવાનના વિરાટ સ્વરૂપની પ્રદક્ષિણા કરી હતી.૧૪,૧૫ હવે હું વૃદ્ધ થએલો છું, તેથી કૂદવામાં મારૂં પરાક્રમ મંદ થયું છે, પણ યુવાવસ્થામાં મારૂં બલ અતિશય અપ્રતિમ હતું.૧૬ છતાં હવે હું નેવું યોજન કૂદી શકું તેમ છું, પરંતુ એટલાથી કાર્ય સિદ્ધિ થાય તેમ નથી. "૧૭

પછી મહાપ્રાજ્ઞ અંગદ મહાકપિ જાંબવાનનું સન્માન કરીને ઉદાર અર્થવાળાં વચનો બોલ્યો કે,૧૮ " નિઃશંક હું એકજ છલંગે સો યોજન કૂદી જઈશ, પરંતુ ત્યાંથી પાછા આવવાની શક્તિ મારામાં રહેશે કે નહિ એનો મને નિશ્ચય થતો નથી. "૧૯ ત્યારે વાક્ય વિશારદ જાંબવાને કપિશ્રેષ્ઠ અંગદને કહ્યું કે, " હે કપિવર ! તમારી ગતિની શક્તિને હું જાણું છું.૨૦ એટલુંજ અંતર નહિ પણ સેંકડો યોજન દૂર જવાની અને પાછા આવવાની તમારામાં શક્તિ છે, પણ તમે આ સેનાના ઉપરી છો તેથી એમ કરવું યોગ્ય નથી.૨૧ હે તાત ! હે કપિશ્રેષ્ઠ ! આજ્ઞાપાલકોથી પોતાના સ્વામીને કૂદી જવાની આજ્ઞા આપી શકાય નહિ. તમે તો અમો સર્વેને આજ્ઞા આપવા યોગ્ય છો.૨૨ સ્વામીભાવમાં તમે અમારી સ્ત્રીની માફક રક્ષ્ય છો, તેમજ સૈન્યના સ્વામી હોવાથી સ્ત્રીરૂપ અમને આજ્ઞા આપવા યોગ્ય છો. હે પરંતપ ! એ લૌકિક વિધિ છે.૨૩ હે અરિંદમ ! તમે આ સીતાની શોધ કરવાના કાર્યના મૂળરૂપ છો, તેથી હે તાત ! તમારૂં સર્વદા સ્ત્રીની માફક રક્ષણ કરવું જોઇએ.૨૪ કાર્યના મૂળનું રક્ષણ કરવું જોઈએ, એ કાર્યને જાણનાર પુરુષોની નીતિ છે. કારણકે જો મૂળ આબાદ હોય તો ગુણો અને ફળોની સિદ્ધિ થાય છે.૨૫ હે સત્ય વિક્રમ ! હે પરંતપ ! બુદ્ધિ અને પરાક્રમ સંપન્ન તમેજ આ કાર્યની સિદ્ધિ થવામાં હેતુરૂપ છો.૨૬ હે કપિશ્રેષ્ઠ ! તમે અમારા ગુરુ છો, ગુરુપુત્ર છો; તમારો આશ્રય કરવા-થીજ કાર્યની સિદ્ધિ કરવામાં અમે સમર્થ થઇશું."૨૭

મહાપ્રાજ્ઞ જામ્બવાનનાં વચનો સાંભળીને વાલિપુત્ર અંગદે કહ્યું કે,૨૮ " જો હું ન જાઉં તેમજ બીજો કોઈ વાનરપુંગવ પણ ન જાય તો પછી આપણે સર્વેએ પ્રાણનો ત્યાગ કરવો જોઇએ.૨૯ કારણકે બુદ્ધિમાન સુગ્રીવની આજ્ઞા પ્રમાણે નહિ થાય તો કિષ્કિં-ધામાં પાછા જવાથી પણ આપણા પ્રાણનું રક્ષણ થવાનું નથી.૩૦ સુગ્રીવ કૃપા કરવામાં તેમજ કોપ કરવામાં આપણા ઈશ્વર છે; તો એમની આજ્ઞાનું પરિપાલન કર્યા સિવાય ત્યાં જવાથી આપણો વિનાશજ થાય.૩૧ માટે આ સમુદ્ર ઉલ્લંઘન કરવાનું કાર્ય સિદ્ધ થાય તેમ કરો, કારણકે તમેજ સર્વ અર્થનો સારી રીતે વિચાર કરવાને યોગ્ય છો.૩૨

અંગદનાં વચનો સાંભળીને કપિશ્રેષ્ઠ જાંબવાને કહ્યું કે, " હે વીર ! આ કાર્યની સિદ્ધિમાં કાંઇ પણ ખામી નહિ રહે. જે આ કાર્ય સિદ્ધ કરશે તેનેજ હું હમણાં પ્રેરણા કરૂં છું. "૩૩-૩૪ પછી વાનરોમાં

શ્રેષ્ઠ જાંબવાને એકાન્તનો આશ્રય કરીને સુખમાં બેઠેલા, પ્રખ્યાત, કુદનારાઓમાં સૌથી શ્રેષ્ઠ મહાવીર હનુમાનને પ્રેરણા કરી.૩૫

ततः प्रतीतं प्लवतां वरिष्ठमेकान्तमाश्रित्य सुखोपविष्टम् । संचोदयामास हरिप्रवीरो हरिप्रवीरं हनुमन्तमेव ॥३६॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડનો પાંસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૫

सर्ग ६६ मो.

હનુમાન જન્મકથા–સાગર ઓળંગવા માટે જામ્બવાને તેને કરેલું પ્રબોધન.

अनेकशतसाहस्रीं विषण्णां हरिवाहिनीम् ।
जाम्बवान्समुदीक्ष्यैवं हनुमन्तमथाब्रवीत् ॥१॥

અનેક શત સહસ્ર વાનર સેનાને શોકાકુળ જોઈને જાંબવાને હનુમાનને કહ્યું કે,૧ “ હે સર્વ વાનરોમાં વીર ! હે સર્વ શાસ્ત્રવિદાંવર ! હે હનુમન્ ! તું એકાન્તનો આશ્રય કરીને કેમ મુંગો રહેલો છે ? આ વિષે તું કેમ બોલતો નથી ?૨ હે હનુમન્ ! તું બળમાં અને તેજમાં વાનરરાજ સુગ્રીવ, મહાત્મા રામ અને લક્ષ્મણ જેવોજ છે.૩ કશ્યપવંશોત્પન્ન અરિષ્ટનેમિના મહા બળવાન અને સર્વ પક્ષીઓમાં ઉત્તમ વિનતાના પુત્ર ગરુડ જેવોજ તું પ્રખ્યાત છે.૪ હે મહાબલ ! મેં ઘણીવાર એ મહાબલ અને મહાબાહુ પક્ષીરાજ ગરૂડને સમુદ્રમાંથી મોટા સર્પોને પકડતો જોયો છે.૫ તેની બંને પાંખોમાં જેટલું બળ છે તેટલુંજ તારી બંને ભુજાઓમાં છે, તેમજ તારૂં પરાક્રમ અને તેજ પણ કાંઇ તેનાથી ઓછું નથી.૬ હે કપિશ્રેષ્ઠ ! બળ, બુદ્ધિ, તેજ અને સત્વે કરી તું સર્વે પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે, છતાં તું સમુદ્ર ઉલ્લંઘન કરવા કેમ સજ્જ થતો નથી ?૭

હે તાત ! અપ્સરાઓમાં શ્રેષ્ઠ પુંજિકસ્થલા નામની એક વિખ્યાત અપ્સરા હતી. કોઈ ઋષિના શાપને લીધે તેણે મહાત્મા કુંજર કપિને ત્યાં કામરૂપ ધારણ કરનારી વાનરીરૂપે જન્મ લીધો હતો. તેનું અંજના એવું નામ હતું. તે અંજના પૃથ્વી ઉપર અને ત્રણે લોકમાં રૂપમાં અપ્રતિમ હતી અને કેસરી વાનર સાથે તેનું લગ્ન થયું હતું. એક વખત રૂપ, યૌવનયુક્ત તે અંજનાએ મનુષ્યદેહ ધારણ કર્યો હતો.૮,૧૦ એ સમયે તેણે વિચિત્રમાળા, આભરણ અને ક્ષૌમ વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને વર્ષા ઋતુના વાદળા સરખા પર્વતના શિખર ઉપર તે વિચરતી હતી.૧૧ પર્વતની ટોચ ઉપર બેઠેલી વિશાળ નેત્રવાળી તે અંજનાએ લાલકોરવાળું પીળું, સુંદર ક્ષૌમ વસ્ત્ર પહેર્યું હતું. તેને મારુતે [પવને] ધીમે ધીમે દૂર ઉડાડી મૂકયું.૧૨ પવનદેવે તેના ગોળ અને પરસ્પર મળેલાં બંને સાથળો તથા મૂળ આગળથી એક બીજાને અઠકેલાં બે સ્તનો અને તેનું સુશોભિત મનોહર મુખ જોયું.૧૩ વિશાળ શ્રોણીવાળી, સર્વાંગસુંદર અને યશસ્વિની તે અંજનાને જોઇને પવનદેવ કામથી મોહિત થઇ ગયો.૧૪ અંગે અંગમાં કામ વ્યાપવાથી પોતાના આત્માને ભૂલી ગએલો અને મોહિત થયેલો પવનદેવ પોતાની લાંબી ભૂજાઓથી તે અનિંદિત અંજનાને ભેટી પડયો.૧૫ એકાએક પુરૂષ સ્પર્શ થવાથી ભડકેલી સુવ્રતા અંજનાએ કહ્યું કે, “ મારા એક પતિવ્રતનો નાશ કરવાનું કોણ ઇચ્છે છે ? ”૧૬ અંજનાનો આ પ્રશ્ન સાંભળીને મારુતે ઉત્તર આપ્યો કે, “ હે સુશ્રોણી ! તું તારા મનમાં જરાપણ ભય પામ નહિ, હું તારા એકપતિવ્રતનો નાશ નહિ કરૂં.૧૭ હે યશસ્વિનિ ! હું તને ભેટીને મનથીજ તારી ઉપર પ્રીતિવાળો થયો છું. એથી વ્રત ભંગ નહિ થતાં તને એક વીર્યવાન અને બુદ્ધિ સંપન્ન પુત્ર થશે.૧૮ તે મારા જેવોજ, મહાસત્વ, મહાતેજસ્વી, મહા બલવાન અને પરાક્રમી થશે. તેમજ ઉડવામાં અને કૂદવામાં પણ મારા જેવોજ થશે. ”૧૯

હે મહાકપિ ! આ વરદાનો સાંભળીને તારી જનની સંતોષ પામો અને હે મહાબાહુ ! હે વાનરોત્તમ ! પછી ગુફામાં જઇ તને જન્મ આપ્યા.[૨૦] એ સમયે તે મહા વનમાં ઉગતા સૂર્યને 'આ કંઇક તેજસ્વી ફળ છે' એમ ધારીને પકડવાની ઇચ્છાથી તું બાળક હોવા છતાં આકાશમાં ઉડયો.[૨૧] હે મહાકપિ ! તું ત્રણ સો યોજન ગયો ત્યારે સૂર્યના તેજથી અંજાયો ખરો, છતાં જરા પણ ખેદ પામ્યો નહિ.[૨૨] હે મહાકપિ ! જ્યારે તું એ પ્રમાણે અંતરિક્ષમાં શીઘ્ર ગતિથી ચાલ્યો જતો હતો ત્યારે તેજસ્વી ઇંદ્રે કોપ કરીને તારા ઉપર વજ્ર ફેંકયું,[૨૩] તેથી તારૂં ડાબુ હનુ (જડબું) તુટી ગયું અને એક પર્વતના શિખર ઉપર પડયું. તેને લીધે તું હનુમાન નામથી પ્રખ્યાત થયો.[૨૪] સુગંધ વહન કરનાર પવન દેવ તને ઘાએલ થએલો જોઇને અતિશય ક્રોધે ભરાયો, અને એણે ત્રણે લોકમાં વાવાનું બંધ કર્યું.[૨૫] ત્યારે ત્રણે લોક ખળભળી ઉઠયા અને સર્વે દેવો ગભરાઇ ગયા. તેથી ઇંદ્રાદિ ભુવનેશ્વરો ક્રોધ પામેલા પવનદેવની સ્તુતિ કરવા લાગ્યા.[૨૬] પછી હે તાત ! હે સત્ય વિક્રમ ! પવનદેવને પ્રસન્ન કરવા માટે બ્રહ્માજીએ વરદાન આપ્યું કે, " આ તારો પુત્ર યુદ્ધમાં કોઇપણ શસ્ત્રથી કે અસ્ત્રથી અવધ્ય થશે. "[૨૭] પછી વજ્રનો ઘા મારવા છતાં તને કાંઇપણ પીડા થએલી નહિ જોવાથી પ્રસન્ન ચિત્તવાળા ઇંદ્રે તને ઉત્તમ વરદાન આપ્યું કે,[૨૮] " હે તાત ! તું જ્યારે ઇચ્છા કરીશ ત્યારેજ તારૂં મૃત્યુ થશે. " એ પ્રમાણે ભયંકર પરાક્રમ કરનારો તું કેસરી વાનરનો ક્ષેત્રજ પુત્ર છે.[૨૯] અને પવનદેવનો ઔરસ પુત્ર છે; તેથી તું તેજમાં એમની સમાનજ છે, એટલુંજ નહિ પણ હે વત્સ ! તું વાયુપુત્ર હોવાથી કૂદવામાં પણ તેમના જેવોજ છે.[૩૦] હે વત્સ ! અમે તો આજે ગતઃપ્રાણ સરખા છીએ અને અત્યારે ચતુરાઇ તથા પરાક્રમ સંપન્ન એવો તું અમારા બધામાં જાણે બીજા કપિરાજ સુગ્રીવ જેવો છે.[૩૧] હે તાત ! વામનજીએ ત્રણ પગલાં ભરી આખું બ્રહ્માંડ માપી લીધું ત્યારે મેં પર્વત, વન અને જંગલો સહિત આખી પૃથ્વીની એકવીશવાર પ્રદક્ષિણા કરી હતી,[૩૨] તેમજ દેવોની આજ્ઞાથી ક્ષીર સાગરનું મંથન કરીને અમૃત કાઢવા સારૂ જે જે ઔષધિઓ જોઇએ તે સર્વે મેં એકઠી કરી હતી. તે સમયે મારામાં પુષ્કળ બળ હતું.[૩૩] હવે હું વૃદ્ધ થએલો હોવાથી હીન પરાક્રમી થએલો છું, માટે અત્યારે તો અમારા બધામાં તુંજ સર્વગુણસંપન્ન છે.[૩૪] તુંજ કૂદનારાઓમાં સૌથી ઉત્તમ છે, તેમજ તુંજ સૌથી વધારે પરાક્રમ કરી શકે તેમ છે. માટે ઉઠ, આ સર્વ વાનર સેના તારૂં પરાક્રમ જોવાની ઇચ્છા કરે છે.[૩૫] હે કપિશાર્દૂલ ! ઉઠ અને આ મહાસાગરને કૂદી જા. હે હનુમાન્ ! તારી સૌથી શ્રેષ્ઠ ગતિ સર્વ પ્રાણી માત્રનું કલ્યાણ કરનારી થાઓ.[૩૬] હે હનુમાન્ ! પોતાના મનોરથની અસિદ્ધિને લીધે શોકાકુલ થએલા આ સર્વે વાનરોની તું કેમ ઉપેક્ષા કરે છે ? હે મહાવેગ ! જેમ વિષ્ણુએ ત્રણ પગલાં ભરીને મહા પરાક્રમ કર્યું હતું તેમ તું સમુદ્ર ઉલ્લંઘન કરી મહા પરાક્રમ કર."[૩૭]

આ રીતે વૃદ્ધ જાંબવાને પ્રેરેલા અને પોતાના વેગની પ્રતીતિ પામેલા, મહાકપિ પવન કુમારે વાનર સેનાને હર્ષ પમાડવા પોતાનું સ્વરૂપ વિશાળ કરવા માંડયું.[૩૮]

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં છાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૬

सर्ग ६७ मो.

હનુમાને ધારણ કરેલું બૃહતરૂપ-સાગર ઓળંગવા માટે મહેંદ્રાચળપર આરોહણ.

तं दृष्ट्वा जृम्भमाणं ते क्रमितुं शतयोजनम् ।
वेगेनापूर्यमाणं च सहसा वानरोत्तमम् ॥१॥

સો યોજન સમુદ્રનું ઉલ્લંઘન કરવાને માટે દેહને વૃદ્ધિ પમાડતા વાનરોત્તમ હનુમાનજીને સહસા વેગથી પરિપૂર્ણ જોઇને સર્વ વાનરો શોકનો ત્યાગ કરી હર્ષયુક્ત થઇ

મોટા નાદો કરવા લાગ્યા અને મહાબળી હનુમાનજીની સ્તુતિ કરવા લાગ્યા.[૧,૨] ત્રિવિક્રમ સ્વરૂપ ધારણ કરનારા નારાયણને જોઇને જેમ પ્રજા ઉત્સાહમાં આવી જઈ ચારે તરફ જોતી હતી તેમ મહા બળવાન હનુમાનને જોઇને આનંદમાં આવી ગયેલા સર્વે વાનરો વિસ્મય થઇને ચારે તરફ જોયા કરતા હતા.[૩] જેમ જેમ એ વાનરો મહાબળી હનુમાનની સ્તુતિ કરતા ગયા તેમ તેમ તે પોતાનું સ્વરૂપ વધારતો ગયો અને હર્ષથી પુંછડાને પૃથ્વી ઉપર પછાડીને નવું બળ મેળવવા લાગ્યો.[૪] વૃદ્ધ વાનરશ્રેષ્ઠોથી સ્તુતિ કરાતા કપિવર હનુમાનનું સ્વરૂપ તેજથી પરિપૂર્ણ અને સર્વોત્તમ થયું.[૫] ત્યારે વિશાળ ગુફામાં જેમ સિંહ ત્રાડે તેમ મારુતનો ઔરસપુત્ર હનુમાનજી ત્રાડો મારવા લાગ્યો.[૬] તે બુદ્ધિમાનનું ત્રાડો મારતું અને ધુમાડા વિનાના અગ્નિ તેમજ સૂર્ય સરખું તેજસ્વી મુખ શોભવા લાગ્યું.[૭] પછી હર્ષથી રોમાંચિત થએલો હનુમાન વૃદ્ધ વાનરોને નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે,[૮]

" પર્વતોનાં શિખરોને તોડી પાડનાર, અપ્રમેય બળવાન, આકાશમાં ગતિ કરનાર, અગ્નિ મિત્ર વાયુદેવ છે;[૯] એ શીઘ્ર ગતિ કરનાર મહાત્મા મારુતનો હું ઔરસપુત્ર છું; તેથી ગતિ-શક્તિમાં હું તેના જેવોજ છું,[૧૦] હું જરાપણ વિસામો ખાધા સિવાય એકી સાથે વિસ્તીર્ણ આકાશમાં ફેલાઇ રહેલા મેરુ પર્વતની હજારો પ્રદક્ષિણા કરવા સમર્થ છું.[૧૧] મારા બાહુબળવડે ખળભળાવેલા સાગરમાં પર્વત, નદી અને પાણીના કુંડો સહિત સર્વ લોકને બોળી દેવા હું સમર્થ છું[૧૨] સમુદ્ર ઉલ્લંઘન સમયે મારી જાંઘના વેગથી આ સમુદ્ર ઉછળશે અને તેથી તેમાંના ગ્રાહો પાણી ઉપર આવી જશે.[૧૩] સર્પનું ભક્ષણ કરનાર અને આકાશમાં ઉડનાર પક્ષીરાજ ગરુડ જેટલી ગતિથી ઉડી શકે છે તેના કરતાં હજારગણી વધારે ગતિથી હું ઉડી શકું તેમ છું.[૧૪] ઉદયાચળ ઉપરથી સૂર્યની સાથેજ પ્રયાણ શરૂ કરી તેના પહેલાં અસ્તાચળ ઉપર જઇ પાછો એ સૂર્ય અસ્ત પામ્યો ન હોય પણ પ્રજ્વલિત હોય ત્યારે તેને સામો મળવા હું શક્તિમાન છું;[૧૫] એટલુંજ નહિ પણ હે વાનરો ! ત્યાંથી પાછો પૃથ્વી ઉપર આવી જરાપણ વિસામો લીધા સિવાય મહાન અને ભયંકર વેગથી પાછો સૂર્ય પાસે જઈ શકવા હું સમર્થ છું.[૧૬] આકાશમાં આવેલા સર્વે ગ્રહો અને નક્ષત્રોને પણ ઓળંગી જવા હું સમર્થ છું. અહીંથી ઉડેલો હું સર્વ સાગરોને શોષીશ, પૃથ્વીને ચીરી નાખીશ, પર્વતોનો ચુરો કરી નાંખીશ, તેમજ મારી ઉરૂના મહાવેગથી મહાસાગરને સુકવી નાખીશ.[૧૭,૧૮] જ્યારે હું આકાશ માર્ગે ઉડીશ ત્યારે વૃક્ષોનાં વિવિધ પુષ્પો મારી પાછળ ઉડશે;[૧૯] તેમજ જ્યારે હું ઘોર આકાશમાં ઉડતો હઇશ ત્યારે મારો માર્ગ ઉડતાં પુષ્પોને લીધે તારાથી પ્રકાશિત આકાશ જેવો થશે.[૨૦] હે વાનરો ! તે સમયે મને સર્વે પ્રાણીઓ બરાબર જોશે અને તમે પણ મહામેરુ સરખી મહાકાય ધારણ કરનાર મને બરાબર જોજો.[૨૧] ત્યારે હું આખા આકાશને ઢાંકી જાણે અંબર આખાને ગળી જવા ઉડતો હોઉં એવું જણાશે. એક ચિત્તથી ઉડતો હું તે સમયે વાદળાંને પીંજીને ચુરેચુરા કરી નાખીશ, પર્વતોને ધ્રુજાવી મૂકીશ અને સાગરને સુકવી નાખીશ.[૨૨] ગરૂડની, મારી અને પવનદેવની ગતિ-શક્તિ પ્રાણી માત્રથી વિશેષ છે. જ્યારે હું આકાશમાં ઉડું ત્યારે સુપર્ણરાજ ગરુડજી અથવા પવનદેવ સિવાય મારી સાથે ઉડવા બીજો કોઇ પ્રાણી સમર્થ નથી.[૨૩] વાદળાંમાં ચમકતી વીજળીની માફક હું અત્રેથી કુદીશ કે તુરતજ આધાર વિનાના આકાશમાં એકાએક ગતિ કરીશ.[૨૪] સમુદ્રોલ્લંઘન કરતી વખતનું મારૂં સ્વરૂપ વામનજીએ ત્રણ ડગલાંથી બ્રહ્માંડ માપવા ધારણ કરેલા વિરાટ સ્વરૂપ જેવું થશે.[૨૫] મારા અંતઃકરણની વૃત્તિ અને મનોવ્યાપારથી મને ખાત્રી

થાય છે કે હું વૈદેહીની ખબર લાવીશ, માટે હે વાનરો ! તમે સૌ આનંદ પામો.[૨૬] હું મારુત દેવ તેમજ ગરુડના જેવી ગતિવાળો છું, તેથી દશ હજાર યોજન સુધી કૂદી શકું તેમ છું.[૨૭] હું પરાક્રમ કરીને વજ્ર ધારણ કરનાર ઈંદ્ર કે સ્વયંભૂ બ્રહ્માના હાથમાંથી એકાએક અમૃત અત્રે લઈ આવવા સમર્થ છું.[૨૮] અરે, એટલુંજ નહિ પણ આખી લંકાને મૂળમાંથી ઉખેડી લાવવા સમર્થ છું."[૨૯]

અમિત તેજસ્વી, વાનરશ્રેષ્ઠ, હનુમાનજી એમ કહીને ખૂબ ગર્જવા લાગ્યા. સ્વજ્ઞાતિ–વાનર સેનાના શોકને નાશ કરનારાં તેનાં વચનો સાંભળીને સર્વે વાનરો હર્ષ પામ્યા અને વિસ્મય પામીને તેના સામુંજ જોઈ રહ્યા.[૩૦] એ સમયે અતિશય હર્ષ પામીને મહા કપિ જાંબવાને કહ્યું કે, " હે વીર ! હે કેશરી વાનરના, ક્ષેત્રજ પુત્ર ! હે વેગવાન મારુતપુત્ર ! હે તાત ! તેં પોતાની જ્ઞાતિના મોટા શોકનો નાશ કર્યો છે, માટે અત્રે એકઠા થએલા સર્વે વાનરો તારૂં કલ્યાણ ઇચ્છે છે.[૩૧-૩૨] વળી તેઓ સર્વે તારી અર્થ સિદ્ધિ માટે સ્થિરચિત્ત થઇને મંગળ કીર્તન કરશે. ઋષિઓની કૃપાથી, વૃદ્ધ કપિઓના મતથી અને ગુરુજનની પ્રસન્નતાથી તું મહાસાગરની પાર જા. તું પાછો આવે ત્યાં સુધી અમે સર્વે એક પગે ઉભા રહીશું.[૩૩,૩૪] કારણકે અમો સર્વ વનવાસી વાનરોનું જીવન તારે આધીન છે. " ત્યારે કપિશાર્દૂલ હનુમાનજીએ એ સર્વે વાનરોને પ્રત્યુત્તર આપ્યો કે, " હે વાનરો ! ઉડવાની શરૂઆત સમયના મારા ધકકાને આ લોકમાં કોઈપણ સહન કરી શકે તેમ નથી; છતાં મને લાગે છે કે આ મહેંદ્ર પર્વતનાં શિલા સમુહવાળાં મહાન્ સ્થિર શિખરો એકસો યોજન કૂદવાનો ધક્કો સહન કરી શકશે, માટે હવે હું એ મહેંદ્ર પર્વતનાં નાનાં પ્રકારનાં ઝાડો અને ધાતુઓનાં રજકણોથી ચળકતાં મહાન શિખરો ઉપર જઇશ. " એમ કહી મારુતપુત્ર હનુમાનજી પર્વતશ્રેષ્ઠ મહેંદ્ર ઉપર ચઢયો.[૩૫,૩૯]

આ પર્વત નાનાં પ્રકારનાં પુષ્પોથી ભરપુર હતો; તૃણપૂર્ણ ભૂમિ ઉપર મૃગો ચરી રહ્યાં હતાં; વેલો અને પુષ્પોથી આખો પર્વત ઢંકાઈ ગએલો હતો; તેના ઉપર નિરંતર ખીલતાં પુષ્પો અને ફળોવાળાં વૃક્ષો હતાં.[૪૦] તેમાં સિંહ, શાર્દૂલ, અને મદોન્મત્ત હાથીઓ વિચરી રહ્યા હતાં; વન સમૃદ્ધિથી મત્તપક્ષીઓ એ પર્વતને ગજાવી મૂકતાં હતાં; અને ઝરણો ખળખળાટ વહી રહ્યાં હતાં.[૪૧] પછી કયું શિખર ઉડ્ડયનનો ધકકો ખમી શકે તેમ છે તે તપાસવા સારૂ મહેન્દ્ર સમાન પરાક્રમ કરનાર મહાબલવાન કપિશ્રેષ્ઠ હનુમાન મહેંદ્ર પર્વતના ઉંચા શિખરો ઉપર ફરવા લાગ્યો.[૪૨] એ સમયે સિંહના ત્રાસથી મદોન્મત્ત હાથી ત્રાડો પાડે તેમ એ મહાત્માના બંને બાહુના આઘાતથી તે મહાપર્વત પીડા પામવા લાગ્યો.[૪૩] અને ભય પામેલાં મૃગો અને માતંગોવાળો, વળી જેનાં મહાવૃક્ષો ધ્રુજી ઉઠયાં છે એવો, એ પર્વત પાષાણ સમુહો તુટી પડવાથી પાણીનાં ઝરણો વહેવરાવવા લાગ્યો.[૪૪] મદિરા પાનમાં અત્યંત આસક્ત ગંધર્વનાં જોડાંઓ, વિદ્યાધરો અને આકાશમાં ઉડતાં પક્ષીઓએ તેની કંદરાઓનો ત્યાગ કર્યો, તેમજ ત્યાંના સર્પોએ પણ એ મહાગિરિનો ત્યાગ કર્યો. એ સમયે તેના શિખરોની શિલાઓ પડવાનો ઉત્પાત થયો.[૪૬] અને રાફડામાંથી અર્ધ બહાર નીકળેલા, ફુંફાડા મારતા સર્પોએ કરીને તે ધરણીધર પતાકાયુકત હોય તેવો જણાવા લાગ્યો.[૪૭] સાથીઓથી વિખુટો પડેલો વટેમાર્ગુ જેવો ગભરાય તેવોજ આ પર્વત ભયથી ત્રાસ પામેલા ઋષિઓના ત્યાગથી ગભરાવા લાગ્યો.[૪૮] વેગમાંજ દૃઢ કરેલાં મનવાળો, શત્રુઓના વીર પુરુષોને હણનારો, વેગવાન, મહાનુભાવ, મનસ્વી અને કપિઓમાં મહાવીર હનુમાન સાવધાન ચિત્તવાળો થઇને મનથી તો તેજ વેળાએ લંકામાં પહોંચી ગયો.[૪૯]

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના કિષ્કિંધાકાંડમાં સડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૭

समाप्तमिदं किष्किंधाकाण्डम्

रामायण

५-सुन्दरकाण्ड.

ॐ

आदिकवि श्रीवाल्मीकिमुनिप्रणीत

रामायण

५-सुन्दरकाण्ड.

सर्ग १ लो.

હનુમાનનું પરાક્રમ-સમુદ્રોલ્લંઘન.

ततो रावणनीतायाः सीतायाः शत्रुकर्षणः ।
इयेष पदमन्वेष्टुं चारणाचरिते पथि ॥१॥

હવે શત્રુઓનો વિનાશ કરનારો વીર હનુમાન, રાવણે હરેલાં સતીશિરોમણિ સીતાની શોધ માટે ચારણોની* આવજાવવાળા આકાશ માર્ગે પ્રયાણ કરવાને તત્પર થયો.[1] કોઈની પણ સહાય વિનાનું અને મહા દુષ્કર કાર્ય કરવાને તત્પર થયેલો કપિવર હનુમાન પોતાની ગ્રીવા અને મસ્તક ઉંચાં હોવાને લીધે એ સમયે મોટા વૃષભ સરખો દેખાતો હતો.[2] વેગમાં આવેલા કેસરી-સિંહની પેઠે મૃગ, પક્ષી આદિ પ્રાણીઓને ત્રાસ ઉપજાવતો મહા બળવાન અને બુદ્ધિમાન્ વાયુસુત હનુમાન, વૈડૂર્ય-મણિ જેવા નીલવર્ણા હોવાને લીધે સમુદ્રના જળસમાન દેખાતા શ્યામ હરિયાળીવાળા પ્રદેશોમાં સુખપૂર્વક વિચરવા લાગ્યો અને પોતાના વક્ષઃ-સ્થળના વેગ વડે વૃક્ષોને પાડી નાખવા લાગ્યો.[3-4-5] અત્યંત રમણીય એવો મહેંદ્રપર્વત કે જે શ્યામ, રક્ત, મજીઠીયા, ગુલાબી, શ્વેત, કૃષ્ણ તથા સ્વાભાવિક રીતેજ સ્વચ્છ દેખાતી અનેક પ્રકારની ધાતુઓથી સુશોભિત હતો અને જેમાં ઇચ્છિતરૂપ ધરનારા તથા દેવ સમાન સ્વરૂપવાળા યક્ષ, ગંધર્વ,

* દેવજાતિ વિશેષ.

કિન્નર અને નાગ લોકો પોત પોતાના પરિવાર સહિત વારંવાર ક્રીડા કરવા સારૂ આવતા હતા. તે પર્વતની, શ્રેષ્ઠ હસ્તીઓથી શોભી રહેલી તળેટીને વિશે ઉભેલો કપિવર હનુમાન પાણીના મોટા હ્રદમાં ઉભેલા એકાદ હસ્તીની પેઠે શોભતો હતો.[૫-૭] પછી મહાવીર હનુમાને સૂર્ય, ઇંદ્ર, સ્વયંભુ પરમાત્મા તથા સર્વ ભૂત–પ્રાણીઓને પ્રણામ કરીને, તેમજ પૂર્વાભિમુખે ઉભા રહી પોતાના પિતા વાયુદેવને પણ પ્રણામ કરીને દક્ષિણ દિશા તરફ ઉડવાની ઈચ્છાથી પોતાના શરીરને વધારવા માંડયું.૮-૯ પર્વણીના દિવસે જેમ સમુદ્ર વૃદ્ધિ પામે તેમ રામચંદ્રના કાર્યની સિદ્ધિ માટે સર્વ કપિવરોની સમક્ષ ઉડવાનો નિશ્ચય કરીને મહાબળવાન્ હનુમાને વધવા માંડયું.[૧૦] સમુદ્ર ઉલ્લંઘવાની ઈચ્છાથી અતિશય વધારેલા મોટા દેહવાળો વાયુસુત હનુમાન પોતાની બન્ને ભુજાઓ તથા ચરણોવડે મહેંદ્ર પર્વતને પીડિત કરવા લાગ્યો–કૂદવા લાગ્યો.[૧૧] એ સમયે તે પર્વત એક મુહૂર્તભર કંપાયમાન થઈ રહ્યો અને તેની ઉપર જે વૃક્ષો પુષ્પવાળાં હતાં તે પરથી સર્વ પુષ્પો ખરી પડયાં.[૧૨] સુગંધિત પુષ્પોના સમૂહથી છવાયેલો એ મહેંદ્ર પર્વત જાણે કેવળ પુષ્પમયજ હોયની, એવો શોભવા લાગ્યો.[૧૩] વળી જેમ મદમત્ત હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે છે, તેમ કપિવર હનુમાનના ઉત્તમ બળવડે પીડિત થયેલા એ પર્વતમાંથી જળ ઝરવા માંડયું.[૧૪] મહાબળવાન્ હનુમાને પીડિત કરેલા એ પર્વતમાંથી સુવર્ણસમાન પીતવર્ણા, કાજળ સમાન શ્યામવર્ણા તથા રૂપા જેવા શ્વેતવર્ણા ઝરણાં નીકળવા લાગ્યાં.[૧૫] એ સમયે એ મહેંદ્ર પર્વત જેમ મધ્યમા નામની જ્વાળાવાળો અગ્નિ પોતાના ધુમાડાના ગોટેગોટ ચારે બાજુ ફેલાવે, તેમ મનઃશિલવાળી પોતાની મોટી મોટી શિલાઓને ચારે બાજુ ફેંકવા લાગ્યો; અર્થાત્ મનઃશિલવાળી શિલાઓ એ પર્વતપરથી વિખરાઈ પડવા લાગી.[૧૬] કપિવર હનુમાનના બળથી પીડિત થયેલા એ પર્વતની ગુફાઓમાં વસનારાં સર્વ પ્રાણીઓ પણ પીડિત થઇને આર્તશબ્દ કરવા લાગ્યાં.[૧૭] એ વેળા તે પર્વતમાં વસતાં સર્વ પ્રાણીઓના એકી સામટા આર્તનાદથી સઘળી દિશાઓ, વનો તથા ઉપવનો ગાજી ઉઠયાં અને આખી પૃથ્વી ખળભળી ગઇ.[૧૮] વળી સ્વસ્તિક સરખી રેખાઓવાળી પોતાની વિશાળ ફણાઓમાંથી ભયંકર અગ્નિનું વમન કરતા ઝેરી નાગો ક્રોધને લીધે શિલાઓ પર દંશ કરવા લાગ્યા.[૧૯] કુપિત થયેલા મોટા વિષધર સર્પોના દંશ થવાથી એ પર્વતની શિલાઓ ભડભડાટ સળગી ઉઠી અને તેના હજારો કટકા થઈ જવા લાગ્યા.[૨૦] એ મહેંદ્ર પર્વતમાં સર્પાદિ ઝેરી પ્રાણીઓના વિષનું શમન કરનારી અનેક ઔષધીઓ હતી, તોપણ એ વેળાએ તેઓ અસંખ્યાત સર્પોના અતિશય વિષને શમાવી શકી નહિ.[૨૧]

આ પ્રમાણે આખો મહેંદ્ર પર્વત જ્યારે ખળભળી ઉઠયો ત્યારે "બ્રહ્મરાક્ષસાદિ ભૂતો આ પર્વતને ભાંગી–ચીરી નાખે છે" એવું માનીને ત્યાં વસતા તપસ્વીઓ નાસાનાસ કરી રહ્યા અને ક્રીડા કરવા સારૂ આવેલા વિદ્યાધરોએ પોતાની સ્ત્રીઓ સહિત આકાશ પ્રત્યે ગમન કર્યું.[૨૨] વળી કંઠમાં રક્તકમળોની માળાને ધારણ કરનારા, રક્તચંદનવડે ચર્ચેલા અને રક્તકમળ સમાન નેત્રવાળા કેટલાએક મદ્યપાન કરનારા વિદ્યાધરો પાનભૂમિમાં ગોઠવેલાં સુવર્ણનાં આસનો, પાત્રો, કળશો, અનેક પ્રકારના ભક્ષ્ય પદાર્થો, ચાટણો, વિવિધ જાતનાં માંસો, ઋષભના ચર્મથી મઢેલી ઢાલો, સુવર્ણની મુઠવાળી તલવારો ઈત્યાદિ ચીજોમાંથી કાંઈ પણ ન લેતાં આકાશમાં ચઢી ગયા.[૨૩-૨૫] એ જોઈ વિસ્મિત થયેલી અને ચંદ્રહાર, ઝાંઝર, બાજુબંધ તથા કંકણ વગેરે અલંકારોને ધારણ કરનારી તેઓની સ્ત્રીઓ પણ તુરતજ આકાશમાં ઉડી ગઈ અને પોતપોતાના સ્વામી પાસે જઈ ઉભી રહી.[૨૬] એ

વેળા અંતરિક્ષમાં વિચરનારા તપસ્વીઓની વાણી તે વિદ્યાધરોના સાંભળવામાં આવી કે; "અહો! પર્વત સરખા પ્રૌઢ દેહવાળો અને મોટા વેગવાળો આ પવનસુત હનુમાન દશરથનંદન રામચંદ્રને અર્થે તથા વાનરોને અર્થે, દુઃખે કરીને પણ ન ઉલ્લંઘી શકાય એવા સમુદ્રને ઉલ્લંઘી સામે પાર જવારૂપ દુષ્કર કર્મ કરવા તત્પર થયો છે."૨૭-૨૮

ગગનગામી તપસ્વીઓની આ વાણી સાંભળી વિદ્યાધરોએ સ્વસ્થ ચિત્તે નિહાળી જોયું તો મહેંદ્ર પર્વતના શિખરપર ઉભેલો અમાપ બળવાળો કપિવર હનુમાન તેઓની દૃષ્ટિએ પડયો.૨૯ એ સમયે અગ્નિ સરખી કાંતિવાળો હનુમાન પોતાનાં રોમને કંપાવતો અને મેઘની પેઠે ગર્જના કરતો હતો.૩૦ તેમજ ગરૂડ જેમ સર્પને હલાવે તેમ ચઢાવ-ઉતારના ક્રમથી વર્તુલ આકારવાળા તથા રોમથી વ્યાપ્ત એવા પોતાના પૂછડાને હલાવતો હતો.૩૧ પછી તેણે પોતાનું પૂછડું વાંકું વાળી મસ્તકપર ચઢાવ્યું. એ સમયે તે પૂછડું ગરૂડે પકડેલા એકાદા મોટા સર્પ જેવું જણાતું હતું.૩૨ કૂદવાની તૈયારી કરતા એ કપિકુંજરે પરિઘ સરખા પોતાના બન્ને બાહુને પર્વતના શિખર પર દૃઢ રીતે ગોઠવ્યા અને પછી કમરમાંથી વાંકા વળી બન્ને ચરણોને સંકોચી લીધા.૩૩ પોતાની ગ્રીવાને તથા બાહુઓને ખભા આગળથી સંકોચીને મહાપરાક્રમી એ કપિવરે પોતાના મનમાં શૌર્ય, તેજ અને વીર્યનો જુસ્સો આણ્યો.૩૪ ત્યાર પછી કપિશ્રેષ્ઠ હનુમાને કૂદવા માટે પોતાના ચરણોને પર્વતપર દૃઢ રીતે ઠેરવ્યા અને કર્ણને સંકુચિત કર્યા. પછી સઘળા પ્રાણબળને પોતાના હૃદયપ્રદેશમાં એકત્ર કરીને પોતાનો આગળનો માર્ગ તપાસી લીધો અને આકાશસામી નજર બાંધી.૩૫-૩૬ એ પ્રમાણે કૂદવાને તૈયાર થઇ કપિવર હનુમાને અંગદાદિ સર્વ વાનરોને કહ્યું કે:—

"હે અંગદાદિ વાનરો! વાયુના સરખા વેગવાળા રઘુવીરના બાણની પેઠે હવે હું રાવણે પાલન કરેલી લંકા નગરી પ્રત્યે જઈશ. ત્યાં જો જનકતનયા સીતાનાં દર્શન નહિ થાય તો હું ત્યાંથી આવાને આવાજ વેગથી સ્વર્ગ પ્રત્યે જઇશ અને ત્યાં પ્રયત્નથી સીતાની શોધ કરીશ. એટલું કરવા છતાં પણ જો સીતા દૃષ્ટિગોચર થશે નહિ, તો હું પુનઃ લંકામાં જઇ રાક્ષસોના રાજા રાવણને બાંધીને અહીં લાવીશ; કિંવા રાવણ સહિત આખી લંકા નગરીને ઉપાડીને અહીં લાવીશ. હે વાનરો! મારાથી બનશે ત્યાંસુધી તો હું કાર્યસિદ્ધ કરીનેજ સીતા સહિત પાછો આવીશ."

એ પ્રમાણે વાનરોને કહીને મહાવેગવાળો મારૂતસુત હનુમાન બીજો કાંઈ પણ વિચાર ન કરતાં "મારામાં ગરૂડના સરખું આકાશમાં ગતિ કરવાનું સામર્થ્ય છે" એમ ધારીને મહેંદ્ર પર્વતપરથી સડસડાટ કરતો ઉડયો.૩૭-૪૨ જે વેળા હનુમાને વેગથી ઉડ્ડાણ કર્યું તે વેળા મહેંદ્ર પર્વતપરનાં વૃક્ષો તેના સપાટાના વાયુને લીધે ઉખડીને તેની સાથે ઉડવા લાગ્યાં.૪૩ મહાવીર હનુમાન પણ મદમત્ત કોકિલા વગેરે પક્ષીઓવાળાં અને ખીલેલાં પુષ્પોથી શોભી રહેલાં એ વૃક્ષોને પોતાના ઉરૂ વેગના વાયુથી ઉરાડતો ઉરાડતો આકાશ માર્ગે ગતિ કરવા લાગ્યો.૪૪ જેમ લાંબા પ્રવાસે જતા પોતાના સંબંધીને તેના સંબંધીજનો કેટલેક સુધી વળાવવાને જાય છે, તેમ હનુમાનના સપાટાથી ઉડેલાં કેટલાંક ભારે વૃક્ષો મુહૂર્તભર તેની પાછળ ગયાં અને પછી જેમ ઈંદ્રના ભયથી પર્વતો સમુદ્રમાં પડે તેમ ટપોટપ સમુદ્રમાં પડવા લાગ્યાં. હનુમાનના ઉરૂના વેગથી ઉખડી ઉડેલાં સાળ વગેરે કેટલાંએક હલકાં વૃક્ષો સૈનિકો જેમ રાજાની પાછળ જાય તેમ ઘણીવાર સુધી હનુમાનની પાછળ ઉડયાં. અનેક પુષ્પિત વૃક્ષોથી વીંટાયેલો કપિવર હનુમાન એ સમયે પર્વત સરખા અદ્ભુત આકારવાળો દેખાતો હતો.૪૫-૪૮ મેઘ સરખા

વર્ણવાળો એ કપિવર હનુમાન એ વેળાએ નાના પ્રકારનાં પુષ્પો તથા નવાંકુરોથી છવાયેલો હોવાને લીધે આગીયાઓથી છવાયેલા પર્વત જેવો શોભતો હતો.[૪૯] જેમ સ્નેહીને થોડે સુધી વળાવીને તેનાં સ્નેહીજનો આંસુ ખેરવતાં પાછાં વળે છે, તેમ હનુમાનના વેગથી ઉડેલાં વૃક્ષો થોડેક સુધી તેની પાછળ જઇને પછી પુષ્પોરૂપી અશ્રુ ખેરવતાં સમુદ્ર જળમાં પડવા લાગ્યાં.[૫૦] અત્યંત હલકાં હોવાને લીધે હનુમાનના વેગથી ઉડેલાં કેટલાંક પુષ્પો ઘણે દૂર સુધી તેની પાછળ જઇને છેવટે સમુદ્રમાં પડયાં.[૫૧] એ વેળાએ નાના પ્રકારનાં રંગબેરંગી સુગંધયુક્ત પુષ્પોથી આચ્છાદિત થયેલો હનુમાન આકાશમાં વિજળીથી શોભતા મેઘ સરખો દેખાતો હતો.[૫૨] હનુમાનના વેગથી ઉડી પડેલાં પુષ્પોવડે છવાયેલું સમુદ્રનું જળ ઉદય પામેલાં નક્ષત્રોવડે છવાયેલા આકાશ સરખું શોભતું હતું.[૫૩] આકાશમાં ઉડતી વખતે પહોળા કરેલા હનુમાનના બે હાથ પર્વત શિખરમાંથી નીકળેલા પાંચ ફણાવાળા બે સર્પ જેવા દેખાતા હતા.[૫૪] જ્યારે હનુમાન ઉંચું મુખ કરી ઉડતો હતો ત્યારે જાણે આકાશ મંડળનો ગ્રાસ કરવા તત્પર થયો હોયની, એવો જણાતો હતો; અને નીચું મુખ કરી ઉડતો હતો ત્યારે જાણે મોટાં મોટાં મોજાં વાળા સમુદ્રના જળનું પાન કરવા ઇચ્છતો હોયની, એવો ભાસતો હતો.[૫૫]

વાયુમાર્ગમાં રહી ગતિ કરનારા હનુમાનનાં વિજળી જેવાં ચમકતાં બે નેત્રો, જાણે કોઈ પર્વતને વિશે ઉત્પન્ન થયેલાં બે અગ્નિ મંડળ હોય એવી રીતે શોભતાં હતાં.[૫૬] વાનરશ્રેષ્ઠ એ વાયુસુતનાં પીળાં વર્ણવાળાં બે વિશાળ નેત્રો જાણે બીજા ચંદ્ર–સૂર્યજ હોય એવાં પ્રકાશતાં હતાં.[૫૭] શૂરવીર હનુમાનનું લાલ નાસિકાવાળું લાલમુખ સંધ્યાકાળના સૂર્યમંડળ સરખું શોભતું હતું.[૫૮] ઉડતી વેળાએ ઉંચું રાખેલું વાયુસુત હનુમાનનું પૂછડું આકાશમાં ઉદય પામેલા ઇંદ્રધ્વજ જેવું શોભતું હતું.[૫૯] વળી વાંકું વળેલું એ પૂછડું શ્વેત દાઢોવાળા બુદ્ધિમાન હનુમાનની આસપાસ ગોળાકારે રહેલું હોવાથી એ પવનસુત પરિવેષમાં* આવેલા સાક્ષાત્ સૂર્ય સરખો પ્રકાશતો હતો.[૬૦] મહાકપિ હનુમાન પોતાના કટિપશ્ચાદ્ ભાગમાં અતિશય રક્તવર્ણવાળો હોવાથી, જાણે કોઇ પર્વતમાં ગેરૂની ખાંણ ખોદેલી હોય, એવો જણાતો હતો.[૬૧] સમુદ્રોલ્લંઘન કરતા એ કપિસિંહની બગલોમાં પ્રવેશતો વાયુ મેઘના સરખી ગર્જના કરતો હતો.[૬૨] ઉત્તરમાંથી દક્ષિણ તરફ ગતિ કરતો હનુમાન એ સમયે ઉત્તરમાંથી પ્રકટેલી મોટી ઉલ્કા જેવો જણાતો હતો.[૬૩] આકાશને વિશે ગતિ કરતા સૂર્ય સમાન જણાતા દીર્ઘ દેહવાળો એ હનુમાન વસ્ત્રવડે કમર કસેલી હોવાને લીધે, સાંકળવડે બાંધેલા મદોન્મત્ત હસ્તી સરખો શોભતો હતો.[૬૪] ઉંચે ઉડતા એ કપિવરના શરીરથી તથા નીચે સમુદ્ર જળમાં પડતાં તેનાં પ્રતિબિંબથી જાણે સમુદ્રને વિશે વાયુના વેગમાં આવેલી નૈકાજ ચાલી જતી હોય, એવો તે જણાતો હતો.[૬૫] એ કપિવર સમુદ્રપર જે જે સ્થળે જતો હતો, તે તે સર્વ સ્થળો તેના મહાન વેગને લીધે જાણે ઉન્માદયુક્ત થયાં હોય, એવાં જણાતાં હતાં.[૬૬] કપિવર હનુમાન એ સમયે પોતાના પર્વત સરખા કઠિન વક્ષ:સ્થળવડે સમુદ્રમાંના મોટા મોટા તરંગોને નિવારતો મહાવેગથી ઉડયાં જતો હતો.[૬૭] હનુમાનના વેગથી ઉત્પન્ન થયેલો તથા મેઘમંડળમાંથી નીકળેલો વાયુ ભયંકર ગર્જના કરનારા સમુદ્રને અત્યંત ખળભળાવવા લાગ્યો.[૬૮] ક્ષારસમુદ્રના મોટા તરંગોનું આકર્ષણ કરતો કપિસિંહ હનુમાન જાણે આકાશ અને પૃથ્વીને ચીરી નાખતો હોય એવા પ્રબળ વેગથી ઉડતો હતો.[૬૯]

* ગોળ મંડળ; સૂર્ય–ચંદ્રની આસપાસ થતું ગોળ કુડાળું.

મેરૂ તથા મંદરાચળ સરખા સમુદ્રમાંના મોટા મોટા તરંગોને ઉલ્લંઘી ગતિ કરતો એ કપિ, જાણે તે સઘળા તરંગોની ગણના કરતો હોય, એવો જણાતો હતો.[૭૦] હનુમાનના વેગને લીધે ઉડેલું સમુદ્રનું જળ આકાશમાં મેઘમંડળની સાથે મળીને શરદ્ઋતુનાં વાદળ સરખું શોભતું હતું.[૭૧] જેવી રીતે વસ્ત્ર ખેંચી લેવાથી મનુષ્યોનાં અંગ ઉઘાડાં દેખાય છે, તેવી રીતે હનુમાનના વેગથી સમુદ્રના જળનું આકર્ષણ થવાને લીધે તેમાંના મગરો, મત્સ્યો અને મોટાં મોટાં તિમિંગળ વગેરે જળચરો ઉઘાડાં દેખાતાં હતાં.[૭૨] સમુદ્રમાં વિચરનારા સર્પો તો આકાશમાં ઉડતા હનુમાનને સાક્ષાત્ ગરૂડ સમજીને ભય પામતા હતા.[૭૩] આકાશમાર્ગે ઉડતા હનુમાનની સમુદ્ર જળપર પડતી છાયા દશ યોજન પહોળી અને ત્રીશ યોજન લાંબી જણાતી હતી.[૭૪] ક્ષારસમુદ્રમાં પડેલી અને વાયુસુત હનુમાનની પાછળ ત્વરાથી ગતિ કરતી તેની છાયા શ્વેત મેઘ પંક્તિસરખી જણાતી હતી.[૭૫] કાંઇપણ આધાર વિનાના વાયુપથમાં ગતિ કરતો, મોટી કાયાવાળો અને અત્યંત તેજવાળો કપિવર હનુમાન એ સમયે પાંખોવાળા પર્વત જેવો શોભતો હતો.[૭૬] કપિવર હનુમાન જે જે માર્ગે ઉડતો હતો, તે તે માર્ગમાં વાદળો અથડાવાને લીધે તેમાંથી જળ પ્રવાહ પડતો હતો અને તેથી સમુદ્ર જળદ્રોણી સરખો જણાતો હતો.[૭૭] પક્ષીઓના માર્ગમાં ગરૂડની પેઠે ઉડતો હનુમાન પોતાના વેગથી વાયુની પેઠે વાદળોનું આકર્ષણ કરતો હતો. એ સમયે પીળાં, રાતાં, કાળાં તથા મજીઠીયા રંગનાં એ વાદળો પણ અત્યંત પ્રકાશતાં હતા.[૭૮-૭૯] આકાશમાં ગતિ કરતો શૂરવીર હનુમાન જ્યારે વાદળોની ઘટામાં પ્રવેશ કરતો ત્યારે નજરે પડતો ન હતો પણ થોડીવારે તેમાંથી બહાર નીકળતો ત્યારે દૃશ્યમાન થતો હતો; તેથી જાણે આકાશમાં ગતિ કરતો ચંદ્રજ હોય, એવું જણાતું હતું.[૮૦]

એ પ્રમાણે અત્યંત વેગથી ગતિ કરતા કપિવર હનુમાનપર દેવ, દાનવ અને ગંધર્વાદિકો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા.[૮૧] રામચંદ્રનું કાર્ય સિદ્ધ કરવા માટે આકાશમાં ઉડતા હનુમાનને એ વેળા સુર્ય તપાવતો ન હતો. વળી તેનો શ્રમ નિવૃત્ત કરવા સારૂ વાયુ પણ મંદ મંદ વાતો હતો.[૮૨] ઋષિઓ તેની સ્તુતિ કરતા હતા અને દેવો તથા ગંધર્વો તેની પ્રશંસા કરી તેના ગુણ ગાતા હતા.[૮૩] નાગ લોકો તથા અસુરો પણ અનાયાસે એકાએક ઉડી રહેલા કપિવર હનુમાનને જોઇ તેનું યશોગાન કરતા હતા.[૮૪]

વાનરોમાં સિંહ સરખો હનુમાન ઈક્ષ્વાકુકુળોત્પન્ન રામચંદ્રના કાર્ય માટે આકાશમાં ઉડતો હતો; એ સમયે પોતાની વૃદ્ધિ કરનારા ઇક્ષ્વાકુકુળનો સત્કાર કરવાની ઇચ્છાથી સમુદ્રે વિચાર્યું કે;*[૮૫] "જો હું આકાશમાર્ગે ઉડતા હનુમાનને કાંઈ પણ સહાય નહિ કરૂં, તો વાણીથી બોલી શકનારાં સર્વ પ્રાણીઓ મને ધિક્કારશે.[૮૬] મને ઈક્ષ્વાકુવંશના સગર રાજાએ વૃદ્ધિ પમાડેલો છે. આ હનુમાન પણ તેજ વંશમાં જન્મેલા રામચંદ્રનો દૂત છે; માટે મારે એને શ્રમિત થવા દેવો જોઇએ નહિ.[૮૭] આ સમયે હનુમાનને જેવી રીતે વિશ્રામ મળે તેવી રીતે મારે કરવું જોઇએ. હું થોડીકવાર એને વિશ્રાંતિ આપીશ, એટલે થાક ઉતર્યા પછી તે મારા બાકીના ભાગને સત્વર ઉલ્લંઘી જશે."[૮૮] એવો ઉત્તમ વિચાર કરી મહાત્મા સમુદ્રે પોતાના જળને વિશે ઢંકાઇ રહેલા સુવર્ણમય મૈનાકપર્વતને કહ્યું કે; [૮૯] "હે પર્વતશ્રેષ્ઠ! પાતાળમાં વસનારા અસુરો કે જેઓ પ્રસિદ્ધ પરાક્રમવાળા અને પુનઃ પણ બહાર નીકળી આવવાની ઈચ્છાવાળા છે, તેઓનો રોધ કરવા અર્થે દેવોના રાજા ઇંદ્રે તને અહીંયાં પરિઘની

* ઇક્ષ્વાકુવંશના સગર રાજાના સાઠ હજાર પુત્રોએ અશ્વશોધન કરતી વેળા પૃથ્વી ખોદીને સમુદ્રને વધાર્યો હતો.

પેઠે સ્થાપિત કરેલો છે અને તેથી તું મારા જળને વિશે આવેલા પાતાળના મહાન દ્વારને રોકીને રહેલો છે.૯૦-૯૧ હે મૈનાક! તારામાં ચોતરફ વધવાની શક્તિ છે; એટલા માટે હે ગિરિવર! હું તને પ્રેરણા કરૂં છું. જો, આ ભયંકર કર્મ કરનારો કપિવર હનુમાન રામચંદ્રનું કાર્ય કરવા અર્થે આકાશમાર્ગે ઉડીને લંકા તરફ જાય છે અને તે લગભગ તારી ઉપર આવી પહોંચ્યો છે, માટે તેને વિશ્રામ આપવા અર્થે તું સત્વર ઉભો થા; અર્થાત્ તું ઉંચો વધ કે જેથી એ કપિવર થોડીકવાર તારાપર વિશ્રાન્તિ કરે. "૯૨-૯૩

ક્ષારસમુદ્રનું વચન સાંભળીને મોટાં મોટાં વૃક્ષો તથા લતાઓથી વ્યાપ્ત એવો સુવર્ણમય મૈનાકપર્વત તુરતજ ઉભો થયો અને જેમ દેદીપ્યમાન કિરણોવાળો સૂર્ય વાદળોને ભેદીને બહાર નીકળે તેમ સમુદ્રજળને ભેદી બહાર નીકળી અત્યંત ઉંચો વધ્યો.૯૪-૯૫ સમુદ્રની આજ્ઞાથી મહાત્મા મૈનાકપર્વતે એક મુહૂર્તમાત્રમાં ઉંચા વધીને પોતાનાં શિખરોને પાણીની ઉપર પ્રકટ કર્યાં.૯૬ એ વેળા કિન્નરો તથા મોટા સર્પોએ સેવેલાં, સૂર્યસમાન પ્રકાશિત અને જાણે આકાશને અડકી રહ્યાં હોય એવાં જણાતાં મૈનાકનાં સુવર્ણમય શિખરોવડે શસ્ત્ર સરખું શ્યામવર્ણું આકાશ સુવર્ણની પેઠે ઝગહળી ઉઠયું.૯૭-૯૮ અત્યંત કાંતિવાળાં તથા ઝગહળી રહેલાં પોતાનાં સુવર્ણમય શિખરોવડે એ મૈનાક પર્વત પણ સેંકડો સૂર્ય સરખો પ્રકાશવા લાગ્યો.૯૯

મૈનાક પર્વતને એકાએક ઉંચો વધી પોતાના માર્ગની આડે આવેલો જોઇને મહાવીર હનુમાને વિચાર્યું કે; "નિશ્ચય, મને આ કોઈ વિઘ્ન પ્રાપ્ત થયું છે."૧૦૦ આવો વિચાર કરીને મહાવેગવાળા કપિવર હનુમાને વાયુ જેમ વાદળને ધસડી પાડે; અર્થાત્ વાયુ જેમ વાદળને નીચે ઉતારી નાખે, તેમ પોતાના વક્ષઃસ્થળના આઘાતવડે ઉંચા વધેલા એ મૈનાક પર્વતના શિખરને તોડી પાડયું.૧૦૧ હનુમાને જ્યારે પોતાના દૃઢ શિખરને તોડી પાડયું ત્યારે તેનો એવો મહાન્ વેગ જોઇને એ મૈનાક પર્વત અત્યંત હર્ષિત થયો અને ગર્જના કરવા લાગ્યો.૧૦૨ પછી ઉંચો વધેલો અને હનુમાનનું બળ જોઇને અત્યંત પ્રસન્ન થયેલો મૈનાક પર્વત મનુષ્યરૂપ ધરીને પોતાના શિખર પર ઉભો રહ્યો અને આકાશમાર્ગે ગમન કરતા વીર કપિવરને કહેવા લાગ્યો કે; "હે વાનરોત્તમ! તેં આ મોટું દુષ્કર કર્મ આદર્યું છે.૧૦૩-૧૦૪ હે વીર! તું મારા શિખરપર ઉતર અને લગાર વિશ્રાન્તિ લઇને પછી સુખેથી આગળ વધ. હે હનુમાન! તું જાણતોજ હોઈશ કે આ સમુદ્રને રઘુવંશી સગરપુત્રોએ વૃદ્ધિ પમાડેલો છે, તેથી રઘુવંશી રામચંદ્રના કાર્યમાં પ્રવૃત્ત થયેલા એવા તું કપિનો સત્કાર કરવા તે ઈચ્છે છે. કોઇએ ઉપકાર કર્યો હોય, તેનો પ્રત્યુપકાર કરવો એ સનાતન ધર્મ છે. ૧૦૫-૧૦૬ હે હનુમાન! રઘુવંશના રાજાઓએ કરેલા ઉપકારનો પ્રત્યુપકાર કરવાની ઈચ્છા રાખતો આ સમુદ્ર આજે તારાથી સન્માન પામવા યોગ્ય છે. તને વિશ્રાન્તિ આપવા અર્થે સમુદ્રે મને બહુ માનપૂર્વક પ્રેરણા કરી કહ્યું છે કે; ૧૦૭ "આ કપિવર હનુમાન સો યોજન સુધી આકાશમાં ઉડવાને પ્રવૃત્ત થયો છે, માટે હે મૈનાક! તું ઉંચો વધી તારા શિખરોપર તેને વિશ્રાંતિ લેવા દે; એટલે પછી તે બાકીનો ભાગ સુખેથી ઉલ્લંઘી જશે;" એ પ્રમાણે સમુદ્રે કહેલું હોવાથી હે કપિશાર્દૂલ! તું મારાપર બેસી વિશ્રાંતિ લે અને પછી આગળ વધ. હે કપિશ્રેષ્ઠ! મારાપર સુગંધવાળાં અને સ્વાદિષ્ટ એવાં ઘણાં કંદ–મૂળ તથા ફળો છે, તેનું ભોજન કરી સુખેથી તું આગળ જજે.

હે કપિઓમાં અગ્રણી હનુમાન! તારી સાથેનો અમારો સંબંધ ત્રણે લોકને વિશે પ્રખ્યાત અને મહાગુણયુક્ત છે.૧૦૮-૧૧૦ હે વાયુસુત! આકાશમાં વેગથી ગતિ કરનારાં સર્વ પ્રાણી-

ઓને વિશે હું તને અત્યંત શ્રેષ્ઠ માનું છું.[૧૧૧] વળી ધર્મપ્રાપ્તિને ઇચ્છનારા વિદ્વાન-જ્ઞાની પુરૂષોની એવી નીતિ છે કે પોતાને ઘેર આવેલો સાધારણ અતિથી પણ પૂજ્ય છે, તેનો પણ સત્કાર કરવામાં આવે છે, તો પછી તારા સરખો અતિથી તે પૂજ્ય કેમ ન ગણાય ?[૧૧૨] હે કપિકુંજર ! તું સર્વ દેવતાઓમાં શ્રેષ્ઠ એવા મહાત્મા વાયુનો પુત્ર હોવાથી વેગમાં તેના સરખોજ છે.[૧૧૩] આજે હું તારો જે સત્કાર કરીશ તે વાયુનેજ પ્રાપ્ત થશે. હે વાનર ! હું નિશ્ચય તારો સત્કાર કરવા ઇચ્છું છું. વળી આપણા બન્નેનો સંબંધ કેવી રીતે થાય છે ? તે પણ તું સાંભળ.[૧૧૪] હે તાત ! પૂર્વે સત્યયુગને વિશે પર્વતોને પાંખો હતી; તેથી તેઓ ગરૂડની પેઠે અતિ વેગથી સર્વ દિશાઓમાં ઉડતા હતા.[૧૧૫] એ વખતે મોટા મોટા પર્વતોને આકાશમાં ઉડતા જોઈ દેવતાઓ, મહર્ષિઓ અને સઘળાં ભૂત-પ્રાણીઓ તેઓના પડવાની શંકાને લીધે ભયભીત રહેતાં હતાં.[૧૧૬] એક દિવસે અત્યંત ક્રોધ પામેલા દેવોના રાજા ઇંદ્રે પોતાના વજ્ર વડે સેંકડો અને હજારો પર્વતોની પાંખો કાપી નાખી.[૧૧૭] ત્યારપછી એક સમયે એ દેવરાજ ઇંદ્ર વજ્ર ઉગામી મારી પાસે આવ્યો અને ક્રોધપૂર્વક મારી પાંખોને પણ છેદવા લાગ્યો; પરન્તુ મહાત્મા વાયુએ પોતાના વેગથી મને એકદમ ઉપાડીને આ સમુદ્રમાં નાખ્યો.[૧૧૮] હે વાનરોત્તમ ! એવી રીતે તારા પિતા વાયુએ મને આ ક્ષારસમુદ્રમાં નાંખી સંપૂર્ણ રીતે બચાવ્યો છે અને મારી પાંખો પણ સહીસલામત રહી છે.[૧૧૯] હે મારૂતિ ! એ કારણથીજ તું મારે માનનીય છે અને તેથીજ હું તારો સત્કાર કરવાને ઉદ્યત થયો છું. હે કપિવર ! આપણુ બન્નેના સંબંધ માટે મેં જે કહ્યું હતું તે એ પ્રમાણે છે.[૧૨૦] હે મહાબુદ્ધિમાન ! રઘુવંશના રાજાઓએ કરેલા ઉપકારનો બદલો વાળવાનો આજે સમુદ્રને ઘણા કાળે અવસર મળ્યો છે; તથા તારા પિતા વાયુએ કરેલા ઉપકારનો બદલો વાળવાનો મને પણ આજે ઘણા સમયે યોગ મળ્યો છે; માટે પ્રસન્ન થઇને તું અમારા બન્નેના સત્કારને ગ્રહણ કર અને અમને પ્રસન્ન કર.[૧૨૧] હે કપિસત્તમ ! હું તારાં દર્શન થવાથી પ્રસન્ન થયો છું, માટે તું મારાપર વિશ્રાન્તિ લે અને મારા સત્કારને ગ્રહણ કર."[૧૨૨]

મૈનાકપર્વતનાં વચન સાંભળી હનુમાને તેને કહ્યું કે; "હે પર્વતોત્તમ ! હું તારાથી પ્રસન્ન થયો છું. તારાં સ્નેહાળ વચનોથીજ મારો સત્કાર થઈ ચુકયો છે; છતાં હે નગોત્તમ ! હું આ સમયે તારા કહેવા પ્રમાણે કરી શકતો નથી, તેથી જો તને ક્રોધ ચઢયો હોય તો તારે તે દૂર કરવો ઘટે છે.[૧૨૩] હું જે કાર્ય માટે જાઉં છું તે કાર્ય ઘણુંજ ઉતાવળે કરવાનું છે. જોની, આ દિવસ પણ ચાલ્યો જાય છે. વળી "હું સો યોજનના સમુદ્રમાં કયાંય પણ વિશ્રામ લીધા વગર સામી પાર જઇશ," એવી મેં સર્વ વાનરોની સમક્ષ પ્રતિજ્ઞા કરેલી છે; એથી આ સમયે હું તારા વચન પ્રમાણે વર્તી શકતો નથી."[૧૨૪] એટલું કહી પોતાના હાથવડે મૈનાકપર્વતને સ્પર્શ કરી-સંમાનિત કરીને મહાપરાક્રમી વાનરશ્રેષ્ઠ હનુમાન હસતો હસતો આકાશમાર્ગે ચાલતો થયો.[૧૨૫] એ વેળા મૈનાકપર્વત અને સમુદ્ર બન્ને જણા હનુમાનની તરફ બહુ માનપૂર્વક જોવા લાગ્યા અને શુભાશીર્વાદ આપી તેને આનંદિત કરવા લાગ્યા.[૧૨૬]

મૈનાકપર્વત તથા સમુદ્રનો ત્યાગ કરી વાયુસુત હનુમાન નિર્મળ આકાશમાં પોતાના પિતાના માર્ગનું અવલંબન કરી ઉડવા લાગ્યો.[૧૨૭] આ વેળા વાયુસુત હનુમાન પ્રથમના કરતાં પણ ઉંચે ચઢીને કાંઈ પણ આધાર વિનાના આકાશમાર્ગે પાછળ મૂકેલા મૈનાક પર્વતનું અવલોકન કરતો ઉડતો હતો.[૧૨૮] હનુમાને માર્ગમાં ક્ષણવાર પણ વિશ્રામ લીધો નહિ; એવું તેનું અદ્ભુત પરાક્રમ જોઇને સર્વ

દેવો, સિદ્ધો તથા મહર્ષિઓ તેની પ્રશંસા કરવા લાગ્યા;[૧૨૯] તેમજ મૈનાકપર્વત હનુમાનને વિશ્રામ આપવા માટે સમુદ્રમાંથી બહાર નીકળી આવ્યો, એ જોઈને સર્વ દેવો પ્રસન્ન થયા. મૈનાકપર્વતનું એવું ઉત્તમ કર્મ જોઇને શ્રેષ્ઠ બુદ્ધિવાળા શચીપતિ ઈંદ્રે સંતુષ્ટ થઈ તેને કહ્યું કે;[૧૩૦-૧૩૧] "હે હિરણ્યનાભ! હે મૈનાક! હે પર્વતશ્રેષ્ઠ! હું આજે તારાપર ઘણોજ પ્રસન્ન થયો છું. હે સૌમ્ય! તને અભય વર આપું છું કે હવેથી તું સુખપૂર્વક નિવાસ કર.[૧૩૨] હે પર્વત! સો યોજન સુધી ઉડનારા અને કાંઇ પણ ભય વિનાના હનુમાનને "કદાચ તે થાકી ગયા હશે" એમ ધારી તેં તેને ઉત્તમ સહાય કરી છે, તેથી હું તારાપર પ્રસન્ન થયો છું.[૧૩૩] હે મૈનાક! આ કપિવર હનુમાન રામચંદ્રનું કાર્ય કરવા માટે જાય છે તેનો તેં યથાશક્તિ સત્કાર કર્યો છે, તેથી હું તારાપર અતિશય પ્રસન્ન થયો છું."[૧૩૪] દેવરાજ ઈંદ્રનાં વચન સાંભળીને તથા તેને પોતાપર સંતુષ્ટ થયેલો જોઇને મૈનાકપર્વત અત્યંત હર્ષ પામ્યો.[૧૩૫] ઈંદ્રની પાસેથી વરદાન મેળવીને મૈનાકપર્વત પુનઃ સમુદ્રમાં અંતર્હિત થયો અને હનુમાન પણ એક મુહૂર્ત જેટલા સમયમાંજ તે સ્થળને ઉલ્લંઘી આગળ વધ્યો.[૧૩૬]

આ વેળાએ દેવતાઓ, ગંધર્વો, સિદ્ધો અને મહર્ષિઓએ એકઠા મળીને સૂર્યસરખા પ્રકાશવાળી નાગોની માતા સુરસાને કહ્યું કે;[૧૩૭] "હે સુરસા! શ્રીમાન્ વાયુસુત હનુમાન સમુદ્રપર આકાશમાર્ગે ઉડી રહ્યો છે; માટે તું અતિશય ભયંકર અને પર્વતસરખું પ્રૌઢ એવું રાક્ષસીનું સ્વરૂપ ધારણ કરીને તથા વિકરાળ દાઢોવાળા અને પીળા ડોળાવાળા પોતાના મુખને આકાશ સુધી પહોંચે એવી રીતે પહોળું કરીને તેને ક્ષણવાર વિઘ્ન કર! જેથી તેનામાં કેટલું બળ તથા પરાક્રમ છે એ જણાઇ આવે. જો તે અત્યંત બળશાળી હશે તો હરકોઇ ઉપાયે કરી તને જીતશે, નહિ તો ખેદ પામશે."[૧૩૮-૧૪૦]

ઈંદ્રાદિ દેવતાઓએ એવી રીતે અત્યંત સત્કારપૂર્વક આજ્ઞા આપી ત્યારે નાગમાતા સુરસાએ તુરતજ વિકરાળ, વિરૂપ અને સર્વ પ્રાણીઓને ભય ઉપજાવે એવું રાક્ષસીનું સ્વરૂપ ધારણ કર્યું અને સમુદ્રની વચ્ચે આવી હનુમાનનો માર્ગ રોકીને ઉભી રહી. જ્યારે હનુમાન તેની આગળ આવ્યો ત્યારે તેણે કહ્યું કે;[૧૪૧-૧૪૨] "હે વાનરર્ષભ! આજે દેવતાઓએ તને મારૂં ભક્ષ્ય બનાવ્યો છે; અર્થાત્ તારૂં ભક્ષણ કરવાની દેવોએ મને આજ્ઞા આપી છે; તેથી હું આજે તારૂં ભક્ષણ કરીશ. હે વાનર! હવે તું મારા મુખમાં પ્રવેશ કર.[૧૪૩] હે કપિ! પૂર્વે વિધાતાએ પણ મને આમ કરવાનું વરદાન આપેલું છે." એવું કહીને નાગમાતા સુરસા પોતાનું વિશાળ મુખ પહોળું કરી હનુમાનના સામે ઉભી રહી.[૧૪૪]

ત્યારે પવનસુત હનુમાને હસતા મુખે કહ્યું કે; "હે દેવિ! મહારાજા દશરથના પુત્ર રામચંદ્ર પોતાના ભાઇ લક્ષ્મણ તથા ધર્મપત્ની સીતા સહિત દંડકારણ્યમાં આવી વસ્યા હતા.[૧૪૫] ત્યાં શૂર્પણખાને વિરૂપ કરવાથી તથા ચૌદ હજાર રાક્ષસોને હણવાથી તેમને રાવણની સાથે વૈર બંધાયું છે અને તેથી તેમની યશસ્વિની પત્ની સીતાનું રાક્ષસરાજ રાવણે હરણ કર્યું છે.[૧૪૬] શ્રીમાન્ રામચંદ્રના દૂત તરીકે તેમની આજ્ઞાથી જનકતનયા સીતાની શોધ કરવા માટે લંકા પ્રત્યે હું જાઉં છું. હે સુરસા! તું પણ તેમના પ્રદેશમાં રહેનારી હોવાથી તેમના કાર્યમાં સહાય કરવા યોગ્ય છે.[૧૪૭] જો કદાચ એમ કરવું તને રૂચતું ન હોય તો હું તને પ્રતિજ્ઞાપૂર્વક સત્ય વચન કહું છું કે, સીતાને તથા અક્લિષ્ટકર્મા શ્રીમાન્ રામચંદ્રને મળીને હું પાછો આવીશ અને તારા મુખમાં પ્રવેશ કરીશ."[૧૪૮]

હનુમાનનાં એવાં વચન સાંભળી ઇચ્છિત-રૂપ ધરનારી સુરસાએ કહ્યું કે; " મારૂં ભક્ષ્ય થયા સિવાય અહીંથી આગળ કોઈ પણ પ્રાણી જઈ શકેજ નહિ એવું મને વિધાતાએ વરદાન આપેલું છે; માટે હે વાનર ! તારે મારો ભક્ષ્ય થવું જ પડશે."૧૪૯

નાગમાતા સુરસા આ પ્રમાણે બોલતી હતી, છતાં પણ કપિવર હનુમાન તો તેને કાંઇ પણ ન લેખવતાં સડસડાટ ઉડયો જતો હતો. એ જોઈ માત્ર હનુમાનના બળને જાણવાની ઇચ્છાવાળી સુરસાએ વળી તેની આગળ આવીને કહ્યું કે;૧૫૦ " હે વાનરોત્તમ ! પૂર્વે વિધાતાએ મને વરદાન આપેલું હોવાથી તારે મારા મુખમાં પ્રવેશ કરીને જવું યોગ્ય છે." એવું કહી સુરસા તુરતજ પોતાનું વિશાળ મુખ પહોળું કરી હનુમાનની આગળ ઉભી રહી. એ જોઈ કપિવર હનુમાને ક્રોધાયમાન થઇને કહ્યું કે; "હે સુરસા ! તું મારો ભક્ષ્ય કરવાની ઇચ્છા ધરાવે છે, તો મારો દેહ સમાય એટલું તારા મુખને પહોળું કર !! " હનુમાનનું વચન સાંભળી સુરસાએ તુરત જ પોતાનું મુખ દશયોજનના વિસ્તારવાળું કર્યું. એ જોઈ ક્રોધ પામેલા હનુમાને પોતાના દેહને તેટલાજ વિસ્તારવાળો કર્યો. ત્યારે સુરસાએ પોતાનું મુખ વીશ યોજન પહોળું કર્યું; એટલે હનુમાને પોતાના દેહને ત્રીશ યોજનનો બનાવ્યો. એ જોઈ સુરસાએ ચાળીશ યોજન જેટલું મુખ પહોળું કર્યું, ત્યારે હનુમાન પચાસયોજન વધ્યો. પછી સુરસાએ પોતાનું મુખ સાઠ યોજનનું કર્યું, ત્યારે હનુમાન સીત્તેર યોજનનો થયો. ત્યારબાદ સુરસાએ પોતાના મુખને એંશી યોજનનું બનાવ્યું, ત્યારે પર્વત સમાન દેહવાળો હનુમાન નેવું યોજન જેવડો થયો. અંતે સુરસાએ પોતાના મુખને સો યોજન જેટલું પહોળું કર્યું;× એ પ્રમાણે દીર્ઘ જીહ્વાવાળું, અત્યંત ભયંકર અને નરક સરખું વિકાળ એવું સુરસાનું પહોળું થયેલું મુખ જોઇને મહાબુદ્ધિશાળી હનુમાને તુરત જ પોતાના દેહને સંકોચી અંગુષ્ઠમાત્ર* કરી નાખ્યો અને પછી એકદમ તેના મુખમાં પ્રવેશ કરી બહાર નીકળી ગયો અને અંતરિક્ષમાં રહી કહેવા લાગ્યો કે;૧૫૧-૧૫૭ " હે દાક્ષાયણી !† હું તારા મુખમાં પ્રવેશ કરી બહાર નીકળી ગયો છું અને તને મળેલું વરદાન સત્ય થયું છે. હવે હું તને નમન કરૂં છું અને સીતાની પાસે જાઉં છું. "૧૫૮

રાહુના મુખમાંથી મુક્ત થયેલા ચંદ્રની પેઠે, પોતાના મુખમાંથી નીકળી મુક્ત થયેલા હનુમાનને જોઇ સુરસાએ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું અને બોલી કે;૧૫૯ " હે વાનરશ્રેષ્ઠ ! તું તારા ધારેલા કાર્યની સિદ્ધિને અર્થે સુખેથી જા. હે સૌમ્ય ! વિદેહ તનયા સીતાનો તથા મહાત્મા રઘુવીરનો સુખેથી મેળાપ કરાવ."૧૬૦

મહાબળવાન હનુમાનનું આ ત્રીજું દુષ્કર કર્મ જોઇને સઘળાં ભૂત-પ્રાણી માત્ર તેને વારંવાર ધન્યવાદ આપી પ્રશંસા કરવા લાગ્યાં.૧૬૧

અગાધ જળવાળા સમુદ્રની પાસે આવી દુષ્કર કર્મ કરી ગરૂડ સરખા વેગવાળો કપિવર હનુમાન પુનઃ આકાશમાં ચઢી ગયો અને વેગથી દક્ષિણ દિશા તરફ ઉડવા લાગ્યો.૧૬૨ બ્રહ્મદેવે નિર્માણ કરેલો નિર્મળ વાયુમાર્ગ કે જે અનેક વર્ષાજળની ધારાઓ તથા પક્ષીઓએ સેવેલો; સંગીતશાસ્ત્રમાં કુશળ એવા તુંબુરૂ આદિ ગંધર્વોના પદસંચારવાળો; ઇંદ્રધનુષ્યવડે અલંકૃત; સિંહ, શાર્દૂલ, હસ્તી, પક્ષી અને સર્પાદિથી જોડેલાં વાહનો તથા નિર્મળ વિમાનોની આવજાવથી સુશોભિત; વજ્ર તથા વિજળીના સરખા સ્પર્શવાળો, પંચાગ્નિની પેઠે પ્રકાશતા મહાન ભાગ્યવાળા

× આ શ્લોકો ક્ષેપક છે.

* અંગુઠા જેવડો.

† દક્ષપ્રજાપતિની પુત્રી.

અને ઘણાં પુણ્યો કરી સ્વર્ગને જીતી ચુકેલા પુરૂષોથી અધિષ્ઠિત દેવતાઓના હવ્યને વહન કરનારા અગ્નિ, ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય અને તારાઓથી સુશોભિત; મહર્ષિઓ, ગંધર્વો, નાગો અને યક્ષોથી ભરેલો; આવરણરહિત; નિર્મળ; વિશ્વના આધારરૂપ; વિશ્વાવસુ આદિથી સેવાયેલો; ' ઐરાવત ' નામના ઈંદ્રના હસ્તીથી સુશોભિત; કલ્યાણરૂપ; સમગ્ર ભુવનના ચંદરવારૂપ અને વિદ્યાધર વગેરે દેવજાતિઓએ જેને વારંવાર સેવેલો હતો, તેવા વાયુમાર્ગ–આકાશમાર્ગને વિશે કપિવર હનુમાન ગરૂડની પેઠે ઉડતો હતો.[૧૬૩-૧૬૯] તે કપિવર રંગબેરંગી વાદળોના સમૂહોને વાયુની પેઠે વિખેરી નાખતો હતો.[૧૭૦] હનુમાનના વેગથી વિખરાયેલાં એ વાદળો અત્યંત શોભવા લાગ્યાં. ઘડીકમાં વાદળોની ઘટામાં પ્રવેશતો અને ઘડીકમાં બહાર નીકળતો હનુમાન વર્ષાઋતુના ચંદ્રની પેઠે શોભતો હતો. કાંઈ પણ આધાર વિનાના આકાશનો આશ્રય કરીને ઉડતો કપિવર હનુમાન એ વખતે સર્વ પ્રાણીઓની દૃષ્ટિએ પડતો હતો અને જાણે પાંખોવાળો કોઇએક મોટો પર્વત હોય એવો દેખાતો હતો.

કપિવર હનુમાનને આકાશમાર્ગે ઉડતો જોઈ ઇચ્છિતરૂપ ધરનારી ' સિંહિકા ' નામની એક વૃદ્ધ રાક્ષસી પોતાના મનમાં વિચાર કરવા લાગી કે; " અહો ! આજે મને ઘણે કાળે પેટપૂર ભોજન મળશે.[૧૭૧-૧૭૪] આ કોઈ સમર્થ પ્રાણી ઘણેકાળે મારે હાથ લાગ્યું છે. " એવો વિચાર કરીને તેણે તુરતજ હનુમાનની છાયાને ગ્રહણ કરી.[૧૭૫] સિંહિકા રાક્ષસીએ છાયાને ગ્રહણ કરી ત્યારે હનુમાનને લાગ્યું કે; " અરે, જેમ પ્રતિકૂળ રીતે વાતો પવન સમુદ્રમાંની નૌકાની ગતિને અટકાવે છે તેમ આ વેળા કોઇએ મારૂં પરાક્રમ અટકાવીને મને સ્તબ્ધ કરી દીધો છે. " આમ લાગવાથી મહાપરાક્રમી કપિવરે પોતાની આસપાસ તથા ઉંચે નીચે એમ સર્વત્ર દૃષ્ટિ કરી.[૧૭૬-૧૭૭] એ સમયે પોતાની નીચે ક્ષારસમુદ્રના જળમાંથી નીકળતું કોઇએક મોટું પ્રાણી તેના જોવામાં આવ્યું. તેને જોતાંજ હનુમાનને સાંભરી આવ્યું કે, સુગ્રીવે મને કહ્યું હતું કે સમુદ્રને વિશે છાયાને પકડનારૂં અને અદ્ભુત સ્વરૂપવાળું એક મોટું પ્રાણી રહે છે; નિશ્ચય, તે પ્રાણી આજ હશે.[૧૭૮-૧૭૯] એવી રીતે અર્થતત્ત્વના યથાર્થ નિશ્ચયથી સિંહિકા રાક્ષસીને ઓળખ્યા પછી મહાબુદ્ધિમાન કપિવર હનુમાન વર્ષાઋતુના મેઘની પેઠે એકાએક વૃદ્ધિ પામ્યો.[૧૮૦] હનુમાનના શરીરને વૃદ્ધિ પામતું જોઇને, રાક્ષસી સિંહિકાએ પણ પાતાળ અને આકાશના પોલાણસરખા પોતાના મુખને પહોળું કર્યું.[૧૮૧] પછી મેઘમાળાની પેઠે ગર્જના કરતી તે રાક્ષસી હનુમાનના સામે ધસી આવી. પોતાનું આખું શરીર સમાઈ જાય એવું તે રાક્ષસીનું મોટું મુખ તથા તેના આખા દેહમાંનાં મર્મસ્થળોને જોઇને વિચિક્ષણ બુદ્ધિવાળા વજ્રદેહી હનુમાને પોતાના શરીરને નાનકડું બનાવી દીધું અને પછી તે રાક્ષસીના મુખમાં પ્રવેશ કર્યો. એ સમયે પૂર્ણિમાને દિવસે પૂર્ણ કળાવાળો ચંદ્ર જેમ રાહુના મુખમાં પ્રવેશે તેમ હનુમાનને સિંહિકા રાક્ષસીના મુખમાં પ્રવેશતો જોઈ, સર્વસિદ્ધ અને ચારણાદિકો ચિંતાતુર થયા.

રાક્ષસીના શરીરમાં પ્રવેશ કરી મહાસમર્થ હનુમાને પોતાના તીક્ષ્ણ નખવડે તેનાં સઘળાં મર્મસ્થળો ચીરી નાખ્યાં અને પછી તુરતજ બહાર નીકળી, તેણે મનના સરખા વેગથી પુનઃ ઉડવાનું શરૂ કર્યું. એવી રીતે દૈવાનુકૂલ્યથી, ધૈર્યથી અને ચતુરાઇથી સિંહિકા રાક્ષસીને હણીને કપિવર હનુમાને વેગથી આગળ વધવા માંડ્યું. હનુમાનના પરાક્રમથી ગતપ્રાણ થયેલી સિંહિકા રાક્ષસી સમુદ્રના જળમાં પડી. બ્રહ્મદેવે એ દુષ્ટ રાક્ષસીને હણવા માટેજ હનુમાનને સરજ્યો હતો.[૧૮૨-૧૮૭]

વાયુસુત હનુમાને સિંહિકા રાક્ષસીને એકાએક હણીને સમુદ્રમાં નાખેલી જોઈ, આકાશમાં વિચરનારાં પ્રાણીઓ પ્રસન્નવદને કહેવા લાગ્યાં કે; [૧૮૮] "હે કપિશ્રેષ્ઠ! આજે તેં મહાન પ્રાણી (છાયાગ્રાહી સિંહિકા)નો નાશ કરવારૂપ અતિ કઠિન કાર્ય કર્યું છે. હવે તું નિર્વિઘ્નપણે તારા ઇચ્છિત અર્થને સિદ્ધ કર.[૧૮૯] હે વાનરેંદ્ર! જે પુરુષને વિશે તારા જેવું ધૈર્ય, દીર્ઘદૃષ્ટિ, બુદ્ધિ તથા દેશ-કાળને અનુસરી કર્મ કરવાની શક્તિ, એ ચાર સદ્ગુણો હોય છે, તે પુરુષ કોઈ પણ કાર્યમાં પરાજય પામતો નથી."[૧૯૦]

સર્વ ભૂત-પ્રાણીઓથી ઉત્તમ સન્માનને પ્રાપ્ત થયેલો તથા તેઓના આશીર્વાદને પામેલો કપિવર હનુમાન ગરૂડની પેઠે આકાશ માર્ગે ઉડતો હતો.[૧૯૧] સમુદ્રનો ઘણો ખરો ભાગ હવે તે ઓળંગી ચુકયો હતો. ત્યારપછી ચોતરફ દૃષ્ટિ કરતાં સો યોજનપર વનની પંક્તિ તેની નજરે પડી.[૧૯૨] ત્યાંથી વેગથી ઉડતાં ઉડતાં થોડીકવારમાંજ સામા કીનારાપર આવેલા મલય પર્વતનાં ઉપવનો તથા નાના પ્રકારનાં વૃક્ષોથી શોભતો લંકાદ્વીપ પણ તેના જોવામાં આવ્યો.[૧૯૩] ત્યાંથી આગળ વધતાં વળી લંકાદ્વીપ પાસેનો સમુદ્ર, તેની ખાડીયો, તેના કીનારાપર ઉગેલાં વૃક્ષો અને તે દ્વીપમાંથી આવી સમુદ્રને મળનારી નદીઓનાં મુખો મહાબળવાન્ હનુમાનની દૃષ્ટિએ પડયાં.[૧૯૪]

આ વેળા મહાબુદ્ધિમાન હનુમાને આખા આકાશને રૂંધી નાખે એવા મહા મેઘ સરખા પોતાના પ્રૌઢ દેહને જોઈ વિચાર કર્યો કે;[૧૯૫] "મારૂં આવડું પર્વત સરખું મોટું શરીર જોઇને તથા આવો ભારે વેગ જોઇને, લંકાના રાક્ષસો અવશ્ય આશ્ચર્ય પામશે અને મને જોવાને ટોળે મળશે; માટે કાર્ય સિદ્ધ કરવા અર્થે હવે મારે ન્હાનકડું રૂપ ધરવું જોઇએ." એમ વિચાર કર્યા પછી જેનો મોહ ટળી ગયો છે એવો યોગી જેમ પોતાના મૂળ સ્વરૂપને પામે છે, તેમ કપિવર હનુમાન પોતાનું પ્રૌઢ રૂપ બદલીને મૂળ રૂપને પ્રાપ્ત થયો.[૧૯૬-૧૯૭] જેવી રીતે ત્રણ પગલાં પૃથ્વી માંગી, બળિ રાજાના પરાક્રમને નષ્ટ કરવા અર્થે વિષ્ણુ ભગવાને વામન સ્વરૂપ ધારણ કર્યું હતું; તેવી રીતે કપિકુંજર હનુમાને રાક્ષસોના છળ માટે પ્રૌઢ રૂપ બદલીને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.[૧૯૮]

વિવિધ પ્રકારનાં સુંદર રૂપને ધારણ કરનારા કપિવર હનુમાને કોઈથી પણ ન જઈ શકાય એવા સમુદ્રની સામે પાર પહોંચીને, પોતાના દીર્ઘ દેહનું અવલોકન કર્યું અને કાર્ય સિદ્ધ કરવા અર્થે ન્હાનકડું સ્વરૂપ ધારણ કર્યું.[૧૯૯] પછી મહાન્ મેઘમંડળ સરખા આકારવાળો મહાત્મા હનુમાન કેતકી, શ્લેષ્માતક અને નારિયેળીનાં વનોથી શોભી રહેલા 'લંબ' નામના પર્વતનાં નાના પ્રકારનાં શિખરોમાંના એક મોટા શિખરપર ઉતર્યો.[૨૦૦] લંકાદ્વીપના કિનારાપર આવેલા પર્વત શિખરપર ઉતરી, ત્યાંના મૃગ-પક્ષીઓને ત્રાસ ઉપજાવતાં હનુમાને ત્રિકૂટ પર્વતના શિખરપર વસેલી લંકાનગરીને જોઈ, પોતાનો પ્રૌઢ દેહ બદલી મૂળ સ્વરૂપ ધારણ કર્યું.[૨૦૧] એવી રીતે અનેક દાનવો તથા પન્નગોથી ભરેલા અને મોટી તરંગ માળાઓવાળા મહાસાગરને પોતાના બળવડે ઉલ્લંઘીને, તેના સામા કીનારાપર ઉતરેલો કપિવર હનુમાન અમરાવતી સરખી લંકાનગરીને જોવા લાગ્યો.[૨૦૨]

स सागरं दानवपन्नगायुतं बलेन विक्रम्य महोर्मिमालिनम्। निपत्य तीरे च महोदधेस्तदा ददर्श लङ्कामरावतीमिव ॥२०२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણઆદિ કાવ્યના સુંદરકાંડમાં પહેલો સર્ગ સંપૂર્ણ. ૧

सर्ग २ जो.

લંકાનગરી.

स सागरमनाधृष्यमतिक्रम्य महाबलः ।
त्रिकूटस्य तटे लङ्कां स्थितः स्वस्थो ददर्श ह ॥१॥

અગાધ જળવાળા સમુદ્રને ઓળંગ્યા પછી 'લંબ' નામના *પર્વતના શિખરપર ઉભેલો મહાબળવાન્ હનુમાન ત્રિકુટાચળના શિખરપર વસેલી લંકાનગરીને જોવા લાગ્યો.[૧] એ વેળા ત્યાંનાં વૃક્ષોપરથી ખરી પડતાં પુષ્પોવડે છવાયેલો હનુમાન પુષ્પમય વાનર સરખો દેખાતો હતો.[૨] સો યોજનના મોટા સમુદ્રનું ઉલ્લંઘન કરવા છતાં પણ મહાપરાક્રમી હનુમાનને જરાએ થાક લાગ્યો ન હતો; તેમજ તેને શ્વાસ પણ ચઢયો ન હતો.[૩] એ તો પોતાના મનમાં એમજ ધારતો હતો કે, હું સેંકડો અને હજારો યોજનના સમુદ્રને ઉલ્લંઘવા સમર્થ છું, તો આ ગણ્યાગાંઠયા સો યોજનના વિસ્તારવાળા સમુદ્રનું મેં ઉલ્લંઘન કર્યું એમાં તે શી મોટી વાત છે ?[૪] ત્યાર પછી પરાક્રમી પુરૂષોમાં શ્રેષ્ઠ અને ઉડનારાઓમાં પણ શ્રેષ્ઠ એવો કપિવર હનુમાન ત્યાંથી ઉતાવળે લંકાપ્રત્યે જવા લાગ્યો.[૫] માર્ગમાં આવતાં સુગંધયુક્ત પુષ્પોવાળાં, વૃક્ષોથી ભરેલાં તથા શ્યામ હરિયાળીવાળાં વનોમાં થઈ વૃક્ષોથી ઢંકાયેલા પર્વતોને તથા પ્રફુલ્લિત વનરાજીઓને જોતો તેજસ્વી હનુમાન ઉતાવળે લંકા તરફ જવા લાગ્યો.[૬--૭] હનુમાન લંબ પર્વતના શિખરપર ઉભો હતો ત્યારથી જ ત્રિકૂટ પર્વતના શિખરપર રહેલી લંકાનગરી તથા તેની આસપાસ આવેલાં વનો અને ઉપવનો તેના જોવામાં આવ્યાં હતાં.[૮]

* ત્રિકૂટ પર્વતનુંજ 'લંબ પર્વત' એવું બીજું નામ હતું, એમ તિલક ટીકાકાર લખે છે. વસ્તુતઃ એ ત્રિકૂટાચળ ઘણોજ મોટો હશે અને તેના કોઇ એક મોટા વિભાગનું 'લંબ પર્વત' એવું નામ હશે.

લંકાનગરીની આસપાસ આવેલાં વનોમાં સરલ, કર્ણિકાર, પ્રફુલ્લિત ખજૂર, પ્રિયાલ, નારંગી, કરંજ, કેવડા, સુગંધયુક્ત પ્રિયંગુ, કદંબ, સપ્તપર્ણ, આસન, કાંચનાર અને પ્રફુલ્લિત કરવીર વગેરે વૃક્ષો શોભી રહ્યાં હતાં.[૯--૧૦] એ સર્વ વૃક્ષો અનેક પક્ષીઓથી વ્યાપ્ત હતાં અને તેની મોટી મોટી શાખાઓ પવનને લીધે હલમલી રહી હતી. તેમાંનાં કેટલાંક વૃક્ષો પુષ્પોના ભારથી લચી રહ્યાં હતાં અને કેટલાંકને તો માત્ર પુષ્પની કળીઓજ ફુટી હતી.[૧૧] એ સર્વ વૃક્ષોને તથા વનોને જોતો કપિવર હનુમાન લંકાનગરીનાં ઉપવનોમાં આવી પહોંચ્યો. ત્યાં આગળ હંસ અને કારંડવ આદિ પક્ષીઓથી ભરેલી તથા વિવિધ પ્રકારનાં કમળોથી વ્યાપ્ત એવી અનેક વાવો, બીજાં પણ અનેક પ્રકારનાં રમ્ય જળાશયો તથા ચિત્ર વિચિત્ર ક્રીડા પર્વતો+ તેના જોવામાં આવ્યા.[૧૨] વળી સર્વ ઋતુમાં ફળ—પુષ્પ આપનારાં નાના પ્રકારનાં વૃક્ષોથી રમ્ય જણાતાં ઉદ્યાનો પણ તેની દૃષ્ટિએ પડયાં.[૧૩] ચાલતાં ચાલતાં કપિવર હનુમાન થોડીકવારમાં છેક રાવણની રાજધાની લંકાનગરીની સમીપ જઈ પહોંચ્યો. લંકાનગરીની ચારે બાજુ મોટી ખાઈ આવેલી હતી. તે ખાઈમાં ઉગેલાં રમ્ય કમળોવડે લંકા નગરી શોભી રહી હતી.[૧૪] સીતાનું હરણ કરી આવ્યા પછી રાવણે લંકાનગરીનું સારી રીતે રક્ષણ કરવા માટે પોતાના સેવકોને આજ્ઞા આપી હતી, તેથી તીક્ષ્ણ આયુધો ધારણ કરનારા બળવાન્ રાક્ષસો ચારે બાજુથી રક્ષા કરતા હતા.[૧૫] એ લંકાનગરીને ફરતો સુવર્ણનો કિલ્લો આવી રહ્યો હતો અને તેની અંદર પર્વત સરખાં ઉંચાં તથા શરદૃઋતુનાં વાદળ સમાન ધોળાં મંદિરો શોભી રહ્યાં હતાં.[૧૬] અટારિયોવાળાં સેંકડો ગૃહોથી તથા ધ્વજા—પતાકાઓથી શોભતી એ લંકાનગરીની મોટી મોટી શેરીઓ, તેમાંનાં અત્યંત

+ ક્રીડા કરવા માટે બનાવેલા પર્વતો, કૃત્રિમ પહાડો.

ઉંચાં ધવળ મંદિરોથી ઝળહળી રહી હતી.[૧૭] વળી પ્રત્યેક ગૃહના દ્વારપર લતાઓનાં ચિત્રવાળાં સુવર્ણનાં દિવ્ય તોરણો લટકી રહ્યાં હતાં.

દેવ જેમ અમરાવતીને જુએ તેમ કપિપર હનુમાન રમણીય લંકાનગરીને જોવા લાગ્યો.[૧૮] પર્વત શિખરપર વસેલી હોવાને લીધે જાણે આકાશમાં ઉડતી હોય એવી, અથવા આકાશમાં વસેલી કોઈ એક નગરી હોય એવી જણાતી એ લંકાપુરી દિવ્ય અને ધવલ ગૃહોથી શોભી રહી હતી. સાક્ષાત્ દેવોના શિલ્પી વિશ્વકર્માએ તેનું નિર્માણ કર્યું હતું અને રાક્ષસોનો રાજા રાવણ તેનું રક્ષણ કરતો હતો.[૧૯-૨૦] ચોતરફ આવેલા કિલ્લાની અંદરની વેદિકારૂપી જઘનસ્થળવાળી ખાઇમાં ભરેલાં જળ અને ઉપવનોરૂપી વસ્ત્રને ધારણ કરનારી, કિલ્લાપર ગોઠવેલાં શતઘ્ની તથા ત્રિશૂળ વગેરે આયુધોરૂપી કેશવાળી અને ઉંચી અટારીઓરૂપી કર્ણભૂષણવાળી એ લંકાનગરી જાણે કોઈ એક દિવ્ય સુંદરીજ હોય એવી શોભતી હતી ![૨૧] શ્રીમાન્ વિશ્વકર્માએ પોતાના મનવડેજ તેનું નિર્માણ કરેલું હતું. એવી ઉત્તમ શોભાવાળી લંકાનગરીને નિરખતો કપિવર હનુમાન તેના ઉત્તર દિશા તરફના દરવાજા આગળ આવી પહોંચ્યો. એ દરવાજો કૈલાસસ્થાન સરખો રમણીય અને અતિશય ઉંચાં ભવનોવાળો હોવાને લીધે જાણે આકાશતળને ધારણ કરી રહ્યો હોય એવો દેખાતો હતો.[૨૨-૨૩]

ઉત્તર દિશાના દરવાજા આગળ આવીને વાયુસુત હનુમાન હળાહળ વિષવાળા સર્પોથી ભરેલી ગુફાની પેઠે, ક્રૂર રાક્ષસોથી ભરેલી લંકાનગરીને તથા તેના રક્ષણમાટે યોજેલા મહાન્ શૂરવીર સમૂહને અને ચોમેર આવેલા અગાધ મહાસાગરને તેમજ રાવણ સરખા ભયંકર શત્રુને જોઇને વિચાર કરવા લાગ્યો કે;[૨૪] "કપિઓ અત્રે આવીને પણ શું કરી શકવાના છે ? દેવતાઓએ પણ યુદ્ધ કરીને આ લંકા જીતવી અશક્ય છે.[૨૫] અરે, કદાચ મહાસમર્થ રઘુવીર અત્યંત દુઃખે કરી પ્રવેશી શકાય એવી, રાવણે રક્ષણ કરેલી અને અત્યંત વિષમ સ્થળોવાળી આ લંકાનગરીમાં આવશે તો પણ તેમનાથી શું થઈ શકે એમ છે ?[૨૬] આ ક્રૂર સ્વભાવવાળા રાક્ષસોની આગળ સામ, દામ, ભેદ અને દંડ; એ ચાર ઉપાયોમાંનો એક પણ ચાલી શકે એમ નથી.[૨૭] વળી અહીં સુધી આવવામાં પણ માત્ર વલિપુત્ર અંગદ, નીલ, કપિરાજ, સુગ્રીવ અને હું એ ચારજ વાનરોની ગતિ પહોંચી શકે એમ છે.[૨૮] હશે, ગમે તેમ હો; પરન્તુ 'સીતા જીવતાં હશે કે નહિ' તેનીજ તપાસ મારે અવશ્ય કરવી જોઇએ. સીતાને જોયા પછી જે કાંઈ વિચાર કરવો હશે તે કરીશ." [૨૯]

આ પ્રમાણે વિચાર કરતો અને પર્વતશિખરપર ઉભેલો મારૂતિ રામચંદ્રના કાર્ય માટે પુનઃ પોતાના મન સાથે કહેવા લાગ્યો કે;[૩૦] "બળવાન અને ક્રૂર રાક્ષસોના ચોકીપહેરાવાળી આ લંકાનગરીમાં હું આવાને આવા સ્વરૂપેજ પ્રવેશ કરી શકું એ તો અસંભવિત છે;[૩૧] માટે સીતાની શોધ કરવા અર્થે મારે આ મહાબળવાન, મહા પરાક્રમી અને મહાતેજસ્વી પહેરેગીર રાક્ષસોને છેતરવા જોઇશે.[૩૨] મારે મહાન કાર્ય કરવાનું છે, માટે રાક્ષસોના જોવામાં ન આવે અને કાર્ય સિદ્ધ થઇ શકે એવું ગુપ્ત સ્વરૂપ ધારણ કરીને, હું આજે રાત્રિના વખતે લંકાપુરીમાં પ્રવેશ કરીશ."[૩૩] એવો નિશ્ચય કરીને વળી દેવતાઓ અને અસુરોથી પણ જેમાં પ્રવેશ ન થઈ શકે એવી લંકા સામું જોઇને, વાયુસુત હનુમાન વારંવાર નિસાસા મૂકવા લાગ્યો અને પુનઃ પણ વિચારવા લાગ્યો કે;[૩૪] "અરે, દુરાત્મા રાવણની નજરે ચઢયા સિવાય હું જનકનંદિની સીતાનાં દર્શન શી રીતે કરી શકીશ ?[૩૫] અરે, મારે અહીંયાં કેવી રીતે વર્તવું કે જેથી મહાસમર્થ રામચંદ્રનું કાર્ય નષ્ટ ન થાય ? હું એકલો એકાંતને વિશે સીતાને શી રીતે મળી શકીશ ?[૩૬] આવા પ્રસંગો માટે નીતિશાસ્ત્રોમાં કહ્યું છે કે;

भुताश्चार्था विनश्यन्ति देशकालविरोधिताः ।
विक्लवं दूतमासाद्य तमः सूर्योदये यथा ॥

સૂર્યોદય થવાથી જેમ અંધકારનો નાશ થાય છે, તેમ કાર્યાકાર્યના વિચાર વિનાના દૂતને લીધે સિદ્ધ થવા આવેલો અર્થ પણ નાશ પામે છે. અવિચારી દૂતજ દેશ-કાળને જોયા વિના કાર્ય કરવામાં પ્રવૃત્ત થાય છે.[૩૭]

अर्थानर्थान्तरे बुद्धिर्निश्चितापि न शोभते ।
घातयन्तीह कार्याणि दूताः पण्डितमानिनः ॥

રાજાએ પોતાના સચિવો સાથે મળીને કાર્યાકાર્યને વિશે પ્રથમથી નિશ્ચિત કરેલી યુક્તિ પણ અવિચારી દૂતોને લીધે વ્યર્થ થાય છે; પોતાનેજ પંડિત માનનારા અવિચારી દૂતો રાજાના કાર્યનો નાશ કરી નાખે છે.[૩૮] તો હવે મારે શી રીતે કરવું કે જેથી રામચંદ્રનું કાર્ય ભાંગી ન પડે અને હું લોકોમાં અવિચારી ન કહેવાઉં; તેમજ મેં મહોદધીનું ઉલ્લંઘન કર્યું તે પણ વ્યર્થ ન જાય.[૩૯] જો રાક્ષસો મને જોશે તો રાવણનો નાશ કરવાની ઇચ્છાવાળા શ્રીમાન્ રઘુવીરનું કાર્ય અટકીજ પડશે.[૪૦] રાક્ષસોને છળવા અર્થે હું જો રાક્ષસનું રૂપ ધારણ કરૂં તો તે પણ તેઓની અજાણમાં જાય એમ નથી; વળી બીજા કોઈ રૂપથી તો અત્રે ક્યાંય પણ શી રીતેજ રહી શકાય ?[૪૧] અરે, રાક્ષસોના રાજા રાવણની આજ્ઞા સિવાય વાયુ પણ લંકામાં પ્રવેશ કરી શકતો નહિ હોય એમ મને લાગે છે; વળી ભયંકર કર્મવાળા આ રાક્ષસોથી અત્રે કાંઈપણ અજાણ્યું નહિ રહેતું હોય એમ હું ધારૂં છું.[૪૨] જો હું મારૂં આનું આ રૂપ રાખીને અહીંયાંજ ઉભો રહીશ તો અવશ્ય મારો વિનાશજ થશે અને રામચંદ્રનું કાર્ય રહી જશે;[૪૩] માટે રાત્રિ થશે ત્યારેજ રામચંદ્રનું કાર્યસિદ્ધ કરવા અર્થે હું સૂક્ષ્મરૂપ ધારણ કરીને લંકામાં પ્રવેશ કરીશ.[૪૪] રાત્રિ સમયે દુરાસદ એવી લંકામાં પ્રવેશ કર્યા પછી હું તેમાંનાં પ્રત્યેક ભવનોમાં પેશી પેશીને જનકતનયાની શોધ કરીશ."[૪૫]

એ પ્રમાણે નિશ્ચય કરીને જનકતનયાનાં દર્શનની આકાંક્ષાવાળો કપિવર હનુમાન સૂર્યાસ્ત થવાની વાટ જોવા લાગ્યો.[૪૬] જ્યારે સૂર્યાસ્ત થયો અને રાત પડી ત્યારે અદ્ભુત સ્વરૂપવાળો મહાપરાક્રમી મારૂતિએ પોતાના દેહને સંકોચી બીલાડાના જેવડો બનાવ્યો અને પ્રદોષ સમય વીત્યો કે તુરતજ કૂદીને÷ મોટા મોટા રાજમાર્ગોવાળી રમ્ય લંકાનગરીમાં પ્રવેશ કર્યો.[૪૭-૪૮] લંકાનગરી હારબંધ આવેલા મોટા મોટા મહાલયોથી શોભી રહી હતી અને સુવર્ણ સરખા દેખાવવાળા સ્તંભો તથા જાળીયાંવડે ગંધર્વનગર સમાન જણાતી હતી.[૪૯] તે નગરીને વિશે રાક્ષસોની સાત અને આઠમાળની હવેલીઓ સ્ફાટિક તથા સુવર્ણવડે શણગારેલાં અનેક સ્થળોથી શોભી રહી હતી. એવી રમણીય શોભાવાળી લંકાનગરીને નિરખતો કપિવર હનુમાન રાજમાર્ગપર જવા લાગ્યો.[૫૦] પ્રત્યેક ગૃહનાં દ્વારોપર લટકતાં સુવર્ણનાં તોરણોથી એ નગરી અત્યંત પ્રકાશતી હતી.[૫૧] અચિંત્ય તથા અદ્ભુત આકારવાળી લંકાને જોઈ, કપિવર હનુમાન સીતાનાં દર્શનની ઉત્કંઠાને લીધે હર્ષ અને શોકયુક્ત થવા લાગ્યો.[૫૨]

મહા બળવાન્ હનુમાને રાવણની ભુજાઓથી રક્ષણ કરાતી તથા ભયંકર બળવાળા રાક્ષસોના ચોકી-પહેરાવાળી રમણીય લંકાનગરીમાં પ્રવેશ કર્યો. એ નગરીને વિશે ચુનાથી ધોળી સફેદ બનાવેલી અને સામસામી હારબંધ આવેલી સાત સાત મજલાવાળી હવેલીઓ શોભી રહી હતી; તથા પ્રત્યેક દ્વારપર અમૂલ્ય સુવર્ણનાં તોરણો લટકી રહ્યાં હતાં.[૫૩] કપિવર હનુમાને લંકામાં પ્રવેશ કર્યો એ વેળા હજારો શીતળ કિરણોવાળો ચંદ્ર પણ જાણે તેને સહાય કરતો હોય એમ પોતાની ચાંદની વડે સર્વ લોકોને પ્રકાશિત કરતો નક્ષત્ર સમૂહની વચ્ચે ઉદય પામ્યો.[૫૪] કપિશ્રેષ્ઠ હનુમાન પણ સરોવરમાં ફરતા હંસની

÷ કીલ્લો કૂદીને.

પેઠે, આકાશમાં ઉદય પામતા, શીતળ કાંતિવાળા અને શંખ, દૂધ તથા કમળતંતુ સરખા શ્વેતવર્ણવાળા ચંદ્રને જોઈ આનંદ પામ્યો.[૫૫]

शङ्खप्रभं क्षीरमृणालवर्णमुद्गच्छमानं व्यवभासमानम् । ददर्श चन्द्रं स कपिप्रवीरः पोप्लूयमानं सरसीव हंसम् ॥५६॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બીજો સર્ગ સંપૂર્ણ. ૨

सर्ग ३ जो.

લંકા નગરી-તેમાં હનુમાનનો પ્રવેશ-લંકાની દેવી.

स लम्बशिखरे लम्बे लम्बतोयदसन्निभे । सत्वमास्थाय मेधावी हनुमान्मारुतात्मजः ॥१॥

લંબાયમાન મેઘસરખા 'લંબ' પર્વતના અત્યંત ઉંચા શિખરપર ઉભા રહી દૃષ્ટિગોચર કરેલી લંકાનગરીની સમીપ આવી, મહા બળવાન્ અને બુદ્ધિમાન હનુમાને પોતાના પરાક્રમનો આશ્રય કરી રાત્રિ સમયે તેમાં પ્રવેશ કર્યો. રાવણે રક્ષણ કરેલી એ લંકાનગરીમાં સ્થળે સ્થળે બગીચાઓ તથા રમ્ય જળાશયો દૃષ્ટિગોચર થતાં હતાં.[૧-૨] શરદ્ઋતુનાં વાદળ સરખી ધવળ હવેલીઓ શોભી રહી હતી. નગરજનોનો સમુદ્રસરખો ગંભીર ઘોષ સંભળાતો હતો અને સમુદ્રનો શીતળ વાયુ ચોમેર વાતો હતો.[૩] અત્યંત બળવાન્ રાક્ષસોની સેનાથી રક્ષણ કરાતી હોવાને લીધે, યક્ષોથી રક્ષણ કરાતી અલકાપુરી* સરખી જણાતી એ લંકાનગરીનાં પ્રત્યેક ગૃહોના મુખ્ય દ્વાર આગળ મદમત્ત હસ્તીઓ ઝુલી રહ્યા હતા અને ચુનાવડે ધોળી સફેદ કરેલાં દ્વારોપર સુંદર તોરણો લટકી રહ્યાં હતાં.[૪] ઇંદ્રની અમરાવતી સરખી એ લંકાનગરી સર્પોથી વ્યાપ્ત હોવાને લીધે પાતાળમાં આવેલી ભોગવતી નગરી જેવી જણાતી હતી. વિજળી સહિત મેઘમંડળ, નક્ષત્રો અને ગ્રહો તેનું સેવન કરતા હતા. તે નગરીમાં પ્રચંડ પવનનો સુસવાટ થઈ રહ્યો હતો. સુવર્ણનો મહાન કિલ્લો તેની ચારે બાજુ આવી રહેલો હતો[૫-૬] અને જ્યાં ત્યાં નાની નાની ઘંટડીઓના નાદવાળી પતાકાઓ ફરકી રહી હતી.

લંકાની આવી અપૂર્વ શોભાને જોઈ હર્ષિત થયેલો તથા વિસ્મય પામેલો કપિવર હનુમાન તેના કિલ્લાપર ચઢ્યો અને ત્યાં રહીને ચોમેર દૃષ્ટિ કરવા લાગ્યો. લંકાનાં સઘળાં દ્વારો સુવર્ણમય હતાં, તે (દ્વાર)નાં ચોકઠાં પણ સુવર્ણથીજ બનેલાં હતાં, પ્રત્યેક દ્વાર પાસેની ભીંતો મણિ, માણિક્ય, સ્ફટિક અને મુક્તાફળોથી શણગારેલી હતી, દ્વારોની ઉપર સુવર્ણના કૃત્રિમ હસ્તિઓ ગોઠવેલા હતા અને રૂપેરી તથા સોનેરી નકશી કામથી પ્રત્યેક દ્વારો અત્યંત શોભી રહ્યાં હતાં.[૭-૯] ઉંચેનાં દ્વારોમાં જવા માટે વૈદૂર્યમણિનાં પગથીયાંવાળી નીસરણીઓ ગોઠવી રાખી હતી, ગૃહોની અંદરની ભીંતો પણ સ્ફટિકમણિની બનેલી હતી, અત્યંત ઉંચે બનાવેલાં સભાગૃહો જાણે આકાશમાં ઉડતાંજ હોય એવાં જણાતાં હતાં.[૧૦] પ્રત્યેક દ્વારોપર ક્રૌંચ, મયૂર અને રાજહંસોના મધુર શબ્દો થઈ રહ્યા હતા તથા જ્યાં ત્યાં અનેકપ્રકારનાં નગારાં, નોબતો વગેરે વાજીંત્રોના અને આભૂષણોના ઘોષ સાંભળવામાં આવતા હતા. કુબેરની અલકાપુરી જેવી શોભાયમાન અને અનેક વાજીંત્રોના નાદથી તથા અનેક પ્રકારની સંપત્તિથી ભરેલી અને જાણે આકાશમાં ઉડતી જ હોય એવી રાવણની લંકાનગરીને જોઈ કપિવર હનુમાન અત્યંત હર્ષિત થયો. તે વિચાર કરવા લાગ્યો કે;[૧૧-૧૩] "ઉગામેલાં આયુધવાળા રાવણના સૈનિકોથી રક્ષણ કરાતી આ લંકાનગરી ઉપર ચઢાઇ કરવાને જો કે કોઈ પણ સમર્થ નથી,[૧૪] તોપણ કુમુદ, અંગદ, મહાકપિ સુષેણ, મૈંદ, દ્વિવિદ, સુગ્રીવ, દર્શ

* કુબેરની નગરી.

સરખાં રૂવાટાંવાળો વૃદ્ધ જાંબવાન અને હું એટલાઓની ગતિ તો અહીંયાં પહોંચી શકે એમ છેજ. "[15-16] એવો વિચાર કરીને તથા મહાબાહુ રામ—લક્ષ્મણનાં પરાક્રમો સંભારીને કપિકુંજર મારૂતિ આનંદ પામ્યો.[17]

રત્નોના કિલ્લારૂપી વસ્ત્રથી વીંટાયેલી; ગોશાળા, અશ્વશાળા તથા હસ્તીશાળાનાં શિખરોરૂપી કર્ણાભૂષણવાળી અને મોટી મોટી તોપો વગેરે યંત્રગૃહોના ઘુમટરૂપી સ્તનવાળી એ સુશોભિત લંકાનગરી આભૂષણોથી શણુગારેલી પ્રમદા જેવી દેખાતી હતી.[18] ચળકતી ભીંતોવાળા મોટા મોટા મહાલયો અને પ્રકાશયુક્ત દીપકોથી એ લંકાનગરીમાં અંધકાર તો કયાંય પણ જોવામાં આવતો ન હતો.[19]

કપિવર હનુમાન જે વેળા લંકાનગરીમાં પ્રવેશ કરતો હતો તે વેળા લંકાની અધિષ્ઠાત્રી દેવીની તેના પર નજર પડી.[20] તુરતજ બેડોળ મુખવાળી તથા ભયંકર સ્વરૂપવાળી એ લંકાની દેવી પોતાના સ્થાનમાંથી ઉઠી અને ઘોર ગર્જના કરતી વાયુસુત હનુમાનની આગળ આવી ઉભી રહી. તેણે હનુમાનને કહ્યું કે;[21-22] "અલ્યા વનચર! તું કોણ છે અને અહીંયાં શા માટે આવેલો છે? જ્યાંસુધી તારા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી એ સઘળું યથાર્થ રીતે તું કહી દે.[23] હે મૂર્ખ વનચર! રાવણનું સૈન્ય જેનું ચોતરફથી રક્ષણ કરે છે એવી આ લંકાનગરીમાં તું કોઈ પણ પ્રકારે પ્રવેશ કરી શકે એમ નથી."[24]

લંકાદેવીનાં ઉપર્યુક્ત વચન સાંભળીને કપિવર હનુમાને તેને કહ્યું કે; "હે ભયંકર સ્વરૂપવાળી! તું મને જે કાંઇ પૂછે છે એ સઘળું હું તને યથાર્થ રીતે કહી સંભળાવીશ;[25] પરંતુ પ્રથમ તો તુંજ મને કહે કે આવાં બીહામણાં નેત્રવાળી તું કોણ છે અને આ નગરીના દ્વાર આગળ આવીને શા માટે ઉભી છે? હે દારૂણ મૂર્તિવાળી! તું મારા પર આટલો બધો ક્રોધ કરીને મારો તિરસ્કાર શા માટે કરે છે?"[26]

હનુમાનનું વચન સાંભળીને ઇચ્છિત રૂપ ધારણ કરવાની શક્તિવાળી લંકાની દેવી અત્યંત ક્રોધાયમાન થઈને હનુમાન પ્રત્યે કઠોર વાક્ય કહેવા લાગી કે;[27] "હે વનચર! કોઈથી પણ પરાભવ નહિ પામનારી હું કે જે રાક્ષસરાજ રાવણની આજ્ઞા પ્રમાણે વર્તનારી તથા આ લંકાનગરીનું રક્ષણ કરનારી છું તેની અવજ્ઞા કરીને તું કદીપણ આ નગરીમાં પ્રવેશ કરી શકીશ નહિ. અલ્યા, જંગલમાં વસનારા વાનર! આજે તું મારા હાથથી હણાઈને અહીંયાંજ શયન કરીશ.[28-29] હે વાનર! હું પોતેજ આ લંકાની અધિષ્ઠાત્રી દેવી છું અને તેનું ચોમેરથી રક્ષણ કરૂં છું; એ કારણથીજ હું તને પ્રથમથી ચેતવણી આપું છું."[30]

લંકાદેવીનાં ઉપર્યુક્ત વચન સાંભળીને વાયુસુત કપિવર હનુમાન પર્વતની પેઠે દૃઢ થઈ ઉભો રહ્યો અને તેનો પરાજય કેવી રીતે કરવો? એ સંબંધે વિચાર કરવા લાગ્યો.[31] પછી એ લંકાદેવીને ભયંકર સ્ત્રીના વેષમાં આવેલી જોઈ મહા બુદ્ધિમાન્ હનુમાને કહ્યું કે;[32] "હે દેવી! ઉંચી ઉંચી અટારીઓ, કિલ્લાઓ તથા તોરણોવાળી લંકાનગરીને જોવાની ઇચ્છાથી હું અહીંયાં આવ્યો છું; આ નગરીને નિહાળવાની મને ઘણીજ ઉત્કંઠા છે.[33] હે લંકાદેવી! લંકાનાં વનો, ઉપવનો, ઉદ્યાનો અને શ્રેષ્ઠ ગૃહો વગેરે જોવા માટેજ હું અહીં સુધી આવ્યો છું. મને અંદર જવા દે."[34]

હનુમાનનું વચન સાંભળીને અત્યંત ક્રોધે ભરાયેલી એ કામરૂપિણી* લંકાદેવી હનુમાન પ્રત્યે પુનઃ પણ કઠોર વચન કહેવા લાગી કે;[35] "અલ્યા, દુર્બુદ્ધિવાળા નીચ વાનર! રાક્ષસોનો રાજા રાવણ જેનું પાલન કરે છે એવી મને જીત્યા સિવાય તું આજે આ નગરીમાં પ્રવેશ કરવાને કે તેને જોવાને સમર્થ નથી."[36]

લંકાદેવીનું વચન સાંભળી કપિવર હનુમાને

* ઇચ્છિત રૂપ ધરનારી.

પુનઃ પણ તેને નમ્રતાથી કહ્યું કે; "હે કલ્યાણી! હું આ નગરીને જોવા માટેજ આવેલો છું, તેથી માત્ર તેને જોઈનેજ હું જેવી રીતે આવ્યો છું તેવી રીતેજ પાછો ચાલ્યો જઈશ; માટે મને પ્રવેશવા દે."૩૭

કપિવર હનુમાનનાં ઉપર્યુક્ત વચનો સાંભળીને, અતિશય ક્રોધ પામેલી લંકાદેવીએ ભયંકર મોટી ગર્જના કરી અને અત્યંત વેગમાં આવીને પોતાના હાથના તળીયાવડે હનુમાનના મુખપર જોરથી એક લપડાક મારી.૩૮ જ્યારે લંકાદેવીએ એ પ્રમાણે જોરથી પ્રહાર કર્યો ત્યારે મહા બળવાન્ પવનસુત હનુમાને પણ તેના જેવીજ ગર્જના કરીને તથા દઢ મુષ્ટિ વાળીને ઘણાજ જોરથી લંકાદેવીને મુષ્ટિનો સખ્ત પ્રહાર કર્યો.૩૯-૪૦ તેને સ્ત્રી જાણીને મહા પરાક્રમી હનુમાને અતિશય ક્રોધ કર્યો નહિ અને તેના પર બીજી વાર મુષ્ટિ ચલાવી નહિ, તોપણ તેના એકજ પ્રહારથી બેડોળ મુખવાળી તથા ભયંકર સ્વરૂપવાળી એ લંકાદેવી વિકળ અંગવાળી થઈને એકદમ પૃથ્વીપર પડી ગઈ.૪૧ તેને પૃથ્વીપર પડેલી જોઈને અત્યંત તેજસ્વી અને શૂરવીર હનુમાને સ્ત્રી જાણીને દયાની લાગણીથી જીવતી મૂકી; અર્થાત્ પુનઃ તેના પર પ્રહાર કર્યો નહિ.૪૨ કપિવર હનુમાનનું એવું પરાક્રમ જોઈને ગર્વ રહિત થયેલી અને અત્યંત ઉદ્વેગ પામેલી એ લંકાદેવી હનુમાન પ્રત્યે ગદ્ગદ્ વાણીથી કહેવા લાગી કે;૪૩ "હે મહાબાહુ! હે કપિસત્તમ! હે સૌમ્ય! મારા પર દયા કર, દયા કર. પ્રસન્ન થા, પ્રસન્ન થા. મહાબળવાન્ અને શૌર્યવાન્ વિવેકી પુરૂષો સ્ત્રીને હણવી નહિ" એવી શાસ્ત્રાજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન કરતા નથી.૪૪ હે મહાબળવાન્ પ્લવંગમ! હું પોતેજ લંકાનગરી છું. હે વીર! આજે તેં તારા પરાક્રમ–બળવડે મને જીતી છે.૪૫ હે હરીશ્વર! હવે હું જે સત્ય વાત છે તે તને કહું છું. પૂર્વે બ્રહ્મદેવે મને વરદાન આપ્યું છે કે, "જ્યારે કોઈ વાનર પોતાના પરાક્રમે કરી તને જીતીને વશ કરે ત્યારે તારે જાણવું કે હવે રાક્ષસોના માથે મોટો ભય આવી પહોંચ્યો છે."૪૬-૪૭ હે સૌમ્ય! હે વાનર! આજે તારૂં દર્શન થવાથી હવે તે સમય નજીકમાં આવી પહોંચ્યો છે એમ હું માનું છું. બ્રહ્મદેવનું વરદાન કદી પણ મિથ્યા થાય નહિ.૪૮ હું ધારૂં છું કે સીતાનું હરણ કર્યું એ કારણથી હવે દુરાત્મા રાવણનો તથા સર્વ રાક્ષસોનો વિનાશકાળ સમીપ આવી પહોંચ્યો છે.૪૯ હે વાનરશ્રેષ્ઠ! તું રાવણે પાલન કરેલી લંકાનગરીમાં સુખેથી પ્રવેશ કર અને જે જે કાર્યો કરવાની તારી ઇચ્છા હોય તે સર્વ સુખેથી કર.૫૦ હે વાનરર્ષભ! નંદિકેશ્વરનો શાપ થવાને લીધે હણાઈ ચુકેલી÷ અને રાક્ષસોના રાજા રાવણથી પાલન કરાતી આ લંકાનગરીમાં તું સુખેથી પ્રવેશ કર અને પોતાની ઇચ્છા પ્રમાણે સર્વત્ર ફરીને જનકતનયા સીતાની શોધ કર.૫૧

प्रविश्य शापोपहतां हरीश्वरः पुरीं शुभां राक्षसमुख्यपालिताम् । यदृच्छया त्वं जनकात्मजां सतीं विमार्ग सर्वत्र गतो यथासुखम् ॥ ५१ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૩

સર્ગ ૪ થો.

લંકા નગરી–તેની રમણીયતા.

स निर्जित्य पुरीं लङ्कां श्रेष्ठां तां कामरूपिणीम् ।
विक्रमेण महातेजा हनूमान्कपिसत्तमः ॥१॥

ઇચ્છિત રૂપ ધરનારી લંકાદેવીને પોતાના પરાક્રમવડે જીતીને મહાતેજસ્વી કપિવર હનુ-

÷ પૂર્વે નંદિકેશ્વરે શાપ આપ્યો હતો કે, જ્યારે લંકાનગરીમાં હનુમાન પ્રવેશ કરશે ત્યારે તેનો નાશ થશે.

માન રાત્રિ સમયે દરવાજામાં નહિ પ્રવેશતાં કિલ્લો ઓળંગી લંકામાં ગયો.*[૧-૨] સુગ્રીવનું હિત કરનારા કપિકુંજર હનુમાને લંકામાં પ્રવેશતી વેળા પહેલવહેલોજ પોતાનો ડાબો ચરણ પૃથ્વીપર મૂક્યો; કેમકે એમ કરવાથી શત્રુઓના મસ્તકપર ચરણ મૂક્યો ગણાય છે.+[૩] રાત્રિ સમયે લંકામાં પ્રવેશ કર્યા પછી પવનસુત હનુમાન ખરી પડેલાં પુષ્પોથી શોભી રહેલા રાજમાર્ગપર થઇને નગરીમાં વિચરવા લાગ્યો. મેઘમંડળથી જેમ આકાશ શોભે છે તેમ ઐરાવત હાથી સરખા શ્વેત જણાતા અને મણિજડિત જાળીયાંવાળા તેમજ અટ્ટહાસની સાથે થતા અનેક પ્રકારનાં વાજીંત્રોના નાદવાળા ઉત્તમ મહાલયોથી એ નગરી શોભી રહી હતી.[૪-૬] શ્વેત વાદળ સરખાં અને ચોતરફથી શણગારેલાં રાક્ષસોનાં 'પદ્મ, સ્વસ્તિક, નંદ્યાવર્ત' અને 'વર્ધમાન' એવા નામનાં ચિત્રવિચિત્ર મંદિરોથી એ નગરી ઝળીહળી રહી હતી. અનેક જાતનાં પુષ્પવૃક્ષોથી શોભતી લંકા નગરીને જોઈ સુગ્રીવનું હિત કરનારો તથા રઘુવીરના કાર્ય માટે ફરનારો કપિવર હનુમાન અત્યંત આનંદ પામ્યો. મહાવીર હનુમાન એક ભુવનમાંથી નીકળી બીજા અને બીજામાંથી નીકળી ત્રીજા એમ પ્રત્યેક ભુવનોમાં પ્રવેશ કરી અનેક પ્રકારનાં ભવ્ય મંદિરોને જોવા લાગ્યો અને અંતરિક્ષમાં થતા અપ્સરાઓના ગાયન સરખું, કામપીડિત રાક્ષસીઓનું ત્રણે સ્થાનમાંથી ઉત્પન્ન થતા સ્વરવાળુ ગાયન સાંભળવા લાગ્યો. એ વેળા રાક્ષસીઓની કટિમેખલાનો તથા નૂપુરોનો અવાજ અને નીસરણીઓનાં પગથીયાંનો ખડખડાટ તથા સ્થળે સ્થળે ક્રીડા કરી રહેલા રાક્ષસોના પરસ્પર તાલિ આપવાના અવાજ અને તેઓના સિંહનાદ પણ તેને શ્રવણગોચર થવા લાગ્યા.[૭-૧૨] કેટલાએક રાક્ષસો પોતાના ઘરમાં બેઠા બેઠા મંત્રજપ કરી રહ્યા હતા, કેટલાએક સ્વાધ્યાયમાં નિમગ્ન હતા અને કેટલાએક મોટી ગર્જનાઓ કરી રાવણની સ્તુતિ ગાતા હતા. એ સર્વને જોતો જોતો કપિવર હનુમાન જ્યારે લંકાનગરીની મધ્યમાં પહોંચ્યો ત્યારે ત્યાં આગળ રાવણે રક્ષણ કરવા માટે રાખેલા અનેક રાક્ષસો તેના જોવામાં આવ્યા. એ ચોકી કરનારા રાક્ષસોમાંના કેટલાક વ્રતધારી હતા, કેટલાક જટાધારી હતા, કેટલાક મુંડિતમુંડ હતા, કેટલાકોએ ગાયનું ચર્મ ઓઢેલું હતું,[૧૩-૧૫] કેટલાકના હાથમાં દર્ભરૂપી આયુધો હતાં, કેટલાકની આગળ અગ્નિકુંડોરૂપી હથિયારો પડયાં હતાં અને કેટલાકના હાથમાં ગુપ્તિ, દંડ તથા મુદ્ગર વગેરે આયુધો હતાં.[૧૬] એ ચોકી કરનારા રાક્ષસોમાંના કેટલાકને માત્ર એકજ આંખ હતી, કેટલાકને એકજ કાન હતો અને કેટલાકની છાતીપર એકજ સ્તન લબડતો હતો. તેમાંના કેટલાક વિકાળ રૂપવાળા, કેટલાક ભયંકર મુખવાળા, કેટલાક બેડોળ અંગવાળા અને કેટલાક ઠીંગણા શરીરવાળા હતા.[૧૭] એ રક્ષકોમાંના કેટલાકે ધનુષ્ય, ઢેઢ-

* રાજાએ અથવા રાજદૂતે શત્રુના નગરમાં પ્રવેશ કરતી વેળાએ તેના દરવાજે થઈ નહિ પ્રવેશતાં, કોઈ પણ ઉપાયથી બીજા માર્ગે પ્રવેશ કરવો શ્રેયસ્કર છે. એ માટે કહ્યું છે કેઃ—**ग्रामं वा नगरं वापि पत्तनं वा परस्य हि। विशेषात्समये सौम्य न द्वारेण विशेन्नृपः॥** રાજાએ અથવા રાજપુરૂષે શત્રુના ગ્રામમાં, કસ્બામાં અથવા નગરમાં પ્રવેશ કરતી વખતે દરવાજામાં થઇ પ્રવેશ કરવો નહિ. **रामानुजीय संस्कृत टीका.**

+બૃહસ્પતિ સ્મૃતિમાં કહ્યું છે કેઃ—**प्रयाणकाले स्वगृहप्रवेशे विवाहकालेऽपि च दक्षिणाङ्घ्रिम्। कृत्वाग्रतः शत्रुपुरप्रवेशे वामं निदध्याच्चरणं नृपालः॥** પ્રયાણ કરતી વેળા, પોતાના ઘરમાં પ્રવેશતી વેળા તથા વિવાહાદિ માંગલિક કાર્ય માટે જતી વેળા મનુષ્યે પ્રથમ પોતાનો જમણો ચરણ ઉપાડી ગમન કરવું અને રાજાએ શત્રુના નગરમાં પ્રવેશતી વેળા પોતાનો ડાબો ચરણ ઉપાડી પ્રવેશ કરવો. **गो. टी.**

લાકે તલવાર, કેટલાકે શતઘ્ની, કેટલાકે મુસળ અને કેટલાકે પરિઘ વગેરે ઉત્તમ આયુધો ગ્રહણ કર્યાં હતાં અને પોતપોતાનાં અંગપર વિચિત્ર કવચો પહેર્યાં હતાં.[૧૮] તેઓ બહુ જાડા નહિ તેમજ બહુ સુકાયેલા પણ નહિ, બહુ ઉંચા નહિ તેમ બહુ નીચા પણ નહિ, બહુ ગોરા નહિં તેમજ બહુ કાળા પણ નહિ અને બહુ કુબડા નહિ તેમજ બહુ ઠીંગણા પણ નહિં એવા હતા.[૧૯] તેમાંના કેટલાક રૂપ વિનાના તો કેટલાક વળી બહુ રૂપાળા હતા. કેટલાક સુંદર રૂપવાળા અને કેટલાક તો દેદીપ્યમાન કાંતિવાળા હતા. કેટલાકોએ ધ્વજાઓ, કેટલાકોએ પતાકાઓ, કેટલાકોએ સાંગ અને વૃક્ષ વગેરે આયુધો, કેટલાકોએ પટ્ટિશ અને અશનિ વગેરે હથિયારો તથા કેટલાકોએ બંદૂક અને પાશ વગેરે આયુધો ધારણ કર્યાં હતાં. એ સર્વ રક્ષકો પુષ્પમાળાઓને ધારણ કરનારા, ચંદનવડે ચર્ચેલા, ઉત્તમ આભૂષણોથી ભૂષિત, નાના પ્રકારના વેષને ધારણ કરનારા અને પોતાની ઈચ્છા પ્રમાણે વિચરનારા હતા. તેઓની પાસે ત્રિશૂળ અને વજ્ર વગેરે આયુધો જણાતાં હતાં. એ પ્રમાણે રાવણની આજ્ઞાથી લંકાનગરીની મધ્યમાં આવેલી છાવણીપર રહેલા તથા સાવધાનપણે રક્ષણ કરનારા સેંકડો અને હજારો રાક્ષસો કપિવર હનુમાનના જોવામાં આવ્યા. આ સર્વ રાક્ષસો રાવણના મહેલની-તેના અંતઃપુરની રક્ષા કરતા હતા. હવે કપિશ્રેષ્ઠ હનુમાન આ સ્થળે આવી પહોંચ્યો અને રાક્ષસરાજ રાવણનો મહાલય તેની દૃષ્ટિએ પડયો. એ મહેલ પર્વતના ઉંચા શિખરપર આવેલો હતો. તેનાં પ્રત્યેક દ્વારોપર શુદ્ધ સુવર્ણનાં તોરણો લટકી રહ્યાં હતાં. તેની ચારે બાજુ શ્વેત કમળોથી શોભી રહેલી ઉંડી ખાઈ હતી અને ચોતરફ ઉંચો કિલ્લો વીંટાયેલો હતો. સ્વર્ગના જેવી દિવ્ય શોભાવાળો અને દિવ્ય વાજીંત્રોના નાદથી ગાજી રહેલો રાવણનો આ રાજમહેલ જોઈને કપિવર હનુમાન હર્ષિત થયો.[૨૦-૨૬] એ રાજમહેલની પાસે આવેલી અશ્વશાળાઓમાં અદ્ભુત આકારવાળા અશ્વો હણહણી રહ્યા હતા અને ગજશાળાઓમાં શરદ્ ઋતુનાં વાદળ સરખા શ્વેત અને ચાર દંતૂશળવાળા હસ્તીઓ તથા બીજા પણ અનેક જાતના હસ્તીઓ ચીતકાર શબ્દ કરી રહ્યા હતા. વળી તે રાજમહેલના મોટા દરવાજા ઉપર મદમત્ત મૃગો તથા પક્ષીઓ વિચરી રહ્યાં હતાં અને મહા પરાક્રમી રાક્ષસો તેની ચોકી કરતા બેઠા હતા. એવી રીતે અત્યંત સુરક્ષિત થયેલા રાવણના રાજમહેલને જોઈ કપિકુંજર હનુમાને તેમાં પ્રવેશવાની ઈચ્છા કરી.[૨૭-૨૮-૨૯] રાવણનો રાજમહેલ કે જેની ચારે બાજુ ઉત્તમ સુવર્ણનો કિલ્લો આવી રહ્યો હતો, જેનાં શિખરો અમૂલ્ય રત્નોથી શણગારેલાં હતાં અને જેમાં કાલાગુરૂ વગેરે કિંમતી સુગંધ પદાર્થોનો ધૂપ થઈ રહ્યો હતો તેમાં પ્રવેશ કરવા માટે કપિશ્રેષ્ઠ હનુમાન તૈયાર થયો.[૩૦]

स हेमजाम्बूनदचक्रवालं महार्हमुक्तामणिभूषितान्तम् । परार्ध्यकालागुरुचन्दनार्हं स रावणान्तःपुरमाविवेश ॥३०॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચોથો સર્ગ સંપૂર્ણ. ૪

સર્ગ ૫ મો.

લંકાનગરી-તેની વિલાસપ્રિયતા.

ततः स मध्यंगतमंशुमन्तं ज्योत्स्नावितानं मुहुरुद्वमन्तम् । ददर्श धीमान्भुवि भानुमन्तं गोष्ठे वृषं मत्तमिव भ्रमन्तम् ॥१॥

લંકાનગરીને વિશે સીતાની શોધ કરવા માટે ચોતરફ ફરતા કપિવર હનુમાને આકાશ તરફ દૃષ્ટિ કરી તો ગાયોના ટોળામાં ભ્રમણ કરતા મદોન્મત્ત વૃષભની પેઠે, તારાઓના સમૂહમાં ઉદય પામેલો શીતળ કિરણોવાળો અને સૂર્યના યોગથી વારંવાર પોતાની

જ્યોત્સ્નાને વિસ્તારતો× ભગવાન ચંદ્ર તેના જોવામાં આવ્યો.[1] એ ચંદ્ર શીતળ અને પ્રકાશયુક્ત કિરણવાળો હોવાથી લોકોનાં પાપ-દુઃખને નિવારતો, સમુદ્રને વધારતો અને સર્વ ભૂત-પ્રાણીઓને પ્રકાશિત કરતો આકાશમાં ચઢવા લાગ્યો. તેને કપિવર હનુમાને દીઠો.[2] જે લક્ષ્મી* પૃથ્વીપર રહેલા મંદરાચળમાં શોભે છે, જે લક્ષ્મી પ્રદોષ સમયે સમુદ્રમાં શોભે છે તથા જે લક્ષ્મી દિવસે જળમાં ઉગેલાં કમળોને વિશે શોભે છે, તે લક્ષ્મી એ વેળાએ ચંદ્રમામાં શોભવા લાગી.[3] જેવી રીતે રૂપેરી પીંજરામાં હંસ શોભે, મંદરાચળની કંદરામાં સિંહ શોભે તથા મદમત્ત હસ્તીપર બેઠેલો શૂરવીર શોભે તેવી રીતે આકાશમાં રહેલો ચંદ્ર શોભવા લાગ્યો.[4] કલંકરૂપ હરિણનાં શીંગડાંવાળો ભગવાન ચંદ્ર તીક્ષ્ણ શૃંગવાળા વૃષભ જેવો, ઉંચાં શિખરોવાળા શ્વેત પર્વત જેવો તથા સુવર્ણથી મઢેલા દંતૂશળવાળા હાથી જેવો શોભવા લાગ્યો.[5] વર્ષાકાળ વ્યતીત થવાથી જેનો તુષારરૂપી÷ કાદવ નષ્ટ થયો છે, સૂર્યનાં કિરણો મળવાથી જેના તેજની વૃદ્ધિ થયેલી છે તથા અત્યંત પ્રકાશને લીધે જેનું શ્યામવર્ણું કલંક પણ ઉજ્વળ બની ગયું છે એવો ભગવાન્ ચંદ્ર અધિક શોભવા લાગ્યો.[6] જેમ મહાવનમાં શિલાપર બેઠેલો સિંહ શોભે છે, સંગ્રામભૂમિમાં ઉભો રહેલો હસ્તી શોભે છે અને રાજ્ય ગાદીપર બેઠેલો રાજા શોભે છે તેમ આકાશમાં ચઢેલો ચંદ્ર શોભવા લાગ્યો.[7] અત્યંત પ્રકાશયુક્ત ચંદ્રનો ઉદય થવાથી જેનો અંધકારરૂપી દોષ નાશ પામ્યો છે; પરંતુ રાત્રિ પ્રવૃત્ત થવાથી જેમાં રાક્ષસોની માંસ ભક્ષણ કરવાની લાલસારૂપી દોષ વૃદ્ધિ પામ્યો છે અને જેણે સ્ત્રીઓના પ્રણયકલહને શમાવી નાખ્યો છે એવો ભગવાન પ્રદોષ-રાત્રિસમય એ વેળા કામીજનોને સુખરૂપ થઈ પડયો હતો.[8]

એ સમયે મહા બુદ્ધિમાન્ કપિવર હનુમાન લંકાનગરીમાં સર્વત્ર વિચરી રાક્ષસોનાં ગૃહો તપાસતો હતો. એ સમયે કાનને સુખ આપે એવા વીણાઓના મધુર સ્વર સંભળાતા હતા. સ્ત્રીઓ પોતાના પતિની સાથે સુખપૂર્વક સૂતી હતી અને અત્યંત ક્રૂર કર્મ કરનારા રાક્ષસો આહાર શોધવા અર્થે જ્યાં ત્યાં નીકળી પડયા હતા. કેટલાંક ગૃહો મોટા મોટા રથ, અશ્વ તથા ભદ્રાસન વગેરેથી ભરપૂર હતાં અને તેમાં શૂરવીરપણાથી શોભતા, ઐશ્વર્યના મદથી છકી ગયેલા તથા મદ્યપાન કરવાથી ઉન્મત્ત બનેલા રાક્ષસો વસતા હતા.[9-10] એ મદમત્ત રાક્ષસો પોતાની સ્થૂળ ભુજાઓ વડે એક બીજાની પીઠ થાબડતા અને ઉત્તર-પ્રત્યુત્તર કરતા પરસ્પર અસભ્ય શબ્દો બોલી એક બીજાનો તિરસ્કાર કરતા હતા.[11] મદ્યપાન કરવાથી ઉન્મત્ત થયેલા કેટલાક રાક્ષસો વારંવાર પોતાની છાતી ઠોકતા હતા, પોતાનાં હાથ-પગ વગેરે અંગોને સ્ત્રીઓપર નાખતા હતા, સ્ત્રીઓને પ્રસન્ન કરવા સારૂ નાના પ્રકારના વેષ ધરતા હતા તથા ધનુષ્યની પ્રત્યંચાને ખેંચતા હતા.[12] વળી કેટલીક સ્ત્રીઓ પોતાના શરીરપર અંગરાગ+ લગાવતી હતી, કેટલીક સુખેથી નિદ્રાવશ થઈ હતી તથા સુંદર મુખવાળી અને સ્વરૂપવાળી કેટલીક સ્ત્રીઓ હાસ્ય કરતી હતી. વળી કુપિત થયેલી કેટલીક સ્ત્રીઓ નિશ્વાસ મૂકતી જણાતી હતી.[13] જેમ ફુંફાડા નાખતા સર્પોથી જળના ધરાઓ શોભે તેમ ચીત્કાર કરતા હસ્તીઓથી, સત્કાર પામેલા વિભીષણાદિ સજ્જનોથી તથા નિઃશ્વાસ મૂકતા શૂરવીરોથી લંકાનગરી અત્યંત શોભતી હતી.[14] એ નગરીમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળા, સત્ય વચન-

× સૂર્યનાં કિરણો પડવાથી ચંદ્ર પ્રકાશે છે એવું જ્યોતિઃશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

* સૌન્દર્ય અથવા શોભા.

÷ ઝાકળનું પાણી.

+ ચંદન વગેરે.

વાળા, વેદ અને શાસ્ત્રોપર શ્રદ્ધાવાળા, જગતમાં મુખ્ય ગણાયેલા, અનેક પ્રકારના વેષવાળા તથા સુંદર નામવાળા કેટલાએક રાક્ષસો વસતા હતા. તે સર્વને હનુમાને જોયા.[૧૫] સુંદર રૂપવાળા તથા તેના રૂપને યોગ્ય ઉત્તમ ગુણોવાળા એ રાક્ષસોને જોઈ કપિવર હનુમાન આનંદ પામ્યો. કેટલાક રાક્ષસો અતિશય રૂપાળા હતા તો કેટલાક કદ્રૂપા હતા.[૧૬] ત્યારપછી હનુમાને જોયું તો અમૂલ્ય આભૂષણો ધારણ કરનારી એ રાક્ષસોની સ્ત્રીઓ પણ શુદ્ધ અંતઃકરણવાળી, મહાન પ્રભાવવાળી, મદ્યપાન કરવામાં આસક્ત મનવાળી તથા તારાઓ સરખી પ્રકાશિત કાંતિવાળી જોવામાં આવી.[૧૭] અત્યંત હર્ષિત થયેલી પક્ષિણી જેમ પોતાના પક્ષી–પતિને ભેટી પડે છે, તેમ અત્યંત રૂપવાળી કેટલીક સ્ત્રીઓ અર્ધ રાત્રિના સમયે પોતાના સ્વામીને ભેટીને લજ્જાયુક્ત થઇ હતી, એ પણ હનુમાનના જોવામાં આવી.[૧૮] કેટલીક સ્ત્રીઓ પોતાના વિલાસભવનોમાં સ્વામીઓના ખોળામાં સુખપૂર્વક બેઠી હતી, કેટલીક સ્ત્રીઓ પોતાના સ્વામીઓને પ્રિય થઈ પડેલી હતી, કેટલીક સ્ત્રીઓ પોતાના પતિની સેવામાં તત્પર હતી અને કેટલીક સ્ત્રીઓ કામ પીડાને લીધે વિહ્વલ બની ગઇ હતી; તે સર્વને બુદ્ધિમાન હનુમાને જોઇ.[૧૯] રાક્ષસોની સ્ત્રીઓમાં કોઈ સ્ત્રી ઉત્તરીય વસ્ત્ર વિનાની હોવાથી સુવર્ણરેખા જેવી અથવા તપાવેલા સુવર્ણ સરખા વર્ણવાળી જણાતી હતી; કોઈ સ્ત્રી ચંદ્રસમાન કાંતિવાળી તો કોઈ સ્ત્રી સુંદર દેખાવવાળી અને સ્વામીથી રીસાયેલી જણાતી હતી.[૨૦] બહુ લાંબા સમયે પતિનો સમાગમ થવાથી અત્યંત આનંદિત થયેલી કેટલીક સ્ત્રીઓ મનોહર સ્વરૂપવાળી જણાતી હતી, તથા પુષ્પગુચ્છોથી સુંદર બનેલી અને હર્ષિત થયેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પતિના મનને આનંદિત કરતી હતી; તે સર્વ કપિવર હનુમાનના જોવામાં આવી.[૨૧] લંકાનગરીમાં સર્વત્ર ફરતાં કપિશ્રેષ્ઠ હનુમાને જોયું તો ચંદ્રસમાન પ્રકાશવાળાં સ્ત્રીઓનાં મુખમંડળો, સુંદર પાંપણોવાળી અને વાંકી દૃષ્ટિએ જોનારી તેમનાં નેત્રોની પંક્તિઓ તથા વિજળીની પેઠે ચમકતાં તેમનાં આભૂષણો દૃષ્ટિએ પડયાં.[૨૨]

પવનસુત હનુમાને સર્વત્ર ફરીને એટલી એટલી સ્ત્રીઓ જોઈ; પરંતુ ઉત્તમ કુળમાં જન્મેલાં, ધર્મનું પ્રતિપાલન કરનારા રાજકુળમાં ઉત્પન્ન થયેલાં, પ્રફુલ્લિત લતાની પેઠે સારી રીતે ઉછેરાયેલાં, કૃશ અંગવાળાં, શુદ્ધ અંતઃકરણવાળાં, પતિવ્રત ધર્મનું પાલન કરનારાં, પોતાના પતિ રામચંદ્રનેજ ઝંખી રહેલાં અને રામચંદ્રના મનમાં વસી રહેલાં, સઘળી સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ, રામવિયોગને લીધે ઉપજેલા વિરહાગ્નિથી તપી રહેલાં, સુંદર પાંપણોવાળાં, વનમાં ફરનારી મયૂરીના સરખા મધુરા કંઠવાળાં, પરંતુ સાંપ્રત સમયમાં અસ્પષ્ટ દેખાતી ચંદ્રલેખા સરખાં, ધૂળમાં રગદોળાયેલી સુવર્ણલેખા સરખાં, ઔષધાદિના ઉપચારોવડે રૂઝાયેલી વ્રણરેખા સરખાં અને વાયુના વેગને લીધે આછી થયેલી મેઘલેખા સરખાં જનકનંદિની સીતા કે જેનો કંઠ પૂર્વે ઉત્તમ ચંદ્રહાર વગેરે આભૂષણોથી અલંકૃત રહેતો હતો, તે કંઠ હમણાં રાવણને વશ પડવાને લીધે નિરંતર અશ્રુજળથી ભીંજાયેલો રહે છે તે સતી સીતા ક્યાંય પણ તેના જોવામાં આવ્યાં નહિ.[૨૩-૨૬]

ઘણીવાર સુધી શોધ કરવા છતાં કપિવર હનુમાને બોલનારાઓમાં શ્રેષ્ઠ એવા મનુજેશ્વર રામચંદ્રનાં પ્રિય પત્ની સીતાને દીઠાં નહિ; ત્યારે તે દુઃખને લીધે થોડીકવાર મંદોત્સાહ થઇ ગયો.[૨૭]

सीतामपश्यन्मनुजेश्वरस्य रामस्य पत्नीं वदतां वरस्य। बभूव दुःखोपहतश्चिरस्य प्लवङ्गमो मन्द इवाचिरस्य ॥२७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પાંચમો સર્ગ સંપૂર્ણ.૫

સર્ગ ૬ ઠ્ઠો.

લંકાનગરી-રાવણનો મહેલ.

स निकामं विमानेषु विचरन्कामरूपधृक् ।
विचचार कपिर्लंकां लाघवेन समन्वितः ॥१॥

લંકામાં આવેલી સાત સાત માળની હવેલીઓમાં પોતાની ઇચ્છા પ્રમાણે વિચરતો કપિવર હનુમાન અતિ ઉતાવળે લંકાનગરીમાં ફરવા લાગ્યો.[1] ફરતે ફરતે અંતે તે સૂર્યસરખા પ્રકાશવાળા કિલ્લાથી ઘેરાયેલા રાક્ષસાધિપતિ રાવણના રાજમહેલ આગળ આવી પહોંચ્યો.[2] સિંહો જેમ મોટા વનનું રક્ષણ કરે તેમ ભયંકર રાક્ષસો એ રાજમહેલનું રક્ષણ કરતા હતા. રાત્રિ હોવા છતાં પણ ચંદ્રનું અજવાળું પડવાને લીધે કપિવર હનુમાન તે રાજમહેલને સારી રીતે જોઇ શક્યો.[3] વિચિત્ર દેહીઓથી રમણીય જણાતા એ રાજમહેલનાં પ્રત્યેક દ્વારો રૂપેરી નકશી કામથી ચિત્રવિચિત્ર દેખાતાં હતાં અને તેમના ઉપર સુવર્ણથી શણગારેલાં તોરણો લટકી રહ્યાં હતાં.[4] એ રાજમહેલ હસ્તીઓપર બેઠેલા મહાવતોથી, શ્રમરહિત શૂરવીર યોદ્ધાઓથી અને જેનો વેગ કદીપણ સ્ખલિત થાય નહિ એવા રથમાં જોડવાના અશ્વોથી શોભી રહ્યો હતો.[5] સ્થળે સ્થળે ગોઠવેલી દાંતની, સુવર્ણની તથા રૂપાની પ્રતિમાઓથી રમ્ય જણાતા એ રાજમહેલની આગળ નિરંતર સિંહો અને વ્યાઘ્રોના ચામડાથી મઢેલા તથા ઝીણી ઝીણી ઘંટડીઓના નાદવાળા વિચિત્ર રથોની આવજાવ જામી રહેતી હતી.[6] અમૂલ્ય આસનોથી અલંકૃત અને ઘણાં રત્નોથી ભરેલો એ રાજમહેલ મોટા મોટા રથોના સંગ્રહસ્થાનરૂપ તથા મહારથીઓના નિવાસરૂપ હતો.[7] વળી તે રાજમહેલ જોવા લાયક અને અત્યંત સુંદર એવાં જાતજાતનાં હજારો મૃગ-પક્ષીઓથી ભરપૂર હતો.[8] તેના બહારના વિભાગનું રક્ષણ કરનારા રાક્ષસો નમ્ર સ્વભાવવાળા હતા; તેમાં ઉત્તમ સ્વરૂપવાળી અનેક સ્ત્રીઓ વિરાજતી હતી.[9] તે રાજમહેલ હર્ષઘેલી પ્રમદાઓથી શોભી રહ્યો હતો અને સ્ત્રીઓનાં શ્રેષ્ઠ આભૂષણોના નાદથી સમુદ્રની પેરે ગાજી રહ્યો હતો.[10] શ્રેષ્ઠ સુગંધી ચંદનોથી તથા છત્ર-ચામરાદિથી શોભી રહેલો એ રાજમહેલ સિંહોથી ભરેલા મોટા વનની પેઠે મહાજનોથી ભરપૂર હતો.[11] ભેરી, મૃદંગ તથા શંખ વગેરેના શબ્દોથી નાદિત થઇ રહેલ એ રાજમહેલમાં પર્વણીના દિવસે યજ્ઞને અર્થે સોમરસ વાટવામાં આવતો હતો; અર્થાત્ સોમવલ્લીને વાટી તેનો રસ કાઢવામાં આવતો હતો અને રાક્ષસો ત્યાં દરરોજ ઇષ્ટિદેવ અગ્નિનું પૂજન કરતા હતા.÷[12] મહાસમર્થ રાક્ષસેંદ્ર રાવણનો એ મોટો રાજમહેલ કે જે અમૂલ્ય રત્નોથી શણગારેલો, સમુદ્ર સરખો ગંભીર, વાજીંત્રો વગેરેના નાદથી સમુદ્રની પેઠે ગાજી રહેલો, હસ્તી, અશ્વ અને રથથી વ્યાપ્ત તથા અત્યંત પ્રકાશમાન હતો. તેને જોઇ મહાકપિ હનુમાન "અહો ! આ મહેલ આખી લંકાના શણગારરૂપ છે ! !" એમ માનવા લાગ્યો અને તેની આસપાસનાં ઉદ્યાનો તથા પ્રાસાદોને નિર્ભયપણે નિહાળવા લાગ્યો.

ત્યારપછી સીતાની શોધ કરવા માટે કપિવર હનુમાન એ લંકાનગરીમાં એક ઘરમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા એમ દરેક ઘરમાં કૂદી કૂદીને ફરવા લાગ્યો.[13-16] મહાકપિ હનુમાન મોટા વેગથી પ્રહસ્તના મંદિરપર ચઢી ગયો; ત્યાંથી કૂદીને મહાપાર્શ્વના ગૃહમાં ગયો.*[17] ત્યાંથી નીકળીને વળી મેઘસમાન ગંભીર દેખાતા કુંભકર્ણના ગૃહમાં ગયો અને ત્યાંથી કૂદીને વિભીષણના મંદિરમાં ગયો.[18] ત્યારપછી મહાવેગવાળો અને વાયુનો પુત્ર કપિવર હનુમાન,

---

÷ રાવણ અગ્નિહોત્રી હતો, તેથી તેને ત્યાં નિત્ય અગ્નિ પૂજન થતું અને પ્રત્યેક પર્વણીના દિવસે મોટી ઇષ્ટિ કરવામાં આવતી હતી.

* પ્રહસ્ત અને મહાપાર્શ્વ વગેરે રાવણના પ્રધાનો, વિભીષણ વગેરે ભાઇઓ અને ઇંદ્રજીત વગેરે પુત્રો હતા.

મહોદર,× વિરૂપાક્ષ,+ વિદ્યુજ્જિહ્વ,[૧] વિદ્યુન્માલી,[a] બહુદંષ્ટ્ર,[b] શુક, બુદ્ધિમાન્ સારણ, ઇંદ્રજીત,[c] જંબુમાલી, સુમાલી, રશ્મિકેતુ, સૂર્યશત્રુ,[d] વજ્રકાય,[e] ધૂમ્રાક્ષ,[f] સંપાતિ,[g] વિદ્યુદ્રૂપ,[h] ભીમ, ઘન, વિઘ્ન, શુકનાભ, ચક્ર, શઠ, કપટ, હ્રસ્વકર્ણ,[i] દંષ્ટ્ર, લોમશ,[j] યુદ્ધોન્મત્ત,[k] મત્ત, મોટો નાદ કરનાર ધ્વજગ્રીવ,[l] વિદ્યુજ્જિહ્વ,* દ્વિજીહ્વ,[m] હસ્તિમુખ,[n] કરાળ, વિશાળ અને શોણિતાક્ષ[o] વગેરે રાક્ષસોનાં ગૃહોમાં ગયો અને એ રીતે મહાકપિ હનુમાને લંકાનગરીના સમૃદ્ધિવાળા સર્વ રાક્ષસોની સમૃદ્ધિ જોઇ લીધી.[૧૯-૨૭]

એ પ્રમાણે મુખ્ય મુખ્ય રાક્ષસોનાં ગૃહોમાં ફરી, સર્વત્ર શોધ કરીને મહાબળવાન્ વાયુકુમાર હનુમાન પુનઃ રાવણના રાજમહેલ આગળ આવ્યો અને તેમાં પ્રવેશ કર્યો.[૨૮] ત્યાં આગળ તેણે બીહામણાં નેત્રવાળી અને ત્રિશૂળ, તોમર, મુદ્ગર તથા શક્તિ વગેરે આયુધોને ગ્રહણ કરીને રાવણના શયનસ્થાનનું રક્ષણ કરી રહેલી કેટલીક રાક્ષસીઓને દીઠી; તેમજ રાવણના અંતઃપુરમાં બીજી પણ કેટલીક રાક્ષસીઓ તેના જોવામાં આવી.[૨૯-૩૦] ત્યાં આગળ નાના પ્રકારનાં હથિયારો ઉગામી પહેરો ભરી રહેલા મોટી કાયાવાળા કેટલાક રાક્ષસો હનુમાનની દૃષ્ટિએ પડયા; તેમજ રાતા, ધોળા તથા શ્યામ વગેરે અનેક વર્ણના અને મહાવેગથી દોડનારા કેટલાક અશ્વો પણ તેના જોવામાં આવ્યા.[૩૧] વળી ઉંચી ઓલાદના, સ્વરૂપવાન, શત્રુઓના હસ્તીઓને હઠાવનારા, રણવિદ્યામાં શિક્ષિત કરેલા, યુદ્ધમાં ઐરાવત જેવા, શત્રુઓની સેનાનો નાશ કરનારા, મેઘ સમાન ચીત્કાર શબ્દ કરનારા અને જળ વર્ષાવતા મેઘની પેઠે કિંવા ઝરણાંવાળા પર્વતની પેઠે મદ સ્રવનારા ઘણાક હસ્તીઓ તેમજ 'જાંબૂનદ' નામના શુદ્ધ સુવર્ણવડે શણગારેલી હજારો સેનાઓ પણ તેની નજરે પડી.[૩૨-૩૪] વળી રાક્ષસરાજ રાવણના રાજમહેલમાં ફરતાં કપિવર હનુમાને ઉદય પામતા સૂર્ય જેવા પ્રકાશવાળી અને સુવર્ણની જાળીઓથી શોભી રહેલી નાના પ્રકારની કેટલીક શિબિકાઓ–પાલખીઓ પણ દીઠી; તેમજ ચિત્રવિચિત્ર લતાગૃહો, ચિત્રશાળાઓ, ક્રીડાગૃહો, વિહાર કરવા યોગ્ય કૃત્રિમ દારૂપર્વતો,÷ રમ્ય વિલાસ ભુવનો તથા દિવાનખાનાં વગેરે તેના જોવામાં આવ્યાં.[૩૫-૩૭] રાક્ષસરાજ રાવણના મંદરાચળ સરખા ઉંચા રાજમહેલમાં ક્રીડા કરવા અર્થે અનેક કૃત્રિમ મયૂરો ગોઠવી રાખેલા હતા એ પણ હનુમાનના જોવામાં આવ્યા.[૩૮] આગળ ચાલતાં અનેક ધ્વજાઓ તથા પતાકાઓથી શણગારેલો એક વિભાગ કપિવર હનુમાનની દૃષ્ટિએ પડયો કે જ્યાં અસંખ્યાત રત્નોથી ભરેલો રાવણનો દ્રવ્યભંડાર રાખવામાં આવ્યો હતો. જેમ સ્થિર ચિત્તવાળા યક્ષો કુબેરના ભુવનનું રક્ષણ કરે છે તેમ સ્થિર ચિત્તવાળા અને ધીરજવાળા રાક્ષસો તે દ્રવ્ય ભંડારનું રક્ષણ કરતા હતા.[૩૯] જેમ સૂર્ય પોતાના તેજવડે શોભે છે તેમ એ રાજમહેલ રત્નોની પ્રભાથી તથા રાવણના તેજથી શોભાયમાન થઈ રહ્યો હતો.[૪૦] રાજમહેલમાં વિચરતાં કપિકુંજર હનુમાને પ્રકાશમાન સુવર્ણની શય્યાઓ, આસનો તથા પાત્રો વગેરે જોયાં.[૪૧]

જ્યાં મધુ અને આસવનો છંટકાવ થઈ

× મોટા ઉદરવાળો. + બીહામણાં નેત્રવાળો. ૧ વિજળી સરખી જીભવાળો. a વિજળી સરખી પ્રકાશિત માળાને ધારણ કરનારો. b બહુ મોટી દાઢવાળો. c ઇંદ્રને જીતનારો–જેનું મૂળનામ 'મેઘનાદ (મેઘ સરખા નાદવાળો) હતું. d સૂર્યનો શત્રુ. e વજ્ર સરખા દેહવાળો. f ધૂમાડા જેવી આંખોવાળો. g સારી રીતે ગમન કરનાર. h વિજળી જેવો રૂપાળો. i ટુંકા કાનવાળો. j ઘણાં રૂવાટાંવાળો k યુદ્ધ કરવામાં મત્ત. l ઉંચી ગ્રીવાવાળો. * બીજો. m બે જીભવાળો. n હાથીના સરખા મુખવાળો. o રૂધિર જેવાં લાલ નેત્રવાળો.

÷ લાકડાના પર્વત.

રહ્યો હતો, જેમાં મણિમય પાત્રો ગોઠવેલાં હતાં, જે સંકડામણ વિનાનો હતો, જેમાં સેંકડો ઉત્તમ સ્ત્રીઓની હરફરને લીધે નૂપુર અને કટિમેખલાનો ગંભીર ઝણકાર થઈ રહ્યો હતો, જે મૃદંગ વગેરેના ઘોષથી ગાજી રહ્યો હતો, જેનાપર જૂદી જૂદી અટારીઓ તથા અગાશીઓ આવેલી હતી, જેમાં મોટી મોટી દોઢીયો શોભી રહી હતી તથા અત્યંત મનોહર દેખાવ હોવાને લીધે જે સાક્ષાત્ કુબેરના ભુવન સરખો દેખાતો હતો એવા રાવણના રાજમહેલમાં કપિશ્રેષ્ઠ હનુમાને પ્રવેશ કર્યો.[૪૨-૪૪]

प्रासादसंघातयुतं स्त्रीरत्नशतसंकुलम् । सुव्यूढकक्ष्यं हनुमान्प्रविवेश महागृहम् ॥४४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આર્દિકાવ્યના સુંદરકાંડમાં છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૬

सर्ग ७ मो.

રાવણનો મહેલ-તેની શોભા.

स वेश्मजालं बलवान्ददर्श व्यासक्तवैदूर्यसुवर्णजालम् । यथा महत्प्रावृषि मेघजालं विद्युत्पिनद्धं सविहंगजालम् ॥१॥

મહાબળવાન્ કપિવર હનુમાને વૈદૂર્યમણિથી જડેલી સુવર્ણની જાળીયોવાળા અને વર્ષાઋતુને વિશે વિજળી તથા પક્ષીઓસહિત ચઢી આવેલા મેઘસરખા દેખાતા રાવણના રાજમહેલને જોયા પછી તેના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો.[૧] ત્યાં આગળ ઉત્તમ શંખ, આયુધો અને ધનુષ્ય વગેરેથી શોભી રહેલી અનેક પ્રકારની નાની નાની શાળાઓ તથા પર્વત સરખાં પ્રાસાદશિખરોપર આવેલી અને મનને આનંદ આપે એવી વિશાળ ચંદ્રશાળાઓ તેના જોવામાં આવી.[૨] કાંઈપણ ખામીવિનાનાં એ રાજગૃહો રાવણે પોતાના બાહુબળથીજ પ્રાપ્ત કરેલાં, દેવો અને અસુરોએ પૂજેલાં તથા નાના પ્રકારનાં દ્રવ્યોથી પરિપૂર્ણ હતાં; તેને કપિશ્રેષ્ઠ હનુમાને જોયાં.[૩] પૃથ્વીતલ ઉપર આવેલાં સર્વ ગૃહો કરતાં ઉત્તમ રચનાવાળાં લંકાધિપતિ રાવણનાં એ રાજમંદિરો જાણે મયદાનવે પોતાની સઘળી કારીગીરી વાપરીને બનાવ્યાં હોય એવાં દેખાતાં હતાં. તે હનુમાનના જોવામાં આવ્યાં.[૪] આગળ ચાલતાં ચઢી આવેલા મેઘસરખા દેખાવવાળું, મનને આનંદ આપે એવું અને સુવર્ણથી શણગારેલું રાક્ષસાધિપતિ રાવણનું અનુપમ ભવન હનુમાનની દૃષ્ટિએ પડ્યું. એ ભવન ખાસ રાવણને માટેજ હતું.[૫] અનેક રત્નોની કાંતિવડે ઝળહળતું અને નાના પ્રકારનાં પુષ્પોવડે છવાયેલું એ રાજભવન જાણે પૃથ્વીપર ઉતરી આવેલું સ્વર્ગજ હોય કિંવા પુષ્પોના પરાગથી ઢંકાયેલું કોઇ પર્વતનું શિખરજ હોય એવું શોભતું હતું ![૬] સુંદર અંગવાળી સ્ત્રીઓથી શોભી રહેલું એ રાજભવન વિજળીઓથી શોભતા મેઘ સરખું પ્રકાશતું હતું; તથા અત્યંત ઉંચું હોવાને લીધે એ ભવન શ્રેષ્ઠ હંસોથી આકાશમાં વહન કરાતા સુંદર વિમાન જેવું શોભતું હતું.[૭] એવા અનુપમ રાજભવનને નિહાળતાં કપિવર હનુમાને ત્યાં પડેલું પુષ્પકવિમાન દીઠું. એ વિમાન અનેક પ્રકારનાં રત્નોથી જડેલું હોવાને લીધે નાના પ્રકારની ધાતુઓથી ચિત્રવિચિત્ર જણાતા પર્વતશિખર જેવું કિંવા અનેક ગ્રહો અને ચંદ્રમાથી ચિત્રિત જણાતા આકાશ જેવું, અથવા જૂદા જૂદા રંગવાળા મેઘમંડળ જેવું જણાતું હતું.[૮] એ વિમાનમાં શોભાને માટે ઠામોઠામ પર્વતો બનાવેલા હતા.× એ પર્વતોને વૃક્ષસમૂહથી શણગારેલા હતા, એ વૃક્ષસમૂહોને પુષ્પગુચ્છોથી અલંકૃત કર્યા હતા અને એ પુષ્પ ગુચ્છોને પરાગરજથી પૂર્ણ કરી દીધા હતા.[૯] વળી એ પુષ્પકવિમાનમાં શ્વેત મંદિરો, પુષ્પોવાળી નાની નાની તળાવડીઓ, ચિત્રવિચિત્ર વનો

× નાના નાના કૃત્રિમ પર્વતો અને તેના પર વૃક્ષાદિનાં ચિત્રો.

તથા સરોવરો બનાવેલાં હતાં અને તે સરોવરોમાં પરાગયુક્ત કમળો પણ ગોઠવ્યાં હતાં.[१०] એ પ્રમાણે અનેક રત્નોની કાંતિથી ઝળહળી રહેલ તથા સર્વ વિમાનો કરતાં શ્રેષ્ઠ એવું એ 'પુષ્પક' નામનું વિમાન કપિવર હનુમાને જોયું.[११]

ઉત્તમોત્તમ પુષ્પકવિમાન ઉપરાંત રાવણના એ રાજભવનમાં બીજી પણ અનેક શોભાઓ હનુમાનની નજરે પડી. ત્યાં ચાંદી, પ્રવાલ અને વૈદૂર્યમણિથી શણગારેલાં અનેક પક્ષીઓ ગોઠવેલાં હતાં. નાના પ્રકારની ધાતુઓથી ચિત્રવિચિત્ર સર્પોની આકૃતિઓ સ્થળે સ્થળે ગોઠવેલી હતી તથા સુંદર અંગવાળા અને સાક્ષાત્ અશ્વ સરખા દેખાવવાળા કેટલાક કૃત્રિમ અશ્વો પણ ત્યાં ગોઠવ્યા હતા.[१२] એ રાજભવનમાં પ્રવાલ અને સુવર્ણની પાંખોવાળા તથા આડાંઅવળાં વળેલાં પીછાંવાળાં સુંદર મુખવાળાં પક્ષીઓ કે જે સાક્ષાત્ કામદેવની પાંખો જેવાંજ લાગતાં હતાં, તેને પણ કપિવર હનુમાને જોયાં.[१३] કમળોવડે શોભી રહેલા સરોવરમાં કમળપુષ્પોને ગ્રહણ કરી બેઠેલાં શ્રીલક્ષ્મી દેવી ઉપર અભિષેક કરવા અર્થે પોતાની સૂંઢમાં સુગંધયુક્ત કમળોને ગ્રહણ કરી ઉભેલા હસ્તીઓ પણ ત્યાં ગોઠવેલા હતા.[१४]

એવી રીતની અત્યુત્તમ શોભાવાળું રાવણનું રાજભવન કે જે સુંદર ગુફાઓવાળા પર્વત સરખું અને અત્યંત સુગંધયુક્ત હોવાને લીધે વસંતઋતુમાં પુષ્પોથી પ્રફુલ્લિત થયેલા શ્રેષ્ઠ વૃક્ષ જેવું જણાતું હતું. તેને જોઈ કપિવર હનુમાન અત્યંત વિસ્મિત થયો.[१५] પછી ત્યાંથી બહાર નીકળી વાયુસુત હનુમાન રાવણની ભુજાઓથી પાલન કરાતી આખી લંકાનગરીમાં ફરવા લાગ્યો; પરંતુ પોતાના પતિ શ્રીમાન રામચંદ્રના ગુણોનું કીર્તન કરવાથી જેણે દુઃખને વિસારે પાડ્યું હતું એવાં મહાસતી સીતા ક્યાંય પણ તેના જોવામાં આવ્યાં નહિ; તેથી કપિવર હનુમાન અત્યંત દુઃખી થયો.[१६]

લંકામાં સર્વત્ર વિચરી સીતાની શોધ કરનારો, શુદ્ધ અંતઃકરણવાળો, જિતેંદ્રિય, નીતિમાર્ગે ચાલનારો અને શ્રુતિ–સ્મૃતિ આદિ શાસ્ત્રોના જ્ઞાનવાળો મહાત્મા હનુમાન જનકતનયાનું દર્શન નહિ થવાથી અત્યંત ખેદ પામ્યો.[१७]

ततस्तदा बहुविधभावितात्मनः कृतात्मना जनकसुतां सुवर्त्मनः। अपश्यतोऽभवदतिदुःखितं मनः सचक्षुषः प्रविचरतो महात्मनः ॥१७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સાતમો સર્ગ સંપૂર્ણ. ૭

सर्ग ८ मो.

રાવણનો મહેલ–પુષ્પકવિમાન.

स तस्य मध्ये भवनस्य संस्थितो महद्विमानं मणिरत्नचित्रितम् । प्रतप्तजाम्बूनदजालकृत्रिमं ददर्श धीमान्पवनात्मजः कपिः ॥१॥

રાવણના રાજભવનની મધ્યમાં આવી ઉભેલા મહાબુદ્ધિમાન્ કપિવર હનુમાને મણિ અને રત્નથી જડેલા 'પુષ્પક' નામના મોટા વિમાનને દીઠું. એ વિમાનમાં શુદ્ધ સુવર્ણની જાળીયો બનાવેલી હતી.[१] તેમાં અનેક પ્રકારની સુંદર પ્રતિમાઓ ગોઠવેલી હતી. વિશ્વકર્માએ તેને પોતાના હાથથીજ બનાવેલું હોવાથી પૃથ્વીમાં એ સર્વોપરિ ગણાતું હતું. અંતરિક્ષમાં–વાયુપથમાં ગતિ કરનારૂં હોવાથી એ વિમાન સૂર્યમાર્ગના ચિહ્નરૂપે શોભતું હતું.[२] એ વિમાનમાં કંઈ પણ વસ્તુ ચતુરાઇ વિના કરવામાં આવી હોય એમ ન હતું; અર્થાત્ તેમાંનું સર્વ કાંઇ પૂરેપૂરી કારીગીરીથી બનાવવામાં આવ્યું હતું. વળી એ વિમાન બનાવવામાં જે પદાર્થો વપરાયા હતા તે અમૂલ્ય રત્નો સરખા કિંમતીજ હતા. તે વિમાનના જેવી કારીગીરી દેવોનાં વિમાનોમાં પણ ન હતી. તેમાં સર્વ કાંઇ શ્રેષ્ઠ ગુણવાળુંજ જણાતું હતું.[३] મહાસમર્થ રાવણે પોતાના ચિત્તનો

નિગ્રહ કરવારૂપી ઉત્તમ તપશ્ચરણથી એ વિમાન પ્રાપ્ત કર્યું હતું. તે વિમાન બેસનારની ઇચ્છા પ્રમાણે ગતિ કરનારૂં હતું, તેમાં અનેક પ્રકારની અદ્‌ભુત રચનાઓ રચવામાં આવી હતી અને અનેક સ્થળેથી મેળવેલા ઉત્તમોત્તમ પદાર્થોવડે તે બનાવ્યું હતું.[૪] એ વિમાન પોતાના સ્વામી (તેમાં બેસનાર)ની ઇચ્છામાં આવે ત્યાં જઈ શકતું હતું, વાયુસરખા વેગવાળું હતું, શત્રુઓ તેની ગતિ રોકવાને અશક્ત હતા અને જાણે પરમ આનંદવાળા, ઉત્તમ સમૃદ્ધિવાળા, પવિત્ર આત્માવાળા તથા નિર્મળ યશવાળા મહાત્મા પુરૂષોનું નિવાસ સ્થાનજ હોયની, એવું તે જણાતું હતું.[૫] મનને આનંદ આપે એવું અને શરદ્ઋતુના ચંદ્ર સરખું નિર્મળ એ પુષ્પકવિમાન ઘણી શાળાઓ તથા ઘણા ઘુમટોવડે શોભી રહેલું હોવાને લીધે નાનાં નાનાં અનેક શિખરોથી શોભતા એકાદા મોટા પર્વતના શિખર જેવું દેખાતું હતું, આશ્ચર્યકારક અનેક વસ્તુઓથી ભરેલું હતું અને આકાશ માર્ગમાં વિચિત્ર ગતિનું અવલંબન કરીને ચાલતું હતું.[૬] કુંડળવડે શોભતાં મુખવાળા, અત્યંત આહાર કરનારા, આકાશમાં ગતિ કરનારા, મદને લીધે ઘૂમતાં અને ફાટેલાં વિશાળ નેત્રવાળા તથા ઉતાવળે ચાલનારા હજારો ભૂતગણો કે જેઓ રાત્રિ સમયમાં પણ દિવસની પેઠે ગતિ કરતા હતા તેઓ એ પુષ્પકવિમાનનું વહન કરતા હતા.*[૭]

* અત્રે ગોવિંદરાજ પોતાની ટીકામાં લખે છે કેઃ "**शिबिकावाहका इव भूतगणा अधोभागे वहन्ति। तद्वारेणैव काममत्वमपि। चेतनप्रेरणं विना अचेतनसंचारस्यात्यन्तमनुचितत्वात्॥** અર્થાત્ જેમ શિબિકા–પાલખીનું વહન કરનારા પુરૂષો તેનું વહન કરી સ્વામીની ઇચ્છા પ્રમાણે ગતિ કરે છે તેમ બળવાન રાક્ષસો પુષ્પકવિમાનને ઉચકીને, સ્વામીની મરજી પ્રમાણે ગમન કરતા હોવા જોઇએ અને એથીજ પુષ્પકવિમાનને 'કામગ–ઇચ્છા મુજબ ગતિ કરનારૂં' કહેલું હશે. ચેતનની પ્રેરણા સિવાય જડનું ગમનાગમન થવું એ અત્યંત અસંભવિત છે." આ સ્થળે રામાનુજીય ટીકાકાર વહન ધાતુના અર્થમાં શંકિત રહીને તેનો નિર્ણય કરવાનું વિદ્વાનોનેજ સોંપે છે અને મહેશ્વર તીર્થીયટીકાકાર રાક્ષસોને પુષ્પકવિમાન ઉપર પ્રતિમારૂપ માનીને જાણે તેઓથીજ વિમાનનું વહન થતું હોય એવી ઉત્પ્રેક્ષા કરે છે.

વસંતઋતુના પુષ્પસમૂહ સરખું સુગંધયુક્ત તથા સુશોભિત જણાતું એ પુષ્પકવિમાન કે જે સાક્ષાત્ વસંતઋતુ કરતાં પણ રળીયામણું દેખાતું હતું તેનું કપિવર હનુમાને સારી રીતે અવલોકન કર્યું.[૮]

वसन्तपुष्पोत्करचारुदर्शनं वसन्तमासादपि चारुदर्शनम्। स पुष्पकं तत्र विमानमुत्तमं ददर्श तद्वानरवीरसत्तमः॥८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં આઠમો સર્ગ સંપૂર્ણ. ૮

सर्ग ९ मो.

રાવણનો મહેલ–રાણીવાસ.

तस्यालयवरिष्ठस्य मध्ये विमलमायतम्। ददर्श भवनश्रेष्ठं हनुमान्मारुतात्मजः॥१॥

રાક્ષસેંદ્ર રાવણના વિશાળ રાજમહેલમાં આવેલું નિર્મળ, વિશાળ, અનેક શાળાઓથી વ્યાપ્ત, અર્ધો યોજન પ્હોળું અને એક યોજન લાંબું એ ખાસ રાજભવન જોઇને કપિવર હનુમાન તેમાં દાખલ થયો અને સીતાને શોધતો ચોમેર ફરવા લાગ્યો.[૧–૩] રાક્ષસરાજ રાવણના રાજભવનનું અવલોકન કરતો વાયુસુત હનુમાન છેવટે તેના અંતઃપુર આગળ ગયો.[૪] એ સ્થળ બે દંતૂશળવાળા, ત્રણ દંતૂશળવાળા તથા ચાર દંતૂશળવાળા હસ્તીઓથી વ્યાપ્ત હોવા છતાં પણ સંકડામણ વિનાનું હતું અને હથીયાર ઉગામીને ઉભેલા બળવાન રાક્ષસો તેનું રક્ષણ કરતા હતા.[૫] અનેક રાક્ષસીઓ તથા બળે કરીને આણેલી રાજકન્યાઓથી ભરેલું રાવણનું એ અંતઃપુર નક્ર,× મગર,

× મગરની એક જાતિ.

તિમિંગલ,* મત્સ્ય તથા સર્પોથી વ્યાપ્ત અને વાયુના સપાટાને લીધે ઉછળી રહેલા સમુદ્ર સરખું દેખાતું હતું.૬-૭ જે લક્ષ્મી કુબેર, ચંદ્ર અને ઇંદ્રના ભુવનોમાં રહેલી છે તે લક્ષ્મી રાવણના મહેલમાં નિરંતર અવિચ્છિન્નપણે વસતી હતી.૮ જે સમૃદ્ધિ કુબેર, યમ અને વરૂણનાં ગૃહોમાં રહેલી છે તેવી કિંવા તે કરતાં પણ અધિક સમૃદ્ધિ લંકાનગરીમાં રાક્ષસોનાં ગૃહોમાં દેખાતી હતી.૯

અંતઃપુરની શોભા જોતો જોતો કપિકુંજર હનુમાન ત્યાં ફરતો હતો; એટલામાં એક સ્થળે અનેક પ્રકારનાં રત્નોથી શણગારેલું અને કૃત્રિમ હસ્તીઓની પ્રતિમાઓવાળું દિવ્ય પુષ્પકવિમાન પણ ત્યાં પડયું હતું તે તેના જોવામાં આવ્યું. એ વિમાનને પૂર્વે વિશ્વકર્માએ બ્રહ્મદેવ માટે નિર્માણ કર્યું હતું અને બ્રહ્મદેવ પાસેથી કુબેરે તપશ્ચર્યા કરીને પ્રાપ્ત કર્યું હતું; પરંતુ કુબેરનો પરાજય કરીને રાક્ષસરાજ રાવણે તે હસ્તગત કર્યું હતું.૧૦-૧૨ એ વિમાનમાં અનેક ઈહા-મૃગોની+ મૂર્તિઓ ચીતરેલી હતી અને રૂપાના તથા સુવર્ણના સુશોભિત સ્તંભોથી તે ઝળહળી રહ્યું હતું.૧૩ મેરૂ તથા મંદરાચળ સમાન ઉંચાં હોવાને લીધે જાણે ગગનચુંબિત હોય એવાં જણાતાં અને સૂર્ય સરખા પ્રકાશવાળાં કેટલાંક ગુપ્ત ગૃહો તથા બીજા કેટલાંક વિહાર-ગૃહોથી એ વિમાન અત્યંત શોભી રહ્યું હતું. તેમાં ઉંચે નીચે ચડવા માટે સુવર્ણનાં પગથિયાં બનાવેલાં હતાં, સ્થળે સ્થળે સુંદર વેદિકાઓ રચેલી હતી, સુવર્ણ તથા સ્ફાટિકમણિની જાળી-ઓવાળા ગોખ શોભી રહ્યા હતા અને ઇંદ્રનીલ-મણિ તથા બીજા પણ અમૂલ્ય મણિઓથી જડેલી બેઠકો શોભી રહી હતી.૧૪-૧૬ એ વિમાનની ભૂમિ વિચિત્ર પ્રકારનાં પરવાળાં, કિંમતી હીરા અને વર્તુલાકાર મુક્તાફળોથી જડેલી હોવાને લીધે પ્રકાશમાન થઈ રહી હતી.૧૭ મધ્યાહ્નના સૂર્ય સરખા પ્રકાશવાળું એ વિમાન પવિત્ર સુગંધવાળા અને સુવર્ણ-સમાન પીળા તથા રાતા ચંદનવડે ચર્ચિત હતું.૧૮

ઉપર્યુક્ત શોભાવાળા દિવ્ય પુષ્પકવિમાનને જોઈને, કપિવર હનુમાન તેની ઉપર ચડયો અને ત્યાં રહી નાના પ્રકારના પાનપદાર્થો તથા ભક્ષ્ય પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલો તથા ચોમેર પ્રસરી રહેલો પવનનો દિવ્ય સુવાસ લેવા લાગ્યો. એ વેળા બંધુ જેમ પોતાના પ્રિયબંધુને કહે તેમ સુવાસનું વહન કરનારા પવને કપિવર હનુમાનને કહ્યું કે; જ્યાં રાક્ષસોનો રાજા રાવણ છે ત્યાં તું મારી સાથે ચાલ.÷

તુરતજ પુષ્પકવિમાનપરથી નીચે ઉતરીને વાયુસુત હનુમાન થોડુંક આગળ ચાલ્યો એટલે રાવણનું વિશાળ શયનગૃહ તેના જોવામાં આવ્યું. મણિમય પગથિયાંવાળું અને સુવર્ણનાં જાળીયાંવાળું એ શયનગૃહ મનોહર સ્વરૂપવાળી સુંદરીની પેઠે શોભતું હતું.૧૯-૨૨ તેની ભૂમિ સ્ફાટિકમણિથી જડેલી હતી અને તેમાં વચ્ચે વચ્ચે હાથીદાંત, મુક્તાફળ, વજ્ર, પરવાળાં, ચાંદી તથા સુવર્ણ વગેરેથી જૂદાં જૂદાં ચિત્રો પાડેલાં હતાં.૨૩ એ શયનગૃહ સમાન, સીધા અને અત્યંત ઉંચા એવા અનેક મણિમય સ્તંભોથી શોભી રહ્યું હતું. એ સ્તંભો ઘણાજ ઉંચા હોવાને લીધે તે ગૃહ જાણે પાંખોવડે આકાશમાં ઉડવાને ઉદ્યુક્ત થયું હોય એવું જણાતું હતું; તેમજ પર્વતો, નદીઓ, વનો, સમુદ્રો, દ્વીપો, નગરો તથા ગ્રામો વગેરેથી ભરેલી આખી પૃથ્વીનું દશ્ય જેનાપર ચિતર-વામાં આવ્યું હતું એવું મોટું પાથરણું તેમાં પાથરેલું હતું; તેથી તે અનેક દેશો અને ગ્રામોથી ભરેલી વિશાળ પૃથ્વી સરખું જણાતું

* મત્સ્યની એક જાત.

+ વરૂ અથવા નાહર.

÷ અર્થાત્ રાવણ જ્યાં સૂતો હતો ત્યાંથી દિવ્ય સુવાસ આવવાને લીધે હનુમાનનું મન તે તરફ જવાને પ્રેરાયું.

હતું. રાવણનું એ શયનગૃહ મદમત્ત પક્ષીઓના કલરવથી ગાજી રહ્યું હતું, તેમાં દિવ્ય સુગંધ પદાર્થોનો સુવાસ બહેકી રહ્યો હતો;[૨૪-૨૬] વેદિકાઓપર જૂદા જૂદા રંગનાં અમૂલ્ય પાથરણાં પાથરેલાં હતાં, તે શયનગૃહ હંસ સરખું ધવળ હોવા છતાં અગુરૂ વગેરેના ધૂપને લીધે ધૂસરવર્ણું જણાતું હતું,[૨૭] લતાઓનાં પત્રો તથા પુષ્પોવડે અલંકૃત હતું, સુંદર કાંતિવાળું હોવાને લીધે વસિષ્ઠમુનિની 'શબળા' નામની ગાયની પેઠે મનને અતિ હર્ષ ઉપજાવતું હતું; તેમાં પ્રવેશ કરનારના શરીરની કાંતિ ઉત્તેજિત થતી હતી.[૨૮] અને તે જાણે સાક્ષાત્ લક્ષ્મીનું ઉત્પત્તિ સ્થાનજ હોય એવું દેખાતું હતું.

ઉત્તમ શોભાવાળું અને સર્વ શોકને શમાવનારૂં રાક્ષસેન્દ્ર રાવણનું દિવ્ય શયનગૃહ જોઈને પુત્ર જેમ માતાને જોઈ આનંદ પામે તેમ કપિવર હનુમાન આનંદ પામ્યો અને તેની પાંચે ઈંદ્રિયો પાંચે વિષયોથી તૃપ્ત થઇ. અર્થાત્ વાજીંત્રોનો શબ્દ, શીતળ વાયુનો સ્પર્શ, ઉત્તમ સ્ત્રીઓનાં રૂપ, અનેક વિધના ભક્ષ્ય પદાર્થોના રસ તથા પુષ્પાદિના સુગંધથી અનુક્રમે હનુમાનની કર્ણ, ત્વચા, નેત્ર, જીહ્વા અને નાસિકા એ પાંચે ઇંદ્રિયો સંતુષ્ટ થઇ. કપિવર હનુમાન "અહો! આ તે સ્વર્ગ હશે કે દેવોનું વિહારસ્થાન હશે? અહો! આ તે ઇંદ્રની અમરાવતી હશે કે સિદ્ધલોકની ઉત્તમોત્તમ સિદ્ધિ હશે?" એમ વિચારવા લાગ્યો.[૨૯-૩૦] જેમ કોઈ મહાધૂર્તથી ઠગાયેલો નાનો ધૂર્ત ઉદાસીન બની જાય તેમ એ શયનગૃહના સુવર્ણ સ્તંભોપર મૂકેલા દીપકો એ વેળા રાવણના તેજથી નિસ્તેજ થઇ ગયા હતા; તેથી કપિવર હનુમાને તેને ઉદાસીન સરખા નિસ્તેજ દીઠા.[૩૧] એ સમયે વાયુસુત હનુમાન દીપકોના પ્રકાશથી, રાવણના તેજથી તથા આભૂષણોની કાંતિથી એ શયનગૃહને પ્રજ્વલિત થયેલું માનવા લાગ્યો.[૩૨] કપિકુંજર હનુમાને બીજી તરફ દૃષ્ટિ કરી જોયું તો રંગબેરંગી ગાલીચાઓ ઉપર રાત્રિની ક્રીડા કરી રહ્યા બાદ સૂતેલી, નાના પ્રકારના રંગવાળાં વસ્ત્રો તથા પુષ્પમાળાઓને ધારણ કરનારી, અનેક પ્રકારના વેષવાળી તથા અર્ધરાત્રિ સમયે મદ્યપાન કરવાને લીધે ગાઢ નિદ્રામાં પડેલી એક હજાર સ્ત્રીઓ જોવામાં આવી.[૩૩-૩૪] રાવણનાં શયનગૃહોમાં એ વેળા સર્વ મનુષ્યો નિદ્રાધીન થયેલાં હોવાથી કોઈ પણ પ્રકારનો શબ્દ થતો ન હતો; તેથી એ ગૃહ શબ્દ નહિ ઉચ્ચારનારા હંસો તથા ભ્રમરોવાળા કમળવન સરખું શોભતું હતું.[૩૫] કપિશ્રેષ્ઠ હનુમાન નિદ્રાવશ થઈ સૂતેલી એ સ્ત્રીઓનાં બીડેલા હોઠવાળાં, મીંચેલી આંખોવાળાં અને કમળ સરખી સુગંધવાળાં મુખમંડળોને જોઈ વિચાર કરવા લાગ્યો કે, "અહો! આ સ્ત્રીઓનાં મુખ ખરેખર દિવસે ઉઘડતી પાંખડીઓવાળાં અને રાત્રે બીડાઇ જતી પાંખડીઓવાળાં કમળો સરખાંજ શોભે છે! અરે, એટલુંજ નહિ પણ તેમાં કમળ સરખી સુગંધ હોવાને લીધે તે કમળ સરખાં (કમળ)જ છે અને મદમત્ત ભ્રમરો જેમ કમળોને ઈચ્છે છે તેમ અવશ્ય આ સ્ત્રીઓના મુખમંડળોને પણ તે વારંવાર ઈચ્છતા હશેજ!"[૩૬-૩૯]

જેમ શરદૃઋતુનું નિર્મળ આકાશ વિખરાયેલા તારાઓથી શોભે છે તેમ રાવણનું શયનગૃહ આમતેમ સૂતેલી સ્ત્રીઓથી શોભી રહ્યું હતું;[૪૦] અને જેવી રીતે તારાઓથી વીંટાયેલો શ્રીમાન્ ચંદ્ર શોભે છે તેમ સ્ત્રીઓથી વીંટાયેલો રાક્ષસેન્દ્ર રાવણ શોભી રહ્યો હતો.[૪૧] રાવણની આસપાસ પડેલી સ્ત્રીઓને જોઈને કપિવર હનુમાન પોતાના મનમાં એમજ માનવા લાગ્યો કે; "જેમનું પુણ્ય બાકી રહ્યું છે એવા જે જે તારાઓ (નક્ષત્રો) આકાશમાંથી ખરે છે, તે સર્વ આ સ્ત્રીઓરૂપે અહીંયાં પડી હશે;[૪૨] કેમકે આ

સર્વ સ્ત્રીઓની કાંતિ, વર્ણ અને નિર્મળપણું ઇત્યાદિ શોભા ચળકતી તારાઓના સરખીજ છે ।[૪૩] મદ્યપાન કર્યા પછી પ્રવૃત્ત થયેલ ગાન, નૃત્ય અને રતિક્રીડાના પરિશ્રમથી શ્રમિત થવાને લીધે ગાઢ નિદ્રામાં પડેલી એ સ્ત્રીઓ-માંની કેટલીકના કેશ છૂટી ગયા હતા, કેટ-લીકના ચંદ્રહાર તૂટી પડયા હતા, કેટલીકનાં ઉત્તમ આભૂષણો વિખરાઇ ગયાં હતાં,[૪૪] કેટલીકના લલાટમાંના ચાંદલા લૂંછાઈ ગયા હતા, કેટલીકના પગમાંનાં નૂપુરો નીકળી પડયાં હતાં અને કેટલીકના કંઠમાંના સુવર્ણહાર નીકળીને તેમના પડખામાંજ પડયા હતા.[૪૫] જેમના મોતીના હાર તૂટી ગયા હતા તથા શરીરપરનાં વસ્ત્રો પણ ખસી ગયાં હતાં એવી કેટલીક સ્ત્રીઓ પલાણ કર્યા પછી શ્રમ ઉતા-રવા માટે છોડી નાખેલા સાજવાળી ઘોડીઓ સરખી જણાતી હતી.[૪૬] જેમનાં કુંડળ તૂટી ગયાં હતાં અને પુષ્પમાળાઓ છિન્નભિન્ન થઈ ચોળાઇ ગઈ હતી એવી કેટલીક સ્ત્રીઓ અરણ્યમાં હસ્તીએ મર્દન કરેલી પ્રફુલ્લિત લતાના જેવી દેખાતી હતી.[૪૭] કેટલીક સ્ત્રીઓના ચંદ્ર સમાન ધોળા મોતીના હાર કંઠમાંથી નીકળીને તે તેમના બન્ને સ્તનોની વચ્ચે પડેલા હતા, જેથી તે હાર સૂતેલા હંસ સરખા શોભતા હતા.[૪૮] કેટલીક સ્ત્રીઓના કંઠમાંથી નીકળી ગયેલા વૈડૂર્યમણિના હાર તેમના બન્ને સ્તનો વચે પડેલા હોવાથી કાદંબ પક્ષી સરખા જણાતા હતા. વળી કેટલીક સ્ત્રીઓના કંઠમાંથી નીકળી ગયેલા સુવર્ણહાર તેમના બન્ને સ્તનો વચ્ચે પડેલા હોવાથી ચક્રવાક જેવા શોભતા હતા.[૪૯] મુક્તાહારરૂપી હંસોથી, વૈડૂર્યહાર-રૂપી કારંડવોથી, સુવર્ણ હારરૂપી ચક્રવાકોથી અને જઘનરૂપી તટોથી રમણીય જણાતી એ સ્ત્રીઓ હંસ, કારંડવ અને ચકવાક વગેરે પક્ષી-ઓથી તથા તટોથી રમ્ય જણાતી નદીઓ સરખી શોભતી હતી.[૫૦] બીડાયેલાં નેત્રરૂપી તરંગોવાળી, સુવર્ણાભૂષણોરૂપી કમળોવાળી, કામવિલાસરૂપી મગરવાળી અને ચોમેર પ્રસ-રેલા પ્રકાશરૂપી તટવાળી એ સ્ત્રીઓ જાણે સ્તબ્ધ થયેલી નદીઓજ હોય એવી શોભતી હતી।[૫૧] ક્રીડા કરતી વેળા મર્દન થવાને લીધે કેટલીક સ્ત્રીઓના સ્તનો તથા કોમળ અંગો ઉપર પડેલા આભૂષણોના આકાર-રેખાઓ ઉત્તમ આભૂષણો જેવી શોભા આપતા હતા.[૫૨] કેટલીક સ્ત્રીઓના મુખપર પડેલા વસ્ત્રના છેડાઓ-પાલવો તેમનાજ મુખમાંથી નીક-ળતા શ્વાસને લીધે વારંવાર ઉડી ઉડીને પાછા તેમના મુખ ઉપર પડતા હતા, તેથી તેઓ જાણે નાના પ્રકારના વર્ણવાળા સુવર્ણ તંતુ-ઓથી બનાવેલી ઉડતી ધ્વજાઓ હોય એવી રીતે શોભતા હતા.[૫૩--૫૪] સુંદર કાંતિવાળી કેટલીક સ્ત્રીઓનાં કુંડળો પાસે સૂતેલી બીજી સ્ત્રીઓના મુખમાંથી નીકળતા શ્વાસોચ્છ્વાસથી મંદ મંદ કંપાયમાન થતાં હતાં.[૫૫] એ સ્ત્રીઓના મુખમાંથી નીકળતો શર્કરા અને આસવના ગંધવાળો નિશ્વાસ કે જે સ્વભાવે કરીનેજ સુગંધમય અને સુખકર હતો તે, એ સમયે રાક્ષસરાજ રાવણનું સેવન કરી રહ્યો હતો.[૫૬] નિદ્રાવશ પડેલી કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ રાવણના મુખની ભ્રાંતિથી પોતાના પડખાંમાં સૂતેલી સપત્નીઓ (શોકયો)ના મુખને પુનઃ પુનઃ સુંઘતી હતી;[૫૭] ત્યારે રાવણને વિષે અત્યંત આસક્ત થયેલા મન-વાળી એ ઉત્તમ સ્ત્રીઓ પણ મદ્યપાન કરવાથી પરવશ-બેભાન થયેલી હોવાને લીધે પોતાનું મુખ સુંઘનારી પોતાની શોકયોપર કાંઈ પણ ઇર્ષ્યા ન ધરતાં તેમને રાવણ સમજીનેજ તેમનું પ્રિય કરતી હતી.[૫૮]

કેટલીક સ્ત્રીઓ સુંદર કંકણવાળા પોતાના હસ્તોનાં ઉસીકા કરીને સૂતી હતી; ત્યારે કેટ-લીક સ્ત્રીઓ પોતાનાં વસ્ત્રોનાંજ ઉસીકા બના-વીને સૂતી હતી.[૫૯] એ સ્ત્રીઓમાંની કોઇક સ્ત્રી અન્ય સ્ત્રીના વક્ષઃસ્થળપર તો કોઈક સ્ત્રી બીજી સ્ત્રીની ભુજાપર; કોઈક અન્યના ખોળામાં તો કોઈક કોઇના કુચપર; કોઇ બીજીના સાથળપર તો કોઈ અન્યના પડખામાં

અને કોઈ કોઇની કમ્મરપર તો કોઈ બીજી એકાદીની પીઠપર મસ્તક મૂકી નિદ્રાવશ થયેલી હતી. એ પ્રમાણે મદ અને સ્નેહને લીધે પરાધીન બનેલી એ સ્ત્રીઓ એક બીજીનાં અંગનો સ્પર્શ કરીને તથા એક બીજીનાં શરીરપર હાથ નાખીને આનંદપૂર્વક સૂતી હતી.[૬૦-૬૨] પરસ્પરની ભુજાઓરૂપી સૂત્રવડે ગુંથાયેલી એ સ્ત્રીઓની માળા મદમત્ત ભ્રમરોના ગુંજારવવાળી અને સૂત્રમાં પરોવેલા પુષ્પોની માળા સરખી શોભતી હતી.÷[૬૩] વૈશાખ માસમાં પવનના સપાટાથી હલમલી જવાને લીધે પરસ્પર ગુંથાઈ ગયેલી, મોટાં વૃક્ષોનાં ડાળાંને વીંટાઈ રહેલી અને ભ્રમરોવડે છવાઇ ગયેલી પુષ્પવાળી લતાઓનુ વન જેવું શોભે છે તેવુંજ રાવણનું સ્ત્રીમંડળ શોભી રહ્યું હતું.[૬૪-૬૫] જો કે એ સ્ત્રીઓનાં આભૂષણો, વસ્ત્રો અને માળાઓ યથાયોગ્ય સ્થાનેજ પડ્યાં હતાં; તોપણ તેમાંથી કયું આભૂષણ કયી સ્ત્રીનું છે ? એ બાબતનો નિર્ણય કરવો અશક્ય હતો; કેમકે સઘળાં આભૂષણો એકજ પ્રકારનાં હતાં અને સ્ત્રીઓ પણ એક બીજીને અડકીને સૂતેલી હતી.[૬૬] આમ રાવણ જ્યારે સુખપૂર્વક સૂતો હતો ત્યારે ત્યાંના સુવર્ણ દીપકો જાણે તેની સૂતેલી સ્ત્રીઓને નિર્નિમેષપણે જોતા હોય, એમ સ્તબ્ધ થઇ ઝળહળી રહ્યા હતા.[૬૭] એ સ્ત્રીઓમાં કેટલીક રાજર્ષિઓની, કેટલીક બ્રાહ્મણોની, કેટલીક દૈત્યોની, કેટલીક ગંધર્વોની અને કેટલીક રાક્ષસોની કન્યાઓ હતી; જેઓ રાવણપર મોહિત થઇ તેને વરી હતી.[૬૮] મહાબળવાન્ રાવણ યુદ્ધની ઈચ્છાથી× કેટલીક સ્ત્રીઓને હરી લાવ્યો હતો અને કેટલીક તો કામવશ થઇને પોતાની મેળેજ તેને વરી હતી.[૬૯]

÷ સ્ત્રીઓની માળામાં તેમના કેશ અને નેત્રયુગલો મદમત્ત ભ્રમરોના સ્થાને હતાં. ટી. ટી.

× "સ્ત્રીઓનું હરણ કરવાથી પાછળથી તેમના બંધુઓ વગેરે મારી સાથે યુદ્ધ કરશે; એટલે હું તેઓનો પરાજય કરીશ." એવી ઇચ્છાથી.

રાક્ષસરાજ રાવણ એ સ્ત્રીઓમાંની એકેને બળાત્કારથી લાવ્યો ન હતો; પરંતુ તેઓ સર્વ રાવણના બળ અને ગુણથી લોભાઇને પોતાની મેળેજ તેને ત્યાં આવી હતી. માત્ર એક વરાર્હા* જનકનંદિની સીતાનેજ તે બળાત્કારે હરી લાવ્યો હતો. એ સર્વ સ્ત્રીઓ રાવણ સિવાય બીજા પુરૂષમાં આસક્તિ રાખતી નહતી, તેમ તેઓ બીજા પુરૂષને જાણતી પણ નહતી.[૭૦] રાવણની સઘળી સ્ત્રીઓ ઉત્તમ કુળમાં જન્મેલી, અત્યંત સ્વરૂપવાળી, સદ્‌ગુણયુક્ત, શ્રેષ્ઠ અલંકાર અને વસ્ત્ર આદિથી સજ્જીત, ઉત્તમ ભાવનાવાળી અને સ્વામીનો સ્નેહ મેળવનારી હતી.[૭૧]

રાવણની સ્ત્રીઓને જોઇને શુદ્ધ બુદ્ધિવાળા કપિવર હનુમાનના મનમાં વિચાર થઈ આવ્યો કે " અરે, રાક્ષસોના રાજા રાવણની આ સ્ત્રીઓમાં જો રઘુવીરની ધર્મપત્ની સીતા પણ હશે અને તે મારા જોવામાં આવશે તો તો રાવણનું ભલુંજ થઈ જશે ! (અર્થાત્ હું રામચંદ્રની પાસે જઇને તેમને કહીશ કે ભ્રષ્ટ થયેલી સીતા " રાવણના રાણીવાસમાં તેની બીજી સ્ત્રીઓની સાથે મારા જોવામાં આવી." એટલે તેઓ રાવણને હણવાનો વિચાર છોડી જ દેશે.)"[૭૨] એટલો વિચાર થતાં તો વળી હનુમાનનું મન તુરતજ પલટાઇ ગયું અને તે પુનઃ વિચારવા લાગ્યો કે; "ના, ના. એવું તો બનેજ નહિ. જનકનંદિની સીતા તો અત્યંત શ્રેષ્ઠ ગુણવાળાં અને પતિવ્રતા છે. રાવણે તેનું કપટથી હરણ કરી અહીં આણી છે એ ઘણુંજ અધર્મરૂપ અને અનાર્ય કર્મ છે ! "[૭૩]

पुनश्च सोऽचिन्तयदार्त्तरूपो ध्रुवं विशिष्टा गुणतो हि सीता । अथायमस्यां कृतवान्महात्मा लङ्केश्वरः कष्टमनार्यकर्म ॥७३॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં નવમો સર્ગ સંપૂર્ણ. ૯

* ઉત્તમ વર-રઘુવીરને યોગ્ય એવી.

સર્ગ ૧૦ મો.

રાવણનો મહેલ-શયનગૃહ.

तत्र दिव्योपमं मुख्यं स्फाटिकं रत्नभूषितम्
अवेक्षमाणो हनुमानन्ददर्श शयनासनम् ॥१॥

રાવણના અંતઃપુરમાં ચોતરફ દૃષ્ટિ ફેરવતાં કપિવર હનુમાને મુખ્ય અને દિવ્ય એવું એક શયનસ્થાન દીઠું કે જે કેવળ સ્ફાટિકમણિથી જ બનેલું હતું, જેના ઉપર નાના પ્રકારનાં રત્નો જડવામાં આવ્યાં હતાં; તથા જેનાપર હાથીદાંત અને સુવર્ણના પાયાવાળાં, વૈડૂર્યમણિથી જડેલાં તથા અમૂલ્ય આસ્તરણોવાળાં નાનાં નાનાં શ્રેષ્ઠ આસનો ગોઠવેલાં હતાં.[૧-૨] તે સ્થળના એક વિભાગમાં ચંદ્ર સરખી કાંતિવાળું અને દિવ્ય પુષ્પમાળાઓથી શોભી રહેલું શ્વેત છત્ર કપિશ્રેષ્ઠ હનુમાનના જોવામાં આવ્યું.[૩] તે શ્વેત છત્રની નીચે અગ્નિ સરખો ઝળહળતો, સુવર્ણથી મઢેલો અને સર્વ પ્રકારના શોકને શમાવનારી પુષ્પમાળાઓથી અલંકૃત કરેલો એક મોટો છત્રપલંગ હનુમાનની દૃષ્ટિએ પડયો.[૪] એ છત્રપલંગ અનેક પ્રકારના ઉત્તમ સુગંધોથી સુવાસિત હતો, તેની ચોમેર સુગંધિત ધૂપ બ્હેકી રહ્યો હતો, તેના ઉપર અત્યંત સુંવાળાં ગાદલાં નાખીને તે પર સુંદર ગાલીચા બીછાવ્યા હતા, તેની ચારેબાજુએ શ્રેષ્ઠ પુષ્પોની માળાઓ લટકતી હતી અને યંત્રથી ગોઠવેલી પુતળીઓ તેનાપર ચામર ઢોળી રહી હતી.[૫-૬] એ પલંગપર મેઘ સરખા શ્યામવર્ણવાળો, ચકચકિત કુંડળોને ધારણ કરનારો, અમૂલ્ય સોનેરી વસ્ત્ર પહેરેલો અને લાલ નેત્રવાળો મહાબાહુ રાવણ સૂતો હતો.[૭] રાવણના શરીરપર સુગંધયુક્ત રક્તચંદન ચર્ચેલું હોવાથી તે વિજળી સહિત સંધ્યાકાળના લાલવર્ણ મેઘ સરખો દેખાતો હતો.[૮] રાવણે અનેક પ્રકારનાં દિવ્ય આભૂષણો ધારણ કરેલાં હતાં. ઇચ્છિત રૂપ ધરનારો, સુંદર સ્વરૂપવાળો, રાક્ષસોની કન્યાઓને પ્રિય અને રાક્ષસોને સુખ આપનારો મહાત્મા રાવણ રાત્રિક્રીડા કરીને સુતો હતો, તે વેળા જાણે વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત મંદરાચળ સૂતો હોય એવો તે જણાતો હતો.[૯-૧૦] મદ્યપાન તથા રતિક્રીડા કરી રહ્યા પછી, દેદીપ્યમાન શય્યાને વિશે સૂતેલો રાક્ષસાધિપતિ રાવણ નાગની પેઠે ફુંફાડા મારતો હતો. કપિશ્રેષ્ઠ હનુમાન શનૈઃ શનૈઃ તેની સમીપ ગયો; પરંતુ તુરતજ અત્યંત ઉદ્વેગ પામી ભયભીત થયો હોય તેમ તે ત્યાંથી જરા પાછો હઠયો અને વેદિકાના પગથિયાંપર ઉભો રહીને, મદિરાના નિશામાં ચકચૂર થઈ પડેલા રાક્ષસાધિપતિ રાવણને નિહાળવા લાગ્યો.[૧૧-૧૩] એ વેળા રાક્ષસેંદ્ર રાવણનું શયનસ્થાન જેમાં ગંધહસ્તી* સૂતો હોય એવા પર્વતના મોટા ઝરણા જેવું શોભતું હતું.[૧૪]

રાક્ષસરાજ રાવણના પહોળા કરેલા અને ઇંદ્રધ્વજ સરખા બન્ને હાથ કે જેનાપર સુવર્ણના બાજુબંધ બાંધેલા હતા તે કપિવર હનુમાનના જોવામાં આવ્યા.[૧૫] રાવણના એ બન્ને હાથ યુદ્ધમાં ઐરાવત હાથીના દંતશૂળની અણીઓથી તથા ઇંદ્રના વજ્રથી ઉઝરડાયેલા હતા તથા તેનાપર વિષ્ણુ ભગવાનના સુદર્શન ચક્રના ઘાવ પણ પડેલા હતા.[૧૬] વળી તે હાથ ઘણા સ્થૂળ, સમાન અને દૃઢ ખભાવાળા, બળથી ભરેલા, સુંદર નખયુક્ત આંગળીઓવાળા, સુવર્ણની અંગુઠીઓથી અલંકૃત,[૧૭] પરિઘના સરખા ગોળાકાર, હસ્તીની શુંઢ સમાન ઘાટીલા અને પાંચ ફણાવાળા સર્પની પેઠે લંબાઇને ઉત્તમ શયનને વિશે પડેલા હતા.[૧૮] સુવર્ણના અલંકારોવડે શણગારેલા રાવણના એ બન્ને હાથપર સસલાના રૂધિર સરખું લાલ, અતિશય શીતળ અને અત્યંત સુગંધવાળું અમૂલ્ય ચંદન ચર્ચેલું હતું;[૧૯] ઉત્તમ સ્વરૂપવાળી સ્રીઓ નિત્યપ્રતિ સુગંધ

* જેનો ગંધ સુંઘીને બીજા હાથીઓ નાસી જાય એવો હાથી.

તેલવડે તે હાથનું મર્દન કરતી હતી; અને તે હાથ સંગ્રામને વિશે યક્ષો, સર્પો, ગંધર્વો, દેવતાઓ તથા દાનવોને 'ત્રાહી ત્રાહી' પોકરાવતા હતા.[20] છત્રપલંગપર સૂતેલા રાવણના બન્ને હાથ મંદરાચળની ગુફામાં ક્રોધ પામી સૂતેલા બે સર્પો જેવા જણાતા હતા.[21] જેમ મોટાં મોટાં બે શિખરોવડે મંદરાચળ શોભે તેમ ઉપર્યુક્ત શોભાવાળા બન્ને હાથોવડે પર્વતસમાન પ્રૌઢ દેહવાળો રાવણ અત્યંત શોભતો હતો.*[22] એ વેળા નિદ્રાવશ થયેલા રાવણના વિશાળ મુખમાંથી ઉત્તમ છએ રસયુક્ત અન્ન તથા પાનના સુગંધથી મળેલો અને આમ્ર, બકુલ તથા પુન્નાગના સરખા સુગંધવાળો શ્વાસોચ્છ્વાસનો વાયુ જાણે આખા શયનગૃહને પૂરી દેતો હોય, એમ જોસબંધ નીકળતો હતો.[23-24]

એ વેળા મુક્તાફળ અને હીરા વગેરે જડેલાં હોવાથી ચિત્રવિચિત્ર જણાતો તથા અત્યંત ઝગહળી રહેલો સુવર્ણમય મુકુટ રાવણના મસ્તકપરથી ખસી ગયો હતો; દેદીપ્યમાન કુંડળોથી તેનું મુખ પ્રકાશી રહ્યું હતું;[25] અને રક્તચંદનથી ખરડાયેલો સુશોભિત હાર તેના હૃષ્ટ–પુષ્ટ તથા વિશાળ વક્ષઃસ્થળપર પડયો હતો.[26] રૂધિર સમાન લાલ નેત્રવાળા રાવણે પીળા રંગનું અને ઉંચી કિંમતનું રેશમી પિતાંબર પહેર્યું હતું. તેના અંગપરનું રેશમનું શ્વેત ઉત્તરીય વસ્ત્ર ખસી ગયું હતું.[27] તે અત્યંત શ્યામ હોવાથી અડદના ઢગલાજેવો દેખાતો હતો અને મોટા સર્પની પેઠે ફુંફાડા મારતો તે શ્વેત શય્યામાં સૂતેલો હોવાથી ગંગાજળમાં સૂતેલા હાથી સરખો જણાતો હતો.[28] રાવણના છત્રપલંગની ચારેબાજુ આવેલા ચાર સુવર્ણ સ્તંભોપર મૂકેલા દીપકોથી તેનાં સઘળાં અંગો પ્રકાશિત થઈ રહ્યાં હતાં, અને તેને લીધે તે વિજળીઓથી પ્રકાશતા મેઘ સરખો શોભતો હતો.[29]

કપિવર હનુમાને મહાત્મા રાવણના શયનગૃહમાં બીજી તરફ દષ્ટિ કરી તો ચંદ્રસમાન મુખવાળી અને ઉત્તમ કુંડળાદિ આભૂષણોને તથા પ્રફુલ્લિત પુષ્પમાળાઓને ધારણ કરનારી તેની કેટલીક પ્રિયપત્નીઓને તેના ચરણ આગળ સૂતેલી દીઠી.[30--31] નૃત્ય અને વાજીંત્રમાં કુશળ તથા શ્રેષ્ઠ અલંકારોને ધારણ કરનારી કેટલીક સ્ત્રીઓ રાક્ષસેન્દ્ર રાવણના ખોળામાં તથા તેની ભુજાઓ આગળ સૂતેલી હનુમાનના જોવામાં આવી.[32] એ સ્ત્રીઓના કાનમાં વજ્ર અને વૈડૂર્યમણિથી જડેલાં સુવ-

---

* અત્રે રાવણના બે હાથનું વર્ણન કર્યું છે. એ ઉપરથી જણાય છે કે તેને વીશ હાથ નહિ; પરંતુ બેજ હાથ હશે. કેટલેક સ્થળે તેને વીશ હાથવાળો કહ્યો છે તેનો હેતુ એવોજ હશે કે તે પોતાના બે હાથમાં પણ મહાબળવાન પુરૂષના વીશ હાથ જેટલું બળ ધરાવતો હશે.

સંસ્કૃત ટીકાંકારોએ એ સંબંધે પોતાના ભિન્ન ભિન્ન મત દર્શાવ્યા છે; જેમાંના બે–ત્રણ નીચે ટાંકવામાં આવે છે.

"अत्र द्विभुजत्वकथनाद्युद्धादिकाल एव विंशतिभुजत्वं दशशीर्षत्वञ्चेति बोध्यम्। અત્રે રાવણના બે હાથનું વર્ણન કર્યું છે એ ઉપરથી આમ સમજવું કે યુદ્ધ વગેરે કરવાનું હોય તે વખતેજ રાવણ વીશ ભુજાઓ અને દશ મસ્તક વાળો બનતો હતો."

तीलक टीकाकार.

"अत्र द्विभुजत्वैकमुखोक्तिः स्त्रीणां कामनीयत्वाय। અત્રે કરેલું રાવણના બે હાથ અને એક મુખનું વર્ણન, માત્ર રાવણે એ વેળા સ્ત્રીઓને પ્રિય થવા તેવું સ્વરૂપ ધર્યું હતું તેની ધારે છે.

गोविन्दराजीय टीका.

" भुजाभ्यामिति द्विभुजत्वं महामुखादिति वक्ष्यमाणमेकमुखत्वञ्च रावणस्य कामरूपत्वात्संगच्छते। અત્રે રાવણને "બન્ને હાથોવડે શોભતો હતો." એવું કહ્યું છે તથા હવે પછીના ૨૩ મા શ્લોકમાં "રાવણના વિશાળ મુખમાંથી નીકળતો શ્વાસોચ્છ્વાસનો વાયુ" એવું કહેવાનું છે; એ ઉપરથી 'રાવણને બે હાથ હતા અને એક મુખ હતું' એવું જે આ સ્થળના વર્ણનથી જણાય છે તે યોગ્યજ છે; કેમકે રાવણની પોતાની ઇચ્છા પ્રમાણે રૂપ ધરવાની શક્તિ હોવાથી તે ચ્હાય તેવું રૂપ ધારણ કરે એ સંભવિત હતું. "**महेश्वरतीर्थीय टीका.**

ર્ણનાં કુંડળો શોભી રહ્યાં હતાં તથા ભુજાઓપર બાજુબંધ પ્રકાશી રહ્યા હતા.૩૩ તારાઓથી જેમ આકાશ શોભે તેમ તે સ્ત્રીઓનાં ચંદ્ર સરખાં પ્રકાશિત મુખમંડળોથી તથા નિર્મળ કુંડળોથી રાવણનું શયનગૃહ શોભી રહ્યું હતું.૩૪ રાત્રિક્રીડા કરવાથી થાકી ગયેલી અને પાતળી કટિવાળી રાક્ષસરાજની સ્ત્રીઓ જ્યાં જગા મળી ત્યાંજ નિદ્રાધીન થઇ ગઇ હતી.૩૫ તેમાંની કેટલીક સ્વરૂપસૌંદર્યવાળી સ્ત્રીઓ તો નિદ્રાવશ થયા છતાં પણ પોતાનાં કોમળ અંગોને આમ તેમ હલાવતી હોવાથી જાણે નૃત્ય કરતી હોય એવી જણાતી હતી.૩૬ કોઇક સ્ત્રી વીણાને આલિંગીને સૂઈ રહી હતી, તેથી જાણે મહા નદીના વેગથી અસ્તવ્યસ્ત થયેલી કોઈ કમલિની નાની હોડીના આશ્રયે તણાતી હોય એવી તે જણાતી હતી.૩૭ શ્યામ નેત્રવાળી કોઇક સ્ત્રી પોતાની સોડમાં 'મડ્ડુક' નામનું વાદ્ય લઈને સૂતેલી હતી, તેથી તે જાણે પોતાનાં વહાલાં બાળકને સોડમાં લઈ સૂતેલી કોઈ માતાજ હોય, એવી જણાતી હતી. ૩૮ સુંદર સ્વરૂપવાળી અને ઉત્તમ સ્તનવાળી કોઇક સ્ત્રી 'પટહ' નામના વાદ્યને આલિંગન કરી સૂતી હતી તેથી તે જાણે ઘણા કાળે મળેલા પતિને આલિંગન કરી સૂતેલી કોઇ સ્ત્રીજ હોય એવી દેખાતી હતી.૩૯ જેમ કામપીડિત થયેલી કોઈ સ્ત્રી પોતાના પ્રિય પતિને બાથમાં ઘાલીને સૂઈ રહે તેમ કમલ સમાન નેત્રવાળી કોઈક સ્ત્રી 'વીણા' નામના વાદ્યને બાથમાં ઘાલીને સૂઈ રહી હતી.૪૦ નૃત્ય કરવામાં કુશળ એવી બીજી કોઈ સ્ત્રી વળી 'વિપંચી' નામનું વાદ્ય લઇને સૂતી હતી તેથી તે પતિની સાથે નિદ્રાવશ થયેલી સ્ત્રીના જેવી દેખાતી હતી.૪૧ કોઈક સ્ત્રી કોમળ, હૃષ્ટપુષ્ટ અને મનોહર એવાં પોતાનાં કનકવર્ણા અંગોથી 'મૃદંગ' નામના વાદ્યનું આલિંગન કરી સૂતી હતી.૪૨ સુરતક્રીડાથી શ્રમિત થયેલી કોઈક કૃશોદરી પોતાની બન્ને ભુજાઓથી 'પણવ' નામના વાદ્યને આલિંગન કરી સૂતી હતી.૪૩ જેમ પોતાના નાના બાળક સહિત કોઇ સ્ત્રી પતિને ભેટી સૂઈ રહે તેમ કોઈક સ્ત્રી પોતાની ભુજાઓવડે 'ડિંડિમ' નામના વાદ્યને ભેટીને તથા એક બીજું ડિંડિમ વાદ્ય પોતાની પીઠ આગળ રાખીને સૂઇ રહી હતી.૪૪ કમળપત્ર સરખાં નેત્રવાળી મદમાતી કોઈક સ્ત્રી 'આડંબર' નામના વાદ્યને બાથમાં ઘાલી સૂઈ રહી હતી.૪૫ કોઇક સ્ત્રી જળ ભરેલો કળશ લઈને સૂતી હતી અને એ કળશ વાંકો વળી જવાને લીધે તેમાંથી ટપકતાં જળવડે તે ભીંજાતી હતી તેથી તે જાણે જળવડે ભીંજાયેલી વસંત ઋતુની પ્રફુલ્લિત લતા હોય એવી શોભતી હતી. નિદ્રાધીન થયેલી કોઈક સ્ત્રી વળી સુવર્ણ કળશ સરખા પોતાના બન્ને સ્તનોને બે હાથ વડે દબાવીને સુતી હતી;૪૭ તેમજ કમળપત્ર સમાન નેત્રવાળી તથા પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળી કોઈ સ્ત્રી ગાઢ નિદ્રાને લીધે બીજી સ્ત્રીને આલિંગન કરીનેજ સૂતી હતી.૪૮ કામપીડિત સ્ત્રીઓ જેમ કામી પુરૂષોને ભેટીને શયન કરે તેમ રાવણની એ સર્વ સ્ત્રીઓ એવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારનાં વાજીંત્રોને ભેટીને સૂતી હતી.૪૯

ઉપર વર્ણવેલી સઘળી સ્ત્રીઓનાં શયનોથી અલગ–એકાંતમાં બીછાવેલા સુંદર શયનમાં સૂતેલી કોઇ એક સ્વરૂપસંપન્ન સ્ત્રી કપિવર હનુમાનની દૃષ્ટિએ પડી.૫૦ એ સ્ત્રી મુક્તાફળ અને મણિ વગેરેનાં આભૂષણોથી સારી રીતે શણગારાયેલી હતી અને પોતાની કાંતિથી આખા શયનગૃહને દીપાવી રહી હતી.૫૧ તે સ્ત્રી ગૌરવર્ણવાળી અને સુવર્ણ સરખી દેદીપ્યમાન કાંતિવાળી હતી. રાવણના અંતઃપુરની સર્વ સ્ત્રીઓની તે ઈશ્વરી હતી. સુંદર સ્વરૂપવાળી એ સ્ત્રી બીજી કોઇજ નહિ, પરંતુ રાવણની પટ્ટરાણી મંદોદરી હતી. કપિશ્રેષ્ઠ હનુમાને તેને રમ્ય શય્યામાં

સૂતેલી દીઠી.[૫૨] નાના પ્રકારના અલંકારોવડે અલંકૃત થયેલી તથા રૂપ અને યુવાવસ્થાના સૌંદર્યથી શોભતી મંદોદરીને જોઈને, મોટી ભુજાવાળો પવનસુત હનુમાન "આ સીતા હશે," એમ ધારી પોતાના મનમાં અત્યંત હર્ષિત થયો.[૫૩]

રાવણની પટ્ટરાણી મંદોદરીને સીતા ધારી અત્યંત હર્ષમાં આવેલો કપિવર હનુમાન પોતાનો જાતિ સ્વભાવ દેખાડવા લાગ્યો. તે વારંવાર પોતાના પૂછડાને પછાડવા લાગ્યો અને આમ તેમ ફરીને પુનઃ પુનઃ પૂછડાનું ચુંબન કરવા લાગ્યો તેમજ થાંભલા ઉપર ચઢી ચઢીને પૃથ્વીપર પડવા લાગ્યો.[૫૪]

आस्फोटयामास चुचुम्ब पुच्छं ननन्द चिक्रीड जगौ जगाम । स्तम्भानरोहन्निपपात भूमौ निदर्शयन्स्वां प्रकृतिं कपीनाम् ॥५४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં દશમો સર્ગ સંપૂર્ણ. ૧૦

सर्ग ११ मो.

રાવણનો મહેલ—પાનભૂમિ.

अवधूय च तां बुद्धिं बभूवावस्थितस्तदा । जगाम चापरां चिन्तां सीतां प्रति महाकपि ॥१॥

મંદોદરીને જોઈ "આ સીતા હશે" એવો કપિવર હનુમાનના મનમાં જે વિચાર થયો હતો તે જરાવારમાંજ શાંત થઈ ગયો; અને તે સીતા સંબંધે પુનઃ વિચાર બાંધવા લાગ્યો કે;[૧] "અરે, રામચંદ્રથી વિખૂટાં પડેલાં સતી શિરોમણિ સીતા આ પ્રમાણે શયન, ભોજન, પાનસેવન તથા અલંકાર વગેરેને ધારણ કરેજ નહિ.[૨] ભલેને, દેવરાજ ઇંદ્ર પ્રાપ્ત થયો હોય તોપણ સતી સીતા તેની પાસે જરાવાર પણ ઉભાં રહે નહિ; કેમકે રામચંદ્રના જેવો શ્રેષ્ઠ સ્વરૂપવાન તથા ગુણવાન પુરૂષ દેવતાઓમાં પણ નથી.[૩] નિશ્ચય આ કોઈ બીજી સ્ત્રી હશે." આવો નિશ્ચય કરીને કપિવર હનુમાન સીતાનાં દર્શનની ઇચ્છાથી રાવણની પાનભૂમિ તરફ* જવાને તૈયાર થયો.[૪]

પાનભૂમિ તરફ જતાં પહેલાં તેણે પુનઃ પણ રાવણની સ્ત્રીઓ ઉપર દૃષ્ટિ કરી, તો કેટલીક સ્ત્રીઓ ક્રીડા કરવાથી, કેટલીક ગીત ગાવાથી તથા કેટલીક નૃત્ય કરવાથી શ્રમિત થઇ નિદ્રાધીન થયેલી તેના જોવામાં આવી. મદ્યપાનથી ચકચૂર બનેલી કેટલીક સ્ત્રીઓ મૃદંગ, મુરજ અને ચેલિકા વગેરે વાદ્યોને અઢેલી સૂઈ ગઈ હતી તથા કેટલીક સ્ત્રીઓ ગાલીચાપરજ સૂતી હતી.[૫-૬] એ પ્રમાણે નાના પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થયેલી, નિદ્રામાં પડયાં પડયાં પોતાના સ્વરૂપનું વર્ણન કરતી, ગાયન કરવામાં પ્રવીણ, દેશકાળને અનુસરી વાક્ય બોલનારી અને અત્યંત કામવાસનાવાળી હજારો સ્ત્રીઓથી વીંટાઇને સૂતેલા મહાત્મા રાવણને વાયુસુત હનુમાને જોયો.[૭-૮] પછી શ્રીમાન્ હનુમાને રાવણના શયનગૃહની બીજી બાજુએ જોયું તો ત્યાં પણ દેશકાળને અનુસરીને વાક્ય બોલનારી, ઉંઘમાં ને ઉંઘમાં જ પોતાના સ્વરૂપનું વર્ણન કરી રહેલી તથા રતિક્રીડા કરવાથી શ્રમિત થઈને સૂતેલી હજારો યુવતીઓ દૃષ્ટિએ પડી.[૯-૧૦] "સીતા રાવણના શયનગૃહમાંજ હશે" એમ ધારીને મહાબાહુ હનુમાન પુનઃ પણ તે સ્થળે ગયો. ત્યાં ચોમેર નિહાળી જોયું તો જેમ મોટા ગોપમાં બેઠેલી હજારો ગાયોની મધ્યે રહેલો વૃષભ શોભે તેમ હજારો સ્ત્રીઓની મધ્યે સૂતેલો રાક્ષસરાજ રાવણ અત્યંત શોભી રહ્યો હતો.[૧૧] સ્ત્રીઓથી વીંટાયેલો રાક્ષસેંદ્ર રાવણ અરણ્યમાં હાથણીઓથી વીંટાયેલા મોટા હાથી સરખો શોભતો હતો.[૧૨]

એમ વારંવાર શોધ કરવા છતાં પણ

* માંસ—મદિરા વગેરે પદાર્થો રાખવાનું સ્થાન.

સીતાનું દર્શન નહિ થવાથી ઉદ્વિગ્ન થયેલો કપિવર હનુમાન ત્યાંથી બહાર નીકળીને રાવણની પાનભૂમિમાં ગયો.

રાવણના રાજમહેલમાં વિચરતા કપિશ્રેષ્ઠ હનુમાને સર્વ ઇચ્છિત પદાર્થોથી ભરેલી રાક્ષસરાજ રાવણની પાનભૂમિ દીઠી.[૧૩] એ પાનભૂમિમાં મૃગો, મહિષો અને વરાહોનાં માંસના જાૂદા જાૂદા ઢગલા કરી રાખેલા હતા; તથા સુવર્ણનાં વિશાળ પાત્રોમાં કેટલાક મયૂરો અને કુકડાઓ મૂકી રાખ્યા હતા, કે જેનું કોઇએ પણ ભક્ષણ કર્યું ન હતું. એ સર્વ કપિવર હનુમાને દીઠું.[૧૪-૧૫] દહીં અને સંચળ મેળવેલાં વરાહ, વાધ્રીણસ*, શ્યાહુડી, મૃગ અને મયૂરોનાં માંસ પણ ત્યાં હનુમાનના જોવામાં આવ્યાં.[૧૬] ફક્ત, અનેક જાતનાં બકરાં, અડધાં ભક્ષણ કરેલાં સસલાં, મહિષો તથા જેના કાંટા કાપી નાખ્યા હતા એવાં ‘એક શલ્ય’ નામનાં મત્સ્યો ત્યાં આગળ રાંધીને તૈયાર રાખ્યાં હતાં તે સર્વ હનુમાનની દૃષ્ટિએ પડ્યાં.[૧૭] વળી એ પાનભૂમિમાં નાના પ્રકારના લેહ્ય, પેય તથા ભોજન કરવા યોગ્ય પદાર્થો તૈયાર કરી પાત્રોમાં ભરી રાખેલા હતા; એ ભૂમિ ખાટા, ખારા, તીખા અને મધુર આદિ રસોથી પરિપૂર્ણ હતી.[૧૮] ત્યાંનાં પાન કરવાનાં તથા ભોજન કરવાનાં કેટલાંક પાત્રોમાં મદમત્ત સ્ત્રી પુરૂષોએ ફેંકેલાં નૂપુર, બાજુબંધ તથા હાર વગેરે અમૂલ્ય આભૂષણો પડેલા હતાં અને કેટલાંક પાત્રો નાના પ્રકારનાં ફળોથી ભરેલાં હતાં.[૧૯] સ્થળે સ્થળે પુષ્પોના ઢગલા કરેલા હોવાથી એ ભૂમિ અધિક શોભા આપતી હતી. વળી અનેક સ્થળે ગોઠવેલાં સુંદર સુવર્ણનાં આસનોને લીધે તે જાણે અગ્નિ વિનાજ સળગી ઉઠી હોય એવી પ્રકાશતી હતી! પાકશાસ્ત્રમાં કુશળ રસોઈઆઓએ વિવિધ પ્રકારના મસાલા નાખીને સ્વાદિષ્ટ બનાવેલાં અનેક પ્રકારનાં માંસ એ પાનભૂમિમાં જોવામાં આવતાં હતાં તથા વૃક્ષોમાંથી સ્વયમેવ ઉત્પન્ન થતાં દિવ્ય અને નિર્મળ મદ્યો ત્યાં આગળ અનેક પાત્રોમાં ભરી રાખેલાં હતાં. જાૂદા જાૂદા પ્રકારના કૃત્રિમ આસવો જેવા કે સાકરથી બનાવેલો શર્કરાસવ, મધથી બનાવેલો માધ્વીકાસવ, દ્રાક્ષથી બનાવેલો દ્રાક્ષાસવ, મહુડાનાં પુષ્પ વગેરેથી બનાવેલો પુષ્પાસવ અને ખજાૂર વગેરે ફળોથી બનાવેલો ફળાસવ, આદિ આસવો જાૂદાં જાૂદાં પાત્રોમાં ભરી રાખ્યા હતા. તે સઘળા આસવો અનેક પ્રકારના સુગંધી ચૂર્ણોના સુવાસથી બ્હેકી રહ્યા હતા.[૨૦-૨૩] સ્થળે સ્થળે પડેલી પુષ્પમાળાઓથી સુવાસિત થયેલી એ પાનભૂમિ સુવર્ણના, ચાંદીના અને સ્ફાટિકના કળશો તથા કરવડા વગેરે પાત્રોથી અત્યંત શોભી રહી હતી. ત્યાં આગળ સોના ચાંદીનાં અનેક પાત્રોમાં વિવિધ પ્રકારના પદાર્થો ભરેલા હતા, તેને કપિવર હનુમાને દીઠા. એમાંના સુવર્ણ પાત્રો તથા મણિમય પાત્રોને વિશે તો શુદ્ધ મદિરાજ ભરેલી હતી; કેટલાંક પાત્રો અડધાં ભરેલાં હતાં; કેટલાંક કોઇએ પીવાથી અધૂરાં થયેલાં હતાં[૨૪-૨૭] અને કેટલાંક કોઇએ પણ પીધા વિના એમને એમજ પડેલાં હતાં. એ સઘળું જોતો કપિકુંજર હનુમાન ચોમેર ફરતો હતો. કેટલેક સ્થળે તૈયાર કરી રાખેલા અનેક પ્રકારના ભક્ષ્ય પદાર્થો તથા કેટલેક સ્થળે જાૂદા જાૂદા ગોઠવી રાખેલા પાન પદાર્થો પણ તેના જોવામાં આવ્યા; જે ભક્ષણ કરતાં અર્ધા અર્ધા બાકી રહેલા હતા. એ પાનભૂમિમાં બીજી તરફ દૃષ્ટિ કરતાં કપિવર હનુમાને કેટલીક શય્યાઓ દીઠી કે જેને વિષે પતિ વિનાની એકલી સ્ત્રીઓ એક બીજીને આલિંગન કરીને સૂતી હતી.[૨૮-૨૯] તેમાંની કોઇક સ્ત્રી નિદ્રાને લીધે બેભાન થઇને પોતાની શય્યામાંથી ઉઠી, બીજી સ્ત્રીની પાસે જતી હતી અને તેનું વસ્ત્ર ખેંચી પોતાના અંગપર ઓઢતી હતી.[૩૦] જેમ મંદ મંદ ચાલતા પવનથી વૃક્ષોમાં પુષ્પો હાલે છે

* એક જાતનું પક્ષી.

તેમ એ સ્ત્રીઓનાં અંગપર પડેલાં વસ્ત્રો તથા પુષ્પો તેમના શ્વાસોચ્છ્વાસના વાયુથી મંદ મંદ હાલતાં હતાં.[૩૧]

પાનભૂમિનું સારી રીતે અવલોકન કર્યા પછી કપિશ્રેષ્ઠ હનુમાન ત્યાંથી નીકળી પુનઃ પુષ્પકવિમાન ઉપર ગયો. ત્યાં શીતળ ચંદન, મધુરસ, મદ્ય, પુષ્પમાળાઓ, પુષ્પગુચ્છો, સ્નાન કરવાના સુગંધયુક્ત ચૂર્ણો અને ધૂપ વગેરે ઉત્તમ પદાર્થોની સુવાસવાળો વાયુ મંદ મંદ ગતિથી વાતો હતો. ત્યાં સૂતેલી સ્ત્રીઓમાંની કેટલીક શ્યામ–ગૌરવર્ણવાળી અને કેટલીક સુંદર શરીરવાળી, કેટલીક કૃષ્ણવર્ણી અને કેટલીક સુવર્ણસમાન દેદીપ્યમાન અંગવાળી હતી. એ સર્વને હનુમાને જોઈ. રાવણના અંતઃપુરમાંની સઘળી સ્ત્રીઓ એ વેળા નિદ્રાધીન થયેલી હોવાથી તેમનું રૂપ બીડાયેલી કમિલિનીઓ જેવું દેખાતું હતું. એ પ્રમાણે મહાતેજસ્વી હનુમાને રાક્ષસરાજ રાવણનું આખું અંતઃપુર તપાસી જોયું; પરંતુ જનકતનયા સીતા ક્યાંય પણ તેના જોવામાં આવ્યાં નહિ.[૩૨-૩૬]

રાવણની સ્ત્રીઓને જોતાં જોતાં કપિવર હનુમાનને “નગ્નાવસ્થામાં પડેલી પરસ્ત્રીને જોવી નહિ” એવું શાસ્ત્ર વચન સાંભરી આવ્યું. એ સમયે મહાવીર હનુમાનના મનમાં ધર્મભંગનો મોટો ભય ઉત્પન્ન થયો.[૩૭] તે વિચાર કરવા લાગ્યો કે “અરે, આજે મેં ઘણેભાગે નગ્નાવસ્થામાં સૂતેલી પરસ્ત્રીઓને જોઈ, માટે નિશ્ચય મારા ધર્મનો સમૂળો લોપ થઇ જશે.[૩૮] પણ રે, મારી દૃષ્ટિ પરસ્ત્રીનું નિરીક્ષણ કરવામાં કદીપણ આસક્ત થતી નથી તેથી મને તે સંબંધી પાતક નહિ લાગે; પરંતુ પરસ્ત્રીઓનું હરણ કરી લાવનાર ઘોર પાતકી આ રાવણ આજે મારા જોવામાં આવ્યો તેથી તો અવશ્ય મારા ધર્મનો લોપજ થશે.”[૩૯]

નિશ્ચિત મતિવાળા અને સ્થિર ચિત્તવાળા હનુમાનના મનમાં ઉપર્યુક્ત વિચાર ચાલતો હતો, એટલામાં વળી કાર્યાકાર્યનો નિર્ણય કરનારો એક બીજો વિચાર પણ તેને થઈ આવ્યો કે;[૪૦] “અહો ! અત્રે નિઃશંકપણે સૂતેલી રાવણની સ્ત્રીઓને મેં જોઈ; પરંતુ એથી મારા મનમાં કાંઈ પણ વિકાર ઉપજ્યો નથી.[૪૧] સઘળી ઈંદ્રિયોને શુભ કિંવા અશુભ કર્મમાં પ્રવૃત્તિ કરાવનારૂં મનજ છે. મારૂં મન તો પ્રથમથીજ દૃઢ છે, એટલે મારે ભય રાખવા જેવું નથી.[૪૨] વળી બીજે ક્યાંય શોધ કરવાથી મને સીતાનાં દર્શન થઈ શકે એમ નથી. સ્ત્રીની શોધ કરવી હોય તો સ્ત્રીઓમાંજ ફરવું જોઇએ.[૪૩] આ લોકને વિશે જે જાતનું પ્રાણી શોધી કાઢવું હોય તેની જાતના પ્રાણીઓમાંજ તેની શોધ કરવામાં આવે છે. ખોવાયેલી સ્ત્રીની શોધ તો સ્ત્રીઓમાંજ કરવી ઘટે છે.[૪૪] એ નિયમને અનુસરીને મેં શુદ્ધ અંતઃકરણથી રાવણનું આખું અંતઃપુર તપાસી જોયું; પરંતુ જનકતનયા સીતા ક્યાંય પણ મારા જોવામાં આવ્યાં નહિ.”[૪૫]

એ પ્રમાણે ચિંતા કરતો કપિશ્રેષ્ઠ હનુમાન રાવણના અંતઃપુરમાં રહેલી સઘળી દેવ કન્યાઓ, ગંધર્વ કન્યાઓ, નાગ કન્યાઓ તથા બીજી પણ કેટલીક ઉત્તમ સ્ત્રીઓને જોઈ વળ્યો; પરંતુ ક્યાંય પણ તેને સીતાનાં દર્શન થયાં નહિ; ત્યારે હતાશ થઈને પરાક્રમી હનુમાન ત્યાંથી બહાર નીકળી બીજે સ્થળે જવા તત્પર થયો.[૪૬-૪૭] રાવણના અંતઃપુરમાં અતિ યત્નપૂર્વક શોધ કરીને પવનસુત હનુમાન રાવણની પાનભૂમિમાંથી નીકળીને શોધ કરવા માટે બીજે સ્થળે જવા લાગ્યો.[૪૮]

स भूयः सर्वतः श्रीमान्मारुतिर्यत्नमाश्रितः ।
आपानभूमिमुत्सृज्य तां विचेतुं प्रचक्रमे ॥४८॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અગીઆરમો સર્ગ સંપૂર્ણ. ૧૧

सर्ग १२ मो.

સીતાની શોધ માટે હનુમાનનો પુનઃ પુનઃ પ્રયત્ન.

स तस्य मध्ये भवनस्य संस्थितो लतागृहांश्चित्रगृहान्निशागृहान्। जगाम सीतां प्रति दर्शनोत्सुको न चैव तां पश्यति चारुदर्शनाम् ॥१॥

સીતાનાં દર્શન કરવા માટે ઉત્સુક થયેલો મહાકપિ હનુમાન પુનઃ પણ રાવણનાં કેટલાંક લતાગૃહો, ચિત્રગૃહો તથા નિશાગૃહોમાં ગયો અને સીતાની શોધ કરવા લાગ્યો. પરંતુ પવિત્ર દર્શનવાળાં જાનકી ક્યાંય પણ તેની નજરે પડયાં નહિ.[1] વારંવાર શોધ કરતાં પણ રઘુનાથની પ્રિયા સીતાનું દર્શન થયું નહિ ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે; "અરે, આટલી આટલી શોધ કરવા છતાં પણ મિથિલેશપુત્રી સીતા મારા જોવામાં આવતાં નથી; એથી મને લાગે છે કે નિશ્ચય, તે જીવતાં હશે નહિ.[2] અવશ્ય, અતિ દુષ્કર્મ કરનારા આ રાક્ષસરાજ રાવણે પોતાના શિયળવ્રતનું રક્ષણ કરવામાં તત્પર રહેનારાં અને ઉત્તમ સન્માર્ગે વર્તનારાં સતી શિરોમણિ સીતાનો વધ કર્યો હશે.[3] અથવા તો રાક્ષસરાજ રાવણની અતિશય કદરૂપી, બીહામણા શરીરવાળી, તેજ રહિત અને અત્યંત ભયંકર દેખાવવાળી સ્ત્રીઓને જોઇને એ જનકનંદિની ભયને લીધે આપોઆપ જ મરણ પામ્યાં હશે.[4] અરેરે, આટલા લાંબા વખત સુધી હુ વાનરોની સાથે રખડયો; છતાં પણ સીતાની શોધ લાગી નહિ, એથી તો સમુદ્ર ઉલ્લંઘવારૂપ મારૂં સઘળું પૌરૂષબળ પણ વ્યર્થ થયું છે!! અરેરે, હવે હું સુગ્રીવની પાસે જઇ શકું એમ નથી; કેમકે વાનરરાજ સુગ્રીવ અત્યંત બળવાન અને ઉગ્ર દંડ દેનારો છે.[5] અરેરે, હું રાવણનું આખું અંતઃપુર શોધી વળ્યો અને તેની સઘળી સ્ત્રીઓને પણ જોઈ વળ્યો; પરંતુ સતી શિરોમણિ સીતા મારા જોવામા આવ્યાં નહિ. અરે!! આજે મારો સઘળો શ્રમ નિષ્ફળ ગયો.[6] હું જ્યારે પાછો જઇશ ત્યારે સર્વ વાનરો એકઠા થઈ મને પૂછશે કે "હે વીર! લંકામાં જઇને શું કર્યું? તે અમને કહે." એ વેળા સીતાને જોયા વિના પાછો ગયેલો હુ તેઓને શું કહીશ? વળી સુગ્રીવે આપેલી મુદત પણ વીતી ગઈ છે, એટલે પાછા જઇને જીવવું દુર્લભ છે, માટે હવે તો મરણની વાટ જોતો હુ અહીંયાંજ પ્રાયોપવેશન કરીશ.[7-8] અરે, હું સો યોજનનો સમુદ્ર ઓળંગીને લંકામાં આવ્યો, તો પણ સીતાનો પત્તો લાગ્યો નહિ; એથી વૃદ્ધ જાંબવાન, યુવરાજ અંગદ અને બીજા સર્વ વાનરો મને શું કહેશે?"[9]

એ પ્રમાણે ખેદ કરતો કપિવર હનુમાન વળી પોતાના મનમાં ઉત્સાહ આણીને વિચારવા લાગ્યો કે; "અરે, આ લોકને વિશે લક્ષ્મી તથા સુખ પ્રાપ્ત કરવાનું ખરૂં સાધન ઉત્સાહજ છે; માટે હવે તો જ્યાં જ્યાં શોધ કરવી બાકી રહી છે ત્યાં ત્યાં જઇને હુ ઉત્સાહભેર શોધ કરીશ.[10] કહ્યું છે કે;—

अनिर्वेदो हि सततं सर्वार्थेषु प्रवर्तकः।
करोति सफलं जन्तोः कर्म यच्च करोति सः॥

આ લોકને વિશે ઉત્સાહ મનુષ્યોને સઘળાં કાર્યોમાં પ્રવૃત્તિ કરાવનાર છે; અર્થાત્ ઉત્સાહ હોય તોજ મનુષ્યો કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત થાય છે; અને મનુષ્યમાત્રનાં કાર્યોને સફળ કરનાર પણ ઉત્સાહજ છે.[11] માટે હવે હું ઉત્તમ ઉત્સાહ ધરીને સીતાશોધનો પ્રયત્ન કરીશ અને રાવણનાં જે જે સ્થાનો મેં જોયાં નથી તે તે સ્થાનોમાં ફરીને શોધ કરીશ.[12] હું રાવણની પાનભૂમિ, પુષ્પગૃહ, ચિત્રશાળા, ક્રીડાગૃહ, શેરીઓ અને સાતસાત માળની હવેલીઓ વગેરે સર્વ સ્થળે શોધી વળ્યો છું; છતાં તે તે સ્થળે પુનઃ શોધ કરીશ."

આવો વિચાર કરીને મારૂતસુત હનુમાન પુનઃ પણ સીતાની શોધ કરવાને ઉદ્યુક્ત થયો. આ વેળા તે અનેક ભોંયરાં, દેવમંદિરો અને

મોટાં મોટાં ગૃહોમાં જઇને શોધ કરવા લાગ્યો. કોઈ વખતે તે અત્યંત ઉંચે ચઢતો તો કોઈ સમયે ત્યાંથી નીચે ઉતરી આવતો હતો; કોઈ વેળા ઉભો રહેતો તો કોઈ વેળા ઉતાવળે ચાલતો હતો;[૧૩-૧૪-૧૫] કોઈક સ્થળે બારણાં ઉઘાડી અંદર પ્રવેશ કરતો, તો કોઈક સ્થળે બહાર નીકળતી વેળા દ્વાર બંધ કરતો હતો; અને કોઈક વેળાએ અતિ ઉંચા સ્થળેથી જાણે ઉડતો હોય એમ કૂદકો મારી નીચે પડતો હતો.[૧૬] આમ જ્યાં જ્યાં જોવાનું હતું ત્યાં ત્યાં સર્વત્ર એ કપિવર ફરી વળ્યો. તેણે રાવણના રાજમહેલમાં ચાર આંગળ જેટલી જગ્યા પણ જોયા વિના પડતી મૂકી નહિ.[૧૭] કપિશ્રેષ્ઠ હનુમાને રાવણના કિલ્લાની અંદરની ગલીઓ, ચૈત્યવૃક્ષોના ચોતરા અને જળના હોજ તથા તલાવડીઓ વગેરે સઘળાં સ્થળોમાં શોધ કરી; પરંતુ ક્યાંય પણ સીતા જોવામાં આવ્યાં નહિ.[૧૮] કપિવર હનુમાન બીહામણા રૂપવાળી અનેક રાક્ષસીઓને પણ જોઇ વળ્યો; પરંતુ જનકનંદિની સીતા ક્યાંય પણ તેના જોવામાં આવ્યાં નહિ.[૧૯] વાયુસુત હનુમાને રાવણના અંતઃપુરમાં અપ્રતિમ સ્વરૂપ સૌંદર્યવાળી વિદ્યાધરોની અનેક સ્ત્રીઓ દીઠી; પરંતુ મિથિલેશ પુત્રી સીતા તેના દીઠામાં આવ્યાં નહિ.[૨૦] મહાબળવાન્ હનુમાને રાવણના અંતઃપુરમાં પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળી તથા સુંદર અંગવાળી કેટલીક નાગકન્યાઓને દીઠી; પરંતુ સતી શિરોમણી સીતા તેની દૃષ્ટિએ પડયાં નહિ.[૨૧] મારૂતસુત હનુમાન રાવણે બળાત્કારથી હરણ કરી આણેલી અને બંદીખાનામાં નાખેલી ઘણીક નાગકન્યાઓને જોઈ વળ્યો; પરંતુ તેઓમાં પણ સીતા જોવામાં આવ્યાં નહિ.[૨૨]

આમ સર્વત્ર શોધ કરતાં બીજી અનેક શ્રેષ્ઠ સ્ત્રીઓ કપિવર હનુમાનના જોવામાં આવી; પરંતુ જનકનંદિની સીતા ક્યાંય પણ તેની દૃષ્ટિએ પડયાં નહિ, એથી મોટી ભુજાઓ વાળો પવનસુત હનુમાન પુનઃ પણ ખેદ પામ્યો.[૨૩] રામચંદ્રના કાર્ય માટે સુગ્રીવાદિ વાનરોએ ઉઠાવેલો પ્રયત્ન અને પોતે કરેલું સમુદ્રનું ઉલ્લંઘન, એ સઘળું વ્યર્થ ગયું; એમ ધારીને વાયુસુત હનુમાન પુનઃ ઘણો ચિંતાતુર બન્યો.[૨૪] શોકવડે હણાયેલા ચિત્તવાળો પવનસુત હનુમાન રાવણના દિવ્ય રાજમહેલમાંથી નીચે ઉતર્યો અને 'હવે શું કરવું?' એ સંબંધી ચિંતા કરવા લાગ્યો.[૨૫]

अवतीर्य विमानाच्च हनूमान्मारुतात्मजः ।
चिन्तामुपजगामाथ शोकोपहतचेतनः ॥२५॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બારમો સર્ગ સંપૂર્ણ. ૧૨

सर्ग १३ मो.

સીતા નહિ મળવાથી હનુમાનને થયેલો પરિતાપ.

विमानात्तु स संक्रम्य प्राकारं हरियूथपः ।
हनूमान्वेगवानासीद्यथा विद्युद्घनान्तरे ॥१॥

વાનરયૂથપતિ હનુમાન રાવણના રાજમહેલમાંથી બહાર નીકળી, તેની આસપાસ આવેલા અને ઇંદ્રનીલમણિથી બનાવેલા કિલ્લાપર ઉતાવળે ચઢયો. એ વેળા જેમ વાદળામાં વિજળી શોભે છે તેમ તે શોભતો હતો.[૧] રાવણનાં સઘળાં ગૃહોમાં ફરી વળવા છતાં પણ સતી સીતાનાં દર્શન નહિ થવાથી ઉદ્વિગ્ન થયેલો મારૂતસુત હનુમાન કિલ્લાપર બેઠાં બેઠાં પોતાના મન સાથે કહેવા લાગ્યો કે; "અહો! રામચંદ્રનું પ્રિય કરવા માટે આખી લંકાનગરી હું શોધી વળ્યો; પરંતુ સર્વાંગ સુંદરી જનકતનયા સીતા મારી દૃષ્ટિએ પડયાં નહિ.[૨] અરે!! હું નાની નાની તળાવડીઓ, મોટાં મોટાં સરોવરો, વહેળાઓ, નાની તથા મોટી નદીઓ, સમુદ્રની ખાડીયો તથા તેની આસપાસ આવેલાં વનો, અગમ્ય પર્વતો, ઇત્યાદિ સઘળી પૃથ્વી ફરી વળ્યો; પરંતુ

સતી સીતા મારા જોવામાં આવ્યાં નહિ! અરે, ગૃધ્રરાજ સંપાતિએ મને કહ્યું હતું કે સીતા રાવણને ત્યાંજ છે, તો પછી તે અહીંયાં મારી દૃષ્ટિએ કેમ પડતાં નથી?[૪-૫] અરે, રાવણે બળાત્કારથી હરણ કરેલાં અને અહીં આવવાથી પરવશ થઈ પડેલાં જનકનંદિની સીતા કે જે શુદ્ધ વિદેહ વંશમાં જન્મેલાં છે તે કદીપણ રાવણનું સેવન કરે ખરાં કે?*[૬] અરે, હું તો ધારૂં છું કે સીતાને લઈ ઉતાવળે આકાશ માર્ગે ઉડેલા, પરંતુ રામચંદ્રનાં બાણોના ભયથી થરથર ધ્રૂજતા રાવણના હાથમાંથી તે માર્ગમાંજ પડી ગયાં હશે?[૭] અથવા તો સિદ્ધોએ સેવેલા આકાશમાર્ગે રાવણ જ્યારે સીતાને હરીને જતો હશે ત્યારે માર્ગમાં આવેલા ભયંકર સમુદ્રને જોઇ સીતાનું હૃદય ફાટી ગયું હશે?[૮] અથવા તો રાવણના ઉરૂવેગથી તથા ભુજાઓના દબાણથી પીડા થવાને લીધે વિશાળ નેત્રવાળાં સીતાએ પોતાના જીવિતનો ત્યાગ કર્યો હશે?[૯] અથવા તો રાવણ એ જનકનંદિની સીતાને ઉંચકી જ્યારે સમુદ્રની ઉપર ઉડતો હશે ત્યારે તરફડીયાં મારતાં સીતાએ સમુદ્રમાં પડતું મૂક્યું હશે?[૧૦] અથવા તો પોતાના શિયળવ્રતનું રક્ષણ કરનારાં અને સહાય વિનાનાં તપસ્વિની સીતાને આ ક્ષુદ્ર બુદ્ધિવાળો દુરાત્મા રાવણ ભક્ષણ કરી ગયો હશે?[૧૧] અથવા તો દુષ્ટભાવવાળી રાવણની રાક્ષસી સ્ત્રીઓએ શોક્યનું સાલ ટાળવા માટે સીતાનું ભક્ષણ કર્યું હશે?[૧૨] અથવા તો જેમ પિંજરામાં પૂરી રાખેલી મેના ટળવળે તેમ રાવણના ઘરમાં એકાંતમાં ગોંધી રાખેલાં સીતા ક્યાંક ટળવળતાં હશે? તે ગમે તેમ હો, પરંતુ સતી સીતા મારા જોવામાં તો આવ્યાંજ નહિ.[૧૩] જનકરાજાના વંશમાં જન્મેલાં અને કમળપત્ર સમાન નેત્રવાળાં રામચંદ્રનાં પ્રિય પત્ની સીતા રાવણને વશ તો કેમજ થાય?[૧૪] અરે, રાવણે સીતાને કદાચ ગુપ્ત ભોંયરામાં રાખ્યાં હોય તેથી તે મારા જોવામાં ન આવ્યાં હોય; અથવા તેમણે પોતેજ સમુદ્રમાં ઝંપાપાત કરી જીવિતનો ત્યાગ કર્યો હોય; કિંવા રામવિરહના દુઃખે કરી કદાચ તે મરણ પામ્યાં હોય. તે ગમે તેમ હોય, પરંતુ એ ત્રણે વાતોમાંની એક પણ મારે રામચંદ્રની આગળ જઈ નિવેદન કરવી યોગ્ય નથી. શ્રીમાન રામચંદ્રનો સીતાપર અથાગ પ્રેમ છે,[૧૫] તેથી જો હું અહીંથી પાછો જઈ તેમને એમ કહું કે "લંકામાં સીતા ક્યાંય પણ મારા જોવામા આવ્યાં નહિ," તો તેઓ નિશ્ચય પોતાના પ્રાણનો ત્યાગ કરશે. માટે એમ કહેવું એ દોષરૂપ છે. વળી જો હું કાંઈ પણ કહું નહિ તો સ્વામીની વંચના કરવારૂપ દોષનો ભોક્તા થાઉં તેમ છે; તો હવે મારે શું કરવું એ કાંઇ સૂઝતું નથી.[૧૬]

આવે પ્રસંગે દેશકાળને અનુસરી શું કરવું અને શું બોલવું? એ માટે કપિવર હનુમાન પુનઃ વિચારવા લાગ્યો.[૧૭] તેને લાગ્યું કે "અરે, અહીં સુધી આવ્યા છતાં પણ જો હું સીતાના દર્શન કર્યા વિનાજ પાછો કિષ્કિંધા નગરીમાં જઇશ તો એમાં મારૂં શું પુરૂષાર્થ—બળ કહેવાશે?[૧૮] અરેરે, જો એમજ થશે તો તો સો યોજનના સમુદ્રનું ઉલ્લંઘન કરવાનો અને દુષ્પ્રવેશ લંકાગઢમાં પ્રવેશ કરી ભયંકર રાક્ષસોને જોવાનો સઘળો શ્રમ મિથ્યા જશે![૧૯] અરે, હું જ્યારે આમને આમજ પાછો કિષ્કિંધામાં જઇશ ત્યારે એકત્ર થયેલા સુગ્રીવાદિ વાનરો અને દશરથનંદન શ્રીમાન રામચંદ્ર તથા લક્ષ્મણ મને શું કહેશે?[૨૦] અરે, અહીંથી પાછો જઇને જો હું રામચંદ્રને એમ કહીશ કે, "લંકામાં વારંવાર શોધ કર્યા છતાં પણ સતી સીતાનાં મને દર્શન

* હનુમાને રાવણના શયનગૃહમાં મંદોદરીને જોઈ હતી ત્યારે તેના સ્વરૂપ સૌંદર્ય ઉપરથી 'આ સીતા હશે' એવો તેને આભાસ થયો હતો; તેવોજ આભાસ આ સમયે પણ તેને થઇ આવ્યો તેથી તેનું નિરાકરણ કરતાં તેણે આ વાક્ય કહેલું છે. તો. ટી.

થયાં નહિ," તો મારૂં એવું કઠોર વાક્ય સાંભળીને રઘુવીર તુરતજ પોતાના જીવિતનો ત્યાગ કરશે![21] ખરે, એ દશરથ પુત્ર રામચંદ્ર પોતાની ઇંદ્રિયોને તપાવનારા, કઠોર, તીક્ષ્ણ અને દારૂણ એવા મેં કહેલા સમાચાર સાંભળીને ખરેખર જીવી શકશે નહિ.[22] પોતાના ભાઈ ઉપર અત્યંત પ્રીતિવાળા બુદ્ધિમાન લક્ષ્મણ પણ પોતાના ભાઈ રામચંદ્રને કષ્ટમાં આવી પડેલા તથા મરણ પામવાને ઉદ્યુક્ત થયેલા જોઈને જીવી શકશે નહિ.[23] શ્રીમાન રામચંદ્ર તથા લક્ષ્મણને મરણ પામેલા સાંભળીને કૈકેયીનો પુત્ર ભરત પણ મરણને શરણ થશે; અને તેનો નાશ થયેલો જોઈ શત્રુઘ્ન પણ જીવશે નહિ.[24] આમ રામચંદ્ર વગેરે પોતાના પુત્રોને મરણ પામેલા જોઇને તેઓની માતાઓ-કૌસલ્યા, સુમિત્રા અને કૈકેયી પણ જીવી શકશે નહિ, એ નિ:સંદેહ છે.[25] વળી રામચંદ્રને સ્વર્ગે સીધાવેલા જોઇને કૃતજ્ઞ અને સત્યવાદી એવો વાનરોનો રાજા સુગ્રીવ પણ પોતાના જીવિતનો ત્યાગ કરી તેઓનીજ વાંસે જશે; અર્થાત્ મૃત્યુ પામશે.[26] વળી તેમ થતાં ઉદ્વિગ્ન મનવાળી, આનંદ વગરની, દીન થયેલી અને સ્વામીના શોકથી પીડાતી રૂમા પણ પોતાના પ્રાણને તજી દેશે.[27] વળી પોતાના પતિ વાલીના મરણ શોકવડે પ્રથમથીજ પીડાતી અને મરણ પામવાને નિશ્ચય કરી ચૂકેલી તારા પણ આ લોકમાં રહેશે નહિ;[28] અને પોતાનાં માતા પિતાનો તથા પોતાના કાકા સુગ્રીવના કુટુંબનો વિનાશ થયો જાણીને યુવરાજ અંગદ પણ જીવી શકશે નહિ.[29] આમ આખા રાજ-કુટુંબનો નાશ થવાથી દુ:ખમાં આવી પડેલા મુખ્ય મુખ્ય વાનરો કે જેઓને કપિરાજ સુગ્રીવે આજદિન સુધી સામ, દામ અને માનથી લડાવેલા છે, તેઓ પણ હાથનાં તળીયાં તથા મુષ્ટિઓવડે પોતાનાં માથાં કૂટી કૂટીને મરણ પામશે.[30-31] વળી બાકી રહેલા વાનરો રાજકુટુંબના શોકને લીધે વનોમાં, પર્વત-શિખરોમાં અને ગુફાઓ વગેરેમાં એકઠા મળી પ્રથમની પેઠે વિહાર-ક્રીડા કરી શકશે નહિ.[32] વળી તેઓમાંના કેટલાક તો સુગ્રીવના મરણથી પીડિત થઈને પોતાના કુટુંબ-કબીલા સાથે પર્વતોનાં શિખરોપર ચઢીને ઝંપાપાત કરશે,[33] કેટલાક ઝેર ખાઈને મરશે, કેટલાક ગળે ફાંસો ખાઇને પ્રાણ ત્યાગ કરશે, કેટલાક અગ્નિમાં પ્રવેશી બળી મરશે, કેટલાક અન્ન-જળનો ત્યાગ કરી પોતાના જીવિતનો અંત આણશે અને કેટલાક કપિઓ શસ્ત્રોથી કપાઈ મરશે.[34] જો હું અહીંથી પાછો જઈશ તો આ પ્રમાણે શોકને લીધે રડારોળ થઈ રહેશે અને આખા ઇક્ષ્વાકુકુળનો તથા વાનરોનો અંત આવી જશે.[35] માટે હવે હું અહીંથી કિષ્કિંધા નગરી પ્રત્યે જઈશ નહિ. વળી સીતાને મળ્યા વિના કપિરાજ સુગ્રીવની આગળ જવાને હું હિંમત પણ ધરી શકતો નથી.[36] જો હું કિષ્કિંધા નહિ જાઉં તો મહાબળવાન અને ધર્માત્મા એવા એ બન્ને ભાઈઓ તથા સઘળા વાનરો સીતાની આશામાં ને આશામાં જીવતા રહેશે."[37]

"અહીં રહીને હજી હું પુન: પુન: સીતાની શોધ કરીશ. તેમ છતાં પણ મને જો સીતાનાં દર્શન નહિ થાય તો વાનપ્રસ્થાશ્રમી થઈશ; અને હાથથી મેળવી શકાય એવાં અથવા આપોઆપ મુખમાં આવી પડે એવાં ફળોનો આહાર કરી, ઇંદ્રિયોને વશ કરી વૃક્ષોનાં મૂળ આગળ નિવાસ કરીશ.[38] અથવા તો બહુ ફળ-મૂળાદિવાળા સમુદ્રના કિનારાપર ચિતા ખડકી તેને અગ્નિવડે પ્રજ્વલિત કરી હું બળી મરીશ.[39] અથવા તો અન્ન-જળનો ત્યાગ કરીને પ્રાયોપવેશન કરી લિંગશરીરવાળા આત્માને આ સ્થૂળ શરીરનો વિયોગ કરાવીશ; એટલે કાગડાઓ અને બીજાં માંસાહારી પ્રાણીઓ મારા આ શરીરનું સુખેથી ભક્ષણ કરશે.[40] અથવા તો ઘણી શોધ કરવા છતાં પણ મને સતી સીતાનાં દર્શન નહિજ થાય તો હું જળમાં

ડૂબી મરીશ. આ પ્રમાણે પ્રાણ ત્યાગ કરવાની રીતિ પણ કેટલાક ઋષિઓએ માન્ય કરેલી છે.[૪૧] અરેરે, રામચંદ્રને માટે સમુદ્રનું ઉલ્લંઘન કરીને સારી રીતે સંપાદન કરેલી મારી પવિત્ર કીર્તિરૂપી પુષ્પોની માળા સતી સીતાની ભાળ નહિ લાગવાથી હવે ચિરકાળને માટે કરમાઈ જશે![૪૨] અરે, હું મારી ઇંદ્રિયોનો નિગ્રહ કરી તપસ્વીપણું સ્વીકારી એકાદ વૃક્ષના મૂળ નીચે વસીશ; પરંતુ અહીંથી પાછો કિષ્કિંધામાં તો નહિજ જાઉં.[૪૩] અરે, હું સીતાની ભાળ મેળવ્યા વિનાજ પાછો જઇશ તો સર્વ વાનરો સહિત અંગદ પણ પોતાના જીવિતનો ત્યાગ કરશે."[૪૪] એ પ્રમાણે પાછા નહિ જવાનો દૃઢ નિશ્ચય કરીને કપિવર હનુમાને પોતે જીવતાં રહેવું કે નહિ એ સંબંધે પુનઃ વિચાર કર્યો; "અરે પણ, પ્રાણોનો ત્યાગ કરવામાં તો ઘણા દોષો રહેલા છે; માટે મારે મરવું તો નહિજ. જીવતા મનુષ્યને અનેક મંગળ પ્રાપ્ત થાય છે,* માટે હું મારા પ્રાણોનો ત્યાગ નહિ કરૂં. હું જીવતો હોઈશ તો કોઈક કાળે પણ રામચંદ્ર વગેરેના સમાગમને પ્રાપ્ત થઈશ."[૪૫] એવી રીતના અનેક વિચારો કરી પોતાના મનમાં અત્યંત દુઃખ ધરતો કપિવર હનુમાન શોકસમુદ્રમાં ડૂબવા લાગ્યો.[૪૬] છેવટે પોતાના ધૈર્ય—બળનો આશ્રય કરી તેણે વિચાર્યું કે "અરે, મારે આમ ખેદ કરવાનું કાંઇ પણ કારણ નથી. જો હું મહા બળવાન રાવણનો વધ કરીશ તો સીતાનું હરણ કરી લાવ્યાનું વેર વાળ્યું ગણાશે.[૪૭] અથવા તો જેમ કોઈ પશુને તેના ધણીને સ્વાધીન કરવામાં આવે છે તેમ હું રાવણને ઉપાડીને સમુદ્ર ઉપર થઈ રામચંદ્રની પાસે લઈ જઇશ; અને તેમને સ્વાધીન કરીશ. એમ કરવાથી પણ મારો અહીં આવ્યાનો પ્રયત્ન સફળ થશે."[૪૮]

ઉપર્યુક્ત વિચાર કર્યા પછી ચિંતા અને શોકવડે ઘેરાયેલો કપિવર હનુમાન પુનઃ પણ વિચાર કરવા લાગ્યો કે[૪૯] "અરે, જ્યાં સુધી યશસ્વિની રામપત્ની સીતા મારી દૃષ્ટિએ પડશે નહિ ત્યાં સુધી હું આ લંકાનગરીને વિશેજ તેની વારંવાર શોધ કરીશ.[૫૦] માત્ર સંપાતિના વચન ઉપર વિશ્વાસ રાખીને રામચંદ્રને હું કદાચ અહીં તેડી લાવું અને સીતા તેમના દીઠામાં આવે નહિ તો તેઓ ક્રોધાયમાન થઇને સર્વ વાનરોને બાળી ભસ્મ કરી નાખે.[૫૧] માટે હવે તો મારે અન્ન—જળનો ત્યાગ કરીને તથા ઇંદ્રિયોનું નિયમન કરીને અહીંયાંજ રહેવું ઠીક છે; તેમ કરવાથીજ રામચંદ્રાદિ રાજકુળનો તથા સુગ્રીવાદિ વાનરકુળનો નાશ થતો અટકશે."[૫૨]

રાવણના રાજમહેલના ઉંચા કિલ્લાપર બેસી ઉપર્યુક્ત વિચાર કરતા પવનસુત હનુમાનની દૃષ્ટિ ત્યાંથી થોડેક દૂર આવેલી અશોકવાટિકાપર પડી. તેને જોઈ હનુમાનને વિચાર આવ્યો કે "આ સામે મોટી અશોકવાટિકા દેખાય છે, જેમાં મોટાં મોટાં વૃક્ષો શોભી રહ્યાં છે. હજી સુધી મેં એ સ્થળે શોધ કરી નથી; માટે હવે ત્યાં જઈ હું સીતાની શોધ કરીશ.[૫૩] પ્રથમ આઠ વસુઓ, અગીઆર રૂદ્રો, બાર આદિત્યો, બે અશ્વિની કુમારો અને વાયુદેવને નમસ્કાર કરીને હું રાક્ષસોના શોકની વૃદ્ધિ કરવા માટે અશોક વાટિકામાં જઈશ[૫૪] અને રાવણાદિ સર્વ રાક્ષસોને જીતીશ; પછી જેમ પ્રસન્ન થયેલા દેવ તપસ્વીને તપની સિદ્ધિરૂપ ફળ—વરદાન આપે છે તેમ હું ઇક્ષ્વાકુ કુળને આનંદ આપનારાં જનકનંદિની સીતા રામચંદ્રને આપીશ."[૫૫]

પછી શોક અને ચિંતાને લીધે આકુળ ઇંદ્રિયોવાળો વાયુપુત્ર હનુમાન ક્ષણવાર ધ્યાન ધરીને ઉભો થયો[૫૬] અને બોલ્યો કે "રામ, લક્ષ્મણ, સીતા, રૂદ્ર, ઇંદ્ર, યમ, અનિલ, ચંદ્ર,

* કહેવત છે કે "જીવતો નર ભદ્રા પામે" તથા "જીવન્નરો ભદ્રશતાનિ પશ્યેત્। જીવતો પુરુષ સેંકડો માંગલિક પ્રસંગો જુએ છે."

અગ્નિ અને સર્વ દેવગણોને હું નમસ્કાર કરૂં છું."[૫૭] એ પ્રમાણે સર્વ દેવોને તથા કપિરાજ સુગ્રીવને પણ નમસ્કાર કરીને કપિવર હનુમાન ચોતરફ દૃષ્ટિ ફેરવી અશોક વાટિકા પ્રત્યે જવાને તત્પર થયો.[૫૮] પવનસુત હનુમાને પોતાના મન સાથે અશોકવાટિકામાં જવાનો દૃઢ નિશ્ચય કરીને "ત્યાં ગયા પછી શું કરવું ?" એ બાબતનો પણ વિચાર કર્યો કે,[૫૯] મોટાં મોટાં વૃક્ષોવાળી અને સર્વ પ્રકારના સંસ્કારોથી સંસ્કૃત થયેલી× એ રમ્ય અશોક–વાટિકામાં નિશ્ચય ઘણા રાક્ષસો હશે.[૬૦] વળી મહાસમર્થ રાવણે પ્રત્યેક વૃક્ષોનું રક્ષણ કરવા માટે કેટલાક રખવાળો પણ રાખ્યા હશે કે જેથી આખા વિશ્વમાં ગતિ કરનારો ભગવાન વાયુ પણ ત્યાં જોસભેર વાતો નથી.[૬૧] રામચંદ્રનું કાર્ય કરવા માટે તથા રાવણ વગેરે રાક્ષસો મને ન દેખી શકે એટલા માટે મેં મારા શરીરને સૂક્ષ્મ કર્યું છે એથી મને કોઈ પણ જોઈ શકશે નહિ. ઋષિગણ સહિત સર્વ દેવગણો મને આ કાર્યમાં સિદ્ધિ આપો.[૬૨] સ્વયંભૂ બ્રહ્મા, અગ્નિ, વાયુ, વજ્રધર ઈંદ્ર, પાશધર વરૂણ, ચંદ્ર, સૂર્ય અને અશ્વિની કુમાર વગેરે સર્વ દેવતાઓ મને આ કાર્યમાં સિદ્ધિ આપો.[૬૩-૬૪] પ્રજાપતિ બ્રહ્મદેવ, સઘળાં ભૂત–પ્રાણીઓ અને એ સિવાયના સર્વ અવ્યક્ત દેવતાઓ પણ મને આ કાર્યમાં સિદ્ધિ આપો."[૬૫]

એવી રીતે દેવતાઓની પ્રાર્થના કરીને વળી કપિવર હનુમાન સતી સીતાનું સ્મરણ કરવા લાગ્યો કે, "અહો ! ! જનકનંદિની સીતાનું મુખ કે જે ઉંચી નાસિકાવાળું, શ્વેત દાંતવાળું, વ્રણવિનાનું, શુદ્ધ હાસ્યવાળું, કમળ પત્ર સમાન નેત્રવાળું અને નિર્મળ ચંદ્ર સરખી કાંતિવાળું છે, તેનું દર્શન હું ક્યારે પામીશ ?[૬૬] અરેરે, ક્ષુદ્ર, દુષ્ટ અને ક્રૂર સ્વભાવવાળા તથા ભયંકર છતાં ઉપરથી સુશોભિત વેષને ધારણ કરનારા પાપી રાવણે બળાત્કારે હરણ કરી આણેલાં જનકનંદિની સીતાનાં દર્શન મને શી રીતે થઈ શકશે?"[૬૭]

क्षुद्रेण हीनेन नृशंसमूर्तिना सुदारुणालंकृतवेषधारिणा । बलाभिभूताह्यबला तपस्विनी कथं नु मे दृष्टिपथेऽद्य सा भवेत् ॥६७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૩

सर्ग १४ मो.

હનુમાનનો પ્રયત્ન–અશોકવાટિકા.

स मुहूर्तमिव ध्यात्वा मनसा चाधिगम्यताम् ।
अवप्लुतो महातेजाः प्राकारं तस्य वेश्मनः ॥१॥

પોતાના મનમાં થોડીકવાર સીતાનું ધ્યાન ધરીને પછી તુરતજ મહાતેજસ્વી પવનસુત હનુમાન રાવણના રાજમહેલના કોટપરથી કૂદીને અશોકવાટિકાના કોટપર ગયો.[૧] તે વાડીમાં વસંત ઋતુને વિશે પ્રફુલ્લિત થયેલાં સાલ, તાલ, અશોક, રમ્ય ચંપક, ઉદ્દાલક, નાગકેસર, આંબા અને એ સિવાય બીજાં પણ વિવિધ પ્રકારનાં વૃક્ષો હતાં તે હનુમાનના જોવામાં આવ્યાં.[૨-૩] અનેક આંબાવાડીયાં તથા હજારો પ્રકારની લતાઓથી શોભી રહેલી એ વાડીને જોઇ, કપિવર હનુમાન, જેમ ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ કોટપરથી અંદર કૂદી પડયો.[૪]

રમ્ય વાટિકામાં પ્રવેશ કર્યા પછી કપિવરે જોયું તો તેમાં અનેક જાતનાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં, મદમત્ત હરિણો આમતેમ કૂદી રહ્યાં હતાં, પુષ્પો તથા ફળોથી લચી રહેલાં અનેક પ્રકારનાં વૃક્ષો તે વાટિકાની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં હતાં, કોકિલા અને ભ્રમર વગેરે પક્ષીઓનો મધુર ધ્વનિ સંભળાતો હતો તથા સ્થળે સ્થળે ઉગેલાં સોનેરી

× વૃક્ષોની આસપાસ ક્યારા કરવા, જળસિંચન કરવું; એ વગેરે સરકારો જેમાં નિત્યપ્રતિ થતા હતા એવી.

અને રૂપેરી વૃક્ષોથી તે વાટિકા ઉદય પામતા સૂર્યની પેઠે ઝળહળી રહી હતી.[૫-૭] વસંત ઋતુ હોવાને લીધે એ વાટિકામાંનાં સર્વ મનુષ્યો હર્ષયુક્ત જણાતાં હતાં. મૃગો તથા પક્ષીઓ મદમત્ત થઈ રહ્યાં હતાં અને મયૂરોના મધુર કેકારવ સાંભળવામાં આવતા હતા. એ સર્વ શોભાને જોતો કપિવર હનુમાન પ્રશંસનીય આચરણવાળાં સતી શિરોમણિ સીતાની શોધ કરવા લાગ્યો. એક વૃક્ષપરથી બીજા વૃક્ષપર જતો કપિવર હનુમાન રાત્રિને વિશે સુખે સૂતેલાં પક્ષીઓને જગાડવા લાગ્યો.[૮-૯] વૃક્ષો પણ પક્ષીઓના ઉડવાને લીધે તે પક્ષીઓની પાંખોના વાયુથી પોતાપરનાં રંગબેરંગી પુષ્પોને ખેરવવા લાગ્યાં.[૧૦] ખરી પડતાં પુષ્પોથી છવાયેલો પવનસુત હનુમાન જાણે અશોકવાટિકામાં પુષ્પનો પર્વતજ હોય એવી રીતે શોભવા લાગ્યો.[૧૧] વૃક્ષસમૂહમાં ચોમેર ફરતા કપિવર હનુમાનને જોઈને સર્વ ભૂત-પ્રાણીઓ એવે સમયે તેને સાક્ષાત્ દેહધારી વસંતઋતુજ માનવા લાગ્યાં.[૧૨] વૃક્ષોપરથી ખરી પડેલાં જાત જાતનાં પુષ્પોથી ઢંકાયેલી અશોકવાટિકાની ભૂમિ અલંકારોથી અલંકૃત થયેલી ઉત્તમ સુંદરી જેવી શોભવા લાગી.[૧૩] મહાબળવાન હનુમાનના વેગથી કંપાયમાન થયેલાં વૃક્ષોપરથી અનેક વર્ણનાં પુષ્પો એ સમયે ખરી પડ્યાં હતાં.[૧૪] એ પ્રમાણે પાંદડાં, પુષ્પ તથા ફળ ખરી પડવાને લીધે અશોકવાટિકાનાં વૃક્ષો જુગારમાં હારી જવાથી સ્રી અને આભૂષણાદિ વગરના થયેલા જુગારી લોકો સરખાં દેખાતાં હતાં.[૧૫] કપિવર હનુમાનના વેગથી કંપાયમાન થયેલાં વૃક્ષો પુષ્પ, ફળ તથા પત્ર ખરી પડવાને લીધે અને પક્ષીઓ ઉડી જવાને લીધે શુષ્ક થઇ રહ્યાં અને આશ્રય કરવાને અયોગ્ય થઈ પડયાં.[૧૬-૧૭] હનુમાનના લાંબા હાથ તથા ચરણના વેગથી જેમનાં મોટાં મોટાં વૃક્ષો ભાંગી પડયાં હતાં એવી અશોકવાટિકા, એ વેળા જેના કેશ વિખરાઇ ગયા હોય, જેનો અંગરાગ ભૂંસાઇ ગયો હોય, જેના અધરોષ્ઠનું પાન કરેલું હોય અને જેના અંગપર નખ તથા દંતના ક્ષત થયા હોય એવી કોઈ યુવતી સરખી જણાતી હતી.[૧૮-૧૯] વર્ષાઋતુનો વાયુ જેમ મેઘ સમૂહને વિખેરી નાખે છે તેમ કપિવર હનુમાન મોટી મોટી લતાઓને વિખેરી નાખવા લાગ્યો.[૨૦] સીતાની શોધ કરવા માટે અશોકવાટિકામાં ફરતા હનુમાને કેટલેક સ્થળે મણિમય, રૌપ્યમય તથા સુવર્ણમય ભૂમિ દીઠી.[૨૧] વળી ત્યાં આગળ જૂદા જૂદા પ્રકારની કેટલીક વાવો પણ તેના જોવામાં આવી. એ વાવોમાં નિર્મળ જળ ભરેલું હતું. અમૂલ્ય મણિજડિત પગથીયાં તેમાં શોભી રહ્યાં હતાં.[૨૨] મોતી અને પ્રવાલની તેમાં રેતી જણાતી હતી; તેની ભીંતો સ્ફટિકમણિની બનાવેલી હતી, તેના કિનારાપર સુવર્ણમય વૃક્ષો શોભી રહ્યાં હતાં,[૨૩] ખીલેલાં કમળોનો સુવાસ તેમાં મ્હેકી રહ્યો હતો, ચક્રવાક પક્ષીઓ તેની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં હતાં અને કોકિલા, હંસ, સારસ વગેરે પક્ષીઓના કલરવથી તે ગાજી રહી હતી.[૨૪] વળી એ વાવોની આસપાસ અનેક વૃક્ષોથી ઘેરાયલી અને અમૃતસરખા સ્વાદિષ્ઠ જળથી ભરેલી કેટલીક નહેરો પણ જોવામાં આવતી હતી.[૨૫] એ વાવો સેંકડો લતાઓથી છવાયેલી હતી, તેની આસપાસ કલ્પવૃક્ષો શોભી રહ્યાં હતાં, તેનું જળ પુષ્પગુચ્છોથી ઢંકાયેલું હતું અને કરવીર વૃક્ષોની તેનાપર જાળી પડી રહી હતી.[૨૬]

ઉપર્યુક્ત વાપિકાઓને જોતો કપિશ્રેષ્ઠ હનુમાન થોડુંક આગળ ચાલ્યો ત્યારે મેઘસરખા દેખાવવાળો એક રમ્ય પર્વત તેની દૃષ્ટિએ પડયો. એ પર્વતની ઉપર અનેક પ્રકારનાં વૃક્ષો ઉગેલાં હતાં, ચિત્રવિચિત્ર શિખરો ઝળહળી રહ્યાં હતાં તથા મોટાં મોટાં શિલાગૃહો તેમાં આવી રહ્યાં હતાં.[૨૭-૨૮] જેમ કોઇ ક્રોધ પામેલી સ્રી પોતાના સ્વામીના

ખોળામાંથી ઉછળીને પૃથ્વીપર પડે તેમ તે પર્વતમાંથી નીકળી પૃથ્વીપર પડી વહન કરતી એક નદી પણ કપિવર હનુમાનના જોવામાં આવી.[૨૯] એ નદીના જળમાં કિનારાપરનાં વૃક્ષોની શાખાઓ ઝુકી રહી હતી એથી જાણે સ્વામીથી રીસાઇને પીયરમાં ચાલી જતી સ્રીને તેની સખીઓ વારતી હોય એમ લાગતું હતું.[૩૦] કેટલીક વેળા વૃક્ષની શાખાઓના અથડાવાથી એ નદીનું જળ પાછું વળતું હતું;* ત્યારે જાણે રીસાયેલી કોઈ સ્ત્રી પ્રસન્ન થઈ પુન: પોતાના સ્વામીની પાસે જતી હોય એવો પ્રતિભાસ થતો હતો.[૩૧] એ પર્વતની નજીકમાંજ અનેક પ્રકારનાં પક્ષીઓથી ભરેલી પદ્મિનીઓ+ હનુમાનની નજરે પડી,[૩૨] તેમજ શીતળ જળથી ભરેલી એક દીર્ઘિકા× પણ તેના જોવામાં આવી. તે દીર્ઘિકામાં મોતીની રેતી હતી; ઉત્તમ મણિજડિત પગથીયાં હતાં;[૩૩] તેની ચોમેર આવેલાં વનોથી તથા અનેક જાતિનાં હરણોથી તે ચિત્રવિચિત્ર દેખાતી હતી, વિશ્વકર્માએ નિર્માણ કરેલા રમ્ય મહાલયો તેની આજુબાજુ શોભી રહ્યા હતા અને ચોમેર બનાવેલા લતામંડપોથી અલંકૃત થયેલી હતી. એ દીર્ઘિકાની આસપાસ જે જે વૃક્ષો આવેલાં હતાં તે સર્વ પુષ્પ તથા ફળયુક્ત હતાં અને તે સર્વ ગોળ છત્રાકાર હોવાથી ઘાટી છાયાવાળાં હતાં. એ પ્રત્યેક વૃક્ષની નીચે બેસવાને માટે સુવર્ણની વેદિકાઓ બનાવેલી હતી. ત્યાંથી આગળ ચાલતાં કપિવર હનુમાને અનેક લતાઓવડે વીંટાયેલું સુવર્ણ સમાન પ્રકાશતું એક 'શિંશપા' નામનું વૃક્ષ જોયું.[૩૪-૩૭] પવનસુત હનુમાને દષ્ટિ કરી તો ત્યાં આગળ કેટલાક પ્રકાશમાન ભૂમિભાગ તથા ઝરણાંઓ તેના જોવામાં આવ્યાં; તેમજ મયૂરના કંઠ સમાન દેખાવવાળાં બીજાં પણ કેટલાંક સુવર્ણ વૃક્ષો તેની નજરે પડયાં.[૩૮] એ વૃક્ષોની મેરૂ પર્વત જેવી જળહળતી કાંતિને લીધે મહાકપિ હનુમાન પોતાને સુવર્ણમય થયેલો માનવા લાગ્યો;[૩૯] તેમજ વાયુથી કંપાયમાન થવાને લીધે સેંકડો ઘુઘરીયોની પેઠે નાદ કરતાં, પ્રફુલ્લિત શાખાઓવાળાં અને નવીન અંકુરવાળાં એ સુવર્ણ વૃક્ષોને જોઇ તે અતિ વિસ્મિત થયો. પછી તેણે અત્યંત વેગથી પૂર્વોક્ત શિંશપા વૃક્ષપર ચઢીને વિચાર કર્યો કે,[૪૦-૪૧] "દૈવેચ્છાને લીધે દુ:ખથી પીડાતાં અને રામચંદ્રનાં દર્શનની લાલસાથી આમતેમ ફાંફાં મારતાં વિદેહતનયા સીતાને હું કદાચ અહીંયાં રહીને જોઇ શકીશ.[૪૨] અરે, ચંદન, ચંપક અને બોરસળી વગેરેનાં વૃક્ષોથી સુશોભિત જણાતી આ રમ્ય વાટિકા નિશ્ચય દુરાત્મા રાવણનીજ હશે.[૪૩] અહીંયાં પક્ષીઓએ સેવેલી આ નલિની÷ પણ ઘણી રમ્ય જણાય છે. જો રામપત્ની સીતાને અત્રે રાખવામાં આવ્યાં હશે તો તે ફરતાં ફરતાં જરૂર અહીં આવશે.[૪૪] અરે, રઘુવીરથી વિયોગ પામેલાં જાનકી કે જે વનમાં ફરવામાં આનંદ માનનારાં છે તે અવશ્ય અત્રે આવશે.[૪૫] જો સતી સીતાને અત્રે રાખવામાં આવ્યાં હશે તો અહીંનાં માહિતગાર થયેલાં અને મૃગના બચ્ચાં જેવાં નેત્રવાળાં એ જાનકી પોતાના સ્વામી રામચંદ્રનું ચિંતવન કરતાં નિશ્ચય આ તરફ આવશે.[૪૬] અરે, રામવિયોગના શોકથી તપી રહેલાં રામચંદ્રની પ્રિય પત્ની અને જનક રાજાની પુત્રી સીતા જરૂર અત્રે આવશે.[૪૭] રામપત્ની સીતા પ્રથમથીજ વનચર પ્રાણીઓપર પ્રીતિ ધરાવે છે તેથી તે અવશ્ય આ શિંશપા વૃક્ષની પાસે આવશે.[૪૮] રાત્રિ પૂરી થવા આવી છે તેથી સંધ્યોપાસન કરવામાં આસક્ત મનવાળાં સૌંદર્યવતી શ્રીમતી સીતા પ્રાત:કાળની સંધ્યા-ધ્યાન-ઉપાસના કરવાને માટે આ પવિત્ર જળવાળી નદી ઉપર નિશ્ચય આવશેજ.[૪૯] રાવણે જનકનંદિની સીતાને

* પર્વત તરફ પાછું જતું હતું.

\+ તલાવડીઓ.

× કિનારો બાંધેલી નાની તલાવડી અથવા હોજ.

÷ નાની નદી.

અત્રેજ રાખ્યાં હશે; કેમકે આ અશોકવાટિકા અને નિર્મળ જળવાળી આ નદી એ પવિત્ર આચરણવાળાં સતી શ્રીરામપત્ની સીતાને વાપરવા યોગ્ય છે.[૫૦] ચંદ્રમુખી સીતા જો જીવતાં હશે તો પ્રાતઃકાળ થતાં અવશ્ય આ શીતળ જળવાળી નદીપર આવશેજ."[૫૧]

અશોકવાટિકામાં જઈ શ્રીમાન રામચંદ્રનાં ધર્મપત્ની સતી સીતાના આગમનની વાટ જોતો કપિવર હનુમાન પ્રફુલ્લિત શિંશપા વૃક્ષના પાંદડાની ઘટામાં સંતાઇને સઘળી રચના જોવા લાગ્યો.[૫૨]

एवं तु मत्वा हनुमान्महात्मा प्रतीक्षमाणो मनुजेन्द्रपत्नीम् । अवेक्षमाणश्च ददर्श सर्वं सुपुष्पिते पर्णघने निलीनः ॥५२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૪

सर्ग १५ मो.

અશોકવાટિકામાં સીતાનું દર્શન.

स वीक्षमाणस्तत्रस्थो मार्गमाणश्च मैथिलीम् । अवेक्षमाणश्च महीं सर्वां तामन्ववैक्षत ॥ १ ॥

શિંશપા વૃક્ષપર બેઠેલો કપિવર હનુમાન, સીતાની શોધ કરવા માટે ચોતરફ જોવા લાગ્યો અને નીચી નજર કરી અશોકવાટિકાની સઘળી ભૂમિ તપાસવા લાગ્યો.[૧] જેના પર 'સંતાનક' નામની લતાઓ વીંટાયેલી હતી એવાં વૃક્ષોથી એ વાટિકા શોભી રહી હતી; દિવ્યગંધો અને રસોથી અલંકૃત હોવાને લીધે જાણે બીજું નંદનવનજ હોય એવી તે જણાતી હતી; મૃગો તથા પક્ષીઓથી વ્યાપ્ત હતી; તેમાં મોટા મોટા મહાલયો તથા મંદિરો આવેલાં હતાં અને કોકિલા વગેરે પક્ષીઓના મધુર સ્વરથી ગાજી રહી હતી.[૨-૩] સુવર્ણમય કમળોવાળી વાપિકાઓથી તે અત્યંત શોભી રહી હતી; તેમાં સ્થળે સ્થળે મોટાં મોટાં આસનો તથા ગાલીચાઓ બીછાવી રાખ્યાં હતાં; તેમાં ઘણાંક ભોંયરાં પણ બનાવેલાં હતાં[૪] અને સર્વ ઋતુમાં પુષ્પ તથા ફળયુક્ત રહેનારાં વૃક્ષોની તથા પ્રફુલ્લિત અશોક વૃક્ષોની શોભાથી એ વાટિકા ઉદય પામેલા સૂર્યની પ્રભા સરખી ઝગઝગી રહી હતી.[૫] એ અશોકવાટિકાની વૃક્ષઘટામાંથી પુષ્પોવડે અલંકૃત થયેલાં હજારો પક્ષીઓ ઉડી ઉડીને નીકળતાં હતાં; એથી તે વૃક્ષોની શાખાઓ જાણે પાંદડાં વિનાની થઈ ગઈ હોય એમ જણાતું હતું. વળી થડથી માંડીને ટોચ સુધી પુષ્પયુક્ત થયેલાં હોવાને લીધે આનંદ ઉપજાવનારાં અને પુષ્પના ભારથી નમી જવાને લીધે પૃથ્વીને અડકી રહેલાં અશોક વૃક્ષો તથા પ્રફુલ્લિત કર્ણિકાર વૃક્ષો અને ખાખરાનાં વૃક્ષોથી છવાયલી એ ભૂમિ જાણે ચોમેરથી પ્રજ્વલિત થઈ હોય એવી દેખાતી હતી. વળી ત્યાં લાંબા મૂળવાળાં પુન્નાગ, સપ્તપત્ર, ચંપક અને ઉદ્દાલક વગેરે બીજાં ઘણાંક વૃક્ષો પ્રફુલ્લિત થવાને લીધે શોભી રહ્યાં હતાં. ત્યાં આવેલાં હજારો અશોક વૃક્ષોમાંનાં કેટલાંક સુવર્ણના જેવી પ્રભાવાળાં હતાં, કેટલાંક અગ્નિની શિખા સરખાં તેજસ્વી હતાં અને કેટલાંક કાજળ સમાન શ્યામ રંગનાં હતાં. દિવ્ય અને રમ્ય કાંતિવાળી એ વાટિકા દેવોના નંદનવન કરતાં તથા કુબેરના ચૈત્રરથ વન કરતાં પણ અધિક શોભતી હતી. પુષ્પોરૂપી તારાઓથી છવાયેલું એ વન જાણે બીજું આકાશજ હોય અથવા તો જાણે હજારો રત્નોથી ભરેલો પાંચમો સમુદ્રજ હોય એવું શોભતું હતું ! સર્વ ઋતુઓમાં પુષ્પ-ફળ આપનારાં અને મધુના સુગંધથી બ્હેકી રહેલાં ઉત્તમ વૃક્ષોથી તે ભરેલું હતું.[૬-૧૩] તેમાં મૃગાદિ પશુઓ તથા કોકિલાદિ પક્ષીઓના અનેક પ્રકારના નાદ થઈ રહ્યા હતા; અને વિવિધ પ્રકારનો સુગંધ ફેલાયેલો હોવાથી તે વન ઘણુંજ પવિત્ર તથા મનોહર લાગતું હતું.[૧૪]

સઘળી શોભા જોયા પછી વાનરશ્રેષ્ઠ હનુમાને બીજી તરફ દૃષ્ટિ કરી તો ત્યાંથી

થોડેક દૂર વાટિકાના મધ્ય ભાગમાં ગોળ ઘુમટવાળો અને અત્યંત ઉંચો એક શ્વેત મહેલ તેના જોવામાં આવ્યો. એ મહેલમાં એટલો તો સુગંધ પ્રસરી રહ્યો હતો કે જાણે તે બીજો ગંધમાદન પર્વતજ હોય એમ લાગતું હતું. મહેલ હજારો સ્તંભોવડે શોભી રહ્યો હતો.[૧૫–૧૬] વળી તેમાં પરવાળાનાં પગથીઆં બનાવ્યાં હતાં અને જ્યાં ત્યાં સુવર્ણની વેદિકાઓ કરી રાખી હતી. પોતાની નિર્મળ કાંતિવડે ઝળહળી રહેલો એ મહેલ જોનારની આંખ આંજી દેતો હતો અને અત્યંત ઉંચો હોવાથી જાણે આકાશને અડકતો હોય એવો જણાતો હતો.

ઉપર્યુક્ત મહેલ દૃષ્ટિએ પડતાં કપિવર હનુમાને તે તરફ ધારીને જોયું તો ત્યાં આગળ અનેક રાક્ષસીઓના ટોળામાં બેઠેલી અને જેણે મલિન વસ્ત્ર ધારણ કર્યાં હતાં તેવી એક સ્ત્રી તેના જોવામાં આવી. (એ સ્ત્રી તે બીજી કોઇજ નહિ, પરંતુ જેની શોધ માટે હનુમાને આટલો બધો શ્રમ ઉઠાવ્યો હતો તે સતી શિરોમણિ રામપત્ની સીતાજ હતાં.)[૧૭–૧૮]

એ જનકનંદિની સીતા ઘણા ઉપવાસ કરવાથી કૃશ થઇ ગયાં હતાં અને રામચંદ્રનો વિયોગ થવાથી દીનની પેઠે વારંવાર નિસાસા નાખતાં હતાં. સુંદર કાંતિવાળાં હોવા છતાં પણ તે શુકલપક્ષના આરંભમાં જણાતા દ્વિતીયાના ચંદ્રની પેઠે મંદ મંદજ પ્રકાશતાં હતાં અને વિરહદુ:ખથી પીડાતાં હોવાને લીધે ધૂમાડાથી ઘેરાયેલી અગ્નિશિખા સરખાં નિસ્તેજ જણાતાં હતાં.[૧૯–૨૦] તેમણે મલિન થયેલું અને ફાટી ગયેલું પીળા રંગનું એક રેશમી વસ્ત્ર ઓઢયું હતું. એ સમયે તે જાણે અલંકાર તથા કમળ વિનાની અને મલિન વસ્ત્ર ધારણ કરનારી સાક્ષાત લક્ષ્મી હોય એવાં શોભતાં હતાં.[૨૧] પતિવિયોગના દુ:ખથી સંતપ્ત થયેલાં, રાક્ષસીઓથી પીડા પામેલાં અને અંગે અતિકૃશ થઈ જવાને લીધે તપસ્વિની સરખાં દેખાતાં એ જાનકી રાહુથી પીડાયેલી રોહિણીની પેઠે નિરંતર પોતાનાં નેત્રમાંથી અશ્રુ ખેરવતાં હતાં. ભોજન–પાન નહિ કરવાથી તે અતિશય સૂકાઈ ગયાં હતાં; છતાં પણ નિરંતર પોતાના સ્વામી રામચંદ્રના ધ્યાનમાં તત્પર રહેતાં હતાં.[૨૨–૨૩] પોતાના પ્રિયજન રામ–લક્ષ્મણ આદિથી વિખુટાં પડેલાં અને રાત્રિ–દિવસ રાક્ષસીઓથીજ વીંટાયેલાં એ જાનકી જાણે પોતાના ટોળાથી વિખૂટી પડેલી અને કૂતરીઓથી વીંટાયેલી મૃગલી હોય એવાં દીસતાં હતાં.[૨૪] કાળા નાગ જેવી તેની એક વેણી છેક જઘન સુધી લટકતી હતી તેથી તે વર્ષાઋતુ વીતી ગયા પછી શ્યામ પડેલી વનરાજીથી જેમ વનભૂમિ શોભે તેમ શોભતાં હતાં.[૨૫]

નિરંતર સુખ ભોગવવા યોગ્ય અને દુ:ખ તો જેણે નજરે પણ જોયું નહતું એવાં વિશાળ નેત્રવાળાં સીતા કે જે કષ્ટને લીધે અતિશય કૃશ થઇ ગયાં હતાં અને જેણે મલિન વસ્ત્ર ધારણ કર્યાં હતાં તેને જોઈ કપિવર હનુમાને કેટલાંક કારણો ઉપરથી “આ સીતા જ છે” એવો નિશ્ચય કર્યો. ઇચ્છિતરૂપ ધરનારો રાવણ જ્યારે સીતાને આકાશમાર્ગે હરી જતો હતો ત્યારે એ કપિવરે સીતાનું જેવું રૂપ જોયું હતું તેવુંજ આજે પણ જોવામાં આવતું હતું. સતી શિરોમણી સીતાનું મુખ પૂર્ણિમાના ચંદ્ર સરખું હતું; ભ્રુકુટીઓ સુંદર હતી; સ્તન ગોળ અને મોહક હતા;[૨૬–૨૮] સતી સીતા પોતાની દિવ્ય કાંતિવડે સઘળી દિશાઓને અંધકાર રહિત કરતાં હતાં; તેનો કંઠ નીલવર્ણો હતો; તેના ઓષ્ઠ બિંબફળ સરખા હતા અને તેનો મધ્ય ભાગ ઘણો સુંદર હતો. તેના સર્વ અવયવો નાજુક હતા.[૨૯] કામદેવની સ્ત્રી રતીના સરખાં સૌંદર્યવાળાં અને કમળની પાંખડી જેવાં નેત્રવાળાં કૃશાંગી સીતા પૂર્ણચંદ્રની પ્રભાની પેઠે સર્વ જગતને આનંદિત કરનારાં હતાં; નિયમ–વ્રત પાળનારી તાપસીની પેઠે તે પૃથ્વીપર બેઠેલાં

હતાં; દુ:ખને લીધે વારંવાર નિ:શ્વાસ નાખતાં હોવાને લીધે તે મોટી નાગણના જેવાં લાગતાં હતાં;[૩૦-૩૧] અને અગ્નિની શિખા જેમ ધૂમાડાથી વીંટાઈ જાય તેમ તે વૃદ્ધિ પામેલા મહાન્ શોકજાળથી વીંટાઈ ગયાં હતાં.[૩૨] એ વેળા વિદેહપુત્રી સીતા જાણે અર્થસંદેહયુક્ત થયેલી સ્મૃતિજ હોય અથવા અન્યાયને લીધે નષ્ટ થવા માંડેલી ઋદ્ધિજ હોય, કિંવા નાસ્તિક બુદ્ધિથી હણાયેલી શ્રદ્ધાજ હોય અથવા ઇચ્છિત પદાર્થ નહિ મળવાથી ભંગ થયેલી આશાજ હોય, અથવા જેમાં વિઘ્ન આવી પડયું છે એવી સિદ્ધિજ હોય, અથવા રાગ—દ્વેષાદિથી કલુષિત થયેલી બુદ્ધિજ હોય, અથવા મિથ્યા અપવાદથી કલંકિત થયેલી કીર્તિજ હોય એવાં જણાતાં હતાં.[૩૩-૩૪] પોતાના સ્વામી રામચંદ્રની સેવામાં અંતરાય પડવાથી તથા રાક્ષસીઓ તરફની પીડાથી આકુળ થયેલાં એ જાનકી હરિણના બચ્ચા સરખાં પોતાનાં નેત્રવડે આમતેમ જોતાં હતાં,[૩૫] અને અશ્રુબિંદુઓવડે ભીંજાયેલા તથા શ્યામ અને વાંકી ભ્રુકુટિવાળા ઉદાસ જણાતા મુખથી વારંવાર નિસાસા નાખતાં હતાં.[૩૬] એ સમયે મલિન વસ્ત્ર તથા રજથી છવાયેલા શરીરવાળાં સતી સીતા શ્યામ વાદળથી છવાયેલી ચંદ્રપ્રભા જેવાં દેખાતાં હતાં અને આભૂષણ પહેરવાને યોગ્ય છતાં આભૂષણ રહિત હતાં.[૩૭]

અભ્યાસ નહિ કરવાથી શિથિલ થયેલી વિદ્યા જેવી સીતાની અવસ્થા જોઇને, કપિવર હનુમાનના મનમાં મોટો સંદેહ ઉત્પન્ન થયો. ઘણા ઘણા વિચારને અંતે વ્યાકરણશાસ્ત્રના સંસ્કાર વિનાની હોવાથી અર્થાન્તરને પ્રાપ્ત થયેલી વાણીની પેઠે અલંકાર—આભરણ રહિત હોવાથી તેણે સીતાને મહાકષ્ટે ઓળખ્યાં.[૩૮-૩૯] વિશાળ નેત્રવાળાં અને પ્રશંસનીય આચરણવાળાં જાનકીને જોઇને કપિશ્રેષ્ઠ હનુમાને બીજાં પણ કેટલાંક કારણો ઉપરથી "આ સીતાજ છે" એમ નિશ્ચયપૂર્વક માન્યું.[૪૦] શ્રીમાન રામચંદ્રે નિશાનીને અર્થે સીતાનાં અંગપરનાં જે જે આભૂષણો હનુમાનને કહી સંભળાવ્યાં હતાં, તે સઘળાં આભૂષણો એ સમયે સીતાના અંગને શોભાવી રહ્યાં હતાં તે હનુમાનના જોવામાં આવ્યાં.[૪૧] સીતાના કાનમાં સુંદર ઘાટિલાં કુંડળ લટકતાં હતાં, તેમજ 'શ્વદંષ્ટ્ર' નામનાં આભૂષણ પણ તેણે યોગ્ય રીતે ધારણ કર્યાં હતાં. વળી તેના બંને હાથમાં મણિ અને વિદ્રુમથી જડેલાં સુંદર કડાં શોભી રહ્યાં હતાં, કે જે કડાં ઘણા સમયથી હાથ ઉપરને હાથ ઉપરજ રહેવાથી ઝાંખાં થઈ ગયાં હતાં. એ સઘળું જોઇને કપિવર હનુમાને વિચાર કર્યો કે "શ્રીમાન રામચંદ્રે મને જે જે આભૂષણો કહી બતાવ્યાં હતાં તેજ આ છે;" અને સીતાએ તે પ્રમાણેજ તેને ધારણ કર્યાં છે.[૪૨-૪૩] રઘુવીરે વર્ણવેલાં આભૂષણો પૈકી જે આભૂષણો સીતાએ ઋષ્યમૂક પર્વતપર ફેંકી દીધાં હતાં તે આ વખતે તેના અંગપર જોવામાં આવતાં નથી અને જે જોવામાં આવે છે તે સર્વ રઘુવીરે વર્ણવ્યાં હતાં તેજ છે. એમાં જરા પણ સંદેહ નથી.[૪૪] અરે, સીતાનું ઉત્તમ પીતવર્ણું જરીયાનનું ઉપવસ્ત્ર કે જે આકાશમાર્ગે હરાતી વેળા તેના શરીરપરથી ખસીને ઋષ્યમૂક પર્વતપર પડયું હતું તેને એ વેળા સર્વ વાનરોએ દીઠું હતું;[૪૫] તેમજ એ વેળા સીતાએ ફેંકી દીધેલાં ઉત્તમ આભરણો કે જે ખણૂખણાટ કરતાં પૃથ્વીપર આવી પડયાં હતાં તે પણ સર્વ વાનરોના જોવામાં આવ્યાં હતાં.[૪૬] વળી સતી શિરોમણી સીતાએ જે આ પીળું વસ્ત્ર પહેરેલું છે તે ઘણા દિવસોથી પહેરેલું હોવાને લીધે અત્યંત મલિન થઈ ગયું છે, છતાં પણ તે જાણે નવુંજ હોય એવું શોભે છે.[૪૭] અહો ! સુવર્ણ સરખા વર્ણવાળાં રામપત્ની સીતા, જો કે રામચંદ્રની દૃષ્ટિથી દૂર થયાં છે તો પણ તેમના મનમાંથી દૂર થયાં નથી; અર્થાત્ રામચંદ્ર રાત્રિ દિવસ સીતાનું ચિંત્વન કર્યા કરે છે.[૪૮] અહો ! શ્રીમાન દશરથનંદન રઘુવીર જેના વિયોગને લીધે કારૂણ્ય, આનૃશંસ્ય, શોક અને

મદન એ ચારથી નિરંતર પીડાય છે તેજ આ સીતા છે.[૪૯] "હાય મારી સ્ત્રીનું રાક્ષસોએ હરણ કર્યું" એવા વિચારથી ઉપજતું કારૂણ્ય, "અરે, વનમાં પણ જે મારાજ આશ્રયે રહેલી હતી તેનું હું રક્ષણ કરી શકયો નહિ" એવું આનૃશંસ્ય, "ધર્માદિ કાર્યોમાં સહાયભૂત થનારી પત્નીનો નાશ થયો" એવા વિચારથી થતો શોક અને "હાય ! ! મારી પ્રિયાથી હું વિખૂટો પડયો" એવા વિચારથી ઉત્પન્ન થતો કામ, એ ચારેથી મહાત્મા રઘુવીર અહર્નિશ પીડાયા કરે છે.[૫૦] અહો ! જેવું આ દેવીનું સ્વરૂપ છે તથા તેનાં પ્રત્યેક અંગોપાંગનું જેવું લાવણ્ય છે તેવું સ્વરૂપ તથા લાવણ્ય રામચંદ્રમાં પણ છે; માટે શ્યામ નેત્રવાળી આ સ્ત્રી અવશ્ય તેમનીજ ભાર્યા હશે.[૫૧] અહો ! આ દેવીનું મન નિરંતર રામચંદ્રને વિશેજ રમણ કરે છે અને રામચંદ્રનું મન પણ આને વિશેજ રમ્યા કરે છે. એ પ્રમાણે પરસ્પરના માનસિક સમાગમને લીધેજ ધર્માત્મા રઘુવીર અને સતી શિરોમણિ સીતા આટલા દિવસ સુધી જીવતાં રહ્યાં છે. જો એમ ન હોય તો એ બન્ને જણાં એક મુહૂર્ત પણ જીવી શકે નહિ.[૫૨] અહો ! સીતાનો વિયોગ થયા છતાં પણ મહા ધૈર્યવાન રામચંદ્ર શોકથી ન હઠતાં પોતાના જીવિતને ધારણ કરી રહ્યા છે, એ ખરેખર તેમણે દુષ્કર કર્મ કર્યું છે."[૫૩]

ઉત્તમ સ્વરૂપ સૌંદર્યવાળાં અને હરેક પ્રકારે પતિભક્તિમાંજ આસક્ત રહેલાં જનકતનયા સીતાને જોઈ વાયુસુત હનુમાન અત્યંત હર્ષિત થયો અને પોતાના મનવડે શ્રીમાન રામચંદ્રને સંભારી તેમની ઘણીજ પ્રશંસા કરવા લાગ્યો.[૫૪]

एवं सीतां तथा दृष्ट्वा हृष्टः पवनसंभवः ।
जगाम मनसा रामं प्रशशंस च तं प्रभुम् ॥५४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૫

सर्ग १६ मो.

અશોક વનમાં સીતા–તેને જોઇને હનુમાનના મનમાં થયેલા વિચાર.

प्रशस्य तु प्रशस्तव्यां सीतां तां हरिपुंगवः ।
गुणाभिरामं रामं च पुनश्चिन्तापरोऽभवत् ॥१॥

પ્રશંસનીય ચારિત્ર્યવાળાં સતી શિરોમણિ સીતાની તથા શ્રેષ્ઠ ગુણવાળા મહાત્મા રઘુવીરની પ્રશંસા કરીને કપિવર હનુમાન પુનઃ ચિંતાતુર થયો;[૧] અને એક મુહૂર્ત પર્યંત વિચારમાં તલ્લીન થઇને પછી આંસુ ભર્યાં નેત્રે સીતાની સામું જોઈ વિલાપ કરવા લાગ્યો.[૨]

હનુમાન પોતાના મન સાથે વિચાર કરે છે: "અહો ! વડિલ જનોથી ઉત્તમ શિક્ષણ પામેલા મહાત્મા લક્ષ્મણ પણ જેને પોતાના જ્યેષ્ઠ બંધુની પત્ની સમજીને માન આપે છે એવાં સતી શિરોમણિ સીતા પણ જ્યારે આવી દુઃખદ અવસ્થામાં આવી પડ્યાં છે; ત્યારે તો કહેવુંજ જોઇશે કે આ લોકને વિશે કાળનું અતિક્રમણ કરવું અશક્ય છે.[૩] જેમ ગંગા નદી વર્ષાઋતુને વિશે બીજી નાની નદીઓની પેઠે અત્યંત ક્ષોભ પામતી નથી તેમ બુદ્ધિમાન રઘુવીર તથા મહાત્મા લક્ષ્મણના પરાક્રમને સારી રીતે જાણતાં હોવાથી આ સીતા પણ આટલું બધું દુઃખ પડવા છતાં વિશેષ ક્ષોભ પામતાં નથી.[૪] શીલ, વય, કુળ, આચરણ અને સામુદ્રિક શાસ્ત્રોક્ત લક્ષણાદિમાં સમાન એવાં આ સતી શિરોમણી સીતાને યોગ્ય રામચંદ્ર છે; અને શ્યામ નેત્રવાળાં આ સીતા શ્રીમાન રામચંદ્રને યોગ્ય છે."[૫]

નવીન સુવર્ણ સરખા વર્ણવાળાં અને સાક્ષાત્ લક્ષ્મીના સરખાં મનોહર સ્વરૂપવાળાં જનકતનયાને જોઇને કપિવર હનુમાન પોતાના મનમાં રઘુવીરનું સ્મરણ કરવા લાગ્યો; અને વળી વિચાર કરવા લાગ્યો કે[૬] "અહો ! વિશાળ નેત્રવાળાં આ જાનકીને અર્થેજ શ્રીમાન રઘુવીરે વાનરરાજ વાલી કે જે રાવણના સરખો

પરાક્રમી હતો તેને હણ્યો છે, તેમજ ભયંકર પરાક્રમવાળા કબંધનો પણ એટલા માટેજ નાશ કર્યો છે.[૭] ઇંદ્રે જેમ શંબરાસુરનો નાશ કર્યો હતો તેમ મહાત્મા રાઘવે પોતાના પરાક્રમ–બળે કરીને યુદ્ધને વિશે ભયંકર કર્મવાળા વિરાધ રાક્ષસનો પણ આ સીતાને અર્થે જ નાશ કર્યો છે.[૮] જનસ્થાનમાં રહેતી વેળા પણ આ સીતાને અર્થેજ શ્રીમાન રામચંદ્રે પોતાનાં અગ્નિ શિખા જેવાં તીક્ષ્ણ બાણોવડે ચૌદ હજાર રાક્ષસોને હણ્યા હતા.[૯] મહા તેજસ્વી રામચંદ્રે સંગ્રામ ભૂમિમાં ખરનો વધ કર્યો, ત્રિશિરાનો નાશ કર્યો તથા દૂષણને હણ્યો; એ પણ આ સીતાને અર્થેજ.[૧૦] વળી મહાસમર્થ વાલીના અધિકારમાં રહેલું વાનરોનું રાજ્યૈશ્વર્ય કે જે પ્રાપ્ત કરવું ઘણું જ કઠિન હતું, તે લોકવિખ્યાત કપિ સુગ્રીવને મળ્યું, એ પણ આ મહા સતીના પ્રતાપેજ.[૧૧] અરે, હું પોતે પણ આ જનકતનયાને માટેજ મોટા મોટા નદ અને નદીઓના પતિ સમુદ્રને ઓળંગીને અહીં આવ્યો છું અને આખી લંકાનગરી શોધી વળ્યો છું![૧૨] ખરેખર, મહા સમર્થ રઘુવીર આ સીતાને અર્થે સમુદ્રપર્યંતની આખી પૃથ્વીને તથા આખા જગતને ઉલટ–સુલટ કરી નાખે, તો તે પણ યોગ્યજ ગણાય એમ હું ધારૂં છું.[૧૩] જો ત્રણે લોકનું રાજ્ય અને જનકનંદિની સીતા એ બન્નેની સરખામણી કરવામાં આવે તો આખું ત્રિલોકીનું રાજ્ય સતી શિરોમણી સીતાની એક રતી બરાબર પણ ન થઈ શકે![૧૪] પતિવ્રત ધર્મમાં અડગ રહેનારાં આ સીતા મિથિલાના રાજા અને ધર્મનું આચરણ કરનારા મહાત્મા જનકરાયની પુત્રી છે; અને કમળના પરાગ સરખી યજ્ઞ ભૂમિની ધૂળથી ઢંકાયેલાં તે હળની અણીથી ખેડાતા યજ્ઞ ક્ષેત્રમાંથી પૃથ્વી ભેદીને નીકળેલાં છે.[૧૫-૧૬] આ યશસ્વિની સીતા મહા પરાક્રમી, શ્રેષ્ઠ આચરણવાળા અને યુદ્ધમાં કદી પણ પાછી પાની નહિ કરનારા મહારાજા દશરથનાં પુત્રવધૂ,[૧૭] અને ધર્મજ્ઞ, કૃતજ્ઞ તથા મહા પરાક્રમી રામચંદ્રનાં પ્રિય ધર્મપત્ની છતાં આજે તે રાક્ષસીઓને વશ પડયાં છે![૧૮] અહો!! સ્વામીના સ્નેહને લીધે મોટાં મોટાં દુઃખોને પણ ન ગણકારતાં મહા સતી સીતાએ સર્વ ભોગવિલાસોનો ત્યાગ કરી પોતાના સ્વામીની સાથે નિર્જન વનમાં પ્રવેશ કર્યો છે. અહો! સ્વામીની સેવામાંજ તત્પર રહેનારાં તેમણે ફળ–મૂળથી સંતોષ માનીને દુર્ગમ વનને પણ પોતાના ઘર જેવું માન્યું છે![૧૯-૨૦] અહો! કનકવર્ણા અંગવાળાં અને સ્મિત હાસ્યપૂર્વક ભાષણ કરનારાં આ જાનકી કે જે આપત્તિ ભોગવવાને અયોગ્ય છે, તે આ વેળા રાક્ષસીઓ તરફથી થતું દુઃખ વેઠી રહ્યાં છે![૨૧] જેમ તૃષાતુર મનુષ્ય પાણીની પરબને ઇચ્છે છે તેમ રાવણે દુઃખી કરેલાં આ શીલસંપન્ન સીતા શ્રીમાન રઘુવીરને જોવા ઇચ્છે છે![૨૨] જેમ રાજ્યથી ભ્રષ્ટ થયેલો રાજા પુનઃ રાજ્ય મળવાથી હર્ષ પામે તેમ શ્રીમાન રઘુવીર પોતાને સીતાનો લાભ થવાથી અવશ્ય હર્ષ પામશે.[૨૩] કામભોગ રહિત થયેલાં તથા પોતાના બંધુજનથી વિખૂટાં પડેલાં આ સીતા "મને રામચંદ્રનો પુનઃ સમાગમ થશે" એવી આશામાં ને આશામાંજ પોતાના જીવિતને ધારણ કરી રહ્યાં છે.[૨૪] અહો! આ સીતા પોતાની આગળ બેઠેલી રાક્ષસીઓને પણ જોતાં નથી તેમ ફળ ફુલવાળાં વૃક્ષો પ્રત્યે પણ દૃષ્ટિ કરતાં નથી; પણ એકાગ્ર ચિત્તે પોતાના પતિ રામચંદ્રનુંજ ધ્યાન કરે છે. અર્થાત્ તેને જ જુએ છે.[૨૫] ખરૂંજ છે કેઃ—

भर्ता नाम परं नार्याः शोभनं भूषणादपि।
एषा हि रहिता तेन शोभनार्हा न शोभते ॥

સ્વામી એ સ્ત્રીને આભૂષણો કરતાં પણ અધિક શોભાવનાર છે. ભલે ને, સ્ત્રી ગમે તેટલા અલંકારો ધારણ કરતી હોય, છતાં જો તે સ્વામી વિનાની હોય તો શોભતી જ નથી. સતી સીતા પણ અત્યારે સ્વામી વિનાનાં હોવાથી શોભતાં નથી.[૨૬] મહા ધૈર્યવાન રામચંદ્ર સીતાના વિયોગના દુઃખથી કંટાળી

ન જતાં પોતાના જીવિતને ધારણ કરી રહ્યા છે, એ પણ એક દુષ્કર કાર્ય કરે છે.[૨૭] અરેરે, શ્યામ કેશવાળાં અને કમળપત્ર સમાન નેત્ર-વાળાં આ સીતા કે જે સુખ ભોગવવાનેજ યોગ્ય છે, તેને આવી રીતે દુ:ખમાં આવી પડેલાં જોઇને મારા મનમાં સંતાપ થાય છે."[૨૮]

"અરેરે, જે પૃથ્વીના જેવી ક્ષમાવાળાં છે અને રામ–લક્ષ્મણ સરખા શૂરવીરો જેનું રક્ષણ કરનારા છે, તે કમળનેત્રા સીતા આજે વૃક્ષના મૂળ આગળ બેઠેલાં છે; અને બીહામણાં નેત્રવાળી રાક્ષસીઓએ ચોતરફથી તમને ઘેર્યાં છે![૨૯] અરેરે, હિમથી કરમાઈ ગયેલી કમલિનીની પેઠે શોભા રહિત થઇ ગયેલાં અને ઉપરા ઉપરી આવી પડતાં દુ:ખોથી પીડાતાં આ વિદેહપુત્રી સીતા, સાંપ્રતમાં પોતાના પતિથી વિખૂટી પડેલી ચક્રવાકીની પેઠે કૃપણ દશાને પ્રાપ્ત થયાં છે![૩૦] અરે, પુષ્પના ભારથી લચી ગયેલી શાખાઓવાળાં આ અશોક વૃક્ષો પણ સતી સીતાના શોકને દૂર નહિ કરતાં ઉલટો વધારી રહ્યાં છે; તેમજ શિશિર ઋતુ વ્યતીત થઈ જવાથી અત્યંત પ્રકાશતો ભગવાન ચંદ્ર પણ આકાશમાં ચઢીને તેને સંતાપી રહ્યો છે![૩૧] એ પ્રમાણે વિચાર કર્યા પછી "આ સીતાજ છે" એમ જાણીને મહા બળવાન અને વેગવાન કપિવર હનુમાન તે શિંશપા વૃક્ષપરજ બેઠો.[૩૨]

इत्येवमर्थं कपिरन्ववेक्ष्य सीतेयमित्येव तु जातबुद्धिः । संश्रित्य तस्मिन्निषसाद वृक्षे बली हरीणामृषभस्तरस्वी ॥ ३२ ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સોળમો સર્ગ સંપૂર્ણ. ૧૬

सर्ग १७ मो.

અશોક વનમાં સીતા–તેની ચોકી કરનાર રાક્ષસીઓ.

ततः कुमुदखण्डाभो निर्मलं निर्मलोदयः । प्रजगाम नभश्चन्द्रो हंसो नीलमिवोदकम् ॥१॥

ત્યારપછી જળમાં ગતિ કરતા હંસની પેઠે આકાશમાં ગતિ કરતો શ્વેત કમળવન સરખી સ્વચ્છ કાંતિવાળો ચંદ્ર રાત્રિ પૂર્ણ થવા આવેલી હોવાથી અસ્તાચલ પ્રત્યે જવા લાગ્યો.[૧] એ ચંદ્ર જાણે પોતાના નિર્મળ પ્રકાશથી હનુમાનને સહાય કરતો હોય એમ ગતિ કરવા લાગ્યો અને પોતાનાં શીતળ કિરણોથી હનુમાનની સેવા બજાવવા લાગ્યો;[૨] અર્થાત્ તેના પ્રકાશને લીધે હનુમાન સીતાનું દર્શન કરવા લાગ્યો. કપિવર હનુમાન અતિશય ભારથી ભરેલી જળમાંની નૌકાની પેઠે શોકરૂપી ભારથી ભરેલાં જનકનંદિની સીતાના પૂર્ણ ચંદ્ર સરખા મુખને જોવા લાગ્યો.[૩]

પછી પવનસુત હનુમાને પ્રકટપણે સીતાની પાસે જવાની ઇચ્છા કરી; એટલામાં સીતાથી દૂર બેઠેલી ભયંકર સ્વરૂપવાળી કેટલીક રાક્ષસીઓ તેના જોવામાં આવી.[૪] તે રાક્ષસીઓમાંની કોઈક એક આંખવાળી હતી, ત્યારે કોઈક એક કાનવાળી હતી; કોઈક લાંબા કાનવાળી હતી, ત્યારે કોઇક કાન વિનાની હતી અને કોઈકના કાન તો શંકુ સરખા અણીદાર હતા. કોઈકને શ્વાસોચ્છ્વાસ લેવા માટે મસ્તક ઉપરજ છિદ્ર હતાં;[૫] કોઇકનાં શરીર તથા મસ્તક ઘણુંજ મોટાં હતાં; કોઈકની ગ્રીવાઓ ઘણીજ લાંબી અને પાતળી હતી; કોઇકના મસ્તકપર મુદ્દલ કેશજ નહતા; કોઈકના કેશ ખરી પડેલા હતા; કોઈક વળી પોતાના લાંબા કેશને જ કામળાની પેઠે ઓઢનારી હતી;[૬] કોઇનાં લલાટ અને કાન ઘણુંજ લાંબાં હતાં; કોઈકનાં સ્તન તથા ઉદર લાંબાં હતાં; કોઈકના હોઠ લાંબા હતા; કોઇકના હોઠ સૂપડા જેવા પહોળા હતા; કોઇકનું મુખ લાંબું હતું અને કોઈકની જંઘાઓ લાંબી હતી.[૭] વળી કોઈક ટુંકડી હતી તો કોઇક લાંબી તાડ જેવી હતી; કોઈક વાંકા શરીરવાળી હતી તો કોઇક ઠીંગણી હતી; કોઈક વિકાળ દેખાવની હતી તો કોઇક ખાડાળા મુખવાળી હતી; અને કોઈક પીળાં નેત્રવાળી હતી તો કોઇક બિહામણા

મુખવાળી હતી.[૮] એ રાક્ષસીઓમાંની કેટલીક બેડોળ રૂપવાળી હતી તો કેટલીક પીળા વર્ણવાળી હતી; કેટલીક કાજળ જેવી કાળી હતી તો કેટલીક નિરંતર ક્રોધીલી તથા ક્લેશ કરનારીજ હતી. તેમાંની કેટલીક રાક્ષસીઓએ પોતાના હાથમાં ત્રિશૂળ, મુદ્ગર, ગદા અને તલવાર વગેરે આયુધો ધારણ કર્યાં હતાં.[૯] વળી એ રાક્ષસીઓનાં મુખ પણ જૂદા જૂદા પ્રકારનાં હતાં. કેટલીકનાં મુખ વરાહના જેવાં હતાં તો કેટલીકનાં હરિણના જેવાં હતાં; કેટલીકનાં વ્યાઘ્રના જેવાં હતાં તો કેટલીકનાં પાડાના જેવાં હતાં; અને કેટલીકનાં બકરાના જેવાં હતાં તો કેટલીકનાં મુખ શિયાળના જેવાં હતાં. કેટલીકના ચરણ હાથીના જેવા હતા તો કેટલીકના ઉંટના જેવા હતા; કેટલીકના અશ્વના જેવા હતા તો કેટલીકના કૂતરાના જેવા હતા. એ રાક્ષસીઓમાંની કેટલીકનાં મસ્તક ઉદરમાં પેસી ગયેલાં હતાં.[૧૦] કેટલીક રાક્ષસીઓને એકજ હાથ હતો તો કેટલીકને એકજ ચરણ હતો; કેટલીકના કાન ગધેડીના જેવા હતા તો કેટલીકના વળી ઘોડીના જેવા હતા; કેટલીકના ગાયના જેવા હતા તો કેટલીકના હાથિણીના જેવા હતા તેમજ કેટલીકના કાન સિંહણના જેવા હતા.[૧૧] કેટલીક રાક્ષસીઓને એક કરતાં વધારે નાસિકાઓ હતી; કેટલીકની નાસિકાઓ વાંકી હતી; કેટલીકને મુદ્દલ નાસિકાજ નહતી; ત્યારે કેટલીકને વળી હાથીની સુંઢ સરખી લાંબી નાસિકા હતી અને કેટલીકને શ્વાસોચ્છ્વાસ લેવા માટે લલાટની વચ્ચે નાસિકા હતી.[૧૨] કેટલીક રાક્ષસીઓના ચરણ હાથીના જેવા મોટા હતા, કેટલીકના આખલાના જેવા હતા અને કેટલીકના ચરણો ઉપર વાળના ગુચ્છો ઉગેલા હતા. કેટલીક રાક્ષસીઓનાં મસ્તક તથા ગ્રીવાઓ ઘણાંજ મોટાં હતાં, ત્યારે કેટલીકનાં સ્તન અને ઉદર ઘણાં મોટાં હતાં, કેટલીકનાં મુખ અને નેત્ર ઘણાં મોટાં હતાં અને કેટલીકની જિહ્વા તથા મુખ અત્યંત લાંબાં હતાં. ભયંકર સ્વરૂપવાળી કેટલીક રાક્ષસીઓનાં મુખ બકરા જેવાં, કેટલીકનાં હસ્તી જેવાં, કેટલીકનાં વૃષભ જેવાં, કેટલીકનાં ભુંડણ જેવાં, કેટલીકનાં ઘોડી જેવાં, કેટલીકનાં ગધેડી જેવાં અને કેટલીકનાં ઉંટણ જેવાં હતાં. બિહામણાં મુખવાળી અને વિકાળ તથા ધૂમાડા જેવા કેશવાળી એ રાક્ષસીઓએ ત્રિશૂળ અને મુદ્ગર વગેરે આયુધો ગ્રહણ કર્યાં હતાં. તે રાક્ષસીઓ નિરંતર કજીયા કરનારી અને ક્રોધીલા સ્વભાવવાળી હતી; અને વારંવાર મદિરાનું પાન કરતી હતી.[૧૩-૧૬] જેને જોતાંજ કંપારી છૂટે એવા બિહામણા રૂપવાળી, માંસ અને શોણિતનુંજ ભક્ષણ કરનારી તથા માંસ અને રૂધિરવડે સર્વાંગે ખરડાયેલી એ રાક્ષસીઓને કપિવર હનુમાને દીઠી. તેઓ સઘળી મોટી શાખાઓવાળા શિંશપા વૃક્ષ તળે ટોળે વળીને બેઠેલી હતી અને સતી શિરોમણી સીતા પણ એજ શિંશપા વૃક્ષના મૂળ આગળ બેઠેલાં હતાં.[૧૭-૧૮]

હવે પવનસુત હનુમાન એકી નજરે સીતાને નિહાળવા લાગ્યો. એ વેળા સીતા શોક વ્યાપ્ત હોવાને લીધે કાંતિ રહિત થઈ ગયાં હતાં અને તેના ચોટલામાં ઘણોજ મેલ ભરાયો હતો.[૧૯] પતિવ્રતા ધર્મની ઉત્તમ કીર્તિ ધરાવનારાં અને સ્વામીનાં દર્શનનો વિયોગ પામેલાં જાનકી જાણે પુણ્ય ક્ષીણ થવાથી પૃથ્વીપર ખરી પડેલી કોઇ તારા-નક્ષત્ર હોય એવાં જણાતાં હતાં.[૨૦] બંધુજનોથી વિખૂટાં પડેલાં અને રાક્ષસોના રાજા રાવણે રોકી રાખેલાં સતી શિરોમણી સીતા ટોળાથી વિખૂટી પડેલી અને સિંહે ઘેરેલી હાથિણી સરખાં શોભતાં હતાં. એ સમયે તે શ્રેષ્ઠ આભરણોથી રહિત હતાં તો પણ સ્વામીપરના વાત્સલ્યભાવવડે શોભી રહ્યાં હતાં. પતિ વિયોગના દુ:ખને લીધે તેનું સૌંદર્ય ઘણા દિવસથી વાપર્યા વિનાની વીણાના સરખું થઈ ગયું હતું. પતિના હિતમાં તત્પર રહેનારાં તથા રાક્ષસોને વશીભૂત નહિ થનારાં

તે શરદ્ઋતુનાં વાદળોથી ઢંકાયેલા ચંદ્ર સરખાં નિસ્તેજ દેખાતાં હતાં.[૨૧-૨૩] જેમ ક્રૂર ગ્રહોથી રોહિણી વીંટાયેલી હોય તેમ રાક્ષસીઓથી વીંટાયેલાં જાનકી અશોકવાટિકામાં બેઠેલાં હોવા છતાં શોક સાગરમાં ડૂબેલાં હતાં.[૨૪]* એ વેળા સતી શિરોમણી સીતા શરીરે અત્યંત મલિન હોવાને લીધે તથા ઉત્તમોત્તમ સ્વરૂપ સૌંદર્યવડે અલંકૃત હોવાને લીધે, કાદવથી ખરડાયેલી કમલિનીની પેઠે, શોભારહિત અને શોભાયુક્ત જણાતાં હતાં; અર્થાત્ જેમ કાદવથી ખરડાયેલી કમલિની શોભે પણ ખરી અને ન પણ શોભે, તેમ સીતાના અંગપરની મલિનતા તરફ દૃષ્ટિ કરતાં ત શોભા રહિત જણાતાં હતાં; અને તેનું સ્વરૂપ સૌંદર્ય જોતાં શોભાયુક્ત જણાતાં હતાં. અત્યંત મલિન અને જીર્ણ થયેલું એક વસ્ત્ર પહેરેલાં જાનકી કે જે પતિવિયોગને લીધે પુષ્પ વિનાની લતા જેવાં જણાતાં હતાં તેને પવનસુત હનુમાને દીઠાં.[૨૫-૨૬] શ્યામ નેત્રવાળાં અને પોતાના શિયળવડેજ રક્ષિત થયેલાં સતી શિરોમણી સીતા દુ:ખને લીધે જો કે દીન મુખવાળાં થઈ ગયાં હતાં છતાં પણ પોતાના પાતિવ્રત્યના તેજને લીધે અદીન સરખાં દેખાતાં હતાં. ભય પામેલી હરિણીની પેઠે તે આમ તેમ જોતાં હતાં અને પોતાના નિ:શ્વાસના વાયુથી જાણે લીલાંછમ વૃક્ષોને બાળી નાખતાં હોય એવો ભાસ થતો હતો. એ સમયે સતી શિરોમણી સીતા જાણે દુ:ખનો સમૂહજ હોય કિંવા દુ:ખરૂપી સાગરનો મોટો તરંગજ હોય, એવાં દેખાતાં હતાં.[૨૭-૨૯] સુંદર અંગવાળાં કૃશાંગી સીતા કે જે આભૂષણો વિના પણ શોભી રહ્યાં હતાં તેને જોઇ પવનસુત હનુમાન ઘણોજ હર્ષિત થયો.[૩૦] મદિરેક્ષણા+ સીતાને જોઇ હનુમાનને હર્ષનાં આંસુ આવી ગયાં અને હર્ષના આવેશમાંશ્રીમાન રામચંદ્રને સ્મરીને તેણે પ્રણામ કર્યા.[૩૧] સીતા દર્શનથી અત્યંત હર્ષિત થયેલો મહાબળવાન કપિ હનુમાન પોતાના મનવડે રામ–લક્ષ્મણને નમન કરીને ત્યાંની ચર્ચા જોવા માટે શિંશપા વૃક્ષમાંજ સંતાઈ રહ્યો.[૩૨]

नमस्कृत्वाऽथ रामाय लक्ष्मणाय च वीर्यवान् ।
सीतादर्शनसंहृष्टो हनुमान्संवृतोऽभवत् ॥३२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૭

सर्ग १८ मो.

અશોકવનમાં સીતા–રાવણનું આગમન.

तथा विप्रेक्षमाणस्य वनं पुष्पितपादपम् ।
विचिन्वतश्च वैदेहीं किञ्चिच्छेषा निशाभवत् ॥१॥

વિદેહપુત્રી સીતાની શોધ કરતાં તથા પુષ્પયુક્ત વૃક્ષવાળા અશોક વનને જોતાં જોતાં રાત્રિ ઘણી ખરી વ્યતીત થઇ ગઈ.[૧] જ્યારે માત્ર બે ઘડી જેટલી રાત્રિ રહી ત્યારે ષડંગવેદને જાણનારા અને અગ્નિહોત્રથી યજન કરનારા વેદજ્ઞ રાક્ષસોનો વેદ ધ્વનિ કપિવર હનુમાનના સાંભળવામાં આવ્યો.[૨] એ વેળા રાવણના અંત:પુર આગળ કાનને આનંદ આપે એવા માંગલિક વાજીંત્રોના ધ્વનિ તથા જયઘોષ થવા લાગ્યા. એ સાંભળીને મોટી ભુજાઓવાળો અને અત્યંત પ્રતાપવાળો મહા બળવાન રાક્ષસરાજ રાવણ નિદ્રામાંથી જાગ્રત થયો. પછી નિદ્રાને લીધે ખસી ગયેલાં વસ્ત્રાભૂષણોને ઠીક કરીને તેણે સીતાનું ચિન્તવન કરવા માંડયું.[૩-૪] મદમત્ત થઈ રહેલા એ રાવણનું મન કામવાસનાને લીધે સીતાને વિશેજ આસક્ત થયેલું હતું, તેથી તે પોતાની કામવાસનાને પોતાના મનમાં શમાવી શકયો નહિ.[૫] પછી ઉત્તમ વસ્ત્રાભૂષણોવડે પોતાના દેહને શણગારીને રાક્ષસરાજ રાવણ અંત:પુરમાંથી બહાર નીકળ્યો; અને સર્વ ઋતુમાં ફૂળ–પુષ્પ આપનારાં વિવિધ પ્રકા-

* અશોકવાટિકા એટલે જ્યાં શોક ન હોય એવી વાટિકા. તેમાં વસનારને શોક ન રહેવો જોઇએ છતાં સીતા તો શોકયુક્ત જ હતાં.

\+ ખંજન પક્ષીના નેત્ર રંગવાળા નેત્ર રંગવાળી.

ક્ષનાં વૃક્ષોથી ભરેલી, નાની નાની પુષ્કરિણીઓથી સુશોભિત, મદમત્ત પક્ષીઓથી ચિત્ર વિચિત્ર, દૃષ્ટિ તથા મનને હરણ કરે એવાં કૃત્રિમ મૃગોથી અલંકૃત અને મણિજડિત સુવર્ણનાં તોરણોવાળી અશોકવાટિકા પ્રત્યે જવા લાગ્યો. અનેક મૃગ સમૂહોથી વ્યાપ્ત, ઘાટાં વૃક્ષોવાળી તથા નીચે પડેલાં ફળોથી છવાયેલી ભૂમિવાળી અશોકવાટિકાના માર્ગનું અવલોકન કરતો રાવણ ત્યાં આગળ જઈ પહોંચ્યો.[૬-૯]

જે વેળા પુલસ્ત્યવંશોત્પન્ન રાવણ અશોકવાટિકા પ્રત્યે આવવા નીકળ્યો તે વેળા જેમ દેવ અને ગંધર્વની સ્ત્રીઓ ઇંદ્રની પાછળ જાય તેમ એક સો સ્ત્રીઓ તેની પાછળ ચાલવા લાગી.[૧૦] તેમાંની કેટલીક સ્ત્રીઓ સોનાની દીવીઓ ઝાલીને ચાલતી હતી; કેટલીક ચામર ઢાળતી ચાલતી હતી; કેટલીક પંખાવડે વાયુ ઢાળતી હતી;[૧૧] કેટલીક જળની ઝારીઓ ગ્રહણ કરી, તે વડે છંટકાવ કરતી રાવણની આગળ ચાલતી હતી; અને કેટલીક મણિજડિત સુવર્ણનાં આસનો ગ્રહણ કરીને પાછળ પાછળ ચાલતી હતી.[૧૨] ચતુર એવી કોઈક સ્ત્રી મદિરાથી ભરેલા રત્નમય કળશને પોતાના જમણા હાથમાં ગ્રહણ કરીને ચાલતી હતી;[૧૩] ત્યારે બીજી કોઈક સ્ત્રી રાજહંસ સરખું શ્વેત, પૂર્ણચંદ્ર સમાન કાંતિવાળું અને સુવર્ણના દાંડાવાળું મોટું છત્ર ઝાલીને રાવણની પાછળ ચાલતી હતી.[૧૪] એ પ્રમાણે નિદ્રા તથા મદિરાના ઘેન વડે ઘેરાયેલાં નેત્રવાળી રાવણની એ માનીતી સ્ત્રીઓ, વિજળી જેમ મેઘની પાછળ જાય તેમ રાવણની પાછળ જતી હતી.[૧૫] એ સ્ત્રીઓનાં ચંદ્રહાર તથા કેયૂર વગેરે આભૂષણો સરકી ગયાં હતાં; તેઓના શરીરપરનો અંગરાગ ભૂસાઇ ગયો હતો; ચોટલાની લટો છૂટી ગઈ હતી; મુખપર પરસેવાનાં બિંદુ દેખાતાં હતાં;[૧૬] અવશેષ રહેલા મદના તથા નિદ્રાના ઘેનથી તેઓ લહેરાઈ જતી હતી; પરસેવાને લીધે તેઓના શરીરપરનાં પુષ્પાભરણો કરમાઇ ગયાં હતાં; તેઓના ચોટલાની લટો પુષ્પોથી ગુંથેલી હતી[૧૭] અને તેઓનાં નેત્ર ખંજન પક્ષીનાં નેત્ર સરખા રંગવાળાં જણાતાં હતાં. રાવણની માનીતી એ સ્ત્રીઓ, રાવણ અશોકવાટિકા પ્રત્યે જતો હતો ત સમયે બહુ માનથી અને કામવાસનાથી તેની પાછળ પાછળ ચાલતી હતી.[૧૮] એ સમયે કામને લીધે પરવશ થયેલા અને સીતાને વિશે આસક્ત મનવાળો તેઓનો પતિ મહા બળવાન રાવણ પણ મંદ મંદ ગતિથી ચાલતો હતો.[૧]

સર્વ સ્ત્રી સમાજ સહિત રાવણ અશોકવાટિકાની પાસે આવી પહોંચ્યો ત્યારે સ્ત્રીઓની કટિમેખલાનો અને નૂપુરોનો રણઝણાટ વાયુસુત હનુમાનના કાને પડયો.[૨૦] કપિવર હનુમાને માર્ગ ભણી દૃષ્ટિ કરી તો અપ્રતિમ કર્મ કરનારા અને અચિન્ત્ય બળ-પરાક્રમવાળા રાવણને અશોકવાટિકાના દ્વાર આગળ આવતો દીઠો.[૨૧] એ સમયે જેમાં વારંવાર સુગંધ તેલ પૂરવામાં આવતું હતું એવી આગળ ધરેલી અનેક દીપિકાઓથી રાક્ષસરાજ રાવણ પ્રકાશમાન થઈ રહ્યો હતો.[૨૨] કામ અને ગર્વના મદથી છકી ગયેલો અને વિશાળ તથા ક્રૂર દૃષ્ટિ ફેંકનારાં લાલચોળ નેત્રવાળો એ રાવણ જાણે ધનુષ્યનો ત્યાગ કરી આવેલો સાક્ષાત્ કામદેવજ હોય એવો જણાતો હતો.[૨૩] મથન કરેલા જળના ફીણ સરખું સફેદ, ધોઇને સ્વચ્છ કરેલું, મુક્તાફળોથી શોભતું અને પુષ્પોથી છવાયલું રાવણનું ઉત્તરીય વસ્ત્ર કે જે બાજુબંધમાં ભરાઈ ગયું હતું તેને તે પોતાના હાથવતી ખેંચીને યથાસ્થાને ધારણ કરતો હતો.[૨૪]

અશોકવાટિકાના દ્વારમાં પ્રવેશ કર્યા પછી સ્ત્રીઓથી વીંટાયેલો રાવણ જ્યારે શિંશપા વૃક્ષની સમીપ આવી પહોંચ્યો ત્યારે હજારો પત્રો અને પુષ્પોથી છવાયેલો અને શિંશપા વૃક્ષની શાખાપર સંતાયેલો વાયુપુત્ર હનુમાન તેને જોવા માટે ઉંચો નીચો થવા લાગ્યો.[૨૫]

રાવણને જોવા પછી કપિવર હનુમાને તેની પાછળ ચાલતી રૂપ અને યૌવન સંપન્ન સ્ત્રીઓને પણ દીઠી.[२६] વિશ્રવાનો પુત્ર રાક્ષસરાજ રાવણ કે જે મદ્યપાન કરવાથી મદોન્મત્ત થઈ રહ્યો હતો, જેણે વિચિત્ર આભૂષણો ધારણ કર્યાં હતાં અને જેના કાન શંકુ સરખા અણી-દાર હતા તેને પૂર્વોક્ત સ્વરૂપવતી સ્ત્રીઓ સહિત મૃગ-પક્ષીઓથી ભરેલા અશોક વનમાં પ્રવેશ કરતો કપિવર હનુમાને દીઠો.[२७-२८] તારાઓથી વીંટાયેલા ચંદ્રની પેઠે સ્વરૂપવતી સ્ત્રીઓથી વીંટાયેલા અત્યંત તેજસ્વી રાવણને જોઈને મહાબળવાન્ કપિવર હનુમાને “ મોટી ભુજાઓવાળો રાવણ તે આજ છે, અને આને જ મેં લંકા નગરીમાં ઉત્તમ રાજમહેલમાં સૂતેલો જોયો હતો” એવો નિશ્ચય કર્યો; અર્થાત્ હનુમાને રાવણને ઓળખ્યો. રાવણને ઓળખ્યો એટલે તો કપિવર હનુમાન તુરતજ કૂદ્યો અને પોતે બેઠો હતો ત્યાંથી ઉપરની શાખાપર ચડી ગયો. [२९-३०] પવનસુત હનુમાન જો કે ઉગ્ર તેજસ્વી હતો તો પણ રાવણના તેજને સહન નહિ કરી શકવાથી શિંશપા વૃક્ષની ઘટામાં સંતાઈ બેઠો.[३१]

લંકેશ્વર રાવણ શ્યામ કેશવાળાં, સુંદર નિતંબવાળાં, પરસ્પર મળેલાં સ્તનવાળાં અને મૃગના બચ્ચાના જેવાં નેત્રવાળાં સીતાને જોવાની ઇચ્છાથી ઉતાવળો ઉતાવળો તેની સમીપ જઇ પહોંચ્યો.[३२]

स तामसितकेशान्तां सुश्रोणीं संहतस्तनीम् ।
दिदृक्षुरसितापाङ्गीमुपावर्तत रावणः ॥ ३२ ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અઢારમો સર્ગ સંપૂર્ણ. १८

सर्ग १९ मो.

અશોકવનમાં સીતા-તેની વિષમાવસ્થા.

तस्मिन्नेव ततः काले राजपुत्री त्वनिन्दिता ।
रूपयौवनसंपन्नं भूषणोत्तमभूषितम् ॥ १ ॥

આભૂષણોથી અલંકૃત થયેલા રૂપ-યૌવનસંપન્ન રાક્ષસરાજ રાવણને પોતાની સમીપ આવતો જોઈને જેમ મહાવાયુથી કદળી વૃક્ષ કંપે તેમ પવિત્ર કીર્તિવાળાં વિદેહપુત્રી સીતા થરથર કંપવા લાગ્યાં.[१-२] અતિશય સૌંદર્યવાળાં અને વિશાળ નેત્રવાળાં એ સીતા પોતાની બન્ને સાથળો વડે પોતાનું ઉદર ઢાંકીને તથા બન્ને હાથવડે બેઉ સ્તન ઢાંકીને રોદન કરવા લાગ્યાં.[३] રાક્ષસરાજ રાવણે રાક્ષસીઓથી રક્ષણ કરાતાં અને દીન થઈ ગયેલાં સીતાને સમુદ્રમાં ભાંગી ગયેલી નૌકાની પેઠે દુઃખી અવસ્થામાં દીઠાં.[४]

જેમ વૃક્ષની શાખા કપાઇને પૃથ્વીપર પડેલી હોય તેમ પ્રશંસનીય વ્રતવાળાં જાનકી કાંઈ પણ બિછાના વિનાની પૃથ્વીપર બેઠેલાં હતાં.[५] જેના આભૂષણો પહેરવા યોગ્ય અવયવો મેલથી ઢંકાઈ ગયા હતા એવાં અને અલંકાર ધારણ કરવાને યોગ્ય છતાં અલંકાર રહિત એવાં એ સીતા, કાદવથી ખરડાયેલી કમલિની પેઠે સારી રીતે શોભતાં ન હતાં.[६] સંકલ્પરૂપી અશ્વોથી જોડેલા મનરૂપી રથમાં બેસીને તે સીતા જાણે વિદિતાત્મા રઘુવીરની પાસેજ જતાં હોય એવાં જણાતાં હતાં; અર્થાત્ તે રાત્રિ-દિવસ પોતાના મનમાં રામચંદ્રનુંજ ચિંતવન કરતાં હતાં.[७] રામચંદ્રને વિશે આસક્ત હોવાથી માત્ર રામચંદ્રનુંજ ધ્યાન ધરનારાં, શોકને લીધે સૂકાઈ ગયેલાં, મંત્રવડે રોકાયેલી નાગણની પેઠે ચેષ્ટા કરનારાં અને ધૂમકેતુ ગ્રહથી પીડાતી રોહિણીની પેઠે સંતપ્ત થયેલાં વૈદેહી દુઃખના પારને જોઈ શકતાં ન હતાં.[८-९] સતી શિરોમણી સીતા ઉત્તમ આચાર તથા શ્રેષ્ઠ સ્વભાવવાળા ધાર્મિક કુળમાં ઉત્પન્ન થયેલાં હતાં; અને તેવાજ કુળમાં લગ્નગાંઠથી જોડાયેલાં હતાં; તોપણ આ વેળાએ જાણે દુષ્કુળમાં જન્મેલાં હોય એવાં જણાતાં હતાં.[१०] રામચંદ્ર વિરહથી સંતપ્ત થઈ રહેલાં સતી શિરોમણિ સીતા જાણે કલંકિત થયેલી કીર્તિ હોય, અપમાન પામેલી અથવા

ક્ષીણ થયેલી શ્રદ્ધા હોય, ભંગ થયેલી આશા હોય,[૧૧] વિઘ્નને લીધે હણાયેલી ધન પ્રાપ્તિ હોય, અનાદર પામેલી રાજાની આશા હોય, ઉત્પાત સમયે પ્રજ્વલિત થયેલી દિશા હોય, ભ્રષ્ટ થયેલી પૂજાજ હોય,[૧૨] રાહુએ જેના ચંદ્રમંડળનો ગ્રાસ કર્યો હોય એવી પૂર્ણિમાની રાત્રિ હોય, તોડી નાખેલી પદ્મિની હોય, જેમાંના શૂર પુરૂષો હણાઈ ગયા હોય એવી સેના હોય,[૧૩] અંધકારવડે હણાયેલી પ્રભા હોય, સૂકાયેલી નદી હોય, વેદરહિત–પતિતજનોએ ઓળંગવાથી અપવિત્ર થયેલી વેદી હોય, શાંત થયેલી અગ્નિશિખા હોય[૧૪] અથવા હસ્તીએ પોતાની સુંઢવડે ડાળી નાખવાને લીધે પત્રો તેમજ કમળો વિનાની થયેલી અને ત્રાસ પામેલાં પક્ષીઓવાળી ન્હાની સરખી તળાવડી હોય એવાં દેખાતાં હતાં.[૧૫] રામપત્ની સીતા પતિવિયોગના શોકની પીડાથી સૂકાઈ ગયેલાં હોવાને લીધે, આડા અવળા કાંસ ખોદીને જેમાંનું જળ બીજે સ્થળે લઈ જવામાં આવ્યું હોય એવી નદીના જેવાં અને સ્નાનાદિ અંગ શુદ્ધિ નહિ કરવાને લીધે કૃષ્ણપક્ષની રાત્રિના જેવાં જણાતાં હતાં.[૧૬] સુંદર અંગવાળાં તથા રત્નજડિત મહેલમાં વસવાને યોગ્ય એવાં સુકુમારી જાનકી દુઃખવડે સંતપ્ત થતાં હોવાથી જાણે તુરતમાંજ તોડી નાખેલી અને તાપવડે સૂકાતી કમળની દાંડીજ હોય એવાં દેખાતાં હતાં.[૧૭] જનકનંદિની સીતા પોતાના યૂથપતિ હસ્તીરાજથી વિખૂટી પાડેલી, થાંભલે બાંધી રાખેલી, દુઃખ પીડિત તથા નિશાસા નાખતી હાથિણી સરખાં જણાતાં હતાં.[૧૮] જેમ વર્ષા ઋતુના અંતમાં શ્યામતા મારતી વનરાજીથી પૃથ્વી શોભે તેમ સતી શિરોમણિ સીતા ઓળ્યા ચોળ્યા વિનાની અને પૃથ્વી સુધી લટકતી પોતાની વેણીથી શોભતાં હતાં.[૧૯] ઉપવાસથી, પતિ વિયોગના શોકથી, રામચંદ્રના ધ્યાનથી તથા રાવણના ભયથી ક્ષીણ થઈ ગયેલાં અને જળ કિંવા વાયુનેજ આહાર કરવાથી કૃશ તથા દીન બની ગયેલાં તપસ્વિની સીતા એ સમયે હાથ જોડી બેઠાં હતાં; તેથી જાણે પોતાના શુદ્ધ મનથી તે "મારા પતિ રામચંદ્રથી રાવણનો પરાભવ થાઓ ! !" એવી કુળદેવીની પ્રાર્થના કરતાં હોય એવાં જણાતાં હતાં.[૨૦-૨૧]

મહાબળવાન રાવણ જેનાં શ્વેત અને વિશાળ નેત્રના છેડા લાલ રંગના હતા અને જેની પાંપણો સુંદર હતી તથા જે ચોધાર આંસુએ રૂદન કરતાં ચોમેર નિહાળતાં હતાં, અને જેનું મન રામચંદ્રને વિશેજ આસક્ત હતું એવાં પવિત્ર કીર્તિવાળાં સીતાને પોતાનાજ વધને માટે લોભાવવા લાગ્યો.[૨૨]

समीक्षमाणां रुदतीमनिन्दितां सुपक्ष्मताम्रायतशुक्ललोचनाम् । अनुव्रतां राममतीव मैथिलीं प्रलोभयामास वधाय रावणः ॥२२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ઓગણીશમો સર્ગ સંપૂર્ણ. ૧૯

सर्ग २० मो.

અશોકવનમાં સીતા–કામાંધ રાવણનાં વચનો.

स तां परिवृतां दीनां निरानन्दां तपस्विनीम् । साकारैर्मधुरैर्वाक्यैर्न्यदर्शयत रावणः ॥ १ ॥

રાક્ષસીઓથી ઘેરાયલાં, દીન, આનંદરહિત તથા શોકગ્રસ્ત થયેલાં સીતાની પાસે જઈને લંકેશ્વર રાવણ ચેષ્ટાયુક્ત મધુર વાક્યોથી પોતાનો અભિપ્રાય પ્રકટ કરવા લાગ્યો.[૧]

લંકેશ્વર રાવણ સીતા પ્રત્યે કહે છેઃ "હે હસ્તિની સુંઢ સરખી જંઘાવાળી ! મને દેખીને તું ઉદર તથા સ્તનને શા માટે ઢાંકે છે અને જાણે મારા ભયને લીધે તું પોતાના શરીરને ગુપ્ત કરી દેવા ઇચ્છતી હોય એવી ચેષ્ટા કેમ કરે છે ?[૨] હે સર્વ લોકોનાં મનનું હરણ કરનારી ! હે સર્વાંગ સૌંદર્ય સંપન્ન ! હે વિશાળ નેત્રવાળી ! હું તને ઘણોજ ચાહું છું. હે પ્રિયા ! તું મારાપર પ્રેમ ભરી દૃષ્ટિથી

જો. હે સીતા! અહીંયાં ઇચ્છિતરૂપ ધરનારા રાક્ષસો અથવા મનુષ્યો એમાંનું કોઇ પણ નથી માટે મને જોઇને ઉત્પન્ન થયેલા ભયનો તું ત્યાગ કર.[૪] હે ભીરૂ! પારકી સ્ત્રીઓનું ગમન કરવું કિંવા બળાત્કારથી તેનું હરણ કરવું એ તો અમો રાક્ષસોનો સનાતન ધર્મજ છે, એ તારે નિઃસંદેહ જાણવું.[૫] હે મૈથિલી! અમારો એવો ધર્મ હોવા છતાં અને મારા શરીરમાં ગમે તેટલો કામ વ્યાપવા છતાં પણ મારાપર તારી ઇચ્છા વિના હું તને અડકીશ નહિ.[૬] હે દેવી! તારે જરા પણ ભય રાખવા જેવું નથી. હે પ્રિયા! મારાપર વિશ્વાસ લાવીને તું મારી સાથે ખરા દિલથી પ્રેમ કર. તારે આમ શોકપીડિત થવું યોગ્ય નથી.[૭] અરે, મસ્તકપર એક વેણી ધારણ કરવી, પૃથ્વીપર સૂઇ રહેવું, વિચારવમળમાં ડહોળાવું, મેલાં વસ્ત્ર પહેરવાં અને નિરર્થક ઉપવાસ કરવા એ તને જરાએ યોગ્ય નથી.[૮] હે મૈથિલી! તું મારી સાથે પ્રીતિ બાંધ અને ચિત્રવિચિત્ર પુષ્પમાળાઓ, અગુરૂ વગેરે સુગંધ દ્રવ્યો, શ્રેષ્ઠ ચંદન, વિવિધ પ્રકારનાં વસ્ત્રો, દિવ્ય આભૂષણો, અમૂલ્ય પાનપદાર્થો, શય્યાઓ, આસનો, ગીત, નૃત્ય તથા વાદ્ય એ સઘળું તારે સ્વાધીન કરી લે.[૯-૧૦] હે સુંદર દેહવાળી! તું સ્ત્રીઓમાં રત્નરૂપ છે માટે આમ વ્યર્થ ચિન્તાતુર ન થા. તું તારાં અંગોપર સર્વ પ્રકારના અલંકારને ધારણ કર. અરે, મને પામીને તું આભૂષણ વિનાની કેમ રહી શકે?[૧૧] હે જાનકી! આ તારૂં સુંદર ખીલેલું યૌવન નદીના પ્રવાહની પેઠે એમને એમજ વહી જાય છે, અને તે વહી ગયેલા જળપ્રવાહની પેઠે કદી પણ પાછું આવનાર નથી; માટે તું મારી સાથે પ્રેમ બાંધીને દિવ્ય ભોગ ભોગવ.[૧૨] હે શુભદર્શના! હું તો ધારૂં છું કે દિવ્ય રૂપનું નિર્માણ કરનારા બ્રહ્મદેવ પણ તને સરજીને વિરામ પામ્યા છે; કેમકે આ દુનિયામાં તારા સરખા રૂપવાળી બીજી કોઇ પણ સ્ત્રી જોવામાં આવતી નથી.[૧૩] હે વૈદેહી! રૂપ અને યૌવનવડે શોભતી તને જોઇને સાક્ષાત્ બ્રહ્મદેવ પણ કામવશ થઈ જાય, તો પછી બીજો પુરૂષ કામને વશ થાય એમાં તો કહેવુંજ શું?[૧૪] હે ચંદ્ર સમાન મુખવાળી! હે વિશાળ નિતંબવાળી! હું તારાં જે જે અંગને જોઉં છું તે તે અંગમાંજ મારી દૃષ્ટિ ચોંટી જાય છે; અર્થાત્ એક અંગ જોયા પછી ત્યાંથી નજર ફેરવવાની ઇચ્છાજ થતી નથી.[૧૫] હે મૈથિલી! તું મોહનો ત્યાગ કરીને મારી સ્ત્રી થા. ઉત્તમ સ્વરૂપવાળી મારી અનેક સ્ત્રીઓને વિશે તું મારી મુખ્ય રાણી થા.[૧૬] હે ભીરૂ! મેં ત્રણે લોકોમાંથી બળાત્કારે જે જે રત્નો આણેલાં છે તે અને મારૂં આખું રાજ્ય હું તને આપી દઉં છું.[૧૭] હે વિલાસિની! તારી પ્રીતિને અર્થે અનેક નગરોથી ભરેલી આખી પૃથ્વી જીતીને હું તારા પિતા જનકને આપીશ.[૧૮] સંગ્રામને વિશે મને જીતી શકે એવા કોઇ પણ પુરૂષને હું જોતો નથી. અરે, વિચાર તો કર કે યુદ્ધ ભૂમિને વિશે કોઈપણ પુરૂષ મારા મહાન બળની આગળ ઉભો રહેવાને પણ સમર્થ નથી.[૧૯] સઘળા દેવો અને અસુરો પણ યુદ્ધને વિશે મારી સામા ઉભા રહેવાને અશક્ત છે. અરે ભાંગી ગયેલી ધ્વજાઓવાળા તેઓને મેં કેટલીએ વાર સંગ્રામમાંથી નસાડી મૂક્યા છે![૨૦] હે સીતા! તું મારી ઇચ્છાને પૂર્ણ કર, એટલે તારા શરીરને સ્નાનાદિ ક્રિયાથી નિર્મળ બનાવવામાં આવે અને તારાં અંગોપર પ્રકાશમાન આભૂષણો પહેરાવવામાં આવે.[૨૧] હે વરાનના! હું અલંકારવડે વિભૂષિત થયેલું તારૂં સૌંદર્યયુક્ત સ્વરૂપ જોવા ઇચ્છું છું; માટે તું મારાપર દયા લાવીને ઉત્તમ શણગાર ધારણ કર.[૨૨] હે ભીરૂ! તું તારી ઇચ્છામાં આવે તેવા ભોગ ભોગવ, તારી ઇચ્છામાં આવે તેવા પદાર્થોનું પાન કર, તારી ઇચ્છામાં આવે તેવી ક્રીડા કર અને તારી ઇચ્છામાં આવે તેવી રીતે આ રાજ્ય તથા ધનનું કોઈને દાન કરી દે.[૨૩] હે

જાનકી ! મારાપર વિશ્વાસ આણીને તું મારી સાથે પ્રીતિ બાંધ અને જરાપણ સંકોચ ન ધરતાં તારી ઇચ્છામાં આવે તેવી મને આજ્ઞા આપ. જો મારાપર દયા કરીને તું એવી રીતે મારી સાથે પ્રેમ જોડીશ તો તારા બાંધવો પણ તારા જેવુંજ સુખ ભોગવશે.[૨૪] હે યશસ્વિની ! હે કલ્યાણી ! મારી પરાક્રમરૂપી સંપત્તિને તથા લક્ષ્મીને તો જો ! હે રૂડા ભાગ્યવાળી ! વલ્કલવસ્ત્ર પહેરનારા રામની સાથે રહીને તું શું કરીશ ?[૨૫] અરે, જેની પાસે યુદ્ધ કરવાનાં કાંઈ પણ સાધન છે નહિ એવો, રાજ્યભ્રષ્ટ થઈ વનમાં વસેલો અને ભૂમિપર શયન કરનારો વ્રતધારી રામ હજી સુધી જીવતો હશે કે નહિ ? એનીજ મને તો મોટી શંકા છે ![૨૬] હે વૈદેહી ! શ્યામ વાદળથી છવાયેલા ચંદ્રની કાંતિને જેમ મેઘની આગળ ચાલતો બગલો જોઇ શકતો નથી તેમ મારા વશમાં પડેલી તને જોવાને રામ હવે શક્તિમાન નથી.[૨૭] અરે, જેમ હિરણ્યકશિપુ ઇંદ્રના હાથમાં ગયેલી પોતાની કીર્તિને પુનઃ પામી શક્યો ન હતો, તેમ તારો પતિ રામ મારા પંજામાં સપડાયેલી તને પુનઃ પ્રાપ્ત કરવાને સમર્થ નથી.[૨૮] હે સુંદર હાસ્ય કરનારી ! હે સુશોભિત દંતપંક્તિવાળી ! હે ચંચળ નેત્રવાળી ! હે વિલાસિની ! હે ભીરૂ ! ગરૂડ જેમ બળાત્કારથી અમૃતનું હરણ કરે તેમ તું મારા મનનું હરણ કરે છે.[૨૯] હે સીતા ! તેં જૂનું અને મલિન રેશમી વસ્ત્ર પહેરેલું છે તથા કાંઇ પણ અલંકાર ધારણ કર્યા નથી; તેમ છતાં પણ તારૂં સુકોમળ સ્વરૂપ જોઈને મને મારી સ્ત્રીઓને વિશે જરા પણ પ્રીતિ થતી નથી.[૩૦] હે જાનકી ! મારા અંતઃપુરમાં રહેનારી સર્વ ગુણસંપન્ન મારી જેટલી સ્ત્રીઓ છે તે સર્વના ઉપર તું આધિપત્ય ભોગવ; અર્થાત્ તું મારી વ્હાલી સ્ત્રી થઈને મારી બીજી સઘળી સ્ત્રીઓને આજ્ઞા આપનારી થા.[૩૧] હે શ્યામ કેશવાળી ! અપ્સરાઓ જેમ લક્ષ્મીની સેવા કરે તેમ ત્રૈલોક્યમાં ઉત્તમ એવી મારી સઘળી સ્ત્રીઓ તારી સેવા કરશે.[૩૨] હે વૈદેહી ! કુબેરને ઘેર જે જે રત્નો અને ધન છે તથા આ લોકને વિશે જેટલાં સુખ છે તે સઘળાંને તું મારી સાથે રહીને યથેચ્છ રીતે ભોગવ.[૩૩] હે દેવી ! તારો પતિ રામ તપ, બળ, પરાક્રમ, ધન, તેજ કિંવા કીર્તિમાં મારી બરાબરી કરી શકે એમ નથી."[૩૪]

"હે લલના ! તું તારી ઈચ્છામાં આવે તેમ પાન કર, ઈચ્છામાં આવે તેમ ક્રીડા કર, ઈચ્છામાં આવે તેવા ભોગ ભોગવ. હે દેવી ! હું મારૂં સઘળું ધન અને આખી પૃથ્વી તને અર્પણ કરૂં છું; માટે તું મારી સાથે પ્રીતિ બાંધીને ઈચ્છિત સુખ ભોગવ અને તારા બાંધવોને પણ સુખ ભોગવવા દે.[૩૫] હે ભીરૂ ! તું સુવર્ણના નિર્મલ હારથી પોતાના શરીરને શણગારીને પુષ્પયુક્ત વૃક્ષ સમૂહથી વ્યાપ્ત થયેલાં અને ભ્રમરોનાં ટોળાંથી ભરેલાં સમુદ્રના કિનારાપરનાં વનોમાં ચાલ અને ત્યાં આગળ મારી સાથે યથેચ્છ વિહાર કર."[૩૬]

कुसुमिततरुजालसंततानि भ्रमरयुतानि समुद्रतीरजानि । कनकविमलहारभूषिताङ्गी विहर मया सह भीरु काननानि ॥ ३६ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૦

सर्ग २१ मो.

અશોકવનમાં સીતા-રાવણને પ્રત્યુત્તર.

तस्य तद्वचनं श्रुत्वा सीता रौद्रस्य रक्षसः । आर्ता दीनस्वरा दीनं प्रत्युवाच ततः शनैः ॥१॥

રાક્ષસરાજ રાવણનાં વચન સાંભળીને દુઃખને લીધે પીડિત થયેલાં, દીન સ્વરવાળાં, રૂદન કરતાં, થરથર ધ્રૂજતાં, સુંદર દેહવાળાં અને પોતાના પતિ રામચંદ્રનુંજ ચિંતવન કરતાં તપસ્વિની સીતા ધીમેથી દીન સ્વરે પ્રત્યુત્તર આપવા લાગ્યાં.[૧-૨]

સતી શિરોમણિ સીતાએ રાવણની અને પોતાની વચ્ચે પૃથ્વીપર એક તણખલું મૂકીને મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું કે; × "હે રાવણ! તું તારા ચિત્તને મારાપરથી ખસેડી તારી સ્ત્રીઓને વિશેજ પ્રીતિયુક્ત કર.[3] જેમ પાપી મનુષ્ય સિદ્ધિની પ્રાર્થના કરવાને અયોગ્ય છે તેમ તું મારી પ્રાર્થના કરવાને અયોગ્ય છે. હું કે જે અતિ શ્રેષ્ઠ કુળમાં જન્મેલી છું અને અતિ પવિત્ર કુળમાં પરણેલી છું તથા પતિવ્રત ધર્મ પાળનારી છું તે નિંદા થાય એવું અયોગ્ય કાર્ય કદી પણ કરીશ નહિ."[૪-૫]

એટલું કહ્યા પછી યશસ્વિની સીતાએ રાવણના તરફ પુંઠ ફેરવીને પુન: પણ કહ્યું કે; "હે રાવણ! હું સતી છું અને પારકાની સ્ત્રી છું; તેથી તારે ઉપભોગ કરવા યોગ્ય નથી.[૬] હે નિશાચર! તું ધર્મનો વિચાર કરી રૂડાં આચરણવાળો થા. જેવી રીતે તું તારી સ્ત્રીઓનું રક્ષણ કરે છે તેવી રીતે બીજાની સ્ત્રીઓનું પણ તારે રક્ષણ કરવું જોઇએ.[૭] હે રાક્ષસેંદ્ર! તું તારૂંજ દ્રષ્ટાંત લઇને *તારી પોતાની સ્ત્રીઓને વિશે રમણ કર. જે પુરૂષ ચંચળ સ્વભાવવાળો, ઇંદ્રિયોને વશ નહિ રાખનારો અને પોતાની સ્ત્રીથી અસંતુષ્ટ રહેનારો હોય છે, તેની બુદ્ધિને સજ્જનો ધિક્કારે છે અને પર સ્ત્રીઓથી તેનો વારંવાર પરાભવ થાય છે.[૮] અરે, હું ધારૂંછું કે આ તારી લંકાનગરીને વિશે કોઈ સાધુ પુરૂષો રહેતા નથી, અથવા જો રહે છે તો તું તેઓની પાસે જઇને ધર્માધર્મ સંબંધે કાંઈ પણ પ્રશ્ન કરતો નથી, કે જેથી તારી બુદ્ધિ આચાર વિચાર રહિત અને વિપરીત થઇ ગઇ છે.[૯] અથવા તો વિવેકી સત્પુરૂષોએ કહેલાં હિતકર વચનોને મિથ્યા માનનારો તું રાક્ષસોના વિનાશને અર્થેજ તે સત્પુરૂષોનાં વચનનો અંગીકાર કરતો નથી.[૧૦] જે રાજા સજ્જનોના ઉપદેશ પ્રમાણે વર્તતો નથી અને અનીતિમાં તત્પર રહે છે, તે રાજાનાં મોટી સમૃદ્ધિવાળાં રાજ્યો તથા નગરો પણ સત્વર નાશ પામે છે.[૧૧] હે રાવણ! રત્ન સમૂહથી ભરેલી આ તારી લંકાનગરી કે જે તારા હાથમાં આવેલી છે તે હવે તારા એકલાનાજ અપરાધથી થોડા સમયમાં નષ્ટ-ભ્રષ્ટ થઈ જશે.[૧૨] હે રાવણ! એ તો ખરૂંજ છે કે ટુંકી દ્રષ્ટિવાળો અને પાપકર્મ કરનારો કોઇ પુરૂષ જ્યારે પોતાનાંજ પાપકર્મને લીધે મહાન આપત્તિમાં આવી પડે છે ત્યારે સર્વ ભૂત પ્રાણીઓ આનંદ પામે છે.[૧૩] તેજ પ્રમાણે તારાથી પીડાયેલાં સર્વ પ્રાણીઓ તને તારાંજ પાપકર્મને લીધે મહાન આપત્તિમાં આવી પડેલો જોઈને અત્યંત હર્ષિત થશે, અને કહેશે કે અહા! ક્રૂર કર્મ કરનારો દુષ્ટ રાવણ આવા કષ્ટમાં આવી પડયો એ ઘણુંજ સારૂં થયું.[૧૪] હે રાક્ષસ! તું તારા ઐશ્વર્યથી કે ધનથી મને લલચાવવા સમર્થ નથી. જેમ સૂર્યની પ્રભા કદી પણ સૂર્યથી જૂદી થતી નથી તેમ હું કદી પણ રામચંદ્રથી જૂદી પડનારી નથી.[૧૫] અરે, સર્વ લોકના નાથ અને સર્વ લોકોથી સત્કાર પામેલા રઘુવીરના હાથનું ઓશીકું કરીને સૂઈ રહેનારી હું હવે કદી પણ બીજા કોઈના હાથને ઓશીકા તરીકે કેમજ સ્વીકારીશ?[૧૬] જેમ બ્રહ્મચર્ય વ્રતની સમાપ્તિ કરીને પવિત્ર થયેલા બ્રાહ્મણને આટેજ

× જેવી રીતે પૃથ્વીપર મૂત્રાદિ ત્યાગ કરવો અયુક્ત છે તેથી પોતાની અને પૃથ્વીની વચ્ચે સૂકું ઘાસ વગેરે પાથરીને મૂત્રાદિ ત્યાગ કરવાની શાસ્ત્રાજ્ઞા છે, તેવી રીતે સ્ત્રીએ પર પુરૂષની સાથે સાક્ષાત્ રીતે સંભાષણ કરવું અયુક્ત હોવાથી અત્રે સીતાએ રાવણ અને પોતાની વચ્ચે એક તણખલાની આડ મૂકી. વળી રાવણની આગળ તૃણ મૂકીને બુદ્ધિમતી સીતાએ તેને એમ જણાવ્યું કે; તને તૃણ સરખો ગણીને હું પ્રત્યુત્તર આપું છું. તી. ટી. ઉપરથી.

* જેમ તું તારી સ્ત્રીઓને તારે વિશેજ પ્રીતિયુક્ત રાખવા પ્રયત્ન કરે છે અને એમ થવાથીજ આલોક તથા પરલોકમાં સુખ મળી શકે એવું માને છે તેમ બીજા પુરૂષો પણ કરતા તથા માનતા હોવા જોઇએ એવો વિચાર કર.

વેદ વિદ્યા યોગ્ય ગણાય છે તેમ હું પણ મહા સમર્થ રઘુવીરનીજ યોગ્ય ભાર્યા છું.[૧૭] હે રાવણ! હું તને નમ્રતાપૂર્વક કહું છું કે વનમાં કામ પીડિત થયેલી હાથિણીને જેમ હાથીની સાથે મેળવે તેમ તું અતિશય દુઃખિત થઈ રહેલી મને મારા પતિ રામચંદ્રની સાથે મેળવ. તેમ કરવાથી તારૂં કલ્યાણ થશે."[૧૮]

"હે રાવણ! જો તું આ લંકાનગરીનું રક્ષણ કરવા ઇચ્છતો હોય અને તારે પોતાને ઘોર પાતકમાંથી બચવું હોય તો તું પુરૂષોમાં શ્રેષ્ઠ એવા રામચંદ્રની સાથે મૈત્રી કર.[૧૯] સર્વ ધર્મને જાણનારા રામચંદ્ર પોતાના શરણે આવેલા ઉપર દયા કરે છે એવું સર્વત્ર પ્રસિદ્ધ છે, માટે જો તું જીવવાની ઇચ્છા રાખતો હોય તો તેની સાથે મૈત્રી કર.[૨૦] શરણે આવનારપર દયા કરનારા રઘુવીરની આગળ જઇને તું શુદ્ધ અંતઃકરણથી તેમને પ્રસન્ન કર અને મને અહીંયાંથી લઇ જઇને તેમને સ્વાધીન કર.[૨૧] જો તું મને પુનઃ રઘુવીરને સોંપીશ તો તારૂં કલ્યાણ થશે; અને જો એ પ્રમાણે નહિ કરે તો તું મોટી આપત્તિમાં આવી પડીશ.[૨૨] અરે, દેવરાજ ઇંદ્રે મૂકેલું વજ્ર પણ કદાચ તને જીવતો મૂકે અથવા અંતક–મૃત્યુ પણ તને કદાચ ચિરકાળ પર્યંત જીવતો રહેવા દે, પરંતુ સર્વ લોકના નાથ શ્રીમાન રામચંદ્ર જ્યારે ક્રોધ પામશે ત્યારે તને ક્ષણવાર જીવતો રહેવા દેશે નહિ.[૨૩] અરે, ઇંદ્રે છોડેલા વજ્રના નાદ જેવો રામચંદ્રના ધનુષ્યનો ટંકારવ હવે અલ્પ સમયમાંજ તારા સાંભળવામાં આવશે.[૨૪] વળી રામ–લક્ષ્મણના નામથી અંકિત, તીક્ષ્ણ અણીવાળાં અને મુખમાંથી અગ્નિજ્વાળા કહાડતા સર્પોના જેવાં પ્રચંડ બાણો હવે સત્વર અહીંયાં પડશે.[૨૫] કંક પક્ષીઓનાં પીછાંથી શોભતાં એ બાણો આ નગરીમાં પડીને સઘળા રાક્ષસોને હણશે; જેથી આ લંકાનગરી ઉજડ થઇ રહેશે.[૨૬] જેમ ગરૂડ સર્પોને શોધી શોધીને મારે છે તેમ રામચંદ્રરૂપી ગરૂડ રાક્ષસોરૂપી સર્પોને શોધી શોધીને મારશે.[૨૭] પૂર્વે જેમ ત્રિવિક્રમ સ્વરૂપધારી વિષ્ણુ ભગવાને ત્રણ પગલાં ભરીને અસુરોની પાસેથી શ્રેષ્ઠ લક્ષ્મી પાછી મેળવી હતી તેમ શત્રુઓનું દમન કરનારા મારા સ્વામી રામચંદ્ર મને તારી પાસેથી સત્વર છોડાવી લેશે.[૨૮] હે રાવણ! જ્યારે મહા સમર્થ રઘુવીરે જનસ્થાનમાંના સર્વ રાક્ષસોનો સંહાર વાળ્યો અને તારા એ સ્થાનને છિન્ન ભિન્ન કરી નાખ્યું ત્યારે તું ક્યાં સૂઈ ગયો હતો? અરે, એ વેળાએ તો તું અશક્તજ હતો કે જેથી તને આવું નિંદ્ય કર્મ કરવાનું સૂઝ્યું.[૨૯] હે અધમ! પુરૂષોમાં સિંહ સરખા રામ અને લક્ષ્મણ બન્ને ભાઇઓ જ્યારે વનમાં ગયા હતા ત્યારે તેમના વિના શૂન્ય પડેલા આશ્રમમાં પ્રવેશ કરીને તેં મારૂં હરણ કર્યું; પરંતુ તેમની દૃષ્ટિ આગળ તું આવું નિંદ્ય કર્મ કરી શકત નહિ.[૩૦] અરે, તું એ રામ–લક્ષ્મણની આગળ ઉભો રહેવાને પણ સમર્થ નથી! સિંહની ગંધ સુંઘવામાં આવતાંજ કૂતરો જેમ તેની આગળ ઉભો રહી શકતો નથી તેમ તું પણ રામ–લક્ષ્મણનાં દર્શન પામીને તેઓની આગળ ઉભો રહેવાને સમર્થ નથી![૩૧] હે રાવણ! તું એટલો બધો બળહીન છે કે જો કદાચ તારે રામ–લક્ષ્મણની સાથે યુદ્ધ કરવું પડે તો તારી સહાય અને સંપત્તિ સ્થિર રહી શકે એમ નથી. હે રાવણ! જેમ ઇંદ્રના બે બાહુઓના બળ આગળ વૃત્રાસુરના એક બાહુનું બળ ચાલ્યું નહતું* તેમ રામ–લક્ષ્મણ બન્ને ભાઇઓની સાથે યુદ્ધ કરતાં છેવટે તારો પરાજયજ થશે.[૩૨] સૂર્ય જેમ થોડાં રહેલાં જળને સત્વર શોષી લે છે તેમ પોતાના ભ્રાતા લક્ષ્મણ સહિત મારા સ્વામી તારા પ્રાણોને પોતાનાં તીક્ષ્ણ બાણ વડે શીઘ્ર ખેંચી લેશે.[૩૩] હે રાવણ! કદાચ તું ભયનો

---

* ઇંદ્રે વૃત્રાસુરનો એક હાથ કાપી નાખ્યો ત્યારે વૃત્રાસુર એક હાથેજ તેની સાથે યુદ્ધ કરતો રહ્યો, પરંતુ છેવટે તેનો પરાજય થયો હતો.

માર્યો કૈલાસ પર્વતપર ચાલ્યો જઈશ અથવા વરૂણ દેવની સભામાં ભરાઈ બેસીશ તો પણ વિનાશ કાળે પહોંચી ચૂકેલું મોટું વૃક્ષ જેમ વજ્રના પ્રહારથી તત્કાળ તૂટી પડે છે તેમ તું રામચંદ્રનાં બાણુના પ્રહારથી નિશ્ચય પોતાના પ્રાણોનો ત્યાગ કરીશ."[૩૪]

गिरिं कुबेरस्य गतोऽथवालयं सभां गतो वा वरुणस्य राज्ञः । असंशयं दाशरथे र्विमोक्ष्यसे महाद्रुमः कालहतोऽशनेरिव ॥३४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૧

सर्ग २२ मो.

અશોકવનમાં સીતા–રાવણનો ક્રોધ.

सीताया वचनं श्रुत्वा परुषं राक्षसेश्वरः । प्रत्युवाच ततः सीतां विप्रियं प्रियदर्शनाम् ॥१॥

પ્રિયદર્શના સીતાનાં કઠોર વચનો સાંભળીને રાક્ષસોનો રાજા રાવણ તેના પ્રત્યે અપ્રિય વચન કહેવા લાગ્યો.[૧] તે બોલ્યો: "આ લોકને વિશે પુરૂષ સ્ત્રીની સાથે જેમ જેમ શાંત સ્વભાવથી વર્તતો જાય છે તેમ તેમ તે સ્ત્રીને પ્રિય થતો જાય છે; પરંતુ હે સીતા! તારા પ્રત્યે તો હું જેમ જેમ પ્રિય વચન બોલતો જાઉં છું તેમ તેમ તારાથી તિરસ્કાર પામું છું.[૨] અરે, પણ શું કરૂં? જેમ સારો સારથિ આડે માર્ગે દોડી જતા અશ્વોને રોકી રાખે છે તેમ તારા વિશેની મારી કામાભિલાષા મારા ક્રોધને દાબી દે છે.[૩] ખરેખર, કામ એ ક્રોધ કરતાં પણ વિશેષ ક્રૂર છે; કેમકે જે મનુષ્ય ઉપર કામવાસના બંધાય છે તે મનુષ્ય પાછળથી ભલેને પોતાનો શત્રુ હોય તો પણ તેના પર દયા તથા સ્નેહ ઉપજે છે.[૪] હે સુંદર મુખવાળી! પતિ વિયોગ થવાને લીધે ભોગવિલાસનો ત્યાગ કરવાનો મિથ્યા ડોળ બતાવનારી તું મારાથી અપમાન પામવાને તથા નાશ પામવાને યોગ્ય છે, છતાં કામવાસનાથી બંધાયેલો હું તારો નાશ કરી શકતો નથી.[૫] નહિ તો હે મૈથિલી! સાંપ્રતમાં તેં મારા પ્રત્યે જે જે કઠોર વચનો કહ્યાં છે તે તે વચનના બદલામાં તો તારો વધ કરવોજ યોગ્ય છે."[૬]

ક્રોધાવેશમાં આવેલા રાક્ષસરાજ રાવણે સીતા પ્રત્યે એટલું કહીને વળી પણ કહ્યું કે;[૭] "હે સીતા! મેં પ્રથમ તને જે એક વર્ષનો અવધિ આપેલો છે તેમાંથી હવે માત્ર બે માસજ બાકી રહ્યા છે; માટે હવે હું બે માસ સુધી તારી વાટ જોઇશ; અર્થાત્ તેટલા સમયમાં તારે જે કાંઈ વિચાર કરવો હોય તે કરી લેવો. ત્યાર પછી હે વરવર્ણિની! તારે ગમે તેમ કરીને પણ મારા શયનપર આરોહણ કરવું પડશેજ.[૮] જો બે માસનો અવધિ વ્યતીત થતાં સુધીમાં તું મને પોતાના પતિ તરીકે નહિ સ્વીકારે તો પછી મારા રસોઈઆઓ મારા પ્રાતર્ભોજનને માટે તારા કડકે કડકા કરીને રાંધશે."[૯]

રાક્ષસોનો રાજા રાવણ એવી રીતે સીતાનો તિરસ્કાર કરતો હતો એ જોઇને ત્યાં રહેલી કેટલીક દેવ કન્યાઓ અને ગંધર્વ કન્યાઓ ચકિત થઈ ગઈ તથા અત્યંત ખેદ ધરવા લાગી.[૧૦] એ વેળા કેટલીક પોતાના ઓષ્ટની ચેષ્ટાઓથી, કેટલીક નેત્રના મચકારાથી તથા કેટલીક મુખની ચેષ્ટાથી રાવણથી તિરસ્કાર પામતાં સીતાનું આશ્વાસન કરવા લાગી.[૧૧] એ ઓઓથી આશ્વાસન પામેલાં જાનકી પોતાનાં સદાચરણથી તથા પોતાના સ્વામી રામચંદ્રના શૌર્યથી ગર્વયુક્ત થઇને રાક્ષસરાજ રાવણ પ્રત્યે હિતકર વચન કહેવા લાગ્યાં:[૧૨] "હે રાવણ! આ લંકાનગરીને વિશે વસતી પ્રજામાં તારૂં હિત ઇચ્છે એવો કોઈ પણ પુરૂષ હોય એમ મને લાગતું નથી, કેમકે તને આવું નિંદ્ય કર્મ કરતાં કોઇ વારતું નથી.[૧૩] હે રાક્ષસ! હું કે જે ઇંદ્રની પત્ની શચી જેવી અને ધર્માત્મા રામચંદ્રની પ્રિય

પત્ની છું તેને તારા સિવાય ત્રણ લોકમાંનો બીજો કયો પુરૂષ આ પ્રમાણે મન વડે પણ ઇચ્છી શકે ?[૧૪] હે રાક્ષસાધમ ! અમાપ તેજવાળા રામચંદ્રની ભાર્યાને તું આવાં નિંદ્ય વચનો કહે છે તે પાપમાંથી તું ક્યાં જઈને છૂટીશ ?[૧૫] અરે, જેમ નિર્બળ શશલો પોતાની સાથે વનમાં વસનારા મદોન્મત્ત હાથીની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા કરે એવી તારી રામચંદ્ર પ્રત્યે ઈચ્છા છે; અર્થાત્ રામચંદ્ર મદોન્મત્ત હસ્તી સરખા છે અને તું શશલા જેવો છે.[૧૬] હે રાક્ષસ ! જ્યાં સુધી તું ઈક્ષ્વાકુકુળદીપક રામચંદ્રની દૃષ્ટિએ પડયો નથી ત્યાં સુધીજ તું તેમની નિંદા કરી શકે છે.[૧૭] હે અનાર્ય ! મારા પર કુદૃષ્ટિથી જોનારા તારાં આ ક્રૂર, બિહામણાં અને પીળા તથા કાળા રંગનાં નેત્રો કેમ નીકળી પડતાં નથી ?[૧૮] હે પાપાત્મા ! હું કે જે ધર્માત્મા મહારાજા દશરથની પુત્રવધૂ છું તેને આવાં કુવચન કહેતાં તારી જીભ કેમ તૂટી પડતી નથી ?[૧૯] હે દશગ્રીવ ! હું તને બાળીને ભસ્મ કરી નાખવાને સમર્થ છું, છતાં સાંપ્રતમાં હું તપશ્ચરણના નિયમોનું પાલન કરૂં છું તેથી અને મને રામચંદ્રની આજ્ઞા થઈ નથી તેથી હું મારા પતિવ્રત ધર્મના તેજ વડે તને બાળીને ભસ્મ કરતી નથી.[૨૦] હે રાવણ ! દૈવે નિર્માણ કરેલા તારા વધને અર્થેજ તું મને અહીંયાં હરી લાવ્યો છે; નહિ તો હું કે જે બુદ્ધિમાન રામચંદ્રની પત્ની છું તેનું હરણ કરી લાવવાને તું જરા પણ સમર્થ નથી.[૨૧] હે રાવણ ! તું અત્યંત શૂરવીર છે, સાક્ષાત્ કુબેરનો ભાઈ છે અને ઘણોજ બળશાળી છે, છતાં મારીચની સહાયથી રામ–લક્ષ્મણને વનમાં દૂર લઈ જઈને પછીથી તેં તેમના ઘરમાંથી સ્ત્રીની ચોરી કરી; અર્થાત્ મારૂં હરણ કર્યું એ શું તને છાજે છે ?"[૨૨]

સતી શિરોમણિ સીતાનાં વચન સાંભળીને રાક્ષસોનો રાજા રાવણ અતિ ક્રોધાયમાન થઈ ગયો અને આંખો કહાડીને સીતા સામે જોવા લાગ્યો.[૨૩] એ વેળા મોટી ભુજાઓ અને મોટી ગરદનવાળો રાક્ષસરાજ રાવણ કાળા મેઘ સરખો દેખાતો હતો; તેની જિહ્વા દેદીપ્યમાન અને અગ્નિદાર હતી; તેનાં નેત્ર ઘણાંજ ઉગ્ર હોવાથી લાલચોળ જણાતાં હતાં; તેની ગતિ સિંહના સરખી હતી;[૨૪] તેના મસ્તકપરના મુકુટનો અગ્રભાગ હાલતો હતો; તેના શરીરપર ચિત્રવિચિત્ર પુષ્પમાળાઓ શોભતી હતી અને સુગંધ ચંદન ચર્ચ્યું હતું; તેણે રાતાં વસ્ત્ર, રાતાં પુષ્પ અને સુવર્ણના બાજુબંધ ધારણ કર્યા હતા.[૨૫] તેણે પોતાની કમરની આસપાસ નીલવર્ણવાળી કટિમેખલા બાંધેલી હતી તેથી તથા પ્રસિદ્ધ પરાક્રમવાળી પોતાની બન્ને ભુજાઓથી તે અમૃત મથન સમયે વાસુકી નાગથી વીંટાયેલા અને બે શિખરોથી શોભતા મંદરાચળ જેવો દેખાતો હતો.[૨૬–૨૭] જેમ રક્ત નવપલ્લવ અને રક્તપુષ્પવાળાં બે અશોક વૃક્ષોથી પર્વત શોભે તેમ ઉદય પામતા સૂર્યસરખા પ્રકાશમાન બે કુંડળોથી તે શોભતો હતો.[૨૮] રાક્ષસરાજ રાવણ મૂર્તિમાન વસંત ઋતુ સરખો તથા કલ્પ વૃક્ષ સરખો સુશોભિત હતો અને સુંદર આભરણોથી અલંકૃત હતો, છતાં એ સમયે તે સ્મશાનગૃહ સરખો ભયંકર જણાતો હતો.[૨૯]

પછી સર્પની પેઠે ફુંફાડા મારતો અને ક્રોધને લીધે લાલ થયેલાં નેત્રોવડે સીતા પ્રત્યે કટાક્ષ કરતો એ રાવણ બોલ્યો કે;[૩૦] "અનીતિથી ભરેલા અને રાજ્યથી ભ્રષ્ટ થયેલા રામનેજ અનુસરનારી હે સીતા ! સૂર્ય જેમ પોતાના તેજવડે પ્રાતઃસંધ્યાનો નાશ કરે તેમ આજે હું તારો નાશ કરીશ."[૩૧]

એ પ્રમાણે સીતા પ્રત્યે કહીને શત્રુઓને તપાવનારા રાવણે ત્યાં રહેનારી અને બિહામણા દેખાવવાળી રાક્ષસીઓના સામું જોયું.[૩૨] તેમાંની કોઈક રાક્ષસી એક કાનવાળી, કોઇક એક આંખવાળી, કોઈક ગાયના જેવા કાનવાળી, કોઇક હાથીના જેવા કાનવાળી, કોઈક લાંબા કાનવાળી અને કોઈક વળી કાન વિનાનીજ હતી તથા કોઈકના કાન વસ્ત્રના જેવા લટકતા

હતા.[૩૩] વળી કોઈકના ચરણ હાથી જેવા હતા તો કોઇકના ઘોડા જેવા હતા; કોઈકના આખલા જેવા હતા તો કોઈકના ચરણપર વાળના ગુચ્છા ઉગેલા હતા; કોઈકને એકજ ચરણ હતા તો કોઇકના ચરણ ઘણાજ સ્થૂળ હતા અને કોઈક તો ચરણ વિનાનીજ હતી.[૩૪] કોઇકનાં મસ્તક તથા ગરદન મોટાં હતાં તો કોઈનાં સ્તન અને ઉદર ઘણાંજ મોટાં હતાં; કોઈકનાં મુખ તથા નેત્ર અત્યંત વિશાળ હતાં તો કોઈકનાં જિહ્વા અને નખ ઘણાંજ લાંબાં હતાં[૩૫] કોઇક નાક વગરની હતી તો કોઇક સિંહ સરખાં મુખવાળી હતી; અને કોઇક ગાયના જેવા મુખવાળી હતી તો કોઈક વળી ભુંડણીના જેવા મુખવાળી હતી.

એ સર્વ રાક્ષસીઓના તરફ દૃષ્ટિ કરીને રાવણે તેમને આજ્ઞા આપતાં કહ્યું કે; "હે રાક્ષસીઓ! તમારામાંથી એક એક અથવા તો તમે સઘળી એકઠી થઇને સીતાને એવી રીતે સમજાવો કે જેથી તે સત્વર મને વશ થાય. હે રાક્ષસીઓ! સામ, દામ, ભેદ તથા બીજા ગમે તે સારા કે નરતા ઉપાયોથી કિંવા છેવટે દંડના ભયથી પણ એ જાનકીની રામ વિશેની પ્રીતિમાં તમે ભેદ પડાવો."

એ પ્રમાણે રાક્ષસીઓને આજ્ઞા આપીને કામ તથા ક્રોધથી હણાયેલા ચિત્તવાળો રાવણ મોટી ગર્જના કરતો સીતા પ્રત્યે ધસવા લાગ્યો. એ જોઇને ત્યાં રહેનારી રાક્ષસીઓમાંની 'ધાન્ય માલિની' નામની એક રાક્ષસીને સીતા ઉપર દયા આવી; જેથી તે તુરતજ રાવણની પાસે દોડી ગઈ અને તેને આલિંગન આપીને કહેવા લાગી કે; "હે મહારાજ! હે રાક્ષસેશ્વર! તમોએ પોતાના બાહુ બળવડે જે જે ભોગવિલાસો મેળવેલા છે તેવા દિવ્ય ભોગ ભોગવવાનું આ સીતાના ભાગ્યમાં દૈવે નહિ લખ્યું હોય, જેથી તમે કિંવા તે શું કરી શકો એમ છો? માટે હે મહારાજા! તમે મારી સાથેજ ક્રીડા કરો. આ બિચારી કે જે શોકને લીધે ફીક્કી પડી ગઇ છે તેનું તમારે શું પ્રયોજન છે? હે રાક્ષસેંદ્ર! કામના વિનાની સ્ત્રીને વિશે આસક્તિ રાખનાર પુરૂષનું શરીર સંતપ્ત થઈ જાય છે અને કામનાવાળી સ્ત્રીમાં આસક્તિ કરનાર પુરૂષ આનંદ ભોગવે છે. માટે હે દશાનન! આ સીતા કે જે તમારે વિશે કામના વિનાની છે તેને તમારે ઇચ્છવી યોગ્ય નથી." એવી રીતે કહીને જ્યારે એ ધાન્યમાલિની રાક્ષસીએ રાવણને ગુપ્ત રીતે સમજાવ્યો ત્યારે મહાબળવાન રાક્ષસરાજ રાવણ હસતાં હસતાં પાછો વળ્યો અને પોતાના રાજમહેલ પ્રત્યે ચાલ્યો.[૩૫-૪૩]

ચરણના ધબકારાથી પૃથ્વીને કંપાવતો કંપાવતો રાવણ પ્રકાશમાન સૂર્ય સરખા ઝગહળતા પોતાના રાજમહેલમાં ગયો.[૪૪] પ્રથમથી સાથે આવેલી સઘળી દેવ કન્યાઓ, ગંધર્વ કન્યાઓ તથા નાગ કન્યાઓએ પણ તેની આસપાસ ચાલતાં ચાલતાં પુનઃ તેની સાથેજ રાજમહેલમાં પ્રવેશ કર્યો.[૪૫] કામથી મોહિત થયેલો રાવણ ધર્મમાં તત્પર રહેનારાં, ભૂમિપર બેઠેલાં અને થરથર ધ્રૂજતાં સતી શિરોમણિ સીતાનો તિરસ્કાર કરીને તેની આગળથી પાછો વળ્યો અને પોતાના રાજમહેલમાં ગયો.[૪૬]

समैथिलीं धर्मपरामवस्थितां प्रवेपमानां परिभर्त्स्य रावणः । विहाय सीतां मदनेन मोहितः स्वमेव वेश्म प्रविवेश रावणः ॥ ४६ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૨

सर्ग २३ मो.

અશોકવનમાં સીતા—તેને વશ કરવા માટે રાક્ષસીઓનો યત્ન.

इत्युक्त्वा मैथिलीं राजा रावणः शत्रुरावणः । संदिश्य च ततः सर्वा राक्षसीर्निर्जगाम ह ॥१॥

મિથિલેશપુત્રી સીતાને કઠોર વચનો કહીને તથા રાક્ષસીઓને પૂર્વોક્ત આજ્ઞા

આપીને શત્રુઓને રોવડાવનારો મહાત્મા રાવણ ત્યાંથી પાછો વળ્યો અને પોતાના રાજમહેલમાં ગયો.[1] રાક્ષસરાજ રાવણ અશોક-વાટિકામાંથી નીકળી પોતાના રાજમહેલ પ્રત્યે ગયો ત્યારે ભયંકર રૂપવાળી સઘળી રાક્ષસીઓ ક્રોધભેર સીતાની સામે ધસી આવી અને કઠોર વાણીથી કહેવા લાગી કે;[૨-૩] "અલિ ઓ સીતા! પુલસ્ત્ય કુળમાં ઉત્પન્ન થયેલા અને સર્વથી શ્રેષ્ઠ એવા મહાત્મા રાવણની ભાર્યા થવું, એને શું તું મોટા ભાગ્યની વાત માનતી નથી ?[૪]

એટલામાં તેઓમાંની 'એકજટા' નામની રાક્ષસી કે જેનાં નેત્ર ક્રોધને લીધે લાલચોળ થઈ ગયાં હતાં તેણે હથેળીના જેવા થપટા ઉદરવાળી સીતાને સંબોધી કહ્યું કે,[૫] "હે સીતા! છ પ્રજાપતિઓમાં જે ચોથો પ્રજાપતિ છે તે બ્રહ્માનો માનસિક પુત્ર છે અને તેનું 'પુલસ્ત્ય' એવું નામ પ્રખ્યાત છે.[૬] એ પુલસ્ત્યનો માનસિક પુત્ર 'વિશ્રવા' નામનો છે. એ વિશ્રવા અત્યંત તેજસ્વી તથા પ્રજાપતિના જેવોજ કાંતિમાન છે.[૭] હે વિશાળ નેત્રવાળી! તે વિશ્રવાનો પુત્ર આ રાવણ છે કે જે સઘળા શત્રુઓને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવે છે; અને જે સર્વ રાક્ષસોનો રાજા છે. તે રાવણની સ્ત્રી થવું એ તને યોગ્યજ છે.[૮] હે સર્વાંગ સુંદરી! તું મારૂં વચન કેમ માનતી નથી ?"

એકજટા રાક્ષસી ઉપર પ્રમાણે કહીને વિરામ પામી કે તુરતજ બિલાડીના જેવાં માંજરાં નેત્રવાળી 'હરિજટા' નામની એક રાક્ષસી ક્રોધથી ડોળા ઘુરકાવતી બોલી કે; "અલિ ઓ બાઈ! જેણે તેત્રીસ દેવતાઓને* તથા તેમના રાજા ઈંદ્રને જીત્યો છે તે રાક્ષસરાજ રાવણની પત્ની થવાને તું યોગ્ય છે. રાવણ કે જે પરાક્રમને લીધે અત્યંત ગર્વિષ્ટ છે, સંગ્રામમાંથી પાછી પેની કરે એવો નથી, શૂરવીર છે તથા ઘણોજ બળવાન છે, તેની ભાર્યા થવાનું તું શા માટે ઇચ્છતી નથી ?[૯-૧૧] હે જાનકી! જો તું રાવણની સ્ત્રી થઈશ તો મહા બળવાન રાવણ પોતાની સઘળી રાણીઓ કરતાં પોતાને અત્યંત પ્રિય થઈ પડેલી રાણીને ત્યજીને પણ તારીજ પાસે આવશે.[૧૨] અરે, હજારો સ્ત્રીઓથી ભરેલા અને નાના પ્રકારનાં રત્નોથી શોભતા પોતાના અંતઃપુરને ત્યજીને રાવણ તારીજ પાસે આવશે."[૧૩]

એટલામાં વળી 'વિકટા' નામની બીજી એક રાક્ષસી ક્રોધ કરીને બોલી કે; "અરે, ભયંકર પરાક્રમવાળા અને સમગ્ર સમૃદ્ધિવાળા જે રાવણે સંગ્રામને વિશે નાગ, ગંધર્વ તથા દાનવોને ઘણીવાર જીત્યા છે તે રાવણ આજે તારી પાસે આવ્યો છતાં હે નીચ! તું તેનું ભાર્યાપણું સ્વીકારવા કેમ ઈચ્છતી નથી ?"[૧૪-૧૫]

ત્યાર પછી 'દુર્મુખી' નામની રાક્ષસીએ કહ્યું કે; "હે વિશાળ નેત્રવાળી! જે રાવણના ભયથી સૂર્ય અત્યંત તપતો નથી અને વાયુ પણ ઉતાવળો વાતો નથી, તે રાવણની આજ્ઞા તું કેમ માનતી નથી ?[૧૬] અરે, વૃક્ષો પણ જેના ભયને લીધે પુષ્પ વરસાવે છે, પર્વતો નિર્મળ જળનાં ઝરણો સ્રવે છે અને મેઘ ઇચ્છા પ્રમાણે વર્ષાદ વર્ષાવે છે, તે રાક્ષસોના રાજાના પણ રાજા મહાત્મા રાવણની ભાર્યા થવાને તું કેમ ઈચ્છા કરતી નથી ?[૧૭-૧૮] હે સુંદર હાસ્ય કરનારી! હે ભામિની! અમે તારા હિતને માટે આટલું આટલું કહીએ છીએ માટે તું અમારાં વચનને સારી રીતે માન. તેમ નહિ કરીશ તો હતી ન હતી થઈ જઈશ; અર્થાત્ તું રાવણની ભાર્યા નહિ થાય તો રાવણ તને મારી નાખશે.[૧૯]

साधु ते तत्त्वतो देवि कथितं साधु भामिनि ।
गृहाण सुस्मिते वाक्यमन्यथा न भविष्यसि ॥१९॥

* આઠ વસુ, બાર સૂર્ય, અગીઆર રૂદ્ર અને બે અશ્વિની કુમાર એ સર્વ મળી તેત્રીશ દેવતાઓ કહેલા છે.

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૩

सर्ग २४ मो.

અશોક વનમાં સીતા–રાક્ષસીઓનાં કઠોર વચન.

ततः सीतां समस्तास्ता राक्षस्यो विकृताननाः ।
परुषं परुषानर्हामूचुस्तद्वाक्यमप्रियम् ॥ १ ॥

ત્યારપછી બિહામણા મુખવાળી સઘળી રાક્ષસીઓ એકઠી થઇને કઠોર વચન સાંભળવાને અયોગ્ય એવાં સીતા પ્રત્યે કઠોર વચનો બોલવા લાગી.[૧] "હે સીતા! તું સર્વ ભૂત–પ્રાણીઓના મનને આનંદ આપે એવા અને અમૂલ્ય શયનોવાળા અંતઃપુરમાં રહેવાને શા માટે ઇચ્છતી નથી ?[૨] અરે! મનુષ્ય જાતિમાં ઉત્પન્ન થયેલી હોવાથી તું મનુષ્યની સ્ત્રી થવું એનેજ શ્રેષ્ઠ ગણે છે; પરંતુ હવે તું રામ વિશેની આસક્તિ છોડી દે. હવે કદાપિ તું રામનો સમાગમ પામવાની નથી.[૩] હવે તો ત્રૈલોક્યના દ્રવ્યનો ઉપભોગ કરનારા રાક્ષસોના રાજા રાવણનેજ તું તારા પતિરૂપ માન અને સુખેથી વિહાર કર.[૪] હે શોભન સ્વરૂપવાળી! તું માનુષી છે તેથીજ મનુષ્ય એવા રામને ઇચ્છે છે; પરંતુ એ રામ તો રાજ્યથી ભ્રષ્ટ થયેલો છે અને તેના કોઈ પણ કાર્યની સિદ્ધિ થઈ નથી. વળી તે ઘણોજ વિકળ થઈ ગયો છે."[૫]

રાક્ષસીઓનાં વચન સાંભળીને કમળ સમાન નેત્રવાળાં સીતાએ આંસુભરી આંખે કહ્યું કે;[૬] "હે રાક્ષસીઓ! તમે સૌ એકઠી થઇને આ લોકમાં નિંદા થાય એવું બોલો છો. ભલે, તમે તેવું બોલ્યા કરો, પરંતુ કલંક લગાડનારાં તમારાં વચનો મારા હૃદયમાં જરા પણ ઠસે તેમ નથી.[૭] અરે, મનુષ્યની સ્ત્રી કદી પણ રાક્ષસની સ્ત્રી થવાને યોગ્ય નથી. ભલે, તમે મને ખાઈ જાઓ અથવા કટકે કટકા કરીને ફેંકી દો; છતાં હું કદાપિ તમારાં વચન તો માનીશજ નહિ.[૮] મારા પતિ રામચંદ્ર ભલે દીન છે અથવા ભલે રાજ્યભ્રષ્ટ થયેલા છે, અથવા ભલે વિકળ બની ગયેલા છે; છતાં પણ મારે તો તે ઈશ્વર–ઉપાસ્ય દેવ છે. હે રાક્ષસીઓ! સુવર્ચલા જેમ સૂર્યમાં અનુરક્ત રહે છે તેમ હું રામચંદ્રમાં અનુરક્ત છું.[૯] જેવી રીતે મહાભાગ્યવતી શચી ઈંદ્રને અનુસરે છે, અરૂંધતી વસિષ્ઠને અનુસરે છે, રોહિણી ચંદ્રને અનુસરે છે,[૧૦] લોપામુદ્રા અગસ્ત્યને અનુસરે છે, સુકન્યા ચ્યવનને અનુસરે છે, સાવિત્રી સત્યવાનને અનુસરે છે, શ્રીમતીદેવી કપિલ મહર્ષિને અનુસરે છે,[૧૧] મદયન્તી સૌદાસરાજાને અનુસરે છે, કેશિની સગરરાજાને અનુસરે છે અને ભીમકપુત્રી દમયંતી નળરાજાને અનુસરે છે[૧૨] તેમ હું ઇક્ષ્વાકુકુળમાં શ્રેષ્ઠ એવા શ્રીમાન રઘુવીરને અનુસરૂં છું."

સતી શિરોમણિ સીતાનાં વચન સાંભળીને અતિશય કોપાયમાન થયેલી અને રાવણની આજ્ઞા પામેલી ક્રૂર રાક્ષસીઓ વળી પણ કઠોર વચનોવડે સીતાનો તિરસ્કાર કરવા લાગી.[૧૩] શિંશપા વૃક્ષની ઘટામાં ગુપચુપ સંતાઇ બેઠેલો કપિવર હનુમાન પણ સીતાનો તિરસ્કાર કરી રહેલી એ રાક્ષસીઓનાં સઘળાં વચન સાંભળતો હતો.[૧૪]

ક્રોધયુક્ત થયેલી રાક્ષસીઓ થરથર ધ્રૂજી રહેલાં સતી સીતાની ચોમેર વીંટાઇ વળીને પોતાના લાંબા હોઠ વારંવાર ચાટવા લાગી[૧૫] અને ફરશીઓ ઉગામીને ક્રોધપૂર્વક બોલવા લાગી કે; "અરે, આ સીતા રાક્ષસરાજ રાવણ જેવા ભર્તા પામવાને યોગ્યજ નથી."[૧૬]

એ પ્રમાણે ભયંકર રૂપવાળી રાક્ષસીઓએ ઘણો ઘણો તિરસ્કાર કરવા માંડયો ત્યારે આંસુ લૂંછતાં અને શોક વ્યાપ્ત થયેલાં સતી શિરોમણિ સીતા ત્યાંથી ખસીને છેક શિંશપા વૃક્ષના મૂળ પાસે જઇને ઉભાં રહ્યાં. ક્રૂર રાક્ષસીઓએ ત્યાં પણ તેમનો કેડો મૂકયો નહિ. સર્વ રાક્ષસીઓ તુરતજ સીતાની પાસે આવીને તેને વીંટાઈ વળી;[૧૭-૧૮] અને શોકને લીધે

કૃશ થઇ ગયેલા, દીન મુખવાળાં તથા મલિન વસ્ત્ર ધારણ કરનારાં શ્રીમતી સીતાનો ઘણો ઘણો તિરસ્કાર કરવા લાગી.[૧૯]

ભયંકર રૂપવાળી, વિકાળ મુખવાળી અને બિહામણા ઉદરવાળી 'વિનતા' નામની રાક્ષસી કોપાયમાન થઇને કહેવા લાગી કે;[૨૦] "હે સીતા! તેં તારા સ્વામી પ્રત્યે જેટલો જોઇએ તેટલો સ્નેહ દર્શાવ્યો છે; હવે બસ કર. હે કલ્યાણી! સઘળી બાબતમાં અતિશયપણું છેવટે દુઃખરૂપ થઇ પડે છે.[૨૧] હે સીતા! તારૂં કલ્યાણ થાઓ. પતિવ્રત ધર્મ માટે મનુષ્ય જાતિથી જેટલું થઈ શકે તેટલું તેં કર્યું છે અને એથી હું તારાપર પ્રસન્ન થઇ છું. માટે હે મૈથિલી! હવે હું પણ તને કંઈક હિતવચન કહું છું તે તું સાંભળ અને એ પ્રમાણે કર.[૨૨] સર્વ રાક્ષસોના અધિપતિ રાવણને તું તારા પતિ તરીકે સ્વીકાર. એ મહાબળવાન રાવણ દેવોના રાજા ઈંદ્ર સરખો પરાક્રમી છે અને વારંવાર તારી પાસે આવીને તારી પ્રાર્થના કરે છે.[૨૩] એ રાવણ ઘણો ચતુર છે, ઉદાર સ્વભાવવાળો છે અને સર્વ પ્રત્યે પ્રિય વચન બોલનાર છે; માટે હે જાનકી! કૃપણ અને મનુષ્ય એવા રામનો ત્યાગ કરીને તું રાક્ષસરાજ રાવણનોજ આશ્રય કર.[૨૪] હે વૈદેહી! આજથી આરંભીને તું તારા શરીરે દિવ્ય અંગરાગ લગાવ, દિવ્ય આભૂષણો ધારણ કર અને સર્વ લોકોની ઈશ્વરી થા.[૨૫] હે રૂડા સ્વરૂપવાળી! જેમ અગ્નિની સ્ત્રી સ્વાહા છે અને ઇંદ્રની સ્ત્રી શચી છે તેમ આજથી તું રાવણની સ્ત્રી થા. હે વૈદેહી! અલ્પ આયુષ્યવાળા અને કૃપણ એવા રામનું તારે શું પ્રયોજન છે?[૨૬] જો તું મારૂં કહ્યું માનીશ નહિ તો અમે સૌ હમણાંને હમણાંજ તને ખાઇ જઈશું."[૨૭]

એટલું કહીને વિનતા ચૂપ રહી ત્યારે લટકતા સ્તનવાળી 'વિકટા' નામની બીજી એક રાક્ષસી ક્રોધપૂર્વક મુષ્ટિ ઉગામીને સીતાને કહેવા લાગી કે;[૨૮] "હે દુરાગ્રહવાળી સીતા! રાક્ષસરાજ રાવણ પ્રત્યે તેં જે જે અયોગ્ય વચન કહ્યાં તે તેણે તારાપરની દયાને લીધે તથા પોતાના સરળ સ્વભાવને લીધે સાંખી લીધાં છે;[૨૯] પરન્તુ સાંપ્રતમાં પણ દેશકાળને યોગ્ય એવાં અમારાં વચનો જો તું સ્વીકારીશ નહિ તો તું નિશ્ચય જાણજે કે તારૂં હિત થશે નહિ. અરે, કોઈથી પણ ન ઓળંગી શકાય એવા સમુદ્રના આ કાંઠાપર આણીને રાવણે તને પોતાના ભયંકર અંતઃપુરમાં ગોંધી રાખી છે અને અમે સૌ તારૂં રક્ષણ કરીએ છીએ;[૩૦-૩૧] જેથી સાક્ષાત ઈંદ્ર પણ તનને બચાવવાને સમર્થ નથી. માટે હે મૈથિલી! હું તને હિતવચન કહું છું તે તું સ્વીકાર.[૩૨] બહુ થયું, હવે તું અશ્રુપાત કરવો છોડી દે. અરે, તું વ્યર્થ શોક ન કર. હવે તું દીનતાનો ત્યાગ કરી પ્રીતિ તથા હર્ષયુક્ત થઇ[૩૩] રાક્ષસોના રાજા રાવણની સાથે યથેચ્છ વિહાર કર. હે ભીરૂ! આપણે જાણીએ છીએ કે આપણ સ્ત્રીઓનાં યૌવન ઘણુંજ ચંચળ છે;[૩૪] માટે જ્યાં સુધી તારૂં યૌવન વ્યતીત થયું નથી ત્યાં સુધી તું સુખ ભોગવ. હે મદિરેક્ષણા! રાક્ષસોના રાજા રાવણની સાથે તું રમ્ય ઉદ્યાનો, ક્રીડા પર્વતો તથા ઉપવનોને વિશે યથેચ્છ ક્રીડા કર. હે સુંદરી! હે દેવી! મારૂં કહ્યું માનીને જો તું રાવણની ભાર્યા થઇશ તો હજારો સ્ત્રીઓ તારી આજ્ઞા ઉઠાવશે, માટે હે સીતા! રાક્ષસરાજ રાવણને તું પતિ તરીકે સ્વીકાર. હે મૈથિલી! જો તું મારા આ વચનને નહિ માને તો હું આજે તારૂં કાળજું કાઢીને ખાઈ જઈશ."[૩૫-૩૮]

ત્યાર પછી ક્રૂર દેખાવવાળી 'ચંડોદરી' નામની રાક્ષસી મોટું ત્રિશૂળ ચોમેર ફેરવતી કહેવા લાગી કે; "અહો રાવણે હરણ કરી આણેલી અને ત્રાસને લીધે કંપતા સ્તનવાળી આ હરિણશાવાક્ષી સીતાને જોઈ મને એક દોહદ* થઈ આવ્યો છે કે હું એના શરીરના

* ગર્ભિણી સ્ત્રીને થતી નવી નવી ઈચ્છાઓ.

જમણા ભાગમાં તથા ડાબા ભાગમાં આવેલા માંસપિંડનું, ભરાઉ છાતીનું, નાડીબંધ સહિત હૃદય કમળનું અને મસ્તક આદિ ગાત્રોનું જાણે ભક્ષણ કરી જાઉં !”[૩૯-૪૧]

એટલામાં વળી 'પ્રઘસા' નામની રાક્ષસી બોલી ઉઠી કે, “ અરે, વિલંબ શા સારૂ કરો છો ? ચાલો, આપણે આ સ્ત્રીને ગળું દાબીને મારી નાખીએ; અને પછી રાજા રાવણને કહેવરાવીએ કે એ બાઈ તો મરી ગઇ. એમ કરશું એટલે નિશ્ચય આપણો રાજા કહેશે કે “ભલે, ત્યારે તમે સૌ તે બાઇના શરીરને ખાઇ જાઓ.”[૪૨-૪૩]

ત્યારે પછી 'અજામુખી' નામની રાક્ષસીએ ધીમેથી કહ્યું કે, “ ઓ બાઇઓ! આમ વ્યર્થ વિવાદ કરવો મને ગમતો નથી. ચાલો, આપણે આ સ્ત્રીને મારી નાખીને એના શરીરના એક સરખા જૂદા જૂદા ભાગ પાડીએ અને પછી આપણ સર્વ વહેંચી લઈએ. જાઓ, વિવિધ પ્રકારના સુગંધ પદાર્થો તથા પાન પદાર્થો લઇ આવો.[૪૪] ”

તે પછી 'સૂર્પણખા' નામની રાક્ષસી બોલી કે,[૪૫] “હે બ્હેનો ! અજામુખીએ જે કહ્યું તે મને પણ ગમે છે, માટે ચાલો, સર્વ શોકને શમાવનારી મદિરા લાવો.[૪૬] આજે આપણને મનુષ્યનું માંસ મળ્યું છે તેથી નિકુંભિલા× આગળ જઈને આપણે નૃત્ય કરીશું.”

એ પ્રમાણે બિહામણા રૂપવાળી રાક્ષસીઓએ જ્યારે ઘણોજ તિરસ્કાર કર્યો અને ભય બતાવ્યો ત્યારે દેવકન્યા સરખા સ્વરૂપ વાળાં સીતા ધૈર્ય છૂટી જવાથી રોદન કરવા લાગ્યાં[૪૭].*

मानुषं मांसमासाद्य नृत्यामोऽथ निकुंभिलाम् । एवं निर्भर्त्स्यमाना सा सीता सुरसुतोपमा ॥ राक्षसीभिर्विरूपाभिर्धैर्यमुत्सृज्य रोदिति ॥४७ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૪

सर्ग २५ मो.

સીતાનું રોદન.

अथ तासां वदन्तीनां परुषं दारुणं बहु । राक्षसीनामसौम्यानां रुरोद जनकात्मजा॥१॥

ક્રૂર રાક્ષસીઓનાં અતિ દારૂણ અને કઠોર વચન સાંભળીને જનકનંદિની સીતા રોદન કરવા લાગ્યાં.[૧] રાક્ષસીઓના તિરસ્કારને લીધે અત્યંત ભય પામેલાં મનસ્વિની સીતા ગદ્ગદ કંઠે બોલ્યાં કે;[૨] “મનુષ્યની સ્ત્રી રાક્ષસની ભાર્યા થવાને કદી પણ યોગ્ય નથી. ભલે, તમે સૌ મને સુખેથી ખાઈ જાઓ, પરન્તુ હું તમારૂં કહ્યું કરનાર નથી.”[૩]

રાક્ષસીઓના વશમાં પડેલાં અને શોકથી પીડાતાં દેવકન્યા સરખાં સીતા પ્રથમ રાવણે પણ પોતાનો તિરસ્કાર કરેલો હોવાથી જરા પણ શાંતિ પામ્યાં નહિ.[૪] વનને વિશે ટોળાંથી વિખૂટી પડેલી અને વરૂથી ઘેરાયલી હરિણીની પેઠે સતી શિરોમણી સીતા રાવણના ભયને લીધે થર થર ધ્રૂજતાં હતાં, અને જાણે પોતાનાં અંગોમાંજ સમાઈ જતાં હોય એવાં દેખાતાં હતાં.[૫] ઉત્સાહરહિત થયેલાં જાનકી અશોક વૃક્ષની પુષ્પયુક્ત શાખાનું અવલંબન કરીને શોકમગ્ન થઇ ઉભાં રહ્યાં; અને પોતાના પતિ રામચંદ્રનું ચિંતવન કરવા લાગ્યાં.[૬]

સતી શિરોમણી સીતા પોતાનાં નેત્રમાંથી નીકળતા અશ્રુ પ્રવાહવડે પોતાના બન્ને

× રાવણની ઈષ્ટ દેવી.

* તિલક ટીકા પ્રમાણે આ સર્ગના ૪૫ શ્લોક છે. તે પ્રમાણે જોતાં ૪૪ મા શ્લોક સાથે પ્રસંગ મળતો નથી; જેથી અત્ર ૪૧ મા શ્લોક પછી ગોવિંદરાજની ટીકા પ્રમાણે ૪૨-૪૩ એ બે શ્લોકનું ભાષાંતર ઉમેર્યું છે અને તેથીજ શ્લોક સંખ્યા ૪૭ ની થાય છે.

સ્થૂળ સ્તનોને સ્નાન કરાવતાં હતાં અને ઘણો વિચાર કરવા છતાં પણ પોતાના શોકનો અંત તેમને જણાતો નહતો.[૭] જેમ અત્યંત વાયુ વાવાથી કેળ ઉખડી પડે તેમ રાક્ષસીઓના ભયથી ત્રાસ પામેલાં સીતા પૃથ્વીપર પડી ગયાં અને તેમનું મુખ નિસ્તેજ થઈ ગયું.[૮] સતી શિરોમણિ સીતા ભયને લીધે થરથર કંપતાં હતાં તે વેળા તેની અતિશય લાંબી વેણી નાગણની પેઠે આમ તેમ ડોલતી હતી.[૯] ક્રોધ ચડવાને લીધે તે ચેતના રહિત થઈ ગયાં હતાં અને શોકને લીધે વારંવાર નિશાશા નાખતાં હતાં. પછી ચોધાર આંસુએ રૂદન કરતાં તે વિલાપ કરવા લાગ્યાં કે; [૧૦] " હા ! ! રામ ! હા ! ! લક્ષ્મણ ! હા ! ! સાસુજી કૌસલ્યા ! હા ! ! પૂજ્ય સુમિત્રા ! ![૧૧] " આ લોકને વિશે સ્ત્રીને અથવા પુરૂષને કાળ આવ્યા વિના માગ્યું મોત મળતું નથી. " એવી પંડિતોએ જે લોકવાયકા પ્રસિદ્ધ કરેલી છે તે સત્યજ છે.[૧૨] જો તેમ ન હોત તો રામચંદ્રથી વિખૂટી પડેલી અને ક્રૂર રાક્ષસીઓથી પીડાતી હું આવા દુઃખમાં એક મુહુર્ત પણ જીવન ધારી શકત ખરી કે ? [૧૩] નિશ્ચય મારાં પુણ્ય થોડાં હશે, જેથી અતિશય ભાર ભરેલી નૌકા જેમ વાયુના ઝપાટા લાગવાથી સમુદ્રમાં ડૂબી જાય છે તેમ અત્યંત દીન થઈ ગયેલી હું અનાથની પેરે અહીંને અહીંજ વિનાશ પામીશ.[૧૪] અરેરે, મને મારા ભર્તાનો વિયોગ થયો છે અને તેમાં વળી હું આ રાક્ષસીઓના વશમાં પડી છું, એથી જળ પ્રવાહના વેગથી ઘસાઈ જતા કિનારાની પેઠે હું પીડાઉં છું.[૧૫] અરે, કમળપત્ર સમાન નેત્રવાળા, સિંહના જેવી શ્રેષ્ઠ ચાલવાળા, કૃતજ્ઞ તથા પ્રિય વચન બોલનારા મારા પ્રિય પતિ રઘુવીરનાં જેઓ દર્શન કરતા હશે તેઓને ધન્ય છે ![૧૬] જેમ હળાહળ વિષનું પાન કરીને કોઈથી જીવી શકાતું નથી તેમ મહા સમર્થ રામચંદ્રનો વિયોગ પામીને મારાથી જીવી શકાય એમ નથી.[૧૭] અરેરે, મેં પૂર્વ જન્મમાં કેવાંએ ઘોર પાપકર્મ કર્યાં હશે કે જેને લીધે આજે હું આવા મહા દારૂણ દુઃખમાં આવી પડી છું ? [૧૮] અરે, મહાન શોકમાં આવી પડેલી હું મારા જીવિતનો ત્યાગ કરવા ઇચ્છું છું; પરંતુ શું કરૂં ? આ રાક્ષસીઓ રાત્રિ દિવસ મારૂં રક્ષણ કરે છે, એટલે મારાથી મરાતું પણ નથી અને રામચંદ્રને મળાતું પણ નથી.[૧૯] અરેરે, હાય ! ધિક્કાર છે આ મનુષ્યપણાને અને આ પરતંત્રતાને, કે જેને લીધે ઇચ્છામાં આવે ત્યારે મરી પણ શકાતું નથી ! "[૨૦]

धिगस्तु खलु मानुष्यं धिगस्तु परवश्यताम् ।
न शक्यं यत्परित्यक्तुमात्मच्छन्देन जीवितम् ॥२०

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પચીસમો સર્ગ સંપૂર્ણ. ૨૫

सर्ग २६ मो.

સીતાનો વિલાપ-રાક્ષસકુળ તથા લંકાને અભિશાપ.

प्रसक्ताश्रुमुखी त्वेवं ब्रुवती जनकात्मजा ।
अधोगतमुखी बाला विलप्तुमुपचक्रमे ॥१॥

રોદન કરતાં કરતાં જનકનંદિની સીતાનું મુખ અશ્રુજળથી ભિંજાઇ ગયું. તે નીચું મુખ કરીને પુનઃ પણ વિલાપ કરવા લાગ્યાં.[૧] એ વેળા શોકાવિષ્ટ થયેલાં જાનકી જાણે ઉન્મત્ત થયાં હોય કિંવા ભ્રમિત ચિત્ત થયાં હોય અથવા દિંગમૂઢ બન્યાં હોય, એવી દશામાં દારૂણ શોચ કરી રહ્યાં હતાં; અને જેમ થાકી ગયેલી ઘોડી પૃથ્વીપર આળોટે તેમ તે પૃથ્વીપર આળોટતાં હતાં.[૨]

મહા સતી સીતા વિલાપ કરે છેઃ " અરે, માયાવી રૂપ ધરનારો મારીચ રાક્ષસ જ્યારે શ્રીમાન રામચંદ્રને આશ્રમથી દૂર લઈ ગયો ત્યારે દુષ્ટ રાવણે બળાત્કારથી મારૂં હરણ કર્યું અને રોતી-કકળતી મને અહીં આણી.[૩] અરેરે, અહીં પણ હું રાક્ષસીઓના તાબે

પડી છું, રાક્ષસીઓના દારૂણ તિરસ્કારો સહન કરૂં છું અને અત્યંત દુ:ખને લીધે ઘણી ઘણી ચિંતા કરૂં છું. હાય! હવે હું જીવવાનો ઉત્સાહ રાખતી નથી.[૪] અરેરે, હું મ્હારથી રામચંદ્રથી વિખૂટી પડીને ક્રૂર રાક્ષસીઓને વશ પડી છું; એથી હવે મારે જીવવાનું કિંવા દ્રવ્યનું કે અલંકારોનું કશું પણ પ્રયોજન નથી.[૫] અરેરે, નિશ્ચય આ મારૂં હૃદય પાષણથી બનેલું છે કિંવા અજરામર છે; કેમકે આટલાં આટલાં દુ:ખમાં પણ તે વિદીર્ણ થતું નથી![૬] હું કે જે અનાર્ય અને અસતી સરખી છું તેને ધિક્કાર છે; કેમકે મારા પૂજ્ય પતિથી વિખૂટી પડેલી હોવા છતાં હું મારા પાપમય જીવિતને એક મુહૂર્ત પણ ટકાવી રાખું છું![૭] અરે! દુરાત્મા રાવણને હું મારો ડાબો ચરણ પણ અડકાડું નહિ તો પછી તેનાપર પ્રીતિ તો કેમજ કરૂં?[૮] મેં ઘણીએ વાર રાવણનો તિરસ્કાર કર્યો તથાપિ તે મૂર્ખ સમજતો નથી; તેમજ તે પોતાની અને પોતાના કુળની પ્રતિષ્ઠાને પણ વિચારતો નથી; પરંતુ ઉલટો નિર્લજ્જ થઇને વારંવાર મારી પ્રાર્થના કરે છે; અને પોતાના ક્રૂર સ્વભાવને વશ થઇને આ ક્રૂર રાક્ષસીઓદ્વારા મને પોતાની સ્ત્રી બનાવવા ઈચ્છે છે!"[૯] (રાક્ષસીઓ પ્રત્યે કહે છે:) "હે રાક્ષસીઓ! ચ્હાય તો તમે મને કાપી નાખો, મારા કકડા કરી નાખો, મને છુંદી નાખો, કિંવા અગ્નિમાં બાળી નાખો તો પણ હું રાવણને સ્વીકારનારી નથી. તમે વ્યર્થ બકવાદ મૂકી દો.[૧૦] અરે મારા સ્વામી રઘુવીર જગવિખ્યાત, બુદ્ધિશાળી, કૃતજ્ઞ, સદાચરણી તથા દયાળુ સ્વભાવના છે; પણ મારા દુર્દૈવને લીધે આજે તે નિર્દય થયા હોય એમ મને લાગે છે![૧૧] અરે! જેણે એકલાએજ જનસ્થાનમાં વસતા ચૌદ હજાર રાક્ષસોનો નાશ કર્યો છે તે રઘુવીર આજે મારૂં રક્ષણ કેમ કરતા નથી?[૧૨] સમુદ્રની મધ્યે આવેલી હોવાથી આ લંકાનગરી ભલે દુષ્પ્રધર્ષ્ય છે; પરંતુ અહીં સુધી આવવામાં રામચંદ્રનાં બાણોની ગતિ અટકનાર નથી.[૧૩] પણ રે, દૃઢ પરાક્રમવાળા રામચંદ્ર, રાવણે હરણ કરેલી પોતાની પ્રિય ભાર્યાની હજી સુધી સંભાળ લેતા નથી એનું શું કારણ હશે?[૧૪] હું ધારૂં છું કે લક્ષ્મણના મોટા ભાઈ રઘુવીર "હું અહીંયાં છું" એવું જાણતાજ નહિ હોય. અરે, જો તેઓ જાણતા હોય તો પોતે અતિશય તેજસ્વી હોવાથી તેઓ પોતાના આવા અપમાનને સાંખી રહે ખરા કે?[૧૫] "રાવણ મારૂં હરણ કરી ગયો છે" એવું જે જાણતો હતો અને જે એ સમાચાર રઘુવીરને નિવેદન કરે તેમ હતો, તે ગૃધ્રરાજ જટાયુ પણ રાવણને હાથે સંગ્રામમાં હણાયો છે.[૧૬] અહો! એ દિવસે મારૂં રક્ષણ કરવા માટે રાવણની સાથે યુદ્ધમાં ઉતરેલા ગૃધ્રરાજ જટાયુએ વૃદ્ધ હોવા છતાં પણ મહાન પરાક્રમ કર્યું હતું.[૧૭] "હું અહીંયાં આટલી આટલી પીડા પામું છું" એવું જો રઘુવીર જાણતા હોય તો તેઓ આજેજ પોતાનાં બાણોવડે સઘળા લોકોને રાક્ષસ વિનાના કરે.[૧૮] લંકાનગરીને બાળીને ભસ્મ કરે, સમુદ્રને શોષી લે અને નીચ રાવણની કીર્તિનો તથા તેના નામનો પણ નાશ કરે![૧૯] જો એવું બને તો પછી જેમના પતિ મરણ પામ્યા હોય એવી રાક્ષસીઓના ઘેરઘેર, સાંપ્રતમાં જેમ હું રોકકળ કરૂં છું તેમ અને તેથી પણ અધિક રોકકળ થયા વિના રહે નહિ.[૨૦] જો રામચંદ્ર મારા સમાચાર જાણતા હોય તો લક્ષ્મણને સાથે લઈને અવશ્ય લંકાને શોધી કાઢે અને રાક્ષસોનો સંહાર કરે.

એ બન્ને ભાઇઓની દૃષ્ટિએ ચઢયા પછી શત્રુ થયેલો રાવણ રાક્ષસ એક મુહૂર્ત પણ જીવી શકનાર નથી.[૨૧] અરે, રામ–લક્ષ્મણની

ક્રોધ દૃષ્ટિ પડયા પછી અલ્પ સમયમાંજ ચિતાઓના ધુમાડાથી ભરાયેલા રાજમાર્ગવાળી અને ગૃધ્ર પક્ષીઓનાં ટોળાંથી વ્યાપ્ત થયેલી આ લંકાનગરી સ્મશાન સરખી બની જશે. ૨૨ હે રાક્ષસીઓ ! તમો સૌની વર્તણુંક શાસ્ત્ર વિરુદ્ધ હોવાથી હું મારા મનોરથને થોડા કાળમાંજ સિદ્ધ થયેલો જોઇશ; અર્થાત્ તમે સર્વ પાપકર્મમાં પ્રવૃત્ત રહો ને તેથી અલ્પ કાળમાંજ તમારો વિનાશ થશે. ૨૩ વળી આ લંકાનગરીને વિશે જે જે અશુભ ચિહ્નો જોવામાં આવે છે તે સર્વ ઉપરથી ખાત્રી થાય છે કે હવે થોડા સમયમાંજ તે નિસ્તેજ થઇ જશે. ૨૪ જેમ કોઈ મદમાતી સ્ત્રી વિધવા થવાથી સૂકાઇ જાય છે તેમ રાક્ષસોના રાજા રાવણનો નાશ થવાથી આ લંકા દુર્ધર્ષ છતાં નાશ પામશે. ૨૫ હાલમાં જે લંકા પવિત્ર ઉત્સવોથી હરખાઇ રહી છે તેજ લંકા સઘળા રાક્ષસોનો તથા રાજા રાવણનો નાશ થવાથી વિધવા સ્ત્રી સરખી થઇ રહેશે. ૨૬ હે રાક્ષસીઓ ! તમે નિશ્ચય માનજો કે થોડા સમયમાંજ દુઃખી થયેલી અને ઘેર ઘેર રોદન કરતી રાક્ષસ કન્યાઓના આર્તનાદ મારા સાંભળવામાં આવશે. ૨૭ જેનાં નેત્રોના છેડા લાલ છે એવા શૂરવીર રામચંદ્ર જો મને રાક્ષસરાજ રાવણના ઘેર રહેલી જાણે તો તેઓ પોતાનાં તીક્ષ્ણ બાણોવડે આખી લંકા નગરીને, રાવણને તથા સર્વ રાક્ષસોને બાળી નાખે; અને આ નગરી અંધકારયુક્ત અને શૂન્યશાન થઇ રહે. ૨૮–૨૯ અરેરે, દુષ્ટ અને ક્રૂર એવા રાવણે મારે માટે જે સમય નિર્માણ કર્યો છે તે સમય પણ હવે આવી પહોંચ્યો છે. ૩૦ અરેરે, સમય આવી પહોંચતાં તો દુષ્ટ રાવણે મારો વિનાશ કરવાનું નક્કી કરી રાખ્યું છે. અરે, પાપકર્મ કરનારા રાક્ષસો કાર્ય અકાર્યને સમજતાજ નથી. ૩૧ અરે, આ અધર્મને લીધે અત્રે થોડા વખતમાં મોટો ઉત્પાત થવાનો છે તેને રાક્ષસો જાણતા નથી, ખરેખર, માંસ ભક્ષણ કરનારા રાક્ષસો ધર્માધર્મને ક્યાંથી સમજે ? ૩૨ અરે, હાય ! ! અવધિ પૂરી થયા પછી જ્યારે રાક્ષસરાજ રાવણ પોતાના પ્રાતઃકાળના ભોજનઅર્થે મને કાપીને રંધાવશે ત્યારે હું મારા પ્રિય પતિ રઘુવીર વિના શું કરીશ ? ૩૩ અરેરે, હું, કે જે રક્ત કમળ દળ સમાન નેત્રવાળા મારા પતિ રામચંદ્રથી વિખૂટી પડીને દુઃખીઆરી થઈ ગઇ છું તે, નિશ્ચય પતિ વિના એકલીજ પરલોક પ્રત્યે જઈશ.”૩૪

અરેરે, ભરતના મોટા ભાઈ રામચંદ્ર મને જીવતી જાણતાજ નહિ હોય; જો મને જીવતી જાણતા હોય તો તેઓ અને તેના નાના ભાઈ લક્ષ્મણ મને આખી પૃથ્વીના પડપરથી શોધી કાઢયા વિના રહેજ નહિ. ૩૫ અથવા તો નિશ્ચય મારા વિયોગના શોકને લીધે શૂરવીર રામચંદ્ર પોતાના દેહનો ત્યાગ કરીને સ્વર્ગ લોક પ્રત્યે ગયા હશે. ૩૬ અહો ! સ્વર્ગમાં વસતા દેવો, ગંધર્વો, સિદ્ધો અને મહર્ષિ વગેરેને પણ ધન્ય છે કે જેઓ નિરંતર કમળનેત્ર રઘુવીરનાં દર્શન કરતા હશે. ૩૭ અથવા તો આત્મ અને અનાત્મ પદાર્થના વિવેકપૂર્વક જીવન્મુકત દશાને પ્રાપ્ત થયેલા એ રાજર્ષિ રઘુવીર કે જે નિવૃત્તિ ધર્મની કામનાવાળા છે તેમને મારા સરખી ભાર્યાનું કાંઈ પણ પ્રયોજન નથી. ૩૮ અથવા તો હું રામથી ઘણે દૂર આવી પડી છું એટલે શું તેમણે મારી પ્રીતિ છોડી દીધી હશે ? માણસોને પોતાની દૃષ્ટિ આગળ રહેનારા ઉપર પ્રીતિ થાય છે અને દૃષ્ટિથી દૂર થયેલા ઉપરથી પ્રીતિ ઉઠી જાય છે. અરે, પણ એ લક્ષણ તો કૃતઘ્ન માણસોનું છે; રામ કાંઈ તેવા નથી; એટલે તે મારી પ્રીતિનો નાશ નહિજ કરે. ૩૯ અથવા તો શું મારામાં કંઇ દુર્ગુણનો પ્રવેશ થયો છે ? કિંવા મારા ભાગ્યનો ક્ષય થયો છે કે જેથી હું સતી સીતા શ્રેષ્ઠ ગુણવાળા રામચંદ્ર સરખા ભર્તાથી વિખૂટી પડી છું ? ૪૦ અરેરે, શત્રુઓનો

સંહાર કરનારા, અનુકરણ કરવા યોગ્ય ચારિત્ર્યવાળા અને શૂરવીર એવા મહાત્મા રઘુવીરથી જૂદાં રહીને જીવવું એ કરતાં તો મરણને શરણ થવું એનેજ હું શ્રેયસ્કર ગણું છું.[૪૧] અથવા તો મને શંકા થાય છે કે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા એ બન્ને ભ્રાતાઓએ વૈરાગ્યને લીધે પોતાનાં અસ્ત્ર-શસ્ત્રો છોડી દીધાં હશે અને માત્ર કંદમૂળ તથા ફળ વગેરેનો આહાર કરતા વનને વિશે વિચરતા હશે.[૪૨] અથવા તો દુરાત્મા રાક્ષસરાજ રાવણે એ શૂરવીર બન્ને ભાઈઓને કપટથી મારી નખાવ્યા હશે.[૪૩] અરેરે, હાય ! આવે વખતે હું સર્વ કરતાં મરણનેજ ઉત્તમ ગણું છું. પરંતુ શું કરૂં ? વિધાતાએ આટલા આટલા દુઃખમાં પણ મારે માટે મૃત્યુનું નિર્માણ કર્યું નથી ![૪૪] અહો ! આ જગતમાં બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલા તથા જેઓએ પોતાના અંતઃકરણને જીત્યું છે એવા મહા ભાગ્યવંત મહાત્મા મુનિઓનેજ ધન્ય છે કે જેઓને પ્રિય અથવા અપ્રિય કંઈ પણ હોતું નથી.[૪૫] પ્રિય જનોનો સમાગમ થવાથી અથવા પ્રિય વસ્તુની પ્રાપ્તિ થવાથી સુખ થાય છે અને અપ્રિય જનોનો સંયોગ થવાથી કિંવા અપ્રિય વસ્તુની પ્રાપ્તિ થવાથી દુઃખ થાય છે. એવાં સુખ દુઃખથી વિરક્ત રહેનારા મહાત્મા પુરૂષોને હું પ્રણામ કરૂં છું.[૪૬] અરેરે, મારા પ્રિય ભર્તા રઘુવીરથી વિખૂટી પડેલી અને પાપી રાવણના વશમાં આવી પડેલી હું હવે મારા પ્રાણનો ત્યાગ કરીશ.[૪૭]

साऽहं त्यक्ता प्रियेणैव रामेण विदितात्मना। प्राणांस्त्यक्ष्यामि पापस्य रावणस्य गता वशम् ॥ ४७ ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં છવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૬

सर्ग २७ मो.

ત્રિજટાનું સ્વપ્ન-રાક્ષસ કુળના વિનાશનાં ચિહ્નો.

इत्युक्ताः सीतया घोरं राक्षस्यः क्रोधमूर्च्छिताः। काश्चिज्जग्मुस्तदाख्यातुं रावणस्य दुरात्मनः॥ १ ॥

સતી શિરોમણિ સીતાએ જ્યારે પ્રાણ ત્યાગ કરવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો ત્યારે ક્રોધે ભરાયેલી કેટલીક રાક્ષસીઓ દુરાત્મા રાવણને એ સમાચાર જણાવવા માટે દોડી ગઈ.[૧] ત્યાર પછી ત્યાં રહેલી ભયંકર રૂપવાળી કેટલીક રાક્ષસીઓ સીતાને ડરાવવા અર્થે અને પોતાના વિનાશને અર્થે પુનઃ પણ કઠોર વચનો બોલવા લાગી કે;[૨] "હે પાપી નિશ્ચયવાળી ! હે અનાર્યા સીતા ! આજે હમણાંજ અમો સર્વ રાક્ષસીઓ તારા શરીરના માંસને સુખેથી ખાઈશું."[૩]

અનાર્ય સ્વભાવવાળી રાક્ષસીઓ સીતાને ડરાવતી હતી. એવામાં 'ત્રિજટા' નામની એક વૃદ્ધા રાક્ષસી ઓચિંતી જાગી ઉઠી અને કહેવા લાગી કે,[૪] "ઓ પાપિણીઓ ! તમે તમારાં શરીરનુંજ પરસ્પર ભક્ષણ કરો. આ સીતા કે જે જનકરાયની પ્રિય પુત્રી છે અને મહારાજા દશરથની પુત્રવધૂ છે તેનું તમે ભક્ષણ કરી શકનાર નથી.[૫] આજે રાત્રે મને એવું સ્વપ્ન આવ્યું છે કે જેથી સીતાના સ્વામીનો ઉદય થાય અને રાક્ષસોનો વિનાશ થાય તેમ લાગે છે."[૬]

વૃદ્ધા ત્રિજટાએ ક્રોધ પામેલી રાક્ષસીઓને એ પ્રમાણે કહ્યું ત્યારે સર્વ રાક્ષસીઓએ ભયભીત થઇને તેને કહ્યું કે;[૭] "હે બ્હેન ! તને આજે રાત્રે કેવું સ્વપ્ન આવ્યું તે અમને કહે."

રાક્ષસીઓનું વચન સાંભળીને ત્રિજટા રાક્ષસી પ્રાતઃકાળે આવેલા* પોતાના સ્વપ્ન

* પ્રાતઃકાળે જોવામાં આવેલું સ્વપ્ન અતિ ઉતાવળે ફળીભૂત થાય છે.

સંબંધી સઘળું વૃત્તાંત કહેવા લાગી. તે બોલી: "હે રાક્ષસીઓ! સાંભળો. જાણે હાથી દાંતના બનાવેલા અને હજાર ઘોડાઓથી જોડેલા આકાશચારી દિવ્ય વિમાનમાં બેસીને શ્રીમાન રામચંદ્ર પોતાના નાનાભાઈ લક્ષ્મણ સહિત અહીં લંકામાં આવ્યા. તેણે પોતાના શરીરપર શ્વેત પુષ્પોની માળા અને શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં.[૮-૧૦] વળી આ સીતાને પણ મેં શ્વેત વસ્ત્ર ધારણ કરીને સમુદ્રથી વીંટાયેલા શ્વેત પર્વત ઉપર બેઠેલી દીઠી[૧૧] અને જેમ ઉદયાચળપર આવતાં સૂર્યની સાથે તેની પ્રભાનો સમાગમ થાય છે* તેમ રામની સાથે સીતાનો સમાગમ થયો. એટલામાં વળી લક્ષ્મણ સહિત રઘુવીરને પર્વત સરખા પ્રૌઢ દેહવાળા તથા ચાર દંતુશળવાળા હાથીપર બેઠેલા મેં જોયા. પછી સૂર્ય સરખા પ્રકાશમાન તથા શ્વેત પુષ્પમાળા અને શ્વેત વસ્ત્ર ધારણ કરનારા એ બન્ને ભાઈઓ જાણે સીતાની પાસે આવીને ઉભા રહ્યા. ત્યારે પૂર્વોક્ત શ્વેત પર્વત શિખરપર આકાશમાં ઉભેલા અને રામચંદ્રે પકડી રાખેલા હાથીના સ્કંધ ઉપર આ સીતા ચડી અને પોતાના પતિના ખોળામાં બેઠી એવું મારા જોવામાં આવ્યું. પછી કમળ સમાન નેત્રવાળી આ સીતાને, પોતાના પતિના ખોળામાંથી ઉઠીને પોતાના બન્ને હાથવતી ચંદ્ર–સૂર્યનું માર્જન કરતી મેં દીઠી.[૧૨-૧૫] ત્યાર પછી રાજકુમાર રામ–લક્ષ્મણ અને વિશાળ નેત્રવાળી આ સીતા જે હાથીપર બેઠાં હતાં તે હાથી જાણે આપણી લંકાનગરી ઉપર આવીને ઉભો રહ્યો. (એટલામાં વળી સ્વપ્નનો પ્રકાર બદલાયો.) જાણે શ્વેત વર્ણના આઠ બળદોથી જોડેલા રથમાં બેસીને તથા શ્વેત વસ્ત્ર અને શ્વેત પુષ્પમાળા ધારણ કરીને લક્ષ્મણ સહિત રામ અત્રે ચઢી આવ્યા. ત્યાર પછી સત્ય પરાક્રમવાળા અને મહાન વીર્યવાળા એ પુરૂષોત્તમ રઘુવીર પોતાના બંધુ લક્ષ્મણ તથા પત્ની સીતા સહિત સૂર્ય સમાન પ્રકાશવાળા પુષ્પક વિમાનમાં બેસીને ઉત્તર દિશા ભણી ચાલતા થયા, એવું સ્વપ્નને વિશે મારા જોવામાં આવ્યું. હે રાક્ષસીઓ! મને જણાયેલા આ સ્વપ્ન ઉપરથી તો એમ લાગે છે કે મહાતેજસ્વી રઘુવીરને સઘળા દેવો અને અસુરો પણ જીતી શકે એમ નથી."[૧૬-૧૮]

"ત્યાર પછી એના એજ સ્વપ્નમાં મેં રાવણને પણ જોયો. તેણે શરીરે તેલ ચોળ્યું હતું, રાતાં વસ્ત્ર અને રાતી કણેરનાં પુષ્પોની માળા તેણે પહેરેલી હતી, તેનું માથું મુંડેલું હતું, તે મદિરાપાન કરી મત્ત બનેલો હતો અને જાણે તે પુષ્પક વિમાનમાંથી નીચે પૃથ્વી પર પડતો હતો.[૧૯-૨૦] એટલામાં વળી મેં એવું જોયું કે જાણે આપણા રાજા રાવણે કાળાં વસ્ત્ર પહેર્યાં છે અને તેને કોઈ એક સ્ત્રી પકડીને ખેંચી જાય છે. ત્યાર પછી વળી રાતાં ચંદન અને રાતાં પુષ્પોને ધારણ કરનારો રાવણરાય ગધેડાથી જોડેલા રથમાં બેસીને દક્ષિણ દિશાભણી જતો મારા જોવામાં આવ્યો. એ વેળા જાણે તે તેલ પીતો હતો, ખડખડાટ હસતો હતો; નાચતો હતો અને તેની ઇંદ્રિયો આકુળ વ્યાકુળ જણાતી હતી.[૨૧-૨૨] એટલામાં વળી ભયથી મોહિત થયલા એ રાવણરાયને મેં ગધેડાપરથી માથા વગરજ પૃથ્વી પર પડતો જોયો.[૨૩] ત્યાંથી વળી મદથી વિહ્વલ થયેલા અને ઉન્મત્ત સરખા રાવણને, ભયને લીધે એકાએક ઉઠી થઇ ગમે તેમ લવરી કરતો અને નગ્નાવસ્થામાં દોડતો દીઠો.[૨૪] પછી જાણે તે રાવણ અસહ્ય દુર્ગંધીવાળા, અંધકારથી ભરેલા તથા ઘોર નરક જેવા કાદવના ખાડામાં પડયો અને તેમાં ડૂબી ગયો.[૨૫] ત્યાંથી વળી તે દક્ષિણ દિશામાં ગયો અને જળ તથા કાદવ વિનાના

* જો કે સૂર્ય અને તેની પ્રભાનો નિત્ય સંબંધ છે તો પણ પૂર્વ દિશામાં ઉદય થતી વેળા તે પુનઃ પ્રભાયુક્ત થયેલો જણાય છે એથી કવિએ આમ ઉપેક્ષા કરી બતાવે છે.

એક શુષ્ક તળાવમાં પેઠો. એ વેળા રાતાં વસ્ત્ર પહેરેલી, કાદવથી ખરડાયેલાં અંગવાળી અને કાજળ જેવા શ્યામ વર્ણવાળી કોઈ એક સ્ત્રી રાવણને ગળે દોરડું બાંધી તેને દક્ષિણ દિશાભણી ઘસડી જતી મારા જોવામાં આવી. મહા બળવાન કુંભકર્ણને પણ મેં એવીજ સ્થિતિમાં જોયો;[૨૬-૨૭] તેમજ રાવણના સઘળા પુત્રો પણ મુંડિત મુંડ* અને તૈલાભ્યંગ+ કરેલા મારા જોવામાં આવ્યા. હે રાક્ષસીઓ ! મેં આજે સ્વપ્નને વિશે આપણા રાજા રાવણને વરાહપર બેસીને, ઇંદ્રજીતને શિશુમારપર બેસીને અને કુંભકર્ણને ઉંટપર બેસીને દક્ષિણ દિશાભણી જતા જોયા હતા. તેમાં માત્ર એકલો વિભીષણજ શ્વેતચ્છત્ર ઓઢી ચાર સચિવો સહિત આકાશ માર્ગે જતો મારા જોવામાં આવ્યો હતો;×[૨૮-૨૯] તેમજ ગીત તથા વાજીંત્રોના મધુર ધ્વનિ સહિત વિભીષણનો મોટો દરબાર ભરાયો હોય એવું પણ મેં દીઠું હતું. હે રાક્ષસીઓ ! આ લંકાનગરીના સર્વ રાક્ષસોને રક્ત વસ્ત્ર અને રક્ત પુષ્પમાળા પહેરીને તૈલપાન કરતા મેં જોયા હતા.[૩૦] હાથી, અશ્વ અને રથ સહિત આખી લંકાનગરીને મેં ભાંગી ગયેલાં દ્વાર અને તોરણો સહિત સમુદ્રમાં ડૂબતી જોઇ હતી.[૩૧] વળી ચોતરફ ભસ્મ ઉડવાને લીધે ધૂસરવર્ણી થયેલી લંકાને વિશે તૈલપાન કરીને પ્રમત્ત થયેલી સઘળી રાક્ષસ સ્ત્રીઓ ખડખડાટ હસીને મહાન કોલાહલ કરતી મારા જોવામાં આવી હતી.[૩૨] કુંભકર્ણ આદિ મુખ્ય મુખ્ય રાક્ષસોને રાતાં વસ્ત્ર પહેરી, ગોમયના ખાડામાં પડતા મેં જોયા હતા."[૩૩]

"હે રાક્ષસીઓ ! હવે તમે દૂર ખસી જાઓ અને જુઓ કે રામચંદ્ર સીતાને મળે છે કે નહિ ? જો તમે આ સીતાને પીડશો તો પરમ ક્રોધે ભરાયેલા રઘુવીર સર્વ રાક્ષસોની સાથે તમારો પણ નાશ કરી નાખશે.[૩૪] વનવાસમાં પણ સાથે આવેલી અને બહુ માનીતી રામની પ્રિયપત્ની સીતાનો તમે તિરસ્કાર કરો છો તથા તેને પીડો છે તે રામ કદી પણ સાંખી શકશે નહિ.[૩૫] હવે તમે સીતા પ્રત્યે કઠોર વચન કહેવાં મૂકી દો અને તનું સાંત્વન કર્યાં કરો. હે રાક્ષસીઓ ! ખરૂં કહેવરાવો તો મને તો એજ રૂચે છે કે આપણ સર્વ મળી આ વૈદેહી–સીતાની પ્રાર્થના કરીએ કે જેથી તે આપણા અપરાધ ક્ષમા કરે.[૩૬] આ દુઃખીઆરી સીતાના સંબંધમાં મને એવું સ્વપ્ન આવ્યું છે, તે ઉપરથી હું ધારૂં છું કે હવે તે અનેક દુઃખોમાંથી મુક્ત થઈને ઉત્તમોત્તમ સુખને પ્રાપ્ત થશે.[૩૭] હે રાક્ષસીઓ ! તમોએ સીતાનો તિરસ્કાર કર્યો છે, છતાં હવે તેની પ્રાર્થના કરો કે જેથી તે તમારાપર દયા કરશે. હવે તમારે તેને કઠોર વચન કહેવાં નહિ. શ્રીમાન રઘુવીર તરફથી હવે રાક્ષસો ઉપર મોટો ભય આવી પડયો છે.[૩૮] હે રાક્ષસીઓ ! આ જનકનંદિની સીતા માત્ર પ્રણામ કરવાથી પ્રસન્ન થઈ જાય તેવાં છે, માટે તમે તેને પગે પડીને પ્રસન્ન કરો; કેમકે એ સીતા મહાન ભયમાંથી પણ આપણું રક્ષણ કરવાને સમર્થ છે.[૩૯] વળી આ વિશાળ નેત્રવાળાં સીતાનાં અંગોમાં શાસ્ત્ર-નિષિદ્ધ એકે ચિહ્‌ન મારા જોવામાં આવતું નથી; અર્થાત્ સીતાના અંગમાં શ્રેષ્ઠ સામુદ્રિક ચિહ્‌નોજ મારા જોવામાં આવે છે.[૪૦] માત્ર સ્નાનાદિ નહિ કરવાથી તેની શરીર કાંતિમાં જરા તરા ફેર પડયા છે; એટલુંજ તેને દુઃખ હોય એમ મને લાગે છે. પણ રે, દુઃખ ભોગવવાને અયોગ્ય એવી આ વૈદેહીને આજે મેં સ્વપ્નને વિશે અંતરિક્ષમાં બેઠેલી જોઈ, એથી હુ ધારૂં છું કે હવે તેની અર્થ-સિદ્ધિ પાસેજ આવી પહોંચી છે; અને રાક્ષસરાજ રાવણનો વિનાશ તથા રઘુવીરનો વિજય પણ પાસેજ આવી પહોંચ્યો છે.[૪૧-૪૨]

* મુંડેલાં મસ્તકવાળા. + શરીરે તેલ ચોળવાની ક્રિયા. × આ ઉપરથી એ પણ સૂચવ્યું કે ભવિષ્યમાં લંકાનો અધિપતિ વિભીષણ થશે.

જુઓ, સીતાનું કમળ પત્ર સરખું વિશાળ વામનેત્ર સ્ફુરે છે, તે ઉપરથી પણ હવે થોડા કાળમાં આપણે સીતાનું પ્રિય થયેલું સાંભળીશું એવું અનુમાન થાય છે.[૪૩] વળી જુઓ, આ ચતુર સ્ત્રી સીતાની રોમાંચિત થયેલી વામ ભુજા પણ એકાએક જરા જરા સ્ફુરણાયમાન થાય છે;[૪૪] તથા હાથીની સુંઢ સરખી તેની વામજંઘા ફરકે છે. આ સઘળું સ્પષ્ટ રીતેજ જણાવે છે કે હવે તેનો સ્વામી રામ સમીપમાંજ આવી પહોંચ્યો છે.[૪૫] વળી આ વૃક્ષની શાખાપરના પોતાના માળામાં પ્રવેશ કરતો પક્ષી વારંવાર મધુરી વાણી બોલતો હોવાથી જાણે સીતાનું ઉત્તમ રીતે સાંત્વનજ કરતો હોય અને અત્યંત હર્ષભેર તે પક્ષી જાણે રઘુવીરના આગમનની વધામણી આપતો હોય, એવો દેખાય છે."[૪૬]

ત્રિજટાનાં વચન સાંભળીને "મારા સ્વામીનો વિજય થશે" એમ ધારી હર્ષિત થયેલાં તથા યત્કિંચિત લજવાયેલાં સતી શિરોમણિ સીતાએ કોમળ વાણીથી કહ્યું કે; "જો તમારૂં કહેવું યથાર્થ થશે તો હું તમો સર્વનું રક્ષણ કરીશ."[૪૭]

ततः सा ह्रीमती बाला भर्तुर्विजयहर्षिता।
अवोचद्यदि तत्तथ्यं भवेयं शरणं हि वः॥४७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સત્તાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૭

×सर्ग २८ मो.

શોકાકુલ સીતા—અંતિમ વિચાર.

सा राक्षसेन्द्रस्य वचो निशम्य तद्रावणस्याप्रियमप्रियार्ता। सीता वितत्रास यथा वनान्ते सिंहाभिपन्ना गजराजकन्या ॥१॥

રાક્ષસરાજ રાવણનાં અપ્રિય વચન સાંભળીને પોતાના પ્રિય પતિ શ્રીમાન રામચંદ્રના વિયોગથી પીડાતાં અને રાક્ષસીઓને વશ પડેલાં સીતા વનમાં સિંહે ઘેરેલી હાથિણીની પેઠે અત્યંત ત્રાસ પામ્યાં; અને નિર્જન વનમાં એકલી ત્યાગ કરેલી બાળ કન્યાની પેઠે વિલાપ કરવા લાગ્યાં.[૧-૨]

"અરેરે ! ! 'આ લોકને વિશે કાળ આવ્યા વિના પ્રાણીનું મૃત્યુ થતું નથી' એવું જે શાસ્ત્રજ્ઞ મુનિઓ કહે છે તે ખરેખર સત્યજ છે. જો એમ ન હોય તો પાપિણી એવી હું અહીંયાં આટલો આટલો તિરસ્કાર પામવા છતાં ક્ષણવાર પણ કેમ જીવતી રહું ?[૩] અરે, પ્રિય સંયોગના સુખથી રહિત થયેલું અને ઘણાંક દુઃખોથી ભરેલું મારૂં હૃદય ખરેખર અત્યંત કઠોર છે; કેમકે આટલું આટલું દુઃખ પડવા છતાં પણ, વજ્રપ્રહાર થવાથી ફાટી જતા પર્વતના શિખરની પેઠે તેના હજારો ટૂકડા થઈ જતા નથી ![૪] આવે પ્રસંગે બળાત્કારે પ્રાણ ત્યાગ કરવામાં મને આત્મહત્યાનો દોષ લાગે તેમ નથી. અરે, દુષ્ટાત્મા રાવણ તો મને મારવાનો છેજ, તો પછી દુષ્ટના હાથે મરીને દુર્ગતિએ જવું તેના કરતાં પોતાના હાથે મરવું એજ ઉત્તમ છે ! શૂદ્રને મંત્રોપદેશ કરવા માટે દ્વિજ જેમ સમર્થ નથી તેમ રાવણની ઇચ્છાને અનુકૂળ થવા માટે હું કોઇ પણ રીતે સમર્થ નથી.[૫] અરેરે, જો લોકનાથ રઘુવીર વખતસર અહીંયાં નહિ આવી પહોંચે તો શસ્ત્રવૈદ્ય જેમ પીડાતી સ્ત્રીના ગર્ભમાં રહેલા બાળકને કાપી કાઢે છે તેમ મહા દુષ્ટ રાક્ષસરાજ રાવણ તીક્ષ્ણ શસ્ત્રોવતી મારાં અંગોને કાપી નાખશે ![૬] હાય ! હું કે જે ઘણા સમયથી દુઃખી થઇ રહી છું તેનો બે માસ જેટલો અવધિ તો હમણાંજ પુરો થઇ જશે, અને જેમ રાજાની આજ્ઞાથી દેહાંત દંડને પાત્ર થયેલા તથા રાત્રે બાંધી રાખેલા તસ્કરનો પ્રાતઃકાળ થતાં વધકાળ આવી પહોંચે છે તેમ મારો વધકાળ આવી પહોંચશે !"[૭]

× ચાલુ પ્રસંગ અને આ કાવ્યની રીતિ જોતાં ૨૮ મો તથા ૨૯ મો, એ બન્ને સર્ગ ક્ષેપક હોય એમ લાગે છે.

" હા રામ ! હા લક્ષ્મણ ! હા સુમિત્રા ! હા સાસુજી કૌસલ્યા ! હા મારાં માતુશ્રી ! વાયુના પ્રચંડ વેગમાં સપડાયલી નૌકા જેમ સમુદ્રને વિશેજ ડુબે છે તેમ અભાગિણી હું આજે અગાધ શૌક સાગરમાં ડુબી રહી છું ![૮] જેમ વિજળી પડવાથી બે સિંહોનો નાશ થાય તેમ મારે માટે મૃગનું રૂપ ધરનારા કોઇ એક રાક્ષસરૂપી જીવથી નિશ્ચય એ બન્ને બળવાન રાજપુત્રોનો નાશ થયો હશે ![૯] ખરેખર, પૂર્વે જનસ્થાનમાં મૃગનું રૂપ ધરી આવેલા કાળેજ મને લોભાવી હતી કે જેથી મેં મૂર્ખીએ આર્યપુત્ર રઘુવીરને તથા તેમના નાના ભાઇ લક્ષ્મણને આશ્રમમાંથી વનમાં મોકલ્યા ![૧૦] હા પૂર્ણ ચંદ્ર સમાન મુખવાળા ! હા સર્વ જીવોનું પ્રિય તથા હિત કરનારા ! હા દીર્ઘ ભુજાવાળા સત્યવ્રત રામચંદ્ર ! હું કે જે રાક્ષસોનો ભોગ થઈ પડી છું તેને તમે જાણુતા નથી શું ?[૧૧] અરે, મેં મારા પતિનેજ પરમેશ્વર માન્યા, શાપથી બાળીને ભસ્મ કરવાની શકિત હોવા છતાં દુષ્ટ રાવણુપર આટલી બધી ક્ષમા રાખી, ભૂમિપર શયન કર્યું અને બીજા પણ અનેક પ્રકારના ધર્મ નિયમ પાળીને પતિવ્રત સાચવ્યું; એ સઘળું કૃતઘ્ન પુરૂષ ઉપર કરેલા ઉપકારની પેઠે નિષ્ફળ ગયું શું ?[૧૨] હે રઘુવીર ! આજદિન સુધી મેં જે પતિવ્રત ધર્મ પાળ્યો તે સર્વ નિષ્ફળ ગયો અને " હું એકનીજ પત્ની છું " એવો જે મેં ગર્વ ધર્યો તે પણ નિરર્થક નિવડયો; કેમકે તમારૂં દર્શન નહિ પામવાથી અત્યંત કૃશ તથા વિવર્ણ થઈ ગયેલી હું " હવે પુન: મારો અને તમારો સમાગમ નહિ થાય " એમ જાણી નિરાશાના સમુદ્રમાં ડૂબી રહી છું ![૧૩] હે સ્વામિનાથ ! હું ધારૂં છું કે યથાર્થ રીતે પિતાનું વચન પાળીને તથા વનવાસનું વ્રત સમાપ્ત કરીને કૃતાર્થ થયેલા તમે જ્યારે ઘેર જશો ત્યારે મારા કરતાં પણ સુંદર સ્વરૂપવાળી ઘણીક સ્ત્રીઓની સાથે લગ્ન કરીને નિર્ભયપણે વિહાર કરશો,[૧૪] પરંતુ હે રામ ! હું તો તમારે વિશેજ પ્રીતિ ધરાવું છું. અરે, મેં તો મારા વિનાશને માટે જ તમારી સાથે સ્નેહ જોડયો છે; અર્થાત્ મારા આ દેહમાં જીવન છે ત્યાં સુધી હું તમારાપરના સ્નેહને તજનારી નથી. પણ હાય ! આજદિન સુધીનું મારૂં તપ વ્યર્થ ગયું અને પતિવ્રત નિષ્ફળ થયું, એથી મારા જીવિતને ધિક્કાર છે. હાય, હવે હું મારા આ અભાગીયા જીવતરનો ત્યાગ કરીશ.[૧૫] અરે, હું હમણાંજ વિષપાનવડે અથવા તીક્ષ્ણ શસ્ત્રવડે મારા જીવિતનો ત્યાગ કરૂં; પરંતુ શું કરૂં ? હું રાવણને ઘેર પડી છું, એટલે અહીં મને વિષ કે શસ્ત્ર લાવી આપે એવું પણ કોઈ છે નહિ. "[૧૬]

શોકથી સંતપ્ત થયેલાં સીતાએ જિવિતનો ત્યાગ કરવા માટે અનેક પ્રકારના વિચાર કર્યા. અંતે તેની દૃષ્ટિ પોતાની વેણીપર પડી ત્યારે તેણે વિચાર કર્યો કે, "ઠીક થયું, આ વેણીનો મારે ગળે ફાંસો ઘાલીને હું સત્વર યમલોક પ્રત્યે જઈશ. "[૧૭]

કોમળ ગાત્રવાળાં સતી શિરોમણિ સીતા વૃક્ષની શાખા પકડીને ઉભાં હતાં અને ઉપર્યુકત વિચાર કરતાં હતાં. તે પોતાના પતિ રામચંદ્ર, દેવર લક્ષ્મણ અને પોતાના સંબંધીઓનું સ્મરણ કરતાં ઉભાં હતાં. એટલામાં તેના પવિત્ર અંગોમાં શોકને શમાવી ધૈર્ય આપે એવાં તથા પૂર્વ કાળમાં પણ સત્ય જણાયેલાં ઉત્તમ શકુન થવા લાગ્યાં.[૧૮-૧૯]

तस्या विशोकानि तदा बहूनि धैर्यार्जितानि प्रवराणि लोके । मातुर्निमित्तानि तदा बभूवुः पुराऽपि सिद्धान्युपलक्षितानि ॥१९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અઠ્ઠાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૮

સર્ગ ૨૯ મો.

સીતાને થયેલાં શુભ શકુન.

तथागतां तां व्यथितामनिंदितां व्यतीतहर्षां परिदीनमानसाम् । शुभां निमित्तानि शुभानि भेजिरे नरं श्रिया जुष्टमिवोपसेविनः

અતિશય વ્યથા પામેલાં, હર્ષ રહિત થઈ ગયેલાં, દીનતાને પ્રાપ્ત થયેલાં અને વૃક્ષની શાખાનું અવલંબન કરીને ઉભેલાં મહાસતી સીતાને, લક્ષ્મીવાન પુરૂષને જેમ સેવકો પ્રાપ્ત થાય છે તેમ શુભ શકુન જણાવા લાગ્યા.[1] સુંદર કેશવાળાં જાનકીનું વાંકી પાંપણોની પંક્તિવાળું, શ્યામ કીકીવાળું, વિશાળ અને પડખાં ઉપર શ્વેત જણાતું ડાબું નેત્ર, મત્સ્યે હલાવેલા રાતા કમળની પેઠે ફરકવા લાગ્યું.[2] સુંદર દેખાવવાળા, માંસના ભરાવવાળા, ગોળાકાર, અમૂલ્ય અગુરૂ ચંદનના લેપનને યોગ્ય તથા ઘણીકવાર પોતાના પ્રિય પતિ રામચંદ્રના ઓશીકારૂપ થયેલી સીતાની ડાબી ભુજા એકાએક ફરકવા લાગી.[3] હાથીની સુંઢ સરખી ભરાઉ અને સ્થૂલ એવી તેની ડાબી સાથળ પણ ફરકી ફરકીને "રામ આગળ આવીને ઉભા છે" એમ સૂચવવા લાગી.[4] વળી સુંદર અંગવાળાં, વિશાળ નેત્રવાળાં અને દાડિમનાં બીજ સરખા દાંતવાળાં એ સીતાનું સુવર્ણ સમાન રંગવાળું તથા પૃથ્વીપર સૂવા–બેસવાથી જરા તરા મેલું થયેલું વસ્ત્ર થોડે થોડે સરકી પડવા લાગ્યું.[5]

ઉપર વર્ણવેલાં અને બીજાં પણ કેટલાંક શુભ ચિહ્નો કે જે પૂર્વે પણ ખરાં પડેલાં હતાં, તે જોઈને સતી શિરોમણી સીતા વાયુ અને તાપથી શોષાઈ જતું બીજ જેમ વર્ષાજળ પડવાથી પુનઃ ખીલી નીકળે તેમ અત્યંત હર્ષિત થવા લાગ્યાં.[6] એ વેળા બિંબ ફળ સરખા હોઠવાળું, સુંદર નેત્ર ભ્રુકુટિ તથા કેશવાળું, વાંકી પાંપણોવાળું અને સ્ફટિક સરખા શ્વેત દાંતવાળું સીતાનું મુખ, રાહુથી મુકત થયેલા ચંદ્ર મંડળની પેઠે અત્યંત શોભવા લાગ્યું.[7] શુભ શકુનનું દર્શન થવાથી સીતાનો સઘળો શોક શમી ગયો, ઉદાસીનતા નષ્ટ થઇ ગઈ, સંતાપ શાંત થઇ ગયો અને હર્ષને લીધે તેનુ ચિત્ત પ્રફુલ્લિત બન્યું. જેમ શુકલપક્ષમાં ઉદય પામેલા ચંદ્રથી રાત્રિ શોભે તેમ એ મહા સતી પોતાના પ્રસન્ન મુખથી શોભવા લાગ્યાં.[8]

सा वीतशोका व्यपनीततन्द्रा शान्तज्वरा हर्षविबुद्धसत्त्वा । अशोभतार्या वदनेन शुक्ले शीतांशुना रात्रिरिवोदितेन ॥८॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ઓગણત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૨૯

સર્ગ ૩૦ મો.

સીતાને શી રીતે મળવું? તે વિષે હનુમાનનો વિચાર અને નિશ્ચય.

हनुमानपि विक्रान्तः सर्वं शुश्राव तत्त्वतः । सीतायास्त्रिजटायाश्च राक्षसीनां च तर्जितम् ॥१॥

શિંશપા વૃક્ષની ઘટામાં બેઠેલા મહા પરાક્રમી હનુમાને સીતાનાં વચનો, ત્રિજટા રાક્ષસીના સ્વપ્નની કથા અને રાક્ષસીઓએ કરેલો સીતાનો તિરસ્કાર એ સઘળું સાંભળ્યું.[1] પછી નંદનવનમાં રહેલી દેવીના જેવાં સતી શિરોમણિ સીતાને અશોકવાટિકામાં ઉભેલાં જોઇને કપિવર હનુમાન અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો.[2]

"અહો! હજારો અને લાખો કપિઓ ચારે દિશાઓમાં જેની શોધ કરે છે તે આ સીતા છેવટે મારી દૃષ્ટિએ પડયાં![3] અહો! રામચંદ્રની આજ્ઞાથી રાવણની શકિત જોવા માટે જાસૂસ થઈ છાનોમાનો ફરતાં હું સઘળું જોઇ વળ્યો.[4] આ લંકા નગરીમાં વસનારા રાક્ષસોનું ઐશ્વર્ય, તેઓનું બળાબળ તથા રાક્ષસરાજ રાવણનો પ્રભાવ એ સઘળું મારા

જોવામાં આવી ગયું.[૫] હવે તો સર્વ પ્રાણીઓપર દયા કરનારા અને અપ્રમેય બળવાળા રઘુવીરની ધર્મપત્ની સીતા, કે જે પોતાના પતિનાં દર્શન માટે તલસી રહ્યાં છે તેમનું મારે આશ્વાસન કરવું જોઈએ.[૬] માટે ચાલ, જેણે કદી પણ દુ:ખ જોયું નથી તથા હાલમાં જેના ઉપર અપાર દુ:ખ આવી પડયું છે એવાં ચંદ્રમુખી સીતાનું હું આશ્વાસન કરૂં.[૭] શોકથી હણાયલા ચિત્તવાળાં આ જાનકીનું આશ્વાસન કર્યા વિના જો હું પાછો જઇશ તો મોટી હાનિ થવા સંભવ છે.[૮] તમને મળ્યા વિના હું પાછો જઈશ તો યશસ્વિની સીતા અત્રે કોઇ પણ પોતાનું રક્ષણ કરનાર નહિ હોવાથી નિશ્ચય પોતાના જીવિતનો ત્યાગ કરશે.[૯] પૂર્ણચંદ્ર સરખા મુખવાળા અને સીતાનાં દર્શન માટે તલસી રહેલા મહાબાહુ રામચંદ્રનું જેવી રીતે મારે આશ્વાસન કરવું ઘટે છે તેવીજ રીતે મારે સીતાનું પણ આશ્વાસન કરવું જોઇએ.[૧૦] પરંતુ શું કરૂં? આ સઘળી રાક્ષસીઓ સીતાને ઘેરી વળી છે, એટલે રાક્ષસીઓના સમક્ષ મારે સીતાની સાથે સંભાષણ કરવું ઠીક નથી. અરે, ત્યારે મારે કેમ કરવું ? આ તો હું મોટા કષ્ટમાં આવી પડયો ! ![૧૧] અરેરે, આ બાકી રહેલી રાત્રિ પૂરી થતાં પહેલાં જો હું સીતાનું આશ્વાસન નહિ કરી શકું તો નિશ્ચય તે પોતાના જીવિતનો ત્યાગ કરશે.[૧૨] વળી જ્યારે હું રામચંદ્રની પાસે જઇશ ત્યારે તે મને પૂછશે કે, “ સીતાએ મને ઉદ્દેશી તારા પ્રત્યે શું કહ્યું ? ” ત્યારે આ સતીની સાથે વાતચિત કર્યા વિના પાછો ગયેલો હું રામચંદ્રને શો પ્રત્યુત્તર આપીશ ?[૧૩] અરે, સીતાનો સંદેશો લીધા વિના જો હું અહીંયાંથી ઉતાવળે પાછો જાઉં તો નિશ્ચય કકુત્સ્થ કુળોત્પન્ન રઘુવીર પોતાની ક્રોધપૂર્ણ દૃષ્ટિથી મને બાળીને ભસ્મ કરી નાંખે ![૧૪] અરે, સીતાનું આશ્વાસન કર્યા વિના હું રામચંદ્રને અર્થે સુગ્રીવને કદાચ અહીં આવવાના કાર્યમાં પ્રેરીશ, તોપણ સેના સહિત તેનું અત્રે આવવું નિષ્ફળ થશે; કેમકે તે આવી પહોંચે તે પહેલાં તો આ જાનકી પોતાના પ્રાણનો ત્યાગ કરશે.[૧૫] માટે બીજું કાંઈ ન કરતાં હમણાં હું અહીંયાંજ બેસી રહું અને સીતાની સાથે વાત કરવાની તક મેળવું. જ્યારે આ રાક્ષસીઓનું ધ્યાન બીજી તરફ હશે ત્યારે અત્યંત સંતાપ પામેલાં સીતાનું હું ધીમેથી આશ્વાસન કરીશ.[૧૬] સાંપ્રતમાં હું અતિશય નાના રૂપમાં છું અને વળી વિશેષે કરી વનચર-વાનર છું; એટલે સાધારણ જનસમાજ બોલે છે તેવી, પરંતુ વ્યાકરણના થોડા ઘણા સંસ્કારવાળી વાણીથી જ હું બોલીશ.[૧૭] જો હું દ્વિજ જાતિની પેઠે શુદ્ધ સંસ્કૃત વાણીથીજ બોલું તો આ સીતા મને રાવણ ધારીને ભયભીત થાય, માટે મારે સાધારણ મનુષ્ય બોલે છે તેવીજ વાણીથી અર્થયુક્ત વચનોવડે સીતાનું સાંત્વન કરવું યોગ્ય છે. એ સિવાય સીતાનું સાંત્વન કરવાનો બીજો એકે ઉપાય નથી.[૧૮-૧૯]

“ રાક્ષસોથી ત્રાસી ગયેલાં આ જાનકી મારૂં આવું રૂપ જોઇને તથા મારાં વચન સાંભળીને પુન: પણ અત્યંત ત્રાસ પામશે; કેમકે ‘ રાક્ષસો બહુ માયાવી છે ’ એવું તે જાણે છે.[૨૦] જો કદાચ મને ઇચ્છિતરૂપ ધરનારો રાવણ જાણીને અત્યંત ત્રાસ પામેલાં મનસ્વિની સીતા આક્રંદ કરવા લાગે તો તેનો આક્રંદ શબ્દ સાંભળીને, કાળ જેવી ભયંકર આ સઘળી રાક્ષસીઓ અનેક પ્રકારનાં આયુધો ઉગામીને એકઠી થઈ જાય અને મને ઘેરી વળે તો મારે શું કરવું ? બિહામણા મુખવાળી અને મહાન બળવાળી એ રાક્ષસીઓ મને જીવતો પકડી લેવાનો કિંવા ઠાર મારી નાખવાનો પ્રયત્ન કર્યા વિના રહે એવી નથી.[૨૧-૨૩] એ વેળાએ જો કદાચ હું આ વાટિકામાંનાં વૃક્ષોની એક શાખાપરથી બીજી અને બીજીપરથી ત્રીજી એમ નાની મોટી સઘળી શાખાઓપર કૂદાકૂદ કરતો

દોડયા કરૂં તો આ સર્વ રાક્ષસીઓ શંકિત થઈ જાય અને મારૂં મોટું રૂપ જોઈ ભયભીત થઇ બૂમરાણ કરી મૂકે,[૨૪-૨૫] અને પછી રાક્ષસરાજ રાવણના રાજમહેલના ચોકીદાર રાક્ષસોને અહીંયાં બોલાવે ત્યારે મારી શી દશા ! ![૨૬] રાક્ષસીઓના બોલાવ્યાથી ચોકીદાર રાક્ષસો જ્યારે ત્રિશૂળ, તલવાર અને મુદ્ગર આદિ વિવિધ શસ્ત્રો ગ્રહણ કરીને યુદ્ધ માટે અતિ ઉતાવળે અહીંયાં દોડી આવે અને મને ઘેરી લે ત્યારે મારે શું કરવું ? હું તે સૌને મારા પરાક્રમ બળવડે હરાવું તો ખરો; પરંતુ યુદ્ધના શ્રમથી થાકી જવાને લીધે સમુદ્ર ઓળંગી જવાની શક્તિ મારામાં રહે નહિ તેનું શું કરવું ?[૨૭-૨૮] વળી સર્વ રાક્ષસો અતિ ઉતાવળે મને એકી વખતે વીંટાઈ વળીને કદાચ પકડી લે તો આ સીતા રામચંદ્રના સમાચાર જાણ્યા વિનાનાંજ રહે અને હું પણ બંધનમાં પડું.[૨૯] આમ થતાં સીતા પ્રત્યે શંકાશીલ બનેલા અને હિંસા કરવામાં પ્રીતિવાળા રાક્ષસો કદાચ સીતાને પણ મારી નાખે તો રામચંદ્ર અને સુગ્રીવનું સઘળું કાર્ય બગડી જાય.[૩૦] જો હું યુદ્ધમાં રાક્ષસોથી પકડાઈ જાઉં તો પછી માર્ગ વિનાના, રાક્ષસોથી રક્ષિત થયેલા અને સમુદ્રની વચ્ચે આવેલા આવા ગુપ્ત પ્રદેશમાં રહેલાં જાનકીની ખબર કોણ લે અને રામચંદ્રને અહીંયાં તેડી લાવવાના કાયમાં સહાયભૂત પણ કોણ થાય ?[૩૧-૩૨] જો મારી પૂર્વોક્ત દશા થાય તો સો યોજનના વિસ્તારવાળા મહોદધિનું ઉલ્લંઘન કરી શકે એવો કોઈ પણ વાનર વિચારી જોતાં મારી દૃષ્ટિએ આવતો નથી.[૩૩] જો કદાચ યુદ્ધ થાય તો હું હજારો રાક્ષસોનો નાશ કરવાને તો સમર્થ છું; પરંતુ યુદ્ધનો પરિશ્રમ ઉઠાવ્યા પછી સો યોજનનો સમુદ્ર ઉલ્લંઘી સામી પાર જવાની મારામાં શક્તિ રહે એમ મને લાગતું નથી.[૩૪] યુદ્ધનાં કાર્ય ઘણાંજ સંશય ભરેલાં છે; તેમાં છેવટે કોનો જય થશે અને કોનો પરાજય થશે ? એ કહી શકાતું નથી. એથી મને એવાં સંશયયુક્ત કાર્યો કરવાનું રૂચતું નથી. એવો કયો ડાહ્યો પુરૂષ છે કે જે વગર વિચાર્યે શંકાભરેલું કાર્ય કરવા તત્પર થાય ?"[૩૫]

"જો હું સીતાની સાથે વાર્તાલાપ કરૂં છું તો મારે માથે ઉપર્યુક્ત મહાન આપત્તિ આવી પડે છે; અને જો નથી કરતો તો સીતા પ્રાણ ત્યાગ કરે છે.[૩૬] જેમ સૂર્યોદય થવાથી અંધકાર નાશ પામે છે, તેમ કાર્યાકાર્યના વિચાર વિનાના દૂતને લીધે સિદ્ધ થવા આવેલો અર્થ પણ નાશ પામે છે; કેમકે અવિચારી દૂત દેશ કાળને જોયા વિનાજ કાર્ય કરવામાં પ્રવૃત્ત થાય છે.[૩૭] રાજાએ પોતાના સચિવો સાથે મળીને કાર્યાકાર્યને વિશે પ્રથમથી નિશ્ચિત કરેલી બુદ્ધિ પણ અવિચારી દૂતોને લીધે વખણાતી નથી; કેમકે પોતાનેજ પંડિત માનનારા અવિચારી દૂતો રાજાના કાર્યને નષ્ટ કરી નાખે છે.[૩૮] માટે હવે મારે શું કરવું કે જેથી રામચંદ્રનું કાર્ય ભાંગી પડે નહિ, હું અવિચારી ગણાઉં નહિ અને સમુદ્રોલ્લંઘન કર્યાનો મારો શ્રમ પણ વૃથા જાય નહિ;[૩૯] તેમજ સતી શિરોમણિ સીતા જરા પણ ગભરાયા વિના મારાં વચનોને સાંભળે ?"

એ પ્રમાણે વિચાર કર્યા પછી શ્રેષ્ઠ બુદ્ધિવાળા કપિવર હનુમાને નિશ્ચય કર્યો કે "જો હું અક્લિષ્ટ કર્મવાળા અને સીતાને પ્રિય એવા રામચંદ્રના ગુણોનું કીર્તન કરીશ, તો જેનું ચિત્ત રામચંદ્રને વિશેજ આસક્ત થઇ રહ્યું છે એવાં આ સીતા જરા પણ ભય પામશે નહિ.[૪૦-૪૧] માટે હું ઈક્ષ્વાકુકુળમાં શ્રેષ્ઠ એવા શ્રીમાન રઘુવીરનાં ધર્મયુક્ત પ્રીતિ વચનો સીતાને જેવી રીતે શ્રદ્ધા ઉપજે તેવી રીતે મધુર વાણીથી કહી સંભળાવીશ."[૪૨-૪૩]

પછી પૃથ્વીપતિ રામચંદ્રનાં ધર્મપત્ની સીતાનું દર્શન કરીને હર્ષિત થયેલો મહા પરાક્રમી કપિવર હનુમાન વૃક્ષની ઘટામાં બેઠાં બેઠાં મધુર અને સત્ય વચન બોલવા લાગ્યો.[૪૪]

इति स बहुविधं महाप्रभावो जगतिपतेः प्रमदामवेक्षमाणः। मधुरमवितथं जगाद वाक्यं द्रुमविटपान्तरमास्थितो हनूमान् ॥४४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૦

સર્ગ ૩૧ મો.

હનુમાને ગાયેલી રામકથા.

एवं बहुविधां चिन्तांश्चिन्तयित्वा महामतिः। संश्रवे मधुरं वाक्यं वैदेह्या व्याजहार ह ॥१॥

એવી રીતે અનેક પ્રકારના વિચાર કર્યા પછી મહાબુદ્ધિમાન કપિવર હનુમાન વૃક્ષપરથી જરા નીચે ઉતરીને સીતાની પાસે આવી* એકલાં સીતા સાંભળે એ પ્રમાણે ધીમેથી મધુર વચન બોલવા લાગ્યો.[૧]

"અવધપુરીને વિશે રથ, હાથી અને અશ્વાદિની સમૃદ્ધિવાળો 'દશરથ' નામે રાજા હતો. એ રાજા ઇક્ષ્વાકુવંશમાં જન્મેલો, પવિત્ર આચરણવાળો, નિર્મળ કીર્તિવાળો, મહાયશસ્વી, અહિંસા ધર્મમાં પ્રીતિવાળો, ઉદાર સ્વભાવનો, દયાળુ અને સત્યવાદી હતો. સર્વ રાજવંશોમાં શ્રેષ્ઠ એવા ઇક્ષ્વાકુવંશની શોભાને વધારનાર એ દશરથ સંપૂર્ણ રાજચિહ્નોથી યુક્ત, મોટી લક્ષ્મીવાળો, સર્વપ્રકારનાં સુખ ભોગવનારો, પ્રજાને સુખી કરનારો અને સમુદ્ર પર્યંતની પૃથ્વીને વિશે પ્રખ્યાત હતો."[૨-૪]

"એ દશરથ રાજાનો અત્યંત વ્હાલો જ્યેષ્ઠ પુત્ર 'રામ' નામે છે. ચંદ્ર સમાન મુખવાળા એ રામ સર્વ શાસ્ત્રોનાં તત્ત્વને જાણનારા અને સર્વ ધનુષ્યધારીઓમાં શ્રેષ્ઠ છે.[૫] તે રામ પોતાનાં શુભાચરણોનું, સ્વજનોનું, જીવલોકનું તથા ધર્મનું રક્ષણ કરનાર અને શત્રુઓને તપાવનાર છે.[૬] એ શૂરવીર રામે પોતાના વૃદ્ધ અને સત્યવાદી પિતાનું વચન પાળવા માટે પોતાની પતિવ્રતા સ્ત્રી સીતા તથા લઘુ ભ્રાતા લક્ષ્મણ સહિત વનમાં પ્રયાણ કર્યું છે.[૭] દંડકારણ્યમાં નિવાસ કરી મૃગયા અર્થે જતાં એ રઘુવીરે ઇચ્છિત રૂપ ધરનારા ઘણાક શૂરવીર રાક્ષસોનો સંહાર કર્યો છે.[૮] જ્યારે તેણે જનસ્થાનમાંના ચૌદ હજાર રાક્ષસોનો તથા તેઓના અધિપતિ ખર-દૂષણનો વધ કર્યો ત્યારે ક્રોધે ભરાયેલા રાવણે માયાવી મૃગરૂપથી તેને છેતરીને તેનાં પ્રિય પત્ની સીતાનું હરણ કર્યું."[૯]

"પવિત્ર આચરણવાળાં જનકનંદિની સીતાની શોધ કરતાં કરતાં રઘુવીર વનમાં ફરતા હતા ત્યારે તેમને વાનરોના રાજા સુગ્રીવની સાથે મૈત્રી બંધાઇ. શત્રુઓનાં નગરને જીતનારા રામે સુગ્રીવના શત્રુ વાલી વાનરને હણીને તેનું રાજ્ય મહાત્મા સુગ્રીવને સ્વાધીન કર્યું. સાંપ્રતમાં રામના મિત્ર વાનરરાજ સુગ્રીવની આજ્ઞાથી ઇચ્છિતરૂપ ધરનારા હજારો અને લાખો વાનરો સતી શિરોમણિ સીતાની શોધ કરવા માટે સઘળી દિશાઓમાં નીકળી પડ્યા છે. તદનુસાર હું પણ સીતાની શોધ કરવા માટે ગૃધ્રરાજ સંપાતિના કહેવાથી સો યોજનનો સમુદ્ર ઓળંગીને અહીં આવ્યો છું અને મને સીતાનાં દર્શન થયાં છે. અહો! રામચંદ્રે મારી આગળ સીતાનું જેવું રૂપ, જેવા વર્ણ તથા જેવાં લક્ષણ કહ્યાં હતાં તેવાંજ રૂપ, વર્ણ તથા લક્ષણવાળાં આ સાધ્વી મારા જોવામાં આવ્યાં છે. નિશ્ચય, આ સીતા છે." એટલું બોલી કપિવર હનુમાન વિરામ પામ્યો.[૧૦-૧૫]

પવનસુત હનુમાને ગાયેલી રામકથા સાંભળીને અત્યંત વિસ્મિત થયેલાં અને સુંદર તથા વાંકડીયા કેશવાળાં જનકતનયા સીતા કેશના ગુચ્છોથી છવાયેલું પોતાનું મુખ ઉંચું કરીને શિંશપા વૃક્ષપર જોવા લાગ્યાં.[૧૬]

હનુમાનનાં વચન સાંભળીને અત્યંત હર્ષિત થયેલાં અને પોતાના અંતરમાં રામચંદ્રનુંજ રટણ કરી રહેલાં સીતા દશે દિશાઓ તરફ

* ઉંચેની શાખાપરથી છેક નીચેની શાખાપર આવીને.

જોવા લાગ્યાં.[૧૭] સતી શિરોમણિ સીતાએ આડું અવળું, ઉંચે નીચે, એમ સર્વત્ર જોયું, ત્યારે શિંશપા વૃક્ષપર બેઠેલો હોવાથી ઉદયાચળપર રહેલા સૂર્ય સરખો શોભતો, અચિન્ત્ય બુદ્ધિવાળો તથા સુગ્રીવનો પ્રધાન એવો વાયુસુત હનુમાન તેમની દૃષ્ટિએ પડયો.[૧૮]

सा तिर्यगूर्ध्वं च तथा ह्यधस्तान्निरीक्षमाणा तमचिन्त्यबुद्धिम् । ददर्श पिङ्गाधिपतेरमात्यं वातात्मजं सूर्यमिवोदयस्थम् ॥१८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં એકત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૧

सर्ग ३२ मो.

હનુમાનને જોઈ સીતાને થયેલો ભ્રમ.

ततः शाखान्तरे लीनं दृष्ट्वा चलितमानसा । वेष्टितार्जुनवस्त्रं तं विद्युत्संघातपिङ्गलम् ॥१॥

શિંશપા વૃક્ષની ઘટામાં છુપાઇ બેઠેલા પ્રિયવાદી હનુમાનને જોઈ સતી શિરોમણિ સીતા પ્રથમ તો ભયને લીધે કંપી ઉઠયાં; પરંતુ પછીથી ' આ કોણ હશે ' એવી જિજ્ઞાસાથી તે સારી રીતે નિહાળવા લાગ્યાં. ત્યારે પ્રફુલ્લિત થયેલા અશોકના ફૂલ સરખો શોભતો, તપાવેલા સુવર્ણ સરખાં નેત્રવાળો, વિજળીના સમૂહ જેવા પીળા વર્ણવાળો, શ્વેત વસ્ત્રવાળો અને નમ્રભાવથી બેઠેલો કપિવર હનુમાન તેના જોવામાં આવ્યો.[૧-૨]

કપિશ્રેષ્ઠ હનુમાનને નમ્રની પેઠે બેઠેલો જોઈ અતિ વિસ્મિત થયેલાં સીતા પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યાં કે,[૩] "અહો ! આ વાનરનું રૂપ ઘણુંજ ભયંકર છે, હું તેના સામુંએ જોઈ શકતી નથી." એટલો વિચાર કરતાં તે મૂર્છિત જેવાં થઈ ગયાં.[૪] એકાએક વાનરનું રૂપ જોઇને ભયવડે મોહિત થયેલાં અને અત્યંત દુઃખપીડિત થયેલાં સીતા કરૂણ સ્વરે " હા રામ ! હા રામ ! હા લક્ષ્મણ ! " એમ બોલી અત્યંત વિલાપ કરતાં મંદમંદ સ્વરે રોદન કરવા લાગ્યાં. પછી વિનીત મનુષ્યની પેઠે હનુમાનને નીચે ઉતરી આવેલો જોઇને સતી શિરોમણિ સીતા પુનઃ વિચારવા લાગ્યાં કે "અરે, આ તે હું સ્વપ્ન જોઉં છું કે શું ?"[૫-૬]

રાક્ષસીઓના ભયથી આમ તેમ દૃષ્ટિપાત કરતાં સીતાએ વાનરરાજ સુગ્રીવની આજ્ઞા પ્રમાણે વર્તનાર, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને મહાન પરાક્રમી પવનસુત હનુમાનને જોયો. હનુમાનનું મુખ ઘણું વિશાળ અને વાંકું થઇ ગયેલું હતું.* તેને જોતાંજ વિશાળ નેત્રવાળાં સતી સીતા અતિશય દુઃખી થઇ ગયાં અને જાણે પ્રાણ ઉડી ગયા હોય તેમ નિશ્ચેષ્ટ થઈ ગયાં. કેટલીકવાર પછી જ્યારે તે સાવધાન થયાં ત્યારે વિચાર કરવા લાગ્યાં કે,[૭-૮] "અરેરે, આજે મેં આ સ્વપ્ન ઘણું ખરાબ જોયું. શાસ્ત્રોમાં નિષેધ કરેલા વાનરનું મને આજે દર્શન થયું; માટે રામ, લક્ષ્મણ અને મારા પિતા જનકરાજા જ્યાં હોય ત્યાં કુશળ રહેજો.[૯] ના, ના, પણ આ કાંઈ સ્વપ્ન નથી. હું દુઃખ અને શોકથી પીડાતી હોવાને લીધે મને નિદ્રા તો આવતીજ નથી. તો પછી સ્વપ્ન હોયજ ક્યાંથી ? અરેરે, ચંદ્ર સરખા મુખવાળા શ્રીમાન રામચંદ્રનો વિયોગ થયો છે ત્યારથી મને જરાએ સુખ નથી.[૧૦] મારા મનમાં રાત્રિ દિવસ રામ, રામ ને રામનુંજ ચિન્તવન થયા કરે છે; અને મારી જિહ્વા તેમનાજ નામનું રટણ કર્યા કરે છે; એથીજ મારા કાને તેમની કથાના ભણકારા વાગે છે અને કોઇ કોઈ વખતે તદનુરૂપ જોવામાં પણ આવે છે.[૧૧] અરે, નિરંતર રામને વિશેજ ભાવ રાખનારી હું એમની કામનાથીજ પીડાઈ રહી છું; અને રાત્રિ દિવસ એમનુંજ ચિન્તવન કર્યા કરૂં છું. હું તેમનેજ દેખું છું અને તેમનેજ સાંભળું છું.[૧૨] કદાચ હું જે કાંઈ સાંભળું છું અને જોઉં છું તે સઘળું મનની કલ્પના માત્ર હોય એવો મને વિચાર થઈ આવે છે; પરંતુ ના, ના, કલ્પિત પદાર્થ કાંઈ મૂર્તિમાન્ હોય

* ઇંદ્રનું વજ્ર વાગવાથી.

નહિ. અરે, હું મારી આંખે પ્રત્યક્ષ જોઉં છું અને આ સામે બેઠેલો વાનર મને સ્પષ્ટપણે કહી રહ્યો છે, માટે આ મનની કલ્પના તો નથીજ.[13] અસ્તુ, ગમે તેમ હો. હું વાચસ્પતિ, વજ્રધર ઇંદ્ર, સ્વયંભૂ બ્રહ્મા અને અગ્નિદેવને નમસ્કાર કરૂં છું અને તેમની પ્રાર્થના કરૂં છું કે, વનવાસી વાનરે મારી આગળ જે કાંઈ કહ્યું છે તે યથાર્થ હો; અન્યથા ન હો.[14]

नमोऽस्तु वाचस्पतये सवज्रिणे स्वयम्भुवे चैव हुताशनाय। अनेन चोक्तं यदिदं ममाग्रतो वनौकसा तच्च तथास्तु नान्यथा ॥१४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૨

सर्ग ३३ मो.

હનુમાન અને સીતા–પરસ્પર વાતાચીત.

सोऽवतीर्य द्रुमात्तस्माद्विद्रुमप्रतिमाननः। विनीतवेषः कृपणः प्रणिपत्योपसृत्य च ॥१॥

સીતાનું દુઃખ જોઇને દુઃખીયો થયેલો પરવાળાં જેવા લાલ મુખવાળો કપિવર હનુમાન શિંશપા વૃક્ષની ઉપરની શાખાપરથી ઉતરીને છેક નીચેની શાખા ઉપર આવ્યો; અને સીતાની સંમુખ રહી તેમને પ્રણામ કરી તથા હાથ જોડીને મધુર વાણીથી કહેવા લાગ્યો.[1-2]

"હે કમળપત્ર સરખાં નેત્રવાળી! હે પવિત્ર આચરણવાળી! હે મલિન વસ્ત્રને ધારણ કરનારી! તું કોણ છે અને આમ વૃક્ષની શાખાને ગ્રહણ કરીને કેમ ઉભી છે?[3] અરે, જેમ કમળ પત્રોમાંથી જળ સ્રવે તેમ તારાં બન્ને નેત્રોમાંથી શોકાશ્રુનું જળ શા માટે સ્રવી રહ્યું છે?[4] હે સૌંદર્યવાળી! તું દેવ, અસુર, નાગ, ગંધર્વ, રાક્ષસ, યક્ષ અથવા કિન્નર, એ જાતિઓમાંની કયી જાતિની સ્ત્રી છે?[5] હે સુંદર મુખવાળી! તું રૂદ્રોમાંની કોઈ છે કિંવા મરૂદ્‌ગણોમાંની કોઇ છે? અથવા તો વસુઓમાંની કોઇ છે? ખરેખર, તું મને કોઈ દેવતા સરખી ભાસે છે.[6] અથવા તો હે સુંદરાંગી! તું સર્વ તારાઓમાં શ્રેષ્ઠ, ગુણોથી અધિક અને ચંદ્રથી વિયોગ પામી આકાશમાંથી ખરી પડેલી સાક્ષાત્ રોહિણી છે શું?[7] અથવા તો હે શ્યામ નેત્રવાળી! તું ક્રોધથી કિંવા મોહથી પોતાના પતિ વસિષ્ઠને કુપિત કરીને અહિં આવેલી સાક્ષાત કલ્યાણી અરૂંધતી છે શું?[8] હે સુમધ્યમા! તારા પિતા, ભાઇ, પુત્ર કિંવા સ્વામી કોણ છે? શું એમાંના કોઇનો પરલોકવાસ થયો છે કે જેથી તું આમ શોક કરે છે?[9] હે સુંદર મુખવાળી! તું રોદન કરે છે, મોટા મોટા નિઃશ્વાસ મૂકે છે, પૃથ્વીપર આળોટે છે તથા કોઇક રાજાનું નામ રટે છે, એથી હું તને દેવી તો માની શકતો નથી.[10] તારા શરીરમાં જે રાજચિહ્નો જણાય છે તે ઉપરથી હું ધારૂં છું કે તું કોઈ રાજાની પટ્ટરાણી અથવા રાજકન્યા છે.[11] હે સ્ત્રી! તારૂં કલ્યાણ થાઓ, જો તું રાવણે જનસ્થાનમાંથી બળાત્કારે હરણ કરી આણેલી સીતા હોય તો હું તને પૂછું છું, માટે સાચેસાચું કહે.[12] હે કલ્યાણી! તારા મુખપર દીનતા જણાય છે, તારૂં રૂપ અપ્રતિમ છે, અને તારો વેષ તપસ્વિની જેવો છે, એ ઉપરથી મને લાગે છે કે નિશ્ચય, તું શ્રીમાન રામચંદ્રની પ્રિય પત્ની મહાસતી સીતાજ છે."[13]

શિંશપા વૃક્ષની નીચેની શાખાપર રહેલા કપિવર હનુમાનનાં વચન સાંભળીને તથા રામચંદ્રનું નામ સાંભળીને હર્ષિત થયેલાં સતી શિરોમણિ સીતાએ કહ્યું કે,[14] "આ પૃથ્વીમાં જેટલા રાજસિંહો છે તે સર્વમાં મુખ્ય અને શત્રુની સેનાનો નાશ કરનારા મહાત્મા દશરથ રાજાની હું પુત્રવધૂ છું.[15] હું મહાત્મા જનકરાજાની પુત્રી છું. 'સીતા' એવું મારૂં નામ છે. હું બુદ્ધિમાન રામચંદ્રની પત્ની છું.[16] મારૂં લગ્ન થયા પછી હું મારા પતિ રામચંદ્રની સાથે બાર વર્ષ સુધી રાજભવનમાં રહી. ત્યાં અનેક પ્રકારના ભોગ ભોગવ્યા અને મારી સઘળી ઇચ્છાઓ પૂર્ણ

થઈ.[17] તે પછી તેરમા વર્ષમાં ઇક્ષ્વાકુવંશને આનંદ આપનારા મારા પતિ રામચંદ્રને રાજ્યાભિષેક કરવાનો મારા સસરા દશરથ રાજાએ પોતાના પુરોહિત તથા મંત્રીઓની સાથે મળીને વિચાર કર્યો.[18] જ્યારે રામચંદ્રને રાજ્યાભિષેક કરવાની સામગ્રી તૈયાર થવા લાગી ત્યારે રાજા દશરથની 'કૈકેયી' નામની એક માનીતી રાણીએ પોતાના સ્વામીને કહ્યું કે,[19] "જો રામને રાજ્યાભિષેક થશે તો હું મારા નિત્યના ખાન-પાનનો ત્યાગ કરી જિવિતનો અંત આણીશ; અર્થાત્ જો રામ ગાદીએ બેસશે તો હું ગમે તે પ્રકારે મરણ પામીશ.[20] હે નૃપોત્તમ! જો તમારે મને જીવતી રાખવી હોય અને તમોએ પૂર્વ પ્રીતિથી મને જે બે વરદાન આપેલાં છે તે સત્ય કરવાં હોય તો આજે રામ વનમાં જાય અને મારા પુત્ર ભરતને રાજ્યાભિષેક થાય."[21] કૈકેયીનાં એવાં ક્રૂર અને અપ્રિય વચન સાંભળીને તથા પૂર્વે તેને આપેલાં બે વરદાનરૂપ પોતાનાં વચનોને સંભારીને સત્યવાદી મહારાજા દશરથ મૂર્ચ્છિત થઈ પડયા.[22] પછી સત્ય ધર્મનું પાલન કરનારા વૃદ્ધ દશરથ રાજાએ રોદન કરતાં કરતાં પોતાના યશસ્વી જ્યેષ્ઠ પુત્ર રામચંદ્રને વનમાં જવાનું કહ્યું.[23] ત્યારે મહાસમર્થ રામચંદ્ર કે જેમને પોતાના પિતાની આજ્ઞા પાળવી એ રાજ્યાભિષેક કરતાં પણ અત્યંત પ્રિય હતું તમણે પોતાના મન સાથે વનમાં જવાનો દૃઢ નિશ્ચય કરીને વાણીવડે પિતાની એ આજ્ઞાનો સ્વીકાર કર્યો.[24] સત્ય પરાક્રમવાળા શ્રીમાન રામચંદ્ર પોતાના પ્રાણ જતા હોય તો પણ આપેલું પાછું લેતા નથી તેમજ અસત્ય બોલતા નથી.[25] તુરતજ મહાયશસ્વી રઘુવીરે પોતાના શરીરપરથી કિંમતી વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં અને પોતાના મનવડે રાજ્યનો પણ ત્યાગ કર્યો. પછી મારાં સાસુજી કૌસલ્યાને મારી સુપ્રત કરી,[26] પરંતુ હું તો તેમની સાથે વનમાં જવાને પ્રથમથીજ આગળ થઈ; કેમકે તેમના વિના સ્વર્ગમાં રહેવાનું પણ મને રૂચતું નથી.[27] એ વેળા મિત્રને આનંદ આપનારા અને મહાભાગ્યવાળા સુમિત્રાપુત્ર લક્ષ્મણ પણ પોતાના મોટાભાઈ રામચંદ્રના પહેલાંજ વલ્કલવસ્ત્ર તથા દર્ભ ધારણ કરીને તેમની સાથે વનમાં જવાને તત્પર થયા.[28] એ પ્રમાણે અમારા વડિલ દશરથ રાજાની આજ્ઞાને મસ્તકપર ચઢાવીને તથા દૃઢવ્રત ધારણ કરીને અમે ત્રણે જણાં પૂર્વે કદી નહિ જોયેલા ભયંકર એવા દંડકારણ્યમાં આવ્યાં.[29] અમે ત્રણે જણાં દંડકારણ્યમાં આવેલા જનસ્થાનમાં વસતાં હતાં તે સમયે હું કે જે અમિત તેજવાળા રામચંદ્રની ભાર્યા છું તેનું દુરાત્મા રાવણે હરણ કર્યું.[30] હાલમાં રાવણે મને બે માસ સુધી જીવતી રાખવાનો અનુગ્રહ દર્શાવ્યો છે. જો એટલા સમયમાં મારા સ્વામી રામચંદ્ર મારી સંભાળ નહિ લે તો એ અવધિ વીત્યા પછી હું જિવિતનો ત્યાગ કરીશ.[31]"

द्वौ मासौ तेन मे कालो जीवितानुग्रहः कृतः। ऊर्ध्वं द्वाभ्यां तु मासाभ्यां ततस्त्यक्ष्यामि जीवितम् ॥३१॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં તેત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૩.

सर्ग ३४ मो

હનુમાન અને સીતા—આશ્વાસન.

तस्यास्तद्वचनं श्रुत्वा हनुमान्हरिपुंगवः।
दुःखाद्दुःखाभिभूतायाः सान्त्वमुत्तरमब्रवीत्॥१॥

ઉપરા ઉપરી પડતાં દુઃખથી પીડાઈ રહેલાં સતીશિરોમણિ સીતાનાં વચન સાંભળીને વાનરશ્રેષ્ઠ હનુમાન તેનું સાંત્વન કરતાં કહેવા લાગ્યો કે,[1] "હે દેવિ! હું રામચંદ્રનો દૂત છું અને તેમનો સંદેશો લઈને તમારી પાસે આવ્યો છું. હે વૈદેહિ! પૂજ્ય રઘુવીર ક્ષેમ કુશળ છે, અને તેમણે તમારૂં ક્ષેમ કુશળ પૂછાવ્યું છે.[2] હે દેવિ! જે બ્રહ્માસ્રને જાણે છે, ચારે વેદોને જાણે છે તથા સર્વ

વેદજ્ઞ પુરૂષોમાં શ્રેષ્ઠ છે તે દશરથનંદન રામચંદ્રે તમને કુશળ કહાવ્યું છે;[3] તેમજ તમારા પતિને પ્રિય અને તેમની સેવા ઉઠાવનારા મહાતેજસ્વી લક્ષ્મણ કે જે શોકવડે તપી રહેલા છે તેમણે તમને પ્રણામ કહ્યા છે."[4]

હનુમાનના મુખથી પુરૂષોમાં સિંહસરખા રામ—લક્ષ્મણના કુશળ સમાચાર સાંભળીને શ્રીમતી સીતાને અંગેઅંગ આનંદ ઉભરાઈ જવા લાગ્યો. તેમણે હનુમાન પ્રત્યે કહ્યું કે,[5] "અહો! જીવતા મનુષ્યને સો વર્ષે પણ આનંદ પામવા વારી આવે છે એવી જે લોકોમાં કહેવત ચાલે છે તે આજે મારા સંબંધમાં સત્ય નિવડી."[6]

પરસ્પર પરિચય થવાથી સીતા અને હનુમાનને અત્યંત આનંદ થયો અને વિશ્વાસ પામી બન્ને જણાએ પરસ્પર વાતચિત કરી.[7] શોકથી સંતપ્ત થયેલાં સીતાનાં વચન સાંભળ્યા પછી કપિવર હનુમાન સીતા ઉભાં હતાં તે તરફ જવા લાગ્યો.[8] કપિશ્રેષ્ઠ હનુમાન જેમ જેમ સીતાની પાસે જતો ગયો તમ તેમ સીતાને "રખેને, આ રાવણ હોય !" એવી શંકા ઉપજવા લાગી.[9] તે વિચાર કરવા લાગ્યાં કે "હા, મને ધિક્કાર છે કે મેં આની સાથે વાતચિત કરી! અરેરે, આ તો બીજું રૂપ લઈ આવેલો રાવણજ છે!"[10] આવો વિચાર કરી શોકને લીધે સુકાઈ ગયેલાં નિર્દોષ અંગવાળાં સીતા તુરતજ વૃક્ષની શાખાને છોડી દઈને પૃથ્વીપર બેસી ગયાં.[11] એ સમયે મહાબાહુ હનુમાને પૃથ્વીપર બેઠેલાં જનકનંદિની સીતાને પ્રણામ કર્યા; પરંતુ રાવણ હોવાની શંકાને લીધે ભયથી ત્રાસી ગયેલાં સીતાએ તેના સામું પણ જોયું નહિ.[12]

પછી છેક પાસે આવી હનુમાનને પોતાના ચરણોનું વંદન કરતો જોઇને ચંદ્રમુખી સીતાએ દીર્ઘ નિઃશ્વાસ મૂકી મધુરી વાણીથી કહ્યું કે,[13] "જો તું માયાથી રૂપ બદલીને આવેલો સ્વયં રાવણ હોય તો હું તને કહું છું કે તું મને આવી રીતે વારંવાર સંતાપે છે એ ઠીક નથી; અર્થાત્ મને વારંવાર દુઃખી કરવાથી તારૂં ભલું થશે નહિ.[14] પૂર્વે જનસ્થાનમાં પોતાનું ખરૂં સ્વરૂપ બદલીને ભિક્ષુરૂપ ધારણ કરીને આવેલા જે રાવણને મેં જોયો હતો તેજ તું રાવણ છે.[15] હે ઈચ્છિતરૂપ ધરનાર નિશાચર રાવણ! હું કે જે શોકથી સંતપ્ત થયેલી તથા ઉપવાસથી કૃશ થયેલી છું તેને તું આમ વારંવાર સંતાપે છે એ ઠીક નથી."[16]

એટલું કહેતાંમાં વળી ચપળ ચિત્તનો વિચાર ફરી જતાં સતી સીતા બોલ્યાં કે, "ના, ના, મારી એ શંકા સત્ય હોય એમ જણાતું નથી, કેમકે તને જોતાંજ મારા મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે.[17] માટે હે વાનરશ્રેષ્ઠ! જો તું રામચંદ્રનો દૂત થઇને આવ્યો હોય તો તારૂં કલ્યાણ થાઓ. હું તને રામસંબંધીજ પ્રશ્ન કરીશ. મને રામસંબંધી કથા ઘણીજ પ્રિય લાગે છે.[18] હે વાનર! તું મારા પ્રિયભર્તા રામચંદ્રના ગુણોનું વર્ણન કર. હે કપિવર! જેમ નદીનો વેગ કિનારાનું હરણ કરે છે તેમ તું મારા ચિત્તનું હરણ કરે છે; અર્થાત્ પ્રતિપળે મારૂં ચિત્ત તારાપર વિશ્વાસયુક્ત થતું જાય છે.[19] અહો! આજનું આ સ્વપ્ન મને કેવું સુખરૂપ થઈ પડયું છે કે જેમાં રાવણે ઘણા વખતથી હરણ કરી આણેલી હું મારા પતિએ મોકલેલા વનવાસી દૂતને દેખું છું![20] અરે, સ્વપ્નમાં પણ જો હું મારા પતિ રામચંદ્ર અને તેના નાના ભાઈ લક્ષ્મણને જોઉં તો મને વધારે કષ્ટ થાય નહિ; પરંતુ હાલમાં તો સ્વપ્ન પણ મારાં વૈરી થઈ પડયાં છે.[21] અરે, પણ આ સ્વપ્ન છે એમ હું માનતી નથી, કેમકે સ્વપ્નમાં વાનર જોવામાં આવે તો અભ્યુદય થતો નથી, પરંતુ આથી તો મારો ખરેખરો અભ્યુદય થવાનો જણાય છે.[22] અરે, શું આ મને ચિત્તભ્રમ તો નહિ થયો હોય? અથવા તો મારામાં કોઈ વાયુ—ભૂતાદિનો આવેશ તો નહિ થયો હોય?

કિંવા ઉન્માદથી થતો કોઈ પ્રકારનો મનોવિકાર તો નહિ હોય? અથવા શું મને આ મૃગતૃષ્ણા સરખું દેખાતું હશે?[૨૩] ના, ના, આ ઉન્માદ તો નથીજ. અરે, આ ચિત્તભ્રમ પણ નથી, કેમકે તેનાં લક્ષણ પણ ઉન્માદનાં જેવાંજ હોય છે. હું મને પોતાને તેમજ મારી પાસે ઉભેલા કપિને સારી રીતે ઓળખી શકું છું."[૨૪]

રાક્ષસો ઇચ્છિતરૂપ ધરનારા હોવાથી અત્યંત બળવાન છે એ સંબંધે તથા રામચંદ્રના દૂત વાનરથી અહીંયાં આવી શકાય એમ નથી એ સંબંધે અનેક તર્કવિતર્ક કરીને વળી સતીશિરોમણિ સીતાએ માન્યું કે "રાક્ષસો પોતાની ઇચ્છામાં આવે તેવું રૂપ ધરી શકે છે, માટે નિશ્ચય, આ રાવણજ છે."[૨૫] આમ માનીને પાતળી કટિવાળાં જનકનંદિની સીતાએ હનુમાન પ્રત્યે બોલવું બંધ કર્યું.[૨૬] સીતાની શંકા જાણી લઈને પવનસુત હનુમાન કાનને પ્રિય લાગે તેવાં વિશ્વાસપાત્ર વચનો બોલીને તેને હર્ષિત કરવા લાગ્યો.[૨૭]

"સૂર્ય સરખા તેજસ્વી, ચંદ્ર સરખા સર્વ લોકને પ્રિય, સાક્ષાત કુબેરની પેઠે સર્વ લોકોને ઇચ્છિત આપી સંતુષ્ટ કરનાર,[૨૮] વિષ્ણુ સરખા પરાક્રમી તથા યશસ્વી, સાક્ષાત દેવોના ગુરૂ બૃહસ્પતિની પેઠે મધુર અને સત્ય બોલનાર,[૨૯] મૂર્તિમાન કામદેવના જેવા સ્વરૂપ સૌન્દર્યવાળા, અપરાધી જનોપર ક્રોધ કરી તેને દંડ દેનાર અને સર્વ લોકમાં શ્રેષ્ઠ એવા મહારથી રામચંદ્ર કે જેના રક્ષણ નીચે લોકો સુખપૂર્વક રહે છે તે મહાત્મા રામચંદ્રને મૃગનું રૂપ ધરીને જે આશ્રમથી ઘણે દૂર લઇ ગયો અને શૂન્ય પડેલા આશ્રમમાંથી જેણે તમારૂં હરણ કર્યું તે દુષ્ટાત્મા રાવણને પોતાનાં કર્મનાં ફળ અવશ્ય મળશે અને તે હવે અલ્પ સમયમાંજ તમારા જોવામાં આવશે. હે દેવિ! હવે અલ્પ સમયમાંજ ક્રોધપૂર્વક અગ્નિ સરખાં પ્રજ્વલિત બાણોવડે મહાપરાક્રમી રઘુવીર કે જે રાવણનો વધ કરવાના છે તેમનો દૂત થઇને હું તમારી પાસે આવ્યો છું.[૩૦-૩૩] હે જાનકિ! તમારા વિયોગથી દુઃખી થઇ રહેલા રામચંદ્રે તમને કુશળ કહાવ્યું છે; તેમજ સુમિત્રાના આનંદની વૃદ્ધિ કરનારા મહા તેજસ્વી લક્ષ્મણે પણ તમને અભિવંદન કરી કુશળ કહાવ્યું છે. હે દેવિ! 'સુગ્રીવ' નામનો વાનર કે જે અમો સર્વ કપિઓનો રાજા છે અને શ્રીમાન રામચંદ્રનો મિત્ર છે તેણે પણ તમને કુશળ કહાવ્યું છે. રામ, લક્ષ્મણ તથા સુગ્રીવ તમને નિરંતર સંભારે છે.[૩૪-૩૬] હે વૈદેહિ! આ એક મોટા ભાગ્યની વાત છે કે રાક્ષસીઓને વશ પડવા છતાં તમે આજ સુધી જીવતાં રહ્યાં છો. હવે થોડા કાળમાંજ તમે અમિત તેજવાળા રામને, મહારથી લક્ષ્મણને તથા કરોડો વાનરોના અધિપતિ સુગ્રીવને જોશો. હું વાનરરાજ સુગ્રીવનો સચિવ છું અને મારૂં નામ 'હનુમાન' છે.[૩૭-૩૮] હું સો યોજનનો મોટો સમુદ્ર ઓળંગીને આ લંકાનગરીમાં આવ્યો છું અને દુરાત્મા રાવણને નહિ ગણકારતાં પોતાના પરાક્રમનો આશ્રય કરીને હું તમારી શોધ કરતો અત્રે આવી પહોંચ્યો છું. હે દેવિ! હું રાવણ નથી, તમે શંકાનો ત્યાગ કરો અને મારાં વચનપર વિશ્વાસ રાખો."[૩૯-૪૦]

त्वां द्रष्टुमुपयातोऽहं समाश्रित्य पराक्रमम् ।
नाहमस्मि तथा देवि यथा मामवगच्छसि ॥
विशङ्का त्यज्यतामेषा श्रद्धत्स्व वदतो मम ॥

ઇતિ શ્રીવાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચોત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૪

सर्ग ३५ मो.

હનુમાન અને સીતા-રામચિહ્ન વર્ણન અને સ્વવૃત્તાંત કથન.

तां तु रामकथां श्रुत्वा वैदेही वानरर्षभात् ।
उवाच वचनं सान्त्वमिदं मधुरया गिरा॥१॥

વાનરશ્રેષ્ઠ હનુમાનના મુખથી રામકથા સાંભળીને સતીશિરોમણિ સીતા મધુરી વાણીથી નમ્ર વચન કહેવા લાગ્યાં કે,[૧] " હે કપિ ! તને રામચંદ્રનો મેળાપ ક્યાં થયો? તું લક્ષ્મણને શી રીતે ઓળખે છે ? તેમજ વાનરોનો અને મનુષ્યોનો સમાગમ કેવી રીતે થયો ?[૨] હે વાનર ! રામ અને લક્ષ્મણનાં રાજાને યોગ્ય શાં શાં ચિહ્નો છે, તે તું મને યથાર્થ કહે કે જેથી મારો શોક શાન્ત થાય.[૩] હે કપિ ! રામ-લક્ષ્મણના અવયવો કેવા છે ? તેમનું રૂપ કેવું છે ? તેમના ઉરૂ કેવા છે ? તેમની ભુજાઓ કેવી છે ? એ સઘળું મને યથાર્થ રીતે કહે."

વિદેહતનયા સીતાએ એ પ્રમાણે પૂછ્યું ત્યારે વાયુસુત હનુમાને યથાર્થ રીતે રામચંદ્રનું વર્ણન કરવા માંડ્યું. તે બોલ્યો:[૫] " હે કમળપત્ર સરખાં નેત્રવાળાં વૈદેહિ ! તમે સઘળું જાણો છો છતાં મને પૂછો છો, તો હે વિશાલાક્ષિ ! રામ તથા લક્ષ્મણનાં જે જે રાજચિહ્નો મારા જોવામાં આવ્યાં છે તે સઘળાં હું તમને કહું છું.[૬-૭] હે જનકનંદિનિ ! રામચંદ્રનાં નેત્ર કમળપત્ર સરખાં છે, તેમનું મુખ પૂર્ણિમાના ચંદ્ર સરખું છે, અને રૂપ તથા દાક્ષિણ્ય આદિ ગુણો તેમના વિશે જન્મથીજ રહેલા છે.[૮] શત્રુઓને તપાવનારા એ રામચંદ્ર તેજમાં સૂર્ય સરખા છે; બુદ્ધિમાં બૃહસ્પતિ સરખા છે; ક્ષમામાં પૃથ્વી સરખા છે; ઉજ્જવલ યશમાં ઇંદ્ર સરખા છે; અને સર્વ જીવલોકનું, સ્વજનોનું, સદાચરણનું તથા ધર્મનું રક્ષણ કરનારા છે.[૯-૧૦] હે ભામિનિ ! શ્રીમાન રામચંદ્ર ચાતુર્વર્ણ્ય પ્રજાનું રક્ષણ કરનારા છે; તેમજ વર્ણાશ્રમ ધર્મની મર્યાદાનું પાલન કરનારા તથા કરાવનારા છે.[૧૧] એ રામચંદ્ર અત્યંત ઓજસ્વાળા છે; અને સર્વને પૂજ્ય છે. તે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારા છે; સજ્જનોએ કરેલા ઉપકારને જાણનારા છે; ક્રિયા-કર્મના પ્રચારને જાણનારા છે;[૧૨] રાજનીતિમાં કુશળ છે; બ્રાહ્મણોની ઉપાસના કરનારા છે; અને જ્ઞાન, શીલ, તથા વિનયથી યુકત છે.[૧૩] શ્રીમાન રામચંદ્ર યજુર્વેદ આદિ ચારે વેદોમાં, વેદાંગોમાં તેમજ ધનુર્વેદમાં પારંગત છે; અને વેદજ્ઞ પુરૂષોને પણ પૂજ્ય છે.[૧૪] હે દેવિ ! રામચંદ્રના ખભા વિપુલ છે, ભુજાઓ જાનુ પર્યંત લાંબી છે, ગ્રીવા શંખના જેવી છે, હાંસડી દેખાતી નથી, નેત્ર રક્તવર્ણા છે, મુખ સુંદર છે, અને તેઓ લોકોમાં વિખ્યાત છે.[૧૫] શ્રીમાન રામચંદ્રનો વર્ણ સ્નિગ્ધ-પ્રકાશતો છે, સ્વર દુદુભિ સરખો ગંભીર છે, તેમનું આખું શરીર ઘાટિલું છે, તેમનાં સર્વ અંગો પણ ઘાટિલાં છે, અને તે શરીરે શ્યામ વર્ણા છે.[૧૬] રામચંદ્રનાં ઉરૂ, કાંડું તથા મુષ્ટિ સ્થિર છે; ભ્રુકુટિ, વૃષણ અને બાહુ દીર્ઘ છે; કેશનાં અગ્ર, વૃષણ તથા જાનુ સમાન છે; નાભિની અંદરનો ભાગ, કુખ અને વક્ષઃસ્થળ ઉપસેલાં છે; નેત્રના ખુણા, નખ તથા હાથ અને પગનાં તળીયાં રાતા છે; ચરણની રેખાઓ, મસ્તકના કેશ તથા લિંગનો મણિ એ ત્રણ સુંવાળાં છે; સ્વર, ગતિ અને નાભિ ગંભીર છે;[૧૭] તેમના ઉદર તથા કંઠ ઉપર ત્રિવલી પડે છે; તેમના ચરણતળનો મધ્ય ભાગ, ચરણની રેખાઓ અને સ્તનની ડીંટડીઓ એ ત્રણ ઉંડાં છે; ગ્રીવા, જનનેંદ્રિય, પીઠ તથા જંઘા એ ચાર ટુંકાં છે; તેમના મસ્તકમાં ત્રણ ભમરા છે; હાથના અંગુઠાના મૂળ આગળ ચાર રેખાઓ છે; લલાટમાં ચાર રેખાઓ છે; તેમના બાહુ, જાનુ, ઉરૂ તથા ગંડસ્થળ સમાન છે; અને તે છન્નુ આંગળ ઉંચા છે.[૧૮] હે વૈદેહિ ! રામચંદ્રનાં બે નસકોરાં, બે ભ્રુકુટિઓ, બે નેત્ર, બે કાન, બે હોઠ, બે સ્તનની ડીંટ-

ડીંઓ, બે કોણીઓ, બે હાથનાં કાંડાં, બે ઢીંચણ, બે વૃષણ, બે કટિ, બે હાથ, બે ચરણ અને બે નિતંબ એ ચૌદ યુગલઅંગ સરખાં છે; તેમના દાંતની બન્ને પંક્તિઓના છેડા ઉપર શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ચાર ચાર દાઢો છે;તેમની ચાલ સિંહ, શાર્દૂલ, હાથી તથા વૃષભના જેવી છે; તેમનાં હોઠ, હડપચી અને નાસિકા એ ત્રણે સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા લક્ષણયુક્ત છે; તેમનાં વાણી, મુખ, નખ, રૂંવાટાં તથા ત્વચા એ પાંચ કોમળ છે; અને બે બાહુ, બે કનિષ્ઠિકા આંગળી, બે ઉરૂ તથા બે જંઘા એ આઠ અંગ દીર્ઘ છે.[૧૯] શ્રીમાન રામચંદ્રનાં મુખ, નેત્ર, મોંની અંદરનો ભાગ, જીભ, હોઠ, તાળવું, સ્તન, નખ, હાથ તથા ચરણ એ દશે અંગો કમળ સરખાં શોભાયમાન છે; છાતી, મસ્તક, લલાટ, ગ્રીવા, બાહુ, ખભા, નાભિ, ચરણ, પીઠ અને કાન એ દશે અંગ વિશાળ છે; બગલ, કુખ, છાતી, નાક, ખભા તથા લલાટ એ છ અંગ ઉન્નત છે; અને આંગળીઓના વેઢા, મસ્તકના કેશ, રૂંવાટાં, નખ, ત્વચા, લિંગ, દાઢી–મુછના વાળ, દૃષ્ટિ તથા બુદ્ધિ એ નવ સૂક્ષ્મ છે. એ રઘુવીર દેશ–કાળને અનુસરી ધર્મ, અર્થ અને કામનું સેવન કરે છે. તેમના માતા–પિતાનું કુળ ઘણુંજ શુદ્ધ છે. તે લક્ષ્મી, યશ અને તેજથી પરિપૂર્ણ છે.[૨૦] વળી તે સત્યધર્મમાં પ્રીતિવાળા છે; ધનનો સંગ્રહ કરવામાં તથા પ્રજાનું રક્ષણ કરવામાં તત્પર છે; દેશ–કાળને જાણનારા છે; અને સર્વ લોકને પ્રિય લાગે તેવું મધુર ભાષણ કરનારા છે.[૨૧] તેમના ઓરમાન ભાઈ લક્ષ્મણ પણ અમાપ તેજવાળા છે; અને પ્રીતિમાં, રૂપમાં તથા ગુણોમાં રામચંદ્રના જેવાજ છે.[૨૨] માત્ર તેમના શરીરનો વર્ણ સુવર્ણના જેવો છે; અને મહાયશસ્વી રામચંદ્ર શ્યામવર્ણના છે. પુરૂષોમાં સિંહ સરખા એ બન્ને રઘુવીરો તમારા દર્શન માટે તલસી રહ્યા છે.[૨૩]

તમારીજ શોધ કરતા તેઓ આખી પૃથ્વીમાં ફરતાં ફરતાં એક દિવસે અમારા વનમાં આવી ચડ્યા.[૨૪] એ સમયે પોતાના મોટાભાઇ વાલીએ રાજ્યમાંથી કાઢી મૂકેલો હોવાથી, અનેક વૃક્ષોવાળા ઋષ્યમૂક પર્વતની તળેટીમાં આવી રહેલો અને વાલીના ભયથી પીડાતો કપિશ્રેષ્ઠ સુગ્રીવ, દૂરથી તેમની દૃષ્ટિએ પડ્યો. અમે વાનરો પણ સત્યપ્રતિજ્ઞાવાળો એ સુગ્રીવ કે જેને વાલીએ રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો તેની તે દિવસથી સેવા કર્યા કરીએ છીએ. વલ્કલવસ્ત્રને ધારણ કરનારા તથા હાથમાં શ્રેષ્ઠ ધનુષ્ય ગ્રહણ કરી પોતાની તરફ આવતા રામલક્ષ્મણને જોઈ વાનરવર સુગ્રીવ ભયભીત થયો; અને ઋષ્યમૂક પર્વતના એક મોટા શિખરપર ચઢી ગયો. પર્વત શિખરપર ચઢી બેઠા પછી વાનરરાજ સુગ્રીવે સામેથી આવતા એ બન્ને રાજપુત્રોની પાસે જવાની મને આજ્ઞા કરી; જેથી હું તુરતજ શાસ્ત્રોક્ત રૂપ તથા લક્ષણવાળા એ બન્ને વીરોની પાસે ગયો અને હાથ જોડીને ઉભો રહ્યો. પરસ્પર વાતચિત કરી એક–બીજાનું સંપૂર્ણ વૃત્તાંત્ત જાણ્યા પછી એ રાજપુત્રોએ મારાપર પ્રીતિ દર્શાવી.[૨૫-૩૦] પછી હું તેઓને મારી પીઠપર બેસાડી સુગ્રીવની પાસે લઈ ગયો, અને મેં તેમનું વનમાં આવવાનું કારણ યથાર્થ રીતે સુગ્રીવને નિવેદન કર્યું.[૩૧] પરસ્પર સંભાષણ થવાથી તે બન્ને વચ્ચે ગાઢ પ્રીતિ બંધાઈ; અને તેઓ પોતપોતાનું અથેતિ વૃત્તાંત એક બીજાને કહીને પરસ્પર વિશ્વાસ પામ્યા. પછી લક્ષ્મણના મોટાભાઇ રઘુવીરે સુગ્રીવનું સાંત્વન કર્યું, કેમકે અત્યંત તેજસ્વી તેના મોટાભાઇ વાલીએ તેને સ્રીસંબંધી તકરાર માટે નગરમાંથી કાઢી મૂક્યો હતો. તમારો વિયોગ થવાથી અક્લિષ્ટ કર્મા રામચંદ્રને જે શોક થતો હતો તે સર્વ જ્યારે મહાત્મા લક્ષ્મણે સુગ્રીવને જણાવ્યો ત્યારે વાનરેંદ્ર સુગ્રીવ રાહુએ ગળેલા સૂર્યસરખો નિસ્તેજ થઈ ગયો. ત્યાર પછી રાવણ જ્યારે આકાશ માર્ગે તમારૂં હરણ કરી જતો હતો

ત્યારે તમોએ તમારાં અંગપરના જે જે અલંકારો પૃથ્વીપર નાખી દીધા હતા તે સર્વ અમો સૌ વાનરોએ આનંદથી તમારા પતિ રામચંદ્રને બતાવ્યા; પરંતુ 'રાવણ તમને ક્યાં લઈ ગયો છે' એ અમે જાણતા ન હતા, એટલે અમે રામચંદ્રને બીજું વિશેષ કંઇ પણ કહી શક્યા નહિ. તમારા શરીરપરથી પૃથ્વીપર વેરાઈ પડેલા અલંકારો કે જે મેં એકઠા કરી સાચવી રાખ્યા હતા તે જ્યારે મેં રામચંદ્રની આગળ મૂક્યા ત્યારે તેને જોતાંજ તેઓ એકાએક મૂર્ચ્છિત થઈ ગયા. કેટલીક વારે સાવધ થયા પછી શ્રીમાન રામચંદ્રે એ દર્શનીય અલંકારોને પોતાના ખોળામાં રાખીને ઘણુંજ રોદન કર્યું. એવી રીતે તમારાં આભૂષણો જોવાથી રઘુવીરનો શોકાગ્નિ વધારે સળગી ઉઠયો.[૩૨-૪૦] હે સીતા! એ સમયે દુઃખી થઈ ગયેલા મહાત્મા રામચંદ્ર ઘણીવાર સુધી શોકમૂર્ચ્છિત થઇ પૃથ્વીપર પડી રહ્યા. એ સમયે મેં તેમને અનેક પ્રકારનાં વાક્યોથી આશ્વાસન આપી મહામહેનતે સાવધ કર્યા.[૪૧] પછી રઘુવીરે તથા લક્ષ્મણે અમૂલ્ય આભૂષણોને ધારી ધારીને જોયાં અને સુગ્રીવ વગેરે સર્વને દેખાડયાં તથા સુગ્રીવને સાચવવા આપ્યાં.[૪૨] હે આર્યા! જેમ મહાન અગ્નિથી બળતો જ્વાળામુખી પર્વત નિરંતર તપ્યા કરે છે તેમ શ્રીમાન રામચંદ્ર તમારૂં દર્શન નહિ થવાથી નિરંતર તપ્યા કરે છે.[૪૩] જેમ અગ્નિ અગ્નિશાળાને તપાવે છે તેમ તમારા વિયોગથી થતા ઉજાગરા, શોક અને ચિંતા એ ત્રણે મહાત્મા રામચંદ્રને તપાવે છે.[૪૪] જેમ મોટો ધરતીકંપ થવાથી મહાન પર્વત કંપી ઉઠે છે તેમ તમારૂં દર્શન નહિ થવાથી થતા શોકાઘાતને લીધે મહાત્મા રઘુવીર કંપાયમાન થયાં કરે છે.[૪૫] હે રાજપુત્રિ! અત્યંત રમ્ય એવાં વનો તથા નદી-નાળાંઓ વગેરે સ્થળોમાં ફરવા છતાં પણ શ્રીમાન રામચંદ્ર તમારો વિયોગ હોવાને લીધે જરા પણ આનંદ પામતા નથી.[૪૬] હે જનકનંદિનિ! પુરૂષોમાં સિંહસરખા એ રામચંદ્ર રાવણનો, તેના બંધુઓ તથા મિત્રોસહિત વધ કરીને હવે અલ્પકાળમાંજ તમને મળશે.[૪૭]

તમારા સ્વામી રામચંદ્ર અને વાનરશ્રેષ્ઠ સુગ્રીવ બન્નેએ મળીને વાલીનો વધ કરવાનો તથા તમારી શોધ કરવાનો નિશ્ચય કર્યો.[૪૮] ત્યાર પછી શૂરવીર એવા એ બન્ને રાજકુમારોએ સુગ્રીવની સાથે કિષ્કિંધા પ્રત્યે જઈ યુદ્ધમાં એકજ બાણવડે વાલીનો નાશ કર્યો.[૪૯] વાલિનો વધ કર્યા પછી મહાત્મા રામચંદ્રે કિષ્કિંધાના રાજ્યાસનપર સુગ્રીવનો અભિષેક કરી, તેને રીંછ તથા વાનરોનો રાજા બનાવ્યો.[૫૦] હે દેવિ! એ પ્રમાણે રામ અને સુગ્રીવનું સખ્ય થયું છે, અને હું તેઓના દૂત તરીકે તમારી પાસે આવ્યો છું. મારૂં 'હનુમાન' એવું નામ છે. એ તમે નિઃસંદેહ જાણો.[૫૧] પોતાને રાજ્ય મળ્યા પછી કપિરાજ સુગ્રીવે મહાન બળવાળા અનેક કપિઓને બોલાવ્યા છે; અને તમારી શોધ કરવા અર્થે તેઓને દશે દિશાઓમાં મોકલ્યા છે.[૫૨] વાનરરાજ સુગ્રીવની આજ્ઞા થવાથી મહાન પરાક્રમવાળા અને પર્વત સમાન પ્રૌઢ દેહવાળા અનેક કપિઓ તમારી શોધ કરવા માટે પૃથ્વીપર ચોમેર નીકળી પડયા છે.[૫૩] સુગ્રીવની ઉગ્ર આજ્ઞાથી ભય પામેલા અમે સર્વ વાનરો 'ગમે ત્યાંથી પણ તમને શોધી કહાડવાં' એવો નિશ્ચય કરીને આખી પૃથ્વીમાં ફરીએ છીએ.[૫૪] તેમાં વાલીનો પુત્ર મહાબળવાન અંગદ ત્રીજા ભાગની સેના લઈને તમારી શોધ માટે નીકળેલો છે.[૫૫] અંગદ આદિ અમે સૌ ફરતા ફરતા પર્વત શ્રેષ્ઠ વિંધ્યાચળમાં આવ્યા. ત્યાં અમે ભૂલા પડયા અને શોકમાં ને શોકમાં જ અમારાં ઘણાં રાત્રિ-દિવસ વ્યર્થ નીકળી ગયાં.[૫૬] પછી ઘણો કાળ વ્યતીત થવાથી તમારી શોધમાં નિષ્ફળ થયા એમ માનીને તથા 'હવે જો પાછા જઈશું તો સુગ્રીવ આપણને ઉગ્ર દંડ આપ્યા વિના રહેશે નહિ' એવા ભયથી [illegible]

અમે સૌ પ્રાણ ત્યાગ કરવાને તૈયાર થયા.[૫૭] હે દેવિ ! મોટા મોટા પર્વતો, દુર્ગો અને નદી–નાળાં વગેરે સર્વ સ્થળોમાં અમે શોધી વળ્યા; પરંતુ ક્યાંય પણ તમારો પત્તો નહિ મળવાથી અંતે અમોએ પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો.[૫૮] પછી અમે સૌએ વિંધ્યાચળના શિખરપર જઈને પ્રાયોપવેશન કર્યું. સર્વ કપિઓને મરવાના નિશ્ચયથી અનશન વ્રત ધરી બેઠેલા જોઇને યુવરાજ અંગદ અત્યંત શોકાતુર થઈ ગયો; અને તમારૂં હરણ, વાલિનો વધ, સુગ્રીવના ભયથી અમો સર્વનું મરણ તથા જટાયુનો વધ, એ સઘળું સંભારી સંભારીને વિલાપ કરવા લાગ્યો.

સુગ્રીવની આજ્ઞા નહિ પળાવાથી નિરાશ થઇ અમે સૌ મરવાનો નિશ્ચય કરી પર્વત શિખરપર બેઠા હતા તેવામાં જટાયુનો સહોદર ભાઈ મહાબળવાન ગૃધ્રરાજ સંપાતિ કોઈ કાર્યને માટે ત્યાં આવી ચઢયો.[૫૯-૬૨] અંગદના વિલાપ વચનોમાંથી પોતાના ભાઇ જટાયુનો વધ થયેલો સાંભળી, સંપાતિ અતિશય ક્રોધે ભરાયો અને બોલ્યો કે, “ અરે, મારા નાના ભાઇને કોણે માર્યો અને તે ક્યાં હણાઇ પડયો છે ?[૬૩] હે વાનર શ્રેષ્ઠો ! આ બાબતમાં હું તમારા મુખથી સાંભળવા ઈચ્છું છું. ” ગૃધ્રરાજ સંપાતિનું વચન સાંભળીને જનસ્થાનમાં લડતાં રાક્ષસ રાજ રાવણના હાથે તમારે માટે હણાયેલ જટાયુની વાત તથા રાવણે કરેલું તમારૂં હરણ એ સઘળું યથાર્થ રીતે યુવરાજ અંગદે તેને કહી સંભળાવ્યું. ત્યારે પોતાના ભાઈ જટાયુનું મરણ સાંભળીને તે અત્યંત દુઃખી થઈ ગયો.[૬૪-૬૫] પછી તેણે તમારા સમાચાર આપતાં કહ્યું કે, “ હે વાનરો ! તમે જેની શોધ કરવા નીકળેલા છો તે સતી સીતા હાલમાં રાક્ષસરાજ રાવણને ત્યાં લંકામાં છે. ”

આનંદની વૃદ્ધિ કરનારૂં સંપાતિનું વચન સાંભળીને અત્યંત હર્ષિત થયેલા અંગદ આદિ અમે સર્વ વાનરો વિંધ્યાચળપરથી સમુદ્ર તરફ આવવા નીકળ્યા. તમારાં દર્શન કરવાના ઉત્સાહમાંને ઉત્સાહમાં અમે સૌ થોડીક વારમાંજ દક્ષિણ સમુદ્રના ઉત્તર કિનારાપર આવી પહોંચ્યા; પરંતુ ઘુઘવાટી કરી રહેલા મહાન સમુદ્રને જોઈ સર્વ કપિઓ પુનઃ ચિંતાતુર થઇ ખેદ પામ્યા. પછી સર્વ વાનરોનાં ખેદ તથા ચિંતાને દૂર કરીને, મેં સો યોજનનો કૂદકો મારી સમુદ્ર ઓળંગ્યો; અને રાક્ષસોથી ભરેલી લંકામાં રાત્રિના વખતે પ્રવેશ કર્યો. તમને શોધતો હું આખી લંકાનગરીમાં ફરી વળ્યો. મેં રાક્ષસરાજ રાવણને જોયો તેમજ સઘળા રાક્ષસોને પણ જોયા, પરંતુ ક્યાંય તમને જોયાં નહિ. ઘણી ઘણી શોધ કર્યા પછી છેવટે અહિં અશોક વાટિકામાં આવતાં હું તમારાં દર્શન કરવાને ભાગ્યશાળી થયો છું.[૬૬-૭૦]

હે અનિંદિતા ! એ પ્રમાણે જે કંઈ વૃત્તાંત બનેલું છે તે સઘળું મેં તમને અથ-ઇતિ કહી સંભળાવ્યું.[૭૧] હે દેવિ! હું રામચંદ્રનો દૂત છું, માટે તમે મારી સાથે સંભાષણ કરો. હે સીતા ! રામચંદ્રને માટે આટલો પ્રયત્ન કરીને હું તમારી શોધ સારૂજ અત્રે આવેલો છું.[૭૨] હે દેવિ ! હું સુગ્રીવનો સચિવ છું; વાયુનો પુત્ર છું; અને ‘હનુમાન’ એવું મારૂં નામ છે. શસ્ત્રધારી પુરૂષોમાં શ્રેષ્ઠ એવા તમારા સ્વામી રઘુવીર કુશળ છે.[૭૩] વડિલ ભ્રાતાની સેવામાં તત્પર રહેનારા અને શુભ લક્ષણવાળા મહાત્મા લક્ષ્મણ પણ કુશળ છે. હે દેવિ ! મહાપરાક્રમી તમારા ભર્તા રામચંદ્રનું હિત કરવામાં પ્રીતિવાળો હોવાથી[૭૪] હું સમુદ્ર ઓળંગીને અહિં આવ્યો છું; અને સુગ્રીવની આજ્ઞા માન્ય કરી છે. વળી હું સહાયરહિત હોવા છતાં ઇચ્છિતરૂપ ધરી તમારી શોધ કરવા અર્થે આખી દક્ષિણ દિશામાં ફરી વળ્યો છું. હે દેવિ ! છેવટે પણ હું તમારૂં દર્શન પામ્યો એ બહુ રૂડું થયું. હવે હું તમારે માટે શોચ કરતા વાનરોના

સંતાપને દૂર કરીશ. અહો ! મારાં સદ્ભાગ્ય કે સમુદ્ર ઓળંગવાનો મારો શ્રમ નિષ્ફળ ન ગયો. ૭૩-૭૭ હે દેવિ ! મેં તમારાં પહેલ વહેલાંજ દર્શન કર્યાં તેથી તમારી શોધનો સઘળો યશ મને એકલાનેજ મળશે. હે જનકતનયા ! તમે નિશ્ચય માનજો કે મહા-પરાક્રમી રઘુવીર હવે સત્વર તમને મળશે;૭૮ અને રાક્ષસરાજ રાવણને, તેના પુત્ર-બાંધવાદિ સહિત હણશે.

હે વૈદેહિ ! પર્વતોમાં ઉત્તમ એવો 'માલ્યવાન' નામનો એક પર્વત છે. તેમાં 'કેસરી' નામનો એક વાનર રહેતો હતો. તે કેસરી વાનર એક દિવસે 'ગોકર્ણ' નામના પર્વત પ્રત્યે જતો હતો; તેવામાં દેવર્ષિઓએ તેને આજ્ઞા કરી કે "સમુદ્રના પવિત્ર તીર્થમાં વસનારા 'શંબસાદન' નામના અસુરનો તું નાશ કર." દેવર્ષિઓની આજ્ઞા થવાથી તેણે ત્યાં જઈ શંબસાદન અસુરને માર્યો હતો. એ મહાકપિ કેસરી મારા પિતા થાય છે.૭૯-૮૦ હે મૈથિલિ ! એ કેસરીવાનરના +ક્ષેત્રમાં હું વાયુથી ઉત્પન્ન થયેલો છું; અને મારાં પરાક્રમવડે આ લોકમાં 'હનુમાન' એવા નામથી વિખ્યાત છું.૮૧ હે વૈદેહિ ! તમારો મારાપર વિશ્વાસ બેસાડવામાટે મેં તમારા સ્વામી રામચંદ્રના ગુણોનું વર્ણન કર્યું છે. હે દેવિ ! હવે થોડા સમયમાંજ રામચંદ્ર તમને મળશે; અને અહીંથી તમને સત્વર સ્વસ્થાન પ્રત્યે તેડી જશે. ૮૨

શોકથી પીડાતાં સીતાને જ્યારે કપિવર હનુમાને એ પ્રમાણે ખરેખરી નીશાનીઓ આપી વિશ્વાસ બેસાડયો ત્યારે સીતાએ જાણ્યું કે "આ મારા સ્વામી રામચંદ્રનોજ દૂત છે."૮૩ પછી હર્ષવડે પુલકિત થયેલાં સીતા અત્યંત આનંદ પામ્યાં; અને તેમનાં વાંકી પાંપણોવાળાં નેત્રમાંથી આનંદાશ્રુ ટપકવા લાગ્યાં.૮૪ એ વેળા વિશાલાક્ષી સીતાનું શ્વેત તથા રક્તવર્ણાં નેત્રવાળું સુંદર મુખ, રાહુથી મુક્ત થયેલા ચંદ્રસરખું શોભવા લાગ્યું.૮૫ સતીશિરોમણિ સીતા કપિવર હનુમાનને "ખરેખર આ હનુમાનજ છે." એમ માનવા લાગ્યાં. તેમનો અન્યથા ભાવ ટળી ગયો.

પછી કપિવર હનુમાને પ્રિયદર્શના સીતાને કહ્યું કે:-૮૬ "હે મૈથિલિ ! મેં તમને રામચંદ્રના સર્વ સમાચાર કહી સંભળાવ્યા છે, માટે હવે તમે શાંત થાઓ. કહો હવે હું શું કરૂં ? તમારી શી ઇચ્છા છે ? હવે મારે અહીંથી સત્વર વિદાય થવાની જરૂર છે."૮૭ "હે મૈથિલિ ! પૂર્વે મહર્ષિઓની આજ્ઞાથી જેણે યુદ્ધમાં 'શંબસાદન' નામના અસુરનો નાશ કર્યો છે, તે કપિશ્રેષ્ઠ કેસરી વાનરનો હું વાયુથી ઉત્પન્ન થયેલો ક્ષેત્રજ પુત્ર છું; અને એ મહર્ષિઓના પ્રભાવથી હું પરાક્રમમાં પણ વાયુના જેવોજ છું.૮૮

हतेऽसुरे संयति शम्बसादने कपिप्रवीरेण महर्षिचोदनात् । ततोऽस्मि वायुप्रभवो हि मैथिलि प्रभावतस्तत्प्रतिमश्च वानरः ॥ ८८ ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પાંત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૫

सर्ग ३६ मो.

હનુમાન અને સીતા-મુદ્રિકાસમર્પણ.

भूय एव महातेजा हनूमान्पवनात्मजः ।
अब्रवीत्प्रश्रितं वाक्यं सीता प्रत्ययकारणात् ॥१॥

અત્યંત તેજવાળો પવનસુત હનુમાન સીતાને વિશ્વાસ ઉપજાવવા માટે પુનઃ પણ નમ્ર વચન કહેવા લાગ્યો.૧

"હે મહાભાગ્યવતી ! હું વાનરજાતિનો છું; અને મહાબુદ્ધિમાન રામચંદ્રનો દૂત છું. (ત્યાર પછી રામચંદ્રે આપેલી મુદ્રિકા બતાવીને તે બોલ્યો કે) હે દેવિ ! શ્રીમાન રામચંદ્રના નામથી અંકિત થયેલી આ મુદ્રિકા તમે જુઓ.૨ મહાત્મા રામચંદ્રે તમને મારો વિશ્વાસ આવે એટલા માટે આ મુદ્રિકા

+ કેસરીની સ્ત્રી અંજના.

આપેલી છે; અને તે સારૂજ હું આ મુદ્રિકા તમારી આગળ મૂકું છું. હે દેવિ ! તમે શાંત થાઓ. તમારૂં કલ્યાણ થશે. હવે તમારા દુઃખનો અંત આવી રહ્યો છે. "[૩]

પોતાના ભર્તા રામચંદ્રના હાથની મુદ્રિકા જોઇને તથા તેને પોતાના હાથમાં લઇને સતીશિરોમણિ સીતા જાણે પોતાના સ્વામીજ મળ્યા હોય એવા આનંદમાં આવી ગયાં.[૪] એ વેળા જેમ રાહુથી મુક્ત થયેલો ચંદ્ર પ્રસન્ન જણાય તેમ રક્ત તથા શ્વેતવર્ણનાં નેત્રવાળું સીતાનું સુંદર મુખ હર્ષપૂર્ણ જણાવા લાગ્યું.[૫] સ્વામીનો સંદેશો મળવાથી હર્ષિત થયેલાં તથા મુદ્રિકા ગ્રહણ કરવાથી કંઇક લજવાતાં મહાસતી સીતા અતિ આદરપૂર્વક કપિવર હનુમાનની પ્રશંસા કરતાં બોલ્યાં કે,[૬] "હે વાનરશ્રેષ્ઠ ! તેં એકલાએજ રાક્ષસોના સ્થાનમાં નિર્ભયપણે પ્રવેશ કર્યો છે, એથી હું ધારૂં છું કે તું મહાપરાક્રમી, મહાસમર્થ અને ઘણેજ બુદ્ધિમાન છે.[૭] મગર વગેરે મોટા મોટા પ્રાણીઓથી ભરેલા સો યોજનના સમુદ્રને તું, જળથી ભરેલા ગાયની ખરીના ખાબોચીયાંની પેઠે ઓળંગી આવ્યો એથી હું ધારૂં છું કે તારૂં પરાક્રમ અત્યંત વખાણવા યોગ્ય છે.[૮] હે વાનરર્ષભ ! હું તને સાધારણ વાનરજેવો વાનર માનતી નથી; કેમકે સો યોજનના સમુદ્રનું ઉલ્લંઘન કરીને તું કંટાળ્યો નથી, તેમજ તું રાવણથી પણ ડરતો નથી.[૯] હે કપિશ્રેષ્ઠ ! જો મહાસમર્થ રામચંદ્રે તને મારી પાસે મોકલ્યો હોય તો તું મારી સાથે સંભાષણ કરવાને યોગ્ય છે;[૧૦] કેમકે અસહ્ય પરાક્રમવાળા મારા પતિ રઘુવીર પરીક્ષા કર્યા સિવાય તથા પરાક્રમ જાણ્યા સિવાય કોઇને પણ પોતાનો દૂત બનાવે નહિ, તેમજ વિશેષે કરી મારી પાસે તો મોકલેજ નહિ.[૧૧] સત્યવાદી અને ધર્માત્મા એવા મારા સ્વામી રઘુવીર અને સુમિત્રાના આનંદની વૃદ્ધિ કરનારા મહાતેજસ્વી લક્ષ્મણ એ બન્ને કુશળ છે, એ મારા સદ્ભાગ્યની વાત છે.[૧૨] હે વાનર ! રઘુવીર કુશળ છે તો તું મને કહે કે તે પ્રલયકાળે ઉત્પન્ન થયેલા કાલાગ્નિની પેઠે પોતાના ક્રોધાગ્નિવડે, સાગરરૂપી મેખલાવાળી આ પૃથ્વીને બાળીને ભસ્મ કેમ કરી નાખતા નથી ?[૧૩] હે વાનરશ્રેષ્ઠ ! એ બન્ને ભાઇઓ દેવતાઓનો પણ નિગ્રહ કરવાને સમર્થ છે છતાં મને આ દુઃખમાંથી છોડાવતા નથી; તેથી હું ધારૂંછું કે મને દુઃખ આપનારાં મારાં પાપનો હજી અંત આવ્યો નહિ હોય.[૧૪] હે વાનરોત્તમ ! પુરૂષોમાં શ્રેષ્ઠ એવા રામચંદ્ર અતિશય પીડિત તો થઇ ગયા નથી ? કિંવા ઘણેજ સંતાપ તો ધરતા નથી ? હે કપિવર ! મને દુઃખમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન તે કરે છે કે ?[૧૫] મારા સ્વામી રામચંદ્ર અત્યંત દીન અને ગાભરા થઇને મારી શોધના કાર્યમાં મુંઝાતા તો નથી ? એ રાજકુમાર પોતાને યોગ્ય પુરૂષાર્થ કર્યાં જાય છે કે ?[૧૬] શત્રુઓને તપાવનારા રામચંદ્ર પોતાના મિત્રો પ્રત્યે પ્રીતિયુક્ત થઇને સામ અને દામરૂપ ઉપાયો યોજે છે કે ? તથાં શત્રુઓ પ્રત્યે જીતવાની ઇચ્છા રાખીને દામ, ભેદ અને દંડ રૂપ ઉપાયો યોજે છે કે ?[૧૭] મારા સ્વામી રામચંદ્ર ઉત્તમ મિત્રોનો સંગ્રહ કરે છે કે ? તેમના મિત્રો પણ એમને પ્રીતિથી સેવે છે ને ? વળી સન્મિત્રોથી તેઓ સત્કાર તો પામે છે ને ?[૧૮] એ રાજકુમાર રઘુવીર દેવતાઓની કૃપાનું સંપાદન તો કરે છે ને ? વળી તેમણે પુરૂષાર્થ અને દૈવ એ બન્નેનો આશ્રય કરી રાખ્યો છે કે ?[૧૯] હું અત્યંત દૂર દેશમાં આવી પડેલી હોવાથી શું રામચંદ્રે મારાપરની પ્રીતિનો ત્યાગ તો કર્યો નથી ? અરે, રઘુવીર મને આ કષ્ટમાંથી છોડાવશે શું ?[૨૦] અરે, નિરંતર સુખ ભોગવવાને યોગ્ય એવા રામચંદ્ર ઉપરાઉપરી દુઃખ આવી પડવાને લીધે મુંઝાઇ તો ગયા નથી ને ?[૨૧] અયોધ્યાથી કૌસલ્યા, સુમિત્રા અને ભરતના કુશળ સમાચાર વારંવાર સાંભળવામાં તો આવે છે ને ?[૨૨] સન્માન

પામવાને યોગ્ય એવા રામચંદ્ર મારા વિયોગના શોકને લીધે અત્યંત સંતાપ તો પામતા નથી? એમનું મન મારા સંબંધે બદલાઇ તો ગયું નથી? હે વાનર! રામચંદ્ર મને આ દુઃખમાંથી છોડાવશે તો ખરા ને?[૨૩] પોતાના ભાઈ ઉપર પ્રીતિ ધરાવનારા મહાત્મા ભરત મારે અર્થે મંત્રીઓથી સુરક્ષિત થયેલી ભયંકર અક્ષૌહિણી સેના રામચંદ્રને સહાય કરવા સારૂ મોકલશે કે નહિ??[૨૪] હે વાનરવર! કપિરાજ સુગ્રીવ, દાંત અને નખરૂપી આયુધોવાળા અસંખ્યાત વાનરોને લઈને મારા અર્થે અહીં સુધી આવશે કે?[૨૫] અસ્ત્રવિદ્યાને જાણનારા અને શૂરવીર એવા સુમિત્રાના પુત્ર લક્ષ્મણ અહીં આવીને પોતાનાં તીક્ષ્ણ બાણો વડે રાક્ષસોનો સંહાર કરશે કે?[૨૬] મારા સ્વામી રામચંદ્રના અમોઘ અને તીક્ષ્ણ બાણથી સંગ્રામ ભૂમિમાં પોતાના બંધુવર્ગ સહિત હણાઇ પડેલા રાવણને, શું હું થોડા સમયમાં દેખીશ?[૨૭] હે મારૂતિ! સુવર્ણસરખા વર્ણવાળું અને કમળસરખા સુગંધવાળું શ્રીમાન રઘુવીરનું મુખકમળ, જળનો ક્ષય થવાથી તાપને લીધે જેમ કમળ સૂકાઇ જાય તેમ મારા વિયોગના શોકથી સૂકાઇ તો ગયું નથી ને?[૨૮] અહો! ધર્મને માટે પોતાના રાજ્યનો ત્યાગ કરી, મને સાથે લઇ, પગે ચાલી ભયંકર દંડકવનમાં આવવા છતાં પણ જેના મનમાં જરાએ શોક કિંવા ભય થયો નહોતો તે રઘુવીર હાલમાં પોતાના હૃદયમાં ધૈર્ય ધારણ કરે છે કે નહિ?[૨૯] હે દૂત! મારા સ્વામી રામચંદ્રનો મારાપર જેટલો પ્રેમ છે તેટલો કિંવા તેથી વિશેષ પ્રેમ બીજા કોઇના ઉપર નથી એમ હું ધારૂંછું; અને તેથીજ હું જ્યાંસુધી તેમની પ્રવૃત્તિ સાંભળું છું ત્યાંસુધી જીવતી રહેવાની ઇચ્છા રાખું છું."[૩૦]

કપિવર હનુમાનને ગંભીર અને મધુર અર્થવાળાં વચન કહીને, રામચંદ્ર સંબંધી વિશેષ સમાચાર સાંભળવાની ઈચ્છાથી સતીશિરોમણી સીતાએ મૌન્ય ધારણ કર્યું;[૩૧] ત્યારે ભયંકર પરાક્રમવાળા પવનસુત હનુમાને હાથ જોડીને કહ્યું કે,[૩૨] "હે કમળ સરખાં નેત્રવાળાં સીતા! 'તમે અહીં છો' એવું રામચંદ્ર જાણતા નથી તેથીજ ઇંદ્ર જેમ ઇંદ્રાણીને દુઃખમાંથી મુક્ત કરે તેમ તે તમને અહીંથી મુક્ત કરી લઇ ગયા નથી;[૩૩] પરંતુ અહીંથી પાછો જઇને હું જ્યારે તેમને સમાચાર આપીશ ત્યારે તુરતજ તેઓ રીંછ અને વાનરોની મોટી સેના લઇને અહીં આવશે.[૩૪] તેઓ સમુદ્રપર સેતુ બાંધીને પોતાનાં તીક્ષ્ણ બાણોવડે આ લંકાનગરીમાં વસતા સર્વ રાક્ષસોનો સંહાર કરશે.[૩૫] એ કાર્ય કરતાં જો કદાચ દેવો, અસુરો કિંવા સાક્ષાત્ મૃત્યુ પણ તેમની આડે આવશે તો તેઓનો પણ તે વધ કરશે.[૩૬] હે આર્યા! જેમ વનમાં સિંહથી પીડાતો હસ્તી સુખ પામતો નથી તેમ તમારા વિયોગથી ઉપજેલા શોકવડે પીડાતા રઘુવીર જરા પણ સુખ પામતા નથી.[૩૭] હે દેવિ! હું તમારા, મંદરાચળના, મલય પર્વતના, વિંધ્યાચળના, મેરૂપર્વતના, દર્દુર પર્વતના* તથા ફળ–મૂળના સોગંદ ખાઇને કહું છું કે સુંદર નેત્રવાળું, મધુર ભાષણ કરનારૂં, બિંબફળ સરખા હોઠવાળું, દેદીપ્યમાન કુંડળવાળું અને ઉદય પામેલા પૂર્ણિમાના ચંદ્ર સરખું રામચંદ્રનું મુખ, તમે હવે સત્વર જોશો.[૩૮-૩૯] હે વૈદેહિ! ઐરાવત હસ્તીપર બેઠેલા ઇંદ્રની પેઠે, પ્રસ્રવણ પર્વતપરથી ઉતરીને મારી પીઠપર બેઠેલા રામચંદ્રને હવે તમે શીઘ્ર જોશો.[૪૦] હે જાનકિ! શ્રીમાન રામચંદ્રને સુગ્રીવની સાથે મૈત્રી થવાથી વનમાં પણ રાજ્ય વૈભવ મળી શકે એમ છે છતાં તે રાજ્યવૈભવ ભોગવતા નથી તેમજ મદ્ય વગેરે પૌષ્ટિક પદાર્થોનું સેવન કરતા નથી, પરંતુ માત્ર શાસ્ત્રમાં કહ્યા

* પર્વતો વાનર જાતિના આશ્રયરૂપ છે અને ફળ–મૂળ તેને ભક્ષ્ય છે, તેથી હનુમાને એવા સોગંદ લીધા.

પ્રમાણે વનમાં ઉત્પન્ન થયેલા 'શામા' નામના અન્નનું તથા ફળ–મૂળનું દરરોજ સાયંકાળે ભોજન કરે છે.*[41] હે સીતા! રામચંદ્રનું ચિત્ત તમારામાં એટલું તો લાગેલું છે કે તે પોતાના શરીરપરથી મધમાખોને, ચાંચડને, મચ્છરને, કીડાને અને વિંછી–સાપ વગેરે ક્રૂર પ્રાણીઓને પણ દૂર કરી શકતા નથી; અર્થાત્ તેમને પોતાના શરીરનું ભાન પણ રહ્યું નથી.[42] કામને વશ થયેલા રઘુવીર નિરંતર શોકમગ્ન રહે છે અને તમારૂંજ ધ્યાન ધરે છે; તે સિવાય બીજા કોઇ પણ પદાર્થનું ચિંત્વન કરતા નથી.[43] પુરુષશ્રેષ્ઠ રામચંદ્રને નિદ્રા તો આવતીજ નથી. કદાચ થોડીકવાર નિદ્રાવશ થાય છે તોપણ "હે સીતા! હે સીતા!" એમ મધુરી વાણી બોલતા જાગી ઉઠે છે.[44] વનમાં ફરતી વેળા સ્ત્રીઓને પ્રિય લાગે એવું જો કાંઇ પુષ્પ કે ફળ વગેરે તેમના જોવામાં આવે છે તો રામચંદ્ર "હા પ્રિયા! હા પ્રિયા!" એમ કહીને વારંવાર નિઃશ્વાસ મૂકે છે."[45] હે દેવિ! ઉત્તમ વ્રતનું આચરણ કરનારા એ રાજપુત્ર રઘુવીર નિરંતર તમને સંભારીને સંતાપ પામે છે; અને તમને મળવા માટે પ્રયત્ન કર્યા કરે છે."[46]

હનુમાનના મુખથી પોતાના સ્વામી રામચંદ્રનું વૃત્તાંત સાંભળીને, સતીશિરોમણિ સીતા કાંઈક હર્ષમાં આવ્યાં; પરંતુ રામચંદ્રનો શોક સાંભળીને વળી તેમના મનમાં પણ તેટલોજ શોક થઇ આવ્યો. એ વેળા શરદ્ઋતુના આરંભમાં આછાં વાદળાંથી ઢંકાયેલા ચંદ્રવાળી રાત્રિની પેઠે તે સીતા હર્ષ અને શોકયુક્ત જણાવા લાગ્યાં.[47]

सा रामसंकीर्तनवीतशोका रामस्य शोकेन समान शोका । शरन्मुखेनाम्बुदशेषचन्द्रा निशेव वैदेहसुता बभूव ॥४७॥

* આ શ્લોકનો અર્થ રામાયણ શિરોમણિ ટીકાના આધારે લખવામાં આવ્યો છે.

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં છત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૬

સર્ગ ૩૭ મો.

હનુમાનનું પરાક્રમ અને સીતાનું ધૈર્ય.

सा सीता वचनं श्रुत्वा पूर्णचन्द्रनिभानना। हनूमन्तमुवाचेदं धर्मार्थसहितं वचः ॥१॥

કપિવર હનુમાનનાં વચન સાંભળીને પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળાં સતી સીતા ધર્મ તથા અર્થયુક્ત વચન કહેવા લાગ્યાં.[1]

"હે વાનર! તેં જે જે વચન કહ્યાં તે સર્વ મને વિષની સાથે ભળેલા અમૃત સરખાં લાગે છે. રામચંદ્રનું મન મારામાં છે એ વચન મને અમૃત સરખું લાગે છે અને રામચંદ્ર નિરંતર શોકગ્રસ્ત રહે છે એ વચન વિષ સરખું લાગે છે.[2] મનુષ્ય ભલેને, મોટા ઐશ્વર્યમાં હોય કિંવા દારૂણ દુઃખમાં હોય, તોપણ કાળ તો તેને દોરડી બાંધીને ઘસડી જાય છે.[3] હે પ્લવગોત્તમ! જે ભાવિ હોય છે તેને કોઈ પણ પ્રાણીથી અન્યથા કરી શકાતું નથી. જોની, મહાસમર્થ રામચંદ્ર, જિતેંદ્રિય લક્ષ્મણ અને હું પણ આવા કષ્ટમાં આવી પડીને મુંઝાઇએ છીએ![4] હે હનુમાન! મહાસાગરમાં નાવ ભાંગી જવાને લીધે પોતાના બાહુબળથી તરનારો પુરૂષ જેમ સાગરના પારને પામી શકતો નથી તેમ મારા સ્વામી રઘુવીર આ મહાન શોકરૂપી સાગરના પારને કેવી રીતે પામી શકશે?[5] સર્વ રાક્ષસોનો સંહાર કરીને, રાવણનો વિનાશ કરીને તથા આ લંકાનગરીને હતી ન હતી કરી નાખીને મારા સ્વામી રઘુવીર મને ક્યારે મળશે?[6] હે વાનર! તું અહીંથી જઇને રામચંદ્રને કહેજે કે, આ વર્ષ પૂરૂં થતાં પહેલાં તમારે અહીંયાં સત્વર આવવું; કારણ કે આ વર્ષ પૂરૂં થાય ત્યાં સુધીજ મારે જીવવાનું છે.[7] હે વાનરવર! હાલમાં આ વર્ષનો દશમો મહિનો જાય છે;

હવે માત્ર બે મહિનાજ બાકી રહ્યા છે; અને બે મહિના સુધીજ ક્રૂર રાવણે મારા જીવિતનો અવધિ નિર્માણ કર્યો છે.[૮] રાવણના 'વિભીષણ' નામના એક ભાઈએ રાવણને ઘણુંએ સમજાવ્યો કે 'તું રામચંદ્રને સીતા પાછી આપ.' પરંતુ એમ કરવાને તેની ઈચ્છાજ થતી નથી.[૯] અરે, હજી પણ મને મારા સ્વામીને પાછી સોંપવાની વાત રાવણને રૂચતી નથી, તેથી જણાય છે કે તેનો કાળ આવી ખૂટચો છે અને મૃત્યુ તેને સંગ્રામમાં શોધે છે![૧૦] હે કપિ! વિભીષણની 'કલા' નામની જ્યેષ્ઠ પુત્રી છે તેને તેની માતાએ મારી પાસે મોકલી હતી; અને તેણે મને આ હકીકત કહી હતી.[૧૧] વળી અત્યંત બુદ્ધિવાળો, ધૈર્યવાળો, શીલસંપન્ન, વૃદ્ધ, વિદ્વાન તથા રાવણનો માનીતો એવો 'અવિંધ્ય' નામનો એક રાક્ષસ છે તેણે પણ રાવણને સૂચવ્યું છે કે 'હવે રામથી રાક્ષસોનો ક્ષય થવાનો સમય આવી પહોંચ્યો છે' છતાં દુષ્ટાત્મા રાવણ તે અવિંધ્યનું એ હિતવચન સાંભળતો નથી.[૧૨-૧૩] હે વાનરશ્રેષ્ઠ! હું આશા રાખું છું કે મારા સ્વામી રઘુવીર હવે થોડા સમયમાંજ મારી પાસે આવશે. મારો શુદ્ધ–પવિત્ર અંતરાત્મા પણ એ બાબતની સાક્ષી પૂરે છે. હે વાનર! મારા સ્વામી રામચંદ્રને વિષે ઉત્સાહ, પૌરૂષ, બળ, સરળતા, કૃતજ્ઞતા, પરાક્રમ અને પ્રભાવ વગેરે અનેક ગુણો રહેલા છે.[૧૪-૧૫] જે રામચંદ્રે પોતાના ભાઈ લક્ષ્મણની સહાય વિના એકલા રહીનેજ જનસ્થાનમાં ચૌદ હજાર રાક્ષસોનો સંહાર કર્યો છે તે રામચંદ્રની સામે સંગ્રામમાં આવેલો કયો શત્રુ ઉદ્વિગ્ન ન થાય?[૧૬] અરે, દુઃખ દેનારા રાક્ષસોની સાથે પુરૂષશ્રેષ્ઠ રામચંદ્રની તુલના કરવી યોગ્ય નથી. જેમ ઈંદ્રના પ્રભાવને ઇંદ્રાણી જાણે છે તેમ મારા સ્વામી રામચંદ્રના પ્રભાવને હું જાણું છું.[૧૭] હે વાનર! શૂરવીર એવો રામચંદ્રરૂપી સૂર્ય પોતાનાં બાણરૂપી કિરણોવડે શત્રુ થયેલા રાક્ષસોરૂપી જળને સત્વર શોષી લેશે."[૧૮]

એટલું બોલતાં બોલતાં તો રામચંદ્ર સંબંધી શોકનેલીધે કૃશ થઈ ગયેલાં સીતાનું મુખ આંસુથી છવાઈ ગયું. એ જોઈને તેનું આશ્વાસન કરતાં કપિવર હનુમાને કહ્યું કે,[૧૯] "હે દેવિ! મારા મુખથી તમારા સમાચાર સાંભળ્યા પછી, રીંછ તથા વાનરોની મોટી સેના લઈને શ્રીમાન રામચંદ્ર તુરતજ અહીં આવશે.[૨૦] અથવા તો હે દેવિ! તમે ચિંતા શા માટે કરો છો? હું તમને આજેજ રાક્ષસરાજ રાવણના ભયમાંથી અને મહાન દુઃખમાંથી છોડાવીશ. હે અનિંદિતા! તમે મારી પીઠપર બેસો,[૨૧] હું તમને મારી પીઠપર બેસારીને સો યોજનનો સમુદ્ર તરી જઈશ. રાવણાદિ રાક્ષસો સહિત આખી લંકાને પણ હું ઉપાડી જવા સમર્થ છું.[૨૨] હે મૈથિલિ! જેમ અગ્નિ પોતાને વિશે હોમેલું હુતદ્રવ્ય ઈંદ્રને પહોંચાડે છે તેમ હું પ્રસ્રવણ પર્વતપર રહેલા રામચંદ્રની પાસે તમને આજેજ પહોંચાડીશ.[૨૩] હે વૈદેહિ! દૈત્યોનો વધ કરવામાં રોકાયેલા વિષ્ણુની પેઠે રાવણવધના કાર્યમાં રોકાયેલા અને ઐરાવતપર બેઠેલા ઈંદ્રની પેઠે પ્રસ્રવણ પર્વતપર આશ્રમ બાંધી બેઠેલા મહાબળવાન રામચંદ્ર કે જે તમારૂં દર્શન કરવાને ઉત્કંઠિત થઈ રહ્યા છે તેમને તથા તેમના ભાઈ લક્ષ્મણને તમે આજેજ જોશો.[૨૪-૨૫] હે દેવિ! તમે મારી પીઠપર બેસો. તમે આડા–અવળા વિચાર મૂકી દો અને જેમ ચંદ્રની સાથે રોહિણીનો સમાગમ થાય છે તેમ રામચંદ્રની સાથે તમારો સમાગમ થાય એવી ઈચ્છા કરો.[૨૬] "મને મારા સ્વામી રામચંદ્રની સાથે મેળવ." એટલું કહેતાં કહેતાંમાં તો જેમ ચંદ્રની સાથે રોહિણીનો મેળાપ થાય તેમ હું તમને રામચંદ્રની સાથે મેળવી આપીશ; તમે મારી પીઠપર બેસો અને આકાશ માર્ગે થઈને મહાસાગરનું ઉલ્લંઘન કરો.[૨૭] હે સુંદરિ! તમને લઈને હું જ્યારે અહીંથી ઉડીશ ત્યારે આ લંકા

નગરીમાં વસનારા સર્વ રાક્ષસો જો કદાચ મારી પાછળ પડશે તો પણ તેઓ મને પકડી પાડવાને સમર્થ થશે નહિ.[૨૮] હે વૈદેહિ ! હું જેવી રીતે અહીં આવ્યો છું તેવીજ રીતે તમને ઉંચકીને આકાશમાર્ગે થઈ, રામચંદ્રની પાસે પાછો ચાલ્યો જઇશ."[૨૯]

કપિવર હનુમાનનાં અદ્‌ભુત વચન સાંભળીને સતીશિરોમણિ સીતા અત્યંત વિસ્મય પામ્યાં અને તેમનાં અંગેઅંગ હર્ષ વ્યાપ્યો. પછી તેમણે હનુમાન પ્રત્યે કહ્યું કે,[૩૦] " હે હનુમાન ! તું મને આટલા બધા દૂર પંથે ઉંચકી જવાને કેમ ઈચ્છે છે ? હે વાનરયૂથનું પાલન કરનાર ! આ તો તું તારૂં વાનરપણું દેખાડતો હોય એમ લાગે છે ![૩૧] હે વાનરશ્રેષ્ઠ ! તારૂં શરીર તો ઘણું નાનકડું છે, છતાં તું મને અહીંથી મારા સ્વામી રામચંદ્રની પાસે ઉંચકી જવાની કેમ ઈચ્છા કરે છે ? "[૩૨]

મહાસતી સીતાનાં વચન સાંભળીને, પવનસુત હનુમાને વિચાર કર્યો કે-" અરે, આ તો પહેલવહેલુંજ મારૂં અપમાન થાય છે ! મારૂં નાનકડું સ્વરૂપ જોઇને તે ઉપરથીજ સીતાએ મને અશક્ત ધાર્યો છે ![૩૩] અહો ! ! શ્યામ નેત્રવાળાં સીતા મારા પરાક્રમ અથવા પ્રભાવને જાણતાં નથી, તેથીજ ત આમ બોલે છે ! મારે મારી ઇચ્છિતરૂપ ધરવાની શક્તિ સીતાને બતાવવી જોઇએ. "[૩૪] એવો વિચાર કરી, શત્રુઓનું મર્દન કરનારા કપિવર હનુમાને સીતાને પોતાનું મૂળરૂપ દેખાડવાનો નિશ્ચય કર્યો.[૩૫] પ્રથમ તો મહા બુદ્ધિમાન કપિશ્રેષ્ઠ હનુમાન શિંશપા વૃક્ષ-પરથી પૃથ્વીપર ઉતરી આવ્યો અને પછી સીતાને વિશ્વાસ બેસાડવામાટે તેણે પોતાનો દેહ વધારવા માંડયો.[૩૬] જોતજોતાંમાં તો દેદીપ્યમાન અગ્નિસરખી કાંતિવાળો વાનરવર હનુમાન મેરૂ કિંવા મંદરાચળ જેવડો થઈ ગયો; અને સીતાની આગળ ઊભો રહ્યો.[૩૭] પછી પર્વતસમાન પ્રૌઢ દેહવાળો, રાતા મુખવાળો, ભયંકર દેખાવવાળો અને વજ્ર સરખી દાઢો તથા નખવાળો એ મહાબળવાન કપિશ્રેષ્ઠ હનુમાન બોલ્યો કે,[૩૮] " હે દેવિ ! અનેક પર્વતો, વનો, કિલ્લાઓ, હવેલીઓ, તોરણો અને રાક્ષસોના રાજા રાવણસહિત આખી આ લંકાને ઉપાડી જવાની હું શક્તિ ધરાવું છું; તો પછી તમને ઉંચકી જાઉં એમાં શું આશ્ચર્ય ?[૩૯] હે દેવિ ! તમે સંદેહનો ત્યાગ કરો અને આડા-અવળા વિચાર મૂકી દો. હે વૈદેહિ ! તમે મારી સાથે ચાલીને રામચંદ્ર તથા લક્ષ્મણને શોક રહિત કરો. "[૪૦]

પર્વતસમાન પ્રૌઢ દેહ ધારણ કરી ઉભેલા વાયુપુત્ર હનુમાનને જોઈને કમળ સમાન નેત્રવાળાં જનકનંદિની સીતા બોલ્યાં કે,[૪૧] " હે મહાકપિ ! તારૂં બળ અને શૌર્ય મારા જાણવામાં આવ્યું; તેમજ અગ્નિ સરખું તારૂં જે અદ્‌ભુત તેજ છે તથા વાયુના સરખી તારી જે ગતિ છે તે પણ મારા જાણવામાં આવી.[૪૨] જો એમ ન હોય તો બીજો સાધારણ વાનર મહાન વિસ્તા-રવાળા સમુદ્રને ઓળંગી આ રાક્ષસોની ભૂમિમાં શી રીતે આવી શકે ?[૪૩] હે વાયુસુત ! તારામાં સત્વર ગતિ કરવાની તથા મને અહીંથી ઉંચકી જવાની શક્તિ છે એ હું જાણી ગઈ છું; પરંતુ તારી પેઠે મારે પણ મારા કાર્યની સિદ્ધિ થવાનો વિચાર અવશ્ય કરવો જોઇએ.[૪૪] હે કપિશ્રેષ્ઠ ! મારે તારી સાથે ત્યાં આવવું યોગ્ય નથી; કેમકે તું જ્યારે વાયુના સરખા વેગથી ગતિ કરે ત્યારે મને મૂર્ચ્છા આવી જાય.[૪૫] વળી તું જ્યારે મને ઉંચકીને સમુદ્રની ઉપર આકાશ માર્ગે વેગથી ગતિ કરે ત્યારે દૈવયોગે હું કદાચ તારી પીઠપરથી પડી જાઉં તો સમુદ્રમાં રહેલાં મત્સ્યો અને મગર આદિ જળચર પ્રાણીઓનો ભક્ષ્ય થઈ પડું.[૪૬-૪૭] હે શત્રુઓનો સંહાર કરવાની શક્તિવાળા ! એટલા માટે હું તારી સાથે આવવાની હામ

ભીડી શકતી નથી. વળી તને સ્ત્રીસહિત ઉડતો દેખે, એટલે ભયંકર પરાક્રમવાળા રાક્ષસોના મનમાં શંકા થયા વિના રહે નહિ, અને 'તું મારૂં હરણ કરી જાય છે' એવું માનીને, દુરાત્મા રાવણની આજ્ઞાથી તેઓ અવશ્ય આપણી પાછળ પડે.[૪૮-૪૯] ત્રિશૂળ અને મુદ્ગર વગેરે આયુધોને ગ્રહણ કરનારા શૂરવીર રાક્ષસો જ્યારે તને ઘેરી વળે, ત્યારે હે વીર ! સ્ત્રીજાતિ એવી હું સાથે હોવાથી તું મહાન સંકટમાં આવી પડે.[૫૦] હે હનુમાન ! તું કે જે આયુધ વિનાનો અને એકલોજ છે તે આયુધધારી અસંખ્યાત રાક્ષસોથી આકાશમાંજ ઘેરાઈ જાય ત્યારે તું તે રાક્ષસોની સાથે યુદ્ધ કરવાને તથા મારૂં રક્ષણ કરવાને કેવી રીતે શકિતમાન થાય ?[૫૧] વળી હે કપિસત્તમ ! જ્યારે તું એ ક્રૂર કર્મવાળા રાક્ષસોની સાથે યુદ્ધ કરવા લાગે ત્યારે હું કદાચ ભયની મારી તારી પીઠપરથી પડી જાઉં તો મારી શી સ્થિતિ થાય ?[૫૨] અથવા તો હે કપિશ્રેષ્ઠ ! ભયંકર રાક્ષસો અત્યંત બળવાળા હોવાથી યુદ્ધમાં કોઈ પણ ઉપાયથી તને જીતી જાય તો પછી મારે શું કરવું ?[૫૩] હે કપિ ! તું યુદ્ધ કરવામાં રોકાયો હોય તે વેળા હું તારી પીઠપરથી પડી જાઉં કે તુરતજ એ પાપી રાક્ષસો મને ઉંચકીને નાસી જાય તો કેમ કરવું ?[૫૪] અથવા તો રાક્ષસો મને તારા હાથમાંથીજ પડાવી જાય કિંવા મારી નાખે તો પછી શું કરવું ? યુદ્ધમાં જય અથવા પરાજય ઘણે ભાગે અનિશ્ચિતજ હોય છે.[૫૫] હે હરિશ્રેષ્ઠ ! કદાચ રાક્ષસોના ભયથી જ મારા પ્રાણ નીકળી જાય તો તારો આ સઘળો શ્રમ નિષ્ફળ જાય, એ પણ વિચારવા જેવું છે.[૫૬] હે વાનરવર ! જો કે તું સર્વ રાક્ષસોનો સંહાર કરવાને સમર્થ છે તોપણ તારા હાથે એ કાર્ય થવાથી મારા સ્વામી રઘુવીરની ઉજ્વલ કીર્તિ ઝાંખી પડે.[૫૭] અથવા તો રાક્ષસો મને તારા હાથમાંથી લઇ જઇને એવી કોઈ ગુપ્ત જગાએ સંતાડે કે જે સર્વ વાનરોના કે રામચંદ્રના પણ જાણવામાં આવે નહિ.[૫૮] જો એમ થાય તો પછી મારે અર્થે આરંભેલો તારો સઘળો શ્રમ વ્યર્થજ જાય. માટે હે કપિવર ! હું તારી સાથે આવું તે કરતાં તમો સર્વ વાનરોસહિત મારા સ્વામી રામચંદ્ર અહીં આવે તેમાંજ લાભ રહેલો છે.[૫૯] વળી હે મહાબાહુ ! અમાપ તેજવાળા શ્રીમાન રામચંદ્રના, તેમના ભ્રાતાઓના, તારા તેમજ આખા રાજકુટુંબના જીવિતનો આધાર મારાપરજ રહેલો છે.[૬૦] જો કદાચ હું ન હોઉં તો મારા શોક અને સંતાપથી કૃશ થઇને તે બન્ને ભાઇઓ સઘળા રીંછ અને વાનરોની સાથે પોતાના પ્રાણોનો પણ ત્યાગ કરે.[૬૧] હે વાનરોત્તમ ! પતિભકિતને અનુસરનારી હું મારાપતિ રામચંદ્ર વિના અન્ય કોઈ પુરૂષના અંગનો સ્વેચ્છાથી સ્પર્શ પણ કરવા ઈચ્છતી નથી.[૬૨] મારૂં હરણ થયું તે વખતે મને જે રાવણના અંગનો સ્પર્શ થયો છે તે તો માત્ર બળાત્કારથીજ થયેલો છે. એ વેળાએ હું કે જે પરવશ પડેલી, બળરહિત અને નાથ વિનાની હતી તેનાથી શું થઇ શકે તેમ હતું ?[૬૩] હવે તો જો રઘુવીર અહીં આવીને સર્વ રાક્ષસો સહિત રાવણનો સંહાર કરી મને લઇ અહીંથી પાછા જાય તોજ તેમની જ્વલંત કીર્તિને ઝાંખ લાગે નહિ."

"હે વીરવાનર ! સંગ્રામને વિશે શત્રુઓનો સંહાર કરનારા મહાત્મા રામચંદ્રનાં અનેક પરાક્રમોને મેં ઘણીવાર સાંભળ્યાં છે તથા જોયાં પણ છે; તેથી હું કહું છું કે એમની સામે યુદ્ધમાં ઉભા રહેવાને દેવ, ગંધર્વ, સર્પ તથા રાક્ષસો પણ સમર્થ નથી.[૬૫] સંગ્રામમાં વિચિત્ર ધનુષ્યને ધારણ કરનારા, ઈંદ્ર સરખા પરાક્રમી અને વાયુથી પ્રદીપ્ત થયેલા અગ્નિની પેઠે ક્રોધયુકત થયેલા રામ—લક્ષ્મણને કોણ સહન કરી શકે એમ છે ?[૬૬] હે વાનરશ્રેષ્ઠ ! સંગ્રામ ભૂમિને વિશે

મદોન્મત્ત દિગ્ગજની પેઠે દ્રઢપણે ઉભા રહેનારા, શત્રુઓનો સંહાર કરનારા અને પ્રલયકાળના સૂર્ય સરખી કાંતિવાળા રામ–લક્ષ્મણના બાણોના તીવ્ર તેજને સહન કરવા કોણ સમર્થ છે?[૬૭] માટે હે કપિશ્રેષ્ઠ! તું મારા પ્રિય સ્વામી રામચંદ્રને, મહાત્મા લક્ષ્મણને તથા વાનર યૂથનું પાલન કરનારા કપિરાજ સુગ્રીવને સત્વર અહીં તેડી લાવ અને હે વીર! હું કે જે ઘણા સમયથી રામવિયોગના શોકવડે પીડાઈ રહી છું તેને હર્ષિત કર."[૬૮]

स मे कपिश्रेष्ठ सलक्ष्मणं प्रियं सयूथपं क्षिप्रमिहोपपादय। चिराय रामं प्रति शोक–कर्शितां कुरुष्व मां वानरवीर हर्षिताम्॥६८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સાડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૭

सर्ग ३८ मो.

હનુમાન અને સીતા–રામ પ્રત્યભિજ્ઞાન.

ततः स कपिशार्दूलस्तेन वाक्येन तोषितः। सीतामुवाच तच्छ्रुत्वा वाक्यं वाक्यविशारदः॥१॥

સતી શિરોમણિ સીતાનાં વચન સાંભળીને સંતુષ્ટ થયેલા વાક્ય વિશારદ કપિવર હનુમાને કહ્યું કે,[૧] "હે દેવિ! તમોએ મને જે જે વચન કહ્યાં તે સર્વ પતિવ્રતા સ્ત્રીઓના વિષયને તથા સ્ત્રી સ્વભાવને યોગ્યજ છે.[૨] તમે સ્ત્રી છો એથી મારી પીઠપર બેસીને સો યોજનના વિસ્તારવાળા સમુદ્રનું ઉલ્લંઘન કરવાને સમર્થ નથી.[૩] હે વિનયયુક્ત ભાષણ કરનારાં સીતા! મારી સાથે નહિ આવવામાં તમે બીજું પણ જે કારણ બતાવો છો કે "હું મારા પતિ રામચંદ્ર સિવાય અન્ય પુરૂષના અંગનો સ્પર્શ કરતી નથી."[૪] તે વચન પણ મહાત્મા રામચંદ્રનાં ધર્મપત્ની એવાં તમને યોગ્યજ છે. હે દેવિ! તમારા વિના આવાં વચન બોલે એવી બીજી કયી સ્ત્રી છે?[૫] હે દેવિ! તમોએ મારી આગળ વિલાપ–રોદન વગેરે જે જે ચેષ્ટાઓ કરી છે તથા જે જે વચન કહ્યાં છે; તે સઘળું હું રામચંદ્રને કહી સંભળાવીશ.[૬] હે દેવિ! તમારૂં દુઃખ જોઇને સ્નેહને લીધે મારૂં મન પીગળી ગયું છે. વળી રામચંદ્રનું પ્રિય કરવા અર્થે મેં તમને મારી સાથે તેડી જવાનો જે આગ્રહ કર્યો તેમાં અનેક કારણો છે.[૭] પ્રથમ કારણ તો એ કે આ લંકાનગરીમાં પ્રવેશ કરવો એ કઠિન છે, બીજું મહોદધિને ઓળંગવાનું કાર્ય દુસ્તર છે; અને ત્રીજું એ કે તમને અહીંથી ઉંચકી જવાનું મારામાં સામર્થ્ય છે.[૮] હે દેવિ! "હું તમને આજેજ રામચંદ્રનો સમાગમ કરાવવાને ઇચ્છું છું" એવું જે મેં કહ્યું છે તે પણ રામચંદ્ર પ્રત્યેના સ્નેહથી તથા ભક્તિથીજ કહેલું છે; મારા બળના ગર્વથી કહ્યું નથી.[૯] હે અનિંદિતા! એમ છતાં જો તમો મારી સાથે આવવાને ઇચ્છતાં ન હો તો રામચંદ્ર જાણી શકે એવું કાંઇ અભિજ્ઞાન મને આપો.*"[૧૦]

હનુમાનનાં વચન સાંભળીને દેવકન્યા સમાન સ્વરૂપવાળાં સતી સીતા ગદ્ગદ કંઠ થઇ ગયાં અને મંદમંદ વાણીથી કહેવા લાગ્યાં કે;[૧૧] "હે હનુમાન! હું તને મારા તરફથી શ્રેષ્ઠ અભિજ્ઞાન આપું છું, જે ગુપ્ત વાર્તારૂપ છે, તે તું મારા પ્રિય પતિ રામચંદ્રને કહી સંભળાવજે."

"ચિત્રકૂટ પર્વતની તળેટીનો ઇશાન કોણ તરફનો એક વિભાગ કે જ્યાં આગળ ફળ, મૂળ ઘણાં થાય છે, જ્યાંનું જળ ઘણુંજ મીઠું છે, જ્યાં સિદ્ધ લોકો નિવાસ કરે છે અને જેની પાસે 'મંદાકિની' નામની નદી વહે છે ત્યાં આગળ એક સમયે નાના પ્રકારનાં પુષ્પોની સુગંધીવાળાં વનોને વિશે જળક્રીડા કરવાથી થાકી ગયેલા તમે મારા ખોળામાં સૂઈ રહ્યા હતા.[૧૨-૧૪] તે વખતે એક કાગડો માંસ ખાવાની લાલચથી ત્યાં આવીને મારા સ્તનપર ચંચુપ્રહાર કરવા લાગ્યો; અને હું

* "હનુમાન સીતાની પાસે જઇ આવ્યો છે" એવો રામને દૃઢ નિશ્ચય થાય એવી નિશાની.

માટીનું ઢેકું ઉગામી તેને ઉરાડવા લાગી.[૧૫] પરંતુ માંસ ભક્ષણ કરવાની લાલચને લીધે તે કાગડો મારા અંગપર વારંવાર ચાંચ મારીને ત્યાંને ત્યાંજ સંતાઈ જતો હતો.[૧૬] એમ કરતાં જ્યારે મને તે કાગડાપર ક્રોધ ચડયો અને ઢીલું પડેલું મારૂં વસ્ત્ર મારા શરીરપરથી સરકી જવા માંડયું ત્યારે મેં વસ્ત્રને સરખું કરવા માટે મારી કટિમેખલા ખેંચીને બાંધવા માંડી. એ વેળા તમોએ મારા સામું જોઈને હાસ્ય કર્યું તેથી હું લજવાઇ ગઈ અને મને વિશેષ ક્રોધ ચડયો; પરંતુ ભક્ષ્યના લાલચુ કાગડાએ મારા અંગપર ઘણી ચાંચો મારેલી હતી તેથી હું તમારે શરણ આવી.[૧૭-૧૮] હું થાકેલી હતી તેથી તમારા ખોળામાં સૂતી અને મને ક્રોધ ચડેલો જોઇને તમોએ મારૂં સાંત્વન કર્યું.[૧૯] હે નાથ! કાગડાએ મને પજવેલી હોવાને લીધે એ વેળા મારી આંખોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું હતું, તેને હું લુછતી હતી. એવી સ્થિતિમાં તમોએ મને જોઈ હતી.[૨૦] હે રાઘવ! અત્યંત થાકી ગયેલી હોવાને લીધે હું ઘણીવાર સુધી તમારા ખોળામાં સૂઈ રહી;[૨૧] અને થોડીવાર પછી તમે પણ મારા ખોળામાં સૂઇ રહ્યા. જ્યારે હું તમારા ખોળામાંથી જાગીને બેઠી થઈ ત્યારે તે કાગડો પુનઃ પણ ત્યાં આવ્યો અને એકાએક મારા બન્ને સ્તનોપર ચંચુપ્રહાર કરવા લાગ્યો.[૨૨] એ કાગડો ઉડી ઉડીને મને વારંવાર ચાંચો મારતો હતો, તેથી હે સ્વામિનાથ! મારા સ્તનમાંથી રૂધિરનાં ટીપાં ખરીને તમારા અંગપર પડયાં એટલે તમે જાગી ઉઠયા.[૨૩] મારા સ્તનપર ઘાવ પડેલા જોઇને તમને અત્યંત ક્રોધ ચડયો અને નાગની પેઠે નિઃશ્વાસ નાખીને તમોએ કહ્યું કે,[૨૪] "હે નાગના સોરૂ!* તારા સ્તનપર આ ક્ષત કોણે પાડયા? અરે, છંછેડાયેલા પાંચ ફણાવાળા નાગની સાથે કયો પુરૂષ ક્રીડા કરે છે?"[૨૫] એટલું કહીને આમ તેમ જોતાં પેલો કાગડો તમારી દૃષ્ટિએ પડયો. તેના તીક્ષ્ણ નખ રૂધિરવડે ખરડાયેલા હતા; અને તે મારી સામે જોતો બેઠો હતો.[૨૬] તે કાંઈ સાધારણ કાગડો ન હતો; પરંતુ તે ઇંદ્રનો પુત્ર હતો.* તેની ગતિ વાયુના સરખી હતી અને તે પૃથ્વીમાં પ્રવેશ કરી શકતો હતો.[૨૭] હે મહાબાહુ રામચંદ્ર! મને દુઃખ આપનારા એ કાગડાને જોઇને ક્રોધને લીધે તમારી આંખ ફરી ગઇ અને તમોએ તેનાપર ક્રૂર દૃષ્ટિ કરી.[૨૮] પછી તમોએ એક દર્ભની સળી લઇને તેનાપર બ્રહ્માસ્ત્ર મંત્રનો પ્રયોગ કર્યો; એટલે તે સળી પ્રલયકાળના અગ્નિ સરખી પ્રદીપ્ત થઈ રહી.[૨૯] તમોએ એ દર્ભની સળી પેલા કાગડા તરફ ફેંકી કે તુરતજ તે કાગડાની પુંઠે પડી.[૩૦] દર્ભમય શસ્ત્રને પોતાની પાછળ આવતું જોઇને તે કાગડો આકાશને વિશે જૂદી જૂદી ગતિથી ઉડવા લાગ્યો. પોતાના આત્માનું રક્ષણ કરવા માટે તે કાગડો આ લોકમાં સર્વત્ર ફરી વળ્યો; પરંતુ કોઈએ તેનું રક્ષણ કર્યું નહિ.[૩૧] અંતે તે જયંત–કાગડો પોતાના પિતા ઇંદ્રની પાસે ગયો. તેણે પણ તેનું રક્ષણ કર્યું નહિ ત્યારે તે મહર્ષિઓને શરણે ગયો. મહર્ષિઓએ પણ રામચંદ્રના અપરાધી એ કાગડાને સંઘર્યો નહિ. એ પ્રમાણે ત્રણે લોકમાં રખડીને છેલ્લે તે તમારે શરણે આવ્યો.[૩૨] હે કાકુત્સ્થ! તમારી આગળ પૃથ્વીપર પડેલો એ કાગડો કે જે દેહાંત શિક્ષા પામવાને યોગ્ય હતો તેને તમે પોતાને શરણે આવેલો જાણી તેનાપર કૃપા કરી અને જીવતો મૂકયો.[૩૩] પછી અત્યંત ખિન્ન થઇ પૃથ્વીપર પડેલા એ કાગડાને તમોએ કહ્યું કે, "મારૂં આ બ્રહ્માસ્ત્ર મિથ્યા થઈ શકશે નહિ, માટે તું કહે કે હું તારા કયા અંગનો વિનાશ કરૂં?"[૩૪] હે રઘુવીર! કાગડાના કહેવાથી તમોએ તેની જમણી આંખનો નાશ કર્યો. એ પ્રમાણે

* હાથીની સુંઢ સરખા સાથળવાળી.

* ઇંદ્રનો પુત્ર જયંત ઇંદ્રની આજ્ઞાથી કાગડાનું રૂપ ધરીને રામચંદ્રના બળની પરીક્ષા કરવા માટે આવ્યો હતો. રા. ટી.

પોતાની જમણી આંખ આપીને કાગડાએ પોતાના પ્રાણ બચાવ્યા.[૩૫] પછી એ કાગડો તમને તથા તમારા પિતા દશરથ રાજાને પ્રણામ કરીને તથા તમારી આજ્ઞા મેળવીને સ્વસ્થાન પ્રત્યે ચાલ્યો ગયો."[૩૬]

"હે હનુમાન! મારા તરફની ગુપ્ત નિશાની તરીકે ઉપર્યુક્ત વાત કહીને પછી તું રામચંદ્રને મારીવતી પુનઃ કહેજે કે, હે રાજપુત્ર! મારે માટે કાગડા જેવા પ્રાણી ઉપર પણ તમોએ બ્રહ્માસ્ત્ર યોજ્યું હતું, તો જેણે બળાત્કારે મારૂં હરણ કર્યું છે તે રાવણ ઉપર તમે કેમ ક્ષમા રાખી રહ્યા છો?[૩૭] હે નરર્ષભ! તમે અતિશય ઉત્સાહભેર મારાપર કૃપા દર્શાવો. હે સ્વામિનાથ! મારે માથે તમ સરખા નાથ હોવા છતાં હું અત્યારે અનાથ જેવી કેમ થઈ પડી છું?[૩૮] હે રાઘવ! 'દયા એ પરમ ધર્મ છે' એવું મેં વારંવાર તમારે મુખેથી સાંભળ્યું છે તો તમે મારાપર દયા કરો. હે સ્વામિનાથ! તમે મહાન પરાક્રમસંપન્ન છો, મોટા ઉત્સાહવાળા છો, અત્યંત બળવાળા છો, અસંખ્ય ગુણોના ભંડાર છો, સમુદ્ર સરખા ગંભીર સ્વભાવવાળા છો, વિકાર રહિત છો, સમુદ્રપર્યંતની પૃથ્વીના અધિપતિ છો તથા ઈંદ્ર સરખા તેજસ્વી છો, એ સઘળું હું સારી રીતે જાણું છું.[૩૯-૪૦] હે રાઘવ! તમે અસ્ત્રવિદ્યા જાણનારાઓમાં શ્રેષ્ઠ છો, બળવાન છો અને શૌર્યવાન છો, છતાં હે રામ! હાલમાં તમે રાક્ષસોપર તમારાં શસ્ત્રાસ્ત્ર કેમ ચલાવતા નથી?"[૪૧]

"હે કપિવર! નાગો, ગંધર્વો, દેવતાઓ અને મરૂદ્ગણો પણ સંગ્રામમાં સામા ઉભેલા રામચંદ્રના વેગને સહન કરવા સમર્થ નથી.[૪૨] મહાપરાક્રમી રઘુવીરને જો મારે માટે કાંઈ પણ લાગણી હોય તો તે તીક્ષ્ણ બાણો મૂકીને સર્વ રાક્ષસોનો સંહાર કેમ કરતા નથી?[૪૩] અથવા તો શત્રુઓને તપાવનારા મહાબળવાળા લક્ષ્મણ પોતાના વડીલ ભાઈ રામચંદ્રની આજ્ઞા લઈને શા માટે મારૂં રક્ષણ કરતા નથી?[૪૪] હે હનુમાન! પુરૂષોમાં વ્યાઘ્ર સરખા બન્ને ભાઈઓ જો પોતાને વિશે વાયુ અને ઈંદ્ર સરખું તેજ ધરાવે છે તથા દેવતાઓથી પણ પરાભવ પામે એવા નથી તો પછી તેઓ આ સમયે મારી ઉપેક્ષા શા માટે કરે છે?[૪૫] શત્રુઓને તપાવનારા એ બન્ને ભાઈઓ સમર્થ હોવા છતાં પણ મારી સંભાળ લેતા નથી, તેથી હું ધારૂં છું કે નિશ્ચય, હજી મારે કંઈક મોટું પાપ ભોગવવું બાકી રહેલું છે."[૪૬]

સીતાએ રોતાં રોતાં કહેલાં દીન વચન સાંભળીને મહાતેજસ્વી હનુમાને કહ્યું કે;[૪૭] "હે દેવિ! હું તમારી આગળ સત્યના શપથ લઈને કહું છું કે તમારા વિયોગના શોકને લીધે રામચંદ્ર કાંઈ પણ કાર્ય કરવામાં પ્રવૃત્ત થતા નથી; અને તેમને એવી અવસ્થામાં આવી પડેલા જોઈને મહાત્મા લક્ષ્મણ પણ સંતાપ પામે છે.[૪૮] ઘણી ઘણી શોધ કરતાં મહા પ્રયત્ને હું તમારાં દર્શન કરવાને ભાગ્યશાળી થયો છું. હવે તમારે શોક કરવાનો વખત નથી. હે શોભના! હવેથી તમે પ્રત્યેક ઘડીએ તમારાં એક એક દુઃખનો વિનાશ થતો જોશો.[૪૯] હે જાનકિ! મહાન બળવાળા બન્ને રાજપુત્રો તમને મળવાના ઉત્સાહથી આખી લંકાને બાળીને ભસ્મ કરશે.[૫૦] હે વિશાલાક્ષિ! સંગ્રામને વિશે ક્રૂર થઈ પડેલા રાવણને તેના બાંધવો સહિત હણીને દશરથ નંદન રામચંદ્ર અહીંથી તમને પુનઃ અયોધ્યા પ્રત્યે લઈ જશે.[૫૧] હે દેવિ! હવે હું અહીંથી શીઘ્ર પાછો વળવા ધારૂં છું; માટે રામચંદ્ર, લક્ષ્મણ તથા સુગ્રીવ આદિ કપિઓને તમારે જે કાંઈ સંદેશો કહાવવો હોય તે મને કહો."[૫૨]

સીતા કહે છેઃ–"હે હનુમાન! ઉદાર સ્વભાવવાળાં શ્રીમતી કૌસલ્યાએ જે લોકનાથ રઘુવીરને જન્મ આપ્યો છે[૫૩] તેમને તું મારીવતી કુશળ પૂછજે અને તેમના ચરણમાં પ્રણામ કરજે. વળી મુક્તા તથા મણિના હાર, અમૂલ્ય રત્ન, સૌંદર્યવાળી પ્રિય સ્ત્રી અને આખી પૃથ્વીમાં પણ ન મળી શકે

એવું ઐશ્વર્ય; એ સઘળું તજી દઈને પોતાનાં માતા-પિતાનાં ચરણોનું વંદન કરીને તથા તેમને પ્રસન્ન કરીને જે રામચંદ્રની સાથે વનમાં આવ્યા છે, જેનાથી સુમિત્રા પનોતાં છે, જે ઉત્તમોત્તમ સુખનો ત્યાગ કરી પોતાના જ્યેષ્ઠ બંધુ રામચંદ્રને અનુકૂળ રહી તેમને સહાય કરવાને વનમાં ફરે છે, જેની ગરદન સિંહ સરખી છે, જેની ભુજાઓ મોટી છે, જેનું મન અત્યંત પવિત્ર છે, જેની આકૃતિ દર્શનીય છે, જે પોતાના મોટાભાઈ રામચંદ્રને પિતા સમાન તથા મને માતા સમાન ગણે છે, પંચવટીમાં રહેતી વેળા 'હું આશ્રમ સૂનો મૂકીને જઇશ તો રાવણ સીતાનું હરણ કરી જશે' એવું જેના જાણવામાં આવ્યું ન હતું, જે વૃદ્ધોની સેવા કરનારા છે, કાંતિમાન છે, શક્તિમાન છે, થોડા બોલા છે, જે મારા સસરાના જેવાજ ગુણવાન છે, મારા કરતાં પણ જે રામચંદ્રને અધિક પ્રિય છે, જે નિરંતર રામચંદ્રની સેવા કર્યે જાય છે અને જેને જોઇને રામચંદ્ર પોતાના પિતા, અયોધ્યા વગેરે ભૂત અર્થને સંભારતા નથી, તે મહા પરાક્રમી લક્ષ્મણને તું મારીવતી કુશળ પૂછજે.[૫૪-૬૧] હે કપિવર! નિરંતર કોમળ સ્વભાવવાળા, પવિત્ર અંતઃકરણવાળા અને ચપલ બુદ્ધિવાળા મહાત્મા લક્ષ્મણ, કે જે રઘુવીરને અત્યંત પ્રિય છે તેમને મારાં દુઃખનો સત્વર અંત આણવાને કહેજે.[૬૨] હે વાનરવર! આ કાર્ય કરવું એ તારા હાથમાંજ છે. તું અહીંથી જઇ રામચંદ્રને ઉત્સાહ આપીશ તોજ તે મારૂં દુઃખ મટાડવાનો યત્ન કરશે.[૬૩] હે કપિકુંજર! મારા પતિ શૂરવીર રામચંદ્રને તું મારીવતી આટલું તો ભાર દઇને વારંવાર કહેજે કે, હે દશરથનંદન! હવે હું તમારી વાટ જોતી એક મહિના સુધી મારા જીવિતને ધારણ કરીશ.[૬૪] જો મહિનો વીતી જશે અને તમારાં દર્શન નહિ થાય તો હું મારા જીવિતનો ત્યાગ કરીશ. આ હું સત્યજ કહું છું. હે શૂરવીર! વિષ્ણુ ભગવાને જેમ પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો તેમ તમારે પાપકર્મી રાવણના ઘેર રાક્ષસીઓથી દુઃખ પામી રહેલી તમારી પ્રિય પત્નીનો ઉદ્ધાર કરવો ઘટે છે."[૬૫]

એટલું કહીને સીતાએ પોતાનો દિવ્ય ચૂડામણિ કે જે વસ્ત્રમાં બાંધી રાખ્યો હતો તે છોડીને હનુમાનને આપ્યો અને કહ્યું કે, "તું મને મળ્યાની નિશાની તરીકે આ ચૂડામણિ શ્રીમાન રામચંદ્રને આપજે."[૬૬]

સીતાની પાસેથી ઉત્તમ ચૂડામણિ લઇને શૂરવીર હનુમાને પોતાના હાથની આંગળી ઉપર પહેર્યો; કેમકે હનુમાનના હાથ ઘણાજ જાડા હોવાથી તે ઉપર તે ચૂડામણિ ચઢી શકે તેમ ન હતું.[૬૭] ત્યારપછી સીતાનાં દર્શન થવાથી અતિશય હર્ષ પામેલો કપિવર હનુમાન સીતાને પ્રણામ કરીને તથા તેમની પ્રદક્ષિણા કરીને પાસે ઉભો રહ્યો અને રામ-લક્ષ્મણ પાસે જવાનો વિચાર કરવા લાગ્યો.[૬૮-૬૯]

મોંઘા મૂલ્યનો દિવ્ય ચૂડામણિ કે જેને રાક્ષસીઓ ન જાણે એવી રીતે જનકનંદિની સીતાએ આજદિન સુધી મહા પ્રયત્ને સંતાડી રાખ્યો હતો તેને ગ્રહણ કરીને આનંદયુક્ત થયેલો કપિવર હનુમાન ત્યાંથી લંકાનગરીના કિલ્લા તરફ જવાનો વિચાર કરવા લાગ્યો.[૭૦]

मणिवरमुपगृह्य तं महार्हं जनकनृपात्मजया धृतं प्रभावात् । गिरिवरपवनावधूतमुक्तः सुखितमनाः प्रतिसंक्रमं प्रपेदे ॥७०॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં આડત્રીશમો સર્ગ સંપૂર્ણ. ૩૮

सर्ग ३९ मो.

હનુમાન અને સીતા-રામચંદ્રને અલ્પ સમયમાંજ તમે મળશો.

मणिं दत्त्वा ततः सीता हनूमन्तमथाब्रवीत् । अभिज्ञानमभिज्ञातमेतद्रामस्य तत्त्वतः ॥१॥

ચૂડામણિ આપ્યા પછી સતી શિરોમણિ

સીતાએ કપિવર હનુમાનને કહ્યું કે, "હે હનુમાન ! આ અભિજ્ઞાનને રામચંદ્ર સારી રીતે ઓળખે છે.[૧] આ અભિજ્ઞાન જોઇને શૂરવીર રામચંદ્રને પોતાની માતા કૌસલ્યા, પિતા દશરથ રાજા અને હું, એ ત્રણેનું એકી વખતે સ્મરણ થઈ આવશે.[૨] હે કપિશ્રેષ્ઠ ! તું આ કાર્યને વિશે ઘણોજ ઉત્સાહ ધરાવે છે તેથી ચૂડામણિ મળ્યા પછી શ્રીમાન રામચંદ્ર પુનઃ પણ તનેજ આ કાર્ય કરવામાં યોજશે; માટે આગળ ઉપર શું કરવું તેનો તું વિચાર કર.[૩] હે વાનરવર ! આ કાર્ય કરવામાં તુંજ મુખ્ય છે; માટે જે ઉદ્યોગ કર્યાથી રામચંદ્રના તથા મારા દુઃખનો અંત આવે તેવો ઉદ્યોગ વિચારી કાઢ.[૪] હે હનુમાન ! હવે તું તત્પર થા અને મારા દુઃખનો નિવેડો લાવ."

સીતાનાં વચન સાંભળીને ભયંકર પરાક્રમવાળા પવનસુત હનુમાને "હું તમારા કહેવા પ્રમાણેજ કરીશ" એમ કહી તેમને પ્રણામ કર્યા અને ત્યાંથી વિદાય થવા તત્પર થયો. 'કપિવર હનુમાન જાય છે' એવું જાણી જનકનંદિની સીતાએ ગદ્‌ગદ્ વાણીથી કહ્યું કે, "હે કપિશ્રેષ્ઠ ! શ્રીમાન રામચંદ્ર, મહાત્મા લક્ષ્મણ, અમાત્યવર્ગ સહિત સુગ્રીવ તથા સર્વ વૃદ્ધ વાનરોને તું મારા કુશળ સમાચાર કહેજે.[૫-૮] હે વાનરવર ! તું એવો ઉદ્યોગ કર કે જેથી હું મરણ પામું નહિ તે પહેલાં શ્રીમાન રામચંદ્ર મને આ દુઃખસાગરમાંથી ઉગારી લે.[૯] હે હનુમાન ! કીર્તિમાન રામચંદ્ર મને જીવતી મેળવે એવી રીતે તું તેમને મારો સંદેશો કહેજે. હે વાનર ! વાણીવડે સહાય કરવાથી પણ તને ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થશે.[૧૦] હે કપિવર ! તારા મુખથી મેં કહેલાં વચન સાંભળીને નિરંતર ઉત્સાહવાળા રામચંદ્રનું પૌરૂષ મને પાછી મેળવવા સારૂ ઉત્તેજિત થશે.[૧૧] મારો સંદેશો સાંભળતાંજ શૂરવીર રામચંદ્ર પરાક્રમ કરવાનો નિશ્ચય કરશે."[૧૨]

સીતાનાં વચન સાંભળીને પવનસુત હનુમાને હાથ જોડીને કહ્યું કે,[૧૩] "હે સીતા ! મહાબળવાન વાનરો અને રીંછો સહિત શ્રીમાન રામચંદ્ર હવે સત્વર અહીં આવશે; અને સંગ્રામમાં શત્રુઓને જીતી તમારા શોકને સમાવશે.[૧૪] હે દેવિ ! મૃત્યુલોક, દેવલોક કિંવા અસુરલોકમાં એવો કોઈ પણ મારા જોવામાં આવતો નથી કે જે સંગ્રામને વિશે ક્રોધપૂર્વક બાણ મૂકનારા રામચંદ્રની સામે ઉભો રહી શકે.[૧૫] હે જાનકિ ! સંગ્રામમાં શ્રીમાન રામચંદ્ર યમ, સૂર્ય તથા ઇંદ્રના તેજને પણ સહન કરી શકે એવા છે, તો તમારા માટે તો તે વિશેષે કરી સહન કરે એમાં શું આશ્ચર્ય ?[૧૬] હે જનકનંદિનિ ! શ્રીમાન રામચંદ્ર સમુદ્રપર્યંતની આખી પૃથ્વીને જીતવા સમર્થ છે, એ તમારે નિશ્ચય જાણવું. હે દેવિ ! તમારી પ્રાપ્તિ અર્થે રામચંદ્રનો અવશ્ય જયજ થશે."[૧૭]

હનુમાનનાં યુક્તિયુક્ત તથા યથાર્થ વચન સાંભળીને સીતાએ તેનો ઘણો આદર કર્યો અને વારંવાર તેના સામું જોઇને પોતાના પતિ રામચંદ્ર પરનો પોતાનો સ્નેહ દર્શાવતાં કહ્યું કે;[૧૮-૧૯] "હે વીર ! હે શત્રુદમન ! જો તારી ઇચ્છા હોય તો તું આ અશોકવાટિકામાંના કોઇ ગુપ્ત પ્રદેશમાં આજનો દિવસ રહી જા અને વિશ્રાંતિ લઇને કાલે વિદાય થજે.[૨૦] હે વાનર ! તારા અત્રે રહેવાથી હું કે જે અભાગિણી છું તેને થોડીકવાર પણ આ મહાન દુઃખ વિસારે પડશે.[૨૧] હે કપિશાર્દૂલ ! અહીંથી ગયા પછી તું પાછો આવીશ કે નહિ એ સંબંધે મને સંદેહ રહે છે; તેમજ તું પાછો આવે ત્યાં સુધી મારા પ્રાણ રહેશે કે કેમ એ માટે પણ સંદેહ રહે છે.[૨૨] હે વાનર ! તારા ગયા પછી તને નહિ જોવાથી ઉત્પન્ન થયેલો શોક, દુઃખપરંપરામાં સપડાયેલી મને આથી પણ વધારે સંતાપશે.[૨૩] હે વીર ! આ કાર્યમાં સહાય કરનારા રીંછ તથા વાનરોને માટે મારા મનમાં એક

મોટો સંદેહ રહે છે. રીંછ અને કપિઓના સૈન્ય સહિત વાનરોનો રાજા સુગ્રીવ મહાસાગરને કેવી રીતે તરી શકશે ? તેમજ એ બન્ને રાજપુત્રો પણ અપાર સાગરને શી રીતે તરશે ?[૨૪-૨૫] હે હનુમાન ! સમુદ્રને ઓળંગવામાં તો તું, ગરૂડ અને વાયુ એ ત્રણ જણાજ સમર્થ છે.[૨૬] હે વીર ! તું કાર્યકુશળ પુરૂષોમાં શ્રેષ્ઠ છે, માટે હું તને પૂછું છું કે દુઃખે કરીને પણ પાર ન પડી શકે એવા આ કાર્યમાં તું શો ઉપાય કરવા ધારે છે ?[૨૭] હે શત્રુઓનો વિનાશ કરનારા કપિવર ! આ કાર્યનો નિવેડો આણવાને તું એકલોજ સમર્થ છે, માટે વિચાર કર. આ કાર્ય કરવાથી તને ઉજ્વળ યશ પ્રાપ્ત થશે.[૨૮] હે હનુમાન ! વાનર સેના સાથે અહીંયાં આવી સંગ્રામમાં રાવણને જીતી વિજયશાળી થયેલા રામચંદ્ર જ્યારે મને લઇને અયોધ્યા પાછા જશે ત્યારેજ તેમના પરાક્રમને યોગ્ય કાર્ય થયું ગણાશે.[૨૯] શત્રુઓની સેનાનો વિનાશ કરનારા શ્રીમાન રામચંદ્ર અહીં આવી, આખી લંકાનગરીને આકુળ વ્યાકુળ કરી જ્યારે મને લઈ જશે ત્યારેજ તેમની કીર્તિને યોગ્ય કાર્ય થયું કહેવાશે.[૩૦] હે વાનર વર ! સંગ્રામમાં શૌર્ય દાખવનારા મહાત્મા રામચંદ્રને છાજે એવું યોગ્ય પરાક્રમ–કાર્ય તું તેમને હાથે કરાવ."[૩૧]

સતી શિરોમણિ સીતાનાં અર્થ તથા સ્નેહ-યુક્ત સકારણ વચન સાંભળીને હનુમાને તેનો પ્રત્યુત્તર વાળતાં કહ્યું કે;[૩૨] "હે દેવિ ! વાનરો અને રીંછોની સેનાના અધિપતિ સુગ્રીવે તમને મેળવવા માટે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે. સત્ય પ્રતિજ્ઞાવાળો એ સુગ્રીવ કરોડો વાનરોની સેના લઈને સત્વર અહીં આવશે અને રાક્ષસોનો સંહાર કરશે.[૩૩-૩૪] હે વૈદેહિ ! પરાક્રમસંપન્ન, શૌર્યસંપન્ન, બળવાન તથા મન સરખા વેગવાળા લાખો અને કરોડો વાનરો સુગ્રીવની આજ્ઞામાં રહેલા છે.[૩૫] તેઓની મતિ આકાશ, પાતાળ કે ગમે તે દિશામાં જતાં અટકતી નથી. અમાપ તેજવાળા એ સર્વ વાનરો મોટાં મોટાં કાર્યોમાં પણ મુંઝાય એવા નથી.[૩૬] તેઓ મોટા ઉત્સાહવાળા છે, વાયુમાર્ગે ગતિ કરનારા છે તેમજ તેઓએ અનેક પર્વતો તથા સમુદ્રો સહિત આખી પૃથ્વીની ઘણીવાર પ્રદક્ષિણા કરેલી છે.[૩૭] હે સીતા ! સુગ્રીવના આધિપત્ય નીચે રહેનારા સર્વ વાનરો મારા જેવાજ બળવાળા અને કેટલાક તો વળી મારા કરતાં પણ વિશેષ બળવાળા છે. ત્યાં મારા કરતાં ઓછા બળવાળો એક પણ વાનર નથી.[૩૮] હે દેવિ ! જ્યારે હું અહીં આવી શક્યો ત્યારે મારા કરતાં વિશેષ બળવાળા વાનરો અહીં આવી શકે એમાં શું આશ્ચર્ય ? સુગ્રીવની પાસે રહેલા વાનરો મારા કરતાં અધિક બળવાન છે, એ તો હું પહેલ વહેલો દૂત તરીકે અહીં આવ્યો તે ઉપરથીજ સ્પષ્ટ જણાઈ રહે છે; કેમકે અલ્પ બળવાળા પુરૂષોનેજ દૂત તરીકે મોકલવામાં આવે છે.[૩૯] હે દેવિ ! હવે તમારે પરિતાપ કરવો યોગ્ય નથી; હવે તમે શોકનો ત્યાગ કરો. સઘળા વાનરો માત્ર એક છલાંગેજ આખો સમુદ્ર કૂદીને અહીં આવશે.[૪૦] વળી ઉદય પામેલા સૂર્ય અને ચંદ્ર સરખી કાંતિવાળા નરશાર્દૂલ એ બન્ને રાજપુત્રો મારી ખાંધપર બેસીને મોટી વાનર સેના સાથે તમારી સમીપ આવશે;[૪૧] અને પોતાનાં તીક્ષ્ણ બાણોવડે આખી લંકાનગરીને આકુળવ્યાકુળ કરી મૂકશે.[૪૨] હે વરારોહા ! નરશ્રેષ્ઠ રામચંદ્ર સંગ્રામમાં બંધુવર્ગ સહિત રાવણનો સંહાર કરીને તમને પોતાની અયોધ્યા નગરી પ્રત્યે લઇ જશે.[૪૩] હે દેવિ ! તમે શાંત થાઓ અને ધીરજ રાખો. તમારૂં કલ્યાણ થશે. હે સીતા ! હવે અલ્પ સમયમાંજ દેદીપ્યમાન અગ્નિ સરખી કાંતિવાળા તમારા સ્વામી રામચંદ્રનાં તમને દર્શન થશે.[૪૪] પુત્ર, અમાત્ય અને બંધુવર્ગ સહિત રાવણનો જ્યારે નાશ થશે ત્યારે જેમ રોહિણીનો ચંદ્રની સાથે સમાગમ થાય છે તેમ તમારો

શ્રીમાન રામચંદ્રની સાથે મેળાપ થશે.[૪૫] હે દેવિ ! હે મૈથિલિ ! હવે થોડા કાળમાં તમે તમારા શોકનો અંત આવતો જોશો, અને રાક્ષસરાજ રાવણને શ્રીમાન રામચંદ્રના હાથે હણાયલો જોશો. ”[૪૬]

એ પ્રમાણે સીતાનું આશ્વાસન કરીને પવનસુત હનુમાને ત્યાંથી વિદાય થવાનો વિચાર કર્યો. જતાં પહેલાં તેણે સીતાને કહ્યું કે,[૪૭] “ હે દેવિ ! તમે ચિંતા કરશો નહિ. શત્રુઓનો સંહાર કરનારા કૃતાત્મા રામચંદ્ર અને લક્ષ્મણ બન્ને ભાઈઓને હવે થોડા વખતમાંજ તમે હાથમાં ધનુષ્ય ગ્રહણ કરી લંકાનગરીના દ્વાર આગળ આવી ઉભેલા જોશો.[૪૮] હાથી સમાન પ્રૌઢ દેહવાળા, સિંહ અને શાર્દૂલ સમાન પરાક્રમવાળા તથા નખ અને દાઢોરૂપી આયુધોવાળા અસંખ્યાત વાનરોને પણ તમે અહીંયાં એકઠા થયેલા જોશો.[૪૯] હે આર્યા ! પર્વત અને મેઘ સરખા વર્ણવાળા તથા લંકાના મલય પર્વતના શિખરોપર ચઢી ગર્જના કરતા વાનરોનાં ટોળે ટોળાં હવે અલ્પ સમયમાંજ તમારા જોવામાં આવશે.[૫૦] હે સીતા ! જેમ સિંહથી પીડાયેલો હાથી જરા પણ સુખ પામતો નથી તેમ કામદેવના બાણથી મર્મસ્થળમાં ઘાયલ થયેલા રામચંદ્ર જરા પણ સુખ પામતા નથી.[૫૧] હે દેવિ ! તમે રોદન કરવું મૂકી દો. તમે તમારા મનમાં જરા પણ ભય રાખો નહિ. હે શોભના ! ઇંદ્રાણી જેમ પોતાના સ્વામી ઇંદ્રને મળે તેમ તમે તમારા ભર્તા રામચંદ્રને મળશો.[૫૨] હે દેવિ ! આ પૃથ્વીમાં રામચંદ્રના કરતાં અધિક બળવાળો કોણ છે ? તેમજ મહાત્મા લક્ષ્મણના સમાન બળવાળો પણ કોણ છે ? હે કલ્યાણિ ! જેઓનો તમને આશ્રય છે તે બન્ને ભાઈઓ અગ્નિ અને વાયુ સમાન બળવાળા છે. ”[૫૩]

“ હે દેવિ ! રાક્ષસોના વસવાટવાળા અને અત્યંત ભયંકર એવા આ દેશમાં હવે તમારે ઝાઝો વખત રહેવું પડશે નહિ. તમારા ભર્તા શ્રીમાન રામચંદ્ર હવે અલ્પ સમયમાંજ અત્રે આવી પહોંચશે. હે મૈથિલિ ! અહીંથી જઈને હું તેમને મળું અને તમારો સંદેશો કહું એટલોજ વિલંબ છે, તો એટલા સમય સુધી તમે ધૈર્ય રાખો. ”[૫૪]

नास्मिंश्चिरं वत्स्यसि देवि देशे रक्षोगणैरध्युषितेऽतिरौद्रे । न ते चिरादागमनं प्रियस्य क्षमस्व मत्सङ्गमकालमात्रम् ॥ ५४ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ઓગણચાલીશમો સર્ગ સંપૂર્ણ.૩૯

સર્ગ ૪૦ મો.

હનુમાન અને સીતા—રામચંદ્રપ્રતિ સીતાનો સંદેશ.

श्रुत्वा तु वचनं तस्य वायुसूनोर्महात्मनः । उवाचात्महितं वाक्यं सीता सुरसुतोपमा ॥१॥

પવનસુત હનુમાનનાં વચન સાંભળીને દેવકન્યા સમાન સ્વરૂપવાળાં સીતાએ પોતાના હિતને માટે કહ્યું કે;[૧] “ હે વાનર ! જેમ જળ નહિ મળવાથી સૂકાઇ જતા અનાજના છોડવાવાળી પૃથ્વી વૃષ્ટિ થવાથી હર્ષ પામે છે તેમ તારાં પ્રિય વચન સાંભળીને હું અતિ હર્ષ પામું છું.[૨] હે કપિવર ! કામથી પીડાતી હું શોકવડે સુકાઈ ગયેલા મારાં અંગોથી પુરૂષવ્યાઘ્ર રામચંદ્રનો સ્પર્શ કરી શકું તેવો યત્ન કરવાની તું મારાપર કૃપા કર.[૩] હે વાનરવર ! શ્રીમાન રામચંદ્રે ક્રોધને લીધે દર્ભની એક સળી ફેંકીને કાગડાની આંખ ફોડી હતી. એ વાત તું રામચંદ્રને અભિજ્ઞાનરૂપે કહેજે અને મેં તને જે ચૂડામણિ આપ્યો છે તે તેમને આપજે.[૪] વળી વિશેષ અભિજ્ઞાન માટે આ વાત પણ કહેજે કે, “ એક સમયે જ્યારે મારૂં તિલક ભુસાઇ ગયું હતું ત્યારે તમોએ મારા ગંડસ્થળપર મનઃશિલાનું તિલક કર્યું હતું.[૫] હે રામચંદ્ર ! તમે ઇંદ્ર અને વરુણ સમાન પરાક્રમી છો છતાં રાક્ષસે મારૂં હરણ કર્યું

છે અને હું રાક્ષસોના દેશમાં રહી છું તેને કેમ સાંખી શકો છો ?[6] હે અનઘ ! આ દિવ્ય ચૂડામણિને મેં ઘણા પ્રયત્નથી સંઘરી રાખ્યો છે અને આટલા આટલા દુઃખમાં પણ એ ચૂડામણિને જોઈને હું તમારાં દર્શન જેટલો આનંદ પામું છું;[7] પરંતુ હવે તો તે પણ મેં તમારી પાસે મોકલાવ્યો છે, જેથી શોકને લીધે હવે હું વધારે વખત જીવી શકું એમ નથી.[8] સહન ન થઇ શકે એવાં દુઃખ, રાક્ષસીઓનાં મર્મભેદી વચન અને ક્રૂર રાક્ષસોનો સહવાસ, એ સઘળું તમને પુનઃ મળવાની આશાએજ હું સહન કરી રહી છું.[9] હે શત્રુદમન! હવે હું એક મહિના સુધી મારૂં જીવિત ટકાવી રાખીશ. હે નૃપાત્મજ ! એટલા સમયમાં તમે નહિ આવો તો પછી હું મરણજ પામીશ.[10] હે સ્વામિન્ ! આ રાક્ષસરાજ રાવણ ઘણોજ ક્રૂર છે અને તેની વૃત્તિ મારા પ્રત્યે સારી નથી, તેથી જો તમે મારી વહારે ચઢવામાં વિલંબ કરશો તો હું ક્ષણવાર પણ જીવનાર નથી.” હે હનુમાન ! શ્રીમાન રામચંદ્રને મારા તરફથી તું એટલું અવશ્ય કહેજે.”[11]

ગદગદ કંઠે કહેલાં સીતાનાં કરૂણાલ વચન સાંભળીને મહાતેજસ્વી હનુમાને તેમનું આશ્વાસન કરતાં કહ્યું કે;[12] “ હે દેવિ ! હું સત્યના શપથ લઇને કહું છું કે તમારા વિયોગને લીધે શ્રીમાન રામચંદ્ર કંઇ પણ કાર્ય કરવામાં પ્રવૃત્ત થતા નથી; અને તેઓને શોકાતુર જોઇને શ્રીમાન લક્ષ્મણ પણ સંતાપ પામે છે.[13] હે જાનકિ ! ઘણી ઘણી શોધ કરતાં મહા પ્રયત્ને મને તમારૂં દર્શન થયું છે તો હવે તમારે ખેદ કરવો યોગ્ય નથી. હે ભામિનિ ! હવે તમે તમારા દુઃખના અંતને સત્વર જોશો.[14] હે વૈદેહિ ! એ બંને દશરથ નંદનો તમને મેળવવાના ઉત્સાહથી આખી લંકાનગરીને બાળીને ભસ્મીભૂત કરશે.[15] હે વિશાળ નેત્રા ! સંગ્રામ ભૂમિમાં બંધુ તથા સુહૃદ્વર્ગ સહિત રાવણનો વધ કરીને શ્રીમાન રામ–લક્ષ્મણ તમને અહીંથી અયોધ્યા પ્રત્યે તેડી જશે.[16] હે સતી શિરોમણિ ! હવે હું જાઉં છું. રામચંદ્ર સારી રીતે ઓળખી શકે એવું બીજું પણ કાંઇ અભિજ્ઞાન હોય તો તે મને આપો કે જે જોઇને તેઓ અત્યંત પ્રસન્ન થાય. ”[17]

હનુમાનનું વચન સાંભળીને સીતાએ કહ્યું કે; “ હે હનુમાન ! હવે હું બીજું અભિજ્ઞાન શું આપું ? મેં તને જે ચૂડામણિ આપ્યો છે તે ઉત્તમોત્તમ અભિજ્ઞાન છે. હે વીર ! એ ચૂડામણિ જોતાંજ રામચંદ્રને તારાં વચનોપર પૂરેપૂરો વિશ્વાસ આવશે. ”

પછી સીતાએ આપેલો ચૂડામણિ ગ્રહણ કરીને કપિવર હનુમાન સીતાને પ્રણામ કરી ત્યાંથી વિદાય થવા તત્પર થયો. મહા વેગવાળા હનુમાનને ઉડવાના ઉત્સાહમાં આવેલો અને પોતાના સ્થૂલ સ્વરૂપને ધારણ કરતો જોઇને સીતાએ આંખમાં આંસુ લાવી ગદગદ કંઠે કહ્યું કે;[18-21] “ હે હનુમાન ! સિંહ સમાન પરાક્રમવાળા રામ–લક્ષ્મણ બન્ને ભાઇઓને તથા અમાત્ય મંડળ સહિત સુગ્રીવને મારા કુશળ સમાચાર કહેજે;[22] અને એ મહાબાહુ રામચંદ્ર આ દુઃખસાગરમાંથી મારો ઉદ્ધાર કરે તેવી રીતનો પ્રયત્ન કરજે.[23] હે વાનરવર ! આ મારો તીવ્ર શોક અને રાક્ષસીઓથી થતો મારો તિરસ્કાર એ સઘળું તું રામચંદ્રને કહી સંભળાવજે. હે વાયુનંદન ! તારો માર્ગ નિર્વિઘ્ન થાઓ.”[24]

જનક રાજાની પુત્રી સીતાનો સંદેશો લઇને તથા તેમનું સંપૂર્ણ વૃત્તાંત જાણીને કૃતાર્થ અને અત્યંત પ્રસન્ન થયેલા કપિવર હનુમાને વિચાર કર્યો કે “ હવે મારે રાવણનું સૈન્યબળ કેટલું છે એ જોવાનુંજ બાકી રહ્યું છે. એ જાણ્યા પછી હું ઉત્તર દિશાનો માર્ગ પકડીશ; અર્થાત્ અહીંથી પાછો વળીશ. ”[25]

स राजपुत्र्या प्रतिवेदितार्थः कपिः कृतार्थः परिहृष्टचेताः । तदल्पशेषं प्रसमीक्ष्य कार्यं दिशं ह्युदीचीं मनसा जगाम ॥ २९ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચાલીશમો સર્ગ સંપૂર્ણ. ૪૦

સર્ગ ૪૧ મો.

હનુમાનનું પરાક્રમ–પ્રમદાવન ભંજન.

स च वाग्भिः प्रशस्ताभिर्गमिष्यन्पूजितस्तया । तस्माद्देशादपाक्रम्य चिन्तयामास वानरः ॥ १ ॥

સતી શિરોમણિ સીતાની મધુર વાણીથી સત્કાર પામેલો કપિવર હનુમાન ત્યાંથી થોડેક દૂર જઇને વિચાર કરવા લાગ્યો કે,[1] “ હું શ્યામ નેત્રવાળાં સીતાને મળ્યો અને લંકાનગરીની રચનાને જોઇ વળ્યો. હવે મારે થોડુંકજ કાર્ય કરવાનું બાકી રહ્યું છે અને તે એ કે રાવણનો યુદ્ધ કરવાનો ઉત્સાહ કેવો છે અને તેનું સૈન્યબળ કેટલું છે એ જાણી લેવું. ઉંડો વિચાર કરી જોતાં મને જણાય છે કે એ કાર્ય કરવામાં સામ, દાન અને ભેદ એ ત્રણે ઉપાયોને કોરે મૂકી ચોથો દંડ ઉપાય યોજવાનીજ આવશ્યકતા છે; અર્થાત્ રાક્ષસોની સાથે યુદ્ધ કરવાથી મને તેઓનું બળાબળ જણાઇ આવશે.[2] રાક્ષસોની સાથે સામ–શાંતિથી વાત કરવામાં કાંઇ પણ શ્રેષ્ઠ ફળ આવે એમ જણાતું નથી; તેમજ ધનવાન પુરૂષોને દાન આપવું એ પણ અયોગ્ય છે; કેમકે ધનવાન પુરૂષો દાનથી લલચાતા નથી અને બળથી ગર્વિષ્ટ થયેલા પુરૂષો કોઇ પણ પ્રકારે ભેદ પામતા નથી. માટે મને લાગે છે કે પરાક્રમ કરવું એજ શ્રેષ્ઠ છે.[3] પરાક્રમ કર્યા સિવાય મેં ધારેલા કાર્યનો કંઇ પણ નિર્ણય થઇ શકે એમ નથી. જો હું પરાક્રમ કરીશ તો અહીંના રાક્ષસો પોતાના શૂરવીર યોધાઓનો નાશ થયેલો જોઇને જરા પણ નરમ પડશે.[4] જો કે એ કાર્ય કરવા માટે મારા સ્વામી સુગ્રીવે મને કહ્યું નથી તો પણ મારે તે કરવું જોઇએ; કેમકે સ્વામીએ બતાવેલું તેનું મુખ્ય કાર્ય સિદ્ધ થયા પછી જે દૂત મુખ્ય કાર્યને હાનિ ન પહોંચે એવાં અન્યાન્ય કાર્યો પણ કરે છે તેજ ખરી રીતે દૂત કાર્ય કરવાને યોગ્ય છે.[5] જે દૂત ઘણો પરિશ્રમ કરીને સ્વલ્પ કાર્ય સિદ્ધ કરે છે તે દૂત ખરો કાર્યસાધક ગણાતો નથી; પરંતુ જે થોડા પરિશ્રમથી ઘણાં કાર્ય કરે છે તેજ ખરેખરો કાર્યસાધક ગણાય છે.[6] માટે વાનરો અને રાક્ષસો એ બન્ને પક્ષમાં વધારે કિંવા ઓછા બળવાળો કયો પક્ષ છે? એ બાબત સારી રીતે જાણ્યા પછીજ હું સુગ્રીવની પાસે જઇશ. જો એમ થાય તોજ મેં મારા સ્વામીનું કાર્ય યથાર્થ રીતે બજાવ્યું કહેવાય.[7] પણ રે, મારૂં અહીં આવવું સુખરૂપ શી રીતે થાય? અર્થાત્ રાક્ષસોની સાથે બળાત્કારે મારૂં યુદ્ધ કેવી રીતે થાય? અને સંગ્રામમાં મારૂં બળ કેટલું છે તથા રાક્ષસોનું બળ કેટલું છે, એ રાક્ષસરાજ રાવણને શી રીતે સ્પષ્ટ માલુમ પડે?[8] મંત્રી, સેના અને અનુચરો સહિત યુદ્ધ કરવા આવેલા રાવણની સામે જો હું યુદ્ધમાં ઉતરીશ તો તેનું સૈન્ય બળ કેટલું છે તથા તેનું હૃદયબળ કેટલું છે તે સઘળું હું સુખેથી જાણી શકીશ અને તે પછી હું અહીંથી પાછો વળીશ.[9] મારી આ ઇચ્છા પાર પાડવા માટે ક્રૂર રાવણની આ નંદનવન સરખી વાટિકા કે જે નાના પ્રકારનાં વૃક્ષો તથા લતાઓથી ભરેલી છે અને જે મન તથા નેત્રને ઠંડક આપનારી છે તેનો અગ્નિ જેમ સૂકા વનનો નાશ કરે તેમ હું નાશ કરીશ. એમ કરવાથી રાક્ષસરાજ રાવણ અવશ્ય કોપાયમાન થશે;[10-11] અને ત્રિશૂળ તથા લોઢાનાં પરિઘ વગેરે આયુધ ધારણ કરનારા રાક્ષસો સહિત અશ્વો, રથો અને હસ્તીઓનું મોટું સૈન્ય મારી સાથે યુદ્ધ કરવા માટે મોકલશે; એટલે તેની સાથે મારૂં ઘોર યુદ્ધ થશે.[12] હું રાક્ષસોથી હારૂં તેવો નથી, માટે રાવણે મોકલેલા પ્રચંડ પરાક્રમવાળા

રાક્ષસોની સેનાની સાથે હું યુદ્ધ કરીશ અને સઘળ સેનાનો સંહાર કરીને નિશ્ચિંતપણે સુગ્રીવની પાસે જઇશ. ”૧૩

એ પ્રમાણે વિચાર કરી ક્રોધ પામેલા અને ભયંકર પરાક્રમવાળા પવનસુત હનુમાને મહાન વેગથી અશોકવાટિકામાંનાં વૃક્ષોને ભાંગી નાખવા માંડયાં.૧૪ થોડીકવારમાં તો શૂરવીર હનુમાને મદોન્મત્ત પક્ષીઓના નાદથી ગાજી રહેલા અને અનેક પ્રકારનાં વૃક્ષો તથા લતાઓથી ભરેલા રાવણના પ્રમદાવનને* ઉજડ કરી મૂક્યું.૧૫ કપિવર હનુમાને એ વનમાંનાં સઘળાં વૃક્ષો ઉખેડી નાખ્યાં, જળાશયો તોડી નાખ્યાં અને સુંદર દેખાવવાળા ક્રીડા પર્વતોના ચૂરેચૂરા કરી નાખ્યા.૧૬ જળાશયો અને વૃક્ષો ભાંગી જવાથી એ વનમાંનાં પક્ષીઓ ભયંકર ચીસો પાડવા લાગ્યાં. વૃક્ષોનાં નવપલ્લવો અને લતાઓ કરમાઇ ગયાં. એથી એ વન જાણે દાવાનળથી બળી ગયું હોય એવું દેખાવા લાગ્યું. પાંદડાં ખરી પડવાને લીધે લતાઓ પણ વસ્ત્ર વિનાની નગ્ન સ્ત્રીઓ સરખી દેખાવા લાગી. ૧૭-૧૮

અસ્તવ્યસ્ત થયેલાં લતાગૃહો તથા ચિત્રગૃહોથી, નાસભાગ કરી રહેલાં મૃગો અને સર્પોથી, ચીસો નાખતાં પક્ષીઓથી તેમજ તોડી પાડેલાં શિલાગૃહો અને રમ્ય મંદિરોથી પ્રમદાવનની સઘળી શોભા નષ્ટ થઇ ગઇ.૧૯ કંપાયમાન અશોકવૃક્ષ તથા લતાઓવાળી અશોકવાટિકાની ભૂમિ કે જે રાવણના અંતઃપુરમાં રહેનારી સ્ત્રીઓને વિહાર કરવા યોગ્ય અને તેઓના કામદેવને વધારનારી હતી કપિવર હનુમાનના પરાક્રમથી ઉજ્જડ-વેરાન સરખી થઇ રહી. તેમાંની સૂકાઇ ગયેલી લતાઓ જોનારના મનને ખેદ ઉપજાવવા લાગી.૨૦ એ પ્રમાણે મહાત્મા રાવણનું અત્યંત અપ્રિય કરીને મહાન બળવાળા અનેક રાક્ષસોની સાથે પોતે એકલો યુદ્ધ કરવા ઇચ્છતો કપિશ્રેષ્ઠ હનુમાન અશોકવાટિકાના મુખ્ય દરવાજા આગળ આવીને ઉભો રહ્યો.૨૧

ततः स कृत्वा जगतीपतेर्महान्महद्व्यलीकं मनसो महात्मनः । युयुत्सुरेको बहुभिर्महाबलैः श्रिया ज्वलंस्तोरणमाश्रितः कपिः ॥ २१ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં એકતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૧

सर्ग ४२ मो.

હનુમાનનું પરાક્રમ—રાવણે મોકલેલા રાક્ષસોનો નાશ.

ततः पक्षिनिनादेन वृक्षभङ्गस्वनेन च । बभूवुस्त्राससम्भ्रान्ताः सर्वे लङ्कानिवासिनः ॥१॥

અશોકવાટિકામાંનાં વૃક્ષો તૂટી પડવાથી થતા કડાકા તથા મૃગ–પક્ષીઓનો કોલાહલ સાંભળીને લંકાનગરીમાં વસનારા સર્વ લોકો ત્રાસ પામ્યા અને ગભરાઇ ગયા.૧ મૃગો અને પક્ષીઓ ભયભીત થઇ નાસાનાસ કરતાં ભયંકર ચીસો પાડવા લાગ્યાં અને રાક્ષસોને જ્યાં ત્યાં અપશુકન જણાવા લાગ્યાં.૨

રાત્રિના ઉજાગરાથી કંઇક નિદ્રાવશ થયેલી અને બિહામણા મુખવાળી રાક્ષસીઓ મોટો કોલાહલ સાંભળીને ઝબકી ઉઠી. તેમણે જોયું તો આખું વન ઉજડ થયેલું હતું અને શૂરવીર હનુમાન દરવાજા આગળ ઉભેલો હતો.૩ આ વેળાએ રાક્ષસીઓને ભય ઉપજાવવા માટે મહાબળવાન હનુમાને પોતાનું મૂળ પ્રૌઢ સ્વરૂપ ધારણ કર્યું.૪ પર્વત સમાન પ્રૌઢ દેહવાળા હનુમાનને જોઇને રાક્ષસીઓએ સીતાને પૂછ્યું કે,૫ “ હે સીતા ! આ કોણ છે ? કોનો દૂત છે ? ક્યાંથી આવ્યો છે ? અને તે શું કરવા ઇચ્છે છે ? તેં એની સાથે વાર્તાલાપ શા માટે કર્યો ?૬ હે વિશાલાક્ષિ ! હે રૂડાં ભાગ્યવાળી ! જરા પણ ભય રાખ્યા વિના તું એ સઘળું અમને કહે. વળી હે અસિતાપાંગિ ! એણે તારી સાથે શી વાતચિત કરી ? ”૭

* અશોકવાટિકામાંનો કોઇએક ભાગ અથવા તો અશોકવાટિકાનુંજ ઉપનામ હશે.

રાક્ષસીઓનાં વચન સાંભળીને મહા સાધ્વી સીતાએ કહ્યું કે, "હે રાક્ષસીઓ! રાક્ષસો પોતાની ઈચ્છામાં આવે તેવું રૂપ ધારણ કરે છે, એથી હું તેઓને શી રીતે જાણી શકું ?૮ જેમ સર્પના ચરણને સર્પોજ જાણે છે તેમ એ કોણ છે અને શું કરવાનો છે એ તમેજ જાણી શકો એમ છો! એમાં હું શું જાણું ?૯ 'એ કોણ છે' એ હું જાણતી નથી; તેથી એને દેખ્યો છે ત્યારની હું ઘણો ભય પામી છું. હું માનું છું કે એ કોઇ રાક્ષસ હશે અને ઇચ્છિત રૂપ ધરીને અત્રે આવ્યો હશે."૧૦

સીતાનું વચન સાંભળીને ભયભીત થયેલી કેટલીક રાક્ષસીઓ ત્યાંથી ઉતાવળે નાસી ગઇ, કેટલીક ત્યાંજ સ્થિર થઈ ગઈ અને કેટલીક રાક્ષસીઓ રાવણને સમાચાર કહેવા માટે દોડી ગઈ.૧૧ બિહામણા મુખવાળી રાક્ષસીઓએ રાવણની પાસે જઈને કહ્યું કે;૧૨ "હે રાજન! આપણી અશોકવાટિકામાં ભયંકર દેહવાળો કોઇએક વાનર આવ્યો છે. તેણે સીતાની સાથે કંઈક વાતચિત કરી છે અને હવે તે દરવાજા આગળ ઉભો રહ્યો છે. એ ઘણો પરાક્રમી હોય એમ અમને લાગે છે.૧૩ એનું વૃત્તાંત જાણવાને માટે અમોએ સીતાને ઘણુંએ પૂછયું; પરંતુ એ વાનર સંબંધે તે કંઇ પણ કહેવા ઇચ્છતી નથી.૧૪ અમને એમ લાગે છે કે એ ઇંદ્રનો અથવા કુબેરનો દૂત હશે; કિંવા 'સીતા ક્યાં છે?' એ જાણવા માટે રામે મોકલેલો કોઈ દૂત હશે.૧૫ હે મહારાજ! એ અદ્ભુત રૂપવાળા વાનરે નાના પ્રકારનાં મૃગ-પક્ષીઓથી ભરેલા આપણા મનોહર પ્રમદાવનને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યું છે.૧૬ આખી અશોકવાટિકામાં એવો કોઈપણ ભાગ જોવામાં આવતો નથી કે જેને એ વાનરે રમણભમણ કર્યો ન હોય. છતાં જ્યાં સીતા બેઠેલી છે એ વિભાગને તેણે જેમનો તેમ રહેવા દીધો છે.૧૭ હે રાજન! સીતાને હરકત ન થાય એટલા માટે કિંવા તો પોતે થાકી ગયો હોય તે કારણથી એ વાનરે જ્યાં સીતા બેઠી છે તે ભાગને ઉજડ કર્યો નથી. છતાં અમને તો કશું સમજાતું નથી. હે રાક્ષસેશ્વર! એ વાનરને થાક તે વળી શેનો લાગે ? અમને તો લાગે છે કે તેણે ચાહીનેજ સીતાનું રક્ષણ કર્યું છે.૧૮ વળી કોમળ નવાંકુરવાળું શિંશપા વૃક્ષ કે જેની નીચે સીતા બેઠેલી છે તેને પણ એ વાનરે જરાએ ભાંગ્યું નથી.૧૯ હે મહારાજ! ભયંકર રૂપવાળા એ વાનરને તમારે ઉગ્ર દંડ આપવો આવશ્યક છે. તેણે આખી અશોકવાટિકાને ઉજ્જડ કરી મૂકી છે અને સીતાની સાથે ગુપ્ત વાતચિત કરી છે.૨૦ હે રાક્ષસોના અધિપતિ! જીવવાની ઇચ્છા રાખનારો કયો પુરૂષ તમારા મનમાં વસેલી સીતાની સાથે વાતચિત પણ કરી શકે?"૨૧

રાક્ષસીઓનાં વચન સાંભળીને રાક્ષસરાજ રાવણ ક્રોધને લીધે ચિતાના અગ્નિની પેઠે પ્રજ્વલિત થયો અને તેનાં નેત્ર લાલચોળ થઈ ગયાં.૨૨ એ વેળા જેમ દીપકમાંથી બળતા તેલનાં ટીપાં પડે તેમ રાવણનાં નેત્રોમાંથી ક્રોધ જનિત અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં.૨૩ પછી મહા તેજસ્વી રાવણે પોતાના સરખા પરાક્રમવાળા કેટલાક રાક્ષસોને આજ્ઞા આપી કે "તમે એ વાનરને પકડીને કેદ કરો."૨૪

રાવણની આજ્ઞા થતાં જ કિંકરનું કામ કરનારા એંશી હજાર બળવાન રાક્ષસો હાથમાં અનેક પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો ગ્રહણ કરીને રાજ મહેલમાંથી બહાર નીકળ્યા.૨૫ મોટા ઉદરવાળા, વિકાળ દાઢોવાળા, બિહામણા રૂપવાળા, મહાન બળવાળા અને યુદ્ધ કરવાના ઉત્સાહવાળા એ સર્વ રાક્ષસો હનુમાનને પકડવા માટે ઉતાવળે અશોકવાટિકા પ્રત્યે જવા લાગ્યા.૨૬ જોત જોતાંમાં સર્વ રાક્ષસો અશોકવાટિકાના દરવાજા આગળ આવી પહોંચ્યા અને પતંગીયાં જેમ દીપકપર ધસી જાય તેમ તેઓ હનુમાનપર ધસી ગયા.૨૭ તેઓ પોતાનાં સોનાનાં કડાંવાળાં પરિઘો, ચિત્રવિચિત્ર ગદાઓ, સૂર્ય સમાન

પ્રકાશવાળાં બાણો, મુદ્‌ગરો, પટ્ટિશો, ત્રિશૂળો, પ્રાસો, તોમરો અને સાંગો વગેરે આયુધોથી કપિવર હનુમાનને ઘેરીને ઉભા રહ્યા.[૨૮-૨૯]

રાક્ષસો પોતાને ઘેરી વળ્યા એ જોઇને પર્વત સરખા દેહવાળા પવનસુત હનુમાને જોસભેર પોતાનું પુચ્છ પૃથ્વીપર પછાડયું અને મોટી ગર્જના કરી. તે ગર્જનાને લીધે આખી લંકાનગરી ખળભળી ઉઠી.[૩૦-૩૧] હનુમાનના પુચ્છ પ્રહારનો તથા ગર્જનાનો એવો તો મોટો પ્રતિધ્વનિ થયો કે જેથી આકાશમાં ઉડતાં પક્ષીઓ કંપિત થઇને પૃથ્વીપર પડયાં. એ વેળા મહાવીર હનુમાન મોટા સ્વરે બોલ્યા કે;[૩૨] "અત્યંત બળવાળા રામચંદ્રનો જય થાઓ. મહાપરાક્રમી લક્ષ્મણનો જય થાઓ. રઘુવીરથી સુરક્ષિત થયેલા વાનરરાજ સુગ્રીવનો જય થાઓ.[૩૩] પવિત્ર કર્મવાળા કોસલાધિપતિ રામચંદ્રનો હું દૂત છું, મારૂં નામ 'હનુમાન' છે, હું વાયુનો પુત્ર છું અને શત્રુની સેનાનો સંહાર કરવાની શક્તિ ધરાવું છું.[૩૪] હું જે સમયે યુદ્ધમાં હજારો શિલાઓ તથા વૃક્ષો વષાવીશ ત સમયે લંકાના રાજા રાવણ જેવા બીજા હજાર રાવણ આવે તો પણ તેઓ મારા બળને પહોચી વળે એમ નથી.[૩૫] હું આજે આખી લંકાનગરીને આકુળ વ્યાકુળ કરીને તથા જનકનંદિની સીતાને પ્રણામ કરીને મારૂં કાર્ય સિદ્ધ કરીશ; અને સર્વ રાક્ષસોનાં દેખતાંજ સુખેથી ચાલ્યો જઇશ."[૩૬]

હનુમાનની ભયંકર ગર્જના સાંભળીને સર્વ રાક્ષસો ભયને લીધે થરથર ધ્રૂજવા લાગ્યા અને સંધ્યાકાળના મેઘ સરખા એ કપિવર સામું જોઇ રહ્યા.[૩૭] પછી પોતાના સ્વામી રાવણની આજ્ઞા થયેલી હોવાથી તેમજ હનુમાને પોતે રામચંદ્રનો દૂત છે એવું જણાવવાથી નિ:શંક થયેલા એ રાક્ષસો ભયંકર અને ચિત્રવિચિત્ર આયુધો ઉગામીને ચોમેરથી તેની ઉપર તૂટી પડયા.[૩૮] એ જોઇ મહાબળવાળા હનુમાને ચોમેર દૃષ્ટિ ફેરવી તો એ વાટિકાના દરવાજાની ભૂંગળ તેના જોવામાં આવી.[૩૯] તુરતજ તેણે ભૂંગળ ઉપાડીને તે વડે રાક્ષસોનો સંહાર કરવા માંડયો. વિનતાનો પુત્ર ગરૂડ જેમ જીવતા સર્પોને પકડીને આકાશમાં ઉડે તેમ શૂરવીર હનુમાન જીવતા રાક્ષસોને પકડીને આકાશમાં ઉડવા લાગ્યો અને ઇંદ્ર જેમ વજ્રવડે દૈત્યોને હણે તેમ ભૂંગળવડે રાક્ષસોને હણવા લાગ્યો.[૪૦-૪૧]

રાવણે મોકલેલા સર્વ રાક્ષસોનો સંહાર વાળીને મહાવીર હનુમાન યુદ્ધ કરવાની ઇચ્છાથી પુન: પણ દરવાજાપર જઇને ઉભો રહ્યો.[૪૨] હનુમાનના સપાટામાંથી બચવા પામેલા ગણ્યા ગાંઠયા રાક્ષસો ઉતાવળે રાવણની પાસે ગયા અને હનુમાને રાક્ષસોનો કેવી રીતે નાશ કર્યો એ વાત રાવણને અથેતિ કહી સંભળાવી.[૪૩]

પોતાના મોટા સૈન્યનો એકજ વાનરે વિનાશ કર્યો એ સાંભળી ક્રોધને લીધે રાવણનાં નેત્ર ફરી ગયાં. તેણે અમિત્ત પરાક્રમવાળા તથા યુદ્ધમાં દુર્જય એવા પ્રહસ્ત*ના પુત્ર જંબુમાલીને આજ્ઞા આપી કે; "હે જંબુમાલી ! તું જા અને હનુમાનને બાંધી લાવ."[૪૪]

स राक्षसानां निहतं महाबलं निशम्य राजा परिवृत्तलोचनः । समादिदेशाप्रतिमं पराक्रमे प्रहस्तपुत्रं समरे सुदुर्जयम् ॥४४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બેતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૨

सर्ग ४३ मो.

હનુમાનનું પરાક્રમ—ચૈત્યપ્રાસાદ ભંગ

ततः सकिङ्करान्हत्वा हनुमान ध्यानमास्थितः । वनं भग्नं मया चैत्यप्रासादो न विनाशितः॥१॥

લંકાધિપતિ રાવણે મોકલેલા રાક્ષસોનો નાશ કર્યા પછી હનુમાનને વિચાર થઇ આવ્યો કે મેં આ અશોકવાટિકાને તો

*. એ નામનો રાવણનો એક પ્રધાન.

ભાંગી નાખી; પરંતુ તેની મધ્યે આવેલા આ ચૈત્યપ્રાસાદનો નાશ કર્યો નથી.[1] હવે હું આ સુંદર પ્રાસાદને તોડી પાડીશ. આમ વિચાર કરીને પવનસુત હનુમાન પોતાનું બળ દર્શાવતો એકાએક કૂદ્યો અને મેરૂ પર્વતના શિખર જેટલા ઉંચા ચૈત્યપ્રાસાદપર ચઢી ગયો.[૨-૩] પર્વત સરખા પ્રાસાદપર ચઢેલો મહાતેજસ્વી હનુમાન જાણે બીજો સૂર્ય ઉગ્યો હોય એવો શોભવા લાગ્યો.[૪] જોત-જોતાંમાં એ અતિ ઉંચા ચૈત્યપ્રાસાદને તોડી પાડીને પોતાની કાન્તિવડે જળહળતો કપિવર હનુમાન 'પારિયામ' નામના કુલપર્વતની પેઠે શોભવા લાગ્યો.[૫] પછી પવનસુત હનુમાને પોતાના પ્રભાવથી અત્યંત મોટું સ્વરૂપ ધારણ કર્યું; અને નિર્ભયપણે પોતાનું પુંછડું પછાડી આખી લંકાનગરીને ગજવી મૂકી.[૬] પૃથ્વીપર પુંછડું પછાડવાથી થયેલો કાનને ફાડી નાખે એવો ભયંકર નાદ સાંભળીને આકાશમાં ઉડતાં પક્ષીઓ ત્રાસ પામી પૃથ્વીપર પડવા લાગ્યાં અને ચૈત્યપ્રાસાદનું રક્ષણ કરનારા રાક્ષસો કર્તવ્યશૂન્ય થઇ ગયા.[૭] પછી હનુમાન હાક મારીને બોલ્યો કે, "રામ, લક્ષ્મણ અને સુગ્રીવનો જય થાઓ.[૮] શત્રુઓની સેનાનું મર્દન કરનારો હું પવનનો પુત્ર છું અને રામચંદ્રનો દૂત છું; મારૂં નામ 'હનુમાન' છે.[૯] શિલાઓ અને વૃક્ષોથી યુદ્ધ કરનારા મને એક રાવણ તો શું પણ હજારો રાવણો પણ જીતી શકે એમ નથી![૧૦] લંકાને રમણભમણ કરીને તથા સીતાને મળીને હું સર્વ રાક્ષસોનાં દેખતાં સુખેથી પાછો જઈશ."[૧૧]

ચૈત્યપ્રાસાદપર બેઠેલા કપિવર હનુમાને વળી પણ રાક્ષસોને ત્રાસ ઉપજાવે એવી એક ભયંકર ગર્જના કરી.[૧૨] એ ગર્જના સાંભળીને ચૈત્યપ્રાસાદનું રક્ષણ કરનારા સેંકડો રાક્ષસો તલવાર, પ્રાસ તથા ફરશી વગેરે જાતજાતનાં અસ્ત્રો ગ્રહણ કરીને દોડી આવ્યા અને હનુમાનને વીંટાઇ વળ્યા. તે રાક્ષસો ગદાઓ, પરિઘો અને બાણોવડે ચોમેરથી હનુમાનને પીડવા લાગ્યા. કપિવર હનુમાનને વીંટાઈ ઉભેલો રાક્ષસોનો સમૂહ ગંગાના મોટા તરંગ જેવો શોભતો હતો.

ત્યારપછી અત્યંત ક્રોધ પામેલા કપિશ્રેષ્ઠ હનુમાને ભયંકર રૂપ ધારણ કર્યું;[૧૩-૧૬] અને એ પ્રાસાદના સુવર્ણથી મઢેલા સો ધારવાળા એક મોટા સ્તંભને વેગથી ઉખેડી કહાડી હાથમાં ગ્રહણ કર્યો. મહાબળવાન હનુમાને એ સ્તંભને વેગથી ફેરવવા માંડયો; તેથી એ સ્તંભમાંથી અગ્નિ પ્રકટ થયો અને આખો ચૈત્યપ્રાસાદ સળગી ઉઠયો.[૧૭-૧૮] પ્રાસાદને સળગતો જોઈ, ઇંદ્ર જેમ પોતાના વજ્રથી અસુરોનો નાશ કરે તેમ કપિવર હનુમાને પેલા સ્તંભથી સેંકડો રાક્ષસોનો નાશ કર્યો[૧૯] અને પોતે આકાશમાં ઉડયો. પછી ત્યાં રહીને તે કહેવા લાગ્યો કે; "હે રાક્ષસો! સુગ્રીવની આજ્ઞા ઉઠાવનારા અને મારા જેવા બળવાળા હજારો વાનરો છે. સુગ્રીવે તેઓ સર્વને સીતાની શોધ કરવા માટે આજ્ઞા આપેલી છે. જેથી હું અને બીજા પણ અસંખ્યાત વાનરો આ પૃથ્વીપર ફરવાને નીકળી પડયા છીએ.[૨૦-૨૧] અમારામાંના કેટલાક વાનરો દશ હાથીના બળવાળા છે, કેટલાક સો હાથીના બળવાળા છે, કેટલાક હજાર હાથીના જેટલું બળ ધરાવનારા છે.[૨૨] કેટલાક હાથીઓના એક ઓઘ જેટલા બળવાળા છે, કેટલાક વાયુના જેવા પરાક્રમી છે અને કેટલાક અમાપ બળવાળા છે.[૨૩] હે રાક્ષસો! ઉક્ત બળવાળા અસંખ્યાત વાનરો કે જેઓની પાસે તીક્ષ્ણ નખ અને દાંતરૂપી આયુધો છે તેઓ તમો સૌનો સંહાર કરવા માટે અમારા રાજા સુગ્રીવની સાથે અહીં આવશે. હે પાપાત્માઓ! તમારા રાજા રાવણે ઇક્ષ્વાકુ કુળ દીપક શ્રીમાન રામચંદ્રની સાથે વેર બાંધ્યું છે; તેથી હવે તમે, આ લંકાનગરી અને રાવણ એ સઘળા હતા ન હતા થઇ જશો.[૨૪-૨૫]

आगमिष्यति सुग्रीवः सर्वेषां वो निषूदनः।
.नास्ति पुरी लङ्का न यूयं न च रावणः॥
त्विक्ष्वाकुवीरेण बद्धं वैरं महात्मना ॥२९॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રેતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૩.

सर्ग ४४ मो.

હનુમાનનું પરાક્રમ-જંબુમાલીનો વધ.

संदिष्टो राक्षसेन्द्रेण प्रहस्तस्य सुतो बली ।
जम्बुमाली महादंष्ट्रो निर्जगाम धनुर्धरः ॥ १ ॥

રાક્ષસરાજ રાવણની આજ્ઞા પામેલો મોટી દાઢોવાળો પ્રહસ્તનો પુત્ર જંબુમાલી હાથમાં ધનુષ્ય ગ્રહણ કરીને રાજમહેલમાંથી બહાર નીકળ્યો.[1] તે જંબુમાલીએ રાતાં વસ્ત્ર પહેર્યાં હતાં, કંઠમાં પુષ્પમાળાઓ ધારણ કરી હતી, કાનમાં સુંદર કુંડળ પહેર્યાં હતાં, તેની આંખો ઘણીજ મોટી તથા ગોળ હતી અને તે સ્વભાવે ઘણોજ ઉગ્ર તથા કોઇથી પણ જીતી શકાય નહિ એવો હતો.[2] એ જંબુમાલી વજ્ર અને અશનિ સરખો ઝણુકાર કરનારા તથા ઇંદ્ર ધનુષ્ય સરખી કાંતિવાળા પોતાના મોટા ધનુષ્યનો વેગથી ટંકારવ કરતો હતો; અને એ ટંકારવના નાદથી દશે દિશાઓ ગાજી રહી હતી.[3-4] એ જંબુમાલી ગધેડા જોડેલા રથમાં બેઠેલો હતો. જંબુમાલીને પોતાની તરફ આવતો જોઇને મહાબળવાન હનુમાન અત્યંત હર્ષિત થયો અને ગર્જના કરવા લાગ્યો.[5]

અશોકવાટિકાના દ્વારના ઉપરના ભાગપર બેઠેલા કપિવર હનુમાનને જોતાંજ મહાતેજસ્વી જંબુમાલીએ તીક્ષ્ણ બાણો મૂકીને તેને વિંધી નાખ્યો.[6] તેણે અર્ધ ચંદ્રાકાર એક બાણવડે હનુમાનનું મુખ, અંકુશ સરખા બીજા એક બાણવડે મસ્તક અને દશ બાણોવડે બન્ને હાથ વીંધી નાખ્યા.[7] બાણથી વીંધાયેલું હનુમાનનું રાતું મુખ સૂર્યનાં કિરણોથી ખીલી ઉઠેલા શરદ્ ઋતુના કમળ સરખું શોભવા લાગ્યું.[8] હનુમાનનું મુખ કે જે મૂળથીજ રક્તવર્ણનું હતું તે રૂધિરથી વિશેષ રાતું થયું; અને તે જાણે આકાશમાં રક્તચંદનથી છંટાયેલું મોટું કમળ હોય એમ શોભવા લાગ્યું.[9]

જંબુમાલીનાં બાણ વાગવાથી હનુમાન અત્યંત કોપાયમાન થયો. તેણે આમ તેમ દૃષ્ટિ કરીને જોતાં એક મોટી શિલા તેની દૃષ્ટિએ પડી.[10] તુરતજ મહાબળવાન કપિવર હનુમાને તે શિલા ઉપાડી લીધી અને વેગથી જંબુમાલી ઉપર ફેંકી. ક્રોધ પામેલા જંબુમાલીએ દશ બાણ મૂકીને તે શિલાને ચૂરેચૂરા કરી નાખી.[11] પોતાનું પરાક્રમ નિષ્ફળ થયેલું જોઇને અતિ તેજસ્વી હનુમાને એક મોટું સાલવૃક્ષ હાથમાં લઈ તેને જોસભેર વીંઝવા માંડયું.[12] મહાબળવાન જંબુમાલીએ પણ ઘણાં બાણ મૂકયાં. તેણે ચાર બાણવડે હનુમાનના હાથમાં રહેલું સાલવૃક્ષ કાપી નાખ્યું અને પાંચ બાણવડે હનુમાનનો હાથ, એક બાણવડે વક્ષ:સ્થળ તથા દશ બાણવડે છાતી વીંધી નાખી.[13-14] આમ જ્યારે આખું શરીર બાણથી ભરાઇ ગયું ત્યારે અતિશય ક્રોધ પામેલા કપિવર હનુમાને પ્રથમની પેઠે દરવાજાની ભૂંગળ ગ્રહણ કરી તેને વેગથી વીંઝવા માંડી.[15] અત્યંત વેગમાં આવેલા કપિવર હનુમાને જંબુમાલીની વિશાળ છાતીમાં એ ભૂંગળનો જોસભેર પ્રહાર કર્યો.[16] ભૂંગળનો પ્રહાર થતાંજ જંબુમાલીના હાથ, જાંઘો, મસ્તક, ધનુષ્ય, બાણ, રથ અને જોડેલા ગધેડા એમાંનું કશુંએ રહ્યું નહિ; અર્થાત્ એ સર્વના એવા તો ઝીણા ચૂરા થઇ ગયા કે જે કોઇના જોવામાં પણ આવ્યા નહિ.[17] જેમ છેદાયેલું વૃક્ષ પૃથ્વીપર પડે તેમ ભૂંગળ વાગવાથી ચૂરેચૂરા થઈ ગયેલાં અંગવાળો જંબુમાલી પૃથ્વીપર પડયો.[18]

“જંબુમાલી હણાયો અને સેવક રાક્ષસોનો પણ ઘાણ નીકળી ગયો” એ સમાચાર સાંભળતાંજ રાવણ અત્યંત ક્રોધ પામ્યો અને તેનાં નેત્ર લાલચોળ થઇ ગયાં.[19]

પ્રહસ્તના પુત્ર જંબુમાલીનો નાશ થયો જાણીને જેનાં નેત્ર ક્રોધથી લાલચોળ થઇ ગયાં હતાં એવા રાક્ષસોના રાજા રાવણે, અત્યંત પરાક્રમવાળા પોતાના અમાત્ય પુત્રોને હનુમાનની સામે યુદ્ધ કરવા જવાની આજ્ઞા આપી.[२०]

स रोषसंवर्तितताम्रलोचनः प्रहस्तपुत्रे निहते महाबले । अमात्यपुत्रानतिवीर्यविक्रमान्समादिदेशाशु निशाचरेश्वरः ॥ २० ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચુમાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૪

सर्ग ४५ मो.

હનુમાનનું પરાક્રમ-સાત મંત્રિ પુત્રોનો વધ.

ततस्ते राक्षसेन्द्रेण चोदिता मंत्रिणः सुताः ।
निर्ययुर्भवनात्तस्मात्सप्त सप्तार्चिवर्चसः ॥१॥

રાક્ષસરાજ રાવણની આજ્ઞા થવાથી અગ્નિ સરખી કાંતિવાળા સાત મંત્રિ પુત્રો સુવર્ણથી મઢેલા, મોટી ધ્વજા અને પતાકાવાળા, મેઘની પેઠે ગર્જતા તથા શ્રેષ્ઠ અશ્વોથી જોડેલા પોતપોતાના રથમાં બેસીને અને મોટી સેના લઈને રાજમહેલમાંથી બહાર નીકળ્યા. તેઓ મોટાં ધનુષ્યને ધારણ કરનારા, અત્યંત બળવાળા, અસ્ત્રવિદ્યા જાણનારાઓમાં શ્રેષ્ઠ અને એક બીજાની સરસાઈ કરવામાં ઉત્સાહવાળા હતા.[१-३] જેમ વિજળીથી પ્રકાશતા મેઘો ગર્જના કરે છે તેમ અમાપ પરાક્રમવાળા એ મંત્રિ પુત્રો સુવર્ણવડે શણગારેલાં પોતાના ધનુષ્યોનો વારંવાર ટંકારવ કરતા હતા.[४] “અશોકવાટિકાને ઉજડ કરનારા એક વાનરે રાવણે મોકલેલા સેંકડો રાક્ષસોનો સંહાર કર્યો છે” એવું જાણીને, એ મંત્રિ પુત્રોની માતાઓ, બાંધવો અને સુહૃજ્જનો તો શોકને લીધે બેભાન થઇ ગયાં;[५] પરંતુ ઉત્તમ સુવર્ણાભૂષણોથી અલંકૃત થયેલા મંત્રિપુત્રો એક બીજાની સરસાઈ કરવાના ઉત્સાહને લીધે પોતાનાં માતા પિતા વગેરેના શોકને નહિ ગણકારતાં એકદમ અશોકવાટિકાના દરવાજાપર ઉભેલા હનુમાનની નજીક જઈ પહોંચ્યા.[६] જેમ વર્ષાઋતુમાં ગર્જના કરતા મેઘ જળવૃષ્ટિ કરે તેમ રથના ગડગડાટરૂપી ગર્જના કરતા રાક્ષસોરૂપી મેઘ હનુમાનની ઉપર બાણરૂપી જળ વર્ષાવવા લાગ્યા.[७] રાક્ષસોનાં બાણથી છવાઇ ગયેલો હનુમાન વર્ષાજળથી છવાયેલા પર્વત સરખો શોભવા લાગ્યો.[८] એ સમયે અત્યંત વેગવાળો હનુમાન ઉતાવળથી આમતેમ ખસીને રાક્ષસોએ મૂકેલાં બાણના સપાટામાંથી છટકી જતો હતો, તેમજ નિર્મળ આકાશમાં ભ્રમણ કરવાથી તે હનુમાન શૂરવીર રાક્ષસોના રથના ઝપાટામાંથી પણ બચી જતો હતો.[९] આકાશમાં રહીને ધનુષ્યધારી રાક્ષસોની સાથે ક્રીડા કરતો કપિવર હનુમાન જાણે ઈંદ્ર ધનુષ્યવાળા મેઘની સાથે ક્રીડા કરતો સાક્ષાત્ વાયુજ હોય એમ શોભતો હતો.[१०]

પછી મહાપરાક્રમી હનુમાને ભયંકર ગર્જના કરી સર્વ રાક્ષસોને ત્રાસ ઉપજાવ્યો અને તેઓપર પોતાનું બળ ચલાવ્યું.[११] શત્રુઓને તપાવનારા હનુમાને કેટલાક રાક્ષસોને લપડાકથી, કેટલાકને પાટુથી અને કેટલાકને મુષ્ટિથી તથા કેટલાકને નખથી મારી નાખ્યા.[१२] કેટલાકને છાતી સરસા દબાવીને અને કેટલાકને સાથળો વચ્ચે ઘાલીને કચડી નાખ્યા, કેટલાક રાક્ષસો તો હનુમાનની ગર્જના સાંભળીનેજ ગત પ્રાણ થઇ પૃથ્વીપર પડયા.[१३] આ પ્રમાણે મુખ્ય મુખ્ય રાક્ષસોને મરણ પામી પૃથ્વીપર પડતા જોઇને ભયભીત થયેલું બાકીનું સૈન્ય ચોમેર નાસી ગયું.[१४] એ વેળા હસ્તીઓ ચીસો પાડવા લાગ્યા, અશ્વો લાંબા થઇ પૃથ્વીપર સૂતા, જેનો મધ્ય ભાગ, ધ્વજ તથા છત્ર ભાંગી ગયાં હતાં એવા રથોવડે પૃથ્વી છવાઈ ગઈ,[१५] રૂધિરની નીકો વહેવા લાગી અને રાક્ષસો તથા રાક્ષસીઓની રડારોળથી આખી લંકાનગરી કકળી ઉઠી.[१६]

એવી રીતે મહાગર્વિત થઈ ગયેલા

રાક્ષસોને હણીને ઉગ્ર પરાક્રમવાળો મહા બળવાન કપિવર હનુમાન પુનઃ પણ બીજા રાક્ષસોની સાથે યુદ્ધ કરવાની ઇચ્છાથી વાટિકાના દ્વારપર જઈને ઉભો રહ્યો.[१७]

स तान्प्रवृद्धान्विनिहत्य राक्षसान्महाबलश्चण्डपराक्रमः कपिः। युयुत्सुरन्यैः पुनरेव राक्षसैस्तदेव वीरोऽभिजगाम तोरणम् ॥१७॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પીસ્તાળીશમા સર્ગ સંપૂર્ણ. ૪૫

सर्ग ४६ मो.

હનુમાનનું પરાક્રમ—પાંચ સેનાપતિઓનો વધ.

हतान्मन्त्रिसुतान्बुद्ध्वा वानरेण महात्मना।
रावणः संवृताकारश्चकार मतिमुत्तमाम् ॥१॥

મહાસમર્થ હનુમાને સાત મંત્રિ પુત્રોનો વધ કર્યા, એ સમાચાર સાંભળીને રાક્ષસરાજ રાવણ પોતાના મનમાં અત્યંત ભય પામ્યો; છતાં ઉપરથી ધૈર્યનો ડોળ રાખીને તેણે હનુમાનને પકડવાનો નિશ્ચય કર્યો.[१] તેણે 'વિરૂપાક્ષ, યૂપાક્ષ, દુર્ધર્ષ, પ્રઘસ' અને 'ભાસકર્ણ' એ નામના પોતાના પાંચ સેનાપતિઓને તેડાવીને તેઓને હનુમાનને પકડવાની આજ્ઞા આપતાં કહ્યું કે; "હે વીર સેનાપતિઓ! તમે વાયુ સરખા વેગવાળા, નીતિ કુશળ અને ઉતાવળે કાર્ય કરનારા છો; માટે તમે સૈ અશ્વો, રથો, હસ્તીઓ તથા મોટું સૈન્ય લઇને જાઓ અને હનુમાનને કેદ કરો.[२-४] હે શૂરવીરો! એ વનચરની સામે જઇને તમે સાવધ રહેજો અને દેશ—કાળને અનુસરી જે કરવું ઘટે તે કરજો.[५] એ વાનરનું અદ્‌ભુત કર્મ જોઇને હું તેને વાનર માનતો નથી; પરંતુ તે કોઇ મોટા દેહવાળું મહાબળવાન પ્રાણી હોય એમ મને લાગે છે.[६] 'એ વાનર છે' એવું મેં સાંભળ્યું છે; પરંતુ તે વાત મારે ગળે ઉતરતી નથી. સર્વ કોઈ કહે છે કે "તે વાનર છે," પણ હું તે વાત માનતો નથી.[७] મને તો લાગે છે કે ઈંદ્રે પોતાના તપોબળથી કોઈ મોટું પ્રાણી ઉત્પન્ન કરીને આપણ સૈનો વિનાશ કરવા માટે તેને મોકલ્યું હશે, અથવા તો મેં તમારી સહાયથી નાગ, યક્ષ, ગંધર્વ, દેવ, અસુર અને મહર્ષિઓને જીતીને વશ કર્યા છે, તેથી તેઓ સર્વેએ મળીને આપણું કંઈ અનિષ્ટ કરવા ધાર્યું હશે.[८-९] હે રાક્ષસો! એ વાનર નહિ પણ આપણો નાશ કરવા અર્થે ઈંદ્રાદિકોએ સર્જેલું કોઈ મહા બળવાન પ્રાણીજ છે; માટે તમે તેને કોઇપણ ઉપાયથી પકડીને કેદ કરો. હે સેનાધીશો! તમે હાથી, ઘોડા તથા રથ સહિત મોટી સેના લઇને જાઓ અને એ વાનરને બાંધી લાવો. તમારે એ કપિને તુચ્છ ગણવો નહિ; કેમકે તે અત્યંત બળ—પરાક્રમવાળો છે.[१०-११] મેં પૂર્વે અત્યંત પરાક્રમવાળા ઘણા વાનરો જોયા છે. વાલી, સુગ્રીવ, મહાબળવાન જાંબવાન, વાનરોનો સેનાપતિ નીલ અને દ્વિવિદ વગેરે અનેક વાનરો મારા જોવામાં આવ્યા છે; પરંતુ તેમાંના કોઈમાં પણ આ વાનર જેવાં તેજ, ગતિ, પરાક્રમ, બળ, બુદ્ધિ કે ઉત્સાહ મેં જોયાં નથી; તેમજ ઈચ્છાનુસારરૂપ બદલવાની શક્તિ પણ જોઈ નથી. માટે હું ધારૂં છું કે વાનરનું રૂપ ધરીને આ કોઈ મહાન પ્રાણી આવેલું છે.[१२-१४] મોટા પ્રયત્ને કરીને પણ તમે તેને પકડો. હે બળવાન રાક્ષસો! જો કે ઈંદ્રાદિ સર્વ દેવો તથા અસુરો સહિત આખું ત્રૈલોક્ય પણ તમારી સામે સંગ્રામમાં ઉભું રહી શકે એમ નથી, તો પણ જય મેળવવાની ઇચ્છાવાળા નીતિજ્ઞ પુરૂષે પ્રયત્ને કરીને પોતાના આત્માનું રક્ષણ કરવું જોઇએ. સંગ્રામમાં જય અથવા પરાજય એ અનિશ્ચિતજ હોય છે."

રાવણનાં ઉપર્યુક્ત વચન સાંભળીને તથા તેની આજ્ઞાને મસ્તકપર ચઢાવીને અગ્નિ સરખા તેજસ્વી મહાબળવાન રાક્ષસો ઉત્તમ રથો, મદોન્મત હસ્તીઓ તથા વેગવાળા અશ્વો ઉપર આરૂઢ થયા; અને તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રો

ગ્રહણ કરીને મોટા સૈન્યસહિત અતિ ઉતાવળે અશોકવાટિકા તરફ ચાલી નીકળ્યા. રાક્ષસો થોડીકવારમાં અશોકવાટિકા નજીક જઈ પહોંચ્યા ત્યારે ઉગતા સૂર્યની પેઠે પોતાના તેજસ્વી કિરણોથી પ્રકાશતો, મહાન શૌર્યવાળો, મોટા વેગવાળો અને અત્યંત બળવાળો કપિવર હનુમાન તેઓના જોવામાં આવ્યો.[૧૫-૨૦] તીવ્ર બુદ્ધિવાળા, પ્રૌઢ દેહવાળા, મોટા ઉત્સાહવાળા અને લાંબી ભુજાઓવાળા હનુમાનને જોતાંજ તે સર્વ રાક્ષસો છૂટા છૂટા વહેંચાઈ ગયા અને પોત પોતાનાં ભયંકર હથિયાર ઉગામીને ચોમેરથી તેની ઉપર તૂટી પડયા. તેમાંના 'દુર્ધર્ષ' નામના સેનાપતિએ કમળપત્ર સરખા આકારવાળાં, પીળા મુખવાળાં અને તીક્ષ્ણ એવાં પાંચ બાણ હનુમાનના મસ્તકમાં માર્યાં.[૨૧-૨૨] દુર્ધર્ષનાં પાંચ બાણોથી મસ્તકમાં વીંધાયેલો હનુમાન મોટી ગર્જના કરી દશે દિશાઓને ગજાવતો આકાશમાં ઉડયો.[૨૩] રથમાં બેઠેલો શૂરવીર દુર્ધર્ષ રાક્ષસ પણ ધનુષ્ય સજ્જ કરીને તીક્ષ્ણ અગ્રવાળાં અસંખ્ય બાણો વરસાવતો હનુમાનની પાછળ પડયો.[૨૪] એ સમયે જેમ વર્ષાઋતુના અંતનો વાયુ જળની વૃષ્ટિ કરતા મેઘને વિખેરી નાખે છે તેમ આકાશમાં રહેલો હનુમાન એ દુર્ધર્ષરાક્ષસે મૂકેલી બાણવૃષ્ટિને વિખેરી નાખતો હતો.[૨૫] દુર્ધર્ષ રાક્ષસે જ્યારે તેને અત્યંત પીડિત કર્યો ત્યારે પવનસુત હનુમાને મોટી ગર્જના કરીને પ્રથમ કરતાં પણ અધિક પ્રચંડરૂપ ધારણ કર્યું અને વિજળી જેમ પર્વતપર પડે તેમ મોટો કુદકો મારીને દુર્ધર્ષ રાક્ષસના રથ ઉપર પડયો.[૨૬-૨૭] હનુમાનના પડવાથી દુર્ધર્ષના આઠ અશ્વો કચરાઈ ગયા, રથનાં પૈડાં તથા બેઠક ભાંગી ગઇ અને દુર્ધર્ષ પોતે પણ પ્રાણરહિત થઇને નીચે પડયો.[૨૮]

દુર્ધર્ષને મરણ પામી પૃથ્વીપર પડેલો જોઈને ક્રોધયુક્ત થયેલા યૂપાક્ષ તથા વિરૂપાક્ષ આકાશમાં ઉડી હનુમાનની પાસે ગયા અને અંતરિક્ષમાં ઉભેલા હનુમાનની છાતીમાં જોસભેર મુદ્ગરોના પ્રહાર કર્યા.[૨૯-૩૦] ત્યારે મહાબળવાન હનુમાન ગરૂડના સરખા વેગથી પૃથ્વીપર ઉતરી આવ્યો[૩૧] અને એક મોટું સાલવૃક્ષ ઉપાડીને તે વડે એ બન્ને રાક્ષસોને ઠાર કર્યા.[૩૨]

મહાબળવાન હનુમાને ત્રણ સેનાપતિઓને હણ્યા એ સમાચાર સાંભળીને કોપાયમાન થયેલા પ્રઘસ તથા ભાસકર્ણ પોતાનાં આયુધો ઉગામીને હનુમાન તરફ દોડી આવ્યા અને યશસ્વી એવા હનુમાનની એક બાજુએ ઉભા રહ્યા.[૩૩-૩૪] પ્રઘસે હનુમાનના ઉપર તીક્ષ્ણ અણીવાળા પટ્ટિશનો અને ભાસકર્ણે ત્રિશૂળનો પ્રહાર કર્યો.[૩૫] બન્ને રાક્ષસોએ કરેલા પ્રહારથી લોહીલોહાણ થયેલો હનુમાન પ્રભાતમાં ઉદય પામતા સૂર્ય સરખો દેખાવા લાગ્યો.[૩૬] પછી અત્યંત ક્રોધાવિષ્ટ થયેલા કપિવર હનુમાને મૃગો, સર્પો અને વૃક્ષોથી ભરેલું એક પર્વત શિખર ઉપાડીને તે બન્ને રાક્ષસોપર ફેંક્યું. તે શિખરનો પ્રહાર થતાંજ એ રાક્ષસોના તલ તલ જેવડા કડકા થઈ ગયા.[૩૭] એ પ્રમાણે પાંચ સેનાપતિઓનો નાશ કર્યા પછી હનુમાને બાકી રહેલી સેનાનો ક્ષણવારમાં સંહાર કર્યો.[૩૮] ઇંદ્ર જેમ અસુરોનો સંહાર કરે તેમ કપિવર હનુમાને અશ્વોથી અશ્વોનો, હસ્તીઓથી હસ્તીઓનો અને રથોથી રથોનો સંહાર કર્યો.[૩૯] એ સમયે હણાઈ પડેલા અશ્વો, હસ્તીઓ અને રાક્ષસોથી તથા ભાંગી ગયેલા રથોથી અશોકવાટિકાના સર્વ માર્ગો રૂંધાઇ ગયા.[૪૦]

સેના તથા વાહનસહિત રાવણના પાંચે સેનાપતિઓને હણીને કપિવર હનુમાન પ્રજાનો સંહાર કરી નિવૃત્ત થયેલા કાલની પેઠે વિરામ પામ્યો; અને પુનઃ દરવાજાના તોરણપર જઈને બેઠો.[૪૧]

ततः कपिस्तान्ध्वजिनीपतीन्रणे निहत्य वीरान्सबलान्सवाहनान् । तथैव वीरः परिगृह्य तोरणं कृतक्षणः काल इव प्रजाक्षये ॥४१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં છેંતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૬

સર્ગ ૪૭ મો.

હનુમાનનું પરાક્રમ–અક્ષકુમારનો વધ.

सेनापतीन्पञ्च स तु प्रमापितान्हनूमता सानुचरान्सवाहनान् । निशम्य राजा समरोद्धतोन्मुखं कुमारमक्षं प्रसमैक्षताक्षम् ॥१॥

સેના તથા વાહન સહિત પાંચે સેનાપતિઓને હનુમાને માર્યા એ સમાચાર જાણીને રાક્ષસરાજ રાવણે સભામાં પોતાની સંમુખ બેઠેલા યુદ્ધ કરવાના ઉત્સાહવાળા અને સંગ્રામમાં ઉદ્ધત એવા અક્ષકુમાર સામે દૃષ્ટિ કરી.[1] રાવણની દૃષ્ટિથીજ પ્રેરાયેલો અને સુવર્ણના ચિત્રવિચિત્ર ધનુષ્યવાળો અક્ષકુમાર શ્રેષ્ઠ બ્રાહ્મણોએ હુતદ્રવ્ય હોમીને વૃદ્ધિ પમાડેલા અગ્નિની પેઠે એકાએક ઉભો થયો.[2] અત્યંત પરાક્રમી અક્ષકુમાર ઉગતા સૂર્ય સરખી કાંતિવાળા અને શુદ્ધ સુવર્ણનાં પતરાંથી મઢેલા મોટા રથમાં બેસીને કપિશ્રેષ્ઠ હનુમાનની સામે યુદ્ધ કરવાને ચાલ્યો.[3] અક્ષકુમારનો રથ મોટી તપશ્ચર્યા કરીને મેળવેલો હતો, શુદ્ધ સુવર્ણની રચનાથી ચિત્રવિચિત્ર દેખાતો હતો, રત્નજડિત દંડવાળા નાના મોટા ધ્વજોથી શોભતો હતો, મન સરખા વેગવાળા ઉત્તમ આઠ અશ્વો તેને જોડેલા હતા,[4] દેવો અને અસુરો પણ તેનો પરાભવ કરવાને અશક્ત હતા, તે રથ આકાશ માર્ગે પણ ચાલતો હતો જેથી ક્યાંય પણ તેની ગતિ અટકતી ન હતી, તે વિજળી સરખો પ્રકાશિત હતો, સજ્જ કરેલાં ધનુષ્ય તથા બાણથી ભરેલા ભાથાઓ તેમાં જોવામાં આવતા હતા, આઠે દિશાઓમાં આઠ તલવારો બાંધી રાખી હતી, યથાયોગ્ય સ્થાને શક્તિ અને તોમરાદિ શસ્ત્રો ગોઠવી રાખ્યાં હતાં,[5] સૂર્ય–ચંદ્ર સરખી કાંતિવાળા સુવર્ણનાં દોરડાં વડે તેને મજબૂત બાંધેલો હતો અને યુદ્ધમાં ઉપયોગી સાહિત્યોથી તે ભરપૂર હતો.

દેવના જેવા પરાક્રમવાળો અક્ષકુમાર ઉપર્યુક્ત દિવ્ય રથમાં બેસીને યુદ્ધ કરવા નીકળ્યો.[6] અશ્વોના હણહણાટ, હસ્તીઓના ચીત્કાર અને રથોના ખણખણાટથી પર્વત સહિત આખી પૃથ્વીને તથા આકાશને ગજાવતો અક્ષકુમાર સઘળી સેના સહિત અશોકવાટિકાના દરવાજા પર બેઠેલા હનુમાનની આગળ આવી પહોંચ્યો;[7] અને પ્રજાનો સંહાર કરવામાં પ્રવૃત્ત થયેલા કાળની પેઠે દરવાજાના તોરણ પર બેઠેલા હનુમાનને ગર્વ ભરેલી દૃષ્ટિથી જોવા લાગ્યો. રાવણના પુત્ર અક્ષકુમારને જોઈ કપિવર હનુમાન પણ વિસ્મય તથા સંભ્રમયુક્ત થયો.[8] મહાત્મા હનુમાને શત્રુઓ પ્રત્યે દર્શાવેલાં પરાક્રમ–બળની તથા પોતાના બળાબળની તુલના કરીને મહાબળવાન અક્ષકુમાર જેમ પ્રલયકાળે સૂર્ય વૃદ્ધિ પામે તેમ વૃદ્ધિ પામવા લાગ્યો; અર્થાત્ પોતામાં શૂરાતન આણવા લાગ્યો.[9] સંગ્રામમાં કોઈથી પણ પરાભવ ન થઈ શકે એવું હનુમાનનું પરાક્રમ જાણીને અક્ષકુમાર અત્યંત ક્રોધે ભરાયો. પછી સ્થિર ચિત્તે ઉભા રહી ત્રણ તીક્ષ્ણ બાણ મૂકીને તેણે હનુમાનને યુદ્ધનું આહ્વાન કર્યું.[10] બાણનો પ્રહાર થવા છતાં જરા પણ વ્યથા નહિ પામેલા, શત્રુઓનો પરાજય કરવામાં સમર્થ, યુદ્ધ કરવામાં ઉત્સાહી અને ગર્વભેર ઉભા રહેલા કપિવર હનુમાનને રાવણપુત્ર અક્ષકુમાર થોડીવાર સુધી એકીટસે જોઈ રહ્યો.[11] પછી સુવર્ણના હાર, બાજુબંધ અને કુંડળને ધારણ કરનારો મહા પરાક્રમી અક્ષકુમાર હનુમાનની ઉપર ધસી આવ્યો. એ સમયે દેવતાઓ અને અસુરોને ભય ઉપજાવે એવું તુમુલ યુદ્ધ થવા લાગ્યું.[12] રાજકુમાર અક્ષ અને કપિવર હનુમાનનું દારૂણ યુદ્ધ મંડાયાથી પૃથ્વીપરનાં સર્વ પ્રાણીઓ ત્રાસ પામ્યાં, સૂર્યનું તેજ ઘટી ગયું, વાયુની ગતિ મંદ પડી, પર્વતો કંપવા લાગ્યા, આકાશ ગાજી ઉઠયું અને સમુદ્ર ક્ષુભિત થયો.[13]

લક્ષ્ય તાકવું, બાણ ચઢાવવું તથા બાણ છોડવું એ ત્રણેની યથાર્થ ક્રિયાને જાણનારા અક્ષકુમારે સુવર્ણની પુંખોવાળાં અને ઝેરી

સાપ જેવાં ત્રણ બાણ હનુમાનના મસ્તકમાં માર્યાં.[૧૪] એક સાથે ત્રણ બાણ વાગવાથી હનુમાનના મસ્તકમાંથી રૂધિર વહેવા લાગ્યું અને તેનાં નેત્ર ઘૂમવા લાગ્યાં. એ વેગી બાણરૂપી કિરણોને ધારણ કરનારો તથા રૂધિરથી રંગાયેલો હનુમાન પ્રભાતકાળે ઉદય પામતા સૂર્ય સરખો શોભવા લાગ્યો.[૧૫] સંગ્રામમાં ચિત્રવિચિત્ર શ્રેષ્ઠ હથિઆર તથા ધનુષ્યને ધારણ કરી ઉભેલા રાવણના પુત્રને જોઈ યુદ્ધ કરવાને ઉદ્યુક્ત થયેલો કપિવર હનુમાન હર્ષભેર વધવા લાગ્યો;[૧૬] અને મધ્યાહ્નકાળે આકાશની મધ્યમાં આવેલા સૂર્યની પેઠે ક્રોધથી ઉગ્ર થવા લાગ્યો. મહા બળવાન પવનસુત હનુમાન પોતાના ક્રોધભર્યા નેત્રના અગ્નિથી સૈન્ય તથા વાહનસહિત અક્ષકુમારને સંતપ્ત કરવા લાગ્યો.[૧૭] એ જોઇને ઈંદ્ર ધનુષ્યધારી* મેઘ જેમ પર્વતપર વૃષ્ટિ કરે તેમ હાથમાં ગ્રહણ કરેલા ધનુષ્યરૂપી ઈંદ્રધનુષ્યવાળો અને બાણરૂપી જળધારાવાળો અક્ષકુમારરૂપી મેઘ હનુમાનરૂપી પર્વત ઉપર બાણરૂપી જળ વર્ષાવવા લાગ્યો.[૧]

વધી ગયેલાં તેજ, બળ, વીર્ય અને બાણવાળા તથા સંગ્રામમાં ઉગ્ર પરાક્રમવાળા અક્ષકુમારને જોઇને હર્ષમાં આવેલા હનુમાને મેઘના જેવી ગંભીર ગર્જના કરી;[૧૯] પરંતુ કાચી બુદ્ધિને લીધે તે ગર્જનાને નહિ ગણકારતાં સ્વાભિમાનથી ક્રોધ પામેલો અને રૂધિર સરખા લાલ નેત્રવાળો અક્ષકુમાર, હાથી જેમ ઘાસથી ઢંકાયેલા કૂવા પાસે આવે તેમ અપ્રતિમ બળવાળા હનુમાનની પાસે આવ્યો[૨૦] અને તેણે હનુમાનના ઉપર જોસભેર બાણોનો મારો ચલાવ્યો. ત્યારે પોતાના હાથ પગ હલાવી ભયંકર રૂપ દર્શાવતો કપિવર હનુમાન મેઘ સરખી ભયંકર ગર્જના કરીને એકદમ આકાશ તરફ ઉડયો.[૨૧] એ જોઇને રથીઓમાં શ્રેષ્ઠ અને મોટા પ્રતાપવાળો બળવાન અક્ષકુમાર હનુમાનની પાછળ પડયો અને મેઘ જેમ પર્વત ઉપર શિલાઓની વૃષ્ટિ કરે તેમ હનુમાન ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો.[૨૨] શૂરવીર હનુમાન મનના સરખા વેગવાળો હોવાને લીધે વાયુની પેઠે બાણોની વચ્ચે થઇને નીકળી જઇ પોતાનો બચાવ કરતો વાયુમાર્ગે વિચરવા લાગ્યો.[૨૩] ધનુષ્ય ગ્રહણ કરી યુદ્ધ કરવા મચેલા અને અનેક પ્રકારનાં બાણોવડે આકાશને છાઈ દેતા અક્ષકુમારને અત્યંત માનની દૃષ્ટિથી જોતો કપિવર હનુમાન પોતાના મનમાં ચિંતા કરવા લાગ્યો.[૨૪] અને મોટી ભુજાઓવાળા, કાર્યતત્વને જાણનારા અને અક્ષકુમારના બાણથી વક્ષઃસ્થળમાં વિંધાયેલા મહાત્મા હનુમાને મોટી ગર્જના કરીને સંગ્રામને વિષે પરાક્રમ કરવાનો વિચાર કર્યો.[૨૫]

હનુમાને વિચાર્યું કે, “અહા ! ઉગતા સૂર્યના જેવી કાંતિવાળો આ કુમાર બાળક છતાં મોટું પરાક્રમ કરે છે અને સઘળી યુદ્ધકળાઓને જાણે છે; તેથી હું એનો નાશ કરી શકતો નથી.[૨૬] આ કુમાર પોતાના પરાક્રમે કરી મહાન છે, સર્વ રીતે સાવધ છે, યુદ્ધમાં અત્યંત સહનશીલ છે અને તે પોતાના પરાક્રમના ગુણોએ કરી નાગો, યક્ષો તથા ઋષિઓથી પણ સત્કાર પામેલો છે.[૨૭] પરાક્રમ અને ઉત્સાહથી ઉશ્કેરાયેલા મનવાળો આ અક્ષકુમાર પોતાની સેનાના મોખરે ઉભો રહી મને તાકે છે. ઝડપથી ચાલનારા આ કુમારનું એવું તો પરાક્રમ જણાય છે કે જે જોઇને દેવો અને અસુરોનાં મન પણ કંપાયમાન થાય ![૨૮] અરે, હું જો એ રાજકુમારની ઉપેક્ષા કરીશ તો તે અવશ્ય મારો પરાભવ કરશે. સંગ્રામમાં એનું પરાક્રમ પ્રતિપળે વધતું જાય છે, માટે હવે તો એનો નાશ કરવો એજ આવશ્યક છે. વૃદ્ધિ પામતા

* વર્ષાઋતુમાં વાદળોમાં પચરંગી પરિવેષ થાય છે તેને ‘ઈંદ્રધનુષ્ય’ કહે છે. ગુજરાતી-ગ્રામ્ય ભાષામાં તેને ‘મછ તાણ્યો’ એમ કહે છે. એ ઈંદ્રધનુષ્ય સવારના પશ્ચિમ તરફ અને સાંજના પૂર્વ તરફ દેખાય છે.

અગ્નિની ઉપેક્ષા કરવી એ ઉચિતજ નથી."૨૯

એ પ્રમાણે શત્રુના બળનો તથા તેની સાથે કેવી રીતે યુદ્ધ કરવું તેનો વિચાર કરીને મહા પરાક્રમી હનુમાને અક્ષકુમારનો વધ કરવાનો નિશ્ચય કર્યો.૩૦ પછી વાયુમાર્ગમાં વિચરતા અક્ષકુમારના રથના આઠ અશ્વો કે જે સંગ્રામમાં પાછા નહિ હઠનારા, સ્થિરપણે ગતિ કરનારા અને ભારને સહન કરનારા હતા તેને શૂરવીર હનુમાને હાથની થપડાક લગાવીને મારી નાખ્યા.૩૧ હનુમાનની થપડાક વાગતાંજ જેના આઠે અશ્વો મરી ગયા, પૈડાં ભાગી ગયાં અને બેસવાનો મધ્ય ભાગ પણ ચૂરેચૂરા થઈ ગયો એવો અક્ષકુમારનો રથ આકાશમાંથી પૃથ્વીપર આવી પડયો.૩૨ ત્યારે જેમ કોઈ તપસ્વી મુનિ પોતાની તપશ્ચર્યાના પ્રભાવથી પંચભૂતાત્મક દેહનો ત્યાગ કરી સ્વર્ગ પ્રત્યે જાય તેમ ધનુષ્ય તથા ખડ્ગને ધારણ કરનારો અક્ષકુમાર ભાગલા રથનો ત્યાગ કરી તુરતજ આકાશમાં હનુમાન તરફ ઉડયો.૩૩ પોતાના પિતા વાયુના જેવા પરાક્રમી કપિવર હનુમાને પક્ષીઓ, સિદ્ધ લોકો તથા વાયુએ સેવેલા અંતરિક્ષમાં વિચરતા અક્ષકુમારને જોઇ તુરતજ તેની પાસે જઈ, જોરથી તેના બેઉ પગ પકડયા અને ગરૂડ જેમ મોટા સર્પને ફેરવે તેમ તેને પોતાના મસ્તકપર હજારવાર ફેરવીને વેગથી પૃથ્વીપર ફેંકયો. ૩૪-૩૫ પૃથ્વીપર પડતાંજ અક્ષકુમારના હાથ, ઉરૂ, કુહેડ અને છાતી ભાંગી ગયાં. હાડકાં તૂટી ગયાં, નેત્ર બહાર નીકળી પડયાં, અવયવોના સાંધા વિખરાઈ ગયા, નાડીઓ તૂટી ગઇ, શરીરમાંથી રૂધિર નીકળવા લાગ્યું અને તે મરણ શરણ થઇ પડયો.૩૬

હનુમાને અક્ષકુમારને માર્યો એ વાત જાણીને રાવણ અત્યંત ભયભીત થયો. એ વેળા જ્યોતિશ્ચક્રના માર્ગમાં ભ્રમણ કરનારા મહર્ષિ, યક્ષ, પન્નગ અને ઇંદ્રાદિ દેવતાઓ કે જેઓ હનુમાનનું પરાક્રમ જોવા માટે સ્થિર થઈને ઉભા હતા તેઓ સર્વ અક્ષકુમારને હણાયેલો જોઇને વિસ્મિત થયા અને કપિવર હનુમાનના સામું જોવા લાગ્યા.૩૭ રૂધિર સરખાં લાલ નેત્રવાળા અને ઇંદ્રના પુત્ર સરખા પરાક્રમી રાવણ પુત્ર અક્ષકુમારને હણીને શૂરવીર હનુમાન વિશ્રાંતિ લેવા માટે દરવાજાના તોરણપર જઈને બેઠો. એ વેળા કપિવર હનુમાન પ્રજાનો ક્ષય કરીને શ્રાન્ત થયેલા કાળ સરખો દેખાતો હતો.૩૮

निहत्य तं वज्रिसुतोपमं रणे कुमारमक्षं क्षतजोपमेक्षणम् । तदेव वीरोऽभिजगाम तोरणं कृतक्षणः काल इव प्रजाक्षये ॥ ३८ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સુડતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૭

સર્ગ ૪૮ મો.

હનુમાનનું પરાક્રમ-ઇંદ્રજિત સાથે યુદ્ધ-બ્રહ્માસ્ત્રથી હનુમાનનું બંધાવું.

ततस्तु रक्षोऽधिपतिर्महात्मा हनुमताक्षे निहते कुमारे । मनः समाधाय स देवकल्पं समादिदेशेन्द्रजितं सरोषः ॥ १ ॥

હનુમાને અક્ષકુમારનો વધ કર્યો એમ જાણી રાક્ષસાધિપતિ રાવણ અત્યંત ખેદયુકત થયો. પછી તેણે પોતાના મનને શાંત કરી કોપાયમાન થઇ દેવ સમાન કાંતિવાળા પોતાના પુત્ર ઇંદ્રજિતને આજ્ઞા આપી કે,૧ "હે પ્રિયપુત્ર ! તું અસ્ત્રવિદ્યા જાણે છે, શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે, દેવો અને અસુરોને પણ શોક ઉપજાવનારો છે, ઇંદ્રાદિ દેવતાઓમાં પણ તારૂં પરાક્રમ પ્રસિદ્ધ થઈ ચૂકયું છે અને બ્રહ્મદેવની તપશ્ચર્યા કરીને તેં બ્રહ્માસ્ત્ર મેળવેલું છે.૨ હે ઇંદ્રજિત ! ઇંદ્રના આશ્રયે રહેનારા ઓગણપચાશ મરૂદ્ગણો અને સઘળા દેવતાઓ પણ સંગ્રામમાં તારા અસ્ત્રબળ આગળ ઉભા રહેવાને સમર્થ નથી.૩ યુધ્ધ કરવાથી પાછો ન હઠે એવો તારા સિવાય ત્રણે લોકમાં કોઇ નથી, તેમજ પોતાના ભુજબળથી રક્ષિત, તપોબળથી

રક્ષિત, દેશકાળને જાણનાર અને તીવ્રબુદ્ધિવાન પણ તુંજ છે.[૪] યુદ્ધ સમયે કોઈપણ કાર્ય કરવું તારે મન દુર્ઘટ નથી, અને બુદ્ધિપૂર્વક વિચાર કરીને તું સમગ્ર રાજકાર્ય કરવાને સમર્થ છે. ત્રણ લોકમાં એવો કોઈ પણ નથી કે જે તારા અસ્ત્રબળને તથા સાહજિકબળને જાણતો ન હોય.[૫] સંગ્રામને વિશે તારૂં અસ્ત્રબળ, પરાક્રમ અને તપોબળ એ સઘળું મારા સરખુંજ છે; તેથી 'તું મોટા સંગ્રામમાં પણ જય મેળવીશ' એવો મને વિશ્વાસ રહે છે અને તને યુદ્ધમાં મોકલવાથી મારા મનમાં ખેદ થતો નથી."[૬]

"હે ઇંદ્રજિત ! અશોકવાટિકામાં આવેલા એક વાનરે આપણા સર્વ કિંકર રાક્ષસોનો, જંબુમાલીનો, સાત અમાત્ય પુત્રોનો, પાંચ સેનાપતિઓનો અને અશ્વ, હસ્તી તથા રથથી ભરેલી મોટી સેનાનો નાશ કર્યો છે. તદુપરાંત મહોદર અને અક્ષકુમારને પણ રણભૂમિપર સૂવાડયા છે; પરંતુ હે શત્રુ સંહારક ! તારા પરાક્રમ માટે મને જેટલો વિશ્વાસ છે તેટલો તેઓ માટે ન હતો.[૮] હે વીરપુત્ર ! હવે તું આપણું સૈન્ય હણાયું તેને તથા એ વાનરના પ્રભાવ અને પરાક્રમને જોઇને પોતાના બળનો વિચાર કર અને તારા બળને છાજે એવું પરાક્રમ કર.[૯] હે અસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ! તું એ વાનર હનુમાનનો પરાજય કરવા માટે જા અને પોતાના તથા શત્રુના બળનો વિચાર કરીને જેમ કરવાથી આપણી સેનાનો નાશ ન થાય તેમ કર.[૧૦] હે વીર ! આ સમયે સેના ઉપર વધુ આધાર રાખવો યોગ્ય નથી; કેમકે એ વાનર એકી વખતે મોટી મોટી સેનાઓનો સંહાર કરી નાખે છે. વળી એ વાનરના સંબંધમાં વ્યર્થ થયેલાં× વજ્રાદિ આયુધો પણ આ સમયે વધુ વિશ્વાસપાત્ર નથી; કેમકે એ વાનરની ગતિ વાયુ કરતાં પણ અધિક છે. એ વાનર અગ્નિ સરખો તેજસ્વી અને અપરિમિત બળવાળો છે; તેથી શસ્ત્રાસ્ત્રોવડે તેનો વધ થશે નહિ.[૧૧] હે ઇંદ્રજિત ! આ મેં કહ્યું તે બાબતનો સંપૂર્ણ વિચાર કરીને આવી પડેલું કાર્ય સિદ્ધ કરવા માટે તું સાવધાનપણે કટિબદ્ધ થા. તું તારા ધનુષ્યના બળ ઉપર આધાર રાખીને શત્રુની સામે જા અને તને પોતાને હાની ન થાય એવી રીતે યુદ્ધનો આરંભ કર.[૧૨] હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા પુત્ર ! હું તને આવા ભયંકર યુદ્ધમાં મોકલું છું તે જો કે પિતા–પુત્રના વ્યવહારથી જોતાં અયોગ્ય છે; પરંતુ આવી રીતિ ક્ષત્રિયોને માટે તેમજ મારા સરખા રાજધર્મીઓને માટે તો શ્રેષ્ઠ જ મનાયલી છે.[૧૩] સંગ્રામમાં જય મેળવવા ઇચ્છતા ક્ષત્રિએ અથવા રાજધર્મ પ્રમાણે વર્તનારા કોઈ પણ પુરૂષે અનેક શાસ્ત્રોમાં તથા યુદ્ધકળામાં નૈપુણ્ય મેળવવુંજ જોઇએ."[૧૪]

પોતાના પિતા રાવણનાં વચન સાંભળીને દેવ સરખો પ્રભાવશાળી ઈંદ્રજિત ઉતાવળે તેની પ્રદક્ષિણા કરીને સંગ્રામમાં જવા તત્પર થયો.[૧૫] એ સમયે સભામાં બેઠેલા તેના ઇષ્ટમિત્રોએ તેની ઘણી પ્રશંસા કરી અને સંગ્રામમાં જવાના તેના ઉત્સાહને વધાર્યો.[૧૬] પછી પર્વણીમાં વૃદ્ધિ પામતા સમુદ્રની પેઠે હર્ષમાં આવેલા કમળ સરખાં નેત્રવાળો ઇંદ્રજીત યુદ્ધ કરવાને નીકળ્યો.[૧૭] અસહ્ય પરાક્રમવાળા ઇંદ્રજિતના રથને ગરૂડ સરખા વેગવાળા અને તીક્ષ્ણ દાઢવાળા ચાર સિંહો જોડેલા હતા. તેમાં બેસીને ધનુષ્યધારીઓમાં તથા અસ્ત્રવિદ્યા જાણનારાઓમાં શ્રેષ્ઠ એવો ઇંદ્રજિત ઉતાવળે અશોકવાટિકા પ્રત્યે ચાલ્યો.[૧૮-૧૯] ઇંદ્રજિતના ધનુષ્યનો ટંકારવ તથા તેના રથની ગર્જના સાંભળીને શૂરવીર હનુમાન અત્યંત હર્ષિત થયો.[૨૦] સંગ્રામ કુશળ ઇંદ્રજિત તીક્ષ્ણ અણીવાળાં બાણો

×જન્મ થતાંજ હનુમાન સૂર્યને ફળ માની તેને પકડવા ઉડયો, ત્યારે દેવતાઓ સાથેના સંગ્રામમાં તેને વજ્રાદિ આયુધો વાગ્યાં હતાં; છતાં તેનો નાશ થયો નહિ તેથી અત્રે વજ્રાદિને વ્યર્થ કહ્યાં છે.

લઈને ઉતાવળે હનુમાન પ્રત્યે જવા લાગ્યો.[૨૧]

અત્યંત હર્ષમાં આવેલો ઇંદ્રજિત જ્યારે હાથમાં ધનુષ્ય–બાણ લઇને સંગ્રામમાં જવા નીકળ્યો ત્યારે દશે દિશાઓમાં અંધકાર છવાઇ ગયો અને શિયાળ વગેરે ભયંકર પ્રાણીઓ અમાંગલિક શબ્દો ઉચ્ચારવા લાગ્યાં.[૨૨] ઇંદ્રજિત અને હનુમાનનું યુદ્ધ જોવા માટે આકાશમાં એકઠા થયેલા નાગો, યક્ષો, જ્યોતિશ્ચક્રમાં વિચરનારા મહર્ષિઓ, સિદ્ધો તેમજ આકાશને આચ્છાદિત કરતાં પક્ષીઓનાં ટોળાં અત્યંત આનંદમાં આવી ઉંચે સ્વરે બોલવા લાગ્યાં.[૨૩]

ઇંદ્રની પ્રતિમાયુક્ત ધ્વજવાળા રથમાં બેસીને ઉતાવળે પોતાની તરફ આવતા ઈંદ્રજિતને જોઇ મહાબળવાન હનુમાને મોટી ગર્જના કરી અને અતિ પ્રૌઢ સ્વરૂપ ધારણ કર્યું.[૨૪] હનુમાનને જોઈ ચિત્રવિચિત્ર ધનુષ્ય-વાળા ઈંદ્રજિતે વિજળીના સરખો નાદ કરનારૂં પોતાનું ધનુષ્ય ખેંચી ટંકારવ કર્યો.[૨૫] જોત જોતામાં અત્યંત તીક્ષ્ણ વેગવાળા, મહાન બળવાળા, સંગ્રામમાં જરા પણ ભય નહિ ધરનારા અને પરસ્પર વૈરયુક્ત થયેલા પવનસુત હનુમાન તથા રાવણ પુત્ર ઈંદ્રજિત એ બન્ને સામ સામા આવી ગયા. એ વેળા જાણે દેવરાજ ઇંદ્ર અને અસુરાધિપતિ બલિરાજા પરસ્પર વૈરભાવથી સામા થયા હોય એમ તેઓ શોભવા લાગ્યા.[૨૬] અપ્રમેય બળવાળો કપિવર હનુમાન સંગ્રામમાં માન પામેલા અને ધનુષ્યો ધારણ કરનાર મહારથી ઈંદ્રજિતના બાણુના વેગને પોતાની ચતુરાઈથી ચૂકવતો અંતરિક્ષ માર્ગે વિચરવા લાગ્યો.[૨૭] શત્રુપક્ષના વીર યોદ્ધાઓને હણનારો શૂરવીર ઈંદ્રજિત લાંબી અણીવાળાં, તીક્ષ્ણ ધારવાળાં, સુવર્ણની પુંખ-વાળાં અને વજ્ર સરખા વેગવાળાં મજબૂત બાણો હનુમાન ઉપર ઉપરા ઉપરી મૂકવા લાગ્યો.[૨૮] ઇંદ્રજિતના રથનો, તેણે ખેંચેલા ધનુષ્યનો તથા મૃદંગાદિ રણવાદ્યોનો ધ્વનિ સાંભળતો કપિવર હનુમાન આકાશ માર્ગમાં ઉડતો રહી ઈંદ્રજિતનું લક્ષ્ય ચૂકાવવા લાગ્યો.[૨૯-૩૦] ઈંદ્રજિત જ્યારે ધનુષ્યપર બાણ સાંધતો ત્યારે હનુમાન તેની આગળ આવીને ઉભો રહેતો અને બાણ છોડતી વખતે પોતાની બન્ને ભૂજાઓ પસારીને ઉડી જતો હતો.[૩૧] એ પ્રમાણે સંગ્રામ કરવામાં કુશળ અને મહાબળવાન એવા એ બન્ને જણા સર્વ ભૂત–પ્રાણીઓને જોવાની ઉત્કંઠા કરાવે એવું અદ્ભુત યુદ્ધ કરવા લાગ્યા.[૩૨]

હનુમાનને મારવાનો લાગ ઈંદ્રજિતને મળતો નહતો અને ઈંદ્રજિતને હણવાનો લાગ હનુમાનને મળતો નહતો. એવી રીતે દેવ સરખા પરાક્રમવાળા એ બન્ને વીરો એક–બીજાને અસહ્ય થઇ પડયા.[૩૩] અમોઘ બાણોનો મારો ચલાવવા છતાં પણ કપિવર હનુમાનને બચી જતો જોઇને ઈંદ્રજિત ઘણો જ ચિંતાતુર થયો. તે એકાગ્રચિત્તે વિચાર કરવા લાગ્યો.[૩૪] વિચાર કરતાં તેને જણાયું કે “ આ વાનર અસ્ત્ર-શસ્ત્રોથી મરે એમ નથી, માટે એને જીવતોજ પકડી લેવો જોઇએ. પણ રે, એ શી રીતે બની શકે?”[૩૫]

અસ્ત્રવિદ્યાનાં તત્ત્વોને જાણનારા અને અત્યંત તેજવાળા મહાબાહુ ઈંદ્રજિતે “ હનુ-માન કોઇ પણ અસ્ત્ર–શસ્ત્રથી મરશે નહિ ” એમ વિચારીને તેને જીવતો બાંધી લેવા માટે બ્રહ્માસ્ત્ર ચડાવ્યું અને તેવડે હનુમાનને બાંધી લીધો.[૩૬-૩૭] ઈંદ્રજિતે મૂકેલા બ્રહ્માસ્ત્રના પાશથી બંધાઈને નિશ્ચેષ્ટ થયેલો હનુમાન પૃથ્વીપર ઢળી પડયો.[૩૮] હનુમાને જાણ્યું કે “ હું બ્રહ્માસ્ત્રથી બંધાયો છું.” બ્રહ્મદેવે હનુમાનને વરદાન આપેલું હોવાથી બ્રહ્માસ્ત્રથી બંધાવા છતાં તે જરા પણ પીડા પામ્યો નહિ. ઉલટું પોતાના પર બ્રહ્મદેવનો અનુગ્રહ થયો એમ તે માનવા લાગ્યો.[૩૯] એ બ્રહ્માસ્ત્ર અનેક મંત્રોવડે અભિમંત્રિત કરેલું હતું. એ સમયે કપિવર

હનુમાનને વિચાર આવ્યો કે પૂર્વે બ્રહ્મદેવે 'હે હનુમાન ! મારા અસ્ત્રથી તારે થોડીવાર બંધાવું જોઇશે' એમ કહેલું છે; એટલે આ અસ્ત્રથી તુરતમાંજ છૂટી જવાને હું સમર્થ નથી. બ્રહ્મદેવના વચનને મારે માન્ય કરવું જ જોઇએ.[૪૦-૪૧] એ પ્રમાણે બ્રહ્માસ્ત્રની શકિત, બ્રહ્મદેવનું વચન અને તેમાંથી છૂટી જવાનું પોતાનું સામર્થ્ય, એ સર્વનો વિચાર કરીને કપિવર હનુમાન અસ્ત્રબંધનમાં પડી રહ્યા.[૪૨]

હનુમાને વિચાર કર્યો કે "હું બ્રહ્માસ્ત્રથી બંધાયેલો છું છતાં મને તેનાથી કશી પીડા થતી નથી; કેમકે પિતામહ બ્રહ્મા, દેવરાજ ઈંદ્ર અને વાયુ એ ત્રણે દેવોથી હું રક્ષિત છું.[૪૩] વળી રાક્ષસોને હાથે પકડાવામાં મારો મોટો લાભ રહેલો છે. હું ધારૂં છું કે રાક્ષસરાજ રાવણની સાથે વાતચિત કરવાનો મને પ્રસંગ મળશે. માટે રાક્ષસો મને ભલે બાંધી લે."[૪૪] આ પ્રમાણે વિચાર કરી મહાબળવાન હનુમાન નિશ્ચેષ્ટ થઈને પડયો એટલે રાક્ષસો તુરતજ તેની પાસે દોડી આવ્યા અને તેને બળાત્કારે બાંધીને પીડવા લાગ્યા. રાક્ષસોના તિરસ્કાર સાંભળીને હનુમાન વારંવાર ગર્જના કરવા લાગ્યો.[૪૫]

શત્રુદમન હનુમાનને નિશ્ચેષ્ટ થયેલો જોઇને રાક્ષસો તેને વૃક્ષોની છાલ તથા શણનાં દોરડાંવતી બાંધવા લાગ્યા.[૪૬] મહાવીર હનુમાન "આમ થવાથી મને રાક્ષસોના રાજા રાવણનો સમાગમ થશે" એવું વિચારીને બંધાયો; અને રાક્ષસોના તિરસ્કારોને સાંખી રહ્યો.[૪૭] રાક્ષસોએ હનુમાનને શણનાં દોરડાંવતી બાંધ્યો કે તુરતજ તેનું બ્રહ્માસ્ત્રનું બંધન છૂટી ગયું; કેમકે અન્ય બંધન બાંધ્યા પછી મંત્રિત અસ્ત્રનું બંધન છૂટી જાય છે.[૪૮]

બ્રહ્માસ્ત્રનું બંધન છૂટી જવા છતાં હનુમાન શણનાં દોરડાંથી બંધાઈ રહ્યો. એ સમયે ઈંદ્રજિત ચિંતાતુર થયો અને વિચાર કરવા લાગ્યો કે,[૪૯] "અરે, આ રાક્ષસોએ અભિમંત્રિત કરેલા બ્રહ્માસ્ત્રની શક્તિનો કંઈ પણ વિચાર ન કરતાં ઘણુંજ અયોગ્ય કાર્ય કર્યું. અરે, બ્રહ્માસ્ત્રનું બંધન છૂટવાથી હવે હનુમાનના ઉપર બીજું એકે અસ્ત્ર ચાલશે નહિ ! હાય ! સાંપ્રતમાં અમે સર્વ સંશયમાં આવી પડયા છીએ."[૫૦]

હનુમાન દોરડાંવતી બંધાયો અને તેનું બ્રહ્માસ્ત્રનું બંધન છૂટી ગયું છતાં તે જાણે કશુંએ જાણતોજ નથી એમ પડી રહ્યો. પછી હનુમાનના શરીર ઉપર કાળ જેવી મુષ્ટિઓના પ્રહાર કરતા ક્રૂર રાક્ષસો તેને રાક્ષસરાજ રાવણની પાસે ઘસડી ગયા.[૫૧-૫૨] સભામાં જઇને ઈંદ્રજિતે બ્રહ્માસ્ત્રથી મુક્ત થયેલા અને દોરડાંથી બંધાયેલા હનુમાનનાં, રાક્ષસરાજ રાવણને તથા તેની સભામાં બેઠેલા બીજા સર્વ રાક્ષસોને દર્શન કરાવ્યાં.[૫૩] રાક્ષસોએ મદોન્મત્ત હાથીની પેઠે બાંધી આણેલા હનુમાનને રાવણની આગળ નિવેદન કર્યો ![૫૪] એ વેળા "આ કોણ છે? કોનો પુત્ર છે? કયાંથી આવ્યો છે? એને કોનો આશ્રય છે? એ અહીં શા માટે આવ્યો છે?" એ સંબંધે રાક્ષસોમાં પરસ્પર વાતો થવા લાગી.[૫૫] રાવણની સભામાં બેઠેલા કેટલાક રાક્ષસો તો ક્રોધ ચડાવીને "અરે, એને મારી નાખો, બાળી મૂકો, ખાઈ જાઓ," એમ બોલવા લાગ્યા.[૫૬] બંધનમાં પડેલા મહાત્મા હનુમાને ચોમેર દૃષ્ટિ કરી જોયું તો કેટલાક વૃદ્ધ સેવકોને રાવણના પગ પાસે બેઠેલા દીઠા અને અમૂલ્ય રત્નોથી શણગારેલું તેનું રમણીય રાજભવન પણ દીઠું.[૫૭] એ વેળા મહાતેજસ્વી રાવણ રાક્ષસોથી આમતેમ ખેંચાતા હનુમાનને જોવા લાગ્યો;[૫૮] અને કપિવર હનુમાન પણ સૂર્યની પેઠે પ્રકાશતા અને તેજ તથા બળથી શોભતા રાવણને નિરખવા લાગ્યો.[૫૯]

હનુમાનને જોયા પછી જેનાં નેત્ર ક્રોધને લીધે લાલ થયાં હતાં એવા રાવણે કુલીન તથા ઉત્તમ આચરણવાળા અને પોતાની પાસે બેઠેલા પોતાના મુખ્ય મંત્રીઓને આજ્ઞા કરી

કે, “ તમે આ વાનરને પૂછી જુઓ કે તે કોણ છે અને તેને અહીં આવવાનું શું કારણ છે ? ”[६०] રાવણની આજ્ઞાથી જ્યારે મંત્રીઓએ તેને અનુક્રમે સઘળું પૂછયું ત્યારે હનુમાને ઉત્તર આપ્યો કે, “હું વાનરોના રાજા સુગ્રીવનો દૂત છું અને તેની આજ્ઞાથી અત્રે આવેલો છું. ”[६१]

यथाक्रमं तैः स कपिश्च पृष्टः कार्यार्थमर्थस्य च मूलमादौ । निवेदयामास हरीश्वरस्य दूतः सकाशादहमागतोऽस्मि ॥६१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અડતાળીશમો સર્ગ સંપૂર્ણ. ૪૮

सर्ग ४९ मो.

રાજસભામાં હનુમાન-રાવણનો પ્રભાવ.

ततः स कर्मणा तस्य विस्मितो भीमविक्रमः । हनुमान्क्रोधताम्राक्षो रक्षोधिपमवैक्षत ॥१॥

રાવણનું દુરાચરણ સાંભળી આવવાથી ક્રોધને લીધે જેનાં નેત્ર લાલ થયાં હતાં અને જે ઇંદ્રજિતના પરાક્રમથી વિસ્મિત થયો હતો તે ભયંકર પરાક્રમવાળો હનુમાન રાક્ષસરાજ રાવણના સામું જોવા લાગ્યો.[१]

મહાતેજસ્વી રાવણ મણિમુક્તા જડેલાં ઉંચા સુવર્ણના મુકુટથી શોભતો હતો.[२] જાણે મન વડેજ નિર્માણ કર્યા હોય એવાં મોઘા મૂલ્યના હીરા વગેરે રત્નોથી જડેલા સુવર્ણના અલંકારો તેણે ધારણ કર્યા હતા.[३] તેણે કિંમતી રેશમી વસ્ત્ર પહેર્યાં હતાં, શરીર પર રક્તચંદનનો લેપ કર્યો હતો અને કેસર-કસ્તુરી વગેરેથી મિશ્રિત ચંદન ચર્ચ્યું હતું.[४] રાતાં અને બિહામણાં નેત્રોથી તે વિચિત્ર દેખાતો હતો. તેની ચળકતી અને લાંબી દંતપક્તિઓ પર લાંબા હોઠ આવી રહ્યા હતા.[५] જેમ મંદર પર્વત અનેક સર્પોથી ભરેલાં પોતાનાં શિખરોથી શોભે તેમ મહા તેજસ્વી રાવણ પોતાનાં દશ મસ્તકોથી શોભતો હતો.[६] તે કાજળના પર્વત જેવો દેખાતો હતો, તેના વક્ષઃસ્થળપર સુંદર હાર શોભતો હતો અને પૂર્ણ ચંદ્ર સરખા પ્રકાશવાળા મુખને લીધે તે, ઉગતા સૂર્ય સહિત મેઘમંડળ જેવો દેખાતો હતો.[७] સુવર્ણના બાજુબંધ-વાળા અને પ્રકાશમાન પહોંચીઓને ધારણ કરનારા રાવણના હાથ પાંચ ફણાવાળા સર્પોના જેવા દેખાતા હતા.[८] એ રાવણ સુંદર આસ્તરણ બિછાવેલા અને રત્નોથી જડેલા ઉંચા સ્ફાટિકના આસનપર બેઠેલો હતો.[९] તેની આજુબાજુ ઉભેલી અલંકાર સજેલી ઉત્તમ સ્ત્રીઓ હાથમાં ચામર લઇ તેના પર ઢાળી રહી હતી.[१०] દુર્ધર, પ્રહસ્ત, મહાપાર્શ્વ અને નિકુંભ એ ચાર મંત્રીઓ કે જેઓ મંત્રના તત્વને જાણનારા હતા તેઓથી એ અભિમાની રાવણ વીંટાયેલો હતો. તે જાણે ચાર સમુદ્રોથી વીંટાયેલું ભૂમંડળ હોય એવી રીતે શોભતો હતો.[११-१२] દેવતાઓ જેમ ઇંદ્રની ઉપાસના કરે તેમ મંત્રતત્વને જાણનારા અને લાંબી દૃષ્ટિવાળા બીજા પણ કેટલાક મંત્રીઓ તેની ઉપાસના કરતા હતા.[१३]

મેરૂપર્વતના શિખર ઉપર રહેલા જળપૂર્ણ મેઘની પેઠે ઉંચા આસનપર બેઠેલા અત્યંત તેજસ્વી રાવણને હનુમાને જોયો.[१४] ભયંકર પરાક્રમવાળા રાક્ષસોથી પીડાવા છતાં પણ અત્યંત વિસ્મય પામેલો હનુમાન રાવણને સ્થિર દૃષ્ટિથી જોવા લાગ્યો.[१५] રાવણની કાંતિ જોઇને તેના તેજથી મોહિત થયેલો કપિવર હનુમાન પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે;[१६] “અહા ! આ રાક્ષસોના રાજા રાવણનું શું રૂપ છે? એનું શું ધૈર્ય છે? શું એનું બળ છે? શી એની કાંતિ છે? અરે, એનામાં કેવાં ઉત્તમ લક્ષણો છે?[१७] જો આ રાવણમાં માત્ર એક અધર્મ ન હોય તો એ ઇંદ્રસહિત સર્વ દેવોનો પણ રક્ષણકર્તા થઇ પડે.[१८] છતાં તેના ક્રૂર, નીચ તથા લોકોમાં નિંદિત થયેલાં કર્મથી દેવો અને દાનવોસહિત સર્વ લોકો ભય પામે છે.[१९] આ રાવણ આખા જગતનો પ્રલય કરવા ધારે તો તે તેમ કરવાને પણ સમર્થ છે. ”

અમાપ તેજવાળા રાક્ષસરાજ રાવણનો પ્રભાવ જોઇને બુદ્ધિમાન હનુમાને એ પ્રમાણે અનેક પ્રકારના વિચાર કર્યા.[૨૦]

अयं ह्युत्सहते क्रोधात्कर्तुमेकार्णवं जगत्।
इति चिन्तां बहुविधामकरोन्मतिमान्कपिः॥
दृष्ट्वा राक्षसराजस्य प्रभावममितौजसः॥२०॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ઓગણપચાશમો સર્ગ સંપૂર્ણ. ૪૯

સર્ગ ૫૦ મો.

રાજસભામાં હનુમાન–પ્રહસ્તનો પ્રશ્ન–તું કોણ છે?

तमुद्वीक्ष्य महाबाहुः पिङ्गाक्षं पुरतः स्थितम्।
रोषेण महताविष्टो रावणो लोकरावणः॥१॥

પોતાની આગળ ઉભેલા પીળાં નેત્રવાળા તેજસ્વી હનુમાનને જોઇને સર્વ લોકોને રડાવનારો રાવણ અત્યંત ક્રોધે ભરાયો. પોતાના મનમાં શંકિત થઇને તે વિચારવા લાગ્યો કે, "અરે, મેં પૂર્વે જેની મશ્કરી કરી હતી અને જેણે મને શાપ આપ્યો હતો તે મહાસમર્થ સાક્ષાત્ નંદી તો આ વાનરરૂપે અહીં નહિ આવ્યો હોય? અથવા તો બલિરાજાનો પુત્ર બાણાસુર તો આ રૂપે અહીં નહિ આવ્યો હોય?"[૧-૩]

પછી ક્રોધને લીધે જેનાં નેત્ર લાલચોળ થઈ ગયાં હતાં એવા રાવણે પોતાના મુખ્ય મંત્રી પ્રહસ્ત પ્રત્યે સમયને અનુસરતું ઉત્તમ અર્થવાળું વચન કહ્યું કે;[૪] "હે પ્રહસ્ત! તું આ દુરાત્મા વાનરને પૂછ કે તે ક્યાંથી આવ્યો છે? શા માટે આવ્યો છે? અને આપણી અશોકવાટિકાને ઉજ્જડ કરવામાં તથા રાક્ષસોને મારવામાં એનો શો અર્થ સમાયેલો છે?[૫] જેનું કોઇથી પણ આક્રમણ ન થઇ શકે એવી આ લંકાનગરીમાં આવવાનું તેમજ રાક્ષસોની સાથે યુદ્ધ કરવાનું એને શું પ્રયોજન છે? એ સઘળું તું આ દુર્મતિયાને પૂછ."[૬]

રાવણની આજ્ઞા થતાં પ્રહસ્ત મંત્રીએ હનુમાન પ્રત્યે કહ્યું કે; "હે વાનર! તું શાંત થા, તારૂં ભલું થશે. તારે જરાપણ ભય ધરવો નહિ.[૭] હે વાનર! જો તને આ રાવણરાયની નગરીમાં ઇંદ્રે મોકલ્યો હોય તો તે તું ખરેખરૂં કહે. હે ભાઈ! તને ફરીથી પણ કહું છું કે તારે જરાએ ડરવું નહિ. તને અમે છોડી મૂકીશું.[૮] જો તું કુબેર, યમ કિંવા વરૂણનો ગુપ્ત દૂત હોય અને વાનરનો વેષ ધારીને અત્રે આવ્યો હોય તો તે પણ યથાર્થ કહે.[૯] અથવા તો વિજય ઇચ્છનારા વિષ્ણુએ તને દૂત તરીકે અત્રે મોકલ્યો હોય તો તે પણ સત્ય કહે. તારૂં તેજ બળ વાનર જેવું નથી; માત્ર તારો ઉપરનો વેષજ વાનર જેવો છે.[૧૦] હે વાનર! જો તું ખરેખરૂં કહીશ તો તને આજેજ છૂટો કરવામાં આવશે અને જો જુઠું બોલીશ તો જીવવું દુર્લભ થઈ પડશે.[૧૧] તારે અહીં આવવાનું જે કારણ હોય તે તું કહી દે."

પ્રહસ્તનું વચન સાંભળીને હનુમાને રાવણ પ્રત્યે કહ્યું કે;[૧૨] "હે રાક્ષસેંદ્ર! હું ઇંદ્રનો, યમનો કે વરૂણનો દૂત નથી તેમજ વિષ્ણુ કિંવા કુબેરની સાથે મારે મૈત્રી નથી કે જેથી તેઓએ મને અત્રે મોકલ્યો હોય.[૧૩] હું વાનરજાતિમાં જન્મેલો વાનરજ છું. હું રાક્ષસોના રાજાનાં એટલે કે તારાં દર્શનાર્થે અહીં આવ્યો છું. "મને રાવણનું દર્શન થવું ઘણુંજ દુર્લભ છે" એમ વિચારીને મેં તારાં દર્શન માટે તારી અશોકવાટિકા ભાગી નાંખી. જ્યારે બળવાન રાક્ષસો મારી સાથે યુદ્ધ કરવા માટે આવ્યા ત્યારે મારા દેહનું રક્ષણ કરવા અર્થે મેં તેઓનો સંહાર કર્યો. દેવો, અસુરો કે અન્ય કોઇ પણ મને અસ્ત્ર કિંવા પાશવતી બાંધી શકે એમ નથી.[૧૪-૧૬] હું જે બ્રહ્માસ્ત્રથી બંધાયો છું તે તો મને તેમ થવા માટે બ્રહ્મદેવનું વરદાન મળેલું છે. વળી ઘણું કરીને તો તને જોવાની ઇચ્છાથીજ મેં બ્રહ્માસ્ત્રને માન્ય કર્યું છે.[૧૭] હું બ્રહ્માસ્ત્રથી મુક્ત થયો

હતો છતાં રાક્ષસો મને બાંધેલાની પેઠેજ તારી પાસે લઇ આવ્યા છે. હું રામચંદ્રના કોઇએક કાર્ય માટે તારી પાસે આવ્યો છું.[૧૮] હે રાજન! તું મને અમાપ તેજવાળા રઘુવીરનો દૂત જાણુ અને મારૂં હિતકર વચન સાંભળ."[૧૯]

दूतोऽहमिति विज्ञाय राघवस्यामितौजसः ।
श्रूयतामेव वचनं मम पथ्यमिदं प्रभो ॥११

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પચાશમો સર્ગ સંપૂર્ણ. ૫૦

सर्ग ५१ मो.

રાજસભામાં હનુમાન–રાવણને શીખામણ–રામ સાથે વૈર કર મા.

तं समीक्ष्य महासत्त्वं सत्त्ववान्हरिसत्तमः ।
वाक्यमर्थवदव्यग्रस्तमुवाच दशाननम् ॥१॥

મહાબળવાન રાવણને જોઇને જરા પણ નહિ ગભરાયેલો પરાક્રમી હનુમાન રાવણ પ્રત્યે અર્થયુક્ત વચનો કહેવા લાગ્યો.[૧]

"હે રાક્ષસેંદ્ર! કપિરાજ સુગ્રીવની આજ્ઞાથી હું તારી પાસે આવ્યો છું. તારા ભાઈ સુગ્રીવે તારૂં કુશળ પૂછાવ્યું છે.*[૨] હે રાજન! તારા ભાઈ મહાત્મા સુગ્રીવે તારાપર જે સંદેશો કહાવ્યો છે તે તું મારા મુખથી સાંભળ. સુગ્રીવનો સંદેશો ધર્મ તથા અર્થથી યુક્ત છે અને આ લોક તેમજ પરલોકમાં હિત કરનારો છે.[૩] હે રાવણ! અયોધ્યા નગરીમાં રથ, હાથી તથા ઘોડા વગેરેની સમૃદ્ધિવાળા અને ઇંદ્ર સરખી કાંતિવાળા 'દશરથ' નામના રાજા હતા. તે રાજા પિતા જેમ પુત્રનું પાલન કરે તેમ પ્રજાનું પાલન કરતા હતા.[૪] તેના 'રામચંદ્ર' નામે જ્યેષ્ઠ પુત્ર છે. મહા તેજસ્વી અને ધર્મમાર્ગને અનુસરનારા તે મહાબાહુ રામચંદ્ર પોતાના પિતાનું વચન પાળવા માટે વનવાસે નીકળ્યા છે; અને પોતાના ભાઈ લક્ષ્મણ તથા પત્ની સીતા સહિત દંડકારણ્યમાં આવી વસ્યા છે.[૫-૬] તેમની સ્ત્રી સીતા મહાત્મા જનક રાજાનાં પુત્રી છે. તે સીતા જનસ્થાનમાં ખોવાઇ ગયાં છે.[૭] તેની શોધ કરતા કરતા એ બન્ને રાજપુત્રો જ્યારે ઋષ્યમૂક પર્વતપર આવ્યા ત્યારે તેઓને સુગ્રીવની સાથે મૈત્રી થઈ.[૮] એ સમય સુગ્રીવે રામચંદ્રને સીતાની શોધ કરી આપવાનું વચન આપ્યું અને રામચંદ્રે સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય અપાવવાની પ્રતિજ્ઞા કરી.[૯] પછી યુદ્ધમાં વાલીને હણીને શ્રીમાન રામચંદ્રે કિષ્કિંધાની ગાદીપર સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો; અને તેને રીંછો તથા વાનરોનો રાજા બનાવ્યો.[૧૦] હે રાવણ! વાનરોના રાજા વાલીને તો તું પ્રથમથીજ ઓળખે છે. એ મહાસમર્થ વાલીને રામચંદ્રે માત્ર એક બાણથીજ માર્યો છે."[૧૧]

"હે રાવણ! વાનર રાજ્યને પ્રાપ્ત થયેલો સુગ્રીવ પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા માટે હવે સીતાની શોધમાં રોકાયો છે. તેણે અસંખ્યાત વાનરોને સીતાની શોધ કરવા માટે સર્વ દિશાઓમાં મોકલ્યા છે.[૧૨] સુગ્રીવની આજ્ઞા પામેલા સેંકડો, હજારો અને લાખો વાનરો આકાશ, પાતાળ અને બીજી સર્વ દિશાઓમાં સીતાની શોધ કરતા ફરે છે.[૧૩] એ સર્વ વાનરો મહાન બળવાળા છે અને તેઓની ગતિ ક્યાંય પણ રોકાતી નથી. તેમાંના કેટલાક ગરૂડના સરખા વેગ તથા બળવાળા છે; તેમજ કેટલાક વાયુની પેઠે ઉતાવળે ચાલનારા છે.[૧૪] તેઓમાંનો 'હનુમાન' નામનો વાનર હું છું. હું વાયુનો ઔરસ પુત્ર છું. સીતાની શોધ કરવા માટે સો યોજનનો સમુદ્ર ઓળંગીને હું તારાં દર્શન કરવાને અહીં આવ્યો છું. તારા ઘરમાં સર્વત્ર શોધ કરતાં મને સીતાનાં દર્શન થયાં છે."[૧૫-૧૬]

"હે મહાબુદ્ધિમાન રાવણ! તું ધર્મ

* અત્રે સુગ્રીવને રાવણનો ભાઈ કહીને મહા ચતુર હનુમાને રાવણને જણાવ્યું કે સુગ્રીવ તારા પ્રત્યે ભાઈ જેટલી પ્રીતિ ધરાવે છે; માટે તું તેણે કહાવેલો સંદેશો સાંભળીને, તે પ્રમાણે કર.

તથા અર્થને સારી રીતે જાણનારો છે તેમજ તેં ઉત્તમ તપોબળે કરીને સંપત્તિ પણ ઘણી મેળવેલી છે; માટે હે રાજન! પરસ્ત્રીને રોકી રાખવી એ તને ઘટતું નથી.[૧૭] તારા જેવા બુદ્ધિશાળી પુરૂષો આવા ધર્મ વિરૂદ્ધ અને સમૂળ હાનિ કરનારાં દુ:ખકર કાર્યોમાં કદી પણ પ્રવૃત્ત થતા નથી."[૧૮]

"હે રાક્ષસાધિપ! રામચંદ્રના નાના ભાઈ લક્ષ્મણે રામચંદ્રની ઈચ્છાને અનુસરીને ક્રોધપૂર્વક મૂકેલાં બાણોની સામે ટકવાને દેવતાઓ કિંવા અસુરોમાં કોણ સમર્થ છે?[૧૯] હે રાજન! આખા ત્રૈલોક્યમાં એવો કોઈ પણ નથી કે જે રામચંદ્રનું અપ્રિય કરીને સુખી રહે![૨૦] માટે હે નર શાર્દૂલ! મારૂં વચન કે જે ધર્મ તથા અર્થને અનુસરનારૂં અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન એ ત્રણે કાળને વિશે હિત કરનારૂં છે તેને માન્ય કરીને તું સીતા રામચંદ્રને પાછાં આપ.[૨૧] હે રાવણ! મેં અહીંયાં સીતાને જોયાં છે એથી હું ઉજ્વળ યશ પામ્યો છું."

"હવે સીતાને પાછી લઈ જવાને શ્રીમાન રામચંદ્ર સમર્થ છે.[૨૨] હે રાવણ! તારે ઘેર રહેલાં સાધ્વી સીતા નિરંતર શોક કરતાં મારા જોવામાં આવ્યાં છે. એ સીતા ઘરમાં ભરાઈ પેઠેલી પાંચ ફણાવાળી નાગણ જેવી છે. તેને તું હજી સુધી જાણતો નથી.[૨૩] જેમ વિષયુક્ત અન્ન તીવ્ર પાચન શક્તિવાળા પુરૂષને પણ પચતું નથી તેમ સીતા દેવતાઓ તથા અસુરોને પણ પચે તેમ નથી."[૨૪]

"હે રાક્ષસરાજ! તેં તપશ્ચર્યાએ કરી જે ઉત્તમ ઐશ્વર્ય અને લાંબું આયુષ્ય પ્રાપ્ત કર્યું છે તેનો આવી રીતે પરસ્ત્રીના સંગરૂપ પાપથી નાશ કરવો ઘટિત નથી.[૨૫] "મારી પાસે તપશ્ચર્યાનું બળ હોવાથી દેવતાઓ અને અસુરોથી પણ મારો વધ થઈ શકે એમ નથી" એવું જે તું માને છે તેનું મૂળ ધર્મજ છે."[૨૬]

"હે રાક્ષસરાજ! સુગ્રીવ એ કાંઈ દેવ, યક્ષ, અસુર કિંવા રાક્ષસ નથી. તે વાનરોનો રાજા છે અને રામચંદ્ર એ એક મનુષ્ય છે. તેં વરદાન માગતી વેળા મનુષ્યોને ગણકાર્યા નથી. પણ હવે તું તારા પ્રાણોને શી રીતે બચાવી શકીશ?[૨૭] અધર્મમાં પ્રવૃત્ત થયેલા પુરૂષને તેણે પૂર્વે કરેલા સત્કર્મનું ફળ પણ મળતું નથી; પરંતુ અધર્મનુંજ ફળ મળે છે. હા, જો ઘણો મોટો ધર્મ કરે તો સ્વલ્પ અધર્મનો નાશ થાય ખરો.[૨૮] હે રાવણ! તને આ ઐશ્વર્યાદિ જે કાંઈ મળેલું છે તે સઘળું પ્રથમ કરેલા ધર્મનુંજ ફળ છે; અને તેં હવે જે અધર્મ આદર્યો છે તેનું ફળ તુરતમાંજ તને મળશે.[૨૯] હે રાજન! જન-સ્થાનમાંના ચૌદ હજાર રાક્ષસોનો સંહાર થયો, વાલી સરખા પરાક્રમીનો પણ વધ થયો અને રામચંદ્ર તથા સુગ્રીવની મૈત્રી થઇ, એ વૃત્તાંત તારા જાણવામાં આવ્યું તો હવે તું પોતાનું હિત વિચારી જો.[૩૦] હે રાવણ! હું એકલોજ રથ, હસ્તી અને અશ્વોથી ભરેલી આખી લંકાનગરીનો નાશ કરવા સમર્થ છું; પરંતુ લાચાર છું કે મારા સ્વામી રામચંદ્રની મને આજ્ઞા નથી.[૩૧] મહાબળવાન રામચંદ્રે રીંછો અને વાનરોની સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે કે જેણે સીતાનું હરણ કર્યું છે તે મારા શત્રુનો હું તેના કુળ સહિત સંહાર કરીશ.[૩૨] હે રાવણ! રામચંદ્રનો અપકાર કરનાર સાક્ષાત દેવરાજ ઇંદ્ર હોય તો તે પણ સુખે રહી શકતા નથી; તો પછી તારા જેવાનું તે શું ગજું?[૩૩] હે રાક્ષસેંદ્ર! તું જેને 'સીતા' એવા નામથી ઓળખે છે અને જે સીતા તારે ઘેર રહેલાં છે, તેને તું સઘળી લંકાને ઉજ્જડ કરનાર સાક્ષાત કાળરાત્રી જાણ.[૩૪] હે લંકેશ! તું તારા પોતાના હાથેજ સીતારૂપી કાળપાશ કે જેને તેં તારા હાથે કરીનેજ તારા કંઠમાં નાંખ્યો છે તેને કાઢી નાખ અને પોતાનું હિત વિચાર.[૩૫] તું નિશ્ચય જાણજે કે મહા સતી સીતાના તેજરૂપ અગ્નિથી ધુંધવાઇ રહેલી

અને રામચંદ્રમાં કોપરૂપ વાયુથી ભટભડાટ સળગી ઉઠેલી તારી આ લંકાનગરી હવે થોડા સમયમાંજ મોટી મોટી અટારીઓ અને શેરીઓ સહિત ભસ્મીભૂત થશે. "[૩૬]

"હે રાવણ! હું તને સ્નેહપૂર્વક કહું છું કે તું તારા મિત્રોનો, મંત્રિઓનો, સગાં વહાલાંઓનો, ભાઈઓનો, પુત્રોનો, હિતેચ્છુ સુહૃદોનો, અનેકવિધના વૈભવોનો, સ્ત્રીઓનો અને તારી આખી લંકાનો નાશ ન કરાવ.[૩૭] હે રાક્ષસેંદ્ર! હું કે જે વાનર જાતિનો અને રામચંદ્રનો સેવક છું તેનું વચન તું સાંભળ.[૩૮] મહાયશસ્વી રામચંદ્ર સર્વ ભૂત-પ્રાણીઓ સહિત આખા ત્રૈલોકયનો નાશ કરી તેને પુનઃ ઉત્પન્ન કરવાને શકિતમાન છે.[૩૯] હે રાવણ! દેવોમાં, અસુરોમાં, રાજાઓમાં, યક્ષોમાં, રાક્ષસોમાં, સર્પોમાં, વિદ્યાધરોમાં, ગંધર્વોમાં, મૃગાદિ વનચર પ્રાણીઓમાં,[૪૦] સિદ્ધોમાં, કિન્નરોમાં, પક્ષીઓમાં, સર્વ ભૂત-પ્રાણીઓમાં અને આખા ભૂમંડળમાં કોઈ પણ એવો સમર્થ નથી,[૪૧] કે જે વિષ્ણુ સરખા પરાક્રમી રામચંદ્રની સાથે યુદ્ધ કરવા ઉભો રહી શકે! હે રાવણ! સર્વ લોકના ઇશ્વર અને રાજાઓમાં સિંહ સરખા રામચંદ્રનું અપ્રિય કરીને જીવી શકાવું એ દુર્લભજ છે.[૪૨] હે રાક્ષસરાજ! ત્રિલોકીના નાથ એવા રામચંદ્રની સામે યુદ્ધમાં ઉભા રહેવાને દેવો, દૈત્યો, ગંધર્વો, વિદ્યાધરો, નાગો અને યક્ષો પણ સમર્થ નથી.[૪૩] અરે, રઘુકુળમાં ઉત્પન્ન થયેલા એ રામચંદ્રની સામે યુદ્ધમાં ઉભો રહેવાને સાક્ષાત્ ચતુર્મુખ બ્રહ્મદેવ, ત્રિનેત્ર રૂદ્ર, કિંવા દેવેંદ્ર ઈંદ્ર પણ સમર્થ નથી."[૪૪]

નિર્ભયપણે બોલતા કપિવર હનુમાનનાં સદ્ભાવથી ભરેલાં પરંતુ પોતાને અપ્રિય લાગતાં વચનો સાંભળીને ક્રોધને લીધે જેની આંખો ફરી ગઇ હતી એવા અમિત પરાક્રમી રાવણે હનુમાનનો વધ કરવાની આજ્ઞા કરી.[૪૫]

स सौष्ठवोपेतमदीनवादिनः कपेर्निशम्याप्रतिमोऽप्रियं वचः। दशाननः कोपविवृत्तलोचनः समादिशत्तस्य वधं महाकपेः॥४५॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં એકાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૧

सर्ग ५२ मो.

રાવણનો કોપ-વિભીષણની શીખામણ-દૂતનો વધ થાય નહિ.

स तस्य वचनं श्रुत्वा वानरस्य महात्मनः। आज्ञापयद्वधं तस्य रावणः क्रोधमूर्छितः॥१॥

કપિવર હનુમાનનાં વચન સાંભળીને કોપાયમાન થયેલા રાવણે તેનો વધ કરવાની પોતાના સેવકોને આજ્ઞા કરી.[૧] "હું દૂતકાર્ય કરવા માટે લંકામાં આવ્યો છું" એમ હનુમાને યથાર્થ કહ્યું છતાં રાવણે તેનો વધ કરવાની આજ્ઞા કરી, એ જોઇને સભામાં બેઠેલા વિભીષણને રાવણની એ અધર્મયુક્ત આજ્ઞા રૂચી નહિ.[૨] કોપાયમાન થયેલા રાક્ષસોના રાજા રાવણને દૂતવધ કરવાના નિંદ્ય કર્મમાં પ્રવૃત્ત થયેલો જોઇને કાર્યકુશળ વિભીષણ 'હવે શું કરવું યોગ્ય છે?' એનો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.[૩] થોડીકવાર વિચાર કર્યા પછી શત્રુઓને જીતનારા અને વાક્ય બોલવામાં કુશળ એવા વિભીષણે પોતાના પૂજ્ય વડિલ બંધુ રાવણ પ્રત્યે નમ્રતાયુક્ત વચન કહેવા માંડયાં.[૪]

વિભીષણ કહે છે: "હે રાક્ષસેંદ્ર! ક્ષમા કર, ક્રોધનો ત્યાગ કરી શાંત થા અને મારૂં વચન સાંભળ. હે રાજન! કાર્યાકાર્યના વિવેકવાળા શ્રેષ્ઠ રાજાઓ શત્રુ તરફથી આવેલા દૂતનો કદી પણ વધ કરતા નથી.[૫] હે વીર! દૂત તરીકે આવેલા આ વાનરનો વધ કરવો એ કાર્ય ધર્મથી વિરૂદ્ધ છે અને લોકોમાં પણ નિંદાપાત્ર છે.[૬] હે રાવણ! તું ધર્મને જાણનારો અને પરમાર્થ-

વેત્તા છે.[૭] તારા જેવા બુદ્ધિમાન પુરૂષો પણ જ્યારે આમ એકાએક ક્રોધને વશ થઈ જશે ત્યારે તો શાસ્ત્રો ભણીને પંડિત થવું એ કેવળ શ્રમજ ગણાશે.[૮] માટે હે શત્રુઓને હણનાર ! હે મહાપરાક્રમી રાક્ષસરાજ ! શાંત થા અને યોગ્યાયોગ્યનો વિચાર કરી શાસ્ત્રમાં દૂતને માટે જે દંડ કહેલો હોય તેજ દંડ આ વાનરને આપ."[૯]

વિભીષણનું વચન સાંભળીને અત્યંત કોપાવિષ્ટ થયેલો રાવણ બોલ્યો કે;[૧૦] "હે શત્રુસૂદન ! પાપીનો વધ કરવો એમાં કાંઈ પણ પાપ નથી, માટે હું અવશ્ય આ પાપી વાનરનો વધ કરીશ."[૧૧]

ઘણા દોષથી ભરેલું અને નીચ મનુષ્ય બોલે એવું રાવણનું અધર્મયુક્ત વચન સાંભળીને શ્રેષ્ઠ બુદ્ધિવાળા વિભીષણે તેને હિતોપદેશ આપતાં કહ્યું કે;[૧૨] "હે લંકેશ્વર ! હે રાક્ષસેંદ્ર ! તું પ્રસન્ન થા અને ધર્મ તથા અર્થયુક્ત એવું મારૂં વચન સાંભળ. 'સ્વામીની આજ્ઞાને અનુસરનારા દૂતોનો કદી પણ વધ કરવો યોગ્ય નથી' એમ સત્પુરૂષો કહે છે.[૧૩] જો કે અત્યંત વૃદ્ધિ પામેલા આપણા શત્રુરૂપ આ વાનરે આપણું ઘણુંજ અપ્રિય કર્યું છે; પરંતુ 'દૂતનો વધ કરવો નહિ' એમ સત્પુરૂષો કહે છે; માટે આ વાનરનો વધ કરવો એ ધર્મ વિરૂદ્ધ અને અન્યાય ભરેલું છે. અપ્રિય કરનારા દૂતને માટે શાસ્ત્રોમાં અનેક પ્રકારના દંડ બતાવ્યા છે.[૧૪] જેવા કે; નાક વગેરે કોઈ પણ અંગ કાપીને વિરૂપ કરવો, ફટકા મારવા, મસ્તક મુંડાવવું કિંવા ડામ દેવા અથવા તો એ સઘળી શિક્ષાઓ યોજવી. આટલા દંડજ દૂતને માટે કહેલા છે; પરંતુ દૂતનો વધ કરવાનું ક્યાંય પણ અમારા સાંભળવામાં આવ્યું નથી.[૧૫] ધર્મ તથા અર્થને વિષે પ્રવીણ બુદ્ધિવાળો અને લાભાલાભના તત્વને જાણી ચૂકેલો તારા જેવો પુરૂષ એકાએક ક્રોધવશ કેમજ થાય ? સત્વશાળી પુરૂષો વગર વિચાર્યે ક્રોધ કરતા નથી.[૧૬] હે વીર ! ધર્મ સંબંધી વાદવિવાદ કરવામાં, લોકવ્યવહારમાં તમજ શાસ્ત્રના મર્મને જાણવામાં તારા જેવો બીજો કોઇ નથી. સઘળા દેવતાઓ અને અસુરોમાં તું ઉત્તમ છે."[૧૭]

"હે રાક્ષસરાજા ! દૂત કાર્ય કરવા આવેલા આ વાનરનો વધ કરવામાં તને કોઈ જાતનો લાભ હોય એમ હું જોતો નથી. જેઓએ આ વાનરને અહીં મોકલ્યો છે તેઓને તારે વધરૂપ દંડ દેવો યોગ્ય છે.[૧૮] આ વાનર ભલે સજ્જન હો વા દુષ્ટ હો; પરંતુ આપણા શત્રુઓના મોકલવાથી તે અત્રે આવેલો છે અને શત્રુના કહેવા પ્રમાણેજ બોલે છે. કાંઈ પોતાના સ્વાર્થ માટે બોલતો નથી. હે રાજન ! આવા પરાધીન દૂતનો વધ કરવો યોગ્ય નથી.[૧૯] વળી હે શત્રુઓના નગરોપર જય મેળવનારા રાવણ ! જો આ વાનરનો વધ કરવામાં આવે તો પછી એના સરખો આકાશચારી બીજો કોઇ પણ દેખાતો નથી, માટે તારે આનો વધ કરવામાં જરાએ પ્રયત્ન કરવો યોગ્ય નથી. એવો પ્રયત્ન તો તારે ઈંદ્રાદિ દેવો માટે કરવો ઘટે છે.[૨૦] હે યુદ્ધ કરવામાં પ્રીતિવાળા રાજા ! આ વાનરનો વધ થયા પછી એવો બીજો કોઈ પણ મારા જોવામાં આવતો નથી કે જે તારી સાથે વેર ધરાવનારા અને ઉદ્ધત સ્વભાવવાળા એ બન્ને રાજપુત્ર રામ–લક્ષ્મણને તારી સાથે યુદ્ધ કરવાને ઉશ્કેરે ![૨૧] વળી હે રાક્ષસોને આનંદ ઉપજાવનાર ! દેવતાઓ તથા દૈત્યોથી પણ પરાભવ નહિ પામનારા, તેમજ પરાક્રમ અને ઉત્સાહયુક્ત મનવાળા રાક્ષસોની યુદ્ધ કરવાની આશાનો તારે ભંગ કરવો યોગ્ય નથી.[૨૨] તારા સર્વ સૈનિકો તારૂં હિત ઇચ્છનારા, શૂરવીર, સ્થિર ચિત્તવાળા, ઉત્તમ કુળમાં જન્મેલા, શુદ્ધ અંતઃકરણવાળા, શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, યોગ્ય સમયે ક્રોધ કરનારા અને પગાર વગેરેથી સારી રીતે પાલન–પોષણ પામેલા છે.[૨૩] હે રાવણ ! શત્રુઓને તારો પ્રભાવ દેખાડવા અર્થે તારા સેનાપતિઓ તારી

આજ્ઞાથી કેટલુંક સૈન્ય લઇને ભલે ત્યાં જાય અને એ મૂર્ખ રામ–લક્ષ્મણને અહીંયાં પકડી લાવે. "૨૪

દેવતાઓના શત્રુ રાક્ષસરાજ રાવણે પોતાના નાના ભાઇ વિભીષણનાં ઉત્તમ વાકયો સાંભળી તેમાંથી "દૂત તરીકે આવેલા આ વાનરનો વધ કરવો યોગ્ય નથી" એવો સાર ગ્રહણ કર્યો.૨૫

निशाचराणामधिपोऽनुजस्य विभीषणस्योत्तमवाक्यमिष्टम् । जग्राह बुद्धया सुरलोकशत्रुर्महाबलो राक्षसराजमुख्यः ॥ २६ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બાવનમો સર્ગ સંપૂર્ણ.૫૨

सर्ग ५३ मो.

સળગતા પુચ્છે હનુમાનનું લંકામાં ફરવું.

तस्य तद्वचनं श्रुत्वा दशग्रीवो महात्मनः ।
देशकालहितं वाक्यं भ्रातुरुत्तरमब्रवीत् ॥१॥

દેશકાળને અનુસરી કહેલાં અને હિતકારક એવાં પોતાના ભાઇ વિભીષણનાં વચન સાંભળીને રાવણે કહ્યું કે;[1] "હે વિભીષણ! તેં કહ્યું તે સત્ય છે. દૂતને હણવાનું કર્મ ઘણુંજ નિંદ્ય છે, માટે આ વાનરનો વધ નહિ કરતાં તેને બીજી કોઇ શિક્ષા કરો.[2] વાનરોને પોતાનું પૂછડું ઘણું પ્રિય હોય છે અને તેઓ પૂછડાથી શોભે છે; માટે તમે આ વાનરના પૂછડાને શીઘ્ર બાળી મૂકો. પછી ભલે તે બળેલે પૂચ્છે અહીંથી પાછો જાય.[3] પૂછડું બળ્યા પછી આ વાનર જ્યારે તેના સ્વામીની પાસે જશે ત્યારે તેનાં સગાં વ્હાલાં, મિત્રો, બાંધવો અને સ્નેહીજનો તેને દીન, વિરૂપ તથા કૃશ થઇ ગયેલો જોશે."[4] આ પ્રમાણે વિચાર કરીને રાક્ષસરાજ રાવણે આજ્ઞા કરી કે "આ વાનરનું પૂછડું સળગાવીને રાક્ષસોની ચોકી સાથે તેને લંકાનગરીનાં ચૌટાંઓમાં અને શેરીએ શેરીએ ફેરવો."[5]

રાવણની આજ્ઞા થતાં ક્રોધીલા અને ક્રૂર સ્વભાવવાળા રાક્ષસો હનુમાનના પૂછડા ઉપર જૂનાં ફાટયાં–તૂટયાં લુગડાં વીંટવા લાગ્યા.[6] રાક્ષસો હનુમાનના પૂછડાપર જેમ જેમ લુગડાં વીંટતા ગયા તેમ તેમ કપિવર હનુમાન વધતો ગયો. પછી જેમ વનમાં રહેનારા ભિલ્લ લોકો સૂકાં કાષ્ઠ એકઠાં કરી તેને અગ્નિ વડે સળગાવે તેમ રાક્ષસોએ હનુમાનના પૂછડાપર સારી રીતે તેલ સિંચીને તેને અગ્નિવડે સળગાવ્યું. જ્યારે તે ભડભડાટ સળગ્યું ત્યારે ક્રોધ અને ઇર્ષ્યાથી વ્યાપ્ત થયેલો તથા ઉગતા સૂર્ય સરખા મુખવાળો હનુમાન ત્યાં ઉભેલા રાક્ષસો ઉપર પોતાનું સળગતું પૂછડું ઝાપટવા લાગ્યો. એ જોઈ ક્રૂર રાક્ષસોએ તેને બાંધી લીધો.[7-9] હનુમાનને બંધાયેલો જોઇને લંકાના સ્ત્રી, બાળ અને વૃદ્ધ રાક્ષસો પ્રસન્ન થયા. એ વેળા હનુમાને સમયોચિત વિચાર કર્યો કે,[10] "આ રાક્ષસોએ મને બાંધ્યો છે ખરો, પણ વાસ્તવિક રીતે તેઓ મને બાંધી રાખવા સમર્થ નથી. હું હમણાંજ મારાં બંધનો તોડી નાખીને આ સર્વ રાક્ષસોનો સંહાર કરૂં તેમ છું; પણ અત્યારે તેમ કરવું યોગ્ય નથી.[11] હું મારા સ્વામીની આજ્ઞાથી અહીં આવ્યો છું. ભલે, દુષ્ટ રાક્ષસો મને બાંધી રાખે; છતાં એટલું કરવાથી કાંઇ મારાપરનું તેઓનું વૈર વળે એમ નથી.[12] જો કે હું યુદ્ધ કરવામાં સર્વ રાક્ષસોને પૂરો પડું એમ છું, તો પણ મારા સ્વામી રામચંદ્રની પ્રીતિને માટે હાલમાં આવા બંધનને સહન કરીશ.[13] વળી આ બંધન સહન કરવામાં મને બીજો પણ એક લાભ છે. જો કે લંકામાં હું ફર્યો છું ખરો, પરંતુ રાત્રિ વખતે અને તે પણ ગુપ્ત રીતે ફરવાને લીધે તેની રચના બરાબર રીતે જોઇ શકયો નથી. આજે આ રાક્ષસો મને દિવસે લંકામાં ફેરવશે, એટલે લંકાની રચના સારી પેઠે મારા જોવામાં આવશે. રાક્ષસો ભલે પોતાની ઇચ્છા પ્રમાણે મને પુનઃ પણ બાંધો અને પૂછડું

સળગાવી મને ગમે તેટલી પીડા કરો; પરંતુ મારા મનમાં તેથી જરાએ ગ્લાનિ થાય એમ નથી."

શુભ અભિપ્રાયવાળા મહાબળવાન હનુમાનને સાથે લઇ રાક્ષસો લંકાનગરીમાં ફરવા નીકળ્યા. એ વેળા શંખ અને ભેરી વગેરેના નાદ કરીને તેઓ ઉંચેથી બોલતા હતા કે, "રાજદ્રોહ કરનારને આવી શિક્ષા થાય છે."[૧૪-૧૭] ક્રૂર કર્મવાળા રાક્ષસો હનુમાનને એ પ્રમાણે લંકામાં ફેરવતા હતા. કેટલાક રાક્ષસો હનુમાનની પાછળ પાછળ ચાલતા હતા, છતાં જરા પણ ગ્લાનિ ન પામતાં હનુમાન તેઓની સાથે આનંદભેર ચાલતો હતો.[૧૮]

રાક્ષસોની સાથે ફરતી વેળા હનુમાને લંકાનગરીની સઘળી રચના જોઈ લીધી. સાત મજલાવાળાં રમણીય ગૃહો, શુભ મંદિરો, મંદિરના ઓટલા, મોટાં મોટાં ગૃહોવાળી શેરીઓ, નાની નાની પોળો, ગૃહોની વચ્ચે આવેલી ગલીઓ અને બજારો વગેરે હનુમાનના જોવામાં આવ્યાં. પ્રત્યેક રાજમાર્ગ, ચૌટાં તથા ચકલા આગળ જઈને રાક્ષસો ઉંચે સ્વરે બોલતા હતા કે, "આ શત્રુનો ગુપ્ત દૂત છે. રાજાની આજ્ઞાથી તેને આ શિક્ષા થાય છે."

જ્યારે હનુમાનના પૂછડાંનો અગ્રભાગ પ્રજ્વલિત થયો ત્યારે બિહામણાં નેત્રવાળી કેટલીક રાક્ષસીઓએ સીતાની પાસે જઈને તેને અપ્રિય સમાચાર કહ્યા કે; "હે સીતા! તેં રાતા મુખવાળા જે વાનરની સાથે વાતચીત કરી હતી તે વાનરને તેનું પૂછડું સળગાવી રાક્ષસો લંકામાં ફેરવે છે."

પોતાના પ્રાણ જાય એવું રાક્ષસીઓનું ક્રૂર વચન સાંભળતાંજ સીતા શોકગ્રસ્ત થઇ ગયાં અને હનુમાનનું મંગળ કરવા માટે અગ્નિદેવની પ્રાર્થના કરવા લાગ્યાં.[૧૯-૨૫] વિશાળ નેત્રવાળાં સીતા અગ્નિદેવની સ્તુતિ કરતાં બોલ્યાં કે, "હે અગ્નિદેવ! જો મેં મારા પતિની ખરા દિલથી સેવા કરી હોય, ઉત્તમ તપ કર્યું હોય અને યથાર્થ રીતે પતિવ્રત ધર્મ પાળ્યો હોય તો તમે હનુમાનના પુચ્છ ઉપર શીતળ થજો."

સતી શિરોમણિ સીતાએ સ્તુતિ કરી ત્યારે ભડભડાટ સળગતો અગ્નિ જાણે 'હું હનુમાનને પીડા નહિ કરૂં' એવું સીતાને કહેતોજ હોય, તેમ દક્ષિણાવર્તી જ્વાળાઓ ફેંકતો બળવા લાગ્યો; તેમજ અગ્નિનો મિત્ર અને હનુમાનનો પિતા વાયુ પણ શીતલ થઇને સીતાને સુખ થાય તેવી રીતે વાવા લાગ્યો.[૨૬-૨૮]

કશી પણ પીડા જણાતી નહતી તે જોઇને હનુમાનને વિચાર થયો કે, "આ અગ્નિ ભડભડાટ સળગે છે છતાં હું કેમ દાઝતો નથી?[૨૯] મારા પૂછડા ઉપર અગ્નિના મોટા ભડકા ઉઠે છે, છતાં મને જરાએ પીડા થતી નથી; પરંતુ જાણે બરફનો ગોળો મૂક્યો હોય તે પ્રમાણે પૂછડાપર ઠંડક લાગે છે.[૩૦] હું જ્યારે સમુદ્ર ઓળંગતો હતો ત્યારે ભર દરિયામાં રામચંદ્રના પ્રભાવથી મૈનાકપર્વત મને વિશ્રાંતિ આપવા માટે ઉભો થયો હતો એ મેં પ્રત્યક્ષ જોયું છે.[૩૧] અહો! જ્યારે સમુદ્રે અને મૈનાકપર્વતે રામચંદ્રને અર્થે આદરભાવ દર્શાવ્યો હતો ત્યારે આ અગ્નિ શું તેમને અર્થે આદરભાવ નહિ દર્શાવે?[૩૨] મહાસતી સીતાની દયાથી, રામચંદ્રના પ્રભાવથી અને મારા પિતા વાયુની મૈત્રીથી અગ્નિ મને બાળતો નહિ હોય?"[૩૩]

થોડીકવાર પછી હનુમાનના મનમાં પુનઃ પણ વિચાર આવ્યો કે, "મારા સરખો બળવાન આવા નીચ રાક્ષસોના બંધનને કેમજ સહન કરે? મારામાં બળ છે, માટે મારે આ બંધનનો ઉપાય કરવોજ જોઇએ." એવો વિચાર કરીને કપિવર હનુમાન સઘળાં બંધન તોડી નાખી મોટી ગર્જના કરી કૂદ્યો; અને રાક્ષસોની ભીડ વિનાના તથા પર્વતશિખર જેટલા ઉંચા દરવાજા ઉપર ચઢી ગયો.

તેણે પર્વત સમાન પ્રૌઢ દેહ ધારણ કર્યો અને પછી અત્યંત સૂક્ષ્મ દેહ ધારણ કરીને બંધનમાંથી નીકળી ગયો. બંધનમાંથી નીકળ્યા બાદ તેણે પુનઃ પણ પર્વત જેવો પ્રૌઢ દેહ ધારણ કર્યો અને આસપાસ નજર નાખી તો દરવાજાની મોટી લોહમય ભૂંગળ દૃષ્ટિએ પડી. તુરતજ તેને ગ્રહણ કરીને મહાબાહુ હનુમાને પોતાની સાથે ફરનારા સર્વ રાક્ષસોનો સંહાર કર્યો.[૩૪-૩૯]

સાથે આવેલા સર્વ રાક્ષસોને હણીને કપિવર હનુમાન વારંવાર લંકા સામું જોવા લાગ્યો. સંગ્રામમાં પ્રચંડ પરાક્રમવાળો હનુમાન એ સમયે પોતાના પૂછડે સળગતા અગ્નિની જ્વાળાઓને લીધે કિરણોથી પ્રકાશતા મધ્યાહ્નના સૂર્યસરખો શોભવા લાગ્યો.[૪૦]

स तान्निहत्वा रणचण्डविक्रमः समीक्षमाणः पुनरेव लङ्काम् । प्रदीप्तलाङ्गूलकृतार्चिमाली प्रकाशितादित्य इवार्चिमाली ॥ ४० ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રેપનમો સર્ગ સંપૂર્ણ. ૫૩

सर्ग ५४ मो.

હનુમાને કરેલું લંકાદહન.

वीक्षमाणस्ततो लङ्कां कपिः कृतमनोरथः । वर्धमानसमुत्साहः कार्यशेषमचिन्तयत् ॥१॥

જેનો મનોરથ પૂર્ણ થયો છે અને ઉત્સાહ વૃદ્ધિ પામ્યો છે એવો કપિવર હનુમાન લંકાનગરીને જોઇને બાકી રહેલા કાર્યનો વિચાર કરવા લાગ્યો.[૧]

"મારે હવે એવું શું કર્તવ્ય બાકી છે કે જે કરવાથી રાક્ષસોને અધિક સંતાપ થાય?[૨] મેં રાવણની અશોકવાટિકા ભાંગી નાખી, અત્યંત બળવાળા કેટલાક રાક્ષસોને પણ હણ્યા અને સેનાનો એકાદ ભાગ ઓછો કર્યો. હવે તો માત્ર આ લંકાનો નાશ કરવોજ બાકી છે.*[૩] મેં જે પરિશ્રમ વેઠયો છે તે આ લંકા દુર્ગનો નાશ કરવાથી સફળ થશે.[૪] મારા પૂછડા ઉપર જે અગ્નિ સળગી રહ્યો છે તેને આ નગરીનાં મોટાં મોટાં મંદિરોથી તૃપ્ત કરવો યોગ્ય છે."[૫]

આ પ્રમાણે વિચાર કરીને વિજળી સહિત મેઘ સરખો શોભતો હનુમાન સળગતા પુચ્છે લંકાનાં રમણીય મંદિરોપર કૂદવા લાગ્યો.[૬] ચોમેર દૃષ્ટિ કરતો હનુમાન નિર્ભયપણે એક ઘરપરથી બીજા ઘર ઉપર અને બીજાપરથી ત્રીજા ઉપર કૂદવા લાગ્યો. તે રાક્ષસોનાં ઉદ્યાનો તથા મોટા મોટા મહાલયો ઉપર પણ જવા લાગ્યો.[૭] વાયુ સરખા વેગવાળા બળવાન હનુમાને પ્રથમ પ્રહસ્તના મંદિરપર ચઢીને ત્યાં આગ લગાડી.[૮] ત્યાંથી કૂદીને મહાપાર્શ્વના મંદિર ઉપર જઇ ત્યાં પણ પ્રલયકાળના અગ્નિ સરખી લાહ્ય લગાડી.[૯] ત્યાંથી વજ્રદંષ્ટ્રના મંદિર ઉપર જઇ અગ્નિ સળગાવ્યો. ત્યાંથી શુક, સારણ અને ઇંદ્રજીતના મંદિરપર જઇ તે મંદિરોને બાળી મૂક્યાં. ત્યાર પછી કપિવર હનુમાને અનુક્રમે જંબુમાલી, સુમાલી, રશ્મિકેતુ, સૂર્ય શત્રુ, હ્રસ્વકર્ણ, મહા દંષ્ટ્ર, રોમશ, યુદ્ધોન્મત્ત, મત્ત, ધ્વજાતીવ, વિદ્યુજ્જિહ્વ, હસ્તિમુખ, કરાળ, વિશાળ, શોણિતાક્ષ, કુંભકર્ણ, મકરાક્ષ, નરાંતક, કુંભ, નિકુંભ, યજ્ઞશત્રુ અને બ્રહ્મશત્રુ વગેરેનાં મંદિરો બાળી મૂક્યાં. મહાતેજસ્વી હનુમાને શ્રેષ્ઠ બુદ્ધિવાળા વિભીષણનું મંદિર બચાવીને બીજા સર્વ રાક્ષસોનાં મોટી મોટી સમૃદ્ધિવાળાં મંદિરોમાં લાહ્ય લગાડી.[૧૦-૧૭]

સર્વ રાક્ષસોનાં મંદિર સળગાવ્યા પછી મહાપરાક્રમી હનુમાન રાક્ષસરાજ રાવણના મહેલપર આવ્યો.[૧૮] મેરૂ અને મંદરાચળ સરખા ઊંચા, નાના પ્રકારના મંગળ પદાર્થોવડે શોભતા તથા અનેકવિધનાં રત્નોવાળા રાવણના મુખ્ય મંદિરમાં પોતાના પૂછડાપરના અગ્નિવડે લાહ્ય લગાડીને શૂરવીર હનુમાને

* 'લંકાનો નાશ કરવો' એટલે લંકાનગરીના ગૃહોને બાળી–તોડી નાખી રાક્ષસોને હેરાન કરવા.

પ્રલયકાળના મેઘની પેઠે ગર્જના કરી.[૧૯-૨૦] વાયુના ઝપાટા લાગવાથી વેગમાં આવેલો મહાસમર્થ અગ્નિ પણ પ્રલયકાળના અગ્નિની પેઠે વધવા લાગ્યો.[૨૧] પવનના જોસભેર સપાટા ચાલવાને લીધે જોત જોતામાં રાવણના આખા મહેલમાં અગ્નિની જ્વાળાઓ ફેલાઇ ગઇ. સોનાનાં જાળીયાંવાળાં, રત્નોથી જડેલાં અને મુક્તા-મણિથી શોભતાં મોટાં મોટાં ભવનો બળી બળીને તૂટી પડવા લાગ્યાં. જેમ પુણ્ય ક્ષીણ થવાથી સિદ્ધ પુરૂષોનાં સ્થાનો આકાશમાંથી નીચે પડે છે તેમ સાત સાત માળની હવેલીઓ તૂટી પડવા લાગી.

એ સમયે પોત પોતાનાં મંદિરોનું રક્ષણ કરવા દોડતા અને લક્ષ્મી તથા ઉત્સાહરહિત થયેલા રાક્ષસો બૂમરાણ કરવા લાગ્યા કે; "હાય, હાય, આતો વાનરનું રૂપ ધરીને સાક્ષાત્ અગ્નિજ આવેલો છે!"[૨૨-૨૫] છૂટી ગયેલા કેશવાળી કેટલીક સ્રીઓ પોતાની આસપાસ અગ્નિની જ્વાળાઓ ફરી વળવાને લીધે બૂમરાણ કરતી પોતાનાં બાળકોને લઇ હવેલીઓમાંથી નીચે પડવા લાગી.[૨૬] મોટી મોટી હવેલીઓમાંથી નીચે પડતી સ્રીઓ વાદળોમાંથી પડતી વિજળીઓ સરખી શોભતી હતી. હીરા, પરવાળાં, વૈડૂર્ય અને મોતી વગેરેથી શોભતાં મંદિરો બળવાને લીધે તેમાંથી પીગળીને બહાર નીકળતી કેટલીક ધાતુઓ હનુમાનના જોવામાં આવી. અગ્નિ જેમ તૃણ અને કાષ્ઠથી તૃપ્ત થતો નથી તેમ કપિવર હનુમાન રાક્ષસોને આટલું આટલું દુઃખ આપવા છતાં તૃપ્ત થયો નહિ; અને પૃથ્વીદેવી હનુમાને મારી નાખેલા રાક્ષસોનાં શબને ધારણ કરવાથી તૃપ્ત થઈ નહિ.*[૨૭-૨૯]

પૂર્વે શંકરે જેમ ત્રિપુર બાળ્યું હતું તેમ બળવાન હનુમાને આખી લંકાનગરી બાળી મૂકી.[૩૦] પર્વતશિખરપર વસેલી લંકાનગરીમાં હનુમાને મૂકેલો તીવ્ર અગ્નિ ચોમેર જ્વાળાઓ ફેંકતો ભડભડાટ સળગવા લાગ્યો.[૩૧] લંકાનાં મંદિરોમાં સળગેલો, રાક્ષસોનાં શરીરરૂપી ઘી હોમવાને લીધે ધૂમાડા વિનાની પ્રજ્વલિત જ્વાળાઓ ફેંકતો અને પ્રલયકાળના અગ્નિસરખો એ અગ્નિ વાયુની સહાયથી જાણે આકાશને અડકતો હોય એમ વધવા લાગ્યો.[૩૨] વજ્રના જેવા કડાકા થવાને લીધે જાણે બ્રહ્માંડને ફાડી નાખતો હોય એમ ભડભડાટ સળગતો અને કરોડો સૂર્ય સરખા તેજવાળો અગ્નિ આખી લંકાનગરીને ઘેરી વળ્યો.[૩૩] ભયંકર સ્વરૂપવાળો અને કેસુડાં સરખો લાલ શિખાઓવાળો અગ્નિ ઠેઠ આકાશ સુધી પહોંચી ગયો. એ વેળા સળગીને ઓલવાઇ જતાં ઘરોની કાળાં કમળ જેવી ધૂમાડાની પંક્તિ આકાશમાં રહેલાં શ્યામ વાદળની પેઠે શોભતી હતી.[૩૪]

એ પ્રમાણે વૃક્ષો, ગૃહો અને પ્રાણીઓ સહિત આખી લંકાનગરીને એકાએક સળગી ઉઠેલી જોઇને એકઠા થયેલા મુખ્ય રાક્ષસો બોલવા લાગ્યા કે; "અરે, શું આ દેવોનો રાજા ઈંદ્ર હશે, સાક્ષાત યમરાજ હશે, વરૂણ હશે, વાયુદેવ હશે, શંકરના ત્રીજા નેત્રમાંથી પ્રકટેલ અગ્નિ હશે, સૂર્ય હશે, કુબેર હશે કે સોમ હશે? એઓમાંથી ગમે તે હો, પરંતુ આ વાનર તો નથીજ. આતો સાક્ષાત્ કાળજ છે. અરે, આપણાપર કોપાયમાન થયેલા અને સર્વ લોકને સરજનારા ચતુર્મુખ બ્રહ્મદેવ તો આ વાનરનું રૂપ ધારીને નહિ આવ્યા હોય? અથવા તો અપાર, અવ્યક્ત અને અચિંત્ય એવું વિષ્ણુનું ઉત્તમોત્તમ તેજ આપણો સંહાર કરવાને તો નહિ આવ્યું હોય?"[૩૫-૩૮]

એ વેળા રાક્ષસો, અશ્વો, હસ્તીઓ, મૃગો અને વૃક્ષો સહિત બળતી લંકા દીન સ્વરે ગાઢ રોદન કરતી હોય એવી જણાતી હતી.[૩૯] આખી લંકામાં "હા તાત! હા

* આમ વર્ણન કરવામાં કવિનો ભાવ એવો સમાયેલો છે કે સીતા પૃથ્વીમાંથી જન્મેલાં હોવાથી તેની માતા પૃથ્વી સીતાના દુઃખે દુઃખી થયેલી હતી; જેથી એટલા રાક્ષસોના વધથી તૃપ્ત થઇ નહિ. વા. ટી.

પુત્ર! હા કાંત! હા મિત્ર! હા પ્રાણનાથ! હા અંગ! અમારાં સઘળાં પુણ્ય પરવાર્યાં!!" એમ ઉપરા ઉપરી બોલતાં રાક્ષસો અને રાક્ષસીઓ અત્યંત ઘોર રોદન કરી રહ્યાં હતાં.[૪૦] અગ્નિની જ્વાળાઓથી ઘેરાયેલી, હનુમાનના ક્રોધથી પરાભવ પામેલી, જેમાંના વીર પુરૂષો હણાઈ ગયા હતા તથા યોદ્ધાઓ ન્હાસ ભાગ કરતા હતા એવી એ લંકાનગરી, જાણે કોઈ ઋષિના શાપથી બળી જતી હોય એવી દેખાતી હતી.[૪૧]

શંકરના ક્રોધથી બળવા લાગેલી પૃથ્વીની પેઠે ભડભડાટ સળગતા અગ્નિની જ્વાળાઓ-વાળી અને ભય તથા ખેદયુક્ત થયેલા રાક્ષસોથી ભરેલી લંકાનગરીને કપિવર હનુમાન આનંદપૂર્વક જોવા લાગ્યો.[૪૨] અનેક ઉત્તમ વૃક્ષોથી ભરેલી અશોકવાટિકાને અસ્તવ્યસ્ત કરીને, પોતાની સામે યુદ્ધમાં આવેલા રાક્ષસોને હણીને, તથા સુવર્ણમય ગૃહોવાળી લંકાને બાળીને વાયુસુત હનુમાન શાંત થયો અને પોતાના મનમાં રઘુવીરનું સ્મરણ કરવા લાગ્યો.[૪૩--૪૪]

મોટા બળવાળા, શ્રેષ્ઠ બુદ્ધિવાળા, પવન સમાન વેગવાળા અને સર્વ વાનરોમાં શ્રેષ્ઠ એવા વાયુસુત હનુમાનનું અદ્ભુત પરાક્રમ જોઇને સર્વ દેવતાઓ, મુનિવરો, ગંધર્વો, વિદ્યાધરો, સર્પો અને બીજાં સર્વ પ્રાણીઓ અત્યંત હર્ષિત થઇને હનુમાનની પ્રશંસા કરવા લાગ્યાં.[૪૫-૪૬] રાવણની વાટિકા ભાંગી નાખીને, રાક્ષસોનો સંહાર કરીને તથા લંકાનગરીને બાળીને હનુમાન પ્રસન્ન થયો.[૪૭] સળગતે પુચ્છે ઉંચા પ્રાસાદ શિખરપર ઉભેલો કપિવર હનુમાન પ્રકાશિત કિરણવાળા મધ્યાહ્નના સૂર્યની પેઠે શોભતો હતો.[૪૮] લંકાનગરીને બાળ્યા પછી કપિવર હનુમાને પોતાના પુચ્છનો અગ્નિ સમુદ્રમાં જઇને ઓલવી નાખ્યો.[૪૯] લંકાને બળેલી જોઇ દવતાઓ, સિદ્ધો, ગંધર્વો અને મહર્ષિઓ અત્યંત વિસ્મિત થયા.[૫૦]

ततो देवाः सगन्धर्वाः सिद्धाश्च परमर्षयः ।
दृष्ट्वा लङ्कां प्रदग्धां तां विस्मयं परमं गताः ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચોપનમો સર્ગ સંપૂર્ણ. ૫૪

સર્ગ ૫૫ મો.

હનુમાનનો પશ્ચાતાપ.

संदीप्यमानां वित्रस्तां त्रस्तरक्षोगणां पुरीम् ।
अवेक्ष्य हनुमाँल्लङ्कां चिन्तयामास वानरः ॥१॥

લંકાનગરી ચોમેરથી સળગી ઉઠી અને તેમાં વસતા સર્વ રાક્ષસો ત્રાસ પામ્યા; એ જોઇને હનુમાન વિચાર વમળમાં પડી ગયો.[૧] તેના મનમાં મહાન ત્રાસ ઉપજ્યો અને તે પોતાને ધિક્કારવા લાગ્યો કે મેં લંકાનગરીને બાળી એ મોટો અનર્થ કર્યો![૨]

ધન્ય છે તે મહાત્મા પુરૂષોને કે જેઓ જળવડે જેમ અગ્નિ શાંત થાય તેમ સદ્‌વિચારવડે પોતાના કોપને શાંત કરે છે.[૩] ક્રોધને વશ થયેલો કયો પુરૂષ પાપાચરણથી બચે છે? ક્રોધવશ થયેલો પુરૂષ પોતાના માતા-પિતા વગેરે ગુરૂજનોનો પણ વધ કરે છે; અને સત્પુરૂષોનો પણ તિરસ્કાર કરે છે.[૪] ક્રોધ પામેલા પુરૂષને કાર્ય અકાર્યનું અને વાચ્ય અવાચ્યનું જરાપણ ભાન રહેતું નથી.[૫] સર્પ જેમ જુની થયેલી કાંચળીનો ત્યાગ કરે છે તેમ જે પુરૂષ ઉપજેલા ક્રોધને ક્ષમારૂપી ગુણવડે શાંત કરે છે તેજ પુરૂષ ગણાય છે.[૬] હું કે જે નિર્લજ્જ, દુર્બુદ્ધિ અને અત્યંત પાપ કરનારો છું તેને ધિક્કાર છે! અરેરે, મેં મારા સ્વામી રામચંદ્રને હાનિ પહોંચે એવું કાર્ય કર્યું; કેમકે મેં આખી લંકામાં લાહ્ય લગાડી; પણ સીતાના સુખ દુઃખનો વિચાર કર્યો નહિ.[૭] અરે, આખી લંકા બળી ગઈ તેમાં મહા સતી સીતા પણ બળી ગયાં હશે. જો એમ બન્યું હશે તો અજ્ઞાનને લીધે મેંજ મારા સ્વામીનું કાર્ય બગાડયું ગણાશે.[૮]

અરેરે, જેની પ્રાપ્તિને અર્થે મોટો પ્રયાસ કર્યો તે સીતાનો મેં આમ અજાણતાં નાશ કર્યો! અરે, લંકાનું દહન કરતાં મેં સીતાનું રક્ષણ કર્યું નહિ.[૯] લંકાનગરીને બાળી, એ તો ઘણુંજ સહેલાઇથી થઈ શકે એવું કાર્ય છે; એમાં કાંઇ મોટું પરાક્રમ નથી; પરંતુ તેમ કરતાં ક્રોધને વશ થઇને મેં મારા સ્વામીના કાર્યનો નાશ કર્યો છે.[૧૦] આખી લંકા બળીને ખાખ થઈ ગઇ છે, તેનો એક પણ એવો ભાગ જણાતો નથી કે જે બળ્યા વિનાનો હોય. મને લાગે છે કે સીતા પણ બળી ગયાં હશે.[૧૧] જ્યારે મેં મારી વિપરીત બુદ્ધિને લીધે આમ મારા સ્વામીનું કાર્ય બગાડયું ત્યારે હવે મારે પણ મારા પ્રાણોનો ત્યાગ કરવોજ ઘટે છે.[૧૨]શું હું આ સળગતી લંકાના અગ્નિમાં પડું કે ચિતાગ્નિમાં પ્રવેશ કરૂં અથવા મારો દેહ સમુદ્રવાસી જળચરોને અર્પણ કરૂં?[૧૩] સ્વામીના કાર્યનો સમૂળ નાશ કર્યા પછી અહીંથી જીવતાં પાછો જઇને હું વાનરેશ્વર સુગ્રીવને તથા નરશ્રેષ્ઠ રામ–લક્ષ્મણને શું મ્હોં દેખાડીશ?[૧૪] અરે, વાનર જાતિનો અવ્યવસ્થિત કાર્ય કરવાનો સ્વભાવ કે જે ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે તેને આજે મેં ક્રોધાવેશમાં આવીને પ્રત્યક્ષ દર્શાવી આપ્યો![૧૫] નિરંતર અવ્યવસ્થિત કાર્ય કરાવનારા રજોગુણી સ્વભાવને ધિક્કાર હો કે જેને વશ થયેલો હું સમર્થ છતાં પણ સીતાનું રક્ષણ કરી શકયો નહિ."[૧૬]

"અરેરે, સીતાનો વિનાશ થયો જાણીને મહાપરાક્રમી રામ-લક્ષ્મણ અવશ્ય મરણ પામશે; અને તે બન્નેનું મરણ થતાં કપિરાજ સુગ્રીવ પણ પોતાના બંધુવર્ગની સાથે જિવિતનો ત્યાગ કરશે.[૧૭] વળી ભ્રાતૃવત્સલ ભરત–શત્રુઘ્ન પણ એ સમાચાર સાંભળશે એટલે શી રીતે જીવી શકશે?[૧૮] એ ધર્મિષ્ઠ ઇક્ષ્વાકુવંશનો નાશ થયા પછી સઘળી પ્રજા શોક અને સંતાપથી પીડિત થઈ જશે.[૧૯] જો એમ થશે તો ક્રોધરૂપી દોષથી વ્યાપ્ત થયેલો હું ધર્મ અને અર્થનો લોપ કરનારો ગણાઈશ અને સર્વ લોકોનો વિનાશ કરવાનું પાતક મારે શિર આવશે."[૨૦]

હનુમાન એ પ્રમાણે વિચાર કરતો હતો એટલામાં પૂર્વે જણાયાં હતાં તેવાં શુભ શકુનો તેને જણાવા લાગ્યાં. તે પુનઃ વિચારવા લાગ્યો કે,[૨૧] "અરે, સર્વાંગ સુંદરી સીતા પોતાના તેજ વડે જ સુરક્ષિત રહ્યાં હશે. એ કલ્યાણી સતીનો નાશ થઈ શકે એમ નથી. અગ્નિ કંઇ અગ્નિને બાળી શકતો નથી.[૨૨] અત્યંત તેજવાળા રામચંદ્રની ભાર્યા સીતા કે જે પોતાના ચારિત્ર્યવડેજ રક્ષાયેલાં છે તેને સ્પર્શ કરવાને અગ્નિ સમર્થ નથી.[૨૩] અહા! સર્વ વસ્તુને બાળી નાખનારો અગ્નિ રામચંદ્રના પ્રભાવને લીધે અને સીતાના સુકૃતને લીધે જ્યારે મને પણ બાળી શકયો નથી ત્યારે ભરત, શત્રુઘ્ન અને લક્ષ્મણનાં પૂજ્ય, દેવતારૂપ તથા રામચંદ્રની પ્રિયા એવાં સીતાને તે કેમજ બાળી શકે?[૨૪-૨૫] અથવા તો મહાસમર્થ અગ્નિ મારા પૂછડાને બાળતો નથી તો આર્યા સીતાને કેમજ બાળશે?"[૨૬]

થોડીકવાર રહી વિસ્મયયુક્ત થયેલા હનુમાને વળી વિચાર કર્યો કે, "અહા! જે દેવીના પ્રભાવથી ભરસમુદ્રમાં મને વિશ્રામ આપવા માટે મૈનાકપર્વત ઉભો થયો હતો ત દેવી સીતાને અગ્નિ બાળી શકે શું?[૨૭] અરે, એ મહાસાધ્વી સીતા પોતાના તપથી, સત્ય વાણીથી અને પોતાના પતિપરના અનન્ય પ્રેમભાવથી અગ્નિને પણ બાળી નાખવા સમર્થ છે, તો પછી અગ્નિ તેને શી રીતે બાળી શકે?"[૨૮]

કપિવર હનુમાન સીતાના ધર્માચરણ સંબંધે એ પ્રમાણે વિચાર કરતો હતા એવામાં આકાશમાં ફરતા ચારણોની પરસ્પર થતી વાતચિત તેના સાંભળવામાં આવી.[૨૯] તે એવી કે "અહો હનુમાને રાક્ષસરાજ રાવણની નગરીમાં ભયંકર અગ્નિ સળગાવ્યો! ખરેખર, તેણે દુષ્કર કાર્ય કર્યું છે.[૩૦] લંકાનગરીમાં મોટા મોટા રાક્ષસો, બાળકો, વૃદ્ધો અને

સ્ત્રીઓ ભ્રમરાણુ કરતાં આમતેમ દોડાદોડ કરે છે, અને લોકોનાં રોદનનો ધ્વનિ પર્વતની ગુફાઓમાં પ્રતિધ્વનિત થાય છે; એથી આ લંકા જાણે આક્રંદ કરતી હોય એમ જણાય છે! અટારીઓ, કિલ્લાઓ અને દરવાજા સહિત આખી લંકાનગરી બળીને ભસ્મીભૂત થઈ છે; પરંતુ જનકતનયા સીતાને કશી ઇજા થઇ નથી એ અમને આશ્ચર્ય સરખું લાગે છે!"૩૧-૩૨

આકાશચારી ચારણોની અમૃત સરખી વાણી સાંભળતાં હનુમાનના મનમાં અત્યંત હર્ષ થયો૩૩ વખતો વખત ખરાં પડેલાં શકુન સંભારીને અને આકાશચારી ચારણોનાં વચન સાંભળીને કપિવર હનુમાન પ્રસન્ન થયો.૩૪ ચારણોના કહેવા ઉપરથી સીતાને જીવતાં જાણીને જેનો મનોરથ સિદ્ધ થયો છે એવા કપિવર હનુમાને સીતાનાં પુનઃ પ્રત્યક્ષ દર્શન કર્યા પછીજ કિષ્કિંધાપ્રત્યે જવાનો નિશ્ચય કર્યો.૩૫

ततः कपिः प्राप्तमनोरथार्थस्तामक्षतां राजसुतां विदित्वा। प्रत्यक्षतस्तां पुनरेव दृष्ट्वा प्रतिप्रयाणाय मतिं चकार ॥ ३५ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પંચાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૫

सर्ग ५६ मो.

સીતાની આજ્ઞા લઈ હનુમાનનું પાછું વળવું.

ततस्तु शिंशपामूले जानकीं पर्यवस्थिताम्। अभिवाद्याब्रवीद्दिष्ट्या पश्यामि त्वामिहाक्षताम्॥१॥

કપિવર હનુમાને અશોકવાટિકામાં આવી શિંશપાવૃક્ષના મૂળ આગળ બેઠેલાં સીતાને પ્રણામ કર્યા અને બોલ્યો કે "હે દેવિ! મારાં સદ્ભાગ્યના યોગેજ હું તમને આજે ક્ષેમકુશળ જોવા પામ્યો છું."૧

કિષ્કિંધાપ્રત્યે જવાને તૈયાર થયેલા હનુમાનને વારંવાર નિહાળતાં સીતા પોતાના સ્વામીપરના સ્નેહને લીધે કહેવા લાગ્યાં કે;૨ "હે તાત! જો તને ઠીક લાગતું હોય તો તું આજનો દિવસ અહીં રહે અને વિશ્રાંતિ લઇને કાલે વિદાય થજે. હે વાનર! જો તું મારી પાસે રહીશ તો હું કે જે અલ્પ ભાગ્યવાળી છું તેનો શોક ક્ષણવાર પણ શાંત થશે.૪ હે હરિ શાર્દૂલ! તું અહીંથી જઈને પાછો આવીશ ત્યાં સુધી મારા પ્રાણ ટકી રહે એવી મને આશા નથી.૫ હે વીર! હું કે જે ઉપરા ઉપરી પડતાં દુઃખોથી ઉદાસ અને કૃશ થઈ ગઇ છું તેને તારો વિયોગ થવાથી વધારે પીડા થશે.૬ વળી હે વીર! મને સંદેહ રહે છે કે મહાબળવાન રીંછ તથા વાનરોની સહાય હોવા છતાં સુગ્રીવ તેઓની સાથે દુષ્પાર સમુદ્રને કેવી રીતે તરી શકશે? તેમજ બન્ને રાજકુમારો પણ અહીં શી રીતે આવી શકશે?૭-૮ સમુદ્ર ઓળંગવાની શક્તિ તો માત્ર એક તારામાં, તારા પિતા વાયુમાં અને ગરૂડમાંજ પ્રસિદ્ધ છે.૯ હે હનુમાન! તું કાર્યકુશળ છે, માટે હું તને પૂછું છું કે આવા સંકટયુક્ત કાર્યમાં તું શો ઉપાય યોજવો શ્રેષ્ઠ ધારે છે?૧૦ હે શત્રુના વીર યોદ્ધાઓને હણનારા કપિવર! રામચંદ્રનું કાર્ય સિદ્ધ કરવામાં તું એકલોજ સમર્થ છે. માત્ર તારૂં પરાક્રમ જ પ્રશંસનીય છે.૧૧ હે મારૂતિ! મારા સ્વામી રામચંદ્ર કપિસેના સાથે અહીંયાં આવે અને લંકાને નષ્ટભ્રષ્ટ કરી મને પાછી લઈ જાય ત્યારે તેમણે પોતાના પરાક્રમને યોગ્ય કર્યું ગણાય!૧૨ માટે હે વીર! સંગ્રામમાં શૂરવીર એવા રામચંદ્રના પરાક્રમને યોગ્ય ગણાય તેવું કાર્ય તારે તેમને હાથે કરાવવું જોઈએ."૧૩

સીતાનું અર્થયુક્ત નમ્ર વચન સાંભળીને હનુમાને કહ્યું કે;૧૪ "હે દેવિ! રીંછ તથા વાનરોની સેનાઓના અધિપતિ સુગ્રીવે તમારૂં કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે.૧૫ તે અસંખ્યાત વાનરોને સાથે લઇને સત્વર આવી પહોંચશે.૧૬ નરશ્રેષ્ઠ રામ—લક્ષ્મણ પણ સત્વર અહીં આવશે; અને તીક્ષ્ણ બાણોવડે લંકાને નષ્ટ ભ્રષ્ટ કરી મૂકશે.૧૭ હે વરારોહા! સર્વ રાક્ષસો સહિત રાવણને હણીને શ્રીમાન રઘુવીર તમને અયોધ્યા

પ્રત્યે લઈ જશે.[૧૮] હે કલ્યાણિ ! તમે થોડા સમય ધૈર્ય રાખો અને શાંત થાઓ. તમારૂં શ્રેય થશે. હવે અલ્પ સમયમાંજ રાવણને તમે રામચંદ્રને હાથે હણાયેલો જોશો.[૧૯] રાક્ષસોનો રાજા રાવણ જ્યારે પોતાના પુત્રો, મિત્રો અને બંધુવર્ગસહિત મરણ પામશે ત્યારે રોહિણી જેમ ચંદ્રના સમાગમને પામે તેમ તમે રામચંદ્રનો સમાગમ પામશો.[૨૦] બળવાન રીંછો અને વાનરોની સેના લઇને રઘુવીર સત્વર આવશે અને રાવણને રણમાં રોળી તમારા શોકને દૂર કરશે."[૨૧]

સીતાનું આશ્વાસન કર્યા પછી પવનસુત હનુમાન તેમને પ્રણામ કરીને ત્યાંથી જવાને તૈયાર થયો.[૨૨] મુખ્ય મુખ્ય રાક્ષસોને હણી, પ્રખ્યાતિ કરી, પોતાનું ઉત્કૃષ્ટ બળ દર્શાવી, લંકાનગરીને આકુળ વ્યાકુળ કરી, રાવણને છેતરી, સીતાનું આશ્વાસન કરી તથા તેમને પ્રણામ કરીને કપિવર હનુમાન પુનઃ સમુદ્ર ઓળંગી કિષ્કિંધાપ્રત્યે જવાને તત્પર થયો. પોતાના સ્વામી સુગ્રીવ તથા રામચંદ્રનાં દર્શનની ઉત્કંઠાવાળો હનુમાન લંકાદ્વીપના ઉત્તર છેડાપર આવેલા 'અરિષ્ટ' નામના પર્વતપર ચઢયો. એ પર્વત પોતાના ઉપર ઉગેલાં ઉંચા પદ્મકવૃક્ષોની સાથે મળેલી શ્યામ વનપંક્તિઓને લીધે જાણે વસ્ત્ર પહેરેલો હોય,[૨૩-૨૬] શિખરોની વચ્ચે લંબાયમાન થયેલાં વાદળોને લીધે જાણે ઉત્તરીય વસ્ત્રને ધારણ કરતો હોય, સૂર્યનાં તેજસ્વી કિરણોથી જાણે જાગૃત કરતો હોય,[૨૭] અનેક પ્રકારની ધાતુઓની ખાણોને લીધે જાણે નેત્ર ઉઘાડીને જોતો હોય, ચોમેર વહેતી નદીઓનો ખળખળાટ થવાથી જાણે અધ્યયન કરતો હોય,[૨૮] ઝીણાં ઝીણાં ઝરણાંઓનો ખળખળાટ થવાથી જાણે ગાયન આલાપતો હોય, અતિ ઉંચાં દેવદારૂનાં વૃક્ષોને લીધે જાણે ઉંચા હાથ કરીને ઉભેલો હોય,[૨૯] ઉંચેથી પડતા ધોધને લીધે જાણે આક્રોશ કરતો હોય, વાયુથી કંપાયમાન થતાં સપ્તપર્ણ વગેરે વૃક્ષોથી જાણે ધ્રૂજતો હોય,[૩૦] પોલા વાંસડાઓમાં વાયુ ભરાવાને લીધે જાણે વાંસળી વગાડતો હોય, ઝેરી સર્પોના ફુફાડા થવાને લીધે જાણે રીસ ચઢાવીને નિઃશ્વાસ મૂકતો હોય,[૩૧] ધૂમસથી છવાઈ ગયેલી ગુફાઓને લીધે જાણે ઈંદ્રિયોને રોકી ધ્યાનપરાયણ થયેલો હોય, મેઘ સરખા પોતાના પ્રત્યંત પર્વતોરૂપી ચરણોથી જાણે ચોમેર ગતિ કરતો હોય[૩૨] અને આકાશપર્યંત પહોંચેલાં તથા વાદળથી વીંટાયેલાં પોતાનાં શિખરોથી જાણે બગાસાં ખાતો હોય એવો જણાતો હતો. મોટી મોટી કરાડો, નાનાં નાનાં શિખરો, સાલ, તાલ, તમાલ, કરેણ, વાંસ ઇત્યાદિ વૃક્ષો અને અનેક જાતની પુષ્પયુક્ત લતાઓ ઇત્યાદિથી એ પર્વત અલંકૃત હતો.[૩૩-૩૪] એ પર્વત નાના પ્રકારના મૃગોથી વ્યાપ્ત, ગેરૂ વગેરે ધાતુઓના રંગથી રંગાયેલો, ઘણાં ઝરણાંવાળો, મોટી મોટી શિલાઓથી ભરપૂર,[૩૫] મહર્ષિઓ, યક્ષો, ગંધર્વો, કિંનરો અને સર્પોએ સેવેલો, લતાઓ તથા વૃક્ષોથી ઘાટો, સિંહોથી ભરેલી ગુફાઓવાળો,[૩૬] વ્યાઘ્ર, વરૂ ઇત્યાદિ પ્રાણીઓના ભયવાળો અને સ્વાદિષ્ટ ફળ મૂળ તથા જળયુક્ત હતો.

રામચંદ્રનાં દર્શનની ઉત્કંઠાથી પ્રેરાયેલો કપિવર હનુમાન અતિ ઉતાવળે અરિષ્ટ પર્વત પર ચઢવા લાગ્યો. એ સમયે તેના ચરણ તળે આવતી મોટી શિલાઓના ચૂરેચૂરા થઈ જવા લાગ્યા; અને તે શિલાઓ કડુડુધૂસ કરતી પૃથ્વીપર પડવા લાગી. કપિવર હનુમાન ક્ષારસમુદ્રના દક્ષિણ કીનારાપરથી ઉત્તર કિનારાપર જવા માટે પ્રૌઢ દેહ ધારણ કરી વાયુવેગે અરિષ્ટ પર્વતના ઉંચામાં ઉંચા શિખરપર ચઢયો, ત્યારે ભયંકર સર્પાદિ પ્રાણીઓથી ભરેલો અને ઘુઘવાટ કરતો દક્ષિણ સમુદ્ર તેની દૃષ્ટિએ પડયો.

પછી દક્ષિણમાંથી ઉત્તર ભણી જવાનો દૃઢ સંકલ્પ કરીને વાયુસુત હનુમાને વાયુની પેઠે આકાશમાં ઉડવા માટે પોતાનું સઘળું બળ એકત્ર કરીને છલંગ મારી. એ વેળા

હનુમાનના વેગથી એ અરિષ્ટ પર્વત એકાએક પૃથ્વીમાં પેસી ગયો, તેનાં શિખરો તથા વૃક્ષો કંપાયમાન થઇ પૃથ્વીપર પડી ગયાં અને તેમાં વસતાં પ્રાણીઓ ત્રાસ પામ્યાં.૩૭-૪૩ હનુમાનના ઉરૂવેગથી ઉખડેલાં પુષ્પયુક્ત વૃક્ષો જાણે ઇંદ્રના વજ્રથી કપાઇ ગયાં હોય, એમ ટપોટપ પૃથ્વીપર પડવા લાગ્યાં.૪૪ ગુફાઓમાં વસતા મહા બળવાળા સિંહો પીડિત થઈને ગગનભેદી ગર્જના કરવા લાગ્યા.૪૫ ત્યાં ક્રીડા કરતી વિદ્યાધરીઓ ભયને લીધે આકુળ-વ્યાકુળ થઇ ગઇ. તેમનાં વસ્ત્ર ખસી ગયાં અને આભૂષણોનું ઠેકાણું રહ્યું નહિ. તેઓ એવીને એવી સ્થિતિમાં એકદમ આકાશ તરફ ઉડી ગઈ.૪૬ અત્યંત લાંબા દેહવાળા, બળવાન અને દેદીપ્યમાન જિહ્વાવાળા મોટા સર્પો માથાં તથા ગરદન ચગદાવાથી તરફડવા લાગ્યા.૪૭ કિન્નરો, ઉરગો, ગંધર્વો, યક્ષો, અને વિદ્યાધરો પણ પૃથ્વીમાં પેસી જતા એ પર્વતનો ત્યાગ કરીને આકાશમાં ઉડી ગયા.૪૮ અનેક વૃક્ષો અને શિખરોથી શોભતો એ અરિષ્ટ પર્વત કે જે દશ યોજનના વિસ્તાર-વાળો તથા ત્રીશ યોજનની ઉંચાઈવાળો હતો તે મહાબળવાન હનુમાનના ભારથી દબાઇને પૃથ્વીમાં પેસી ગયો.૪૯-૫૦

જેના તરંગો વારંવાર કિનારા સાથે અથડાયા કરે છે એવા ક્ષારસમુદ્રનું ઉલ્લંઘન કરવા માટે કપિવર હનુમાન તુરતજ આકાશ તરફ કૂદ્યો.૫૧

स लिलङ्घयिषुर्भीमं सागरं लवणार्णवम् ।
कल्लोलास्फालवेलान्तमुत्पपात नभो हरिः॥५१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં છપ્પનમો સર્ગ સંપૂર્ણ. ૫૬

सर्ग ५७ मो.

સમુદ્રોલ્લંઘન અને વાનરમિલાપ.

आप्लुत्य च महावेगः पक्षवानिव पर्वतः ।
भुजङ्गयक्षगन्धर्वप्रबुद्धकमलोत्पलम् ॥१॥

અતિ વેગભર આકાશ તરફ કૂદયા પછી જાણે પાંખોવાળો પર્વતજ હોય એમ કપિવર હનુમાન ગગનરૂપી સાગરમાં ગતિ કરવા લાગ્યો. એ ગગનસાગરમાં યક્ષ, ભુજંગ અને ગંધર્વરૂપી પ્રફુલ્લિત કમળો હતાં; ચંદ્રરૂપી પોયણું, સૂર્યરૂપી કારંડવ પક્ષી અને પુષ્ય તથા શ્રવણ નક્ષત્રરૂપી કાદંબ પક્ષીઓ હતાં; વાદળરૂપી શેવાળ અને ઘાસ હતાં; પુનર્વસુ નક્ષત્રરૂપી મરેલાં મસ્ત્ય, મંગળ ગ્રહરૂપી મગરમચ્છ, ઐરાવત હસ્તીરૂપી મોટો દ્વીપ અને સ્વાતી નક્ષત્રરૂપી હંસ હતા; તેમાં વંટોળીયારૂપી તરંગો ઉઠતા હતા અને ચંદ્ર કિરણોરૂપી શીતળ જળ ભરેલું હતું.૧-૪

અદ્ધર ઉડતો હનુમાન જાણે આકાશનો ગ્રાસ કરતો હોય, ચંદ્રમાને અંકિત કરવા ઇચ્છતો હોય તથા નક્ષત્રો અને સૂર્ય સહિત આખા ગગનમંડળને બાથમાં લેવા ધારતો હોય એમ જરાપણ થાકયા વિના અપાર સમુદ્રને તરતો હતો. આકાશમાં પ્રકાશતાં ધોળાં, રાતાં, કાળાં અને મજીઠીયા રંગનાં વાદળો હનુમાનના વેગથી ખેંચાઈ જતાં હતાં.૫-૭ કપિવર હનુમાન ચંદ્રની પેઠે ક્ષણવારમાં વાદળની ઘટામાં પ્રવેશતો હતો અને ક્ષણવારમાં બહાર નીકળતો હતો.૮ શ્વેત વસ્ત્ર પહેરેલો હનુમાન વિવિધ પ્રકારનાં વાદળોમાં ગતિ કરતો હતો એ વેળા આકાશને વિશે ક્ષણમાં ગુપ્ત થતા અને ક્ષણમાં પ્રકટ થતા ચંદ્ર સરખો શોભતો હતો.૯ વારંવાર વાદળોને ચીરીને બહાર નીકળતો કપિવર હનુમાન ગરૂડના જેવા વેગથી ઉડતો હતો;૧૦ અને મેઘ સરખી ગંભીર ગર્જના કરતો હતો. રાવણના મુખ્ય રાક્ષસોને હણીને, પોતાનું નામ પ્રખ્યાત કરીને, રાવણ સહિત આખી લંકાને આકુળ વ્યાકુળ બનાવીને, રાક્ષસોની સેનાનો સંહાર વાળીને અને સીતાને પ્રણામ કરીને આકાશમાર્ગે ઉડેલો કપિવર હનુમાન સમુદ્રના મધ્યભાગે આવી પહોંચ્યો. ત્યાં પોતાને વિશ્રામ આપવાને ઉભા થયેલા મૈનાકપર્વતને

પોતાના હાથવડે સ્પર્શ કરીને ધનુષ્યમાંથી છૂટેલા તીરની પેઠે વેગથી આગળ ચાલ્યો. થોડીકવારમાં મેઘમંડળ જેવો મહેંદ્રપર્વત તેની દૃષ્ટિએ પડયો.[૧૧-૧૪] મહેંદ્રપર્વતને જોતાંજ મહાકપિ હનુમાને મોટી ગર્જના કરી દશે દિશાઓ ગજવી મૂકી.[૧૫] પોતાના સુહૃદ્વર્ગનાં દર્શનની ઇચ્છાવાળો હનુમાન ઉપરા ઉપરી ગર્જના કરતો અને પુચ્છ કંપાવતો ઉતાવળે ત્યાં આવી પહોંચ્યો.[૧૬] આકાશમાર્ગે ગમન કરતા હનુમાનની ગર્જનાથી જાણે સૂર્યમંડળ સહિત આખું આકાશ ફાટી જતું હોય એમ લાગતું હતું.

શૂરવીર અને મહાન્ બળવાળા અંગદ વગેરે વાનરો કે જેઓ હનુમાનના આગમનની વાટ જોતા સમુદ્ર તટપર બેસી રહ્યા હતા તેઓએ વાયુથી અથડાયેલા મેઘની ગર્જના જેવો હનુમાનના ઉરૂનો સુસવાટ સાંભળ્યો. [૧૭-૧૯] થોડીકવાર પછી હનુમાનની મેઘ સરખી ગર્જનાઓ સાંભળીને સર્વ વાનરો પોતાના સુહૃદનું દર્શન કરવાને ઘણાજ ઉત્કંઠિત થઇ લાંબી નજરે જોવા લાગ્યા. [૨૦-૨૧] એ સમયે અત્યંત હર્ષિત થયેલા વૃદ્ધ જાંબવાને સર્વ વાનરોને સંબોધીને કહ્યું કે;[૨૨] "હે વાનરો ! આપણુ સૌનું કાર્ય સિ કરીને એ હનુમાનજ આવે છે. એમાં લેશ પણ સંશય રાખવા જેવું નથી. જો કાર્ય કર્યા વિના આવતો હોય તો તે કદી પણ આવી ગર્જના કરે નહિ. "[૨૩]

મહાત્મા હનુમાનના બાહુ તથા સાથળોનો સુસવાટ અને તેની ગર્જના સાંભળીને અત્યંત હર્ષિત થયેલા સર્વ વાનરો આમતેમ કૂદવા લાગ્યા;[૨૪] અને હનુમાનનાં દર્શન કરવાની ઇચ્છાથી મહેંદ્રપર્વતના ઉંચામાં ઉંચાં શિખરો પર ચઢયા.[૨૫] ત્યાં ચઢયા પછી પડી જવાનો ભય ન રહે એટલા માટે વૃક્ષોની શાખાઓ પકડીને તે ઉભા રહ્યા; અને હનુમાનને નિશાની દેખાડવા માટે પોતાનાં શ્વેત વસ્ત્રો હલાવવા લાગ્યા.[૨૬] પર્વતની ગુફામાં રહેલો વાયુ જેમ ગર્જના કરે તેમ ગર્જના કરતો હનુમાન મહેંદ્રપર્વત ભણી આવતો હતો.[૨૭] મેઘ સરખા પ્રૌઢ દેહવાળો હનુમાન જ્યારે છેક નજીકમાં આવી પહોંચ્યો ત્યારે સર્વ વાનરો હાથ જોડીને ઉભા રહ્યા;[૨૮] ત્યારપછી હર્ષમાં આવેલો મહા બળવાન્ કપિવર હનુમાન અનેક વૃક્ષોથી વ્યાપ્ત અને સુંદર ઝરણાંવાળા મહેંદ્ર-પર્વતના શિખરપર કપાયેલી પાંખોવાળા પર્વતની પેઠે એકદમ ઉતરી પડયો.[૨૯-૩૦] હનુમાનને જોઇ અત્યંત પ્રસન્ન થયેલા સર્વે વાનરો તેની પાસે ગયા અને તેને વીંટીને ઉભા રહ્યા.[૩૧] કેટલાક કપિઓ તો પ્રસન્ન વદને ફળ-મૂળાદિકની ભેટ લાવીને વાયુપુત્ર હનુમાનનો સત્કાર કરવા લાગ્યા.[૩૩] કેટલાક વાનરો કીકીયારી કરવા લાગ્યા અને કેટલાક વાનરો હનુમાનને બેસવા માટે વૃક્ષની શાખાઓ લઇ આવ્યા.[૩૪]

મહેંદ્રપર્વતપર ઉતર્યાપછી હનુમાને જાંબવાન વગેરે વૃદ્ધ કપિઓને અને યુવરાજ અંગદને પ્રણામ કર્યા.[૩૫] ત્યારે જાંબવાન વગેરે વાનરોએ તથા યુવરાજ અંગદે તેને ઘણુંજ માન આપ્યું. પછી મહાપરાક્રમી હનુમાન :"મને સીતાનાં દર્શન થયાં છે" એટલો ટૂંકો સમાચાર કહીને, યુવરાજ અંગદનો હસ્ત ગ્રહણ કરી મહેંદ્રપર્વતના રમ્ય વનપ્રદેશમાં બેઠો.[૩૬-૩૭] પછી સર્વ વાનરોએ સીતાના સમાચાર પૂછયા ત્યારે તેણે કહ્યું કે, "હે વાનરો ! લંકા નગરીમાં આવેલી અશોક વાટિકામાં મેં સીતાને જોયાં છે. ભયંકર રૂપવાળી રાક્ષસીઓ તેની ચોકી કરે છે, પોતાના પતિ રામચંદ્રના દર્શનની ઇચ્છાથી તેણે મસ્તકપર એક વેણી ધારણ કરી છે અને ઉપવાસ કરવાથી તે કૃશ, મલિન તથા દીન થઇ ગયાં છે."

"મેં સીતાને જોયાં છે" એવું હનુ-માનનું અમૃતસરખું વચન સાંભળીને સર્વ કપિઓ અત્યંત હર્ષમાં આવી ગયા. કેટલાક વૃષભના જેવો નાદ કરવા લાગ્યા, કેટલાક

કિકિયારીયો કરવા લાગ્યા, કેટલાક પોતાનાં પૂછડાં ઉચાં કરીને તથા તેને વાંકા–ચુકાં વાળીને હલાવવા લાગ્યા; અને કેટલાક પર્વત શિખર પર કૂદી કૂદીને હનુમાનને આવી અડકવા લાગ્યા.

પછી સર્વ વાનરસમાજના સાંભળતાં યુવરાજ અંગદે કપિશ્રેષ્ઠ હનુમાન પ્રત્યે મધુરવાણીથી કહ્યું કે, "હે વાનરવર! બળ અને પરાક્રમમાં ત્હારા સરખો બીજો કોઈ નથી;[૩૮-૪૫] કેમકે આ મોટો સમુદ્ર ઓળંગીને તું પાછો આવી શકયો છે. હે વાનરોત્તમ! અમ સૌનો જિવિતદાતા તુંજ છે.[૪૬] હે વાયુસુત! ત્હારી કૃપાથીજ કાર્યસિદ્ધિ કરીને હવે અમે રામચંદ્રને મળવા પામીશું. અહો! ધન્ય છે ત્હારી સ્વામીભક્તિને! ધન્ય છે ત્હારા પરાક્રમને! અને ધન્ય છે ત્હારા ધૈર્યને![૪૭] અહો! યશસ્વિની રામપત્ની સીતાનાં તું દર્શન પામ્યો એ ઘણું રૂડું થયું! હવે રામચંદ્ર સીતાવિયોગના શોકનો ત્યાગ કરશે એ પણ બહુ રૂડું થશે."[૪૮]

ત્યાર પછી અતિશય હર્ષિત થયેલા સર્વે વાનરો હનુમાને કરેલું સમુદ્રોલ્લંઘન વગરેની વાત સાંભળવા માટે યુવરાજ અંગદને, હનુમાનને અને જાંબવાનને વીંટીને, તથા નમ્રતાથી હાથ જોડીને હનુમાનના મુખ સામું નિરખતા જૂદી જૂદી વિશાળ શિલાઓ ઉપર બેઠા.[૪૯-૫૧]

જેમ સ્વર્ગમાં દેવરાજ ઈંદ્ર દેવતાઓથી વીંટાઇને બેસે તેમ યુવરાજ અંગદ ઘણા વાનરોથી વીંટાઇને બેઠો.[૫૨] ઉજ્વળ કીર્તિવાળો હનુમાન અને બાજુબંધને ધારણ કરનારો યશસ્વી અંગદ એ બન્નેજણા વાનર સમાજ સહિત જ્યારે મહેંદ્ર પર્વતના ઉંચા શિખરપર બેઠા ત્યારે તે ઉત્તમ શિખર અત્યંત શોભવા લાગ્યું.[૫૩]

हनूमता कीर्तियुता यशस्विना तथाङ्गदेनाङ्गदनद्ध बाहुना। मुदाध्यासितमुन्नतं महन्महीधराग्रं ज्वलितं श्रियाऽभवत् ॥५३॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સત્તાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૭

સર્ગ ૫૮ મો.

મહેન્દ્ર પર્વત પર વાનરોની સભા–હનુમાને કહેલું સીતાશોધનું વૃતાંત.

ततस्तस्य गिरेः शृङ्गे महेन्द्रस्य महाबलाः। हनुमत्प्रमुखाः प्रीतिं हरयो जग्मुरुत्तमाम् ॥१॥

મહેંદ્ર પર્વતના શિખરપર હનુમાનને વીંટાઇને બેઠેલા મહાબળવાન્ વાનરો અત્યંત આનંદ પામ્યા.[૧] સઘળા વાનરો આનંદભેર બેઠા પછી હર્ષિત થયેલો વૃદ્ધ જાંબવાન હનુમાનને અત્યંત પ્રીતિપૂર્વક સર્વ વૃત્તાંત પૂછવા લાગ્યો.

જાંબવાન પૂછે છે: "હે હનુમાન! તેં સતી સીતાને શી રીતે દીઠાં, તે ત્યાં શું કરે છે,[૨-૩] ક્રૂર કર્મ કરનારો રાવણ તેના પ્રત્યે કેવું વર્તન રાખે છે, તેં સીતાની શોધ શી રીતે કરી, અને તેણે તને શું કહ્યું? એ સઘળું અમને યથાર્થ રીતે કહે. ત્હારૂં સમગ્ર વૃત્તાંત સાંભળ્યા પછી આપણે હવે શું કરવું? એ સંબંધે વિચાર કરીશું.[૪-૫] હે કપિવર! અહીંથી પાછા જઈને આપણે રામચંદ્રને જે વાત કહેવાની હોય તે તથા જે ન કહેવાની હોય તે સઘળું તું અમને કહે."[૬]

જાંબવાનનાં વચન સાંભળી હનુમાન રોમાંચિત થયો અને તેણે પોતાના મનવડે સતી સીતાને નમન કરીને પોતાનું વૃતાંત કહેવા માંડયું. તે બોલ્યો કે,[૭] "હે મહાત્મા વાનરો! આપ સર્વની સમક્ષમાંજ હું સમુદ્રની સામીપાર જવા માટે આ મહેંદ્ર પર્વતપરથી ઉડયો હતો.[૮] કેટલેક દૂર જવાપછી એક ભયંકર વિઘ્ન આવ્યું, તે એ કે મ્હારા માર્ગની વચ્ચે મનને હરણ કરે એવું એક સુવર્ણમય દિવ્ય શિખર મારા જોવામાં આવ્યું.[૯] મારો માર્ગ રોકયો હતો તેથી મને લાગ્યું કે

"રાક્ષસોની પ્રેરણાથી આ કોઈ મને વિઘ્ન કરવાનેજ ઉભું હશે." પછી તેની પાસે જઇને મેં નિશ્ચય કર્યો કે મારે એને ભાંગી નાખવું. તુરતજ મેં મારા પૂછડાનો તેનાપર એવો તો સખ્ત પ્રહાર કર્યો કે જેથી સૂર્ય સરખું તેજસ્વી એ દિવ્ય શિખર ભાંગીને ચૂરેચૂરા થઇ ગયું. મારૂં પરાક્રમ જોઇને એ પર્વતે મનને આનંદ આપે એવી વાણીથી મને કહ્યું કે; "હે પુત્ર! હું તારા પિતા વાયુનો મિત્ર હોવાથી તારો કાકો થાઉં છું.[10-13] મારૂં નામ 'મૈનાક' છે અને હું આ સમુદ્રમાંજ રહું છું. હે તાત! પૂર્વે જ્યારે પર્વતોને પાંખો હતી[14] ત્યારે તેઓ પોતાની ઇચ્છામાં આવે તેમ સર્વત્ર ઉડીને પૃથ્વીને પીડા કરતા હતા. તે જોઈ 'પાક' નામના દૈત્યને હણનારા દેવરાજ ઇંદ્રે પોતાના વજ્રવડે સઘળા પર્વતોની પાંખો કાપવા માંડી. હે વત્સ! એ સમયે તારા પિતા મહાત્મા વાયુદેવે મને આ સમુદ્રમાં નાખીને ઇંદ્રના ભયમાંથી મુક્ત કર્યો. આમ હોવાથી મારે તને સહાય કરવીજ જોઇએ. વળી હે શત્રુદમન! શ્રીમાન રામચંદ્ર કે જે ધર્મધારીઓમાં શ્રેષ્ઠ અને ઇંદ્ર સરખા પરાક્રમી છે તેમના કાર્યમાં પણ મારે સહાય કરવી જોઇએ, તેથી તું મારાપર વિશ્રામ કર."

"હે વાનરો! મહાત્મા મૈનાક પર્વતનું વચન સાંભળીને મેં તેને મારા કાર્યનું સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું અને આગળ જવાની ઉત્કંઠાથી મેં તેની આજ્ઞા માંગી.[15-19] મનુષ્ય-રૂપધારી મૈનાક પર્વત પણ મને આજ્ઞા આપીને સમુદ્રમાંજ અંતર્હિત થયો.[20] ત્યાર પછી હું અતિ ઉતાવળે આગળ જવા લાગ્યો. ઘણીવાર સુધી વેગપૂર્વક ગમન કરતાં હું જ્યારે સમુદ્રના મધ્ય ભાગમાં પહોંચ્યો ત્યારે મધ્ય સમુદ્રમાં વસનારી નાગમાતા સુરસા મારા જોવામાં આવી. તેણે સામે આવીને મને કહ્યું કે;[21-22] "હે કપિસત્તમ! દેવતાઓએ તને મારૂં ભક્ષ્ય કલ્પેલો છે; માટે હું તારૂં ભક્ષણ કરીશ. ચાલ, મારા મોંમાં પેસ."[23] સુરસાનું વચન સાંભળીને મારૂં મુખ ઉતરી ગયું. હું તેની આગળ હાથ જોડીને ઉભો રહ્યો અને નમ્રતાથી કહ્યું કે;[24] "હે સુરસા! મહારાજા દશરથના પુત્ર રામચંદ્રે પોતાનાં પત્ની સીતા તથા ભ્રાતા લક્ષ્મણની સાથે દંડકારણ્યમાં આવીને વાસ કર્યો હતો.[25] એ વેળા દુરાત્મા રાવણ તેમનાં પત્ની સીતાનું હરણ કરી ગયો છે. શ્રીમાન્ રામચંદ્રની આજ્ઞા થવાથી હું તેમના દૂત તરીકે તેમનાં પત્ની સીતાની પાસે જાઉં છું.[26] હે નાગમાતા! રામચંદ્રના કાર્યમાં તારે બને તેટલી સહાય કરવી ઘટે છે. હે સુરસા! જો તને આમ રૂચતું ન હોય તો હું તને પ્રતિજ્ઞાપૂર્વક સત્ય કહું છું કે સીતાને મળી આવી રામચંદ્રને તેના સઘળા સમાચાર નિવેદન કરી હું પાછો આવીશ અને તારા મુખમાં પ્રવેશ કરીશ."

"હે વાનરો! મારાં ઉપર્યુક્ત વચન સાંભળીને ઇચ્છિત રૂપ ધારણ કરનારી સુરસાએ મને કહ્યું કે; "હે વાનર! મારી આગળ આવેલું કોઈ પણ પ્રાણી જીવતું જાયજ નહિ એવું મને દેવતાઓનું વરદાન મળેલું છે; માટે હું તો તને ખાઈજ જઇશ." સુરસાનું વચન સાંભળીને મેં મારા દેહને દશ યોજન જેટલો મોટો કર્યો. એ જોઇ સુરસાએ મને ગળવા માટે મારા દેહ કરતાં પણ પોતાનું મુખ વધુ પહોળું કર્યું; એટલે હું તુરતજ અંગુઠા જેવડું સૂક્ષ્મ રૂપ ધરીને તેના મુખમાં પેસી એકદમ પાછો બહાર નીકળી આવ્યો. એ જોઈ સુરસાએ પોતાનું મૂળ રૂપ ધારણ કરીને મને કહ્યું કે,[27-32] "હે વાનરશ્રેષ્ઠ! હવે તું તું તારૂં કાર્ય સિદ્ધ કરવા માટે સુખેથી જા અને સત્વર રામચંદ્રની સાથે સીતાનો મેળાપ કરાવ.[33] હે વાનર! હું તારાપર પ્રસન્ન થઈ છું. તું સુખી થા."

"એ સમયે સર્વ ભૂત-પ્રાણીઓએ "બહુ સારૂં થયું, બહુ સારૂં થયું," એમ કહી મારી પ્રશંસા કરી.[34] પછી હું ગરૂડની પેઠે પુનઃ

આકાશમાં ગમન કરવા લાગ્યો. થોડુંક ચાલ્યો હોઈશ એટલામાં તો કોઇએ મારી છાયા પકડીને મને અટકાવ્યો.[૩૫] એકાએક મારી ગતિ અટકી પડી તેથી હું ચોતરફ જોવા લાગ્યો; પરંતુ મારી ગતિને અટકાવનાર કોઈ પણ મારી દૃષ્ટિએ પડયું નહિ.[૩૬] પછી મને વિચાર થઇ આવ્યો કે, “ અરે, અત્રે કાંઈપણ રૂપ જણાતું નથી, છતાં મારા વેગને અટકાવનારૂં આ તે કેવું વિઘ્ન ! ”[૩૭] એમ વિચાર કરતાં જ્યારે મારી દૃષ્ટિ નીચી પડી ત્યારે ત્યાં સમુદ્રજળમાં સૂતેલી ભયંકર આકારવાળી એક રાક્ષસી મારા જોવામાં આવી.[૩૮] મને જોઇને એ રાક્ષસીએ ખડખડાટ હાસ્ય કર્યું; અને નિર્ભયપણે સ્તબ્ધ થઈ ઉભેલા મને કઠોર વચન કહ્યું કે;[૩૯] “ હે મોટી કાયાવાળા ! હુ કે જે ઘણીજ ક્ષુધાતુર હોવાથી તારો ભક્ષ કરવા ઈચ્છું છું તેની આગળથી હવે તું ક્યાં જવાનો છે ? ઘણા કાળથી ક્ષુધાપીડિત થઇ રહેલ મારા દેહને તું આજે તૃપ્ત કર. ”[૪૦]

“ છાયાગ્રાહી રાક્ષસીનું વચન સાંભળી બહુ સારૂં, હું એમજ કરીશ ” એમ કહીને મેં તેનું વચન સ્વીકાર્યું અને જોત જોતામાં તેનું મોં જેટલું પંહાળું હતું તેના કરતાં મેં મારૂં શરીર ઘણુંજ મોટું કર્યું.[૪૧] એ રાક્ષસી પણ મને ગળવા માટે પોતાનું મુખ વધારેને વધારે પહોળું કરવા લાગી; પરંતુ હું ઇચ્છિત રૂપ ધરનાર છું એ વાત તેણે જાણી નહિ.[૪૨] પછી મેં તુરતજ મારૂં મોટું રૂપ બદલી નાખીને સૂક્ષ્મરૂપ ધારણ કર્યું અને તેના મુખમાં પ્રવેશ કરી તેનું હૃદય ચીરી નાખી પુનઃ આકાશમાં ઉડવા માંડયું.[૪૩] હૃદય ફાટી જવાથી પર્વત સરખા દેહવાળી એ રાક્ષસી હાથ પગ તરફડાવતી સમુદ્રમાં પડી.[૪૪] એ સમયે આકાશચારી મહર્ષિઓની એવી વાણી મારા સાંભળવામાં આવી કે “ હનુમાને ‘સિંહિકા’ નામની રાક્ષસીનો ક્ષણ વારમાં નાશ કર્યો.”[૪૫]

પછી સીતાશોધરૂપી આવશ્યક કાર્યનું સ્મરણ કરતો હું ઉતાવળી ગતિએ ઉડવા લાગ્યો અને ઘણોજ લાંબો માર્ગ કાપી નાખ્યો. ત્યારે અનેક પર્વતોથી શોભતો અને જ્યાં લંકાનગરી આવેલી છે એવો સમુદ્રનો દક્ષિણતટ મારી દૃષ્ટિએ પડયો. ત્યાં પહોંચ્યા પછી ભયંકર પરાક્રમવાળા રાક્ષસો જાણે નહિ એ માટે મેં સૂર્યાસ્ત થયા પછી લંકાનગરીમાં પ્રવેશ કર્યો. પરંતુ હે વાનરો ! હું જેવો લંકાના દરવાજામાં પ્રવેશ કરવા જાઉ છું તેવામાંજ પ્રલયકાળના મેઘ સરખી કોઈએક સ્ત્રી ખડખડાટ હાસ્ય કરતી મને હણવા માટે મારી આગળ આવી. પ્રજ્વલિત અગ્નિ સરખા કેશવાળી એ રાક્ષસીને જોતાંજ મેં મારા ડાબા હાથની મુષ્ટિનો પ્રહાર કરી તેને ચત્તીપાટ સૂવાડી દીધી. મારૂં પરાક્રમ જોઇને ભયભીત થયેલી એ રાક્ષસીએ મને કહ્યું કે;[૪૬-૫૦] “ હે વીર ! હું લંકાદેવી છું, તેં તારા પરાક્રમથી મને જીતી છે; માટે તું સર્વ રાક્ષસોને જીતી શકીશ.”[૫૧]

પ્રદોષ સમયે લંકામાં પ્રવેશ કર્યા પછી મેં રાત્રિએ આખી લંકાનગરીમાં અને રાવણના અંતઃપુરમાં શોધ કરી; પરંતુ મને સીતાનાં દર્શન થયાં નહિ.[૫૨] જ્યારે રાવણના મહેલમાં મને સીતાનાં દર્શન થયાં નહિ ત્યારે હું શોકસાગરમાં ડૂબી ગયો.[૫૩] હુ શોકમગ્ન હતો તેવામાંજ સુવર્ણના કોટવાળું એક સુંદર ઉપવન મારા જોવામાં આવ્યું.[૫૪] તુરતજ હું કોટ ઓળંગીને તેની અંદર ગયો. અનેક પ્રકારનાં વૃક્ષોથી ભરેલા એ ઉપવનમાં એક મોટું શિંશપા વૃક્ષ મારી દૃષ્ટિએ પડયું.[૫૫] મેં એ શિંશપા વૃક્ષપર ચઢીને જોયું તો નજીકમાંજ સુવર્ણ સરખું પ્રકાશતું કદળી વન મારા જોવામાં આવ્યું. એજ સ્થળે સુંદર વર્ણવાળાં તથા કમળ સરખાં નેત્રવાળાં સીતાનાં મને દર્શન થયાં. ઉપવાસ કરવાથી તે કૃશ થઇ ગયાં છે. તેણે એકજ વસ્ત્ર ધારણ કર્યું છે. તેના રજોટાયેલા કેશ અસ્ત વ્યસ્ત થઈ ગયા છે.[૫૬-૫૭] અને શોક તથા સંતાપને લીધે

તેનું અંગ સૂકાઈ ગયું છે. પોતાના સ્વામીના હિતમાં તત્પર રહેનારાં એ સીતા માંસ અને રૂધિરનું ભક્ષણ કરનારી તથા બિહામણા રૂપવાળી ક્રૂર રાક્ષસીઓથી ઘેરાયલાં હોવાને લીધે વાઘણોથી ઘેરાયલી હરિણી જેવાં દેખાય છે. ક્રૂર રાક્ષસીઓ વારંવાર તેનો તિરસ્કાર કરે છે. ૫૮-૫૯ તેણે મસ્તકપર એક વેણી ધારણ કરી છે. સ્વામીની ચિંતાને લીધે તે દીન સરખાં થઇ ગયાં છે. તે પૃથ્વીપર શયન કરે છે. હેમંત ઋતુની કમલિનીની પેઠે તેનો વર્ણ બદલાઈ ગયો છે૬૦ અને રાવણ તરફના ભયને લીધે સુખ-ભોગનો ત્યાગ કરીને તેણે મરવાનો નિશ્ચય કર્યો છે. ૬૧

"હરિણનાં બચ્ચાંનાં નેત્ર સરખાં નેત્રવાળાં રામપત્ની સીતાનાં મહા પ્રયત્ને દર્શન કર્યા પછી હું તેનેજ જોતો એ શિંશપાવૃક્ષમાં સંતાઈ બેઠો. ૬૨ થોડીકવાર પછી સ્ત્રીઓની કટિમેખલા અને ઝાંઝરના ઝણકારથી મિશ્રિત એવો રાવણના મહેલમાં થતો ગંભીરનાદ મારા સાંભળવામાં આવ્યો. ૬૩ એથી અત્યંત ઉદ્વેગ પામીને મેં મારા પ્રૌઢ દેહને નાનો કરી નાખ્યો અને પક્ષીની પેઠે હું શિંશપાવૃક્ષની ઘટામાં છૂપાઈ બેઠો. ૬૪ થોડીકવાર થઇ એટલે સ્ત્રીઓથી વીંટાયેલો મહાબળવાન રાવણ જ્યાં સતી સીતા બેઠાં હતાં ત્યાં આવ્યો. ૬૫ રાવણને આવતો જોઈને સતીશિરોમણિ સીતા પોતાના બન્ને ઉરૂ સંકોચીને તથા હાથવડે સ્તન ઢાંકીને બેઠાં. ૬૬ એ વેળા અત્યંત ત્રાસ પામેલાં તપસ્વિની સીતા પરમ ઉદ્વિગ્ન થઇને ચોમેર દૃષ્ટિપાત કરતાં હતાં; પરંતુ તેનું રક્ષણ કરનાર કોઈપણ તેના જોવામાં આવતું નહતું; તેથી તે થરથર ધ્રૂજતાં હતાં. ૬૭ એ પ્રમાણે અત્યંત દુઃખી દશામાં આવી પડેલાં સીતાને પોતાનું મસ્તક નમાવીને રાવણે કહ્યું કે; "હે સુંદરિ ! તું મને બહુ માનની દૃષ્ટિથી જો. ૬૮ હે ગર્વિષ્ઠ સ્વભાવવાળી સીતા ! જો તું ગર્વને લીધે મારો સ્વીકાર કરીશ નહિ તો બે માસ પછી હું તારા રૂધિરનું પાન કરીશ." ૬૯

રાવણનું વચન સાંભળીને સીતાએ ક્રોધપૂર્વક કહ્યું કે;૭૦ "હે રાક્ષસાધમ ! હું કે જે અમાપ તેજવાળા રામચંદ્રની ભાર્યા છું અને મહારાજા દશરથની પુત્રવધૂ છું તેના પ્રત્યે આવું અયોગ્ય વચન બોલતાં તારી જિહ્વા કેમ તૂટી પડતી નથી ? હે અનાર્ય ! મારા સ્વામી પાસે નહતા એવે વખતે છાનોમાનો તું મને લઇ આવ્યો એમાં તે તેં શું મોટું પરાક્રમ કર્યું ? હે નીચ ! તું રામચંદ્રના જેવો નથી, એટલુંજ નહિ પણ તું તેનું દાસત્વ કરવાને પણ યોગ્ય નથી. ૭૧-૭૩ મારા સ્વામી રામચંદ્ર સત્યવાદી, સંગ્રામકુશળ અને અજેય પરાક્રમવાળા છે."

સીતાનાં કઠોર વચન સાંભળીને રાક્ષસેશ્વર રાવણ એકદમ ચિતાના અગ્નિની પેઠે ક્રોધથી ભભુકી ઉઠયો; અને પોતાનાં ક્રૂર નેત્ર ફેરવી, જમણા હાથની મુષ્ટિ ઉગામી સીતાને મારવા ધસી આવ્યો. એ જોઇ તેની સ્ત્રીઓમાં હાહાકાર વર્તાઇ રહ્યો. દુરાત્મા રાવણની મુખ્ય સ્ત્રી મંદોદરીએ આવી તેને તેમ કરતાં અટકાવ્યો. તેણે કામપીડિત રાવણને મધુર વાણીથી કહ્યું કે;૭૪-૭૬ "હે ઇંદ્રસમાન પરાક્રમી ! તમારે સીતાનું શું કામ છે ? તમે મારી સાથે ક્રીડા કરો. સીતા કંઈ મારા કરતાં રૂપાળી નથી. ૭૮ હે સ્વામિનાથ ! તમે દેવ, યક્ષ અને ગંધર્વોની કન્યાઓની સાથે સુખેથી ક્રીડા કરો. આ સીતાની સાથે રહીને તમે શું કરશો ?" ૭૯ એમ કહીને મંદોદરી વગેરે સ્ત્રીઓ રાવણને પોતાના મહેલમાં લઇ ગઈ. ૮૦ રાવણના જવા પછી બિહામણા મુખવાળી રાક્ષસીઓ દારૂણ અને ક્રૂર વચનો વડે સીતાનો તિરસ્કાર કરવા લાગી. ૮૧ પરંતુ સીતા તેમનાં વચનોને તૃણ સમાન ગણતાં હતાં; એથી રાક્ષસીઓનો સઘળો શ્રમ વ્યર્થ ગયો. ૮૨ સીતાને સમજાવવામાં નિષ્ફળ નીવડેલી રાક્ષસીઓએ રાવણની પાસે જઈને નિવેદન

કર્યું કે; " હે મહારાજ! 'મરવું પણ રાવણને તાબે થવું નહિ' એવો સીતાનો દૃઢ નિશ્ચય છે."[૮૩]

"સીતાને સમજાવતાં કંટાળી ગયેલી સર્વ રાક્ષસીઓ નિરાશ થઇને સૂઈ ગઇ.[૮૪] સઘળી રાક્ષસીઓ જ્યારે નિદ્રાવશ થઇ ત્યારે અતિશય દુઃખીયારાં સીતા શોકને લીધે કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યાં.[૮૫] સીતાનો વિલાપ સાંભળી જાગી ઉઠેલી રાક્ષસીઓ તેને ક્રૂર વચનો કહી ખાઈ જવાની બ્હીક દેખાડવા લાગી. એટલામાં 'ત્રિજટા' નામની વૃદ્ધ રાક્ષસીએ જાગીને તેઓને કહ્યું કે; "હે રાક્ષસીઓ! તમે તમારા દેહનેજ ખાઇ જાઓ! આ સીતાને ખાવાને તમે યોગ્ય નથી.[૮૬] મને આજે રાત્રે સર્વ રાક્ષસોનો નાશ થાય એવું અને સીતાના સ્વામીનો જય થાય એવું અતિ ભયંકર સ્વપ્ન આવ્યું છે. આ સીતા આપણુ સર્વ રાક્ષસીઓનું રામચંદ્રના ભયમાંથી રક્ષણ કરવા સમર્થ છે;[૮૭-૮૮] માટે આપણે સૌએ તેની પ્રાર્થના કરવી એ મને રૂચે છે. જે દુઃખયુક્ત સ્ત્રીના સંબંધમાં મને થયું તેવું સ્વપ્ન થાય તે સ્ત્રી અનેક પ્રકારનાં કષ્ટોમાંથી મુક્ત થાય છે. હે રાક્ષસીઓ! જો આપણે આ જનકનંદિની સીતાને પગે લાગીશું તો તે આપણા ઉપર પ્રસન્ન થશે અને રામચંદ્રથી થનારા મહાન ભયમાંથી આપણને ઉગારશે."

"હે વાનરો! ત્રિજટા રાક્ષસીના મ્હોંડેથી પોતાના સ્વામી રામચંદ્રનો વિજય થશે એવું સાંભળીને હર્ષિત થયેલાં સીતા શરમાતે મુખે બોલ્યાં કે; "તમે કહો છો તે સાચું થશે તો હું તમારૂં રક્ષણ કરીશ."

"હે કપિવરો! સીતાની દયામણી સ્થિતિ જોઇને મારૂં મન ગભરાવા લાગ્યું. મને લેશ પણ શાંતિ વળી નહિ. પછી સીતાની સાથે મારે શી રીતે વાતચિત કરવી તેનો વિચાર કરીને મેં અનેક રાજર્ષિઓથી શોભતા ઇક્ષ્વાકુવંશનું યશોગાન કર્યું. એ સાંભળી આંસુભર્યાં નેત્રોથી મારી સામું જોઇને સતી સીતાએ કહ્યું કે; "હે વાનરપુંગવ! તું કોણ છે? તને કોણે મોકલ્યો છે? તું શા માટે આવ્યો છે?[૮૯-૯૫] રામચંદ્રની સાથે તારે પ્રીતિ કેવી રીતે થઇ છે?"

"સીતાનુ વચન સાંભળીને મેં તેને કહ્યું કે;[૯૬] હે દેવિ! વાનરોનો રાજા મહા પરાક્રમી સુગ્રીવ તમારા સ્વામી રામચંદ્રને સહાય કરવા બંધાયો છે.[૯૭] તેનો હું સેવક છું, મારૂં 'હનુમાન' એવું નામ છે અને તમારા સ્વામી રામચંદ્રે મને તમારી પાસે મોકલ્યો છે.[૯૮] હે યશસ્વિની! શ્રીમાન દશરથનંદન રામચંદ્રે આ વીંટી નિશાની તરીકે મોકલાવી છે તેને તમે ગ્રહણ કરો[૯૯] અને આજ્ઞા આપો કે હું તમારૂં શું પ્રિય કરૂં? જો તમારી મરજી હોય તો હું તમને આજેજ રામ–લક્ષ્મણની પાસે તેડી જાઉં."[૧૦૦]

"પછી સીતાએ મને ઉત્તર આપ્યો કે રાવણને હણીને રામચંદ્ર પોતેજ મને પાછી લઇ જાય એવી મારી ઇચ્છા છે."[૧૦૧] સીતાનો એવો ઉત્તર સાંભળી મેં તેને પ્રણામ કર્યા અને રામચંદ્રના મનમાં વિશ્વાસ આવે એવું કંઇક અભિજ્ઞાન માગ્યું.[૧૦૨] ત્યારે સીતાએ મને કહ્યું કે, "હે વાનર! લે; તું આ ચૂડામણિ રામચંદ્રને આપજે. એને જોઇ મહાબાહુ રામચંદ્ર તારાપર વિશ્વાસ પામશે અને તારો ઘણોજ સત્કાર કરશે."[૧૦૩] એટલું બોલી સીતાએ ઉદ્વિગ્નચિત્તે મને ચૂડામણિ આપ્યો અને રામચંદ્રને કહેવાનો સંદેશો પણ કહ્યો.[૧૦૪] પછી સીતાને પ્રણામ કરીને તથા તેની પ્રદક્ષિણા કરીને હું આ તરફ આવવાને ઉદ્યુક્ત થયો.[૧૦૫] ત્યારે વળી તેણે વિચારીને મને કહ્યું કે; "હે હનુમાન! તું રામચંદ્રને મારૂં યથાસ્થિત વૃત્તાંત કહેજે.[૧૦૬] હે કપિ! મારૂં વૃત્તાંત સાંભળીને બન્ને ભાઇઓ સુગ્રીવની સાથે સત્વર અહીં આવે એમ કરજે.[૧૦૭] હે મારૂતિ! હવે મારે બે માસજ જીવવાનું છે, માટે જો રામચંદ્રને અહીં આવતાં વિલંબ

થશે તો તે મને જોવા પામશે નહિ અને હું અનાથની પેઠે મરણને શરણ થઇશ."[૧૦૮] સીતાનું કરૂણાજનક વચન સાંભળીને મને ક્રોધ ચઢયો અને હવે મારે શું કાર્ય કરવું બાકી છે તેનો મેં વિચાર કર્યો.[૧૦૯] પછી મેં મારા દેહને પર્વત સરખો પ્રૌઢ બનાવીને યુદ્ધ જગવવા માટે અશોકવાટિકાનો નાશ કરવા માંડયો.[૧૧૦] વાટિકાનો કેટલોક ભાગ ઉજ્જડ કર્યો તેથી તેમાંનાં પક્ષીઓ તથા મૃગાદિ પ્રાણીઓ ત્રાસ પામ્યાં. એ વેળા બિહામણા મુખવાળી પેલી રાક્ષસીઓ જાગીને ચોમેર જોવા લાગી.[૧૧૧] મને જોઇને તે સર્વ રાક્ષસીઓ આમતેમથી એકઠી થઇને રાવણને સમાચાર કહેવાને દોડી ગઇ. તેમણે રાવણને કહ્યું કે,[૧૧૨] "હે રાજન્! તમારા બળને નહિ જાણનારા કોઇએક દુષ્ટ વાનરે આપણી દુર્ગમ અશોકવાટિકા ભાંગી નાખી છે.[૧૧૩] હે રાજન્! તેણે પોતાની દુર્બુદ્ધિને વશ થઈને તમારૂં મોટું અપ્રિય કર્યું છે. તમે સત્વર તેનો વધ કરવાની આજ્ઞા કરો કે જેથી તે અહીંથી જીવતો જવા પામે નહિ."[૧૧૪] રાક્ષસીઓનાં વચન સાંભળીને રાવણે પોતાની આજ્ઞા પ્રમાણે વર્તનારા અને અત્યંત દુર્જય એવા 'કિંકર' સંજ્ઞાવાળા રાક્ષસોને મારી સામે યુદ્ધ કરવા મોકલ્યા.[૧૧૫] તે સૌ મળી એંશીહજાર રાક્ષસો હતા. તેઓ જ્યારે ત્રિશૂળ અને મુદ્ગર વગેરે હથીઆરો લઇને મારી સાથે યુદ્ધ કરવા આવ્યા ત્યારે મેં અશોકવાટિકાના દરવાજાની ભુંગળવડે તે સઘળાનો સંહાર કર્યો.[૧૧૬] તેઓમાં જે ઓછા બળવાળા હતા તેઓ નાસી છૂટયા અને 'સઘળું સૈન્ય નાશ પામ્યું છે એવા સમાચાર રાવણને નિવેદન કર્યા."[૧૧૭]

"હે વાનરો! એ અશોકવાટિકામાં એક ઉત્તમ ચૈત્યપ્રાસાદ હતો. તેને પણ મેં ભાગી નાખ્યો અને તેના સ્તંભવડે સો ચોકીદારોનો નાશ કર્યો.[૧૧૮] એ ચૈત્યપ્રાસાદ કે જે લંકાનગરીના શણગારરૂપ હતો તેનો ધ્વંસ થયો જાણીને રાવણે ભયંકર રૂપવાળા અનેક રાક્ષસો સહિત પ્રહસ્તના પુત્ર જંબુમાલીને મોકલ્યો. રણકુશળ અને બળસંપન્ન જંબુમાલીનો પણ તેના અનુચરો સહિત મેં પેલી ભૂંગળવતી સંહાર કર્યો. ત્યારે રાક્ષસરાજ રાવણે મોટા પાયદળ સૈન્ય સહિત સાત મંત્રિ પુત્રોને મોકલ્યા. તેઓને પણ મેં ભૂંગળવડે યમલોક પ્રત્યે પહોંચાડયા.[૧૧૯-૧૨૨] મહાપરાક્રમી મંત્રિપુત્રો સંગ્રામમાં હણાયા એ સાંભળીને રાવણે શૂરવીર એવા પાંચ સેનાપતિઓને યુદ્ધ કરવા મોકલ્યા. તેઓને પણ તેઓની સેનાસહિત મેં પરલોક પ્રત્યે વિદાય કર્યા. ત્યારપછી લંકેશ્વર રાવણે ઘણા રાક્ષસોસહિત પોતાના પુત્ર અક્ષકુમારને મારી સામે મોકલ્યો. મંદોદરીનો પુત્ર એ અક્ષકુમાર સંગ્રામ કરવામાં ઘણોજ કુશળ હતો. યુદ્ધ કરતાં તે જ્યારે મારી પાછળ આકાશમાં ઉડયો ત્યારે મેં તેના પગ પકડીને સો વાર આકાશમાં ફેરવ્યો અને પછી પૃથ્વીપર પટકયો, જેથી તે મરણને શરણ થયો."[૧૨૩-૧૨૬]

અક્ષકુમારનું મરણ થયું સાંભળીને અત્યંત ક્રોધે ભરાયેલા રાવણે મોટા બળવાળા અને યુદ્ધમાં ગર્વ ધરનારા 'ઈંદ્રજિત' નામના પોતાના બીજા પુત્રને મારી સાથે યુદ્ધ કરવા મોકલ્યો. તેને પણ તેની સેના સહિત નિ:સત્ત્વ કરીને હું હર્ષિત થયો. ઈંદ્રજિત ઘણો બળવાન છે, તેથી એ વાનરને જીતીને આવશે એવા વિશ્વાસથી રાવણે તેને ઘણા રાક્ષસોની સાથે મોકલ્યો હતો પણ જ્યારે મેં તેના સૈન્યનો સંહાર કર્યો અને હું તેનાથી જીતાવો અશક્ય થઇ પડયો ત્યારે તેણે બ્રહ્માસ્ત્રવડે મને બાંધી લીધો. પછી રાક્ષસો દોરડાંવતી બાંધીને મને રાવણની આગળ લઇ ગયા. ત્યાં દુરાત્મા રાવણની સાથે મારે વાતચીત થઇ.[૧૨૭-૧૩૨] રાવણે મને લંકામાં આવવાનું તથા રાક્ષસોને મારવાનું કારણ પૂછયું. મેં તેને ઉત્તર આપ્યો કે એ સઘળું મેં સીતાને અર્થે કર્યું છે.[૧૩૩] હે રાજન્!

સીતાનાં દર્શન કરવા માટે હું અહીં આવ્યો છું. હું વાનરજાતિમાં જન્મેલો વાયુનો ઔરસ પુત્ર છું. મારૂં નામ 'હનુમાન' છે.[૧૩૪] હું સુગ્રીવનો સચિવ છું અને રામચંદ્રના દૂત તરીકે તારી પાસે આવ્યો છું.[૧૩૫] હે રાક્ષસેશ્વર! સુગ્રીવે તારા હિતને અર્થે જે સંદેશો કહાવ્યો છે તે હું તને કહું છું.[૧૩૬] સુગ્રીવે તારૂં કુશળ પૂછીને ધર્મ, અર્થ તથા કામયુક્ત અને તારૂં હિત થાય એવું વચન કહ્યું છે કે;[૧૩૭] "હે રાવણ! ઋષ્યમૂક પર્વતપર રહેતાં મને રણકુશળ રામચંદ્રની સાથે મૈત્રી થઈ છે.[૧૩૮] તેમણે પોતાની પત્ની સીતાનું રાવણ હરણ કરી ગયો છે, માટે તારે મને એ કાર્યમાં સહાય કરવી એમ કહ્યું અને વાલીને મારીને રાજ્ય અપાવવાનું વચન આપ્યું. પછી રામ-લક્ષ્મણે અગ્નિદેવની સાક્ષીએ મારી સાથે દૃઢ મૈત્રી બાંધી અને એકજ બાણવડે વાલીને હણીને મને વાનરોનો રાજા કર્યો. એથી મારે પણ સર્વ પ્રકારે રામચંદ્રને સહાય કરવીજ જોઇએ. એટલા માટેજ આ દૂતને પ્રથમથી તારી પાસે મોકલ્યો છે.[૧૩૯-૧૪૨] હે રાવણ! હવે તું સત્વર શ્રીમાન રામચંદ્રને સીતા પાછાં આપ; નહિ તો શૂરવીર વાનરો તારી સેનાઓનો સંહાર કરશે.[૧૪૩] હે રાવણ! મહાસમર્થ વાનરો કે જેઓ નિમંત્રણ થવાથી દેવતાઓની પાસે સ્વર્ગમાં પણ જઈ શકે છે તેઓનો પ્રભાવ કોનાથી અજાણ્યો છે?"[૧૪૪] હે રાવણ! એ પ્રમાણે વાનરોના રાજા સુગ્રીવે તને કહાવ્યું છે."

"હે કપિકુંજરો! એટલું કહેતામાં તો રાવણ મારાપર ક્રોધે ભરાયો અને જાણે પોતાની ક્રૂર દૃષ્ટિવડે મને બાળી નાખતો હોય એમ મારી સામું જોવા લાગ્યો.[૧૪૫] તેણે મારો પ્રભાવ જાણ્યા સિવાય મારો વધ કરવાને માટે રાક્ષસોને આજ્ઞા આપી,[૧૪૬] ત્યારે શ્રેષ્ઠ બુદ્ધિવાળા તેના ભાઈ વિભીષણે તેને વિનવીને કહ્યું કે;[૧૪૭] "હે રાક્ષસરાજ! તું આ નીચ વિચારનો ત્યાગ કર. દૂતને હણવો એ રાજનીતિથી વિરૂદ્ધ છે.[૧૪૮] હે રાક્ષસ! નીતિશાસ્ત્રોમાં દૂતનો વધ કરવાનું કહેલું નથી. દૂત પોતાના સ્વામી તરફનો જે કંઈ યથાર્થ સંદેશો કહે તે સાંભળી લેવાનોજ આપણો ધર્મ છે.[૧૪૯] હે અતુલ પરાક્રમી! જો કદાચ શત્રુનો દૂત મોટો અપરાધ કરે તો માત્ર તેને વિરૂપ કરવાની શિક્ષા કહેલી છે; પરંતુ વધ કરવાનું તો કયાંય પણ કહેલું નથી."[૧૫૦]

"હે કપિવરો! વિભીષણે રાવણને એ પ્રમાણે સમજાવ્યો ત્યારે તેણે મારૂં પૂછડું બાળી નાખવાની રાક્ષસોને આજ્ઞા આપી.[૧૫૧] રાવણની આજ્ઞા થવાથી ભયંકર પરાક્રમવાળા રાક્ષસો મારા પૂછડા ઉપર શણનાં અને સૂતરનાં કપડાં વીંટવા લાગ્યા. પોતાની ઇચ્છાનુસાર કપડાં વીંટી રહ્યા પછી તેઓએ મારૂં પૂછડું સળગાવ્યું અને લાકડીઓ તથા મુક્કીઓવડે મને મારવા લાગ્યા.[૧૫૨-૧૫૩] રાક્ષસોએ મને ઘણાં દોરડાંવડે બાંધ્યો હતો છતાં દિવસે લંકા જોવાની ઉત્કંઠાને લીધે મને તેની લેશ પણ પીડા જણાતી નહતી.[૧૫૪]

પછી રાક્ષસો 'આ રાજાનો ગુન્હેગાર છે' એવી દાંડી પીટતા મને સળગતા પુચ્છે રાજમાર્ગપર થઈને છેક લંકાના દરવાજા સુધી લઈ ગયા.[૧૫૫] ત્યાં મારા મોટા દેહને ઘણોજ નાનો કરીને હું રાક્ષસોએ બાંધેલા બંધનોમાંથી છૂટી ગયો અને પુનઃ પ્રૌઢ સ્વરૂપ ધારણ કરીને લંકાના દરવાજાની ભૂંગળ ગ્રહણ કરી તે વડે સર્વ રાક્ષસોને સંહારી વેગથી કિલ્લાપર ચઢી ગયો.[૧૫૬-૧૫૭] પછી જેમ પ્રલયકાળનો અગ્નિ પ્રજાને બાળે તેમ મેં સળગતા પુચ્છે નિર્ભયપણે આખી લંકામાં ઘેર ઘેર અને દરવાજે દરવાજે ફરીને આગ લગાડી.[૧૫૮] લંકા બાળ્યા પછી મને વિચાર થઈ આવ્યો કે, 'અરે જ્યારે લંકાનો કોઈ પણ ભાગ બળ્યા વિના રહ્યો નથી ત્યારે નિશ્ચય સીતા પણ બળી ગયાં હશે! અરેરે, જો એમ થયું

હોય તો તો રામચંદ્રનું કાર્ય મેંજ વણસાડયું.[૧૫૯-૧૬૦] એવા વિચારથી શોકમગ્ન થયેલો હું ચિંતા કરતો હતો, એટલામાં આકાશચારી ચારણોની વાણી મારા કાને પડી કે, "અહા! આખી લંકા બળી ગઈ; છતાં સીતા જીવતાં રહ્યાં એ આશ્ચર્ય સરખું થયું!"

"હે કપિવરો! આકાશચારી ચારણોની અદ્‌ભુત વાણી સાંભળીને તથા કેટલાક શુભ શકુનો જોઇને મને નિશ્ચય થયો કે સીતા બળી મુવાં નથી. વળી મારૂં પુચ્છ સળગવા છતાં મને લેશ પણ પીડા થતી ન હતી. મારૂં હૃદય આનંદમાં હતું અને વાયુ પણ સુગંધયુક્ત વાતો હતો. એ ઉપરથી તેમજ પૂર્વોક્ત ચારણોની વાણીથી હું અત્યંત હર્ષિત થયો અને પુનઃ સીતાને જઈ મળ્યો. પછી સીતાની આજ્ઞા લઈને હું અરિષ્ટ પર્વતપર આવ્યો અને તમારાં દર્શનની ઉત્કંઠાથી સમુદ્ર ઉલંઘવાને ત્યાંથી કૂદ્યો.[૧૬૧-૧૬૬] હે વાનરો! વાયુ, ચંદ્ર, સૂર્ય, સિદ્ધ અને ગંધર્વ આદિએ સેવેલા આકાશમાર્ગમાં ગતિ કરતો હું સો યોજનનો સમુદ્ર ઓળંગીને અહીં આવી તમો સર્વને મળ્યો છું.[૧૬૭] હે કપિકુંજરો! રામચંદ્રની કૃપાથી અને આપ સૌની સહાયથી મેં સુગ્રીવનું કાર્ય સારી રીતે સંપાદન કર્યું છે.[૧૬૮] હે વાનરર્ષભો! લંકામાં જઇને મેં જે કાંઇ કર્યું હતું તે સઘળું આપ સૌને મેં યથાસ્થિત કહી સંભળાવ્યું. હવે જે કાર્ય બાકી હોય તે સર્વ આપ સૌએ કરવાનું છે."[૧૬૯]

एतत्सर्वं मया तत्र यथावदुपपादितम् । तत्र यन्न कृतं शेषं तत्सर्वं क्रियतामिति ॥१६९॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અઠ્ઠાવનમો સર્ગ સંપૂર્ણ. ૫૮

सर्ग ५९ मो.

મહેન્દ્ર પર્વતપર વાનરોની સભા-હનુમાનનો વિચાર.

एतदाख्याय तत्सर्वं हनुमान्मारुतात्मजः । भूयः समुपचक्राम वचनं वक्तुमुत्तरम् ॥१॥

સીતાશોધ સંબંધી વૃત્તાંત કહ્યા પછી પવનસુત હનુમાને પુનઃ પણ કહ્યું કે;[૧] "હે વાનરવરો! સીતાનું પતિવ્રત જોઇને મારૂં મન અત્યંત પ્રસન્ન થયું છે અને મારી ખાત્રી થઇ છે કે સીતા માટેનો રામચંદ્રનો ઉદ્યોગ અને સુગ્રીવનો ઉત્સાહ એ યોગ્યજ છે.[૨] હે પ્લવગર્ષભો! સીતાનું પતિવ્રત ધર્મરૂપી તપોબળ ખરેખર અરૂંધતી આદિ સતીઓના જેવુંજ છે. તે પોતાના તેજવડે ત્રણે લોકને ધારણ કરવાને તથા ક્રોધવડે બાળવાને સમર્થ છે.[૩] રાક્ષસોનો રાજા રાવણ મોટા તપોબળવાળો છે, તેથીજ સીતાનો સ્પર્શ થવા છતાં તેનો વિનાશ થયો નથી.[૪] ક્રોધાયમાન થયેલાં જનકનંદિની સીતા જે કંઈ કરવા સમર્થ છે તે પ્રદીપ્ત થયેલો અગ્નિ પણ પોતાને સ્પર્શ કરનારને કરી શકવા સમર્થ નથી; અર્થાત અગ્નિ કરતાં પણ સીતાનું તેજ વધારે છે.[૫] હે કપિવરો! સીતા સંબંધી સઘળું વૃત્તાંત મેં તમારી આગળ નિવેદન કર્યું છે. હવે જો જાંબવાન આદિ વૃદ્ધ પુરૂષોની આજ્ઞા હોય તો આપણે સીતાને લઈનેજ અહીંથી પાછા જઇએ અને રામ-લક્ષ્મણને મળીએ.[૬] હે વાનરો! જ્યારે હું એકલોજ સર્વ રાક્ષસો સહિત લંકાને અને રાવણને હણવા સમર્થ છું ત્યારે તમારા સરખા બળવાન, જિતેંદ્રિય, અસ્ત્રવિદ્યા નિપુણ, વિજયની ઇચ્છાવાળા અને શૂરવીર વાનરોની સહાયથી તે કાર્ય પાર પડે એમાં તો શુંજ આશ્ચર્ય ?[૭-૮] સંગ્રામમાં રાવણને તેના પુત્રો, અમાત્યો, યોદ્ધાઓ અને ભાઇઓ સહિત હણવાને હું સમર્થ છું. બ્રહ્માસ્ત્ર, શૈવાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, વારૂણાસ્ત્ર[૯] તથા જેના સામું પણ

જોઈ શકાય નહિ એવાં ઇંદ્રજિતનાં અસ્ત્ર, એ સર્વથી હું ડરૂં તેમ નથી. હું તમારી આજ્ઞાથી તે સર્વ અસ્ત્રોનું નિવારણ કરીશ અને રાક્ષસોનો સંહાર કરીશ. રાક્ષસોએ વર્ષાવેલી અખંડિત શિલાવૃષ્ટિને મેં ઉડાવી દીધી તથા અગ્નિને પણ ગણકાર્યો નહિ, એ વગેરે મારૂં પરાક્રમ જોઇને રાવણ છક્ક થઈ ગયો છે.[૧૦-૧૧] હે વાનરો! તમારી આજ્ઞા મળવાથી હું દેવતાઓને હરાવવાને પણ સમર્થ છું, તો પછી રાક્ષસોના શા ભાર છે? હું તમારી આજ્ઞાની વાટ જોતોજ રોકાઈ રહ્યો છું.[૧૨]

"હે વાનર શ્રેષ્ઠો! કદાચિત સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે તેમજ મંદરાચળ કંપાયમાન થાય તોપણ મહાસમર્થ જાંબવાન શત્રુની સેનાથી ડરે એમ નથી.[૧૩] શૂરવીર વાલિપુત્ર અંગદજ સઘળા રાક્ષસોનો તથા તેઓના પૂર્વજોનો નાશ કરવાને સમર્થ છે.[૧૪] અરે, મહાત્મા પનસ વાનર તથા નીલવાનરના ઉરૂવેગથી મંદરાચળ પણ પીસાઇ જાય તોપછી યુદ્ધમાં તેમની આગળ રાક્ષસો તે કોણ માત્ર![૧૫] હે વાનરવરો! દેવતાઓ, અસુરો, યક્ષો, ગંધર્વો, ઉરગો અને પક્ષીઓ વગેરેમાં મૈંદવાનર અથવા દ્વિવિદવાનરની સામે યુદ્ધ કરવા ઉભો રહે એવો મને એક તો બતાવો![૧૬] મહાન વેગવાળા મૈંદ અને દ્વિવિદ નામના બન્ને વાનરો અશ્વિનીકુમારના પુત્રો છે. તેઓની સામે પ્રતિપક્ષી તરીકે યુદ્ધ કરે એવો કોઈપણ મારા જોવામાં આવતો નથી.[૧૭] હે વાનરો! મેં એકલાએજ જ્યારે આખી લંકાનગરીને બાળી ભસ્મ કરી ત્યારે આપણ સૌ મળીને શું નહિ કરી શકીએ? હે કપિવરો! મેં લંકાનાં ચૌટે ચૌટે અને ચકલે ચકલે હાક વગાડી છે કે[૧૮] "મહા બળવાન રામ–લક્ષ્મણનો જય થાઓ અને રામચંદ્રના મિત્ર સુગ્રીવનો પણ જય થાઓ.[૧૯] હું રામચંદ્રનો સેવક છું, વાયુનો પુત્ર છું; અને મારૂં નામ 'હનુમાન' છે".[૨૦]

"હે કપિકુંજરો! દુરાત્મા રાવણની અશોકવાટિકામાં શિંશપાવૃક્ષની નીચે મહાસાધ્વી સીતા અત્યંત કરૂણાવસ્થામાં બેઠેલાં છે.[૨૧] તે શોક અને સંતાપવડે કૃશ થયેલાં તથા રાક્ષસીઓથી ઘેરાયલાં હોવાને લીધે મેઘમંડળથી ઢંકાયેલી ચંદ્રરેખા સરખાં નિસ્તેજ દેખાય છે.[૨૨] બળગર્વિત રાવણે કેદ રાખવા છતાં પતિવ્રત ધર્મ પાળનારાં સીતા રાવણને ગણકારતાંજ નથી.[૨૩] જેમ ઇંદ્રાણી ઇંદ્રઉપર અનુરક્ત રહે છે તેમ મહાસાધ્વી સીતા પોતાના પતિ રામચંદ્ર ઉપરજ અનુરક્ત છે. તે અન્ય પુરૂષનું ચિંત્વન પણ કરતાં નથી.[૨૪] તેણે એકજ વસ્ત્ર પહેરેલું છે, તેનું આખું શરીર રજોટાઈ ગયું છે, બિહામણી રાક્ષસીઓ તેનો વારંવાર તિરસ્કાર કરે છે, તેણે મસ્તકઉપર વેણી ધારણ કરી છે, સ્વામીની ચિન્તાને લીધે તે દીન બની ગયાં છે, તે પૃથ્વીપર શયન કરે છે, હિમકાળની પદ્મિનીની પેઠે તેનો વર્ણ ફીક્કો પડી ગયો છે અને તેણે સર્વ સુખભોગનો ત્યાગ કરી મરવાનો નિશ્ચય કર્યો છે. હે વાનરો! એવી સ્થિતિમાં રહેલાં એ જનકનંદિનીને મળ્યા પછી મેં તેમને મહા પ્રયાસે વિશ્વાસ બેસાર્યો હતો અને સઘળી હકીકત કહી સંભળાવી હતી.[૨૫-૨૮] રામચંદ્ર અને સુગ્રીવની મૈત્રી થયેલી જાણીને સતી સીતા અત્યંત આનંદ પામ્યાં હતાં. હે કપિશ્રેષ્ઠો! સીતાની પતિભક્તિના અને શ્રેષ્ઠ પતિવ્રતના પ્રભાવવડે હજી સુધી રાવણનો નાશ થયો નથી તેનું કારણ માત્ર રાવણનું મોટું તપોબળ છે. છતાં અધર્મ કરવાથી હવે તે મુવા સરખો થઈ ગયો છે; એટલે તેને હણવામાં રામચંદ્ર નિમિત્ત માત્રજ થશે.[૨૯-૩૦] જેનાં અંગ પ્રથમથીજ નાજુક હતાં એવાં સીતા હાલમાં રામચંદ્રનો વિયોગ થવાથી વિશેષ કૃશ થઇ ગયાં છે, તેથી પ્રતિપદાને દિવસે અધ્યયન કરનારની વિદ્યાની પેઠે તે અત્યંત ક્ષીણ થયેલાં જણાય છે.[૩૧] હે વાનરો!

લંકાને વિશે મહાભાગ્યવતી સીતા શોકમગ્ન રહે છે. માટે હમણાં તે સંબંધે જે કંઇ કરવું ઘટતું હોય તે કરો."૨૨

एवमास्ते महाभागा सीता शोकपरायणा।
यदत्र प्रति कर्तव्यं तत्सर्वमुपकल्प्यताम्॥२२॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ઓગણસાઠમો સર્ગ સંપૂર્ણ. ૫૯

સર્ગ ૬૦ મો.

મહેન્દ્ર પર્વતપર વાનરોની સભા-અંગદ તથા જાંબવાનનો વિચાર.

तस्य तद्वचनं श्रुत्वा वालिसूनुरभाषत।
अश्विपुत्रौ महावेगौ बलवन्तौ प्लवङ्गमौ॥१॥

હનુમાનનાં વચન સાંભળીને વાલીપુત્ર અંગદ બોલ્યો કે; "હે વાનરો! મોટા વેગવાળા અને અતિશય બળવાળા 'મૈંદ' અને દ્વિવિદ નામના બંને વાનરો અશ્વિનિકુમારના પુત્રો છે અને બ્રહ્મદેવના વરદાનથી ગર્વિત થયેલા છે. પૂર્વે અશ્વિનીકુમારોનું સન્માન કરવા માટે બ્રહ્મદેવે એ બન્ને વાનરોને વરદાન આપેલું છે કે "કોઇપણ તમારો વધ કરી શકશે નહિ." બ્રહ્મદેવના વરદાનથી મત્ત થયેલા આ બન્ને વાનરોએ દેવતાઓની મોટી સેનાને હરાવીને અમૃતપાન કરેલું છે. જો આ બંને વાનરો ક્રોધાયમાન થાય તો તેઓ અશ્વ, રથ અને હસ્તિઓથી ભરેલી લંકાનગરીનો નાશ કરવા સમર્થ છે. હે કપિવરો! મહા બળવાન રાવણનો અને રાક્ષસોથી ભરેલી આખી લંકાનો નાશ કરવાને જ્યારે હું એકલોજ સમર્થ છું ત્યારે અત્યંત બળવાળા, જિતેંદ્રિય, શસ્ત્રવિદ્યા પારંગત અને વિજયની ઇચ્છાવાળા તમો સૌની સહાયથી હું એ કાર્ય કરૂં એમાં તો શુંજ આશ્ચર્ય! હે વાનરો! હનુમાનના પરાક્રમથી લંકાનગરી બળી ગઇ એ આપણે જાણ્યું;૧-૭ પરંતુ અહીંથી પાછા જઇને "અમે સીતાને જોયાં, પણ તેને લાવ્યા નહિ," એવું રામચંદ્રને કહેવું એ તમારા જેવા પ્રખ્યાત પરાક્રમવાળાને યોગ્ય નથી.૮ હે કપિસત્તમો! ઉડવામાં તેમજ પરાક્રમ કરવામાં તમારી બરાબરી કરી શકે એવો કોઇ પણ પુરૂષ, દેવતાઓ અને અસુરો સહિત આખા ત્રૈલોક્યમાં મારા જાણવામાં નથી.૯ માટે હું તો ધારૂં છું કે રાક્ષસો સહિત લંકાને જીતીને, સંગ્રામમાં રાવણને હણીને તથા મહાસાધ્વી સીતાને લઇને કૃતકૃત્ય થયેલા આપણે સૌ હર્ષભેર રામચંદ્રની પાસે જઇએ એજ શ્રેષ્ઠ છે.૧૦ હનુમાને બળવાળા મુખ્ય મુખ્ય રાક્ષસોનો તો ઘાણ વાળી નાખ્યો છે, તો હવે આપણે ત્યાં જઇને બીજું શું કરવાનું બાકી છે? આપણે તો સીતાને લઇનેજ પાછું વળવાનું છે.૧૧ હે કપિવરો! આપણે સીતાને પાછાં લાવી રામ-લક્ષ્મણને સોંપી શકીએ તેમ છે, તો પછી એકઠા થયેલા સર્વ વાનરોને વ્યર્થ પરિશ્રમ શા માટે આપવો?૧૨ આપણે અહીંથી લંકામાં જઇ રાક્ષસો સહિત રાવણને હણીનેજ રામ-લક્ષ્મણ તથા સુગ્રીવ પાસે જઇએ એજ યોગ્ય છે."૧૩

યુવરાજ અંગદનો અભિપ્રાય જાણીને વૃદ્ધ જાંબવાને પ્રસન્ન ચિત્તે કહ્યું કે;૧૪ "હે મહાબુદ્ધિશાળી અંગદ! તું કહે છે તેમ કરવું યોગ્ય નથી. હે વાનરશ્રેષ્ઠ! આપણને માત્ર દક્ષિણ દિશામાં સીતાની શોધ કરવાનીજ આજ્ઞા થયેલી છે;૧૫ સીતાને લઇ આવવાની આજ્ઞા સુગ્રીવે કે રામચંદ્રે આપી નથી. વળી આપણે મહાપ્રયત્ને રાક્ષસોને જીતીને સીતાને કદાચ લઇ જઇએ, છતાં એ કાર્ય રામચંદ્રને પસંદ પડે કે ન પડે તો શું કરવું?૧૬ નૃપશ્રેષ્ઠ રામચંદ્રને પોતાના રાજકુળનું મોટું અભિમાન છે અને વળી તેમણે શત્રુને જીતી સીતાને પાછાં લાવવા માટે સર્વ વાનરોની સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે, તો તે પોતાની પ્રતિજ્ઞા મિથ્યા કેમ કરશે? હે અંગદ! તારા કહેવા પ્રમાણે આપણે કાર્ય તો કરીએ; પરંતુ એથી જો રામચંદ્ર પ્રસન્ન થાય નહિ તો આપણું કરેલું કાર્ય નિષ્ફળ જાય અને

આપણું પરાક્રમ વૃથા ગણાય. માટે આપણે રામ-લક્ષ્મણ તથા સુગ્રીવની પાસે જઇને, તેઓને આ સઘળું વૃત્તાંત નિવેદન કરવું એજ યોગ્ય છે.[17-19] હે રાજપુત્ર! જો કે તારો વિચાર અમોને ઘણોજ યોગ્ય લાગે છે; પરંતુ આ કાર્ય સિદ્ધ કરવામાં રામચંદ્રની સંમતિ પ્રમાણે વર્તવું એજ શ્રેયસ્કર થશે."[20]

न तावदेषा मतिरक्षमा नो यथा भवान्पश्यति राजपुत्र । यथा तु रामस्य मतिर्निविष्टा तथा भवान्पश्यतु कार्यसिद्धिम् ॥२०॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સાઠમો સર્ગ સંપૂર્ણ. ૬૦

सर्ग ६१ मो.

વાનરોનું કિષ્કિંધા તરફ પાછું વળવું—મધુવનમાં પ્રવેશ.

ततो जाम्बवतो वाक्यमगृह्णन्त वनौकसः । अङ्गदप्रमुखा वीरा हनूमांश्च महाकपिः ॥१॥

અંગદાદિ વાનરોએ તથા કપિવર હનુમાને જાંબવાનનું કહેલું માન્ય કર્યું. પછી સર્વ આનંદિત ચિત્તે મહેંદ્ર પર્વતના શિખર ઉપરથી ઉતરીને કુદતા કુદતા કિષ્કિંધા પ્રત્યે ચાલ્યા,[1-2] મેરૂ અને મંદરાચળ સરખા પ્રૌઢ દેહવાળા વાનરો મહોન્મત્ત હસ્તીઓ જેવા શોભતા હતા, અને જાણે આકાશ મંડળને છાઇ દેતા હોય તેમ ઉછળતા ઉછળતા ચાલતા હતા.[3] તે સર્વ વાનરો પોતાની દૃષ્ટિથી જાણે પ્રાણી માત્રથી સત્કાર પામેલા મહા બળવાન હનુમાનને વહન કરતા હોય એવા જણાતા હતા.[4] સીતાનાં દર્શન થવાથી મદમસ્ત થયેલા વાનરો "રામચંદ્રનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે અને આપણ સર્વેને યશ મળશે" એવો દૃઢ નિશ્ચય કરીને રામચંદ્રને પ્રિય વાર્તા કહેવા માટે વેગથી જતા હતા. તે સર્વ યુદ્ધકુશળ હતા, ઉદાર મનના હતા અને રાવણપરનું વૈર લેવા માટે તેઓએ નિશ્ચય કર્યો હતો.[5-6] આકાશમાં કુદતા કુદતા એ હનુમાનાદિ વાનરો સેંકડો વૃક્ષોથી ભરેલા નંદનવન સરખા રમણીય એવા એક વન આગળ આવી પહોંચ્યા.[7] એ વન તે બીજું કોઇ નહિ, પણ મહાત્મા સુગ્રીવનું મધુવન હતું. એ મધુવન સર્વ ભૂત-પ્રાણીઓથી એકાએક ન પ્રવેશી શકાય એવું તથા સર્વનાં મનને હરણ કરે એવું રમ્ય હતું.[8] 'દધિમુખ' નામનો શૂરવીર વાનર કે જે કપિરાજ સુગ્રીવનો મામો થતો હતો તે નિરંતર મધુવનનું રક્ષણ કરતો હતો.[9]

હનુમાન વગેરે વાનરો અત્યંત મનોહર એવા મધુવનની પાસે આવ્યા ત્યારે તેઓને તેમાંનાં ફળ વગેરે ખાવાની ઉત્કંઠા થઇ.[10] મધુ સરખા પીળા વર્ણવાળા એ વાનરોએ યુવરાજ અંગદની આગળ જઇ એ વનમાંનાં મધુરસ તથા ફળ વગેરેને માટે યાચના કરી.[11] રાજકુમાર અંગદે જાંબવાન વગેરે વૃદ્ધ કપિઓની સંમતિ લઇને સર્વ વાનરોને મધુવનમાં જઈ ફળ વગેરે ખાવાની આજ્ઞા આપી.[12] અંગદની આજ્ઞા મળતાંજ સર્વે વાનરો એ વનમાંનાં ભ્રમરોથી છવાઇ રહેલાં વૃક્ષોપર ચઢ્યા અને ફળ-મૂળાદિ ખાવા લાગ્યા.[13] સુગંધયુક્ત ફળ-મૂળાદિનું ભક્ષણ કરવાથી મદમસ્ત થઇને તે સર્વ અત્યંત હર્ષિત થયા.[14] યથેચ્છ રીતે ફળ-મૂળ વગેરે ખાઇને અતિશય હર્ષિત થએલા તે વાનરો આખા મધુવનમાં નાચ કૂદ કરવા લાગ્યા.[15] કેટલાક વાનરો હસવા લાગ્યા, કેટલાક નૃત્ય કરવા લાગ્યા, કેટલાક રામચંદ્રને ઉદ્દેશીને પ્રણામ કરવા લાગ્યા, કેટલાક કપિરાજ સુગ્રીવનો સ્તુતિ પાઠ ભણવા લાગ્યા, કેટલાક કૂદવા લાગ્યા, કેટલાક બકવાદ કરવા લાગ્યા,[16] કેટલાક એક બીજાના પડખામાં આવીને બેસવા લાગ્યા, કેટલાક પરસ્પર વિવાદ કરવા લાગ્યા, કેટલાક એક વૃક્ષપરથી બીજાપર અને બીજાથી ત્રીજાપર એમ કુદાકુદ કરવા લાગ્યા, કેટલાક વૃક્ષોની ટોંચપરથી પૃથ્વીપર ભુસકા મારવા લાગ્યા[17] અને કેટલાક પૃથ્વીપરથી વૃક્ષોપર

ચઢી જવા લાગ્યા. કોઈક વાનર ગાયન આલાપી રહેલા કોઇ એક વાનરની સામે હસતો હસતો જવા લાગ્યો, ત્યારે કોઈક રોદન કરતા વાનરની સામે રોતો રોતો જવા લાગ્યો.[૧૮] કોઇક વાનર કોઇએક વાનરને પીડા કરવા લાગ્યો, તો કોઈક વળી ગર્જના કરતો તેની સામે ધસી જવા લાગ્યો. એવી રીતે આખું વાનર સૈન્ય ઉન્મત્ત સરખું થઈ ગયું. એ સમયે એ સેનામાં કોઇપણ વાનર મદમસ્ત અને ગર્વિત થયા વિનાનો ન હતો.[૧૯]

મધુવનને ભેદી નાખેલું જોઇને તથા સઘળાં વૃક્ષોને પત્ર-પુષ્પ રહિત કરી મૂકેલાં જોઇને કોપાયમાન થયેલા ત્યાંના રક્ષપાળ દધિમુખ વાનરે સર્વ કપિઓને વનમાંથી હાંકી કાઢવા માંડયા;[૨૦] પરંતુ અત્યંત ઉન્મત્ત થયેલા એ સર્વ કપિઓ તેનો તિરસ્કાર કરવા લાગ્યા. એ જોઈ વૃદ્ધ દધિમુખ વાનરે વનનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો.[૨૧] પછી લેશ પણ ભય ધર્યા વિના તેણે કેટલાકને કઠોર વચનો કહ્યાં, કેટલાકને જોસભેર તમાચા લગાવ્યા, કેટલાકની સાથે ટંટો કર્યો અને કેટલાકને શાંત વચનોથી સમજાવવા માંડયા;[૨૨] પરંતુ મદ ગર્વિત થયેલા એ વાનરોએ તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. તેઓ તો પોતાને બળાત્કારે વનમાંથી હાંકી કાઢનારા દધિમુખને પકડીને રાજદ્રોહનો લેશ પણ ભય નહિ ધરતાં પૃથ્વીપર ઘસડવા લાગ્યા.[૨૩] મદ (નિશાથી) ચકચૂર થયેલા કેટલાક કપિઓ દધિમુખને નખવડે ઉઝરડા ભરવા લાગ્યા, કેટલાક બચકાં ભરવા લાગ્યા, કેટલાક લપડાકો મારવા લાગ્યા અને કેટલાક લાતો મારવા લાગ્યા. એ પ્રમાણે મદમસ્ત કપિઓએ સુગ્રીવનું આખું મધુવન ઉજ્જડ કરી મૂકયું.[૨૪]

नखैस्तुदन्तो दशनैर्दशन्तस्तलैश्च पादैश्च समापयन्तः । मदात्कपिं ते कपयः समन्तान्महावनं निर्विषयं च चक्रुः ॥२५॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં એકસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૧

सर्ग ६२ मो.

મદગર્વિત વાનરો—મધુવનભંગ.

तानुवाच हरिश्रेष्ठो हनूमान्वानरर्षभः ।
अव्यग्रमनसो यूयं मधु सेवत वानराः ॥१॥

ત્યારપછી કપિવર હનુમાને સર્વ વાનરોને કહ્યું કે; “હે વાનરર્ષભો ! તમે અવ્યગ્રચિત્તે મધુ—રસનું પાન કરો. તમને અટકાવનારાઓને હું પૂરો પડીશ.” હનુમાનનું એવું વચન સાંભળીને રાજકુમાર અંગદે પ્રસન્ન ચિતે કહ્યું કે; “હે કપિકુંજરો ! તમે સુખેથી મધુ—રસનું પાન કરો. કાર્ય સિદ્ધ કરી આવેલા આ હનુમાનનું કહેવું કદાચ ન કરવા જેવું હોય તો પણ અત્યારે આપણે કરવું જોઇએ, તો પછી આવું કાર્ય કેમ ન કરવું ?” અંગદનું વચન સાંભળીને અત્યંત હર્ષિત થયેલા સર્વે વાનરો “બહુ સારૂં, બહુ સારૂં” એમ કહેવા લાગ્યા અને તેનું કહેવું માન્ય કરીને જેમ નદીનું પૂર સમુદ્રમાં જાય તેમ મધુવનમાં પેઠા. હનુમાને સીતાનાં દર્શન કર્યાં છે એ સમાચાર જાણીને અત્યંત હર્ષિત થયેલા વાનરો યુવરાજ અંગદની સહાયથી મધુવનના રક્ષપાળોનો પરાજય કરીને સ્વાદિષ્ટ મધુ-રસનું પાન કરવા લાગ્યા અને સ્વાદિષ્ટ ઉત્તમ ફળો ખાવા લાગ્યા.[૨-૭] મધુ—રસ અને ફળનું ભક્ષણ કરવામાં આસક્ત થયેલા વાનરોએ પોતાને પકડવા આવનારા રક્ષપાળોને અનેક પ્રકારનો માર મારીને હાંકી કાઢયા.[૮]

એ મહાવનમાંનાં વૃક્ષોપર બાઝેલા એકેક દ્રોણ જેટલા વજનના મધપૂડાઓને ગ્રહણ કરીને હર્ષિત થયેલા કેટલાક વાનરો ટોળે મળીને તેમાંનું મધ પીવા લાગ્યા.[૯] કેટલાક મધ પી ગયા પછી ઠાલાં થયેલાં ખોખાંને ભાંગી નાખવા લાગ્યા, કેટલાક તો ખાઈ જવા

લાગ્યા, કેટલાક ઠાલાં ખોખાંને આમ તેમ ફેંકવા લાગ્યા,[૧૦] કેટલાક પીતાં વધેલું મધ બીજાના ઉપર ઢોળવા લાગ્યા, કેટલાક વૃક્ષની શાખા પકડીને હીંચવા લાગ્યા,[૧૧] કેટલાક અત્યંત મદને લીધે વૃક્ષનાં પાદડાંની પથારી કરી ત પર સૂઇ રહ્યા, કેટલાક મદમસ્ત થઈ કૂદાકૂદ કરવા લાગ્યા,[૧૨] કેટલાક પરસ્પર કાંકરા વગેરે ફેંકવા લાગ્યા, કેટલાક મદને લીધે અખડાઈ પડવા લાગ્યા, કેટલાક ક્રીડા કરવા લાગ્યા, કેટલાક ઝીણા સ્વરે ગાયન આલાપવા લાગ્યા,[૧૩] કેટલાક પૃથ્વીપરજ સૂઈ રહ્યા, કેટલાક ખડખડાટ હસવા લાગ્યા, કેટલાક રોદન કરવા લાગ્યા,[૧૪] તથા કેટલાક કંઇને કંઈ બોલવા લાગ્યા ત્યારે કેટલાક વળી કંઇકનું કંઈ સમજવા લાગ્યા.

એ વેળા એ વનનું રક્ષણ કરવા માટે દધિમુખ વાનરે જે રક્ષકોને મોકલ્યા તે સર્વ ભયંકર વાનરોનો માર ખાઇને દશે દિશાઓમાં પલાયન કરી ગયા. કેટલાક જાનુઓથી પીલાઇ ગયા અને કેટલાકે દેવમાર્ગ દીઠો×[૧૫-૧૬] વાનરોથી ત્રાસ પામી નાઠેલા કેટલાક વન રક્ષકોએ દધિમુખની પાસે જઈને કહ્યું કે; "હે વાનરવર! હનુમાનની આજ્ઞા મળવાથી વાનરોએ બળાત્કારે આખું મધુવન ઉજ્જડ કર્યું છે. તેઓએ અમને જાનુઓથી પીસી નાખ્યા તથા પકડી પકડીને આકાશમાં ઉછાળ્યા."[૧૭] રક્ષકોનું કહેવું સાંભળીને ક્રોધ પામેલા તેઓના નાયક દધિમુખે મધુર વચનોથી તેઓનું સાંત્વન કરતાં કહ્યું કે;[૧૮] "ચાલો, હું તમારી સાથે આવું છું. મધુવનને ભાંગી નાખનારા એ મદગર્વિત વાનરોને હું મારા પરાક્રમથી હાંકી કાઢીશ."[૧૯] દધિમુખનું વચન સાંભળીને વનરક્ષકો તેની સાથે પુન: મધુવનમાં આવ્યા.[૨૦] દધિમુખ પોતાના હાથમાં મોટું વૃક્ષ લઇને તથા તેની સાથેના બીજા સર્વ વાનરો મોટી મોટી શિલાઓ, વૃક્ષો અને નાના પત્થર લઈને ક્રોધપૂર્વક અંગદાદિ વાનરો ઉપર ધસી આવ્યા.[૨૧-૨૨] પોતાના નાયક દધિમુખની આજ્ઞા થતાંજ સઘળા રક્ષક વાનરો ક્રાધને લીધે હોઠ પીસતા હનુમાન વગેરે કપિઓની સામે દોડી ગયા અને પોતાના બળવડે તેઓનું નિવારણ કરી તિરસ્કાર કરવા લાગ્યા.[૨૩-૨૪] એટલામાં વૃક્ષ લઈને ધસી આવતા દધિમુખને ક્રોધાયમાન થયેલા અંગદે બાથમાં પકડી લીધો;[૨૫] અને પોતે મદાંધ થયેલો હોવાથી "આ મારા કાકા સુગ્રીવનો મામો થાય છે, માટે મારે તે પૂજ્ય છે;" એ સંબંધે કશોપણ વિચાર ન કરતાં ત દધિમુખને પૃથ્વીપર પટકી ખૂબ રગદોળ્યો.[૨૬] એથી દધિમુખના હાથ, સાથળ અને મુખ છુંદાઇ ગયાં. તે લોહીલુહાણ થઇ ગયો અને મૂર્છિત થઇ પડયો. થોડીવારે મૂર્છા વળી ત્યારે હનુમાન વગેરે વાનરોના સપાટામાંથી બળાત્કારે નાસી છૂટેલા એ દધિમુખે એકાંતમાં જઈને પોતાના સેવકોને કહ્યું કે;[૨૭-૨૮] "હે વાનરો! ચાલો આપણે લાંબીગ્રીવાવાળા આપણા સ્વામી સુગ્રીવની પાસે જઈએ કે જે સુગ્રીવ હાલમાં રામચંદ્રની સાથે રહે છે.[૨૯] આપણે ત્યાં જઇને આપણા રાજા સુગ્રીવને અંગદનો સઘળો દોષ કહી સંભળાવીશું. સુગ્રીવ ઘણોજ ક્રોધી સ્વભાવનો છે, તેથી આ સર્વ વાનરોનો સંહાર કરશે.[૩૦] પોતાના બાપ દાદાના વખતનું આ દિવ્ય મધુવન મહાત્મા સુગ્રીવને ઘણુંજ પ્રિય છે અને તેમાં પ્રવેશ કરવાને દેવતાઓ પણ સમર્થ નથી.[૩૧] જો કે આ વાનરો સુગ્રીવના સુહૃજ્જનો છે તોપણ મધુના લોભીયા અને જેનું આયુષ્ય આવી ખૂટયું છે એવા આ સર્વ વાનરોને સુગ્રીવ વધરૂપી શિક્ષા આપી મારી નાખશે.[૩૨] રાજાજ્ઞાનું ઉલ્લંઘન કરનારા આ વાનરોને જ્યારે વધરૂપી શિક્ષા થશે ત્યારેજ મારા જીવને શાંતિ વળશે."[૩૩]

વનરક્ષક વાનરોને એટલું કહીને દધિમુખ તેઓની સાથે ઉતાવળે આકાશમાર્ગે ઉડયો.[૩૪]

× હનુમાને રક્ષકોને ચરણ ઝાલીને આકાશમાં ઉછાળ્યા તેથી તેઓએ દેવમાર્ગ એટલે આકાશ માર્ગ જોયો.

અને નિમેષ માત્રમાં સૂર્યપુત્ર સુગ્રીવ પાસે જઇ પહોંચ્યો.[૩૫] શ્રીમાન રામચંદ્ર, લક્ષ્મણ તથા સુગ્રીવને બેઠેલા જોઇને સર્વ વનરક્ષકોની સાથે દધિમુખ વાનર આકાશમાંથી ભૂમિપર ઉતર્યો અને દીન મુખે તેમની પાસે જઈ હાથ જોડી સુગ્રીવના ચરણમાં મસ્તક નમાવ્યું.[૩૬-૩૮]

स दीनवदनो भूत्वा कृत्वा शिरसि चाञ्जलिम्। सुग्रीवस्याशु तौ मूर्ध्ना चरणौ प्रत्यपीडयत् ॥ ३८ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં બાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૨

સર્ગ ૬૩ મો.

મધુવનભંગ નિવેદન અને સીતાશોધ સૂચન.

ततो मूर्ध्ना निपतितं वानरं वानरर्षभः ।
दृष्ट्वैवोद्विग्नहृदयो वाक्यमेतदुवाच ह ॥ १ ॥

દીનની પેઠે મસ્તક નમાવીને ભૂમિપર પડેલા દધિમુખને જોતાંજ ઉદ્વિગ્ન થયેલા વાનરરાજ સુગ્રીવે કહ્યું કે;[૧] "હે દધિમુખ! ઉઠ, ઉઠ, શા કારણથી તું મારા ચરણમાં પડયો છે ? સાચે સાચું કહે. હું તને અભય આપીશ.[૨] શું તને કોઈથી ભય થયો છે કે જેથી તું મારી પાસે આવ્યો છે ? હે વાનર ! મધુવનમાં સૌ કુશળ તો છેને ? એ હું સાંભળવા ઇચ્છું છું."[૩]

મહાત્મા સુગ્રીવનાં વાક્યોથી આશ્વાસન પામેલો બુદ્ધિમાન્ દધિમુખ ઉભો થયો અને બોલ્યો કે;[૪] "હે રાજન્ ! વૃદ્ધ જાંબવાને, વાલીએ કે તેં જે વનનો યથેચ્છરીતે ઉપભોગ કરવા માટે પૂર્વે વાનરોને કદી પણ આજ્ઞા આપી નથી તે મધુવનને આજે આપણા વાનરોએ નષ્ટ ભ્રષ્ટ કર્યું છે.[૫] આ સર્વ રક્ષકોની સાથે હું આપણા તે વાનરોને મધુવનમાંથી બહાર કાઢવા લાગ્યો; પરંતુ મારો અનાદર કરીને તેઓ મધુ–રસ અને ફળ વગેરેનું ભક્ષણ કરતાજ રહ્યા.[૬] આપણા મધુવનનો નાશ થતો જોઇને આ રક્ષકોએ તથા મેં તેઓને ઘણા પ્રકારે વાર્યા, તોપણ મારૂં અપમાન કરીને તેઓ ફળ વગેરેનું ભક્ષણ કર્યા કરે છે.[૭] હે સુગ્રીવ ! તેઓ માત્ર ખાય છે એટલુંજ નથી, પણ ખાતાં પીતાં વધેલું ફેંકી દે છે. તેઓને જ્યારે એમ કરવાની મના કરીએ છીએ ત્યારે ભ્રુકુટિ ચડાવીને સામા થાય છે.[૮] આ મારી સાથે આવેલા વનરક્ષકો જ્યારે ક્રોધ કરીને તેઓને રોકવા લાગ્યા ત્યારે ક્રોધને લીધે લાલ નેત્ર કરી એ સર્વ વાનરોએ મળીને તેઓને વનમાંથી હાંકી કહાડયા.[૯-૧૦] એ વાનરોએ આ રક્ષકોમાંના કેટલાકને લપડાકો મારી, કેટલાકને જાનુ વચ્ચે ઘાલી કચર્યા, અને કેટલાકને બળાત્કારે પકડીને આકાશમાં ઉછાળ્યા.[૧૧] હે રાજન ! તારા સરખો સ્વામી વિદ્યમાન છતાં વાનરોએ અમને આવી રીતે પીડિત કર્યા છે અને પોતાની ઇચ્છા પ્રમાણે તેઓ આખા મધુવનને ખાઈ જાય છે. હવે તારે કરવું ઘટે તેમ કર."

દધિમુખ વાનર સુગ્રીવને મધુવનનું વૃત્તાંત કહેતો હતો તેવામાં બુદ્ધિમાન લક્ષ્મણે સુગ્રીવને પૂછયું કે;[૧૩] "હે રાજન ! આ વનનો રખવાળ તારી પાસે શા માટે આવ્યો છે ? અને તે દુઃખીયારાની પેઠે તને શું નિવેદન કરે છે ?"[૧૪] ત્યારે વાગ્વિશારદ સુગ્રીવે કહ્યું કે;[૧૫] "હે આર્ય લક્ષ્મણ ! આ વનરક્ષક દધિમુખ વાનર કહે છે કે, 'અંગદ વગેરે વાનરોએ આપણા મધુવનનું ભક્ષણ કર્યું છે.'[૧૬] હે લક્ષ્મણ ! આ સમાચાર ઉપરથી હું ધારૂં છું કે દક્ષિણદિશામાં ગયેલા વાનરો કાર્ય સિદ્ધ કરીને આવેલા છે. જો કાર્ય સિદ્ધ ન થયું હોય તો તેઓ રાજાની આજ્ઞા વિના કદી પણ આવી રીતે મધુવનનો નાશ કરે નહિ. નિશ્ચય, તેઓ કૃતકૃત્ય થઇને આવેલા છે.[૧૭] વારવા છતાં તેઓએ આગ્રહ

નહિ, રક્ષકોને પીસી નાખ્યા અને આ મહા બળવાન દધિમુખ કે જેને મેં પોતેજ મધુવનની રક્ષા માટે નીમ્યો છે તેને પણ ગણકાર્યો નહિ, એ ઉપરથી હું ધારૂં છું કે વાનરોએ સીતાનાં દર્શન કર્યાંજ છે. ખરેખર, શૂરવીર હનુમાનેજ સીતાનાં દર્શન કર્યાં હશે;[૧૮-૧૯] કારણકે આ કાર્ય સિદ્ધ કરવામાં હનુમાન સિવાય બીજું કોઈ પણ સમર્થ નથી. એ વાનરશ્રેષ્ઠ વાયુસુતજ કાર્ય સિદ્ધ કરવામાં વિચક્ષણ બુદ્ધિવાળો છે.[૨૦] તેનામાં ઉદ્યોગ, વીર્ય અને શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન છે. અહો! જ્યાં જાંબવાન તથા અંગદ સરખા નેતા હોય અને જ્યાં હનુમાન સરખો અધિષ્ઠાતા હોય ત્યાં કાર્યસિદ્ધિ કેમ ન થાય? હે લક્ષ્મણ! દક્ષિણ દિશામાં સીતાની શોધ કરી આવેલા અંગદાદિ વાનરોએ મધુવનનો નાશ કર્યો, વનરક્ષકોને ઘાયલ કર્યા તથા ફળ-મૂળાદિનું ભક્ષણ કર્યું.[૨૧-૨૪] એ સઘળું મને કહેવા માટે મધુર ભાષણ કરનારો અને મહાપરાક્રમી આ દધિમુખ અહીં આવેલ છે.[૨૫] હે સૌમિત્રિ! એ વાનરો નિઃશંકપણે મધુવનનું ભક્ષણ કરવા લાગ્યા છે એથી તમારે નિશ્ચય માનવું કે તેઓ સીતાનાં દર્શન કરીનેજ આવેલા છે.[૨૬] હે પુરૂષર્ષભ! વિખ્યાત પરાક્રમવાળા એ વાનરો સીતાને જોયા વિના આટલો બધો ઉન્માદ કરે નહિ તેમજ દેવોએ આપેલા દિવ્ય વનનો નાશ પણ કરે નહિ."[૨૭]

સુગ્રીવની કર્ણ પ્રિય વાણી સાંભળીને ધર્માત્મા રામ-લક્ષ્મણ અત્યંત હર્ષિત થયા.[૨૮] સુગ્રીવે પણ અત્યંત હર્ષિત થઈને દધિમુખને કહ્યું કે; "હે દધિમુખ! કાર્ય સિદ્ધ કરી આવેલા વાનરોએ મધુવનમાં ખાધું પીધું તેથી હું પ્રસન્ન થયો છું.[૨૯-૩૦] કાર્ય બજાવનારા સેવકોનો ઉન્માદ સ્વામીએ સહન કરવો જોઈએ. હે વાનરવર! હવે તું પાછો જઈને મધુવનનું રક્ષણ કર અને હનુમાન વગેરે વાનરોને સત્વર મારી પાસે મોકલ.[૩૧] સિંહ જેવા અભિમાની અને કાર્ય સિદ્ધ કરી આવેલા એ હનુમાન આદિ વાનરોના મુખથી હું તથા રામ-લક્ષ્મણ સીતા સંબંધી સમાચાર સાંભળવા ઈચ્છીએ છીએ."[૩૨]

પછી આનંદને લીધે જેનાં નેત્ર પ્રફુલ્લિત થયાં હતાં એવા રાજપુત્ર રામ-લક્ષ્મણને હર્ષિત તથા કૃતાર્થ થયેલા જોઈને અને બીજા પણ કેટલાક શુભ શકુન જોઈને વાનરરાજ સુગ્રીવ 'કાર્ય સિદ્ધિ થઈ ચૂકી છે' એમ માની અત્યંત આનંદ પામ્યો.[૩૩]

प्रीतिस्फीताक्षौ संप्रहृष्टौ कुमारौ दृष्ट्वा सिद्धार्थौ वानराणां च राजा। अङ्गैः प्रहृष्टै कार्यसिद्धिं विदित्वा बाह्वोरासन्नमतिमात्रं ननन्द ॥ ३३ ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ત્રેસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૩

सर्ग ६४ मो.

વાનરોનું આગમન-રામ સમાગમ.

सुग्रीवेणैवमुक्तस्तु हृष्टो दधिमुखः कपिः। राघवं लक्ष्मणं चैव सुग्रीवं चाभ्यवादयत् ॥ १ ॥

સુગ્રીવનું વચન સાંભળીને હર્ષિત થયેલો દધિમુખ વાનર રામચંદ્ર, લક્ષ્મણ તથા સુગ્રીવને પ્રણામ કરીને શૂરવીર વનરક્ષકોની સાથે આકાશમાં ઉડયો.[૧-૨] પ્રથમના જેવાજ વેગથી ઉડીને તે મધુવન આગળ આવ્યો અને આકાશમાંથી પૃથ્વીપર ઉતરી તે વનમાં પ્રવેશ કર્યો.[૩] મધુવનમાં પ્રવેશ કરીને તેણે જોયું તો મદમસ્ત થયેલા વાનરોનો મદ ઉતરવા આવ્યો હતો અને તેઓ મધુનો પેસાબ કરતા હતા.[૪] શૂરવીર દધિમુખે હાથ જોડી હર્ષયુક્ત મધુર વાણીથી અંગદ પ્રત્યે કહ્યું કે;[૫] "હે સૌમ્ય! આ મારા અનુચર વનરક્ષકોએ અજ્ઞાનને લીધે ક્રોધમાં આવી તમો સૌને અટકાવ્યા એ માટે તારે રોષ કરવો યોગ્ય નથી.[૬] આ વાનરો દૂરથી આવેલા હોવાથી શ્રમિત થયેલા છે, માટે

યથેચ્છ રીતે તું તેને મધુરસ પીવડાવ. હે મહાબળવાન ! યુવરાજ હોવાથી તું આ વનનો સ્વામી છે.[૭] અમોએ અજ્ઞાનને લીધે પ્રથમ ક્રોધ કર્યો તે માટે તારે ક્ષમા કરવી ઘટે છે. હે વાનરસત્તમ ! પૂર્વે જેમ તારો પિતા વાનરોનો રાજા હતો તેમ હાલમાં તું અને સુગ્રીવ વાનરોના રાજા છો. હે નિષ્પાપ ! મેં તારા કાકા સુગ્રીવની પાસે જઇને સર્વ વાનરો આવ્યાના તેમજ મધુવન ઉજાડયાના સમાચાર કહ્યા. તે સાંભળીને ક્રોધ નહિ પામતાં ઉલટો તે પ્રસન્ન થયો અને તેણે હર્ષપૂર્વક મને કહ્યું કે; " હે દધિમુખ ! તું મધુવનમાં જઇને અંગદ વગેરે સર્વ વાનરોને સત્વર મારી પાસે મોકલ."

દધિમુખનું મધુર વચન સાંભળીને વાકય વિશારદ અંગદે વાનરો પ્રત્યે કહ્યું કે; " હે કપિશ્રેષ્ઠો ! આ દધિમુખ આનંદથી વાત કરે છે એ ઉપરથી હું અનુમાન કરૂં છું કે શ્રીમાન રામચંદ્રે આપણા સર્વ સમાચાર જાણ્યા હશે. હે શત્રુઓને તપાવનારા કપિવરો ! કાર્ય સિદ્ધ કર્યા પછી હવે આપણે આમ રઝળવું યોગ્ય નથી.[૮-૧૪] હે પરાક્રમી વનચરો ! તમોએ યથેચ્છ મધુપાન કર્યું છે, હવે કંઈપણ બાકી નથી, માટે હવે આપણે સુગ્રીવની પાસે જવું જોઇએ.[૧૫] હે વાનર-પુંગવો ! તમે સૌ મને જેમ કહેશો તેમ કરવાને હું તૈયાર છું. કર્તવ્ય અર્થનો નિર્ણય કરવામાં હું તમો સૌને અધીનજ છું.[૧૬] હે વાનરવરો ! હું યુવરાજ છું તો પણ હાલમાં તમને આજ્ઞા કરવા યોગ્ય નથી, કારણકે કાર્ય સિદ્ધ કરી આવેલા તમોને તમારી ઇચ્છા વિરૂદ્ધ કાર્યમાં બળાત્કારે યોજવા એ ઠીક નથી. "[૧૭]

અંગદનું નમ્ર વચન સાંભળીને સર્વ વાનરોએ હર્ષમાં આવીને કહ્યું કે;[૧૮] " હે વાનરશ્રેષ્ઠ ! હે રાજપુત્ર ! પોતે સમર્થ હોવા છતાં આવાં વચન કયો પુરૂષ બોલે એમ છે ? ઐશ્વર્યના મદથી ગર્વિત થયેલા સર્વ કોઇ " હું સમર્થ છું " એમ માને છે.[૧૯] હે યુવરાજ ! આવું બોલવું એ તને અત્યંત શોભા આપનારૂં છે. હે અંગદ ! આ તારો વિનય ભવિષ્યમાં તારી ઉન્નતિ થવાનું સૂચવે છે.[૨૦] અમે સૌ વાનરરાજ સુગ્રીવની પાસે જવા માટે તત્પર છીએ.[૨૧] પરંતુ હે રાજપુત્ર ! તારી આજ્ઞા થયા વિના અમે સર્વ વાનરો કયાંય પણ જવા માટે એક પગલું પણ ભરવાને સમર્થ નથી. એ તું સત્ય માન."

વાનરોનું બોલવું સાંભળીને અંગદે કહ્યું કે; " ઠીક, ચાલો આપણે સુગ્રીવની પાસે જઇએ. " એમ કહી અંગદ આકાશમાં ઉડયો; એટલે તેની પાછળ સર્વ વાનરો પણ ઉડયા. આકાશને આચ્છાદિત કરતા તેઓ જાણે ગોફણમાંથી છૂટેલા ગોળા હોય એવા દેખાતા હતા.[૨૩-૨૪] અંગદ તથા હનુમાનની પાછળ ઉડતા વાનરો વાયુએ પ્રેરેલા મેઘની પેઠે ગર્જના કરતા વેગથી જતા હતા.

અંગદાદિ વાનરોને પોતાની તરફ આવતા જોઇને વાનરરાજ સુગ્રીવે શોકસંતપ્ત થયેલા રામચંદ્રને કહ્યું કે; " હે રઘુવીર ! તમે શાંત થાઓ. તમારૂં કલ્યાણ થશે. વાનરોને સીતાનાં દર્શન થયાં છે એમાં લેશ પણ સંશય નથી.[૨૫-૨૭] હે શુભદર્શન ! એક માસનો અવધિ વીત્યા પછી પ્રતિજ્ઞા પૂરી કર્યા વિના વાનરો પાછા આવી શકે એમ નથી. વળી અંગદની હર્ષયુક્ત આકૃતિ ઉપરથી પણ મને જણાય છે કે તેઓ સીતાને જોઇનેજ આવ્યા છે.[૨૮] કાર્ય બગડયું હોય તો મોટી ભુજાવાળો યુવરાજ અંગદ મારી પાસે આવેજ નહિ.[૨૯] કાર્ય સિદ્ધ ન થયું હોય છતાં વાનર સ્વભાવને લીધે કદાચ બીજા વાનરો આવું તોફાન કરે; પરંતુ અંગદ તો તેમ કરેજ નહિ. તેની મુખમુદ્રા તો ઉતરી જાય અને તે ખેદયુક્ત થઈ જાય.[૩૦] સીતાને જોયા વિના અંગદ પોતાના બાપદાદાથી સુરક્ષિત થયેલા મધુવનનો નાશ કરેજ નહિ.[૩૧] હે રામ !

તમારા જેવા રૂડા આચરણવાળા પુત્રને લીધે તમારાં માતુશ્રી કૌસલ્યા ભાગ્યશાળી છે. તમે શાંત થાઓ. હનુમાન સીતાદેવીનાં દર્શન કરીનેજ આવે છે એમાં કાંઇ સંદેહ નથી.[૩૨] કાર્ય સિદ્ધ કરવામાં હનુમાનના જેવો બીજો કોઇ નથી. હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા રામ ! કાર્ય કરવાની શક્તિ, ઉત્તમ બુદ્ધિ, ઉદ્યોગ, શૌર્ય અને રાજનીતિનું જ્ઞાન, એ ગુણો હનુમાનમાંજ રહેલા છે. હે રઘુવીર ! જ્યાં વૃદ્ધ જાંબવાન તથા અંગદ સરખા નેતા હોય અને હનુમાન સરખો અધિષ્ઠાતા હોય ત્યાં કાર્ય સિદ્ધ કેમ ન થાય ? માટે હે અમિત પરાક્રમવાળા રામ ! હવે તમે ચિંતા કરવી મૂકી દો.[૩૩-૩૫] હે રાઘવ ! મદમસ્ત થઈ ગર્જના કરતા એ સર્વ વાનરો આ તરફ આવે છે. જો કાર્ય ન કર્યું હોય તો તેઓ આવી રીતે હર્ષભેર આવે નહિ.[૩૬] વાનરોએ મધુવન ભાંગી નાખ્યું અને મધુ—રસ પી ગયા; એથી મને નિશ્ચય થાય છે કે તેઓએ કાર્ય સિદ્ધ કર્યુંજ છે.

હનુમાનના કર્મથી ગર્વિત થયેલા તથા ગર્જના કરતા સર્વ વાનરો કિષ્કિંધાનગરીની પાસે આવી પહોંચ્યા અને જાણે સિદ્ધ થયેલું કાર્ય કહી બતાવતા હોય તેમ કિલકિલાટ શબ્દ કરવા લાગ્યા.[૩૭-૩૮] વાનરોનો શબ્દ સાંભળીને કપિરાજ સુગ્રીવ હર્ષિત થયો અને તેણે પોતાનું પુચ્છ લાંબુ કરીને માલ્યવાન પર્વતના શિખરપર રાખ્યું.[૩૯] એટલામાં રામચંદ્રનાં દર્શનની ઉત્કંઠાવાળા સર્વ વાનરો પણ હનુમાન તથા અંગદને આગળ કરીને ત્યાં આવી પહોંચ્યા;[૪૦] અને તેઓએ કપિરાજ સુગ્રીવ તથા શ્રીમાન રામચંદ્રના ચરણોમાં પ્રણામ કર્યા[૪૧] પછી મહાવીર હનુમાને રામચંદ્રના ચરણમાં મસ્તક નમાવીને નિવેદન કર્યું કે; "હે મહારાજ ! મેં સીતાનાં દર્શન કર્યાં છે, તેઓ કુશળક્ષેમ છે અને પોતાના શિયળવ્રતનું રક્ષણ કરે છે."[૪૨]

"મેં સીતાનાં દર્શન કર્યાં છે" એવું હનુમાનનું અમૃત સરખું વાક્ય સાંભળતાંજ રામ—લક્ષ્મણ અત્યંત હર્ષિત થયા.[૪૩] હનુમાન ઉપરનો સુગ્રીવનો ભરોંસો ખરો પડયો જોઇને અત્યંત પ્રસન્ન થયેલા લક્ષ્મણ સુગ્રીવને બહુ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા.[૪૪] હનુમાનનું પરાક્રમ જોઇને આનંદ પામેલા શત્રુદમન રામચંદ્ર પ્રેમ ભરી દૃષ્ટિથી હનુમાન પ્રત્યે જોઈ રહ્યા.[૪૫]

प्रीत्या च परमोपेतो राघवः परवीरहा ।
बहुमानेन महता हनूमन्तमवैक्षत ॥४५॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં ચોસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૪

સર્ગ ૬૫ મો.

સીતા વૃત્તાંત.

ततः प्रस्रवणं शैलं ते गत्वा चित्रकाननम् ।
प्रणम्य शिरसा रामं लक्ष्मणं च महाबलम् ॥१॥

વિચિત્ર વનવાળા પ્રસ્રવણ પર્વતપર જઇને અંગદાદિ વાનરોએ મહાબળવાન રામ—લક્ષ્મણને તથા સુગ્રીવને પ્રણામ કર્યા અને સીતાનું વૃત્તાંત કહેવાનો આરંભ કર્યો.[૧-૨] તેઓએ રાવણને ઘેર રોકાઇ રહેલાં અને રાક્ષસીઓના તિરસ્કારોને સહન કરતાં સતી શિરોમણી સીતાની સ્થિતિનું વર્ણન કર્યું; તેમજ સીતાનો રામચંદ્ર વિશેનો પ્રેમ તથા રાવણે તેને બે માસ સુધીજ જીવતી મૂકવાનો કરેલો અવધિ—એ સઘળું પણ કહ્યું.[૩] વાનરોના મુખથી સીતાના કુશળ સમાચાર સાંભળીને પ્રસન્ન થયેલા રામચંદ્રે પૂછયું કે;[૪] "હે વાનરો ! હાલમાં સીતાદેવી ક્યાં છે ? અને તે મારાપર કેવો સ્નેહ રાખે છે ? એ સઘળું મને સવિસ્તર કહો."[૫]

રામચંદ્રનો પ્રશ્ન સાંભળી તેનો ઉત્તર આપવા માટે સર્વ વાનરોએ સીતાનું સઘળું વૃતાંત જાણનારા હનુમાનને પ્રેરણા કરી.[૬] વાનરોના કહેવાથી પવનસુત હનુમાને જે દિશામાં સીતા હતાં તે તરફ પ્રણામ કર્યા

અને પછી સુવર્ણથી મઢેલો સીતાએ આપેલો દિવ્ય ચૂડામણિ રામચંદ્રને નિવેદન કરી હાથ જોડીને સીતાનું વૃત્તાંત કહેવા માંડ્યું.

હનુમાન કહે છેઃ—"હે રઘુવીર! સીતાનાં દર્શન કરવાની ઈચ્છાથી સો યોજનનો સમુદ્ર ઓળંગીને હું લંકાનગરીમાં ગયો. એ લંકાનગરી સમુદ્રના દક્ષિણ કીનારાપર આવેલી છે. ત્યાં રાવણની અશોકવાટિકામાં મને સીતાનાં દર્શન થયાં.[૭-૧૧] હે રામ! સીતાદેવી તમારૂં ચિંત્વન કરીનેજ પોતાનું જીવિત ધારણ કરી રહ્યાં છે. તે રાક્ષસીઓની વચ્ચે રહે છે અને બિહામણા રૂપવાળી રાક્ષસીઓ વારંવાર તેમનો તિરસ્કાર કરે છે. હે વીર! સુખ ભોગવવાને યોગ્ય એવાં સીતા તમારા વિના ત્યાં દુઃખ પામે છે.[૧૨-૧૩] સતી શિરોમણી સીતા રાવણનાં અશોક વાટિકામાં રાક્ષસીઓના રક્ષણ નીચે રહેલાં છે, તે નિરંતર તમારૂં ચિંત્વન કરે છે, તેણે મસ્તકપર વેણી ધારણ કરી છે,[૧૪] તે પૃથ્વીપર શયન કરે છે, હેમંતઋતુની કમલિનીની પેઠે તેમના શરીરનો વર્ણ ફીકો પડી ગયો છે અને રાવણને લીધે સર્વ સુખનો ત્યાગ કરીને તેમણે મરવાનો નિશ્ચય કર્યો છે.[૧૫] હે કાકુત્સ્થ! જેનું ચિત્ત તમારે વિષેજ ચોંટેલું છે એવાં સીતાને મેં મહાપ્રયત્ને શોધી કાઢયાં હતાં. હે અનઘ! મેં જ્યારે ઇક્ષ્વાકુવંશનું યશોગાન કરીને તેમને વિશ્વાસ ઉપજાવ્યો ત્યારેજ તેમણે મારી સાથે સંભાષણ કર્યું. પછી મેં તેમને અહીંના સર્વ સમાચાર કહ્યા.[૧૬-૧૭] તમારી સુગ્રીવની સાથે મૈત્રી થયેલી જાણીને તે અત્યંત હર્ષિત થયાં છે. તેમનું શિયળવ્રત તથા પ્રેમભાવ નિરંતર તમારે વિષેજ સ્થિર છે.[૧૮] હે પુરૂષર્ષભ! હે મહાભાગ! ઉગ્ર પતિવ્રતધર્મ પાળનારાં સીતાને મેં કુશળક્ષેમ જોયાં છે.[૧૯] હે મહામતિ! હે રાઘવ! ચિત્રકૂટમાં તમારી સમક્ષ કાગડા સબંધે જે વૃત્તાંત બન્યું હતું તે સઘળું તેમણે મને અભિજ્ઞાન તરીકે કહેલું છે.[૨૦] વળી તેમણે કહ્યું છે કે, "હે વાયુસુત! તું મારૂં જેવું વૃત્તાંત જુએ છે તેવુંજ રામચંદ્રને નિવેદન કરજે. મહાપ્રયત્નથી રક્ષણ કરી રાખેલો આ ચૂડામણિ શ્રીમાન રામચંદ્રને આપીને સુગ્રીવના સાંભળતાં તું તેમને કહેજે કે[૨૧-૨૨] 'હે રઘુવીર! સીતાએ અતિ યત્નથી રક્ષણ કરી રાખેલા આ ચૂડામણિને તમે ગ્રહણ કરો અને તમોએ મને મનઃશિલનું તિલક કર્યું હતું તેને સંભારો.[૨૩] હે રાઘવ! આ ચૂડામણિ મેં તમારી પાસે મોકલાવ્યો છે. તમોએ મોકલાવેલી મુદ્રિકા જોઈને હું દુઃખમાં હોવા છતાં પણ તમારાં દર્શન જેટલો આનંદ પામી છું.[૨૪] હે દશરથનંદન! હવે હું માત્ર એક માસ પર્યંત જિવિત ધારણ કરીશ. તે પછી હું જીવવાની નથી; કેમકે રાક્ષસીઓના વશમાં પડીને હું ઘણીજ રીબાઉં છું."[૨૫]

હે રામચંદ્ર! રાવણને ત્યાં રોકાઈ રહેલાં પતિવ્રતા સીતાએ મને જે કહ્યું હતું[૨૬] તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું. હે રાઘવ! હવે સો યોજનનો સમુદ્ર તરવા માટે તમે યત્ન કરો.[૨૭]

સીતાના કુશળ સમાચાર સાંભળીને ધૈર્ય પામેલા રાજપુત્ર રામલક્ષ્મણને ચૂડામણિ આપીને તથા સીતાનો સર્વ સંદેશો કહીને માર્ગમાં જે કાંઇ બન્યું હતું તે સઘળું હનુમાને યથાસ્થિત કહી સંભળાવ્યું.[૨૮]

तौ जाताश्वासौ राजपुत्रौ विदित्वा तच्चाभिज्ञानं राघवाय प्रदाय। देव्या चाख्यातं सर्वमेवानुपूर्व्याद्वाचा संपूर्णं वायुपुत्रः शशंस॥२८॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં પાંસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૫

સર્ગ ૬૬ મો.

સીતા વૃતાંત–ચૂડામણિ–રામચંદ્રનો વિલાપ.

एवमुक्तो हनुमता रामो दशरथात्मजः ।
तं मणिं हृदये कृत्वा रुरोद सहलक्ष्मणः॥१॥

હનુમાનના મુખથી સીતાનું વૃતાંત સાંભળ્યા પછી ચૂડામણિને પોતાના હૃદય સાથે ચાંપીને રામ–લક્ષ્મણ રોવા લાગ્યા.[1] આંસુ ભર્યાં નેત્રે ચૂડામણિને જોઇને શોકકર્શિત થયેલા રઘુવીર સુગ્રીવપ્રત્યે કહેવા લાગ્યા કે, "હે વાનર શ્રેષ્ઠ! જેમ વાછરડા ઉપર પ્રીતિવાળી ગાયનાં સ્તન વાછરડાને જોઇ સ્રવવા લાગે છે તેમ આ શ્રેષ્ઠ મણિને જોઈ મારૂં હૃદય પીગળે છે.[3] મારા સસરા જનક રાજાએ અમારાં લગ્ન સમયે આ દિવ્ય ચૂડામણિ સીતાને આપ્યો હતો, જે તેણે મસ્તકપર ધારણ કરેલો હોવાથી અત્યંત શોભતો હતો.[4] જળમાં ઉત્પન્ન થયેલો અને સજ્જનોએ પૂજેલો આ ચૂડામણિ પૂર્વે યજ્ઞમાં સંતુષ્ટ થયેલા ઈંદ્રે મારા સસરાને આપ્યો હતો.[5] હે સૌમ્ય! આજે આ મણિને જોતાંજ મને મારા પિતા દશરથ રાજા તથા સસરા જનક રાજા સાંભરી આવે છે.[6] અહો!! આ ચૂડામણિ મારી પ્રિયા સીતાના મસ્તકપર કેવો શોભતો હતો? આ મણિનું દર્શન થવાથી જાણે હું સીતાનું દર્શનજ પામ્યો હોઉં એમ માનું છું."[7]

એમ વિલાપ કરતાં કરતાં વળી રામચંદ્રે હનુમાન પ્રત્યે દૃષ્ટિ કરીને કહ્યું કે; "હે સૌમ્ય! જેમ મૂર્છિત થયેલા પ્રાણીને સાવધ કરવા માટે જળનું સિંચન કરવામાં આવે છે તેમ શોકથી પીડાતા મને શાંત કરવા માટે વાણી રૂપી જળ સિંચતાં સીતાએ શું શું કહ્યું છે? તે સર્વ તું મને કહે." વળી વિલાપ કરતાં કરતાં શ્રીમાન રામચંદ્રે કહ્યું કે; 'હે સૌમિત્રિ! સીતા વિનાજ એકલા અહીં આવેલા આ ચૂડામણિને હું જોઉં છું તે કરતાં બીજું વધારે દુઃખ મને શું હોય?[9] હે વીર! સીતા જો એક માસ જીવશે તો તો પછી તે ચિરકાળ સુધી જીવતી રહેશે, એમ હું માનું છું; પરંતુ હવે એ શ્યામ નેત્રવાળી સીતા વિના ક્ષણવાર પણ હું જીવી શકું એમ નથી."[10]

પુનઃ પણ રામચંદ્રે હનુમાન પ્રત્યે કહ્યું કે; "હે કપિવર! તેં મારી પ્રિયાને જ્યાં જોઇ હોય ત્યાં તું મને સત્વર લઇ જા; કેમકે તેના સમાચાર જાણ્યા પછી હવે હું ક્ષણવાર પણ રહી શકીશ નહિ.[11] અરે, અત્યંત બ્હીકણ સ્વભાવવાળી મારી પ્રિયા સીતા ભયંકર દેહવાળી રાક્ષસીઓના ટોળાંમાં કેવી રીતે રહેતી હશે?[12] જેમ કલંક રહિત થવા છતાં શરદ્ઋતુનો ચંદ્ર વાદળોથી ઘેરાઈ જવાને લીધે શોભતો નથી તેમ સાંપ્રતમાં સીતાનું મુખ શોક છાયાવડે છવાઇ જવાને લીધે શોભતું નહિ હોય.[13] હે હનુમાન! જેમ રોગી મનુષ્ય ઓષધના ટેકાથી જીવે છે તેમ હું સીતાનું વૃતાંત સાંભળીને જીવીશ; માટે સીતાએ જે કંઈ કહાવ્યું હોય તે સઘળું તું મને યથાર્થ રીતે કહે.[14] હે હનુમાન! મારાથી વિખૂટી પડેલી, મધુર ભાષણ કરનારી અને સુંદર સ્વરૂપવાળી સીતાએ તને શું કહ્યું છે? તે મને કહે. અરે, ઉપરા ઉપરી આવી પડતાં દુઃખોથી પીડાતી તે કેમ કરી જીવે છે?"[15]

मधुरा मधुरालापा किमाह मम भामिनी । मद्विहीना वरारोहा हनुमन्कथयस्व मे ॥ दुःखा-दुःखतरं प्राप्य कथं जीवति जानकी ॥१६॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં છાસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૬

સર્ગ ૬૭ મો.

સીતાવૃત્તાંત–અભિજ્ઞાન કથન.

एवमुक्तस्तु हनुमान्राघवेण महात्मना ।
सीताया भाषितं सर्वं न्यवेदयत राघवे ॥१॥

મહાત્મા રામચંદ્રનાં વચન સાંભળીને કપિવર હનુમાન સીતાએ જે કંઈ કહ્યું હતું તે સઘળું તેમની આગળ કહેવા લાગ્યો.[1]

હનુમાન કહે છે:–"હે પુરૂષર્ષભ ! પૂર્વે ચિત્રકૂટ પર્વતમાં બનેલું એક વૃત્તાંત સીતાએ મને યથાર્થ રીતે કહેલું છે.[2] તે એ કે એક સમયે તમારી સાથે સુખપૂર્વક સૂતેલાં સીતા કેટલીકવારે તમારાથી પ્રથમ જાગીને બેઠાં થયાં ત્યારે એક કાગડાએ આવી તેમના સ્તન ઉપર ચંચુપ્રહાર કર્યો.[3] હે ભરતાગ્રજ ! તમે જ્યારે સીતાના ખોળામાં મસ્તક મૂકીને સૂઈ ગયા ત્યારે એ કાગડો વારંવાર સીતાને પીડવા લાગ્યો.[4] કાગડાએ ઉડી ઉડીને સીતાના સ્તન ઉપર ઘણાક ચંચુપ્રહાર કર્યા; જેથી તેમના સ્તનમાંથી રૂધિર વહેવા માંડયું. હે રામ ! એ રૂધિરનો ઉષ્ણસ્પર્શ થવાથી તમે જાગી ઉઠયા.[5] હે પરંતપ ! તમે કે જે સુખે સૂતેલા હતા તેને કાગડાથી અત્યંત પીડાયેલાં સીતાએ જગાડ્યા.[6] હે રઘુવીર ! હે મહાબાહુ ! સીતાના સ્તનપ્રદેશમાં ઘાવ પડેલા જોઇને ઝેરી સર્પની પેઠે ક્રોધ પામેલા તમોએ સીતાને કહ્યું કે;[7] "હે ભીરૂ ! તારા સ્તન ઉપર કોણે નખક્ષત કર્યા છે ? અરે, પાંચ ફણાવાળા ઝેરી સર્પની સાથે કોણ ક્રીડા કરે છે ?"[8] એમ કહીને તમોએ ચોતરફ દૃષ્ટિ કરી તો પેલો કાગડો તમારા જોવામાં આવ્યો. એ કાગડાના નખ રૂધિરથી ખરડાયેલા હતા અને તે સીતાની સામે બેઠેલો હતો. એ કાગડાની ગતિ વાયુના જેવી હતી અને તે ઈંદ્રનો પુત્ર હતો. તમને જાગ્રત થયેલા જોયા કે તરતજ તે દુષ્ટાત્મા ત્યાંથી ઉડયો.[9-10] હે મહાબાહુ ! હે ઉત્તમ બુદ્ધિવાળા રામ ! પછી ક્રોધ ચડવાને લીધે તમોએ તે કાગડાઉપર ક્રૂર દૃષ્ટિ ફેંકી;[11] અને આસનમાંથી એક દર્ભની સળી કહાડીને તેમાં બ્રહ્માસ્ત્રની યોજના કરી. પછી પ્રલયાગ્નિની પેઠે સળગી ઉઠેલી એ દર્ભની સળીને તમોએ પેલા કાગડા ઉપર ફેંકી, એટલે તે સળી તેની પાછળ પડી.[12-13] પ્રજ્વલિત દર્ભની સળીને જોઇને ગભરાઈ ગયેલો કાગડો પ્રાણ બચાવવા માટે દેવોની આગળ ગયો; પરંતુ તમારા ભયને લીધે દેવોએ તેનું રક્ષણ કર્યું નહિ. તે કાગડો ત્રણે લોકમાં ફરી વળ્યો, પણ તેને કોઈ રક્ષણ કરનાર મળ્યું નહિ.[14] હે અરિંદમ ! છેવટે થાકીને તે પુન: તમારે શરણે આવ્યો અને પૃથ્વીપર પડી તમને પ્રણામ કરવા લાગ્યો.[15] હે કાકુત્સ્થ ! જો કે તે કાગડો વધ કરવા યોગ્ય હતો તોપણ તેનાપર દયા લાવીને તમોએ તેને જીવતો મૂકયો, અને પોતાનું અસ્ત્ર વૃથા ન થાય એટલા માટે તમોએ તેની એકજ આંખ ફોડી. પછી તમને તથા તમારા પિતા દશરથ રાજાને પ્રણામ કરીને એ કાગડો પોતાના સ્થાનમાં ગયો."

હે રામચંદ્ર ! અભિજ્ઞાન તરીકે ઉપર્યુક્ત વાયસનું વૃત્તાંત કહીને સીતાએ તમને કહાવ્યું છે કે; "હે રાઘવ ! તમે અસ્ત્રવિદ્યા જાણનારાઓમાં શ્રેષ્ઠ છો, બળવાન છો, ઉત્તમ શૌર્યવાળા છો છતાં રાક્ષસો ઉપર શસ્ત્રાસ્ત્ર કેમ ચલાવતા નથી ? હે રામ ! દેવતાઓ, ગંધર્વો, અસુરો અને મરૂદ્ગણો પેલા કાગડાની પેઠે તમારી સામે યુદ્ધમાં ઉભા રહેવાને સમર્થ નથી. માટે હે સ્વામિન્ ! જો તમારી મારે વિશે કંઇ પણ પ્રીતિ હોય તો તમે પોતાનાં તીક્ષ્ણ બાણોવડે સંગ્રામમાં રાવણને હણો અને મને દુ:ખમાંથી છોડાવો. અરે, શત્રુઓને તપાવનારા મારા દીયરજી મહાત્મા લક્ષ્મણ પણ પોતાના મોટાભાઈની આજ્ઞા લઇને મને આ દુ:ખમાંથી કેમ છોડાવતા નથી ? અરે, અગ્નિ અને વાયુ સરખા પ્રભાવવાળા એ બન્ને ભાઇઓ દેવતાઓથી પણ જીતાવા અશક્ય છે, છતાં તેઓ મારી ઉપેક્ષા કેમ કરે છે ? અરે,

તેઓ મહાસમર્થ છતાં મારૂં રક્ષણ કરતા નથી, એથી મને લાગે છે કે નક્કી મારે મારા પૂર્વજન્મનું કંઈક દુષ્કૃત ભોગવવાનું હજી બાકી હશે."

હે રઘુવીર ! સીતાનું એવું કરૂણ વચન સાંભળીને,[૧૬-૨૪] મેં તેમને પુનઃ પણ કહ્યું કે; હે દેવિ ! હું સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તમારા વિયોગના શોકને લીધે રામચંદ્ર અત્યંત ઉદ્વિગ્ન થઈ રહ્યા છે.[૨૫] રામચંદ્રને દુઃખી જોઇને લક્ષ્મણ પણ સંતાપ પામે છે. હે દેવિ ! મહાપ્રયત્ને હું તમારાં દર્શન પામ્યો છું. હવે તમારે શોક કરવો યોગ્ય નથી.[૨૬] હે ભામિનિ ! હવે અલ્પ સમયમાંજ તમારા દુઃખનો અંત આવશે. હે સીતા ! બન્ને રાજપુત્રો તમને પ્રાપ્ત કરવા માટે આખી લંકાનગરીને બાળીને ભસ્મ કરશે અને રાવણને તેના બંધુવર્ગસહિત હણીને તમને અયોધ્યા લઈ જશે. હે સીતા ! હવે હું રામચંદ્રની પાસે જાઉં છું; તમે મને કંઈ એવી નિશાની આપો કે જેને રામચંદ્ર સારી રીતે ઓળખી શકે અને જે જોઇને તેઓ અત્યંત પ્રસન્ન થાય."

"હે મહાબળવાન રામ ! મેં એવી માગણી કરી ત્યારે સીતાએ ચોતરફ નજર કરી જોયું અને મસ્તકપર વેણીમાં બાંધવા યોગ્ય આ ચૂડામણિ એક વસ્ત્રના છેડેથી છોડીને મને આપ્યો. હે રઘુનંદન ! તમને નિશાની તરીકે આપવા માટે બન્ને હાથે તે ગ્રહણ કરીને મેં સીતાને પ્રણામ કર્યા અને આ તરફ આવવાને હું તૈયાર થયો. એ વેળા મેં મારા દેહને મોટો કર્યો. એ જોઇને શોકાવેશમાં આવેલાં જનકનંદિની સીતાએ ગદ્ગદ્ કંઠે મને કહ્યું કે; "હે મહાકપિ ! ખરેખર, તુંજ મહાભાગ્યવાન છે.[૨૭-૩૪] કેમકે કમળ સરખાં નેત્રવાળા મહાબાહુ રામચંદ્રને તથા યશસ્વી એવા મારા દીયર લક્ષ્મણને તું જોવા પામીશ."[૩૫] સીતાનાં વચન સાંભળીને મેં તેમને કહ્યું કે; હે દેવિ ! હે જનકનંદિનિ ! ચાલો, ત્યારે તમે મારી પીઠપર બેસી જાઓ; એટલે હું લક્ષ્મણ તથા સુગ્રીવસહિત તમારા સ્વામી રામચંદ્રનાં તમને દર્શન કરાવું.[૩૬-૩૭] મારૂં વચન સાંભળીને સીતાએ કહ્યું કે; "હે કપિવર ! હું મારી સ્વેચ્છાથી તારી પીઠપર બેસું એ ધર્મયુક્ત કહેવાય નહિ; કેમકે પરપુરૂષનો સ્પર્શ કરવો એ સતી સ્ત્રીને યોગ્ય નથી.[૩૮] હે વીર ! પૂર્વે જ્યારે મારા અંગને રાવણનો સ્પર્શ થયો ત્યારે હું પરતંત્ર હતી. એટલે એ સમયે હું શું કરી શકું ?[૩૯] માટે હે કપિશાર્દૂલ ! જ્યાં રામ–લક્ષ્મણ છે ત્યાં તુંજ ઉતાવળે જા." એટલું કહીને વળી તેમણે મને સંદેશો કહેવા માંડયો કે;[૪૦] હે હનુમાન ! અહીંથી જઇને તું સિંહ સરખા પરાક્રમી રામ–લક્ષ્મણને તથા બંધુવર્ગ સહિત સુગ્રીવને મારા કુશળ સમાચાર કહેજે.[૪૧] વળી મહા બળવાન રામચંદ્ર આ દુઃખ સાગરમાંથી સત્વર મારો ઉદ્ધાર કરે એ માટે પણ સારી રીતે કહેજે.[૪૨] વળી હે હરિપ્રવીર ! મને થતો તીવ્ર શોક અને રાક્ષસીઓથી થતો મારો તિરસ્કાર એ સઘળું તું રામચંદ્રને કહેજે. હે હનુમાન ! તારો માર્ગ તને સુખરૂપ થાઓ.[૪૩]

હે રામચંદ્ર ! શ્રેષ્ઠ પતિવ્રત પાળનારાં તમારાં પત્ની સીતાએ એ પ્રમાણે ખેદપૂર્વક મને કહ્યું હતું. હે રઘુવીર ! પતિવ્રતાઓમાં અગ્રણી સીતા સંપૂર્ણ કુશળ–ક્ષેમ છે, એ તમે નિશ્ચય જાણો."[૪૪]

एतत्तवार्या नृप संयता सा सीता वचः प्राह विषादपूर्वम् । एतच्च बुद्ध्वा गदितो यथा त्वं श्रद्धत्स्व सीतां कुशलां समग्राम् ॥४४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં સડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૭

सर्ग ६८ मो.

સીતા વૃત્તાત–તેણે કહેવડાવેલો સન્દેશો.

अथाहमुत्तरं देव्या पुनरुक्तःससंभ्रमम् ।
तव स्नेहान्नरव्याघ्र सौहार्दादनुमान्य च॥१॥

હનુમાન કહે છે કે:–"હે નરવ્યાઘ્ર! હું જ્યારે આ તરફ આવવાને તૈયાર થયો ત્યારે સીતાએ સ્નેહ તથા સુહૃદ્ભાવને લીધે મારો સત્કાર કરીને કહ્યું કે;[1] "હે હનુમાન! તું દશરથનંદન રામચંદ્રને ઘણા આગ્રહપૂર્વક કહેજે કે સંગ્રામમાં રાવણનો નાશ કરીને તેઓ મને સત્વર તેડી જાય.[2] હે અરિંદમ! જો તને ઠીક લાગતું હોય તો તું આજનો દિવસ અહીંયાં કોઇક ગુપ્ત સ્થળમાં રહી વિશ્રાંતિ લઇ કાલે જજે.[3] હે વાનરવર! હું કે જે અલ્પ ભાગ્યવાળી છું તેને તું પાસે રહેવાથી થોડીપણ શાંતિ વળશે.[4] હે પરાક્રમી! તું રામચંદ્રની પાસે જઇને પાછો અહીંયાં આવે ત્યાં સુધી મારા પ્રાણ રહેશે કે નહિ એ વાતનો મને મોટો સંદેહ રહે છે.[5] હે વાયુસુત! હું કે જે ઉપરા ઉપરી આવી પડતાં દુઃખોથી પીડાઉં છું તેને તારો વિયોગ થવાથી અધિક સંતાપ થશે.[6] હે વીર! તારી સહાય હોવા છતાં પણ વાનર સૈન્ય માટે મારા મનમાં આ એક મોટો સંદેહ રહે છે કે[7] રીંછ અને વાનરોનું સૈન્ય તથા રાજપુત્ર રામ–લક્ષ્મણ એ સૌ આ દુષ્પાર મહોદધિને કેમ કરી તરી શકશે?[8] હે અનઘ! સમુદ્ર ઓળંગવાની શક્તિ તો તું, ગરૂડ અને વાયુ એ ત્રણ જણાજ ધરાવો છો.[9] હે વીર! હે વાગ્વિદાંવર! આવું કઠિન કાર્ય સિદ્ધ કરવામાં તું શો ઉપાય શોધી શકે એમ છે, તે વિચારીને મને કહે.[10] હે શત્રુમર્દન! તારૂં પરાક્રમ યશસ્વી નિવડયું છે, એથી હું તો ધારૂં છું કે આ કાર્ય સિદ્ધ કરવામાં તું એકલોજ સમર્થ છે,[11] અરે, જો રામચંદ્ર અહીંયાં આવી રાવણને મારી, વિજય મેળવી મને લઈ જાય તો તેમની કીર્તિને ઝાંખપ લાગશે નહિ.[12] જેવી રીતે રાક્ષસોનો રાજા રાવણ શૂરવીર એવા રામચંદ્રથી ડરીને મને કપટથી છાનો માનો હરી લાવ્યો છે તેવી રીતે રામચંદ્રે કરવું યોગ્ય નથી.[13] તેમણે તો વાનર સેનાસહિત અહીં આવી, લંકાને ઉજ્જડ વેરાન સરખી કરી તથા પોતાનું પરાક્રમ દર્શાવી મને તેડી જવી ઘટે છે.[14] હે હનુમાન! સંગ્રામ કુશળ એવા મહાત્મા રામચંદ્રના પરાક્રમને છાજે એવું કાર્ય તારે તેમના હાથે કરાવવું જોઇએ."[15]

"હે રામ! સીતાનું વચન સાંભળી મેં કહ્યું કે[16] હે દેવિ! રીંછ અને વાનરોની સેનાના રાજા મહા પરાક્રમી સુગ્રીવે રાવણનો વધ કરી તમને છોડવવાનો નિશ્ચય કર્યો છે.[17] સુગ્રીવની આજ્ઞા પ્રમાણે વર્તનારા અસંખ્યાત કપિઓ ત્યાં એકઠા થયા છે. તેઓ સર્વ અત્યંત પરાક્રમવાળા, મહાન બળવાળા, મનના સરખા વેગવાળા અને અમાપ તેજવાળા છે. તેઓની ગતિ ક્યાંય પણ રોકાતી નથી. તેઓ ગમે તેવાં કઠિન કાર્યોમાં પણ મુંઝાતા નથી;[18-19] તથા તેઓએ કેટલીએ વાર આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી છે.[20] હે દેવિ! સુગ્રીવની પાસે રહેનારા સઘળા વાનરો મારા જેવા અને કેટલાક તો વળી મારાથી પણ અધિક બળવાળા છે. મારાથી નબળો તો કોઈ છેજ નહિ.[21] હે સીતા! તમે વિચાર તો કરો કે સૌથી ઓછા બળવાળો હું જ્યારે અહીં સુધી આવી શક્યો ત્યારે મહાબળવાળા વાનરો અહીંયાં કેમ નહિ આવી શકે? એ તો રિવાજ છે કે અત્યંત બળવાળા પુરૂષને દૂત તરીકે મોકલવામાં આવતા નથી; પણ ઓછા બળવાળાનેજ દૂત તરીકે મોકલાય છે.[22] માટે હે દેવિ! હવે શોક ન કરો! ચિંતાનો ત્યાગ કરો! સઘળા વાનરો એકે કૂદકે લંકામાં આવી પડશે.[23] હે મહા ભાગ્યવતી! પુરૂષોમાં સિંહ સરખા પરાક્રમી અને સૂર્ય–ચંદ્ર સરખી કાંતિવાળા રામ–લક્ષ્મણને હું મારી પીઠપર

બેસાડીને તમારી પાસે લાવીશ.[૨૪] હે દેવિ ! હવે તમે શોકનો ત્યાગ કરો. હવે અલ્પ સમયમાંજ ધનુષ્ય ધારણ કરનારા શત્રુદમન રામ—લક્ષ્મણને તમે લંકાનગરીના દ્વાર આગળ આવેલા જોશો.[૨૫] તેમજ નખ તથા દાઢોરૂપી આયુધોવાળા, સિંહ અને શાર્દૂલ સરખા પરાક્રમવાળા તથા હસ્તી સરખી કાયાવાળા અનેક વાનરોને એકત્ર થયેલા જોશો.[૨૬] હે દેવિ! આ લંકાનગરીના મલયાચલપર ચઢી આવી મેઘની પેઠે ગર્જના કરતા બળવાન વાનરોના હોંકાટા હવે થોડા સમયમાંજ તમારે કર્ણે પડશે,[૨૭] અને વનવાસનો અવધિ પૂરો થયા પછી શત્રુદમન રામચંદ્રને તમારી સાથે રાજ્યાભિષિકત થયેલા પણ તમે સત્વર જોશો."[૨૮]

"હે રઘુવીર ! તમારા વિયોગના શોકને લીધે અત્યંત પીડાતાં સતી શિરોમણી સીતાનું મેં બીજાં પણ કેટલાંક પ્રિય વચનો કહીને આશ્વાસન કર્યું; જેથી તેમને કાંઇક શાંતિ વળી."[૨૯]

ततो मया वाग्भिरदीनभाषिणी शिवा भिरिष्टाभिरभिप्रसादिता । जगाम शान्तिं मम मैथिलात्मजा तवातिशोकेन तथातिपीडिता॥२९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં અડસઠમો સર્ગ સંપૂર્ણ. ૬૮

समाप्तमिदं सुन्दरकाण्डम् ।

रा मा य ण

६-युद्धकाण्ड.

ॐ

आदिकवि श्रीवाल्मीकिमुनिप्रणीत

राम यण

६-युद्धकाण्ड.

सर्ग १ लो.

રામે કરેલી હનુમાનની પ્રશંસા.

श्रुत्वा हनुमतो वाक्यं यथावदभिभाषितम् ।
रामः प्रीतिसमायुक्तो वाक्यमुत्तरमब्रवीत् ॥१॥

હનુમાનના મુખથી સીતાનું યથાર્થ વૃત્તાંત સાંભળીને પ્રસન્ન થયેલા રામચંદ્ર પ્રીતિયુક્ત વચન કહેવા લાગ્યા.[1] "હે વાનરો! આ હનુમાને અતિ મોટું અને દુર્લભ કાર્ય કર્યું છે કે જે બીજાથી તો મનવડે પણ થઇ શકે એમ નથી.[2] ગરૂડ, વાયુ અને હનુમાન એ ત્રણ સિવાય સમુદ્રને તરનારો કોઇ પણ મારા જોવામાં આવ્યો નથી.[3] અહો! રાવણે રક્ષણ કરેલી લંકાનગરીમાં પ્રવેશ કરવાને દેવતાઓ, ગંધર્વો, ઉરગો, યક્ષો અને દાનવો પણ સમર્થ નથી. ત્યાં બીજાનું તો ગજુંજ શું?[4] વળી પોતાના બળના આશ્રયથી લંકામાં પ્રવેશ કર્યા પછી પણ જીવતો બહાર નીકળી આવે એવો આ જગતમાં કોણ છે? બળ અને પરાક્રમમાં જે હનુમાનના જેવો ન હોય તેનાથી તો લંકામાં પ્રવેશજ કેમ કરી શકાય? અહો! લંકામાં જઇ પોતાના બળ અને પરાક્રમને છાજતું કાર્ય કરીને આ હનુમાને સુગ્રીવ પ્રત્યેનો પોતાનો ખરેખરો સેવકધર્મ બજાવ્યો છે.[5-6] જે સેવક પોતાના સ્વામીએ સોંપેલું કાર્ય કરીને, તે કાર્યને બાધ ન કરે એવું અન્ય કાર્ય પણ કરે છે તે સેવક ઉત્તમ ગણાય છે.[7] સ્વામીએ કાર્ય કરવાની

આજ્ઞા આપી હોય અને પોતે કાર્ય કરવામાં સમર્થ હોય, છતાં જે સેવક સ્વામીનું અધિક હિત થાય એવું કાર્ય કરતો નથી તે મધ્યમ કહેવાય છે.[૮] સ્વામીએ કાર્ય સોંપ્યું હોય અને પોતે કાર્ય કરવામાં સમર્થ હોય છતાં જે સેવક એકાગ્ર ચિત્તે સોંપેલું કાર્ય પણ કરતો નથી તે અધમ ગણાય છે.[૯] હે વાનરો ! આ હનુમાને રાક્ષસોથી જરા પણ પરાભવ ન પામતાં પોતાના સ્વામીએ જે કાર્ય સોંપ્યું હતું તે સારી રીતે બજાવ્યું છે, એટલુંજ નહિ પણ તે કરતાં તેણે અધિક હિતવાળું કાર્ય કર્યું છે. આ હનુમાન રાક્ષસોથી લેશ પણ પરાભવ પામ્યો નથી અને તેણે સુગ્રીવને સંતુષ્ટ કર્યો છે માટે તે ઉત્તમ વર્ગનો સેવક છે.[૧૦] આ હનુમાને સીતાની શોધ મેળવીને મારી, લક્ષ્મણની, સીતાની અને આખા રઘુવંશની રક્ષા કરી છે.[૧૧] હે વાનરો ! મારી પ્રિયા સીતાનો સંદેશો લાવીને આ હનુમાને મારૂં જે પ્રિય કર્યું છે તેનો યોગ્ય બદલો વાળવાને હું સમર્થ નથી; એથી મારા મનમાં ઘણોજ સંતાપ થાય છે.[૧૨] આ સમયે સર્વ ભૂત પ્રાણીઓને પ્રિય એવા મારા દેહથી હું મહાત્મા હનુમાનને આલિંગન માત્રજ આપું છું."[૧૩]

એ પ્રમાણે કહીને હર્ષને લીધે પુલકિત થયેલા રઘુવીરે કૃતકૃત્ય થઈ આવેલા હનુમાનને આલિંગન આપ્યું અને જરા વિચાર કરીને સુગ્રીવાદિ સર્વ વાનરોના સાંભળતાં કહ્યું કે;[૧૪-૧૫] "હે હનુમાન ! તેં સીતાની શોધ કરી એ ખરેખર ઉત્તમ કાર્ય કર્યું છે; પરંતુ સો યોજનના સમુદ્ર તરફ દૃષ્ટિ કરતાં મારૂં મન ભાંગી જાય છે.[૧૬] મને વિચાર થાય છે કે એકત્ર થયેલા આ સર્વ વાનરો દુસ્તર મહોદધિને તરીને સામી પાર શી રીતે જઈ શકશે ?[૧૭] હે વાયુપુત્ર ! તેં મને સીતાનું વૃત્તાંત કહ્યું; પણ આ વાનરોને સમુદ્ર પાર કેવી રીતે લઇ જવા એ સંબંધે તું શો વિચાર જણાવે છે ?"[૧૮] કપિવર હનુમાનને એટલું કહી શોકને લીધે હતચિત્ત થયેલા શત્રુમર્દન રઘુવીર વિચારમગ્ન થઈ ગયા.[૧૯]

इत्युक्त्वा शोकसंभ्रान्तो रामः शत्रुनिबर्हणः।
हनुमन्तं महाबाहुस्ततो ध्यानमुपागमत् ॥१९॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં પહેલો સર્ગ સંપૂર્ણ. ૧

સર્ગ ૨ જો.

સુગ્રીવનાં વચનો-યુદ્ધ માટેનો ઉત્સાહ.

तं तु शोकपरिद्यूनं रामं दशरथात्मजम् ।
उवाच वचनं श्रीमान्सुग्रीवः शोकनाशनम् ॥१॥

દશરથ નંદન રામચંદ્રને શોકને લીધે ઉદ્વિગ્ન થયેલા જોઇને સુગ્રીવે એ શોકનો નાશ કરે એવું વચન કહ્યું કે;[૧] "હે વીર ! તમે સાધારણ મનુષ્યની પેઠે સંતાપ શા માટે કરો છો ? તમારે એમ કરવું યોગ્ય નથી. હે રામ ! જેમ કૃતઘ્ની માણસ મૈત્રીનો ત્યાગ કરે છે તેમ તમે સંતાપનો ત્યાગ કરો.[૨] હે રાઘવ ! આપણને સીતાની ભાળ મળી છે અને રાવણના નિવાસસ્થાનની ખબર પડી છે તો હવે તમારે સંતાપ કરવાનું કંઈ પણ કારણ નથી.[૩] હે રઘુવીર ! તમે તીક્ષ્ણ બુદ્ધિવાળા, વિચારવાન, શાસ્ત્રજ્ઞ, ભાવિ અર્થને જાણનારા અને પંડિત છો, માટે જેમ યોગી પુરૂષ પોતાના ઈષ્ટ અર્થને દૂષિત કરનારી વિષયવાસનાનો ત્યાગ કરે છે તેમ તમે પ્રાકૃત બુદ્ધિનો ત્યાગ કરો.[૪] મોટા મગરમત્સ્યોથી ભરેલા મહોદધિને ઓળંગીને અમે સર્વ વાનરો લંકાનગરીના કિલ્લાપર ચઢી જઇશું અને તમારા શત્રુનો નાશ કરશું. તમારે લેશપણ ચિંતા કરવી નહિ.[૫] હે રાઘવ !

निरुत्साहस्य दीनस्य शोकपर्याकुलात्मनः
सर्वार्था व्यवसीदन्ति व्यसनं चाधिगच्छति॥

જે પુરૂષ ઉત્સાહરહિત હોય, દીનપણું ભોગવતો હોય તથા શોકથી વ્યાકુળ હોય તે પુરૂષના સઘળા અર્થોનો નાશ થાય છે અને અંતે તે મહા દુઃખમાં આવી પડે છે.[૬]

હે રામ ! શૂરવીર અને સમર્થ એવા આ સર્વ વાનરો તમારૂં પ્રિય કરવામાં એટલો તો ઉત્સાહ ધરાવે છે કે તેઓ તમારે અર્થે અગ્નિમાં પ્રવેશ કરવાને પણ તૈયાર છે ! હે રામ ! હવે તો અમે સૌ તમારા શત્રુ પાપાત્મા રાવણને હણીને સ્વપરાક્રમ વડે સીતાને પાછાં લાવીએ એવો તમારે ઉત્સાહ આપવો ઘટે છે.[૮] હે રાઘવ ! સો યોજનના સમુદ્ર ઉપર સેતુ બંધાય અને અમે સત્વર રાવણની લંકાનગરીને જોવા પામીએ એવો પ્રયત્ન તમારે કરવો જોઇએ.[૯] ત્રિકૂટાચળના શિખરપર વસેલી લંકાનગરી અમારી દૃષ્ટિએ પડી એટલે તો તમારે નિશ્ચય જાણવું કે યુદ્ધમાં રાવણનો વિનાશ થઈ ચૂકયોજ છે ![૧૦] હે રામ ! જો ભયંકર જળવાળા સમુદ્ર ઉપર સેતુ બંધાય નહિ તો હું ધારૂં છું કે ઇંદ્રાદિ દેવો અને અસુરોથી પણ લંકાનગરીપર વિજય મેળવાય નહિ.[૧૧] હે રામ ! લંકાદ્વીપમાં પહોંચાય ત્યાં સુધી જો સમુદ્રપર સેતુ બાંધવામાં આવે અને તે પર થઇને મારૂં સૈન્ય ત્યાં પહોંચી જાય તો તમારે આપણો વિજયજ ધારી મૂકવો. અત્રે એકઠા થયેલા સબળા વાનરો અત્યંત શૂરવીર અને ઇચ્છિત રૂપ ધરનાર છે.[૧૨] હે રાજપુત્ર ! સર્વ અર્થનો નાશ કરનારી આ વિહ્વલતાનો તમે ત્યાગ કરો. આ લોકમાં શોક કરવાથી પુરૂષનું શૌર્ય નષ્ટ થાય છે.[૧૩] હે રઘુવીર ! મનુષ્યોએ જે શૌર્યયુક્ત કાર્ય કરવાનું છે તેનું તમે અવલંબન કરો. શૌર્યયુક્ત કાર્ય કર્તા પુરૂષને સત્વર શોભાવે છે.[૧૪] હે મહાપ્રાજ્ઞ ! આ સમયે તમે પોતાના તેજવડે સ્વપરાક્રમનો આશ્રય કરો. તમારા સરખા શૂરવીર અને મહાત્મા પુરૂષોએ તો સીતાના સરખા કોઇ પ્રિયજનનો વિયોગ થવાથી કે દશરથરાજાના સરખા કોઇ સંબંધીનું મરણ થવાથી પણ શોક કરવો યોગ્ય નથી. શોક સર્વ અર્થોનો નાશ કરે છે.[૧૫] હે રાઘવ ! તમે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છો; અને સર્વ શાસ્ત્રોના તત્વને જાણનારા છો; તેથી હાલમાં મારા સરખા સહાયકો સાથે રાખીને તમારે શત્રુને જીતવા તત્પર થવું ઘટે છે.[૧૬] હે રામ ! આખા ત્રિભુવનમાં એવો કોઇ પણ મારા જોવામાં નથી કે જે સંગ્રામમાં ધનુષ્ય ધારણ કરી ઉભેલા તમારી સામે આવીને ઉભો રહે.[૧૭] હે રાઘવ ! અમોને સોંપેલું તમારૂં કાર્ય કદીપણ બગડશે નહિ. તમે અપાર એવા મહોદધિનું ઉલ્લંઘન કરીને હવે સત્વર સીતાને જોશો.[૧૮] હે રાજકુમાર ! હવે તમે શોક કરવો મૂકી દો અને શત્રુઓ ઉપર ક્રોધ ધારણ કરો. જે ક્ષત્રિઓ શત્રુ ઉપર ક્રોધ કરતા નથી તેઓ શત્રુઓથી પરાભવ પામે છે; અને જે ક્ષત્રિયો ક્રોધ ધારણ કરે છે તેનાથી સર્વ પ્રાણિઓ ડરતાં રહે છે.[૧૯] હે રઘુવીર ! સર્વ વાનરોની સાથે મળીને, તમે ભયંકર મહાસાગરનું ઉલ્લંઘન કરવા સંબંધે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરો.[૨૦] ત્યાં ગયા પછી તો મારી સેનાએ જય મેળવ્યો જ છે એમ તમારે નિશ્ચય માનવું.[૨૧] ઇચ્છિત રૂપ ધરનારા અને શૂરવીર એવા આ વાનરો લંકામાં જઈ શિલાઓ તથા વૃક્ષો વરસાવીને તમારા શત્રુઓનો સંહાર કરશે.[૨૨] હે શત્રુમર્દન ! જો કોઈપણ ઉપાયે કરી આપણે સમુદ્ર ઓળંગી જઇએ તો પછી રાવણ મુવોજ પડયો છે.[૨૩] હે રામચંદ્ર વધારે કહેવાની શી જરૂર છે ? સર્વથા તમારો વિજયજ છે. મને હાલમાં શુભ શકુન જણાય છે અને મારા મનમાં પણ અત્યંત હર્ષ થાય છે."[૨૪]

किमुक्त्वा बहुधा चापि सर्वथा विजयी भवान् ।
निमित्तानि च पश्यामि मनो मे संप्रहृष्यति२४

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં બીજો સર્ગ સંપૂર્ણ ૨.

સર્ગ ૩ જો.

લંકાનો કીલ્લો, આયુધો અને સૈન્યનું હનુમાને કરેલું વર્ણન.

सुग्रीवस्य वचः श्रुत्वा हेतुमत्परमार्थवित् ।
प्रतिजग्राह काकुत्स्थो हनूमन्तमथाब्रवीत् ॥१॥

સુગ્રીવનાં હેતુયુક્ત અને યથાર્થ વચન સાંભળીને રામચંદ્રે તેનો સ્વીકાર કર્યો. પછી તેમણે હનુમાનને પૂછ્યું કે,[1] "હે હનુમાન! હું મારા સંકલ્પ બળવડે સેતુ-બાંધીને કિંવા તેનું શોષણ કરીને મહોદધિને ઉલ્લંઘવાને સમર્થ છું,[2] પરંતુ જેમાં કોઇથી પણ પ્રવેશ ન થઈ શકે એવી લંકાનગરીને કેટલા દુર્ગ છે એ હું જાણવા ઇચ્છું છું. માટે તું એવી રીતે કહે કે જાણે હું લંકાને પ્રત્યક્ષ જોતો હોઉં એવો મને અનુભવ થાય.[3] હે કપિવર! તું સર્વ કાર્યોમાં કુશળ છે અને તેં લંકામા જઇ ધ્યાન પૂર્વક સઘળું જોયું છે, માટે તું મને યથાર્થ કહે કે રાવણનું સૈન્ય કેટલું છે? લંકાના દરવાજા અને કીલ્લાઓની રચના કેવી છે? લંકાનું રક્ષણ કરવા માટે તેના કીલ્લાઓ ઉપર યન્ત્રાદિ સાધનો સહિત આયુધો કેવી રીતે ગોઠવી રાખેલાં છે? અને લંકામાં રાક્ષસોનાં મંદિરોની રચના કેવી છે?"[૪-૫]

રામચંદ્રનું વચન સાંભળી વાક્ચતુરોમાં અગ્રણી મારૂતસુત હનુમાને કહ્યું કે,[૬] "હે રઘુવીર! ઉત્તમ દુર્ગરચનાવડે લંકાનગરી કેવી સુરક્ષિત છે તે હું કહું છું તે સાંભળો. રાવણની સેના લંકાનું કેવી રીતે રક્ષણ કરે છે? રાક્ષસો રાવણપર કેવી પ્રીતિ ધરાવે છે? રાવણના તેજથી લંકાની સમૃદ્ધિ કેવી આબાદ થયેલી છે? સમુદ્ર કેવો ભયંકર છે? રાવણે પોતાના સૈન્યોની કેવી કેવી ટુકડીઓ બાંધેલી છે? અને તેનાં વાહનો કેવાં તથા કેટલાં છે? એ સઘળું હું કહું છું તે સાંભળો.[૭-૮]" એ પ્રમાણે રામચંદ્રને સાવધ કરીને કપિશ્રેષ્ઠ હનુમાન તે સઘળું યથાર્થ રીતે કહેવા લાગ્યો.[૯]

"હે રાઘવ! લંકાનગરી મદમત્ત હસ્તીઓથી તથા રથોથી ભરેલી છે, અતિ વિશાળ છે અને તેમાં દર્પને લીધે પ્રફુલ્લિત મનવાળા રાક્ષસો વસે છે.[૧૦] લંકાનગરીને મજબૂત કમાડવાળા અને મોટી ભૂંગળવાળા ચાર મોટા દરવાજા છે.[૧૧] એ દરવાજાની ઉપર બાણ અને પત્થર ફેંકવાનાં મોટાં મોટાં યંત્રો ગોઠવી રાખ્યાં છે, જેનાવડે શત્રુનાં સૈન્યોને પાછાં હઠાવી શકાય છે.[૧૨] વળી પ્રત્યેક દરવાજા ઉપર શૂરવીર રાક્ષસો સહિત અત્યંત અને ભયંકર યંત્રોથી સુસજ્જિત કરેલી લોખંડની સેંકડો શતઘ્નીઓ ગોઠવી રાખી છે.[૧૩] લંકાની ચારે બાજુ મણિ, વિદ્રુમ, વૈડૂર્ય અને મુક્તાફળ વગેરે અનેક પ્રકારના જવાહીરથી સુશોભિત કરેલો સુવર્ણનો પ્રચંડ કીલ્લો આવેલો છે. એ કીલ્લાની ઉપર કોઇથી પણ ચઢી શકાય તેમ નથી.[૧૪] તે કીલ્લાની ચોમેર શીતળ જળથી ભરેલી, અતિશય ઉંડી મગર તથા મત્સ્ય વગેરે જળચરોએ સેવેલી અને અતિ ભયંકર એવી મોટી મોટી ખાઈઓ આવેલી છે.[૧૫] એ ખાઇઓ ઉપર લંકાના ચાર દરવાજામાં પ્રવેશ કરવા માટે ચાર સેતુઓ બાંધેલા છે. એ રસ્તા ઘણાજ પહોળા છે અને તેની બન્ને બાજુએ અનેક પ્રકારનાં યંત્રો ગોઠવેલાં હોઈ રક્ષપાળોનાં મોટાં મોટાં મંદિરો આવેલાં છે.[૧૬] જ્યારે શત્રુઓની સેના ચઢી આવે છે ત્યારે યંત્રોથી ગોઠવેલા સેતુઓ ખેંચી લેવામાં આવે છે; જેથી શત્રુસેના નગરમાં પ્રવેશ કરી શકતી નથી.[૧૭] નગરમાં પેસવાના મુખ્ય દરવાજા આગળનો જે એક સેતુ છે તે ઘણોજ દૃઢ અને અકંપ્ય છે. તેની નીચે સુવર્ણના સ્તંભો ગોઠવેલા છે તેમજ તેને રમ્ય વેદિકાઓથી શણગારેલો છે."[૧૮]

"હે રામ! લંકાનો રાજા રાવણ યુદ્ધ કરવાની ઇચ્છા ધરાવે છે છતાં તે અત્યંત ધૈર્યવાન છે, નિરંતર સાવધાન રહે છે અને હમેશાં પોતાના સૈન્યની દેખરેખ રાખે છે.[૧૯] દેવોથી પણ પ્રવેશ ન થઈ શકે એવો ભયંકર લંકાનગરી ત્રિકૂટાચળના ઉંચા શિખરપર વસેલી છે, જેથી ત્યાં જવું ઘણું દુર્ઘટ છે. તેની ચોમેર નદી અને પર્વત રૂપી કુદરતી કિલ્લા હોવા ઉપરાંત બીજા પણ ચાર

પ્રકારના કૃત્રિમ કિલ્લાઓથી તેનું રક્ષણ થાય છે.[૨૦] હે રાઘવ! અત્યંત વિસ્તારવાળા દક્ષિણ સમુદ્રની સામીપાર લંકા આવેલી છે અને લંકાના નજીકના સમુદ્રની ખાડીમાં તો વહાણ વગેરે પણ જઇ શકે તેમ નથી.[૨૧] હે રામ! એ નગરી પર્વતના ઉંચા શિખર પર વસેલી હોવાથી તેમાં પ્રવેશ કરવો દુર્ઘટ છે. કોઈથી પણ ન જીતાય એવી અને ઈંદ્રની અમરાવતી સરખી એ લંકાનગરી અનેક અશ્વો તથા હસ્તીઓથી ભરેલી છે.[૨૨] દુરાત્મા રાવણની લંકાનગરી મોટી મોટી ખાઈઓથી, શતઘ્નીઓથી અને વિવિધ પ્રકારનાં યંત્રોથી સુસજ્જિત કરવામાં આવેલી છે.[૨૩] તેના પૂર્વ દરવાજા ઉપર દશ હજાર રાક્ષસો રહે છે. તેઓ સર્વ કોઇથી પણ પરાભવ નહિ પામનારા, ત્રિશૂળ વગેરે આયુધોને ધારણકરનારા ને તરવાર વતી યુદ્ધ કરવામાં કુશળ છે.[૨૪] દક્ષિણ દરવાજા ઉપર એક લાખ રાક્ષસો રહે છે જે ચતુરંગિણી સેના સહિત બળવાન યોદ્ધાઓ જેવા છે.[૨૫] પશ્ચિમ દરવાજા ઉપર દશલાખ રાક્ષસો રહે છે. તેઓ સર્વ ઢાલ તરવારને ધારણ કરનારા અને અસ્ત્ર વિદ્યામાં કુશળ છે.[૨૬] ઉત્તર દરવાજા ઉપર દશ કરોડ રાક્ષસો રહે છે. તેઓ સર્વ રથ તથા અશ્વ ઉપર બેસનારા, કુળવાન અને રાવણના માનીતા છે.[૨૭] લંકાના મધ્યભાગમાં આવેલી છાવણીમાં એક કરોડ અને પચ્ચીશ લાખ રાક્ષસ યોદ્ધાઓ રહે છે અને તેઓ અજેય પરાક્રમવાળા છે. વળી બીજા પણ સેંકડો અને હજારો રાક્ષસો ત્યાં ચોકી કરતા જોવામાં આવે છે."[૨૮]

"હે રામ! લંકાના દરવાજા આગળ આવેલા ચારે સેતુઓને મેં ભાગી નાખ્યા છે, ખાઇઓ પૂરી નાખી છે, કિલ્લા તોડી પાડયા છે અને આખી લંકાને બાળી મૂકી છે.[૨૯] હવે કોઇ પણ ઉપાયે આપણે સમુદ્રને સામે પાર જઇએ તો તમે નક્કી માનજો કે વાનરોએ રાવણની લંકાને છિન્ન ભિન્ન કરી છેજ.[૩૦] હે રાઘવ! આ સઘળી વાનરસેનાનું શું પ્રયોજન છે? જો તમે આજ્ઞા આપો તો યુવરાજ અંગદ, મૈંદ, દ્વિવિદ, જાંબવાન, પનસ, નળ અને સેનાપતિ નીલ એટલા વાનરોજ લંકાને જીતવા સમર્થ છે! તેઓ સમુદ્ર તરીને લંકામાં જશે અને પર્વતો, ઉપવનો, દરવાજાઓ તથા કોટ-કાંગરા સહિત આખી લંકાને ઉજ્જડ કરીને સીતાને અહીં લાવશે. હે રાઘવ! એમ છતાં પણ જો તમારે સર્વ સેનાસહિત લંકામાં જવાની ઇચ્છા હોય તો હવે શુભમુહૂર્ત્ત જોઈ પ્રયાણ કરવાને તત્પર થાઓ."[૩૧-૩૩]

प्रवगाज्ञापय क्षिप्रं बलानां सर्वसंग्रहम् । मुहूर्तेन तु युक्तेन प्रस्थानमभिरोचय ॥३३॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ત્રીજો સર્ગ સંપૂર્ણ. ૩

सर्ग ४ थो.

યુદ્ધ માટે પ્રયાણ-વાનર સૈન્યની કુચ.

श्रुत्वा हनुमतो वाक्यं यथावदनुपूर्वशः ।
ततोऽब्रवीन्महातेजा रामः सत्यपराक्रमः ॥१॥

હનુમાનનું કહેવું સાંભળીને સત્ય પરાક્રમ વાળા મહાતેજસ્વી રામચંદ્ર બોલ્યા કે;[૧] "હે હનુમાન! તું કહે છે કે 'દુરાત્મા રાવણની લંકાનગરીનો હું ક્ષણવારમાં નાશ કરીશ' એ સત્ય છે, તારામાં તેટલું સામર્થ્ય છે, છતાં મારો અભિપ્રાય કહું છું તે સાંભળ."[૨] (એટલું હનુમાન પ્રત્યે કહીને, પછી રામચંદ્રે સુગ્રીવને સંબોધી કહ્યું કે:-) "હે સુગ્રીવ! હવે આપણે લંકા તરફ જવું ઘટે છે, માટે આ સમયેજ તમે પ્રયાણ કરવા તત્પર થાઓ. અત્યારે સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવેલો હોવાથી વિજય આપનારૂં અભિજિત મુહૂર્ત્ત ચાલે છે. આ મુહૂર્ત્તમાંજ આપણે શત્રુપર ચઢાઇ કરવી યોગ્ય છે.[૩] હે વાનરરાજ! રાવણ સીતાને હરી ગયો છે; પરંતુ તે હવે જીવતો ક્યાં જવાનો છે? હે

સુગ્રીવ ! હું પ્રયાણ કરવાની ઉતાવળ કરૂં છું એનું કારણ એજ છે કે જેમ મરવા પડેલો રોગી મનુષ્ય અમૃતનું પાન કરીને જીવવાની આશા રાખે છે; તેમ જનકનંદિની સીતા મારૂં પ્રયાણ થયું જાણીને પોતાના જિવિતની આશા ધરે.[૪] હે સુગ્રીવ ! આજે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્ર છે અને આવતી કાલે હસ્ત નક્ષત્રનો થશે; માટે સર્વ વાનરો સહિત આપણે આજેજ પ્રયાણ કરવું ઠીક છે.÷[૫] હાલમાં મને જે જે શકુનો જણાય છે તે સર્વ ઉપરથી મને નિશ્ચય થાય છે કે હું રાવણને હણી સીતાને અવશ્ય પાછી લાવી શકીશ.[૬] મારા નેત્રનો ઉપલો ભાગ ફરકે છે, એથી પણ જણાય છે કે મારો વિજય સમીપમાંજ આવી પહોંચ્યો છે. "[૭]

રામચંદ્રનાં ઉપર્યુક્ત વચનોને વાનરરાજ સુગ્રીવે તથા મહાત્મા લક્ષ્મણે માન્ય કર્યાં ત્યારે અર્થશાસ્ત્રમાં કુશળ રઘુવીરે પુનઃ પણ કહ્યું કે;[૮] "હે સુગ્રીવ ! આપણા માર્ગની તપાસ કરવા માટે અત્યંત બળવાળા એક લાખ વાનરો સહિત નીલવાનરને અગાઉથી વિદાય કર. "[૯] (પછી રામચંદ્રે નીલને સંબોધીને કહ્યું કેઃ—) "હે સેનાપતિ નીલ ! રમ્ય વન તથા શીતળ જળવાળા અને ફળ—મૂળ તથા મધુરસથી ભરેલા સુખરૂપ માર્ગે થઇને તું આપણી સેનાને લઈ જા.[૧૦] દુરાત્મા રાક્ષસો આપણા માર્ગમાં આવનારાં ફળ—મૂળ વગેરેનો નાશ કરશે તથા જળ વગેરે પીવાના પદાર્થોમાં વિષ નાખશે; તે સર્વ બાબતોથી સાવધ રહીને તું આપણી સેનાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરજે.[૧૧] વનમાંનાં અતિશય નીચાણવાળાં સ્થળોમાં તેમજ અગમ્ય પ્રદેશોમાં શત્રુઓએ ગુપ્ત રીતે રાખેલી સેનાઓને આપણા વાનરો કોઈ ઉંચા વૃક્ષપર કિંવા ટેકરાપર ચઢીને જોતા રહે એવી તું ગોઠવણ કરજે.[૧૨] આપણા સૈન્યમાં જે કોઈ નિર્બળ હોય તેણે અહીંયાંજ રહેવું; કારણકે આ કાર્ય અતિ કઠિન છે. જેઓ પરાક્રમી હોય તેઓએજ સૈન્યમાં જોડાવું. "[૧૩] (પછી રામચંદ્રે મુખ્ય મુખ્ય કપિઓ પ્રત્યે કહ્યું કેઃ—) "હે મહાબળવાન કપિશ્રેષ્ઠો ! સમુદ્રના ઓઘ સરખી હજારો વાનરોની ભયંકર સેનાને લઇને તમે આગળ ચાલતા થાઓ.[૧૪] જેમ મદમત્ત વૃષભો ગાયોના ટોળા આગળ ચાલે તેમ પર્વત સરખા દેહવાળો ગજ, મહાબળવાન ગવય અને ગવાક્ષ એ ત્રણ વાનરો પ્રયાણ સમયે સેનાને મોખરે ચાલશે.[૧૫] કપિઓમાં શ્રેષ્ઠ ઋષભ વાનર સેનાના જમણા ભાગનું રક્ષણ કરતો ચાલશે.[૧૬] ગંધહસ્તીની પેઠે કોઇથી પણ પરાભવ નહિ પામનારો વેગવાન ગંધમાદન વાનર સેનાના ડાબા ભાગનું રક્ષણ કરતો ચાલશે.[૧૭] દેવરાજ ઇંદ્ર જેમ ઐરાવત હસ્તીપર બેસીને ચાલે તેમ હું હનુમાનની પીઠપર આરૂઢ થઇને સેનાને હર્ષ ઉપજાવતો સેનાની મધ્યે ચાલીશ.[૧૮] દ્રવ્ય ભંડારનો અધિપતિ કુબેર જેમ પોતાના 'સાર્વભૌમ' નામના હસ્તીપર બેસીને ચાલે તેમ યમ સરખા ભયંકર પરાક્રમવાળો લક્ષ્મણ અંગદના સ્કંધપર બેસીને ચાલશે;[૧૯] અને રીંછોનો અધિપતિ જાંબવાન, મહાબાહુ સુષેણ તથા વેગદર્શી એ ત્રણ સેનાના પાછલા ભાગનું રક્ષણ કરતા ચાલશે. "[૨૦]

રામચંદ્રનાં વચન સાંભળીને કપિરાજ સુગ્રીવે સર્વ વાનરોને પ્રયાણ કરવાની આજ્ઞા આપી.[૨૧] સુગ્રીવની આજ્ઞા થતાંજ મહાન પરાક્રમવાળા સર્વ વાનરો ગુફાઓમાંથી નીકળીને તથા શિખરો પરથી ઉતરીને ચાલતા થયા.[૨૨] પછી સુગ્રીવ અને લક્ષ્મણથી સત્કાર પામેલા રામચંદ્ર સઘળી સેનાસહિત દક્ષિણ દિશામાં ચાલ્યા.[૨૩] હસ્તીના જેવાં શરીર તથા બળવાળા સેંકડો, લાખો, કરોડો અને અબજો વાનરોથી વીંટાઇને રઘુવીરે દક્ષિણ દિશા ભણી પ્રયાણ કર્યું.[૨૪] સુગ્રીવે પાલન કરવાથી આનંદિત થયેલી વાનરોની મોટી સેના રામચંદ્રની સાથે

÷ શત્રુના ઘેરથી સીતાને છોડવવા જવા માટે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પ્રશસ્ત હતું.

જવા લાગી.[૨૫] માર્ગ નિરીક્ષા માટે કેટલાક વાનરો ઉંચા વૃક્ષોપર ચઢીને તથા કૂદી કૂદીને જોતા અને કેટલાક અનેક પ્રકારની ગર્જના કરતા દક્ષિણ દિશામાં જવા લાગ્યા.[૨૬] માર્ગમાં કેટલાક વાનરો સુગંધયુક્ત ફળ તથા મધુ વગેરેનું ભક્ષણ કરતા હતા, કેટલાક પુષ્પ અને મંજરીવાળાં વૃક્ષોને ગ્રહણ કરીને ચાલતા હતા.[૨૭] કેટલાક એક–બીજાને ઉંચકીને ચાલતા હતા, કેટલાક એક–બીજાને ધક્કો મારી પાડી દેતા હતા, કેટલાક ઉતાવળે ચાલતા હતા અને કેટલાક આકાશમાર્ગે ઉડતા હતા.[૨૮] રામચંદ્રની સમીપ આવીને કેટલાક વાનરો ગર્જના કરી વારંવાર બોલતા હતા કે "આપણે રાવણ સહિત સર્વ રાક્ષસોનો સંહાર કરવાનો છે."[૨૯]

કપિશ્રેષ્ઠ નીલ, ઋષભ અને શૂરવીર કુમુદ ઘણા વાનરોને સાથે રાખીને માર્ગ શોધતા સેનાની આગળ ચાલતા હતા.[૩૦] શત્રુઓનું મર્દન કરનારા રામચંદ્ર, લક્ષ્મણ તથા વાનરરાજ સુગ્રીવ, બળવાન અને ભયંકર પરાક્રમવાળા અનેક વાનરોથી વીંટાઈને સેનાની મધ્યે ચાલતા હતા.[૩૧] શૂરવીર 'શતબલિ' નામનો વાનર દશકરોડ વાનરોને સાથે રાખીને ચોમરથી સેનાની રક્ષા કરતો હતો.[૩૨] સો કરોડ વાનરોપર આજ્ઞા ચલાવનારા પનસ તથા કેસરી વાનર સેનાના જમણા ભાગનું અને ગજ તથા અર્ક વાનર સેનાના ડાબા ભાગનું રક્ષણ કરતા હતા.[૩૩] અનેક રીંછોથી વીંટાયેલા સુષેણ અને જાંબવાન વાનરસેનાના પાછલા ભાગની રક્ષા કરતા હતા.[૩૪] માર્ગમાં આવતાં ગ્રામ તથા નગર વગેરેમાં વાનરો ઉપદ્રવ ન કરે એટલામાટે ગતિ કરનારાઓમાં શ્રેષ્ઠ એવો સેનાપતિ નીલવાનર સઘળી સેનાને નિયમિત ચલાવતો હતો.[૩૫] શૂરવીર વલીમુખ, પ્રજંઘ, જંભ અને રભસ એ ચાર વાનરો ચોમેરથી કપિઓને ઉત્સાહ આપતા ચાલતા હતા.[૩૬]

એ પ્રમાણે બળગર્વિત સર્વ કપિવરો ચાલતાં ચાલતાં જ્યારે લાંબો માર્ગ વટાવી ગયા ત્યારે નાના નાના સેંકડો પર્વતોથી ઘેરાયેલો સહ્યાદ્રિ ને પ્રફુલ્લિત કમળવાળાં નાનાં મોટાં સરોવરો તેઓની દૃષ્ટિએ પડ્યાં. ભયંકર ક્રોધવાળા રામચંદ્રના ભયથી સર્વ સૈનિકો માર્ગમાં આવતાં ગ્રામો તથા નગરોથી દૂર ચાલતા હતા. જાણે સમુદ્ર ઉલટયો હોય એવું એ પ્રચંડ વાનર સૈન્ય ગંભીર ગર્જના કરતું સહ્યાદ્રિથી આગળ વધ્યું. શૂરવીર વાનરો, ચાબૂકનો પ્રહાર કરી ચલાવેલા તેજી અશ્વાની પેઠે રામચંદ્રની આસપાસ વેગથી ચાલતા હતા. વાનરોના સ્કંધપર બેઠેલા રામ–લક્ષ્મણ, રાહુ અને કેતુથી અર્ધા ગ્રસેલા ચંદ્ર–સૂર્યની પેઠે શોભતા હતા. એ પ્રમાણે વાનરરાજ સુગ્રીવ અને લક્ષ્મણથી પૂજાયેલા ધર્માત્મા રઘુવીર કપિસૈન્ય લઈને દક્ષિણ દિશામાં ચાલતા થયા. અંગદના સ્કંધપર બેઠેલા અને શકુનનાં શુભાશુભ ફળને જાણનારા મહાત્મા લક્ષ્મણે કૃતાર્થ થયેલા રામચંદ્ર પ્રત્યે મધુર વાણીથી કહ્યું કે, "હે આર્ય! મને નિશ્ચય થાય છે તમે રાવણનો નાશ કરી સીતાને પ્રાપ્ત કરશો.[૩૭-૪૪] અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને સમૃદ્ધિવાળી અયોધ્યામાં પાછા જશો. હે રાઘવ! આ વેળા આકાશમાં અને પૃથ્વીઉપર જે જે શુભ નિમિત્તો–શકુનો થાય છે, તે ઉપરથી હું ધારૂં છું કે નિશ્ચય, તમારૂં કાર્ય સિદ્ધ થશે. કોમળ, હિતકર અને સુખકર એવો આ સ્વચ્છ વાયુ આપણી સેનાને અનુકૂળ વાય છે,[૪૫-૪૬] મૃગો અને પક્ષીઓ સંપૂર્ણ રીતે કાનને સુખ આપે એવો મધુર સ્વર કરી રહ્યાં છે, દિશાઓ નિર્મળ–પ્રસન્ન જણાય છે અને સૂર્ય તેજસ્વી કિરણો સાથે પ્રકાશે છે.[૪૭] સ્વચ્છ કાંતિવાળો ભૃગુપુત્ર શુક્ર હાલમાં તમારી પાછળ રહેલો છે, તથા પવિત્ર સપ્તર્ષિઓ ધ્રુવની પ્રદક્ષિણા કરતા પોતાના તેજથી જળહળી રહ્યા છે.[૪૮] આપણા ઇક્ષ્વાકુ કુળના મહાત્માઓનો પિતામહ આ ત્રિશંકુ પોતાના પુરોહિત વસિષ્ઠની સાથે આપણી સામે પ્રકાશી રહ્યો છે.[૪૯] વળી આપણા

ઈક્ષ્વાકુવંશીઓનું કુળનક્ષત્ર વિશાખા પણ દુષ્ટ ગ્રહોના ઉપદ્રવવિનાના નિર્મળ આકાશમાં પ્રકાશી રહ્યું છે.[૫૦]

વળી હે રઘુવીર ! જુઓ તો ખરા, રાક્ષસોનું આ મૂળનક્ષત્ર ઉદય પામેલા લાંબી પૂછડીવાળા ધૂમકેતુનો સ્પર્શ થવાથી અત્યંત પીડિત થયેલું છે ![૫૧] હે પ્રભુ ! કાળથી ઘેરાયેલા રાક્ષસોનું કુલનક્ષત્ર ધૂમકેતુથી પીડાયેલું છે એથી રાક્ષસોનો વિનાશકાળ સમીપમાંજ આવી પહોંચ્યો છે.[૫૨] હે આર્ય-ભ્રાતા ! આ સમયે અત્રે આપણી સેનામાટે નિર્મળ અને સ્વાદિષ્ટ જળવાળાં સરોવરો જોવામાં આવે છે. વનો તથા ઉપવનો ફળ-પુષ્પની સંપત્તિથી શોભી રહેલાં છે. સુગંધયુક્ત વાયુ મંદમંદ વાય છે, અને વૃક્ષો પુષ્પોના ભારથી ઝુકી રહેલાં છે.[૫૩] હે રાઘવ ! પૂર્વે તારકાસુરસાથેના સંગ્રામસમયે જેમ દેવોની સેના શોભતી હતી તેમ આ સમયે વાનરસૈન્ય શોભી રહ્યું છે. આ સઘળું જોઈ-વિચારીને તમારે અત્યંત પ્રસન્ન થવું યોગ્ય છે."[૫૪] એપ્રમાણે કહીને, સુમિત્રાનંદવર્ધન લક્ષ્મણે પોતાના જ્યેષ્ઠબંધુ રઘુવીરનું આશ્વાસન કર્યું.[૫૫]

વાનરોની સેના આખી પૃથ્વીને આચ્છાદિત કરતી આગળ વધતી હતી. એ વેળા નખ તથા દાઢોરૂપી આયુધોવાળા રીંછો અને વાનરો પોતાના ચરણો તથા હસ્તોથી એટલી તો રજ ઉરાડતા હતા કે તેથી સૂર્યની કાંતિ છવાઈ જઈને સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો. જેમ મેઘની પંક્તિ આકાશને આચ્છાદિત કરે તેમ પર્વતો અને વનોસહિત આખી દક્ષિણદિશાને ઘેરીને વાનરસેના આગળ વધતી હતી. વાનરોની સેના જ્યારે માર્ગમાં આવતી નદીઓને ઉતરતી હતી ત્યારે પ્રવાહની સામે તરતા વાનરોના વેગથી જાણે તે નદીઓ કેટલાએ યોજનો સુધી ઉલટી વહેતી હોય એમ જણાતું હતું. જ્યાં જ્યાં નિર્મળ જળથી ભરેલાં સરોવરો, વૃક્ષોની ઘટાવાળા પર્વતો, ફળવાળાં વનો અને સમાન ભૂમિપ્રદેશો આવતા હતા ત્યાં ત્યાં વાનરો પોતાની ઈચ્છાનુસાર વિશ્રામ કરતા હતા.[૫૬-૬૦] "હું રામચંદ્રનું કાર્ય અવશ્ય કરીશ" એમ બોલી પોતાનું પરાક્રમ પ્રકટ કરતા પ્રસન્ન મુખમુદ્રાવાળા અસંખ્યાત કપિઓ વાયુસરખા વેગથી આખી પૃથ્વીને છાઇને ચાલતા હતા અને પરસ્પર પોતાના હર્ષ, વીર્ય તથા શૌર્ય વગેરે દેખાડતા હતા.[૬૧-૬૨] માર્ગમાં ચાલતાં કેટલાક વાનરો યૌવનના મદથી મસ્ત થઇને મોટા મોટા હાકોટા મારતા હતા. કેટલાક દોડતા હતા અને કેટલાક ઉછળતા હતા.[૬૩] વનમાં વિચરનારા કેટલાક વાનરો કિલકિલ શબ્દ ઉચ્ચારતા હતા અને પોતાના ચરણ તથા પુચ્છ પછાડતા હતા.[૬૪] કેટલાક વાનરો હાથ વીંઝોટીને મોટાં મોટાં પર્વતશિખરોને તથા વૃક્ષોને પાડી નાખતા હતા. કેટલાક પર્વતનાં શિખરોપર ચઢીને સિંહનાદ કરતા હતા, કેટલાક પોતાના ઉરૂવેગથી અનેક લતાઓને મસળી નાખતા હતા;[૬૫-૬૬] અને કેટલાક મોટી મોટી શિલાઓ તથા વૃક્ષોપર ચઢી જતા હતા.

એ રીતે ભયંકર દેહવાળા લાખો અને કરોડો વાનરોથી આખી પૃથ્વી છવાઈ રહી હતી. એ મોટી વાનરસેના રાત્રિ-દિવસ ચાલતી હતી.[૬૭-૬૮] યુદ્ધ કરવાના ઉત્સાહવાળા અને સુગ્રીવે પાલન કરેલા સીતાને છોડાવી લાવવા ઇચ્છતા સઘળા વાનરો અતિઉતાવળે ચાલતા હતા. તેઓ દિવસે એક મુહૂર્ત્ત પણ વિશ્રામ લેતા નહતા.[૬૯] દરમજલ કરતા તેઓ અનેક પ્રકારનાં વૃક્ષો તથા વનોથી ભરેલા સહ્યાદ્રિ આગળ જઈ પહોંચ્યા અને તેનાપર ચઢવા લાગ્યા.[૭૦] રામચંદ્ર પણ મલય તથા સહ્યાદ્રિનાં ચિત્રવિચિત્ર વનોને તથા નદી-નાળાંને જોતા જોતા આગળ જવા લાગ્યા.[૭૧] એ પર્વતોપર ઉગેલાં ચંપક, તિલક, આંબા, અશોક, નગોડ, ધાવડો, કણેર, કરંજ, પીંપર, વડ, જાંબુ, આમલી અને નાગકેસર વગેરે વૃક્ષોને વાનરો ભાંગી નાખતા ચાલતા હતા.[૭૨-૭૩]

વાનરો જ્યારે મોટી મોટી શિલાઓ ઉપર બેસતા હતા ત્યારે વાયુના ઝપાટાથી હાલતાં વૃક્ષો તેઓના ઉપર પુષ્પવૃષ્ટિ કરતાં હતાં.૭૪ માર્ગમાં આવતાં મધુની સુગંધવાળાં વનોમાં ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા અને સ્પર્શ થતાં સુખ ઉપજાવે એવો ચંદન સમાન શીતળ વાયુ વાતો હતો.૭૫ એ સહ્યાદ્રિ અનેક પ્રકારની ધાતુઓથી શોભતો હતો. ત્યાં આવેલી ગેરૂ વગેરેની ખાણોમાંથી વાયુના વેગને લીધે એટલી તો ચિત્રવિચિત્ર રજ ઉડતી હતી કે જે વડે આખી વાનરસેના છવાઈ ગઈ. એ પર્વતનાં સઘળાં શિખરોઉપર કેતકી, નગોડ, વસંતઋતુની મનોહર લતા, સુવાસથી ભરેલી અતિમુક્તવેલ, બટમોગરો, ચિરબિલ્વ, મહુડો, વેતસ, બોલસરી, રંજક, તિલક, નાગવૃક્ષ, આંબા, રોહીડા, કાંચનાર, નારંગી, અર્જુન, શિંશપા, કુટજ, હિન્તાલ, તગર, આમળાં, કદંબ, અશોક, સરલ, અંકોલ અને પદ્મક વગેરે વૃક્ષો ચોમેર ખીલી રહ્યાં હતાં.૭૬-૮૧ પ્રફુલ્લિત થયેલાં એ વૃક્ષોને જોઈને હર્ષિત થયેલા વાનરો તેના ઉપર ચડવા લાગ્યા અને વેગથી તેને હલાવી નાખ્યાં. એ પર્વતમાં રમણીય ઝરાઓ અને નાની નાની તલાવડી પણ ઘણી હતી. તેના જળને વિષે ચક્રવાક, કારંડવ, દેડકા અને ક્રૌંચ વગેરે પ્રાણીઓ આનંદાનુભવ કરતાં હતાં; તેમજ વરાહ, મૃગ, નાના વાઘ, સિંહ, શાર્દૂલ તથા સર્પ વગેરે ભયંકર પ્રાણીઓ તેની આસપાસ વસતાં હતાં.૮૨-૮૪ વળી સુગંધયુક્ત જળથી ભરેલાં બીજાં પણ કેટલાંક સરોવર વગેરે ત્યાં જોવામાં આવતાં હતાં. જેમાં ખીલેલાં કમળો, પોયણાં અને જળમાં ઉત્પન્ન થનારાં અનેક પુષ્પો શોભી રહ્યાં હતાં.૮૫ એ પર્વતનાં શિખરો ઉપર અનેક જાતનાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. એ સ્થળે જરા વિશ્રાંતિ લઈ વાનરોએ ત્યાંનાં નિર્મળ જળમાં સ્નાન કરી જળપાન કર્યું અને પછી અનેક પ્રકારની ક્રીડા કરવા લાગ્યા.૮૬ તેઓ પરસ્પર જળ ઉછાળી એક બીજાને પલાળવા લાગ્યા અને પર્વતના શિખરો ઉપર ચઢીને અમૃત સરખાં સ્વાદિષ્ટ ફળ, મૂળ તથા પુષ્પોને તોડી નાંખવા લાગ્યા. મદમસ્ત થએલા વાનરો વૃક્ષોપર લટકતા એકેક દ્રોણ જેટલા વજનના મધપૂડા તોડી તોડીને તેમાંના મધુનું પાન કરતા આનંદથી આગળ વધવા લાગ્યા. આડે આવતાં વૃક્ષોને ભાંગી નાખતા, લતાઓને ખેંચતા અને મોટાં મોટાં પર્વતશિખરોને તોડી પાડતા મદગર્વિત વાનરો ચાલ્યા જતા હતા. કેટલાક વાનરો ગર્જના કરીને એક વૃક્ષપરથી બીજા વૃક્ષપર કૂદતા હતા અને કેટલાક મધુરસનું પાન કરતા હતા. આ વેળા પૃથ્વી જેમ પાકેલી ડાંગરનાં ખેતરોથી શોભે તેમ વાનરોની સેનાથી શોભતી હતી.૮૭-૮૮

ચાલતાં ચાલતાં તેઓ સર્વ મહેંદ્ર પર્વત આગળ આવી પહોંચ્યા અને મહાબાહુ રામચંદ્રે અનેક વૃક્ષોથી શોભી રહેલા એ પર્વતના શિખરપર ચઢવા માંડયું.૯૨ દશરથ–નંદન રામચંદ્ર જ્યારે મહેંદ્ર પર્વતના શિખરપર ચઢયા ત્યારે અનેક કાચબા, માછલાં અને મગરમત્સ્યોથી ભરેલો મહોદધિ તેમની દૃષ્ટિએ પડયો.૯૩ સંહ્યાદ્રિ તથા મહાગિરિ મલયને ઓળંગીને યોગ્ય સ્થળે વિશ્રાંતિ લેતા તેઓ સર્વ ભયંકર ગર્જના કરતા સમુદ્રની નજીક આવી પહોંચ્યા.૯૪ મહેંદ્ર પર્વત પરથી ઉતરીને રમણ કરનારાઓમાં શ્રેષ્ઠ શ્રીમાન રામચંદ્રે લક્ષ્મણ તથા સુગ્રીવાદિ વાનરોની સાથે સમુદ્રના કાંઠા પર આવેલાં વનોમાં ઉતાવળે પ્રવેશ કર્યો.૯૫ સમુદ્રની છોળો આવવાથી જેના તટપરની શિલાઓ નિરંતર ધોવાયા કરે છે એવા મહોદધિના વિશાળ તટપર આવ્યા પછી રામચંદ્રે સુગ્રીવને કહ્યું કે;૯૬ "હે સુગ્રીવ! હવે આપણે સમુદ્ર કિનારે આવી પહોંચ્યા છીએ અને પ્રથમ જે ચિંતા થતી હતી તેજ અત્યારે ઉપસ્થિત થઈ છે.૯૭ જો તો ખરો, નદીઓનો પતિ આ સમુદ્ર કેવો ગંભીર છે? તેનો સામો

કિનારો દેખાતો નથી. મને લાગે છે કે કાંઈ પણ ઉપાય કર્યા વગર આપણે આ સમુદ્રને ઓળંગી શકીએ એમ નથી.[૯૮] હવે આપણે અહીંયાંજ પડાવ નાખો અને પછી 'આ વાનરોની સેનાને સામે પાર શી રીતે લઇ જવી ?' એ બાબતનો વિચાર કરો.[૯૯]

સમુદ્રના કિનારાપર આવીને સીતા વિયોગથી દુઃખી થયેલા મહાબાહુ રઘુવીરે પડાવ નાખવાની આજ્ઞા આપતાં સુગ્રીવને કહ્યું કે;[૧૦૦] "હે સુગ્રીવ! આ સમુદ્રના વિશાળ કિનારા પર આપણી સેનાનો પડાવ નંખાવ." હે હરિપુંગવ! હવે આપણે સમુદ્ર ઓળંગવા સંબંધે વિચાર કરવાની જરૂર છે.[૧૦૧] હે સુગ્રીવ! તું સર્વ વાનરોને આજ્ઞા આપ કે કોઇએ પોત પોતાની ટુકડી મૂકીને જવું નહિ. વળી આપણી સેનાના શૂરવીર વાનરોએ આસપાસ ફરીને રાક્ષસો તરફથી આપણને હાનિ કરે એવી જે કાંઈ ગોઠવણ થઈ હોય તેને જાણી લેવી.[૧૦૨]

રામચંદ્રનાં ઉપર્યુક્ત વચન સાંભળીને સુગ્રીવ તથા લક્ષ્મણે વૃક્ષોની ઘાટી છાયાવાળા સમુદ્ર તટપર સેનાનો પડાવ નખાવ્યો.[૧૦૩] સમુદ્રના તટપર પડેલું વાનરોનું સૈન્ય જાણે મધુરસથી પીળા થયેલા જળવાળો બીજો સમુદ્રજ હોય એવું શોભતું હતું![૧૦૪]સમુદ્રની સામી પાર જવાની ઇચ્છાવાળા વાનરોએ સમુદ્રના કાંઠાપરનાં વનોમાં આવીને વિશ્રામ કર્યો.[૧૦૫] પડાવ નાખેલી વાનર સેનાનો કોલાહલ એ સમયે સમુદ્રના ઘોંઘાટ કરતાં પણ અધિક સંભળાવા લાગ્યો.[૧૦૬] સુગ્રીવે પાલન કરેલી વાનરોની સેનાએ ત્રણ વિભાગમાં વહેંચાઇને પડાવ નાખ્યો હતો. એ સેના રામચંદ્રના કાર્યમાંજ તત્પર હતી;[૧૦૭] અને વારંવાર અગાધ સમુદ્ર ઉપર દૃષ્ટિ ફેંકતી હતી. સો યોજનના વિસ્તારવાળા સમુદ્રને વિશે વાયુના ઝપાટાને લીધે મોટા મોટા તરંગો ઉઠતા હતા. રાક્ષસો તેનું સેવન કરતા હતા. ક્રૂર મગરમત્સ્યો તથા ઝૂંડોથી ભરેલો હોવાને લીધે તે અત્યંત ભયંકર જણાતો હતો. સંધ્યા સમયે ઉઠતાં ફીણના સમૂહથી તે જાણે હસતો હોય અને તરંગોથી જાણે નૃત્ય કરતો હોય એમ જણાતું હતું.[૧૦૮-૧૦૯] ચંદ્રોદય વખતે તેનું જળ હજારો ચંદ્રનાં પ્રતિબિંબથી છવાઇ જતું હતું; તથા પ્રચંડ વાયુના સરખા વેગવાળાં તિમિ* અને તિમિંગલ× વગેરે જળચર પ્રાણીઓથી તે વ્યાપ્ત હતો.[૧૧૦-૧૧૧]અનેક પર્વતોથી ભરેલો અને મોટાં મોટાં પ્રાણીઓથી વ્યાપ્ત એવો એ સમુદ્ર ચકચકિત ફણાવાળા સર્પોથી ભરેલા પાતાળ જેવો શોભતો હતો.[૧૧૨] એ સમુદ્ર ઘણોજ અગાધ હતો, તેનો પાર જણાતો ન હતો. તેમાં અસુરો નિવાસ કરતા હતા, તેમાં લંકા વગેરે અનેક દ્વીપો આવેલા હતા અને મગરો તથા મોટા સર્પોના ઉછળવાથી તેમજ પવનના સપાટાથી તેના જળની લહરીઓ વારંવાર ઉછળીને પછડાતી હતી.[૧૧૩] અસુરોના રહેઠાણ રૂપ એ સમુદ્ર છેક પાતાળ સુધી ઉંડો હતો અને સર્પોની ફણાના મણિઓના પ્રકાશથી જાણે તેમાં અગ્નિના તણખા નાખ્યા હોય એમ જણાતું હતું![૧૧૪] વિશાળ અને અપાર હોવાને લીધે એ સમુદ્ર આકાશ જેવો દેખાતો હતો અને આકાશ સમુદ્ર જેવું જણાતું હતું; અર્થાત્ સમુદ્ર તથા આકાશમાં કંઇપણ ભેદ જણાતો ન હતો.[૧૧૫] સમુદ્રનું જળ આકાશને અડકેલું જણાતું હતું અને આકાશ સમુદ્ર જળને અડકેલું દેખાતું હતું. આકાશ જ્યારે તારાઓ રૂપી રત્નોથી ભરેલું હતું ત્યારે સમુદ્ર રત્નો રૂપી તારાઓથી વ્યાપ્ત હતો. એમ એ બન્ને સમાન રૂપવાળાં જણાતાં હતાં.[૧૧૬] આકાશમાં જ્યારે વાદળ ચઢી આવતાં હતાં ત્યારે સમુદ્રમાં તરંગોની પંક્તિઓ ઉઠતી હતી; એથી પણ આકાશ અને સમુદ્રની વચ્ચે જરાપણ ભેદ માલૂમ

* સો યોજન લાંબા મત્સ્યો

× મ્હોટા મત્સ્યોની એક જાતિ.

પડતો ન હતો.[૧૧૭] સમુદ્રનાં મોજાં પરસ્પર અથડાઇને આકાશમાં વાગતાં મોટા દુંદુભિની પેઠે ભયંકર નાદ કરતાં હતાં[૧૧૮] વાયુથી ક્ષુભિત થવાને લીધે જળચર પ્રાણીઓથી ભરેલા એ સમુદ્રનું જળ જાણે ક્રોધાયમાન થયું હોય એમ રત્નો સહિત ઉછળતું હતું.[૧૧૯] તેમજ વાયુથી ઉઠતી લહરીઓ પરસ્પર અથડાવાથી થતી ગર્જનાને લીધે જાણે સમુદ્ર પ્રલાપ કરતો હોય એમ જણાતું હતું. એ રીતે ભયંકર ઘુઘવાટા કરી રહેલા દક્ષિણ સમુદ્રને જોઇને સર્વ વાનરો આશ્ચર્યચકિત થઇ ગયા.[૧૨૦-૧૨૧]

ततो विस्मयमापन्ना ददर्शुर्हरयस्तदाः ।
भ्रान्तोर्मिजालसन्नादं प्रलोलामिव सागरम्॥१२१

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ચોથો સર્ગ સંપૂર્ણ. ૪

સર્ગ ૫ મો.

સીતા વિયોગનો સંતાપ–રામચંદ્રનો વિલાપ.

सा तु नीलेन विधिवत्स्वारक्षा सुसमाहिता ।
सागरस्योत्तरे तीरे साधु सेना विनिवेशिता॥१

સેનાપતિ નીલવાનરે ચોમેરથી સારી રીતે રક્ષણ કરેલી તથા ઉત્તમ રીતે ગોઠવેલી વાનર સેના સમુદ્રના ઉત્તર તટપર પડી હતી,[૧] અને વાનર શ્રેષ્ઠ મૈંદ તથા દ્વિવિદ તેનું રક્ષણ કરવા અર્થે ચોમેર ફરતા હતા.[૨] નદ અને નદીઓના પતિ સમુદ્રના કીનારે સેનાએ પડાવ નાખ્યો ત્યારે પોતાની પાસે ઉભેલા લક્ષ્મણને શ્રીમાન રામચંદ્રે કહ્યું કે;[૩]

“હે લક્ષ્મણ ! જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ ઇષ્ટ જનોના વિયોગનો શોક ઓછો થવાનું સર્વત્ર જોવામાં આવે છે; પરંતુ મારી પ્રિય પત્ની સીતાને નહિ જોવાથી મારો શોક તો ઉલટો દિન પ્રતિદિન વધતો જાય છે.[૪] મારી પ્રિયાનું હરણ થયું છે તેનું તથા તે મ્હારાથી ઘણે દૂર પડી છે તેનું મને લેશ પણ દુઃખ નથી; પરંતુ તેની યુવાવસ્થા વહી જાય છે તેનાજ મને શોક થાય છે.”[૫] (વાયુને સંબોધીને કહે છે;) “હે વાયુ ! મારી પ્રિયા સીતા જે સ્થળે છે ત્યાં તું જા અને તેના અંગનો સ્પર્શ કરીને મને સ્પર્શ કર. એમ થવાથી સૂર્યના તાપથી તપેલા મનુષ્યને ચંદ્રના દર્શનથી શાંતિ મળે છે તેમ મને શાંતિ વળશે.[૬] હાય, સીતાનું હરણ થયું એ વેળા તેણે “હા નાથ ! હા પ્રાણપ્રિય !” એવાં જે આક્રંદ વચન ઉચ્ચાર્યાં હતાં તે વચન અત્યારે મને પીધેલા ઝેરની પેઠે સંતાપે છે.[૭] અરેરે, સીતાના વિયોગ રૂપી ઇંધનવાળો અને ચિંતારૂપી જળહળતી જ્વાળાવાળો કામાગ્નિ મારાં ગાત્રોને રાત્રિ દિવસ બાળે છે.”[૮] (લક્ષ્મણ પ્રત્યે કહે છે;) “હે સૌમિત્રિ ! તું અહીંજ બેસી રહે, હું એકલો સમુદ્રમાં જઇ સૂઇ રહીશ. એમ કરવાથી પ્રદીપ્ત થયેલો કામાગ્નિ મને બાળી શકશે નહિ. હે લક્ષ્મણ ! સીતા અને હું એકજ પૃથ્વી ઉપર છીએ, એવી જો મને ખબર ન મળી હોત તો હું જીવી શકત નહિ. હવે તો ગમે ત્યારે પણ હું સીતાને મળીશ, એવી આશાથી હું જીવું છું એટલુંજ બહુ છે.[૧૦] જેમ જળથી ભરેલા ક્ષેત્રના સંસર્ગથી જળ વિનાના સૂકા ક્ષેત્રમાંનું ધાન્ય જીવતું (લીલું) રહે છે તેમ હું પણ ‘જાનકી જીવતી છે’ એવા સમાચાર સાંભળીને પ્રાણોને ટકાવી રહ્યો છું.[૧૧] અરે, શત્રુઓનો પરાજય કરીને હું પ્રકાશિત રાજલક્ષ્મી સરખી અને કમળપત્ર સરખાં નેત્રવાળી સીતાને ક્યારે જોઇશ ?[૧૨] વ્યાધિથી પીડાતો પુરૂષ જેમ રસાયન (ઔષધ)નું પાન કરે તેમ સુંદર દાંત તથા ઓષ્ઠવાળા સીતાના વદનકમળને જરાક ઉંચું કરીને તેના અધરોષ્ઠનું હું ક્યારે પાન કરીશ ?[૧૩] તાલ ફળ સરખા સ્થૂળ અને અને પરસ્પર અડકેલા પોતાના બન્ને સ્તનોને કંપાવતી તથા હાસ્ય કરતી મારી પ્રાણ પ્રિયા

સીતા મને ક્યારે ભેટશે ?[૧૪] અરેરે, હું તેનો સ્વામી વિદ્યમાન છતાં અનાથની પેઠે રાક્ષસોની વચ્ચે રહેલી શ્યામ નેત્રવાળી સીતાને દુઃખમાંથી છોડવનાર કોઇ પણ મળતું નથી ![૧૫] અરે, જનકરાજાની પુત્રી, મહારાજા દશરથની પુત્રવધૂ અને મારી પ્રાણ પ્રિયા સીતા રાક્ષસીઓની વચ્ચે શી રીતે રહી શકતી હશે ?[૧૬] જેમ ચંદ્રની કળા શરદૃઋતુનાં વાદળનું વિદારણ કરીને પ્રકાશિત થાય છે તેમ મારી પ્રિયા સીતા મારા હાથથી શત્રુઓનો સંહાર કરાવીને અવશ્ય મારી પાસે આવશે.[૧૭] અહો ! મારી પ્રિયા સીતા કે જે સ્વભાવથીજ નાજુક અંગવાળી છે તે હાલમાં શોક અને ઉપવાસ કરવાથી તથા દેશકાળનો ફેરફાર થવાથી વધારે કૃશ થઇ ગઇ હશે ![૧૮] રાક્ષસોના રાજા રાવણના મર્મસ્થળમાં તીક્ષ્ણ બાણ મારીને હું સીતાના હૃદયમાં રહેલા શોકનો ક્યારે નાશ કરીશ?[૧૯] અહો ! દેવકન્યા સરખી સ્વરૂપવાળી સતી શિરોમણિ સીતા હર્ષભેર મારા કંઠમાં વળગીને આનંદાશ્રુ ક્યારે વહેવરાવશે?[૨૦] મનુષ્ય જેમ મલિન વસ્ત્રનો ત્યાગ કરે છે તેમ હું સીતાવિયોગના ભયંકર શોકનો ક્યારે ત્યાગ કરીશ ? અર્થાત સીતાવિયોગના દુઃખમાંથી હું ક્યારે મુકત થઇશ ? "[૨૧]

બુદ્ધિમાન રામચંદ્ર સીતાને સંભારીને એવી રીતે વિલાપ કરતા હતા, એટલામાં દિવસ પૂરો થવાથી મંદ થયેલા તેજવાળો ભગવાન સૂર્ય અસ્તાચળ ઉપર ગયો.[૨૨] એ વેળા કમળપત્ર સરખાં નેત્રવાળાં સીતાને સંભારીને શોકગ્રસ્ત થયેલા રઘુવીરનું લક્ષ્મણે આશ્વાસન કર્યું. તે પછી બન્ને ભાઇઓ સાયંસંધ્યા કરવામાં પ્રવૃત્ત થયા.[૨૩]

आश्वासितो लक्ष्मणेन रामः संध्यामुपासत ।
स्मरन्कमलपत्राक्षीं सीतां शोकाकुलीकृतः ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં પાંચમો સર્ગ સંપૂર્ણ. ૫

સર્ગ ૬ ઠ્ઠો.

લંકાની રાજસભા—રાવણે પૂછેલી સલાહ.

लङ्कायां तु कृतं कर्म घोरं दृष्ट्वा भयावहम् । राक्षसेन्द्रो हनुमता शक्रेणेव महात्मना ॥ अब्रवीद्राक्षसान्सर्वान् ह्रिया किञ्चिदवाङ्मुखः॥१॥

લંકામાં કપિવર હનુમાને મહાસમર્થ ઇંદ્રના જેવું ભયંકર કાર્ય કર્યું એ જોઇને લજ્જાને લીધે કંઇક નીચું મુખ રાખી લંકાધિપતિ રાવણ પોતાના મંત્રીઓ વગેરે રાક્ષસોને કહેવા લાગ્યો કે; " હે રાક્ષસો ! આપણી લંકાનગરી કે જે દુર્ધર્ષ છે તેમાં એક વાનરે આવીને પ્રવેશ કર્યો અને તેને ઉજ્જડ કરી મૂકી તેમજ તે નિર્ભયપણે સીતાને પણ મળ્યો.[૧-૨] એ વાનરે અશોકવાટિકામાંનો ચૈત્યપ્રાસાદ ભાંગી નાખ્યો. મુખ્ય મુખ્ય રાક્ષસોનો સંહાર કર્યો અને આખી લંકાનગરીને આકુળ વ્યાકુળ કરી મૂકી. તો હે રાક્ષસો ! હવે મારે તેમજ તમો સૌએ શું કરવું યોગ્ય છે કે જે કરવાથી આપણુ સૌનું શ્રેય થાય ?[૩-૪] બુદ્ધિમાન પુરૂષો કહે છે કે 'મંત્ર એજ વિજય આપનાર છે.' માટે હે મહાબળવાળા રાક્ષસો ! રામને જીતવા માટે આપણે શો ઉપાય લેવો ? એ હું તમને પૂછું છું.[૫] આ લોકને વિશે ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારના પુરૂષો હોય છે. તેઓનો ભેદ તેઓનાં જૂદાં જૂદાં લક્ષણો જાણ્યા સિવાય સમજાતો નથી; માટે હે રાક્ષસો ! હુ તેઓના ગુણ દોષનું વર્ણન કરૂં છું; તે તમે સાંભળો.[૬] જે પુરૂષ કાર્યનો નિર્ણય કરવામાં સમર્થ એવા પોતાના મંત્રીઓ, સમાન અર્થવાળા મિત્રો તથા હિત ઇચ્છનારા સંબંધી-બાંધવોની સાથે મંત્ર વિચાર- કરે છે; અને પછી દૈવની અનુકુળતા મેળવીને કાર્યનો આરંભ કરે છે તે પુરૂષને ઉત્તમ જાણવો.[૭-૮] જે પુરૂષ કોઇને પૂછ્યા વિના પોતે એકલોજ વિચાર કરે છે, એકલોજ ધર્મમાં પ્રવૃત્ત થાય છે અને કોઇની પણ સહાય

લીધા વિના પોતે એકલોજ કાર્યનો આરંભ કરે છે તે પુરૂષને મધ્યમ સમજવો.[૯] જે પુરૂષ ગુણ દોષનો નિશ્ચય કર્યા સિવાય દૈવની પણ ઉપેક્ષા કરીને 'હું એકલોજ કાર્ય કરીશ' એમ ધારીને કાર્ય કરવામાં પ્રમાદ કરે છે તે પુરૂષને અધમ સમજવો.[૧૦] હે રાક્ષસો ! જેવી રીતે ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારના પુરૂષો છે તેવી રીતે મંત્ર પણ ઉત્તમ, મધ્યમ તથા અધમ એમ ત્રણ પ્રકારના છે.[૧૧] નીતિશાસ્ત્રને અનુસરી વિચાર કરતાં સઘળા કુશળ મંત્રીઓ જે માટે એકમત થાય તે મંત્રને ઉત્તમ કહ્યો છે.[૧૨] ભિન્ન ભિન્ન મત બાંધીને છેવટે એકમત થયેલા મંત્રીઓ જે અર્થનો નિર્ણય કરે છે તે મંત્રને મધ્યમ કહે છે.[૧૩] મતભેદ પડવાને લીધે એક બીજાની સાથે તકરાર થયા પછી મંત્રીઓ જેમાં મહાકષ્ટે સમ્મત થાય છે તે મંત્રને અધમ સમજવો. એવા અધમ મંત્રથી કશુંજ શ્રેય થતું નથી.[૧૪] હે બુદ્ધિમાન્ મંત્રીઓ ! સારીરીતે યોજેલો ઉત્તમ મંત્રજ રાજાનું શ્રેય કરે છે; માટે તમે સર્વ એકમત થઇને જે કાર્ય કરવાનો નિશ્ચય કરશો તે મારે માન્ય છે.[૧૫] રઘુવંશમાં ઉત્પન્ન થયેલા રામ-લક્ષ્મણ બન્ને ભાઇઓ ધીરવીર એવા હજારો વાનરોની સેના લઇને જેમ બનશે તેમ સત્વર સુખપૂર્વક સમુદ્ર તરીને અહીંયાં આવશે અને આપણી લંકાનગરીને ઘેરી લેશે.[૧૬-૧૭] અરે, એ રામ પોતાના પરાક્રમ-બળે કરીને સમુદ્રને સુકવી નાખશે કિંવા તેનાપર સેતુ બાંધશે ! ગમે તે ઉપાયે તે અવશ્ય અહીં આવશેજ આવશે. હે મંત્રીઓ ! હજારો વાનરોની સહાયથી રામ આપણું અહિત કરવાને તત્પર થયો છે; તો હવે આપણા આખા નગરનું અને આપણી સેનાનું હિત શી રીતે થાય ? તેનો સારીરીતે વિચાર કરીને તમે સૌ મને યોગ્ય સલાહ આપો."[૧૮]

समुद्रमुच्छोषयति वीर्येणान्यत्करोति वा ।
तस्मिन्नेवंगते कार्ये विरुद्धे वानरैः सह ॥ हितं
पुरे च सैन्ये च सर्वं संमन्त्रयतां मम ॥१८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં છઠ્ઠો સર્ગ સંપૂર્ણ. ૬

સર્ગ ૭ મો.

લંકાની રાજસભા-રાક્ષસોનો દુર્બોધ.

इत्युक्ता राक्षसेन्द्रेण राक्षसास्ते महाबलाः
ऊचुः प्राञ्जलयः सर्वे रावणं राक्षसेश्वरम् ॥१॥

રાવણનાં વચન સાંભળીને મહોન્મત્ત રાક્ષસો કે જેઓ નીતિરહિત તથા બુદ્ધિ વિનાના હતા, એટલુંજ નહિ પણ જેઓ શત્રુપક્ષના બળાબળને પણ જાણતા ન હતા તેઓએ હાથ જોડીને રાવણને કહ્યું કે; "હે રાજન ! પરિઘ, શક્તિ, ઋષ્ટિ,* ત્રિશુલ, પટ્ટિશ અને કુંતલ÷ વગેરે આયુધોવાળું મોટું સૈન્ય હોવા છતાં તમે આમ ખેદ શા માટે ધરો છો ? હે રાક્ષસેન્દ્ર ! પાતાળમાં આવેલી ભોગવતી નગરીમાં જઇને પૂર્વે તમોએ યુદ્ધને વિશે નાગલોકોને જીત્યા છે.[૧-૩] તેમજ કૈલાસમાં આવેલી અલકાપુરીમાં નિવાસ કરનારા યક્ષરાજ કુબેરને પણ તમોએ મહાન યુદ્ધવડે વશ કર્યો છે.[૪] હે સમર્થ રાજન ! જો કે મહાબળવાન કુબેર મહાદેવજી સાથેની મિત્રાચારીને લીધે જગતમાં પ્રશંસાપાત્ર થઇ પડયો છે તથા લોકપાળની પંક્તિમાં ગણાય છે, તોપણ તમોએ ક્રોધવડે સંગ્રામમાં તેનો પરાભવ કર્યો છે.[૫] એ કુબેરના અનુચર કેટલાક યક્ષોનો સંહાર કરીને, કેટલાકને ઘાયલ કરીને તથા કેટલાકને કેદ પકડીને તમોએ તેનું 'પુષ્પક' વિમાન પણ અહીંયાં આણેલું છે.[૬] હે રાક્ષસપુંગવ ! તમારાથી ભય પામતા દાનવોના રાજા મયાસુરે પણ તમારી સાથે મૈત્રી જોડવાને અર્થે પોતાની 'મંદોદરી' નામની પુત્રી તમને પરણાવી છે.[૭] વળી હે મહાબાહુ ! તમારી

---

* બે બાજુએ ધારવાળી તલવાર. આ આયુધ વાચક સંસ્કૃત ઋષ્ટિ શબ્દનો અર્થ કેટલાક 'બંદૂક' પણ કરે છે. ÷ ભાલો અથવા બરછી.

બ્હેન કુંભીનસીનો સ્વામી મધુદૈત્ય કે જે પોતાના વીર્યથી છકી ગયેલો અને કોઈથી પણ ન જીતાય એવો હતો તેને પણ તમોએ કેદ પકડીને વશ કર્યો છે.[૮] હે મહાબાહુ! છેક રસાતળમાં જઇને 'વાસુકિ, તક્ષક, શંખ' અને 'જટી' નામના મોટા મોટા સર્પોને તમોએ વશ કર્યા છે.[૯] હે સ્વામિન! તમોએ એક વર્ષ સુધી અખંડિત યુદ્ધ કરીને અક્ષયબળવાળા તથા વરદાન પામેલા દાનવોને સ્વપરાક્રમે કરીને વશ કર્યા છે. હે રાક્ષસાધિપ! તમોએ તે દાનવોની પાસેથી અનેકવિધની માયાઓ પ્રાપ્ત કરી છે.[૧૦-૧૧] હે મહાભાગ! ચતુરંગિણી સેનાસહિત યુદ્ધે ચઢેલા, મહાબળવાળા અને શૂરવીર એવા વરૂણના પુત્રોનો પણ તમોએ પરાભવ કરેલો છે.[૧૨] વળી હે રાજન! મૃત્યુ દંડરૂપી મોટા મગરવાળા, શાલ્મલી વૃક્ષોથી શોભતા, કાળપાશરૂપી તરંગોવાળા, યમદૂતરૂપી સર્પોવાળા અને મહાજ્વરથી દુર્ધર્ષ એવા યમલોકરૂપી મહાસાગરમાં પ્રવેશ કરીને તમોએ યમરાજાની સમુદ્રસરખી સેનાને જીતીને મોટો વિજય ધ્વજ ફરકાવ્યો છે; અને મૃત્યુનો અટકાવ કરીને સર્વ લોકોને સંતુષ્ટ કર્યા છે.[૧૩-૧૫] વળી હે રાક્ષસેશ્વર! મોટાં મોટાં વૃક્ષોથી પૃથ્વી છવાઈ જાય છે તેમ ઇંદ્ર સરખા પરાક્રમવાળા અને શૂરવીર એવા અસંખ્યાત ક્ષત્રિયોથી આ પૃથ્વી છવાઈ રહી હતી તે ક્ષત્રિયોનો પણ સંહાર કરીને તમોએ પૃથ્વીને મોકળી કરી છે. તોપછી હે રાજન! રામ કાંઈ તે રાજાઓના જેટલા બળવાળો નથી, કે જેથી તમે આમ ચિંતા કરો છો."[૧૬-૧૭]

"હે મહારાજ! નિશ્ચિંત થાઓ. શામાટે ડરો છો? આ તમારો પાટવી કુમાર ઈંદ્રજિત એકલોજ સઘળા વાનરોનો સંહાર કરવા સમર્થ છે.[૧૮] હે મહારાજ! આ ઈંદ્રજિતે મહેશ્વર યજ્ઞ કરીને અત્યંત દુર્લભ વરદાન મેળવ્યું છે; એ શું તમે ભૂલી ગયા કે?[૧૯] શક્તિ અને તોમર વગેરે આયુધોરૂપી મત્સ્યવાળા, વિખરાયેલાં આંતરડાંરૂપી શેવાળવાળા, હસ્તીઓરૂપી કાચબાવાળા, અશ્વોરૂપી દેડકાંથી વ્યાપ્ત, રૂદ્ર અને આદિત્ય જેવા દેવતાઓરૂપી મોટા મગરમત્સ્યવાળા, મરૂદ્ગણ અને વસુઓરૂપી મોટા સર્પોવાળા, રથો, અશ્વો તથા હસ્તીઓરૂપી જળથી ભરેલા અને પાયદળરૂપી કિનારાવાળા દેવતાઓની સેનારૂપી સમુદ્રમાં પ્રવેશ કરીને તમારા પુત્ર આ ઈંદ્રજિતે દેવરાજ ઈંદ્રને કેદ કરી આપણી લંકામાં આણ્યો હતો; એ શું તમે ભૂલી ગયા કે?[૨૦-૨૨] પછી જ્યારે મહેશ્વર શંકરે ઘણું કહ્યું ત્યારે શંબરાસુર તથા વૃત્રાસુરને હણનારો ઈંદ્ર તમારા પુત્રના હાથમાંથી મુક્ત થયો હતો અને સર્વ દેવતાઓથી પૂજાઇને સ્વર્ગમાં ગયો હતો. એ તમે કેમ ભૂલી જાઓ છો?[૨૩] માટે હે મહારાજા! રામ-લક્ષ્મણ સહિત સઘળી વાનર સેનાનો સંહાર કરવા અર્થે તમે તમારા પુત્ર ઈંદ્રજિતનેજ આજ્ઞા આપો.[૨૪] હે રાજન! મનુષ્ય અને વાનરરૂપી પ્રાકૃત જનોથી આવી પડેલી આપત્તિને માટે તમારે ચિંતા ધરવી યોગ્ય નથી. તમે રામ વગેરે સર્વનો સંહાર કરવા સમર્થ છો."[૨૫]

राजन्नापदयुक्तेयमागता प्राकृताज्जनात् ।
हृदि नैव त्वया कार्या त्वं वधिष्यसि राघवम् ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં સાતમો સર્ગ સંપૂર્ણ. ૭

सर्ग ८ मो.

લંકાની રાજસભા-ગર્વોન્મત્ત રાક્ષસો.

ततो नीलाम्बुदप्रख्यः प्रहस्तो नाम राक्षसः ।
अब्रवीत् प्राञ्जलिर्वाक्यं शूरः सेनापतिस्तदा ॥

ત્યારપછી નીલ મેઘસરખા શ્યામ વર્ણવાળો શૂરવીર સેનાપતિ પ્રહસ્ત રાક્ષસ હાથ જોડીને કહેવા લાગ્યો કે;-[૧] "હે રાક્ષસેંદ્ર! તમે સંગ્રામમાં દેવ, દાનવ, ગંધર્વ, પિશાચ, ઉરગ અને પન્નગ આદિ સર્વ કોઇનો પરાભવ કરવાને સમર્થ છો; તો પછી બે મનુષ્યોના શા ભાર છે?[૨] હે રાજન! હનુમાન આવ્યો

તે વખતે તો આપણુ સૌ અસાવધ હતા, તેથી તે આપણુને છેતરી ગયો; નહિ તો એ વનચરનું તે શું સામર્થ્ય હતું કે તે મારી આગળથી જીવતો જાય?[૩] હે મહારાજ! તમે મને આજ્ઞા આપો એટલે તુરતજ પર્વતો, વનો અને ઉપવનોથી છવાયલી સમુદ્રપર્યંતની આખી પૃથ્વીને હું વાનરોથી રહિત કરીશ![૪] હે રજનીચર! હું વાનરોના ભયથી સર્વને ઉગારીશ; જેથી સીતાનું હરણુ કરવાથી ઉપજેલું દુ:ખ તમને નડશે નહિ."[૫]

પછી 'દુર્મુખ' નામનો રાક્ષસ મુખમુદ્રાને શાંત રાખીને બોલ્યો કે; "અરે, આપણા શત્રુ રામ તરફથી આવેલા એક વાનરાએ આપણા સૌનું જે મોટું અપમાન કર્યું છે તે કોઈપણુ રીતે સહન કરવા જેવું નથી.[૬] અરે, એકલા હનુમાને આપણા રાજા શ્રીમાન્ રાવણુરાયનો, તેમના અંત:પુરનો તથા આખી લંકાનગરીનો મોટો પરાભવ કર્યો છે તે આપણાથી સાંખી રહેવાય તેમ નથી![૭] માટે હમણાંજ હું એકલો જઈને સઘળા વાનરો કે જેઓ રાવણુના ભયને લીધે ભયંકર સમુદ્રમાં, આકાશમાં કિંવા રસાતળમાં ભરાઇ પેઠા હશે તેઓને શોધી શોધીને મારીશ અને આપણા રાજાના અપમાનનો બદલો વાળીશ!"[૮]

ત્યારપછી અત્યંત ક્રોધ પામેલો મહા બળવાન વજ્રદંષ્ટ્ર રાક્ષસ માંસ અને રૂધિરથી ખરડાયેલું પોતાનું ભયંકર પરિઘ ઉપાડીને બોલ્યો કે;[૯] "દુર્જેય એવા રામ–લક્ષ્મણુ અને સુગ્રીવ જ્યાંસુધી જીવતા છે ત્યાંસુધી કૃપણુ અને તપસ્વી એવા હનુમાનને હણુવાથી શું વળે એમ છે?[૧૦] આજે હું એકલોજ જઈશ અને આખી વાનર સેનાને ક્ષુભિત કરીને તથા મારા આ પરિઘવડે રામ–લક્ષ્મણુ સહિત સુગ્રીવને હણીને પાછો આવીશ.[૧૧] હે રાવણુરાય! જો તમારે જય મેળવવાની ઇચ્છા હોય તો મારૂં એક બીજું વચન સાંભળો. જે પુરૂષ આલસ્યનો ત્યાગ કરીને ઉપાય યોજવામાં તત્પર રહે છે તે પુરૂષજ શત્રુઓપર વિજય મેળવે છે.[૧૨] હે રાક્ષસાધિપ! વાનરસેના સહિત રામ–લક્ષ્મણુને મારવાનો બીજો એક ઉપાય એવો છે કે ભયંકર સ્વરૂપવાળા, દૃઢનિશ્ચયવાળા અને ઇચ્છિતરૂપ ધરનારા હજારો રાક્ષસો મનુષ્યના જેવું રૂપ ધરીને રામની પાસે જાય અને નિડરપણે રામને કહે કે;[૧૩-૧૪] "તમારા નાના ભાઈ ભરતે અમને તમારી પાસે સહાય કરવાઅર્થે મોકલ્યા છે અને તે પોતે પણુ મોટી સેના સજ્જ કરીને અમારી પાછળ આવે છે."[૧૫] "કપટથી મનુષ્યવેષ ધરી ગયેલા રાક્ષસો રામને એવું કહેતા હશે એટલામાં તો ત્રિશૂળ શક્તિ, ગદા, ધનુષ્ય, બાણુ અને તલવાર આદિ આયુધો ગ્રહણુ કરીને અમે ત્યાં જઇ પહોંચીશું[૧૬] અને અંતરિક્ષમાં ટુકડીબંધ રહીને શિલાઓની તથા અસ્ત્રોની વૃષ્ટિ કરીને વાનર સેનાને યમદ્વારમાં પહોંચતી કરીશું![૧૭] જો આમ થશે તો રામ–લક્ષ્મણુ અવશ્ય આપણા ચક્કરમાં આવી પડશે, અને આપણા કપટપ્રહારથી તે પોતાના જીવિતનો ત્યાગ કરશે."[૧૮]

ત્યારપછી અત્યંત ક્રોધે ભરાયેલો અને વીર્યવાળો કુંભકર્ણનો પુત્ર શૂરવીર નિકુંભ રાક્ષસ સર્વ લોકોને રડાવનારા રાવણુ પ્રત્યે કહેવા લાગ્યો કે;[૧૯] "હે મહારાજ! આ સર્વ રાક્ષસો અને તમે અહીંયાંજ રહો. હું એકલોજ જઇશ અને લક્ષ્મણુસહિત રામને તથા હનુમાનાદિ વાનરોસહિત સુગ્રીવને મારીને પાછો આવીશ."

નિકુંભનું વાક્ય પૂરૂં થયું કે તુરતજ પર્વતસરખા દેહવાળો 'વજ્રહનુ' નામનો રાક્ષસ ક્રોધનેલીધે હોઠ પીસતો બોલ્યો કે, "હે રાક્ષસો! તમે સૌ નિશ્ચિંત થઇ સ્વેચ્છાનુસાર પોતપોતાનાં કાર્ય કર્યા કરો.[૨૦-૨૨] હું એકલોજ સઘળી વાનરસેનાને ખાઇ જઇશ. હે નિશાચરો! તમે સૌ બેફીકર થઇ ક્રીડા કરો અને સુખેથી 'વારૂણી' મદિરાનું પાન કરો.[૨૩] હું એકલોજ રામ, લક્ષ્મણુ, સુગ્રીવ,

અંગદ તથા હનુમાન આદિ સર્વ વાનરોનો વધ કરીશ. "૨૪

अहमेको वधिष्यामि सुग्रीवं सहलक्ष्मणम् ।
साङ्गदं च हनूमन्तं सर्वांश्चैवात्र वानरान् ॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં આઠમો સર્ગ સંપૂર્ણ. ૮

સર્ગ ૯ મો.

લંકાની રાજસભા-વિભીષણનાં હિતવચન-સીતા પાછી આપો.

ततो निकुम्भो रभसः सूर्यशत्रुमहाबलः ।
सुप्तघ्नो यज्ञकोपश्च महापार्श्वोमहोदरौ ॥ १ ॥

કુંભકર્ણનો પુત્ર નિકુંભ, રભસ, સૂર્યશત્રુ, સુપ્તઘ્ન, યજ્ઞકોપ, મહાપાર્શ્વ, મહોદર, અગ્નિકેતુ, રશ્મિકેતુ, મહાબળવાન ઇંદ્રજીત, પ્રહસ્ત, વિરૂપાક્ષ, વજ્રદંષ્ટ્ર, ધુમ્રાક્ષ, નિકુંભ (બીજો), અને દુર્મુખ વગેરે રાક્ષસો કે જેઓ તીવ્ર ક્રોધાગ્નિથી પ્રદીપ્ત થઇ રહ્યા હતા તેઓ પરિઘ, પટ્ટિશ, ત્રિશૂળ, પ્રાસ, શક્તિ, ફરશી, ધનુષ્ય, તલવાર તથા તીક્ષ્ણ બાણ વગેરે અસ્ત્રો-શસ્ત્રો ગ્રહણ કરીને ઉભા થયા અને બોલ્યા કે,-૧-૫ "હે રાજન! જેણે આપણી લંકાનગરીને બાળી છે તે કૃપણ હનુમાનનો, સર્વ વાનરો સહિત સુગ્રીવનો તથા રામ-લક્ષ્મણનો અમે આજેજ વધ કરીશું. "૬

એ પ્રમાણે આયુધ ગ્રહણ કરીને યુદ્ધ કરવા તત્પર થયેલા સર્વ રાક્ષસોને વારીને તથા તેઓને પુનઃ પણ નીચે બેસાડીને, મહાત્મા વિભીષણ હાથજોડી કહેવા લાગ્યો કે,૭ "હે પ્રિયભાઇ રાવણ! સામ, દામ અને ભેદ, એ ત્રણ ઉપાયોથી પણ જે અર્થની પ્રાપ્તિ ન થઈ શકે એમ હોય તે અર્થની પ્રાપ્તિ માટેજ પરાક્રમ કરવારૂપી (દંડરૂપી) ચોથો ઉપાય યોજવો યોગ્ય છે એમ નીતિજ્ઞ પુરૂષો કહે છે.૮ હે તાત! જે પુરૂષો અસાવધ હોય, ઘણા શત્રુઓથી ઘેરાયેલા હોય અને જેઓનું દૈવ પ્રતિકૂળ હોય તેવા પુરૂષોને વિષે પરીક્ષા કરીને વિધિપૂર્વક યોજેલું પરાક્રમ સિદ્ધ થાય છે.૯ પરંતુ રામ તો અત્યંત સાવધ છે, જય મેળવવાનો ઉત્સાહ ધરાવે છે, અનુકૂળ દૈવવાળો છે, બુદ્ધિમાન છે, અને દિવ્ય અસ્ત્રવિદ્યાને જાણનારો છે. તેનો પરાભવ કરવાનું તું કેવી રીતે ધારે છે?૧૦ હે રાવણ! તું તારા મન સાથેજ વિચાર કર કે નદ અને નદીઓના પતિ ભયંકર સમુદ્રને ઓળંગી હનુમાન અહીંયાં આવશે એવું સ્વપ્ને પણ કોણ જાણતું હતું? "૧૧

"હે રાક્ષસો! શત્રુ પક્ષના વીર્ય-શૌર્યનો કિંવા બળાબળનો સારી રીતે વિચાર કર્યા વિના, આમ એકાએક તેની અવગણના કરવી એ કોઈ પણ રીત યોગ્ય નથી.૧૨ હે રાક્ષસો! તમે વિચાર કરો કે રામે રાવણનું પહેલવહેલું એવું તે શું અપ્રિય કર્યું હતું કે જેથી રામ જેવા યશસ્વી પુરૂષની સ્ત્રીનું તેણે જનસ્થાનમાંથી હરણ કર્યું?૧૩ 'રામે ખરને માર્યો એથી રાવણે સીતાનું હરણ કર્યું' એમ જો તમે કહેશો તો હું કહીશ કે ખર રાક્ષસ પોતાનું રહેઠાણ છોડી રામના નિવાસસ્થાનમાં જઇ જ્યારે રામને પીડા કરવા લાગ્યો ત્યારે રામે સંગ્રામમાં તેને માર્યો છે. એમાં રામે શું ખોટું કર્યું છે? એ તો નીતિજ છે કે પ્રાણીઓએ પોતાની શક્તિ પ્રમાણે પોતાના પ્રાણોનું રક્ષણ અવશ્ય કરવુંજ જોઇએ. "૧૪

"હે ભાઈ રાવણ! તેં સીતાનું હરણ કર્યું છે એથી સાંપ્રતમાં આપણા ઉપર મોટું ભય પ્રાપ્ત થયું છે, માટે તું સીતાને પાછી આપ. વ્યર્થ કલહ કરવાથી શું વળે એમ છે?૧૫ હે રાવણ! ધર્મપ્રમાણે વર્તનારા અને મહાપરાક્રમી એવા રામની સાથે નિરર્થક વૈર કરવું ઘટતું નથી; માટે તું સીતા પાછી આપ.૧૬ રામચંદ્ર અહીંયાં ચઢી આવીને અશ્વ, ગજ તથા અનેક રત્નોથી ભરેલી લંકાનગરીને જ્યાંસુધીમાં પોતાનાં બાણોવડે નષ્ટભ્રષ્ટ ન કરે ત્યાં સુધીમાં તું સીતા પાછી આપ. અત્યંત૧૭

ભયંકર અને અજેય પરાક્રમવાળી મોટી વાનરસેના જ્યાંસુધીમાં લંકાગઢને ઘેરી ન વળે ત્યાં સુધીમાં તું સીતા પાછી આપ.[૧૮] જો તું પોતાની મેળેજ રામની પ્રિય પત્ની સીતાને તેના પતિને પાછી નહિ સોંપે તો શૂરવીર રાક્ષસો સહિત આખી લંકાનો અવશ્ય વિનાશ થશે. માટે પ્રથમથી સમજીને તું સીતા પાછી આપ.[૧૯] હે રાવણરાય! હું તને બંધુભાવથી કહું છું કે તું પ્રસન્નતાપૂર્વક મારા વચનોનો સ્વીકાર કર. હું તારૂં હિત થાય એવાં સત્ય વચનોજ કહું છું. તું સીતા રામને પાછી આપ.[૨૦] હે રાક્ષસેંદ્ર! તારો વધ કરવાઅર્થે દશરથનંદન રામચંદ્ર જ્યાંસુધી શરદઋતુના સૂર્યનાં કિરણસરખાં પ્રકાશતાં, ચકચકિત અગ્ર તથા પુંખવાળાં અને અત્યંત દૃઢ એવાં તીક્ષ્ણ બાણો ન મૂકે ત્યાંસુધીમાં તું તેમને સીતા પાછી આપ.[૨૧] હે રજનીચર! સુખ તથા ધર્મનો નાશ કરનારા ક્રોધનો તું સત્વર ત્યાગ કર અને સ્નેહ તથા પ્રીતિને વધારનારા ધર્મનું સેવન કર. હે રાજન! અમારાપર કૃપા કરીને તું સીતા રામને પાછી આપ કે જેથી પુત્રો પૌત્રો અને બંધુવર્ગ સહિત અમે સૌ જીવતા રહીએ."[૨૨]

પોતાને અપ્રિય એવાં વિભીષણનાં વચન સાંભળીને રાક્ષસોનો રાજા રાવણ સર્વ રાક્ષસોને વિદાય કરી પોતાના રાજમહેલમાં ગયો.[૨૩]

विभीषणवचः श्रुत्वा रावणो राक्षसेश्वरः ।
विसर्जयित्वा तान्सर्वान्प्रविवेश स्वकं गृहम् ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં નવમો સર્ગ સંપૂર્ણ. ૯

સર્ગ ૧૦ મો.

વિભીષણનો હિતોપદેશ.

ततः प्रत्युषसि प्राप्ते प्राप्तधर्मार्थनिश्चयः ।
राक्षसाधिपतेर्वेश्म भीमकर्मा विभीषणः ॥ १ ॥

પ્રભાતકાળ થયો ત્યારે જેણે ધર્મ અને અર્થનો નિશ્ચય કરેલો છે એવો તથા દુષ્ટાત્મા રાવણને હિતવચન કહેવારૂપી દુષ્કર કર્મ કરનારો મહાત્મા વિભીષણ રાવણના રાજમહેલ આગળ આવ્યો.[૧] અનેક પર્વતશિખરોના સમૂહસરખો રાવણનો રાજમહેલ આકાશની સાથે વાતો કરતો હતો. તેમાં સમાંતર વિભાગે મોટા મોટા ઓરડાઓ આવેલા હતા; રાવણ ઉપર પ્રીતિવાળા અને બુદ્ધિમાન એવા અમાત્યો તથા મહાજનો તેમાં વસતા હતા; કાર્યકુશળ રાક્ષસો ચોમેરથી તેની રક્ષા કરતા હતા; મદોન્મત્ત હસ્તીઓના નિઃશ્વાસની સાથે મળવાથી ત્યાંનો પવન ડહોળાઈ રહ્યો હતો; શંખના મહાનાદથી તે ગાજી રહ્યો હતો; તેમાં અનેક પ્રકારનાં વાજીંત્રોના સ્વર સંભળાતા હતા; પ્રમદાઓની ભીડ જામેલી હતી; આવવા જવાના માર્ગોમાં દાસ-દાસીઓનો કલરવ સંભળાતો હતો; તેનાં સઘળાં દ્વારો શુદ્ધ સુવર્ણનાં હતાં; અને નાના પ્રકારના ચંદરવા તથા તોરણો વગેરે અલંકારોથી તે અત્યંત શોભતો હતો.[૨-૫] એ રાજમહેલ વાજીંત્રોના નાદથી ભરપૂર હોવાને લીધે જાણે ગંધર્વોની નિવાસ ભૂમિજ હોય, મહાન ઐશ્વર્ય સંપન્ન હોવાને લીધે જાણે સાક્ષાત સ્વર્ગજ હોય, અને રત્નખચિત હોવાને લીધે જાણે નાગલોકજ હોય, એવો શોભતો હતો.[૬]

અત્યંત પ્રકાશને લીધે વિસ્તાર પામેલાં કિરણોવાળો સૂર્ય જેમ મેઘમંડળમાં પ્રવેશ કરે તેમ અત્યંત કાંતિવાળા વિભીષણે પોતાના મોટા ભાઇ રાવણના રમ્ય રાજમહેલમાં પ્રવેશ કર્યો.[૭] ત્યાં આગળ વેદવેત્તા બ્રાહ્મણોએ ઉચ્ચારેલા પવિત્ર પુણ્યાહવાચનના તથા 'રાવણરાયનો જય હો, જય હો.' એવા માંગળિક શબ્દો મહા તેજસ્વી વિભીષણના સાંભળવામાં આવ્યા;[૮] તેમજ સંપૂર્ણ વેદને જાણનારા બ્રાહ્મણો કે જેઓનો પુષ્પ, અક્ષત, દહીં અને ઘી વગેરે પદાર્થોથી સત્કાર થયો હતો તેઓનાં તેને દર્શન થયાં.[૯]

રાક્ષસોથી સત્કાર પામતા મહાબાહુ વિભીષણે પોતાના તેજથી પ્રકાશી રહેલા

અને ઉંચા આસનપર બેઠેલા રાવણુ પાસે જઈ તેનું વંદન કર્યું.[૧૦] વિનયના આચારને જાણુનારો વિભીષણુ "રાજાજીનો વિજય થાઓ" એમ બોલીને રાવણે દૃષ્ટિવડે બતાવેલા એક સુવર્ણના આસનપર બેઠો.[૧૧] જ્યારે દાસ દાસીઓ વગેરે ત્યાંથી ચાલ્યાં ગયાં ત્યારે મહાત્મા વિભીષણે સઘળા મંત્રીઓની સમક્ષ રાવણુને હિતકર અને સયુક્તિક વચન કહેવાનો વિચાર કર્યો.[૧૨] પ્રથમ શાંતિ ભરેલાં વચનોથી પોતાના જ્યેષ્ઠ બંધુ રાવણુને પ્રસન્ન કરીને, સારાસારનો વિવેક જાણુનારા વિભીષણે દેશ-કાળને અનુસરતાં વાક્ય કહેવા માંડયાં.[૧૩]

વિભીષણુ કહે છેઃ—"હે શત્રુઓને તપાવનારા રાવણુ ! વિદેહપુત્રી સીતાનાં અહીંયાં જ્યારથી પગલાં થયાં છે ત્યારથી આપણુને અનેક પ્રકારનાં માનશુકન થયાં કરે છે.[૧૪] હે રાજન! ધુમાડા સહિત ઉત્પન્ન થયેલો ×મંથાગ્નિ મંત્ર પાઠપૂર્વક ઘીહોમાવા છતાં પણુ સારી રીત પ્રજ્વલિત થતો નથી; પણુ તેમાંથી તણુખા અને ધુમાડાના ગોટાજ ઉઠયા કરે છે.[૧૫] આપણાં રસોડામાં, અગ્નિહોત્રની શાળાઓમાં તથા વેદપાઠ કરવાનાં પવિત્ર સ્થળોમાં જ્યાં ત્યાં સર્પ જોવામાં આવે છે; અને હુતદ્રવ્યમાં ઘણીજ કીડીઓ ઉભરાય છે.[૧૬] ગાયો ઉચી ગઈ છે, મદમત્ત હસ્તીઓનો મદ ઝરતો બંધ થયો છે, અશ્વો દીનપણે હણુહણે છે, અને ઘાસ ખાવા છતાં પણુ તેઓ જાણે ભૂખ્યાજ હોય એમ નવા નવા ઘાસની ઈચ્છા કરે છે![૧૭] હે રાજન! ગધેડાં, ઉંટ અને ખચ્ચર વગેરે પ્રાણીઓ પોતાનાં રૂંવાં ઉભાં કરીને નિરંતર આંસુ ઢાળ્યાં કરે છે. પશુ વૈદ્યકશાસ્ત્રમાં કુશળ વૈદ્યોએ તેઓની સારી રીતે ચિકિત્સા કર્યા છતાં તેઓ પોતાની સ્વાભાવિક પ્રકૃતિમાં આવતાં નથી.[૧૮] કાગડાઓના ટોળેટોળાં ક્રૂર શબ્દ કરતાં ચોતરફ ફરે છે અને મોટી મોટી હવેલીઓ ઉપર આવીને બેસે છે.[૧૯] પીડિત થયેલાં હોય એમ શબ્દ કરતાં ગૃધ્રપક્ષીઓ આપણી લંકાનગરી ઉપર ભમે છે; પ્રાતઃકાળે તથા સાયંકાળે લંકાની પાસે આવીને શિયાળવાં અમાંગલિક શબ્દ કરે છે;[૨૦] અને લંકાના દરવાજા આગળ ટોળે મળેલાં નાહર વગેરે માંસ ભક્ષી પ્રાણીઓના તથા મૃગોના વિજળીના કડાકા જેવા ભયંકર નાદ હમેશાં સાંભળવામાં આવે છે.[૨૧] હે વીર! આ સર્વ અપશકુનોની શાન્તિ માટે ત્હારે પ્રાયશ્ચિત કરવું યોગ્ય છે, એમ હું ધારૂં છું. અને તે પ્રાયશ્ચિત તે એજ કે રામને તું સીતા પાછી આપ.[૨૨] હે મહારાજ! જો કદાચ મેં અજ્ઞાનથી કિંવા જીવવાના લોભથી તને આ વચન કહ્યાં હોય તો પણુ તું મને દુષ્ટ બુદ્ધિવાળો જાણીશ નહિ; અર્થાત્ હું શત્રુના પક્ષમાં મળેલો કિંવા શત્રુનુંજ શુભ ઇચ્છનારો છું એમ તું માનીશ નહિ.[૨૩] સીતાનું હરણુ કરવાના દોષને લીધે થતા ઉત્પાતો સર્વત્ર જોવામાં આવે છે. એ ઉત્પાતો સઘળા રાક્ષસો, રાક્ષસીઓ, રણુવાસ અને આખી પ્રજાને માટે અશુભ સૂચવે છે.[૨૪] હે રાવણુરાય! જો કે સર્વ મંત્રીઓ આ મેં જણાવેલો મંત્ર તને કહી શકયા નથી; પરંતુ મેં તો મારી યથામતિ તારી આગળ મારો વિચાર પ્રકટ કર્યો છે. મેં જે કાંઈ સાંભળ્યું હોય કિંવા જોયું હોય તે સઘળું ભ્રાતૃભાવને લીધે મારે તને અવશ્ય કહેવુંજ જોઇએ. હવે મારા વચનોપર યથાન્યાય વિચાર કરીને પછી જેમ કરવું ઘટે તેમ કર."[૨૫]

મંત્રીઓની વચ્ચે બેઠેલા પોતાના જ્યેષ્ઠ બન્ધુ રાવણુને ઉપર પ્રમાણે હિતકારક વચન કહીને, મહાત્મા વિભીષણુ વિરામ પામ્યા.[૨૬] સીતાપર કામાસકત થયેલો લંકેશ્વર રાવણુ ભૂત, ભવિષ્યત તથા વર્તમાન એ ત્રણેકાળમાં હિત કરનારાં, ગંભીર અર્થવાળાં અને યુકિત યુક્ત એવાં વિભીષણુનાં વચન સાંભળીને એકાએક કોપાયમાન થઈ ગયો. તે બોલ્યો કે,[૨૭] "ઓ વિભીષણુ! મને કોઇ જાતનું ભય હોય એમ લાગતું નથી. કદી પણુ રામને સીતા મળવાની નથી. એ તારે નિશ્ચય જાણુ.વું.

× અધરારણિ અને ઉત્તરારણિનું મંથન કરવાથી પ્રકટેલો અગ્નિ.

રામ કદાચ ઇંદ્રાદિ દેવોને લઇને અત્રે આવશે તો પણ સંગ્રામમાં તે મારી સામે કેમજ ટકી શકશે ?"[૨૮] એ પ્રમાણે કહીને ભયંકર પરાક્રમવાળા અને દેવતાઓના સૈન્યનો નાશ કરનારા મહા બલવાન રાવણે હિત વચન કહેનારા પોતાના કનિષ્ઠ બંધુ વિભીષણને ત્યાંથી વિદાય કર્યો.[૨૯]

इत्येवमुक्त्वा सुरसैन्यनाशनो महाबलः संयति चण्डविक्रमः । दशाननो भ्रातरमाप्तवादिनं विसर्जयामास तदा विभीषणम् ॥२९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં દશમો સર્ગ સંપૂર્ણ. ૧૦

सर्ग ११ मो.

યુદ્ધ મંત્રણા-રાવણે બોલાવેલી સભા.

स बभूव कृशो राजा मैथिलीकाममोहितः । असन्मानाच्च सुहृदां पापः पापेन कर्मणा॥१॥

પરસ્ત્રીનું હરણ કરવા રૂપી દુષ્કર્મથી પાપી બનેલો રાવણ વિભીષણ સરખા સુહૃજ્જનોના અપમાનથી તથા સીતાવિષેની કામપીડાથી દિવસે દિવસે સૂકાવા લાગ્યો.[૧] કામદેવથી અત્યંત પીડાતો અને વારંવાર સીતાનુંજ ચિંતન કરતો રાવણ યુદ્ધ કરવા યોગ્ય સમય નહિ હોવા છતાં વિભીષણ સિવાયના અન્ય સુહૃદ્વર્ગ અને અમાત્યોની સલાહથી 'રામની સાથે યુદ્ધ કરવુંજ યોગ્ય છે' એમ માનવા લાગ્યો.[૨] સુવર્ણથી મઢેલા, મણિ તથા વિદ્રુમથી શણગારેલા, કેળવાયેલા ઉત્તમ અશ્વોવાળા અને મેઘગર્જના સરખો ઘણુઘણાટ કરતા મોટા રથમાં બેસીને રાક્ષસોનો રાજા રાવણ પોતાની સભા પ્રત્યે જવા નીકળ્યો.[૩-૪] એ વેળા ઢાલ-તલવાર તથા બીજાં પણ અનેક આયુધોને ધારણ કરનારા શૂરવીર યોદ્ધાઓ રાવણની આગળ ચાલતા હતા;[૫] અને વિવિધ પ્રકારના વેષવાળા તથા અનેક પ્રકારનાં આભૂષણોથી શોભતા કેટલાક રાક્ષસો તેની બન્ને બાજુએ તેમજ પાછળ ચાલતા હતા.[૬] કેટલાક અતિરથીઓ રથમાં બેસીને તથા કેટલાક મદમત્ત હસ્તીઓપર બેસીને રાવણની બન્ને બાજુએ ઉતાવળે ચાલતા હતા, અને ગદા, પરિઘ, શક્તિ, તથા તોમર આદિ હથિઆરોને ધારણ કરનારા કેટલાક સ્વારો પોતાના અશ્વોને ખેલાવતા, રાવણની પાછળ ચાલતા હતા. રાવણરાય સભા પ્રત્યે જવા નીકળ્યો એ વેળા હજારો વાજીંત્રો વાગવા લાગ્યાં અને તુમુલ શંખનાદ થવા લાગ્યો. પૈડાંના નાદથી દશે દિશાઓને ગજાવતો રાવણનો મહાન રથ જોત જોતામાં ભવ્ય રાજમાર્ગપર આવી પહોંચ્યો અને સભા સ્થાનપ્રત્યે જવા લાગ્યો. એ વેળા રાવણના મસ્તકપર ધરેલું નિર્મળ શ્વેતછત્ર પૂર્ણિમાના ચંદ્ર સરખું શોભતું હતું, સુવર્ણની મંજરીઓવાળાં અને શુદ્ધ સ્ફટિક સરખાં શ્વેત બે ચામર રાવણની બન્ને બાજુએ ઢોળાતાં હતાં અને પૃથ્વીપર ઉભેલા રાક્ષસો રથમાં બેઠેલા રાવણને જોઇ હાથ જોડી મસ્તકવડે નમન કરતા હતા. "રાવણરાયનો જય હો, જય હો ! " એ પ્રમાણે રાક્ષસોથી સ્તુતિ કરાતો શત્રુદમન રાવણ થોડીકવારમાંજ સભા આગળ આવી પહોંચ્યો. દેવોના શિલ્પી વિશ્વકર્માએ રચેલી રાવણની સભામાં શુદ્ધ સ્ફટિકમણિની વેદિકાઓ બનાવેલી હતી, સોના તથા રૂપાની ભીંતો હતી, જરીયાનનાં બિછાનાં પાથરેલાં હતાં, અને છસેં પિશાચ રક્ષકો તેની ચોકી કરતા હતા. એ સભામાં પ્રવેશ કરીને પોતાના તેજથી પ્રકાશતો રાક્ષસેંદ્ર રાવણ, જેનાપર ઉત્તમ મૃગચર્મ બિછાવ્યું હતું એવા પોતાના વૈદૂર્યમય શ્રેષ્ઠ આસનપર બેઠો. પછી તેણે ઉતાવળે ચાલનારા દૂતોને આજ્ઞા કરી કે:-[૬-૧૭] "હે રાક્ષસો ! આપણે શત્રુઓની સામે મોટું કાર્ય કરવાનું છે, માટે તમે સત્વર જાઓ અને લંકાના સર્વ રાક્ષસોને અહીં તેડી લાવો."[૧૮]

રાવણની આજ્ઞા સાંભળતાંજ દૂતો લંકામાં

ફરવા નીકળી પડયા. તેઓએ લંકાનાં ઘેરેઘેર, વિહાર સ્થળોમાં, શયન સ્થાનોમાં તેમજ બાગ-બગીચાઓમાં જઈને નિર્ભયપણે રાક્ષસોને કહ્યું કે "તમો સૌને આપણા રાજા રાવણ ઉતાવળે બોલાવે છે."[૧૯]

રાજાની આજ્ઞા સાંભળીને કેટલાક રાક્ષસો રથમાં બેસીને, કેટલાક અશ્વોપર આરૂઢ થઈને કેટલાક મદોન્મત્ત હાથીઓપર ચઢીને અને કેટલાક પગે ચાલીને રાવણની સભામાં જવાને નીકળ્યા.[૨૦] એ સમયે અનેક રથો, હસ્તીઓ અને અશ્વોથી ભરપૂર થયેલી લંકા નગરી જેમ ઉડતા ગરૂડોથી આકાશ શોભે તેમ શોભતી હતી.[૨૧] અનેક પ્રકારનાં રથાદિ વાહનો પર બેસીને તેમજ પગે ચાલીને તેઓ સર્વ ઉતાવળે સભા સ્થાન આગળ જઈ પહોંચ્યા, અને સિંહો જેમ પર્વતની ગુફામાં પ્રવેશ કરે તેમ તેઓએ રાવણની સભામાં પ્રવેશ કર્યો.[૨૨] પછી રાવણના ચરણોનું વંદન કરીને તથા રાવણથી સત્કાર પામીને તેઓ સર્વ યથાયોગ્ય આસનોપર બેઠા. કેટલાક ઉંચાં આસનપર બેઠા, કેટલાક જાજમપર બેઠા અને કેટલાક પૃથ્વીપર બેઠા.[૨૩] રાવણની આજ્ઞાથી સભામાં એકત્ર થયેલા સર્વ રાક્ષસો યથાયોગ્ય આસનોપર બેસીને રાક્ષસેંદ્ર રાવણની પ્રશંસા કરવા લાગ્યા.[૨૪] અર્થ નિશ્ચય કરવામાં કુશળ એવા મુખ્ય મંત્રીઓ, શ્રેષ્ઠ બુદ્ધિવાળા અને પવિત્ર આચરણવાળા ઉપમંત્રીઓ તેમજ બીજા પણ સેંકડો શૂરવીર રાક્ષસો સર્વના સુખનો વિચાર કરવા માટે રાવણની રમ્ય સભામાં એકઠા થયા.[૨૫-૨૬] એટલામાં સોનાથી મઢેલા અને ઉત્તમ અશ્વો જોડેલા રથમાં બેસીને યશસ્વી વિભીષણ પણ પોતાના મોટાભાઈની સભામાં આવી પહોંચ્યો.[૨૭] સભામાં આવી વિભીષણે પ્રથમ પોતાના નામનું ઉચ્ચારણ કરીને રાવણના ચરણોનું વંદન કર્યું અને પછી પોતાને યોગ્ય આસનપર બેઠો. આ વેળા 'શુક' અને 'પ્રહસ્ત' નામના મંત્રીએ સભામાં આવનાર પ્રત્યેકનું સ્વાગત કરીને યોગ્ય આસનોપર બેસાડતા હતા.[૨૮]

એ સમયે નાના પ્રકારના મણિજડિત સુવર્ણાલંકારને ધારણ કરનારા અને સુંદર વસ્ત્ર પહેરેલા સર્વ રાક્ષસોનાં શરીરપર લગાવેલ અમૂલ્ય ચંદન તથા પુષ્પમાળાઓનો સુવાસ આખી સભામાં બ્હેકી રહ્યો હતો.[૨૯] રાવણની સભા ઘણીજ શાંત હતી. ત્યાં કોઈ પણ સભાસદ ઉંચેથી બોલતો નહતો તેમજ કોઈ પણ અસત્ય વકતા ન હતો. અત્યંત પરાક્રમવાળા તે સર્વ રાક્ષસો જાણે કૃતકૃત્ય જ થયા હોય, એમ આનંદ પૂર્વક રાવણના મુખ સામું જોઈ રહ્યા હતા.[૩૦] અનેક શસ્ત્રાસ્ત્રોને ધારણ કરનારા, મહાન બળવાળા અને મનસ્વી એવા રાક્ષસોની સભામાં બેઠેલો અભિમાની રાવણ, દેવતાઓની સભામાં બેઠેલા વજ્રધારી ઈંદ્રની પેઠે શોભતો હતો.[૩૧]

स रावणः शस्त्रभृतां मनस्विनां महाबलानां समितौ मनस्वी । तस्यां सभायां प्रभया चकाशे मध्ये वसूनामिव वज्रहस्तः ॥३१॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં અગીઆરમો સર્ગ સંપૂર્ણ. ૧૧

सर्ग १२ मो.

યુદ્ધમંત્રણા-રાવણનો પ્રસ્તાવ-કુંભકર્ણનાં વચનો.

स तां परिषदं कृत्स्नां समीक्ष्य समितिंजयः । प्रबोधयमास तदा प्रहस्तं वाहिनीपतिम् ॥१॥

યુદ્ધમાં જય મેળવનારા રાક્ષસરાજ રાવણે આખી સભા ઉપર દૃષ્ટિ ફેરવીને સેનાપતિ પ્રહસ્તને કહ્યું કે:-[૧] "હે સેનાપતિ અસ્ત્રવિદ્યામાં કુશળ એવી આપણી ચતુરંગીણી સેનાને આપણા નગરની ચોતરફથી રક્ષા કરવાની તું આજ્ઞા આપ."[૨]

"જી હજૂર, જેવી આજ્ઞા" એમ બોલી વિનય દર્શાવીને પ્રહસ્ત તુરતજ રાજાજ્ઞાનો અમલ કરવામાટે ત્યાંથી ઉઠયો અને નગરની બહાર તથા અંદર સર્વત્ર રક્ષણ કરવામાટે

સૈન્યોની ગોઠવણી કરી.[3] નગરરક્ષાનો ઉત્તમ પ્રબંધ કરીને પ્રહસ્ત તુરતજ પાછો આવ્યો અને રાવણની આગળ બેસીને વિનયથી બોલ્યો:[4] "હે બળવાન રાજન્! તમારી આજ્ઞા પ્રમાણે મેં નગરની બહાર તથા અંદર રક્ષણ કરવા અર્થે સૈન્યોની યોજના કરી છે. હવે ચિત્તસ્વસ્થ રાખીને જે કાંઇ કરવું હોય તે કરો."[5]

રાજ્યહિતૈષી પ્રહસ્તનું વચન સાંભળીને સુખની લાલસાવાળા રાવણે પોતાના સુહૃદ્વર્ગને કહ્યું કેઃ-[6] "હે સ્નેહીજનો! પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ, લાભ-અલાભ, હિત-અહિત અને ધર્મ, અર્થ તથા કામના સંકટ સમયમાં શું કરવું યોગ્ય છે? એ બાબત તમે સારી રીતે જાણો છો.[7] તમોએ મંત્ર (વિચાર) કરીને આજદિન સુધીમાં મારા હાથે જે જે કાર્યો કરાવ્યાં છે તેમાં હું હજી સુધી કદી પણ નિષ્ફળ નિવડયો નથી.[8] હે સુહૃદો! હું ધારૂં છું કે જેમ ઇંદ્ર સૂર્યચંદ્રાદિ ગ્રહો, નક્ષત્રો તથા દેવતાઓની સહાય્યથી વિજયશ્રીને પામે છે તેમ હું પણ તમારી સહાય્યથી વિજયશ્રીને પ્રાપ્ત થઈશ.[9] હું તમો સૌની સાથે મસલત કરવા તૈયાર થયો છું; પરંતુ સીતાહરણની આ વાત હજી સુધી મેં કુંભકર્ણને જણાવી નથી; કારણ કે તે નિદ્રામાં પડયો હતો.[10] શસ્ત્રધારીઓમાં મુખ્ય એવો મારો ભાઇ કુંભકર્ણ છ માસની નિદ્રામાંથી હમણાંજ જાગ્રત થયો છે."[11]

"હે રાક્ષસો! રામની પ્રિયપત્ની જનકનંદિની સીતાને હું દંડકારણ્યમાં આવેલા જનસ્થાનમાંથી હરી લાવ્યો છું.[12] પરંતુ ગજગામિની એ સીતા મારી શય્યાને શોભાવવા ઇચ્છતી નથી. હે નિશાચરો! હું તો ધારૂં છું કે સીતા જેવી સુંદર સ્ત્રી ત્રણલોકમાં બીજી એક પણ નથી.[13] જાણે સાક્ષાત્ મયાસુરે નિર્માણ કરેલી માયાજ હોય, એવી એ સીતા અત્યંત સૌંદર્યવાળી છે. તેની કહેડ પાતળી છે, નિતંબ વિશાળ છે, મુખ શરદ્‌ઋતુના ચંદ્ર સરખું છે, અને તેનો આકાર સોનાની પુતળી જેવો છે.[14] સુંવાળા, ઘાટિલા, રાતાં તળીયાંવાળા અને લાલ નખવાળા સીતાના બે ચરણોને જોઈને મારો કામાગ્નિ ઉત્તેજિત થાય છે.[15] હે રાક્ષસો! સાક્ષાત્ સૂર્યની પ્રભાસરખી અને હોમેલા અગ્નિની જ્વાળા જેવા પ્રભાવ વાળી સીતાને જોઇને મારો કામ પ્રતિક્ષણે વૃદ્ધિ પામે છે. અણીદાર નાસિકાવાળું, સુંદર નેત્રવાળું અને મધુર ભાષણ કરનારૂ સીતાનું નિર્મળ મુખ જોઇને હું મોહિત થયો છું. હે સુહૃજ્જનો! ક્રોધ તથા હર્ષને દબાવી દેનારા, શરીરકાંતિનો નાશ કરનારા અને શોક તથા સંતાપને વધારનારા કામદેવે મને વિહ્વળ કરી મૂકયો છે. હે રાક્ષસશ્રેષ્ઠો! વિશાળ નેત્રવાળી એ સીતાએ પોતાના સ્વામીની વાટ જોવામાટે મારી પાસેથી એક વર્ષની અવધિ માગી લીધી છે અને મેં પણ તેને તેટલા સમયનું વચન આપ્યું છે.[16-19] પરંતુ હે રાક્ષસો! લાંબો પંથ કરવાથી જેમ અશ્વ થાકી જાય તેમ નિરંતરની કામપીડાને લીધે હું થાકી ગયો છું. હે સુહૃજ્જનો! મેં સાંભળ્યું છે કે દશરથનંદન રામ-લક્ષ્મણ સુગ્રીવાદિ વાનરોને સાથે લઈને મારી સામે લડવા આવે છે! મને વિચાર થાય છે કે ક્ષુભિત ન થાય એવા અને અનેક મગરમત્સ્યોથી ભરેલા મહાસાગરને તેઓ શી રીતે તરી શકશે? અરે, પણ એકજ વાનરે અત્રે આવીને મહાપીડા કરી હતી તોપછી બીજા વાનરો અત્રે કેમ નહિ આવે?[20-21] હે રાક્ષસવરો! કાર્યની ગતિ કળ્યામાં આવતી નથી; માટે તમે સૌ મને યથામતિ સલાહ આપો. જો કે આપણને મનુષ્યોથી ભય થાય એમ નથી, તોપણ પ્રથમથી વિચાર કરવો યોગ્ય છે.[22] હે નિશાચરો! પૂર્વે જ્યારે દેવો અને અસુરોનો સંગ્રામ થયો ત્યારે તમારી સહાય્યથીજ હું વિજય પામ્યો હતો; આજે પણ તમે તેના તેજ છો; માટે હું અવશ્ય જય પામીશ. સીતાની શોધ મળવાથી રામ-લક્ષ્મણ બન્ને

ભાઇઓ સુગ્રીવાદિ વાનરોની સેના લઇને સમુદ્રની સામી પાર આવી ઉતર્યા છે અને તેઓ સમુદ્ર ઓળંગી અહીં આવવાનો પ્રયત્ન કરે છે.[૨૩-૨૪] હે રાક્ષસો! મારે સીતા પાછી આપવી ન પડે અને એ બન્ને રાજકુમારો મૃત્યુ પામે એવો ઉપાય તમે શોધી કહાડો. તમે દઢ નિશ્ચય કરીને જે કાંઇ કરવા યોગ્ય હોય તે મને કહો[૨૫] ઇંદ્રાદિ દેવોમાં પણ આપણને જીતવાની શક્તિ હોય એમ મને લાગતું નથી; તો વાનરો સમુદ્ર તરી આવીને પણ આપણને શું કરી શકે એમ છે? હું ધારૂં છું કે નિશ્ચય, આપણો વિજય થશે."[૨૬]

કામપીડાથી આકુળ-વ્યાકુળ થયેલા રાવણનો ઉપર્યુક્ત પ્રલાપ સાંભળીને કુંભકર્ણ ક્રોધાયમાન થયો અને બોલ્યો કે,[૨૭] "હે રાવણ! રામ-લક્ષ્મણથી વિખૂટી પડેલી સીતાનું જ્યારે તેં બળાત્કારે હરણ કર્યું ત્યારે યમુના જેમ પોતાના હૃદને પૂરે તેમ તેં પોતાના મન સાથે નિશ્ચિત વિચાર કર્યોજ હશે. અરે, હવે અમને પૂછવાની શી જરૂર છે?[૨૮] હે મહારાજ! તેં જે કર્મ કર્યું છે તે ઘણું અયુક્ત છે. આ કામ કરતી વેળાજ તેં અમારો વિચાર પૂછયો હત તો અમે તેનો ઉપાય કરત; પણ હવે તો થયું તે ખરૂં. કાર્ય થઇ ગયા પછી વિચાર કરવો એ પાણી વહી ગયા પછી પાળ બાંધવા જેવું છે.[૨૯] હે દશાનન! જે રાજા પ્રથમથી નીતિપુરઃસર કર્તવ્ય અર્થનો નિશ્ચય કરીને પછી રાજકાર્યો કરે છે તેને પશ્ચાત્તાપ કરવો પડતો નથી.[૩૦] હે રાવણ! જેમ અભિચારાદિના પ્રયોગથી અપવિત્ર થયેલા યજ્ઞમાં હોમેલું હુતદ્રવ્ય યજમાનનુંજ અનિષ્ટ કરે છે તેમ મંત્રીઓની સાથે વિચાર કર્યાવિના કરેલાં ન્યાયવિરૂદ્ધ કાર્યો રાજાનું અનિષ્ટ કરે છે.[૩૧] જે મનુષ્ય પ્રથમ કરવાનાં કાર્ય પછીથી કરે છે અને પછીથી કરવાનાં કાર્ય પ્રથમ કરે છે તે રાજનીતિજ્ઞ કહેવાતો નથી.[૩૨] હે રાજન! જેમ પક્ષીઓ ક્રૌંચપર્વતના છિદ્રમાં પ્રવેશી પોતાનો માર્ગ સરળ બનાવે છે,* તેમ વગર વિચાર્યે કામ કરનારો રાજા કદાચ અધિક બળવાળો હોય તોપણ તેના શત્રુઓ તેનું કાંઇનું કાંઇ છિદ્ર શોધી કાઢી પોતાનું કાર્ય સિદ્ધ કરે છે."[૩૩]

"હે રાવણ! ભવિષ્યનો વિચાર કર્યા વિના તેં પરસ્ત્રીહરણરૂપી જે મહા દારૂણ કાર્ય કર્યું છે તે ખરેખર વિષમિશ્રિત અન્ન સરખું છે. હે ભાઈ! આવું નિંદ્યકાર્ય કરવા છતાં હજી સુધી રામે તારો વધ કર્યો નથી એ તારૂં મોટું ભાગ્ય સમજ.[૩૪] હે અનઘ! તેં શત્રુની સાથે આરંભેલું કાર્ય જોકે અત્યંત અણુઘટતું છે, તોપણ હું તને સહાય કરીશ અને શત્રુઓને હણીશ.[૩૫] હે નિશાચર! હું તારા સર્વ શત્રુઓનો સંહાર કરીશ. હે રાવણ! એ રામ તથા લક્ષ્મણ બન્ને ભાઈઓ જો કદાચ સાક્ષાત ઇંદ્ર અને સૂર્ય હશે અથવા અગ્નિ અને વાયુ હશે કિંવા કુબેર અને વરૂણ હશે તોપણ હું તેઓની સાથે યુદ્ધ કરીશ.[૩૬] પર્વતના સરખા પ્રૌઢ દેહવાળો અને તીક્ષ્ણ દાઢયોવાળો હું જ્યારે મોટું પરિઘ ગ્રહણ કરી યુદ્ધ કરવા લાગીશ ત્યારે મારી ગર્જના સાંભળીને દેવોનો રાજા ઇંદ્ર પણ ભય પામ્યા વિના રહેશે નહિ.[૩૭] હે રાજન! એ રામ મારાપર એક બાણનો પ્રહાર કરીને બીજું બાણ મૂકશે તે પહેલાંજ હું તેનું રૂધિર પી જઇશ! હે ભાઇ! તું ધૈર્ય રાખ.[૩૮] હે દશગ્રીવ! રામ-લક્ષ્મણનો વધ કરીને તને સુખ થાય તેવો વિજય મેળવવાનો હું પ્રયત્ન કરીશ; અને લક્ષ્મણસહિત રામને હણીને સઘળા વાનરોને ખાઈ જઈશ.[૩૯] માટે હે રાવણ! તું યથેચ્છ ક્રીડા કર, ઇચ્છાનુસાર ઉત્તમ મદિરાનું પાન કર અને સર્વ સંતાપનો

* ક્રૌંચપર્વત અતિ ઉંચો હોવાથી પક્ષીઓ તેને ઓળંગી શકતાં નથી; માટે તેઓ કાર્તિકેયની શક્તિથી તે પર્વતમાં આરપાર પડેલા છિદ્રની વાટે બહાર નીકળે છે. ગો. ટી.

ત્યાગ કરીને હિતાવહ કાર્યોમાં પ્રવૃત્ત થા. હું રામને યમદ્વારમાં પહોંચાડીશ એટલે સીતા તારે વશ થઇ રહેશે."૪૦

रमस्व कामं पिब चाग्र्यवारुणीं कुरुष्व कार्याणि हितानि विज्वरः । मया तु रामे गमिते यमक्षयं चिराय सीता वशगा भविष्यति ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં બારમો સર્ગ સંપૂર્ણ ૧૨.

सर्ग १३ मो.

યુદ્ધ મંત્રણા—રાવણનો ગર્વ.

रावणं क्रुद्धमाज्ञाय महापार्श्वो महाबलः । मुहूर्तमनुसंचिन्त्य प्राञ्जलिर्वाक्यमब्रवीत् ॥ १ ॥

"તેં સીતાનું હરણ કરવારૂપી અયુક્ત કર્મ કર્યું છે" એવા કુંભકર્ણનાં વચનથી રાવણને ક્રોધ પામેલો જોઇને, અત્યંત બળવાળો મહાપાર્શ્વ એક મુહુર્ત્તભર વિચાર કર્યા પછી હાથ જોડીને કહેવા લાગ્યો કે,[1] "હે રાવણરાય ! મૃગો અને હિંસક પ્રાણીઓથી ભરેલા ભયંકર વનમાં જઇને ઉત્તમ મધુ પ્રાપ્ત થાય છતાં જે પુરૂષ તેનું પાન કરતો નથી તે ખરેખર મૂર્ખ છે ![2] હે શત્રુમર્દન! તમે કે જે સર્વના ઇશ્વર છો તેનો તે વળી ઇશ્વર કોણ હોય ? તમે શત્રુઓને ન ગણકારતાં સીતાની સાથે સુખેથી રમણ કરો.[3] હે મહાબળવાન રાવણ ! જો સીતા ન માનતી હોય તો તમે બળાત્કારે તેની સાથે રમણ કરો અને કુકડાની પેઠે* તેનો ઉપભોગ કરી સુખી થાઓ.[4] તમારી કામવાસના પૂર્ણ થયા પછી તમારી ઉપર શું ભય આવી પડવાનું છે ? કદાચ કાંઇ ભય આવી પડશે તો તે સમયે તમે સાવધાન હશો કિંવા અસાવધાન હશો તોપણ તેનો સઘળો ઉપાય થઈ રહેશે.[5] હે મહારાજ ! અમો સૌની સહાયથી તમારો ભાઇ આ કુંભકર્ણ અને તમારો પાટવી કુમાર ઇંદ્રજિત એ બન્ને વજ્રધર ઇંદ્રને હઠાવવાને પણ સમર્થ છે.[6] હે રાવણ ! જો કે રાજનીતિને જાણનારા પુરૂષોએ સામ, દાન અને ભેદે કરી કાર્ય સાધવાનું કહ્યું છે; પરંતુ મને તો કેવળ છેલ્લા 'દંડ' ઉપાયથીજ કાર્ય સિદ્ધ કરવાનું રૂચે છે.[7] હે મહાબળ ! જો તમારા શત્રુઓ અહીંયાં આવશે તો અમે અમારાં શસ્ત્રાસ્ત્રના બળે કરીને તેઓને વશ કરી લઇશું. એમાં લેશ પણ સંદેહ નથી."[8]

મહાપાર્શ્વનાં ઉપર્યુકત વચનોને માન્ય કરી રાવણે કહ્યું કે,[9] "હે મહાપાર્શ્વ ! તું કહે છે તે મને રૂચે છે; પરંતુ પૂર્વે મેં એક કામ કરેલું છે કે જેને મેં ઘણા સમયથી ગુપ્ત રાખેલું છે તે હું આજે તારી આગળ કહું છું.[10] એક દિવસે 'પુંજિકસ્થલા' નામની અપ્સરા આકાશમાર્ગે થઇ બ્રહ્મદેવના ભુવન પ્રત્યે જતી હતી. તે સાક્ષાત અગ્નિ શિખાની પેઠે પ્રકાશતી હતી. એ અપ્સરા મને જોઇને મારા ભયથી આમતેમ છૂપાવા લાગી, પરંતુ તેને જોઈ હું કામાંધ થઇ ગયો[11] અને તેનાં વસ્ત્ર કાઢી નાખી હું તેની સાથે બળાત્કારે રમ્યો. પછી હસ્તીએ મસળી નાખેલી કમલિનીસરખી તે પુંજિકસ્થલા અપ્સરા બ્રહ્મદેવને ઘેર ગઇ.[12] મને લાગે છે કે એ વાત બ્રહ્મદેવના જાણવામાં આવી હશેજ જેથી હું એક દિવસે બ્રહ્મદેવની પાસે ગયો ત્યારે તેમણે મને ક્રોધપૂર્વક કહ્યું કે,[13] "હે રાવણ ! આજ પછી જો તું કોઇપણ સ્ત્રીની ઉપર બળાત્કાર કરીશ તો તેજ ક્ષણે તારા મસ્તકના સો ટુકડા થઇ જશે."[14]

"હે મહાપાર્શ્વ ! બ્રહ્મદેવના શાપના ભયથીજ હું જનકતનયા સીતાને બળાત્કારે મારી શય્યાપર ખેંચી શકતો નથી.[15] સમુદ્રના જેવો મારો વેગ છે અને વાયુના જેવી મારી પ્રબળ ગતિ છે, એ વાતને રામ જાણતો નથી એથીજ તે મારી સાથે લડવાને આવે છે;[16] નહિ તો પર્વતની ગુફામાં સુખે સૂતેલા

* વાત્સ્યાયન કહે છે કે કામસક્ત કુકડા સાથેના સંભોગ વખતે કુકડીને સ્વાભાવિક રીતેજ ક્રોધ થાય છે; છતાં કુકડો સંભોગ કરીને સુખી થાય છે.

સિંહસરખા તેમજ ક્રોધ પામીને બેસી રહેલા મૃત્યુસરખા મને છંછેડવાને કોણ ઇચ્છે ?[૧૭] અરે, મારા ધનુષ્યમાંથી છુટેલાં ઝેરી સર્પ જેવાં મારાં બાણોને રામે હજીસુધી જોયાં નથી, તેથીજ તે મારી સામે યુદ્ધ કરવા આવે છે![૧૮] હે મહાપાર્શ્વ! જેમ સળગતાં કાષ્ઠોથી હાથીને ગભરાવવામાં આવે છે તેમ મારા ધનુષ્યમાંથી ઉપરા ઉપરી છુટેલાં વજ્રસરખાં હજારો બાણોથી હું રામને ગભરાવી નાખીશ.[૧૯] જેમ પ્રાતઃકાળે ઉદય પામેલો સૂર્ય પોતાનાં કિરણોથી નક્ષત્રોની કાંતિને નષ્ટ કરે છે તેમ સેનાથી વીંટાયેલો હું મારાં બાણોવડે રામની સેનાનો નાશ કરીશ.[૨૦] અહા! સહસ્રાક્ષ ઇંદ્ર અને મહાબળવાળો વરૂણ પણ મને યુદ્ધમાં જીતી શકે એમ નથી તો પછી રામના તે શા ભાર છે? અરે, આ લંકાનગરી કે જે પૂર્વે કુબેરના અધિકારમાં હતી તેને પણ મેં મારા બાહુબળથી જીતી લીધી છે, તો પછી વાનરોની સેનાને જીતવી એમાં તે શી મોટી વાત છે?"[૨૧]

न वासवेनापि सहस्र चक्षुषा युधास्मि शक्यो वरुणेन वा पुनः। मया त्वियं बाहुबलेन निर्जिता पुरा पुरी वैश्रवणेन पालिता॥२१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના સુંદરકાંડમાં તેરમો સર્ગ સંપૂર્ણ. ૧૩

सर्ग १४ मो.

યુદ્ધ મંત્રણા-વિભીષણનો અભિપ્રાય-સીતા પાછી સોંપો.

निशाचरेन्द्रस्य निशम्य वाक्यं स कुम्भकर्णस्य च गर्जितानि। विभीषणो राक्षसराज मुख्यमुवाच वाक्यं हितमर्थयुक्तम् ॥ १ ॥

રાક્ષસરાજ રાવણનાં પૂર્વોક્ત વચનો તથા કુંભકર્ણની ગર્જનાઓ સાંભળીને મહાત્મા વિભીષણ રાવણ પ્રત્યે હિત અને અર્થયુક્ત વચન કહેવા લાગ્યો કે,–[૧] "હે રાજન! વક્ષઃસ્થળરૂપી દેહવાળો, ચિંતા-શોકરૂપી વિષથી ભરેલો, મંદહાસ્યરૂપી તીક્ષ્ણ દાઢોવાળો, પાંચ આંગળીઓરૂપી પાંચ ફણાવાળો અને મોટી કાયાવાળો સીતારૂપી મોટો નાગ તારા કંઠમાં કોણે નાંખ્યો છે?[૨] ઓ રાવણ! પર્વત શિખરો જેવાં પ્રૌઢ શરીરવાળા અને દાઢો તથા નખોરૂપી આયુધોવાળા વાનરો આપણી લંકાનગરી ઉપર ન ચઢી આવે તે પહેલાં તું સીતા રામને પાછી સોંપ.[૩] ઓ મોટાભાઈ! વજ્રસરખાં તીક્ષ્ણ અને વાયુના સરખા વેગવાળાં રામચંદ્રનાં બાણો રાક્ષસોનાં મસ્તકો છેદી ન નાખે તે પહેલાં તું સીતા રામને અર્પણ કર.[૪] ઓ રાવણરાય! કુંભકર્ણ, ઇંદ્રજિત, અતિકાય, મહાપાર્શ્વ, મહોદર, નિકુંભ તથા કુંભ એઓમાંનો કોઈ પણ યુદ્ધમાં રામની સામે ઉભો રહેવાને સમર્થ નથી.[૫] ઓ રાવણ! રામની સામે યુદ્ધે ચઢયા પછી તું કદાચ ભયનો માર્યો ઇંદ્ર, વાયુ, મૃત્યુ કિંવા સૂર્યને શરણે જઈશ અથવા આકાશ કે પાતળમાં સંતાઈ પેસીશ તોપણ તું જીવી શકીશ નહિ."[૬]

ત્યારે પ્રહસ્તે કહ્યું કે:—"અરે સંગ્રામને વિષે અમને દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, મોટા સર્પો તેમજ પક્ષીઓ વગેરે પ્રાણીઓથી લેશ પણ ભય થાય એમ નથી; તો પછી મનુષ્યોના રાજા દશરથના પુત્ર રામથી અમને યુદ્ધમાં શું ભય થવાનું છે?"[૭-૮]

પ્રહસ્તનાં અહિત વચન સાંભળીને રાજાનું હિત ઇચ્છનારા અને ધર્મ, અર્થ તથા કામમાં કુશળ બુદ્ધિવાળા વિભીષણે ઉદાર અર્થવાળાં વાક્ય કહ્યાં કે,–[૯] "હે પ્રહસ્ત! જેમ અધર્મયુક્ત બુદ્ધિવાળા મનુષ્યથી સ્વર્ગ મેળવી શકાતું નથી, તેમ તું, રાજા, મહોદર અને કુંભકર્ણ વગેરે રામના સંબંધમાં જે કાંઇ બોલો છો તેમાંનું તમારાથી કાંઈપણ થઈ શકવાનું નથી.[૧૦] હે પ્રહસ્ત! અર્થકુશળ એવા રામનો વધ મારાથી, તારાથી કિંવા આ સર્વ રાક્ષસોથી પણ કેમજ થઈ શકે? નાવ

વિનાનો પુરૂષ કદીપણ મહાસાગરને તરી શકે ખરો કે ?[11] ધર્મનિષ્ઠ, મહારથી અને ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા એ રાજપુત્રની સન્મુખ યુદ્ધમાં આવી ઉભા રહેતી વેળાએ દેવો પણ પોતાના કર્તવ્યમાં મૂઢ થઇ જાય છે તો પછી આપણું શું ગજું ?[12] હે પ્રહસ્ત ! પીછાંથી શોભતાં અને સહન ન થઇ શકે એવાં રામચંદ્રે મૂકેલાં તીક્ષ્ણબાણો તારા હૃદયને વીંધી પાછાં રામના ભાથામાં પેઠાં નથી ત્યાંસુધીજ તું આમ પોતાની બડાઈ કરે છે ![13] હે પ્રહસ્ત ! વજ્રસરખા વેગવાળાં અને પ્રાણોનું હરણ કરનારાં રામનાં બાણોએ તારા હૃદયમાં પ્રવેશ કર્યો નથી ત્યાં સુધીજ તું આમ બડબડાટ કરે છે ![14] હે નિશાચર ! આ રાક્ષસેન્દ્ર રાવણ, અત્યંત બળવાળો ત્રિશિરા, કુંભકર્ણનો પુત્ર નિકુંભ, ઇંદ્રજિત કિંવા તું પણ ઇંદ્રસરખા પરાક્રમી એ રામની સામે યુદ્ધ કરવા સમર્થ નથી;[15] તેમજ દેવાન્તક, નરાન્તક, મહાત્મા અને અતિરથી એવો અતિકાય તથા અકંપન પણ રામની સામે યુદ્ધમાં ઉભા રહેવા સમર્થ નથી.[16] વળી હે શ્રેષ્ઠ રાક્ષસો ! આપણો રાજા રાવણ, કે જે સ્વભાવે તીક્ષ્ણ છે, વગર વિચાર્યે કાર્ય કરનારો છે, અને હાલમાં કામરૂપી વ્યસનથી ઘેરાઈ ગયો છે; તેને તમારા જેવા મિત્રરૂપ શત્રુઓ સલાહકાર મળ્યા છે, એથી હું તો ધારૂં છું કે સઘળા રાક્ષસકુળનો વિનાશકાળ સમીપમાંજ આવી પહોંચ્યો છે ![17] હે રાક્ષસવરો ! રામની સાથે વૈર કરવાથી તમારો રાજા રાવણ, જાણે મોટા દેહવાળા, હજાર ફણાવાળા અને અત્યંત બળવાળા ભયંકર નાગની ચૂડમાં પકડાયો હોય એવી સ્થિતિમાં આવી પડયો છે; માટે તમે તેને તેમાંથી છૂટો કરી બચાવો.[18] જેમ કોઇ બળવાન ભૂતથી પકડાયેલા પુરૂષને, તેનાં સગાં સંબંધીઓ તેના કેશ પકડીને પણ છોડાવે છે, તેમ રાજાથી પરિપૂર્ણ થયેલી કામનાઓ-વાળા તમો સર્વેએ રાજાનું સર્વ પ્રકારેરક્ષણ કરવું જોઇએ.[19] હે રાક્ષસો ! પવિત્ર ચારિત્ર્ય રૂપી જળથી ભરેલા રામરૂપી સમુદ્રમાં ડૂબીને, કાકુત્સ્થરૂપી પાતાળના મુખમાં પડવાની અણીપર આવેલા રાક્ષસેન્દ્ર રાવણને તમો સૌએ ઉગારી લેવો ઘટે છે.[20] હું આ જે મારો અભિપ્રાય કહી સંભળાવું છું તે આ નગરીમાં વસતા સર્વ રાક્ષસોના તથા સગાં સંબંધીઓસહિત રાવણના હિતને અર્થેજ છે. માટે હે રાક્ષસો ! રામને સીતા પાછી સોંપવાની તમે પણ રાવણને સલાહ આપો.[21] શત્રુનું તથા પોતાનું વીર્યબળ જાણીને, તેમજ બન્ને પક્ષનાં સ્થાન,* ક્ષય+ અને વૃદ્ધિનો* પોતાની બુદ્ધિથી સારી રીતે વિચાર કરીને, જે પોતાના સ્વામીનું હિત થાય તેવું વચન કહે તેનેજ 'મંત્રી' કહે છે."[22]

परस्य वीर्यं स्वबलं च बुद्ध्वा स्थानं क्षयं चैव तथैव वृद्धिम् । तथा स्वपक्षेऽप्यनुमृश्य बुद्ध्या वदेत्क्षमं स्वामिहितं स मन्त्री ॥ २२ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ચૌદમો સર્ગ સંપૂર્ણ. ૧૪

सर्ग १५ मो.

યુદ્ધ મંત્રણા—ગર્વોન્મત ઇંદ્રજિત—
શું રામ લક્ષ્મણથી ડરી જઇશું ?

बृहस्पतेस्तुल्यमतेर्वचस्तन्निशम्य यत्नेन विभीषणस्य । ततो महात्मा वचनं बभाषे तत्रेन्द्रजिन्नैर्ऋत यूथमुख्यः १ ॥

બૃહસ્પતિના સરખી બુદ્ધિવાળા વિભીષણનાં અસહ્ય વચનોને અત્યારસુધી પરાણે પરાણે સાંભળી રહેલો રાક્ષસશ્રેષ્ઠ ઇંદ્રજિત એકાએક બોલી ઉઠયો કે:-[1] "હે નાના કાકા ! તમે અત્યંત બ્હીકણની પેઠે આવાં અનર્થયુક્ત વાકયો કેમ બોલો છો ? જે

* સેના વગેરેની વૃદ્ધિ નહિ, તેમ હ્રાસ પણ નહિ તેવી સ્થિતિ.

\+ સેના વગેરેનું ઓછાપણું.

* સેના વગેરેની વૃદ્ધિ.

પુરૂષ આપણા કુળમાં ન જન્મેલો હોય અર્થાત હલકાકુળમાં જન્મેલો હોય તે પુરૂષ પણ આવાં વાક્યો બોલતો નથી તેમજ આવું કાર્ય કરતો નથી; તો પછી આપણા શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થઇને તમે આ શું બોલો છો?"[૨] (સર્વ રાક્ષસ સભા પ્રત્યે કહે છેઃ—) "હે રાક્ષસ શ્રેષ્ઠો! આપણા આખા રાક્ષસ કુળમાં સત્ત્વ, વીર્ય, પરાક્રમ, ધૈર્ય, શૌર્ય અને તેજ વિનાનો જો કોઈપણ માણસ હોય તો મારા પિતાનો નાનો ભાઇ આ વિભીષણજ છે."[૩] (એટલું કહી વિભીષણ પ્રત્યે કહ્યું કે:-) "હે બ્હીકણ સ્વભાવવાળા કાકા! મનુષ્યોના રાજા દશરથના પુત્ર એ રામ—લક્ષ્મણ કે જેઓને આપણામાંનો એક સાધારણ રાક્ષસ પણ હણી શકે એમ છે તેઓનાં નામ લઈને તમે અમને ડરાવો છો શું? ના, ના; પણ અમે એથી ડરી જઇએ એમ નથી.[૪] વિચાર તો કરો; ત્રૈલોકયના અધિપતિ અને મહાસમર્થ દેવરાજ ઇંદ્રને પણ હરાવીને મેં પૃથ્વી તલપર લાવી કેદ કર્યો હતો અને મારાથી ભયભીત થયેલા સર્વ દેવતાઓ પણ દશેદિશાઓમાં નાસી ગયા હતા![૫] મેં બળાત્કારે ઐરાવત હાથીના દંતૂશળ ખેંચી કાઢીને ચીસો પડાવી હતી અને તેને પૃથ્વીપર પછાડીને દેવતાઓને ત્રાસ પમાડયા હતા![૬] હું અત્યંત પરાક્રમવાળો છું, દેવતાઓના ગર્વને પણ ઉતારનારો છું; અને મોટા મોટા દૈત્યોને પણ શોકસાગરમાં ડુબાવનારો છું; છતાં સામાન્ય બળવાળાં એ મનુષ્ય રાજાનાં બે બાળકો મારાથી કેમ નહિ જીતી શકાય?"[૭]

ઇંદ્રસમ પરાક્રમવાળા અને અત્યંત તેજવાળા ઈંદ્રજિતનાં વચન સાંભળીને, શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ વિભીષણે ગંભીર અર્થવાળું વચન કહ્યું કે,[૮] "હે તાત! તું હજી કાચી બુદ્ધિનો હોવાથી આવાં મંત્રકાર્યોમાં કર્તવ્ય અકર્તવ્યનો નિશ્ચય કરવાને સમર્થ નથી અને તેથીજ તું પોતાના વિનાશને માટે આવો અર્થહીન પ્રલાપ કરે છે.[૯] હે ઈંદ્રજિત! 'રામથી રાવણની પડતી થવા લાગી છે' એવું જાણવા છતાં તું મોહને લીધે આંધળો થઈ આમ રાવણને અનર્થમાં પ્રેરે છે; તેથી હું ધારૂં છું કે તું રાવણના પુત્રરૂપે ખરેખર શત્રુજ છે![૧૦] અરે, તું કે જે બાળક હોવાને લીધે સાહસિક પ્રકૃતિવાળો અને કાચી બુદ્ધિવાળો છે તેને આવા મંત્રકાર્યમાં કોણે દાખલ કર્યો? જેણે તને આ સભામાં પ્રવેશ કરાવ્યો હોય તેનો તથા તારો આ વેળા વધ કરવોજ ઘટે છે![૧૧] હે ઈંદ્રજિત! તું કર્તવ્યાકર્તવ્યના વિચાર વિનાનો, ડહાપણ વિનાનો, વિનયરહિત, તીક્ષ્ણ સ્વભાવવાળો, ટુંકી બુદ્ધિવાળો, અપવિત્ર અંતકરણવાળો અને મૂર્ખ છે. તું જે કાંઇ બોલે છે તે સઘળું તારી કાચી બુદ્ધિને લીધેજ બોલે છે.[૧૨] યુદ્ધને વિષે બ્રહ્મદંડના જેવા પ્રકાશવાળાં, કાળાગ્નિ સરખાં જળહળતાં અને યમદંડ સરખાં ઉગ્ર એવાં રામનાં બાણોને સહન કરવા કોણ સમર્થ છે?"[૧૩] (હવે રાવણને સંબોધીને કહે છે.) "હે રાજન! જો આપણે ધન, રત્ન, આભૂષણ, દિવ્ય વસ્ત્ર તથા વિચિત્ર મણિ-હીરા વગેરેની ભેટ સહિત સીતાદેવી રામને પાછી સોંપીશું તોજ આપણ સૌ શોક રહિત થઈ સુખ ભોગવીશું."[૧૪]

धनानि रत्नानि सुभूषणानि वासांसि दिव्यानि मर्णीश्च चित्रान् । सीतां च रामाय निवेद्य देवीं वसेम राजन्निह वीतशोकाः ॥१४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં પંદરમો સર્ગ સંપૂર્ણ. ૧૫

सर्ग १६ मो.

રાવણનાં કઠોર વચનો-વિભીષણનો તિરસ્કાર.

सुनिविष्टं हितं वाक्यमुक्तवन्तं विभीषणम् । अब्रवीत्परुषं वाक्यं रावणः कालचोदितः॥१॥

અર્થ-તત્ત્વથી ભરેલાં હિતકર વચનો કહીને વિભીષણ વિરામ પામ્યો ત્યારે કાળનો

પ્રેર્યો રાવણ તેના પ્રત્યે કઠોર વાક્ય કહેવા લાગ્યો કે:-[1] "અરે, પુરૂષને પોતાના શત્રુની સાથે કિંવા છંછેડાયેલા ઝેરી સર્પની સાથે વસવું સારૂં છે; પરંતુ શત્રુના પક્ષમાં મળેલા મિત્રની સાથે વસવું ઠીક નથી.[2] હે રાક્ષસ વિભીષણ! સર્વ લોકોને વિષે જ્ઞાતિઓનાં શીલ-સ્વભાવ કેવાં હોય છે તે હું સારી રીતે જાણું છું અને જ્ઞાતિનાં મનુષ્યો હમ્મેશાં પોતાના જ્ઞાતિભાઇનું ભુંડું થાય એમાં જ આનંદ માને છે.[3] હે વીભીષણ! જ્યેષ્ઠ હોવાથી રાજ્યાસનને પામેલા, પોતાનું રક્ષણ કરનારા, વિદ્યાથી શોભતા, ધર્મનિષ્ઠ તથા શૂરવીર એવા મનુષ્યની પણ તેના જ્ઞાતિભાઇઓ અવજ્ઞા કરે છે; અને તેનું કાંઇનું કાંઈ છિદ્ર શોધીને તેનો પરાભવ કરવા ચૂકતા નથી.[4] ખરેખર, જ્ઞાતિભાઈઓ એ ભયંકર આતતાયી શત્રુરૂપજ છે. તેઓ હૃદયમાં દ્વેષ રાખી માત્ર મોઢેથી મીઠું મીઠું બોલે છે; અને એક બીજાને દુઃખ પડતું જોઇને પરસ્પર હર્ષિત થાય છે.[5] પૂર્વે પદ્મવનમાં વસનારા હસ્તીઓએ પાશ ગ્રહણ કરી આવેલા પુરૂષોને જોઇને કેટલાંક વાક્યો કહ્યાં હતાં તે તને કહું છું.[6] પાશધારી મનુષ્યોને જોઇ હસ્તીઓએ કહ્યું કે:-અગ્નિ, શસ્ત્ર કિંવા ભયંકર પાશથી અમને લેશપણ ભય થતો નથી; પરંતુ ક્રૂર અને સ્વાર્થ પરાયણ એવા જ્ઞાતિભાઇઓજ અમને ભય આપનારા છે.[7] પ્રથમ પકડાયેલા અમારી જ્ઞાતિના હસ્તીઓજ અમને પકડવાનો ઉપાય લોકોને બતાવે છે; એથી અમને તો સર્વ કરતાં જ્ઞાતિલાનો ભય ઘણોજ લાગે છે.[8] હે વિભીષણ! ગાયોમાં દૂધ દહીં વગેરે રહેલું છે, સ્ત્રીઓમાં ચાપલ્ય રહેલું છે, બ્રાહ્મણોમાં તપ રહેલું છે, અને જ્ઞાતિઓમાં દ્વેષ વાસ કરી રહેલો છે-જેનો સૌને ભય લાગે છે.[9] હે સૌમ્ય! હું સર્વ લોકોમાં સત્કાર-માન પામ્યો છું, ઐશ્વર્યવાન થયો છું અને શત્રુઓનાં મસ્તકપર ચરણ મૂકીને ઉભો છું; એ સઘળું જોઇને તને દ્વેષ થતો હોય એમ મને લાગે છે.[10] જેમ કમળપત્રપર પડેલું જળ સ્થિર રહેતું નથી, તેમ અનાર્ય પુરૂષોનો સ્નેહ સ્થિર હોતો નથી.[11] જેમ શરદ્ઋતુમાં ગર્જતા તથા વર્ષતા મેઘથી પૃથ્વીપર કશો ઉપકાર થતો નથી, તેમ અનાર્ય સાથેના સ્નેહથી કાંઈ પણ શુભ ફળ મળતું નથી.[12] જેમ પુષ્પમાંથી રસ મળવા છતાં પણ ભ્રમર એકના એક પુષ્પ પર બેસી રહેતો નથી તેમ અનાર્ય પુરૂષનો સ્નેહ સ્થિર રહેતો નથી.[13] જેમ કાશપુષ્પને ચૂસવા છતાં તેમાંથી ભ્રમરને રસ મળતો નથી તેમ અનાર્ય પુરૂષનો સ્નેહ સ્થિર રહેતો નથી.[14] જેમ હાથી સ્નાન કર્યા પછી પોતાની શુંઢવડે ધૂળ ઉપાડીને પોતાના નિર્મળ દેહને દૂષિત કરે છે તેમ અનાર્ય સાથેનો સ્નેહ પાછળથી દોષરૂપ થઇ પડે છે.[15] હે નિશાચર વિભીષણ! તેં કહ્યાં તેવાં વચન કહેનારો જો કોઈ બીજો પુરૂષ આ ઠેકાણે હોત તો તે આજે મારી આગળથી જીવતો જાત નહિ; પરંતુ હે કુલપાંસન! હું તને એવી કશી શિક્ષા ન કરતાં એટલુંજ કહું છું કે હે કુલદૂષક! તને ધિક્કાર છે."[16]

રાવણનાં કઠોર વચન સાંભળી સત્યવાદી વિભીષણ પોતાની ગદા ઉપાડીને પોતાના ચાર મિત્ર રાક્ષસોની સાથે આકાશ તરફ ઉડયો અને અંતરિક્ષમાં રહીને ક્રોધ પૂર્વક બોલ્યો કે,[17-18] "હે રાજન! તારૂં ચિત્ત કામને લીધે ભ્રમિત થયું છે, માટે મને જે કહેવું હોય તે કહી લે. હે રાવણ! તું મારો જ્યેષ્ઠ બંધુ હોવાથી મારા માનનીય પિતા સરખો છે એ વાત ખરી; પરંતુ તું અધર્મ માર્ગે પ્રવૃત્ત થયો છે તેથી હું તારાં કઠોર વાક્યોને સહન કરી શકતો નથી×.[19] હે દશાનન! મેં તારા હિતને માટે

×નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ-गुरोरप्य कार्याकार्यमजानतः। उत्पथप्रतिपन्नस्य परित्यागो विधीयते॥ "ગર્વને લીધે કાર્યાકાર્યનો વિચાર કર્યા સિવાય ઉન્માર્ગે-અધર્મમાર્ગમાં પ્રવર્તેલા

નીતિનાં વચન કહ્યાં પરંતુ તે તું ગણકારતો નથી. સત્યજ છે કે કાળના ફાંસામાં આવી પડેલા અકૃતાત્મા પુરૂષો સુહૃદોનાં હિત વચનો સ્વીકારતા નથી.[20] હે રાજન! આ લોકને વિષે પ્રિય વચન બોલનારા પુરૂષો ઘણા મળી આવે છે; પરંતુ અપ્રિય અને હિતકર વચન બોલનાર તથા સાંભળનાર તો દુર્લભજ છે.[21] જેમ સળગી ઉઠેલા ઘરની ઉપેક્ષા કરવી યોગ્ય નથી, તેમ સર્વ ભૂત પ્રાણીઓનો સંહાર કરનારા કાળના ફાંસામાં ફસાયેલા ત્હારી ઉપેક્ષા નહિ કરતાં મેં તને હિત વચન કહ્યાં છે.*[22] હે રાવણ! તું નિશ્ચય માનજે કે દેદીપ્યમાન અગ્નિ સરખાં અને સુવર્ણથી શોભતાં રામનાં તીક્ષ્ણ બાણો વડે ત્હારૂં મરણ થયેલું જોવાને હું ઇચ્છતો નથી એથીજ હું તને આવાં વચન કહું છું.[23] ગમે તેવા બળવાન અને સંપૂર્ણ અસ્ત્ર વિદ્યાને જાણનાર શૂરવીર પુરૂષો પણ કાળ આવી પહોંચતાં વેળુની પેઠે નાશ પામે છે.[24] હે રાવણ! 'તું મારો મોટો ભાઈ છે' એમ ધારીને મેં તને જે કંઈ અપ્રિય હિત વચન કહ્યાં છે તે માટે તું મને ક્ષમા કર, અને પોતાના આત્માનું તથા સર્વ રાક્ષસોસહિત આખી લંકાનું રક્ષણ કર. હે રાક્ષસરાજ! તારૂં કલ્યાણ થાઓ. ભલે તું મારા વિના સુખી થા.[25] હે નિશાચર! તારૂં હિત ઇચ્છીને મેં તને અધર્મથી વારવાને હિતવચન કહ્યાં, પરંતુ તે તને ગમ્યાં નહિ તો ભલે. સત્યજ છે કે જેઓનું આયુષ્ય આવી રહ્યું હોય એવા મરણ પથારીએ પડેલા પુરૂષોને સુહૃદોનાં હિત વચન રૂચતાં નથી."[26]

गुરૂનો પણ ત્યાગ કરવો યોગ્ય છે." તદનુસાર વિભીષણ પરસ્ત્રી હરણાદિ અધર્મ માર્ગે પ્રવર્તેલા રાવણની સભાનો ત્યાગ કરી ચાલી નીકળ્યો.

* જેમ સળગેલા ઘરપર જળ નાખવું વગેરે ઉપાય કરવાની આવશ્યકતા રહે છે તેમ તને અધર્મમાં પ્રવર્તેલો જોઇ મેં તારી ઉપેક્ષા ન કરતાં તને હિત વચન કહ્યાં છે છતાં તું માનતો નથી, તો હવે હું ત્હારી ઉપેક્ષા કરીશ એ કાંઇ અયુક્ત નથી.

निवार्यमाणस्य मया हितैषिणा न रोचते ते वचनं निशाचर । परान्तकाले हि गतायुषो नरा हितं न गृह्णन्ति सुहृद्भिरीरितम् ॥२६॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં સોળમો સર્ગ સંપૂર્ણ. ૧૬

सर्ग १७ मो.

વાનર છાવણીમાં વિભીષણ-તેના આગમન વિષે સુગ્રીવાદિના તર્કવિતર્ક.

इत्युक्त्वा परुषं वाक्यं रावणं रावणानुजः । आजगाम मुहूर्तेन यत्र रामः सलक्ष्मणः ॥१॥

રાવણને કઠોર વચન કહીને રાવણનો નાનો ભાઇ વિભીષણ જે પ્રદેશમાં રામ-લક્ષ્મણ ઉતર્યા હતા તે પ્રદેશ નજીક એક મુહૂર્તમાં આવી પહોંચ્યો.[1] પૃથ્વીપર બેઠેલા વાનરોએ પર્વતસરખી પ્રૌઢ કાયાવાળા અને વિજળી સરખી કાંતિવાળા વિભીષણને આકાશ-માર્ગે આવતો જોયો.[2] તેની સાથે તેના ચાર અનુચરો પણ ભયંકર પરાક્રમવાળા, ઉત્તમ આભૂષણોથી અલંકૃત અને કવચ તથા આયુધોને ધારણ કરનારા હતા.[3] વિભીષણ પણ મેઘ અને પર્વત સરખા પ્રૌઢ દેહવાળો, ઇંદ્રસરખી કાંતિવાળો, ઉત્તમ આયુધોને ધારણ કરનારો તથા દિવ્ય આભૂષણોથી અલંકૃત હતો.[4] ચાર મંત્રીઓ સહિત વિભીષણને પોતાની તરફ આવતો જોઇને વાનરોનો રાજા બુદ્ધિમાન સુગ્રીવ સર્વ વાનરસમાજ સહિત વિચારમાં પડયો.[5] થોડીકવાર વિચાર કર્યા પછી વાનરરાજ સુગ્રીવે હનુમાન વગેરે કપિવરોને કહ્યું કે;[6]

"હે વીરશ્રેષ્ઠો! જુઓ, આયુધો સજેલો પેલો કોઇ રાક્ષસ બીજા ચાર રાક્ષસોની સાથે આપણી તરફ આવે છે. નિશ્ચય, એ આપણને હણવા માટેજ આવતો હશે."[7]

સુગ્રીવનું વચન સાંભળી સર્વ વાનરો મોટાં મોટાં વૃક્ષો તથા પર્વતશિખરો ઉપાડીને

ઉભા થયા અને કહેવા લાગ્યા કે:–૮ "હે રાજન્ ! એ પાંચે રાક્ષસોનો વધ કરવા માટે આપ અમોને આજ્ઞા આપો કે તુરતજ તેઓ અમારા હાથનો માર ખાઈ નિર્જીવ સરખા થઈ પૃથ્વીપર પડે."૯

વાનરો પરસ્પર એ પ્રમાણે બોલતા હતા એટલામાં વિભીષણ સમુદ્રના ઉત્તર કિનારાપર સ્વસ્થ ચિત્તે ઉતર્યો.૧૦ અને સુગ્રીવ વગેરેનો ઉપર્યુક્ત વાર્તાલાપ સાંભળીને મોટા સ્વરે બોલ્યો કે,૧૧ "હે વાનર શ્રેષ્ઠો ! અત્યંત દુરાચરણવાળો 'રાવણ' નામનો રાક્ષસોનો રાજા છે. તેનો હું નાનો ભાઇ છું. મારૂં નામ 'વિભીષણ' છે.૧૨ રાવણે જટાયુને મારીને જનસ્થાનમાંથી સીતાનું હરણ કર્યું છે, અને દીન તથા પરવશ થયેલાં સીતાને રાક્ષસીઓના પહેરામાં રૂંધી રાખ્યાં છે.૧૩ રાવણને મેં અનેક પ્રકારનાં સયુક્તિક હિતવચનોથી વારંવાર સમજાવ્યો કે તું સીતા રામને પાછી આપ તો તારૂં શ્રેય થશે.૧૪ પરંતુ જેમ મરવા પડેલો મનુષ્ય ઔષધને સ્વીકારતો નથી તેમ કાળથી પ્રેરાયેલા રાવણે મારાં હિતવચનો સ્વીકાર્યાં નથી.૧૫ ઉલટું તેણે એક હલકા સેવકની પેઠે મારૂં અપમાન કરીને મને અનેક કઠોર વચનો કહ્યાં છે, એથી સ્ત્રી તથા પુત્રાદિનો ત્યાગ કરીને હું મહાત્મા રઘુવીરને શરણે આવ્યો છું.૧૬ હે વાનરો ! સર્વ લોકનું રક્ષણ કરનારા મહાત્મા રામચંદ્રને તમે સત્વર નિવેદન કરો કે રાવણનો નાનો ભાઇ વિભીષણ આપને શરણ આવ્યો છે."૧૭

વિભીષણનાં વચન સાંભળી વાનરોનો રાજા સુગ્રીવ ઉતાવળે રામ–લક્ષ્મણની પાસે ગયો અને ક્રોધપૂર્વક કહેવા લાગ્યો કે,૧૮ "હે રઘુવીર ! આપણા શત્રુપક્ષમાંનો કોઈએક રાક્ષસ અણચિંતવ્યો અત્રે આવ્યો છે. જો તમે તેને આપણી સેનામાં પેસવા દેશો તો જેમ કાગડાઓના ટોળાંમાં પેઠા પછી ઘુવડ તેઓનો નાશ કરે છે, તેમ લાગ ફાવ્યે તે રાક્ષસ આપણો નાશ કરશે.૧૯ હે પરંતપ ! વાનરોને સુખી કરવાને તથા શત્રુઓનો નિગ્રહ કરવાને મંત્ર, વ્યૂહ, નય અને ચાર, એ કાર્યોમાં તમારે અત્યંત સાવધ રહેવું જોઇએ.૨૦ રાક્ષસો અંતર્ધાન થવાની વિદ્યાને જાણનારા, ઇચ્છિતરૂપ ધરનારા, શૂરવીર અને છળકપટથી શત્રુઓનો પરાભવ કરનારા હોય છે. તેઓનો જરાપણ વિશ્વાસ કરવો યોગ્ય નથી.૨૧ અવશ્ય, આ રાક્ષસ રાવણનો ગુપ્તદૂત હશે અને તે આપણી સેનામાં પ્રવેશ કરીને નિશ્ચય ભેદ પડાવશે.૨૨ અથવા તો આપણી સેનામાં પ્રવેશ કર્યા પછી આપણો વિશ્વાસ મેળવીને એ રાક્ષસ પોતાના બુદ્ધિબળે કરી કંઇ પણ છિદ્ર શોધી કાઢી એકાએક આપણાપર પ્રહાર કરશે.૨૩ હે રામ ! અરણ્યમાં વસનારા મિત્રની સેનાનો, પોતાના બંધુની સેનાનો તેમજ પગાર બાંધી આપી તુરતમાંજ મેળવેલી સેનાનો સ્વીકાર કરવો યોગ્ય છે, પરંતુ શત્રુની સેનાનો સંગ્રહ કરવો કદીપણ યોગ્ય નથી.૨૪ હે સ્વામિન ! એ જાતે રાક્ષસ છે અને વળી આપણા શત્રુનો ભાઈ છે, એટલે તો તે સાક્ષાત્ આપણો શત્રુજ ગણાય. તેનાપર વિશ્વાસ કેમ આવે ?૨૫ હે રઘુવીર ! તેના કહેવા ઉપરથી તો એવું સમજાય છે કે 'વિભીષણ' નામનો રાવણનો નાનો ભાઇ ચાર રાક્ષસોની સાથે આપણને શરણે આવ્યો છે. પણ તેના એ વચનપર વિશ્વાસ કેમ આવે ?૨૬ હે રામ ! તમે નક્કી માનો કે રાવણેજ તેને અત્રે મોકલ્યો છે. માટે હે ક્ષમાવાળા પુરૂષોમાં શ્રેષ્ઠ રામ ! હાલમાં તેનો નિગ્રહ કરવો એજ ઠીક છે.૨૭ હે અનઘ ! રાવણનો મોકલેલો એ માયાવી વિભીષણ દુષ્ટ બુદ્ધિથીજ આવેલો છે અને વિશ્વાસ પમાડી તમારાપર પ્રહાર કરવા ઇચ્છે છે,૨૮ માટે એનો તથા એના ચાર અનુચરોનો વધ કરવો યોગ્ય છે; કારણ કે તે અતિક્રૂર કર્મી રાવણનો ભાઇ છે."૨૯

ક્રોધાવેશમાં આવેલો વાનરરાજ સુગ્રીવ વાક્ચતુર રામચંદ્રને એટલું કહીને વિરામ પામ્યો,૩૦ ત્યારે મહાબળવાન રઘુવીરે પોતાની

સમીપમાં બેઠેલા હનુમાન વગેરે સર્વ વાનરો પ્રત્યે કહ્યું કે;[31] "હે વાનરો! રાવણના નાના ભાઈ વિભીષણના સંબંધે કપિરાજ સુગ્રીવે જે કાંઇ હેતુ અને અર્થભર્યાં વચન કહ્યાં તે તમો સર્વેએ સાભળ્યાં છે.[32] પોતાના સુહૃદોની શાશ્વતી ચડતી ઇચ્છનારા બુદ્ધિમાન પુરૂષોનો એજ ધર્મ છે કે આપત્તિ સમયે પોતાના સુહૃદોને હિતોપદેશ કરવો; માટે હવે આપણે શું કરવું? એ સંબંધે તમે સૌ પોતપોતાનો વિચાર પ્રકટ કરો."[33]

રામચંદ્રે જ્યારે જૂદા જૂદા અભિપ્રાય માગ્યા ત્યારે તેમનું હિત ઇચ્છનારા અને આલસ્ય વિનાના વાનરોએ આદરભાવ દર્શાવતાં કહ્યું કે;[34] "હે રાઘવ! આખા ત્રિભુવનને વિશે તમારાથી કશું અજાણ્યું નથી, તોપણ અમારાપર પ્રેમ દર્શાવીને તમે અમને સ્નેહ ભાવથી પૂછો છો તો અમારે અમારી બુદ્ધિ પ્રમાણે કહેવું જોઇએ.[35] હે રઘુવીર! તમે સત્યવ્રતવાળા, શૂરવીર, ધર્મનિષ્ઠ, દ્રઢ પરાક્રમ સંપન્ન, સ્મરણશક્તિવાળા, સુહૃદોપર વિશ્વાસ રાખનારા અને વિચારીને કામ કરનારા છો.[36] હે રાઘવ! તીવ્ર બુદ્ધિવાળા તમારા સચિવો તમને પોતપોતાના સયુક્તિક અભિપ્રાય પૃથક્ પૃથક્ કહી સંભળાવશે."[37]

વાનરોએ એટલું કહીને મૌન ધર્યું ત્યારે બુદ્ધિમાન અંગદે વિભીષણની પરીક્ષા શી રીતે કરવી? એ માટે કહ્યું કે;[38] "હે રઘુવીર! વિભીષણ આપણા શત્રુની પાસેથી આવ્યો છે, એટલે તેના સંબંધે કંઇ પણ નિશ્ચિત તો કહી શકાય નહિજ; પરંતુ એટલું તો ખરૂં કે તેનો એકાએક વિશ્વાસ કરવો નહિ.[39] શઠ બુદ્ધિવાળા પુરૂષો પોતાનો આંતરિક ભાવ ગુપ્ત રાખીને શત્રુનાં છિદ્ર શોધવા ફર્યા કરે છે; અને લાગ ફાવી જાય તો પ્રહાર પણ કરે છે. આ વિભીષણ પણ એમ કરે તો મહાન અનર્થ થાય.[40] કોઈ પણ મનુષ્યનો વિશ્વાસ કરતાં પહેલાં તેના ગુણ-દોષની પરીક્ષા કરી 'તે પોતાનો શત્રુ છે કે મિત્ર છે' એ સારી રીતે જાણી લેવું; અને પછી તેની સાથે કામ પાડવું. ગુણવાન હોય તો તેને રાખી લેવો અને દુષ્ટ હોય તો તેનો ત્યાગ કરવો.[41] હે રાજપુત્ર! તમે પણ વિભીષણની પરીક્ષા કરો અને જો તેનામાં દોષ જોવામાં આવે તો તેનો નિર્વિલંબે ત્યાગ કરો અને ગુણો દૃષ્ટિએ પડે તો તેને આપણી સાથે રાખો.[42]

પછી 'શરભ' નામનો વાનર વિચાર કરીને અર્થયુક્ત વાક્ય કહેવા લાગ્યો કે, "હે નરવ્યાઘ્ર! આ સમયે વિભીષણની પરીક્ષા કરવામાં તમે સત્વર કોઈ ગુપ્તદૂતને યોજો.[43] હે રાઘવ! સૂક્ષ્મ બુદ્ધિવાળા આપણા ગુપ્તદૂત દ્વારા વિભીષણની સારી રીતે પરીક્ષા કર્યા પછી યોગ્ય લાગે તો તમારે તેનો સંગ્રહ કરવો."[44]

ત્યારપછી નીતિ પ્રવીણ જાંબવાને શાસ્ત્ર દૃષ્ટિથી વિચાર કરીને ગુણથી ભરેલાં નિર્દોષ વચન કહ્યાં કે;[45] "હે રાઘવ! વિભીષણ આપણી સાથે વૈર બાંધી બેઠેલા પાપાત્મા રાવણની પાસેથી અત્યારે દેશ-કાળ વિરૂદ્ધ હોવા છતાં એકાએક આવ્યો છે, માટે સર્વ પ્રકારે તેનાપર શંકા રાખવી એજ શ્રેષ્ઠ છે."[46]

પછી ન્યાયાન્યાયનો નિર્ણય કરવામાં સમર્થ અને વાક્ચતુર મૈંદ વાનરે થોડીકવાર વિચાર કરીને સયુક્તિક વચન કહ્યું કે;[47] "હે રાજપુત્ર! અહીંયાં આવેલો એ વિભીષણ રાવણનો ભાઇ છે; માટે આપણે પ્રથમ દૂતદ્વારા તેને મધુર વાણીથી રાવણનું વૃત્તાંત પૂછાવી જોવું યોગ્ય છે.[48] હે નરર્ષભ! એ દુર્જન છે કે સજ્જન છે, એ સંબંધે પ્રથમ બુદ્ધિપૂર્વક વિચાર કરીને, તેનો આંતરિક ભાવ જાણ્યા પછી તમને જેમ યોગ્ય લાગે તેમ કરો."[49]

ત્યાર પછી સર્વ શાસ્ત્રોના સંસ્કારવાળો, સચિવોત્તમ હનુમાન સ્પષ્ટ અર્થવાળાં અને સારી રીતે ગોઠવેલાં મધુર વાક્યોથી સંક્ષેપમાં

કહેવા લાગ્યો કે;[૫૦] "હે રામ ! તમે વાણી બોલનારાઓમાં સમર્થ છો અને શ્રેષ્ઠ બુદ્ધિવાળા છો; એથી સાક્ષાત બૃહસ્પતિ પણ તમને બોલવામાં જીતી શકે એમ નથી.[૫૧] હે રામ ! કોઇ પણ પ્રકારનો વાદવિવાદ કરવાને કે મારી મોટાઈ દેખાડવાને કિંવા બીજા સચિવોની સાથે સ્પર્ધા કરવાને હું તમારી આગળ બોલતો નથી; પરંતુ હું જે કાંઇ બોલું છું તે આરંભેલા કાર્ય ગૌરવને લીધેજ બોલું છું.[૫૨] તમારા સચિવોએ વિભીષણના ગુણ–દોષની પરીક્ષા કરવાનું કહ્યું, પણ તેમાં મને દોષ જણાય છે; કેમકે સાંપ્રતમાં તે કાર્ય થઈ શકે એમ નથી.[૫૩] વિભીષણને તમારી પાસે બોલાવી પૂછ્યા સિવાય તેનું સામર્થ્ય જાણી શકાશે નહિ, પણ તેમ કરવું ઠીક લાગતું નથી; કેમકે શત્રુ પક્ષમાંથી આવેલાને એકદમ તમારી પાસે બોલાવી લાવવો એ અયુક્ત છે.[૫૪] વળી તમારા સચિવોએ ગુપ્તદૂતદ્વારા વિભીષણનો મનોભાવ જાણવાને કહ્યું તે પણ ઠીક નથી. તેમ કરવાથી કાંઇ વિશેષ અર્થ સિદ્ધ થઈ શકે એમ નથી. વિભીષણે આવતાંવેંતજ પોતાનું સઘળું વૃત્તાંત જણાવી દીધું છે, એટલે દૂત મોકલવાનું પ્રયોજન રહ્યું નથી.[૫૫] વળી "પોતાના ભાઇ રાવણના ઉપર આપત્તિ આવી છે એવા વિપરીત દેશ–કાળમાં વિભીષણ આપણી પાસે આવ્યો છે માટે શંકા ધરવા જેવું છે." એમ જે તમારા સચિવોએ કહ્યું તે સંબંધે મારે કંઈક યથામતિ કહેવાની ઇચ્છા છે. તે તમે ધ્યાન આપીને સાંભળો.[૫૬] હે રામ ! દુષ્ટાત્મા રાવણ કરતાં તમને શ્રેષ્ઠ ગુણવાળા પુરૂષ જાણીને તથા બન્નેના ગુણ દોષનો નિશ્ચય કરીનેજ વિભીષણ અહીંયાં આવ્યો છે. એ કાંઇ દેશ કાળ વિરૂદ્ધ નથી.[૫૭] રાવણનું દુરાત્માપણું જોઇને તથા તમારૂં ઉત્તમ પરાક્રમ જાણીને વિભીષણ તમારે શરણ આવ્યો છે તે દેશ કાળને યોગ્ય અને તેની બુદ્ધિને ઘટતુંજ છે.[૫૮] હે રાઘવ ! "અજાણ્યા દૂતો-દ્વારા વિભીષણનું વૃત્તાંત પૂછાવો" એવું જે તમારા મંત્રીઓએ કહ્યું છે તે વિશે પણ મેં જે કાંઇ વિચાર ગોઠવ્યો છે તે તમે સાંભળો.[૫૯] અજાણ્યો માણસ જ્યારે એકાએક 'તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ?' એવું કોઈ બુદ્ધિમાનને પૂછે ત્યારે 'આ મને આમ શાથી પૂછે છે ?' એવી તેના મનમાં શંકા થયા વિના રહેજ નહિ; અને એમ થવાથી તે આવનાર માણસ વિશ્વાસ પામેલો પોતાનો મિત્ર હોય તોપણ તેનો મિત્રભાવ દૂષિત થાય છે.[૬૦] વળી હે રઘુવીર ! દૂતના મુખે પૂછપરછ કરવાથી શત્રુનો ભાવ જાણવો અશક્ય છે, કારણકે તે પોતાનું યથાર્થ વૃત્તાંત કોઇને કહેતોજ નથી, માટે તમે વિભીષણને તમારી પાસે બોલાવો અને તેની વાણીના ભિન્ન ભિન્ન પ્રકારો ઉપરથી તેનો મનોભાવ જાણી લો.[૬૧] મને તો વિભીષણના બોલવા ઉપરથી તેના મનમાં લેશ પણ દુષ્ટભાવ હોય એમ ભાસતું નથી. એના મુખની કાંતિ પ્રસન્ન છે એથી એના ઉપર મને કાંઇ પણ શંકા આવતી નથી.[૬૨] જે પુરૂષ દુષ્ટબુદ્ધિવાળો હોય તે વિભીષણની પેઠે નિઃશંક થઇ સ્વસ્થ ચિત્તે પ્રતિપક્ષમાં આવી શકેજ નહિ. વિભીષણની વાણીમાં પણ કાંઇ દુષ્ટભાવ જણાતો નથી, એથી મને એના ઉપર લેશ પણ શંકા આવતી નથી.[૬૩] ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ મનુષ્ય પોતાના મનોભાવને છુપાવી શકતો નથી, બળાત્કારે પણ તેની આકૃતિ તેનો મનોભાવ દર્શાવી આપે છે.[૬૪] હે કાર્યજ્ઞોમાં શ્રેષ્ઠ રામ ! દેશ–કાળને અનુસરી યુક્તિપૂર્વક યોજેલું કાર્ય સત્વર સિદ્ધ થયા વિના રહેતું નથી.[૬૫] હે રાઘવ ! "પોતાનો ભાઈ રાવણ દુરાચરણવાળો છે, તથા તમોએ તેનો વધ કરવાનો ઉદ્યોગ આરંભ્યો છે; તેમજ તમોએ વાલીને મારીને સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો છે." એ સઘળું જાણીને "જો હું ધર્મનિષ્ઠ રામને શરણે જઇશ તો દુષ્ટાત્મા રાવણને મારીને તે મને રાજ્યાસનપર સ્થાપશે."

એવું વિચારીનેજ વિભીષણ અત્રે આવ્યો હોય એમ લાગે છે. હે રામ ! એવી કામનાથી આપણી પાસે આવેલા વિભીષણનો આપણે સ્વીકાર કરવો એજ ઠીક છે.[૬૬-૬૭] હે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ રઘુવીર ! વિભીષણના શુદ્ધાચરણ સંબંધે મેં મારી સમજ પ્રમાણે આપને યથામતિ નિવેદન કર્યું; હવે આપની ઇચ્છામાં આવે તેમ કરો."[૬૮]

यथाशक्ति मयोक्तं तु राक्षसस्यार्जवं प्रति ।
प्रमाणं त्वं हि शेषस्य श्रुत्वा बुद्धिमतां वर ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં સત્તરમો સર્ગ સંપૂર્ણ. ૧૭

સર્ગ ૧૮ મો.

વાનર છાવણીમા વિભીષણ-રામચંદ્રે આપેલો નિર્ણય-શરણાગતનું રક્ષણ કરવુંજ જોઇએ.

अथ रामः प्रसन्नात्मा श्रुत्वा वायुसुतस्य ह ।
प्रत्यभाषत दुर्धर्षः श्रुतवानात्मनि स्थितम् ॥१॥

પોતાના વિચારને મળતાં હનુમાનનાં વચન સાંભળીને પ્રસન્નચિત્ત થયેલા મહાપરાક્રમી રઘુવીર બોલ્યા કે;[૧] "હે વાનરોત્તમો ! તમે સૌ નિરંતર મારા હિતમાં તત્પર રહેનારા છો, માટે વિભીષણના સંબંધે હું જે કંઇ કહેવા ઇચ્છું છું તે સાંભળો.[૨] વિભીષણ મિત્રભાવથી અહીં આવ્યો છે, માટે કદાચ તેનામાં કંઈ દોષ હશે તોપણ હું તેનો ત્યાગ કરીશ નહિ. શરણે આવેલા શત્રુનું રક્ષણ કરવું, એને સત્પુરૂષો શ્રેષ્ઠ ગણે છે."[૩]

રામચંદ્રનાં ઉપર્યુક્ત વાક્યોપર થોડીકવાર વિચાર કર્યા પછી વાનરરાજ સુગ્રીવે વિભીષણના દોષ દર્શાવતાં કહ્યું કે,[૪] "હે રામચંદ્ર ! વિભીષણ દુષ્ટ હોય કે સજ્જન હોય, પણ આખરે તો તે રાક્ષસજ છે. આપત્તિના સમયમાં જેણે પોતાના ભાઇનો ત્યાગ કર્યો તે બીજા કોનો ત્યાગ ન કરે ?"[૫-૬]

સુગ્રીવનું વચન સાંભળી સત્યપરાક્રમી રામચંદ્રે સ્મિત હાસ્યપૂર્વક સર્વ વાનરોના સામું જોયું અને પવિત્ર લક્ષણવાળા લક્ષ્મણપ્રત્યે કહ્યું કે,[૭] "હે લક્ષ્મણ ! શાસ્ત્રોનું અધ્યયન કર્યાવિના તથા વૃદ્ધજનોના પરિચયમાં આવ્યા વિના આ સુગ્રીવનાં જેવાં વચન બોલવાં અશક્ય છે.[૮] પરંતુ વિભીષણે પોતાના ભાઇ રાવણનો ત્યાગ કર્યો એ તો સઘળાં રાજકુળોમાં સામાન્યજ છે; એટલે કે ભાઈ ભાઇનો ત્યાગ કરે એવું સર્વત્ર જોવામાં આવે છે. એ સંબંધે વિચાર કરતાં મને જે કંઇ જણાય છે તે સર્વલોકમાં પ્રસિદ્ધ છે.[૯] હે સૌમિત્રિ ! જ્ઞાતિજનો તથા સમીપવર્તી રાજાઓ, એમ બે પ્રકારના રાજાના શત્રુ હોય છે. તેઓ આપત્તિ સમય આવે ત્યારે પ્રહાર કરે છે. એ કારણને લીધેજ વિભીષણ અત્રે આવ્યો હશે.[૧૦] આ લોકને વિષે એક બીજાનું અહિત નહિ ઇચ્છનારા પોતાના સંબંધી જનોને સૌ કોઈ પોતાના હિતસ્વી માને છે, પરંતુ રાજાએ તો તેઓને માટે શંકા રાખવી એજ શ્રેયસ્કર છે."[૧૧] "હે સુગ્રીવ ! શત્રુપક્ષના માણસનો સંગ્રહ કરવામાં તેં જે દોષ બતાવ્યો તે માટે હું તને શાસ્ત્રોક્ત ઉત્તર આપું છું.[૧૨] આપણે કાંઈ વિભીષણના સંબંધી નથી તેમજ સમીપવર્તી પણ નથી, એટલે તે આપણને ઉપદ્રવ કરે એમ નથી. વિભીષણ માત્ર રાજ્યની લાલસાવાળો હોવાથી આપણા હાથે દુષ્ટ રાવણનો વિનાશ કરાવવા ઇચ્છે છે. રાક્ષસો પણ વિચારપૂર્વક કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચય કરવામાં સમર્થ હોય છે, એટલામાટે વિભીષણનો સંગ્રહ કરવો એ મને યોગ્ય લાગે છે.[૧૩] પરસ્પર વિશ્વાસ પામેલા બંધુઓ પ્રસન્ન ચિત્તથી એકસંપે રહે છે ખરા, પરંતુ સમય આવ્યે રાજ્યાદિના લોભથી એક બીજાથી જૂદા પણ પડી જાય છે, તેઓમાં પરસ્પર મોટો વિખવાદ ઉત્પન્ન થઈ યુદ્ધ પણ જામે છે, અને એક-બીજાથી ભયમાં આવી પડે છે. એવાજ કારણથી ઘણા સમયસુધી રાવણની

સાથે રહેલો વિભીષણ આજે રાવણથી જૂદો પડીને આપણી પાસે આવ્યો છે, અને તેનો સ્વીકાર કરવો યોગ્ય છે.[૧૪] હે કપીશ્વર ! સર્વે બંધુઓ કાંઈ ભરત જેવા, સર્વે પુત્રો કાંઇ મારા જેવા અને સર્વે મિત્રો કાંઈ તારા જેવા હોતા નથી."[૧૫]

રામચંદ્રનાં વચન સાંભળી, લક્ષ્મણસહિત સુગ્રીવે ઉભા થઇ હાથ જોડીને કહ્યું કે, "હે ક્ષમાવાળા પુરૂષોમાં શ્રેષ્ઠ રઘુવીર ! એ નિશાચર વિભીષણને રાવણેજ મોકલેલો છે, માટે હું તો ધારૂં છું કે તેનો વધ કરવો એજ ઉત્તમ છે.[૧૬] હે અનઘ ! રાવણનો પ્રેરેલો એ રાક્ષસ દુષ્ટ બુદ્ધિથી અત્રે આવેલો છે; અને તે આપણો પૂર્ણ વિશ્વાસ મેળવીને તમારા, મારા કિંવા લક્ષ્મણના ઉપર અવશ્ય પ્રહાર કરશે. હે મહાબાહુ ! એ વિભીષણ અતિ ક્રૂર સ્વભાવવાળા રાવણનો કનિષ્ઠબંધુ છે, માટે તેની સાથેના ચાર રાક્ષસોસહિત તેનો વધ કરવોજ યોગ્ય છે."[૧૭-૧૯] એટલું કહીને વાનરરાજ સુગ્રીવે મૌન્ય ધર્યું.[૨૦]

સુગ્રીવનું વચન સાંભળી, કાંઇક વિચાર કરીને રઘુવીરે તેને કહ્યું કે:—[૨૧] "હે સુગ્રીવ ! એ રાક્ષસ ભલે દુષ્ટ હો કિંવા સજ્જન હો; પણ તે મારૂં યત્કિંચિત્ પણ અહિત કરવાને સમર્થ નથી.[૨૨] હે વાનરરાજ ! જો હું ધારૂં તો આ પૃથ્વીમાં વસતા સર્વ પિશાચો, દાનવો, યક્ષો અને રાક્ષસોને મારી એક આંગળીના અગ્રભાગવડે હણવાને સમર્થ છું ![૨૩] હે વાનર શ્રેષ્ઠ ! સાંભળવામાં આવ્યું છે કે પૂર્વે કપોતપક્ષીએ શરણે આવેલા પોતાના શત્રુ-પારધીનો પણ સત્કાર કર્યો હતો અને તેને પોતાના શરીરનું માંસ ભક્ષણ કરવાની પ્રાર્થના કરી હતી ![૨૪] હે કપિવર ! કપોત-જેવા પક્ષીએ પણ પોતાની સ્રી કપોતીને હણનારા પારધીનો જ્યારે સત્કાર કર્યો હતો, ત્યારે મારા જેવો ધર્મજ્ઞ ક્ષત્રિય શરણે આવેલા નિરપરાધીનો ત્યાગ કેમજ કરી શકે ?[૨૫] વળી હે સુગ્રીવ ! કણ્વઋષિના સત્યવાદી પુત્ર કણ્ડુ મહર્ષિએ પૂર્વે ધર્મસંબંધી ગાથા કહેલી છે તે સાંભળ.[૨૬] "શત્રુ પણ જો દીન થઇ હાથ જોડી શરણે આવે અને નમી પડે તો ધર્મની રક્ષા કરવા માટે તેને હણવો નહિ.[૨૭] શત્રુ ભલે પીડિત હોય અથવા અભિમાની હોય; પરંતુ તે જો બીજા કોઇ શત્રુના ભયથી શરણ માગતો આવે તો કૃતાત્મા પુરૂષે પોતાના પ્રાણના ભોગે પણ તે શરણ આવેલા શત્રુનું રક્ષણ કરવું યોગ્ય છે.[૨૮] જે સમર્થ પુરૂષ કોઇ પણ પ્રકારના ભયથી મોહથી કે લોભથી શરણ આવેલાની પોતાની શક્તિ પ્રમાણે યથાયોગ્ય રક્ષા કરતો નથી તે પુરૂષ પાપલોકતા થાય છે અને આ લોકમાં નિંદાપાત્ર બને છે.[૨૯] 'આ મારૂં રક્ષણ કરશે' એમ ધારી શરણે આવેલો પુરૂષ જો રક્ષણ કરનારના દેખતાં મરણ પામે તો રક્ષણ કરનારાનાં સઘળાં પુણ્યકર્મ મરનારને મળે છે અને તે સ્વર્ગમાં જાય છે."[૩૦]

"હે સુગ્રીવ ! શરણે આવેલાનું રક્ષણ ન કરવાથી ઉપર્યુક્ત મહાન્ દોષ લાગે છે; અને તેવું કાર્ય સ્વર્ગથી ભ્રષ્ટ કરનારૂં, અકીર્તિ ફેલાવનારૂં તથા બળ-વીર્યનો નાશ કરનારૂં છે.[૩૧] માટે ઉપર્યુક્ત કંડુ મહર્ષિનું કથન કે જે ધર્મયુક્ત, યશસ્કર અને અંતે સ્વર્ગરૂપ ફળ આપનારૂં છે તે પ્રમાણેજ હું વર્તીશ.[૩૨] હે સુગ્રીવ ! જે કોઇ પ્રાણી એકજ વખતે મારે શરણે આવીને 'હું તમારો છું' એમ કહે છે તેને અભય આપવાનું મારૂં દૃઢ વ્રત છે;[૩૩] માટે હે વાનરશ્રેષ્ઠ ! ભલે, મારે શરણે આવેલો એ રાક્ષસ વિભીષણ હોય કે સ્વયં રાવણ હોય, તોપણ તેને તું મારી પાસે તેડી લાવ. મેં એને અભયદાન આપ્યુંજ છે."[૩૪]

રઘુવીરનાં વચન સાંભળી પ્રેમથી ઉભરાઇ જતા અંતઃકરણવાળા વાનરરાજ સુગ્રીવે કહ્યું કે;[૩૫] "હે રાજાઓના શિરોમણિ ! હે ધર્મજ્ઞ ! તમે સત્વ-પરાક્રમ સંપન્ન છો તથા સન્માર્ગે ચાલનારા છો, એટલે આવાં વચન બોલો એમાં શું આશ્ચર્ય ?[૩૬]

વિભીષણનાં વચન સાંભળીને મારો અંતરાત્મા પણ તેવીજ સાક્ષી પૂરે છે કે તે શુદ્ધ છે. વળી આપણા પરમચતુર સચિવ હનુમાને પણ કેટલાંક અનુમાનોથી તેની સારી રીતે પરીક્ષા કરેલી છે.[૩૭] માટે હે રાઘવ ! મહા બુદ્ધિમાન એ વિભીષણની સાથે મૈત્રી કરવામાં આપણને કશી હાનિ જેવું નથી. તમે હવે તેને શીઘ્ર અમારા સરખો ગણો."[૩૮]

પૂર્વે જેમ ગરૂડે આણેલા ઉપેંદ્રની સાથે ઇંદ્રે મૈત્રી કરી હતી તેમ વાનરોના રાજા સુગ્રીવનું વચન સાંભળી રાજપુત્ર રામચંદ્રે વિભીષણની સાથે સત્વર મૈત્રી કરી.[૩૯]

ततस्तु सुग्रीववचो निशम्य तद्धरीश्वरेणाभिहितं नरेश्वरः । विभीषणेनाशु जगाम सङ्गमं पतत्रिराजेन यथा पुरन्दर ॥३९॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં અઢારમો સર્ગ સંપૂર્ણ. ૧૮

सर्ग १९ मो.

રામ-વિભીષણ સમાગમ-રાવણ વધની પ્રતિજ્ઞા.

राघवेणाभये दत्ते सन्नतो रावणानुजः ।
विभीषणो महाप्राज्ञो भूमिं समवलोकयत् ॥१॥

રામચંદ્રે અભયદાન આપ્યું કે તુરતજ ભક્તિવડે નમ્ર થયેલા અને મહાબુદ્ધિશાળી એવા રાવણના લઘુ ભ્રાતા વિભીષણે નીચે ઉતરવા માટે પૃથ્વીપર દૃષ્ટિ કરી.[૧] પછી અતિ હર્ષિત થયેલો ધર્માત્મા વિભીષણ પોતાના ઉપર પ્રીતિવાળા ચાર અનુચરો સહિત આકાશમાંથી પૃથ્વીપર ઉતરી રામચંદ્રના ચરણમાં પડયો અને હર્ષ ઉપજાવે એવાં ધર્મયુક્ત વચનો કહેવા લાગ્યો કે, "હે રાઘવ ! હુ રાવણનો નાનો ભાઇ છું. મારૂં નામ વિભીષણ છે. મારા મોટાભાઇ રાવણે મારૂં અપમાન કર્યું છે, તેથી હું આપ કે જે પ્રાણીમાત્રના શરણરૂપ છો તેના શરણે આવ્યો છું. મેં લંકાનગરીનો, મિત્ર-સુહૃદોનો અને ધન આદિ સર્વ પદાર્થોનો ત્યાગ કર્યો છે.[૨-૫] મારૂં જિવિત, રાજ્ય અને સુખ એ સઘળું હવે આપના આધારેજ છે."

વિભીષણનાં વચન સાંભળી રઘુવીરે મધુર વાકયોવડે તેનું સાંત્વન કર્યું અને તેનાપર સૌમ્યદૃષ્ટિ નાખીને બોલ્યા કે, "હે વિભીષણ ! રાક્ષસોનું બળાબળ કેટલું છે ? તેનું તું મારી આગળ વિસ્તારથી યથાર્થ વર્ણન કર."[૬-૭]

અકિલષ્ટકર્મા રઘુવીરે ઉપર્યુક્ત પ્રશ્ન કર્યો ત્યારે મહાત્મા વિભીષણ રાવણના બળાબળનું વર્ણન કરવા લાગ્યો કે;[૮] "હે રાજપુત્ર ! બ્રહ્મદેવના વરદાનથી દશગ્રીવ રાવણ ગંધર્વો, ઉરગો, પક્ષીઓ અને ટુંકામાં કહીએ તો સર્વ ભૂત-પ્રાણીમાત્રથી હણાય તેવો નથી.[૯] રાવણથી નાનો અને મારાથી મોટો 'કુંભકર્ણ' નામનો અમારો વચલો ભાઈ અત્યંત પરાક્રમવાળો અને મહાતેજસ્વી છે. તે યુદ્ધમાં ઈંદ્ર સરખો બળવાન છે.[૧૦] હે રામ ! 'પ્રહસ્ત' નામનો રાવણનો સેનાપતિ છે, જેનું નામ કદાચ તમારા સાંભળવામાં પણ આવ્યું હશે. તેણે કૈલાસને વિશે રહેનારા મણિભદ્રને યુદ્ધમાં જિત્યો હતો.[૧૧] રાવણનો પાટવીકુમાર 'ઈંદ્રજિત' છે. તે આંગળીઓનું રક્ષણ થવા માટે હાથ ઉપર ઘોના ચામડાનાં મોજાં પહેરે છે, ભેદાય નહિ એવું કવચ ધારણ કરે છે, અને ધનુષ્ય ગ્રહણ કરી યુદ્ધ કરતાં કરતાં કોઇ કોઇવાર અદ્રશ્ય થઇ જાય છે.[૧૨] એ ઈંદ્રજિત મોટા સંગ્રામમાં જતી વેળા હુતદ્રવ્યથી અગ્નિદેવને તૃપ્ત કરી અંતર્ધાનપણે રહી શત્રુઓનો નાશ કરે છે.[૧૩] યુદ્ધ કરવામાં લોકપાળ સમાન બળવાળા 'મહોદર, મહાપાર્શ્વ' અને 'અકંપન' નામના રાક્ષસો રાવણની સેનાનું રક્ષણ કરે છે[૧૪] લંકાનગરીને વિશે દશ ખર્વ રાક્ષસો રાવણના સૈનિક તરિકે વસે છે. તેઓ સર્વ માંસ અને રૂધિરનું ભક્ષણ કરનારા તથા ઇચ્છિતરૂપ ધરનારા છે.[૧૫] એ રાક્ષસ યોદ્ધાઓ સહિત રાવણે એક વેળા ઈંદ્રાદિ લોકપાલોની સાથે યુદ્ધ કર્યું હતું; જેમાં સર્વ દેવો સહિત

લોકપાળોને એ દુરાત્માથી ન્હાસવું પડયું હતું. ”[૧૬]

વિભીષણનાં વચન સાંભળી રામચંદ્ર થોડીકવાર વિચાર કર્યા પછી બોલ્યા કે;[૧૭] “હે વિભીષણ! તેં રાવણનાં જે જે પરાક્રમ કહ્યાં તે સઘળાં હું યથાર્થ રીતે જાણું છું.[૧૮] પરંતુ હે રાક્ષસેંદ્ર! હું તારી આગળ સાચેસાચી પ્રતિજ્ઞા કરૂં છું કે હું એ રાવણને તેના પુત્ર ઈંદ્રજિત તથા સેનાપતિ પ્રહસ્ત સહિત હણીશ અને તને લંકાનું રાજ્ય આપીશ.[૧૯] ભલે, રાવણ કદાચિત પાતાળમાં કિંવા રસાતળમાં સંતાઈ પેસશે અથવા બ્રહ્માને શરણે જશે, તોપણ હવે તે મારા હાથથી જીવતો જનાર નથી.[૨૦] હે વિભીષણ! હું મારા ત્રણે ભાઇઓના શપથ લઈને કહું છું કે, યુદ્ધમાં રાવણને તેના પુત્ર, મિત્ર અને બંધુવર્ગ સહિત હણ્યા સિવાય હું અયોધ્યામાં પ્રવેશ કરીશ નહિ. ”[૨૧]

અક્લિષ્ટકર્માના રામચંદ્રનાં વચન સાંભળીને ધર્માત્મા વિભીષણે મસ્તકવડે પ્રણામ કરતાં કહ્યું કે,[૨૨] “હે રઘુવીર! રાક્ષસોનો વધ કરવામાં તથા લંકા ઉપર ચઢાઈ લઈ જવામાં હું તમને યથાશક્તિ સહાય્ય કરીશ અને સૌથી પ્રથમજ રાવણની સેનામાં પ્રવેશ કરીશ. ”[૨૩]

એ પ્રમાણે પ્રિયવાક્ય બોલનારા વિભીષણને રામચંદ્રે આલિંગન આપ્યું. તે પછી પ્રીતિપર્વક લક્ષ્મણ પ્રત્યે કહ્યું કે, “હે માનદ! હું વિભીષણ ઉપર પ્રસન્ન થયો છું, માટે તું સત્વર સમુદ્રમાંથી જળ લઇ આવ, અને મહાબુદ્ધિમાન એવા આ વિભીષણનો રાક્ષસોના રાજા તરીકે રાજ્યાભિષેક કર. ”[૨૪-૨૫]

રામચંદ્રની આજ્ઞા થતાંજ મહાત્મા લક્ષ્મણે સમુદ્રમાંથી જળ આણીને સર્વ વાનરોની સમક્ષ વિભીષણનો રાજ્યાભિષેક કર્યો.[૨૬] રામચંદ્રની વિભીષણપર કૃપા થયેલી જોઇને સર્વ વાનરો ‘બહુ સારૂં, બહુ સારૂં.’ એમ કહીને પોતાનો હર્ષ પ્રકટ કરવા લાગ્યા.[૨૭] પછી હનુમાન તથા સુગ્રીવ વિભીષણને પૂછવા લાગ્યા કે, “હે વિભીષણ! મહાન બળવાળા આ સર્વ વાનરો સહિત આપણે ક્ષુભિત ન થાય એવા મહોદધિના સામે પાર કેમ કરી જઈ શકીશું?[૨૮] હે રાક્ષસશ્રેષ્ઠ! જે ઉપાય કરવાથી નદો અને નદીઓના પતિ સમુદ્રને તરીને આપણ સૌ લંકામાં જઇ શકીએ તે ઉપાય તું અમને બતાવ. ”[૨૯]

હનુમાન અને સુગ્રીવનો ઉપર્યુક્ત પ્રશ્ન સાંભળી ધર્માત્મા વિભીષણે પ્રત્યુત્તર આપ્યો કે:–“હે વાનરવરો! સાંપ્રતમાં બીજો કાંઇ પણ ઉપાય ન કરતાં આપણા રાજા રામચંદ્રે સમુદ્રને શરણે જવું એજ યોગ્ય છે.[૩૦] આ આમત જળવાળા સમુદ્રને સગર રાજાના પુત્રોએ ખોદેલો છે; તેથી એ સમુદ્ર સગર પુત્રોના વંશમાં જન્મેલા રામચંદ્રનું કાર્ય અવશ્ય કરશેજ. ”[૩૧]

બુદ્ધિમાન વિભીષણનાં વચન સાંભળી વિશાળ ગ્રીવાવાળા સુગ્રીવે રામ–લક્ષ્મણની પાસે જઈ સમુદ્રપાર ઉતરવા માટે સમુદ્રને શરણ જવા સંબંધી વિભીષણની સલાહ નિવેદન કરી.[૩૨-૩૩] સ્વભાવથીજ ધર્માચરણમાં પ્રીતિવાળા મહાતેજસ્વી રઘુવીરને એ સલાહ ઘણીજ રૂચિકર થઇ પડી. તેમણે કાર્યકુશળ સુગ્રીવ તથા લક્ષ્મણનો સત્કાર કરવા અર્થે સ્મિતહાસ્ય પૂર્વક કહ્યું કે, “હે લક્ષ્મણ! વિભીષણની સલાહ મને યોગ્ય લાગે છે;[૩૪-૩૫] પરંતુ સુગ્રીવ ઘણોજ તીવ્ર બુદ્ધિવાળો છે, અને તું પણ મંત્ર કરવામાં કુશળ છે, માટે આ કાર્યમાં તમો બન્ને વિચાર કરીને જે યોગ્ય લાગે તે મને જણાવો. ”

રામચંદ્રનાં વચન સાંભળી શૂરવીર લક્ષ્મણ તથા સુગ્રીવે આદરપૂર્વક કહ્યું કે,[૩૭] “હે નરવ્યાઘ્ર! હાલમાં આપણ સૌને સુખરૂપ થઇ પડે એવી વિભીષણની સલાહ અમને કેમ નહિ રૂચે?[૩૮] આ ભયંકર સમુદ્ર ઉપર સેતુ બાંધ્યા સિવાય દેવતાઓ અને અસુરોસહિત ઈંદ્ર પણ લંકામાં પ્રવેશ કરી શકે એમ

નથી.[૩૯] માટે હે રામચંદ્ર ! તમે વિભીષણના કહેવા પ્રમાણે કરો અને વિલંબ નહિ કરતાં સમુદ્રની પ્રાર્થના કરવાને તત્પર થાઓ જેથી આપણે સર્વ સેના સહિત રાવણે રક્ષણ કરેલી લંકામાં પ્રવેશ કરી શકીએ."[૪૦]

સુગ્રીવ અને લક્ષ્મણનાં વચન સાંભળી, અગ્નિ જેમ વેદીઉપર વિરાજમાન થાય તેમ રામચંદ્ર સમુદ્રના કાંઠાપર દર્ભાસન પાથરીને તેપર વિરાજમાન થયા.[૪૧]

एवमुक्तः कुशास्तीर्णे तीरे नदनदीपतेः ।
संविवेश तदा रामो वेद्यामिव हुताशनः ॥४१॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ઓગણીશમો સર્ગ સંપૂર્ણ ૧૯.

સર્ગ ૨૦ મો.

વાનર છાવણીમાં રાવણનો દૂત-રામ-સુગ્રીવ વચ્ચે ભેદ પડાવવાનો પ્રયત્ન.

ततो निविष्टां ध्वजिनीं सुग्रीवेणाभिपालिताम् ।
ददर्श राक्षसोऽभ्येत्य शार्दूलो नाम वीर्यवान् ॥

આ સમયે દુરાત્મા રાવણનો 'શાર્દૂલ' નામનો એક ગુપ્ત દૂત સમુદ્રના કાંઠાપર ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. પડાવ નાખી રહેલી અને સુગ્રીવે પાલન કરેલી વાનરસેનાને તેણે દીઠી. સર્વ પ્રકારે સાવધ રહેનારી વાનરસેનાને ચોમેરથી સારીરીતે નિહાળીને, એ શાર્દૂલ રાક્ષસ ઉતાવળે લંકામાં ગયો અને તેણે રાવણને જાણ કર્યું કે, "હે રાજન ! વાનરો તથા રીંછોની મોટી સેના આપણી લંકાની સમીપ આવી પહોંચી છે.[૧-૩] અમાપ અને જેમાં કોઇથી પ્રવેશ ન કરી શકાય એવી એ સેના જાણે બીજો સમુદ્રજ હોય એવી દેખાય છે ! હે મોટી કાંતિવાળા રાવણરાય ! દશરથ રાજાના પુત્ર અને ઉત્તમ સ્વરૂપવાળા 'રામ-લક્ષ્મણ' નામના બે ભાઇઓએ સીતાની શોધ કરતાં કરતાં સમુદ્ર કિનારે આવીને પડાવ નાખ્યો છે.[૪-૫] હે મહારાજ ! રામનું સૈન્ય ચોતરફથી દશયોજનનો અવકાશ ઘેરીને પડયું છે. તેનું સંપૂર્ણ વૃત્તાંત તમારે યથાર્થરીતે જાણવા જેવું છે.[૬] હે મહારાજ ! તમે તમારા દૂતો દ્વારા રામની સેનાના બળાબળસંબંધે શીઘ્ર માહીતગાર થાઓ અને સીતા પાછી આપવી કે સુગ્રીવનું સાંત્વન કરવું, કિંવા તેઓમાં પરસ્પર ભેદ પડાવવો, એમાંથી જે યોગ્ય લાગે તે કરો."[૭]

શાર્દૂલનાં વચન સાંભળી, રાક્ષસરાજ રાવણે 'આ વેળા શું કરવું ?' એ બાબતનો થોડીકવાર સુધી વિચાર કર્યો અને પછી અર્થજ્ઞોમાં શ્રેષ્ઠ એવા પોતાના 'શુક'નામના દૂતને વ્યગ્રચિત્તે કહ્યું કે,[૮] "એ શુક ! તું મારી આજ્ઞાથી સત્વર વાનરોના રાજા સુગ્રીવની પાસે જા; અને હું કહું તે પ્રમાણે મારો સંદેશો મધુર અને નમ્રવાણીથી તેને કહે કે,[૯] 'હે સુગ્રીવ ! તું ઉત્તમકુળમાં જન્મેલો છે, મોટા બળવાળો છે અને ઋક્ષરાજનો પુત્ર છે. રામને સહાય્ય કરવામાં તને કાંઇ લાભ નથી; તેમજ રામને સહાય્ય કરવાનું કાર્ય પડતું મૂકવામાં તને કાંઈ હાનિ નથી. તોપછી તું મારા જેવા એક મહાબળવાન રાજાની સાથે વ્યર્થ વૈર શામાટે કરે છે ? હે કપીશ્વર ! તું પાછો ચાલ્યો જા. હું તને મારા ભાઈ સરખો ગણું છું.[૧૦] હે સુગ્રીવ ! દશરથ પુત્ર રામની સ્ત્રીનું મેં હરણ કર્યું છે તેમાં તારૂં શું બગાડયું છે ? ભલા વનચર; તું તારી કિષ્કિન્ધામાં સુખેથી પાછો ચાલ્યો જા.[૧૧] દેવતાઓ અને ગંધર્વો પણ મારી લંકાનગરીમાં પ્રવેશ કરી શકયા નથી, તોપછી તમે વાનરો અને રામ લક્ષ્મણ મનુષ્યો તેમાં કેમજ પ્રવેશ કરી શકશો ?'"[૧૨]

રાવણનો સંદેશો લઇને શુકરાક્ષસ પક્ષીનું રૂપ ધરીને ઉતાવળે આકાશમાર્ગે ઉડયો અને કેટલીકવારે સમુદ્રના ઉત્તર કીનારા ઉપર આવીને તેણે અદ્ધર રહ્યે રહ્યેજ રાવણનો સંદેશો સુગ્રીવને કહી સંભળાવ્યો.[૧૩-૧૪] અંતરિક્ષમાં રહેલા શુક રાક્ષસના મુખથી દુરાત્મા રાવણનો સંદેશો સાંભળીને સર્વ વાનરો એ શુકરાક્ષસને મુષ્ટિપ્રહારોથી હણવા

માટે આકાશતરફ ઉડ્યા અને તેની પાસે જઇ તેને બળાત્કારે પકડીને પૃથ્વીપર ખેંચી લાવ્યા. જ્યારે વાનરો તેને ગડદાપાટુ કરી પીડવા લાગ્યા ત્યારે એ રાક્ષસ રઘુવીરને સંબોધી બોલ્યો કે,[૧૫-૧૭] "હે કાકુત્સ્થ! રાજાઓ કદી પણ દૂતનો વધ કરતા નથી, માટે તમે આ વાનરોને વારો તો ઘણું સારૂં. જે દૂત પોતાના સ્વામીએ કહેલાં વાક્ય ન કહેતાં પોતાને મનગમતાં વાક્ય કહેતો હોય તેવા દૂતનોજ વધ કરવો યોગ્ય છે."[૧૮]

શુકરાક્ષસનું ખેદયુક્ત વચન સાંભળીને રામચંદ્રે કહ્યું કે, "હે વાનરો! તમે એને મારશો નહિ."[૧૯] રામચંદ્રની આજ્ઞા થતાંજ વાનરોએ શુકરાક્ષસને છોડી મૂકયો. વાનરોના ભયમાંથી મુક્ત થઇને શુકરાક્ષસ તુરતજ પોતાની પાંખોના બળથી આકાશમાં ઉડી ગયો, અને અંતરિક્ષમાં રહીને કહેવા લાગ્યો કે;[૨૦] "હે શૌર્યસંપન્ન! હે મોટા બળ તથા પરાક્રમવાળા સુગ્રીવ! સર્વ લોકોને રડાવનારા રાવણને હવે મારે અહીંથી જઈને શો પ્રત્યુત્તર આપવો?"[૨૧]

રાવણના ગુપ્તદૂત શુકરાક્ષસનું વચન સાંભળીને ઉગ્ર પરાક્રમવાળા અને અત્યંત બળવાળા વાનરરાજ સુગ્રીવે કહ્યું કે,[૨૨] હે રાક્ષસ! તું મારો સંદેશો આ પ્રમાણે કહેજે કે;-'હે રાવણ! તું મારો મિત્ર નથી કે જેથી હું તારાપર દયા કરૂં; તેમજ તું મારો ઉપકર્તા નથી કે જેથી તું મને પ્રિય હોય. હે દશાનન! તું તો મારા મિત્ર રામચંદ્રનો શત્રુ છે, એટલે વાલીની પેઠે સહકુટુંબ તારો વધ કરવોજ યોગ્ય છે.[૨૩] હે રાક્ષસેશ! હું તારા જ્ઞાતિજનોનો, બંધુઓનો અને પુત્રોનો વધ કરીશ, તેમજ મોટી સેનાસહિત લંકામાં આવીને તારી આખી લંકાનગરીને ભસ્મ કરીશ.[૨૪] હે મૂર્ખ રાવણ! કદાચ ઈંદ્રાદિ સર્વ દેવતાઓ તારૂં રક્ષણ કરવા આવે તો પણ હવે તું રામના હાથથી જીવતો છૂટનાર નથી; કદાચ તું સૂર્યમંડળમાં કિંવા પાતાળમાં ભરાઈ પેસીશ અથવા તો શંકરને શરણે જઇશ તોપણ રામ તને જીવતો મૂકનાર નથી. હે દુરાચરણી રાવણ! તું નક્કી માનજે કે હવે તારૂં અને તારા ભાઈ કુંભકર્ણનું આયુષ્ય આવી ખૂટયું છે.[૨૫] હે દશગ્રીવ! ત્રણલોકને વિષે વસતા પિશાચ, રાક્ષસ, ગંધર્વ અને અસુર એઓમાંનો કોઈ પણ રામચંદ્રરૂપી કાળથી તને બચાવી શકે તેમ નથી.[૨૬] હે રાવણ! વૃદ્ધાવસ્થાને લીધે અશક્ત થયેલા જટાયુને મારીને તું સીતાને લંકામાં હરી લાવ્યો એમાં તે તેં શું પરાક્રમ કર્યું? જો તારામાં બળ હોત તો તું રામ-લક્ષ્મણના દેખતાંજ વિશાલાક્ષી સીતાનું હરણ કેમ ન કરત? હે દુષ્ટ! આમ છતાં કેમ લાજતો નથી?[૨૭] હે દુષ્ટ! મહાબળવાળા અને દેવોથી પણ ન જિતાય એવા મહાત્મા રઘુવીરને હજી તું ઓળખતો નથી. શ્રીમાન રઘુવીર તારા પ્રાણોને અવશ્ય હરશે."[૨૮]

આ વેળા વાલિપુત્ર યુવરાજ અંગદે કહ્યું કે, "હે મહાબુદ્ધિમાન વાનરેશ્વર! આ દૂત નથી, પરંતુ ગુપ્તચર હોય એમ મને લાગે છે.[૨૯] એણે અંતરિક્ષમાં રહીને આપણી સેનાની ગણના કરી છે; માટે એને લંકામાં ન જવા દેતાં અત્રેજ પકડીને બાંધી રાખવો, એ મને રૂચે છે."[૩૦]

રાજા સુગ્રીવની આજ્ઞા થતાં વાનરો તુરતજ એ રાક્ષસને પકડવા માટે ઉંચે ઉડયા; અને અનાથની પેઠે વિલાપ કરતા તેને પકડીને બાંધી લીધો.[૩૧] પછી ભયંકર વાનરોથી પીડાયેલા શુકરાક્ષસે મોટો આક્રોશ કરી રઘુવીરને કહ્યું કે, "હે દશરથનંદન! આ વાનરો બળાત્કારે મારી પાંખો તોડી નાખે છે તથા આંખ્યો ફોડી નાખે છે. તમે એમને વારો.[૩૨] આમ કરતાં જો મારા પ્રાણ નીકળી જશે તો હું જન્મ્યો તે દિવસથી આરંભી આજદિન સુધીમાં જે જે પાપકર્મો કર્યાં હશે તે સઘળાં તમને લાગશે."[૩૩]

શુકરાક્ષસનાં દીન વચન સાંભળીને

રામચંદ્રે તેને મરણમાંથી બચાવ્યો અને વાનરોને કહ્યું કે "હે વાનરો! ગમે તેવો પણ તે દૂત છે, માટે એને જીવતો છોડી મૂકો.!"૩૪

नाघातयत्तदा रामः श्रुत्वा तत्परिदेवनम् ।
वानरानब्रवीद्रामो मुच्यतां दूत आगतः ॥३४॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૦

सर्ग २१ मो.

સમુદ્ર ઉપર રામનો કોપ.

ततः सागरवेलायां दर्भानास्तीर्य राघवः ।
अञ्जलिं प्राङ्मुखः कृत्वा प्रतिशिश्ये महोदधेः ॥

હવે સમુદ્રના તટપર દર્ભ પાથરી, હાથ જોડી, પૂર્વ દિશા તરફ મુખ રાખી, રામચંદ્રે શયન કર્યું.[૧] એ વેળા શત્રુમર્દન અને રણકુશળ રઘુવીરે સર્પની ફણાસરખા, અનેક પ્રકારનાં સુવર્ણનાં આભૂષણોથી વિભૂષિત, મણિજડિત સુવર્ણના બાજુબંધ તથા મોતીઓની સેરોથી અલંકૃત થયેલા, સ્વરૂપવતી ધાત્રીઓના હસ્તોવડે સ્નાન સમયે અનેકવાર મસળાયેલા, પૂર્વકાળમાં રક્તચંદન તથા અગુરૂવડે ચર્ચાયેલા; શયન વખતે સીતાના મસ્તકનો સમાગમ થવાથી ગંગાજળવડે સેવાયેલા તક્ષક નાગસરખા શોભતા; સંગ્રામને વિષે પ્રલયકાળ સરખા; શત્રુઓના શોકને વધારનારા; સુહૃદ્વર્ગને હર્ષ ઉપજાવનારા, આજાનુલંબિત;× સમુદ્રપર્યંતની પૃથ્વીનું પાલન કરનારા, વારંવાર બાણ છોડવાનેલીધે ધનુષ્યની પ્રત્યંચા અથડાવાથી જેની ચામડીપર ચાઠાં પડી ગયાં હતાં એવા; મોટી પરિઘસરખા અને હજારો ગાયોનાં દાન આપનારા પોતાના વામભુજને મસ્તક નીચે રાખી ઓશીકું બનાવ્યું. "આજે સમુદ્ર મને સેનાસહિત સામીપાર ઉતારશે કિંવા (એમ નહિ થાય તો) તેનું મરણ થશે." એવો દૃઢ નિશ્ચય કરીને રામચંદ્ર સૂતા; અને તેમણે શાસ્ત્રોક્ત વિધિથી શુદ્ધ થઇને મૌન ધારણ કર્યું.૨-૯

પૃથ્વીપર દર્ભાસન પાથરી તે ઉપર સાવધાનચિત્તે સૂતેલા રામચંદ્રની શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે ત્રણ રાત્રિઓ વીતી ગઇ.૧૦ નીતિજ્ઞ અને ધર્મમાં પ્રીતવાળા રામચંદ્રે ત્રણ રાત્રિસુધી પૃથ્વીપર શયન કરીને નદીઓના પતિ સમુદ્રની ઉપાસના કરી.૧૧ એ પ્રમાણે રામચંદ્રે શુદ્ધ અંતઃકરણપૂર્વક સમુદ્રની યથાયોગ્ય ઉપાસના કરી, તોપણ મંદબુદ્ધિવાળા સમુદ્રે તેમને દર્શન આપ્યું નહિ.૧૨ ત્યારે રામચંદ્ર કોપાયમાન થયા. તેમનાં નેત્ર લાલચોળ થઇ ગયાં અને તે પોતાની પાસે ઉભેલા લક્ષ્મણ પ્રત્યે કહેવા લાગ્યા કેઃ-૧૩ "હે લક્ષ્મણ! આ સમુદ્ર ગર્વને લીધે મને પોતાનું સ્વરૂપ દર્શાવતો નથી. શાંતિ, ક્ષમા, સરળતા અને પ્રિય સંભાષણ ઈત્યાદિ સત્પુરૂષના ગુણો દુર્જનની આગળ નિષ્ફળ નિવડે છે. જે માણસ આત્મશ્લાઘા કરનારો હોય છે, જેનાં ચારિત્ર્ય હલકાં હોય છે, જે અધર્મમાં પ્રવૃત થતાં અચકાતો નથી, જે અહીં તહીં પોતાના ગુણોને ગાતો ફર્યા કરે છે અને કોઇપણ પ્રાણીપર દયા રાખતો નથી તેવા માણસનો સાધારણ જનસમાજ સત્કાર કરે છે. શાંતિ ધરી બેસી રહેવાથી દેશાંતરમાં તેમજ સ્વદેશમાં કીર્તિ ફેલાતી નથી.૧૪-૧૬ હે લક્ષ્મણ! શાંતિ રાખવાથી સંગ્રામને વિષે જય પણ મળી શકતો નથી; માટે હે સૌમિત્રિ! આજે હું મારા પરાક્રમવડે સમુદ્રનો નાશ કરીશ. હે લક્ષ્મણ! જો આજે મારાં તીક્ષ્ણ બાણોથી છેદાઇ મરણ પામેલાં મોટાં મગરમત્સ્યોવડે આખો સમુદ્ર છવાઇ જશે.* હે લક્ષ્મણ! આજે હું મોટા મોટા જળ સર્પોને, મત્સ્યોને તેમજ હસ્તીઓની શુંઢોને છેદી નાખીશ; અને નાના પ્રકારના શંખો, છીંપલીઓ, મત્સ્યો તથા

× જાનુપર્યંત લંબાયમાન.

* મરણ પામ્યા પછી પ્રાણીઓનાં શબ જળ ઉપર તરે છે.

ઝુંડોથી ભરેલા આખા સમુદ્રને મારા જ્વલંત બાણોવડે શોષી નાખીશ. હું ક્ષમા રાખીને બેઠો છું તેથી સમુદ્ર મને નિર્બળ ધારે છે. આવા દુર્જનની આગળ ક્ષમા ગુણ દર્શાવવો એ ધિક્કારને પાત્ર છે. હે સૌમિત્રિ! શાન્તિ ગુણ દર્શાવવાથી સમુદ્ર મને પોતાનું સ્વરૂપ દેખાડતો નથી; માટે લાવ, મારૂં ધનુષ્ય અને ઝેરી સર્પસરખાં તીક્ષ્ણ બાણ! ! આજે હું સમુદ્રને સુકવી નાખીશ; એટલે સર્વ વાનરો પગે ચાલીને સુખપૂર્વક લંકામાં પ્રવેશ કરશે.[૧૭-૨૨] હે લક્ષ્મણ! હજારો તરંગોવાળા આ અક્ષોભ્ય સમુદ્રને હું આજે મારા ક્રોધથી ક્ષુભિત કરીશ; અને મારા બાણોવડે તેની મર્યાદા તોડી નાખીશ. કદાપિ બળવાન રાક્ષસો સમુદ્રનું રક્ષણ કરતા હશે તથાપિ હું આજે તેને નિશ્ચય શોષી નાખીશ."[૨૩-૨૪]

પછી રઘુવીરે ધનુષ્ય ગ્રહણ કર્યું. ક્રોધને લીધે તેમની દૃષ્ટિ વિકરાળ થઇ ગઈ અને તે પોતે પ્રલયકાળના પ્રજ્વલિત અગ્નિસરખા દુર્ધર્ષ જણાવા લાગ્યા.[૨૫] રામચંદ્રે ધનુષ્ય સજ્જ કરી, તેના ઘોર ટંકારવથી આખા જગતને ખળભળાવી દીધું; અને ઈંદ્ર જેમ વજ્રપ્રહાર કરે તેમ સમુદ્ર ઉપર તીવ્રબાણ છોડવા માંડયાં.[૨૬] તેજવડે ઝળહળતાં રઘુવીરનાં તીક્ષ્ણ બાણો ઉપરાઉપરી સમુદ્રના જળમાં પડવા લાગ્યાં; તેથી તેમાંનાં જળચર પ્રાણીઓ ત્રાસ પામ્યાં.[૨૭] એ વેળા મત્સ્યો અને મગરોથી ભરેલું સમુદ્રનું જળ ઉછળવા લાગ્યું તથા બાણોના વેગથી ઉપન્ન થયેલા વાયુનો મોટો સુસવાટ સંભળાવા લાગ્યો.[૨૮] એકાએક આખો સમુદ્ર ક્ષોભ પામ્યો, મોટા મોટા તરંગો ઉછળીને એક બીજા સાથે અફળાવા લાગ્યા અને ધુમાડાના ગોટેગોટ જણાયા લાગ્યા.[૨૯] ચકચકિત નેત્રવાળા અને મોટી ફણવાળા સર્પો તથા પાતાળમાં વસનારા બળવાન દાનવો ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગ્યા.[૩૦] જળચર પ્રાણીઓસહિત સમુદ્રના હજારો તરંગો વિંધ્યાચળ અને મંદરાચળ જેટલા ઉંચા ઉછળતા હતા.[૩૧] એક સામટા ઉછળતા તરંગો પરસ્પર અથડાવાથી અને રાક્ષસો તથા જળચર પ્રાણીઓ એકાએક ગભરાઈ જવાથી સમુદ્રમાં મોટો ઘોંઘાટ મચી રહ્યો.[૩૨]

વારંવાર પોતાનું મોટું ધનુષ્ય ખેંચી બાણ વરસાવતા અને શ્રમને લીધે દીર્ઘ શ્વાસ લેતા રામચંદ્રને જોઇ, સુમિત્રાનંદન લક્ષ્મણે તેમની પાસે જઇ તેમનું ધનુષ્ય પકડી રાખ્યું અને બાણ નહિ મૂકવામાટે વિજ્ઞપ્તિ કરતાં કહ્યું કે:-[૩૩] "હે શૂરવીરોમાં અગ્રગણ્ય રઘુવીર! સમુદ્રનું શોષણ કર્યાવિના પણ તમારૂં કાર્ય પાર પડે એમ છે; તો પછી આમ ક્રોધ કરવાની શી આવશ્યકતા છે? તમસરખા સાધુ પુરૂષો ક્રોધને વશ થતા નથી. હે આર્યભ્રાતા! તમે તમારા લાંબાકાળના સદાચરણ તરફ દૃષ્ટિપાત કરો."[૩૪]

આ વેળા અંતરિક્ષમાં ગુપ્તરૂપે ઉભેલા બ્રહ્મર્ષિઓ તથા દેવર્ષિઓ પણ "હે રામ! આ કષ્ટરૂપ કાર્ય કરવું જવા દો." એમ મોટા સાદે બોલીને હાહાકાર કરવા લાગ્યા[૩૫]

अन्तर्हितैश्चापि तथान्तरिक्षे ब्रह्मर्षिभिश्चैव सुरर्षिभिश्च । शब्दः कृतः कष्टमिति ब्रुवद्भिर्मामेति चोक्त्वा महता स्वरेण ॥ ३५ ॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં એકવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૧

सर्ग २२ मो.

સેતુબંધન અને સાગરસંતરણ.

अथोवाच रघुश्रेष्ठः सागरं दारुणं वचः ।
अद्याहं शोषयिष्यामि सपातालं महार्णवम् ॥१॥

પછી રામચંદ્રે સમુદ્રપ્રત્યે દારુણવચન કહ્યાં કે:-"હે સાગર! આજે હું પાતાળપર્યંત તારૂં જળ શોષી નાખીશ.[૧] હે મહોદધિ! આજે મારાં બાણોથી તારૂં જળ સૂકાઇ જવાને લીધે તારે વિષે રહેતાં હજારો પ્રાણીઓનો નાશ થશે અને જળને ઠેકાણે ધૂળ ઉડશે.[૨] હે દાનવોના નિવાસરૂપ સાગર! તું જળથી

વૃદ્ધિ પામેલો હોવાનેલીધે મારા પરાક્રમને જાણતો નથી પણ આજે હું મારા ધનુષ્યમાંથી છૂટેલાં અસંખ્યાત બાણસમૂહોથી તારા ઉપર સેતુ બાંધીશ અને વાનરો પગે ચાલતા સામીપાર જશે. હે ગર્વયુક્ત સમુદ્ર ! તું નિશ્ચય માનજે કે આજે મારા હાથથી તને મોટો સંતાપ થશે."[૩-૪] એ પ્રમાણે કહીને, મહાબળવાળા રઘુવીરે બ્રહ્મદંડ સરખા એક બાણને વિષે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી, તેને ધનુષ્ય પર ચઢાવ્યું; અને પ્રત્યંચા ખેંચી.[૫] રામચંદ્ર બ્રહ્માસ્ત્ર ચઢાવી ધનુષ્ય ખેંચ્યું ત્યારે જાણે પૃથ્વી અને આકાશ ફાટતાં હોય એવો ભારે કડાકો થયો, પર્વતો કંપાયમાન થયા,[૬] સર્વત્ર અંધકાર છવાઇ ગયું, દિશાઓ પ્રકાશરહિત થઇ ગઈ, સરોવરો અને નદીઓનાં જળ ડોહોળાઈ ગયાં,[૭] નક્ષત્રોસહિત સૂર્ય ચંદ્રની ગતિ તિરછી થઇ ગઇ, સૂર્યનો પ્રકાશ હોવા છતાં આકાશ અંધકારવાળું જણાવા લાગ્યું,[૮] આકાશમાં ઉપરાઉપરી વિજળીઓના ઝબકારા સાથે મોટા મોટા કડાકા થવા લાગ્યા;[૯] પરિવહ વગેરે દિવ્ય વાયુઓ મોટા વેગથી વાવા લાગ્યા, વૃક્ષો તડાતડ તૂટી પડવા લાગ્યાં, આકાશમાં વાદળાં ચઢી આવ્યાં,[૧૦] વાયુના સપાટાથી મોટાં મોટાં પર્વતશિખરો તૂટી પડવા લાગ્યાં, આકાશને વિષે મોટો ગડગડાટ થવા લાગ્યો,[૧૧] વાદળોમાંથી વિજળીઓ પડવા લાગી, અગ્નિ વરસવા લાગ્યો ઉલ્કાપાત થવા લાગ્યા અને દૃષ્ટિગોચર થનારાં તથા દૃષ્ટિગોચર નહિ થનારાં પ્રાણીઓ ભયભીત થઇને વિજળીસરખો ઘોર નાદ કરવા લાગ્યાં. આવો ઉત્પાત જોઇને સઘળાં ભૂત પ્રાણીઓ ઉદ્વેગ પામ્યાં અને પૃથ્વીપર લપાઈને સૂઇ ગયાં. તેઓ ભયને લીધે જરાપણ હાલતાં–ચાલતાં ન હતાં. એ વેળા હસ્તીઓ, રાક્ષસો અને જળચર પ્રાણીઓથી ભરેલો, ભયંકર ઘુઘવાટી કરતો તથા મોટી મોટી છાળો નાખતો સમુદ્ર મર્યાદા ઓળંગીને એક યોજન સુધી વધી ગયો.[૧૨-૧૫] નદીઓના પતિ સમુદ્રે મર્યાદા મૂકી; પરંતુ શત્રુમર્દન રઘુવીર જે સ્થળે ઉભા હતા તે સ્થળેથી એક ડગલું પણ હઠયા નહિ.[૧૬]

ત્યારપછી જેમ ઉદયાચલમાંથી સૂર્ય ઉદય પામે તેમ જળના મધ્યભાગમાંથી તેજસ્વી ફણાવાળા સર્પોસહિત સમુદ્ર પોતાનું દિવ્ય સ્વરૂપ ધારણ કરી પ્રકટ થયો. તેનો વર્ણ ચકચકિત વૈડુર્યમણિ જેવો હતો, તેણે ઉંચી જાતના સુવર્ણનાં આભૂષણો પહેર્યાં હતાં,[૧૮] તેનાં નેત્ર કમળસરખાં હતા, તેણે રકતવર્ણનાં પુષ્પ અને રકતવસ્ત્ર ધારણ કર્યાં હતાં તથા મસ્તકપર જાતજાતનાં પુષ્પોથી ગુંથેલો મુકુટ પહેર્યો હતો.[૧૯] એ સમુદ્રે બીજાં પણ જાતજાતનાં સુવર્ણાભરણો તથા તેમને પોતાનેવિષે ઉત્પન્ન થયેલાં રત્નોના હાર ધારણ કર્યા હતાં.[૨૦] હિમાલયની પેઠે અનેક પ્રકારની ધાતુઓથી શોભતો, મેઘસમૂહ તથા વાયુથી ઉછળતી છોળોવાળો અને ગંગા તથા સિંધુ વગેરે મુખ્ય મુખ્ય નદીઓથી વીંટાયેલો એ સમુદ્ર 'હે રામચંદ્ર ! હું તમારે શરણ છું.' એમ બોલતો, બાણ સાંધી ઉભેલા રામચંદ્રને શરણે આવ્યો અને હાથ જોડીને બોલ્યો કે:—[૨૧-૨૨] "હે રાઘવ ! હે સૌમ્ય ! પૃથિવી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચે મહાભૂત નિરંતર પોતાની સ્વાભાવિક સ્થિતિમાંજ રહે છે.[૨૩] તે પ્રમાણે હું મારી સ્વાભાવિક સ્થિતિમાં રહેલો હોવાથી અગાધ અને ઉતરી ન શકાઉં તેવો છું. જો હું અગાધ ન હોઉં તો મારામાં વિકાર થયો ગણાય.[૨૪] હે રાજપુત્ર ! તમારે સેના સહિત સામી પાર જવું છે, પરંતુ હું કામનાથી, લોભથી કે ભયથી ડરી જાઉં એમ નથી.[૨૫] છતાં હે રઘુવીર ! થોડું ઘણું દુ:ખ ખમીને પણ હું તમને સામી પાર જવાનો માર્ગ કરી આપીશ. હે રામ ! તમારી સેના મને ઉતરીને સામે પાર જશે ત્યાં સુધીમાં મારે વિશે વસતાં મઘર વગેરે જળચર પ્રાણીઓ

તમારી સેના ઉપર પ્રહાર કરશે નહિ. હે રાઘવ! સર્વ પ્રકારે હું વાનરોને સામીપાર જવામાં સહાય કરીશ."[२६]

સમુદ્રનાં વચન સાંભળી રઘુવીરે કહ્યું કે; "હે સાગર! તું ભલે આવ્યો; પરંતુ મેં ધનુષ્ય ઉપર જે આ અમોઘ બાણુ ચઢાવ્યું છે તે કદી પણ પાછું ઉતરે એમ નથી; માટે તુંજ કહે કે આ અમોઘ બાણુને હું કયા સ્થળે મૂકું?"[२७]

રામચંદ્રનું વચન સાંભળીને તથા ધનુષ્ય પર ચઢાવેલું અમોઘ બાણુ જોઇને મહોદધિએ કહ્યું કે;[२८] "હે રઘુવીર! જેમ તમે સર્વ લોકમાં વિખ્યાત છો તેમ સર્વત્ર વિખ્યાત એવો 'દ્રુમકુલ્ય' નામનો એક અતિ પવિત્ર પ્રદેશ મારાથી ઉત્તરે આવેલો છે.[२९] ત્યાં ભયંકર કર્મ કરનારા તથા ભયંકર રૂપવાળા આભીર આદિ જાતિના ઘણા ચોર લોકો વસે છે અને તે પાપીઓ મારૂં જળ પીએ છે.[३०] એ પાપકર્મી દુષ્ટોના સ્પર્શથી ઉપજતું દુઃખ મારાથી સહન થઇ શકતું નથી, માટે હે રામ! તમે આ દિવ્ય બાણુને તેઓપર મૂકીને સફળ કરો."[३१]

મહોદધિનું વચન સાંભળી રામચંદ્રે પોતાનું દિવ્ય બાણુ તેના કહેવા પ્રમાણે ઉત્તર દિશા તરફ મૂકયું.[३२] વજ્ર સરખું પ્રકાશિત રામચંદ્રનું બાણુ પૂર્વોક્ત 'દ્રુમકુલ્ય' નામના પ્રદેશમાં જઇને પડયું; એથી એ પ્રદેશનું 'મરૂકાંતાર' એવું નામ પ્રસિદ્ધ થયું.[३३] રામચંદ્રનું બાણુ પડવાથી પૃથ્વી ફાટવાને લીધે મોટો ધડાકો થયો અને પાતાળ ફાટીને તેમાંથી જળ બહાર નીકળી આવ્યું.[३४] બાણુ પડવાના સ્થળે જે મોટો ખાડો પડયો તેનું 'વ્રણકૂપ' એવું નામ વિખ્યાત થયું. એ વ્રણકૂપમાં સમુદ્રના જેવું અખૂટ જળ ભરાઇ રહ્યું.[३५] બાણુ પડતી વેળા પૃથ્વી ફાટવાથી અતિ દારૂણ શબ્દ થયો અને આસપાસનું જળ સૂકાઇ ગયું.[३६] જળરહિત થવાને લીધે તે પ્રદેશનું 'મરૂકાંતાર' નામ પ્રખ્યાત થયું. એવી રીતે મરૂકાંતાર દેશનું જળ શોષી લઇને દેવસરખા પરાક્રમવાળા દશરથનંદન રઘુવીરે તેને વરદાન આપતાં કહ્યું કે;[३७] "આ મરૂકાન્તાર પ્રદેશમાં જળ નહિ હોવા છતાં પણ તેમાં પશુઓ સુખથી રહેશે; ઘણા રોગો થશે નહિ; ફળ, મૂળ તથા રસ વગેરેની નિપજ સારી થશે; પૃથ્વી રસાળ રહેશે; ગાયો વગેરે દૂધ આપશે અને સુગંધવાળી જાતજાતની ઔષધીઓ થશે."[३८] એ પ્રમાણે રામચંદ્રના વરદાનથી એ મરૂકાંતાર પ્રદેશ સારા રસકસવાળો થયો છે.[३९]

રામચંદ્રના બાણથી મરૂકાન્તાર પ્રદેશ જળ રહિત થયો ત્યારે નદીઓના પતિ સમુદ્રે સર્વ શાસ્ત્રોના તત્ત્વને જાણનારા રઘુવીર પ્રત્યે કહ્યું કે;[४०] "હે સૌમ્ય! તમારી સેનામાં રહેલો નળ વાનર વિશ્વકર્માનો લાડકવાયો પુત્ર છે. તેણે પોતાના પિતા પાસેથી ઉત્તમ વરદાન પ્રાપ્ત કર્યું છે; અને તે તમારા પર પ્રીતિવાળો પણ છે.[४१] એ નળવાનર મોટા ઉત્સાહથી મારા પર સેતુ બાંધશે. હું તે સેતુને મારા જળ પર ટકાવી રાખીશ. હે રાઘવ! એ નળવાનર તેના પિતા વિશ્વકર્માના જેવોજ ઉત્તમ કારીગર છે."[४२]

એટલું કહી સમુદ્ર અંતર્હિત થયો. પછી નળવાનરે રામચંદ્રની આગળ આવીને કહ્યું કે;[४३] "હે રઘુવીર! સમુદ્રે જે કહ્યું તે સત્ય છે. મારા પિતાના વરદાનના પ્રભાવથી હું અત્યંત વિસ્તારવાળા આ સમુદ્ર ઉપર સેતુ બાંધીશ.[४४] હે રામ! આજે મને નિશ્ચય થાય છે કે આ લોકને વિષે દુર્જનને વશ કરવા માટે દંડના જેવો બીજો એકે ઉપાય નથી. જે માણસો કૃતઘ્ન હોય છે તેઓના ઉપર ક્ષમા રાખવી અથવા તેઓની સાથે શાંતિથી વર્તવું કિંવા તેઓનો સત્કાર કરવો એ સઘળું ધિક્કારવા લાયક છે.[४५] આ સમુદ્રને તમારા પૂર્વજ સગરપુત્રોએ ખોદેલો છે છતાં આજે તે કૃતઘ્ન થયો છે. જ્યારે તમે તેને દંડ દેવાને તૈયાર થયા ત્યારે તેણે પ્રત્યક્ષમાં આવીને પોતાના પર સેતુ બાંધવાની

સૂચના કરી છે.[૪૬] હે રાઘવ! પૂર્વે મંદરાચળને વિશે મારા પિતાએ મારી માતાને વરદાન આપ્યું હતું કે, 'હે દેવિ! તને મારા જેવો પરાક્રમી પુત્ર થશે.'[૪૭] એ વિશ્વકર્માનો હું ઔરસપુત્ર છું અને મારૂં કળાકૌશલ્ય તેમના સરખુંજ છે. આજસુધી તમોએ મને આ બાબતમાં કાંઈ પૂછયું ન હતું, એટલે વિના પ્રસંગે મેં મારા ગુણોનું વર્ણન તમારી આગળ કર્યું ન હતું.[૪૮] હે રામ! હું સમુદ્ર ઉપર સેતુ બાંધવાને સમર્થ છું, માટે તે કાર્ય કરવાની વાનરોને આજેજ આજ્ઞા આપો."[૪૯]

નળવાનરનાં વચન સાંભળી રામચંદ્રે વાનરોને આજ્ઞા આપી, એટલે તુરતજ હર્ષિત થયેલા પ્રૌઢ દેહવાળા હજારો અને લાખો વાનરો ઘાડાં જંગલોમાં નીકળી પડયા અને મોટાં મોટાં વૃક્ષોને ઉખેડી પાડી સમુદ્ર પ્રત્યે ખેંચી આણવા લાગ્યા.[૫૦-૫૧] તે વાનરો સાલ, અશ્વકર્ણ, ધાવડો, વાંસ, કેવડો, અર્જુન, તાલ, તિલક, તગર, બિલી, સપ્તપર્ણ, કણેર, આંબો અને આસોપાલવ વગેરે જાત જાતનાં વૃક્ષો તાણી આણીને સમુદ્રને પુરવા લાગ્યા.[૫૨-૫૩] કેટલાક મુખ્ય વાનરો ઈંદ્રધ્વજ સરખાં મોટાં મોટાં વૃક્ષોને મૂળસહિત તથા મૂળ રહિત ખેંચી આણવા લાગ્યા.[૫૪] કેટલાક વાનરો તાલ, દાડિમ, નારીયેળી, બેહેડાં, કેરડા, બોલસરી અને લીમડા આદિ વૃક્ષોને ચોમેરથી તાણી આણવા લાગ્યા.[૫૫] મોટા દેહવાળા અને અત્યંત બળવાળા કેટલાક વાનરો હાથીના દેહ જેવડી મોટી મોટી શિલાઓ તથા પર્વતશિખરોને ઉખેડીને યંત્રદ્વારા સમુદ્રપ્રત્યે ઘસડી લાવવા લાગ્યા.[૫૬] જ્યારે મોટાં મોટાં પર્વતશિખરો સમુદ્રમાં નાખવામાં આવતાં હતાં ત્યારે સમુદ્રનું જળ ઉંચે ઉછળતું હતું અને પાછું નીચે પડતું હતું.[૫૭] મોટી મોટી શિલાઓ પડવાથી આખો સમુદ્ર ખળભળી ઉઠયો. કેટલાક વાનરોએ સેતુ વાંકોચૂંકો ન થાય એટલા માટે લાંબી દોરીઓ ઝાલી રાખી હતી. એ પ્રમાણે નળવાનર નદ અને નદીઓના પતિ સમુદ્ર ઉપર સો યોજનનો વિશાળ સેતુ બાંધવા લાગ્યો. એ વેળા રામચંદ્રની આજ્ઞા પ્રમાણે વર્તનારા સર્વ વાનરો સેતુ બાંધવાના કાર્યમાં નલને સહાય કરવા લાગ્યા. કેટલાક દંડ ગ્રહણ કરી ઉભા હતા, કેટલાક વૃક્ષ વગેરે શોધતા હતા અને કેટલાક મેઘ તથા પર્વત જેવડાં મોટાં મોટાં પુષ્પયુક્ત વૃક્ષો તેમજ સૂકાં કાષ્ઠો લાવી આપતા હતા.[૫૮-૬૧] દાનવો સરખા પરાક્રમી કેટલાક વાનરો પર્વત જેવડી શિલાઓ તથા ગિરિશિખરો ઉપાડીને દોડયા આવતા હતા.[૬૨] તેઓ જ્યારે મોટી મોટી શિલાઓ અને પર્વતો ઉપરાઉપરી સમુદ્રમાં નાખતા ત્યારે ઘોર શબ્દ થતો હતો.[૬૩]

સત્વર કાર્ય કરનારા, મોટી કાયાવાળા, ઉતાવળી ગતિવાળા અને ભયંકર પરાક્રમવાળા બળવાન વાનરોએ પહેલે દિવસે ચૌદ યોજન સુધી સેતુ બાંધ્યો; બીજે દિવસે વીશ યોજન સુધી; ત્રીજે દિવસે એકવીશ યોજન સુધી; ચોથે દિવસે બાવીશ યોજન સુધી અને પાચમે દિવસે ત્રેવીશ યોજન સુધી સેતુ બાંધીને, સામે કિનારે આવેલા સુવેલુ સાથે સાંધી દીધો.[૬૪--૬૮]

વિશ્વકર્માના પુત્ર અને વિશ્વકર્માના સરખા કાર્યકુશળ નલવાનરે સો યોજનનો સેતુ બાંધી સર્વને આશ્ચર્યચકિત કર્યા.[૬૯] સમુદ્રપર નલવાનરે બાંધેલો સુંદર સેતુ આકાશમાં રહેલા સ્વાતીપથ સરખો શોભતો હતો.[૭૦] જ્યારે સેતુ પૂરેપૂરો બંધાઇ રહ્યો ત્યારે દેવતાઓ, ગંધર્વો, સિદ્ધો અને મહર્ષિઓ નલવાનરનું એ અતિ દુષ્કર કાર્ય જોવાને માટે અંતરિક્ષમાં આવી ઉભા રહ્યા;[૭૧] અને દશયોજન પહોળા તથા સોયોજન લાંબા સેતુને જોઈ આશ્ચર્ય પામ્યા.[૭૨] કાર્ય સિદ્ધ થયેલું જોઇને સર્વ વાનરો કૂદવા તથા ગર્જવા લાગ્યા. મનથી પણ ન વિચારી શકાય એવી રીતે રચાયેલા અને અદ્‌ભુત હોવાથી રૂંવાં ઉભાં કરે એવા સેતુને જોઇ સર્વ ભૂત-પ્રાણીઓ આશ્ચર્યચકિત થયાં. અત્યંત બળવાળા કરોડો અને અબજો વાનરો તો સેતુ બાંધતાં બાંધતાંજ સમુદ્રના સામે પાર પહોંચી ગયા. સમુદ્ર ઉપર

સારી રીતે રચાયેલો વિશાળ સેતુ સ્રીના મસ્તકમાં પૂરેલા સીમંતના સરખો શોભતો હતો.[૭૪-૭૬]

સેતુ બંધાઇ રહ્યા પછી વિભીષણ પોતાના મંત્રીઓ સહિત હાથમાં ગદા લઇને શત્રુઓના ગુપ્ત સમાચાર મેળવવા માટે સમુદ્રની સામી પાર જઈ ઉભો. એ વેળા સુગ્રીવે સત્ય પરાક્રમી રઘુવીરને કહ્યું કે;[૭૭] "હે રાઘવ! તમે હનુમાનના ખભાપર બેસો અને લક્ષ્મણને અંગદના ખભાપર બેસવા દો. હે શૂરવીર! અનેક જાતનાં મત્સ્યોથી ભરેલો આ સમુદ્ર ઘણો વિસ્તારવાળો છે. માટે આ બન્ને વાનરો તમને ઉંચકીને આકાશમાર્ગે ગમન કરશે."[૭૮]

સુગ્રીવનું વચન માન્ય કરીને ધનુષ્યને ધારણ કરનારા શ્રીમાન રામચંદ્ર લક્ષ્મણને સાથે રાખી વાનરસેનાની આગળ ચાલવા લાગ્યા. સુગ્રીવ પણ તેમની સાથે ચાલતો થયો. જાંબવાનાદિ કેટલાક મુખ્ય વાનરો સેનાના મધ્ય ભાગમાં ચાલતા હતા. કેટલાક પડખે ચાલતા હતા;[૭૯-૮૦] કેટલાક જળમાં પડીને તરતા હતા; કેટલાક માર્ગની વચ્ચે ચાલતા હતા; અને કેટલાક ગરૂડની પેઠે આકાશમાં ઉડતા ચાલતા હતા.[૮૧] સમુદ્ર ઓળંગતી એ વાનરસેનાના ભયંકર કોલાહલ આગળ ક્ષુભિત થયેલા સમુદ્રની ગર્જના ઢંકાઇ જતી હતી.[૮૨]

નલવાનરે બાંધેલા સેતુ ઉપર થઇને વાનરોની મોટી સેના સમુદ્રના દક્ષિણ કાંઠાપર આવી પહોંચી; અને ત્યાં તેણે ઘણાં મૂળ, ફળ તથા સ્વાદિષ્ટ જળવાળા સુવેલની તળેટીમાં સુગ્રીવની આજ્ઞાથી પડાવ નાંખ્યો.[૮૩] રામચંદ્રનું અદ્ભુત અને દુષ્કર કર્મ જોઇને સર્વ દેવતાઓ, સિદ્ધો, ચારણો તથા મહર્ષિઓ તેમની આગળ આવ્યા અને ગંગાના પવિત્ર જળવડે તમનાપર પૃથક પૃથક અભિષેક કરીને કહેવા લાગ્યા કે;[૮૪] "હે નરદેવ! તમે શત્રુઓપર જય મેળવો અને સમુદ્ર પર્યંતની પૃથ્વીનું લાંબા કાળ સુધી પાલન કરો." એ પ્રમાણે સેતુબંધનના કાર્યથી પ્રસન્ન થયેલા દેવતાઓએ બ્રાહ્મણોથી સત્કાર પામેલા રઘુવીરને આશીર્વાદ આપ્યો.[૮૫]

जय स्वशत्रून्नरदेव मेदिनीं ससागरां पालय शाश्वतीः समाः । इतीव रामं नरदेवसत्कृतं शुभैर्वचोभिर्विविधैरपूजयन् ॥८५॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં બાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૨

सर्ग २३ मो.

ભયાનક યુદ્ધનાં પૂર્વ ચિહ્નો-શકુન વિચાર.

निमित्तानि निमित्तज्ञो दृष्ट्वा लक्ष्मणपूर्वजः ॥
सौमित्रिं संपरिष्वज्य इदं वचनमब्रवीत् ॥१॥

પછી શકુન શાસ્રને જાણનારા શ્રીમાન રામચંદ્રે તે સમયે થતા શકુનો જોઇ પોતાના નાના ભાઈ લક્ષ્મણને ભેટી કહ્યું કે;[૧] "હે લક્ષ્મણ! હવે આપણે શીતળ જળવાળાં તથા ફળયુક્ત વૃક્ષોવાળાં સુંદર વન શોધીને તેમાં રીંછ-વાનર વગેરેની સેનાને જૂદા જૂદા વિભાગમાં વ્યૂહ રચનાનુસાર ગોઠવવી જોઇએ.[૨] મને લાગે છે કે હવે થોડા સમયમાંજ રીંછ, વાનર તથા રાક્ષસાદિ સર્વ વીર પુરૂષોનો સંહાર કરે એવું મોટું ભય આવી પડશે.[૩] હે ભાઇ! જોની, આ ધૂળ સહિત વંટોળીઆ ચઢે છે, પૃથ્વી કંપે છે, પર્વતોનાં શિખરો ધ્રૂજે છે, વૃક્ષો મૂળમાંથી ઉખડી પડે છે;[૪] ધૂસરા વર્ણવાળા અને ખરાબ દેખાવવાળા મેઘો કઠોર ગર્જના કરતા રૂધિર મિશ્રિત જળ વર્ષાવે છે,[૫] રાતા ચંદનના સરખા વર્ણવાળી સંધ્યા ઘણીજ ભયંકર લાગે છે, પ્રજ્વલિત થયેલા સૂર્યમંડળમાંથી અંગારા વરસે છે,[૬] દીન થયેલાં તથા ક્રૂર એવાં પશુપક્ષીઓ સૂર્યના સામું જોઇને મોટો ભય ઉપજાવે એવા અમાંગલિક શબ્દ કરે છે,[૭] ચંદ્ર પોતાનો પ્રકાશ ઝાંખો પડવાને લીધે લોકોને સંતાપ આપે છે, અને જાણે સર્વ લોકનો ક્ષય થવાનું

સૂચવતો હોય એમ રાતાં-કાળાં પરિવેષ સહિત તે ઉદય પામેલો છે![૯] હે ભાઈ! સૂર્યની આસપાસ પણ નાનું, ભયંકર, કદી નહિ જોયેલું તેમજ રાતા વર્ણનું કુંડાળું દેખાય છે. વળી હે લક્ષ્મણ! નિર્મળ સૂર્યમાં કાળો ડાઘ જોવામાં આવે છે.[૯] ઘણી ધૂળ ઉડવાથી નક્ષત્રો પ્રકાશ રહિત થઈ ગયાં છે. હે લક્ષ્મણ! આ સર્વ દુઃશકુનો ત્રણે લોકનો ક્ષય થવાનું સૂચવે છે.[૧૦] કાગડા, બાજ તથા ગૃધ્ર આદિ ક્રૂર પ્રાણીઓ એકાએક નિર્ભયપણે નીચે ઉતરી આવે છે, અને શિયાળવાં ભય ઉપજાવે એવા અમાંગલિક સ્વરે રડે છે.[૧૧] હે ભાઈ! આ સર્વ ઉત્પાતો ઉપરથી મને લાગે છે કે હવે થોડા સમયમાંજ વાનરો તથા રાક્ષસોએ પરસ્પર ફેંકેલાં પર્વતશિખરો, ત્રિશૂલો અને તલવાર વગેરે હથિયારોવડે આ પૃથ્વીપર માંસનો કીચડ થશે તથા લોહીની નીકો વહેશે.[૧૨] હે લક્ષ્મણ! આજેજ આપણે સર્વ વાનરોને સાથે લઈને રાવણે પાલન કરેલી દુર્ધર્ષ લંકાનગરીપર અતિ ઉતાવળે આક્રમણ કરીશું."[૧૩]

એટલું કહીને સંગ્રામમાં શત્રુઓનો પરાભવ કરનારા ધનુષ્યધારી રામચંદ્ર લંકા તરફ ચાલતા થયા.[૧૪] ત્યારે રાક્ષસોનો વધ કરી રઘુવીરનું પ્રિય કરવાની દૃઢ ઇચ્છાવાળા સર્વ વાનરો પણ સુગ્રીવ તથા વિભીષણની સાથે મોટી ગર્જના કરતા રામચંદ્રની પાછળ જવા લાગ્યા. અત્યંત પરાક્રમવાળા વાનરોની આવી ચેષ્ટા જોઈને રામચંદ્ર અત્યંત સંતુષ્ટ થયા.[૧૫-૧૬]

राघवस्य प्रियार्थं तु सुतरां वीर्यशालिनाम् ।
हरीणां कर्मचेष्टाभिस्तुतोष रघुनन्दनः ॥१६॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ત્રેવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૩

સર્ગ ૨૪ મો.

વાનરસૈન્યની વ્યૂહરચના-રાવણનો ક્રોધ અને ગર્વ.

सा वीरसमितो राज्ञा विरराज व्यवस्थिता ।
शशिना शुभनक्षत्रा पौर्णमासीव शारदी ॥१॥

નિર્મળ નક્ષત્રોવાળી શરદ્ પુનમની રાત્રિ જેમ ચંદ્રવડે શોભે તેમ શૂરવીર યોદ્ધાઓવાળી અને ઉત્તમ રીતે વ્યૂહ રચનામાં ગોઠવાયેલી વાનરસેના રઘુવીરવડે અત્યંત શોભતી હતી.[૧] એ વેળા સમુદ્ર સરખા વાનર સૈન્યના વેગથી અત્યંત પીડિત થયેલી પૃથ્વી ત્રાસ પામીને કંપાયમાન થઈ.[૨]

વાનરસૈન્ય આગળ વધ્યું અને લંકાનગરીની લગભગ આવ્યું ત્યારે રૂવાં ઉભાં કરે એવો લંકામાં થતો રાક્ષસોનો તથા ભેરી મૃદંગ વગેરેનો તુમુલ ધ્વનિ તેમના સાંભળવામાં આવ્યો.[૩] એ ધ્વનિ સાંભળી ભયભીત ન થતાં ઉલટા અત્યંત ઉત્સાહમાં આવેલા વાનરો તે ધ્વનિ સહન ન થઈ શકવાથી તેની સામે મોટી મોટી ગર્જનાઓ કરવા લાગ્યા.[૪] વેગથી આકાશમાં ચઢેલા મેઘોની ગર્જના સરખી એ વાનરોની ગર્જનાઓ લંકામાં વસતા રાક્ષસોના પણ સાંભળવામાં આવી.[૫]

ચિત્રવિચિત્ર ધ્વજા-પતાકાવાળી રાવણની લંકાનગરી દૂરથી જોવામાં આવી કે તરતજ શ્રીમાન રામચંદ્રને સીતા સાંભરી આવ્યાં. તેમના ચિત્તમાં એકાએક ખેદ થઈ આવ્યો અને તે પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યા કે:-[૬] "અરેરે!! જેમ 'મંગળ' નામનો ગ્રહ રોહિણીનો ઉપરોધ કરે તેમ દુષ્ટાત્મા રાવણે મૃગના બચ્ચાનાં નેત્ર સરખાં નેત્રવાળી મારી પ્રાણપ્રિયા સીતાને આ લંકામાં રોકી રાખી છે!"[૭]

પછી લક્ષ્મણના સામું જોઈ લાંબો નિસાસો નાખીને રામચંદ્ર સમયોચિત હિતવચન કહ્યાં કે:-[૮] "હે લક્ષ્મણ! આ સામે પર્વત શિખર

પર વસેલી લંકાનગરીને તું જો. એ નગરી જાણે ગગનતળને સ્પર્શ કરતી હોય તેવી અને દેવોના શિલ્પી વિશ્વકર્માએ પોતાના સંકલ્પબળથીજ નિર્માણ કરી હોય તેવી દેખાય છે.[૯] વિશ્વકર્માએ રચેલી આ લંકાનગરી સાત સાત માળવાળાં અસંખ્યાત મંદિરોથી વ્યાપ્ત હોવાને લીધે સફેદ વાદળોથી ઢંકાયેલા આકાશ સરખી જણાય છે.[૧૦] વળી જાતજાતનાં પક્ષીઓના કલરવથી ગાજી રહેલાં અને પ્રફુલ્લિત પુષ્પો તથા ફળોથી લચી રહેલાં ઉત્તમ વૃક્ષોવાળાં 'ચૈત્રરથ' નામના વન સરખાં રળીયામણાં અનેક વનોવડે આ લંકાનગરી ઘણીજ શોભી રહી છે.[૧૧] હે ભાઈ! તું જો તો ખરો! મદમસ્ત થયેલા કોકિલા વગેરે પક્ષીઓ જેનાપર બેઠેલાં છે, અને ભ્રમરોનાં ટોળાં જેના પુષ્પગુચ્છોમાં સંતાતાં ફરે છે એવાં લંકાનાં ઉપવનોમાંના વૃક્ષો પવનની શાન્ત લહરિઓથી મંદ મંદ કંપે છે."[૧૨]

એ પ્રમાણે લક્ષ્મણને કહીને દશરથનંદન રામચંદ્રે નીતિશાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે વાનરોની સેનાના વિભાગ પાડયા અને તેને વ્યૂહ રચનાથી ગોઠવીને કપિઓને આજ્ઞા કરી કે:–"આ વાનરસેનામાંથી પોતાની ટુકડી લઇને યુવરાજ અંગદે નીલવાનરની સાથે સેનાના વ્યૂહના મધ્યભાગમાં ઉભા રહેવું;[૧૩-૧૪] 'ઋષભ' નામના વાનરે પોતાની ટુકડી લઇને આપણી સેનાના જમણા ભાગમાં રહેવું;[૧૫] ગંધહસ્તી સરખા દુર્ધર્ષ અને અતિ વેગવાળા ગંધમાદન વાનરે પોતાની ટુકડી સાથે રાખીને આપણી સેનાના ડાબા ભાગમાં રહેવું;[૧૬] અને હું તથા લક્ષ્મણ બન્ને જણા સાવધાન થઇને સેનાના આગલા ભાગમાં રહીશું. રીંછોના અધિપતિ જાંબુવાન, સુષેણ અને વેગદર્શીએ સેનાના કુક્ષિભાગનું રક્ષણ કરવું; અને મહાતેજસ્વી વરુણદેવ જેમ પશ્ચિમ દિશાનું રક્ષણ કરે છે તેમ કપિરાજ સુગ્રીવે સેનાના પાછલા ભાગનું રક્ષણ કરવું."[૧૭-૧૮]

એ પ્રમાણે રામચંદ્રની આજ્ઞાથી યથાયોગ્ય વિભાગમાં વ્યૂહરચનાથી ગોઠવાયેલી તથા મહાબળવાન વાનરોથી સુરક્ષિત થયેલી એ કપિસેના ઘનઘોર વાદળ ઘટાથી છવાયેલા આકાશ સરખા શોભવા લાગી.[૧૯] એ વેળા સંગ્રામને વિષે લંકાના રાક્ષસોનો વિનાશ કરવાની ઇચ્છાવાળા અનેક વાનરો મોટાં મોટાં પર્વતશિખરો તથા વૃક્ષો ઉપાડીને આમતેમ ઘૂમતા હતા;[૨૦] અને મોટા સાદે બોલી પોતાનો નિશ્ચય પ્રકટ કરતા હતા કે "અમે પર્વત શિખરોથી તથા મુષ્ટિપ્રહારોથી આ લંકાનગરીને તોડી પાડીશું."[૨૧]

પછી મહાતેજસ્વી રઘુવીરે સુગ્રીવને કહ્યું કે:–"હે કપિરાજ! હવે આપણી સેના સારી રીતે ગોઠવાઈ રહી છે માટે પેલા રાવણને ત્યાંથી આવેલા શુકરાક્ષસને છોડી મૂક."[૨૨] રામચંદ્રના આજ્ઞા થવાથી મહાબળવાન વાનરાધિપતિ સુગ્રીવે શુકરાક્ષસને છોડી મૂકયો.[૨૩] વાનરોથી અત્યંત પીડાયેલો તથા ત્રાસ પામેલો એ શુકરાક્ષસ રામચંદ્રની આજ્ઞાથી બંધન મુક્ત થઇને રાવણની પાસે ગયો.[૨૪] શુકને પોતાની પાસે આવેલો જોઇને રાવણે તેને હસતા મુખે પૂછયું કે:–"હે શુક! આ તારી પાંખો બંધાયેલી અને કપાયેલી હોય તેવી કેમ જણાય છે?[૨૫] શું તું અવ્યવસ્થિત ચિત્તવાળા વાનરોને વશ તો થયો ન હતો ને?" રાક્ષસરાજ રાવણનું વચન સાંભળીને ભયભીત થઇ રહેલા શુકરાક્ષસે કહ્યું કે;[૨૬] "હે રાજન! સમુદ્રના ઉત્તર કીનારાપર–જ્યાં વાનરોની સેના પડી હતી ત્યાં–જઇને મેં તમારા કહેવા પ્રમાણે તમારો સંદેશો શાન્તવાણીથી વાનરોને કહી સંભળાવ્યો;[૨૭] પરંતુ મને જોતાંજ ક્રોધાયમાન થયેલા એ વાનરો આકાશમાં મારી તરફ કૂદી આવ્યા અને મને પકડી નીચે લઈ જઇ મારો વિનાશ કરવામાટે મારાપર મુષ્ટિપ્રહારો કરવા લાગ્યા.[૨૮] હે રાક્ષસાધિપ! એ વાનરોની સાથે કંઈ સંભાષણ કરવાનું કે તેઓને પૂછવાનું તો

બને તેમજ નથી; કેમકે તેઓ સ્વભાવથીજ ઘણા ક્રોધી અને ક્રૂર છે.[૨૯] હે લંકેશ્વર! વિરાધ, કબંધ તથા ખર વગેરે રાક્ષસોને હણનારા એ રામ સુગ્રીવાદિ વાનરોને સાથે લઈને સીતાને શોધવા માટે આ તરફ આવેલા છે.[૩૦] હાલ તે સમુદ્ર ઉપર સેતુ બાંધીને તે વડે સમુદ્ર ઓળંગી આપણી લંકાનગરીની પાસે આવી પહોંચ્યા છે. ધનુષ્યધારી એ રામ આપણા સર્વ રાક્ષસોને તૃણતુલ્ય લેખવે છે.[૩૧] પર્વત અને મેઘસરખી કાયાવાળા રીંછો તથા વાનરોની હજારો ટુકડીઓથી આખી પૃથ્વી છવાઇ રહી છે.[૩૨] હે રાવણરાય! જેમ દેવો અને દાનવોની વચ્ચે સંધિ થવી દુર્લભ છે તેમ વાનરોની અને આપણા રાક્ષસોની સંધિ થવી દુર્લભ છે.[૩૩] વાનરો આપણા લંકાગઢપર ચઢી આવે તે પહેલાં કાં તો તમે રામને સીતા પાછી આપો અથવા તો યુદ્ધ આપો. આ બે વાતમાંથી જે યોગ્ય લાગે તે સત્વર કરો."[૩૪]

શુકરાક્ષસનું વચન સાંભળી ક્રોધ ચડવાને લીધે લાલચોળ થયેલાં પોતાના નેત્રના અગ્નિથી જાણે સામાને બાળતોજ હોય એમ રાક્ષસરાજ રાવણ કહેવા લાગ્યો કે;[૩૫] "અરે, તું આ શું બોલે છે? જો કદાચ સર્વ દેવો, દાનવો અને ગંધર્વો મળીને મારી સામે યુદ્ધ કરવા આવશે તોપણ હું ત કરીશ તેમજ ત્રણે લોકો તરફના ભયને પણ ખમીશ; પરંતુ હું રામને સીતા પાછી આપીશ નહિ.[૩૬] અરે, હું તો ઇચ્છું છું કે વસન્ત ઋતુમાં પ્રફુલ્લિત પુષ્પોવાળા વૃક્ષ ઉપર જેમ મદમત્ત ભ્રમરો દોડયા જાય છે તેમ મારાં તીક્ષ્ણબાણો રામ ઉપર સુસવાટ કરતાં ક્યારે જશે?[૩૭] અરે, જેમ સળગતાં કાષ્ઠો (ઉંબાડીઆં) વડે હાથીને બાળવામાં આવે છે તેમ હું મારા ધનુષ્યમાંથી છૂટેલાં પ્રજ્વલિત બાણોવડે રામને ક્યારે બાળીશ?[૩૮] હે શુક! તું મારી આગળ રામનાં શાં વખાણ કરે છે? અરે, ઉદય પામતો સૂર્ય જેમ નક્ષત્રોની કાંતિને હરે છે તેમ મોટી રાક્ષસસેનાથી વીંટાયેલો હું રામના બળનું હરણ કરીશ.[૩૯] સમુદ્રના જેવો મારો વેગ છે અને વાયુના જેવું મારૂં બળ છે એ વાતને રામ જાણતો નથી; એથીજ તે મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે![૪૦] અરે, એ રામે ઝેરી સર્પ જેવાં મારાં તીક્ષ્ણ બાણોને પૂર્વે સંગ્રામને વિશે કદી જોયાં નથી, એથીજ તે મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે![૪૧] એ દાશરથિ રામ મારાં પહેલાનાં યુદ્ધનાં પરાક્રમોને જાણતો નથી, એથીજ તે મારી નગરી ઉપર ચઢી આવ્યો છે! હે શુક! નદીના જેવી મારી શત્રુસેનારૂપી રંગભૂમિમાં પ્રવેશ કરીને હું જ્યારે મારી ધનુષ્યરૂપી વીણા વગાડીશ ત્યારે મને આનંદ આવશે. મારી એ ધનુષ્યરૂપી વીણા બાણરૂપી દંડવતી વગાડાય છે અને તેના પ્રત્યંચાના શબ્દરૂપી તુમુલ બાણની ચોટ લાગવાથી "હાય હું હણાયો! અરેરે હાય, હાય!" ઇત્યાદિ આર્ત પ્રલાપરૂપી મહા નાદ તથા ઉપરાઉપરી છૂટતાં બાણોના સુસવાટરૂપી તીણા નાદ થાય છે. મારી એ વીણા વાગશે ત્યારેજ રામને મારાં પરાક્રમોની ખબર પડશે.[૪૨-૪૩] હે શુક! સંગ્રામને વિશે સહસ્ર નેત્રવાળા ઈંદ્રનાં, યમનાં, વરૂણનાં કે કુબેરનાં બાણોથી પણ હું જિતાઉં એવો નથી; તો એ રામના તે શા ભાર છે કે મને તે જીતી જાય."[૪૪]

न वासवेनापि सहस्रचक्षुषा युद्धेऽस्मि शक्यो वरुणेन वा स्वयम् । यमेन वा धर्षयितुं शराग्निना महाहवे वैश्रवणेन वा स्वयम् ॥४४॥

ઇતિશ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં ચોવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૪

સર્ગ ૨૫ મો.

રામ સૈન્યમાં રાવણના ગુપ્તદૂતો.

सबले सागरं तीर्णे रामे दशरथात्मजे ।
अमात्यौ रावणः श्रीमान ब्रवीच्छुकसारणौ॥१॥

દશરથનંદન રઘુવીર વાનરસેનાસહિત સમુદ્ર ઓળંગી લંકા પાસે આવી પહોંચ્યા એ સમાચાર જાણીને રાવણે 'શુક' અને 'સારણ' નામના પોતાના બે અમાત્યોને કહ્યું કે;[1] "હે પ્રધાનો! સમગ્ર વાનરસેના દુસ્તર એવા મહોદધિને તરી અને રામે સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો; એ બંને કાર્યો આજે પહેલવહેલાં થવા પામ્યાં છે.[2] રામથી સમુદ્ર ઉપર સેતુ બંધાય એ વાતમાં મને કોઇ પણ પ્રકારે વિશ્વાસ આવતો નથી. અસ્તુ: તે ગમે તેમ હો; પરંતુ મારે પ્રથમ વાનરસેનાની સંખ્યા અવશ્ય જાણવી જોઇએ.[3] માટે તમે બન્ને જણા શત્રુઓ ન ઓળખી શકે એવું રૂપ ધરીને વાનરોની સેનામાં જાઓ અને તેઓની સંખ્યા કેટલી છે? બળ કેટલું છે? તેઓમાં મુખ્ય વાનરો કયા કયા છે? રામ તથા સુગ્રીવના મંત્રીઓ કોણ કોણ છે? તેઓમાં અગ્રેસર કોણ છે? શૂરવીર અને બળવાન કેટલાક છે? તથા તેઓએ સમુદ્ર-પર સેતુ કેવી રીતે બાંધ્યો છે? એ સઘળું જાણી લાવો. વળી વાનરોનાં શિબિરો કેવાં છે? સેનાની વ્યૂહરચના કેવી છે? રામ લક્ષ્મણ હાલમાં શું કરે છે? તેઓનું બળ કેટલું છે? તેઓની પાસે કેવાં કેવાં અસ્ત્ર શસ્ત્રો છે? તથા સર્વ વાનરોનો સેનાપતિ કોણ છે? એ સઘળું યથાર્થ રીતે જાણીને તમે સત્વર પાછા આવો."[૪-૮]

રાક્ષસરાજ રાવણની આજ્ઞા થઈ કે તુરતજ શુક-સારણે વાનર સરખો વેશ ધારણ કરીને વાનર સેનામાં પ્રવેશ કર્યો.[૯] ત્યાં વાનરોની કેટલીક ટુકડીઓ પર્વતનાં શિખરોપર, કેટલીક ઝરણાં આગળ અને કેટલાક ગુફાઓમાં બેઠેલી હતી. કેટલીક સમુદ્ર તરતી હતી, કેટલીક તરી ચૂકી હતી તથા કેટલીક તરવા માટે તત્પર થતી હતી. વળી કેટલીક ટુકડીઓ વ્યૂહમાં ગોઠવાઈ ગઈ હતી અને કેટલીક ગોઠવાતી હતી. એવી ઘોર નાદ કરતી ભયંકર વાનર સેના કે જે સમુદ્ર સરખી અક્ષોભ્ય હતી તેને શુક અને સારણે જોઇ; પરન્તુ તેઓ જોનારનાં રૂવાં ઉભાં કરે એવી એ વાનર સેનાની ગણના કરી શક્યા નહિ.[૧૦-૧૨] ગુપ્ત વેશે ફરતા એ શુક-સારણને મહાતેજસ્વી વિભીષણે ઓળખ્યા અને તે બન્નેને પકડી રામચંદ્રની પાસે આણીને કહ્યું કે:-[૧૩] "હે શત્રુઓનાં નગરને જિતનાર રઘુવીર! 'શુક' અને 'સારણ' નામના આ બન્ને રાક્ષસો રાવણના પ્રધાનો છે; અને તેઓ રાવણના જાસુસ થઇને ગુપ્ત રૂપે આપણી સેનામાં આવેલા છે."[૧૪]

રામચંદ્રને જોતાંજ ભયભીત થયેલા અને જેમને પોતાના જીવનની પણ આશા રહી ન હતી એવા એ બન્ને રાક્ષસો હાથ જોડીને કહેવા લાગ્યા કે:-[૧૫] "હે સૌમ્ય! હે રઘુનંદન! રાવણની આજ્ઞાથી તમારી કપિસેનાને તથા તમારા બળને જોવા માટે અમે અત્રે આવેલા છીએ."[૧૬] ઉપર્યુક્ત વચન સાંભળી સર્વ ભૂત પ્રાણીઓનું હિત કરનારા શ્રીમાન દશરથનંદન રઘુવીરે હસતા મુખે કહ્યું કે:-[૧૭] હે રાક્ષસો! રાવણના કહેવા પ્રમાણે જો તમોએ સઘળી વાનર સેનાને તેમજ અમારા બળને બરોબર જોઇ લીધું હોય તો હવે સ્વેચ્છાથી ચાલ્યા જાઓ.[૧૮] જો કદાચ જોવા-તપાસવામાં કાંઈ પણ ખામી રહી હોય તો તમે બેધડકપણે પુનઃ તપાસી જુઓ. તમારી ઇચ્છા હશે તો આ વિભીષણ તમને આખી સેના પુનઃ દેખાડશે.[૧૯] હે રાક્ષસો! તમે આમ પકડાઇ ગયા છો એથી મરણનો ભય રાખશો નહિ; કેમકે શસ્ત્ર વિનાના અને પકડાઇ ગએલા દૂતોનો વધ કરવો યોગ્ય નથી."[૨૦] એટલું શુક સારણ પ્રત્યે કહીને પછી

રામચંદ્રે વિભીષણને કહ્યું કે:—"હે વિભીષણ! રાવણના જાસુસ થઇ આવેલા આ બન્ને રાક્ષસોએ જો કે ગુપ્ત વેશે આપણી સેનામાં પ્રવેશ કરીને સુગ્રીવાદિ વાનરોમાં ભેદ પડાવવાનો પ્રયત્ન કર્યો છે; તો પણ અત્યારે તું આ બન્ને રાક્ષસોને છોડી મૂક."[૨૧]

પછી શ્રીમાન રામચંદ્રે શુકસારણ પ્રત્યે કહ્યું કે:—"હે રાક્ષસો! તમો લંકાનગરીમા જઈ કુબેરના નાનાભાઈ રાવણને મારો સંદેશો આ પ્રમાણે કહેજો કે,[૨૨] "હે રાવણ! તેં જે બળનો આશ્રય કરી મારી સ્ત્રી સીતાનું હરણ કર્યું છે તે તારૂં સમગ્ર બળ, તું તારા બાંધવો તથા સૈન્યની સહાયથી મને બતાવ.[૨૩] હે રાક્ષસેંદ્ર! હવે કાલ સવારેજ મારાં તીક્ષ્ણ બાણોવડે ઉત્તમ તોરણો તથા મોટા કિલ્લાવાળી તારી લંકાનગરી અને તારૂં આખું રાક્ષસ સૈન્ય છિન્ન ભિન્ન થઈ જશે.[૨૪] હે રાવણ! વજ્રધારી ઇંદ્ર જેમ પોતાનું વજ્ર દાનવો ઉપર મૂકે છે તેમ હું કાલે સવારેજ મારો ભયંકર ક્રોધ તારી સેના તથા તારા ઉપર ખાલવીશ."[૨૫]

ધર્મવત્સલ રઘુવીરનો ઉપર્યુક્ત સંદેશો લઇને તથા "રાઘવનો જય થાઓ" એમ બોલી રામચંદ્રને અભિનંદન આપીને શુકસારણ રાક્ષસો ઉતાવળે લંકામાં જઇ રાવણને કહેવા લાગ્યા કે: "હે રાક્ષસેશ્વર! તમારા ભાઈ વિભીષણે અમારો વધ કરવા માટે અમને પકડયા હતા; પરંતુ અત્યંત તેજવાળા ધર્માત્મા રામચંદ્રની દૃષ્ટિએ પડતાંજ તેમણે અમને છોડાવ્યા છે. હે રાવણ! દશરથનંદન શ્રીમાન રામચંદ્ર, મહા બળવાન લક્ષ્મણ, મહાત્મા વિભીષણ અને ઇંદ્ર સરખા પરાક્રમવાળો મહા તેજસ્વી સુગ્રીવ એ ચારે પુરૂષર્ષભો એક સ્થળે મળેલા છે. તેઓ લોકપાલ સરખા શૂરવીર છે, અસ્ત્ર વિદ્યામાં પારંગત છે અને દૃઢ પરાક્રમવાળા છે. હે લંકેશ! બીજા સર્વ વાનરો બાજુએ રહ્યા; પરંતુ એ ચાર પુરૂષર્ષભોજ સુંદર તોરણોવાળી અને મોટા કિલ્લાવાળી આખી લંકાનગરીને જડ મૂળમાંથી ઉખેડી સમુદ્રમાં ફેંકવાને સમર્થ છે. વળી હે રાવણરાય! રામચંદ્રનું રૂપ અને તેમની પાસેનાં હથિઆરો જોતાં તો અમને એમજ ભાસે છે કે જો કદાચ વિભીષણ વગેરે ત્રણ જણાની સહાય ન હોય તો પણ એ રઘુવીર એકલાજ આખી લંકાનગરીને છિન્ન ભિન્ન કરી નાખશે. હે રાક્ષસેશ્વર! રામ, લક્ષ્મણ અને સુગ્રીવથી સુરક્ષિત થયેલી વાનરસેના તો વળી દેવો તથા અસુરોથી પણ અજેય થઈ પડી છે.[૨૬-૩૨] હે રાવણ! જેમાંના યોધાઓ યુદ્ધ કરવા માટે હર્ષયુક્ત થઈ રહ્યા છે એવી શૂરવીર વાનરોની સેનાએ સાંપ્રતમાં યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે; માટે અમારૂં તો માનવું છે કે તમારે રામચંદ્રની સાથે વિરોધ કરવો ઠીક નથી. તમે રામચંદ્રની સાથે સંધિ કરો અને સીતા પાછી આપો."[૩૩]

प्रहृष्टयोधा ध्वजिनी वनौकसां महात्मनां संप्रति योद्धुमिच्छताम् । अलं विरोधेन शमो विधी-यतां प्रदीयतां दाशरथाय मैथिली ॥३३॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં પચીસમો સર્ગ સંપૂર્ણ. ૨૫

सर्ग २६ मो.

રામ સેન્ય વિષે રાવણે મેળવેલી માહિતી.

तद्वचः सत्यमक्लीबं सारणेनाभिभाषितम् ।
निशम्य रावणो राजा प्रत्यभाषत सारणम् ॥१॥

સારણ રાક્ષસનાં યથાર્થ અને નિર્ભય વચન સાંભળીને રાક્ષસેશ્વર રાવણ કહેવા લાગ્યો કે,—[૧] "હે સારણ! તું આ શું બોલે છે? જો કદાપિ સઘળા દેવ, ગંધર્વ અને દાનવો મારી સામે યુદ્ધ કરવાને આવશે તેમજ સર્વ લોકો તરફથી એક સામટો મારે માથે ભય આવી પડશે તો પણ હું રામને સીતા પાછી આપનાર નથી![૨] હે સૌમ્ય! તું તો વાનરોથી અત્યંત પીડાવાને લીધે

ભયભીત થયો છે એથી 'આજેજ સીતા રામને પાછી આપવી' એવી મને સલાહ આપે છે; પરંતુ હું કાંઈ નિર્બળ નથી કે જેથી તારી તેવી સલાહને માન્ય કરૂં![3] અરે, મારો એવો કોઇ પણ બળવાન શત્રુ નથી કે જે મને યુદ્ધને વિશે જીતી શકે."[4]

એ પ્રમાણે કઠોર વચન કહીને ક્રોધાયમાન થયેલો રાક્ષસાધિપ રાવણ, વાનર સેનાને જોવા માટે અનેક તાલ વૃક્ષ જેટલા ઉંચા તથા બરફ સરખા શ્વેત વર્ણવાળા પોતાના પ્રાસાદ ઉપર શુકસારણની સાથે ચઢયો; અને સમુદ્ર, પર્વતો તથા વનોને જોવા લાગ્યો.[5-6] રાવણે જોયું તો સમગ્ર પૃથ્વી વાનરોથી ખીચોખીચ ભરેલી દીઠી. અપાર અને અસહ્ય એવી વાનરોની મોટી સેના જોઈને રાવણરાયે પોતાના પ્રધાન સારણને પૂછયું કે:—"હે સારણ! આ વાનરોની મોટી સેના દેખાય છે તેમાં કયા વાનરો મુખ્ય છે, કયા શૂરવીર છે, કયા મોટા બળવાળા છે,[7-8] તેમજ કયા વાનરો મોટો ઉત્સાહ ધરાવી યુદ્ધ કરવામાં આગળ પડે એવા છે? એ સઘળું મને કહે. વળી હે સારણ! સુગ્રીવ કયા વાનરોનું કહેવું વધારે માન્ય કરે છે, તેઓની નાની નાની ટુકડીઓનું પાલન કરનારા કયા વાનરો છે તથા એ સર્વ વાનરોનો કેવો પ્રભાવ—બળ શૌર્ય વગેરે છે? એ સઘળું તું મને કહે."

રાક્ષસાધિપ રાવણનો ઉપર્યુક્ત પ્રશ્ન સાંભળી વાનરસેનાનો ભેદ જાણી આવેલા સારણે મુખ્ય મુખ્ય વાનરોની ઓળખાણ કરાવતાં રાવણને કહ્યું કે:—"હે રાજન! જુઓ, પેલો જે વાનર આપણી લંકાનગરીની સામે ઉભો રહી ગર્જના કરી રહ્યો છે,[9-11] જે સેંકડો અને હજારો યૂથપતિ વાનરોથી વીંટાયેલો છે, જેના ભયંકર નાદવડે કિલ્લા, તોરણ, પર્વત અને ઉપવનોવાળી આખી લંકાનગરી ખળભળી રહી છે તથા જે વાનરરાજ સુગ્રીવની સેનાના અગ્રભાગમાં ઉભેલો છે તે 'નીલ' નામનો શૂરવીર યૂથપતિ છે. વળી જુઓ, પેલો જે વાનર પોતાના બન્ને હાથ ઉંચા કરી ચરણવડે પૃથ્વીને ચાંપતો ગમન કરે છે,[12-14] જે ક્રોધને લીધે વારંવાર લંકાની સામે જોઇ ગર્જના કરે છે, જે પર્વતના શિખર સરખા પ્રૌઢ દેહવાળો તથા કમળના પરાગ સરખા વર્ણવાળો છે,[15] અને જે ક્રોધપૂર્વક વારંવાર પોતાનું પૂછડું પછાડી, તેના શબ્દ વડે દશે દિશાઓને ગજવી રહ્યો છે તે અંગદ છે. કપિરાજ સુગ્રીવે તેને યુવરાજ પદ આપ્યું છે. જુઓ, એ યુવરાજ અંગદ તમને યુદ્ધ કરવા માટે બોલાવે છે.[16-17] એ અંગદ વાલીનો પુત્ર છે અને વાલિના જેવોજ બળવાન છે; તથા સુગ્રીવને એ ઘણોજ વહાલો છે. જેમ ઈંદ્રને માટે વરૂણ પરાક્રમ કરવા તત્પર થાય છે તેમ એ યુવરાજ અંગદ રામચંદ્રને અર્થે પોતાનું પરાક્રમ દર્શાવવાને તત્પર થયો છે.[18] રઘુવીરનું હિત કરનારા મહા બળવાન હનુમાને જનકનંદિની સીતાની જે શોધ કરી હતી તે પણ એ યુવરાજ અંગદના બુદ્ધિબળનું જ પરિણામ છે.[19] એ વીર્યવાન અંગદ હાલમાં અનેક વાનરોનાં સૈન્ય લઈને પોતાના બળવડે લંકાનગરીને ઉજ્જડ કરવા માટે તમારી સામે આવેલો છે.[20] વાલિપુત્ર અંગદની પાછળ મોટી સેના લઈને જે ઉભેલો છે તે મહાત્મા નલ વાનર છે. એ સંગ્રામમાં ઘણોજ શૂરવીર છે અને સમુદ્ર ઉપર સેતુ બાંધવામાં પણ તેનોજ હાથ છે.[21] વળી ચંદનવનમાં નિવાસ કરનારા શૂરવીર વાનરો પોતાનાં ગાત્રોને સંકોચી અનેક પ્રકારની ક્રીડા કરતા જેની પાછળ ગમન કરે છે તથા જેના શરીરનો વર્ણ રૂપેરી છે ત આ 'શ્વેત' નામનો સેનાપતિ છે. એ વાનર ભયંકર પરાક્રમવાળો, બુદ્ધિમાન, ચપલ સ્વભાવવાળો તથા ત્રણે લોકમાં પ્રખ્યાત છે. તે સુગ્રીવની પાસે વારંવાર આવજાવ કરે છે; અને વાનરોની સેનાના જૂદા જૂદા વિભાગ

પાડી વ્યૂહ રચનામાં ગોઠવી સર્વને હર્ષ પમાડે છે. તે શ્વેત વાનર પોતાના બળવડે લંકાનગરીનો નાશ કરવા ઇચ્છે છે. વળી હે રાવણરાય! પૂર્વે ગોમતી નદીના તટપર આવેલા 'રમ્ય' નામક પર્વતમાં જે રહેતો હતો અને સાંપ્રતમાં નાના નાના અનેક પર્વતોથી વીંટાયેલા 'સંરોચન' નામના પર્વતમાં રાજ્ય કરે છે તે પેલો 'કુમુદ' નામનો યૂથપતિ છે. વળી જે લાખો વાનરોને વશ રાખે છે અને જેના મોટા પૂછડા ઉપર તાંબાવર્ણા, પીળા, સફેદ તથા ચકચકિત રંગના ઘણાજ લાંબા વાળના ભયંકર ગુચ્છો દેખાય છે તે 'ચંડ' નામનો વાનર છે. એ જ્યાં ત્યાં યુદ્ધ કરવાનુંજ ખોળતો ફરે છે અને હાલમાં પોતાના બળવડે આપણી લંકાને ઉજ્જડ કરવા ધારે છે.૨૨-૨૮ હે મહારાજ! જુઓ, પેલો જે વાનર લાંબા કેશવાળો અને શ્યામ વર્ણવાળો છે તથા જે પોતાના નેત્રાગ્નિવડે જાણે લંકાને દહન કરવા ઇચ્છતો હોય એમ બેધડક જોઇ રહ્યો છે તે 'રંભ' નામનો યૂથપતિ છે. એ સિંહ સરખો પરાક્રમી છે અને વિંધ્યાચળ, કૃષ્ણગિરિ, સહ્યાદ્રિ તેમજ સુદર્શન પર્વતમાં નિવાસ કરે છે. પોતાના બળવડે લંકાને મસળી નાખે એવા ઉગ્ર પરાક્રમવાળા ત્રીશ કરોડ વાનરો તેને અનુસરે છે.૨૯-૩૧ હે રાજન! જુઓ, પેલો જે વાનર વારંવાર પોતાના કાન હલાવે છે, પુનઃ પુનઃ ગર્જના કરે છે અને ક્રોધથી પોતાનું શરીર કંપાવી વક્ર દૃષ્ટિવડે આ તરફ જુએ છે, તથા જે વારંવાર પૂછડું પછાડી ગર્જના કરે છે તે યૂથપતિ 'શરલ' નામનો વાનર છે. એ મૃત્યુથી પણ ડરતો નથી, સંગ્રામ વખતે પોતાની સેનાની પણ દરકાર રાખતો નથી, તેમજ પોતાના શૌર્ય-બળથી નિર્ભય થઈ 'સાલ્વેય' નામના રમણીય પર્વતમાં નિવાસ કરે છે.૩૨-૩૪ હે રાજન! અત્યંત બળવાળા એક લાખ અને ચાલીશ હજાર યૂથપતિ વાનરો એ શરભ વાનરની આજ્ઞામાં રહે છે.૩૫ વળી જેમ દેવતાઓની વચ્ચે ઇંદ્ર રહે છે તેમ જે પેલો વાનરોની વચ્ચે રહેલો છે, જે પોતાના દેહથી મેઘની પેઠે આકાશમંડળને આચ્છાદિત કરી ઉભેલો છે,૩૬ તથા યુદ્ધ કરવા ઇચ્છતા વાનરોની ગર્જનાઓ સાથે મળેલો જેનો ભેરીના જેવો મહાન નાદ સંભળાય છે તે 'પનસ' નામનો યૂથપતિ છે. એ વાનર યુદ્ધમાં અસહ્ય પરાક્રમવાળો છે અને તે 'પારિયાત્ર' નામના શ્રેષ્ઠ પર્વતમાં નિવાસ કરે છે.૩૭-૩૮ હે રાજન! વાનરોની જૂદી જૂદી ટુકડીઓના પચ્ચાશ લાખ યૂથપતિઓ એ પનસ વાનરની સેવામાં હાજર રહે છે.૩૯ વળી હે રાવણ! સમુદ્રના તીર ઉપર પડાવ નાખી રહેલી, બીજા સમુદ્ર સરખી અને યુદ્ધ કરવાના ઉત્સાહવાળી ભયંકર વાનર સેનાને શોભાવતો જે પેલો દર્દુર પર્વત સરખી પ્રૌઢ કાયાવાળો વાનર ઉભો છે, તે 'વિનત' નામનો યૂથપતિ છે. એ નદીઓમાં ઉત્તમ એવી વેણાનદીના તટપર વસે છે.૪૦-૪૧ વળી જુઓ, પેલો 'ક્રથન' નામનો વાનર કે જે સાઠ લાખ વાનરોની સેનાનો અધિપતિ છે, તે તમને યુદ્ધ માટે બોલાવી રહ્યો છે.૪૨ એના હાથ નીચે વાનરોની જૂદી જૂદી ટુકડીઓના બળવાન યૂથપતિઓ છે. વળી હે રાજન! જુઓ, પેલો જે વાનર ગેરૂવા રંગના દેહવાળો છે અને જે ક્રોધથી તમારી સામે જોઇ રહ્યો છે તે 'ગવય' નામનો તેજસ્વી વાનર છે. એ પોતાના બળના ગર્વથી સર્વ વાનરોની અવગણના કરે છે.૪૩-૪૪ સીતેરલાખ વાનરો એ ગવયના તાબામાં છે. એ એકલોજ પોતાના બળથી લંકાનગરીને ચગદી નાખવા ધારે છે.૪૫ હે રાક્ષસાધિપ! એ સર્વ શૂરવીર વાનરો સંગ્રામમાં અસહ્ય પરાક્રમવાળા છે અને તેઓની તો ગણનાજ થાય એમ નથી. મેં ગણાવ્યા એ તો મોટા મોટા યૂથપતિઓ છે કે જેઓના હાથ નીચે અસંખ્યાત યૂથનાથો છે અને વળી તેઓના

તાબામાં અસંખ્યાત વાનરસેના જૂદા જૂદા વિભાગે વહેંચાયેલી છે. "[૪૬]

एते दुष्प्रसहा वीरा येषां संख्या न विद्यते ।
यूथपा यूथपश्रेष्ठास्तेषां यूथानि भागशः ॥४६॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં છવ્વીશમો સર્ગ સંપૂર્ણ. ૨૬

સર્ગ ૨૭ મો.

વાનર બલ વર્ણન.

तांस्तु ते संप्रवक्ष्यामि प्रेक्षमाणस्य यूथपान् ।
राघवार्थे पराक्रान्ता ये न रक्षन्ति जीवितम् ॥१॥

સારણ રાવણને કહે છે:-" હે રાક્ષસાધિપ! જો તમે રામની સેનામાંના યૂથપતિઓનું સારી રીતે નિરીક્ષણ કરવા ઇચ્છો છો તો હું તમને બીજા પણ બળવાન યૂથપતિઓનું વર્ણન કહી સંભળાવું છું. એ સર્વ યૂથપતિઓ પોતાના જિવિતની પણ દરકાર નહિ રાખતાં રામચંદ્રને અર્થે પરાક્રમ કરવાને તૈયાર થયા છે.[૧] હે રાજન! જુઓ, પેલા જે વાનરના લાંબા પૂછડા ઉપર તાંબાવર્ણા, પીળા, ચળકતા, સફેદ, ચીકણા, અનેક હાથ લાંબા અને આછા આછા વાળ દેખાય છે, તેનું નામ 'હર' છે. તે જ્યારે પોતાનું પૂછડું ઉંચું કરે છે ત્યારે તે પરના વાળ સૂર્યના કિરણો સરખા પ્રકાશે છે અને નીચું કરે છે ત્યારે પૃથ્વીપર ઘસડાય છે.[૨-૩] જુઓ તો ખરા, સુગ્રીવની સેનાના સેંકડો અને હજારો વાનરો હાથમાં મોટાં મોટાં વૃક્ષો લઇને લંકાગઢપર ચઢી આવવા માટે એ હર વાનરની પાછળ ગમન કરે છે. વળી પેલા શ્યામ મેઘ ઘટા સરખા અને કાજળના પર્વત સરખા જે ભયંકર રીંછો તમારા જોવામાં આવે છે, તેઓ યુદ્ધમાં સત્ય પરાક્રમવાળા છે, સમુદ્ર તટપરની રેતીની પેઠે તેઓની સંખ્યા કળ્યામાં આવે એમ નથી અને તેમાંના કેટલાક પર્વતોમાં, કેટલાક જૂદા જૂદા દેશોમાં તથા કેટલાક નદીઓના તટપર ફરનારા છે. હે રાજન! એ સઘળા રીંછો તમારી ઉપર ધસી આવવા તૈયાર થઈ રહ્યા છે.[૪-૭] શ્યામ વાદળઘટાની વચ્ચે આવેલા ઇંદ્રની પેઠે એ સઘળા રીંછોની વચ્ચે જે ભયંકર રૂપવાળો અને બિહામણી આંખોવાળો ઉભો છે તે 'ધૂમ્ર' નામનો રીંછોનો યૂથપતિ છે. તે સઘળા રીંછોનો મહારાજા છે અને તે નર્મદા નદીના તટપર આવેલા 'ઋક્ષવાન્' નામના પર્વતમાં રહે છે.[૮-૯] વળી પર્વત સરખા દેહવાળો પેલો ઉભો તે, ધૂમ્રનો નાનો ભાઈ જાંબવાન છે. એ રૂપમાં પોતાના ભાઇ ધૂમ્રના જેવોજ છે; પરંતુ પરાક્રમ કરવામાં તેનાથી અધિક છે. એ જાંબવાન મોટા મોટા યૂથપતિઓના યૂથોનું પાલન કરનાર છે. ગુરૂજનોને અનુસરનાર છે અને શાંત સ્વભાવનો છે; પરંતુ યુદ્ધમાં પ્રહાર કરતી વેળા તે ઉગ્ર સ્વભાવને ધારણ કરે છે.[૧૦-૧૧] એ બુદ્ધિશાળી જાંબવાને પૂર્વે દેવો અને અસુરોના સંગ્રામ વખતે ઇંદ્રને મોટી સહાય કરી હતી ત્યારે તેને ઘણાં વરદાન મળેલાં છે.[૧૨] વળી રાક્ષસો સરખા ક્રૂર અને પિશાચો સરખાં ઘણાં રૂવાંવાળા પેલા જે તેજસ્વી સૈનિકો દેખાય છે, તેમજ જેઓ મૃત્યુથી પણ નહિ ડરતાં પર્વતનાં શિખરો ઉપર ચઢીને મોટાં મોટાં વાદળ સરખી શિલાઓ ફેંકી યુદ્ધ કરે છે; તેઓ સર્વ એ જાંબવાનના સૈનિકો છે.[૧૩-૧૪] હે રાજન્! જુઓ, પેલો જે વાનર કોપાયમાન થયેલાની પેઠે કૂદકા મારે છે અને વળી આમતેમ ફરી ઉભો રહે છે તથા સર્વ વાનરો જેને એકી નજરે જોઇ રહ્યા છે, તે અત્યંત બળવાળો અને મોટી સેનાવાળો 'રંભ' નામનો યૂથપતિ છે. એ વાનર નિરંતર ઇંદ્રની ઉપાસના કરે છે.[૧૫-૧૬] વળી હે રાવણ! પેલો જે વાનર એક યોજન જેટલા ઉંચા તથા એક યોજન જેટલા પહોળા દેહવાળો છે અને ચોપગા પ્રાણીઓમાં જેના સરખો બીજો કોઇ રૂપાળો નથી તે 'સંનાદન' નામનો વાનર છે. એ સર્વ વાનરોનો 'પિતામહ' કહેવાય છે.[૧૭-૧૮] બુદ્ધિશાળી

એ સંનાદન વાનરે પૂર્વે ઈંદ્રની સાથે યુદ્ધ કર્યું હતું; પરંતુ તે ઇંદ્રથી હાર્યો ન હતો. એ મોટો યૂથપતિ છે.[૧૯] વળી હે રાક્ષસાધિપ! જુઓ, પેલો મહાબળવાન્ શ્રીમાન્ વાનરશ્રેષ્ઠ 'ક્રથન' નામનો યૂથપતિ છે. એ દેવાસુરના સંગ્રામ વખતે દેવોને સહાય કરવા માટે અગ્નિથી ગંધર્વ કન્યાને વિશે ઉત્પન્ન થયેલો છે. તેનું પરાક્રમ ઇંદ્રના જેવું છે, યુદ્ધમાં તે પોતાના મુખથી પોતાની બડાઈ કરતો નથી અને પર્વતશ્રેષ્ઠ કૈલાસગિરિ કે જેમાં અનેક કિન્નરો ક્રીડા કરે છે તથા જે તમારા ભાઈ કુબેરનું વિહાર સ્થાન છે ત્યાં તે જંબૂનદીના તટપર નિવાસ કરે છે.[૨૦-૨૩] દશ અબજ વાનરોની સેનાથી વીંટાયેલો એ ક્રથન યૂથપતિ પોતાના સામર્થ્ય–બળવડે આપણી લંકાને ઉજ્જડ કરવા ઈચ્છે છે.[૨૪] હે રાજન્! પૂર્વે થયેલું હસ્તીઓ અને વાનરોનું વૈર સંભારીને જે અનેક યૂથપતિ હસ્તીઓને ત્રાસ પમાડતો ગંગાનદીના પ્રદેશમાં ભ્રમણ કરે છે,[૨૫] જે પોતાની ગર્જનાથી ગિરિગુફાઓને ગજવી મૂકે છે, જે મોટા વાનરયૂથોનો સ્વામી છે, જે હસ્તીઓનો ઉપરોધ કરી મોટાં મોટાં વૃક્ષોને ભાંગી નાખે છે,[૨૬] જે વાનરસેનાનો મુખી છે અને ઇંદ્ર જેમ સ્વર્ગમાં ક્રીડા કરે તેમ જે ગંગાનદી આગળ આવેલા 'ઉશીર બીજ' નામક પર્વતમાં તેમજ પર્વતશ્રેષ્ઠ મંદરાચળમાં ક્રીડા કરે છે, તે પેલો અસહ્ય પરાક્રમવાળો 'પ્રમાથી' નામનો યૂથપતિ છે. એની પાછળ પોતાના પરાક્રમથી ગર્વિષ્ઠ થયેલા અને અત્યંત બાહુબળવાળા દશ કરોડ વાનરોની સેના ચાલે છે. હે રાજન! જુઓ તો ખરા, એ પ્રમાથી વાનર વાયુએ ઉડાડેલા મેઘની પેઠે ગતિ કરે છે અને તેની આસપાસ બળવાન વાનરોનું સૈન્ય ક્રોધભેર ગમન કરે છે; એથી ચોમેર અરૂણવર્ણી રજ ઉડી રહી છે. વળી નલ વાનર જ્યારે સમુદ્ર ઉપર સેતુ બાંધતો હતો ત્યારે શ્યામ મુખવાળા અને મહાન્ બળવાળા એક કરોડ ગોલાંગૂળ જાતિના જે વાનરો તેને સહાય કરતા હતા તેઓના અધિપતિ પેલા 'ગવાક્ષ' નામના યૂથપતિને તમે જુઓ. સઘળા ગોલાંગૂળ વાનરોસહિત એ ગવાક્ષ પોતાના બળવડે લંકાનો નાશ કરવા માટે ગર્જે છે. વળી હે મહારાજ! જે પર્વતમાં ભ્રમરોથી ગુંજી રહેલાં અને સર્વ ઋતુઓને વિશે ફળ આપનારાં વૃક્ષો શોભી રહ્યાં છે,[૨૭-૩૪] સૂર્ય ભગવાન્ જેની નિત્ય પ્રદક્ષિણા કરે છે, જેની કાંતિવડે ઉપર વસતાં મૃગપક્ષીઓ પણ સોનેરી રંગનાં દેખાય છે,[૩૫] મહાત્માઓ અને મહર્ષિઓ જેના શિખરનો કદી પણ ત્યાગ કરતા નથી, જેની ઉપરનાં ફળયુક્ત વૃક્ષો સર્વ મનોરથોને પૂર્ણ કરે છે,[૩૬] અને જ્યાં આગળ ઘણુાજ મોંઘા મૂલ્યનું મધ મળી શકે છે તે પર્વતશ્રેષ્ઠ રમણીય સુવર્ણમય મહામેરૂને વિશે વસનારા પેલા 'કેસરી' નામના વાનરને તમે જુઓ. એ મુખ્ય વાનરોનો અગ્રણી તેમજ યૂથપતિ છે. હે નિષ્પાપ રાવણ! જેમ સર્વ રાક્ષસોમાં તમે ઉત્તમ છો તેમ સર્વ પર્વતોમાં ઉત્તમ એવો 'સાવર્ણિ' નામનો મહામેરૂ સાઠહજાર સુવર્ણમય રમ્ય પર્વતોની મધ્યે આવેલો છે. તેમાં અસંખ્યાત વાનરો વસે છે. તેમાંના કેટલાક વાનરો શ્યામ, કેટલાક શ્વેત, કેટલાક રાતા મુખવાળા અને કેટલાક મધુપિંગળ છે. ત સઘળા વાનરો નખરૂપી આયુધવાળા, સિંહસરખી તીક્ષ્ણ ચાર દાઢોવાળા, વ્યાઘ્રના જેવા દુરાસદ, અગ્નિસમાન અસહ્ય, ઝેરી નાગ જેવા ક્રૂર, અત્યંત દીર્ઘ પુચ્છવાળા, હસ્તીસરખા મદમત્ત, મોટા પર્વતસરખી કાયાવાળા, મેઘસમાન ગર્જનારા અને વર્તુલાકાર પીળાં નેત્રવાળા છે. તે સર્વનો ઉપરી તેઓની વચ્ચે બેઠેલો પેલો 'શતબલિ' નામનો વાનર છે. એ વીર્યવાન શતબલિ પૃથ્વીમાં વિખ્યાત છે અને તે શત્રુઓને જીતવા માટે દરરોજ સૂર્યનારાયણની ઉપાસના કરે છે. હે મહારાજ! જુઓને, પોતાની સેનાના સર્વ વાનરોસહિત

એ શતબલિ જાણે લંકાને ચોળી નાખવા જ ઈચ્છતો હોય એમ આ તરફ જોતો ઉભો રહ્યો છે![૩૭-૪૪] વળી મહાન બળવાળો, શૂરવીર અને અત્યંત પરાક્રમ સંપન્ન પેલો 'હરિ' નામનો વાનર તો રામચંદ્રનું પ્રિય કરવા અર્થે પોતાના પ્રાણ ઉપર પણ દયા લાવતો નથી! એ એકલોજ પોતાના બળવડે લંકાનગરીને મસળી નાખવાનો ઉત્સાહ ધરાવે છે. વળી હે રાવણરાય! ગજ, ગવાક્ષ, ગવય, નળ અને નીલ એ સર્વ વાનરો પૈકી પ્રત્યેક વાનર દશ દશ કરોડ વાનર સેનાના અધિપતિ છે. એ સિવાય વિંધ્યાચળમાં વસનારા અજેય પરાક્રમવાળા ઘણા વાનરો છે તેઓની તો ગણત્રીજ થઇ શકે એમ નથી.[૪૫-૪૭] હે મહારાજ! રામની સેનામાંના સઘળા વાનરો મહાન પ્રભાવવાળા અને પર્વતસરખા પ્રૌઢ દેહવાળા છે; તથા તેઓ એક ક્ષણવારમાંજ સર્વ પર્વતોના ચૂરા કરી પૃથ્વીને છાઇ દે એવા સમર્થ છે."[૪૮]

सर्वे महाराज महाप्रभावः सर्वे महाशैल-निकाशकायाः। सर्वे समर्थाः पृथिवीं क्षणेन कर्तुं प्रविध्वस्त विकीर्णशैलाम्॥ ४८॥

ઇતિ શ્રી વાલ્મીકીય રામાયણ આદિકાવ્યના યુદ્ધકાંડમાં સત્તાવીશમો સર્ગ સંપૂર્ણ. ૨૭

सर्ग २८ मो.

વાનર બલ વર્ણન.

सारणस्य वचः श्रुत्वा रावणं राक्षसाधिपम्। बलमादिश्य तत्सर्वं शुको वाक्यमथाब्रवीत्॥१॥

વાનર સેનાનું વર્ણન કરી સારણ વિરામ પામ્યો એટલે શુક રાક્ષસ રાક્ષસાધિપ રાવણને પોતાની આંગળીથી સઘળી સેના બતાવીને કહેવા લાગ્યો કે:—[૧] "હે લંકાધિશ! હસ્તીઓ સરખા મદોન્મત્ત, ગંગા નદીના તટપર ઉગેલાં વટ વૃક્ષ સરખા દૃઢ અને હિમાલયના સાળ-વૃક્ષો સરખા ઉંચા આ સામે ઉભેલા જે વાનરોને તમે જુઓ છો તે સઘળા સંગ્રામને વિષે દુર્જય, ઈચ્છિત રૂપ ધારણ કરનારા, દૈત્યો અને દાનવો સરખા પરાક્રમી તથા દેવસરખા તેજસ્વી છે.[૨-૩] એ વાનરોની સંખ્યા એકવીશ ખર્વ, હજાર શંકુ અને સો વૃંદ જેટલી છે.[૪] ઉપર્યુક્ત સંખ્યા માત્ર સુગ્રીવના આધિપત્ય નીચેના વાનરોનીજ છે. એ સર્વ વાનરો નિરંતર કિષ્કિંધામાંજ રહે છે; અને દેવો તથા ગંધર્વોથી ઉત્પન્ન થયેલા છે.[૫] વળી પેલા સામે ઉભેલા દેવ સરખા રૂપાળા જે બે વાનરોને તમે જુઓ છો તે મૈંદ અને દ્વિવિદ છે. એ બન્નેના જેવા યુદ્ધ કુશળ બીજા કોઈ નથી.[૬] બ્રહ્મદેવની આજ્ઞાથી એ મૈંદ અને દ્વિવિદ વાનરોએ અમૃતપાન કરેલું છે; એથી તેઓ પોતાના બળવડે આખી લંકાનગરીને કચડી નાખવા ધારે છે.[૭] વળી મદોન્મત્ત હસ્તીની પેઠે ઉભેલો પેલો જે વાનર તમારા જોવામાં આવે છે તે કેસરી વાનરનો જ્યેષ્ઠ પુત્ર હનુમાન છે. તેને લોકો વાયુનો પુત્ર પણ કહે છે. હે રાજન! જેણે પહેલ વહેલો સમુદ્ર ઓળંગ્યો અને સીતાની તથા તમારા નિવાસસ્થાનની શોધ લીધી તે એ 'હનુમાન' નામનો વાનર છે. એ જો ક્રોધાયમાન થાય તો પોતાના બળવડે સમુદ્રને પણ ખળભળાવી દે એવો બળવાન છે. એ પુનઃ અત્રે આવ્યો છે, માટે તમે તેને સારી રીતે ઓળખો.[૮-૧૦] બળ અને સ્વરૂપ સંપન્ન એ કપિશ્રેષ્ઠ હનુમાન ઇચ્છિત રૂપ ધારણ કરી શકે છે અને વાયુની પેઠે તેની ગતિ કયાય પણ અટકતી નથી.[૧૧] જ્યારે એ બાલ્યાવસ્થામાં એક દિવસે ક્ષુધાતુર થયો ત્યારે ઉગતા સૂર્યને જોઇ, તેને ફળ સમજી, તેણે વિચાર કર્યો કે:—"આકાશમાંના આ સૂર્યરૂપી ફળનું ભક્ષણ કર્યા વિના બીજા કશા વનફળથી મારી ક્ષુધા શાંત થશે નહિ, માટે હું આજે સૂર્યનેજ પકડીશ." એવો નિશ્ચય કરીને એ હનુમાન પોતાના બળના ગર્વથી કૂદયો અને દેવર્ષિઓ તથા રાક્ષસાદિકથી પણ